जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

## JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA
## JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY

**And Many More Books in Gujarati, Hindi & English**

**જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી**

## શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**

Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**

Created by : nikhil sambhav™ NEVER STOP

**E-mail: info@jainsite.com • Tel.: 09867711171**

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

## જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય-અદ્ભૂત-અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું-તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર-વીર-ગંભીર-સરળ-ભક્તિ-ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક-શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી-વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ-દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ-બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪-૪-૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન-જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઇ છે.

નિસહાય-અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

# જૈન પરંપરાનો ઇતિહાસ



:લેખકો:
મુનિશ્રી. દર્શનવિજયજી, મુનિશ્રી. જ્ઞાનવિજયજી
મુનિશ્રી. ન્યાયવિજયજી
(ત્રિપુટી)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી ચારિત્રસ્મારક ગ્રંથમાળા ગ્રં૦ ૫૪



# જૈન પરંપરાનો ઇતિહાસ

## [ ભાગ બીજો ]

: લેખક :

મુનિશ્રી દર્શન / જ્ઞાન / ન્યાય વિજય

( ત્રિપુટી મહારાજ )

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

: પ્રકાશક :

શ્રી. ચંદુલાલ લખુભાઈ પરીખ

મંત્રી : શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાલા

નાગજી ભૂધરની પોળ, માંડવીની પોળ, અમદાવાદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાપ્તિસ્થાન :
ચંદુલાલ લખુભાઈ પરીખ,
મંત્રી : શ્રી. ચારિત્ર
સ્મારક ગ્રંથમાળા,
નાગજી ભૂધરની પોળ,
માંડવીની પોળ : અમદાવાદ.

કિંમત : ૧૫ રૂપિયા

વિ૦ સં૦ ૨૦૧૬ ઈ૦ સ૦
વીર સં૦ ૨૪૮૬ ૬૦ ચા૦

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

મુદ્રક :
જયંતિ
વસંત
ઘેલાભાઈ

લીતાણા–શ્રીયશોવિજય જૈન ગુરુકુલ સંસ્થાપક

## જ્ય ગુરુદેવ શ્રીચારિત્રવિજયજી (કચ્છી)



| | | |
|---|---|---|
| ૪૦ | દીક્ષા સં૦ ૧૯૬૦ | સ્વ૦ સં૦ ૧૯૭૪ |
| ૧૪ | માગશર સુદિ ૧૦ | આસો વદિ ૧૪ |
| ) | જામનગર (સૌરાષ્ટ્ર) | અંગિયા (કચ્છ) |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# હવે પછી * હવે પછી

**જૈન આગમો** તથા ગ્રંથો વિવિધ સાહિત્યનો દરિયો છે. તેમાં ઇતિહાસનાં અમૂલાં રત્નો પથરાયેલાં છે. સૌ કોઈ એ રત્નોને બહાર લાવવા ચાહે છે. અમે જૈન પરંપરાનો ઇતિહાસ ભા૦ ૧ ના 'હવે પછી'ના લખાણમાં જણાવ્યું હતું કે પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય વિદ્વાનો જૈન સાહિત્યને પ્રકાશિત કરવા અવારનવાર માગણી કરે છે. આથી અમે ઇતિહાસ જગતમાં ઉપયોગી એવા 'પટ્ટાવલી સમુચ્ચય' ભા૦ ૧–૨ પ્રકાશિત કરાવ્યા હતા અને સળંગ ઇતિહાસ રજૂ કરવા 'જૈન પરંપરાનો ઇતિહાસ' તૈયાર કરવા ધાર્યું હતું, જેમાં ૨૫૦૦ વર્ષના જૈનાચાર્યો, જૈન મુનિવરો, સાધ્વીજીઓ, રાજા, રાણીઓ, શેઠ, શેઠાણી, વિદ્વાનો, દાનવીરો, વિવિધ વંશો સાહિત્યનિર્માણ, રચનાકાળ, લેખનકાળ, તીર્થો અને વિવધ ઘટનાઓ વગેરે દાખલ કરવાં. આ ભાવનાથી ઉક્ત ઇતિહાસ માટે અમે નીચે મુજબ ધારણા રાખી હતી.

ભા૦ ૧–**નિર્ગ્રંથગચ્છ** ચંદ્રકુલ વનવાસીગચ્છ (ચૈત્યવાસીયુગ), વીર નિર્વાણ સં૦ ૧ થી વિ૦ સં૦ ૧૦૦૦ સુધીનો ઇતિહાસ, દિગંબર આચાર્ય પટ્ટાવલી.

ભા૦ ૨–**વડગચ્છ**, વિ૦ સં૦ ૧૦૦૦ થી વિ૦ સં૦ ૧૨૫૦ નો ઇતિહાસ, જેમાં વડગચ્છ, માનદેવગચ્છ, રાજગચ્છ, ધર્મઘોષગચ્છ, પૂર્ણતલગચ્છ, રુદ્રપલ્લીયગચ્છ, ખરતરગચ્છ, પૂનમિયાગચ્છ, અંચલગચ્છ, આગમિકગચ્છ, ચતુર્દશીગચ્છ, કચ્છોલીગચ્છ, વાદિદેવસૂરિગચ્છ, નાગોરીગચ્છ, આરાસણગચ્છ, પાયચંદગચ્છ વગેરેની પટ્ટાવલીઓ.

ભા૦ ૩–**તપાગચ્છ**, સં૦ ૧૨૫૦ થી ૧૬૦૦ સુધીનો ઇતિહાસ, તપાગચ્છના પેટાગચ્છો, કડવામત, લોંકામત, નાગપુરીય લોંકામત,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થાનકમાર્ગ, તેરાપંથી વગેરેની પટ્ટાવલીઓ, વિવિધ વંશાવલીઓ.

ભા૦ ૪–**હીરયુગ,** સં૦ ૧૬૦૦ થી ૨૦૦૦ સુધીનો ઇતિહાસ.

ભા૦ ૫–ભા૦ ૧ થી ૪ ની મોટી ઇન્ડેક્સ (Index) અકારાદિ નામાવલી.

ભા૦ ૬–ભા૦ ૧ થી ૪ ના **વંશવૃક્ષો.**

ભા૦ ૭–**પ્રસ્તાવના,** વિશેષ સમજૂતી વગેરે, નવા પ્રકાશનમાં જરૂરી પ્રશ્નોત્તરી વગેરે.

પહેલો ભાગ સં૦ ૨૦૦૯ના કાર્તિક સુદિ ૧૫, તા૦ ૧–૧૧–૧૯૫૨માં પ્રકાશિત થયો. આથી સૌ કોઈએ માંગણી કરી કે આ ગ્રંથ જલદી તૈયાર થવો જોઈએ.

અમારી ભાવના હતી કે, ભાગ બીજો તરત પ્રકાશિત થાય તેમ કરવું. પણ ભાવિભાવના યોગે એમાં એકાએક અંતરાય આવી પડ્યો. તે આ પ્રમાણે—

મુનિ શ્રીન્યાયવિજયજી સં૦ ૨૦૦૭ના માગશર સુદિ ૪ના દિવસે હૃદયરોગથી અમદાવાદમાં કાળધર્મ પામ્યા.

મુનિ જ્ઞાનવિજયને સં૦ ૨૦૧૧ થી **ડાયાબીટીસ** (Diabetis)–મધુપ્રમેહ શરૂ થયો.

મુનિ દર્શનવિજયને સં૦ ૨૦૧૫ના માગશર વદિ ૪ થી લો બ્લડપ્રેશર (Low Blood-Pressure)–રક્તગતિમાંદ્યનો રોગ શરૂ થયો, જેની વધુ અસર થાય તો **લકવો** (Paralysis) લાગુ પડે.

આ કપરા સંયોગોમાં ગ્રંથ તૈયાર થાય એ વિચિત્ર સવાલ હતો.

પરંતુ ગુરુદેવની કૃપાથી સહકારી નિમિત્તો આવી મળ્યાં, તે આ પ્રમાણે—

અમો બન્ને તો એકબીજાના પૂરક રહ્યા. એટલે જ્યારે જેનું સ્વાસ્થ્ય સારું હોય ત્યારે તે કામ ચલાવે અને એ રીતે પણ ભાગ બીજાનું કામ જારી રાખ્યું.

૧. **ડૉ૦ નાનાલાલ ભાઈલાલ**—તેમની તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે તેવી સાધુપદની ભક્તિ છે. તેમણે અમારા સ્વાસ્થ્યના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુધારા માટે ઘણી કાળજી રાખી છે. તેમના તરફથી અમોને બોલવા, લખવા, વાંચવાની સાફ મનાઈ હતી, પણ સાથોસાથ તેમણે એટલી છૂટ આપી હતી કે આપની ખાસ ભાવના છે તો ધીમે ધીમે ઇતિહાસનું કામ કરતા રહો, સાવધાન પણ રહેવું. જરાક ખટકો દેખાય કે આરામ લેવો અને મને તરત ખબર આપવી. તેમની આ કીમતી સમ્મતિથી આ ગ્રંથના કામનો પ્રારંભ થયો.

૨ **શ્રીમાન શેઠ મનુભાઈ જેશિંગભાઈ**—સાધારણ રીતે મોટા શહેરોમાં જૈન સમાજમાં સંઘના જ્ઞાનદ્રવ્યનો મોટો સંગ્રહ છે, પણ તેના વહીવટદારોમાં કોઈ કોઈ એવા હોય છે કે જે સરસ્વતીને નહીં પણ માત્ર લક્ષ્મીને જ ઓળખતા હોય છે. આથી તેમાં એ દ્રવ્યનો સદુપયોગ કરવાની આવડત જ હોતી નથી.

બીજી તરફથી જૈનસમાજમાં એવા **વિવેકી** જૈનો પણ છે, કે જે પોતાની જાત-મહેનતથી લક્ષ્મી મેળવી, તેને સત્પાત્રમાં વાવે છે. શ્રીમાન શેઠ મનુભાઈ જેશિંગભાઈ કાલિદાસ આવા **વિવેકીઓ**માંના એક છે, જેમણે જૈન સાહિત્યના વિવિધ ગ્રંથો પ્રકાશિત કરાવ્યા છે. તેમણે આ ઇતિહાસનો ભા૦ ૧ વાંચીને જણાવ્યું કે, 'આપ આનો ભા૦ ૨ જો જલદી પ્રકાશિત થાય તેમ કરો. પ્રારંભિક આર્થિક રકમ રોકવાની જરૂર પડે તો મને લાભ આપવા કૃપા કરજો.' મનુભાઈની આ પ્રેરણાથી અમારા ઉત્સાહમાં ઘણો વધારો કર્યો.

૩–૪. પં૦ વિકાશવિજયગણિ, મુનિ શ્રીચંદ્રોદયવિજય—તેઓ તો ૨૦ વર્ષના જૂના સ્નેહી મુનિવરો છે. અમો જૈન સોસાયટીમાં હતા ત્યાં પણ શ્રીયુત આશારામભાઈ વગેરે સંઘ અમારી ભક્તિમાં ઉત્સુક હતો પરંતુ આગમપ્રભાકર પૂ૦ પુણ્યવિજયજી મહારાજ તથા ઉક્ત મુનિવરો અને નગરશેઠ કુટુંબના ગુરુભક્ત ભાઈઓનો આગ્રહ હતો કે અમો શહેરમાં ઉજમફઈની ધર્મશાળામાં આવીએ તો સારું. આથી અમો સં૦ ૨૦૧૫ના વૈ૦ વ૦ ૬ ના રોજ ઉજમફઈની ધર્મશાળાએ આવ્યા. પંન્યાસજી તથા ભક્તિપ્રિય મુનિ ચંદ્રોદયવિજયજીએ અમારી આજ સુધી સર્વ રીતે ભક્તિ કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. તપસ્વી સાધ્વીજી શ્રીમંજુલાશ્રીજી, સાધ્વી મધુકાન્તાશ્રીજી અને સાધ્વી મધુલતાશ્રીજીએ પણ નોંધપાત્ર ભક્તિનો લાભ લીધો છે.

ઇતિહાસ મળે છે કે, પં૦ વીરગણિએ સં૦ ૧૧૬૦માં 'પિંડનિર્યુક્તિ'ની ટીકાના નિર્માણમાં પોતાને મદદગાર મુનિવરોનાં નામ લખ્યાં છે. (જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૧૬)

અમો પણ માનીએ છીએ કે પૂજ્ય દાદા મૂલચંદજી મહારાજની ગાદીનો પ્રતાપ, ઉક્ત મુનિવરોની સભર ભક્તિ, ડૉ. નાનાભાઈની આદરભરી લાગણી અને શ્રાવકોની શુભ મનોકામનાથી અમારા સ્વાસ્થ્યમાં ઘણે અંશે ક્રમશઃ આરામ થતો આવ્યો છે અને આ ગ્રંથનું કામ સરલ બન્યું છે.

૬. પં૦ અંબાલાલ પ્રેમચંદ શાહ—તે વ્યાકરણતીર્થ છે. કેટલાક ગ્રંથોના સંપાદન અને લેખનથી ખ્યાતિપ્રાપ્ત છે. પુરાતત્ત્વ અને ઇતિહાસના પણ ઊંડા અભ્યાસી છે. તેમણે આ ગ્રંથની શુદ્ધ પ્રેસકોપી અને પ્રુફ સુધારવાની સંપૂર્ણ જવાબદારી પોતાને માથે લીધી હતી. એકંદરે આ ગ્રંથના પ્રકાશનની અમારી સંપૂર્ણ જવાબદારી તેમણે અદા કરી છે.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૭–૮. આ ઉપરાંત સાક્ષરવર્ય પં૦ રતિભાઈ અને પં૦ બાલાભાઈ (જયભિખ્ખુ)—એ દેશાઈ બેલડી તો શરૂથી અંત સુધી ગ્રંથના સૌ કાર્યમાં સર્વ રીતે પ્રેરક રહે છે.

૯. શ્રી જયંતિલાલ ઘેલાભાઈ દલાલ—વસંત પ્રેસના વ્યવસ્થાપક–મૅનેજીંગ ડીરેકટર છે. તેમણે પ્રેરણા કરી કે, "આપ આ ગ્રંથને આપની કલમથી જ સળંગ પૂરો કરી જગતને આપો. આ કામ બીજા પૂરું કરે એ અશક્ય છે. યદિ આપ આ ગ્રંથ વસંત પ્રેસમાં છપાવવા ધારો છો તો હું આપને એ બાંહેધરી આપું છું કે આને છાપતાં છેલ્લા ઓર્ડર પ્રુફમાં આપ જે સુધારો-વધારો દાખલ કરશો તેને અમે સહર્ષ સ્વીકારી ફરમો છપાવીશું." ખરેખર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમના કર્મચારીઓ, **કારીગરો**એ આ નીતિનું બરાબર પાલન કરી ૭ મહિનામાં પૂરો ગ્રંથ છાપ્યો છે. કામ સફાઈદાર કર્યું છે. ફરમાઓ પ્રેસમાં છપાયા ત્યાં સુધી તેમાં યોગ્ય સુધારા-વધારા કર્યા છે પરન્તુ પ્રેસમાં ફરમા છપાયા બાદ તેમાં વધારવા યોગ્ય જે જે સાહિત્ય મળ્યું તેને અમે "આટલું વધારજો" આવા સંકેતથી આ ગ્રંથમાં પૂરવણી રૂપે દાખલ કરાવ્યું છે.

વાંચકોને સાદર સૂચના છે કે તે તે સ્થાને તે તે ફકરાઓ જોડીને વાંચે.

૧૦-૧૧ શ્રીમાન્ સારાભાઈ પોપટલાલ ગજરાવાલા, શ્રીમાન ચંદુલાલ લખુભાઈ પરીખ—તેઓની વારંવાર પ્રેરણાનું જ આ પરિણામ છે કે, આ ગ્રંથ પ્રકાશિત થાય છે. ટૂંકામાં તે બન્ને તો આ ગ્રંથના પ્રકાશનના સર્વ રીતે સૂત્રધાર છે.

એકંદરે દેવગુરુની કૃપાથી તથા ઉપરના સહકારીઓની શુભ કાળજીથી આ ગ્રંથનું કામ સરલ બન્યું છે.

આ ગ્રંથમાં પહેલા ભાગની જેમ અકારાદિ નામાવલિ (ઈંડેક્સ) આપી નથી, ભાવના છે કે ચારે ભાગોની અકારાદિ નામાવલિ (ઈંડેક્સ) ભાગ : ૫ માં આપવી.

આ ગ્રંથનું પ્રકાશન કદાચ વિલંબે થાત કિન્તુ શેઠ મનુભાઈ જેશિંગભાઈએ આર્થિક મદદ આપી જલદી પ્રકાશિત કરવા આગ્રહ કર્યો તેથી આનું પ્રકાશન સમયસર થયું તેનો અમને હર્ષ છે.

પંન્યાસપ્રવર ચરણવિજયજી ગણિવર ઇતિહાસપ્રેમી મુનિવર છે. તેમણે આ ભાગની નકલો ખરીદી પ્રકાશકને વધુ ઉત્સાહી કર્યા છે તે ધન્યવાદને પાત્ર છે.

દેવગુરુની કૃપાથી શુભ સહકારી નિમિત્તો આવી મળતાં આ બીજો ભાગ પ્રકાશિત થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે તેવા શુભ અનુકૂળ સંયોગો મળતાં ત્રીજા ભાગનું કામ હાથ ધરાશે.

બસ, આ ગ્રંથ ભારતીય સંસ્કૃતિનું અજોડ અંગ બનો અને સૌનું કલ્યાણ હો, એ ઈચ્છાપૂર્વક અમે વિરમીએ છીએ.

લિ.

મુનિ દર્શનવિજય

મુનિ જ્ઞાનવિજય

( મુનિ ન્યાયવિજય )

વિ૦ સં૦ ૨૦૧૬ શ્રાવણ સુદ ૧
રવિ પુષ્ય
ભારતીય દિનાંક શ્રાવણ ૨
તા. ૨૪-૭-૬૦
ઉજમફઈની જૈન ધર્મશાળા
અમદાવાદ (ગુજરાત)

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



સ્વ૦ શેઠાણી શ્રી. વીજકોરબાઈ
સ્વ૦ સં૦ ૧૯૯૦ના બીજા વૈશાખ સુદિ ૩, તા. ૧૬–૫–૩૪

જેમના પુણ્યસ્મરણાર્થે તેમના પુત્રરત્ન શ્રી. મનુભાઈ જેશિંગભાઈએ
આ ગ્રંથ છપાવવામાં સહાય કરી છે.
[સં. ૨૦૧૬]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



સ્વ૦ શેઠ શ્રી જેશિંગભાઈ કાલિદાસ શેરદલાલ

જન્મ સં૦ ૧૯૨૯ ચૈત્ર વદિ ૮, સ્વ૦ સં૦ ૨૦૧૦ આસો વદિ ૩

તા. ૨૦-૪-૧૮૭૩ તા. ૧૪-૧૦-૫૪

જેમના પુણ્યસ્મરણાર્થે તેમના પુત્રરત્ન શ્રી. મનુભાઈ જેશિંગભાઈએ
આ ગ્રંથ છપાવવામાં સહાય કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[સં. ૨૦૧૬]

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# જૈન પરંપરાનો ઇતિહાસ

## [ ભાગ બીજો ]

## વિષય-અનુક્રમણિકા


| પ્રક. | ઘટના | પાનું | પ્રક. | ઘટના | પાનું |
|---|---|---|---|---|---|
| ૩૫. | આ૦ ઉદ્દ્યોતનસૂરિ | ૧ | | ઠાકોર | ૧૦ |
| | ૮૪ ગચ્છો | ૨ | | ચંદ્રકુલ | ૧૧ |
| | નાગેંદ્રગચ્છ (કુલ) | ૩ | | પૂર્ણતલ્લગચ્છ પટ્ટા૦ | ૧૧ |
| | (૩) નાગેંદ્રગચ્છ પટ્ટાવલી | ૪ | | (પૂનમિયાગચ્છ) | ૧૧ |
| | આ૦ વીર | ૪ | | આ૦ દેવચંદ્રસૂરિ | ૧૧ |
| | આ૦ ચંદ્ર | ૪ | | આ૦ ચંદ્રસેન | ૧૧ |
| | આ૦ અભયદેવ | ૫ | | આ૦ શાંતિ | ૧૨ |
| | આ૦ વિજયસિંહ | ૫ | | માનદેવગચ્છ (૭૦૭) | ૧૨ |
| | આ૦ વર્ધમાન | ૫ | | આ૦ પ્રદ્યુમ્ન | ૧૩ |
| | આ૦ મહેંદ્ર | ૬ | | સાધ્વીઓ | ૧૩ |
| | આ૦ આનંદ | ૬ | | સાધ્વી નિર્મલમતિશ્રી | ૧૩ |
| | આ૦ અમરચંદ્ર | ૬ | | આ૦ પદ્મ | |
| | આ૦ હરિભદ્ર | ૬ | | પ્ર૦ નિર્મલમતિશ્રી | ૧૪ |
| | આ૦ વિજયસેન | ૬ | | ચંદ્રગચ્છ | ૧૪ |
| | આ૦ ઉદયપ્રભ | ૭ | | સરવાલગચ્છ | ૧૪ |
| | આ૦ મલ્લિષેણ | ૭ | | વા૦ વીરગણિ | ૧૫ |
| | સ્યાદ્વાદમંજરી | ૭ | | (રોહિડા, કકેરા, વાટોડા) | ૧૫ |
| | આ૦ સોમપ્રભ | ૮ | | (૧૮) ચંદ્રરાજગચ્છ પટ્ટા૦ | ૧૬ |
| | આ૦ પદ્મચંદ્ર | ૮ | | આ૦ નન્ન | ૧૬ |
| | આ૦ વિદ્યાસાગર | ૮ | | આ૦ પ્રદ્યુમ્ન | ૧૭ |
| | આ૦ ગુણસમુદ્ર | ૯ | | આ૦ અભયદેવ | ૧૭ |
| | નાગેંદ્ર જ્ઞાતિ | ૯ | | વાદમહાર્ણવ | ૧૮ |
| | સાવય | ૧૦ | | આ૦ ધનેશ્વર | ૧૮ |
| | સરાક | ૧૦ | | ચૈત્રવાલાદિ ગચ્છો | ૧૮ |
| | હુંબડ | ૧૦ | | (ચૈત્રગચ્છ) | ૧૯ |



JAINSITE जैन साइट जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| આ૦ વર્ધમાન | ૧૯ |
| વિવિધ પટ્ટભેદો | ૨૦ |
| આ૦ શીલભદ્ર | ૨૧ |
| આ૦ ધનેશ્વર | ૨૨ |
| આ૦ દેવાનન્દ | ૨૩ |
| આ૦ પ્રદ્યુમ્ન | ૨૩ |
| ગ્રંથો સાહિત્યસંશોધન | |
| (મોઢગચ્છ) | ૨૩ |
| **આ૦ ચંદ્રસૂરિ** | ૨૫ |
| ગ્રંથો | ૨૬ |
| આ૦ પૂર્ણભદ્ર | ૨૬ |
| આ૦ પ્રભાચંદ્ર(સં૦ ૧૩૩૪) | ૨૭ |
| આ૦ મેરુતુંગ (સં૦ ૧૩૬૧) | ૨૭ |
| આ૦ દેવેન્દ્ર | ૨૭ |
| આ૦ ભદ્રેશ્વર | ૨૮ |
| આ૦ દેવભદ્ર | ૨૮ |
| આ૦ સિદ્ધસેન | ૨૯ |
| આ૦ રત્નપ્રભ | ૨૯ |
| આ૦ રત્નાકર | ૨૯ |
| **આ૦ સિંહતિલક** | ૩૦ |
| ગ્રંથો—મંત્રરાજરહસ્ય | ૩૦ |
| આ૦ પરમાણંદ | ૩૧ |
| આ૦ રત્નપ્રભ | ૩૧ |
| **આ૦ બાલચંદ્ર** | ૩૨ |
| ગ્રંથો—વસંતવિલાસ | ૩૩ |
| (નાટકો) | ૩૩ |
| ગુરુચક્રમંડલ | ૩૪ |
| આ૦ જયસિંહ | ૩૫ |
| સરસ્વતીપ્રતિમા | ૩૫ |
| આ૦ રત્નાકર | ૩૬ |
| (દેદા પલ્લીવાલ) | ૩૬ |
| આ૦ વૈરસ્વામી | ૩૬ |
| આ૦ સાગરચંદ્ર | ૩૬ |
| રાજા કેલ્હણ | ૩૬ |
| આ૦ મલયેંદુ | ૩૭ |
| આ૦ માણેકચંદ્ર | ૩૭ |
| ગ્રંથો | ૩૮ |
| શ્રાવક નાનુ | ૩૮ |
| (સૂચના) | ૩૮ |
| ગુરુપ્રતિમા | ૩૮ |
| ધર્મઘોષગચ્છ | ૩૯ |
| **આ૦ ધર્મઘોષસૂરિ** | ૩૯ |
| ઢાઈ દિનકા ઝુંપડા | ૪૦ |
| ધર્મપ્રચાર | ૪૦ |
| અજમેર | ૪૧ |
| આ૦ રત્નસિંહ | ૪૧ |
| ગ્રંથો | ૪૧ |
| આ૦ જ્ઞાનચંદ્ર | ૪૨ |
| આબૂ જીર્ણોદ્ધાર | ૪૨ |
| આ૦ સાધુરત્ન | ૪૪ |
| (નાગોરી લોંકામત) | ૪૪ |
| આ૦ યશોભદ્ર | ૪૪ |
| આ૦ ઉદયપ્રભ | ૪૫ |
| (મંત્રી મેધો) | ૪૫ |
| આ૦ દેવસેન | ૪૫ |
| આ૦ મુનિરત્ન | ૪૬ |
| અમમચરિત્ર | ૪૬ |
| આ૦ માનતુંગ | ૪૭ |
| સિજ્જંસચરિય | ૪૭ |
| આ૦ ચંદ્રસૂરિ (સં૦ ૧૨૧૪) | ૪૮ |
| **નિર્વૃતિકુલ** | ૪૮ |
| નિર્વૃતિકામ્યગચ્છ | ૪૯ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| (દિયાણા તીર્થ) | ૪૯ |
| **વિદ્યાધરગચ્છ પટ્ટા૦** | ૫૦ |
| કાસદ્રહગચ્છ | ૫૦ |
| ઉપા૦ નરચંદ્ર | ૫૨ |
| ગ્રંથો | ૫૨ |
| દ્રવ્યશુદ્ધિ | ૫૩ |
| **જાલિહરગચ્છ** | ૫૩ |
| પટ્ટાવલી | ૫૪ |
| **પલ્લીવાલ** | ૫૫ |
| પિં૦ પટ્ટાવલી | ૫૯ |
| ભટ્ટારકો | ૬૨ |
| ભ૦ શ્રીસૂરિ | ૬૩ |
| પલ્લીવાલ જ્ઞાતિ | ૬૪ |
| સાધ્વી કીર્તિગણિની | ૬૫ |
| સાધ્વી ભાવસુંદરી | ૬૫ |
| સોની પ્રથિમસિંહ (સં૦ ૧૪૨૦) | ૬૬ |
| બ્રહ્માણગચ્છ | ૬૭ |
| સાધ્વીઓ | ૬૮ |
| **દેવાનંદગચ્છ** | ૬૯ |
| **આ૦ ઉદ્યોતનસૂરિ** | ૭૦ |
| પરિચય | ૭૦ |
| (૮) વડગચ્છ પરંપરા | ૭૧ |
| (દિયાણા) (૪૯) | ૭૧ |
| **યશોદેવ** | ૭૧, ૭૨ |
| શાખાગચ્છો | ૭૩ |
| **રાજાવલી** | ૭૩ |
| ચૌલુક્ય રાજાવલી | ૭૪ |
| (પાટણ સ્થાપના) | ૭૫ |
| ચામુંડરાય | ૭૭ |
| (દંડનાયક) | ૭૭ |
| (કન્હેશ્વર-કનોડુ) | ૭૮ |
| વડસમા દાનપત્ર | ૭૮ |
| ભીમદેવ (૧) | ૮૧ |
| **બકુલાદેવી** | ૮૪ |
| જૈનાચાર્યો | ૮૫ |
| કર્ણદેવ | ૮૬ |
| આશાપલ્લી | ૮૭ |
| **મીનલદેવી** | ૮૭ |
| રૂપશ્રી | ૮૮ |
| મલધાર | ૮૮ |
| કવિ બિલ્હણ | ૮૯ |
| **સિદ્ધરાજ** | ૮૯ |
| માલવવિજય | ૯૧ |
| રુદ્રમાળ | ૯૩ |
| (રુદ્રમાળ) | ૯૩ |
| **પૃથ્વીજયપ્રાસાદ** | ૯૪ |
| (૬) તીર્થયાત્રાના નિયમો | ૯૪ |
| (સિદ્ધરાજવિહાર) | ૯૪ |
| તીર્થોમાં દાન | ૯૫ |
| (ગિરનાર શત્રુંજય) | ૯૫ |
| સિદ્ધહેમવ્યાકરણ | ૯૬ |
| અમારિશાસન | ૯૬ |
| ન્યાયશાસન | ૯૭ |
| (ક૦ મા૦ મુનશી) | ૯૭ |
| સિદ્ધ૦ મુસલમાન | ૯૮ |
| રાજ પરિવાર | ૯૯ |
| (મુનશી) | ૯૯ |
| ગૂર્જરેશ **કુમારપાલ** | ૧૦૦ |
| અજમેર રાજવંશ | ૧૦૫ |
| (શૂરવીરતા) | ૧૦૬ |
| બલ્લાલ | ૧૦૮ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| બિરુદો | ૧૦૮ |
| (બિરુદો) | ૧૦૯ |
| અમારિ | ૧૧૧ |
| કેલ્હણ | ૧૧૧ |
| કિલ્લો | ૧૧૨ |
| સોમનાથ | ૧૧૨ |
| શત્રુંજય | ૧૧૨ |
| પરમાર્હત | ૧૧૩ |
| (રાજવિહારો) | ૧૧૩ |
| બાર વ્રતો | ૧૧૪ |
| જિનપ્રાસાદો | ૧૧૬ |
| તારંગા તીર્થ | ૧૧૭ |
| વીતભયનગર (૧૨૪) | ૧૧૮ |
| **ગ્રંથલેખન** | ૧૧૮ |
| તાડ, આડ, લાડ | ૧૧૮ |
| દાન | ૧૧૯ |
| નારી સન્માન | ૧૧૯ |
| સંવત | ૧૧૯ |
| કોંકણવિજય | ૧૨૨ |
| વીતભયનગર (૧૧૮) | ૧૨૪ |
| તીર્થસંઘ | ૧૨૫ |
| થાપો, ઇસાવલ | ૧૨૫ |
| છેલ્લી પ્રતિષ્ઠા (સં૦ ૧૨૨૭) | ૧૨૬ |
| અઢાર દેશ | ૧૨૭ |
| (૮૪ દેશો) | ૧૨૭ |
| રાજ્ય વિસ્તાર | ૧૨૯ |
| (અભિપ્રાયો) | ૧૨૯ |
| સાત ચક્રવર્તીઓ | ૧૨૯ |
| ગુણદોષ | ૧૩૦ |
| વિશેષણો | ૧૩૧ |
| રાજપરિવાર | ૧૩૨ |
| સ્વર્ગવાસ | ૧૩૩ |
| **પ્રશંસા** | ૧૩૩ |
| **અજયપાલ** | ૧૩૩ |
| (ઇતિહાસના આધારો) | ૧૩૪ |
| **મૂલરાજ (૨)** | ૧૩૬ |
| શાહબુદ્દીન | ૧૩૭ |
| **ભીમદેવ (૨)** | ૧૩૮ |
| એક કટાક્ષ | ૧૩૯ |
| વીરધવલ | ૧૩૯ |
| એબક | ૧૩૯ |
| રાજપરિવાર | ૧૪૩ |
| કરણ વાઘેલો | ૧૪૫ |
| **જૈન મંત્રીઓ** | **૧૪૬** |
| ઇતિહાસના આધારો | ૧૪૬ |
| (૫) ચૌલુક્ય રાજાવલી | ૧૪૮ |
| કર્ણાટક | ૧૫૧ |
| લાટનો વંશ | ૧૫૧ |
| રાઠોડ વંશ | ૧૫૧ |
| કલચૂરી વંશ | ૧૫૨ |
| (૩) પરમાર વંશો | ૧૫૨ |
| અરણ્યરાજ | ૧૫૩ |
| પાલનપુર | ૧૫૩ |
| (અચલેશ્વર મહાદેવ) | ૧૫૩ |
| મંત્રી કુંકણ | ૧૫૪ |
| ધારાવર્ષદેવ | ૧૫૫ |
| **પ્રહ્લાદન** | ૧૫૭ |
| પાલનપુર | ૧૫૭ |
| **સોમસિંહ** | |
| આબુનો કર માફ | ૧૫૮ |
| **મુંજદેવ** | ૧૫૯ |


JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિંધુરાજ ૧૬૦
(૩) કાલિદાસો ૧૬૧
**ભોજદેવ** ૧૬૨
ડામર મંત્રી ૧૬૩
ભ૦ કુલચંદ્ર ૧૬૩
જૈનાચાર્યો ૧૬૪
**નીલપટ** ૧૬૪
(કાલિદાસ રાજશેખરો) ૧૬૪
ભોજ મરણ (સં૦ ૧૧૧૨) ૧૬૬
કવિ જગદેવ ૧૬૬
(૪) ચૌહાણ વંશ ૧૬૭
રાજાવલી ૧૬૮
કટુક ૧૬૯
આહ્લણ ૧૬૯
અમારિ ૧૬૯
આનલદે ૧૭૦
રાજપરિવાર ૧૭૦
સમરસિંહ ૧૭૧
ચાચિગદેવ ૧૭૨
કાન્હડદે ૧૭૨
પૃથ્વીરાજ ચાહાણ ૧૭૩
ચૂડાસમા વંશ ૧૭૩
હમ્મીર ૧૭૪
ગ્રહરિપુ ૧૭૪
રા'ખેંગાર ૧૭૪
મેહવો ૧૭૪
જિનપ્રાસાદ ૧૭૪
અમારિ શિલાલેખ ૧૭૬
રા'માંડલિક ૧૭૭
મહમ્મુદ બેગડો ૧૭૮
**નીના મંત્રીવંશ** ૧૭૯
નેઢ ૧૮૦
વિમલશાહ ૧૮૦
વિમલવસહી ૧૮૨
ચાહિલ વંશ ૧૮૪
લાલિગ વંશ ૧૮૫
મંત્રી પૃથ્વીપાલ ૧૮૬
**વેસર દેશલહરાવંશ** ૧૮૯
સં૦ સમરા શાહ ૧૯૨
(શ્રીવત્સ વંશ) ૧૯૩
આચાર્યો ૧૯૫
(પરિચય) ૧૯૫
(નોંધ) ૧૯૫
સજ્જનસિંહ ૧૯૭
કાચર શાહ ૧૯૮
અમારિ ૧૯૮
મહાકવિ દેપાળ ૨૦૦
**દોશી–કોઠારી વંશ** ૨૦૦
દો૦ તોલાશાહ ૨૦૧
કર્માશાહ ૨૦૩
**૩૬. આ૦ સર્વદેવસૂરિ** ૨૦૬
વડગચ્છ ૨૦૬
તીર્થ ૨૦૬
ધર્મપ્રચાર ૨૦૭
દીક્ષા ૨૦૭
વડગચ્છ સ્થાપના (૨) ૨૦૭
**પ્રભાવકો** ૨૦૮
સુ૦પ્ર૦ જ્યેષ્ઠાંગ
મહાકવિ જંબૂનાગ ૨૦૮
આ૦ જયદેવ ૨૦૯
જયદેવછંદસ ૨૦૯
વૃત્તરત્નાકર ૨૦૯


JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| (૫) સુવિહિતશાખા પટ્ટા૦ | ૨૧૦ |
| (ચંદ્રકુલ આદિ) | ૨૧૦ |
| આ૦ વર્ધમાન | ૨૧૧ |
| ગ્રંથો | ૨૧૫ |
| (પં૦ જિનવલ્લભ ગણિ) | ૨૧૫ |
| **આ૦ અભયદેવસૂરિ** | ૨૧૬ |
| ગ્રન્થો | ૨૧૭ |
| (પ્રશસ્તિ) | ૨૧૮ |
| તીર્થ | ૨૧૯ |
| ટીકાઓ | ૨૧૯ |
| આ૦ દેવભદ્ર | ૨૨૨ |
| **આ૦ વર્ધમાન** | ૨૨૩ |
| આ૦ જિનચંદ્ર | ૨૨૪ |
| આ૦ નેમિચંદ્ર | ૨૨૪ |
| પાંચ કલ્યાણકો | ૨૨૪ |
| આ૦ યશોદેવ | ૨૨૫ |
| આ૦ વર્ધમાન | ૨૨૫ |
| વર્ધમાન તપ | ૨૨૬ |
| તીર્થ અધિષ્ઠાયક | ૨૨૬ |
| આ૦ હરિભદ્ર | ૨૨૬ |
| ગ્રન્થો | ૨૨૭ |
| પ્રભાવકો | ૨૨૭ |
| (સુહિલવંશ) | ૨૨૭ |
| ચણક શેઠ | ૨૨૮ |
| બાંઠિયા | ૨૨૮ |
| ઝામડ | ૨૨૮ |
| સોની | ૨૨૮ |
| ભંડારી | ૨૨૯ |
| **ચંદ્રાવતી તીર્થ** | ૨૨૯ |
| જાલોર | ૨૩૦ |
| (પં૦ નગર્ષિ ગણિ) | ૨૩૧ |
| (જયમલ નેણશી મુણોત) | ૨૩૨ |
| ભોપાવર તીર્થ | ૨૩૩ |
| રામસેન તીર્થ | ૨૩૪ |
| રઘુસેન મંદિર | ૨૩૪ |
| ક્ષેમસિંહ યક્ષ | ૨૩૫ |
| ભોરોલ તીર્થ | ૨૩૫ |
| (સંવત ૬) | ૨૩૫ |
| પિપ્પલકનગર | ૨૩૬ |
| હીંગલાજદેવી | ૨૩૮ |
| **ભીલડિયાજી** તીર્થ | ૨૩૮ |
| રાધનપુર | ૨૩૮ |
| ગ્રંથભંડાર | ૨૩૮ |
| પાવાગઢ તીર્થ | ૨૪૦ |
| કાલિકા મંદિર | ૨૪૨ |
| પલ્લવિયાપાર્શ્વ તીર્થ | ૨૪૫ |
| **શ્રીસાધ્વીજીઓ** | ૨૪૭ |
| અંબિકાપ્રતિમા | ૨૪૮ |
| ગુરુપ્રતિમા | ૨૪૮ |
| પાનવિહાર | ૨૪૯ |
| ઈડરગઢ તીર્થ | ૨૪૯ |
| આઘાટનગર તીર્થ | ૨૫૦ |
| કરહેડા તીર્થ | ૨૫૧ |
| રાવણા પાર્શ્વનાથ તીર્થ | ૨૫૨ |
| કાંગડા તીર્થ | ૨૫૨ |
| આ૦ અભયદેવ | ૨૫૨ |
| **વિજયસ્તંભ** | ૨૫૩ |
| **૩૭. આ૦ દેવસૂરિ** | **૨૫૪** |
| આ૦ ફલ્ગુમિત્ર | ૨૫૪ |
| (૩) આ૦ વર્ધમાનસૂરિ | ૨૫૪ |
| (આ૦ વર્ધમાનસૂરિવરો) | ૨૫૫ |
| ઉપા૦ આમ્રદેવ | ૨૫૫ |


JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| | | | |
|---|---|---|---|
| આ૦ ધર્મઘોષ | ૨૫૫ | આરાસણ | ૨૯૮ |
| આ૦ સિદ્ધ જંબૂનાગ | ૨૫૬ | હમીરગઢ | ૩૦૦ |
| આ૦ નન્ન | ૨૫૬ | સાંડેરાવ તીર્થ | ૩૦૨ |
| આ૦ વિજયસિંહ | ૨૫૬ | સંડેર ગામ | ૩૦૪ |
| વીરાચાર્ય | ૨૫૬ | ૩૮. આ૦ સર્વદેવસૂરિ | ૩૦૬ |
| વાદિવેતાલ આ૦ શાંતિસૂરિ | ૨૫૬ | વડગચ્છ પટ્ટાવલી | ૩૦૬ |
| (આ૦ શાંતિસૂરિવરો) | ૨૫૭ | આ૦ મલયપ્રભ | ૩૦૭ |
| (૮૪ વાદો) | ૨૫૯ | સાધ્વીઓ | ૩૦૭ |
| આ૦ મુનિચંદ્ર | ૨૬૦ | (૩૦૦ વર્ષનો ખુલાસો) | ૩૦૭ |
| ધર્મપ્રચાર | ૨૬૧ | આ૦ રત્નસિંહ | ૩૦૮ |
| ગ્રન્થો | ૨૬૧ | આ૦ વિનયચંદ્ર | ૩૦૮ |
| આરાસણગચ્છ | ૨૬૩ | ગ્રન્થો | ૩૦૮ |
| થારાપદ્રગચ્છ | ૨૬૨, ૨૬૫ | આ૦ મહેંદ્ર શોભન | ૩૦૮ |
| મડાહડગચ્છ | ૨૬૩ | દ્રોણાચાર્ય | ૩૧૧ |
| (૪) પટ્ટાવલી | ૨૬૫ | સૂરાચાર્ય | ૩૧૧ |
| (૨) પિપ્પલકગચ્છ પટ્ટા૦ | ૨૭૦ | (ઓઘનિર્યુક્તિ) | ૩૧૨ |
| આ૦ ગુણસેન | ૨૭૪ | આ૦ ગોવિંદ | ૩૨૦ |
| આ૦ દેવચંદ્ર | ૨૭૪ | આ૦ વર્ધમાન | ૩૨૧ |
| શ્રી નમિસાધુ | ૨૭૪ | આ૦ મહેશ્વર | ૩૨૧ |
| આબુ તીર્થ | ૨૭૫ | ચંદનાચાર્ય | ૩૨૧ |
| પ્રશંસા | ૨૮૦ | નિર્ગ્રન્થવાણી | ૩૨૨ |
| ગુરુપ્રતિમા | ૨૮૩ | મલધારગચ્છ | ૩૨૩ |
| પાંચ કલ્યાણક | ૨૮૩ | આ૦ હેમચંદ્ર | ૩૨૬ |
| ઓરિયા | ૨૯૦ | અમારિશાસન | ૩૨૭ |
| શાલિગ્રામ | ૨૯૦ | ખેંગાર પ્રતિબોધ | ૩૨૮ |
| અચળગઢ | ૨૯૦ | ગ્રંથો | ૩૨૯ |
| કુમારવિહાર | ૨૯૨ | વિદુષી સાધ્વીજીઓ | ૩૩૦ |
| દર્શનીય સ્થળો | ૨૯૪ | પં૦ લક્ષ્મણ ગણિ | ૩૩૧ |
| પ્રશંસા | ૨૯૫ | ભ૦ માધવચંદ્ર | ૩૩૨ |
| (વિવરણ) | ૨૯૬ | ભ૦ અમૃતચંદ્ર | ૩૩૨ |
| વિવરણ સાધનો | ૨૯૭ | મહાકવિ સિંહ | ૩૩૨ |


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| શુભંકર | ૩૩૩ |
| સાધારણ | ૩૩૩ |
| આ૦ ચંદ્ર ગ્રંથો | ૩૩૩ |
| આ૦ દેવપ્રભ | ૩૩૪ |
| રાજા વીરધવલ | ૩૩૪ |
| આ૦ નરચંદ્ર | ૩૩૫ |
| ગ્રંથો | ૩૩૫ |
| (તર્કસંગ્રહ ટીકાઓ) | ૩૩૫ |
| કાકુસ્થ કેલિ નાટક | ૩૩૬ |
| સાધ્વીજી | ૩૩૭ |
| આ૦ રાજશેખર | ૩૩૭ |
| મહણસિંહ | ૩૩૭ |
| પં૦ સુધાકલશ | ૩૩૮ |
| સંગીત ગ્રંથો | ૩૩૮ |
| આ૦ લક્ષ્મીસાગર | ૩૩૮ |
| વસ્તુપાલ રાસ | ૩૩૮ |
| મલધાર જૈનો | ૩૩૮ |
| મહાકવિ ધનપાલ | ૩૩૯ |
| સૂક્તો | ૩૪૧ |
| રાજમહેલ પ્રશસ્તિ | ૩૪૫ |
| (કોદંડછત્રલેખન) | ૩૪૫ |
| તિલકમંજરી | ૩૪૭ |
| સાલવારી | ૩૫૦ |
| ગ્રન્થો | ૩૫૦ |
| કવિપ્રશંસા | ૩૫૨ |
| (૩) ધનપાલો | ૩૫૨ |
| દંડનાયક જીણાશાહ | ૩૫૩ |
| શેઠ હેમરાજ | ૩૫૫ |
| ચંડપ મંત્રીવંશ | ૩૫૫ |
| મંત્રી સોમ | ૩૫૫ |
| (આ૦ પૂર્ણભદ્રો) | ૩૫૫ |
| અશ્વરાજ | ૩૫૬ |
| ૪ પુત્ર, ૭ પુત્રીઓ | ૩૫૬ |
| મંત્રી વસ્તુપાલ | ૩૫૭ |
| (ગ્રંથલેખન) | ૩૫૭ |
| મંત્રી તેજપાલ | ૪૫૭ |
| મહં૦ અનુપમાદેવી | ૩૫૮ |
| દાન | ૩૫૮ |
| પ્રશંસા | ૩૫૯ |
| વસ્તુપાલ તેજપાલ | ૩૬૦ |
| કરુણાવજ્રાયુધ નાટક | ૩૬૧ |
| દશા-વીશા | ૩૬૧ |
| હિંદુવિજય | ૩૬૪ |
| (હમીર નાટક) | ૩૬૪ |
| નિર્ભય ગુજરાત | ૩૬૫ |
| યાત્રાસંઘ | ૩૬૬ |
| તેજલપુર | ૩૬૬ |
| આ૦ નરચંદ્ર | ૩૬૭ |
| આબુ લુણિગવસહી | ૩૬૭ |
| સિંહ જેડવો | ૩૬૯ |
| અંકેવાલિયા | ૩૬૯ |
| સ્વર્ગારોહણપ્રાસાદ | ૩૬૮ |
| ચંદૂર | ૩૬૯ |
| ધર્મકાર્યો | ૩૭૦ |
| પ્રશંસાકાવ્યો | ૩૭૧ |
| ચરિત્રસાધનો | ૩૭૪ |
| સાબસિંહ વંશ | ૩૭૫ |
| (૨) વરણાગ વંશો | ૩૭૫ |
| દાનવીર જગડૂ | ૩૭૭ |
| ત્રણ દુકાળો | ૩૭૯ |
| કોયલાદેવી | ૩૮૧ |
| (૨) સિદ્ધનાગવંશો | ૩૮૩ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| **સાધ્વી યશઃશ્રીશિવાદેવી** | ૩૮૩ |
| સિદ્ધરાજ પોરવાડ | ૩૮૪ |
| **ગ્રંથલેખન** | ૩૮૫ |
| પિપ્પલકગચ્છ | ૩૮૫ |
| સીદવંશ | ૩૮૬ |
| **જૈન આચાર્યો** | ૩૮૬ |
| (૩) શુભંકર વંશ | ૩૮૭ |
| સાધુ સાધ્વીઓ | ૩૮૭ |
| ભરત વંશ | ૩૮૮ |
| **સાધુ-સાધ્વીઓ** | ૩૮૯ |
| સોહી પલ્લીવાલવંશ | ૩૮૯ |
| **સાધુ-સાધ્વીઓ** | ૩૮૯ |
| વરહુડિયા-પલ્લીવાલ | ૩૯૦ |
| નેમા વાણિયા | ૩૯૦ |
| આ૦ વિદ્યાનંદ ધર્મઘોષ | ૩૯૧ |
| નેમડ પ્રતિષ્ઠાઓ | ૩૯૧ |
| કર્પૂરપટ્ટાધીશ વંશ | ૩૯૨ |
| (કર્પૂરનો ખુલાસો) | ૩૯૨ |
| સોમ | ૩૯૨ |
| વાહડ | ૩૯૨ |
| વાગ્ભટ્ટાલંકાર | ૩૯૨ |
| ,, ટીકાઓ | ૩૯૪ |
| (ગ્રંથ સમાનતા) | ૩૯૪ |
| દેવવંશ | ૩૯૫ |
| જિનદેવ વંશ | ૩૯૫ |
| જાહિલ મહેતાવંશ | ૩૯૫ |
| કવિ દુર્લભરાજ | ૩૯૫ |
| કવિ જગદેવ | ૩૯૬ |
| શેઠ દોહડિવંશ | ૩૯૬ |
| નીના શ્રીમાલવંશ | ૩૯૬ |
| વલાદ, બલદાણાનાગનેશ | ૩૯૭ |
| સ્તંભન તીર્થ | ૩૯૭ |
| ચારૂપ મહાતીર્થ | ૪૦૦ |
| ચાણુસમા | ૪૦૧ |
| કંબોઈ, હારિજ | ૪૦૨ |
| સેરિસા તીર્થ | ૪૦૩ |
| અંતરીક્ષપાર્શ્વ૦ | ૪૦૮ |
| કુલ્પાક તીર્થ | ૪૧૦ |
| મુક્તાગિરિ | ૪૧૧ |
| કુંભોજ તીર્થ | ૪૧૧ |
| નાશિક | ૪૧૧ |
| કોલ્હાપુર | ૪૧૨ |
| ડેહાર તીર્થ | ૪૧૨ |
| ઘોઘા તીર્થ | ૪૧૨ |
| પીરમબેટ | ૪૧૪ |
| શિયાલબેટ | ૪૧૪ |
| દીવબેટ | ૪૧૪ |
| **૩૯. આ૦ યશોભદ્રસૂરિ** | **૪૧૬** |
| **આ૦ નેમિચન્દ્રસૂરિ** | **૪૧૬** |
| પટ્ટધરો | ૪૧૬ |
| આ૦ નેમિચંદ્રસૂરિ | ૪૧૬ |
| **ગ્રન્થો** | ૪૧૭ |
| પ્રવચન૦ટીકાઓ | ૪૧૭ |
| પ્રભાવકો | ૪૧૮ |
| આ૦ અભયદેવ | ૪૧૮ |
| (૧) આ૦ મહેશ્વરો | ૪૧૮ |
| આ૦ હરિભદ્ર | ૪૧૯ |
| આ૦ સિદ્ધસૂરિ, કક્કસૂરિ | ૪૧૯ |
| **આ૦ દેવસૂરિ** | ૪૧૯ |
| જીરાઉલ્લાસાસણ્ય | ૪૧૯ |
| જિનદત્તાચાર્ય | ૪૨૦ |
| રાજા એલક શ્રીપાલ | ૪૨૦ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| ૪૦. **આ૦ મુનિચંદ્રસૂરિ** | ૪૨૧ |
| (આ૦ માનદેવ) | ૪૨૩ |
| (આ૦ આનંદ) | ૪૨૩ |
| ગચ્છભેદ | ૪૨૪ |
| ગ્રન્થો | ૪૨૪ |
| (પ્રશંસા) | ૪૨૪ |
| (૧૧) મુનિચંદ્રસૂરિવિશે | ૪૨૬ |
| આ૦ દેવપ્રભ | ૪૨૭ |
| **આ૦ જિનવલ્લભસૂરિ** | ૪૨૭ |
| ગુરુનું નામ | ૪૨૮ |
| ચંડિકા સાધના | ૪૨૯ |
| ૭ કલ્યાણક | ૪૩૦ |
| વિધિભેદ | ૪૩૦ |
| ગ્રંથો | ૪૩૧ |
| (અનાયતનતેમલ્યરજ) | ૪૩૩ |
| મધુકરગચ્છ | ૪૩૪ |
| રુદ્રપલ્લીયગચ્છ | ૪૩૪ |
| (રુદ્રપલ્લી પ્રમાણ) | ૪૩૪ |
| આ૦ અભયદેવ | ૪૩૫ |
| (સંવતમાં મતભેદ) | ૪૩૫ |
| આ૦ સોમતિલક | ૪૩૬ |
| **આ૦ વર્ધમાન** | ૪૩૭ |
| આચારદિનકર | ૪૩૭ |
| ખરતરગચ્છ | ૪૩૭ |
| (પ્રકાશનો) | ૪૩૭ |
| (૧૪) વિસંવાદો | ૪૩૮ |
| સમાધાન | ૪૪૧ |
| ગચ્છ સ્થાપક કોણ? | ૪૪૧ |
| (૧૪) પ્રમાણો | ૪૪૨ |
| (વિચિત્ર કલ્પના) | ૪૪૩ |
| ખરતરગચ્છની | |
| (૧) પ્રાચીન પટ્ટાવલી | ૪૪૫ |
| (માન્યતા ભેદ) | ૪૪૫ |
| **(૨) અર્વાચીન પટ્ટાવલી** | ૪૪૭ |
| આ૦ જિનદત્તસૂરિ | ૪૪૭ |
| (વિવિધ મતો) | ૪૪૭ |
| શાખા | ૪૪૯ |
| આયતનાદિ ચર્ચા | ૪૪૯ |
| મણિભદ્ર યક્ષ | ૪૪૯ |
| (સાધુ સાધ્વી સંખ્યા) | ૪૪૯ |
| ઔષ્ટ્રિકી વિદ્યા | ૪૫૦ |
| ગુજરાત અંગે | ૪૫૧ |
| (નવી સામાચારી) | ૪૫૧ |
| (ખરા તપા) | ૪૫૧ |
| (સં૦ ૧૨૦૪) | ૪૫૨ |
| ગચ્છસામાચારી | ૪૫૨ |
| વચનો—વરદાનો | ૪૫૩ |
| શાહેરોનો ત્યાગ | ૪૫૪ |
| ગ્રન્થો | ૪૫૪ |
| ભક્ત રાજાઓ | ૪૫૫ |
| આ૦ જિનચંદ્ર | ૪૫૫ |
| અભિવચનભંગ | ૪૫૬ |
| ચમત્કાર | ૪૫૬ |
| ગુરુકાવ્યાષ્ટક ચર્ચા | ૪૫૬ |
| આ૦ જિનપતિ | ૪૫૭ |
| શ્રા૦ઉદ્ધરણ | ૪૫૭ |
| નેમિચંદ્ર ભંડારી | ૪૫૭ |
| કલ્યાણનગર પ્રતિષ્ઠા | ૪૫૭ |
| ચૈત્યવાસી પ્રતિમાચર્ચા | ૪૫૮ |
| ગ્રન્થો | ૪૫૮ |
| સંઘ સાથે વિહાર | ૪૫૮ |
| ગુરુકાવ્યાષ્ટક ચર્ચા | ૪૫૮ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| સૂરિપ્રશંસા | ૪૫૮ |
| (૫) વિદ્વાન મુનિવરો | ૪૫૯ |
| આ૦ જિનેશ્વર | ૪૬૦ |
| સરસ્વતી પ્રસન્ન | ૪૬૦ |
| અર્હન્તો–શ્લોક | ૪૬૦ |
| મનગઢંત ઘટના | ૪૬૦ |
| શાખા–૩ **શ્રીમાલીગચ્છ** | ૪૬૧ |
| ગ્રન્થો | ૪૬૧ |
| (૧૪) વિદ્વાન મુનિવરો | ૪૬૧ |
| આ૦ જિનરત્ન | ૪૬૩ |
| સિદ્ધાંતરત્નિકા | ૪૬૩ |
| (વિદ્યાનંદવ્યાકરણ) | ૪૬૩ |
| **શ્રીમાલી**ગચ્છ પટ્ટાવલી | ૪૬૪ |
| આ૦ **જિનપ્રભસૂરિ** | ૪૭૫ |
| ગ્રન્થો | ૪૬૭ |
| આ૦ **સોમતિલકસૂરિ** | ૪૬૮ |
| આ૦ જિનદેવ | ૪૬૮ |
| **પટ્ટાવલી** | ૪૬૮ |
| આ૦ ચારિત્રવર્ધન | ૪૬૯ |
| **ગ્રન્થો** | ૪૬૯ |
| આ૦ જિનપ્રબોધ | ૪૭૦ |
| શ્રીમાલીગચ્છ | ૪૭૦ |
| આ૦ **જિનકુશલ** | ૪૭૧ |
| પ્રતિષ્ઠાઓ | ૪૭૧ |
| દેરાઉર સ્તૂપ | ૪૭૧ |
| પરિવાર | ૪૭૧ |
| આ૦ તરુણપ્રભ | ૪૭૧ |
| આ૦ જિનપદ્મ (પંજાબી) | ૪૭૨ |
| આ૦ જિનોદય | ૪૭૩ |
| કોચર પોરવાડ | ૪૭૩ |
| ઉપા૦ ધર્મવલ્લભ | ૪૭૩ |
| વારાહી સાધના | ૪૭૩ |
| શાખા–૪થી વેગડગચ્છ | ૪૭૪ |
| આ૦ **જિનભદ્ર** | ૪૭૪ |
| (૧૮) વિદ્વાન મુનિવરો | ૪૭૫ |
| શાખા–૫મી પિપ્પલક | ૪૭૭ |
| આ૦ જિનવર્ધન | ૪૭૭ |
| ગ્રંથો | ૪૭૭ |
| વાગ્ભટ્ટાલંકાર વૃત્તિ | ૪૭૭ |
| આ૦ જિનસાગર | ૪૭૭ |
| પં૦ આજ્ઞાસુંદર | ૪૭૭ |
| પં૦ ધર્મચંદ્ર | ૪૭૭ |
| આ૦ જિનચંદ્ર | ૪૭૭ |
| લોંકામત | ૪૭૮ |
| આ૦ જિનહંસ | ૪૭૯ |
| બાદશાહ સીકંદર | ૪૭૯ |
| ઉપસર્ગ | ૪૭૯ |
| આ૦ જિનદેવ | ૪૭૯ |
| શાખા–૬ આચાર્યગચ્છ | ૪૭૯ |
| આ૦ જિનમાણિક્ય | ૪૮૦ |
| આ૦ જિનચંદ્ર | ૪૮૦ |
| ક્રિયોદ્ધાર | ૪૮૦ |
| નવી પટ્ટાવલીઓ | ૪૮૦ |
| ખંભાતથી લાહોર | ૪૮૨ |
| ફરી વાર આગરા | ૪૮૩ |
| (મંત્રી કર્મચંદ્ર) | ૪૮૩ |
| (૩) બાદશાહી ફરમાનો | ૪૮૪ |
| ભ૦ જિનસિંહસૂરિ | ૪૮૮ |
| ભ૦ જિનરાજ | ૪૮૯ |
| ચૌમુખની પ્રતિષ્ઠા | ૪૮૯ |
| નૈષધ ટીકા | ૪૮૯ |
| (ઉપાધ્યાયો) | ૪૮૯ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| ઉપા૦ વલ્લભ ગણિ | ૪૯૦ | આ૦ ભદ્રેશ્વર | ૪૯૭ |
| ગ્રન્થો | ૪૯૦ | (વિવિધમત પ્રારંભ) | ૪૯૭ |
| દિ૦ તેરાપંથ | ૪૯૦ | આ૦ પરમદેવ | ૪૯૭ |
| શાખા—૭ આચાર્યગચ્છ | ૪૯૦ | આ૦ સર્વાનન્દ | ૪૯૮ |
| શાખા—૮ ભટ્ટારકગચ્છ | ૪૯૦ | શિરોહી મંદિર | ૪૯૮ |
| શાખા—૯ લઘુઆચાર્યગચ્છ | ૪૯૦ | શાખાપરંપરા | ૪૯૮ |
| શાખા—૧૦ રંગવિજયગચ્છ | ૪૯૦ | આ૦ વિજયસિંહ | ૪૯૦ |
| શાખા—૧૧ શ્રીસારીયગચ્છ | ૪૯૦ | આ૦ શીલગુણ | ૪૯૯ |
| રાજ્યાન શ્રીમાલવંશ | ૪૯૧ | આ૦ વિજયચંદ્ર | ૪૯૯ |
| ખરતરગચ્છ પટ્ટાવલી | ૪૯૧ | **(૧) પૂનમિયા પટ્ટાવલી** | ૪૯૯ |
| ભ૦ જિનચંદ્ર | ૪૯૧ | ૪૦ આ૦ **ચંદ્રપ્રભ** | ૪૯૯ |
| ખરતરગચ્છ પટ્ટાવલી | ૪૯૧ | ૪૧ આ૦ ધર્મઘોષ | ૪૯૯ |
| ભ૦ જિનસૌખ્યસૂરિ | ૪૯૧ | આ૦ ચક્રેશ્વર | ૪૯૯ |
| વહાણ મારફત | ૪૯૧ | (એકનામવાલા) | ૪૯૯ |
| ભ૦ જિનચંદ્ર | ૪૯૨ | આ૦ તિલકગ્રન્થો | ૫૦૦ |
| લખનૌ મકસૂદાબાદ | ૪૯૨ | પં૦ વિદ્યાકુમાર | ૫૦૦ |
| ભ૦ જિનહર્ષ | ૪૯૨ | રાણી નીતલદેવી | ૫૦૦ |
| બેરાવરમલ્લ સંઘ | ૪૯૨ | ૪૨ આ૦ દેવભદ્ર | ૫૦૧ |
| બારોટોની ઘટના | ૪૯૩ | આ૦ અજિતપ્રભ | ૫૦૧ |
| મહો૦ ક્ષમાકલ્યાણ ગણિ | ૪૯૩ | ૫૭ ભ૦ સુમતિરત્ન | ૫૦૨ |
| ક્રિયોદ્ધાર | ૪૯૩ | (૨, ૩) પૂનમિયાપટ્ટાવલી | ૫૦૨ |
| ગ્રંથો | ૪૯૩ | પં૦ વિદ્યારત્ન | ૫૦૩ |
| **ખરતરગચ્છપટ્ટાવલી** (૨) | ૪૯૩ | **ભીમપલ્લી શાખા** | ૫૦૩ |
| ભ૦ જિનસાગર | ૪૯૪ | વિવિધ આચાર્યો | ૫૦૩ |
| ભ૦ જિનકીર્તિ | ૪૯૪ | આ૦ **ભાવપ્રભ** | ૫૦૪ |
| ભ૦ જિનહેમ | ૪૯૫ | શાખાઓ, ગોત્રો | ૫૦૫ |
| **પૂનમિયાગચ્છ** | ૪૯૫ | **નાણાવાલગચ્છ** પટ્ટા૦ | ૫૦૫ |
| (વિવિધ મત સંવતો) | ૪૯૬ | આ૦ સર્વદેવ | ૫૦૬ |
| મતસ્થાપક | ૪૯૭ | (સંવત ખુલાસો) | ૫૦૬ |
| સમાચારી | ૪૯૭ | આ૦ ઉદયપ્રભ | ૫૦૭ |
| આ૦ ધર્મઘોષ | ૪૯૭ | ધર્મપ્રચાર | ૫૦૭ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| તિલકશાખા | ૫૦૮ | ધર્મપ્રચાર | ૫૨૧ |
| વલભીગચ્છ પટ્ટા૦ | ૫૦૯ | ૪૪ આ૦ મહેન્દ્રસિંહ | ૫૨૧ |
| મંત્રી લહીર પોરવાડ | ૫૦૯ | તપા આ૦ દેવેન્દ્રસૂરિ | ૫૨૨ |
| ૧૨ આ૦ જયપ્રભ | ૫૧૦ | તીર્થયાત્રાઓ | ૫૨૩ |
| દશા (સં૦ ૧૩૩૫) | ૫૧૦ | ગ્રન્થો | ૫૨૩ |
| **ચૌહાણ** | ૫૧૦ | ૪૬ આ૦ અજિતસિંહ | ૫૨૩ |
| લઘુશાખા | ૫૧૦ | ચાણસ્મા | ૫૨૪ |
| **અંચલગચ્છ પટ્ટાવલી** | ૫૧૧ | ૪૮ આ૦ ધર્મપ્રભ | ૫૨૫ |
| ૪૦ આ૦ **ચંદ્રપ્રભ** | ૫૧૧ | અમારિ | ૫૨૫ |
| ૪૧ આ૦ **આર્યરક્ષિત** | ૫૧૧ | આ૦ મુનિશેખર | ૫૨૬ |
| અંચલસામાચારી | ૫૧૩ | શેખરશાખા | ૫૨૬ |
| ભાલેજ જિનાલય | ૫૧૪ | આ૦ જયશેખર ગ્રંથો | ૫૨૬ |
| ઉપદેશ | ૫૧૫ | ૫૧ **આ૦ મેરુતુંગ** | ૫૨૭ |
| (૩) અંચલ નામ | ૫૧૫ | (ચરિત્રભેદ) | ૫૨૭ |
| શેઠાણી નાઢા | ૫૧૬ | જીરાવલાસ્તોત્ર | ૫૨૮ |
| ઉપા૦ નરસિંહ | ૫૧૬ | ગ્રન્થો | ૫૨૮ |
| વિધિમત | ૫૧૬ | ગોડી પાર્શ્વનાથ | ૫૨૯ |
| કાલીદેવી | ૫૧૬ | શેખર શાખા | ૫૨૯ |
| પરિવાર, ગોત્રો | ૫૧૬ | તુંગ શાખા | ૫૨૯ |
| દશા-વીસાભેદ | ૫૧૬ | આ૦ ભુવનતુંગ | ૫૨૯ |
| નાણાવાલ ગોત્રો | ૫૧૭ | આ૦ જયતિલક | ૫૨૯ |
| અંચલ ગોત્રો | ૫૧૭ | પરિવાર | ૫૨૯ |
| ૪૨ આ૦ જયસિંહ | ૫૧૮ | ૫૨ આ૦ જયકીર્તિ | ૫૨૯ |
| વાદિદેવસૂરિ શાસ્ત્રાર્થ | ૫૧૮ | **આ૦ માણિક્યસુંદર** | ૫૩૦ |
| શાખા હર્ષ | ૫૧૮ | શ્રીધર૦ વગેરે ગ્રંથો | ૫૩૦ |
| પાટણમાં વાસ | ૫૧૯ | ૫૫ આ૦ ભાવપ્રભ | ૫૩૧ |
| મંત્રી આંબાક | ૫૧૯ | પ્રાકૃત પટ્ટાવલી | ૫૩૨ |
| ગ્રન્થો | ૫૧૯ | આ૦ સુમતિરત્ન | ૫૩૨ |
| ધર્મપ્રચાર | ૫૧૯ | આ૦ ધર્મમૂર્તિ | ૫૩૨ |
| ૪૩ આ૦ ધર્મઘોષ | ૫૨૦ | સમ્મેતશિખર યાત્રા | ૫૩૨ |
| ધુમલી જેતાવાવ | ૫૨૧ | ક્રિયોદ્ધાર | ૫૩૨ |


JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| ગ્રંથભંડારો | ૫૩૩ |
| ગ્રંથો-પરિવાર | ૫૩૩ |
| ચાર શાખાઓ | ૫૩૪ |
| ૫૮ આ૦ કલ્યાણસાગર | ૫૩૪ |
| વર્ધમાન, પદમશી | ૫૩૪ |
| આગરાપ્રતિષ્ઠા | ૫૩૫ |
| ભુજમાં રાજવિહાર | ૫૩૫ |
| અમારિપટહ | ૫૩૫ |
| ૫૯ ભ૦ અમરસાગર | ૫૩૬ |
| **સંવેગીશાખા** | ૫૩૬ |
| ઉપા૦ વિનયશીલ | ૫૩૬ |
| ૬૧ ભ૦ ઉદયસાગર | ૫૩૬ |
| જિનાલય બંધ | ૫૩૬ |
| પં૦ દેવચંદ્રજી ગણિ | ૫૩૬ |
| ઉ૦ દર્શનસાગર, જ્ઞાનસાગર | ૫૩૬ |
| ૬૫ ભ૦ મુક્તિસાગર | ૫૩૭ |
| શેઠ નરશી નાથા | ૫૩૭ |
| શેઠ મોતી શાહ | ૫૩૭ |
| ૬૬ ભ૦ રત્નસાગર | ૫૩૭ |
| શેઠ કેશવજી નાયક | ૫૩૭ |
| અંચલગચ્છ પટ્ટાવલી (૨) | ૫૩૮ |
| મુનિ ગૌતમસાગરજી | ૫૩૯ |
| **સાર્ધપૂનમિયાગચ્છ** | ૫૩૯ |
| **ત્રિસ્તુતિકમત** | ૫૪૦ |
| (૨) પટ્ટાવલી | ૫૪૦ |
| ૪૧ આ૦ શીલગુણ | ૫૪૦ |
| ૫૯ આ૦ આણંદપ્રભ | ૫૪૨ |
| આ૦ વિવેકરત્ન | ૫૪૩ |
| આભૂના વંશજો | ૫૪૩ |
| ભ૦ સંયમરત્ન | ૫૪૩ |
| લઘુ શાખા | ૫૪૩ |
| સાધ્વીજી | ૫૪૩ |
| સં૦ કચરા કીકા | ૫૪૩ |
| **ચતુર્દશી મત** | ૫૪૪ |
| ઇતિહાસ | ૫૪૪ |
| પટ્ટાવલી | ૫૪૬ |
| ૪૨ આ૦ સુમતિસિંહ | ૫૪૬ |
| ૪૪ આ૦ દેવેન્દ્ર | ૫૪૬ |
| તપા આ૦ વિજયચંદ્ર | ૫૪૭ |
| ૪૫ આ૦ હેમપ્રભ | ૫૪૭ |
| (ત્રૈલોક્યપ્રકાશ પ્રશસ્તિ) | ૫૪૭ |
| **કચ્છૂલીગચ્છ** | ૫૪૮ |
| પટ્ટાવલી | ૫૪૯ |
| ૪૨ આ૦ ભદ્રેશ્વર | ૫૪૯ |
| ૪૨ આ૦ શ્રીપ્રભ | ૫૪૯ |
| શ્રીવત્સ કુલ | ૫૪૯ |
| ૪૩ આ૦ માણિક્ય | ૫૫૦ |
| આ૦ અમરપ્રભ | ૫૫૦ |
| ૪૪ આ૦ ઉદયસિંહ | |
| ૪૫ આ૦ કમલસિંહ | ૫૫૨ |
| ૪૭ આ૦ રત્નપ્રભ | ૫૫૩ |
| કચ્છુલી રાસ | ૫૫૩ |
| **૪૧. આ૦ અજિતદેવસૂરિ** | **૫૫૪** |
| જીરાવલા તીર્થ | ૫૫૪ |
| પ્રજ્ઞાવબોધ | ૫૫૪ |
| યુ૦ આ૦ ધર્મઘોષ | ૫૫૪ |
| (૩) આ૦ હેમચંદ્રસૂરિ | ૫૫૪ |
| આ૦ વિનયચંદ્ર | ૫૫૪ |
| આ૦ યશોદેવ | ૫૫૫ |
| આ૦ દેવગુપ્ત | ૫૫૫ |
| વીરાચાર્ય | ૫૫૬ |
| આ૦ અમરચંદ્ર, હરિભદ્ર | ૫૫૬ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| આ૦ સાગરચંદ્ર | ૫૫૬ | **પ્રતિજ્ઞાપત્ર** | ૫૬૮ |
| આ૦ નન્ન | ૫૫૬ | મંગલાચરણ | ૫૬૮ |
| વર્ધમાનાચાર્ય | ૫૫૬ | પક્ષોની રજૂઆત | ૫૬૯ |
| આ૦ જયમંગલ | ૫૫૭ | મૌખિક શાસ્ત્રાર્થજય | ૫૬૯ |
| આ૦ પ્રદ્યુમ્નશાંતિ | ૫૫૭ | લેખિત શાસ્ત્રાર્થ | ૫૬૯ |
| આ૦ સુમતિ | ૫૫૭ | કોટાકોટિ ચર્ચા | ૫૭૦ |
| આ૦ મલ્લવાદી | ૫૫૭ | દેવસૂરિવિજય | ૫૭૦ |
| **સાધ્વીજીઓ** | ૫૫૭ | બિરુદ–વિજયપત્ર | ૫૭૦ |
| **આ૦ મલયગિરિ** | ૫૫૮ | ઉદાર માગણી | ૫૭૦ |
| ગ્રન્થો | ૫૫૮ | (મહાન કુમુદચંદ્ર) | ૫૭૦ |
| આ૦ ચંદ્ર | ૫૬૦ | પ્રશંસા | ૫૭૧ |
| આ૦ સિદ્ધસેન | ૫૬૦ | તુષ્ટિદાન | ૫૭૧ |
| **આ૦ વાદિ દેવસૂરિ** | ૫૬૦ | રાજવિહાર | ૫૭૧ |
| (મડાર ગામ) | ૫૬૧ | સિદ્ધવિહાર | ૫૭૧ |
| વાદી | ૫૬૨ | જિનાલયો | ૫૭૧ |
| મુનિમિત્રો | ૫૬૨ | આરાસણ તીર્થ | ૫૭૨ |
| કુટુંબદીક્ષા | ૫૬૩ | ભોરોલ તીર્થ | ૫૭૩ |
| બે સાધ્વીજી | ૫૬૩ | (મંત્રીઓ) | ૫૭૩ |
| ઉદાવસહી | ૫૬૩ | ધર્મપ્રચાર | ૫૭૩ |
| ગુરુનો સ્વર્ગવાસ | ૫૬૩ | ગ્રન્થો | ૫૭૩ |
| દેવબોધિ શ્લોક | ૫૬૩ | સ્વર્ગવાસ | ૫૭૩ |
| પ્રતિષ્ઠા | ૫૬૪ | પ્રશંસા | ૫૭૫ |
| વાદી કુમુદચંદ્ર | ૫૬૪ | પટ્ટપરંપરા | ૫૭૫ |
| સાધ્વીનો ઉપાલંભ | ૫૬૫ | **(૧૫) પટ્ટાવલી** | ૫૭૬ |
| સંઘમાં આયંબિલતપ | ૫૬૫ | ૪૨ આ૦ ભદ્રેશ્વર | ૫૭૬ |
| વિદ્યા અને શાસ્ત્રાર્થ | ૫૬૬ | ૪૩ આ૦ માણિક્યચંદ્ર | ૫૭૬ |
| કાચું પ્રતિજ્ઞાપત્ર | ૫૬૬ | ૪૭ આ૦ વિનયચંદ્ર | ૫૭૭ |
| રાજમાતાનો ભ્રમરફેટ | ૫૬૬ | નાડલાઇ તીર્થ | ૫૭૭ |
| શાસ્ત્રાર્થવ્યવસ્થા | ૫૬૭ | ૪૫ આ૦ ગુણભદ્ર | ૫૭૭ |
| વાદિ, પ્રતિવાદી | ૫૬૭ | ૪૬ આ૦ મુનિભદ્ર | ૫૭૭ |
| જ્ઞાનગમ્મત | ૫૬૭ | **૪૨ આ૦ રત્નપ્રભ** | ૫૭૮ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| આ૦ વિજયસેન | ૫૭૮ | ૫૭ ભ૦ શીલદેવ | ૫૮૯ |
| રત્નાવતારિકા | ૫૭૯ | વાદિદેવસૂરિગચ્છ | ૫૮૯ |
| વિવિધ વાદો | ૫૭૯ | ૪૭ મુનિ હરિભદ્ર, નાનુ | ૫૯૦ |
| ૪૨ આ૦ પૂર્ણભદ્ર | ૫૭૯ | ૪૩ આ૦ રામભદ્ર | ૫૯૧ |
| પંચતંત્ર | ૫૮૦ | ૪૪ આ૦ જયમંગળ | ૫૯૧ |
| આ૦ પદ્મ | ૫૮૦ | ચાચિગદેવ પ્રશસ્તિ | ૫૯૧ |
| ૪૪ આ૦ માણેકચંદ્ર | ૫૮૦ | કવિશિક્ષા | ૫૯૧ |
| નલાયન, નાટકો | ૫૮૧ | ૪૫ આ૦ સોમચંદ્ર | ૫૯૧ |
| (શિલાલેખ-સમીક્ષા) | ૫૮૧ | વૃત્તરત્નાકર ટીકા | ૫૯૧ |
| ૪૨ આ૦ જિનચંદ્ર | ૫૮૨ | દેવાનંદિતગચ્છ | ૫૯૧ |
| ૪૩ આ૦ મદનચંદ્ર | ૫૮૨ | નાગોરી વડગચ્છ | ૫૯૧ |
| ૪૪ આ૦ મહેંદ્રસૂરિ | ૫૮૨ | ૪૨ આ૦ પદ્મપ્રભ | ૫૯૧ |
| યંત્રરાજાગમ | ૫૮૨ | ભુવનદીપક | ૫૯૧ |
| (આ૦ મહેંદ્ર) | ૫૮૩ | ૪૫ આ૦ જયશેખર | ૫૯૨ |
| ૪૫ આ૦ મલયચંદ્ર | ૫૮૩ | ક્રિયોદ્ધાર | ૫૯૨ |
| ૪૪ આ૦ મુનિદેવ | ૫૮૪ | નાગોરી તપગચ્છ | ૫૯૨ |
| શાંતિનાથચરિત્ર | ૫૮૫ | ૪૬ આ૦ વજ્રસેન | ૫૯૨ |
| ૪૩ આ૦ પ્રદ્યુમ્નસૂરિ | ૫૮૫ | ૪૭ આ૦ હેમતિલક | ૫૯૨ |
| ઉદાયનવિહાર ચર્ચા | ૫૮૫ | ૪૮ આ૦ રત્નશેખર | ૫૯૨ |
| ૪૪ આ૦ માનદેવ | ૫૮૫ | ગ્રંથો | ૫૯૨ |
| ૪૫ આ૦ જયાનંદ | ૫૮૫ | દિનશુદ્ધિ વિશ્વપ્રભા | ૫૯૩ |
| ૬૦ સલક્ષણ | ૫૮૫ | (પટ્ટાવલીભેદ) | ૫૯૩ |
| ૪૨ આ૦ મહેશ્વર | ૫૮૫ | ૫૪ ભ૦ સોમરત્ન | ૫૯૪ |
| ૪૪ આ૦ રામભદ્ર નાટક | ૫૮૬ | પાયચંદ મત | ૫૯૪ |
| ૪૨ આ૦ વિમલચંદ્ર | ૫૮૬ | સુધર્મગચ્છ | ૫૯૫ |
| સાધ્વીમર્યાદા | ૫૮૭ | ૫૪ (આ૦ પાર્શ્વચંદ્ર) | ૫૯૪ |
| ૪૫ આ૦ વજ્રસેન | ૫૮૭ | (પટ્ટાવલી) | ૫૯૫ |
| સાધ્વીજીઓ | ૫૮૭ | (વડગચ્છ શાખા) | ૫૯૫ |
| ૪૭ આ૦ નયનચંદ્ર | ૫૮૮ | (સિદ્ધાંતરત્નિકા) | ૫૯૫ |
| શિયાલબેટ પ્રતિષ્ઠા | ૫૮૮ | ૫૬ ભ૦ ચંદ્રકીર્તિ | ૫૯૬ |
| બે શાખા | ૫૮૮ | ગ્રંથો | ૫૯૬ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| ૫૭ ભ૦ હર્ષકીર્તિ | ૫૯૬ | આંબિલતપ | ૬૦૯ |
| ભ૦ વિજયસુંદર | ૫૯૭ | યાત્રા | ૬૦૯ |
| તપા૦ આ૦ વિજયતિલક | ૫૯૭ | શિહોર | ૬૧૦ |
| નાગોરી તપા ગોત્રો | ૫૯૭ | શત્રુંજય, ગિરનાર | ૬૧૦ |
| તપાજૈન ગોત્રો | ૫૯૭ | કોડીનાર | ૬૧૦ |
| તપગચ્છનાં ૧૩ બેસણાં | ૫૯૭ | ભવિષ્યવાણી | ૬૧૦ |
| તપગચ્છ જ્ઞાતિ | ૫૯૮ | કુમારપાલ | ૬૧૦ |
| આરાસણ | ૫૯૮ | આશીર્વાદ | ૬૧૧ |
| ૪૨ આ૦ જિનભદ્ર | ૫૯૮ | સિદ્ધહેમચંદ્ર | ૬૧૨ |
| ઉંદરવસહી | ૫૯૮ | સિદ્ધરાજ મૃત્યુ | ૬૧૨ |
| ૪૫ આ૦ પરમાણંદ | ૫૯૮ | રાજા કુમારપાલ | ૬૧૨ |
| પોસીના તીર્થ | ૫૯૮ | માતા સ્વર્ગવાસ | ૬૧૨ |
| ભિન્નમાલગચ્છ | ૫૯૯ | સોમનાથ | ૬૧૩ |
| (માંડવગઢ) | ૫૯૯ | મહાદેવસ્તુતિ | ૬૧૩ |
| રામસેનગચ્છ | ૫૯૯ | તીર્થોદ્ધાર | ૬૧૩ |
| સરધના પ્રતિમા | ૫૯૯ | રાજવિહારો | ૬૧૪ |
| જીરાવલ્લાગચ્છ | ૫૯૯ | ગ્રંથભંડારો | ૬૧૪ |
| ક૦સ૦આ૦હેમચંદ્રસૂરિ | ૫૯૯ | સિદ્ધહેમકુમાર સંવત | ૬૧૪ |
| (સ્વપ્ન) | ૬૦૦ | પં૦ વામરાશિ | ૬૧૪ |
| દીક્ષા | ૬૦૧ | શકુનિકાવિહાર | ૬૧૪ |
| સરસ્વતીસાધના | ૬૦૧ | ઉદાયનવિહાર | ૬૧૪ |
| હેમચંદ્ર | ૬૦૨ | શત્રુંજય સંઘ | ૬૧૪ |
| આચાર્યપદ | ૬૦૩ | થાપો, છસાવલ | ૬૧૫ |
| પ્ર૦ પાહિનીશ્રીજી | ૬૦૩ | છેલ્લી અંજનશલાકા | ૬૧૫ |
| ગુરુ સ્વર્ગવાસ | ૬૦૩ | ગોડી પાર્શ્વનાથ | ૬૧૬ |
| રાજપ્રવેશ | ૬૦૪ | ભવિષ્યવાણી | ૬૧૬ |
| ચારણકાવ્ય | ૬૦૫ | ધર્મપ્રચાર | ૬૧૬ |
| પાંડવચર્યા | ૬૦૫ | આચાર્ય ગુણો | ૬૧૬ |
| બ્રહ્મચર્ય | ૬૦૬ | સ્વર્ગવાસ | ૬૧૭ |
| આ૦ વાદિદેવ-શાસ્ત્રાર્થ | ૬૦૬ | હેમખાડ | ૬૧૭ |
| પ્રતિષ્ઠાઓ | ૬૦૭ | પ્રશંસા | ૬૧૭ |
| દેવબોધ ઘટના | ૬૦૮ | શિષ્યપરિવાર | ૬૧૭ |
| નિજડ | ૬૦૯ | | |


JAINSITE .com जैनम् जयति शासनम् जैन साईट

| | |
|---|---|
| ૧ આ૦ બાલચંદ્ર | ૬૧૭ |
| ૨ આ૦ રામચંદ | ૬૧૮ |
| આંખે દરદ | ૬૧૯ |
| ગુરુઆજ્ઞા | ૬૨૧ |
| ગ્રંથો | ૬૨૩ |
| ૩ આ૦ મહેંદ્ર | ૬૨૪ |
| ૪ પં૦ વર્ધમાન | ૬૨૪ |
| ૧૧૬ ગ્રંથો | ૬૨૪ |
| ૫ આ૦ ગુણચંદ્ર | ૬૨૪ |
| ૬ પં૦ યશશ્ચંદ્ર ગણિ | ૬૨૪ |
| ૭ પં૦ ઉદયચંદ્ર | ૬૨૫ |
| ૮ મુનિ દેવચંદ્ર | ૬૨૫ |
| નાટક | ૬૨૫ |
| ૯ પં૦ ઉદયસાગર | ૬૨૫ |
| ગ્રંથસર્જન | ૬૨૫ |
| ૪૮ ગ્રન્થો | ૬૨૯ |
| વ્યાકરણનાં વિવરણો | ૬૩૨ |
| બીજાં વિવરણો | ૬૩૩ |
| અવતરણો | ૬૩૪ |
| વાણીચાતુરી | ૬૩૫ |
| લોકસાહિત્ય | ૬૩૭ |
| પ્રશંસા | ૬૩૯ |
| રાજા ભુવનપાલ | ૬૪૧ |
| રાણો રણસિંહ | ૬૮૨ |
| રાણો ધીરસિંહ | ૬૪૨ |
| શિસોદિયા | ૬૪૨ |
| (૨) રાજા કુમારપાલ | ૬૪૩ |
| શેઠ ધનદેવ, કવિ પદ્માનંદ | ૬૪૩ |
| **મંત્રી શાન્તૂ** | ૬૪૩ |
| (મંકા ગામ) | ૬૪૪ |
| ઉપાશ્રય | ૬૪૬ |
| મહાકવિ બિલ્હણ | ૬૪૬ |
| ( ,, ,, ) | ૬૪૭ |
| મંત્રી મુંજાલ | ૬૪૮ |
| વિમલશાહ | ૬૪૯ |
| મહામાત્ય ઉદયન શ્રીમાલી | ૬૪૯ |
| દંડનાયક આંબડ | ૬૫૪ |
| મહામાત્ય વાહડ | ૬૫૭ |
| (મહામાત્ય પરિવાર) | ૬૬૧ |
| મંત્રી સામંતસિંહ | ૬૬૧ |
| કવિ હરિહર | ૬૬૧ |
| આંબરણ | ૬૬૧ |
| મંત્રી ચાહડ | ૬૬૨ |
| મંત્રી સોલ્લાક | ૬૬૨ |
| મંત્રી સજ્જન | ૬૬૩ |
| તીર્થરક્ષા | ૬૬૪ |
| મંત્રી આંબાક | ૬૬૬ |
| સાંકળી પાજ | ૬૬૬ |
| ધવલ | ૬૬૬ |
| જગદેવ શ્રીમાલી | ૬૬૬ |
| શેઠ સજ્જન | ૬૬૬ |
| કવિ શ્રીપાલ | ૬૬૭ |
| કવિ સિદ્ધપાલ | ૬૭૦ |
| કવિ વિજયપાલ | ૬૭૨ |
| મંત્રી આશુક પોરવાડ | ૬૭૨ |
| મંત્રી આશુક મોઢ | ૬૭૩ |
| સાધ્વી મરુદેવી ગણિની | ૬૭૩ |
| સાધ્વી દેવશ્રી ગણિની | ૬૭૪ |
| મંત્રી આલિગદેવ | ૬૭૪ |
| મંત્રી વાધૂયનવંશ | ૬૭૫ |
| મંત્રી આહ્લાદન | ૬૭૬ |
| મંત્રી નાહડ | ૬૭૬ |
| મંત્રી આલિગ | ૬૭૭ |
| સેનાપતિ યશોવીર | |
| રાજા કટુકરાજ | ૬૭૭ |
| શેઠ નેમિનાગ મોઢ | ૬૭૭ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કવિ વાહડ ૬૭૭
વાગ્ભટાલંકાર ૬૭૮
અભયકુમાર ૬૭૮
ચૈત્ય-શાસ્ત્રાર્થ ૬૭૮
શેઠ સોમેશ્વર ૬૭૮
**વાહડ દેવો** ૬૭૮
(અષ્ટાંગહૃદયસંહિતા) ૬૭૮
રાહડકુમાર વાગ્ભટ ૬૭૯
કાવ્યાનુશાસન વિ૦ ગ્રંથો ૬૭૯
વાયડગચ્છનો બાહડ ૬૮૦
શેઠ છિદ્દકવંશ ૬૮૧
સાધ્વી શ્રીસાધુલબ્ધિ ૬૮૧
સં૦ ખીમો ૬૮૧
શેઠ ખેતલ, શેઠ વૈરસિંહ ૬૮૨
શેઠ ભીમાશાહ ૬૮૩
ભીમ કુંડલિયો ૬૮૩
જગડશાહ સોરઠિયો ૬૮૫
શેઠ કુબેરદત્ત ૬૮૬
રુદ્દત્તાધન ૬૮૭
મંત્રી પૃથ્વીપાલ ૬૮૭
શેઠ યશોધર ૬૮૭
મહત્તમ દુર્લભરાજ-જગદેવ ૬૮૭
મંત્રી જગદેવ ૬૮૮
મંત્રી યશોધવલ-
કવિ જગદેવ ૬૮૮
શ્રીડાહીદેવી ૬૮૯
ચાપલદે ૬૮૯
શેઠ હેમચંદ ૬૮૯
કવિ યશશ્ચંદ્ર ૬૮૯
મુદ્રિતકુમુદચંદ્ર ૬૯૦
હાંસીદેવી ૬૯૦
આરાસણ ૬૯૦
નીતલરાણી ૬૯૦
શેઠ કપર્દિ શાહ ૬૯૦
શેઠ આભડ વસાહ ૬૯૩
કવિ યશઃપાલ ૬૯૮
લાલનવંશ ૬૯૮
વર્ધમાન પદમશી ૬૯૯
જામનગર મંદિર ૬૯૯
જગડૂશાહ ૭૦૧
જેસોજી ૭૦૧
કે૦ ક ૭૦૧
પં૦ હંસરાજ શામજી ૭૦૨
**૪૨. આ૦ વિજયસિંહસૂરિજી ૭૦૩**
ત્રણ પટ્ટધરો ૭૦૩
આ૦ વિજયસિંહસૂરિવરો ૭૦૩
આ૦ જિનસિંહસૂરિ ૭૦૫
શાખાગચ્છો ૭૦૫
માનદેવગચ્છ ૭૦૫
ગ્રન્થપ્રશસ્તિ ૭૦૬
કક્કુદાચાર્યગચ્છ ૭૦૮
ખરાતપાગચ્છ ૭૦૮
ધર્મઘોષગચ્છ ૭૦૮
ઘોષપુરીયગચ્છ ૭૦૯
ઉચ્ચિતવાલગચ્છ ૭૦૯
શોચિતવાલગચ્છ ૭૦૯
દેવાચાર્યગચ્છ ૭૦૯
દેવાનંદિતગચ્છ ૭૧૦
નાગોરીતપાગચ્છ ૭૧૦
જાલોરાગચ્છ ૭૧૦
આરાસણગચ્છ ૭૧૦
ભિન્નમાલગચ્છ ૭૧૦
જીરાવલાગચ્છ ૭૧૦
રામસેનગચ્છ ૭૧૦
(મલયચંદ્રો) ૭૧૧


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| પિપ્પલકગચ્છ | ૭૧૧ | વરકાણા તીર્થ | ૭૨૮ |
| મડાહડાગચ્છ | ૭૧૧ | જૈન વિદ્યાલય | ૭૨૯ |
| શ્રીમાલીગચ્છ | ૭૧૧ | રાતા મહાવીર | ૭૨૯ |
| વૃદ્ધ તપાગચ્છ | ૭૧૧ | જેસલમેર | ૭૨૯ |
| **૧૩ ગચ્છોનું એકમ** | ૭૧૧ | **સાહિત્યરક્ષણ** | ૭૨૯ |
| મોઢગચ્છ | ૭૧૧ | વિહાર | ૭૩૧ |
| નાગરગચ્છ | ૭૧૨ | સિદ્ધપુર | ૭૩૧ |
| **(૩) નાગર વંશ** | ૭૧૩ | સુલતાન પાર્શ્વનાથ | ૭૩૨ |
| સર્વજિતપ્રસાદ | ૭૧૩ | શિહોર | ૭૩૨ |
| ગાંધી કુંઅરજી | ૭૧૪ | મારુદેવા ટૂંક | ૭૩૩ |
| રત્નતિલક | ૭૧૪ | શ્રીપૂજ ટૂંક | ૭૩૩ |
| બાહડ | ૭૧૫ | પૂ૦ શ્રીમુક્તિવિજય ગણિ | ૭૩૩ |
| આનંદ | ૭૧૫ | **ઐતિહાસિક મિલન** | ૭૩૩ |
| દીશાવાલવંશ | ૭૧૬ | દાન | ૭૩૩ |
| અન્થો | ૭૧૬ | રણુ, જાતી | ૭૩૩ |
| **જ્ઞાતિશાખા વંશો** | ૭૧૬ | નવું શિહોર | ૭૩૪ |
| ઓસવાલ | ૭૧૬ | ગોહેલવંશ | ૭૩૪ |
| શ્રીમાલી | ૭૧૭ | પચેગામ | ૭૩૪ |
| પોરવાલ | ૭૧૭ | ભાવનગર બંદર | ૭૩૪ |
| સોરઠગચ્છ | ૭૧૭ | **તારંગા તીર્થ** | ૭૩૪ |
| ધર્કટવંશ | ૭૧૭ | **તારા-પદ્માવતી** | ૭૩૪ |
| કપોલ સોરઠિયા | ૭૧૭ | સિદ્ધશિલા, કોટિશિલા | ૭૩૫ |
| પોરવાલ | ૭૧૮ | શત્રુંજય ટૂંક | ૭૩૫ |
| **લાડવા** શ્રીમાલી | ૭૧૮ | કુમારવિહાર | ૭૩૬ |
| ગૂર્જર | ૭૧૯ | તીર્થરક્ષા | ૭૩૭ |
| ભણશાળી ગૂર્જર | ૭૨૦ | જીર્ણોદ્ધાર | ૩૩૭ |
| ટીમાણા | ૭૨૧ | મોટો જીર્ણોદ્ધાર | ૭૩૮ |
| ગોઠી | ૭૨૨ | ચોકમાં રચનાઓ | ૭૩૮ |
| પલ્લીવાલ | ૭૨૨ | દેરી દાન | ૭૩૮ |
| **(૩) નાગર વંશ** | ૭૨૨ | સિદ્ધશિલા | ૭૩૮ |
| જીરાવલા તીર્થ | ૭૨૨ | પુણ્યપાપ દેરી | ૭૩૯ |
| ફલોધિ પાર્શ્વનાથ | ૭૨૬ | કોટિશિલા | ૭૩૯ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| **આ૦ વિ૦ ધર્મસૂરિ** | ૭૩૯ |
| ૨૦ પાદુકાઓ | ૭૩૯ |
| વહીવટ | ૭૩૯ |
| **ગોડીજી તીર્થ** | ૭૩૯ |
| અંજનશલાકા પાટણમાં | ૭૩૯ |
| શેઠ સાજન કાજલ | ૭૪૦ |
| મેઘો મીઠડિયો | ૭૪૦ |
| ગોડીપુર | ૭૪૧ |
| ધ્યાનો ભોગ | ૭૪૨ |
| ત્રણ પ્રતિમાઓ | ૭૪૨ |
| **વર્ધમાન તીર્થ** | ૭૪૩ |
| સ્થાપના તીર્થ | ૭૪૩ |
| ગ્રંથરચના | ૭૪૪ |
| **મોઢ પાજાવસહી** | ૭૪૪ |
| પ્રતિષ્ઠા | ૭૪૫ |
| મસ્જિદ | ૭૪૫ |
| જગડૂ જિનપ્રાસાદ | ૭૪૫ |
| ત્રણ જિનાલયો | ૭૪૫ |
| વિજયધર્મસૂરિ | ૭૪૫ |
| **આ૦ સોમપ્રભસૂરિ** | ૬૩૬ |
| આ૦ મણિરત્નસૂરિ | |
| (બીજા આ૦ સોમપ્રભ) | ૭૪૬ |
| પ્રતિષ્ઠા | ૭૪૭ |
| ગ્રન્થો | ૭૪૭ |
| શતાર્થ કાર્ય | ૭૪૮ |
| (અનેકાર્થી કાવ્યો) | ૭૪૮ |
| શતાર્થીકાવ્ય-કાવ્યછંદો | ૭૪૯ |
| (દ્વયાશ્રયકાવ્યો) | ૭૪૯ |
| ૧૦૦ નામો | ૭૫૦ |
| **આ૦ મણિરત્નસૂરિ** | **૭૫૧** |
| તપાગચ્છ | ૭૫૧ |
| બે શાખા | ૭૫૧ |
| ધર્મપ્રભાવકો | ૭૫૧ |
| આ૦ વિનયમિત્ર | ૭૫૧ |
| આ૦ વિજયસેન | ૭૫૧ |
| આ૦ ઉદયપ્રભ | ૭૫૧ |
| આ૦ મલ્લવાદી | ૭૫૧ |
| આ૦ વર્ધમાન | ૭૫૧ |
| આ૦ જિનદત્ત | ૭૫૧ |
| આ૦ અમરચંદ્ર | ૭૫૧ |
| વિવેકવિલાસ | ૭૫૨ |
| પાસત્થાને દાન | ૭૫૨ |
| (કચ્છી કહેવત) | ૭૫૨ |
| વેણીકૃપાણઅમર | ૭૫૩ |
| (બિરુદ) | ૭૫૩ |
| ગ્રન્થો | ૭૫૩ |
| પં૦ અરિસિંહ | ૭૫૩ |
| સૂરિપ્રતિમા | ૭૫૪ |
| આ૦ સિદ્ધ-કક્ક | ૭૫૪ |
| માનવરક્ષા | ૭૫૪ |
| કન્યારક્ષા | ૭૫૪ |
| ઉપા૦ પદ્મપ્રભ | ૭૫૪ |
| આ૦ જિનપતિ | ૭૫૫ |
| આ૦ મહેન્દ્રસિંહ | ૭૫૫ |
| આ૦ વિનયચંદ્ર | ૭૫૫ |
| ગ્રંથો | ૭૫૫ |
| આ૦ ભુવનચંદ્ર | ૭૫૬ |
| આ૦ ગુણભદ્ર | ૭૫૬ |
| આ૦ વીર, જયસિંહ | ૭૫૬ |
| નાટક | ૭૫૬ |
| સરસ્વતીપ્રતિમા | ૭૫૬ |
| આ૦ જયસિંહ | ૭૫૬ |
| (આ૦ જયસિંહ) | ૭૫૬ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| (ગ્રન્થો) | ૭૫૬ |
| આ૦ વિજયસિંહ | ૭૫૭ |
| આ૦ માણિક્યચંદ્ર | ૭૫૭ |
| (૧૪) માણિક્ય નામના સૂરિવરો | ૭૫૭ |
| આ૦ હરિભદ્ર, આ૦ બાલચંદ્ર | ૭૫૯ |
| આ૦ પ્રદ્યુમ્ન | ૭૫૯ |
| આ૦ પદ્મપ્રભ, આ૦ સિંહતિલક | ૭૫૯ |
| આ૦ વર્ધમાન | ૭૫૯ |
| આ૦ મલય, આ૦ સમંતભદ્ર | ૭૫૯ |
| પં૦ પાર્શ્વ ગણિ | ૭૬૦ |
| સાધ્વીસંઘ | ૭૬૦ |
| સાધ્વી અજિતસુંદરી ગ૦ | ૭૬૦ |
| સાધ્વી જિનસુંદરી ગ૦ | ૭૬૦ |
| સાધુ-સાધ્વીઓ | ૭૬૦ |
| સાધ્વી પદ્મલક્ષ્મીજી | ૭૬૧ |
| સાધ્વીપ્રતિમા | ૭૬૧ |
| રાજાઓ | ૭૬૧ |
| રિજ્જલરાય | ૭૬૧ |
| વીર શૈવધર્મ | ૭૬૧ |
| લિંગાયતમત | ૭૬૧ |
| માંગુજી ઝાલો | ૭૬૨ |
| રાણો દુર્જનશલ્ય | ૭૬૨ |
| ગોડી પાર્શ્વનાથ | ૭૬૩ |
| શંખેશ્વર તીર્થ | ૭૬૩ |
| નીતલદેવી | ૭૬૪ |
| રાજા કેલ્હણદેવ | ૭૬૪ |
| રાજમાતા આલ્હણદેવી | ૭૬૪ |
| રાણી શૃંગારદેવી | ૭૬૪ |
| રાજા પ્રહ્લદન | ૭૬૫ |
| (ઝોડોલી) | ૭૬૫ |
| (ત્રિલોકપ્રાસાદદ્ધાર) | ૭૬૫ |
| (પદ્ય દાનશાસન) | ૭૬૫ |
| મહાકવિ આસડ | ૭૬૬ |
| ગિઝનીમાં જૈનો | ૭૬૬ |
| ૪૩ અંતિમ મંગલ | ૭૬૭ |
| **પુરવણી** | |
| ૧ આટલું વધારજો | |
| આ૦ રાજશેખર (૩૩૮) | ૭૬૯ |
| ભીલડિયા તીર્થ (૨૩૯) | ૭૬૯ |
| મહં૦ અનુપમાદેવી (૩૫૯) | ૭૭૦ |
| પદ્મસિંહ, આ૦ અમૃતચંદ્રસૂરિ (૩૮૯) | ૭૭૦ |
| દીવબેટ (૪૧૫) | ૭૭૦ |
| આ૦ નેમિચંદ્ર, પ્રવચનસારોદ્ધાર (૪૧૭) | ૭૭૦ |
| આ૦ જિનચંદ્ર (૪૮૨) | ૭૭૧ |
| આ૦ ચક્રેશ્વર (૪૯૯) | ૭૭૩ |
| આ૦ ભાવપ્રભ (૫૩૧) | ૭૭૩ |
| ભટ્ટા૦ મુક્તિસાગર | ૭૭૪ |
| શેઠ મોતીશાહ (૫૩૭) | ૭૭૪ |
| આ૦ દેવરત્ન (૫૪૩) | ૭૭૫ |
| આ૦ રત્નપ્રભ (૫૫૩) | ૭૭૬ |
| આ૦ મુનીશ્વર | ૭૭૬ |
| મુનિ જયશેખર (૫૮૮) | ૭૭૬ |
| ઉપા૦ કનકહંસ (૫૮૮) | ૭૭૬ |
| આ૦ સોમપ્રભ (૭૪૬) | ૭૭૬ |
| આ૦ માણિક્યસાગર (૭૫૯) | ૭૭૭ |
| સા૦ જિનસુંદરી (૭૬૦) | ૭૭૮ |
| **૨. પુરવણી** | |
| ૩ સમજૂતી | ૭૭૮ |


★

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# જૈન પરંપરાનો ઇતિહાસ

## ભાગ બીજો

JAINSITE.com
जैन साईट
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

—॥ वन्दे वीरं श्रीचारित्रम् ॥—

# જૈન પરંપરાનો ઇતિહાસ

## [ ભાગ બીજો ]

## પ્રકરણ પાંત્રીશમું

*

## આ૦ ઉદ્દ્યોતનસૂરિ

आसीच्चन्द्रकुलोद्भूतो विख्यातो जगतीतले ।
अक्षमाराजितोऽप्युच्चैः यः क्षमाराजितः सदा ॥ ६ ॥
धर्मोऽथ मूर्तिमानेव सौम्यमूर्तिः शशाङ्कवत् ।
वर्जितश्चाशुभैर्भावै राग-द्वेष-मदादिभिः ॥ ७ ॥
सुनिर्मलगुणैर्नित्यं प्रशान्तैः श्रुतशालिभिः ।
प्रद्युम्न-मानदेवादिसूरिभिः प्रविराजितः ॥ ८ ॥
प्रश्रुतस्य महीपीठे बृहद्गच्छस्य मण्डनम् ।
श्रीमान् विहारुकप्रष्ठः सूरिरुद्द्योतनाभिधः ॥ ९ ॥ ”

(—સં૦ ૧૧૨૯ આ૦ નેમિચંદ્રસૂરિકૃત ‘ઉત્તરજ્ઝયણ–વૃત્તિ’ પ્રશસ્તિ)

परिवाडीए जाओ चंदकुले वड्डगच्छम्मि ॥ १ ॥
सिरिउज्जोयणसूरी उत्तमगुणरयणभूसियसरीरो ।
वेहारुयमुणिसंताण गयणवरपुन्निमाचंदो ॥ २ ॥
सोमत्तणेण सोमं खमं खमाए य जो अभिक्खिवइ ।
थिरयाए मेरुगिरिं गंभीरत्तेण मयरनिहिं ॥ ३ ॥
जम्मि य गच्छे आसी सिरिपज्जुन्नाभिहाणसूरि त्ति ।
सिरिमाणदेवसूरी सुपसिद्धो देवसूरी य ॥ ४ ॥ ”

(—સં૦ ૧૧૩૯ આ૦ નેમિચંદ્રસૂરિકૃત ‘મહાવીરચરિત’ પ્રશસ્તિ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ વિમલચંદ્રસૂરિની પાટે આ૦ ઉદ્દ્યોતનસૂરિ થયા, જે વડ-ગચ્છના પ્રધાન આચાર્ય હતા.

ઇતિહાસનો સાધારણ અભ્યાસી પણ એ ચોક્કસ રીતે માને છે કે, ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ પછી શરૂઆતથી ગણધરવંશ, વાચકવંશ, યુગપ્રધાનવંશ તથા ઉપકેશવંશમાં; વિક્રમની બીજી સદીથી ગણધરવંશના નાગેન્દ્રકુલ, ચંદ્રકુલ, નિર્વૃતિકુલ તથા વિદ્યા-ધરકુલમાં; વિક્રમની છઠ્ઠી સદીથી વનવાસીગચ્છ, વિહારુકગચ્છ, રાજ-ગચ્છ, વટેશ્વરગચ્છ, ચૈત્યવાસી ગચ્છો તથા સંવેગી ગચ્છોમાં અને વિક્રમની બારમી સદીથી વડગચ્છના વાદિદેવાચાર્યગચ્છ, તપાગચ્છ, અંચલગચ્છ તથા ખરતરગચ્છમાં ઘણા પ્રભાવક આચાર્યો થઈ ગયા.

## ચોરાશી ગચ્છો

**ગચ્છવિસ્તાર—**

ભારતના જૈન સંઘને સંગઠિત બની રહેવું ઘણું જરૂરી હતું, આથી ભ૦ પાર્શ્વનાથ અને ભ૦ મહાવીરસ્વામીની પરંપરાના શ્રમણોની મૂળ ચાર શાખા, ઉપશાખા તથા મુનિસંઘો, અમુક અમુક ક્ષેત્રમાં સતત વિહાર કરતા રહેતા અને ધર્મનો પ્રચાર કર્યે જતા હતા. આથી સમય જતાં આ મુનિસંઘો, તેનો પ્રદેશ, મુખ્ય નગર, મુખ્ય મુનિ—નાયક કે નોંધપાત્ર ઘટનાના નામથી પ્રસિદ્ધિ પામ્યા હતા. આવી રીતે ધીમે ધીમે ૮૪ ગચ્છો બન્યા હતા.

ચૈત્યવાસીઓએ જૈન સંઘના આ એકમને ખરી ખબરદારીથી ટકાવી રાખ્યું હતું. વિક્રમની બીજી સહસ્રાબ્દીમાં નીકળેલા ગચ્છોએ આ એકમને તોડી નાખ્યું અને છેવટે વિક્રમની ૧૬મી શતાબ્દીમાં નીકળેલા સ્વચ્છંદી મતપંથોએ તો આ એકમને વિનાશના પંથે મૂકી દીધું.

જેમ જૈન શ્રમણોમાં ૮૪ ગચ્છો થયા તેમ ગૃહસ્થ જૈનોમાં પણ ગામ વગેરેના કારણે ૮૪ જ્ઞાતિઓ બની. જેમ કે—ઓસવાલ, શ્રીમાલ, પોરવાલ, પલ્લીવાલ, ડીસાવાલ, અગ્રવાલ વગેરે પ્રાચીન-કાળમાં ૮૪ જ્ઞાતિઓ જૈન હતી.

જૈન સાઈટ JAINSITE .com

નાગેંદ્ર, ચંદ્ર, નિર્વૃતિ તથા વિદ્યાધરકુલોનો પરિચય અગાઉ આવી ગયો છે.[1]

(જૂઓ પ્રક૦ ૧૪, પૃ૦ ૩૦૪ થી ૩૦૬; પ્રક૦ ૧૫, પૃ૦ ૩૪૧)

તેમાં વિશેષ પરિચય નીચે મુજબ છે—

આ ચારે કુલોમાં સમકાલીન વિભિન્ન ગચ્છો મળી જવાથી આ કુલો ગચ્છ બની ગયા.

**નાગેન્દ્રગચ્છ—**

નાગેંદ્રગચ્છનો પરિચય અગાઉ (પ્રક૦ ૧૪, પૃ૦ ૩૦૫)માં આવી ગયો છે. આ ગચ્છમાં આ૦ સિદ્ધસેન દિવાકરનો ગચ્છ સામેલ થયાનું મનાય છે. (પ્રક૦ ૧૧, પૃ૦ ૨૬૦)

નાગેંદ્રગચ્છનો વધુ ઇતિહાસ નીચે પ્રમાણે મળે છે—

**પાર્શ્વિલ્લગણી—**

“ आसीन्नागकुले लक्ष्मणसूरिर्नितान्तशान्तमतिः ।
तद्गच्छे गुरुतरुयन् नाम्नाऽस्ति शीलरुद्रगणिः ॥ १ ॥
शिष्येण मूलवसतौ जिनत्रयमकार्यत ।
भृगुकच्छे तदीयेन पार्श्विल्लगणिना वरम् ॥ २ ॥
शकसंवत् ९१० ॥ ”

આ૦ લક્ષ્મણસૂરિ પરમ શાંત હતા. તેમના ગચ્છમાં મોટા શીલભદ્રગણી થયા. તેમના શિષ્ય પં૦ પાર્શ્વિલ્લગણિએ શક સં૦ ૯૧૦

૧. આ ચાર ગચ્છો માટે દિગંબર ગ્રંથોમાં જુદા જુદા ઉલ્લેખો મળે છે—

(अ) દિગંબરો પોતાને આ૦ ચંદ્રગુપ્તસૂરિજીની પરંપરાના બતાવે છે—‘ तदीयवंशाकरतः प्रसिद्धादभूददोषा यतिरत्नमाला । ’ (—વિંધ્યગિરિ શિલાલેખ, લેખાંક: ૧૦૮, શ્લો૦ ૧૦)

(आ) ઇંદ્ર, ચંદ્ર અને નાગેંદ્રગચ્છના શ્રમણો (શ્વેતાંબરો) મિથ્યાત્વી છે. (—પં૦ આશાધરકૃત ‘સાગારધર્મામૃત’ પૃ૦ ૫, ષટ્પ્રાભૃત–ટીકા, પૃ૦ ૧૧૮, ૨૩૯, ૨૮૩, ૩૨૩).

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(વિ૦ સં૦ ૧૦૪૬)માં ભરૂચમાં ભગવાન મુનિસુવ્રતસ્વામીના શકુનિકા-વિહાર નામના મોટા દેરાસરમાં ત્રણ પ્રતિમાઓની અંજનશલાકા કરાવી.

ગુજરાતના કડી ગામમાં જૈન વિદ્યાર્થી ભવનના ઘર-દેરાસરમાં ભ૦ પાર્શ્વનાથની પરિકરવાળી ધાતુપ્રતિમા છે તેની ઉપર ઉપર્યુક્ત લેખ છે. (—જૈન સત્યપ્રકાશ, ક્રમાંક : ૧૧૬ )

રાજગચ્છના આ૦ વર્ધમાનસૂરિએ સં૦ ૧૦૫૫માં 'ઉપદેશ-પદ'ની ટીકા રચી અને પં૦ પાર્શ્વિવલ્લગણિની પ્રેરણાથી મુનિ આમ્ર-દેવે એ ટીકાની પ્રતિ લખી. આ મુનિ આમ્રદેવ તે વડગચ્છના આ૦ ઉદ્દ્યોતનસૂરિના શિષ્ય હતા, જેઓ ઉપાધ્યાય આમ્રદેવગણિના નામથી પ્રસિદ્ધ હતા.

ઉપા૦ આમ્રદેવે એ ટીકાની પ્રશસ્તિની પાછળ પુષ્પિકા જોડેલી છે, જેમાં તેમણે પં૦ પાર્શ્વિવલ્લગણિને નમસ્કાર કરીને આ લેખનના પ્રેરક બતાવ્યા છે.

जैन साईट JAINSITE .com

**પં૦ સાંબમુનિ—**

નાગેંદ્રગચ્છના પં૦ સાંબમુનિએ ચંદ્રગચ્છીય મહાકવિ જંબુ મુનિના સં૦ ૧૦૦૫ લગભગમાં રચાયેલા 'જિનશતક'ની સં૦ ૧૦૨૫માં વૃત્તિ રચી.

प्रथमं ज्ञानं शासनम्

## ૧. નાગેંદ્રગચ્છ પટ્ટાવલી

**૧. આ૦ વીરસૂરિ**—આ આચાર્યે મંડલપતિ ચચ્ચિગને સં૦ ૧૦૮૦માં દીક્ષા આપી હતી.[1]

**૨. આ૦ વર્ધમાનસૂરિ**—તેઓ પરમાર ક્ષત્રિય હતા.

**૩. આ૦ રામસૂરિ.**

**૪. આ૦ ચંદ્રસૂરિ**—તેમનો ઉપદેશ અસરકારક મનાતો હતો.

---

૧. આ ચચ્ચિગ સિવાય એક બીજો ચચ્ચિગ નામે ભિન્નમાલનો રાજા હતો, જેણે સં૦ ૧૩૨૬માં સેવાડી પાસે કરેડા ગામમાં ભ૦ પાર્શ્વનાથના જિનાલયમાં દાન કર્યું હતું. (જૂઓ, પ્રક૦ ૩, પૃ૦ ૯૫; પ્રક૦ ૩૫, પૃ૦... જાલોરના સોનગરા ચૌહાણોની રાજાવલી નં૦ ૩૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે ઘણા મનુષ્યોને પ્રતિબોધ કર્યો હતો. તેમણે સં૦ ૧૧૭૨માં 'પંચાશકચૂર્ણિ, સં૦ ૧૧૭૪માં ઇર્યાપથિકીચૂર્ણિ, ચૈત્યવંદનચૂર્ણિ, વંદનચૂર્ણિ, સં૦ ૧૧૭૬માં પિંડવિશુદ્ધિ, સં૦ ૧૧૮૦માં પક્ખીસૂત્ર-વૃત્તિ (ગ્રંથાગ્ર : ૨૭૦૦)' વગેરે ગ્રંથોની રચના કરી. આ આચાર્ય નાગેંદ્રગચ્છના હતા અને એ જ અરસામાં આ૦ શાલિભદ્રના પટ્ટધર આ૦ ચંદ્રસૂરિ નામે રાજગચ્છમાં થયા, જેઓ મહાન ગ્રંથકાર હતા.

(—પ્રક૦ ૧૫, પૃ૦ ૩૪૨; પ્રક૦ ૩૨, પૃ૦ ૫૦૯ પ્ર૦ ૩૫મું)

**૫. આ૦ દેવસૂરિ**—તેઓ પરમ શાંત તરીકે ઓળખાતા હતા.

**૬. આ૦ અભયદેવ**—કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિએ રાજા પાસે તેમની પ્રશંસા કરી હતી.

**૭. આ૦ ધનેશ્વર**—તેઓ અતિરૂપાળા અને મધુરભાષી હતા.

**૮. આ૦ વિજયસિંહસૂરિ**—તેઓ મોટા વિદ્વાન હતા. તેમણે 'સામ્યશતક, સુજનભાવના તથા સં૦ ૧૨૧૫માં પાલીમાં 'જંબૂદ્વીવસમાસ'ની 'વિનેયજનહિતા-વૃત્તિ' રચી હતી તેમ જ કવિવર આસડની 'વિવેકમંજરી'ને શુદ્ધ કરી હતી.

તેમની પાટે બે આચાર્યો થયા. ૧. આ૦ દેવેંદ્રસૂરિ અને ૨. આ૦ વર્ધમાનસૂરિ.

આ૦ દેવેંદ્રસૂરિ આ૦ વિજયસિંહસૂરિના ગુરુભાઈ હતા; પણ તેઓ આ૦ વિજયસિંહસૂરિની પાટે આવ્યા હોય એમ જણાય છે. તેમણે સં૦ ૧૨૬૪માં સોમેશ્વરપુરમાં 'ચંદ્રપ્રભચરિત'ની રચના કરી છે.

**૯. આ૦ વર્ધમાનસૂરિ**—તેમણે ગલ્લકકુલના દંડનાયક આહ્લાદનને ઉપદેશ આપી, તેની પાસે પાટણના નાગેંદ્રગચ્છીય ભ૦ વાસુપૂજ્યસ્વામીના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેમ જ એ જ દંડનાયકની વિનતિથી સં૦ ૧૨૯૯માં પાટણમાં એ જ દેરાસર પાસેના ઉપાશ્રયમાં રહીને 'શ્રીવાસુપૂજ્યચરિત' (સર્ગ : ૪, ગ્રંથાગ્ર : ૫૪૯૪)ની રચના કરી. દંડનાયક આહ્લાદને સંસ્કૃતમાં 'પાર્શ્વનાથ-

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્તોત્ર ’ (શ્લો૦ ૧૦) રચ્યું છે. आह्लादनमन्त्रिपरमप्रमोदः (શ્લો૦ ૧૦, ચરણ ૩) (જૂઓ, પ્રક૦ ૪૧, ‘વાયૂચાનવંશ’ )

**૧૦. આ૦ ઉદયપ્રભસૂરિ.**

## ૨. નાગેંદ્રગચ્છીય પટ્ટાવલી

**૧. આ૦ મહેંદ્રસૂરિ**—તેઓ આ૦ શીલગુણસૂરિ અને આ૦ દેવચંદ્રસૂરિની પરંપરામાં થયા.

**૨. આ૦ શાંતિસૂરિ**—તેઓ સં૦ ૧૧૫૦ લગભગમાં વિદ્યમાન હતા. તેમણે સંભવતઃ ‘ વાસુપૂજ્યચરિત ’ની રચના કરી.

**૩. આ૦ આનંદસૂરિ, આ૦ અમરચંદ્રસૂરિ**—આ બંને આચાર્યોએ બાળપણથી સમર્થ વાદી તરીકે પ્રસિદ્ધિ મેળવી હતી. ગૂર્જરેશ્વર **સિદ્ધરાજ** જયસિંહ તેમને ‘ વ્યાઘ્રશિશુક ’ અને ‘ સિંહશિશુક ’ તરીકે સંબોધતો હતો. આ૦ અમરચંદ્રસૂરિએ ‘ સિદ્ધાંતાર્ણવ ’ ગ્રંથની રચના કરી છે.

**ડૉ૦ સતીશચંદ્ર વિદ્યાભૂષણે** નોંધ્યું છે કે, મહાતાર્કિક **ગંગેશ** ઉપાધ્યાયે પોતાના નવ્ય ન્યાયના ‘ તત્ત્વચિંતામણિ ’ ગ્રંથમાં વ્યાપ્તિનાં બે લક્ષણોનું નામ સિંહ–વ્યાઘ્ર આપ્યું છે, જે ઉપર્યુક્ત આચાર્યોના બિરૂદના આધારે આપેલું જણાય છે.

**૪. આ૦ હરિભદ્રસૂરિ**—તેઓ ‘કલિકાલગૌતમ’ તરીકે ખ્યાતિ પામ્યા હતા. તેમણે ‘તત્ત્વપ્રબોધ’ ગ્રંથ રચ્યો છે. તેમજ સં૦ ૧૨૫૦ માં મંત્રી નીનાના વંશના મંત્રી પૃથ્વીપાલના પુત્ર અને ગૂર્જરેશ્વર કુમારપાલના મહામાત્ય ધનપાલની વિનતિથી ‘ ચંદ્રપ્રભચરિત ’ની રચના કરી છે.

**૫. આ૦ વિજયસેનસૂરિ**—તેઓ પ્રખર વક્તા હતા. તેઓ પંચાસર પાર્શ્વનાથ તીર્થના ઉપાશ્રયમાં ઉપદેશ દેતા હતા. તેમની વાણી અમોઘ મનાતી હતી. ગુજરાતના મહામાત્ય વસ્તુપાલ–તેજપાલ વગેરે તેમના જ શ્રદ્ધાળુ ભક્ત શ્રાવકો હતા. તેમણે બંધાવેલાં ક્રમશ જિનમંદિરોની પ્રતિષ્ઠા આ આચાર્યશ્રીના હાથે થઈ હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે સં૦ ૧૨૮૭માં 'રેવંતગિરિરાસુ'ની અપભ્રંશમાં રચના કરી હતી.

તેમની પાટે બે આચાર્યો થયા. ૧. આ૦ યશોદેવસૂરિ (સં૦ ૧૩૦૨નો લેખ) અને ૨. આ૦ ઉદયપ્રભસૂરિ, જેમનું બીજું નામ ઉદયસેનસૂરિ પણ હતું. (સં૦ ૧૩૦૫નો લેખ)

**૬. આ૦ ઉદયપ્રભસૂરિ**—તેઓ નાની ઉંમરના હતા ત્યારે ધોલેરામાં આવેલા એક માણભટ્ટ આખ્યાનકારની અદ્ભુત આખ્યાનકલાની ખ્યાતિ સાંભળીને આ૦ ઉદયપ્રભને તેની આખ્યાનકલા જોવાની ઇચ્છા થઈ, તેથી મહામાત્ય વસ્તુપાલે તેનું આખ્યાન ૭ મહિના સુધી ઉપાશ્રય પાસે કરાવ્યું. તે સાંભળીને આચાર્યશ્રીએ તેમાંથી ઘણું માર્ગદર્શન મેળવ્યું. તેમણે સં૦ ૧૨૮૭માં 'સંઘપતિચરિત (ગ્રં૦ ૫૨૦૦), આરંભસિદ્ધિ, સુકૃતકીર્તિકલ્લોલિની, નેમિનાથચરિત, ષડશીતિટિપ્પણ, કર્મસ્તવટિપ્પણ અને સં૦ ૧૨૯૯માં 'ઉપદેશમાલા' ઉપર 'ઉપદેશકર્ણિકા' નામે વૃત્તિ રચી છે. ગિરનારતીર્થમાં પ્રશસ્તિ બનાવી છે. તે પૈકી 'સંઘપતિચરિત' અપરનામ 'ધર્માભ્યુદય મહાકાવ્ય' મહામાત્ય વસ્તુપાલે સં૦ ૧૨૯૦ના ચૈત્ર સુદિ ૧૧ના દિવસે ખંભાતમાં લખાવ્યું હતું.

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

આ૦ મલ્લિષેણસૂરિ આ૦ ઉદયપ્રભસૂરનો પરિચય આપે છે કે—

" मातर्भारति ! संनिधेहि हृदि मे येनेयमाप्तस्तुते–
 निर्मातुं विवृतिं प्रसिद्ध्यति जवादारम्भसंभावना ।
यद्वा विस्मृतमोष्ठयोः स्फुरति यत् सारस्वतः शाश्वतो
 मन्त्रः श्रीउदयप्रभेति रचनारम्यो ममाहर्निशम् ॥ ४ ॥
नागेन्द्रगच्छगोविन्दवक्षोऽलङ्कारकौस्तुभाः ।
ते विश्ववन्द्या नन्द्यासुरुदयप्रभसूरयः ॥ ६ ॥ "

**૭. મલ્લિષેણસૂરિ**—આ૦ જિનભદ્રસૂરિ.

આ૦ મલ્લિષેણસૂરિએ શક સં૦ ૧૨૧૪ (સં૦ ૧૩૪૯)માં દિવાળીના દિને શનિવારે 'અન્યયોગવ્યવચ્છેદિકા' ઉપર 'સ્યાદ્વાદમંજરી' નામે ટીકાગ્રંથની રચના કરી, જેમાં તેમના જ ન્યાયશાસ્ત્રના વિદ્યાર્થી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખરતરગચ્છીય **આ૦ જિનપ્રભસૂરિ**એ સહાય કરી હતી. વળી, તેમની 'સજ્જનચિત્તવલ્લભ' નામે પચ્ચીસ શ્લોકની એક રચના પણ ઉપલબ્ધ થાય છે.

**આ૦ જિનભદ્રે** સં૦ ૧૨૯૦માં મહામાત્ય વસ્તુપાલના પુત્ર **જયંતસિંહ**, જે ખંભાતનો સૂબો હતો, તેને માટે 'પ્રબંધાવલી'ની રચના કરી હતી.

## ૩. નાગેંદ્રગચ્છીય પટ્ટાવલી

**૧. આ૦ હેમપ્રભસૂરિ.**

**૨. આ૦ ધર્મઘોષસૂરિ.**

**૩. આ૦ સોમપ્રભસૂરિ.**

**૪. આ૦ વિબુધપ્રભસૂરિ**—તેમણે સં૦ ૧૩૩૪માં સાત સર્ગાત્મક 'શાલિભદ્રચરિત'ની રચના કરી, જેનું આ૦ પ્રદ્યુમ્નસૂરિએ સંશોધન કર્યું અને જેને પં૦ પ્રભાચંદ્રગણિએ લખ્યું હતું.

**૫. આ૦ પદ્મચંદ્રસૂરિ**—તેઓ આચાર્ય થયા તે પહેલાં પં૦ પ્રભાચંદ્રગણિ નામે ઓળખાતા હતા, ત્યારે મુનિ ધર્મકુમારે સં૦ ૧૩૩૪માં રચેલા 'શાલિભદ્રચરિત'ની પ્રતિ તેમણે લખી હતી. તેમનું બીજું નામ આ૦ પ્રભાનંદ પણ મળે છે. સમરા શાહ ઓસવાલે સં૦ ૧૩૭૧માં શત્રુંજય મહાતીર્થનો મોટો ઉદ્ધાર કરાવ્યો ત્યારે તેઓ ત્યાં વિદ્યમાન હતા.

**૬. આ૦ રત્નાકરસૂરિ.**

**૭. આ૦ રત્નપ્રભસૂરિ.**

**૮. આ૦ સિંહદત્તસૂરિ**—શેઠ વીરપાલ શ્રીમાળીના પુત્ર નરસિંહ, તેમના પુત્ર મેલિગે સં૦ ૧૪૫૫ના પોષ વદિ ૧૦ને સોમવારે પાટણમાં 'પાર્શ્વનાથચરિત' લખાવી આ આચાર્યને વહોરાવ્યું હતું. મેલિગની પત્ની મેલાદેવીએ 'કલ્પસૂત્ર'ની પ્રતિ લખાવી હતી.

(જૂઓ, જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર૦ ૪૪)

**આ૦ વિદ્યાસાગરસૂરિ**—સં૦ ૧૩૭૧માં થયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આ૦ ગુણસાગરસૂરિ**—સં૦ ૧૫૨૨ માં વિદ્યમાન હતા. તેમની પાટે **આ૦ ગુણસમુદ્રસૂરિ** સં૦ ૧૫૧૨ માં આવ્યા હતા.

'રાજગચ્છ પટ્ટાવલી'માં નાગેંદ્રગચ્છની પંચાસરમાં પાંચ ગાદી અને લોલાઉત્રાની પાંચથી વધુ ગાદી બતાવી છે, તેમજ આ૦ જીવદેવસૂરિના વાયડગચ્છને નાગેંદ્રગચ્છમાં દાખલ કર્યો છે.

(–વિવિધગચ્છીય પટ્ટાવલીસંગ્રહ, પૃ૦ ૬૧)

**નાગેંદ્રજ્ઞાતિ**—

ઇતિહાસના પરિશીલનથી જણાય છે કે, જૈનોએ પ્રસંગે પ્રસંગે જૈનધર્મમાં માનનારાઓની એકેક સમિતિ બનાવી હતી, જેણે સમય જતાં જ્ઞાતિનું રૂપ લીધું. આ રીતે ઓસવાલ, પોરવાલ, શ્રીમાલ, નાગવંશ, નાગેંદ્રકુલ, સાવયકુલ, હુંબડ વગેરે પ્રાચીન જૈન જ્ઞાતિઓ બની. ઓસવાલ અને પોરવાલોનો પરિચય પહેલાં (પ્રક૦ ૧, પૃ૦ ૧૯ થી ૨૧) આવી ગયો છે.

નાગવંશની ઉત્પત્તિ પહેલાં (પ્રક૦ ૮, પૃ૦ ૧૮૪માં) બતાવી છે કે, આર્ય નંદિલના ઉપદેશથી વિક્રમની બીજી સદીમાં નાગવંશ બન્યો. વળી, બીજી વાત એ પણ છે કે, આ૦ નાગેંદ્રસૂરિથી વીર નિ૦ સં૦ ૬૦૬ માં નાગેંદ્રગચ્છ બન્યો. તેના ઉપાસકો પણ પોતાને નાગેંદ્રજ્ઞાતિના બતાવતા હતા. નાગેંદ્રજ્ઞાતિનો પ્રતિમાલેખ આ પ્રકારે મળે છે—

'સં૦ ૧૪૯૨ના ચૈત્ર વદિ ૧ દોશી વિજયાનંદની પરંપરામાં અનુક્રમે હેમ અને સોમચંદ થયા.' તેઓ નાગેંદ્રજ્ઞાતિના શ્રાવકો હતા. (–આ૦ બુદ્ધિસાગરસૂરિ, લેખસંગ્રહ ભા. ૧, લેખાંક: ૬)

જૈનો ઉપર આફત આવતાં જૈનો હિજરત કરી, પૂર્વ ભારત છોડીને રાજપૂતાનામાં આવીને વસ્યા અને જેઓ ત્યાં રહ્યા તેઓ શૈવધર્મી બની રહ્યા. રાજપૂતાનામાં આવેલા જૈનો શ્વેતાંબર કે દિગંબરમાં ભળી ગયા. આથી એ પણ તારવી શકાય છે કે, વીર નિ૦ સં૦ ૬૦૬ માં નાગેંદ્રગચ્છ બન્યા પછી 'દિગંબરમત' નીકળ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સાવય**—જિનાગમરક્ષક પૂ૦ દેવર્ધિગણિની ગુરુપરંપરામાં આર્ય-હસ્તિસૂરિની પાટે આર્ય **ધર્મ** થયા તે સાવય-શ્રાવક ગોત્રના હતા.
(પ્રક૦ ૧૩, પૃ૦ ૨૯૪)

**સરાક**—ભ૦ પાર્શ્વનાથના શાસનકાળના શ્રાવકોની પરંપરામાં સાવય જ્ઞાતિ હતી. ભ૦ પાર્શ્વનાથના શાસનના મુનિઓ વસ્ત્રધારી હતા. જે શ્રાવકો હિજરત થયા પછી ત્યાં જ ટકી રહ્યા તે આજ સુધી 'સરાક' તરીકે ઓળખાય છે.

**હુંબડ**—આ૦ જિનદત્તસૂરિ હુંબડ હતા. અંચલગચ્છના આ૦ જયસિંહસૂરિ પણ એ જ જ્ઞાતિના હતા.

હુંબડો પ્રાચીન જૈન હતા. તેઓ પૂર્વ ભારતમાંથી હિજરત કરી રાજપૂતાનામાં આવ્યા અને હવે તેઓ મોટે ભાગે શ્વેતાંબર-વડગચ્છ અને દિગંબર-મૂલસંઘના ભટ્ટારકોની ગાદીને માને છે. વડગચ્છ અને હુંબડમાં શબ્દસામ્ય જણાય છે. એટલે બનવાજોગ છે, કે તે વડગચ્છ નીકળ્યા પછીના શ્રાવકો હોય.

જયપુર, ઘાટમાં શેઠ ગુલાબચંદજી મૂથાના ભ૦ પદ્મપ્રભસ્વામીના દેરાસરમાં એક ચતુર્વિંશતિપટ્ટ વિરાજમાન છે. તેમાં લેખ છે કે, 'ગિરિપુર(ડુંગરપુર)ના હુંબડજ્ઞાતિના ઠ૦ પૂનાની પરંપરાના શિવાએ પટ ભરાવ્યો અને વૃદ્ધ તપાગચ્છના આ૦ રત્નસિંહસૂરિના હાથે સં૦ ૧૫૧૬ના અષાડ સુદિ ૩ ને રવિવારે તેની પ્રતિષ્ઠા કરાવી. એટલે હુંબડો વાસ્તવમાં શ્વેતાંબર વડગચ્છ અને તપાગચ્છના શ્રાવકો હતા.

હિરણ્યનગરના શેઠ અંબુકનો વંશજ શેઠ ઇલાક વગેરે પૂર્ણિમા-ગચ્છના ઉપાસક હતા. (—જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર૦ ૯)

**ઠાકોર (ઠ૦)**—સાધારણ રીતે ઓસવાલ, પોરવાલ, શ્રીમાળી વગેરે જૈન જ્ઞાતિઓ સિવાયની હુંબડ, પલ્લીવાલ, મોઢ, ડીસાવાલ, ગૂર્જર, સોરઠિયા વગેરે જ્ઞાતિઓના જૈનો માટે શિલાલેખ અને પ્રતિમા-લેખોમાં 'ઠ૦' શબ્દનો પ્રયોગ કરેલો મળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ચંદ્રકુલ—પૂર્ણતલ્લગચ્છ પટ્ટાવલી

**૧. આ૦ આમ્રદેવ**—તે ચંદ્રકુલના પૂર્ણતલ્લગચ્છના[1] આચાર્ય હતા. તેઓ સતત વિહારી હતા.

**૨. આ૦ દત્તસૂરિ**—તેમની ઘણા રાજાઓએ સેવા કરી હતી.

**૩. આ૦ યશોભદ્રસૂરિ**—વાગડદેશના રત્નપુરમાં યશોભદ્ર નામે રાજા હતો. તે જ્યારે વટપદ્રનગરમાં ગયો ત્યારે આ૦ દત્તસૂરિનો ધર્મોપદેશ સાંભળી જૈન બન્યો, શ્રાવકપણું સ્વીકાર્યું. તેણે ડિંડુઆણામાં ચોવીશ દેરીઓવાળો મોટો જિનપ્રાસાદ બંધાવ્યો. આ૦ દત્તસૂરિ પાસે દીક્ષા લઈ જીવન પર્યંત છ વિગયનો ત્યાગ કર્યો તથા એકાંતરે ઉપવાસ કરવાની પ્રતિજ્ઞા કરી. તેમણે શાસ્ત્રોનો અભ્યાસ કરી, આચાર્યપદ પ્રાપ્ત કર્યું. અંતે વૃદ્ધાવસ્થામાં ગિરનારતીર્થ ઉપર ૧૩ દિવસનું અનશન કરી સ્વર્ગગમન કર્યું. તેઓ રાજર્ષિ હતા. ઘણા રાજાઓ તેમને ગુરુ તરીકે માનતા હતા. તેઓ વિ૦ સં૦ ૯૪૭ માં વિદ્યમાન હતા.

**૪. આ૦ પ્રદ્યુમ્નસૂરિ**—તેઓ સમર્થ વ્યાખ્યાતા હતા. તેમણે 'ઠાણગપગરણ'ની રચના કરી છે.

**૫. આ૦ ગુણસેનસૂરિ**—તેઓ નૈષ્ઠિક બ્રહ્મચારી, ઉત્તમ શીલસંપન્ન, ઇંદ્રિયવિજેતા, સિદ્ધાંતવિશારદ, પ્રવચનભાસ્કર, કરુણાસાગર ચારિત્રરત્નને ઉત્પન્ન કરનાર અને ધર્મરાજ હતા. વાદિવેતાલ આ૦ શાંતિસૂરિ (સ્વ૦ સં૦ ૧૦૯૬)એ તેમની પ્રેરણાથી 'ઉત્તરજ્ઝયણ'-ની 'શિષ્યહિતા ટીકા' રચેલી છે.

**૬. આ૦ દેવચંદ્રસૂરિ**—તેઓ નવાંગીવૃત્તિકાર આ૦ અભયદેવસૂરિના સહોદર હતા અને આ૦ પ્રદ્યુમ્નસૂરિના શિષ્ય હતા. તેઓ તીર્થસમા સૌને પવિત્ર કરનારા અને સ્યાદ્વાદના અજોડ સ્થાપક હતા. તેઓ આ૦ ગુણસેનસૂરિ પાસેથી શાસ્ત્રજ્ઞાન મેળવીને આચાર્યપદ પામ્યા અને તેમની પાટે આવ્યા.

---

૧. પૂર્ણતલ્લગચ્છને કેટલાક નામસાદૃશ્યથી 'પૂનમિયાગચ્છ' પણ કહે છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે સં૦ ૧૧૪૬ના ફાગણ વદિ ૫ ને ગુરુવારે અશ્વિની નક્ષત્રમાં ખંભાતમાં 'મૂલશુદ્ધિ'ની ટીકા, સં૦ ૧૧૪૬ માં 'ઠાણગપગરણ'ની ટીકા, સં૦ ૧૧૬૦ માં 'સંતિનાહચરિયં' (ગ્રં૦ : ૧૨૧૦૦), અપભ્રંશભાષામાં 'સુલસક્ખાણ' (કડવક : ૭) અને 'કાલગજ્જકહા' (ગ્રં૦ ૩૬૦) રચેલાં છે. આ૦ શાલિભદ્રસૂરિએ પાટણમાં તેમની 'મૂલશુદ્ધિ-ટીકા'નું સંશોધન કર્યું હતું.

**૭. આ૦ પ્રદ્યુમ્નસૂરિ, આ૦ હેમચંદ્રસૂરિ**—કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિએ ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહને ઉપદેશ આપી જૈનધર્મનો પ્રેમી બનાવ્યો તેમજ કુમારપાલ રાજાને પ્રતિબોધ કરી પરમાર્હત બનાવ્યો. તેમણે વિવિધ વિષયો ઉપર આકર ગ્રંથો રચ્યા. તેઓ સં૦ ૧૨૨૯માં પાટણમાં સ્વર્ગસ્થ થયા. તેમના શિષ્યો આ૦ રામચંદ્રસૂરિ વગેરેએ પણ ઉત્તમ કોટિના ગ્રંથોની રચના કરી તેમ જ સો પ્રબંધો રચ્યા છે. (જૂઓ, પ્રક૦ ૪૧, પૃ૦.... )

**૮. આ૦ ચંદ્રસેનસૂરિ**—તેઓ આ૦ પ્રદ્યુમ્નસૂરિની પાટે આવ્યા. તેમણે સં૦ ૧૨૦૭માં વ્યાકરણ વિષયક 'ઉત્પાદાદિસિદ્ધિ પ્રકરણ' (શ્લો૦ ૩૨) તેમજ તેના ઉપર સ્વોપજ્ઞ વૃત્તિની રચના કરી છે.

**આ૦ શાંતિસૂરિ**—તેઓ પૂર્ણતલ્લગચ્છીય આ૦ વર્ધમાનસૂરિની પાટ ઉપર આવ્યા. તેમણે 'વૃન્દાવનકાવ્ય, ઘટકર્પરકાવ્ય, શિવભદ્રકાવ્ય અને ચંદ્રદૂતકાવ્ય' એમ ચાર યમક–કાવ્યોની વૃત્તિ, સં૦ ૧૧૭૫થી સં૦ ૧૧૮૦ માં ન્યાયાવતારવાર્તિક, ન્યાયાવતારટીકા, સં૦ ૧૧૮૦ માં 'વિચારકલિકા' તથા 'તિલકમંજરી' વગેરેનાં ટીકા-ટિપ્પણો રચ્યાં છે. (જૂઓ, 'પટ્ટાવલી' ભા૦ ૨, પૃ૦ ૨૨૬)

**માનદેવગચ્છ—**[૧]

**૧૯. આ૦ માનદેવસૂરિ**—તેઓ ચંદ્રકુલના વનવાસીગચ્છના

---

૧. **શ્રી માનદેવવંશ**—ઓસવાલજ્ઞાતિમાં પણ શેઠ વીરદેવના પુત્ર માનદેવથી માનદેવવંશ નીકળ્યો હતો, જેના વંશજોએ ખરતરગચ્છના આચાર્યોના ઉપદેશથી ઘણાં ધર્મકાર્યો કર્યાં હતાં.

(—જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૯૫)

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્ય હતા. (–રાજગચ્છ પટ્ટાવલી)

તેમણે શાકંભરી જઈ 'શાંતિસ્તવ' રચીને મરકી શાંત કરી હતી.
(વધુ પરિચય માટે જૂઓ, પ્રક૦ ૧૯, પૃ૦ ૩૫૯ થી ૩૬૧)

**૨૦. આ૦ માનતુંગસૂરિ**—પટ્ટાવલીકારો તેમને ૧૯મા આ૦ માનદેવસૂરિના પટ્ટધર બતાવે છે, (પ્રક૦ ૨૦, પૃ૦ ૩૬૨) પણ અમે બાણ, મયૂર તેમજ રાજા વૃદ્ધ ભોજના કાળની અપેક્ષાએ ૨૭મા આચાર્યની પરંપરામાં ૨૯મા આ૦ જયાનંદસૂરિના સમયમાં મૂકયા છે. (પ્રક૦ ૨૯, પૃ૦ ૪૬૦ થી ૪૬૩)

તેમની પરંપરામાં સં૦ ૧૨૯૨માં ૨૬મા આ૦ પદ્મદેવસૂરિ થયા હતા. આ૦ માનતુંગસૂરિને આ૦ જયાનંદસૂરિના સમયમાં મૂકવાથી આ મેળ મળી રહે છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**૨૧. આ૦ બુદ્ધિસાગરસૂરિ.**

**૨૨. આ૦ પ્રદ્યુમ્નસૂરિ**—તેમના શ્રમણી-સમુદાયમાં સાધ્વી પ્રભાવતીશ્રી મહત્તરા, સા૦ જગશ્રી મહત્તરા, સા૦ ઉદયશ્રી મહત્તરા, સા૦ ચારિત્રશ્રી મહત્તરા વગેરે હતાં. આચાર્યશ્રીએ શેઠ ગણિયાક ધાકડની પત્ની ગુણશ્રીની પુત્રીને દીક્ષા આપી, સા૦ પ્રભાવતી મહત્તરાની શિષ્યા બનાવી, તેનું નામ **સા૦ નિર્મલમતિશ્રી** આપ્યું હતું.

**૨૩. આ૦ દેવચંદ્રસૂરિ**—તેમણે પોતાના બે શિષ્યોને આચાર્યપદ આપીને પોતાની પાટે સ્થાપ્યા હતા. ૧. આ૦ માનદેવસૂરિ અને ૨. આ૦ પૂર્ણચંદ્રસૂરિ.

**૨૪. આ૦ માનદેવસૂરિ**—તેઓ આ૦ દેવચંદ્રના મુખ્ય પટ્ટધર હતા. તેઓ સિદ્ધાંતના પારગામી અને વિદ્વાનોમાં માન્ય હતા, એટલું જ નહીં, પણ તેઓ શુદ્ધ બ્રહ્મચારી, મોટા ઇંદ્રિયવિજેતા અને સંતોષી હતા. તેમના ગુરુભાઈ આ૦ પૂર્ણચંદ્રસૂરિ સમર્થ વાદી અને અમોઘ દેશના આપવાની શક્તિવાળા હતા.

**૨૫. આ૦ માનતુંગસૂરિ**—તેઓ અત્યંત વૈરાગી હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૨૬. આ૦ પદ્મદેવસૂરિ**—સાધ્વી **નિર્મલમતિ ગણિનીએ** સં૦ ૧૨૯૨ના કાર્તિક સુદિ ૮ને રવિવારે ધનિષ્ઠા નક્ષત્રમાં આ૦ હેમચંદ્રસૂરિના સટીક ‘ યોગશાસ્ત્ર ’ના બે પ્રકાશની પ્રતિઓ લખી આ૦ પદ્મદેવસૂરિને આપી હતી. (જૂઓ, જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પૃ. ૨૫)

**ચંદ્રગચ્છ—**

રાજગચ્છ, વડગચ્છની સંવેગીશાખા, થારાપદ્રગચ્છની સંવિજ્ઞ-વિહારીશાખા, પૂર્ણિમામત, માનદેવવંશ તેમજ સરવાલગચ્છ મોટે ભાગે પોતાને સીધા ચંદ્રગચ્છના બતાવે છે. આથી કેટલાએક આચાર્યોનો ગચ્છ તારવવામાં ગૂંચ પડી જાય છે. સાવચેતીથી તપાસ કરીએ તો જ સાચી હકીકત જાણવા મળે.

**સરવાલગચ્છ** (સં૦ ૧૧૬૦)—

સરવાલગચ્છનું ઉત્પત્તિ સ્થાન શ્રીમાલપુર કે સરવાલનગર હતું. શ્રીમાલપુરનું બીજું નામ ભિન્નમાલ પણ છે. સરવાલનગર અજમેર પાસે નસીરાબાદથી કેકડી જતાં મોટર રસ્તે સડક ઉપર આશરે ૧૫ માઈલ દૂર આવેલું આજે એક નાના ગામ સરવાલરૂપે વિદ્યમાન છે, જે પહેલાં મોટું નગર હતું.

અહીં આજે જૈન વસતિ છે, જૈન દેરાસર તેમજ જૈન યતિની ગાદી વગેરે છે. આ નગરના નામ પરથી ‘સરવાલગચ્છ’ નીકળ્યો.

આ સરવાલ અને કેકડીના જૈનોના પૂર્વજો પહેલાં સરવાલ-ગચ્છના હતા. આજે તેઓ તપાગચ્છમાં દાખલ થયેલા છે. સરવાલ-ગચ્છની પરંપરા નીચે પ્રમાણે મળે છે—

**આ૦ જિનેશ્વરાચાર્ય**—સં૦ ૧૧૭૩ના ફાગણ વદિ ૪ના રોજ સરવાલમાં રહેતા ગચ્છપ્રતિપાલક આ૦ જિનેશ્વરાચાર્યે વર્ધમાન-પુરમાં શ્રીશાંતિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

(—જૈનતીર્થસર્વસંગ્રહ ભા૦ ૧, ખંડ ૧, પૃ૦ ૯૬)

**વાચનાચાર્ય સમુદ્રઘોષસૂરિ**—તેઓ શ્વેતાંબરીય ચંદ્રગચ્છના વસતિવિહારી સરવાલગચ્છના વાચનાચાર્ય હતા. તેઓ સમુદ્રની જેવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગંભીરભાષી હતા અને સકલવસતિતિલક વાચનાચાર્ય હતા. તેમના ચાર શિષ્યો પ્રસિદ્ધ હતા, જે દેવોને પણ વંદનીય મનાતા હતા.

**૧. વાચનાચાર્ય મહેન્દ્રસૂરિ**—તેઓ સકલ આગમના પાર ગામી હતા અને સર્વદા ઉપદેશ દેવામાં તત્પર રહેતા હતા.

**૨. ઉપાધ્યાય દેવચંદ્રગણિ**—તેઓ મુખ્યતઃ વિચારશીલ ઔચિત્યના જાણકાર, માગનારાઓની ઇચ્છા પૂર્ણ કરનારા અને વિવિધતાના ભંડાર હતા.

**૩. દેવચંદ્રગણિ**—તેઓ ક્રિયાપ્રેમી અને સરળ હતા તેમજ દશવિધ યતિધર્મ પાળવામાં શૂરા હતા.

**૪. વા૦ વીરગણિ**—લાટ દેશમાં [1]કર્કરોહિણિકા (કક્કરરોહિડા)

---

**૧.** રોહિણિકા તે રોહિડા નગર. આ૦ મુનિસુંદરસૂરિએ રોહિણિકાનો ઉપદ્રવ નિવાર્યો હતો.

૨. કર્ક તે રોહિડા પાસે કકંરા નામે મોટું ગામ હતું. આ૦ સોમસુંદરસૂરિના શિષ્ય પં૦ વિવેકસમુદ્રના શિષ્ય પં૦ અમરચંદ્રે સં૦ ૧૫૧૮ ના ફાગણ સુદિ ૧૧ને બુધવારે કકંરા મહાગ્રામમાં 'ઉપદેશમાલા'ની અવચૂરિ લખી હતી. (–મુનિ ચતુરવિજયજી, જૈન સ્તોત્રસંદોહ ભા૦ ૨, પૃ૦ ૯૩)

કકંરાવાસી વ્ય૦ શેઠ વિજે શાહની પુત્રી અને શેઠ દેદાની બીજી પત્ની લંબિકાએ તપાગચ્છના આ૦ સોમસુંદરસૂરિના ઉપદેશથી સં૦ ૧૪૭૦ના અષાડ વદિ ૧૩ ના દિવસે 'શબ્દાનુશાસન' લખાવ્યું. (–જૈનપુસ્તકપ્રશસ્તિ-સંગ્રહ, પ્ર૦ ૯૮) આજે આ ગામનું નામ કાલીકાંકર છે.

કકંરા ગામ પાસેના બેણુપમાં નાઢા શ્રાવિકા રહેતી હતી, જેણે અંચલગચ્છની સ્થાપનામાં મોટી મદદ કરી હતી.

**૩. વટપદ્ર** (વાટેડા)—लिखितं श्रीवटपद्रनगरे श्रीसोमसुन्दरसूरिशिष्य-श्रीविशालराजसूरि–तच्छिष्याणु पं० मेरुरत्नगणि–तच्छिष्याणुसंयममूर्तिगणिना।

(—જૂઓ, જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ : ૫૦, ૫૧)

**વાટેડા**—આ ગામ રોહિડાથી નૈઋર્ત્યખૂણામાં છે. અહીં શ્વેતાંબર શ્રાવકોનાં સાત ઘરો છે. ભ૦ શાંતિનાથનું શિખરબંધી મોટું જિનાલય છે. અહીં સં૦ ૧૧૭૧ ના જેઠ સુદિ ૪ ના દિવસે ભ૦ મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા થયાનો લેખ છે.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

અથવા કાંકરોલી પાસે વટપદ્ર (બડોદ કે બાટેડા) ગામ છે ત્યાં ભિન્નમાલપુરથી આવીને ધર્કટગોત્રીય શેઠ **વર્ધમાન** અને તેમની પત્ની **શમી** વસ્યાં હતાં. તેમને **વસંત** નામે પુત્ર થયો. તેણે આ૦ સમુદ્રઘોષસૂરિ પાસે દીક્ષા લીધી અને વાચનાચાર્ય **વીરગણિ** નામે ખ્યાતિ પામ્યા. આ વીરગણિએ સં૦ ૧૧૬૦ માં વટપદ્રમાં આ૦ હરિભદ્રસૂરિની 'પિંડનિર્યુક્તિ' (ગાથા : ૭૬૧) ઉપર પોતે જ રચેલી તથા અધૂરી મૂકેલી ટીકાને વીરાચાર્યે પૂરી કરી હતી. તેના જ આધારે તેમણે 'પિંડનિર્યુક્તિ' પર બીજી 'શિષ્યહિતા' નામની ટીકા (ગ્રં૦ ૭૬૭૧) રચેલી છે. આ સમયમાં આ૦ મહેન્દ્રસૂરિ વગેરેએ પં૦ વીરગણિને યોગ્ય આહાર-પાણી વગેરે જાણી લઈને તેમની સેવાભક્તિ કરી હતી. પાટણમાં વડગચ્છીય **આ૦ નેમિચંદ્રસૂરિ** અને ચંદ્રગચ્છીય સકલાગમરહસ્યવેદી ચૈત્યવાસી **આ૦ જિનદત્તસૂરિએ** આ ટીકાનું સંશોધન કર્યું હતું.

**ચંદ્રકુલ–રાજગચ્છ**—એ ચંદ્રકુલગચ્છનું બીજું નામ 'રાજગચ્છ' પણ છે. તેની પટ્ટાવલી ભા૦ ૧, પ્રક૦ ૩૨, પૃ૦ ૫૦૧ થી ૫૧૮ માં આપી છે, તેની વિશેષ હકીકત નીચે પ્રમાણે છે—

## ૧. રાજગચ્છ પટ્ટાવલી

૧. **આ૦ નન્નસૂરિ**—તેઓ તલવાડના રાજા હતા.[1] એક વાર તેમણે એક ગર્ભવતી હરિણીનો શિકાર કર્યો. તે હરણીના તડફડતા ગર્ભને જોઈને તેમને દયા આવી, ભારે પશ્ચાત્તાપ થયો અને વૈરાગ્યભાવ જાગૃત થયો. ગુરુની શોધ કરતાં વનવાસીગચ્છના આચાર્ય પાસે જઈને દીક્ષા લીધી. શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કરી આચાર્યપદવી મેળવી, તેમની પરંપરા 'રાજગચ્છ' નામે ખ્યાતિ પામી. આ પરંપરામાં મોટા વિદ્વાન આચાર્યો થઈ ગયા. પહેલા સાત આચાર્યો સમર્થ વાદી

૧. તલવાડા તથા તહનગઢ માટે જૂઓ ભા૦ ૧, પ્રક૦ ૩૪, પૃ૦ ૫૯૦, ૫૯૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા, જેઓ ચંદ્રગચ્છમાં જૈનશાસનના સપ્તર્ષિ મનાય છે.

**૨. આ૦ અજિત યશોદેવસૂરિ**—અજિત એ તેમના વાદ સામર્થ્યને બતાવનારું વિશેષણ છે. ('જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ' પ્ર૦ ૨૮માં) તેમનું બીજું નામ વાદિસૂરિ પણ જણાવેલું છે.

**૩. આ૦ સહદેવસૂરિ**—તેમનું બીજું નામ સર્વદેવસૂરિ હતું. (જૂઓ, જૈન પુ૦ પ્ર૦ સં૦, પ્ર૦ ૨૮)

**૪. આ૦ પ્રદ્યુમ્નસૂરિ**—તેમની બુદ્ધિ તીવ્ર હતી. તેમણે બાળપણમાં જ વેદ, પુરાણ અને દર્શનગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. તેમણે સમકાલીન વિવિધ ધર્મોની ચર્ચા-પરિપાટીનો અનુભવ કર્યો અને અંતે જૈનધર્મથી આત્મકલ્યાણ છે એવી ખાતરી કરી જૈની દીક્ષા સ્વીકારી. તેઓ સમર્થ વિદ્વાન અને પ્રકાંડ વાદી હતા. તેમણે સપાદલક્ષ (સવાલક), ગ્વાલિયર, ત્રિભુવનગિરિ વગેરેની રાજસભાઓમાં ૮૪ વાદોમાં જીત મેળવી હતી અને તે તે રાજાઓને જૈન બનાવ્યા હતા. તેમણે ચિત્તોડના તલવાડોમાં અલ્લટરાજની સભામાં દિગંબરાચાર્યને જીતી લઈ પોતાનો શિષ્ય બનાવ્યો હતો. તેની યાદગીરીમાં ચિત્તોડના કિલ્લામાં વિજયસ્તંભ ઊભો કરવામાં આવ્યો હતો, જે આજે પણ ત્યાં ઊભો રહીને વિજેતા આચાર્યદેવની યશોગાથા ગાઈ રહ્યો છે. રાજા અલ્લટરાજ આચાર્યશ્રીનો ઉપાસક હતો અને જૈન બન્યો હતો. (જૂઓ, પ્ર૦ ૩૪, પૃ૦ ૫૮૯)

**૫. આ૦ અભયદેવસૂરિ**—તેઓ અસલમાં રાજકુમાર હતા. તેમણે દીક્ષા લઈ, જ્ઞાન સંપાદન કર્યું અને જૈનાચાર્ય થયા. લોકો તેમને રાજર્ષિ તરીકે ઓળખતા હતા. તેઓ જ્ઞાન, ચારિત્ર અને તપોબલથી એવા પ્રાભાવિક હતા કે, તેમનું ચરણ પખાળેલું પાણી છાંટવાથી અસાધ્ય રોગો પણ શમી જતા હતા. તેઓ મહાવિદ્વાન અને અજોડ વાદી હતા. તેઓ તર્કપંચાનન અભયદેવસૂરિ તરીકે વિશેષ વિખ્યાત હતા. તેઓ ખરેખર, અભય એટલે ભયથી રહિત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતા અને રાજગચ્છના સાત વાદીઓ પૈકી પાંચમા વાદી હતા. તેમણે ૮૪ વાદોને જીત્યા હતા.

તેમણે આ૦ સિદ્ધસેન દિવાકરે રચેલા 'સન્મતિતર્ક' (ગાથા: ૧૬૭) ઉપર ટીકા (ગ્રં૦: ૨૫૦૦૦) રચી વિદ્વત્તાનો કીર્તિસ્તંભ ઊભો કર્યો છે. આ ટીકાની રચનાશૈલી એવી મૌલિક અને પ્રૌઢ છે કે, જે એક સ્વતંત્ર ગ્રંથ જેવી લાગે છે. તેનું બીજું નામ 'વાદમહાર્ણવ' રાખવામાં આવ્યું છે. આ ગ્રંથની ભાષા મનોરમ છે, વાદગ્રંથોમાં ભાત પાડે એવી એની વાદપદ્ધતિ છે. તેમાં જુદા જુદા વાદીઓ પોતપોતાનો પક્ષ રજૂ કરે છે, આખરે તે દરેક પક્ષોની સ્યાદ્વાદ દૃષ્ટિએ બંને બાજુઓને રજૂ કરી સત્યનું નિદર્શન કરાવ્યું છે. આમાં તુલનાત્મક દૃષ્ટિએ ઘણું ઘણું જાણવાને મળે છે. જૈન-જૈનેતર દર્શનોની સેંકડો દાર્શનિક વિચારધારાઓ જાણવા-જોવા મળે છે. થારાપદ્રગચ્છના વાદિવેતાલ આ૦ શાંતિસૂરિ (સ્વ૦ સં૦ ૧૦૯૬) આ અભયદેવસૂરિના દર્શનશાસ્ત્રના વિદ્યાર્થી હતા.

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**૬. આ૦ ધનેશ્વરસૂરિ—**

श्रीजैनशासननभस्तलतिग्मरश्मिः
श्रीसद्मचान्द्रकुलपद्मविकाशकारी ।
स्वज्योतिरावृतदिगम्बरडम्बरोऽभूत्
श्रीमान् धनेश्वरगुरुः प्रथितः पृथिव्याम् ॥

આ૦ પ્રભાચંદ્રના જણાવવા મુજબ, તેઓ ત્રિભુવનગિરિના કર્દમ નામે રાજા હતા. પટ્ટાવલીના ઉલ્લેખ પ્રમાણે કનોજના રાજા **કર્દમ-રાજના ધન** નામે રાજકુમાર હતા. તેના શરીરમાં **ઝેરી** ફોલ્લા ઊઠી આવ્યા. ત્યારે ઘણા ઘણા ઉપાયો કરવા છતાં તે શમ્યા નહીં. આખરે તેણે રાજર્ષિ આ૦ અભયદેવસૂરિના ચરણો ધોઈને તેનું પ્રક્ષાલન જલ શરીરે છાંટ્યું ત્યારે તેનો રોગ શમ્યો. આવો પ્રભાવ જોઈ તેને વૈરાગ્ય થઈ આવતાં પિતાની મનાઈ હોવા છતાં તેણે આચાર્યશ્રી પાસે દીક્ષા લીધી. આચાર્યશ્રીએ તેમને શાસ્ત્રજ્ઞાન આપી, આચાર્ય

બનાવી, **આ૦ ધનેશ્વરસૂરિ** નામ આપી, પોતાની પાટે સ્થાપન કર્યા. આ૦ ધનેશ્વર મહાન પ્રભાવક હતા. તેમણે ધારાનગરીમાં **રાજા મુંજની** (સં૦ ૧૦૩૧ થી ૧૦૫૨) રાજસભામાં શાસ્ત્રાર્થ કરી વિજય મેળવ્યો ત્યારથી રાજા મુંજ તેમને પોતાના ગુરુ તરીકે માનતો હતો. બીજા સમકાલીન રાજાઓ પણ તેમને ખૂબ માનતા હતા. તેમણે પોતાના ૧૮ શિષ્યોને આચાર્ય બનાવ્યા, જેમનાથી ૧૮ શાખાઓ નીકળી, જેમાં અષ્ટાપદગચ્છ, **ચૈત્રવાલ**ગચ્છ,[1] ધર્મઘોષગચ્છ એ મુખ્ય શાખાઓ હતી. પરંપરાનો વિચાર કરીએ તો તપાગચ્છ-વડી પોષાળ અને લોંકાગચ્છ એ એક રીતે તેની જ શાખાઓ છે.

આચાર્યશ્રીએ ચિત્તોડમાં ૧૮૦૦૦ બ્રાહ્મણોને ઉપદેશ આપી જૈન બનાવ્યા. તેમણે અહીં ભગવાન મહાવીરસ્વામીનું દેરાસર બંધાવ્યું. અહીંની શાખા ચૈત્રવાલગચ્છ તરીકે જાહેર થઈ. આ પરંપરામાં આ૦ ભુવનચંદ્રસૂરિ, ઉપા૦ દેવભદ્રગણિ વગેરે સં૦ ૧૨૮૫માં થયા અને આ શાખા તપગચ્છમાં ભળી ગઈ. આ૦ ધનેશ્વરસૂરિથી રાજગચ્છ પ્રસિદ્ધિમાં આવ્યો.

**૭. આ૦ અજિતદેવસૂરિ**—તેમનું બીજું નામ આ૦ અજિતસિંહસૂરિ પણ હતું. તેઓ મહાસંયમી ઇંદ્રિયવિજેતા હતા. તેમણે 'અર્હં મર્હં' મંત્રગર્ભિત 'પાર્શ્વનાથસ્તોત્ર' બનાવ્યું છે.

**૮. આ૦ વર્ધમાનસૂરિ**—તેઓ પોતાના સમયમાં ભૂમંડલમાં ઘણી ખ્યાતિ પામ્યા હતા. તેમણે સં૦ ૧૦૫૦ લગભગમાં આ૦ વીરમિશ્રગણિને પાટણમાં આચાર્યપદ આપ્યું હતું, જેઓ યુગપ્રધાન જ્યેષ્ઠાંગગણિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા.

(જૂઓ, પ્રક૦ ૩૪, પૃ૦ ૫૮૬)

---

૧ श्रीमच्चैत्रपुरैकमण्डनमहावीरप्रतिष्ठाकृत-
स्तस्माच्चैत्रपुरप्रबोधतरणेः श्री**चैत्रगच्छो**ऽजनि ।
तत्र श्रीभुवनेन्द्रसूरिसुगुरुर्भूभूषणं भासुर-
ज्योतिः सद्गुणरत्नरोहणगिरिः कालक्रमेणाभवत् ॥
( જૂઓ પ્ર. ૪૪, પટ્ટાંક-૪૫ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ વર્ધમાનસૂરિએ શ્રીધર્મદાસગણિની ‘ઉપદેશમાલા’ની મોટી ટીકા, સં૦ ૧૦૫૫માં ખંભાતમાં, ‘ઉપદેશપદ’ની ટીકા તથા ‘ઉપમિતિભવપ્રપંચાનામ સમુચ્ચય’ આદિ ગ્રંથોની રચના કરી છે.

વડગચ્છના ઉપા૦ આમ્રદેવગણિએ નાગેંદ્રગચ્છના પં૦ પાર્શ્વિલ્લગણિની પ્રેરણાથી ‘ઉપદેશપદ’ની ટીકાની પહેલી પ્રતિ લખી, તેની પુષ્પિકામાં તેઓ જણાવે છે કે—‘આ૦ વર્ધમાનસૂરિ પ્રશંસાવિમુખ હતા અને મહાવ્રતી હતા. તેમના દિલમાં જિનાગમની ભાવના ઠાંસી ઠાંસીને ભરેલી હતી. તેમણે પોતાના કર્મક્ષય નિમિત્તે આ ટીકા રચી છે.
(જૂઓ, જૈનસત્યપ્રકાશ, ક્ર૦ ૧૧૬)

આ૦ પ્રભાચંદ્રસૂરિ જણાવે છે કે, આ૦ વર્ધમાનસૂરિ જૈનદર્શન અને જૈનસંઘના આધારસ્તંભ હતા, લોકોમાં વ્યાપેલાં કુવ્યસનોને દૂર કરનારા હતા. (જૂઓ, પ્રભાવકચરિત-પ્રશસ્તિ)

આ૦ વર્ધમાનસૂરિ ઉપર્યુક્ત પ્રશંસાને લાયક હતા એ તેમના ગ્રંથોમાંથી પણ તરી આવે છે.

વળી, એ પણ ચોક્કસ વાત લાગે છે કે, તે સમયે રાજગચ્છ, નાગેંદ્રગચ્છ, થારાપદ્રગચ્છ, પૂર્ણતલ્લગચ્છ, માનદેવગચ્છ અને વડગચ્છમાં પરસ્પર ઘણો સ્નેહભાવ પ્રવર્તતો હતો.

સંભવ છે કે, તેઓ સં૦ ૧૧૦૦ લગભગમાં સ્વર્ગે સંચર્યા હશે.

આ આચાર્યની પાટે આ૦ શાલિભદ્ર, આ૦ દેવેંદ્ર વગેરે પટ્ટધરો થઈ ગયા, તે પછીની પટ્ટાવલીમાં કંઈક જટિલતા છે.

(૧) આ૦ દેવભદ્ર સં૦ ૧૨૪૨માં લખે છે તે મુજબ—૮. **આ૦ વર્ધમાન**, ૯. **આ૦ દેવચંદ્ર**, ૧૦. **આ૦ ચંદ્રપ્રભ**, ૧૧. **આ૦ ભદ્રેશ્વર** થયા. (જૂઓ, સિજ્જંસચરિયં)

(૨) આ૦ જયસિંહસૂરિ સં૦ ૧૨૧૫માં જણાવે છે તે મુજબ—૮. **આ૦ વર્ધમાન**, ૯. **આ૦ ચંદ્રપ્રભ**, ૧૦. **આ૦ ભદ્રેશ્વર** થયા. (જૂઓ, જંબૂદ્વીવસમાસની વૃત્તિ-વિનેયજનહિતા)

(૩) આ૦ બાલચંદ્રસૂરિ સં૦ ૧૨૯૮માં જણાવે છે તે મુજબ—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૯. **આ૦ દેવેંદ્ર**, ૧૦. **આ૦ ભદ્રેશ્વર** થયા. આ૦ દેવેન્દ્રે જ આ૦ ભદ્રેશ્વરને પોતાની પાટે સ્થાપ્યા હતા. (જૂઓ, વસંતવિલાસ કાવ્ય)

(૪) આ૦ પ્રદ્યુમ્નસૂરિ સં૦ ૧૩૩૪માં જણાવે છે તે મુજબ—
૯. **આ૦ શાલિભદ્ર**, ૧૦. **આ૦ ચંદ્રપ્રભ** તથા **આ૦ ધનેશ્વર**.
૯. **આ૦ દેવચંદ્ર**, ૧૦. **આ૦ ભદ્રેશ્વર** થયા.

(જૂઓ, સમરાદિત્યસંક્ષેપ)

(૫) આ૦ પ્રભાચંદ્ર સં૦ ૧૩૩૪માં જણાવે છે તે મુજબ—
૯. **આ૦ શીલભદ્ર**, ૧૦. **આ૦ શ્રીચંદ્ર** વગેરે ચાર. ૧૧. **આ૦ જિનેશ્વર**, ૧૨. **આ૦ જિનદત્ત** થયા. (જૂઓ, પ્રભાવકચરિત)

આ રીતે રાજગચ્છના આચાર્યોએ રચેલા ગ્રંથોની પ્રશસ્તિઓમાં મોટો ક્રમભેદ મળે છે. એ દરેકનો સમન્વય કરીએ તો એટલું જ તારવી શકાય કે—

એ સમયે જૈન શ્રમણસંઘમાં એવો નિયમ હતો કે, કોઈ આચાર્ય કાલધર્મ પામે તો તેમની પાટે સ્વગોત્રીય યોગ્ય મુનિને આચાર્ય બનાવી પાટે બેસાડવામાં આવતા હતા. સંભવ છે કે, આ૦ શીલભદ્રસૂરિએ આવા વિલક્ષણ સંયોગમાં આ૦ દેવેન્દ્રની પાટે આ૦ ધનેશ્વરના શિષ્યને આ૦ ચંદ્રસૂરિના નામથી તથા આ૦ દેવેંદ્રસૂરિના જ શિષ્યને આ૦ ભદ્રેશ્વર તરીકે સ્થાપ્યા હશે. આ૦ ચંદ્ર એટલે આ૦ ચંદ્રપ્રભ બંને સમુદાયોમાં પ્રધાન હતા. આ૦ ભદ્રેશ્વર પણ તેમની આજ્ઞામાં રહેતા હતા. તેથી આ૦ ભદ્રેશ્વર આ૦ ચંદ્રપ્રભની પાટે મનાતા હશે. તેમજ આ૦ ચંદ્ર આ૦ શીલભદ્રસૂરિના પટ્ટધર અને આ૦ ભદ્રેશ્વર આ૦ દેવેન્દ્રસૂરિના પટ્ટધર પણ મનાતા હશે. સમુદાયમાં એકતા હોય ત્યારે આવો ક્રમભેદ ચાલ્યા જ કરે.

અમે અહીં આ૦ દેવભદ્રે બતાવેલ પટ્ટાનુક્રમથી પટ્ટાવલી આપી છે.

૯. **આ૦ શીલભદ્રસૂરિ**—તેમનું બીજું નામ **આ૦ શાલિભદ્ર** હોવાનું પણ જણાય છે. તેમણે ૧૨ વર્ષની નાની વયમાં દીક્ષા લીધી હતી અને દીક્ષાના દિવસથી જિંદગીપર્યંત છ વિગય—આહારનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાગ કર્યો હતો. તેઓ અમોઘ ઉપદેશક હતા. તેમનો ઉપદેશ ક્યાંય નિષ્ફળ ગયો નહોતો. યુગપ્રધાન આ૦ ફલ્ગુમિત્ર તે આ જ સૂરિ હોવાનો સંભવ છે; જેમનો યુગપ્રધાનકાળ સં૦ ૧૦૬૧થી ૧૧૧૦ છે.

તેમની પાટે ૧. આ૦ ધનેશ્વરસૂરિ, ૨. આ૦ ચંદ્રસૂરિ, ૩. આ૦ ભરતેશ્વરસૂરિ, ૪. આ૦ ધર્મઘોષસૂરિ અને ૫. આ૦ સર્વદેવસૂરિ—એમ પાંચ આચાર્યો થયા; જેઓ સર્વ રાજપૂજિત હતા—રાજમાન્ય હતા. આ૦ શીલભદ્રસૂરિના બીજા શિષ્યો પણ આ પાંચ આચાર્યોની પાટે આવ્યા હતા.

**૧૦. આ૦ ધનેશ્વરસૂરિ**—તેઓ આ૦ શીલભદ્રસૂરિના શિષ્ય હતા. આચાર્ય બન્યા હતા પણ કદાચ અલ્પજીવી હશે તેથી તેમનો વિશેષ પરિચય મળતો નથી. આ૦ પ્રભાચંદ્રસૂરિ પણ આ૦ શીલભદ્રસૂરિની પાટે ચાર આચાર્યો થયાનું લખે છે. તેમાં આ૦ ધનેશ્વરસૂરિનું નામ આપતા નથી. એક નોંધવા યોગ્ય હકીકત એ છે કે, તેમના શિષ્ય પં૦ પાર્શ્વદેવને સૂરિપદ આપવામાં આવ્યું ત્યારે તેમનું નામ આ૦ ચંદ્રસૂરિ રાખવામાં આવ્યું અને તેઓ આ૦ શીલભદ્રસૂરિ કે આ૦ દેવેન્દ્રસૂરિની પાટે આવ્યા. તેઓ દીર્ઘજીવી હતા, તેમનો પ્રતાપ તપતો હતો તેથી લેખકો આ૦ ધનેશ્વરનું નામ ન દેતાં સીધું આ૦ ચંદ્રસૂરિનું જ નામ આપે છે; પરંતુ એ હકીકત છે કે, આ૦ ધનેશ્વરસૂરિની પટ્ટપરંપરા આગળ વધી છે તેથી જ ઇતિહાસમાં તેમના નામનું સૂચન મળે છે.[૧]

**૧૧. આ૦ શાંતિસૂરિ.**

**૧૨. આ૦ દેવભદ્રસૂરિ.**[૨]

---

૧. શેઠ સોમચંદ્ર શ્રીમાલની પુત્રી મોખલદેવીએ પોતાના પિતાના શ્રેય માટે આ૦ હેમચંદ્રસૂરિએ રચેલા 'શાંતિનાથચરિત'ની પ્રતિ લખાવી, તે આ આચાર્યને અથવા સમકાલીન બીજા આ૦ ધનેશ્વરસૂરિને આપી. (જુઓ, જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ પ્ર૦ ૧૮ મી) (જૂઓ, જૈન સત્યપ્રકાશ, પુ૦ ૧૮)

૨. આ૦ દેવભદ્ર માટે જૂઓ પ્રક૦ ૨૯, પૃ૦ ૪૬૩, ૪૬૪; પ્રક૦ ૩૫, પૃષ્ઠ : ૨૮ (ઉપા૦ દેવભદ્રગણિ સં૦ ૧૨૮૫)

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૩. આ૦ દેવાનંદસૂરિ**—તેમણે ૧૩ મી સદીમાં, તે સમયનાં આઠ વ્યાકરણોથી ચડિયાતું ‘ સિદ્ધસારસ્વત ’ નામનું વ્યાકરણ રચ્યું છે.

તેમની પાટે આ૦ રત્નપ્રભ તથા આ૦ પરમાનંદ તથા આ૦ મુનિદેવ થયા. આ૦ પરમાનંદની પાટે આ૦ વિજયસિંહસૂરિ આવ્યા.

આ૦ દેવાનંદસૂરિના શિષ્ય આ૦ મુનિદેવસૂરિએ સં૦ ૧૩૨૨ માં ‘ શાંતિનાથચરિત ’ રચ્યું છે. (આ૦ વાદિદેવસૂરિની પરંપરામાં) આ૦ મદનસૂરિની પાટે પણ એક આ૦ મુનિદેવ થયા હતા.

**૧૪. આ૦ રત્નપ્રભસૂરિ.**

**૧૫. આ૦ કનકપ્રભસૂરિ**—તેઓ આ૦ દેવાનંદસૂરિના શિષ્ય હતા. એટલે આ૦ દેવાનંદ અને આ૦ કનકપ્રભ એ બંનેની પાટે તેઓ થયાના ઉલ્લેખ મળે છે.

**૧૬. આ૦ પ્રદ્યુમ્નસૂરિ**[1]—અનેક પ્રબંધોના રચયિતા વાગ્દેવી-પુત્ર આ૦ બાલચંદ્રસૂરિથી તેઓ નાના અને આ૦ વિજયસિંહસૂરિથી મોટા હતા. સંભવ છે કે, રાજગચ્છના ૧૩ મા આ૦ ચંદ્રસૂરિએ તેમને આચાર્યપદ આપ્યું હોય. તેઓ ઠ૦ અલ્હણના વંશના ઠ૦ દેદા, સં૦ પેથડ વગેરેના કુલગુરુ હતા. મહામાત્ય વસ્તુપાલ તેમને બહુ માનતો હતો. તેઓ મહાકવિ હતા અને અજોડ સાહિત્ય સંશોધક હતા.

તેમણે સં૦ ૧૩૨૪ માં વઢવાણમાં મંત્રી વાહડ પોરવાડનો પુત્ર રાણિગ, તેના પુત્રો મંત્રી રણમલ તથા મંત્રી સેગની વિનતિથી ‘ સમરાદિત્યસંક્ષેપ ’ રચ્યો છે, જેની પહેલી પ્રતિ પં૦ જગચ્ચંદ્રે

---

૧. આ૦ પ્રદ્યુમ્નસૂરિએ મોઢગચ્છના ગુરુ જાલ્યોદ્ધારગચ્છના આ૦ હરિપ્રભની પ્રાર્થનાથી સં. ૧૩૨૫માં ‘કાલકસૂરિકથા’ (શ્લો૦ ૭૪) રચી. તેમના ઘોષપુરીયગચ્છના આ૦ પ્રમાનંદપટ્ટે, આ૦ વિજયચંદ્રપટ્ટે, આ૦ ભાવદેવપટ્ટે આ૦ જયપ્રભના ઉપદેશથી હુંડાપદ્રપુરના ભ૦ પાર્શ્વનાથના દેરાસરના ગોઠીવંશના શેઠ આસપાલ પોરવાડના પુત્ર શેઠ સહદેવના પુત્ર શેઠ આમાકના પુત્રો સુહુણા, પુનાક તથા હરદેવે ‘ કલ્પપુસ્તિકા ’ લખાવી ગુરુઓને આપી. ( જૂઓ, જૈન પુ૦ પ્ર૦ સં૦, પુ૦ ૧૯ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લખી હતી. વળી, 'પ્રવજ્યાવિધાન, મૂલશુદ્ધિપ્રકરણ' તેમજ તેની વૃત્તિની રચના કરી છે; જેની આ૦ વાદિદેવસૂરિની પરંપરાના આ૦ મદનચંદ્રસૂરિના શિષ્ય આ૦ મુનિદેવે પહેલી પ્રતિ લખી હતી.

આ૦ પ્રદ્યુમ્નસૂરિએ સમકાલીન વિદ્વાનોના કાવ્યગ્રંથોનું સંશોધન કર્યું હતું. તેમાં ઘટતો સુધારો-વધારો કરી પ્રતિષ્ઠિત બનાવ્યા હતા. તે પૈકીના કેટલાએક ગ્રંથોનાં નામો નીચે મુજબ મળે છે.

કવિ આસડરચિત 'ઉપદેશકંદલી, વિવેકમંજરી ઉપર આ૦ બાલચંદ્રસૂરિએ સં૦ ૧૨૪૮ માં રચેલી વૃત્તિઓ; રાજગચ્છીય આ૦ દેવેંદ્રસૂરિએ વિ૦ સં૦ ૧૨૯૮ના કાર્તિક વદિ ૬ના રોજ રવિ–પુષ્ય નક્ષત્રમાં રચેલા 'ઉપમિતિસારોદ્ધાર', નાગેંદ્રગચ્છીય આ૦ ઉદય-પ્રભસૂરિએ સં૦ ૧૨૯૯માં ધોળકામાં રચેલી 'ઉપદેશમાલા–કર્ણિકા-વૃત્તિ', આ૦ વાદિદેવસૂરિની પરંપરાના આ૦ મદનચંદ્રસૂરિના શિષ્ય આ૦ મુનિદેવે સં૦ ૧૩૨૨ માં રચેલ 'શાંતિનાથચરિત્ર', રાજગચ્છીય આ૦ પ્રભાચંદ્રસૂરિએ સં૦ ૧૩૩૪ માં રચેલા 'પ્રભાવકચરિત', રાજ-ગચ્છીય આ૦ પરમાનંદસૂરિના શિષ્ય આ૦ રત્નપ્રભે રચેલા 'કુવલય-માલાસંક્ષેપ' (જૂઓ, રાજગચ્છના મુનિ રામચંદ્રે લખેલા અને શેઠ આસ-પાલ પોરવાડે લખાવેલી 'વિવેકમંજરીપ્રકરણ'ની વૃત્તિની પુષ્પિકા), પં૦ ધર્મકુમારે સં૦ ૧૩૩૪ માં રચેલા 'શાલિભદ્રચરિત્ર' (ગ્રં૦ : ૧૨૨૪), રાજગચ્છીય આ૦ માનતુંગસૂરિએ સં૦ ૧૩૩૨ માં રચેલા 'શ્રેયાંસનાથ-ચરિત્ર' વગેરે ગ્રંથોનું તેમણે સંશોધન કરી પ્રતિષ્ઠા આપી હતી.

સ્પષ્ટ છે કે, આ૦ પ્રદ્યુમ્નસૂરિ એ સમયમાં વિદ્વાનો અને કવિ-ઓના પૂજ્યસ્થાને વિરાજમાન હતા.

(જૂઓ, પ્રભાવકચરિત, નંદીસૂત્રવ્યાખ્યા, વિષમપદભંજિકા, સિજ્જંસચરિય (શ્રેયાંસચરિત્ર), સમરાદિત્યસંક્ષેપ ભવ–૧ વગેરે)

## ૨. રાજગચ્છ પટ્ટાવલી

**૯. આ૦ શીલભદ્રસૂરિ**—તેમની પાટે પાંચ આચાર્યો થયા.

**૧૦. આ૦ ધનેશ્વરસૂરિ.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૧. આ૦ શાંતિપ્રભ**—તેઓ ચંદ્રગચ્છના હતા.

**૧૨. આ૦ હરિપ્રભસૂરિ**—તેઓ આ૦ શાંતિપ્રભના શિષ્ય હતા. સં૦ ૧૨૧૨.

**૧૩. આ૦ યશોભદ્રસૂરિ**—સં૦ ૧૩૦૦, સં૦ ૧૩૦૫ (જૂઓ, 'પ્રાચીન જૈનલેખસંગ્રહ' ભા–૨, લેખાંક : ૫૪૫, ૫૪૭)

## ૩. રાજગચ્છ પટ્ટાવલી (ચંદ્રશાખા)

**૯. આ૦ શીલભદ્રસૂરિ**—તેમની પાટે (૧) આ૦ ધનેશ્વર, (૨) આ૦ ચંદ્રસૂરિ, (૩) આ૦ ભરતેશ્વર, (૪) આ૦ ધર્મઘોષ અને (૫) આ૦ સર્વદેવસૂરિ થયા.

**૧૦. આ૦ ચંદ્રસૂરિ**—તેમનાં પં૦ પાર્શ્વદેવ, પં૦ પાર્શ્વચંદ્ર, આ૦ ચંદ્ર, આ૦ ચંદ્રપ્રભ વગેરે નામો મળે છે. તેઓ 'વિષમપદભંજિકાપંજિકા'માં પોતાનો સ્પષ્ટ પરિચય આપે છે તેથી નક્કી છે કે, તે આ૦ શીલભદ્રસૂરિના પ્રશિષ્ય હતા અને આ૦ ધનેશ્વરના પં૦ પાર્શ્વદેવગણિ નામના શિષ્ય હતા. તેમને આચાર્યપદ મળતાં આ૦ શ્રીચંદ્રસૂરિ[1] બન્યા અને આ૦ ચંદ્રપ્રભસૂરિનામથી પ્રસિદ્ધ થયા. તેઓ લાંબુ જીવ્યા હતા. તેઓ સિદ્ધાંતના અજોડ જ્ઞાતા, ન્યાયશાસ્ત્રના પારગામી અને પરમ ધ્યાની હતા. તેઓ સમર્થ વિવેચનકાર અને ગીતવિશારદ ગાયક હતા. તેમનું શાસ્ત્રવિવેચન અને અર્થનિરૂપણ જ્ઞાનીઓ માટે અમૃતાંજન જેવું મનાતું હતું. તેઓ આ૦ શીલભદ્રસૂરિ, આ૦ દેવેન્દ્રસૂરિના પરિવારો અને રાજગચ્છમાં સર્વમાન્ય હતા. તેમના ઉપદેશથી શેઠ નિન્નાના વંશજ મહામાત્ય પૃથ્વીપાલે સં૦ ૧૨૦૬માં આબૂતીર્થમાં છ'રી પાળતા યાત્રાસંઘ સાથે જઈને વિમલવસહીનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

---

૧. इति श्रीशालिभद्रसूरिशिष्यसुविहीतनामधेयश्रीधनेश्वरसूरिशिष्यैः सामान्यावस्थाप्रसिद्धपण्डितपार्श्वदेवगण्यभिधानैर्विशेषावस्थावगतश्री चन्द्रसूरिनामभिः स्वपरोपकारार्थं दृष्ट्वा विषमपदभञ्जिकापञ्जिका परिसमाप्ता ॥

( જૂઓ, જૈનસ્તોત્ર સંદોહ, ભા. ૧, પ્રસ્તાવના પૃષ્ઠ : ૩૧ )

आ. श्रीकैलाससागरसूरि ज्ञानमन्दिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि ३८२००९

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ ચંદ્રસૂરિએ સં૦ ૧૧૬૯ના ફાગણ સુદિ ૯ના રોજ બૌદ્ધાચાર્ય દિઙ્નાગકૃત ‘ન્યાયપ્રવેશ’ ઉપર આ૦ હરિભદ્રસૂરિએ રચેલી વૃત્તિ ઉપર પંજિકા, સં૦ ૧૧૭૧માં ‘સૂક્ષ્માર્થવિચારસાર્ધ-શતક-ટીકા’, સં૦ ૧૧૭૪માં ‘નિશીથચૂર્ણિ’ની ટીકા, ‘ચૈત્યવંદન-સૂત્ર-વૃત્તિ, સર્વસિદ્ધાંતવિષમપદપર્યાય, સુબોધા સામાચારી, સં૦ ૧૨૨૨માં ‘વંદિત્તાસૂત્રવૃત્તિ’ (ગ્રં૦ : ૧૯૫૦), સં૦ ૧૨૧૬માં ‘નંદીસૂત્ર—દુર્ગપદવ્યાખ્યા’, સં૦ ૧૨૨૭ના ચૈત્ર સુદિ ૧૩ ને રવિવારે ‘જીતકલ્પબૃહચ્ચૂર્ણિ—વ્યાખ્યા’ (ગ્રં૦ : ૧૧૨૦), સં૦ ૧૨૨૮માં ‘નિરયાવલીસૂત્ર-વૃત્તિ’ (ગ્રં૦ : ૧૭૪૬), સં૦ ૧૨૦૩ના વૈશાખ સુદિ ૫ ને રવિવારે ‘હસ્તકાંડ સામુદ્રિક’, ગેયપદ્ધતિમાં ‘સિદ્ધચક્રસ્તવન’, ‘સંગીત સમયસાર, સંગીતરત્નાકર, પદ્માવતી સ્તોત્ર (શ્લો૦ ૮), પદ્માવતીઅષ્ટક—સ્વોપજ્ઞ વ્યાખ્યા સાથે (રચના સં૦ ૧૨૦૩, ગ્રં૦ ૫૨૨)’ વગેરે ગ્રંથોની રચના તેમજ સંશોધન કર્યું છે. વળી, ‘ઉવસગ્ગહર સ્તોત્ર’ ઉપર મંત્રામ્નાયપૂર્વકની ટીકા પણ રચી છે.

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

તેમની પાટે આ૦ પૂર્ણભદ્ર, આ૦ જિનેશ્વર, આ૦ જિનદત્ત અને આ૦ પદ્મદેવ એ ચાર આચાર્યો થયા. આ૦ પદ્મદેવ ઉત્તમ ચારિત્રપાત્ર મનાતા હતા.

**૧૧. આ૦ પૂર્ણભદ્રસૂરિ**—જેઓ સર્વ વિષયના ભારે વિવેચક હતા. આ આચાર્યશ્રીએ અથવા આ૦ વાદિદેવસૂરિના પટ્ટધર આ૦ પૂર્ણ-ભદ્રે સં૦ ૧૨૫૪માં રાજા સિદ્ધરાજ જયસિંહના મંત્રી સોમની વિનતિથી ‘પંચતંત્ર’નો પાઠોદ્ધાર કર્યો હતો.

જાલોરનો શ્રીમાલી શેઠ યશોદેવ આ આચાર્યનો પરમભક્ત હતો. તેનો પુત્ર મંત્રી યશોવીર જાલોરના રાજા ઉદયસિંહ (સં૦ ૧૨૬૨ થી સં૦ ૧૩૦૭)ના ખજાનાનો ઉપરી હતો, જે શિલ્પશાસ્ત્રનો પ્રતિષ્ઠિત વિદ્વાન ગણાતો હતો.

**૧૨. આ૦ ચંદ્રપ્રભસૂરિ**—તેઓ તીક્ષ્ણ બુદ્ધિશાળી અને જ્ઞાની હતા. તેમની પાટે બે આચાર્યો થયા. (૧) આ૦ પ્રભાચંદ્રસૂરિ અને (૨) આ૦ મેરુતુંગસૂરિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૩. આ૦ પ્રભાચંદ્રસૂરિ**—તેઓ (પિતા) શ્રીરામ અને (માતા) લક્ષ્મીના પુત્ર હતા. તેમણે ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિએ રચેલા ઐતિહાસિક 'પરિશિષ્ટપર્વ'ના અનુસંધાનમાં સં૦ ૧૩૩૪ના ચૈત્ર સુદિ ૭ને શુક્રવારે પુનર્વસુ નક્ષત્રમાં 'પ્રભાવકચરિત' (ગ્રં૦ : ૫૭૭૪)ની રચના કરી છે; જેનું રાજગચ્છીય (નં૦ ૧૬મા) આ૦ પ્રદ્યુમ્નસૂરિએ સંશોધન કર્યું હતું.

**આ૦ મેરુતુંગસૂરિ**—તેઓ આ૦ ચંદ્રપ્રભસૂરિના પટ્ટધર હતા. તેમણે સં૦ ૧૩૬૧ના ફાગણ સુદિ ૧૫ને રવિવારે વઢવાણ શહેરમાં 'પ્રબંધચિંતામણિ' ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથો આજે ગુજરાતના ઇતિહાસનાં મૂળ સાધનો લેખાય છે.

**૧૪. આ૦ ગુણચંદ્રસૂરિ**—તેઓ આ૦ મેરુતુંગસૂરિના પટ્ટધર હતા. (જૂઓ, પ્રભાવકચરિત, પ્રશસ્તિ શ્લો૦ ૧ થી ૨૪; પ્રબંધચિંતામણિ.)

## ૪. રાજગચ્છ પટ્ટાવલી (ચંદ્રશાખા)

**૯. આ૦ શીલભદ્રસૂરિ.**

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**૧૦. આ૦ ચંદ્રસૂરિ.**

**૧૧. આ૦ જિનેશ્વરસૂરિ**—તેઓ ઘણા રૂપાળા હતા.

**૧૨. આ૦ દેવેન્દ્રસૂરિ**—તેમણે સં૦ ૧૨૫૬ના ચૈત્ર સુદિ ૧૩ને શુક્રવારે ગિરનારતીર્થમાં દંડનાયક જગદેવના પુત્ર મંત્રી અભયકુમારના પુત્ર વસંતરાજે ભરાવેલા નંદીશ્વરતીર્થપટ્ટની પ્રતિષ્ઠા કરાવી હતી.

## ૫. રાજગચ્છ પટ્ટાવલી (દેવેન્દ્રશાખા)

**૯. આ૦ શીલભદ્રસૂરિ,** આ૦ દેવેંદ્રસૂરિ.

આ૦ શીલભદ્રસૂરિની પાટે ચાર આચાર્યો થયા.

આ૦ દેવેંદ્રસૂરિનાં બીજાં નામો આ૦ દેવચંદ્ર અને આ૦ દેવેન્દુ પણ મળે છે. તેમની પાટે આ૦ ચંદ્રસૂરિ, આ૦ ભદ્રેશ્વરસૂરિ, આ૦ ધર્મસૂરિ વગેરે થયા હતા. આ૦ દેવભદ્રસૂરિ, આ૦ ચંદ્રસૂરિની પાટે આ૦ ભદ્રેશ્વર થયાનું માને છે. આથી અહીં એ જ રીતે પટ્ટાવલીનો ક્રમ આપ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૦. આ૦ શ્રીચંદ્રસૂરિ**—તેમની પાટે ચાર આચાર્યો થયા.

**૧૧. આ૦ ભદ્રેશ્વરસૂરિ**—તેઓ આ૦ દેવેન્દ્રસૂરિના શિષ્ય પં૦ શ્રીભૂષણના શિષ્ય હતા, અને આચાર્ય થયા પછી આ૦ દેવેંદ્રસૂરિની પાટે આવ્યા હતા, પરંતુ તેઓ આ૦ ચંદ્રપ્રભની આજ્ઞામાં રહ્યા હતા.

તેઓ મોટા તપસ્વી હતા. તેમણે જિંદગી પર્યંત એકાંતરે ઉપવાસ કર્યા હતા. તેમના ઉપદેશથી સૌરાષ્ટ્રના દંડનાયક મંત્રી સજ્જન શ્રીમાલીએ સં૦ ૧૧૮૫માં ગિરનાર તીર્થનો મોટો ઉદ્ધાર કરાવ્યો, તેમજ ગુજરાતના મહામાત્ય શાંતૂ મહેતા તેમજ મંત્રી સજ્જને વડઉદઅ(વડોદરા)માં મોટો રથયાત્રાનો મહોત્સવ કર્યો હતો. આચાર્યશ્રીએ માંડલમાં ભ૦ મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરી હતી.

તેમની પાટે આ૦ અજિતસિંહ, આ૦ હરિભદ્ર, આ૦ અભયદેવ અને આ૦ વર્ધમાન થયા.

**૧૨. આ૦ અજિતસિંહસૂરિ.**

**૧૩. આ૦ દેવભદ્રસૂરિ**—તેમણે આ૦ ભદ્રેશ્વરસૂરિના કરકમલથી દીક્ષા લીધી હતી, તેમજ આ૦ અજિતસિંહ પાસેથી વ્યાકરણ, સાહિત્ય, ન્યાય, પિંગલ, જ્યોતિષ અને આગમનું જ્ઞાન સંપાદન કર્યું હતું. તેઓ ભારે પ્રતાપી, પરમ શાંત, ગંભીર અને પ્રકાંડ જ્ઞાની હતા. તેમણે સં૦ ૧૨૩૬ના ફાગણ વદિ ૧૪ ને ગુરુવારે પીંડવાડા પાસે ઝાદવલ્લી (ઝાડોલી) ગામમાં શેઠ સોઢાએ ભરાવેલા ભ૦ ઋષભદેવ અને ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની અંજનશલાકા કરી પ્રતિષ્ઠા કરી હતી. (જૂઓ, પ્રક૦ ૪૩, પૃ૦....; જૈનસત્યપ્રકાશ, ક્રં૦ ૧૫૮)

તેમણે 'પ્રવચનસારોદ્ધાર ટીકા, તત્ત્વબિંદુપ્રકરણ, પ્રમાણપ્રકાશ' (પદ્યમય ન્યાયનો ગ્રંથ) અને સં૦ ૧૨૪૨માં પાટણમાં પોતાના શિષ્ય પટ્ટધર આ૦ સિદ્ધસેન તથા સર્વવેદી ગુરુભક્ત આ૦ જિનેશ્વરની વિનતિથી અને પં૦ જિનચંદ્રગણિની મદદથી 'સિજ્જંસચરિયં'ની રચના કરી છે, જેની પહેલી પ્રતિ પં૦ વિમલચંદ્રગણિએ લખી હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૪. આ૦ સિદ્ધસેનસૂરિ**—તેમણે સં૦ ૧૨૭૮માં આ૦ નેમિચંદ્રના 'પ્રવચનસારોદ્ધાર'ની ટીકા, 'પદ્મપ્રભચરિત્ર, સામાચારી અને સ્તુતિઓ'ની રચના કરી છે. તેમના બીજા પટ્ટધર આ૦ મુનિચંદ્રસૂરિના શિષ્ય પં૦ વીરદેવગણિએ 'મહીવાલકહા' (ગ્રં: ૧૮૨૮) રચી છે.

**૧૫. આ૦ યશોદેવસૂરિ**—તેઓ સમર્થ વિદ્વાન અને વાદી તરીકે પ્રસિદ્ધ હતા.

**૧૬. આ૦ માનદેવસૂરિ**—તેઓ પવિત્ર આત્મા હતા.

**૧૭. આ૦રત્નપ્રભસૂરિ**—તેઓ ઉત્કટ ચારિત્રધારી અને મિષ્ટભાષી હતા. તેમના ઉપદેશથી મહાદાની શેઠ **લાખણ પલ્લીવાલે** સં૦ ૧૨૯૯ના કાર્તિક મહિનામાં ખંભાતમાં 'સમરાઈચ્ચકહા' લખાવી અને તેમણે તેનું વ્યાખ્યાન કર્યું. સં૦ ૧૩૯૩, સં૦ ૧૩૯૬ માં આ૦ હંસરાજસૂરિ થયા હતા.

**૧૮. આ૦ દેવપ્રભસૂરિ**—તેઓ મહાજ્ઞાની, બ્રહ્મચારી, તેજસ્વી, સરળ અને મિષ્ટભાષી હતા. તેમના ઉપદેશથી શેઠ કડવા ધાકડે સં૦ ૧૩૦૮માં 'ઉત્તરજ્ઝયણસૂત્ત' લખાવ્યું.

**૧૯. આ૦ રત્નાકરસૂરિ**—તેઓ સં૦ ૧૩૦૮માં ગુરુના હાથે આચાર્ય થયા. શેઠ કડવાએ તેમનો પદમહોત્સવ કર્યો. તેમણે તે શેઠે લખાવેલા 'ઉત્તરજ્ઝયણસુત્ત'ની પ્રતિની પ્રશસ્તિ રચી હતી. (જૂઓ, સિજ્જંસચરિયં, મહીવાલકહા, જૈન પુ૦ પ્ર૦ સં૦, પુ૦ ૨૭, ૨૮)

## ૬. રાજગચ્છ પટ્ટાવલી (દેવેન્દ્રશાખા)

**૧૦. આ૦ ચંદ્રસૂરિ.**

**૧૧. આ૦ ભદ્રેશ્વરસૂરિ**—તેઓ ચંદ્રગચ્છના હતા.

**૧૨. આ૦ હરિભદ્રસૂરિ**—તેઓ આ૦ ભદ્રેશ્વરના શિષ્ય હતા, અને તેમની પાટે આવ્યા હતા. તેમણે આ૦ વર્ધમાનના શિષ્ય પં૦ જિનચંદ્રગણિને આચાર્યપદે સ્થાપન કર્યા હતા.

**૧૩. આ૦ શાંતિસૂરિ.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૪. આ૦ અભયદેવસૂરિ** અથવા આ૦ ઉદયદેવસૂરિ.

**૧૫. આ૦ પ્રસન્નચંદ્રસૂરિ.**

**૧૬. આ૦ મુનિરત્નસૂરિ.**

**૧૭. આ૦ ચંદ્રસૂરિ.**

**૧૮. આ૦ યશોદેવસૂરિ**—આ૦ દેવચંદ્રસૂરિ.

સંભવ છે કે, રાજગચ્છના ૧૩ મા આ૦ જિનચંદ્રસૂરિએ આ૦ યશોદેવને આચાર્યપદ આપ્યું હોય.

આ૦ દેવચંદ્રે સં૦ ૧૨૯૮ ના કાર્તિક વદિ ૬ ને રવિવારે પુષ્ય નક્ષત્રમાં 'ઉપમિતિસારોદ્ધાર' (ગ્રં૦ : ૫૩૭૦)ની રચના કરી છે. રાજગચ્છના આ૦ પ્રદ્યુમ્નસૂરિએ તેનું સંશોધન કર્યું હતું.

આ૦ દેવચંદ્રના પટ્ટધર આ૦ વિજયચંદ્રના ઉપદેશથી શેઠ વુટડીના પુત્ર તેજપાલની પત્ની લક્ષ્મીએ સં૦ ૧૩૩૦ ના શ્રાવણ વદિ ૧૨ ને રવિવારે 'પર્યુષણાકલ્પ' લખ્યો છે. (જૂઓ, જૈ૦પુ૦ પ્ર૦, પ્ર૦ ૧૪)

**૧૯. આ૦ વિબુધચંદ્રસૂરિ**—તેઓ આ૦ યશોદેવના શિષ્ય હતા.

**૨૦. આ૦ સિંહતિલકસૂરિ**—તેમણે સં૦ ૧૩૨૭ માં 'મંત્રરાજરહસ્ય-સ્વોપજ્ઞ લીલાવતી ટીકા, ચંદ્રસેનસૂરિએ રચેલા કલ્પના આધારે સં૦ ૧૩૨૩ માં રચેલો વર્ધમાનવિદ્યાકલ્પ (શ્લો૦ ૭૭+ ૯૬+૧૩) પરમેષ્ઠિવિદ્યાયંત્ર સ્તોત્ર, ઋષિમંડલયંત્ર સ્તોત્ર, લઘુનમસ્કારયંત્ર સ્તોત્ર, ગણિતતિલકવૃત્તિ, સં૦ ૧૩૨૬ માં આ૦ પદ્મપ્રભકૃત 'ભુવનદીપક'ની ટીકા વગેરે ગ્રંથોની રચના કરી છે.

તેમના ગુરુભાઈ પં૦ પદ્મદેવ હતા. તેઓ ચંદ્રાવતીના શેઠ સીદ પોરવાડના પુત્ર પૂર્ણદેવના આઠ પુત્રો પૈકીના ત્રીજા પુત્ર હતા. તેણે નાગેંદ્રગચ્છીય વિજયસિંહના ઉપદેશથી પ્રતિબોધ પામી આ૦ વિબુધચંદ્ર પાસે દીક્ષા લીધી હતી અને આચાર્યપદ પ્રાપ્ત કર્યું હતું. તેમના ઉપદેશથી મોટાભાઈ બ્રહ્મદેવની પત્ની પોહિણીએ 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'નું 'આદિનાથચરિત' લખાવ્યું હતું.

પં૦ પદ્મપ્રભે સં૦ ૧૨૯૪ માં 'કુંથુનાથચરિત્ર, મુનિસુવ્રતસ્વામીચરિત્ર, પાર્શ્વનાથસ્તવન' વગેરે ગ્રંથો રચ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૭. રાજગચ્છ પટ્ટાવલી (દેવેંદ્રશાખા)

**૯. આ૦ દેવભદ્રસૂરિ.**
**૧૦. આ૦ ચંદ્રસૂરિ.**
**૧૧. આ૦ ભદ્રેશ્વરસૂરિ.**
**૧૨. આ૦ અભયદેવસૂરિ.**

**૧૩. આ૦ પરમાનંદસૂરિ**—ચંદ્રાવતીના શેઠ સીદ પોરવાડના પુત્ર પૂર્ણચંદ્રને આઠ પુત્રો હતા. તે પૈકીના ત્રીજા પુત્ર બહુદેવ અને છઠ્ઠા પુત્ર યશોવીરે દીક્ષા લીધી અને તેઓ ક્રમશઃ આ૦ પદ્મદેવ અને આ૦ પરમાનંદ નામે થયા. યશોવીર (આ૦ પરમાનંદ) સૌમાં વિખ્યાત અને પંડિતોમાં મુખ્ય હતા. આ૦ પરમાનંદસૂરિએ સં૦ ૧૨૨૧ લગભગમાં આ૦ ગર્ગર્ષિએ રચેલા 'કર્મગ્રંથ'ની ટીકા અને 'હિતોપદેશમાલાપ્રકરણ' રચ્યાં છે. આ૦ પરમાનંદ અને મડાહડગચ્છીય આ૦ ચક્રેશ્વરે સં૦ ૧૨૨૧માં ચંદ્રાવતીનગરમાં 'નાયાધમ્મકહાઓ' તેમજ 'રયણચૂડકહા' તાડપત્ર પર લખાવી છે.

**૧૪. આ૦ રત્નપ્રભસૂરિ**—તેઓ ચંદ્રાવતીના શેઠ સીદ પોરવાડના વંશના શેઠ વીલ્હણના ત્રીજા પુત્ર હતા. તેમણે દીક્ષા લીધી અને આ૦ રત્નપ્રભસૂરિ થયા પછી આ૦ પરમાનંદસૂરિની પાટે આવ્યા. તેમના ઉપદેશથી પિતા વીલ્હણ પોરવાડે સં૦ ૧૩૧૦ના વૈશાખ વદિ ૫ ને ગુરુવારે આરાસણતીર્થમાં ભ૦ નેમિનાથના દેરાસરમાં સ્તંભ કરાવી આપ્યો. તેમના ઉપદેશથી તેમના મોટાભાઈ આસપાલે ડાહાપદ્રમાં ભ૦ સુમતિનાથની પ્રતિમા ભરાવીને પધરાવી. તેમજ સં૦ ૧૩૨૨ના કાર્તિક વદિ ૮ ને સોમવારે 'વિવેકમંજરી'ની વૃત્તિ લખાવી; જેની પુષ્પિકા રાજગચ્છના ૧૬ મા આ૦ પ્રદ્યુમ્નસૂરિએ સંશોધી હતી. આ૦ રત્નપ્રભસૂરિએ 'કુવલયમાલાસંક્ષેપ' રચ્યો છે, જેને ઉપર્યુક્ત આ૦ પ્રદ્યુમ્નસૂરિએ જ સંશોધ્યો હતો.

(જૂઓ, પ્રાચીન જૈન લેખસંગ્રહ ભા–૨, લેખાંક : ૨૭૯, ૨૮૦, ૨૯૦; જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પૃ૦ ૩૦)

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

## ૮. રાજગચ્છ પટ્ટાવલી (દેવેંદ્રશાખા)

**૯. આ૦ દેવેન્દ્રસૂરિ**—તેઓ ચંદ્રગચ્છના હતા. આ૦ બાલચંદ્ર તેમની પાટે સીધા આ૦ ભદ્રેશ્વરને બતાવે છે પણ અમે અહીં પટ્ટાંકની એકવાક્યતા માટે તેમની પાટે આ૦ શ્રીચંદ્ર અને તેમની પાટે આ૦ ભદ્રેશ્વરને જણાવ્યા છે.

**૧૦. આ૦ ચંદ્રસૂરિ.**

**૧૧. આ૦ ભદ્રેશ્વરસૂરિ.**

**૧૨. આ૦ અભયદેવસૂરિ**—તેઓ 'કલિકાલગૌતમ' તરીકે વિખ્યાત હતા. તેમના ઉપદેશથી મહાકવિ આસડ જૈન બન્યો હતો; જેણે 'વિવેકમંજરી' વગેરે ગ્રંથો રચ્યા છે.

**૧૩. આ૦ હરિભદ્રસૂરિ.**

**૧૪. આ૦ બાલચંદ્રસૂરિ**—મોઢેરામાં ધારાદેવ નામે મોઢ[૧] બ્રાહ્મણ રહેતો હતો; જે વિદ્વાન હતો અને જૈન શાસ્ત્રોનો જાણકાર પણ હતો. તેની પત્ની વીજળીએ મુંજાલ નામના બાળકને જન્મ આપ્યો. આ૦ હરિભદ્રે બાળક મુંજાલને ઉપદેશ આપ્યો તેથી તે વૈરાગ્યવાસિત થયો. તેણે તેના મા-બાપની અનુજ્ઞા મેળવી, તેમણે તેને દીક્ષા આપી, તેનું નામ મુનિ બાલચંદ્ર રાખ્યું. બાલમુનિ તેજસ્વી હતા, તીવ્ર બુદ્ધિશાળી હતા, તેમણે ચૌલુક્ય રાજગુરુ પં૦ પદ્માદિત્ય પાસે અભ્યાસ કર્યો. આ૦ વાદિદેવસૂરિની પરંપરાના આ૦ ઉદયસૂરિ પાસેથી સારસ્વત મંત્ર પ્રાપ્ત કર્યો અને સરસ્વતીદેવીની સાધના કરી. સરસ્વતીદેવીએ સ્વપ્નમાં આવી વરદાન આપ્યું કે, 'હું તારા સારસ્વત મંત્રજાપથી પ્રસન્ન છું. તું મહાકવિ કાલિદાસની કોટિનો કવિ બનીશ.' ત્યારથી મુનિ બાલચંદ્રની કાવ્યશક્તિનો પ્રતિદિન વિકાસ થવા માંડ્યો. તેમણે મહામાત્ય વસ્તુપાલને ઉદ્દેશીને એક કાવ્ય બનાવ્યું છે કે—

---

૧. મોઢ માટે જૂઓ, પ્રક૦ ૩૨, પૃ૦ ૫૨૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

गौरी रागवती त्वयि त्वयि वृषो बद्धादरः त्वं युतः
त्वं भूत्या त्वं च लसद्गुणः शुभगणः किंवा बहु ब्रूमहे ।
श्रीमन्त्रीश्वर ! नूनमीश्वरकलायुक्तस्य ते युज्यते
बालेन्दुं चिरमुच्चकै रचयितुं त्वत्तोऽपरः कः प्रभुः ? ॥

આ પદ્ય સાંભળી મહામાત્ય વસ્તુપાલ આનંદ પામ્યો અને મુનિ બાલચંદ્રના આચાર્યપદ મહોત્સવમાં ૧૦૦૦ દ્રમ્મ વાપર્યા.

કવિ સોમેશ્વર અને હરિહર વગેરે સમકાલીન વિદ્વાનો મહામાત્ય વસ્તુપાલને ‘વસંતપાલ’ કહીને બોલાવતા હતા, તેથી મહાકવિ આ૦ બાલચંદ્રે ‘વસંતવિલાસ’ નામે મહાકાવ્યની રચના કરી, જેમાં મહામાત્ય વસ્તુપાલ અને પોતાની સંપૂર્ણ જીવનકથા ગૂંથી છે.

આ૦ બાલચંદ્ર વૈદર્ભીરીતિના આલેખક છે, તેથી અપરાજિતે તેમને વૈદર્ભીરીતિના સર્વોત્તમ કવિ તરીકે બિરદાવ્યા છે. તેમણે સં૦ ૧૨૯૮ લગભગમાં ‘વસંતવિલાસ મહાકાવ્ય’ (સર્ગ : ૧૪), સં૦ ૧૨૭૭માં ‘કરુણાવજ્રાયુધ નાટક’ (અંક : ૫), સં૦ ૧૨૪૭–૪૮માં મહાકવિ આસડની ‘વિવેકમંજરી’ ઉપર ટીકા, તેમજ ‘ઉપદેશકંદલી’ની ટીકા અને પ્રાસંગિક શ્લોકો વગેરેની રચના કરી છે. તેમણે ‘કરુણાવજ્રાયુધનાટક’માં રાજા વજ્રાયુધ અને કબૂતરની ઘટના વર્ણવી છે. મહામાત્ય વસ્તુપાલના શત્રુંજયતીર્થના ઉત્સવમાં આ નાટક ભજવાયું હતું.[1]

## ૯. રાજગચ્છ પટ્ટાવલી

માળવાની ઉજ્જૈની નગરીમાં ભ૦ શાંતિનાથના દેરાસરમાં એક

---

૧. જૈન સાહિત્યમાં ઘણા નાટકોના ઉલ્લેખો મળી આવે છે. ‘રાયપસેણીયસુત્ત’માં ૩૨ નાટકો, ‘પુષ્ફિયાસુત્ત’માં ૩૨ નાટકો, ‘પિંડનિજ્જુત્તિ’-માં રત્થવાલ નાટક, આસાઢાભૂતિ નાટક, ‘ઉત્તરજ્ઝયણસુત્ત’ અ૦ ૧૩, ગા૦ ૧૯૬; અ૦ ૧૮, ગા૦ ૧૪૦માં મહુયરીગત તથા સોમાવણિના ઉલ્લેખો મળે છે, તેમજ આ૦ નન્નસૂરિનું વૃષભધ્વજ, આ૦ શીલાંકના ‘મહાપુરિસચરિયં’માં વર્ણવેલું વિબુધાનંદ નાટક આ૦ મેઘપ્રભનું ધર્માભ્યુદય નાટક અર્થાત્ છાયા-નાટ્યપ્રબંધ, દશાર્ણભદ્ર નાટક વગેરે પ્રસિદ્ધ પ્રાચીન નાટકો છે. આ નાટકો સભામાં જાહેર રીતે ભજવાતાં હતાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'ગુરુચક્રમંડલ' છે; જેમાં વચ્ચે ૧ અને બન્ને બાજુના પરિકરમાં ચાર-ચાર એમ આઠ એ રીતે કુલ નવ ગુરુમૂર્તિઓ છે; જેમાં આ પ્રકારે શિલાલેખ છે—

(१) सं० १३२२ ज्येष्ठ शुदि १३ बुधे श्रीभद्रेश्वरसूरि, श्रीजयसिंघ(ह)-सूरि-श्रीहेमहर्षसूरि-(२) श्रीभुवनचंद्रसूरि-श्रीदेवचंद्रसूरि-श्रीजिनेश्वरसूरि-श्रीजिन-देवसूरि-(३) श्रीजिनचंद्रसूरि-श्रीशांतिप्रभसूरि ॥ अमीषां मूर्तिः पं० नर-चंद्रगणिना (४) कारापिता प्रतिष्ठिता श्रीवर्द्धमानसूरिभिः ॥ शुभं भवतु ॥

(જૂઓ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૧૮, ૨૧૯, પૃ૦ ૩૧)

આ શિલાલેખના આ૦ ભદ્રેશ્વરસૂરિ વગેરે આચાર્યો કયા ગચ્છના હતા અને ક્યારે ક્યારે વિદ્યમાન હતા તેનો નિર્ણય કરવાનું કોઈ સ્પષ્ટ પ્રમાણ મળતું નથી; પણ અનુમાનથી કંઈક તારવીએ છીએ.

વિક્રમની બારમી શતાબ્દીમાં (૧) રાજગચ્છના આ૦ ચંદ્રસૂરિના પટ્ટધર સં૦ ૧૧૮૫, (૨) સંવેગિ વડગચ્છના આ૦ પદ્મસૂરિના પટ્ટધર સં૦ ૧૧૮૭ અને (૩) વડગચ્છના આચાર્ય વાદિદેવસૂરિના પટ્ટધર સં૦ ૧૨૨૬ એમ ત્રણ ભદ્રેશ્વરસૂરિઓ થયા.

જો આ શિલાલેખ રાજગચ્છના આ૦ ભદ્રેશ્વરસૂરિનો હોય તો અનુક્રમે (૧૧) આ૦ ભદ્રેશ્વર, (૧૨) આ૦ જયસિંહ, (૧૩) આ૦ હેમહર્ષ, (૧૪) આ૦ ભુવનચંદ્ર, (૧૫) આ૦ દેવચંદ્ર, (૧૬) આ૦ જિનેશ્વર, (૧૭) આ૦ જિનદેવ, (૧૮) આ૦ જિનચંદ્ર, (૧૯) આ૦ શાંતિપ્રભ અને (૨૦) આ૦ વર્ધમાન—એ રીતે પટ્ટપરંપરા બને.

બીજી રીતે તપાસીએ તો નક્કી છે કે, આમાંના ઘણા આચાર્યો તેરમી શતાબ્દીના સમકાલીન આચાર્યો છે.

આ ગુરુચક્રમંડલ પં૦ નરચંદ્રગણિએ કરાવ્યું છે અને આ૦ વર્ધમાને તેની પ્રતિષ્ઠા કરી છે.[1]

---

૧. હમીરગઢ તીર્થના શિલાલેખોમાં આ૦ ચંદ્રસિંહસૂરિ સં૦ ૧૨૧૯, આ૦ પૂર્ણચંદ્રસૂરિશિષ્ય આ૦ વર્ધમાનસૂરિ સં૦ ૧૩૪૬ માં નામો મળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૧૦. રાજગચ્છ પટ્ટાવલી (દેવેંદ્રશાખા)

૯. આ૦ દેવભદ્રસૂરિ.

૧૦. આ૦ ચંદ્રસૂરિ.

૧૧. આ૦ ભદ્રેશ્વરસૂરિ.

**૧૨. આ૦ વર્ધમાનસૂરિ**—આ આચાર્ય કોની પાટે થયા તે સંબંધી સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી.

**૧૩. આ૦ જિનચંદ્રસૂરિ**—તેઓ આ૦ વર્ધમાનના શિષ્ય હતા અને આ૦ ભદ્રેશ્વરના પટ્ટધર હતા. આ૦ હરિભદ્રસૂરિના હાથે તેમને આચાર્યપદ મળ્યું હતું. તેમને (૧) આ૦ સર્વદેવ, (૨) આ૦ કનકપ્રભના શિષ્ય આ૦ પદ્મદેવ, (૩) આ૦ ચંદ્ર (બીજા)ના શિષ્ય આ૦ યશોદેવ અને (૪) આ૦ જયસિંહને આચાર્યપદ આપ્યું હતું.

**(૧૪) આ૦ ભુવનચંદ્રસૂરિ**—તેઓ આ૦ જિનચંદ્રના શિષ્ય હતા. તેમણે તારંગાતીર્થમાં સં૦ ૧૩૦૪, સં૦ ૧૩૦૫માં શેઠ ધનચંદ્રના પુત્ર શેઠ થાહડના પુત્રો ભુવનચંદ્ર તથા પદ્મચંદ્રે ભરાવેલી ભ૦ અજિતનાથની બે કાઉસગ્ગિયા પ્રતિમાઓની અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરી હતી. આ પ્રતિમાઓ આજે તારંગાતીર્થ અને પાલનપુરના મોટા દેરાસરમાં વિરાજમાન છે.

**૧૪. આ૦ જયસિંહસૂરિ**—તેમણે સં૦ ૧૨૧૫માં શરદ્ ઋતુમાં પાલી નગરમાં શેઠ સાધારણના ઘરમાં રહી, વાચક ઉમાસ્વાતિના 'જંબૂદ્વીપસમાસ'ની વિનેયજનહિતા ટીકા રચી છે તેમજ સં૦ ૧૨૧૫માં આ૦ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના 'ખેત્તસમાસ'ની ટીકા (ગ્રં૦ : ૩૦૦૦) રચી છે. ચંદ્રગચ્છના આ૦ જયસિંહે સં૦ ૧૨૮૦માં ખંભાતમાં વીરવસહિકામાં **સરસ્વતીદેવી**નો પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી.

## ૧૧. રાજગચ્છ પટ્ટાવલી (દેવેંદ્રશાખા)

૯. આ૦ દેવેન્દ્રસૂરિ.

જૈન સાહિત્ય JAINSITE જૈન સાહિત્ય પ્રસાર
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૦. આ૦ ધર્મસૂરિ**—તેમનું બીજું નામ આ૦ ધર્મઘોષ પણ મળે છે.

**૧૧. આ૦ મુનિચંદ્રસૂરિ.**

**૧૨. આ૦ રત્નાકરસૂરિ**—તેમણે સં૦ ૧૩૪૩ના પોષ વદિ ૯ને બુધવારે આહિલવંશના પલ્લીવાલ ઠ૦ દેદાના પુત્ર સાધુ પેથડે ભરાવેલી ભ૦ અભિનંદનસ્વામીની પ્રતિમાની અંજનશલાકા કરી હતી; જે પ્રતિમા આજે શત્રુંજય મહાતીર્થમાં નવા આદીશ્વર ભગવાનના દેરાસરના રંગમંડપમાં ડાબી તરફ ખડ્ગાસને વિરાજમાન છે.

## ૧૨. રાજગચ્છ પટ્ટાવલી (ભરતશાખા)

**૯. આ૦ શીલભદ્રસૂરિ**—તેમની પાટે પાંચ આચાર્યો થયા હતા.

**૧૦. આ૦ ભરતેશ્વરસૂરિ**—તેઓ પ્રામાણિક પુરુષોમાં અગ્રણી હતા.

**૧૧. આ૦ વૈરસ્વામી સૂરિ**—તેઓ આ૦ શીલભદ્રના શિષ્ય હતા; પરંતુ આ૦ ભરતેશ્વરની પાટે આવ્યા હતા. તેમણે સં૦ ૧૨૧૨ ના મહા શુદિ ૧૦ ને બુધવારે આબૂતીર્થમાં મોટી પ્રતિષ્ઠા કરી હતી. (જૂઓ, 'અર્બુદ પ્રાચીન જૈન લેખસંદોહ' લેખાંક : ૧૫૯, ૧૬૦, ૧૬૧)

**૧૨. આ૦ નેમિચંદ્રસૂરિ**—તેમણે કણાદમતનું ખંડન કર્યું હતું.

(જૂઓ, માણિક્યચંદ્રકૃત પાર્શ્વનાથચરિત્ર-પ્રશસ્તિ; કાવ્યપ્રકાશ-સંકેત-ટીકા-પ્રશસ્તિ.)

**૧૩. આ૦ સાગરચંદ્રસૂરિ**—તેમના અમીસમા ઉપદેશથી નાડોલનો રાજા કેલ્હણદેવ (સં૦ ૧૨૨૧ થી ૧૨૪૯) તથા બીજા બ્રાહ્મણો જૈન બન્યા હતા. (પ્ર૦ ૪૩) તેમણે ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહ વિશે વર્ણનાત્મક કાવ્યો રચ્યાં છે. નિર્વૃતિકુલના કામ્યગચ્છના આ૦ ગોવિંદસૂરિના પટ્ટધર આ૦ વર્ધમાનસૂરિએ સં૦ ૧૧૯૭માં રચેલા 'ગણરત્નમહોદધિ' (મુદ્રિત પૃ૦ ૧૪૪)માં તેમનું એક પદ્ય આ પ્રકારે આપ્યું છે. (વિવિધગચ્છીય પટ્ટાવલીસંગ્રહ, પૃ૦ ૬૯, શ્લોક : ૯૭)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

द्रव्याश्रयाः श्रीजयसिंहदेव ! गुणाः कणादेन महर्षिणोक्ताः ।
त्वया पुनः पण्डितदानशौण्ड ! गुणाश्रयं द्रव्यमपि व्यधायि ॥

(જૂઓ, જૈનસાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પારા. ૩૬૨)

સંભવ છે કે, તેમની પાટે આ૦ મલયેન્દુ થયા હોય.

(રાજગચ્છ પટ્ટાવલી, શ્લો૦ ૮૯, ૯૦).

**૧૪. આ૦ માણિક્યચંદ્રસૂરિ**—તેઓ આ૦ સાગરચંદ્રસૂરિના ગુરુભાઈ હતા; છતાં આ૦ **સાગરચંદ્રને** ગુરુ તુલ્ય માનતા હતા.

નાગેંદ્રગચ્છીય આ૦ ઉદયપ્રભસૂરિના શિષ્ય આ૦ જિનભદ્ર લખે છે કે, આ૦ માણિક્યચંદ્રસૂરિ વડકૂપ (વડવા)માં સ્થિરવાસ કરતા હતા. મહામાત્ય વસ્તુપાલે ખંભાત જઈ તેમને ત્યાં પધારવા વિનંતિ કરી; પરંતુ આચાર્યશ્રી ત્યાં ગયા નહિ, તેથી મહામાત્યે બે શ્લોક લખીને તેમને મોકલ્યા—

उत्प्लुत्योत्प्लुत्य गतिं कुर्वन् गर्वादखर्वजडबुद्धिः ।
वटकूपकूपमध्ये निवसति माणिक्यमण्डूकः ॥
जडजं संगमे प्रहर्षी द्विजिह्वजनवल्लभोऽतितुच्छपदः ।
वटकूपकूपमध्ये निवसति माणिक्यमण्डूकः ॥

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

આચાર્યશ્રીએ તેનો ઉત્તર પણ શ્લોક દ્વારા આપ્યો—

गुणालीजन्महेतूनां सन्तूनां हृद् विपाटयन् ।
वंशाग्रार्थिपरिस्फूर्त्या रे पिङ्गन ! विजृम्भते ॥

(જૂઓ, નવો ત્રિષષ્ટિશલાકાચરિત્ર ભંડાર)

મહામાત્યે ગુસ્સામાં આવીને ખંભાતમાં તેમની પોષાળની વસ્તુઓ ચોરાવી લઈ સુરક્ષિત સ્થળે મુકાવી દીધી. આચાર્યશ્રીએ રૂબરૂમાં જઈ મહામાત્યને જણાવ્યું કે, 'સંઘમાં તમારા જેવા મોટા પુરુષો વિદ્યમાન હોય છતાં પોષાળમાં આવો ઉપદ્રવ કેમ થયો?'

મહામાત્યે વંદન કરી સુખશાતા પૂછીને જણાવ્યું કે, 'આપને અહીં પધરાવવા માટે જ બન્યું છે.' મહામાત્યે હસીને આવો ઉત્તર વાળી એ બધી વસ્તુઓ પાછી આપી. મહામાત્યે સંઘપૂજા કરી ત્યારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્યે તેમની પ્રશંસા કરીને જણાવ્યું કે, 'અમે સરસ્વતી પુત્રો છીએ, તું સરસ્વતી કંઠાભરણ છે, તે જ્યાં હોય ત્યાં અમે રહીએ.' (સં૦ ૧૨૯૦ની પ્રબંધાવલી, પુરાતનપ્રબંધસંગ્રહ પૃ૦ ૬૪, ૭૬)

તેમણે સં૦ ૧૨૬૬માં 'કાવ્યપ્રકાશ'ની સંકેત ટીકા, સં૦ ૧૨૭૬ની દિવાળીમાં દેવકુલપાટકમાં 'પાર્શ્વનાથચરિત્ર' (ગ્રં૦ : ૫૨૭૮), સં૦ ૧૨૭૬ના આસો વદિ અમાસ ને સોમવારે કર્ણાવતીમાં 'શાંતિનાથચરિત્ર' (સર્ગ : ૮, ગ્રં૦ ૫૫૭૪), મહામાત્ય વસ્તુપાલનાં પ્રશંસાકાવ્યો અને ધર્કટવંશના મંત્રી યશોવીરનાં પ્રશંસાકાવ્યો વગેરે રચ્યાં છે.

મમ્મટના 'કાવ્યપ્રકાશ'ના ઉલ્લાસ ૧ થી ૧૦ છે. તેના ઉપર આચાર્યશ્રીએ 'સંકેત' નામની ટીકા રચી છે; જે સૌથી પ્રાચીન ટીકા છે અને તે વિદ્વાનોમાં અત્યંત પ્રમાણભૂત મનાય છે. આચાર્યશ્રીએ તેમાં ભામહ, ઉદ્ભટ, રુદ્રટ, દંડી, વામન, અભિનવગુપ્ત, મુકુલ અને ભોજ વગેરે અલંકારના વિદ્વાનોના મતો આપીને છેવટે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો છે.

નં૦ ૪૭ મુનિ હરિભદ્રના પુત્ર નાનુએ વડગચ્છના આ૦ ગુણાકરને સં૦ ૧૪૧૦માં તેમના 'શાંતિનાથચરિત્ર'ની પ્રતિ લખાવીને અર્પણ કરી હતી.[1] (પ્ર૦ ૪૧)

**૧૫. આ૦ હેમપ્રભસૂરિ**—તેમના સં૦ ૧૩૨૬, સં૦ ૧૪૦૦ના પ્રતિમાલેખો મળે છે; તેઓ સં૦ ૧૪૦૦ના પ્રતિમાલેખમાં પોતાને ઘોષપુરીયગચ્છના બતાવે છે.

**૧૬. આ૦ હરિપ્રભસૂરિ.**

**૧૭. ભ૦ મેરુચંદ્ર**—તેમની સં૦ ૧૪૯૧ની પ્રતિમા ખંભાતમાં બિરાજમાન છે.

---

૧. "જૈન પરંપરાનો ઇતિહાસ" ભા૦ ૧, પ્રક૦ ૩૨, પૃ૦ ૫૧૭માં આ૦ માણિક્યચંદ્રને આ૦ મુનિશેખરના પટ્ટધર આ૦ સાગરચંદ્રના ગુરુભાઈ તરીકે લખ્યા છે તે ઉલ્લેખ બરાબર નથી એમ સમજવું.

નલાયન કર્તા આ૦ માણિક્યચંદ્ર વડગચ્છમાં તેમજ 'શ્રીધરચરિત' વગેરેના કર્તા આ૦ માણિક્યચંદ્ર અંચલગચ્છમાં થયા હતા. (જૂઓ, પ્ર૦ ૪૦, ૪૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૧૩. રાજગચ્છ પટ્ટાવલી (ધર્મઘોષગચ્છ)

૯. **આ૦ શીલભદ્રસૂરિ**—તેમની પાટે આ૦ ધનેશ્વર, આ૦ ચંદ્ર, આ૦ ભરતેશ્વર, આ૦ ધર્મઘોષ અને આ૦ સર્વદેવ થયા હતા.

૧૦. **આ૦ ધર્મઘોષસૂરિ**—તેમનું બીજું નામ આ૦ **ધર્મસૂરિ** પણ મળે છે. તેઓ વ્યાકરણના પારગામી, ન્યાયશાસ્ત્રના નિષ્ણાત, સૂત્ર-અર્થના સમર્થ વ્યાખ્યાતા અને અપૂર્વ બુદ્ધિવાળા હતા. તેઓ છ ઘડીમાં ૫૦૦ શ્લોક મુખપાઠ કરી શકતા હતા. તેઓ મહાવાદી હતા. તેમને અંબિકાદેવી પ્રસન્ન હતી. તેમણે નાગોર, શાકંભરી અને અજમેરની રાજસભામાં વ્યાખ્યાનો આપ્યાં હતાં, અને ત્યાંના રાજવીઓ તેમજ જનતા ઉપર પ્રભાવ પાડયો હતો. નાગોરનો રાજા આલ્હણ (નાડોલનો રાજકુમાર સં૦ ૧૧૬૭ થી ૧૨૧૮), શાકંભરીના રાજાઓમાં અજયરાજ, જેણે અજમેર વસાવ્યું; રાજા અર્ણોરાજ, જેણે પોતાની પુત્રી જલ્હણા (ચંદ્રલેખા) ગૂર્જરેશ્વર કુમારપાલને પરણાવી હતી (મૃત્યુ સં૦ ૧૨૦૮), ચોથો વિગ્રહરાજ (સં૦ ૧૨૧૨થી ૧૨૨૦) વગેરે રાજાઓ આ૦ ધર્મઘોષસૂરિને ગુરુદેવ તરીકે માનતા હતા. તેમણે અજમેરમાં રાજા અર્ણોરાજની સભામાં દિગંબર વાદી ગુણચંદ્રને હરાવ્યો હતો.[1] બીજા ઘણા વાદોમાં વિજય મેળવ્યો હતો. તેમના ઉપદેશથી પ્રતિબોધ પામી અજમેરના રાજા **વિગ્રહરાજે** (વીશલદેવે) જૈનધર્મ અંગીકાર કર્યો હતો. પોતાના રાજ્યમાં અગિયારશ વગેરે તિથિઓમાં અમારિ પળાવી હતી. અજમેરમાં મોટો **રાજવિહાર** બંધાવી, તેમાં ભ૦ શાંતિનાથની મોટી

૧. वादिचन्द्र गुणचन्द्रविजेता भूपतित्रयविबोधविधाता ।
धर्मसूरिरिति नाम पुराऽऽसीद् विश्वविश्वविदितो मुनिराजः ॥३९॥
( જૂઓ, રાજગચ્છ પટ્ટાવલી અર્બુદ પ્રાચીન લેખસંદોહ, લેખાંક : ૧)

सुलभविविधलब्धिर्भाग्यसौभाग्यभूमिर्भवशतकृतपुण्यप्राप्यपादप्रसादः ।
जिनपतिमतचित्रोत्सर्पणाकेलिकारो जयति कलियुगेऽस्मिन् गौतमो धर्मसूरिः॥
(—રાજગચ્છ પટ્ટાવલી, શ્લો૦ ૭૧, ૮૪, વિવિધગચ્છીય પટ્ટાવલીસંગ્રહ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી; તેના કળશ–દંડ ચડાવ્યા હતા. અને તેની ધજા પણ **અરિસિંહ** અને **માલવરાજ**ને સાથે રાખીને પોતે જ બાંધી હતી. આ સ્થાનનો મુસલમાનોએ નાશ કર્યો, જે સ્થાન અત્યારે "અઢાઈ દિનકા ઝોંપડા" એ કૌતુકી નામથી ઓળખાય છે.

આ સિવાય આચાર્યશ્રીના ઉપદેશથી રાજા વિગ્રહની માતા સુહવદેવીએ **સબહુપુર** વગેરે ૧૦૫ સ્થાનોમાં ૭૦ પાર્શ્વનાથજી વગેરેનાં જિનાલયો બનાવ્યાં હતાં. સં૦ ૧૧૮૧ કે સં૦ ૧૧૯૧ માં ફલોધિ પાર્શ્વનાથ પ્રકટ્યા ત્યારે તેમના પ્રાકટ્ય ઉત્સવમાં આ૦ ધર્મઘોષસૂરિ ત્યાં હાજર હતા. તેમણે સં૦ ૧૧૮૬માં 'ધમ્મકપ્પદ્દુમો' તથા સં૦ ૧૧૮૬ ના માગશર શુદિ ૫ ના દિવસે 'ગૃહિધર્મપરિગ્રહપ્રમાણ' ગ્રંથ બનાવ્યા છે. 'મંગલસ્તોત્ર' (શ્લો૦ ૧૫), 'પાર્શ્વનાથસ્તોત્ર' (શ્લો૦ ૧૬) રચ્યા છે.

ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહે તેમની ઘણી પ્રશંસા કરી હતી.

जैन साईट JAINSITE .com

**ધર્મપ્રચાર—**

આચાર્યશ્રીએ બ્રાહ્મણ, માહેશ્વરી વૈશ્ય અને ક્ષત્રિયોને ઉપદેશ આપી જૈન બનાવ્યા હતા. વહીવંચાની વહીઓમાં લખ્યું છે કે, સં૦ ૧૧૨૯માં તેમણે મુદિયાડના બ્રાહ્મણોને જૈન બનાવી નારાના પરિવારનું નહાર ગોત્ર સ્થાપ્યું હતું. સં૦ ૧૧૩૨ માં વણથલીના ચૌહાણ રાજા પૃથ્વીપાલ વગેરેને જૈન બનાવ્યા. તેના સાતમા પુત્ર મુકુંદનો પુત્ર સાહારણ, જે વહાણવટુ ખેડતો હતો તેના પરિવારનું ભાણવટુ ગોત્ર સ્થાપ્યું, સં૦ ૧૧૩૨ માં અજયનગર પાસે જયેષ્ઠા નગરના પંવાર રાવ, સુર અને તેના નાનાભાઈ સાંકલાને જૈન બનાવ્યા; અને તેમના પરિવારનું સુરાણાગોત્ર તથા સાંખલાગોત્ર સ્થાપ્યું, જેમનો 'સુરાણાગચ્છ' બન્યો. એ જ રીતે આચાર્યશ્રીએ નવા નવા જૈનો બનાવી તેમનાં મીઠડિયા, સોની, ઉસતવાલ, ખટોર વગેરે ગોત્રોની સ્થાપના કરી હતી. એકંદરે આ૦ ધર્મઘોષસૂરિના ઉપદેશથી ઓસવાલોમાં ૧૦૫ અને શ્રીમાલીમાં ૩૫ નવાં જૈન ગોત્રો બન્યાં. તે બધા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મઘોષગચ્છના શ્રાવકો હતા. આ૦ ધર્મઘોષની ગાદીએ તપાગચ્છના શ્રીપૂજ્યેનું બેસણું છે એટલે ધર્મઘોષગચ્છના સૌ ગોત્રો તપગચ્છને માને છે. અજમેરમાં મહેતાઓએ બંધાવેલું તપાગચ્છનું ભ૦ પાર્શ્વનાથનું જિનાલય છે.

શાકંભરીનો મહામાત્ય ધનદેવ આ૦ ધર્મઘોષસૂરિનો પરમભક્ત હતો. તેમના પુત્ર કવિ યશશ્ચંદ્રે 'મુદ્રિતકુમુદચંદ્રનાટક' વગેરે ચાર નાટકોની રચના કરી છે.

તેમણે (૧) આ૦ રત્નસિંહસૂરિ, (૨) આ૦ યશોભદ્ર અને (૩) આ૦ સમુદ્રઘોષ વગેરે ૨૦ શિષ્યોને આચાર્યપદ આપ્યું હતું. તેમનાથી 'ધર્મઘોષગચ્છ'નો આરંભ થયો.

આચાર્યશ્રીએ ધર્મઘોષગચ્છની સુરક્ષા માટે પોતાના સાધુઓ શિથિલ ન થાય તે માટે અને સંપૂર્ણ વ્યવસ્થા માટે ૧૬ શ્રાવકોની એક શ્રમણોપાસકસમિતિ બનાવી હતી, જેમની દેખભાળમાં શુદ્ધિ અને સંગઠનનું કામ સારી રીતે ચાલતું હતું.

આ૦ ધર્મઘોષસૂરિ બીજા યુગના ૧૮ મા યુગપ્રધાન આચાર્ય હતા. તેમનો યુગપ્રધાનકાળ વીર સં૦ ૧૫૨૦ થી ૧૫૯૮ હતો.

(જૂઓ, પ્રક૦ ૮, પૃ૦ ૧૯૭)

**૧૧. આ૦ રત્નસિંહસૂરિ**—તેઓ આ૦ ધર્મઘોષસૂરિના પટ્ટધર હતા. તેમનાં બીજાં નામો આ૦ રત્નાકર અને રત્નકીર્તિ પણ મળે છે. તેઓ આ૦ સમુદ્રસૂરિના શિષ્ય હતા. તેમણે પ્રાકૃતમાં 'પાર્શ્વનાથસ્તવન' (શ્લો૦ ૭) રચ્યું છે.

તેમણે સં૦ ૧૨૪૮માં 'આત્મહિતકુલક' (ગાથા : ૨૫), 'આત્માનુશાસનકુલક' (ગાથા : ૫૬), 'આત્માનુશાસ્તિકુલક' (ગાથા : ૨૫), 'ઉપદેશકુલક' (ગાથા : ૨૬), 'ગુર્વારાધનકુલક' (ગાથા : ૩૪), 'પરમસુખદ્વાત્રિંશિકા' (ગાથા : ૩૨), 'પર્યંતારાધના' (ગાથા : ૧૬), 'મનોનિગ્રહભાવના' (ગાથા : ૪૪), 'શ્રાવકવર્ષાભિગ્રહભાવના', 'સંવેગામય' (પ્રાકૃત, ગાથા : ૧૧૨), 'સંવેગામૃતપદ્ધતિ' (સંસ્કૃત, શ્લો૦ ૪૩), 'સંવેગરંગમાલા' (ગાથા : ૫૦), 'ગુરુસ્તુતિકુલકો' ૩૭ રચ્યાં છે.

(જૂઓ, જૈન ગૂર્જર કવિઓ, ભા૦ ૧, પૃ૦ ૭૪)



www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

**૧૨. આ૦ દેવેન્દ્રસૂરિ**—તેમના શિષ્ય પં૦ કનકપ્રભે પં૦ ઉદયચંદ્રગણિની પ્રેરણાથી 'સિદ્ધહેમચંદ્રવ્યાકરણ' ઉપર 'ન્યાસસારોદ્ધાર' નામે ટીકા રચી છે.

**૧૩. આ૦ રત્નપ્રભસૂરિ.**

**૧૪. આ૦ આણંદસૂરિ**—તેમણે આબૂતીર્થમાં વિમલવસહીમાં સં૦ ૧૨–૯માં કુલધરના પુત્રોએ ભરાવેલ ભ૦ નેમિનાથની પ્રતિષ્ઠા કરી હતી.

**૧૫. આ૦ અમરપ્રભસૂરિ**—તેમના ઉપદેશથી સોમસિંહે સં૦ ૧૩૪૪ના માગશર સુદિ-ને રવિવારે 'કલ્પસૂત્ર' લખાવ્યું હતું.

**૧૬. આ૦ જ્ઞાનચંદ્રસૂરિ**—

तावत् कविर्नवकवित्वविधानदक्षो
वाद्रीश्वरो वदति तावदशेषवादान् ।
वक्ताऽपि तावदमृतोपमशक्तिरासीद्
ज्ञानेन्दुरेति कुशकोटिमतिर्न यावत् ॥

(વિવિધગચ્છીય પટ્ટાવલી સંગ્રહ, પૃ૦ ૬૮,
'રાજગચ્છીય પટ્ટાવલી' શ્લો૦ ૭૨)

**અલ્લાઉદ્દીન** ખીલજીએ સં૦ ૧૩૬૮માં આબૂતીર્થનાં જૈન મંદિરોને તોડી નાખ્યાં હતાં. આ૦ **જ્ઞાનચંદ્રના** ઉપદેશથી મંડોવરના શેઠ ગોસલ તથા શેઠ મહણસિંહના પુત્રો **શા. વીજડ** તથા **લાલિગ** વગેરેએ વિમલવસહીની ઘણી દેરીઓનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને આચાર્યશ્રીએ તેમાં સં૦ ૧૩૭૮ના જેઠ સુદિ ૯ ને સોમવારે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી. આ આચાર્ય સં૦ ૧૩૯૪ સુધી વિદ્યમાન હતા.

**૧૭. આ૦ મુનિશેખરસૂરિ**—તેઓ મોટા વાદી હતા. આ આચાર્ય વિમલવસહીના સં૦ ૧૩૭૮ના જીર્ણોદ્ધારની પ્રતિષ્ઠા સમયે હાજર હતા. તેમની સં૦ ૧૩૮૬માં બનેલી મૂર્તિ મળે છે.

**૧૮. આ૦ સાગરચંદ્રસૂરિ**—તેઓ સં૦ ૧૪૩૨માં વિદ્યમાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતા.[1] મોટા વ્યાખ્યાતા હતા. રાજગચ્છની આ૦ ભરતેશ્વરની પરંપરામાં આ૦ નેમિચંદ્રની પાટે **આ૦ સાગરચંદ્ર**, આ૦ માણેકચંદ્ર થયા હતા. (જૂઓ, પ્ર૦ ૩૫; પૃ૦ ૩૬, ૩૭) તેમનાથી આ આચાર્ય જુદા હતા. તેમના મીઠા ઉપદેશથી પં૦ કેલ્હણુ વગેરે જૈન થયા. (જૂઓ, રાજગચ્છ પટ્ટાવલી, શ્લો૦ ૮૭)

**૧૯. ભ૦ મલયચંદ્રસૂરિ**—તેમના સં૦ ૧૪૬૧, સં૦ ૧૪૮૯ના પ્રતિમાલેખો મળે છે. ખંભાતના ભ૦ પાર્શ્વનાથના દેરાસરમાં (૧) ભ૦ મેરુચંદ્ર, (૨) ભ૦ મલયચંદ્ર અને (૩) ભ૦ મુનિતિલકની સં૦ ૧૪૯૧ માં બનેલી મૂર્તિઓ છે. તેઓ વિદ્વાન, બુદ્ધિમાન, નિરીહ હતા. તેમની કીર્તિ બહુ ફેલાઈ હતી. (રાજગચ્છ પટ્ટાવલી)

તેઓ ચમત્કારી હતા. તેમની પાટે આ૦ વિજયચંદ્ર થયા હતા; જેમના ઉપદેશથી જીરાવલાતીર્થમાં સં૦ ૧૪૯૩ ના ભાદરવા વદિ ૭ ને ગુરુવારે ભ૦ પાર્શ્વનાથના દેરાસરની વીશમી દેરી બની હતી.

**૨૦. ભ૦ પદ્મશેખરસૂરિ**—તેમના સં૦ ૧૪૮૦ ના કાર્તિક વદિ ૧૦, સં૦ ૧૪૯૧, સં૦ ૧૫૧૦ ના પ્રતિમાલેખો મળે છે.

સંભવ છે કે તેમનું બીજું નામ ભ૦ મેરુચંદ્ર હોય. ભ૦ મેરુચંદ્ર માટે (જૂઓ, પ્ર૦ ૩૫, પૃ૦ ૩૮)

**૨૧. ભ૦ પદ્માનંદસૂરિ**—મુનિ શ્રીક્ષમારત્ને સં૦ ૧૫૪૫ના કાર્તિક સુદિ ૩ના રોજ આ૦ નેમિચંદ્રસૂરિની 'ઉત્તરજ્ઝયણ'ની ટીકા આચાર્યશ્રીના ઉપાધ્યાય ભાવશેખર માટે લખી આપી. ભ૦ પદ્મશેખરનો સં૦ ૧૫૩૭નો પ્રતિમાલેખ મળે છે. સં૦ ૧૫૩૧ માં ધર્મઘોષગચ્છમાં આ૦ લક્ષ્મીસાગરસૂરિ થયા હતા. (માલપુરાનો લેખ)

**૨૨. ભ૦ નંદિવર્ધનસૂરિ**—તેમનો સં૦ ૧૫૭૧ના મહા વદિ ૫ને શુક્રવારનો પ્રતિમાલેખ મળે છે.

**૨૩. ભ૦ નયચંદ્રસૂરિ**—તેમણે ભ૦ પદ્મશેખરસૂરિના સમયે

---

૧. સં૦ ૧૪૮૫ માં આ૦ મહીતિલકસૂરિ, સં૦ ૧૫૩૩ માં ભ૦ મહેંદ્રસૂરિ, તત્પટ્ટે આ૦ શાલિભદ્રસૂરિ સં૦ ૧૫૩૩ માં થયા હતા.

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'રાજગચ્છ પટ્ટાવલી' બનાવી છે.

(-વિવિધગચ્છીય પટ્ટાવલી સંગ્રહ પૃ૦ ૫૭ થી ૭૧)

**૨૪. ભ૦ વિજયચંદ્રસૂરિ**—તેમણે 'ઉવસગ્ગહરં' સ્તોત્રની ટીકા બનાવી છે.

**૨૫. ભ૦ સાધુરત્નસૂરિ**—સં૦ ૧૫૦૮ થી ૧૫૮૭.[1]

ધર્મઘોષગચ્છમાં સં૦ ૧૫૫૭માં પુણ્યવર્ધન, સં૦ ૧૫૬૮માં નેમિચંદ્ર થયા હતા.

(જૂઓ, પ્રભાવકચરિત્રપ્રશસ્તિ; અમમચરિત્રપ્રશસ્તિ; શ્રેયાંસનાથચરિત્રપ્રશસ્તિ; શ્રીનાહટાજી સં૦ રાજગચ્છ પટ્ટાવલી; જૈન સત્યપ્રકાશ, ક્રમાંક: ૧૨૮; જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ પૃ૦ ૧૯૨ થી ૧૯૬)

## ૧૪. રાજગચ્છ પટ્ટાવલી (ધર્મઘોષગચ્છ)

JAINSITE .com जैनम् जयति शासनम्

**૯. આ૦ શીલભદ્રસૂરિ.**

**૧૦. આ૦ ધર્મઘોષસૂરિ**—તેમની પાટે વીશ આચાર્યો થયા.

**૧૧. આ૦ યશોભદ્રસૂરિ**—

सपादलक्षक्षोणीशसमक्षं जितवादिनाम् ।
श्रीधर्मघोषसूरीणां पट्टालङ्कारकारकाः ॥१॥

त्रिवर्गपरिहारा गद्यगोदावरीसृजः ।
बभूवुर्भूरिसौभाग्याः श्रीयशोभद्रसूरयः ॥२॥

તેમણે ત્રણ વર્ગોના વર્ણો રહિત નાનું 'ગદ્યગોદાવરીકાવ્ય' અને 'પ્રત્યક્ષાનુમાનાધિકપ્રકરણ' રચ્યાં છે.

તેમની પાટે (૧) આ૦ રવિપ્રભસૂરિ, (૨) આ૦ દેવસેન થયા હતા.

(-પ્રવચનસાર-વિષમપદાર્થાવબોધ)

---

૧. સંભવ છે કે તેમની યતિપરંપરામાંથી નાગોરી લોંકાગચ્છ નીકળ્યો હોય. (-વિવિધગચ્છીય પટ્ટાવલી સંગ્રહ, પૃ૦ ૮૧) નાગોરી લોંકાગચ્છ માટે (જૂઓ, પ્ર૦ ૫૩મું)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૨. આ૦ રવિપ્રભસૂરિ—**

अभिनृपसभं गङ्गागौरप्रवर्तितकीर्त्तयः ।

तदनु महसां पात्रं जाता रविप्रभसूरयः ॥३॥

તેઓ દરેક રાજસભામાં કીર્તિ પ્રાપ્ત કરતા.

(–પ્રવચનસાર-વિષમપદાર્થાવબોધ)

**૧૩. આ૦ ઉદયપ્રભસૂરિ**—તેમણે આ૦ નેમિચંદ્રસૂરિના 'પ્રવચનસારોદ્ધાર'નું ટિપ્પન, 'વિષમપદાર્થાવબોધ' (ગ્રં૦ : ૩૨૦૩), આ૦ શિવશર્મના 'પંચમકર્મગ્રંથ'નું ટિપ્પન અને 'પ્રાચીન કર્મગ્રન્થો'નાં ટિપ્પનો રચ્યાં છે.

આ૦ મુનિચંદ્રસૂરિ અને પં૦ ગુણચંદ્રગણિએ 'વિષમપદાર્થાવબોધ'નું ટિપ્પન રચવાની પ્રેરણા આપી તેનું સંશોધન કર્યું અને પ્રથમ આદર્શ લખ્યો હતો.[1] (–વિષમપદાર્થાવબોધ-ટિપ્પન)

## ૧૫. રાજગચ્છ પટ્ટાવલી (ધર્મઘોષગચ્છ)

**૧૦. આ૦ ધર્મઘોષસૂરિ.**

**૧૧. આ૦ યશોભદ્રસૂરિ**—તેમની પાટે આ૦ રવિપ્રભ, આ૦ દેવસેન થયા હતા.

**૧૨. આ૦ દેવસેનગણિ**—તેમના ઉપદેશથી સં૦ ૧૨૧૫ના ચૈત્ર સુદિ ૮ના રોજ ગિરનારતીર્થમાં ભ૦ નેમિનાથના મોટા દેરાસરનો જીર્ણોદ્ધાર થયો હતો.

**૧૩. આ૦ પૃથ્વીચંદ્રસૂરિ**—તેમણે 'કલ્પસૂત્ર' ઉપર ટિપ્પન રચ્યું છે.

**૧૪. આ૦ જયચંદ્રસૂરિ**—તેમણે સં૦ ૧૩૪૩ના મહા વદિ ૧ ને શનિવારે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી.

(જૂઓ, પ્રભાસપાટણનો પ્રતિમાલેખ)

---

૧. આ ગ્રંથ અમદાવાદમાં પ્રાચ્ય જૈન વિદ્યાભવનના શ્રી ચારિત્રવિજયજી જૈનજ્ઞાનમંદિરમાં છે, જે સં૦ ૧૫૩૯ શ્રા૦ વ૦ ૯ ને બુધવારે તપાગચ્છના શ્રાવક મંત્રી મેઘરાજે પોતે લખ્યો છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૧૬. રાજગચ્છ પટ્ટાવલી (ધર્મઘોષગચ્છ)

**૯. આ૦ શીલભદ્રસૂરિ.**

**૧૦. આ૦ ધર્મઘોષસૂરિ**—જેમની પાટે વીશ આચાર્યો થયા. આ૦ મુનિરત્નસૂરિ ‘અમમચરિત્ર’માં ચંદ્રગચ્છીય આ૦ ચંદ્રપ્રભ અને આ૦ ધર્મઘોષનો પરિચય આપી તેમનાથી પટ્ટાવલીની શરૂઆત કરે છે.

**૧૧. આ૦ સમુદ્રઘોષસૂરિ**—તેઓ આ૦ ધર્મઘોષના પ્રસિદ્ધ પટ્ટધર હતા. માળવાના વિશિષ્ટ પંડિતોમાં તેમની ગણના થતી હતી. તેઓ અનેક વિદ્વાનો અને અનેક મુનિવરોના વિદ્યાગુરુ હતા. તેમણે ધારાનો નરવર્મદેવ (સં૦ ૧૧૬૧ થી ૧૧૯૦), ગોહૃદ–ગોધરાનો રાજા અને ગુજરાતનો રાજા સિદ્ધરાજ જયસિંહ (સં૦ ૧૧૫૦ થી ૧૧૯૯) વગેરેની રાજસભામાં પોતાના ત્યાગ અને વિદ્વત્તાથી સમ્માન મેળવ્યું હતું. તેમની પાટે ત્રણ આચાર્યો થયા. (૧) આ૦ સુરપ્રભ, (૨) આ૦ મુનિરત્ન અને (૩) આ૦ તિલકચંદ્ર. આ૦ સુરપ્રભ મોટા વિદ્વાન હતા, મહાકવિ હતા અને માળવામાં વિશેષ પ્રસિદ્ધ હતા. તેમની પાટે આ૦ જિનેશ્વર વગેરે ત્રણ આચાર્યો થયા હતા.

**૧૨. આ૦ મુનિરત્નસૂરિ**—તેઓ વ્યાકરણ, સાહિત્ય, છંદ, નિરુક્ત, ન્યાય, જ્યોતિષ અને સિદ્ધાંતના પારગામી હતા. તેમણે આ૦ સુરપ્રભની પાટે આ૦ જિનેશ્વરને તથા પોતાની પાટે આ૦ જિનસિંહને સ્થાપ્યા હતા. વારાહીનગરીમાં શ્રીમાલી ભંડારી યશોધવલ રહેતો હતો, તે ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહના ખજાનાનો મંત્રી હતો. તેને જગદ્દેવ નામે વિદ્વાન પુત્ર હતો. ક૦ સ૦ આ૦ શ્રીહેમચંદ્રસૂરિએ જગદ્દેવની કવિતાથી પ્રસન્ન થઈને તેનું બાલકવિ એવું બીજું નામ રાખ્યું હતું. બાલકવિ જગદ્દેવ મોટો થતાં ધર્મઘોષગચ્છની શ્રમણોપાસક સમિતિનો અધ્યક્ષ બન્યો હતો. બાલકવિને આ૦ મુનિરત્નસૂરિ પ્રત્યે અવિહડ પ્રેમ હતો. આ૦ મુનિરત્નના ઉપદેશથી પ્રતિબોધ પામેલ રાજજ્યોતિષી રુદ્રદેવનો પુત્ર મંત્રી નિન્નો, ચૂડનભટ્ટ અને બાલકવિ એ ત્રણે જૈનધર્મની ઉન્નતિમાં ઘણો રસ લેતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતા. બાલકવિ જગદ્દેવે તો ઉજ્જૈનમાં રાજા નરવર્મની રાજસભામાં (સં૦ ૧૧૬૧ થી ૧૧૯૦)માં શૈવવાદીને હરાવ્યો હતો. આચાર્યશ્રીએ સં૦ ૧૨૫૨માં પાટણમાં બાલકવિ જગદ્દેવની વિનતિથી 'અમમચરિત્ર' રચ્યું અને પાટણમાં શ્રીશાંતિનાથના દેરાસરના ઉપાશ્રયમાં વ્યાખ્યાન કરી વાંચી સંભળાવ્યું. કવિ કુમાર, પૂર્ણપાલ, યશઃપાલ, બાલકવિ જગદ્દેવ એ પંડિતસભાના ત્રણ વડાઓએ અને પં૦ મહાનંદે તેનું સંશોધન કર્યું હતું. ગૂર્જરવંશના ઉદ્દ્યોતનના પુત્ર મંત્રી ઉદયરાજના પુત્ર પંડિત સાગરચંદ્રે તેની પ્રથમ પ્રતિ લખી અને આ૦ જિનસિંહે તેની પ્રશસ્તિ રચી છે.

**૧૩. આ૦ જિનસિંહસૂરિ**—તેમણે સં૦ ૧૨૪૫માં 'ગુરુ-પરંપરાપ્રશસ્તિ' (શ્લો૦ ૩૩) રચી 'અમમચરિત્ર'ની પાછળ જોડી છે. (જુઓ, અમમચરિત્ર)

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## ૧૭. રાજગચ્છ પટ્ટાવલી

**૯. આ૦ શીલભદ્રસૂરિ**—તેમની પાટે પાંચ આચાર્યો થયા તેઓમાં ગચ્છપતિ આ૦ ધર્મઘોષસૂરિ હતા.

**૧૦. આ૦ સર્વદેવસૂરિ**—તેઓ ભાલેજમાં શ્રીમહાવીરસ્વામીના દેરાસરમાં વ્યાખ્યાન વાંચતા હતા, ત્યારે દેવીએ આવી તેમના હાથની વજ્રવડે રક્ષા કરી હતી. તેમની પાટે આ૦ ચંદ્રપ્રભ અને આ૦ જયસિંહ વગેરે થયા.

**૧૧. આ૦ ચંદ્રપ્રભસૂરિ**—તેઓ મોટા તપસ્વી હતા. તેમને સ્તંભન પાર્શ્વનાથનો અધિષ્ઠાયક પ્રત્યક્ષ હતો.

**૧૨. આ૦ જિનેશ્વરસૂરિ**—તેઓ અત્યંત શાંત, સમભાવી અને સર્વવિદ્યામાં નિષ્ણાત હતા. તેમનું લલાટ તેજસ્વી હતું.

**૧૩. આ૦ રત્નપ્રભસૂરિ**—તેઓ વિદ્વાન હતા.

**૧૪. આ૦ માનતુંગસૂરિ**—તેમણે 'ત્રિપુરાગમ'માંથી ઉદ્ધરીને

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

સ્વતંત્ર સૂત્રગ્રંથ અને તેની સ્વોપજ્ઞ ટીકા રચી છે. તેમણે સં૦ ૧૩૩૨ મહા વદિ ૫ ના રોજ ત્રિપુરા-સરસ્વતીની કૃપાથી રાજગચ્છના આ૦ દેવભદ્રે સં૦ ૧૨૪૨ માં રચેલા 'સિજ્જંસચરિયં'ના આધારે 'શ્રી શ્રેયાંસનાથચરિત્ર' (ગ્રં : ૫૧૨૪) રચ્યું છે. રાજગચ્છના વૃદ્ધ કવિ ગુરુ આ૦ પ્રદ્યુમ્નસૂરિએ તેનું સંશોધન કર્યું હતું.

(જૂઓ, શ્રીશ્રેયાંસનાથચરિત્રપ્રશસ્તિ)

## ૧૮. રાજગચ્છ પટાવલી

**૯. આ૦ શીલભદ્રસૂરિ.**

**૧૦. આ૦ સર્વદેવસૂરિ.**

**૧૧. આ૦ જયસિંહસૂરિ**—રાજગચ્છની દેવેંદ્રશાખામાં આ૦ જયસિંહ થયા, (જૂઓ, પ્ર૦ ૩૫, પૃ૦ ૩૫) તે તેમનાથી જુદા હતા.

**૧૨. આ૦ દેવેંદ્રસૂરિ**—તેમની પાટે આ૦ યશોભદ્ર, આ૦ યશોદેવ, આ૦ શ્રીચંદ્ર અને આ૦ જિનેશ્વર થયા.

जैन साहित्य JAINSITE .com जैनम् जयति शासनम्

**૧૩. આ૦ શ્રીચંદ્રસૂરિ**—તેમણે સં૦ ૧૨૧૪ ના આસો વદિ ૮ ને બુધવારે પાટણમાં કર્પૂરપટ્ટાધિપના પુત્ર સોમેશ્વરના ઘરમાં બીજે માળે વસતિસ્થાન રાખી, તેમના કુટુંબીઓની પ્રાર્થનાથી 'સણુયકુમારચરિયં' (ગ્રં : ૮૦૦૦) રચ્યું, તેની પહેલી પ્રતિ પં૦ હેમચંદ્રગણિએ લખી હતી. શ્રીચંદ્ર મુનિએ (આ૦ શ્રીચંદ્રે) રાજા મૂલરાજ સોલંકીના (સં૦ ૧૨૩૨ થી ૧૨૩૪) રાજકાળમાં પાટણના શેઠ સજ્જન પોરવાડ (સં૦ ૧૧૫૫)ના પુત્ર કૃષ્ણના પરિવાર માટે અપભ્રંશ ભાષામાં 'કથાકોશ' (સંધિ : ૫૩) નામે ગ્રંથ રચ્યો છે.

### નિર્વૃતિગચ્છ—

નિર્વૃતિકુલનો પરિચય પ્રક૦ ૧૪, પૃ૦ ૩૦૫ માં આવી ગયો છે. તેમાં વિશેષ હકીકત આ પ્રકારે છે—

નિર્વૃતિગચ્છના આચાર્યોએ વિક્રમની દશમી, અગિયારમી તથા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બારમી સદીમાં દિયાણાતીર્થનું[1] ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર, ભ૦ શાંતિનાથનું દેરાસર તથા લોટાણાનાં દેરાસરમાં જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી. કેટલાએક શિલાલેખો નીચે મુજબ છે—

સં૦ ૯૯૯ના અષાડ સુદિ ૬ના રોજ ગોઠીઓએ નિર્વૃતિગચ્છમાં જિનપ્રતિમા ભરાવી હતી.

સં૦ ૧૧૩૭ના જેઠ વદિ ૫ના રોજ નિર્વૃતિકુલના આ૦ આમ્રદેવે મોક્ષ માટે જિનપ્રતિમાયુગલ બનાવ્યું.

સં૦ ૧૧૭૪ના જેઠ વદિ ૪ના રોજ આ૦ આમ્રદેવે લોટાણાના ચૈત્યમાં શેઠ........ પોરવાડે ભરાવેલા ભ૦ વર્ધમાનસ્વામીની પ્રતિષ્ઠા કરી હતી વગેરે વગેરે. (જૂઓ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૫૭)

નિર્વૃતિગચ્છમાં સં૦ ૧૧૫૦ માં દ્રોણાચાર્ય અને સૂરાચાર્ય થયા. (જૂઓ, પ્ર૦ ૩૮મું)

નિર્વૃતિગચ્છના મહાધ્વજ આ૦ અમયદેવ (અભયદેવસૂરિ, અમૃતદેવસૂરિ)ના શિષ્ય ચંદ્રપ્રભ મહત્તરે સં૦ ૧૧૨૭માં દેયાવડ (દિયાણા) નગરમાં શિષ્ય વીરદેવની વિનતિથી 'વિજયચંદચરિયં' રચ્યું છે.

નિર્વૃતિગચ્છના આ૦ અંબદેવે સં૦ ૧૩૭૧માં 'સમરરાસુ' રચ્યો છે.

સં૦ ૧૩૮૯ માં આ૦ પાર્શ્વદત્ત થયા હતા.

રાજગચ્છ પટ્ટાવલીમાં લખ્યું છે કે, નિર્વૃતિગચ્છમાં પાષડસૂરિ થયા. આ ગચ્છ વિચ્છેદ ગયો છે. (–વિવિધગચ્છીય પટ્ટાવલી, પૃ૦ ૬૨)

**નિર્વૃતિગચ્છ–કામ્યગચ્છ—**

આ૦ ગોવિંદસૂરિ (આ૦ વિષ્ણુસૂરિ), આ૦ વર્ધમાનસૂરિ સં૦ ૧૧૯૭,

---

[1] **દિયાણાતીર્થ—**

श्रीअर्बुदाभिधमहीधरपार्श्ववर्ती
ग्रामोऽस्ति यो दियवराभिधया प्रसिद्धः ।
श्रीवर्धमानजिननायकतुङ्गशृङ्ग–
प्रासादराजपरिवारितभूमिभागः ॥

દિયાણાતીર્થનાં દિયવર કે દેયવડ, દયાવટ વગેરે મળે છે. (જૂઓ, શ્રી પ્રશસ્તિસંગ્રહ, પ્ર૦ નં૦ ૩૯, ૪૮, ૪૯, ૧૧૦)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ મહેશ્વરસૂરિ સ્વ૦ સં૦ ૧૧૦૦, આ૦ સર્વદેવ સં૦ ૧૧૦૦માં નિર્વૃતિકુલના કામ્યગચ્છમાં થયા હતા.

(જૂઓ, પ્રક૦ ૩૮, પ્રાચીનજૈનલેખસંગ્રહ ભા૦ ૨, પૃ૦ ૫૪૪)

**વિદ્યાધરગચ્છ—**

વિદ્યાધરગચ્છનો પરિચય પ્રક૦ ૧૪, પૃ૦ ૩૦૫, ૩૦૬ માં આવી ગયો છે. વિશેષ પરિચય આ પ્રમાણે છે—

## વિદ્યાધરગચ્છની પટ્ટાવલી

**૧. આ૦ સંગ્રામસૂરિ**—તેઓ વિદ્યાધરકુલના હતા. તેઓ વ્યાકરણ, કાવ્ય, અલંકારના વિદ્વાન હતા, મહાકવિ હતા. રાજગચ્છના આ૦ અભયદેવ તથા દિગંબરાચાર્ય અકલંકના ન્યાયગ્રંથોના પ્રકાંડ અભ્યાસી હતા. આ૦ હરિભદ્રસૂરિના ગ્રંથોના વિશદ પાઠી હતા. વૈશેષિક, મીમાંસા, ન્યાય, સાંખ્ય અને ભટ્ટપાદના શાસ્ત્રોને પચાવ્યાં હતાં. તેમણે સં૦ ૧૦૬૪ કે સં૦ ૧૦૬૮ માં શત્રુંજયતીર્થમાં એક મહિનાનું અનશન કરી સ્વર્ગગમન કર્યું. તેમના શ્રેય માટે ત્યાં ગણધર પુંડરીકસ્વામીની પ્રતિમા બની. તે પ્રતિમાલેખમાં આ આચાર્યશ્રીને 'વિદ્યાધરકુલનભસ્તિલક' બતાવ્યા છે.

**૨. આ૦ જયસિંહસૂરિ**—તેઓ મહાવિદ્વાન હતા.

**૩. આ૦ યક્ષદેવસૂરિ**—તેમણે નાગોરમાં અભ્યાસ કર્યો હતો. તેમણે આ૦ હરિભદ્રસૂરિનું સ્તુત્યાત્મક 'શ્લોકપંચક' રચ્યું છે; જે પ્રસિદ્ધ છે. (જૂઓ, પ્રક૦ ૧૪, પૃ૦ ૩૦૬; જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૩૯; પ્રક૦ ૩૪, પૃ૦ ૫૬૭)

**૪. પં૦ પાર્શ્વનાગગણિ**—તેઓ સૈદ્ધાંતિક આ૦ યક્ષદેવના શિષ્ય હતા. તેઓ સં૦ ૧૨૨૮માં વિદ્યમાન હતા.

**વિદ્યાધરગચ્છ-કાસહ્રદગચ્છ—**

કાસહ્રદગચ્છ એ વિદ્યાધરગચ્છનો પેટાગચ્છ છે. જાલિહરગચ્છના આચાર્ય દેવસૂરિ સં૦ ૧૨૫૪માં 'પઉમચરિયં'માં લખે છે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उच्चानागरी विज्जाहरी य वइरा य मज्झिमिल्ला य ।
एवासिणं साहाणं को जाणइ सव्वनामाणि ॥२३॥
विज्जाहरसाहाए गुच्छागुच्छ व्व सव्वसुमणमणहरणा ।
जालिहर कासरिया मुणिमहुअरपरिगया दुन्नि ॥२४॥

ઉચ્ચાનાગરી, વિદ્યાધરી, વજ્રી અને મધ્યમા એ કોટિકગણની શાખાઓ છે. આ પ્રમાણે બીજી પણ ઘણી શાખાઓ નીકળી છે, જેનાં નામો પણ કોઈ જાણતું નથી. જાલ્યોદ્ધાર અને કાસહૃદ આ બે ગચ્છો વિદ્યાધરશાખાના છે, જે પુષ્પગુચ્છની જેમ સૌ સજ્જનોનાં મનને હરણ કરનારા અને મુનિરૂપી ભમરાઓથી શોભાયમાન છે.

જૈન સંઘે આબૂની આસપાસમાં શત્રુંજય, ઉજ્જયંત, શત્રુંજયાવતાર, ભગવાન મહાવીરની ઉપસર્ગભૂમિ વગેરે સ્થાપનાતીર્થો રચ્યાં છે; તેમ બ્રાહ્મણોએ પણ ઋષિકેશ, બદરીકાશ્રમ, દ્વારિકા, મહુઆજી, વશિષ્ઠાશ્રમ, બ્રહ્માણનગર, કાશી વગેરે સ્થાપનાતીર્થો બનાવ્યાં છે, આબૂની નીચે કાસહૃદ ગામ છે. તેની ત્રણે બાજુએ આબૂનો લીલોછમ પ્રદેશ શોભે છે. બ્રાહ્મણો આ સ્થાનને લઘુકાશી કહે છે. બ્રાહ્મણો બતાવે છે કે, મારવાડ કે ગુજરાતના શૈવો કાશી જેટલે દૂર જઈ ન શકે, તેઓ અહીંની યાત્રા કરી કાશીયાત્રાનું પુણ્ય મેળવી શકે છે. આ રીતે આ સ્થાન તીર્થધામ છે. કાસહૃદની બહાર મોટી નદી છે, જે ગંગા કહેવાય છે, તેના કાંઠે શિવાલય છે તેને વિશ્વનાથનું મંદિર કહે છે. અહીં કરવત લેવાનું સ્થાન પણ સ્થાપન કરેલું છે. અહીં એક સમયે ઘણાં ઘરો હતાં, તેમજ સંસ્કૃત ભાષાનું પઠન-પાઠન પણ ચાલતું હતું.

કાસહૃદ એ જૈનોનું પણ મહત્ત્વનું સ્થાન છે. એ કાસહૃદગચ્છની ઉત્પત્તિનું નગર છે.

વિદ્યાધરકુલ અને વિદ્યાધરશાખા એ પ્રાચીન અસલના શ્રમણસંઘો છે. આ૦ પાદલિપ્ત, આ૦ સિદ્ધસેન દિવાકર, આ૦ હરિભદ્ર, આ૦ બપ્પભટ્ટી.. 

થયા અથવા ચાર ગચ્છો મુકરર થયા ત્યારે તેમના વંશજો આ શાખામાં ભળ્યા. (જૂઓ, પ્રક૦ ૧૪, પૃ૦ ૩૦૫, ૩૦૬)

રાજગચ્છ પટ્ટાવલીમાં કાસહૃદગચ્છમાં હુંબડ શાખામાં આ૦ ખપુટને બતાવ્યા છે. (પૃ૦ ૬૫)

કાસહૃદગચ્છ એ વિદ્યાધરકુલ—શાખાથી નીકળ્યો છે.

કાસહૃદ ગામમાં ઊંચી ટેકરી (ટીલા) ઉપર ચોવીશ દેરીઓવાળું વિશાળ જૈન દેરાસર છે. તેમાંની દેરીઓ અને પ્રતિમા ઉપર સં૦ ૧૦૯૧, સં૦ ૧૨૯૧, સં૦ ૧૨૯૯ વગેરે સાલના કાસહૃદગચ્છના ઉલ્લેખો છે. એક દેરી પર લખ્યું છે કે, "સં૦ ૧૦૯૧ માં અહીં ભિન્નમાલનગરથી આવેલ ઉત્તમ ગુણવાન, ધનાઢ્ય વેપારી, જૈનધર્મી શેઠ વામદેવ પોરવાડે ભ૦ આદિનાથનું સર્વ રીતે મનોરમ મંદિર બંધાવ્યું.

સં૦ ૧૨૨૨ પહેલાં કાસહૃદગચ્છમાં મોટા પ્રભાવક **આ૦ ઉદ્યોતનસૂરિ** થયા. તેમની પાટે તેમના પ્રીતિપાત્ર **આ૦ સિંહસૂરિ** થયા. ગુજરાતના રાજ્યસ્થાપક રાજા વનરાજ ચાવડાના મંત્રી શેઠ નીનાના વંશના મહામાત્ય પૃથ્વીપાલના પુત્ર મહામાત્ય ધનપાલે સં૦ ૧૨૪૫માં કાસહૃદમાં પોતાના મોટાભાઈ જગદેવના કલ્યાણ માટે ભ૦ શાંતિનાથની પ્રતિમા ભરાવી તેમજ સં૦ ૧૨૪૫ માં આબૂતીર્થની વિમલવસહીમાં પોતાના કુટુંબના કલ્યાણ માટે ચોવીશ જિનપ્રતિમાઓ ભરાવી અને તે દરેકની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા આ૦ સિંહસૂરિના હાથે કરાવવામાં આવી.

આ૦ સિંહસૂરિએ એક ભાગ્યવાન બાળકને નાનપણથી જ પોતાની પાસે રાખી અન્ન-પાન વગેરેથી પોષણની વ્યવસ્થા કરાવી હતી, તેમજ તેને કક્કો બારાક્ષરીથી લઈ વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, છંદ અને જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ કરાવીને દીક્ષા આપી હતી. તેને ઉપાધ્યાયપદ આપી તેનું નામ ઉ૦ **નરચંદ્રગણિ** રાખ્યું. ઉપા૦ નરચંદ્રે જન્મપ્રકાશવાળો 'જન્મપ્રકાશ', '**જન્માંભોધિ**', તેના ઉપર સં૦ ૧૩૨૪ ના મહા સુદિ ૮ ને રવિવારે સ્વોપજ્ઞ 'બેડાવૃત્તિ, પ્રશ્નશતક', તેના ઉપર સ્વોપજ્ઞ બેડાલઘુભગિની 'જ્ઞાનદીપિકા-વૃત્તિ' (ગ્રં૦ : ૧૦૫૦) વગેરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રંથો રચ્યા છે. ઉપા૦ **નરચંદ્ર આચાર્ય** થયા. આ૦ નરચંદ્રના ગુરુભાઈ **પં૦ ગુણભદ્ર** થયા. આ૦ નરચંદ્રની પાટે તેમના શિષ્ય **આ૦ રત્નપ્રભ** સં૦ ૧૪૧૮ માં વિદ્યમાન હતા.

કાસહૃદગચ્છના આ૦ દેવચંદ્રસૂરિના શિષ્ય ઉપા૦ દેવમૂર્તિએ સં૦ ૧૪૭૧ માં 'વિક્રમચરિત્ર' (સર્ગ : ૧૪) રચ્યું.

સં૦ ૧૩૩૦ માં કાસહૃદગામમાં 'શ્રીશાંતિનાથચરિત્ર'ની પ્રતિ લખાયેલી છે. તેની પુષ્પિકામાં લખ્યું છે—

'શેઠ ધનદાકે કાસહૃદના ભ૦ આદિનાથના દેરાસરમાં ભ૦ આદિનાથની નવી મૂર્તિ શુદ્ધ દ્રવ્યથી ભરાવી, તેને મૂળનાયક તરીકે બેસાડી.' (શ્લો૦ ૨૮)

અહીં મધ્યયુગમાં ભ૦ આદિનાથ, ભ૦ નેમિનાથ તથા ભ૦ મહાવીરસ્વામીનાં ત્રણ દેરાસરો હતાં. આજે અહીં ભ૦ આદિનાથનું ભવ્ય અને વિશાળ મંદિર ઊભું છે. આ મંદિરનું શિખર દૂર દૂરથી નજરે પડે છે.

કાસહૃદગચ્છનાં પ્રમાણો વિક્રમની પંદરમી સદીના અંત સુધીનાં મળે છે. ત્યાર પછી એ અંગેનો કોઈ નોંધપાત્ર ઉલ્લેખ મળતો નથી.

(જૂઓ, પ્રશ્નશતક-વૃત્તિ, મંત્રી નીનાની વંશાવલી, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૪૫)

રાજા શિલાદિત્યના સમયે યવનોએ વલભીપુરને ભાંગ્યું ત્યારે ત્યાંના જિનપ્રાસાદની પ્રતિમાઓ જૂદે જૂદે સ્થળે મોકલવામાં આવી. આસો સુદિ ૧૫ ના દિવસે ભ૦ મહાવીર શ્રીમાલનગરમાં, ભ૦ આદિનાથ કાસહૃદમાં, ભ૦ પાર્શ્વનાથ હારીજમાં અને વલભીનાથ શત્રુંજયતીર્થમાં પહોંચાડવામાં આવ્યા હતા. (જૂઓ, પુરાતનપ્રબંધસંગ્રહ, પૃ૦ ૮૩)

## વિદ્યાધરગચ્છ-જાલિહરગચ્છ—

વિદ્યાધરકુલના જાલિહર અને કાસહૃદ એમ બે પેટાગચ્છોનાં નામો મળે છે.

उच्चानागरी विज्जाहरी य वइरा य मज्झिमिल्ला य ।
एयासिणं साहाण को जाणइ सव्वणामाणि ॥२३॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

विज्जाहरसाहाए गुच्छगुच्छ व्व सव्वसुमणमणहरणो ।
जाल्हिहर कासरिया मुणिमहुअरपरिगया दुन्नि ॥३४॥

(સં૦ ૧૨૫૪, આ૦ દેવસૂરિકૃત ‘પઉમચરિયં’)

જાલ્યોદ્ધારગચ્છના આ૦ ગુણભદ્રસૂરિના ઉપદેશથી જાલ્યોદ્ધારગચ્છના મોઢવંશીય શ્રાવક આસદેવના પુત્ર પાલ્હણે ‘નંદી દુર્ગપદવ્યાખ્યા’ની પ્રતિ સં૦ ૧૨૨૬ના બીજા શ્રાવણ સુદિ ૩ને સોમવારે લખાવી. (—જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૯૦)

જાલિહરગચ્છનાં બીજાં નામો જાલિધર, જાલ્યોદ્ધાર, જાલિહદ અને જાલોર વગેરે છે. સંભવ છે કે, આ ગચ્છનું ઉત્પત્તિસ્થાન જાબાલિપુર, જાલોર, ઝાલરાપટ્ટણ કે ઝાદવલ્લી (ઝાડોલી) હોય.

## જાલિહરગચ્છની પટ્ટાવલી

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

૧. **આ૦ બાલચંદ્રસૂરિ.**

૨. **આ૦ સર્વાનંદસૂરિ**—તેમણે ‘પાર્શ્વનાથચરિત્ર’ રચ્યું.

૩. **આ૦ ધર્મઘોષસૂરિ**—તેઓ વિદ્યાધરગચ્છમાં થયા. તેમનું બીજું નામ ધર્મસાર પણ હતું. તેમની પાટે આ૦ રત્નસિંહ થયા. ગૂજરાતના મંત્રી વિમલશાહે તેમના જ ઉપદેશથી સં૦ ૧૦૮૮માં આબૂ પહાડ પર વિમલવસહી બનાવી, જૈનતીર્થની પુનઃ સ્થાપના કરી.

૪. **આ૦ દેવસૂરિ**—તેઓ આ૦ સર્વાનંદના શિષ્ય હતા. તેમણે આ૦ દેવેંદ્ર પાસે ન્યાયશાસ્ત્ર અને આ૦ હરિભદ્ર પાસે સર્વ સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો હતો. તેમણે સં ૧૨૫૪માં વઢવાણશહેરમાં ‘પઉમચરિયં’ની રચના કરી છે.

૫. **આ૦ હરિભદ્રસૂરિ**—તેમની પાટે ભ૦ ચંદ્રસિંહ અને ભ૦ હરિપ્રભ થયા. ભ૦ હરિપ્રભ પોતાને આ૦ દેવસૂરિના સંતાનીય બતાવે છે. તેમના સં૦ ૧૩૩૧, સં૦ ૧૩૩૯ના પ્રતિમાલેખો મળે છે.

(જૂઓ, પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા૦ ૨, લેખાંક : ૪૮૩, ૪૮૪, ૪૯૮)

૬. **ભ૦ ચંદ્રસિંહસૂરિ**—તેમનું નામ પવિત્ર મનાતું હતું. તેમના ગુરુભાઈ ભ૦ હરિપ્રભ **મોઢજ્ઞાતિના** હતા. તેમના આગ્રહથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજગચ્છના આ૦ **પ્રદ્યુમ્નસૂરિએ** સં૦ ૧૩૨૫ માં 'કાલકસૂરિકથા' (શ્લો૦ ૭૪)ની રચના કરી.

(જૂઓ, પ્રાચીનજૈનલેખસંગ્રહ ભા૦ ૨, લેખાંક : ૪૮૩, ૪૮૪, ૪૯૮, જૈન પુ૦પ્ર૦સં૦, પ્ર૦ ૧૯)

**૭. ભ૦ વિબુધપ્રભસૂરિ**—તેઓ આ૦ હરિભદ્રના શિષ્ય હતા. અને આ૦ ચંદ્રસિંહની પાટે આવ્યા હતા. તેમણે સં૦ ૧૩૯–(?) વૈશાખ સુદિ ૩ ના રોજ વઢવાણશહેરમાં પાજાવસહી જિનાલયમાં શેઠ પાજાની પુત્રવધૂ રત્નદેવીએ ભરાવેલ ભ૦ નેમિનાથની સપરિકર પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી.

**પલ્લીવાલ**—

तन्वाना सकला कलापमधिकं वर्याजिवालङ्कृतं
लक्ष्मीर्वंशनटीव यं श्रितवती प्रोद्यद्गुणाध्यासितम् ।
रङ्गान्नोत्तरणाभिलाषमकरोद् व्यावर्णतामागता
**पल्लीवाल** इति प्रसिद्धमहिमा वंशोऽस्ति सोऽयं भुवि ॥

वंशः **पल्लीवालो**ऽस्ति सशाखः सत्पर्ववान् ।
भूभृतोऽप्युररीचक्रे येनैकच्छत्रितात्मना ॥

यत्रानेकबुधा अनेककवयो धिष्ण्यानि भूयांस्यलं
चन्द्रस्योपचयः कलङ्कविकलः सञ्जायते सर्वदा ।
वक्रः कोऽपि न दृश्यते न च गुरुर्मित्रोदये निष्प्रभः
**पल्लीवाल**जनान्वयो नवनभोलक्ष्मीं दधानोऽस्ति वः ॥

सच्छायपर्वो घनजैनधर्मः स्थानेषु सर्वेषु विशेषितश्रीः ।
वंशः प्रसिद्धो भुवि **पल्लीवालाभिधो**ऽस्ति भूमिभृति लब्धरूपः ॥

(–જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર૦ ૧૧, ૨૭, સં૦ ૧૨૯૯, પ્ર૦ ૫૯, ૬૦)

**પાલી**—મારવાડમાં પાલી નામે મોટું નગર છે. પ્રાચીન ગૂજરાતનું પાટનગર શ્રીમાલનગર સં૦ ૧૦૭૧ માં ભાંગ્યું, ત્યારે ત્યાંના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બ્રાહ્મણો, મહાજનો વગેરે પાલીમાં આવી વસ્યા. આથી પાલી વિશેષ આબાદ બન્યું અને વેપારનું કેંદ્ર થયું. અહીં પ્રાચીનકાળમાં પૂર્ણભદ્ર મહાવીરનું પ્રસિદ્ધ જૈનતીર્થ હતું.

પાલીના વ્યાપારીઓનો સાંભર, અજમેર, નાગદા, પાલનપુર ને પાટણ સાથે વ્યાપારી સંબંધ હતો. પાલીના વ્યાપારીઓ અને વતનીઓ જ્યાં જ્યાં જાય ત્યાં પોતાને પલ્લીવાલ કે પાલીવાલ તરીકે ઓળખાવતા હતા.

જેમ ઉપકેશનગરથી ઉપકેશગચ્છ અને ઉપકેશજ્ઞાતિ નીકળ્યાં તેમ પાલીનગરથી પલ્લીવાલગચ્છ અને પલ્લીવાલજ્ઞાતિ નીકળ્યાં.[1]

ગૂર્જરેશ્વર કુમારપાલ સોલંકી (સં૦ ૧૧૯૯ થી ૧૨૨૯)એ સં૦ ૧૨૦૭માં ચંદ્રાવતી થઈ અજમેર ઉપર હલ્લો કર્યો. તેણે પાછા વળતાં અજમેર, સપાદલક્ષ, મેડતા તથા પાલીમાં પોતાની આણ વર્તાવી માળવા તરફ પ્રયાણ કર્યું.[2]

(—પ્રક૦ ૩૫, પૃ૦ રાજાવલી સોલંકીવંશ)

પાલીનગરના રહેવાસીઓ જ્યારે ગૂર્જરાતની સેનાએ અજમેર જીતી લીધું અને પાછા ફરતાં અહીં પાલી ઉપર પણ ચડાઈ કરશે

૧. ભારતના સંઘને સંગઠિત બની રહેવું ઘણું જરૂરી હતું આથી ભ૦ પાર્શ્વનાથ અને ભ૦ મહાવીરસ્વામીની પરંપરાના શ્રમણોની મૂળ ચાર શાખા, ઉપશાખા તથા મુનિસંઘો અમુક અમુક ક્ષેત્રમાં સતત વિહાર કરતા રહેતા અને ધર્મનો પ્રચાર કરતા હતા. આથી સમય જતાં આ મુનિસંઘો તે તે પ્રદેશ, મુખ્ય નગર, મુખ્ય મુનિનાયક કે નેધિપાત્ર ઘટનાના નામથી પ્રસિદ્ધિ પામ્યા હતા. આ રીતે ધીમે ધીમે ૮૪ ગચ્છો બન્યા હતા.

૨. સં૦ ૧૨૦૭માં પાલીનો પ્રથમ ભંગ થયો—

संप्तोत्तर-सूर्यशते विक्रमसंवत्सरे त्वजयमेरौ ।
दुर्गे पल्लीभङ्गे त्रुटितं पुस्तकमिदमग्रहीत् तदनु ॥१॥
अलिखत् स्वयमत्र गतं श्रीमज्जिनदत्तसूरिशिष्यभवः ।
स्थिरचन्द्राख्यो गणिरिह कर्मक्षयहेतुमात्मनः ॥२॥

અર્થાત્—સં૦ ૧૨૦૭માં પાલી ભાંગ્યું ત્યારે 'પંચાશકસૂત્ર' પણ ખંડિત થયું. તેને આ૦ જિનદત્તસૂરિના પ્રશિષ્ય પં૦ સ્થિરચંદ્રગણિએ લખ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવા ખ્યાલથી પાલી બહાર ચાલ્યા ગયા હશે પણ પછી ગૂર્જરેશ્વર કુમારપાલે પ્રજાને સાંત્વન આપી પાલીને પૂર્વસ્થિતિમાં લાવવા ધ્યાન આપ્યું હશે. આ ઘટના બન્યા પછી ગુજરાતીઓ પાલીમાં આવીને વસ્યા હોય એમ જણાય છે. એ સ્થળ આજે પણ 'ગુજરાતી કટરા' નામથી પ્રસિદ્ધ છે. તે પછી પાલી ઉપર એ જ શતાબ્દીમાં બીજી વાર પણ આફત ઊતરી.

દિલ્હીના બાદશાહ શાહબુદ્દીન ઘોરીએ ભારત ઉપર ત્રણ વાર આક્રમણ કર્યું હતું. તેણે હીજરી સં૦ ૫૭૪ (વિ૦સં૦૧૨૩૪)માં ગિઝનીથી મુલતાન થઈ સીધા ગૂજરાત ઉપર સવારી મોકલી; અને કુતબુદ્દીન ઐબકે સં૦ ૧૨૫૪માં ગૂજરાત ઉપર ફરી વાર સવારી કરી.
(જુઓ, પ્ર૦ ૪૪, દિલ્હીના બાદશાહો)

આ સમયે શાહબુદ્દીને કે કુતબુદ્દીને પાલી ભાંગ્યું હતું. તેમાં મુસલમાન સેનાએ એવો ક્રૂર વર્તાવ કર્યો કે, પાલીની બ્રાહ્મણ, મહાજન, વૈશ્ય વગેરે હિંદુ પ્રજાએ સદાને માટે પાલીનો પણ ત્યાગ કર્યો અને બીજે જઈને વસવાટ કર્યો. તેઓ જુદા જુદા શહેરમાં જઈને વસ્યા. પાલીથી ઉચાળો ભરી જનારી આ પ્રજા પાલીનું પાણી હરામ કરીને ગઈ તે આજે પણ તેના વંશજોમાંથી પાલી જાય તો ત્યાંનું પાણી પીતા નથી. તેમના વંશજો પલ્લીવાલ કે પાલીવાલ નામથી આજે પણ પ્રસિદ્ધ છે.

આ પલ્લીવાલવંશની **વરહુડિયા** વગેરે અનેક શાખાઓ છે.

**પલ્લીવાલગચ્છ—**

આ પાલીનો એક શ્રમણગચ્છ હતો, પણ તેની ઉત્પત્તિના ઇતિહાસની કોઈ વિશ્વસ્ત પટ્ટાવલી મળતી નથી; પરંતુ શિલાલેખોના આધારે તારવી શકાય છે કે, વડગચ્છના આ૦ ઉદ્દ્યોતનસૂરિએ સં૦ ૯૯૪માં આબૂની તળેટીમાં ટેલીગ્રામની પાસે એક મોટા વડના ઝાડ નીચે પોતાના પં૦ સર્વદેવ, પં૦ પ્રદ્યોતન, પં૦ માનદેવ, પં૦ મહેશ્વર વગેરે ૮ શિષ્યોને એકીસાથે આચાર્ય બનાવ્યા. તે પૈકીના આ૦ ઉદ્દ્યોતનસૂરિના શિષ્યો સં૦ ૧૧૪૪ના મહા સુદિ ૧૧ સુધી 'પ્રદ્યોતન-

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

ગચ્છ 'ના નામથી ઓળખાતા હતા.

(–પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા૦ ૨, લેખાંક : ૩૯૭)

આ૦ પ્રદ્યોતનસૂરિના શિષ્ય આ૦ ઇંદ્રદેવસૂરિએ પાલીના પૂર્ણભદ્ર-વીરના જિનપ્રાસાદમાં એક જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. આ૦ ઇંદ્રદેવસૂરિથી સં૦ ૧૧૫૦માં પાલીનગરના નામથી ' પલ્લીવાલગચ્છ ' બન્યો. (–પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા૦ ૨, લેખાંક : ૩૯૬)

આ ગચ્છનાં પ્રદ્યોતનગચ્છ, પલ્લીગચ્છ, પાલીવાલગચ્છ, પલ્લકીય-ગચ્છ, પાડિવાલગચ્છ વગેરે નામો મળે છે.

આ ગચ્છમાં મોટે ભાગે ક્રમથી કે અક્રમથી આ૦ શાંતિસૂરિ, આ૦ યશોદેવસૂરિ, આ૦ નન્નસૂરિ, આ૦ ઉદ્દ્યોતનસૂરિ આ નામો ગચ્છ-નાયકનાં રખાતાં હશે; કારણ કે શિલાલેખોમાં આ રીતે નામો મળે છે.

પલ્લીવાલ એ વનવાસીગચ્છની પરંપરામાંથી ઊતરી આવેલો શ્વેતાંબર જૈનગચ્છ છે. નાકોડાજી અને મહાવીરજી એ પલ્લીવાલ-ગચ્છનાં પ્રસિદ્ધ જૈનતીર્થો છે.

પરંતુ ભ૦ મહેશ્વરસૂરિની પરંપરાના યતિ મેઘચંદ્રજી સં૦ ૧૫૯૧ ના મહા વદિ ૧૧ ને ગુરુવારની, બિકાનેરના શ્રી. અગરચંદજી નાહટાના ગ્રંથભંડારની, ' આચારાંગસૂત્ર 'ની પ્રતિના અંતે લખે છે કે—પલ્લી-વાલગચ્છ એ પાર્શ્વનાથ સંતાનીય અને ભ૦ મહાવીરસ્વામીની શાખામાં થયેલો ગચ્છ છે.

સંભવ છે કે, ભ૦ પાર્શ્વનાથના સંતાનીય ઉપકેશગચ્છમાં અને કોરટાગચ્છમાં આ૦ યક્ષદેવ, આ૦ નન્નસૂરિ એવાં નામો મળે છે તે નામસામ્યથી ઉક્ત યતિવરે આવી કલ્પના કરી હશે.

આ સિવાય ' પડિવાલ ચિંતામણિશાખા 'ની સં૦ ૧૬૭૫ સુધીની એક પ્રાકૃત પટ્ટાવલી મળે છે. ત્યાં એને શ્વેતાંબરગચ્છ બતાવ્યો છે અને પટ્ટાવલીકારે પોતાને ભ૦ મહાવીરસ્વામીના સીધા વારસદાર બતાવવાનો પ્રયત્ન કર્યો છે.

આ પટ્ટાવલીમાં કેટલાંક નામો ઐતિહાસિક છે. જ્યારે કેટલાંક નામો એવાં છે કે, જેમનું અસ્તિત્વ નક્કી કરવા માટે વિવિધ ગ્રંથો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રશસ્તિઓ અને શિલાલેખોના આધારે તપાસ કરવી પડશે. તે પટ્ટાવલી આ પ્રકારે છે—

## પડિવાલ-ચિંતામણિ શાખા-પટ્ટાવલી

(૧) ગણધર સુધર્મસ્વામી, (૨) ગ૦ જંબૂસ્વામી, (૩) ગ૦ પ્રભવસ્વામી, (૪) આ૦ શય્યંભવસ્વામી, (૫) આ૦ યશોભદ્ર, (૬) આ૦ સંભૂતિવિજય, આ૦ ભદ્રબાહુ, (૭) આ૦ સ્થૂલભદ્ર. અહીં સુધીમાં નિહ્નવો થયા. તેનું વર્ણન વૃદ્ધ-પટ્ટાવલીકારે આપ્યું છે, તેમાંથી જાણી લેવું.

(૮) આ૦ મહાગિરિ, આ૦ સુહસ્તિ સ્વ૦ વીર નિ૦ સં૦ ૨૯૧.

(૯) આ૦ મહાગિરિ શિષ્ય આ૦ બહુલ સ્વ૦ વીર નિ૦ સં૦ ૩૨૫.

(૧૦) આ૦ ઉમાસ્વાતિ, સ્વ૦ વીર નિ૦ સં૦ ૩૨૫.

(૧૧) આ૦ શ્યામાચાર્ય, સ્વ૦ વીર નિ૦ સં૦ ૩૩૬.

(૧૨) આ૦ શાંડિલ્ય—તેઓ વીર રાજાના પુત્ર હતા. સ્વ૦ વીર નિ૦ સં૦ ૩૯૯. અહીં સુધીની આ પરંપરા ઐતિહાસિક છે. (તેમના પરિચય માટે જૂઓ, પ્રક૦ ૮, પૃ૦ ૧૮૦–૧૮૨)

(૧૩) આ૦ ગુપ્ત—તેઓ સુભોજ રાજાના પુત્ર હતા.

(૧૪) આ૦ વૃદ્ધવાદી.

(૧૫) આ૦ સિદ્ધસેન દિવાકર, સ્વ૦ વીર નિ૦ સં૦ ૫૦૭.

(૧૬) આ૦ નાગદિન્ન—તેઓ રાજકુમાર હતા. સ્વ૦ વિ૦ સં૦ ૮૭.

(૧૭) આ૦ નરદેવ—સ્વ૦ વિ૦ સં૦ ૧૨૫ (મેડતામાં).

(૧૮) આ૦ સુરસેન—સ્વ૦ વિ૦ સં૦ ૧૩૭.

(૧૯) આ૦ ધર્મકીર્તિ—સ્વ૦ વિ૦ સં૦ ૨૧૦.

(૨૦) આ૦ ધર્મઘોષ, (૨૧) આ૦ નિર્વૃતિ.

(૨૨) આ૦ ઉદ્દદત્ત, (૨૩) આ૦ ચંદ્રશેખર.

(૨૪) આ૦ સુઘોષ, સ્વ૦ વિ૦ સં૦ ૩૯૭.

(૨૫) આ૦ મહિધર, સ્વ૦ વિ૦ સં૦ ૪૨૫.

(૨૬) આ૦ દાનપ્રિય, (૨૭) આ૦ મુનિચંદ્ર.

(૨૮) આ૦ દયાનંદ, સ્વ૦ સં૦ ૪૭૦.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

(૨૯) આ૦ ધર્મકીર્તિ, સ્વ૦ સં૦ ૫૧૨.

(૩૦) આ૦ સોમદેવ, સ્વ૦ સં૦ ૫૨૫.

આ સમયે પૂર્વોનો વિચ્છેદ થયો અને આ૦ દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે આગમોને ગ્રંથારૂઢ કર્યા.

(૩૧) આ૦ ગુણધર, (૩૨) આ૦ મહાનંદ—તેમણે દિગંબરવાદી વિદ્યાનંદને વાદમાં હરાવ્યો. સ્વ૦ સં૦ ૬૦૫.

(૩૩) આ૦ સુમતિ—સ્વ૦ સં૦ ૬૭૦. આ સમયે આચાર્યોમાં વિચારભેદ થયો, નવી સામાચારી બની અને ચૈત્યવાસીઓ વધ્યા.

(૩૪) આ૦ ઇંદ્રદેવ, (૩૫) આ૦ ભદ્રસ્વામી.

(૩૬) આ૦ જિનપ્રભ, સ્વ૦ સં૦ ૭૫૦.

(૩૭) આ૦ માનદેવ—તેઓ ઉગ્રવિહારી હતા. માત્ર મોક્ષમાર્ગનો ઉપદેશ દેતા હતા. તેમણે 'સન્મતિતર્ક' ગ્રંથની રચના કરી. સ્વ૦ સં૦ ૭૮૦.

**(૩૮) આ૦ સરવણ**—તેઓ પલ્લીવાલ બ્રાહ્મણ હતા. વેદના પારગામી હતા. તેઓ શૂલરોગથી કાલધર્મ પામ્યા.

**(૩૯) આ૦ સર**—તેમને કોટિગણના આ૦ જયાનંદે આચાર્યપદ આપ્યું.

**(૪૦) દેલ્લ મહત્તર.** (૪૧) આ૦ દુર્ગસ્વામી, આ૦ ગર્ગસ્વામી. સ્વ૦ સં૦ ૯૧૨.

**(૪૨) આ૦ સિદ્ધર્ષિ**, સ્વ૦ સં૦ ૯૬૮.

(૪૩) આ૦ ધર્મમતિ, (૪૪) આ૦ નેમિસૂરિ.

(૪૫) આ૦ સુવ્રતી—આ સમયે નવા નવા મતો નીકળ્યા. સૌએ પોતપોતાના સંઘો રચ્યા. સ્વ૦ સં૦ ૧૧૦૧.

**(૪૬) આ૦ દિનશેખર**—તેઓ વિદ્વાન અને ઉગ્રવિહારી હતા, મહાપ્રાભાવિક હતા. તેમણે પાટણમાં માહેશ્વરી વાણિયાઓને ઉપદેશ આપી જૈન બનાવ્યા.

**(૪૭) આ૦ મહેશ્વર**—તેમણે નાડોલમાં પલ્લીવાલ બ્રાહ્મણોને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિબોધ કરી જૈન બનાવ્યા. તેમનાથી '**પલ્લીવાલગચ્છ**' નીકળ્યો. સ્વ૦ સં૦ ૧૧૫૦.

(૪૮) **આ૦ દેવસૂરિ**—તેમણે જાલોરના કિલ્લા ઉપર ભ૦ પાર્શ્વનાથના જિનાલયની પ્રતિષ્ઠા કરી તથા ભ૦ મહાવીરસ્વામીના જિનાલય ઉપર સોનાનો કળશ ચડાવ્યો. આ સમયે પુનમિયા[1] વગેરે નવા નવા મતો નીકળ્યા. સ્વ૦ સં૦ ૧૨૨૫.

આ૦ વાદિદેવસૂરિના વર્ણનમાં ઉપરના પ્રસંગો મળે છે.

(જૂઓ, પ્રક૦ ૪૧, પૃ૦....)

(૪૯) **આ૦ જિનદેવ**—તેઓ મોટા જ્યોતિષી હતા. તેમણે સોનગરા રાજપૂતોને પ્રતિબોધ કરી જૈન બનાવ્યા. જાલંધર પાસે જિનાલયની પ્રતિષ્ઠા કરી, સ્વ૦ સં૦ ૧૨૭૨.

(૫૦) આ૦ કૃષ્ણ, (૫૧) આ૦ વિષ્ણુ.

(૫૨) **આ૦ આમ્રદેવ**—તેમણે 'કથાકોશ' વગેરેની રચના કરી.

(૫૩) આ૦ સોમતિલક, (૫૪) આ૦ ભીમદેવ—તેમણે સં૦ ૧૪૦૨ માં **કોરટામાં** પ્રતિષ્ઠા કરી.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

(૫૫) આ૦ વિમલસૂરિ—તેમણે મેવાડમાં ઉદયસાગરના કિનારે જિનાલયમાં પ્રતિષ્ઠા કરી.

(૫૬) આ૦ નરોત્તમ—સ્વ૦ સં૦ ૧૪૯૧, (૫૭) આ૦ સ્વાતિ.

(૫૮) આ૦ હેમસૂરિ—તેઓ ચિંતામણિ પાર્શ્વનાથનું સ્મરણ કરવાથી સં૦ ૧૫૧૫માં 'ચિંતામણીય' તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા. તેમનાથી 'ચિંતામણિ શાખા' ચાલી.

(૫૯) ભ૦ હરખસૂરિ—તેઓ પોષાળમાં રહેવા લાગ્યા.

(૬૦) ભ૦ કમલચંદ્ર, (૬૧) ભ૦ ગુણમાલી.

(૬૨) ભ૦ સુંદરચંદ્ર, સ્વ૦ સં૦ ૧૬૭૫.

(૬૩) ભ૦ પ્રભુચંદ્ર—તેઓ (પટ્ટાવલીકાર)ના સમયે વિદ્યમાન હતા.

---

૧. પટ્ટાવલીકાર પુનમિયામતનો વિરોધી મત તરીકે ઉલ્લેખ કરે છે. એટલે સંભવ છે કે, પલ્લીવાલગચ્છ ચૌદશના મતને માનતો હશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પલ્લીવાલગચ્છીય પ્રાચીન આચાર્યો—**

પલ્લીવાલગચ્છના કેટલાએક પ્રાચીન આચાર્યોનો છૂટક પરિચય આ પ્રમાણે મળે છે—

(૧) આ૦ દેવભદ્રસૂરિપટ્ટે આ૦ સિંહસેનસૂરિ.

(૨) આ૦ મહેશ્વર—તેમણે 'કાલકકથા' રચી છે. સ્વ૦ સં૦ ૧૨૭૪.

(૩) આ૦ અભયદેવની પાટે (૪) આ૦ આમ્રદેવ—તેમણે 'ગદ્ય-પ્રભાવકચરિત્ર' રચ્યું છે.

(૫) આ૦ શાંતિસૂરિ—તેઓ પ્રાકૃત ભાષામાં વિવિધ છંદોની રચના કરતા હતા.[1] (–રાજગચ્છીય પટ્ટાવલી, વિવિધગચ્છીય પટ્ટાવલીસંગ્રહ–૫, પૃ૦ ૬૫)

(૬) આ૦ અજિતદેવ—તેમણે 'વિચારસારપ્રકરણ' (ગાથા : ૮૯) 'કલ્પસૂત્ર-દીપિકા, પિંડવિસોહિ-દીપિકા, આયરંગસુત્ત-દીપિકા, ઉત્તર-જ્ઝયણસુત્ત-દીપિકા, આરાધના, ચંદનબાલાવેલી, ચતુર્વિંશતિચોવીશી' (ગાથા : ૨૫) રચ્યાં છે.

(૭) આ૦ અજિતદેવસૂરિ શિષ્ય પં૦ હીરાનંદ, તેમણે 'ચૌબેલી ચોપાઈ' રચી છે.

જૈનમ્ જયતિ શાસનમ્

## પલ્લીવાલ ભટ્ટારક પટ્ટાવલી

વિવિધ શિલાલેખો, ગ્રંથ-પ્રશસ્તિઓ વગેરેના આધારે પલ્લી-વાલગચ્છની છેલ્લી ભટ્ટારક પટ્ટાવલી નીચે પ્રમાણે મળે છે—

**૧. આ૦ શાંતિસૂરિ**—તેમણે સં૦ ૧૪૫૮ ના ફાગણ વદિ ૧ ના રોજ માણવક ઓસવાલે ભરાવેલી ભ૦ સુમતિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. (નાહર, લેખસંગ્રહ, લેખાંક : ૧૨૩૭)

સં૦ ૧૪૬૨ ના મહા વદિ ૪ ને શુક્રવારે છાજેડ લખમણે ભરા-વેલી ભ૦ શાંતિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

(નાહર, લેખસંગ્રહ, લેખાંક : ૨૪૭૮)

---

૧. સં૦ ૧૨૯૧ ની એક તાડપત્રની પ્રતિમાં આ૦ સિદ્ધસેન, આ૦ પાદ-લિપ્ત, આ૦ મલ્લવાદી, આ૦ બપ્પભટ્ટિ વગેરેનાં પ્રાકૃતમાં ગદ્ય ચરિત્રો મળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૨. ભ૦ શ્રીસૂરિ**—તેઓ ભ૦ શાંતિસૂરિના શિષ્ય હતા. તેમણે સં૦ ૧૪૬૫માં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

(જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૫૫)

**૩. ભ૦ યશોદેવ**—સં૦ ૧૪૮૫ થી સં૦ ૧૫૧૩.

**૪. ભ૦ નન્નસૂરિ**—સં૦ ૧૫૨૮, ૧૫૨૯. તેમણે 'સીમંધરસ્વામીસ્તવન' (કડી : ૧૩૫) રચ્યું.

**૫. ભ૦ ઉદ્દ્યોતનસૂરિ**—સં૦ ૧૫૨૮ થી સં૦ ૧૫૪૯.

**૬. ભ૦ મહેશ્વરસૂરિ**—સં૦ ૧૫૭૩ થી સં૦ ૧૫૯૯.

**૭. ભ૦ યશોદેવ.**

**૮. ભ૦ નન્ન**—સં૦ ૧૬૧૩. તેઓ વર્ધમાન પલ્લીવાલગચ્છના હતા. આ સમયે સં૦ ૧૬૧૩ માં નગરશેઠ શાંતિદાસ ઝવેરીએ આગરામાં 'ગ્રંથભંડાર' બનાવ્યો.

**૯. ભ૦ ઉદ્દ્યોતનસૂરિ**—ભ૦ નન્નની પાટે ભ૦ અજિતદેવના શિષ્ય ક્ષમાનંદે સં૦ ૧૫૯૧ના કાર્તિક સુદિ ૧૦ ને શુક્રવારે 'ઉપાસકદશાંગસૂત્ર'નું સંશોધન કર્યું.

**૧૦. ભ૦ મહેશ્વરના** પરિવારમાં ઉ૦ રતનચંદ, ઉ૦ ખિમાણંદ, પં૦ લાભચંદ્ર શિષ્ય મેઘચંદ્રે સં૦ ૧૫૯૧ ના મહા વદિ ૧૧ ને ગુરુવારે ફલોધિ પાર્શ્વનાથતીર્થ પાસેના મેડતાનગરમાં 'આચારાંગસૂત્ર' લખ્યું.

**૧૦. ભ૦ મહેશ્વર**—સં૦ ૧૬૨૬ થી ૧૬૮૧. તેમની પરંપરામાં મહો૦ નરચંદ્રગણિ મિશ્ર શિષ્ય પં૦ વિજયસાગરગણિએ સં૦ ૧૬૨૬ ના મહા સુદિ ૯ ના રોજ જોધપુરમાં છાજેડના પાંચમના ઉજમણા માટે 'ષડાવશ્યક-બાલાવબોધ' લખ્યો.

**૧૧. ભ૦ યશોદેવસૂરિ**—સં૦ ૧૬૬૭થી ૧૬૮૧. તેમની પરંપરામાં ઉ૦ હરશેખર શિષ્ય ઉ૦ કનકશેખર શિષ્ય ઉ૦ દેવશેખર શિષ્ય ઉ૦ સુમતિશેખરના ઉપદેશથી વીરમપુરના નાકોડાતીર્થમાં સં૦ ૧૬૬૭ના ભાદરવા સુદિ ૯ ને શુક્રવારે ભ૦ પાર્શ્વનાથ તથા ભ૦ મહાવીરસ્વામીના જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો. સં૦ ૧૬૭૯ ના બીજા અષાડ સુદિ

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

૨ ને રવિવારે નવી ચોકી અને સં૦ ૧૬૮૧ ના ચૈત્ર વદિ ૩ ને સોમવારે હસ્તનક્ષત્રમાં પ્રવેશચોકી બનાવ્યાં.

**જૈનો**—શિલાલેખો અને પ્રશસ્તિઓના આધારે જાણવા મળે છે કે, પલ્લીવાલો તથા છાજડ, ધાકડ, ધોખા, બહોરા અને ડુંગરવાલ વગેરે ઓસવાલો પલ્લીવાલગચ્છના જૈનો હતા.

**પલ્લીવાલ જ્ઞાતિ**—

પલ્લીવાલો માટે માંડલિક, ઠક્કુર (ઠ૦), સાહુ, સંઘપતિ વગેરે વિશેષણો વપરાય છે. એકંદરે પલ્લીવાલો ધની, સુખી, મોભાવાળા, રાજમાન્ય અને શ્વેતાંબર જૈનો હતા. આ પલ્લીવાલ જૈનોએ ઘણાં ધાર્મિક કાર્યો કર્યાં છે—

§ પાલીના પ્રદ્યોતનગચ્છના લખમણના પુત્ર દેશલે સં૦ ૧૧૫૧ના અષાડ સુદિ ૮ ને ગુરુવારે પાલીમાં પૂર્ણભદ્ર મહાવીરના જિનચૈત્યની દેરીમાં ભ૦ ઋષભદેવની પ્રતિમા પધરાવી. (—જૈ૦પુ૦પ્ર૦સં૦, પ્ર૦ ૧૦૮)

§ મોટા દાનવીર શેઠ લાખણુ પલ્લીવાલે સં૦ ૧૨૯૯ ના કાર્તિક મહિનામાં રાજગચ્છના આ૦ સિદ્ધસેનના પ્રપટ્ટધર, જેઓ ઉત્કટ ચારિત્રધારી આ૦ રત્નપ્રભ નામે હતા, તેમના ઉપદેશથી 'સમરાઇચ્ચ-કહા' લખાવી, તેમની પાસે વ્યાખ્યાન કરાવ્યું. (જૈનપુ૦પ્ર૦સં૦, પ્ર૦૩૫)

§ વરહુડિયા નેમડ પલ્લીવાલના વંશજોએ શત્રુંજય, ગિરનાર, આબૂ વગેરે મોટા મોટા નગરોમાં દેરાસર, દેરીઓ, જિનપ્રતિમાઓ, પરિકરો અને પ્રતિષ્ઠાઓ કરાવી હતી.

(—પ્રક૦ ૩૮, વરહુડિયાવંશ, પ્ર૦ ૪૪)

§ તેના પૌત્ર જિનચંદ્રે સં૦ ૧૨૯૨ માં, સં૦ ૧૨૯૬ માં વીજાપુરમાં તપાગચ્છના આચાર્યોને પધરાવી ચતુર્માસ કરાવ્યાં તેમજ જૈન શાસ્ત્રો લખાવ્યાં. (પ્ર૦ ૩૮, પ્રક૦ ૪૪, ૪૫)

§ વરહુડિયા જિનચંદ્રના પુત્ર વીરધવલ અને ભીમદેવ, તપાગચ્છના આ૦ વિદ્યાનંદસૂરિ (સં૦ ૧૩૦૨ થી ૧૩૨૭, પ્ર૦ ૪૬) અને દાદા ધર્મઘોષસૂરિ (સં૦ ૧૩૦૨ થી ૧૩૫૭, પ્ર૦ ૪૬) બન્યા, જેઓ મોટા જ્ઞાની, ત્યાગી અને તપસ્વી હતા. આ બંને આચાર્યો પોતાની જ્ઞાતિના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોવાથી પલ્લીવાલો ત્યારથી તેમની પરંપરાના વધુ રાગી બન્યા.

§ સોહી પલ્લીવાલના પૌત્ર આહડ, તેમના પુત્ર પદ્મસિંહની પુત્રી **ભાવસુંદરી**એ સાધ્વી કીર્તિગણિની પાસે દીક્ષા લીધી હતી. આહડના પુત્ર શ્રીપાલે સં૦ ૧૩૦૩ ના કાર્તિક સુદિ ૧૦ ને રવિવારે ભરુચમાં આ૦ કમલપ્રભસૂરિના ઉપદેશથી ‘ અજિતનાથચરિત્ર ’ લખાવ્યું અને તેમના પટ્ટધર આ૦ **નરેશ્વરસૂરિ** પાસે વ્યાખ્યાન કરાવ્યું.

(–પ્રક૦ ૩૮, સોહીવંશ)

§ સહજિગપુરના ઠ૦ દેહા પલ્લીવાલના પુત્ર મહીચંદ્રના પુત્રો **રતનપાલ** વિજયપાલે પોતાના પૂર્વજોના કલ્યાણ માટે ભ૦ મલ્લિનાથની દેરી તથા પ્રતિમા કરાવી, તેની ચંદ્રગચ્છના આ૦ **હરિપ્રભસૂરિ**ના શિષ્ય આ૦ યશોભદ્રસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી.

(–પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા૦ ૨, લેખાંક : ૫૪૫)

§ સાહુ ઈશ્વર પલ્લીવાલના પુત્ર **કુમારસિંહે** નાશિકમાં ભ૦ ચંદ્રપ્રભસ્વામીના જિનાલયનો પૂરો જીર્ણોદ્ધાર કરાવ્યો.

(–વિવિધતીર્થકલ્પમાં નાસિક્યપુરકલ્પ)

કર્પૂરાદેવી પલ્લીવાલે સં૦ ૧૩૨૭ માં ‘ શતપદી-દીપિકા ’ લખાવી.

(જૈન પુ૦પ્ર૦સં૦, પ્ર૦ ૧૧૧)

§ પુના પલ્લીવાલના પૌત્ર ગણદેવે ખંભાતની પોષાળમાં ‘ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર ’ ભેટ આપ્યું.

§ વીરપુરના ધનાઢ્ય દેદાધર પલ્લીવાલની પત્ની રાસલદેવીએ ‘ગણધર સાર્ધશતક’ની ટીકા લખાવી. (જૈ૦પુ૦પ્ર૦સ૦, પ્ર૦ ૧૦૩)

§ ઠ૦ વિક્રમસિંહ વગેરે ૩ પલ્લીવાલભાઈઓએ ઠ૦ કુમારસિંહ પલ્લીવાલ તથા તેની પત્ની સિંગારદેવીના મા-બાપના કલ્યાણ માટે સં૦ ૧૩૩૭ ના ફા૦ સુ૦ ૮ ના રોજ ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમા ભરાવી તેની આ૦ માણેકચંદ્રસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી.

(–આ૦ બુદ્ધિ૦ ધાતુપ્રતિમા લેખસંગ્રહ, ભા૦ ૧, લેખાંક : ૧૩૭)

§ મંત્રી આભૂ પલ્લીવાલના વંશમાં અનુક્રમે મહણસિંહ (પત્ની શ્રી), ભીમ (પત્ની કર્પૂરાદેવી), સોની સૂર (પત્ની સુહવદેવી), સોની

JAINSITE જૈન સાઈટ
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રથમ પ્રથિમસિંહ (પત્ની પ્રીમલદેવી), સાલ્હા અને ધનરાજ થયા. સોની પ્રથિમસિંહને સિંહ નામે ભાઈ અને સિંહાક નામે પુત્ર હતો. સિંહાક પ્રીતિવાળો, ગુણવાળો અને પ્રતિભાશાળી હતો. સિંહાકે કાકા સિંહની આજ્ઞાથી સં૦ ૧૪૨૦ ના ચૈત્ર સુદિ ૧૦ ના રોજ પાટણમાં તપાગચ્છના આ૦ જયાનંદસૂરિ તથા આ૦ દેવસુંદરસૂરિનો આચાર્ય-પદમહોત્સવ કર્યો.

§ સિંહાક અને ધનરાજે કાકા સિંહની આજ્ઞાથી સં૦ ૧૪૪૧માં ખંભાતમાં તમાલીમાં સ્તંભન પાર્શ્વનાથના ચૈત્યનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને આ૦ દેવસુંદરસૂરિના પટ્ટધર આ૦ જ્ઞાનસૂરિનો સૂરિપદમહોત્સવ કર્યો.

§ તેના જ કાકા ભાઈઓ લખમસિંહ, રામસિંહ અને ગોવાલે સં૦ ૧૪૪૨ માં આ૦ દેવસુંદરસૂરિના પટ્ટધરો આ૦ કુલમંડનસૂરિ તથા આ૦ ગુણરત્નસૂરિનો સૂરિપદમહોત્સવ કર્યો.

§ સોની પ્રથિમસિંહ પલ્લીવાલના પુત્ર સાલ્હાએ આ૦ દેવસુંદર-સૂરિના ઉપદેશથી સં૦ ૧૪૪૨ ના ભાદરવા સુદિ ૨ ને સોમવારે ખંભાતમાં 'પંચાશક-વૃત્તિ' તાડપત્ર પર લખાવી. (પ્રશસ્તિ : ૪૦)

§ ભરતપુરના દિવાન જોધરાજજી પલ્લીવાલે ભ૦ મહાવીરસ્વામીનું મંદિર બનાવી તેની વિજયગચ્છના ભટ્ટારક પાસે પ્રતિષ્ઠા કરાવી.

§ વિવિધ ગ્રંથપ્રશસ્તિઓના આધારે જણાય છે કે, નંદાણી ગામનો જસદ્દ પલ્લીવાલ આ૦ યશોભદ્રસૂરિનો, આભડ પલ્લીવાલ આ૦ માનતુંગસૂરિનો, શેઠ અરિસિંહ તથા કુમારદેવી આ૦ જિનપ્રભસૂરિના તથા આગમગચ્છના આ૦ રત્નસિંહના ભક્ત શ્રાવકો હતા.

§ પલ્લીવાલ શેઠ સાહુ પદમા પત્ની તેજલે કુલગુરુની આજ્ઞાથી ભ૦ મુનિસુવ્રતસ્વામીની દેરી કરાવી.

(નાહર, જૈનલેખસંગ્રહ, લેખાંક : ૫૭)

§ ઠ૦ પલ્લીવાલે સં૦ ૧૨૭૧ ના અષાડ સુદિ ૮ ને રવિવારે ભ૦ આદિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. આ ધાતુમૂર્તિ પાટણમાં વિરાજમાન છે. (—આ૦ બુદ્ધિસાગર, જૈનપ્રતિમા-લેખસંગ્રહ, ભા૦ ૧, લેખાંક : ૧૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

§ ભીમ પલ્લીવાલના પુત્ર સેલ અને તેજે સં૦ ૧૩૯૬ માં ભ૦ શાંતિનાથની પ્રતિમા ભરાવી. રાજગચ્છના આ૦ હંસરાજસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી. (–આગરાના ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયની ધાતુપ્રતિમાનો લેખ)

§ ઠ૦ છાડા પલ્લીવાલની પત્ની નાયિકીદેવીએ પોતાના પુત્રના કલ્યાણ માટે સં૦ ૧૩૯૩ ના મહા સુદિ ૧૦ ને શનિવારે ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમા ભરાવી. તેની ધર્મઘોષગચ્છના આ૦ માનતુંગસૂરિના શિષ્ય આ૦ હંસરાજસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી. આ ધાતુપ્રતિમા મહેસાણાના દેરાસરમાં વિદ્યમાન છે.

(–આ૦ વિજયધર્મસૂરિનો જૈનપ્રતિમાલેખ સં૦ ભા૦ ૧, લેખાંક : ૬૫)

§ મંડલિક લાલાક પલ્લીવાલે સં૦ ૧૫૧૦ ના ફાગણ વદિ ૩ ને શુક્રવારે ભ૦ ચંદ્રપ્રભુની પ્રતિમા ભરાવી. અંચલગચ્છના આ૦ જયકેશરિસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી.

(–પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૧, 'ધર્મરત્ન' માસિક વર્ષ ૧, જૈનસત્યપ્રકાશ, ક્ર૦ ૨૪, ક્ર૦ ૨૫૫; પૃ૦ ૪૩૦, જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ )

**બ્રહ્માણગચ્છ—**

સંભવ છે કે, બ્રહ્માણગચ્છ બ્રહ્મદ્વીપિકા શાખાની પરંપરા હશે. આબૂ પહાડની પાસે વરમાણ ગામ છે તેમાં બ્રહ્માણગચ્છની મૂળ ગાદી હતી. આ ચૈત્યવાસીગચ્છ હતો તે આબૂના પશ્ચિમી પ્રદેશોમાં ફેલાયેલો હતો. તેની સીધી પટ્ટાવલી મળતી નથી. શિલાલેખો અને ગ્રંથપુષ્પિકાઓમાં આ ગચ્છના આચાર્યોનાં નામો વીખરાયેલાં પડ્યાં છે.

તે પૈકીનાં કેટલાંએક નામો આ પ્રમાણે છે—

| | |
|---|---|
| આ૦ યશોભદ્ર સં૦ ૧૧૨૪ | આ૦ ભદ્ર સં૦ ૧૧૨૪ |
| આ૦ યશોભદ્ર સં૦ ૧૧૮૫ | આ૦ શાલિભદ્ર સં૦ ૧૧૭૦ |
| ચૈત્ર સુદિ ૧૩ રાણકપુર | આ૦ યશોભદ્ર સં૦ ૧૧૮૫, ૧૧૯૨ |
| આ૦ દેવ સં૦ ૧૧૪૪ | આ૦ જયપ્રભ સં૦ ૧૨૬૧ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ શ્રીપતિ સં૦ ૧૧૮૮
આ૦ વીર સં૦ ૧૨૧૩, ૧૩૦૫
આ૦ વિમલ સં૦ ૧૨૬૩,
સં૦ ૧૩૧૬
આ૦ જજ્જુગ સં૦ ૧૩૧૧,
સં૦ ૧૩૩૦, સં ૧૩૪૯
આ૦ મુનિચંદ્ર સં૦ ૧૩૪૦,
સં૦ ૧૩૭૦
આ૦ જગચ્ચંદ્રસૂરિ સં૦ ૧૩૭૧
ભ૦ હેમતિલક સં૦ ૧૪૩૪,
સં૦ ૧૪૪૬, સં૦ ૧૪૫૪
સલખણપુરીય આ૦...સં૦૧૪૪૭
ભ૦ બુદ્ધિસાગર સં૦ ૧૪૨૯,
સં૦ ૧૪૯૩
આ૦ મુનિપ્રભ સં૦ ૧૪૪૬
ભ૦ મુનિચંદ્ર સં૦ ૧૫૬૩,
સં૦ ૧૫૧૨, સં૦ ૧૫૨૨.

આ૦ બુદ્ધિસાગર સં૦ ૧૩૨૦,
સં૦ ૧૩૨૬, સં૦ ૧૩૮૦
આ૦ વિજયસિંહ સં૦ ૧૩૫૧
આ૦ દેવચંદ્ર સં૦ ૧૪૩૨
આ૦ મુનિચંદ્ર સં૦ ૧૪૩૪
સં૦ ૧૪૪૬, સં૦ ૧૪૫૪
આ૦ જજ્જુગપટ્ટે આ૦ પ્રજ્જુન્ન
સં૦ ૧૪૯૩
આ૦ સોમચંદ્ર સં૦ ૧૪૪૦
આ૦ બુદ્ધિસાગરપટ્ટે આ૦
વિમલસૂરિ સં૦ ૧૬૧૫
ભ૦ મુનિચંદ્રપટ્ટે આ૦ વીર
સં૦ ૧૫૨૪

જૈનસાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

છૂટક છૂટક ઘટનાઓ આ પ્રમાણે મળે છે—

સં૦ ૧૧૪૪ મહા સુદિ ૧ બ્રાહ્મીગચ્છીય શ્રીદેવાચાર્ય.
(જૂઓ, પ્રાચીન જૈનલેખસંગ્રહ ભા૦ ૨, લેખાંક : ૩૮૨)

સં૦ ૧૧૨૪ આ૦ ભદ્રાચાર્ય, રાંતેજ દેરાસરના પબાસનનો લેખ.
(જૂઓ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૮)

સં૦ ૧૧૯૨ના જેઠ સુદિમાં બ્રહ્માણીયગચ્છના આ૦ વિમલાચાર્યના શ્રાવકે 'નવપદપ્રકરણ-લઘુવૃત્તિ' કથા લખાવી. સાધ્વી મીનાગણિ, નંદાગણિ, સિરિસિણી લખમી દેમત.

સં૦ ૧૨૬૧ના જેઠ સુદિ ૨ ને રવિવારે બ્રહ્માણગચ્છમાં આ૦ જયપ્રભસૂરિએ ભ૦ નેમિનાથની પ્રતિષ્ઠા કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૩૨૬ આ૦ બુદ્ધિસાગરે ભ૦ નેમિનાથનો ચોવીશવટ્ટો સ્થાપ્યો. (જૂઓ, શંખેશ્વર મહાતીર્થ-પ્રતિમાલેખ)

સં૦ ૧૪૪૬ના વૈશાખ વદિ ૧૧ ભટ્ટારક સુવ્રતસૂરિપટ્ટે ભ૦ ઈશ્વરપટ્ટે ભ૦ વિજયપુણ્યસૂરિપટ્ટે ભ૦ રત્નાકરસૂરિપટ્ટે ભ૦ હેમતિલકસૂરિએ પૂનસિંહના શ્રેય માટે મંડપ કરાવ્યો. बृहद्गच्छे ब्रह्माणीयश्रीउदयप्रभसूरिभिः ॥

સં૦ ૧૫૧૯ જેઠ સુદિ ૯ના રોજ આબૂ ઉપર ભ૦ સુમતિનાથ તથા ભ૦ વિમલનાથની પંચતીર્થી પર ઉપર મુજબનો ઉલ્લેખ છે. આથી જણાય છે કે, તે આચાર્ય વરમાણમાં જન્મ્યા હશે.

(જૂઓ, અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૬૪૩)

**દેવાનંદિત-દેવાનંદગચ્છ**—આ ગચ્છનાં દેવાનંદિત અને દેવાનંદ એમ બે નામો મળે છે. પુષ્પિકાઓમાં આ ગચ્છ માટે શ્વેતાંબર મહાગચ્છ મહાવીરપ્રણીત નંદિતગચ્છ એવું વિશેષણ મળે છે. આથી નક્કી છે કે, આ ગચ્છ શ્વેતાંબરગચ્છ છે. આની ઉત્પત્તિ માટે સ્પષ્ટ કોઈ હકીકત મળતી નથી. એટલે આ વિશે સંશોધન કરવાની જરૂર છે. આમ છતાં આ ગચ્છ માટે અમે ચાર અનુમાનો કર્યાં છે.

(૧) વનવાસીગચ્છના અંતિમ આ૦ વિમલચંદ્રસૂરિના ગુરુભાઈના શિષ્યની પરંપરામાં દેવાનંદગચ્છ વડગચ્છનો સગોત્રીય ગચ્છ હશે.

(૨) આ૦ ઉદ્દ્યોતનસૂરિએ વડ નીચે એક જ મુહૂર્તમાં ૮ સાધુઓને આચાર્યપદવી આપી તે પૈકીના એકની પરંપરા હશે.

(૩) દેવાનંદગચ્છ અને દેવાચાર્યગચ્છ એક હશે. આ રીતે પણ દેવાનંદગચ્છ વડગચ્છનો સગોત્રીય હશે.

(૪) આ૦ અભયદેવસૂરિની પરંપરામાં ૪૧ મી પાટે આ૦ દેવાનંદ થયા છે.

**દેવાનંદગચ્છમાં**—

૩૫. આ૦ ઉદ્દ્યોતનસૂરિ. ૩૬. આ૦ યશોભદ્રસૂરિ.

૩૭. આ૦ દેવભદ્રસૂરિ તથા આ૦ યશોદેવસૂરિ થયા હતા. તેમણે સં૦ ૧૧૯૪ માં 'પ્રમાણાન્તરભાવ' નામે ગ્રંથ રચ્યો છે. (પ્રક૦ ૪૪)

તેમજ વાચનાચાર્ય પં૦ ગુણાકરે સં૦ ૧૨૧૧ ના પોષ સુદિ ૧૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ના રોજ ડભોઈમાં આ૦ બપ્પભટ્ટિ કૃત 'ચતુર્વિંશતિ'ની પ્રતિ લખી હતી.

(—જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ ૬૬)

દેવાનંદિતગચ્છના આ૦ શીલભદ્રસંતાનીયની સં૦ ૧૨૧૪ની ગુરુમૂર્તિ મહેસાણાના મોટા દેરાસરમાં વિદ્યમાન છે.

**આ૦ વિમલચંદ્રસૂરિ**—વનવાસીગચ્છના છેલ્લા વિહારુક આચાર્ય હતા. તેમની પાટે આ૦ ઉદ્દ્યોતનસૂરિ થયા, જે વડગચ્છના પ્રથમ આચાર્ય હતા.

આ૦ નેમિચંદ્રસૂરિ આ૦ ઉદ્દ્યોતનસૂરિનો પરિચય ટૂંકાક્ષરીમાં આ રીતે આપે છે—

આ૦ ઉદ્દ્યોતનસૂરિ ભ૦ જંબૂસ્વામીની પરંપરામાં ચંદ્રકુલની વિહારુક શાખામાં થયા. તેઓ વડગચ્છના અલંકારસમા હતા. તેઓ પાંચે ઇંદ્રિયોથી સોહામણા, ક્ષમાધર, જીવંત ધર્મસ્વરૂપ, સૌમ્ય, સ્થિર-ગંભીર, અશુભ ભાવનાથી રહિત, રાગ-દ્વેષ અને અહંકાર વિનાના, નિર્મલ ગુણવાળા, **નવકલ્પ વિહારી,** વિદ્યાવાન્, આ૦ પ્રદ્યુમ્ન, આ૦ માનદેવ, પ્રસિદ્ધ આ૦ સર્વદેવ વગેરે શ્રમણપરિવારથી વરાયેલા હતા.

(ઉત્તરજ્ઝયણસુત્ત-વૃત્તિ, મહાવીરચરિય,
સં૦ ૧૧૨૯, ૧૧૩૯ પ્રક૦ ૩૫, પૃ૦ ૧)

તેઓ દીર્ઘાયુષી હતા. ઘણાં વર્ષો સુધી આચાર્યપદે રહ્યા હતા. તેમણે સં૦ ૯૩૭માં જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી.

(—નાહર, જૈનલેખસંગ્રહ, લેખાંક : ૧૦૭૯)

તેમણે સં૦ ૯૯૪માં **વડગચ્છ**ની સ્થાપના કરી હતી અને સંભવતઃ સં૦ ૧૦૧૦ પહેલાં સ્વર્ગગમન કર્યું હશે. તેઓ હમેશાં દિવસમાં એક વાર જ આહાર લેતા હતા. તેમની કૃપાથી ચણક વ્યાપારી ધનાઢ્ય બન્યો હતો. (—ભક્તામરસ્તોત્ર-વૃત્તિ)

તેઓ પૂર્વદેશનાં તીર્થોની યાત્રા કરી સં૦ ૯૯૪માં આબૂ-પ્રદેશમાં યાત્રાર્થે પધાર્યા. જ્યારે તેઓ આબૂની તળેટીમાં **તેલી** ગામમાં વિરાજમાન હતા ત્યારે આકાશમાં નજર નાખતાં ગ્રહચારના યોગથી એકાએક જાણ્યું કે, 'કાલનો દિવસ ઉત્તમ છે, શુભ ગ્રહો ઉચ્ચ

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થાનના બને છે, છત્રયોગ થાય છે, સંતાન-વૃદ્ધયોગ થાય છે, તો મારે મારી પાટે આવતી કાલે નવા આચાર્યની સ્થાપના કરવી જોઈએ.'

એમ વિચારી આ૦ ઉદ્દ્યોતનસૂરિએ બીજે દિવસે શુદ્ધ વેળા આવતાં પોતાના શિષ્યો સર્વદેવ, માનદેવ, મહેશ્વર, પ્રદ્યોતન વગેરે આઠ મુનિઓને વડના ઝાડની નીચે આચાર્યપદવી આપી પોતાની પાટે સ્થાપન કર્યા, ત્યારથી આ મુનિસમુદાય 'વડગચ્છ' નામથી પ્રસિદ્ધિ પામ્યો.[1]

વડગચ્છ એ નિર્ગ્રન્થપરંપરાનો પાંચમો ગચ્છ છે. વડગચ્છનાં બીજાં નામો વહગચ્છ (પ્રાકૃત) અને બૃહદ્ગચ્છ (સંસ્કૃત)માં પણ મળે છે. વડગચ્છની ઘણી શ્રમણપરંપરાઓ ચાલી છે, જે આ પ્રમાણે છે—

**પરંપરા પહેલી—**

(૩૫) આ૦ ઉદ્દ્યોતનસૂરિ સં૦ ૯૯૪, (૩૬) આ૦ સર્વદેવ સં૦ ૧૦૨૦, (૩૭) આ૦ દેવસૂરિ સં૦ ૧૧૧૦, (૩૮) આ૦ સર્વદેવ સં૦ ૧૧૨૯, (૩૯) આ૦ નેમિચંદ્ર સં૦ ૧૧૩૯, (૪૦) આ૦ મુનિચંદ્ર સં૦ ૧૧૭૮, (૪૧) આ૦ અજિતદેવ, આ૦ વાદિદેવ સં૦ ૧૨૨૬.

આ શ્રમણપરંપરામાંથી પૂનમિયામત, અંચલમત, ત્રિસ્તુતિકમત, ચઉદસિયામત, **તપાગચ્છ**, નાગોરીતપાગચ્છ, દેવાચાર્યગચ્છ, પાયચંદમત, કટુકમત, લોંકામત, વિજયમત વગેરે ઘણા ગચ્છો—મતો નીકળ્યા.

**પરંપરા બીજી—**

(૩૫) આ૦ ઉદ્દ્યોતનસૂરિ, (૩૬) આ૦ સર્વદેવસૂરિ, (૩૭) આ૦ જિનચંદ્ર (ધોળકામાં), (૩૮) આ૦ આમ્રદેવ, (૩૯) આ૦ નેમિચંદ્ર, (૪૦) આ૦ યશોદેવ. સંભવ છે કે તેમણે 'ઉપદેશમાલા'ની મોટી ટીકા,

---

૧. આજે આબૂ પહાડની નીચે દેલવાડ (દિયાણાતીર્થ) અને રાંબડ (રાહજરતીર્થ) એમ બે સ્થાનો મળે છે—

**દિયાણા—**

श्रीअर्बुदाभिधमहीधरपार्श्ववर्ती ग्रामोऽस्ति यो दियवराभिधया प्रसिद्धः ।
श्रीवर्धमानजिननायकतुङ्गशृङ्गप्रासादराजपरिवारितभूमिभागः ॥

(વિશેષ માટે જૂઓ, પ્ર૦ ૩૫, પૃ૦ ૪૯)

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

'ઉપદેશપદ-વૃત્તિ, રયણચૂડકહા' વગેરેની પહેલી પ્રત લખી હશે અને આ૦ અભયદેવસૂરિને નવ અંગોની ટીકા લખવામાં સહાય કરી હશે.

(–શ્રીપ્રશસ્તિસંગ્રહ, પ્ર૦ ૩૪, પૃ૦ ૨૬; ઉપદેશમાલા-વૃત્તિની પ્રશસ્તિ)

**પરંપરા ત્રીજી—**

(૩૫) આ૦ ઉદ્દ્યોતનસૂરિ સં૦ ૯૯૪. (૩૬) આ૦ પ્રદ્યુમ્નસૂરિ.

(૩૭) આ૦ અજિતદેવસૂરિ.

(૩૮) **પં૦ યશોદેવગણિ**—તેઓ ગૃહસ્થપણામાં આ૦ પ્રદ્યુમ્નસૂરિના **નપ્તા** થતા હતા અને મુનિપણામાં આ૦ પ્રદ્યુમ્નસૂરિના પ્રશિષ્ય હતા. તેમજ આ૦ ઉદ્દ્યોતનસૂરિના શિષ્ય આ૦ મુનિચંદ્રસૂરિના નાનાભાઈ થતા હતા. તેમણે 'રયણચૂડકહા'ની પહેલી પ્રતિ લખી હતી અને આ૦ અભયદેવસૂરિને સં૦ ૧૧૨૦ થી સં૦ ૧૧૨૮ માં નવ અંગોની ટીકા રચવામાં સહાય કરી હતી.

**પરંપરા ચોથી—**

(૩૫) આ૦ ઉદ્દ્યોતનસૂરિ સં૦ ૯૯૪. (૩૬) આ૦ માનદેવસૂરિ.

(૩૭) આ૦ જિનદેવગણિ.

(૩૮) આ૦ હરિભદ્રસૂરિ—તેમણે સં૦ ૧૧૭૨ માં 'પ્રાચીન-કર્મ-ગ્રંથ'ની ટીકા (ગ્રં૦ : ૮૫૦) સં૦ ૧૧૮૫ માં 'ક્ષેત્રસમાસ'ની ટીકા, 'પ્રશમરતિપ્રકરણ'ની ટીકા, 'શ્રેયાંસનાથચરિત્ર', 'મુનિપતિચરિત્ર' વગેરે ગ્રંથો રચ્યા છે.

**પરંપરા પાંચમી—**

(૩૫) આ૦ ઉદ્દ્યોતનસૂરિ સં૦ ૯૯૪.

(૩૬) આ૦ મુનિચંદ્રસૂરિ—સં૦ ૧૧૨૮. તેમનો દેહ સૌમ્ય હતો. સ્વભાવે શાંત હતા. આ૦ અજિતદેવસૂરિના શિષ્ય પં૦ યશોદેવગણિ ગૃહસ્થપણામાં તેમના નાનાભાઈ થતા હતા. (રયણચૂડકહા-પ્રશસ્તિ)

**પરંપરા છઠ્ઠી—**

(૩૫) આ૦ ઉદ્દ્યોતનસૂરિ સં૦ ૯૯૪; (૩૬) આ૦ વર્ધમાનસૂરિ સ્વ૦ સં૦ ૧૦૮૮.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩૭) આ૦ જિનેશ્વરસૂરિ. (૩૮) નવાંગવૃત્તિકાર આ૦ **અભય-દેવસૂરિ** સ્વ૦ સં૦ ૧૧૩૯.

(૩૯) આ૦ પ્રસન્નચંદ્રસૂરિ, આ૦ વર્ધમાનસૂરિ સં૦ ૧૧૭૨.

આ પરંપરામાંથી ષટ્કલ્યાણકમત, રુદ્રપલ્લીયગચ્છ, ખરતરમત વગેરે ગચ્છો–મતો નીકળ્યા.

**પરંપરા સાતમી—**

(૩૫) આ૦ ઉદ્દ્યોતનસૂરિ સં૦ ૯૯૪.

(૩૬) આ૦ પ્રદ્યોતનસૂરિ—તેમનાથી 'પ્રદ્યોતનશાખા' નીકળી અને આ પરંપરાના આ૦ ઐંદ્રદેવસૂરિ સં૦ ૧૧૫૦ થી પલ્લીવાલ-ગચ્છ નીકળ્યો. (જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ : ૫૮)

**પરંપરા આઠમી—**

(૩૫) આ૦ ઉદ્દ્યોતનસૂરિ સં૦ ૯૯૪. (૩૬) આ૦ સર્વદેવસૂરિ સં૦ ૧૦૨૦.

(૩૭) આ૦ દેવસૂરિ સં૦ ૧૧૧૦. (૩૮) આ૦ સર્વદેવસૂરિ સં૦ ૧૧૨૯.

(૩૯) આ૦ જયસિંહસૂરિ. (૪૦) આ૦ ચંદ્રપ્રભસૂરિ.

(૪૧) આ૦ ધર્મઘોષસૂરિ. (૪૨) આ૦ શીલગુણસૂરિ.

(૪૩) આ૦ માનતુંગસૂરિ—તેમણે 'સિદ્ધજયંતી' નામે ગ્રંથ રચ્યો.

(૪૪) આ૦ મલયપ્રભ—તેમણે સં૦ ૧૨૬૦ માં 'સિદ્ધજયંતી'ની વૃત્તિ બનાવી. (–પિટર્સન રિપોર્ટ ૩, ૩૭)

(–ઉત્તરજ્ઝયણસુત્ત-વૃત્તિ, મહાવીરચરિય, પ્રાચીનકર્મગ્રંથ-ટીકા, નવાંગવૃત્તિઓ, પિંડવિસોહિ-ટીકા, સિદ્ધજયંતી-ટીકા, તપાગચ્છ પટ્ટાવલી, પટ્ટાવલીઓ, શિલાલેખો, પ્રશસ્તિઓ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૪૩, ૨૪૯)

## રાજાવલી પ્રારંભ

**વિક્રમની બીજી શતાબ્દીના ઘણા જૈનાચાર્યો, જૈનધર્મપ્રેમી રાજાઓ અને મંત્રીઓ સાથે જુદા જુદા દેશના ઘણા રાજાઓનાં**

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

નામો સંકળાયેલાં છે. અધૂરા લેખકો ઘણી વાર તે તે રાજાઓની હયાતી કે કાલસામ્ય વગેરે બાબતોમાં કલ્પિત વિસંવાદ ઉઠાવે છે. આથી સામાન્ય વાચકો શંકામાં પડી જતાં મૂંઝાય છે. તેથી અહીં પહેલાં તે તે રાજાઓ અને રાજવંશોની બાબતમાં સ્પષ્ટીકરણ કરવું જરૂરી છે. માટે અમે અહીં ઘણા રાજવંશોની તાલિકા આપી છે. લેખકો અને વિચારકો આમાંથી ઘણો ખુલાસો મેળવી શકશે અને ઇતિહાસને ન્યાય આપી શકશે.

## ચૌલુક્ય રાજાવલી

**ચૌલુક્ય** એ કનોજના પ્રતિહારવંશની **એક શાખા** છે. તેનાં ચલુક્ય, ચિરિક્ય, ચલ્ક્ય, ચલિક્ય, ચાલુક્ય, ચુલુક્ય, ચૌલુકિક, ચૌલુક્ક, ચૌલુક્ય, સોલુંખી અને સોલંકી એવાં વિવિધ નામો જાણવા મળે છે. મોટે ભાગે આ વંશના રાજાઓ દક્ષિણમાં અને ગુજરાતમાં થયા છે. દક્ષિણમાં ચૌલુક્ય વિજયાદિત્યના વંશજોએ અને ગુજરાતમાં ચૌલુક્ય સામંત રાજિના વંશજોએ રાજ્ય ભોગવ્યું હતું.

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

કનોજના પ્રતિહારવંશીય **ભોજદેવ**નું બીજું નામ આદિવરાહ હતું. જ્યારે દક્ષિણના ચૌલુક્યોનું રાજચિહ્ન વરાહ હતું એમ જણાય છે. ગુજરાતના ચૌલુક્ય રાજવીઓ જૈનધર્મ અને શૈવધર્મને સમાન ભાવે માનતા રહ્યા હતા. તેથી જૈન, બૌદ્ધ અને શૈવ એ ત્રણે ધર્મોના દેવચિહ્ન તરીકે માન્ય થયેલો **બળદ** જ ગુજરાતનું રાજચિહ્ન બન્યો હતો.

મૌર્યવંશમાંથી પ્રતિહારવંશ ઊતરી આવ્યો એ જ રીતે ચૌલુક્યો પણ મૌર્ય ચંદ્રગુપ્તના વંશજો હતા તેથી તેઓ **ચંદ્રવંશી** મનાય છે.

પ્રતિહાર ભોજદેવના સમયમાં પ્રાચીન ગુજરાત, ભિન્નમાલનો પ્રદેશ, સારસ્વતમંડલ, લાટ, નવસારીનો પ્રદેશ, માલવા અને સૌરાષ્ટ્ર એ કનોજને આધીન હતાં પરંતુ વનરાજ ચાવડાએ કનોજની સત્તા ફગાવી દઈ, અણહિલપુર પાટણમાં ગુજરાતનું સ્વતંત્ર રાજ્ય સ્થાપન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્યું.[1] એ સમયમાં ભિન્નમાલ, લાટ અને સૌરાષ્ટ્ર વગેરે વિભાગો કનોજના પ્રતિહારવંશના સામંતરૂપે કે સ્વતંત્ર રાજ્યરૂપે વિદ્યમાન હતા.

ચાવડાવંશ પછી ચૌલુક્યવંશના રાજવીઓના હાથમાં ગુજરાતની સત્તા આવી, તેમાં ચૌલુક્ય ભુવનાદિત્ય, જે ઉચ્ચ કોટિનો રાજપુરુષ હતો અને જેનાં બિરુદો અથવા બીજાં નામો વ્યાલકાંતિ, વ્યાલકાંચી, કાંચિકવ્યાલ અને મુંજાલ હતાં, તેમજ જેને ત્રણ રાજપુત્રો (૧) રાજી (રાજ), (૨) બીજ અને (૩) દડ્ડક (દંડક) હતા, તે પૈકી સામંત રાજિ અને તેના વંશજો ગુજરાતના રાજવીઓ બન્યા અને કનોજને આધીન રહેલા શેષ પ્રદેશો પોતાને હાથ કરતા રહ્યા.

ગુજરાતની ચૌલુક્ય રાજાવલી આ પ્રમાણે હતી—

**૧. મૂળરાજ** (સં૦ ૯૯૮ થી સં૦ ૧૦૫૨)—

વિક્રમની દશમી સદીના અંતમાં સામંતસિંહ ચાવડા નામે ગુજરાતનો રાજા હતો. તેનાં બીજાં નામો ભૂભટ અગર ભૂયગડ હતાં એમ જણાય છે.

સામંતસિંહના રાજકાળમાં ચૌલુક્ય **ભુવનાદિત્યના** પુત્રો **રાજ,**

---

૧. **પાટણ**—વનરાજ ચાવડાએ બુદ્ધિમાન પુરુષોનો સહકાર સાધી વિ૦ સં૦ ૮૦૨ ના વૈશાખ સુદિ ૨ ના દિવસે અણહિલપુર પાટણનું શિલારોપણ કર્યું. સંભવ છે કે, વિ૦ સં૦ ૮૨૧ સુધીમાં પાટણ તૈયાર થઈ ગયું હશે અને તે વખતે વનરાજ ચાવડાનો ત્યાં ફરી વાર ધામધૂમથી મોટો રાજ્યાભિષેક થયો હશે. (પ્રક૦ ૩૧, પૃ૦ ૪૯૩, ૪૯૪)

મહોપાધ્યાય ધર્મસાગરગણિના શિષ્ય પં૦ વિનયસાગર સં૦ ૧૬૫૨માં 'ગૂર્જરદેશ રાજાવલી 'માં લખે છે કે—

स्वस्तिश्रीर्जयो मङ्गलाभ्युदयश्च। संवत् ८०२ वर्षे शाके ६६८ प्रवर्तमाने वैशाख सुदि २ गुरुदिने रोहिणीनक्षत्रे वृषस्थे चन्द्र-सूर्योदयाद् गतघटी १७ सिंह-लग्ने वहमाने, अस्यां वेलायां श्रीमदणहिल्लपुरपत्तनं स्थापितं, मुहूर्तं कृतम्।

**અણહિલપુર પાટણ સ્થાપનાની લગ્નકુંડલી—**

(૧) સિંહ લગ્ન, (૩) તુલામાં શનિ, (૬) મકરમાં મંગળ, (૯) મેષમાં બુધ, (૧૦) વૃષમાં સૂર્ય, ચંદ્ર અને શુક્ર, (૧૧) મિથુનમાં રાહુ. આ મુજબ ગ્રહોની સ્થિતિ હતી.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

બીજ અને દંડક સોમનાથની યાત્રા કરીને પાછા ફરતાં પાટણ આવ્યા ત્યારે સામંતસિંહે અશ્વપરીક્ષાનો દિવસ ગોઠવ્યો હતો. આ પરીક્ષામાં રાજે પોતાની અશ્વકલાપ્રવીણુતા બતાવી આપી તેથી સૌ ખુશ થયા. લોકોએ માન્યું કે, આ રાજ ઉચ્ચ કુલનો નબીરો હોવો જોઈએ. રાજવી સામંતસિંહે રાજનાં રાજલક્ષણો અને કલાપ્રવીણુતા પારખીને પોતાની બેન લીલાવતીનું તેની સાથે પાણિગ્રહણ કરાવ્યું. આ લીલાવતીનું બીજું નામ ચંડિકા હોવાનું પણ જણાય છે. લીલાવતી ગર્ભવતી બની અને મરણ પામી પણ કુશળ રાજવૈદ્યોએ તેનું પેટ ચીરીને તેના ગર્ભને–બાળકને બચાવી લીધો. એ બાળક મૂળ નક્ષત્રમાં જન્મ્યો હોવાથી તેનું નામ 'મૂળરાજ' પાડયું.

સામંતસિંહ દારુડિયો હતો, તે ઘણીવાર ઘેનમાં મૂલરાજને ગુજરાતની રાજગાદીએ બેસાડતો અને સાન ઠેકાણે આવે ત્યારે તેને ગાદીએથી ઉઠાડી મૂકતો. આથી એકવાર મૂળરાજને રાજ્ય મળતાં જ મામા સામંતસિંહને મારી નાખી તે ગુજરાતનો રાજા બની બેઠો. તેનો સં૦ ૯૯૮માં પાટણમાં રાજ્યાભિષેક થયો. તેના રાજ્યાભિષેકની બે સાલો મળે છે. (૧) સં૦ ૯૯૮ અને (૨) સં૦ ૧૦૧૭ (વિચારશ્રેણી).

માળવાના મુંજરાજે અને સાંભર કે રણથંભોરના વિગ્રહદેવે તેને શરૂઆતમાં કનડગત કરી હતી, પણ તે કુનેહ વાપરીને ધીરે ધીરે ઊંચે ઊઠવા લાગ્યો. તેણે નાડોલના ચૌહાણો સાથે મૈત્રી સ્થાપી. સૌરાષ્ટ્રનો વિશ્વવરાહ ગ્રહરિપુ, વઢવાણનો ધરણીવરાહ, કચ્છનો લાખાણી, લાટનો બારપ, આબૂનો પરમાર અને ભિન્નમાલના સિંધુરાજને જીતી લઈ ગુજરાતની સત્તા વધારી.

રાજા મૂળરાજે પાટણમાં મૂળરાજવસતિ નામે જિનમંદિર, મૂળરાજસ્વામી મંદિર અને ત્રિપુરુષપ્રાસાદ બંધાવ્યા. વઢિયાર (વર્ધિવિષય)ના માંડલી ગામમાં મૂલેશ્વરનું મંદિર સ્થાપી તેની પૂજા માટે સં૦ ૧૦૪૩ માં કંબોઈ ગામ દાનમાં આપ્યું. તે દર સોમવારે સિદ્ધપુર સોમનાથની યાત્રાએ જતો હતો, તેની પૂજા માટે સં૦ ૧૦૪૩ માં દાન આપ્યું. તેણે સિદ્ધપુરમાં રુદ્રમાળ બનાવવો શરૂ કર્યો હતો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાછળથી તેનું શું થયું તેનો ચોક્કસ ઉલ્લેખ મળતો નથી.

તેણે કનોજ તથા કાશીના બ્રાહ્મણોને બોલાવી, સિદ્ધપુર (શ્રીપુર)-માં વસાવ્યા હતા, જેમની ઔદિચ્ય તરીકે આજે પણ પ્રસિદ્ધિ છે. એ સમયે શિહોર તેના તાબામાં નહોતું. તેનાં વિવિધ દાનોનાં દાન-પત્રો મળે છે. તે મોટો દાનવીર હતો. રંગે કાળો, સ્વભાવે ડરપોક, કામી અને યુદ્ધ કરતાં કુનેહને વધુ પસંદ કરનારો હતો.

તેને માધવી નામે રાણી હતી, જે ચૌહાણ ભોજ રાજાની કન્યા હતી. ચામુંડ નામે યુવરાજ હતો અને ચાચિણી નામે રાજકુંવરી હતી. તેને લહધર નામે દંડનાયક હતો.[1] વીર મહત્તમ, જંબૂક અને જેહાલુ એ મહામંત્રીઓ હતા અને સોમશર્મા નામે પુરોહિત હતો.

રાજા મૂળરાજ સં૦ ૧૦૫૩ માં સિદ્ધપુરમાં અગ્નિપ્રવેશ કરી મરણ પામ્યો.

**૨. ચામુંડરાય** (સં૦ ૧૦૫૨ થી ૧૦૬૫)—

રાજા મૂળરાજે સં૦ ૧૦૩૦ માં ચામુંડને યુવરાજપદ આપ્યું હતું. તેણે યુવરાજકાળમાં માલવેશ સિન્ધુરાજને નસાડ્યો હતો. (વડનગર પ્રશસ્તિ). બારપને જીત્યો હતો. (દ્વયાશ્રયમહાકાવ્ય, સર્ગ : ૬, શ્લો૦ ૧૬; મહીપતરામ નીલકંઠકૃત ગુજરાતનો ઇતિહાસ પ્ર૦ ૧૨) આ૦ વીરગણિના ઉપદેશથી થરાના વલહીનાથના મંદિરમાં કોઈ હિંસા ન કરે તેવું **તામ્રશાસન** આપ્યું હતું, સં૦ ૧૦૩૩ માં વડસમાના જૈન દેરાસરની પૂજા માટે ખેતર આપી તેનું તામ્રશાસન લખી આપ્યું હતું. તે સં૦ ૧૦૫૨માં રાજા બન્યો ત્યાર બાદ તેણે પાટણમાં ચંડનાથ તથા

૧. તે સમયના દંડનાયકનો પરિચય 'चतुष्कलाध्यक्षः सेनानीर्दण्डनायकः એ શબ્દોથી મળે છે. તેનો અર્થ એ થાય છે કે, હાથી, ઘોડા, રથ અને પાયદળ એ ચતુરંગી સેનાનો નાયક તથા દંડનીતિપૂર્વક તે દેશનો સંચાલક. રાજ્યનું વસૂલીખાતુ પણ તેના હાથમાં રહેતું. દંડનાયકનો સામાન્ય અર્થ 'સર્વેસર્વા સૂબો' કે 'ગવર્નર જનરલ' કહીએ તોય ચાલે.

રાજ્યના અધિકારીઓમાં દંડનાયક, રાણા, મંડલિક, સામંત—એવો ક્રમ હોવાનું જાણવા મળે છે.

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

પોતાની બેનના નામથી ચાચિણેશ્વર મંદિર બનાવ્યાં, મહામંત્રી માધવને કન્હેશ્વર ગામ આપ્યું હતું અને પોતાના ધર્મગુરુ વીરગણિને મોટા ઉત્સવથી આચાર્યપદ અપાવ્યું હતું.

રાજા મૂળરાજે પોતાના હાથે સં૦ ૧૦૫૨ ના શ્રાવણ સુદિ ૧૧ ને શુક્રવારે અનુરાધાનક્ષત્રમાં પુષ્યાર્ક અને વૃષલગ્નમાં ચામુંડરાયનો પાટણની ગાદી ઉપર રાજ્યાભિષેક કર્યો હતો. તેનું રાજ્ય મોટે ભાગે તેની બેન ચાચિણીદેવી ચલાવતી હતી. ચામુંડરાયને કોઈ સંતાન નહોતું. રાણીઓને કસુવાવડ થતી હતી. આ૦ વીરગણિએ મહામંત્રી વીરના કહેવાથી રાણીઓને વાસક્ષેપ નાખ્યો અને ચામુંડરાયને (૧) વલ્લભરાજ, (૨) દુર્લભરાજ તથા (૩) નાગરાજ એ ત્રણ પુત્રો થયા.

ચામુંડરાયને માળવા સાથે ઝગડો ચાલુ જ હતો. તેણે સિંધુરાજને ભગાડયો હતો અને પોતાના પુત્ર વલ્લભરાજને માળવા જીતવાની ભલામણ કરી હતી. તેણે પોતાનું સ્વાસ્થ્ય સારું ન હોવાથી બેન ચાચિણીની સલાહથી પ્રથમ વલ્લભરાજને ગુજરાતનો રાજા બનાવ્યો પણ તે માળવા જતાં રસ્તામાં જ મરણ પામ્યો. એટલે બીજા પુત્ર દુર્લભરાજને ગુજરાતનો રાજા બનાવ્યો. પછી ચામુંડરાય શુક્લતીર્થમાં જઈ સં૦ ૧૦૬૬ માં મરણ પામ્યો. તેને ત્રણ પુત્રો હતા. મહત્તમ વીર અને માધવ મહામંત્રીઓ હતા, લાલશર્મા નામે પુરોહિત હતો. ચામુંડરાય આ૦ વીરગણિનો ભક્ત હતો.

વડસમાના દાનપત્રમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છે—

'दानफलं च–जिनभवनं जिनबिम्बं जिनपूजां जिनमतं च यः कुर्यात् ।
तस्य नरामरशिवसुखफलानि करपल्लवस्थानि ॥
याते गुप्तसमाशते दशगुणे साग्रे त्रयस्त्रिंशता,
मार्गे मासि तमिस्रपक्षनवमीं सूर्यात्मजे भुञ्जति ॥९॥
सं० १०३३ सड्ढकाम्बाम्रदेवादीन् चामुण्डराजस्य मम मतम् ॥'

('રાજા ચામુંડરાયનું તામ્રપત્ર' જૂઓ, 'ભારતીય વિદ્યા' ત્રૈમાસિક, વર્ષ : ૨, અંક : ૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૩. વલ્લભરાજ** (સં૦ ૧૦૬૫)—

તે સં૦ ૧૦૬૫ના આસો સુદિ ૬ ને મંગળવારે ગુજરાતની ગાદીએ આવ્યો. તેણે ગુજરાતનો રાજા બનતાં જ પિતાની આજ્ઞા મુજબ માળવા ઉપર ચડાઈ કરી પણ રસ્તામાં કોઈ અજાણ્યા વ્યાધિથી મરણ પામ્યો.

તે રૂપાળો હતો તેથી મદનશંકર તરીકે ઓળખાતો હતો. વળી તે બહુ શરમાળ પણ હતો. તેને 'જગજ્ઝંપણ'નું બિરુદ હતું. તેણે માત્ર ૭ મહિના રાજ ભોગવ્યું.

**૪. દુર્લભરાજ** (સં૦ ૧૦૬૬ થી ૧૦૭૮)—

વલ્લભરાજના મરણ પછી તેનો બીજો ભાઈ **દુર્લભરાજ** સં૦ ૧૦૬૬ ના ચૈત્ર સુદિ ૫ ના રોજ ગુજરાતનો રાજા બન્યો.

તેણે પાટણમાં ઘંટાઘર (ઘટિકાયંત્રઘર), દાનશાળા, હાથીખાનાવાળો સાત માળનો મહેલ, વલ્લભરાજના કલ્યાણ માટે મદનશંકરપ્રાસાદ અને દુર્લભસરોવર બંધાવ્યાં.

JAINSITE .com जैनम् जयति शासनम्

તેણે લાટનો પ્રદેશ જીતી લીધો હતો. તે રંગે કાળો હતો. (દ્વ્યા૦ કા૦ સ૦ ૭, શ્લો૦ ૬૦) તે શૃંગારી છતાં પરનારીસહોદર, બ્રાહ્મણનું ધન નહિ લેનારો, ન્યાયપરાયણ અને યુદ્ધનિષ્ણાત હતો. તેને **દુર્લભદેવી** નામે રાણી હતી, જે નાડોલના ચૌહાણ રાજા વિગ્રહરાજની પુત્રી અને રાજા મહેંદ્રની બેન હતી. રાજા મહેંદ્રે પોતાની બીજી બેન લક્ષ્મીને પણ તેના નાનાભાઈ નાગરાજ સાથે પરણાવી હતી.

તેને વીર મહત્તમ અને નેઢ મહામંત્રીઓ હતા અને મુંજ નામે પુરોહિત હતો.

તેણે સં૦ ૧૦૭૮ માં પોતાના નાનાભાઈ નાગરાજના પુત્ર ભીમને ગુજરાતની ગાદીએ બેસાડ્યો અને પોતે વાનપ્રસ્થપણું સ્વીકાર્યું. તેના મંત્રી વીરે પણ સાધુપણું સ્વીકાર્યું હતું એટલે આ રાજા અને મંત્રી બન્ને વિરક્તાત્મા હતા. માજી રાજા દુર્લભરાજ કાશીની યાત્રાએ માળવા થઈને જતો હતો ત્યારે માળવામાં રાજા ભોજે તેનાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજચિહ્નો આંચકી લીધાં, તેથી તે પાછો પાટણ આવ્યો અને આ હકીકત તેણે રાજા ભીમને જણાવી.

ગુજરાત અને માળવા વચ્ચે સામાન્ય વિરોધ તો હતો જ, તેમાં આ ઘટનાએ ઘીનું કામ કર્યું. આ વિરોધે ભડકાનું સ્વરૂપ લીધું.

ગુજરાતનું રાજ્ય સ્થાપનાર આદિ પુરુષ વનરાજ ચાવડો હતો. તેણે સં૦ ૮૦૨ના વૈશાખ સુદિ ૨ ના દિવસે ગુજરાતના રાજ્યનો સ્વતંત્ર પાયો નાખ્યો. તેનો રાજ્યાભિષેક જૈનાચાર્ય **શીલગુણસૂરિ** તથા આ૦ દેવચંદ્રસૂરિના વાસક્ષેપથી પ્રથમ પંચાસરમાં અને તે પછી સં૦ ૮૨૧ માં પાટણમાં થયો હતો. આથી વનરાજ ચાવડાએ તે આચાર્યોને શિષ્યપરંપરાના હક્કમાં એવું ફરમાન લખી આપ્યું હતું કે—

"ચૈત્યવાસી યતિઓને સમ્મત મુનિઓ જ પાટણમાં રહી શકે, બીજા રહી ન શકે."

ગુજરાતના રાજાઓએ આજ સુધી આ ફરમાનનું અખંડ પાલન કર્યું હતું. (જૂઓ, પ્રક૦ ૩૧, પૃ૦ ૪૯૩, ૪૯૪)

જૈન સંઘમાં વિ૦ સં૦ ૪૭૨ થી સં૦ ૧૩૦૦ સુધી ચૈત્યવાસી તરીકે ઓળખાતો એક શ્રમણવર્ગ હતો. (જૂઓ, પ્રક૦ ૨૩, પૃ૦ ૪૦૧, ૪૦૨) તેમનું પાટણમાં વર્ચસ્વ હતું. સંવેગી, વનવાસી, વિહારુક કે સુવિહિત જૈન સાધુ પાટણમાં રહી શકતો નહીં. રાજા ભીમદેવના શાસનકાળમાં આ મર્યાદામાં એકાએક પલટો આવ્યો.

ચંદ્રકુળના વડગચ્છના આ૦ વર્ધમાનસૂરિના પટ્ટધર આ૦ જિનેશ્વર અને આ૦ બુદ્ધિસાગર પ્રકાંડ વિદ્વાનો હતા, પરમસંવેગી હતા. તેઓ સં૦ ૧૦૮૦ માં પાટણમાં આવ્યા ત્યારે તેમને રહેવા માટે અહીં સ્થાન મળ્યું નહીં. આથી રાજા દુર્લભરાજે ચૈત્યવાસીઓને સમજાવી, તેમની સમ્મતિથી સંવેગી સાધુઓ પણ પાટણમાં રહી શકે એવી વ્યવસ્થા કરી. રાજા આ૦ જિનેશ્વરસૂરિને બહુ માનતો હતો, તેમને રાજસભામાં માનભેર આમંત્રણ આપતો હતો અને તેમનો ઉપદેશ સાંભળતો હતો. રાજાની આ સમ્માનની ભાવનાથી પાટણમાં સુવિહિત સાધુઓનો વિહાર ખુલ્લો થયો અને તેમને માટે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપાશ્રયો પણ બનવા લાગ્યા. તે પછી આ૦ નેમિચંદ્રસૂરિ વગેરે પાટણમાં પધાર્યા હતા. રાજા દુર્લભરાજ અંતે સં૦ ૧૦૮૦માં બાવાના વેશે તીર્થમાં જઈ વસ્યો અને ત્યાં પરલોકની સાધના કરી મૃત્યુ પામ્યો.

મહમ્મુદ ગિઝનવીએ સં૦ ૧૦૮૧ માં પાટણ ભાંગ્યું.

રાજા દુર્લભરાજને જ્ઞાનદેવ નામે શૈવાચાર્ય ધર્મગુરુ હતો. પં૦ સોમેશ્વર નામે પુરોહિત હતો અને નેઢ નામે મહામાત્ય હતો.

**૫. ભીમદેવ પહેલો** (સં૦ ૧૦૭૮ થી ૧૧૨૦)—

નાડોલના રાજા મહેંદ્ર ચૌહાણે પોતાની મોટી બેન મહેંદ્રદેવીને સ્વયંવરમાં રાજા દુર્લભરાજને પરણાવી હતી અને નાની બેન લક્ષ્મીને તેના નાનાભાઈ નાગરાજ સાથે પરણાવી હતી. લક્ષ્મીરાણીએ ભીમદેવને જન્મ આપ્યો. રાજા દુર્લભરાજે પોતાના હાથે જ સં૦ ૧૦૭૮ માં ભીમદેવને ગુજરાતની ગાદીએ બેસાડ્યો.

**મહમ્મુદ** ગિઝનવીએ સં૦ ૧૦૮૦ માં ભારત ઉપર ચડાઈ કરી. સં૦ ૧૦૮૧ માં (તા. ૩–૧–૧૦૨૫ ગુરુવારે) **ભિન્નમાલ, પાટણ,** ચંદ્રાવતી, જૂનાગઢ, દેલવાડા અને **સોમનાથ પાટણ**ના સોમેશ્વરને તોડીફોડીને લૂંટી લીધું, પરંતુ તે સાચોરને તોડી શક્યો નહીં. એ સમયે રાજા ભીમદેવ કંથકોટના કિલ્લામાં સંતાઈ બેઠો હતો. મહમ્મુદે ત્યાં જઈને તેને ત્યાંથીયે નસાડ્યો અને પોતે સિંધમાં થઈને ગિઝની ચાલ્યો ગયો. ગિઝની જતાં અજાણ્યો રસ્તો લેવાથી તેના સૈન્યની ભારે ખુવારી થઈ.

ગુજરાત અને માળવાને પરસ્પર વૈમનસ્ય ચાલુ હતું. માજી રાજા દુર્લભરાજની ઘટનાથી તેમાં વધારો થયો હતો. રાજા ભીમદેવ તેનો બદલો લેવાને તકની રાહ જોતો હતો. **રાજા ભોજે** ગુજરાત ઉપર ચડાઈ કરવા પ્રસ્થાન કર્યું, પરંતુ ગુજરાતના ચકોર સાંધિવિગ્રહિક (સંધિપાલ) દામોદરે (ડામરે) બહુ જ યુક્તિથી તેમાં ફેરફાર કરાવ્યો. ભોજરાજે તરત તિલંગ પર ચડાઈ કરવાની ગોઠવણ કરી અને આ દરમિયાન રાજા ભીમદેવ માળવા પર ચડાઈ ન કરે તે ખાતર એક હાથી-હાથિણીની ભેટ મોકલી ભીમદેવને ખુશ કર્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભીમદેવ સં૦ ૧૦૯૯માં સિંધને જીતવા ગયો ત્યારે પાછળથી ભોજરાજાનો સેનાપતિ દિગંબર ભટ્ટારક કુલચંદ્ર સૈન્ય સાથે આવ્યો અને પાટણ ભાંગ્યું. રાજમહેલના ઘંટાઘર પાસે કોડીઓ દાટી જય-પત્ર મેળવ્યું, પરંતુ તેને ખંભાતમાં સખત હાર મળી. એટલે તે સીધો માળવા ચાલ્યો ગયો.

ભોજ રાજા સમજી ગયો કે, સેનાપતિ કુલચંદ્રે પાટણમાં કોડી-ઓ દાટી છે તેથી સમય જતાં માળવાનું ઉઘરાણું ગુજરાતને મળશે પણ હવે શું થાય? ભાવિભાવ. તેણે કુલચંદ્રને કન્યા તથા ધન આપી સુખી બનાવ્યો.

એક વાર ભીમદેવ વેશનો પલટો કરી ભોજની સભામાં પહોંચી ગયો. એના નીકળી ગયા બાદ ભોજ રાજાને ખબર પડી કે, ગુજ-રાતનો રાજા ભીમદેવ સભામાં આવ્યો હતો. એવી રીતે એક વાર ગુજરાતના સૈનિકો તથા ભોજ રાજાનો સામસામે મુકાબલો પણ થયો હતો, પરંતુ ભોજ રાજા અણિશુદ્ધ બચી ગયો હતો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

એક દિવસે ડાહલદેશના કલચૂરી રાજા કર્ણે ભોજને યુદ્ધ માટે નોતર્યો. ભોજ રાજાએ 'એક દિવસમાં ૫૦ હાથનું મંદિર બનાવવું' એના આધારે જય-વિજય માનવાની શરત મૂકી. અંતે એમાં ભોજ હાર્યો અને શરત મુજબ તે મંદિરના ઉત્સવમાં પણ હાજર થયો નહીં. આથી રાજા કર્ણ કર્ણાટકના રાજા સોમેશ્વર વગેરેને સાથે લઈ ધારા પર ચડી આવ્યો. ગુજરાતનો ભીમ પણ કર્ણરાજે 'તમને માળવાનું અર્ધું રાજ્ય આપીશ' એવી કબૂલાત સાથે બોલાવવાથી ધારા ઉપર ચડી આવ્યો. રાજા ભોજ સં૦ ૧૦૧૨માં તે જ રાતે આ બધું જાણીને મરણ પામ્યો.

કર્ણે ધારાનગરને લૂંટયું, ખજાનો પણ લઈ લીધો અને ભીમ-દેવને લૂંટનો માલ નહિ પરંતુ ધર્મવિભાગરૂપે નીલકંઠ મહાદેવ તથા ચિંતામણિ ગણપતિ વગેરે દેવમંડલ આપ્યું. ભીમદેવને માળવા અને ગુજંરાતની વચ્ચેનો પ્રદેશ પણ મળ્યો. જો કે તે પછી માળવાના રાજા જયસિંહનો સેનાપતિ જગદેવ તથા ઉત્તરાધિકારી ઉદયાદિત્યે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુજરાત સાથે યુદ્ધ કરી તેમાંનો ઘણો પ્રદેશ પાછો વાળ્યો, પરંતુ ખેડામંડલ તો ગુજરાતમાં જ રહ્યું. આજે પણ પંચમહાલ અને ખેડામંડલ ગુજરાતમાં જ છે. મહામાત્ય નેઢ, મંત્રી સેનાપતિ વિમલ, સંધિપાલ દામોદર વગેરે પણ આ માળવાની લડાઈમાં સાથે હતા.

દિલ્હીના હિંદુ રાજાએ સં૦ ૧૦૯૯ માં સિંધ પર હુમલો કર્યો. ગુજરાતનો રાજા ભીમ, યુવરાજ કર્ણ, માળવાનો ભોજ, નાડોલનો અણહિલ ચૌહાણ, કર્ણાટકનો સોલંકી સોમેશ્વર, ચેદિનો કલચૂરી કર્ણદેવ વગેરેએ ત્યાં જઈ તેને સાથ આપ્યો હતો. તેમાં ભીમદેવે જે બહાદુરી બતાવી તેનું સવિસ્તર વર્ણન 'દ્વયાશ્રયમહાકાવ્ય'માં મળે છે.

સિંધ જતાં રાજા ભીમદેવે થટ્ટાના રાજાને હરાવ્યો હતો. દિલ્હીપતિ સાથે મૈત્રી બાંધી હતી.

આબૂનો રાજા ધંધૂક તથા કૃષ્ણરાજ પરમાર અને નાડોલનો રાજા અણહિલ તથા અહિલ ચૌહાણે સ્વતંત્ર થવા માટે માથું ઊંચું કર્યું હતું. તેમાં તેઓ નિષ્ફળ જતાં ફરીથી તેઓ ગુજરાતના સામંત બની રહ્યા. ભીમદેવે ચેદિરાજ કર્ણ સાથેની મૈત્રીને વધુ ગાઢ બનાવી હતી. (દ્વયાશ્રયકાવ્ય, સર્ગ : ૧૬, શ્લો૦ ૧૭ થી ૬૪)

ભીમદેવ બકુલાદેવીને પરણ્યો હતો. તેનો ઇતિહાસ એવો મળે છે કે,[1] બકુલાદેવી એ વારાંગના કન્યા હતી. તે પાટણમાં સૌથી વધારે રૂપાળી હતી અને પવિત્ર જીવન ગાળતી હતી. તેને કુળવાન સ્ત્રીની જેમ એક પુરુષ સાથે રહીને લગ્નજીવન ગાળવાની અભિલાષા હતી. રાજા ભીમદેવે આ વૃત્તાંત જાણીને તેની પવિત્રતાની પરીક્ષા માટે તેને ત્યાં પોતાના નોકરો સાથે પાણિગ્રહણની વિધિરૂપે એક બહુ કીમતી ખાંડુ મોકલ્યું અને તેણે બહુ ઉત્સાહથી તે જ રીતે શુભ મુહૂર્તે યુદ્ધ માટે પ્રયાણ કર્યું. રાજાએ માળવાના યુદ્ધમાં બે વર્ષ વીતાવ્યાં. અહીં રાણી બકુલાએ બે વર્ષ સુધી શોભાદાર વસ્ત્રો તથા આભૂષણોનો ત્યાગ કરી, પ્રતિવ્રતાના નિયમો પાળી શુદ્ધ શીલનું પાલન કર્યું. ભીમ ત્રીજે વર્ષે શત્રુઓને જીતી પાટણમાં આવ્યો. તેણે

૧. જૂઓ, તાડપત્રીય સં૦ ૧૪૭૫માં લખેલો 'પ્રાચીન કુમારપાલપ્રબંધ.'

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બકુલાદેવીની પવિત્રતાની ખાતરી કરી તેને પોતાના રાણીવાસમાં દાખલ કરી. તેણે ક્ષેમરાજકુમારને જન્મ આપ્યો, તે પછી મોટી રાણી ઉદયમતીએ કર્ણદેવને જન્મ આપ્યો. ક્ષેમરાજ અને કર્ણદેવને પરસ્પર ગાઢ પ્રેમ હતો. ક્ષેમરાજને દેવપ્રસાદ અને દેવપ્રસાદને ત્રિભુવનપાલ વગેરે ત્રણ પુત્રો હતા. ત્રિભુવનપાલને પણ ત્રણ પુત્રો અને એક પુત્રી હતાં. તેઓમાં કુમારપાલ રાજલક્ષણવાળો હતો.[1]

ક્ષેમરાજનું બીજું નામ હરિપાલ હતું.[2]

---

૧. भीमदेवस्य द्वे राज्यौ, एका बकुलादेवीनाम पण्याङ्गना, पत्तनप्रसिद्धं रूपपात्रं च। तस्याः कुलयोषितोऽपि अतिशायिनीं प्राज्यमर्यादां नृपतिर्निशम्य तद्वृत्तपरीक्षानिमित्तं सपादलक्षमूल्यां क्षुरिकां निजानुचरैस्तस्यै ग्रहणके दापयामास। औत्सुक्यात् तस्यामेव निशि बहिरावासे प्रस्थानलग्नमसाधयत्। नृपतिर्वर्षद्वयं मालवमण्डले विग्रहाग्रहात् तस्थौ। सा तु बकुलादेवी तद्दत्तग्रहणकप्रमाणेन वर्षद्वयं परिहृतसर्वसङ्गचङ्गशीललीलयैव तस्थौ। निस्सीमपराक्रमो भीमस्तृतीयवर्षे स्वस्थानमागतो जनपरम्परया तस्यास्तां प्रवृत्तिमवगम्य तामन्तःपुरे न्यधात्। तदङ्गजः क्षेमराजः। द्वितीया राज्ञी उदयमती, तस्याः सुतः कर्णदेवः। क्षेमराज-कर्णदेवौ तत्पुत्रौ भिन्नमातृकौ परस्परं प्रीतिभाजौ।...इतश्च क्षेमराजस्य पुत्रो देवप्रसादकः। तस्य पुत्रास्त्रयः त्रिभुवनपालादयोऽभूवन्, त्रिभुवनपालस्यैकाऽभूत् सुता, तनयास्त्रयः। आद्यः कुमारपालाख्यो राजलक्षणलक्षितः ॥

પાટણના સંઘવીપાડાના જૈન ગ્રંથભંડારમાં રહેલ પ્રાચીન 'કુમારપાલપ્રતિબોધ પ્રબંધ'ની સં૦ ૧૪૭૧ માં લખાયેલી તાડપત્રીય પ્રતિ, પત્ર ૪૬. જૂઓ, પત્તનસ્થ જૈન ગ્રંથભાંડાગારસૂચી' પૃ૦ ૧૫–૧૭, સને ૧૯૩૭માં પ્રકાશિત ગા૦ ઓ૦ સિ૦ નં૦ ૭૬.

જૈન સત્યપ્રકાશ, ક્રમાંક : ૨૨૮, પૃ૦ ૨૨૩, પં૦ લા૦ ભ૦ ગાંધીનો 'ઉદયનવિહાર' લેખ.

મુક્તિકમલ જૈન ગ્રંથમાળા, અમદાવાદ, ગ્રં૦ ૧૧, પત્ર ૩.

૨. ભીમદેવની ઇચ્છા હતી કે, ક્ષેમરાજને ગાદીએ બેસાડવો, પરંતુ ક્ષેમરાજે પ્રભુભજનમાં અને તપ-ધ્યાનમાં પોતાનું જીવન ગાળવા જણાવ્યું અને તે મુંડકેશ્વરતીર્થમાં જઈને રહ્યો. ભીમદેવ તથા ક્ષેમરાજે કર્ણદેવને ગુજરાતની ગાદીએ બેસાડ્યો. કર્ણદેવે ક્ષેમરાજના પુત્ર દેવપ્રસાદને દધિસ્થલી (દેથલી) ગામ ગરાસમાં આપ્યું. "ભીમરાજે ક્ષેમરાજને આપવા માંડ્યું."

—મહીપતરામ રૂપરામ નીલકંઠ કૃત ગૂ૦ સં૦ ઇ૦ પૃ૦ ૧૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભીમદેવનો ત્રીજો પુત્ર મૂળરાજ બહુ જ પરગજુ હતો. તેણે એક ભયંકર દુકાળમાં ખેડૂતો પર ગુજરાતી કનડગત દૂર કરાવી હતી અને રાજાને સમજાવી તેમનો વેરો પણ માફ કરાવ્યો હતો. આથી તે મીઠી દૃષ્ટિને પાત્ર બન્યો. તે ત્રીજે દિવસે મરણ પામ્યો. ખેડૂતો બીજે વર્ષે બે સાલનો વેરો લઈ રાજા પાસે આવ્યા. રાજા ભીમદેવે તેમાં બીજી રકમ ઉમેરી તે વડે ત્રિપુરુષપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

મહમ્મુદ ગિઝનવીએ સોમનાથનું મંદિર તોડયું હતું ત્યારે સૌરાષ્ટ્ર ગુજરાતને આધીન ન હતો. ભીમદેવે ત્યાં પથ્થરનું નાનકડું કામચલાઉ મંદિર બંધાવ્યું હશે. સૌરાષ્ટ્ર ગુજરાતને મળ્યો ત્યારે તો ગૂર્જરેશ્વર કુમારપાલે સં૦ ૧૨૦૮ માં સોમનાથનું વિશાળ મંદિર બંધાવ્યું; જેને અલ્લાઉદ્દીન ખિલજીએ તોડયું હતું.

રાજા ભીમદેવે પાટણમાં રાજા મૂળરાજના ત્રિપુરુષપ્રાસાદનો પોતાના પુત્ર મૂળરાજ (બીજા)ના કલ્યાણ માટે જીર્ણોદ્ધાર કર્યો હતો. તેમાં તેણે મોટી રકમ લગાવી હતી તથા કચ્છમાં ભદ્રાવતીનગરનો કિલ્લો બંધાવ્યો અને તળાવ બંધાવ્યું. રાણી ઉદયમતીએ 'રાણીવાવ' બંધાવી હતી.

જૈનમ્ જયતિ શાસનમ્

મોઢેરામાં ભ૦ મહાવીરસ્વામીનું કુંડવાળું વિશાળ મંદિર હતું, જે મોઢગચ્છના આચાર્યોના તાબામાં હતું. (જૂઓ, પ્ર૦ ૩૨, પૃ૦ ૫૨૨) આ અરસામાં તેનો જીર્ણોદ્ધાર થયો હશે. જે અસલમાં સૂરિમંદિર હતું તે આજે મોઢ વૈશ્યો વૈષ્ણવ બની જતાં સૂર્યમંદિર તરીકે ઓળખાય છે.

ભીમદેવની સભામાં આ૦ દ્રોણાચાર્ય, આ૦ સૂરાચાર્ય, આ૦ ગોવિંદ, આ૦ વર્ધમાન વગેરે અવારનવાર જતા હતા, ઉપદેશ દેતા હતા. રાજા ભીમદેવ તેઓનો પરમ ભક્ત હતો. શ્રીદ્રોણાચાર્ય તથા સૂરાચાર્ય રાજા ભીમદેવના મામા તથા મામાઈ ભાઈ હતા. આ સમયે રાજકુટુંબોમાં તથા ગુજરાતમાં જૈનધર્મનું શું સ્થાન હતું તે આ ઉપરથી સહેજે તારવી શકાય એમ છે. આ સમયે ઘણા ક્ષત્રિયોએ જૈનધર્મ સ્વીકાર્યો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભીમદેવના મંત્રી વિમલશાહે સં૦ ૧૦૮૮ માં આબૂ ઉપર વિમલવસતિ નામે જિનમંદિર બનાવ્યું હતું, જેની નકશી આજે પણ ભારતમાં સૌથી શ્રેષ્ઠ મનાય છે. વિક્રમની અગિયારમી સદીની ગુજરાતની સર્વોચ્ચ સ્થાપત્યકળાનું એ જીવતું-જાગતું પ્રતીક ગણાય છે. (જૂઓ, પ્રક૦ ૩૫, આબૂ)

રાજા ભીમદેવને દામોદર તથા ચંડશર્મા સંધિપાલ, નેઢ મહામંત્રી, વિમલ દંડનાયક, જાહિલ નાણાંખાતાનો પ્રધાન અને મુંજનો પુત્ર સોમશર્મા પુરોહિત હતા.[1]

તેને ઉદયમતી તથા બકુલાદેવી રાણીઓ હતી અને ક્ષેમરાજ, કર્ણદેવ તથા મૂળરાજ એ રાજપુત્રો હતા. તેના સમયમાં વીસનગર વસ્યું હતું.

(જૂઓ, દ્વયાશ્રય મહાકાવ્ય, પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, તપગચ્છપટ્ટાવલી, સત્યપુરમંડન મહાવીરઉચ્છાહ, તામ્રપત્રો, પ્રશસ્તિલેખો, ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, રાસમાલા, મુંબઈ ગેઝેટિયર, ઇબ્નિસીરની તબકાત ઇનસીરી, શ્રમણવંશવૃક્ષ.)

### ૬. કર્ણદેવ (સં૦ ૧૧૨૦ થી ૧૧૫૦)

રાજા ભીમદેવ, ક્ષેમરાજકુમાર તથા મંત્રીઓએ એકમત કરી, સં૦ ૧૧૨૦ માં કર્ણદેવને ગુજરાતની ગાદીએ બેસાડ્યો. ત્યાર બાદ ક્ષેમરાજ તપસ્યા કરવા મુંડકેશ્વર તીર્થમાં જઈ વસ્યો.

'કર્ણસુંદરી'ના આધારે અનુમાન થાય છે કે, રાજા ભીમદેવે સં૦ ૧૦૯૯માં સિંધ પર હુમલો કર્યો ત્યારે કર્ણદેવ પણ તેમની સાથે હશે.

શરૂઆતમાં માળવાના રાજા ભોજના ત્રીજા ભાઈ ઉદયાદિત્યે સાંભરના રાજા વિગ્રહરાજની મદદથી ગુજરાતની સરહદ પર હુમલો કર્યો અને પોતાનો કેટલોક પ્રદેશ પાછો મેળવ્યો.

સેવાડીના શિલાલેખોમાં નાડોલની રાજાવલીમાં અણહિલ, જિંદ

---

૧. પ્રથમ ભીમદેવનો મંત્રી નેઢ, દંડનાયક વિમલ, ખર્ચખાતાનો પ્રધાન જાહિલ જૈન હતા. (જૂઓ. 'ભારતીયવિદ્યા' ત્રૈમાસિક, ભા૦ ૨, અંક : ૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને અશ્વરાજનાં નામો આપ્યાં છે. આ જિંદના પુત્ર પૃથ્વીપાલ તથા જુજ્જલે ગુજરાત સામે બળવો જગાવ્યો હતો, પરંતુ અંતે તેઓ કર્ણદેવના સામંત બની ગયા હતા.

લાટમાં ગુજરાતના સામંત તરીકે બારપ, બારપનો પુત્ર, કીર્તિરાજ અને ત્રિલોચનપાલ થયા હતા. રાજા કર્ણદેવના સમયે અહીં દુર્લભરાજ ચૌલુક્ય દંડનાયક તરીકે નિમાયો હતો.

કર્ણદેવે ૭ લાખ ભીલોના સરદાર આશાવલના ભીલને જીતી સાબરમતીના કિનારે કર્ણાવતીનગર વસાવ્યું, કર્ણસાગર (કાંકરિયું) તળાવ બંધાવ્યું. કર્ણેશ્વરનું મંદિર બંધાવ્યું તેમજ કોચરબદેવીનું મંદિર અને જયંતીદેવીનું મંદિર બંધાવી તેની સ્થાપના કરી. મોઢેરાની દક્ષિણે કર્ણસાગર ગામ વસાવ્યું. પાટણમાં કર્ણમેરુપ્રાસાદ કરાવ્યો અને કચ્છની ભદ્રાવતીમાં એક વાવ બંધાવી.

**આશાપલ્લી** વગેરે સ્થાનો માટે વિદ્વાનોમાં મોટો વિસંવાદ છે; પરંતુ વિચાર કરતાં આશાપલ્લી તે અસારવા, કર્ણાવતી તે અમદાવાદ, કર્ણસાગર તે કાંકરિયું, નરોદા તે ઉદાયન મંત્રીનો વાસ, કર્ણેશ્વર તે નરોડા ગામનું નરેશ્વર કે નલેશ્વરનું મંદિર, કોછરબ તે કોચરબ અને જયંતીદેવી તે ભદ્રાવતી સંભવે છે. ગુજરાતના મહામાત્ય **ઉદાયને** કર્ણાવતીમાં વિશાળ જિનાલય બંધાવ્યું હતું, જેની નિશાની નરોડામાં મળે છે. ઈતિહાસ કહે છે કે, સૂબા અલફખાને આશાવલને કોટ કરાવ્યો હતો. સુલતાન અહમદશાહે (સં૦ ૧૪૬૭ ફા૦ સુ૦ ૩) અમદાવાદ વસાવ્યું ત્યારે તેને સમરાવ્યો હશે; એ બંધબેસતી તર્કસંગત ઘટના છે.

આ સમયે કર્ણાટકમાં સોમેશ્વર (મૃત્યુ સં૦ ૧૧૩૨) અને વિક્રમાદિત્ય છઠ્ઠો રાજા હતો. ગોવામાં (પરોડા નદીકિનારે ચંદુરમાં) ષષ્ઠીદેવ એટલે શુભકેશી (સં૦ ૧૦૯૧ થી ૧૧૦૬) તથા જયકેશી પહેલો (સં૦ ૧૧૦૬ થી ૧૧૩૬) કર્ણાટકના સામંત રાજાઓ હતા. રાજા જયકેશી છઠ્ઠા વિક્રમાદિત્યનો મિત્ર અને જમાઈ થતો હતો. તેની પુત્રી **મણયલ્લદેવી** એટલે મીનલદેવીએ કર્ણદેવ સાથે લગ્ન કરવાનો

જૈનસાઈટ JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિર્ણય કર્યો એટલે રાજા જયકેશીએ તેને સ્વયંવરા તરીકે પાટણ મોકલી. તે કુરૂપ હતી. તેથી કર્ણદેવે લગ્ન કરવાની ના પાડી. પછી તો માતાના દબાણથી અને કર્ણાટક સાથે ગાઢ સંબંધ જોડાય એ રહસ્યથી તેને તે પરણ્યો પરંતુ તે મીનલદેવીને કુરૂપ જાણી બોલાવતો નહોતો.

એક વાર કર્ણે કોઈ નીચ જાતિની સ્ત્રીને એકાંતમાં મળવાનો સંકેત કર્યો હતો. **મહામંત્રી મુંજાલે** તે સ્ત્રીના બદલે મીનલદેવીને ગોઠવી દીધી. મીનલદેવીએ જયસિંહકુમારને જન્મ આપ્યો.

કર્ણદેવ બહુ રૂપાળો અને કામી પુરુષ હતો. તે યુવરાજ હતો ત્યારે તેણે સંભવતઃ સૌથી રૂપાળા આ૦ દેવસૂરિને ‘રૂપશ્રી’નું બિરુદ આપ્યું અને રાજા થયા પછી અત્યંત નિઃસ્પૃહતાના કારણે શરીરના મેલને પણ દૂર ન કરનારા આ૦ અભયદેવસૂરિને ‘મલધાર’નું બિરુદ આપ્યું હતું. ગોવિંદાચાર્ય કર્ણદેવના બાલમિત્ર હતા. (જૂઓ, પ્રક૦ ૩૭, ૩૮) તેની સભામાં જૈનાચાર્યોનું માનવંતુ સ્થાન હતું. રાજા કર્ણદેવને ત્રૈલોક્યમલ્લનું બિરુદ હતું.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

કર્ણદેવને ધવલ, શાંતૂ અને મુંજાલ એ ત્રણ મહામાત્યો હતા. જાહિલ ખર્ચખાતાનો પ્રધાન હતો. દુર્લભરાજ દંડનાયક હતો. આમશર્મા પુરોહિત હતો. જયા અને મીનલદેવી રાણીઓ હતી. જયસિંહ પુત્ર હતો.

બહારથી આવતા સોમનાથના યાત્રિકો પાસેથી ભાલોદમાં મુંડકાવેરો લેવાતો હતો તે મીનલદેવીએ રદ કરાવવાની ઇચ્છાથી તે ગુજરાતની રાણી બની હતી. જયસિંહના રાજ્યમાં તેણે પોતાની તે ઇચ્છા પાર પાડી. તેણે અહીં મંત્રી ઉદયનને ભ્રાતા તરીકે સ્વીકાર્યો હતો. તેણે પિતા જયકેશીનું મરણ થતાં પિતાના કલ્યાણ માટે સોમનાથ જઈ ત્યાં ત્રણ વેદના જાણકાર એક બ્રાહ્મણને પાપઘટનું દાન આપ્યું હતું. રાણી મિનલદેવીએ વીરમગામમાં મિનલ-સરોવર અને ધંધુકામાં બીજું સરોવર બંધાવ્યું. સિદ્ધરાજ બાલક હતો ત્યારે ઘણાં વર્ષો સુધી મયણલ્લદેવીએ રાજકારભાર સાચવ્યો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાશ્મીરના કવિ બિલ્હણે ચતુરંકી ‘ કર્ણસુંદરી નાટિકા ’માં રાજા કર્ણદેવ તથા મહામાત્ય શાંતૂની ઘટના રજૂ કરી છે. નાટિકામાં તીર્થંકરદેવનું મંગલાચરણ કરેલું છે; એ એક સૂચક વસ્તુ છે.[1] નાટિકામાં મહામાત્ય શાંતૂએ કર્ણ અને મિનલદેવીનો મિલાપ કઈ રીતે કરાવ્યો તેનું સરસ રીતે આલેખન કર્યું છે. આમાં મહામાત્ય શાંતૂને યોગંધરાયણની સાથે સરખાવ્યો છે.

**૭. સિદ્ધરાજ જયસિંહ** (સં૦ ૧૧૫૦ થી ૧૧૯૯)—

રાજકુમાર જયસિંહ બાળક હતો ત્યારે જ રાજા કર્ણદેવે દેવપ્રસાદ રાજા બની ન બેસે એ કારણે બાળક જયસિંહનો શુભ મુહૂર્તમાં પાટણની ગાદી પર રાજ્યાભિષેક કર્યો હતો અને પોતે કર્ણાવતીમાં મોટે ભાગે રહેતો હતો. જયસિંહ મોટો થયો ત્યારે કર્ણદેવે સં૦ ૧૧૫૦ના પોષ સુદિ ૩ ને શનિવારે શ્રવણ નક્ષત્રમાં તેનો ભારે ઠાઠથી રાજ્યાભિષેક કર્યો અને તે પછી કર્ણદેવ મરણ પામ્યો. સમય જતાં જયસિંહ સિદ્ધરાજ તરીકે પ્રસિદ્ધિ પામ્યો.

ક્ષેમરાજના પુત્ર દેવપ્રસાદે પણ કર્ણદેવ અને જયસિંહદેવના મનના સમાધાન માટે ત્રિભુવનપાલને જયસિંહના હાથમાં સોંપી અગ્નિસમાધિ લીધી. જયસિંહ અને ત્રિભુવનપાલ વચ્ચે ગાઢ મૈત્રી હતી.

કર્ણરાજ મરણ પામ્યો ત્યારે સિદ્ધરાજ આઠ વર્ષનો હતો અને મંત્રી શાંતૂની દેખરેખ નીચે આગળ વધ્યો હતો. સિદ્ધરાજે ગુજરાતને બૃહદ્ ગુજરાત બનાવવા અથાક પ્રયત્ન કર્યો હતો. તેણે શરૂઆતમાં જ મહામાત્ય શાંતૂની સલાહથી વૈદ્યકમાં નિષ્ણાત લીલા વૈદ્યને પોતાને ઘરે બોલાવી ૩૨ હજારનું બાન લઈ છૂટા કરનાર પોતાના સગા મામા મદનપાલને મરાવી નાખ્યો અને ‘ दुष्टस्य दण्डः ’ એ રાજનીતિનો ઉત્તમ દાખલો બેસાડ્યો. તેણે આઠ વર્ષની ઉંમરમાં ધારાનગર ભાંગવાની પ્રતિજ્ઞા લીધી હતી, જે મંત્રી શાંતૂએ બનાવટી ધારા

---

૧. કવિ બિલ્હણે વિક્રમાંકચરિત્ર, કર્ણસુંદરીનાટિકા, બિલ્હણાષ્ટક પાર્શ્વનાથસ્તોત્ર અને ચૌર પંચાશિકા રચ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બનાવીને તે પ્રતિજ્ઞા પૂરી કરાવી હતી. તેણે લૂંટારાના સરદાર બર્બરકને જીતીને પોતાની આજ્ઞા હેઠળ આણ્યો હતો.

ઇતિહાસ કહે છે કે, ગુજરાતના ચાવડાઓ ચાંચિયાપણું કરતા હતા, તે ચાંચિયાગીરી વનરાજ ચાવડાએ બંધ કરાવી હતી.

સોરઠના ચૂડાસમા રાજાઓ પણ એ જ કોટિના રાજાઓ હતા. તેઓ કોડીનાર, પ્રભાસપાટણ, ગિરનાર તથા દ્વારિકાના જૈન, શૈવ યાત્રિકોને લૂંટતા હતા અને રંજાડતા હતા. સમુદ્રમાં વેપારી વહાણોને પણ લૂંટતા હતા. તેઓ લૂંટ, ચોરી, ચાંચિયાપણું અને વ્યભિચારના માર્ગે ચડી ગયા હતા. એ કારણે તેઓ યાદવ હોવા છતાં 'આભીર' કહેવાતા હતા.[1] તેમની એ પાશવી લીલાનો અંત લાવવા માટે સિદ્ધરાજે પોતાની તરવાર ઉઠાવી. રાજા સિદ્ધરાજે સં૦ ૧૧૭૦ માં જૂનાગઢના રાજા ખેંગારને કપટથી પકડીને કેદમાં પૂર્યો.

રાજમાતા મીનલદેવીને સોમનાથની યાત્રાની ઉત્કટ ઇચ્છા હતી. સિદ્ધરાજે તેને સાથે લઈને સોમનાથની પહેલી યાત્રા કરી. ભાલોદનો ૭૨ લાખની આવકવાળો યાત્રાનો કરવેરો તેણે સદંતર બંધ કરાવ્યો અને સં૦ ૧૧૭૦ થી સિંહ સંવત ચલાવ્યો. રા'ખેંગાર અને રાણકદેવડી સં૦ ૧૧૭૬ માં મરણ પામ્યાં. તે પછી સોરઠમાં મંત્રી સજ્જનની દંડનાયક તરીકે નિમણૂંક કરવામાં આવી. આ યુદ્ધમાં ત્રિભુવનપાલ અને મંત્રી ઉદયન સાથે હતા.

માળવા અને ગુજરાતના વચલા પ્રદેશો માટે અવારનવાર ઝગડો ઊભો થતો હતો. સિદ્ધરાજ સં૦ ૧૧૮૫ માં સોમનાથની યાત્રાએ ગયો ત્યારે માળવાના રાજા નરવર્માના યુવરાજ યશોવર્માએ ગુજ-

---

૧. ચૂડાસમા રાજા (૧) હમીર, (૨) ધરણીવરાહ, (૪) ગ્રહરિપુ. (૧૦) ખેંગારનાં કારનામાં ઇતિહાસને પાને લખેલાં મળે છે. સં૦ ૧૧૬૦થી ૧૧૭૦ની વચ્ચે પાટણના એક સંઘપતિ સાથે બની ગયેલો છેલ્લો તાજો જ પ્રસંગ હતો. સોરઠનો રાજા ગ્રહરિપુ સ્વતંત્ર થઈ જઈ પ્રભાસના સોમનાથની યાત્રાએ જનારને લૂંટવા લાગ્યો.

(–મહી૦ ૨૫૦ નો ગુજરાતનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ૦ ૧૧)

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાત પર હુમલો કર્યો હતો. મહામાત્ય શાંતૂએ તે સમજે એવી યુક્તિથી સમજાવી તેને પાછો વાળ્યો હતો. આ દરમિયાન માતા મીનલદેવી મરણ પામી હતી.

સિદ્ધરાજે સં૦ ૧૧૯૦માં મંત્રી મુંજાલને સંધિપાલ બનાવી ધારા મોકલ્યો. મંત્રી આલિગને પાટણની રક્ષાનો ભાર સોંપ્યો અને પોતે મહામાત્ય શાંતૂ, નાડોલનો સામંત આશરાજ ચૌહાણ, કિરાડુનો સામંત ઉદયરાજ વગેરેને સાથે લઈ માળવા તરફ રવાના થયો. ગોધરાના ભીલોએ તેની સામે લડવાને મોરચો ગોઠવ્યો હતો. મંત્રી શાંતૂ મહેતાએ આસપાસના ગામોનું સૈન્ય એકઠું કરી ભીલોને નસાડ્યા.

રાજા સિદ્ધરાજે સીપ્રા નદીના કિનારે પડાવ નાખ્યો. માળવાને જીતવો મુશ્કેલ હતો. એક દિવસે મંત્રી મુંજાલના સંકેત પ્રમાણે યશઃપટહ હાથી દ્વારા દક્ષિણ દરવાજો તોડી ધારામાં પ્રવેશ કર્યો. તે દરમિયાન રાજા યશોવર્મા મરી ગયો (સં૦ ૧૧૯૦). યશોવર્માના સર્વપરિવારને પકડી કેદ કર્યો. મેવાડ માળવાના શાસનમાં હતો એટલે તે સિદ્ધરાજના શાસનમાં આવી ગયો. મહોબકનો[1] રાજા મદનવર્મા અત્યંત સમૃદ્ધ અને વિલાસી હતો. સિદ્ધરાજ યુદ્ધમાં રખડતો હતો, તેથી સિદ્ધરાજને તે 'કબાડી' કહેતો હતો. સિદ્ધરાજે મહોબક પર ચડાઈ કરી, ત્યાંથી ૯૬ કરોડ સોનૈયા દંડમાં લીધા અને મદનવર્મા સાથે મૈત્રી-સંબંધ બાંધ્યો.

સિદ્ધરાજે સં૦ ૧૧૯૩માં હાથીના હોદ્દે બેસી ધામધૂમથી પાટણમાં પ્રવેશ કર્યો. તેની ઇચ્છા હતી કે, રાજા યશોવર્માને ખુલ્લી તરવાર આપી છડીદાર તરીકે હાથીની અંબાડીમાં પોતાની પાછળ બેસાડવો, પરંતુ સંધિપાલ મુંજાલના કહેવાથી રાળ ચોપડેલી બનાવટી કટાર આપી તેને એ રીતે બેસાડ્યો.

આ સમયે આ૦ વીરસૂરિ, આ૦ હેમચંદ્રસૂરિ વગેરેએ રાજાને

૧. 'પ્રબંધાવલી'માં મહોબકનું નામ કાંતિપુરી આપેલું છે.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

વિવિધ આશીર્વાદ આપ્યા.[1] તેણે એ જ અરસામાં આ૦ હેમચંદ્રસૂરિને વિનંતિ કરી 'સિદ્ધહેમ વ્યાકરણ'ની રચના કરાવી.

એક વાર મ્લેચ્છના પ્રધાનો પાટણમાં આવ્યા. સિદ્ધરાજે તેઓને ખુશ કરી પાછા મોકલ્યા હતા. એક વાર મ્લેચ્છો પાટણ પર ચડી આવ્યા. માંજુ ઝાલાએ તેમને પાછા હઠાવ્યા. કર્ણાટકનો રાજા પરમર્દીનો સામંત જગદેવ પાટણનો મોટો કોટવાલ હતો. પાટણની રક્ષામાં તે અજોડ હતો. (કીર્તિકૌમુદી, સર્ગ : ૨, શ્લો૦ ૯૯)

સિદ્ધરાજે મહોબા નરેશ મદનવર્મા, ડાહલરાજ, સાંભરપતિ અર્ણોરાજ, કોલ્હાપુરનો રાજા પરમર્દી, કાશીનો યુવરાજ જયચંદ એ બધા સાથે મૈત્રી બાંધી રાખી હતી. તેણે સાંભરના રાજા અર્ણોરાજને મિત્ર બનાવી પોતાની પુત્રી કંચનદેવીને પરણાવી હતી. તેનો પુત્ર સોમેશ્વર પાટણમાં ઊછરીને મોટો થયો હતો.

સિદ્ધરાજે મંદિરો, તળાવ, વાવ, કિલ્લા, દાનશાળા વગેરે ધર્મનાં અનેક લોકોપયોગી કાર્યો કર્યાં. તેનાં પ્રસિદ્ધ કામો માટે કહેવાય છે—

'महालयो महायात्रा महास्थानं महासरः ।
यत् कृतं सिद्धराजेन तत् कृतं केन न कचित् ॥'

(જૂઓ, પ્રબંધચિંતામણિ)

સિદ્ધરાજે સરસ્વતી નદીને કિનારે સં૦ ૧૧૫૨ માં સિદ્ધપુર વસાવ્યું અને ત્યાં રુદ્રમાળ બાંધવો શરૂ કર્યો. સં૦ ૧૧૮૪ માં તેની પ્રતિષ્ઠા કરી શિખર પર ધ્વજા ચડાવી.[2]

---

૧. આ૦ હેમચંદ્રસૂરિએ આર્શીર્વાદ આપતાં કહ્યું કે—
भूमि कामगवि ! स्वगोमयरसैरासिञ्च रत्नाकराः
मुक्तास्वस्तिकमातनुध्वमुडुप ! त्वं पूर्णकुम्भो भव ।
धृत्वा कल्पतरोर्दलानि सरलैर्दिग्वारणाः ! तोरणा-
न्याधत्त स्वकरैर्विजित्य जगतीं नन्वेति सिद्धाधिपः ॥

૨. રુદ્રમાળનું વર્ણન—
"થર સઈ ચૌદ ચિઉંઆલ, થંભ સઈ સત્તર નિરંતર,
સયપુત્તલી અઢાર, મણિમાણિક સયંવર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૧૯૮ સુધીમાં રુદ્રમાળ સંપૂર્ણ તૈયાર થયો.

ઉજ્જૈનમાં એવી રાજાજ્ઞા હતી કે, મહાકાલના મંદિરની ધ્વજા ફરકે ત્યારે બીજાં મંદિરોની ધજા ફરકાવી ન શકાય, તેમ રાજા સિદ્ધરાજે પણ રુદ્રમાળને મહાકાલની હોડમાં મૂકવાની ઇચ્છાથી રુદ્રમાળની ધજા ચડાવી ત્યારે દરેક જૈન-અજૈન મંદિરોની ધજા ઉતરાવી હતી.

સિદ્ધરાજ શૈવધર્મી હતો છતાં તેના દિલમાં જૈનધર્મ પ્રત્યે ઘણો પ્રેમ હતો. અહિંસા, ત્યાગ, તપ, પરોપકાર અને સરસ્વતીની મૂર્તિ સમા જૈનાચાર્યોનો સાત્ત્વિક પ્રભાવ તથા જૈનોની રાજવફાદારીની સબળ અસર હતી, એટલે એ નવું શાસન નભી શક્યું નહીં. એક તરફ શ્રીપુરમાં બ્રહ્માજી તથા ભ૦ ઋષભદેવના મંદિરોની ધ્વજા ઊતરી જ ન હતી. બીજી તરફ પોતે સિદ્ધરાજે પણ આ૦ હેમચંદ્ર તથા આ૦ વીરસૂરિના ઉપદેશથી ઘણાં દેરાસરો પર ધ્વજા ફરકતી કરાવી હતી. એટલે દરેક જૈનમંદિરો પર સમય જતાં ધીરે ધીરે ધ્વજા ફરકવા લાગી.

(જૂઓ, ન્યાયકંદલીપંજિકા-પ્રશસ્તિ, સં૦ ૧૩૮૫)

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

સિદ્ધરાજે જેમ સરસ્વતીના કિનારે રુદ્રમહાલય બંધાવ્યો તેમ, ભ૦ મહાવીરનું દેરાસર પણ બંધાવ્યું. (જૂઓ, દ્વ્યાશ્રયકાવ્ય, સર્ગ : ૧૫, શ્લો૦ ૧૬) સિદ્ધપુરમાં ચોવીશ દેરીઓવાળો સિદ્ધવિહાર તથા

---

તીસ સહસ ધજદંડ, કલશ દશ સહસ સુવન્નય;
છપ્પન કોડિ ગય તુરિય, લગ્ગ તીણુર્ઈ મહાલય,
કવિ ગદ્દ સહિ ઈમ ઉચ્ચરઈ, સુર નર રોમંચિય સવ્વઈ;
સુપસિદ્ધ જયસિંહ કિત્તિ, ટમમમ ચાહઈ ચક્કવઈ "

સિદ્ધરાજે આ કવિત બનાવનારને દર અક્ષરે એકેક સોનૈયો આપ્યો.

(જૂઓ, ઉપદેશસાર, સં૦ ૧૬૬૨)

तत्पुत्र माता मीनलदेवी जात सिद्धराज जयसिंहदेव वर्ष ४९ राज्यम्। तन्मध्ये सहस्रलिङ्गसरोवरनिष्पत्तिः करावतां वर्ष ३०, मास ५, दिन १० लागा। सं० ११९८ रुद्रमाल निपजाविउ वर्ष ३५, मास ४, दिन १० लागा। पुत्र न हुआ। (જૂઓ, ધર્મસાગરગણિ શિષ્ય પં૦ વિનયસાગર કૃત 'ગૂર્જરદેશ-રાજાવલી ' સં૦ ૧૬૫૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાટણમાં રાજવિહાર બંધાવ્યા. (જૂઓ, કુમારપાલપડિબોહો) મહામાત્ય આલિગે સિદ્ધપુરમાં ચતુર્મુખવિહાર બંધાવ્યો. (જૂઓ, ઉપદેશસાર). સિદ્ધપુરમાં સં૦ ૧૧૫૨ માં ભ૦ સુવિધિનાથનું દેરાસર બંધાવ્યાનો પણ ઉલ્લેખ મળે છે.[1]

સિદ્ધરાજે દુર્લભ સરોવરમાં મોટો ફેરફાર કર્યો. તેણે ત્યાં સહસ્રલિંગ તળાવ બંધાવ્યું. તેની પાળ ઉપર ૧૦૮ શિવાલયો, ૧૦૮ દેવીમંદિરો, દશાવતાર, વિષ્ણુનું મંદિર તથા કીર્તિસ્તંભો ગોઠવ્યા. સિદ્ધરાજ માળવાની લડાઈમાં હતો ત્યાં જ તેને આ તળાવમાં પાણી ભરાયાના સમાચાર મળ્યા.

કવિ ચક્રવર્તી શ્રીપાલે રુદ્રમાળ, વડનગરનો કિલ્લો અને દુર્લભ સરોવર એટલે સહસ્રલિંગ તળાવની 'પ્રશસ્તિ' રચી છે. સહસ્રલિંગની પ્રશસ્તિને આ૦ રામચંદ્ર વગેરે વિદ્વાનોએ સુધારી હતી.

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સિદ્ધરાજે સોમનાથની એક યાત્રા સં૦ ૧૧૭૦ અને બીજી સં૦ ૧૧૮૫ માં કરી હતી. પહેલી યાત્રામાં ભાલોદના આરાનો યાત્રાકર બંધ કરાવ્યો અને બીજી યાત્રા પુત્રકામનાથી પગપાળા કરી. તેમાં ગિરનાર પર પૃથ્વીજયપ્રાસાદ વગેરેના લાભો લીધા.

મંત્રી સજ્જને ગિરનાર પર ભ૦ નેમિનાથનો, રાજાને પૃથ્વીનો જય કરાવનારો 'પૃથ્વીજયપ્રાસાદ' બંધાવ્યો હતો. સિદ્ધરાજે તેની રકમ ખજાનામાંથી આપવાનું કબૂલ કર્યું. તેમાં ભ૦ નેમિનાથની પૂજા માટે ૧૨ ગામ આપ્યાં તથા તીર્થની પવિત્રતા જળવાઈ રહે એટલા માટે નીચે મુજબ નિયમો બાંધી આપ્યા. અહીં કોઈએ (૧) આસન વગેરે ઉપર બેસવું નહીં, (૨) શય્યા પર નિદ્રા લેવી નહીં, (૩) રસોઈ કરવી નહીં, (૪) ભોજન કરવું નહીં, (૫) દહીં

---

૧. સિદ્ધવિહારનું બીજું નામ રાજવિહાર હતું. શેઠ ધરણ પોરવાડે તેને જોઈ ધરણવિહાર (રાણકપુરમાં) બનાવ્યો હતો. (જૂઓ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક: ૧૦૪, પૃ૦ ૩૬૮, સં૦ ૧૬૪૧માં અહીં પંચ દેરાસરો હતાં (જૂઓ, જૈનતીર્થસર્વ-સંગ્રહ, ભા૦ ૧) સિદ્ધપુર આ૦ ભાનુચંદ્રની જન્મભૂમિ હતી. અહીં ઉપા૦ યશો-વિજયજીએ દિવાળીના દિવસે 'જ્ઞાનસાર' રચ્યો. આજે અહીં બે દેરાસર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વલોવવું નહીં, (૬) સ્ત્રીસંગ કરવો નહીં અને (૬) સુવાવડ કરવી નહીં વગેરે. આ નિયમો આજ સુધી પળાય છે. પછી રાજાએ અંબાજીની ટૂંક, સોમનાથ તીર્થ, કોડીનારની અંબિકાદેવી તથા શત્રુંજય તીર્થની યાત્રા કરી. તેણે ભ૦ ઋષભદેવની પૂજા કરી, તેની પૂજા માટે પણ ૧૨ ગામ બક્ષીસ કર્યાં. આ યાત્રામાં ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિ તથા મહામાત્ય આશુક પોરવાલ અને મંત્રી બાહડ વગેરે સાથે હતા.[1]

શ્રીશંકરે સિદ્ધરાજને કહ્યું કે, 'તારા ભાગ્યમાં પુત્ર નથી, તારા પછી કુમારપાલ ગાદીએ આવશે. (દ્વયાશ્રયકાવ્ય, સર્ગ : ૧૫, શ્લો૦ ૫૫, ચિત્તોડ કિલ્લાના મંદિરનો લેખ)

રાજા સિદ્ધરાજે મહામંત્રસિદ્ધ આ૦ વીરસૂરિને આગ્રહ કરી પાટણમાં રાખ્યા. સાંખ્યમતના વાદીભસિંહને જીતવા બદલ 'જયપત્ર' આપ્યું. એક બાલિકા મારફત દિગંબર કમલકીર્તિને જીતવાથી ખૂબ સન્માન્યા. સંતેજના જૈન દેરાસરના બલાનકમાં ધ્વજા ચડાવી ચૈત્યનું ગૌરવ વધાર્યું. આ૦ હેમચંદ્રને સૂરિપદ અપાવ્યું. આ૦ હેમચંદ્રસૂરિને વિનતિ કરીને તેમની પાસે સર્વાંગસુંદર નાની-મોટી ટીકાઓ

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૧. રાજા સિદ્ધરાજે ગિરનારતીર્થમાં તથા સં૦ ૧૧૭૯ માં શત્રુંજયતીર્થમાં પૂજા માટે બાર ગામો આપ્યાં તેના અનેક ઉલ્લેખો મળે છે—

श्रीसिद्धराजः समवस्त राजविहारमाक्रीडनगोपमं मे ।
ग्रामांश्च शत्रुञ्जयसात् चकार स द्वादशास्मन्महसः प्रवृद्धयै ॥१॥२२

(ધર્મદેવની મંત્રી વસ્તુપાલ પ્રત્યે ઉક્તિ, જૂઓ, બાલચંદ્રસૂરિનો 'વસંતવિલાસ' સં૦ ૧૨૯૮)

(જૂઓ, રાજગચ્છીય આ૦ બાલચંદ્રનો વસંતવિલાસ, આ૦ પ્રભાચંદ્રનું 'પ્રભાવકચરિત્ર', મેરુતુંગનો 'પ્રબંધ-ચિંતામણિ,' પ્રકાશ : ૩જો, આ૦ જયસિંહનું 'કુમારપાલચરિત' સર્ગ : ૩, શ્લો૦ ૩૧૦ થી ૩૨૫, ૩૨, ૩૩, પં૦ જિનમંડનગણિનો 'કુમારપાલપ્રબંધ', આ૦ મુનિસુંદરસૂરિનો 'ઉપદેશરત્નાકર', પં૦ દેવવિમલગણિનું 'હીરસૌભાગ્યમહાકાવ્ય', ૧૭, ૧૯૫, શ્રીયુત ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈનો 'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ,' પૃ૦ ૧૭૫, વગેરે. આ૦ ઉદયપ્રભસૂરિનું 'ધર્માભ્યુદય મહાકાવ્ય' સર્ગ : ૭, શ્લો૦ ૭૪ થી ૭૭)

અને અનુશાસનોથી સંપૂર્ણ 'સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન' તૈયાર કરાવ્યું. એ વ્યાકરણને હાથીના હોદ્દા ઉપર મૂકી સમ્માન કરીને ભંડારમાં સ્થાપન કર્યું. ૩૦૦ લહિયા રોકી મોટો રાજકીય જ્ઞાન-ભંડાર વસાવ્યો. વ્યાકરણના અજોડ વિદ્વાન કાકલ કાયસ્થની અધ્યક્ષતામાં તેનું પઠન-પાઠન શરૂ કરાવ્યું અને એ દ્વારા ગુજરાતનું ગૌરવ સ્થાપ્યું. તેમજ ચૌલુક્યવંશ, રાજા સિદ્ધરાજ તથા આ૦ હેમચંદ્રસૂરિનાં નામ અમર બનાવ્યાં. મલધારી આ૦ હેમચંદ્રસૂરિના ઉપદેશથી ગુજરાતમાં પજૂસણપર્વ, અગિયારસ તથા મોટા દિવસોની અમારિ પ્રવર્તાવી અને તેમના ઉપદેશથી ખુશ થઈને તેઓને દર સાલ ૮૦ દિવસોનું અમારિશાસન લખી આપ્યું.[1] જિનમંદિરોમાં સોનાના કળશો ચડાવ્યા. જિનમંદિરોના લાગા ચાલુ કરાવ્યા. ધંધુકા અને સાચોર વગેરેમાં વરઘોડાની છૂટ આપી. રાજગચ્છના આ૦ ધર્મઘોષ તથા આ૦ સમુદ્રઘોષનું ભારે સમ્માન કર્યું. પૂનમિયાગચ્છના આચાર્ય ધર્મઘોષનો સત્કાર કર્યો. આ૦ વાદિ દેવસૂરિને, દિગંબરાચાર્ય કુમુદચંદ્રને જીતવા બદલ જયપત્ર આપ્યું અને તેમના ચરણોમાં સોનામહોરોની થેલી ધરી, જેને આચાર્યશ્રીએ લીધી નહીં. તેથી તે રકમથી પાટણમાં 'રાજવિહાર' નામે જૈનમંદિર બંધાવ્યું. તેમાં સં૦ ૧૧૮૩ ના વૈશાખ સુદિ ૧૨ ના દિવસે ચાર ગચ્છના ચાર આચાર્યોએ સાથે મળીને ભ૦ ઋષભદેવની પ્રતિષ્ઠા કરાવી. નાગેંદ્રગચ્છના નં૦ ૩ આ૦ આનંદને 'સિંહશિશુ' અને આ૦ અમરચંદ્રને 'વ્યાઘ્રશિશુ' તથા આ૦ રામચંદ્રને 'કવિકટ્ટારમલ્લ'નાં બિરુદો અર્પણ કર્યાં.

(જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૬, પ્રક૦ ૪૧)

---

૧. काराविओ अमारिं पज्जोसवणाइसु ॥ (જૂઓ, પિટર્સનનો રિપોર્ટ)
एकादशीमुख्यदिनेष्वमारीमकारयत् शासनदानपूर्वम् ।
(જૂઓ, ધર્મોપદેશમાલાવિવરણ)

प्रतिवर्षं जीवरक्षां अशीत्यहं अशीत्यहम् ।
यस्योपदेशात् सिद्धेशः ताम्रपत्रेष्वलीलिखत् ॥१०॥
(—ન્યાયકંદલીપંજિકાપ્રશસ્તિ, પ્રાકૃત દ્વયાશ્રય-વૃત્તિ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધરાજે શિહોર વસાવી સં૦ ૧૧૮૫માં બ્રાહ્મણોને દાનમાં આપ્યું. આશાપલ્લી વગેરે ગામગરાસો તથા ધન બ્રાહ્મણોને દાનમાં આપ્યાં.

સિદ્ધરાજ ન્યાયપ્રિય રાજા હતો. તેનો એક પ્રસંગ નુરૂદ્દીન મહમ્મુદ શકી આ પ્રમાણે આપે છે—

'ગુજરાતના ખંભાત શહેરમાં અગ્નિપૂજકો અને સુન્ની મુસલમાનો રહેતા હતા. અગ્નિપૂજકોએ મુસલમાનની મસ્જિદને કાફિરો પાસે બળાવી નાખી અને એ હંગામાં ૮૦ મુસલમાનો મરાયા. અલીખતીબ (ખુતબા પઢનારો) બચી ગયો હતો. તેણે અણહિલવાડ જઈને પોકાર કર્યો, પણ કોઈએ તે તરફ ધ્યાન આપ્યું નહીં. તેણે જંગલમાં શિકારના સમયે રાજાને મળી બનેલી હકીકત રજૂ કરી. જયસિંહે આ વાતની પૂરી તપાસ કરવા માટે પોતાના પ્રધાનને જણાવ્યું કે, 'હું ત્રણ દિવસ જનાનખાનામાં રહેવાનો છું માટે તમે રાજકાર્યની સંભાળ રાખજો.' આમ કહીને સાંઢણી દ્વારા આઠ પહોરમાં ખંભાત જઈ પહોંચ્યો. ત્યાં છૂપી રીતે તપાસ કરી તો બધી વાત સાચી હોવાની ખાતરી થઈ. તે ત્યાંથી ત્રીજે દિવસે પાટણ આવ્યો. તેણે ચોથે દિવસે ખતીબને આજ્ઞા આપી કે, 'ફરિયાદીઓને અરજી કરવાના સમયે તું અરજી કરી શકે છે.' ખતીબે પોતાનું પૂરું ધ્યાન આપ્યું; ત્યારે ત્યાં કાફિરોનું એક ટોળું તેને ડરાવવા તથા તેની વાતને જૂઠી ઠરાવવા ચાહતું હતું, પણ રાજા જયસિંહે કહ્યું કે, 'આ ધાર્મિક મામલો છે તેથી આ અંગે કોઈના ઉપર વિશ્વાસ ન મૂકતાં મેં જાતે ખંભાત જઈને તપાસ કરી છે. મને ખાતરી થઈ છે કે, મુસલમાનો ઉપર ખરેખર જુલમ ગુજારવામાં આવ્યો છે. મારા રાજ્યમાં સૌ કોઈ એકસરખી રીતે સુખ-શાંતિને ભોગવે એવી પ્રજાપાલનની સુવ્યવસ્થા રાખવી એ મારું કર્તવ્ય છે.' આ પ્રમાણે કહી રાજાએ બ્રાહ્મણો અને અગ્નિપૂજકોના દરેક સમુદાયના બે-બે મોવડી નેતાઓને યોગ્ય દંડ કરવાનો હુકમ કર્યો.'[1] (જૂઓ, વિ૦ સં૦ ૧૨૬૭ ની

---

૧. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ અને રાજાધિરાજ એ ત્રણ નોવેલો લખી છે. જેમાં સિદ્ધરાજની ચરિત્રઘટના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'જમેઉલ હિકાયત' ઈલીયટ ગ્રં૦ : ૨, પૃ૦ ૧૬૩, ૧૬૪; 'ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, પૃ૦ ૨૭૦)

મુસલમાનોએ માની લીધું કે સિદ્ધરાજે મુસલમાન ધર્મ સ્વીકાર્યો. (જૂઓ, મિરાતે અહમદી; ગુજ૦ મ૦ રાજ૦ ઇ૦ પૃ૦ ૨૭૪)

---

વર્ણવી છે. તે પૈકીની બે નોવલો તો ડુમાના 'થ્રી મસ્કેટીયર્સ' અને ટ્વેન્ટી ઇયર્સ આફ્ટર'ની શૈલી, વાક્યખંડો તથા શબ્દોથી તૈયાર કરી છે. કોઈ કોઈ સ્થાને ઘટતો ફેરફાર પણ કર્યો છે. તેમણે આ નોવેલોમાં રાજમાતા મીનલને વ્યભિચારિણી, રાજપિતા કરણને તેવું ચલાવી લેનારો મૂર્ખ અને સિદ્ધરાજને જારપુત્ર ચિતર્યો છે. ખંભાતના ખતીબની સાચી ઘટનાને ઓળવીને 'ગુજરાતનો નાથ' પ્રક૦ ૧૩ માં કાવે તેવી ઘટના ગોઠવી છે. તેમાં બ્રાહ્મણોના જુલ્મને છુપાવી ધીરોદાત્તચરિત મહામાત્ય ઉદાયનને દોષપાત્ર આલેખ્યો છે અને રાજા સિદ્ધરાજની ન્યાયપ્રિયતાને છુપાવી કલ્પિત મંજરીના પતિને એ ન્યાયનો યશ આપ્યો છે. એકંદરે મુનશીએ ઇતિહાસનો ભયંકર દ્રોહ કર્યો છે. આમાં દોષ કોનો? તેમની ભાર્ગવતાનો, વકીલાતી વિષનો, અસહિષ્ણુતાનો, કલ્પનાજાળનો કે કલમી લીલાનો?

એક ભારત બહારનો મુસલમાન લેખક સિદ્ધરાજની પ્રશંસા આપે અને એક ગુજરાતી લેખક પોતાની માતૃભૂમિના ઇતિહાસને બેવફા નીવડે એ તો સૌ લેખકોને શરમાવનારી બીના છે.'

(જૂઓ, નરસિંહરાવ ભોલાનાથ દ્વિવેટિયા.ની 'ગુજરાતનો નાથ'ની પ્રસ્તાવના, રામચંદ્ર શુક્લનું 'ગુજરાતી સાહિત્ય, તેનું મનન અને ચિંતન' પૃ૦ ૧૮૧, વિશ્વનાથ ભટ્ટનું 'વિવેચનમુકુર', જયભિકખુનો 'ઉદાયન' લેખ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૮૫, ૧૮૭, ૨૫૩.)

હિંદી લેખકો ક૦ મ૦ મુનશીના સ્વભાવનો પરિચય નીચે મુજબ આપે છે—

कहां साहित्यिक हृदयप्रधान व्यक्ति, भावनाकी साकार मूर्ति? कहां राजनीतिज्ञ हृदयशून्य व्यक्ति कपटकी साकार मूर्ति? × × × साहित्यिक मुंशी भावलोकका सम्राट् था और राज्यपाल मुंशी राजनीति लोकका गुलाम—दासानुदास—कायदा कानूनोंकी बेडियोंमें जकडा राज्यका सबसे बडा कैदी? × × × आजकाल राजनीति हृदयहीनताका पर्यायवाची है।

देखो, 'यत्रतत्रसर्वत्र' ता० ३१–७–१९५६, हिंदुस्तान (हिंदी)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધરાજ જયસિંહને...........રાણી હતી. કંચનદેવી નામે પુત્રી હતી. શાંતૂ, આશૂક (આશૂ), આલિગ, આનંદ, મુંજાલ, દાદાક નાગર, ઉદાયન વગેરે મહામાત્યો હતા. લાટનો મંત્રી ચંદ્ર, સજ્જન, ગાંગિલ નાગર, બાહડ, સોમ, મહાદેવ નાગર, અંબિકાપ્રસાદ, પૃથ્વીપાલ વગેરે મંત્રીઓ હતા. મંત્રી ઉદાયન, મંત્રી સજ્જન દંડનાયકો હતા. આમિગ તથા કુમાર પુરોહિત હતા. ખજાનાનો પ્રધાન યશોધવલ શ્રીમાલી હતો.

કવિ ચક્રવર્તી શ્રીપાલ, કવિ વાગ્ભટ્ટ, શોભ, વિજયસિંહ નાગર, કાકલ કાયસ્થ, મહર્ષિ, ઉત્સાહ, સાગર, રામ, ભાનુ અને કેશવ ત્રણ વગેરે વગેરે વિદ્વાનો હતા.

સિદ્ધરાજ ગુજરાતનો ચક્રવર્તી હતો. તેને બર્બરકજિષ્ણુ, અવંતીનાથ અને સિદ્ધચક્રવર્તીનું બિરુદ હતું. તેની સભામાં વિદ્વાનો, તપસ્વીઓ, કોટિધ્વજો, સામંતો, ઉદ્ભટ યોદ્ધાઓ, વાદીઓ, મંત્રસિદ્ધો વગેરે બેસતા હતા, એટલે તે સિદ્ધરાજ તરીકે ઓળખાતો હતો.

સિદ્ધરાજમાં ઘણા ગુણો હતા. માત્ર અસુભટતા અને સ્ત્રીલંપટતા એ બે અવગુણો હતા. આ વસ્તુ મદનવર્મા, પરમર્દી તથા મ્લેચ્છોના યુદ્ધપ્રસંગોથી તેમજ રાણકદેવડી અને જસમા ઓડણની ઘટનાઓથી સ્પષ્ટ સમજી શકાય છે.

સિદ્ધરાજ જયસિંહના જીવન સાથે કપટકળા, મંત્ર-તંત્ર તેમજ ભૂતના પ્રસંગો પણ સંકળાયેલા છે.

---

मुंशी मुंशी ही रहे। मुंशीगीरी एक ऐसा पेशा है कि, उसके करनेवालोंके सीनेमें दिल नहीं रहता। × × × उत्तरप्रदेशके राजपाल श्री कनैयालाल माणेकलाल मुंशी यद्यपि उन मुन्शीओंमें नहीं हैं। × × × ये उनके अपने ही शब्दोंमें ' बनके उन्मुक्त पंछी है, कभी इस डाल पर कभी उस डाल पर ' ऐसे रसभीने हृदयवाले व्यक्ति। कोई यह आशा कैसे कर सकता है कि, यह भी कोई पाषाणहृदयता दिखायेगा? × × × मुन्शी आखिर मुन्शी ही रहे। उनकी वाणीमें जिस सरस साहित्यकी छबी है, वह उनके हृदयकी पुकार नहीं। (–ता० १–८–१९५६, नवभारत टाइम्स, व० १० सं० २१३)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધરાજ સં૦ ૧૧૯૯ના કાર્તિક સુદિ ૩ ને દિવસે મરણ પામ્યો. તેણે ગુજરાતને બૃહદ્ ગુજરાત બનાવ્યું અને ગુજરાતને એક સામ્રાજ્ય બનાવ્યું.

સિદ્ધરાજે સં૦ ૧૧૮૫ માં પગપાળા પ્રભાસપાટણની યાત્રા કર્યા બાદ સાક્ષાત્ મહાદેવવચન, આ૦ હેમચંદ્રસૂરિની ભવિષ્યવાણી તથા જ્યોતિષીઓના જ્યોતિષજ્ઞાન વગેરેથી જાણ્યું કે, 'મને સંતાન થશે નહીં અને કુમારપાલ ગુજરાતનો રાજા થશે.' આથી તેણે વિધાતા સામે શેતરંજ ગોઠવી. 'કુમારપાલ ભલે રાજા થાય પણ તે મરીને મારો પુત્ર થયા પછી જ રાજા થાય.' આમ બને તો જ વિધાતાનો લેખ સફળ થાય અને મારી મનઃકામના પણ સફળ થાય. તેણે આ હિસાબે કુમારપાલને મારી નાખવા કાવતરાં ગોઠવ્યાં, પણ વિધાતાએ તેને મચક આપી નહીં. છેવટે તેણે મરતાં મરતાં પણ શેતરંજનો છેલ્લો પાસો ફેંક્યો. 'મારા મરણ પછી હાથીસેનાના નાયક માળવાના રાજપૂત **ચાહડને** ગુજરાતનો રાજા બનાવજો.' તેણે પોતાની આ ભાવનાને સફળ બનાવવા માટે પટ્ટરાણી, પ્રધાનો, સામંતો અને સેનાધિપતિઓ વગેરે પાસેથી પાકાં વચનો લીધાં, પરંતુ વિધાતાએ તેની એ ઇચ્છા બર આવવા ન દીધી.

## ૮. ગૂર્જરેશ્વર કુમારપાલ (સં૦ ૧૧૯૯ થી ૧૨૨૯)

ગુજરાતનો રાજા ભીમદેવ પહેલો (સં૦ ૧૦૭૮ થી ૧૧૨૦) રાજકન્યા રાણી ઉદયમતીથી કર્ણનો જન્મ થયો, તેના પછી તે (સં૦ ૧૧૨૦ થી ૧૧૫૦) ગુજરાતનો રાજા બન્યો. બીજી રાણી વારાંગનાકન્યા બકુલાદેવી, જે વિધિપૂર્વક ખાંડુ મોકલીને પરણેલી રાણી હતી. તેનો પુત્ર ક્ષેમરાજ એટલે હરિપાલ રાજા કર્ણથી મોટો હતો, પણ તે સાધુચરિત હતો તેથી ભીમદેવની તેને જ રાજા બનાવવાની ઇચ્છા હોવાથી તે મુંડકેશ્વરતીર્થમાં જઈને વસ્યો અને પ્રભુભજનમાં મસ્ત બન્યો. તે ક્ષમાવાળો હોવાથી ક્ષેમરાજ તરીકે વિખ્યાત થયો. તેના પુત્ર દેવપ્રસાદને રાજા કર્ણે દધિસ્થલી (દેથલી) ગામનો ગરાસ આપ્યો. જોકે તે એક રીતે રાજ્યનો વારસદાર હતો, પણ તેને રાજવંશમાં ખટ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પટ ઊઠે એ પસંદ નહોતું, તેથી તેણે પોતાના પુત્ર ત્રિભુવનપાલને રાજા સિદ્ધરાજના હાથમાં સોંપી અગ્નિસમાધિ લીધી. સિદ્ધરાજ અને ત્રિભુવનપાલ વચ્ચે અતૂટ પ્રેમ હતો. ત્રિભુવનપાલને કાશ્મીરાદેવી રાણી, મહીપાલ, કીર્તિપાલ અને કુમારપાલ એ ત્રણ પુત્રો તથા પ્રેમલદેવી અને દેવલદેવી એ બે પુત્રીઓ હતી. ત્રિભુવનપાલે પ્રેમલદેવીને મોઢેરાના રાજા કાન્હડ સાથે અને દેવલદેવીને અજમેરના ચૌહાણ રાજા અર્ણોરાજ સાથે પરણાવી હતી.

કુમારપાલનો સં૦ ૧૧૫૦ માં જન્મ થયો હતો. તે બચપણથી દયાળુ અને પારકી સ્ત્રીને મા-બેન સમાન લેખનારો હતો. તેને ચંદ્રાવતીના પરમાર રાજાના નજીકના ભાયાત જેતલની પુત્રી ભોપાલદેવી નામે રાણી હતી.

સિદ્ધરાજે પુત્રકામનાથી સં૦ ૧૧૯૫ માં શત્રુંજય, ગિરનાર તથા પ્રભાસપાટણની પગપાળા યાત્રા કરી પણ તેને પુત્ર થયો નહીં. તેણે સાક્ષાત્ શંકર, આ૦ હેમચંદ્રસૂરિ, જ્યોતિષીઓ, મંત્રવાદીઓ, સામુદ્રિકો અને નિમિત્તિયાઓ પાસેથી સાફ સાફ જાણ્યું કે, પોતાના ભાગ્યમાં સંતાન નથી અને કુમારપાલના ભાગ્યમાં ગુજરાતનું રાજ્ય છે.[1] જો કે ક્ષેમરાજના વંશજો ઉચ્ચ ક્ષત્રિયો લેખાતા હતા. તેઓને બીજા કુલીન રાજવંશો સાથે રોટી-બેટીનો સંબંધ હતો અને કુમારપાલ સિદ્ધરાજનો નજીકનો સોલંકી પિતરાઈ હતો. તે સિદ્ધરાજના સ્નેહપાત્ર **ત્રિભુવનપાલ**નો નાનો પુત્ર હતો. એટલે રાજા થાય એ સર્વ રીતે યોગ્ય જ હતું, પણ રાજાને એક જ વિચાર મૂંઝવતો હતો કે, કુમારપાલ રાજા થવાનો છે તો 'તે મરીને મારો પુત્ર બનીને સુખેથી રાજા થાય.' એ ભાવના માટે કુમારપાલને મારી નાખવામાં આવે તો જ આ બનવું શક્ય છે માટે એને મારી નાખવો જોઈએ.

---

૧. पुन्ने वाससहस्से सयम्मि वरिसम्मि नवनवइअहिए
होही कुमरनरिंदो तुह विक्कमरायसारिच्छो ॥
(રાજગચ્છ પટ્ટાવલી, વિવિધગચ્છીય પટ્ટાવલીસંગ્રહ, પૃ૦ ૭૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધરાજે ત્યારથી તેને મારી નાખવા માટે અનેક ઉપાયો યોજ્યા હતા અને તેમાં તેને જેમ જેમ નિષ્ફળતા મળવા લાગી તેમ તેમ તેને કુમારપાલ માટે વૈરવૃત્તિ વધવા લાગી.

આ તરફ ૨૪ વર્ષનો કુમારપાલ. પણ સિદ્ધરાજની દુર્ભાવના જાણી **દધિસ્થલી**થી નીકળી પરદેશમાં ચાલ્યો ગયો અને જુદા જુદા વેશે તે જ્યાં-ત્યાં ભટકવા લાગ્યો. રાજાએ તેની પાછળ ચોક્કસ મારાઓ ગોઠવી રાખ્યા હતા, પણ કુમારપાલને કોઈ ને કોઈ મદદ મળતી રહેતી અને તે આબાદ બચી જતો. ખાસ કરીને તેની ઉપર આ૦ હેમચંદ્રસૂરિની કૃપા હતી. મંત્રી વાહડ, મંત્રી આલિગ, મંત્રી સજ્જન, મંત્રી જાંબ, આલિગ કુંભાર, ભીમો ખેડૂત, કટુક વાણિયો, વણિક્પુત્રી દેવલ અને બટુક **વોસિરિ** બ્રાહ્મણ તરફથી ભૂલી ન શકાય તેવી તેને સહાય મળી હતી. કુમારપાલ એ ઉપકારીઓને કદી ભૂલ્યો નહોતો.

સિદ્ધરાજ સં૦ ૧૧૯૯ ના કાર્તિક સુદિ ૩ ના રોજ પાટણમાં મરણ પામ્યો. તેણે મરતાં મરતાં જાહેર કર્યું કે, 'મારી પાછળ હસ્તિ-સેનાના નાયક ચાહડને ગુજરાતનો રાજા બનાવવો.'

ચાહડનાં ચારુભટ, ચારભટ, ચાહડ અને ત્યાગભટ એવાં નામો મળે છે. એ માળવાનો રાજપૂત હતો.

કુમારપાલને પરદેશમાં આ સમાચાર મળ્યા. તે સીધો ખંભાતમાં બિરાજમાન આ૦ હેમચંદ્રસૂરિના આશીર્વાદ લઈ પાટણમાં પોતાના બનેવી વડા સેનાધિપતિ **કાન્હડદેવ** પાસે આવી પહોંચ્યો.

ચાહડે પણ પોતાને રાજ્ય મળવાની ખાતરી હતી તેથી કોઈ આડો પડે તો તેને દૂર હઠાવી શકાય એવી મજબૂત તૈયારી કરી રાખી હતી.

રાજ્યના કૂટનીતિજ્ઞો પરાયા ચાહડને રાજ્ય મળે એમાં રાજી નહોતા. પ્રજા પણ કોઈ નજીકનો હકદાર રાજા થાય એવા ખ્યાલવાળી હતી; પરંતુ સૌ કોઈ એમ જરૂર ચાહતું હતું કે, લોહીનું એક પણ ટીપું ન પડે અને આ કાર્ય બને. પરિણામે કોને રાજ્ય આપવું એનો એક નિર્ણય થઈ શક્યો નહીં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજાના મરણ પછી બારમે દિવસે નવો રાજા જાહેર થાય એ નિયમ પણ સચવાયો નહીં. પંદરમે દિવસે એક સભા મળી, તેમાં એકમતે નક્કી થયું કે, 'ત્રિભુવનપાલના કોઈ પણ પુત્રને રાજા બનાવવો, એમાં ગુજરાતની શાન રહેલી છે.'

કાન્હડદે મોઢેરાનો મંડલેશ્વર હતો. ગુજરાતની અશ્વસેનાનો અધિપતિ હતો અને કુમારપાલનો બનેવી હતો. તેણે સેના તૈયાર રાખી અને સાહસ ખેડ્યું. એક પછી એક ત્રણે ભાઈઓને ગાદીએ બેસાડવા આગળ કર્યા. મહીપાલ તો ઊઠતાં ઊઠતાં જ હેબતાઈ ગયો, જે પોતાનાં કપડાંને પણ સંભાળી શક્યો નહીં. કીર્તિપાલ ગભરાયો નહીં પણ હાથ જોડી ઊભો રહ્યો. જ્યારે કુમારપાલ ધીર અને સાહસમૂર્તિ દેખાયો. સેનાપતિએ તથા સૌએ કુમારપાલને લાયક માન્યો અને **ગાદીએ બેસાડ્યો.**

પુરોહિતોએ મંગલાચાર કર્યો અને સેનાપતિએ નવા રાજાને પંચાંગ નમસ્કાર કર્યા, તેને રાજા તરીકે અભિનંદન આપ્યું. કુમારપાલ આ સમયે **પચાસ વર્ષનો પ્રૌઢ હતો.**

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

તે સં૦ ૧૧૯૯ના કાર્તિક વદિ ૨ ને રવિવારે મૃગશીર્ષ નક્ષત્રમાં રાજા તરીકે મનોનીત થયો અને માગશર સુદિ ૪ ને દિવસે **તેનો રાજ્યાભિષેક મહોત્સવ થયો.**

ચાહડના પક્ષવાળાઓએ કુમારપાલને મારી નાખવા ઘણા પેંતરા ગોઠવ્યા, પણ તે સર્વ નિષ્ફળ ગયા. કુમારપાલ સાંજે દેવીપૂજન માટે શહેરની બહાર એકલો ગયો હતો ત્યારે તેઓએ અંધારામાં દરવાજા પાસે મારાઓને ગોઠવ્યા, પણ કુમારપાલ પોતાના અંગત માણસોની ચેતવણીથી બીજે દરવાજેથી શહેરમાં આવી ગયો. તેણે ખટપટિયા પ્રધાનો તથા માણસોને પકડી પકડીને મારી નંખાવ્યા.

સેનાપતિ **કાન્હડદે** રાજાને પોતાની કઠપૂતળી બનાવવા ઇચ્છતો હતો, તેથી તે સૌની વચ્ચે જૂના વીતકની યાદ દેવરાવી રાજાની મશ્કરી કરતો હતો. રાજાએ એક વાર શાંતિથી જણાવ્યું કે, 'તમારે રાજસભામાં કે રાજસવારીમાં મનને ખૂંચે એવી મશ્કરી કરવી નહીં,

એકાંતમાં તમે ફાવે તેમ કરજો.' કાન્હડદેએ તરત તોછડાઈથી જણાવ્યું કે, 'મૂર્ખ ! ગયા દિવસોને યાદ કર, તારા પગ અત્યારથી જ જમીનને અડતા નથી.' રાજાએ આ સાંભળી મૌન સાધ્યું, પણ બીજે દિવસે પોતાના માણસો દ્વારા તેને અધમૂઓ કરીને છોડયો.

સૌ આ ઘટના સાંભળી ચમકી ગયા અને રાજાની આજ્ઞા બરાબર પાળવા લાગ્યા. કુમારપાલનો પ્રતાપ તપવા લાગ્યો. સિદ્ધરાજની સખત મના હોવા છતાં કુમારપાલ ગુજરાતનો રાજા બન્યો, તેથી સૌએ તેને 'પ્રૌઢપ્રતાપ' કહી બિરદાવ્યો.

કુમારપાલે રાજા થતાં જ પોતાના ઉપકારીઓને યાદ કર્યા. સૌને યોગ્યતા પ્રમાણે ગામ, ગરાસ, પદવીઓ વગેરે આપ્યાં. મંત્રી ઉદાયન તથા મંત્રી આલિગને મહામાત્ય તરીકે કાયમ રાખ્યા. મંત્રી બાહડને મહામાત્ય બનાવ્યો. સજ્જન શ્રીમાલીને માલવાનો દંડનાયક નીમ્યો. ભરૂચના વોસિરિ બટુકને લાટ (મહી અને દમણ વચ્ચેના પ્રદેશ)નો દંડનાયક બનાવ્યો. આલિગ કુંભારને ચિતોડનું ૭૦૦ ગામનું પરગણું આપ્યું. કડવા શેઠને વડોદરા આપ્યું. દેવશ્રીને ધોળકા આપ્યું. ભીમા ખેડૂતને ગરાસ આપ્યો અને કોઈને પોતાના અંગરક્ષક બનાવ્યા.

આલિગ કુંભારના વંશજો રાજ્ય મળવાથી પોતાને 'સગરા' તરીકે ઓળખાવતા.

ગૂર્જરેશ્વર કુમારપાલ પરાક્રમી હતો, સાહસી હતો, તેનો સૌથી પહેલો પરિચય જનતાને અજમેરના યુદ્ધમાં મળ્યો.

ત્યારે સપાદલક્ષનો રાજા કુમારપાલનો બનેવી અર્ણોરાજ ચૌહાણ હતો, જે આનાકના નામથી પણ ઓળખાતો હતો. તેની ગાદી અજમેરમાં હતી. અજમેરને ત્રણે બાજુએ કુદરતી પહાડી કિલ્લો અને એક બાજુએ મેદાન હતું. ત્યાં પણ જમીનમાં ઘણા કોશ સુધી બાવળ, ખેર, બોરડી અને કેરડાની ગીચોગીચ ઝાડી ઉગાડેલી હતી, એટલે એ કિલ્લો દુર્ગમ મનાતો હતો. અર્ણોરાજ પણ કાન્હડદેની જેમ કુમારપાલને તુચ્છ માનતો હતો.

તેણે સં૦ ૧૨૦૨ માં યુવરાજ વિગ્રહરાજની સરદારી નીચે સેના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોકલી ગુજરાત ઉપર ઓચિંતો હલ્લો કર્યો.[1] જાલોર તથા નાડોલને ખેદાનમેદાન કરી નાખ્યાં. ચંદ્રાવતીમાંથી યશોધવલને હઠાવી વિક્રમસિંહને રાજા બનાવ્યો. આ સાંભળી કુમારપાલે ચાહડને તેની સામે મોકલ્યો. તેણે વિગ્રહરાજને પાછો હઠાવ્યો અને બંબેરા (સિંધ) સુધીનો પ્રદેશ સર કર્યો. સંભવ છે કે, આ સમયે વિગ્રહરાજ પાછો હઠી ગયો હશે પણ વિગ્રહરાજ અને ચાહડ વચ્ચે ગુપ્ત મંત્રણા જરૂર ગોઠવાઈ હશે.

ચાહડ પાટણ આવ્યો પણ તેને રાજા કુમારપાલ સાથે ઝગડો થતાં તે બંબેરા ચાલ્યો ગયો અને અર્ણોરાજને શરણે ગયો. તેણે અર્ણોરાજના ઘમંડને ઉગ્ર બનાવ્યો. અર્ણોરાજે પ્રથમ તો કુમારપાલને મારી નાખવા માટે **વાઘજી** નામના મારાને પાટણ મોકલ્યો, પણ ત્યાં તે પકડાઈ ગયો. એટલે અર્ણોરાજે ગુજરાતના ઉત્તર પ્રદેશના રાજાઓને ફોડયા. ચંદ્રાવતીનો વિક્રમ, નાડોલનો યુવરાજ કલ્હણ વગેરેને પોતાના બનાવ્યા. ગુજરાત અને સપાદલક્ષ વચ્ચે વિરોધ વધવા લાગ્યો. એવામાં **રાણી દેવલદેવી**ના અપમાને આ આગમાં ઘી હોમ્યું.

અજયરાજ, અર્ણોરાજ અને વિગ્રહરાજ........એ રાજાઓ રાજગચ્છના આ૦ ધર્મઘોષના ભક્તો હતા. તેઓ તેમને ગુરુ માનતા હતા. એ કારણે વિગ્રહરાજે અજમેરમાં રાજવિહાર બંધાવ્યો હતો અને જૈનધર્મ પાળતો હતો. અર્થાત્ રાજપરિવાર જૈનધર્મપ્રેમી હતો. (જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૩૯) આવો ધર્મપ્રેમી રાજા જૈનધર્મ કે જૈન ગુરુઓ

૧. અર્ણોરાજ અતર્કિત રીતે ચડી આવ્યો.

(જૂઓ, 'દ્વયાશ્રયકાવ્ય' સર્ગ : ૧૭, શ્લો૦ ૭)

સં૦ ૧૨૨૬ નો બીજોલ્યાનો રાજા સોમેશ્વરનો લેખ.

(જર્નલ ઑફ ધી બેંગાલ રોયલ એશિયાટિક સો૦ કીલહોર્નની એ૦ પી૦ અં૦ : ૫ ની એપેન્ડીક્સ. નં૦ ૧૫૪)

રાજા અર્ણોરાજના રાજ્ય માટે જાંગલ શબ્દ મળે છે. બિકાનેરની પાસેનો પ્રદેશ તે સમયે 'જાંગલ' તરીકે પ્રસિદ્ધ હતો. રાવ બીકાજીએ સં૦ ૧૫૪૫ માં બિકાનેર વસાવ્યું હતું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માટે વાંકુ બોલે એ બનવાજોગ નથી. છતાં સંભવ છે કે, તેણે રાણીને એવું મેણું માર્યું હશે કે જે કોઈ હિસાબે જૈનોને પણ લાગી જાય. સાચી હકીકત ગમે તે હો, પણ રાજાએ રાણીનું અપમાન કર્યું અને એ કારણે સાળો–બનેવી રણમેદાનમાં ઊતર્યા.

અંતે રાજા કુમારપાલે સં૦ ૧૨૦૭માં યુદ્ધની તૈયારી કરી. ભ૦ શ્રીઅજિતનાથ પ્રભુનાં દર્શન કરી, તેમની માનતા રાખી પ્રયાણ કર્યું. તે ચંદ્રાવતી થઈ અજમેર પહોંચ્યો.[1]

ચંદ્રાવતીના વિક્રમસિંહે તેનું ચંદ્રાવતીમાં જ કાસળ કાઢી નાખવાનું કાવતરું ગોઠવ્યું હતું. વિક્રમસિંહે રાજાને જમવાનું નોંતરું આપ્યું પણ વિચક્ષણ કુમારપાલ એક વૃદ્ધના ઇશારાથી ચેતી ગયો અને તેની જાળમાં સપડાયો નહીં. આ તરફ રાજપૂત ચાહડે ગુજરાતના સામંતો, મહાવત વગેરેને પોતાના બનાવી લીધા હતા, પણ કુમારપાલે જૂના મહાવત ચાઉલીંગને દૂર કરી તેના સ્થાને શામળને

---

૧. પં૦ શ્રીકુલસાગરગણિ સં૦ ૧૬૬૨માં લખે છે કે—

કુમારપાલ આનાક ઉપર ચડાઈ કરવા તૈયાર થયો. તેણે પ્રથમ મોરપીંછીથી ઘોડાનું જીન સાફ કર્યું. આ જોઈને સાથેના ૭૨ રાજાઓ હસ્યા. સૌને મનમાં થયું કે, આ વાણિયા જેવો યુદ્ધમેદાનમાં શું કરશે? રાજાએ તેમનું મન પારખીને પોતાના ભાલા વડે રસ્તામાં રહેલી સોપારીની ગુણને ઉઠાવી આકાશમાં ઉછાળી અને તેને નીચે પડતી ભાલા ઉપર જ ઝીલી લીધી વળી, ભાલાના એક જ પ્રહારથી ઘોડાની લોઢાની સાત કડાઈઓને વીંધી નાખી. આ જોઈને સૌ વિચારમાં પડી ગયા.

મહાકવિ આંબડ તરત જ બોલી ઊઠ્યો કે—

" રે રક્ખઇ લહુ જીવ, ચડવિ રણુઇ મયગલ મારઈ,
ન પીઈ અણુગલ નીર, હેલિય રાયહ સંહારઈ;
અવર ન બંધઇ કોઇ, સધર રયણુભર બંધઈ,
પરનારી પરિહરઈ, પરરાયહ લચ્છી રૂંધઈ.
એ કુમારપાલ કોપઇ ચડિઓ, ફોડઈ સત કડાહ જિમ;
જે જિણુધમ્મ ન મન્નસીઈ, તીહ વિચાડિસુ તિમ. ૧.

(–ઉપદેશસાર-સટીક, ઉપદેશ ૩૨, સં૦ ૧૬૬૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહાવત બનાવ્યો હતો. ચાહડને આ પરિવર્તનની ખબર નહોતી. કુમારપાલ કલહપંચાનન ઉપર બેસી યુદ્ધના મોરચે આવ્યો. તેણે સામંતો અને સેનાપતિઓને યુદ્ધ શરૂ કરવા હુકમ કર્યો પણ તેઓએ તે આજ્ઞા માની નહીં. કુમારપાલ સમજી ગયો કે, સામંતો ફૂટી ગયા છે. હવે મારે જ એકલે હાથે સાહસથી કામ લેવું જોઈશે. તેણે શામળને હુકમ કર્યો કે, 'હાથીને સૌની મોખરે લઈ જા.' પણ ચાહડના સિંહનાદથી હાથી પાછો હઠવા લાગ્યો. રાજાને વહેમ ગયો કે, મહાવત પણ ફૂટી ગયો લાગે છે પણ શામળે રાજાને જણાવી દીધું કે, 'રાજન્! આ શામળ અને કલહપંચાનન કદાપિ ફૂટે તેમ નથી.' તેણે તરત જ પોતાના ખેસના બે ચીરા કરી હાથીના કાનમાં ભરાવી દીધા. એટલે હાથી વાયુવેગે એકદમ આગળ ધસી આવ્યો. ચાહડે મહાવત ચાઉલીંગ છે એ વિશ્વાસે કલહપંચાનનના માથે પગ મૂક્યો, પણ શામળે હાથીને પાછો હઠાવ્યો, એટલે ચાહડ ધબ દઈને નીચે પટકાયો. સૈનિકોએ તેને પકડી લીધો. રાજા કુમારપાલે તરત જ બાણથી અર્ણોરાજને વીંધી નાખ્યો. બસ, અર્ણોરાજ હાર્યો અને ગૂર્જરેશ્વર કુમારપાલનો વિજય થયો.

JAINSITE .com जैन शासनम्

અર્ણોરાજે કુમારપાલના સાહસથી પ્રસન્ન થઈ તેને નગરમાં લઈ જઈ ખૂબ સમ્માન કર્યું અને પોતાની પુત્રી જલ્હણાને તેની સાથે પરણાવી.

રાજકુમારી જલ્હણા આ૦ ધર્મઘોષના ઉપદેશથી પ્રભાવિત હતી, એટલે અર્ણોરાજે કુમારપાલને તે આપી હતી. રાજા કુમારપાલે તેનું નામ રાણી **ચંદ્રલેખા** રાખ્યું.

રાજા કુમારપાલે સં૦ ૧૨૦૭ માં સપાદલક્ષ, મેડતા અને **પાલી**માં પોતાની આણ વર્તાવી માળવા તરફ પ્રયાણ કર્યું. (જૂઓ, પ્ર૦ ૩૫, પલ્લીવાલગચ્છ પૃ૦ ૫૬) ગુર્જરેશ્વર કુમારપાલે સં૦ ૧૨૦૭ માં પાલી જીત્યું.

રાજા અર્ણોરાજને તેના પુત્રે સં૦ ૧૨૦૮ માં મારી નાખ્યો.

માળવાનો રાજા લક્ષ્મીવર્મા તો કુમારપાલનો સામંત હતો, પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માળવાના કોઈ બલ્લાલે[1] અર્ણોરાજની શિખવણીથી કુમારપાલ અજમેર પર ચડાઈ કરે ત્યારે પાછળથી ગુજરાત પર હલ્લો કરવાની તૈયારી કરી હતી. કુમારપાલને તેની જાણ થતાં તેણે મંત્રી ઉદાયનની સરદારી નીચે સેનાપતિ કાક, સામંતો તથા નાડોલની સેનાને તેની સામે મોકલી હતી. તેણે ત્યાં જઈ બલ્લાલને હરાવી નસાડ્યો હતો.

કુમારપાલ કુલપરંપરાથી શૈવ હતો અને તેણે આ૦ શ્રીહેમચંદ્રસૂરિના મુખેથી જાણ્યું હતું કે, સોમનાથ મહાદેવે કુમારપાલને રાજા બનાવ્યો છે, એટલે તેને ખાતરી હતી કે, સ્વયં ભગવાને મને રાજ્ય આપ્યું છે. તેણે પોતે નહીં પણ તેના અનુયાયીઓએ રાજા ઉપર સ્વયં શંકરનો હાથ છે એવી છાપ પાડવા માટે તેના નામ સાથે ક્યાંક ક્યાંક उमापतिवरलब्धप्रसादः શબ્દો જોડેલા મળે છે.[2]

---

૧. બલ્લાલ કોણ હતો તેનો કોઈ ઉલ્લેખ મળતો નથી. આધુનિક વિદ્વાનો માને છે કે, તે કદાચ સમુદ્રનો હોયસાલ યુવરાજ વીર બલ્લાલ (સં૦ ૧૨૨૯ થી ૧૨૬૮) હોય પરંતુ શિલાલેખો તેમજ ગ્રંથોમાં આને ભૂપાલ તેમજ માળવાનો રાજા બતાવ્યો છે. એ હકીકત જતી કરવા જેવી નથી.

૨. કુમારપાલે પોતાને માટે ક્યાંય उमापतिवरलब्धप्रसादः શબ્દ વાપર્યો નથી. તેના અનુગામીઓએ તેનો પ્રતાપ ફેલાવવા આ વિશેષણ વાપર્યું છે. કદાચ આ વિશેષણ કુલક્રમાગત હોય તો રાજાને પરમાર્હત થયા છતાં તે વિશેષણ હઠાવવાનું કંઈ કારણ નહોતું. આ વિશેષણ તો સમ્રાટ અકબર અને જહાંગીરના કાળ સુધી ખતપત્રોમાં રૂઢિરૂપે લખાયેલું મળે છે.

શ્રીયુત કે૦ હ૦ ધ્રુવે પ્રિયદર્શનાની પ્રસ્તાવનામાં અને દુ૦ કે૦ શાસ્ત્રીએ ગુ૦ મ૦ રા૦ ઇ૦ પ્ર૦ ૧૩ માં આ અંગે ખેંચતાણ કરી છે તે ધાર્મિક ઘેલછાવાળી માત્ર મીઠી મીઠી કલ્પના જ છે. રાજા કુમારપાલ જૈન બન્યો હતો માટે જ અજયપાલદેવને निष्कलङ्कावतार બનવું પડ્યું હતું.

આ અંગે વધુ જાણવા ઇચ્છનારે અમારો લેખ ' કુમારપાલ ' જૈન-સત્યપ્રકાશ, ક્રમાંક : ૪૫ જોવો.

કુમારપાલે જૈન થયા પછી પણ શૈવધર્મને દાન આપ્યું, એ તો જૈનધર્મની ઉદારતા અને વિશાળતાનું પ્રમાણ છે. ગુજરાતના મહામાત્ય વસ્તુપાલ અને તેજપાલે પણ શિવાલયો, મસ્જિદો વગેરે બનાવ્યાં હતાં, સમરાવ્યાં હતાં. એ

જૈન સાહિત્ય JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુમારપાલે ચિતોડના કિલ્લામાં પોતાના વિજયસ્મારક તરીકે સં૦૧૨૦૭માં સિદ્ધેશ્વર મહાદેવનું મંદિર બનાવી તેની પૂજા માટે એક ગામ આપ્યું. દિગંબર મુનિ રામકીર્તિએ ગુર્જરેશ્વર કુમારપાલની ૨૮ લીટીની પ્રશસ્તિ બનાવી છે, જે આજે ત્યાં ચોડેલી વિદ્યમાન છે. આ મંદિરના નરથરમાં તીર્થંકરોના અભિષેક વગેરે પંચકલ્યાણકો કંડાર્યાં છે. આ મંદિર આજે રાજા મોકલજીના મંદિર તરીકે પ્રસિદ્ધ છે.

રાજા કુમારપાલે સપાદલક્ષ તથા માળવા જીતી પાટણમાં પ્રવેશ કર્યો અને સૌએ તેને વિજયોદયી, તેજોવિશેષોદયી તથા અવંતીનાથ તરીકે બિરદાવ્યો હતો.

રાજાએ પાટણ આવી, પ્રથમ ભ૦ અજિતનાથની ભક્તિપૂર્વક પૂજા કરી અને પોતે જે માનતા રાખી હતી તેને જલદી પૂરી કરવા મનમાં ગાંઠ વાળી.

તેણે અજમેરની લડાઈમાં વિશ્વાસઘાતી બનેલા સામંતોને સ્નેહભર્યો મીઠો ઠપકો આપ્યો અને વિક્રમસિંહને ચંદ્રાવતીની ગાદીએથી ઉઠાડી સાચા વારસદાર રામદેવના પુત્ર યશોધવલ પરમારને ચંદ્રાવતીનો રાજા બનાવ્યો. સૌ કોઈ તેના તેજથી અંજાઈ ગયા. સૌએ તેને ગંભીર વિચારવાળો માન્યો.

રાજા આ૦ હેમચંદ્રસૂરિને પોતાના ગુરુ માનતો હતો. તેમનાં

---

જૈનોની પરધર્મસહિષ્ણુતા અને ધર્મમેળનાં જીવંત ઉદાહરણો છે.

સં૦ ૧૨૧૨, સં૦ ૧૨૧૫, સં૦ ૧૨૧૮, સં૦ ૧૨૨૧, સં૦ ૧૨૨૮ની ગ્રંથપુષ્પિકાઓમાં ગૂર્જરેશ્વર કુમારપાલ માટે આ પ્રમાણેનાં વિશેષણો વપરાયેલાં મળી આવે છે—

ચૌલુક્યકુલકલિકાવિકાસ, કર્નાટકરાજમાનમર્દનકર, સપાદલક્ષરાષ્ટ્રવનદહનદાવાનલ, માલવરાષ્ટ્રે નિજાજ્ઞયા.........સંસ્થાપનકર, મૂલરાજપાટોદ્વહનધુરાધૌરેય, પાર્વતીપ્રિયવરલબ્ધપ્રસાદ, સમસ્તરાજાવલીમાલાલંકાર, મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારક પ્રૌઢપ્રતાપ નિજભુજવિક્રમરણાંગણનિર્જિત શાકંભરી ભૂપાલ મહાહવસંગ્રામ નિર્વ્યૂઢપ્રતિજ્ઞાપ્રૌઢ જિનશાસન વિરાજમાન વગેરે.

(–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૧, પુષ્પિકા નં૦ ૧૯, ૭૪, ૮૩, ૯૧, ૯૩ વગેરે)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દર્શન તથા ઉપદેશમાં અવારનવાર જતો હતો. તે આચાર્યશ્રી પાસે ધર્મનીતિ સાંભળતો હતો અને મંત્રી કપર્દીની પ્રેરણાથી રાજનીતિ જાણવા માટે બપોરે એક કલાક શાસ્ત્રીજી પાસે 'કામંદકીય-નીતિશાસ્ત્ર' સાંભળતો હતો. એક દિવસે કુમારપાલ રાજા મેઘથી પણ વિશેષ છે એ સાંભળી ઉપમાને બદલે ઔપમ્ય શબ્દ બોલ્યો. મંત્રી કપર્દીએ એકાંત-માં મીઠો ઠપકો આપ્યો કે, 'જગત રાજા વગરનું રહે એ સારું પણ રાજા મૂર્ખ હોય તે સારો નહીં, તો આપે અભ્યાસ કરીને તૈયાર થવું જોઈએ. માણસ ગમે તે ઉંમરમાં ભણી શકે છે.' તે દિવસથી રાજાએ કક્કો ભણવો શરૂ કર્યો અને એક જ વર્ષમાં ત્રણ વૃત્તિઓ અને ત્રણ કાવ્યો ભણી લીધાં. આથી સૌએ એને 'વિચારચતુરાનન' તરીકે બિરદાવ્યો.

તેણે જૈન બન્યા પછી સંસ્કૃતમાં 'આત્મનિંદાદ્વાત્રિંશિકા' બનાવી છે, જે તેના સાહિત્યચિંતનનું પ્રમાણપત્રરૂપ છે.

એક દિવસ રાજાના મસીયાઈ ભાઈ ભીલડિયાના સામંત આનાક-ને ઘેર લવણપ્રસાદનો જન્મ થયો. રાજાએ તત્કાલીન ચેષ્ટાના આધારે ભવિષ્યવાણી કહી સંભળાવી કે, 'લૂણપાક ગુજરાતનો રાજા થશે પણ અણ-હિલપુર પાટણનો નહીં.' આ પણ તેની વિચારપ્રૌઢતાનું જીવંત પ્રમાણ છે.

રાજાને એક દિવસે ઇતિહાસમાં અમર થવાની ભાવના જાગી. તેણે આચાર્યશ્રી આગળ પોતાની ભાવના કહી સંભળાવી. આચાર્યશ્રીએ તેને ઉપદેશ આપ્યો કે, 'તારે સોમનાથ પાટણના શિવાલયનો જીર્ણોદ્ધાર કરવો, પરંતુ યાદ રાખવું જોઈએ કે, धर्मो रक्षति रक्षितः તું પહેલા ભવમાં કરેલા ધર્મના પ્રતાપે રાજા બન્યો છે. રાજાનો ધર્મ છે કે, રાજ્યના મનુષ્ય, પશુ, પંખી વગેરે પ્રાણીમાત્રનું રક્ષણ કરવું જોઈએ. સાચો ક્ષત્રિય તે જ છે કે જે ભયમાં સપડાયેલાને બચાવે. રાજાએ કોઈ પણ પ્રાણીનું માંસ ખાવું ન જોઈએ. સાચો રાજા તો પ્રજાવત્સલ જ હોય. તું એવો ઉત્તમ રાજા બન. તું સોમનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ અને એની સફળતા માટે દારૂ, માંસનો સર્વથા ત્યાગ કર, તેમજ બ્રહ્મચર્યનું પાલન કર. આથી તારું જીર્ણો-દ્ધારનું કાર્ય પાર પડશે.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ઉપદેશ સાંભળીને રાજાએ સં૦ ૧૨૦૭માં સોમનાથની પુનઃ પ્રતિષ્ઠા ન થાય ત્યાં સુધી દારૂ-માંસનો ત્યાગ કર્યો અને બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી. તેણે સં૦ ૧૨૦૮માં વેશ્યા, પરસ્ત્રી, ચોરી, શિકાર, માંસ, મદિરા અને જુગાર એ સાત વ્યસનોનો ત્યાગ કર્યો. પોતાના રાજ્યમાં જુગાર સર્વથા બંધ કરાવ્યો, અમારિપટહ વગડાવ્યો અને મંત્રી બાહડની દેખરેખ નીચે પંચોલી મોકલી સોમનાથ પાટણના શિવાલયનો પાયાથી જીર્ણોદ્ધાર કરાવ્યો અને વડનગરમાં કિલ્લો બંધાવ્યો.

તેના આ અમારિપટહનો અવાજ ચારે દિશામાં પહોંચી ગયો. સામંતોએ પણ આ અવાજને વધાવી લીધો અને પોતાના રાજ્યમાં કોઈ પણ મનુષ્ય પ્રાણીવધ ન કરે તેની પાકી વ્યવસ્થા કરી. રત્નપુર, કિરાડુ, લાટહૃદ અને શિઓની વગેરેના સામંતોના સં૦ ૧૨૦૯, સં૦ ૧૨૧૧, સં૦ ૧૨૧૨ના શિલાલેખો આ વ્યવસ્થાને પુષ્ટ કરે છે.

રાજાએ દેવીનું માંસબલિદાન બંધ કર્યું હતું, તેથી તે ભારે મુશ્કેલીમાં સપડાઈ ગયો. પણ આચાર્યશ્રીની કૃપાથી તે તેમાંથી સાવ બચી ગયો, ત્યારથી સઘળે સ્થળે દેવ-દેવીઓને માંસ-મદિરાને બદલે સુગંધિત દ્રવ્ય, ધૂપ, દીપ, નિવેદ અને ફળ ચડવા લાગ્યાં. દરેક મંદિરો સાત્ત્વિક પૂજાનાં સ્થાન બની ગયાં.

એકવાર નાડોલના રાજા કેલ્હણ (સં૦ ૧૨૦૧ થી ૧૨૪૯)ના સ્થગિધર લાખાએ લોલાક ચૈત્યના ક્ષેત્રપાલને કોઈ ન જાણે એવી રીતે માંસનું રામપાત્ર ધર્યું. કોટવાલ ત્રિલોચને રામપાત્ર બનાવનાર કુંભાર મારફત લાખાને જાણીને પકડ્યો અને રાજા કેલ્હણે તેને રાજ્યની આજ્ઞાનો ભંગ કરનાર અપરાધી ઠરાવી સખત દંડ કર્યો.[1]

(જૂઓ, પ્રભાવકચરિત્ર)

---

૧. નવો કાયદો ઘડાતો હોય ત્યારે તેનો વિરોધ કરવો એ ન્યાયસંગત છે, પણ કાયદો ઘડાઈને અમલમાં આવે ત્યાર પછી તેને તોડવો એ ગુનો લેખાય. કાયદાની કીમત અંકાવવા માટે આવા ગુનેગારોને સખત સજા કરવામાં આવે છે. સૌ કોઈ જાણે છે કે, સૌરાષ્ટ્રમાં વહોરાની મસ્જિદોમાં ભમી બનાવવા માટે બાળકોનું અપહરણ કરનારને કપરી શિક્ષા થતી હતી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુમારપાલ રાજાએ સં૦ ૧૨૦૮ માં બ્રાહ્મણોની વસ્તીવાળા વડનગરનો કિલ્લો બંધાવ્યો અને તેની પ્રશસ્તિ કવિ ચક્રવર્તી શ્રીપાલે રચી છે અને તે નાગર બ્રાહ્મણ પં૦ બાલણે સં૦ ૧૨૦૮ના આસો સુદિ ૨ ને ગુરુવારે લખી છે.

રાજા કુમારપાલે સં૦ ૧૨૦૮ માં મહામાત્ય ઉદાયનની સરદારી નીચે નાડોલના આલ્હણ ચૌહાણના મોટાભાઈ કીર્તિપાલ વગેરે સામંતોને મોકલી સૌરાષ્ટ્રના બહારવટિયા સુંવરને દબાવ્યો હતો. આ યુદ્ધમાં મંત્રી ઉદાયનને વિજય મળ્યો પણ તે સખત રીતે ઘવાયો અને વઢવાણ આવ્યો. તે રાજશિબિરમાં સમાધિપૂર્વક મરણ પામ્યો.

રાજા કુમારપાલ સોમનાથનું મંદિર તૈયાર થતાં સોમનાથ જવા નીકળ્યો. તેની વિનતિથી ગુરુદેવ આ૦ હેમચંદ્રસૂરિ પણ વિહાર કરી શત્રુંજય તથા ગિરનારતીર્થની યાત્રા કરીને રાજાના નગરપ્રવેશના સમયે જ પ્રભાસપાટણ પહોંચી ગયા.

રાજાએ સોમનાથને ભેટી પૂજન કર્યું. આચાર્યશ્રીએ મહાદેવનો આહ્વાન વગેરે પંચોપચાર પૂજનવિધિ કર્યો અને જન્મ-મરણના પ્રપંચથી છૂટેલા તથા રાગ-દ્વેષથી રહિત એવા મહાદેવને નમસ્કાર કર્યા.

રાજાએ અહીંના મહંત ભાવ બહસ્પતિને વસ્ત્રો ને અલંકારો આપ્યા તથા પુત્ર-પૌત્રાદિના હકમાં મહંતપદ આપ્યું.

(જૂઓ, પાટણનો ભદ્રકાલીના મંદિરમાં રહેલો લેખ—શિલાખંડ)

રાજા કુમારપાલે કચ્છની ભદ્રાવતીમાં મોટું તળાવ બંધાવ્યું હતું. જગડુ શાહે ચૌદમી સદીના પ્રારંભમાં તેને સમરાવ્યું હતું.

(—જગડૂચરિત્ર)

મંત્રી બાહડે રાજાની આજ્ઞા મેળવી પોતાના પિતાના આદેશ પ્રમાણે શત્રુંજયતીર્થનો મોટો ઉદ્ધાર કરાવ્યો અને તેમાં સં૦ ૧૨૧૩ માં આ૦ હેમચંદ્રસૂરિના હાથે ભ૦ આદીશ્વરની પ્રતિમાની મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી. શત્રુંજયની તળેટીનાં વાગ્ભટપુર વસાવ્યું, કિલ્લો બંધાવ્યો, તેમાં ત્રિભુવનપાલવિહાર બંધાવ્યો અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે દરેકની પૂજા માટે જમીન વગેરે આપ્યાં. આ કામમાં કુલ ૧,૬૦૦૦૦૦૦ દ્રવ્ય વાપર્યું.

રાજાએ પાટણના પ્રતાપી જૈનસંઘમાં કુસંપ ન પેસે એટલા ખાતર તરતમાં નીકળેલા નવા જૈન મતોને પાટણ બહાર જવાનો આદેશ કર્યો. એવા સૌ ગચ્છનાયકો બહાર ગયા પણ આ૦ વિજયસિંહસૂરિ માત્ર પોતાના બુદ્ધિચાતુર્યથી ત્યાં રહી ગયા હતા.

(જૂઓ, 'અંચલગચ્છ પટ્ટાવલી')

રાજા કુમારપાલે જૈનધર્મનું જ્ઞાન મેળવી સં૦ ૧૨૧૬ ના માગશર સુદિ ૨ ને દિવસે આ૦ હેમચંદ્રસૂરિની પાસે સમ્યક્ત્વ તથા ગૃહસ્થનાં બાર વ્રતો સ્વીકાર્યાં. તે સમયથી તે પરમાર્હત બન્યો. આચાર્યશ્રીએ પોતાના વરદ હસ્તે તેને 'રાજર્ષિ'નું બિરુદ આપ્યું તથા તેની વિનતિથી તેના બોધ માટે 'વીતરાગસ્તોત્ર' તથા 'યોગશાસ્ત્ર' વગેરે ગ્રંથોની રચના કરી. રાજા તેનો નિત્યપાઠ કરતો હતો.[1]

રાજાએ સવારમાં મંગલપાઠથી જાગવું, નમસ્કારનો જાપ, વીતરાગસ્તોત્ર તથા યોગશાસ્ત્રનો અખંડ પાઠ, જિનદર્શન, ચૈત્યવંદન, કુમારપાલવિહારમાં ચૈત્યપરિપાટી, ઘરદેરાસરમાં ભોજનનૈવેદ્ય ધરીને જમવું, સાંજે ઘરદેરાસરમાં આંગીરચના, આરતી, મંગલદીવો, પ્રભુસ્તુતિગુણગાન, રાત્રે મહાપુરુષોના જીવનની વિચારણા અને નિદ્રા એ રીતે પોતાનો દિનભરનો ધાર્મિક કાર્યક્રમ ગોઠવ્યો હતો.

તેણે ચૈત્યવંદન, ગુરુવંદન, સામાયિક તથા પ્રતિક્રમણ મુખપાઠ કરી લીધા. આઠમ-ચૌદશના દિવસે તે એકાસણું કરતો હતો.

(જૂઓ, પ્રાકૃત દ્વયાશ્રયકાવ્ય, કુમારપાલપડિબોહો)

સહસ્રાવધાની અને મહાન ગ્રંથકાર આ૦ મુનિસુંદરસૂરિ કુમાર-

૧. કુમારપાલે બંધાવેલા ત્રિભુવનપાલવિહાર, કુમારપાલવિહાર વગેરે મંદિરોની પ્રશસ્તિમાં તે પરમાર્હત તરીકે ઉલ્લેખાયેલ હશે પરંતુ રાજા અજયપાલે એ મંદિરોનો વિનાશ કર્યો, એટલે તેની પ્રશસ્તિઓ પણ નાશ પામી. માત્ર સં૦ ૧૨૧૧ નો જાલોરનો શિલાલેખ મળે છે. તેમાં તથા 'અભિધાન ચિંતામણિ'માં કુમારપાલને 'પરમાર્હત' તરીકે ઓળખાવ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાલની વિગતવાર ધર્મચર્યા નીચે પ્રમાણે બતાવે છે—

રાજા કુમારપાલે સમ્યક્ત્વ સહિત બાર વ્રતોનું સાત્ત્વિક રીતે પાલન કર્યું. તે હમેશાં ત્રિકાલ પૂજા, આઠમ-ચૌદશે ઉપવાસ-પૌષધ, પારણે સેંકડો શ્રાવકોને દાન, પોસહ કરનારને પારણું, દીન શ્રાવકને ૧૦૦૦ સોનામહોરનું સાધર્મિક દાન, એ રીતે ૧૪ સાલમાં ૧૪ કરોડ સોનામહોર આપી. ૯૮ લાખનું ઉચિત સાધર્મિક દાન, ૭૨ લાખનો સાધર્મિક કર માફ, રુદતીધન માફ, ૨૧ ગ્રંથભંડારો લખાવ્યા. હમેશાં ત્રિભુવનવિહારમાં સ્નાત્રમહોત્સવ, આચાર્યને નિત્યદ્વાદશાવર્તવંદન, સકલ સાધુઓને નિત્યવંદન, પૌષધધારીનું બહુમાન, દાન, સમ્માન, અઢાર દેશોમાં અમારિપાલન, ન્યાયઘંટાવાદન, ૧૪ દેશના રાજાઓ સાથે મૈત્રી, જીવરક્ષા, સાત તીર્થયાત્રાઓ કરી, ૧૪૪૪ દેરાસરો બંધાવ્યાં, ૧૬૦૦ દેરાસરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

(૧) શ્રાવકના પહેલા વ્રતમાં—'મારિ' શબ્દ બોલાઈ જાય તો ઉપવાસ કરતો. (૨) બીજા વ્રતમાં—ભૂલથી જૂઠું બોલાઈ જાય તો તે આયંબિલ કરતો. (૩) ત્રીજા વ્રતમાં—અદત્તનો ત્યાગ, મૃતધનનો ત્યાગ. (૪) સં૦ ૧૨૧૬થી નવો વિવાહ કરવો નહીં. આઠ રાણીઓ મર્યા બાદ બ્રહ્મચર્ય પાળવું. મનથી ભૂલ થાય તો ઉપવાસ, વચનથી ભૂલ થાય તો આયંબિલ અને શરીરથી વ્રત ભાંગે તો એકાસણું કરવું. રાજા આરતીમાં રાણી ભોપાલદેવીની મૂર્તિ રાખીને કામ ચલાવી લેતો. આ કારણે રાજા 'પરદારાસહોદર' કહેવાતો હતો. ગુરુદેવે તેને વાસક્ષેપ નાખી રાજર્ષિ બિરુદ આપ્યું હતું. (૫) ૬ કરોડ સોનું, ૮ કરોડ તાર, ૧૦૦૦ ધડી મણિ-રત્નો, ૩૩ હજાર મણ ઘી, ૩૨ હજાર મણ તેલ, ત્રણ લાખ મુંડા જાર, ચોખા, ચણા, મગ વગેરે અનાજ, ૫૦૦ ઘર, ૫૦૦ દુકાન, ૫૦૦ સભા, ૫૦૦ વહાણ, ૫૦૦ ગાડાં, ૫૦૦ ગાડીઓ, ૧૧૦૦ હાથી, ૧૦૦૦ ઊંટ, ૧૧ લાખ ઘોડા, ૫૦૦૦૦ રથ, ૧૮ લાખની સેનાનો પરિગ્રહ રાખ્યો હતો. (૬) ચોમાસામાં પાટણથી બહાર જવું નહીં. (૭) માંસ, દારુ, મધ, માખણ, બહુબીજ, પાંચ ઉદુંબર વગેરે અભક્ષ્ય, અનંતકાય અને ઘેબરનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાગ કર્યો. દેવને ધર્યા સિવાય ભોજન, ફળ, વસ્ત્ર વગેરે વાપરવાં નહીં. સચિત્તનો ત્યાગ, માત્ર ૮ પાનની જયણા, રાતે ચઉવિહાર, ચોમાસામાં દૂધ, દહીં, તેલ, મીઠાઈ અને તળેલી વસ્તુઓ એ પાંચ વિગયનો ત્યાગ, ચોમાસામાં ભાજી-પાનનો ત્યાગ, પર્વતિથિએ બ્રહ્મચર્યપાલન, સર્વ સચિત્ત તેમજ સર્વ વિગઈઓના ત્યાગપૂર્વક એકાસણુ કરવાનો નિયમ રાખ્યો. (૮) સાત કુવ્યસનોનો ત્યાગ, દેશમાંથી કુવ્યસનોને દેશવટો આપ્યો. (૯) સવાર-સાંજ સામાયિક કરવું, તેમાં સર્વથા મૌન રહેવું, માત્ર ગુરુદેવની સાથે બોલવાની છૂટ, હમેશાં વીતરાગસ્તોત્ર અને યોગશાસ્ત્રનો પાઠ કરવો. (૧૦) ચોમાસામાં પાટણથી બહાર જવું નહીં. (૧૧) પૌષધ-ઉપવાસ કરવા, પાટણમાં પૌષધ કરનારને સાથે લઈ ભોજન કરવું. રાજાને એક પૌષધમાં રાતે મકોડો કરડ્યો, તે મરી ન જાય તે ખાતર એટલી ચામડી ઉતારી મકોડાને છૂટો કર્યો. (૧૨) નિર્ધન જૈનોનો બાર લાખનો કર માફ કર્યો. આ૦ હેમચંદ્રસૂરિની પોષાળના સામાયિક વગેરે કરનારાઓને ૫૦૦ ઘોડેસવારની અને બાર ગામના અધિપતિની પદવી આપી. બીજી પોષાળમાં સામાયિક આદિ કરનારાઓને ૫૦૦ ગામ આપ્યાં. સૌને શ્રાવકધર્મમાં સ્થિર કર્યા.

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

કહેવાય છે કે તે થોડા ભવ કરીને મોક્ષે જશે.

આ૦ હેમચંદ્રસૂરિએ કુમારપાલની વિનતિથી 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' (ગ્રંથાગ્ર : ૩૬૦૦૦) રચેલું છે.

(જૂઓ, ત્રિ૦શ૦પુ૦ચ૦પ્રશસ્તિ)

રાજા સમ્યક્ત્વની સ્થિરતા માટે જૈન સાધુ માત્રને ઉત્સાહથી વંદન કરતો હતો. એક વાર તેણે એક વેશ્યા સાથે રહેતા વેશધારી પતિત જૈન સાધુને પણ વંદન કર્યું. નાડોલનો યુવરાજ આ જોઈને હસ્યો અને તેણે ગુરુદેવને આ વસ્તુ જણાવી. આચાર્યશ્રીએ રાજાને ઉપદેશ આપ્યો કે, સંયમવાળો મુનિ જ સાચો મુનિ છે માટે સંયમીને વંદન કરવું, પણ પતિતને વંદન કરવું નહીં. રાજાએ આ ઉપદેશ અંગીકાર કર્યો. બીજી તરફ તે ભ્રષ્ટ મુનિને તો રાજાના વંદનથી

લાભ જ થયો. તેને વિચાર આવ્યો કે, રાજા મને મુનિ માનીને વંદન કરે છે જ્યારે હું મુનિ નથી, પતિત છું, પ્રતિજ્ઞાભ્રષ્ટ છું, નાલાયક છું, પણ મારે આજથી સુધરી જવું જોઈએ. તેમણે આ પ્રમાણે વિચારી વેશ્યા, પાન તથા જોડા વગેરેને છોડી દીધા. ગુરુના ચરણમાં આવી વૈરાગ્યભાવથી ફરી વાર પાંચ મહાવ્રત સ્વીકાર્યાં અને સાથેસાથ અનશન સ્વીકાર્યું.

તેમના દર્શન માટે સૌ આવવા લાગ્યા. રાજા પણ પોતાના અંતઃપુર તથા પરિવાર સાથે તેમને વાંદવા આવ્યો. મુનિવરે તેનો હાથ પકડી તેને વાંદતાં રોક્યો અને જણાવ્યું, 'રાજન્! તું મારો ધર્મગુરુ છે, તેં મને માર્ગે ચડાવ્યો. તારો નમસ્કાર મને ન પચે. તું માર્ગનો જાણકાર છે. તેં મારામાં સંવેગ ભર્યો છે માટે તું મને વંદન ન કર.'

રાજાએ તે મુનિરાજની મના હોવા છતાં તેમને ચડતા ભાવે વંદન કર્યું.

રાજાએ માંસનો ત્યાગ કર્યો હતો. એક વાર તેને ઘેબર ખાતાં પહેલાં કરેલું માંસભોજન યાદ આવ્યું, આથી તેણે ઘેબરનો સર્વથા ત્યાગ કર્યો અને ગુરુદેવ પાસે આવી માંસાહારથી પહેલાં બાંધેલ પાપની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત માગ્યું. આચાર્યશ્રીએ જણાવ્યું કે, 'તારે પિતાના નામથી જૈનવિહાર બનાવવો અને ૩૨ દાંતની શુદ્ધિ માટે ૩૨ દેરાસર બંધાવવાં.' મંત્રી બાહડનું દેરાસર એવી અનુકૂળ ભૂમિમાં હતું. તે રાજાએ માંગી લીધું અને ત્યાં ભવ્ય કુમારવિહાર બંધાવવા આજ્ઞા કરી. મંત્રી બાહડે વાહડવંશના શેઠ **ગર્ગના પુત્રોની દેખરેખ** નીચે કુમારવિહાર બંધાવ્યો. તેની ચારે બાજુએ સાત સાત હાથની ૩૨ દેરીઓ બનાવી. તેમાં મૂલનાયક તરીકે નેપાલથી મંગાવેલ ચંદ્રકાંતમણિની ૨૧ અંગુલપ્રમાણ ભ૦ પાર્શ્વનાથની તથા ૩૨ દેરીઓમાં ૨૪ તીર્થંકર, ૪ શાશ્વતા જિનવર અને ૪ રોહિણી, સમવસરણ, ગુરુપાદુકા તથા અશોકવૃક્ષની ગુરુદેવના હાથે પ્રતિષ્ઠા કરાવી. ચંદ્રકાંતમણિની પ્રતિમા પૂનમની રાતે અમી ઝરતી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતી. એ અમીના પ્રભાવે લોકોને આંખની પીડા વગેરેનાં દર્દ નાશ પામતાં હતાં. મંત્રી આંબડે કુમારવિહારમાં રૂપાની ઋષભદેવની પ્રતિમા સ્થાપન કરી હતી.

રાજાએ બીજી વિશાળ ભૂમિમાં ૭૨ દેરીઓવાળો ત્રિભુવનવિહાર બંધાવ્યો. તેમાં ગુરુદેવના હાથે ભ૦ નેમિનાથની ૨૫ (૧૨૫) અંગુલ પ્રમાણ પ્રતિમાની તથા ભૂત, ભવિષ્ય અને વર્તમાન એમ ત્રણ ચોવીશીની ૭૨ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી.

આ વિશે પં૦ કુલસાગરગણિ લખે છે—

'મહારાજા કુમારપાલે પાલનપુરનો નરેશ પ્રહ્લાદન, શાકંભરીનો રાજા અર્ણોરાજ (વિગ્રહરાજ), માંગુ ઝાલો વગેરે ૭૨ રાણાઓ, રૈવતતીર્થનો ઉદ્ધારક દંડનાયક સજ્જન, ૨૪ જિનાલય બનાવનાર મંત્રી આભડ, સિદ્ધપુરનો ચૌમુખવિહાર બનાવનાર મંત્રી આલિગદેવ, ગુરુભક્ત મહામાત્ય શાંતૂ, ૬ કરોડ દ્રવ્યનો સ્વામી શેઠ કુબેરદત્ત, ૯૯ લાખ સોનાનો સ્વામી શેઠ છાડા, દશ હજાર અશ્વોનો સ્વામી મહામાત્ય ઉદાયન, મંત્રી આંબડ, મંત્રી બાહડ શ્રીમાળી, શેઠ વાહડ પોરવાલ વગેરે ૧૮૦૦ કોટિધ્વજ વેપારીઓ વગેરેને સાથે રાખી ત્રિભુવનવિહારમાં પ્રતિષ્ઠા, મહાપૂજા, ધ્વજ, કલશ તથા સ્નાત્રોત્સવ વગેરે કરાવ્યાં. દરેકમાં થઈને કુલ ૯૬ કરોડ રૂપિયા ખરચ્યા.

(જૂઓ, ઉપદેશસાર-સટીક, ઉપ૦ ૪૮, રચના સં૦ ૧૬૬૨)

રાજાએ પાટણ, સોમનાથ પાટણ, થરાદ, જાલોર, લાડોલ, ખંભાત તથા તારંગા વગેરે સ્થાનોમાં કુમારવિહાર સ્થાપ્યા. એ વિશે જૈન શિલાલેખો અને ગ્રંથોના ઉલ્લેખો મળે છે. તેને ભ૦ અજિતનાથની પૂજાથી સપાદલક્ષમાં વિજય મળ્યો હતો, તેથી તેણે આજ્ઞા કરી યશોદેવના પુત્ર દંડાધિપ અભયકુમાર પાસે **તારંગા**ના પહાડ ઉપર ૩૨ માળનું દેરાસર તૈયાર કરાવી તેમાં ભ૦ અજિતનાથની પ્રતિષ્ઠા કરાવી, જે આજે વિદ્યમાન છે. (કુમારપાલપ્રતિબોધ-પ્રશસ્તિ ભા૦ ૫, પ્રક૦ ૮) **શત્રુંજયતીર્થ**માં પણ કુમારપાલનું દેરાસર વિદ્યમાન છે.

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

રાજા કુમારપાલ, તેના સામંતો તથા પ્રજાએ ઘણાં દેરાસરો બંધાવ્યાં છે. પરિણામે સાલિગવસહી, કરંબવિહાર, ચૂકાવિહાર, ઉંદરવિહાર, **ઝોલિકાવિહાર** વગેરે ૧૪૦૦ (૧૪૪૪) જૈન દેરાસર બન્યાં હતાં અને શત્રુંજય, ખંભાત, ભરૂચ, મોઢેરા, ગાંભૂ, સાંડેર વગેરે સ્થાનોમાં ૧૬૦૦ જીર્ણોદ્ધાર થયા હતા.

રાજાએ **વીતભયનગર** (મોહે-જો-દારો)થી જીવિતસ્વામીની પ્રતિમા લાવી તેનું સ્વતંત્ર જિનાલય બંધાવ્યું. રાજા પાટણમાં ચૈત્ર તેમજ આસો મહિનામાં **રથયાત્રા** કાઢતો હતો. માંડલિકો પણ પોતપોતાના રાજ્યમાં રથયાત્રાનો મહોત્સવ કરતા હતા. એમ દરેક સ્થાને, દર વર્ષે રથયાત્રા નીકળતી હતી. (જૂઓ, કુમારપાલપડિબોહો)

રાજાએ ૭૦૦ લહિયા રોકી જૈન **આગમો** લખાવ્યાં. ૪૫ આગમો અને પંચાંગીની સોનાની શાહીથી સાત પ્રતિઓ લખાવી, સિદ્ધહેમ-વ્યાકરણ તથા ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રની ૨૧ પ્રતિઓ લખાવી. જુદા જુદા સ્થાનોમાં દાનશાળાઓ સ્થાપી હતી, જેના ઉપરી તરીકે શેઠ નેમિનાગના પુત્ર અભયકુમારને નીમ્યો હતો.

(જૂઓ, 'ઉપદેશસાર' ઉપ૦ ૩૬)

એક કહેવત ચાલે છે કે, રાજા કુમારપાલે તાડ, ચાડ અને લાડને દેશવટો આપ્યો હતો. તેનું રહસ્ય એ છે કે, રાજાએ ગ્રંથો લખાવવા માટે તાડનાં સઘળાં પાંદડાં તોડાવી મંગાવ્યાં હતાં એટલે પાટણમાં તાડ રહ્યાં નહીં. રાજપૂત ચાહડ અજમેર ગયો એટલે પાટણમાં ચાડ રહ્યો નહીં. કુમારપાલ જ્યારે સિદ્ધરાજના ત્રાસથી જ્યાં-ત્યાં ભટકતો હતો અને તેને ઘણા દિવસના ફાકા પડતા હતા ત્યારે એક લાડવા વાણિયાની જાને તેને ખાવાનું આપ્યું નહીં તેથી રાજાએ પોતાના રાજ્યમાં લાડને અમલદાર તરીકે રાખ્યા નહીં, એટલે પાટણમાં લાડવા શ્રીમાલી રહ્યા નહીં. બનવાજોગ છે કે, દંડ-નાયક વોસિરિએ લાટમાં રાજ્યના અધિકારપદે લાડ નહીં પણ બીજાને નિયુક્ત કર્યા હશે. આ કહેવત કુમારપાલના ગ્રંથલેખનના શોખ અને રાજનીતિજ્ઞતાને પુષ્ટ કરે છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક દિવસે આચાર્યશ્રી પાટણ પધાર્યા. તેમણે તે દિવસે શાક-ભર્યાના ગરીબ ધનાશાહે પોતાની પત્નીના હાથે કંતાવીને તૈયાર કરાવીને વહોરાવેલું ખાદીનું કપડું પહેર્યું હતું. રાજાએ તે દેખીને દુઃખ પામી ગુરુદેવને વિનંતિ કરી કે, 'આપ મારા ગુરુદેવ છો, તમારે આવું જાડું અને બરછટ કપડું પહેરવું ન જોઈએ, આમાં તો મારી બદનામી થાય.' આચાર્યશ્રીએ હસીને જણાવ્યું કે, 'સાધુ નિઃસ્પૃહ હોય છે. સામાન્ય વસ્ત્રો પહેરવાથી તેની સાધુતા ઘટતી નથી, છતાં તને ખરેખર શરમ આવતી હોય તો તારા રાજ્યમાં આવાં વસ્ત્રો દેનારા ગરીબ જૈનો છે તેનો તારે વિચાર કરવો જોઈએ.' રાજા સત્ય પામી ગયો. તેણે ત્યાં જ પ્રતિજ્ઞા કરી કે, 'હું એકેક નિર્ધન જૈનને સો સો સોનામહોર આપીશ, દર સાલ એક કરોડ સોનામહોરનું દાન કરીશ અને સૌને ધર્મ સાધી શકે એવા સુખી બનાવીશ. (જૂઓ, ઉપદેશતરંગિણી)

રાજાએ સાધર્મિક ભક્તિખાતું ખોલ્યું અને તેના ઉપરી તરીકે શેઠ આભડ તથા મંત્રી કપર્દીને નીમ્યા.

શેઠ આભડે પહેલી સાલ પોતાના ખજાનામાંથી જૈનોને એક કરોડની સહાય આપી અને રાજાને વિનંતિ કરી કે, 'વેપારી પણ રાજાનો જંગમ ખજાનો છે; તો આ લાભ મને જ લેવા દો.'

રાજાએ હસીને જવાબ આપ્યો કે, 'ભાઈ! શું મને લોભિયો બનવાની આદત પડાવવી છે?' એમ કહી રાજાએ તેટલું ધન ખજાના-માંથી મંગાવી શેઠ આભડને આપ્યું.

પાટણમાં કુબેરદત્ત નામે એક દરિયાઈ વેપારી રહેતો હતો. તેની પાસે તેના પરિગ્રહની નોંધ મુજબ—૧૦૦ હાથી, ૫૦ હજાર ઘોડા, ૮૦ હજારનું ગોકુલ, ૧ હજાર જવેરાત–રત્ન-હીરા વગેરે જવેરાત, ૫૦૦ હલ, ૫૦૦ ગાડાં, ૫૦૦ વહાણ, ૫ ઘર, ૫ હાટ, ૨૦૦૦ ધાન્ય-ના કોઠાર, ૬ કરોડ સોનામહોર, ૬ કરોડનો ચાંદી વગેરેનો કીમતી માલ હતો. તેના ઘરમાં રત્નજડિત જિનાલય હતું, જેનું ભૂમિતળિયું રત્નોથી જડેલું હતું. ચંદ્રકાંત મણિની જિનપ્રતિમા હતી. શેઠને માતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતી, પત્ની હતી પણ કંઈ સંતાન નહોતું. તે એક રાતે ઉપરની મિલકત મૂકીને મરી ગયો.

રાજા કુમારપાલ બીજે દિવસે સવારે ઊઠી સામાયિક, નવકાર-મંત્રની માળા અને યોગશાસ્ત્રનો પાઠ કરી બહાર આવ્યો ત્યારે ચાર વેપારીઓએ જણાવ્યું કે, ' રાજન્! કુબેરદત્ત અપુત્રિયો મરણ પામ્યો છે તેથી અપુત્રિયાનું ધન રાજાનું બને છે. તો આપ અત્યારે જ પધારો અને એ ધનને રાજખજાનાખાતે મોકલાવો.'

રાજા મંત્રીઓ વગેરેની સાથે ત્યાં ગયો. તેણે તેના પરિગ્રહની નોંધ વાંચી, દેરાસર જોયું. ધન પુષ્કળ હતું, પરંતુ શેઠની માતા અને પત્ની છાતીફાટ રુદન કરતી હતી. એક તો ઘરનો ચલાવનાર ગયો અને તેનું ધન પણ રાજાને ઘેર જશે આ વસ્તુ પણ રુદનનું એક કારણ હતી. રાજા તેમનું રુદન સાંભળી ગળગળો થઈ ગયો અને કહ્યું કે, ' મારે આવું ધન ન જોઈએ. જે બીજાનું ધન લે છે તે તેનો પુત્ર થાય છે. રાજા સિદ્ધરાજે પુત્ર માટે સોમનાથની પગ-પાળા યાત્રા કરી હતી. એક તો પુત્ર ન હોય તેનું દુઃખ હોય અને તેનું ધન ઉઠાવી જાય ત્યારે સ્ત્રીની શી દશા થાય? સ્ત્રીનું ધન લેવું એ તો સમસ્ત નારીજાતિનું અપમાન છે, સભ્યતાનું કલંક છે. હું આ ધન લેવા ઇચ્છતો નથી. જુઓ, અનાજનો વેપારી દુકાળને, કુલટા નારી પતિના મરણને, વૈદ્યરાજ (ડૉક્ટર) ધનિકોમાં રોગોત્પાત, નારદજી કજિયાને, દુર્જન પારકા છિદ્રને, રાક્ષસ છલ-ભેદને અને રાજા ધનિક વાંજિયાના મરણને ઇચ્છે છે—આ બધાં અનિષ્ટો છે, નરી દુષ્ટતા છે.

ભારતના રાજાઓ સ્મૃતિશાસ્ત્ર (મનુસ્મૃતિ અ૦ ૯, શ્લો૦ ૧૮૯), અર્થશાસ્ત્ર (અર્થશાસ્ત્ર અ૦ ૩, અ૦ ૫, પ્રક૦ ૫૦) અને બીજાં પ્રમાણો (અભિજ્ઞાન શાકુંતલ, અંક : ૬)ને આધારે સ્ત્રીઓને રોતી મૂકી વાંજિયાનું ધન લેતા હતા. કુમારપાલે એ રીતને હલકી માની તેમાં કાનૂની ક્રાંતિ કરી. લગભગ ૭૨ લાખના વાર્ષિક ધનની આવકવાળો રુદતીધનનો પટ્ટો પાણીમાં નાખી દીધો અને નારીજાતિને પુરુષના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમાન હક્કવાળી માની તેને પતિ વગેરેનું ધન મળે એવો નવો કાયદો બનાવ્યો. ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીના સમાન હક્કનો પહેલવહેલો કાયદો એ સમયે થયો. આ કાયદો થવાથી ગુજરાતમાં ખોળે લેવાનો રિવાજ પણ બંધ થયો જ્યારે બીજાં રાજ્યોમાં રુદતીધન લેવાનો અને છોકરો ખોળે લેવાનો રિવાજ ચાલુ છે.

વર્તમાન ભારત સરકારે સં૦ ૨૦૧૩ માં નવો કાયદો ઘડી સ્ત્રીને સર્વ રીતે પુરુષની સમોવડી બનાવી છે, પણ આ કાયદાનું મૂળ ઠેઠ કુમારપાલના સમયથી જણાય છે. કુમારપાલે આ કાયદો ઘડ્યો ત્યારે તેનું કવિઓએ અભિનંદન કરતાં કહ્યું—

" अपुत्रीणां धनं गृह्णन् पुत्रो भवति पार्थिवः ।
त्वं तु संतोषतो मुञ्चन् सत्यं राजपितामहः ॥"

સૌ કોઈએ રાજા કુમારપાલને રાજપિતામહ તરીકે બિરદાવ્યો.
( –જૂઓ, મોહપરાજયનાટક, અંક : ૩,
શ્લો૦ ૩૯ થી ૪૨, ઉપદેશસાર-સટીક, ઉ૫૦૭)

ભારતમાં વિક્રમની બારમી શતાબ્દીમાં ઘણા નવા સંવતો શરૂ થયા હતા.[1] એક દિવસે રાજાને પણ પોતાનો સંવત્ ચલાવવાની ઇચ્છા થતાં આચાર્યશ્રીને તે અંગે વિનંતિ કરતાં તેમણે જણાવ્યું કે, 'રાજન્! પૃથ્વીને અનૃણી કરે તેનો સંવત્ ચાલે, એ કામ ધનથી થાય છે. બીજી તરફ ધન પણ આખરે તો અનર્થનું મૂળ છે. રાજાને વધુ ધન મળે તો વધુ લડાઈ ખેડે. વેપારીને વધુ ધન મળે તો તે વેપારને એકહથ્થુ કરવાનો પ્રયત્ન કરે. શૂદ્રને ધન મળે તો તે વેશ્યા

૧. કલ્યાણના વીર વિક્રમાદિત્ય સોલંકીનો સં૦ ૧૧૩૨ થી ચૈત્રી ચૌલુક્ય સંવત્, ખુરાસાનના બાદશાહ સુલતાન જલાલુદ્દીનનો સં૦ ૧૧૪૬ થી પારસી જલાલ સંવત્, ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહનો અથવા શિવસિંહનો (અથવા સોરઠના મંડલેશ્વર સિંહનો), સં૦ ૧૧૭૧ થી કાર્તિકી સિંહ સંવત્, બંગાલના રાજા લક્ષ્મણસેનનો સં૦ ૧૧૭૬ થી કાર્તિકી લક્ષ્મણસેન સંવત્. સંભવ છે કે, રાજા કુમારપાલે સં૦ ૧૨૧૬ કે સં૦ ૧૧૯૯ થી પોતાનો સંવત્ ચલાવ્યો હોય. (જૂઓ, જૈન સત્યપ્રકાશ, ક્રમાંક : ૧૦૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આદિ વ્યસનોમાં ફસાય. શિકારીને ધન મળે તો તે બાણને તીક્ષ્ણ બનાવે, મોટી જાળ બનાવે અને ઘણા જીવોનો સંહાર કરે. કસાઈને ધન મળે તો તે વધુ પાડા અને બકરાનો વધ કરે. વેશ્યાને ધન મળે તો તે ભારે ભભકો રાખી પુરુષોને ફસાવે. એટલે માત્ર ધન હોવાથી પ્રજા ઉન્નત થતી નથી. પ્રજાને આદર્શ બનાવવી હોય તો સૌમાં માનવપ્રેમ, પ્રાણીમૈત્રી, ક્ષમાભાવ, જ્ઞાન, ઉદારતા, સેવાભાવ, સ્વાર્થત્યાગ, પરગજુપણું અને પરોપકારવૃત્તિ વધે એ જ ઉત્તમોત્તમ માર્ગ છે. આવા પ્રજા ઘડનાર રાજા ઇતિહાસમાં અમર બને છે.

રાજાએ રુદતીધનનો પટ્ટો રદ કરી બીજા પણ કરો માફ કર્યા અને કાર્તિક સુદિ ૧ થી 'સિદ્ધહેમકુમાર સંવત્' ચલાવ્યો. આ સંવતના ઉલ્લેખો શત્રુંજયતીર્થ પર ચૌમુખની ભ૦ શાંતિનાથની ધાતુપ્રતિમા, અભિધાનચિંતામણિ કાંડ: ૬, શ્લો૦ ૧૭૧, ત્રિષષ્ટિ-શલાકાપુરુષચરિત્ર પર્વ ૧૦, સ૦ : ૧૨, શ્લો૦ ૭૭ વગેરેમાં મળે છે. તેનો પ્રારંભ કઈ સાલથી થયો છે તેનું કોઈ સ્પષ્ટ પ્રમાણ મળતું નથી. (જૂઓ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૯૩, ૯૪, ૯૮, ૧૦૯)

કુમારપાલે મંત્રી આંબડ—રાજપિતામહને શિલહાર રાજા મલ્લિકાર્જુનને જીતવા માટે મોકલ્યો. તે કાવેરી નદી ઊતરી પોતાની સેનાને વ્યવસ્થિત કરતો હતો, એવામાં શત્રુઓએ હુમલો કરી તેને હરાવ્યો. રાજાએ તેને ફરી વાર સં૦ ૧૨૧૭ લગભગમાં મોકલ્યો. તેની સાથે પરમાર ધારાવર્ષ, ચૌહાણ સોમેશ્વર વગેરે હતા. મંત્રીએ કાવેરીનો પુલ બાંધી, સામે પાર જઈ મલ્લિકાર્જુનને હરાવી તેનું માથું, રાજ્યની કીમતી ચીજો, દંડની મોટી રકમ વગેરે લાવીને પાટણમાં રાજા પાસે ધર્યું. રાજાએ મંત્રીને 'રાજપિતામહ' બિરુદ આપ્યું. કોંકણના ૩૨ સ્વર્ણકળશોમાંથી ૩ કળશ ઉદાયન ચૈત્ય, શકુનિકાવિહાર અને રાજઘટીઘર પર ચડાવ્યા.

કર્ણાટક અને કોંકણની એકગાંઠ મનાતી હતી. કુંતલના રાજા તૈલપે કોંકણનો બદલો લેવા ગુજરાત તરફ પ્રયાણ કર્યું, પણ રાજા કુમારપાલ વૃદ્ધ બની ગયો હતો. ચોમાસામાં યુદ્ધ કરતો નહોતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેથી સામંતો ચોમાસું વીતાવવા પોતપોતાના રાજ્યમાં ચાલ્યા ગયા હતા અને સેના પણ છૂટી છૂટી વીખરાઈને પડી હતી. આથી રાજા કુમારપાલ તૈલપ આવે છે એ સાંભળી વિમાસણમાં પડી ગયો અને ગુરુદેવ પાસે જઈ સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. આચાર્યશ્રીએ જણાવ્યું, 'રાજન્! ચિંતા ન કર, સૌ સારાં વાનાં થશે.' ખરેખર, સાતમે દિવસે રાજા કુમારપાલને પાકા સમાચાર મળ્યા કે, રાજા તૈલપ એકાએક મરણ પામ્યો છે. આ ઘટના સં૦ ૧૨૨૨ લગભગમાં બની હતી. કર્ણાટકના નવા રાજા પરમર્દીએ પોતાની પુત્રી રાજાના ભત્રીજા અજયપાલને પરણાવી.

આ૦ મેરુતુંગે આ ઘટના કર્ણના નામે ચડાવી છે. અહીં 'કર્ણ' શબ્દથી કર્ણાટકનો રાજા લેવો ઠીક છે. ત્યાં તેનો સમય સં૦ ૧૨૨૫ લગભગ બતાવ્યો છે.[1]

(જુઓ, પ્રબંધચિંતામણિ, પ્ર૦ ૫; પ્રબંધકોશ પ્ર૦ ૧૧)

એક વાર કાશીનો પંડિત કવિ વિશ્વેશ્વર આચાર્ય હેમચંદ્રસૂરિની પંડિતસભામાં આવ્યો. તેણે 'વ્યાધિ(ઘ્રા)' અને 'શૃંગાગ્રેણ' એમ બે સમસ્યા મૂકી. મંત્રી કપર્દી તથા આ૦ રામચંદ્રસૂરિએ તે સમસ્યા પૂરી કરી. પંડિતે આ સરસ્વતીની પદરચના છે એમ જણાવી, મંત્રીના ગળામાં ૫૦ હજારનો હાર પહેરાવ્યો. રાજાએ પંડિતને ૧૦ ઘોડા તથા ૫૦ લાખ દ્રમ્મથી સત્કાર કરી, પાટણમાં રહેવા વિનંતિ કરી, પણ કવિરાજ આત્મકલ્યાણ માટે સોમનાથ પાટણ જઈ વસ્યો.

પ્રભાસપાટણના મહંત ભાવ બૃહસ્પતિએ સુરાપાન વગેરે વ્યવહારથી શિવાલયને અપવિત્ર બનાવ્યું હતું, આથી આ૦ હેમચંદ્રસૂરિ નાખુશ થયા. રાજાએ મહંતને ગાદીએથી ઉતારી નાખ્યો. મહંતે પાટણમાં આવી આચાર્યશ્રી પાસે ચાર મહિના રહી ભૂલની માફી માગી

---

૧. એક એવો પણ ઉલ્લેખ મળે છે કે, આ૦ ધર્મશેખરસૂરિએ કર્ણાટકની રાજસભામાં 'નમુત્થુણં કલ્પ'નો પ્રભાવ બતાવ્યો હતો. સંભવ છે કે, રાજા કુમારપાલના પ્રતાપનું આ ફળ હોય.

(જુઓ, પ્રક૦ ૨૮, પૃ૦ ૪૫૪, પ્રક૦ ૪૩ વિજ્જલરાય)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે રાજાએ તેને ફરી વાર ગંડની પદવી આપી. આ ઘટના સં૦ ૧૨૨૫ માં બની હતી.[1]

પં૦ વામરાશિએ પણ રાજા સિદ્ધરાજના સમયે આચાર્યશ્રીની ખૂબ નિંદા કરી હતી. રાજાએ તેની આજીવિકા બંધ કરી અને માફી માગતાં તેને પણ ફરી વાર આજીવિકા બાંધી આપી.

એક વાર સૌરાષ્ટ્રના એક ચારણે આચાર્યશ્રીની વાસ્તવિક પ્રશંસાવાળું કાવ્ય બનાવ્યું. રાજાએ તેને ત્રણ લાખનું ઈનામ આપ્યું.

તે સમયે સાલપુર પંજાબ કે કાશ્મીર તરફથી પૂજાના મુગટા આવતા હતા, પણ ત્યાંનો રાજા નવા મુગટાને પ્રથમ પોતે પહેરી પછી રાજ્ય બહાર જવા દેતો હતો. રાજા કુમારપાલે તેની પાસેથી અબોટ શુદ્ધ મુગટા મંગાવ્યા, પણ તેણે દેવાની આનાકાની કરી. પરિણામે રાજા કુમારપાલે ત્યાં સેના મોકલી તેને પોતાનો તાબેદાર બનાવ્યો અને ત્યાંથી શુદ્ધ મુગટા મેળવ્યા. હજારો સાલવી કુટુંબોને બોલાવી પાટણમાં વસાવ્યા. સાળવીઓ જૈન બન્યા. પાટણમાં આજે પણ સાળવીપાડો પ્રસિદ્ધ છે.

JAINSITE.com जैनम् जयति शासनम्

રાજાએ આચાર્યશ્રીના ઉપદેશથી વીતભયનગરમાં જીવિતસ્વામીની પ્રતિમા હોવાનું જાણ્યું ત્યારે માણસો મોકલીને તે પ્રતિમા મંગાવી લીધી અને નવું દેરાસર બનાવી તેમાં વિરાજમાન કરી.

(જૂઓ, ત્રિષષ્ટિશલાકા પુ૦ ચ૦, અષ્ટાહ્નિકાવ્યાખ્યાન)

રાજા કુમારપાલના સોમનાથ પાટણના હાકેમ કક્કના પુત્ર ગુમદેવે અહીર રાજાને હરાવ્યો હતો અને ધર્માદિત્ય સૂર્યમંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. (શિલાલેખ)

રાજાને કાશીરાજ જયચંદ સાથે મૈત્રી હતી. તેનો મંત્રી **પદ્માકર** પાટણના સાળવીની બાળવિધવા **સુહડદેવીને** પદ્મિની જાણી,

૧. રાજા કુમારપાલે સં૦ ૧૨૨૫ માં મહંત ભાવ બૃહસ્પતિને બ્રહ્મપુરી ગામ આપી ફરી વાર આજીવિકા બાંધી આપી.

(જૂઓ, પાટણના ભદ્રકાળીના મંદિરમાં રહેલો લેખ–શિલાખંડ, ભાવનગર ઈન્સ્ક્રીપ્શન, પૃ૦ ૧૮૭)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુમારપાલની આજ્ઞા મેળવી કાશી લઈ ગયો અને તેને રખાત બનાવી. આ રાણી નાલાયક હતી. મિજાજી હતી. તેણે પોતાના પુત્રને રાજ્ય અપાવવાની જીદ્દથી મુસલમાનોને બોલાવી વિ૦ સં૦ ૧૨૪૯ (હી૦ સં૦ ૫૮૯)માં કાશી રાજ્યનો વિનાશ કરાવ્યો. રાજા **જયચંદ્રના** આશ્રિત **કવિ શ્રીહર્ષે** 'નૈષધીયમહાકાવ્ય' બનાવ્યું. શાહબુદ્દીન ઘોરીએ સં૦ ૧૨૪૬ માં પૃથ્વીરાજ ચૌહાણને મારી નાખી દિલ્હી જીતી લીધું. (જૂઓ, પ્રબંધચિંતામણિ, પ્ર૦ ૫; પ્રબંધકોશ પ્ર૦ ૧૧, તબકાત ઈ૦ નાસીરી પૃ૦ ૬૬૪ થી ૬૬૯)

મંત્રી આંબડે સં૦ ૧૨૨૨ માં ભરૂચમાં શકુનિકાવિહારનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને આ૦ હેમચંદ્રસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી. રાજા કુમારપાલ આ મહોત્સવમાં ભરૂચ ગયો હતો. આજે તો આ મંદિર મસ્જિદ તરીકે ઊભું છે.

રાજાએ સં૦ ૧૨૨૬ માં શત્રુંજયતીર્થનો છરી પાળતો મોટો સંઘ કાઢ્યો. આ સંઘમાં આ૦ હેમચંદ્રસૂરિ વગેરે આચાર્યો, મુનિવરો, મહારાણી **ભોપાલદેવી,** ચૌલુક્યની પુત્રી લીલુદેવી, પાલનપુરનો રાણો **પ્રહ્લાદન, શેઠ આભડ,** તેની પુત્રી **ચાંપલદેવી,** કવિચક્રવર્તી **શ્રીપાલ,** કવિ સિદ્ધપાલ, મંત્રી કપર્દી, રાજાનો દૌહિત્ર પ્રતાપમલ, ૯૯ લાખનો સ્વામી શેઠ **છેડો,** મંત્રી આંબડની માતા **માઉ** અને બીજા કોટિધ્વજો વગેરે સાથે હતા. (ચતુર્વિંશતિપ્રબંધ, પ્ર૦ ૧૦)

આ૦ મહેંદ્રસૂરિ લખે છે કે, આ સંઘ સં૦ ૧૨૧૯ માં નીકળ્યો હતો. (શતપદીપદ, ૧૦૫) સંઘ ધંધુકામાં ઝોલિકાવિહારની યાત્રા કરી, વલભીનગર થઈને પાલીતાણા પહોંચ્યો.

વલભીનગરથી આગળ ચોગઠ પાસે થાપો અને ઇસાવલ એમ બે પહાડીઓ છે. આચાર્યશ્રીએ તેની તળેટીમાં પ્રતિક્રમણ વગેરે ધર્મવિધિ કરી હતી. રાજાએ સંઘની યાદગીરીમાં તે પહાડીઓ પર ભ૦ આદીશ્વર તથા ભ૦ પાર્શ્વનાથનાં દેરાસર બનાવવાની આજ્ઞા કરી. આજે ત્યાં આ દેરાસરના પથ્થરો નજરે પડે છે. ત્યાં એ પથ્થરોમાં કોઈએ શિવાલય બનાવ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજાએ શત્રુંજયતીર્થ ઉપર ભ૦ આદીશ્વરનાં દર્શન, પૂજન-મહોત્સવ કર્યાં. પછી સંઘ ગિરનારતીર્થ પર ગયો. અહીંનો ચડાવ કઠિન હતો અને રાજા ઘણો વૃદ્ધ હતો. તેથી રાજાએ ઉપર ન ચડતાં તળેટીમાં જ ભગવાન નેમિનાથની પૂજા કરી તીર્થને વધાવ્યું. પછી સંઘ ત્યાંથી પાટણ આવ્યો.

સં૦ ૧૨૨૭માં આ૦ હેમચંદ્રસૂરિના હાથે પાટણમાં મોટો પ્રતિષ્ઠા-મહોત્સવ ઉજવાયો. રાજા કુમારપાલે તેમાં મોટો લાભ લીધો.

રાજા કુમારપાલનો દૌહિત્ર **પ્રતાપમલ** હતો. તે નીતિશાળી, બહાદુર, ધર્મપ્રેમી અને પ્રજાપ્રિય હતો. તે રાજા કુમારપાલની સાથે જ રહેતો હતો. રાજાએ કાઢેલા શત્રુંજયના સંઘમાં પણ સાથે હતો. તે રાજા થવાને લાયક હતો. રાજપુરોહિત સોમેશ્વર તેને સમર્થ રાજ્યરક્ષક બતાવે છે.[1]

આચાર્યશ્રી માનતા હતા કે, હવે સિદ્ધરાજ નથી અને કુમારપાલ વૃદ્ધ છે એટલે સોલંકી રાજ્ય તપવાનું નથી. આથી કોઈ યોગ્ય ક્ષત્રિય ગુજરાતનો રાજા બને તેમાં હરકત જેવું નથી. રાજા કુમારપાલની ઇચ્છા હતી કે, તેના પછી **પ્રતાપમલ** રાજા બને. સૌ કોઈ એ વાતમાં ખુશ હતા, પણ શેઠ **આભડે** સલાહ આપી કે, 'ગમે તેવો પણ પોતાનો હોય તે સારો.' સૌએ આ સલાહ માન્ય રાખી; પરંતુ **અજયપાલ** આ વિચારો સાંભળીને સમસમી ગયો હતો.

રાજા કુમારપાલનો પૂર્વભવ આ પ્રમાણે જાણવા મળે છે— મેવાડની પહાડીમાં પરમારપલ્લીમાં જયતાક નામે રાજા હતો. તેણે એક વણજારાને લૂંટી લીધો. વણજારાએ ગુસ્સામાં આવી, માળવાના રાજાની મદદથી પરમારપલ્લીનો વિનાશ કર્યો. જયતાકની ગર્ભવતી સ્ત્રીને તથા ગર્ભને મારી નાખ્યા. તે બાવો બની, મરી ગયો ને સિદ્ધરાજ-રૂપે જન્મ્યો. જયતાક ત્યાંથી નાસી ગયો. ખંડેરગચ્છના આ૦ યશોભદ્રસૂરિના ધર્મોપદેશથી શુદ્ધ જીવન ગાળવા લાગ્યો. તિલંગના

---

૧. આમશર્મા, જગદેવ અને પ્રતાપમલ ન રહેતાં રાજા ભીમદેવનું રાજ્ય છિન્નભિન્ન થઈ ગયું. (–કીર્તિકૌમુદી, સર્ગ ૨, શ્લો૦ ૯૭ થી ૧૦૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉરંગલનગરમાં સાર્થવાહ ઓઢારને ઘેર નોકર બનીને રહ્યો. આ૦ યશોભદ્રના ઉપદેશથી ઓઢાર પણ જૈન બન્યો. ઓઢાર અને જયતાક હમેશાં જિનપૂજા કરતા હતા. ઓઢારે પજુસણમાં પ્રભુની પુષ્પપૂજા કરી. જયતાકે પણ પોતાના પાંચ કોડીના ૧૮ ફૂલ લઈ જિનવરને ચડાવ્યાં, ઉપવાસ કર્યો અને પારણે મુનિવરોને આહાર આપ્યો. આ જયતાક મરીને કુમારપાલ થયો. સિદ્ધરાજે પૂર્વભવમાં રાણીના ગર્ભનો નાશ કર્યો હતો તેથી તે વાંજિયો રહ્યો અને તેને કુમારપાલ સાથે વૈરભાવના બની રહી. જયતાકે અઢાર ફૂલથી પૂજા કરી હતી તેથી કુમારપાલ ૧૮ દેશનો રાજા થયો.

કુમારપાલે પોતાના પૂર્વભવની ખાતરી કરવા માટે ઉરંગલમાં તપાસ કરાવી હતી. તેના વંશની સ્થિરદેવી પણ આ વૃત્તાંત જાણતી હતી.

(જૂઓ, પ્રબંધકોશ, પ્ર૦ ૧૦)

એવો પણ ઉલ્લેખ મળે છે કે, રાજા કુમારપાલ થોડા ભવો કરીને મોક્ષે જશે.

(૧) ગુજરાત, (૨) લાટ, (૩) સૌરાષ્ટ્ર, (૪) ભંભેરી (બંભેરગઢ), (૫) કચ્છ, (૬) સિંધ, (૭) ઉચ્ચા (તક્ષશિલા પાસેનો પ્રદેશ), (૮) જાલંધર (સતલજનો પ્રદેશ), (૯) કાશી, (૧૦) સપાદલક્ષ (સાંભર-અજમેરનો પ્રદેશ), (૧૧) અન્તર્વેદી (આનર્ત કે દીવબેટ, પીરમબેટ), (૧૨) મરુ (મારવાડ), (૧૩) મેવાડ, (૧૪) માળવા, (૧૫) આભીર (કીર-મેરઠનો પ્રદેશ કે ગિરનો પ્રદેશ), (૧૬) મહારાષ્ટ્ર, (૧૭) કર્ણાટક અને (૧૮) કોંકણ—એ અઢાર દેશોનો કુમારપાલ રાજા હતો. આ નોંધમાં મિત્રરાજ્યો પણ સામેલ છે.[૧]

(જૂઓ, ઉપ૦ કલ્પવલ્લી, મન્હ જીણાણંની પ્રથમ ગાથાની ટીકા-કથા, શ્લો૦ ૪ થી ૭)

---

૧. વડગચ્છના આ૦ વિનયચંદ્રે ચોવીશ તીર્થંકરોનાં ચરિત્રો તથા ૨૦ પ્રબંધો, કવિશિક્ષા વગેરે સં૦ ૧૨૮૬ માં રચેલ છે, તે પૈકી તેમની કવિ-શિક્ષામાં ૮૪ દેશોની માહિતી આ પ્રકારે મળે છે—

चतुरशीतिदेशाः— गौड–कान्यकुब्ज-कौल्लाक-कलिङ्ग-अङ्ग-वङ्ग-कुरङ्ग-आचाल्य-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ હેમચંદ્રસૂરિ રાજા કુમારપાલે જીતેલા દેશોની સાધારણ નોંધ આ પ્રકારે આપે છે—

जिष्णुश्चेदि-दशार्ण-मालव-महाराष्ट्रापरान्तान् कुरून्
सिन्धूनन्यतमांश्च दुर्गविषयान् दोर्वीशशक्त्या हरिः ।
चौलुक्यः परमार्हतो विनयवान् श्रीमूलराजान्वयी
तं नत्वेति कुमारपालपृथ्वीपालोऽब्रवीदेकदा ॥

(–त्रिषष्टिश०पु०च०प्रशस्ति)

---

कामाक्ष-औण्ड्र-पुण्ड्र-उड्डीश-मालव-लोहित-पश्चिम-काछ-वालभ-सौराष्ट्र-कुङ्कण-लाट-श्रीमाल-अर्बुद-मेदपाट-मरु-वरेन्द्र-यमुना-गङ्गातीर-अन्तर्वेदि-मागध-मध्य-कुरु-काहल-कामरूप-काञ्ची-अवन्ती-पापान्तक-किरात-नेपाल-टक्क-तुरुष्क-ताइकार-बर्बर-जर्जर-काश्मीर-हिमालय-लोहपुरुष-श्रीराष्ट्र-दक्षिणापथ- सिन्धल-चौल-कौशल-पाण्डु-अन्ध्र-विन्ध्य-कर्णाट-द्रविड-श्रीपर्वत-विदर्भ-धारा उरलाजी-तापी-महाराष्ट्र-आभीर-नर्मदातट-द्वीपदेशाश्चेति ॥

हिरुयाणी इत्यादि षट्कम् । पत्तनादिद्वादशकम् । मातरादिश्चतुर्विंशतिः । वड्ड इत्यादि षट्त्रिंशत् । मालिजादिश्चत्वारिंशत् । हर्षपुरादिद्विपञ्चाशत् । श्रीनार-प्रभृति षट्पञ्चाशत् । जम्बूसरप्रभृति षष्टिः । पडवाणप्रभृति षट्सप्ततिः । दर्भावतीप्रभृति चतुरशीतिः । पेटलापद्रप्रभृति चतुरुत्तरशतम् । षदिराळुकाप्रभृति दशोत्तरं शतम् । भोगपुरप्रभृति षोडशोत्तरं शतम् । धवलक्कप्रभृति पञ्चशतानि । माहणवासाद्यमर्धाष्ट शतम् । कोङ्कणप्रभृति चतुर्दशाधिकानि चतुर्दशशतानि । चन्द्रावतीप्रभृति अष्टा-दशशतानि ।

द्वाविंशतिशतानि महीतटम् । नवसहस्राणि सुराष्ट्राः । एकविंशतिसहस्राणि लाटदेशः । सप्ततिसहस्राणि गूर्जरो देशः । पारतश्च । अहुडलक्षाणि ब्राह्मणपाटकम् । नवलक्षाणि डाहलाः । अष्टादशलक्षाणि द्विनवत्यधिकानि मालवो देशः । षट्त्रिंश-ल्लक्षाणि कान्यकुब्जः । अनन्तमुत्तरापथं दक्षिणापथं चेति ॥

(જૂઓ, સ્વ૦ ચીમનલાલ દલાલનો 'પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગુજરાતી સાહિત્ય' લેખ-જૂઓ, પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદનો અહેવાલ; મો૦ દ૦ દેસાઈનો જૈ૦ સા૦ સં૦ ઈ૦ પારા ૫૬૪, ટિ૦ પારા ૪૦૫, પૃ૦ ૩૬૪ વિભાગ ૨, પ્ર૦ ૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ હેમચંદ્રસૂરિ જણાવે છે કે, કુમારપાલના રાજ્યની સરહદ ઉત્તરમાં તુર્કસ્તાન, પૂર્વમાં ગંગાનદી, દક્ષિણમાં વિંધ્યાચલ અને પશ્ચિમમાં સમુદ્ર સુધી હતી.[1]

(–જૂઓ, ત્રિ૦શ૦પુ૦ચ૦ પર્વ ૧૦, સર્ગ : ૧૨, શ્લો૦ ૫૨)

ગુજરાતના શિલાલેખોમાં સાત ચક્રવર્તી માનવામાં આવેલા છે—(૧) ભીમદેવ, (૨) કર્ણદેવ, (૩) સિદ્ધરાજ, (૪) કુમારપાલ, (૫) અજયપાલ, (૬) મૂળરાજ અને (૭) ભીમદેવ.

(ગૂજરાતના ઐતિહાસિક લેખસંગ્રહ, લેખાંક : ૧૬૬ થી ૨૦૬)

બીજી રીતે સાત ચક્રવર્તીઓની ગણતરી આવી પણ છે—(૧)

---

૧. કર્નલ જેમ્સ ટોડ લખે છે કે—કુમારપાલની આજ્ઞાને પૃથ્વી પરના સર્વ રાજાઓએ પોતાના મસ્તકે ચડાવી. તેણે શાકંભરીના રાજાને પોતાના ચરણમાં નમાવ્યો. ખુદ હથિયાર ધારણ કરી સપાદલક્ષ પર્વત ચડાઈ કરીને સર્વ ગઢપતિઓને નમાવ્યા. સાલપુર (પંજાબ) સુદ્ધાંને તેણે તે પ્રમાણે વશ કર્યું.

(–ટૉડ રાજસ્થાન)

કુમારપાલના શાસનકાળમાં પાટણના જૈનો હિંદબહાર મિસ્રની સુધી પહોંચીને ત્યાં ધમધોકાર વ્યાપાર ચલાવતા હતા. (–જમેઉલ હિકાયત)

સ્વ૦ ગૌ૦ હી૦ ઓઝાજી લખે છે કે, કુમારપાલ ઘણો પ્રતાપી અને નીતિનિપુણ હતો. તેના રાજ્યની સીમા દૂર દૂર સુધી ફેલાયેલી હતી અને માળવા તથા રાજપૂતાનાના કેટલાએક ભાગો તેને આધીન હતા.

(–રાજપૂતાનેકા ઇતિહાસ, ભા૦ ૧, પૃ૦ ૨૧૯)

દુર્ગાશંકર કેવલરામ શાસ્ત્રી લખે છે કે, કુમારપાલને સિદ્ધરાજ પાસેથી ઘણું વિશાળ અને અત્યંત સમૃદ્ધ રાજ્ય મળ્યું હતું અને કુમારપાલે તેને સ્થિર કર્યું એટલું જ નહીં પણ, કોંકણનો વિજય ધ્યાનમાં લેતાં કંઈક વધાર્યું હોવાનો પણ સંભવ છે. (ગુજ૦ મ૦ રા૦ ઇ૦ પ્ર૦ ૧૩, પૃ૦ ૩૨૮)

સિદ્ધરાજ અને કુમારપાલે એવું સારું રાજતંત્ર ગોઠવ્યું હતું કે, મૂળરાજ જેવો બાળ રાજા પણ મુસલમાન હુમલાને સામંતોની મદદથી પાછો હઠાવી શક્યો. ખરી રીતે ભીમદેવ બીજા જેવા નબળા રાજાના રાજ્યકાળમાં પણ ઘણા વખત સુધી સિદ્ધરાજ અને કુમારપાલે ગોઠવેલું રાજતંત્ર જળવાઈ રહ્યું હતું.

(–ગૂજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, પ્ર૦ ૧૫, પૃ૦ ૩૪૨)

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

સિદ્ધરાજ, (૨) કુમારપાલ, (૩) અજયપાલ, (૪) બીજો મૂલરાજ, (૫) વિશલદેવ, (૬) અર્જુનદેવ અને (૭) સારંગદેવ.

(સં૦ ૧૩૩૩ નો આમરણ ગામનો લેખ, પુરાતત્ત્વ, પુ૦૧, અંક : ૧)

આથી સ્પષ્ટ છે કે, ઇતિહાસ કુમારપાલને ગૂર્જરચક્રવર્તી માને છે.

રાજા કુપારપાલના ગુણ-અવગુણની પણ ચોક્કસ કસોટી મળે છે. તેણે એક વાર વૃદ્ધ મંત્રી આલિગદેવને પૂછ્યું કે, "સિદ્ધરાજ અને મારામાં શો તફાવત છે તે બતાવો." મંત્રીએ 'સાચી હકીકત કહેવામાં ગુનો થાય તો માફ કરવો' એવો બચાવ કરીને જણાવ્યું કે, 'સિદ્ધરાજમાં ૯૬ ગુણો હતા અને ૨ દોષો હતા, જ્યારે આપનામાં ૨ ગુણો છે અને ૯૬ દોષો છે.'

રાજાએ પોતાને અવગુણી માની પોતાની આંખોમાં છરી ભોંકવાની તૈયારી કરતાં મહામાત્ય વિના વિલંબે ખુલાસો કરતાં બોલી ઊઠ્યા : 'સિદ્ધરાજમાં અસુભટતા અને સ્ત્રીલંપટતા એ બે અવગુણો હતા જેથી તેના ૯૬ ગુણો દબાઈ ગયા હતા. આપનામાં યુદ્ધની શૂરવીરતા અને પરસ્ત્રીસહોદરપણું એ બે ગુણો છે જેથી તમારા ૯૬ દોષો દબાઈ ગયા છે.' રાજા આ ખુલાસો સાંભળી શાંત પડ્યો, સ્વસ્થ થયો. આ ઘટના ઉપરથી કુમારપાલના સ્વભાવનો કંઈક પરિચય મળી રહે છે.

સામાન્ય રીતે જોઈએ તો રાજાએ ચાહડને હદ ઉપરનું દ્રવ્ય આપવાની મનાઈ કરી. સોલાક ગવૈયાને માત્ર ૧૧૬ દ્રમ્મ આપ્યા. મંત્રી આંબડને ભરૂચમાં દાન કરતો રોક્યો અને કાન્હડદેવ—બનેવી સાથેનો આકરો વર્તાવ વગેરે તેના જીવનની ઊણપો છે અને ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા, ફૂટેલા સામંતોને પણ માફી આપવી, કપર્દી જેવાના મીઠા ઠપકાને પણ હિતકર માનવો વગેરે તેના જીવનની ગુણ-વિશેષતા છે.

શિલાલેખો તથા ઐતિહાસિક ગ્રંથો કુમારપાલને વિવિધરૂપે ઓળખાવે છે તેનાં કેટલાંક ઉદાહરણો આ પ્રમાણે છે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(१) कुमारपालश्चौलुक्यो राजर्षिः परमार्हतः ।
मृतस्वमोक्ता धर्मात्मा मारिव्यसनवारकः ॥
(આ૦ હેમચંદ્રસૂરિકૃત અભિધાનચિંતામણિ,
કાંડ : ૩, શ્લો૦ ૩૭૬, ૩૭૭)

(२) दोर्वीर्यशक्त्या [स] हरिः चौलुक्यपरमार्हतः ॥
(–ત્રિષષ્ટિ શ૦પુ૦ચ૦પ્રશસ્તિ)

(३) कृतयुगप्रवर्त्तकहरिरिति ज्ञातः प्रभावाजने ।
शुद्धाचारनवावतारतरणिः सद्धर्मकर्मक्रम-
प्रादुर्भावविशारदो नयपथप्रस्थानसार्थाभिधः ॥१४
यः कृतयुगं संप्रत्यवातारयत् ॥
(–સં૦ ૧૨૦૮ ની વડનગર કિલ્લાની પ્રશસ્તિ)

(४) त्रैलोक्यरक्षाक्षमः विक्रमः, लोकम्पृणैरात्मगुणैरलङ्ध्यः ॥
(–શ્રીધરકૃત ' પ્રભાસપાટણની પ્રશસ્તિ ')

(५) तेजोविशेषोदयी, अचिन्त्यमहिमा, बल्लालधराधिपजाङ्गलनरेशविजेता,
त्रैलोक्यकल्पद्रुमः ॥ १०-११॥
(–ગંડ ભાવબૃહસ્પતિની પ્રભાસપાટણની પ્રશસ્તિ)

(६) त्रैलोक्यकुलकल्पद्रुम, विचारचतुरानन વગેરે
(–અભિનવ સિદ્ધરાજ જયસિંહનું તામ્રપત્ર)

(७) वीतरागरतेर्यस्य मृतवित्तानि मुञ्चतः ।
देवस्य नृदेवस्य युक्ताऽभूदमृतार्थता ॥
(–કવિ સોમેશ્વરકૃત ' કીર્તિકૌમુદી ' સર્ગ : ૨, શ્લો૦ ૪૩)

(૮) તટસ્થ રીતે જોનારને પણ એકંદર રીતે કુમારપાલ લોક-
પ્રિય અને સારો રાજા હતો એમ કબૂલ કરવું પડશે.
(–દુર્ગાશંકર શાસ્ત્રીનો ગુજ૦ મધ્ય૦ રાજ૦
ઇતિ૦, પ્રક૦ ૧૩, પૃ૦ ૩૩૦)

(૯) રાજા કુમારપાલને પ્રૌઢપ્રતાપ, વિજયોદયી, તેજોવિશેષોદયી,

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અવંતીનાથ, વિચારચતુરાનન, રાજર્ષિ, રાજપિતામહ.... અને ચક્રવર્તી વગેરે બિરુદો હતાં, જેનો ઉલ્લેખ તે તે પ્રસંગે આવી ગયો છે.

આ પ્રમાણોથી સહેજે તારવી શકાય છે કે, રાજા કુમારપાલ જનતાને સન્માર્ગમાં દોરનાર, નીતિનો પ્રચારક, રક્ષણસમર્થ, પ્રતાપી વિચારક, બહાદુર, પ્રજાવત્સલ, ગુણવાન, લોકપ્રિય અને વિદેહી રાજા હતો.

રાજા કુમારપાલને ૨ ભાઈઓ, ૨ બહેનો, ભોપાલદેવી, જલ્હણા (ચંદ્રલેખા) તથા પદ્માવતી એ ૩ રાણીઓ, લીલુદેવી વગેરે સાત પુત્રીઓ, પ્રતાપમલ દૌહિત્ર અને કાન્હડદેવનો પુત્ર ભોજદેવ ભાણેજ હતા. આમિગ તથા સર્વદેવ પુરોહિત હતા. બ્રાહ્મણ રુદ્રરાજ જ્યોતિષી હતો. મંત્રી આલિગ, આશુક, બાહડ, મહાદેવ નાગર, યશોધવલ, કુમારસિંહ, ગલ્લકકુલનો વાઘૂયન, પૃથ્વીપાલ, કપર્દી, શોભ નાગરનો પુત્ર વલ્લ, દાનશાળાનો ઉપરી શેઠ અભય, ધરણીધર (કર્ણાવતી) વગેરે મહામાત્યો તથા જુદા જુદા ખાતાના મંત્રીઓ હતા. મંત્રી ઉદાયન, આંબડ, સજ્જન, આંબાક, જગદેવ શ્રીમાલી (સૌરાષ્ટ્ર), ચાહડ, વૈજલદેવ, સહજિગ ગુહિલ સોસોદિયા, (સૌરાષ્ટ્રના) ગોહિલોનો આદિ પુરુષ અને વોસિરિ દંડનાયકો હતા. પરમાર ધારાવર્ષ, વિક્રમસિંહ, વાપનદેવ, સોમેશ્વર, આલ્હણ, કેલ્હણ વગેરે નાના-મોટા ૭૨ રાણા હતા, સામંતો હતા, ક૦ સ૦ આ૦ શ્રીહેમચંદ્રસૂરિ, આ૦ રામચંદ્રસૂરિ વગેરે તેમનો શિષ્યપરિવાર, કવિ ચક્રવર્તી શ્રીપાલ, સિદ્ધપાલ, કપર્દી, બાહડ વગેરે તેમની પંડિતસભાના વિદ્વાનો હતા. સોલ્લાક વગેરે ગવૈયા હતા.

[ મહાપ્રચંડ દંડનાયક વોસિરિ તે સં૦ ૧૨૨૮ ના જેઠ સુદિ ૧૪ ના દિવસે લાટદેશ મહીદમનકના વચલા પ્રદેશનો મહાદંડનાયક હતો.

(—જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૬૯)

મહામાત્ય શ્રીકુમાર. (—જૈ૦પુ૦પ્ર૦સં૦, પુષ્પિકા : ૮૯)

મહં૦ વાઘૂયન (પાલાઉદ્રગામ) (—જૈ૦પુ૦પ્ર૦સં૦, પુષ્પિકા : ૯૧)]

સં૦ ૧૨૨૯ માં આ૦ હેમચંદ્રસૂરિ સ્વર્ગે ગયા. રાજા કુમારપાલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ તે જ સાલમાં તેમની પછી છ મહિને સ્વર્ગસ્થ થયો.

આ૦ મેરુતુંગસૂરિ રાજાનું મૃત્યુ સં૦ ૧૨૨૯ પોષ સુદિ ૧૨, તા. ૨૮-૧૨-૧૧૭૨ માં બતાવે છે. (–વિચારશ્રેણિ)

ગુજરાતના રાજવંશોમાં કુમારપાલ સોલંકીનું રાજ્ય બહુ તપ્યું હતું એ વાત અનેક પ્રાચીન-અર્વાચીન પુરાવાઓથી સ્પષ્ટ થાય છે.

ગ્રંથકારો રાજા કુમારપાલની ખૂબ પ્રશંસા કરે છે, તેનાં કેટલાંક ઉદાહરણો આ પ્રમાણે છે—

जिष्णुश्चेदि-दशार्ण-मालव-महाराष्ट्राऽपरान्तान् कुरून् ।
सिन्धूनन्यतमांश्च दुर्गविषयान् दोर्वीर्यशक्त्या हरिः ॥

(–આ૦ હેમચંદ્રસૂરિનું ત્રિષષ્ટિ શ૦પુ૦ચ૦ પર્વ : ૧૦)

सत्त्वानुकम्पा न महीभुजां स्याद् इत्येष क्लृप्तो वितथप्रवादः ।
जिनेन्द्रधर्मं प्रतिपद्य येन श्लाघ्यः स केषां न कुमारपालः ? ॥

(–આ૦ સોમપ્રભસૂરિનો 'કુમારપાલપડિબોહો' પૃ૦ ૪૭૫)

स्वर्गे न क्षितिमण्डले न वडवावक्त्रे न लेभे स्थितिं
त्रैलोक्यैकहितप्रदाऽपि विधुरा जीयाद्दया या चिरम् ।
चौलुक्येन कुमारपालविभुना प्रत्यक्षमावासिता,
निर्भीका निजमानसौकसि वरे केनोपमीयेत सः ॥

(–મોહપરાજય, રચના સં૦ ૧૨૩૨)

(જૂઓ, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, પર્વ ૧૦, સર્ગ : ૧૨, સંસ્કૃત-પ્રાકૃત દ્વયાશ્રયમહાકાવ્ય, કુમારપાલપડિબોહો, પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, મોહપરાજયનાટક, પ્રબંધકોશ, કુમારપાલપ્રબંધ, કુમારપાલચરિત્ર, ગુજરાતનો ઇતિહાસ, શિલાલેખો, ભારતીયવિદ્યા પુ૦ ૧, અંક : ૧, પરમાર્હત મહારાજા શ્રીકુમારપાલ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૪૫)

**૯. અજયપાલ** (સં૦ ૧૨૨૯ થી ૧૨૩૨)

રાજા કુમારપાલ પછી તેના મોટાભાઈ મહીપાલનો પુત્ર અજયપાલ ગુજરાતનો રાજા થયો. તે અયોગ્ય રાજા હતો. તેના અમલમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુજરાતના રાજ્યનું પતન થવું શરૂ થયું. તેણે શરૂઆતથી જ પોતાને 'કલિકાલનિષ્કલંકાવતાર' તરીકે જાહેર કરી બર્બરશાહી ચલાવી. તેણે મહારાજા કુમારપાલે બંધાવેલાં અને સમરાવેલાં પાટણ, મોઢેરા, ઝાંઝૂ વગેરે સારસ્વતમંડલનાં સઘળાં મંદિરો તોડવા માંડચાં. મંત્રી કપર્દીને એક દિવસે મહામાત્ય બનાવી તે જ રાતે તેલની કડકડતી કડાઈમાં જીવતો તળાવ્યો. મંત્રી આંબડને લશ્કર દ્વારા ઘેરી લઈ મારી નંખાવ્યો. આ૦ રામચંદ્રસૂરિને તાંબાની તપાવેલી પાટ ઉપર બેસાડી ભુંજાવ્યા, જૈનોને દબાવ્યા, ગ્રંથભંડારોને બળાવી નાખ્યા, મ્લેચ્છ જેવું વર્તન ચલાવ્યું;[1] તેણે તારંગા, જાલોર વગેરે દૂરનાં જિનાલયોને તોડવા જવાની તૈયારી કરી. શેઠ આભડ અજયપાલને રાજા બનાવવાની તરફેણમાં હતો, તે પણ આ જુલમથી દુઃખ પામ્યો. તેણે બીજાં મંદિરોને રાજાના કોપમાંથી બચાવવા યુક્તિથી કામ લીધું. રાજાના પ્રીતિપાત્ર શીલણ ભાંડને ઘણું ધન આપી તૈયાર કર્યો,

---

૧. કર્નલ જેમ્સ ટોડ લખે છે કે—અજયદેવ મુસલમાન થઈ ગયો હતો. (વેસ્ટર્ન ઇંડિયા, પૃ૦ ૯૧). જો કે અજયપાલ મુસલમાન થયો નહોતો, પણ મુસલમાન લાગે તેવું તેનું વર્તન હતું. આ રાજાના કારણે મંત્રી ઉદાયન તથા શેઠ આભડની સંતતિમાં ધર્મપરાવર્તન થવાનું મનાય છે.

દુર્ગારામ કેવળરામ શાસ્ત્રી લખે છે કે, 'અજયદેવ જૈનધર્મનો કટ્ટર વિરોધી હોવાની વાતમાં શંકા નાખે છે' (ગુજ૦ મ૦ રા૦ ઈ૦, પૃ૦ ૩૩૩) એટલે જૈનોના મંદિરો, ગ્રંથભંડારો, મુનિવરો અને જૈન મંત્રીઓનો વિનાશ તથા નિષ્કલંકાવતાર બનવાનો દાવો વગેરે તો શાસ્ત્રીને મન કંઈ જ ઐતિહાસિક ઘટના લાગતી નથી.

અજયદેવ ધર્માંધ શૈવ હતો. (–રા૦ બ૦ મહી૦ રૂપ૦ નીલકંઠનો ગુજ૦ સં૦ ઇતિ૦ પૃ૦ ૧૬)

રા૦ બ૦ ગોવિંદરામ હાથીભાઈ લખે છે કે, 'અજયપાલે ગાદી પર બેસતાં જ જૈનો પર જુલમ કરવા માંડયો.

અજયપાલે ક્રૂર, ઉન્મત્ત અને દંભશીલી ચાલ ચલાવી છે એમાં કંઈ શક નથી. આ જુલમી રાજાનું રાજ્ય ઘણાં વર્ષ ટકી શક્યું નહીં.

(–ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ, પ્ર૦ ૨૦૩–૨૦૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેથી બાકીનાં બીજાં મંદિરો બચી જાય તેવું કરે.

શીલણે એક સાંઠીઓનો પ્રાસાદ બનાવ્યો, ધોળાવ્યો, ચીતરાવ્યો. રાજા અજયપાલને પોતાને ત્યાં પધરાવી તેના હાથમાં પોતાના પાંચ પુત્રો તથા આ પ્રાસાદ ભળાવ્યા અને બે હાથ જોડી વિનંતિ કરી કે, 'મારે પુત્રો છે, હું વૃદ્ધ થયો છું, આથી તીર્થયાત્રાએ જવા ઇચ્છું છું. મને આજ્ઞા આપો કે, હું મારા જીવનનું કલ્યાણ કરું.' તે આ પ્રમાણે કહી સૌની રજા લઈ એક દિશા તરફ રવાના થયો, પરંતુ શીલણ જાય છે એટલામાં તો તેના પાંચે પુત્રોએ આ પ્રાસાદને ડાંગો વડે તોડીફોડી જમીનદોસ્ત કરી દીધો. શીલણ તોડવાનો અવાજ સાંભળીને પાછો ફર્યો અને પુત્રોને તિરસ્કારભરી વાણી ઉચ્ચારી બોલ્યો: 'રે અભાગિયાઓ! આ કુનૃપ છે તે તો સારો છે પરંતુ તમે મારા કુપુત્રો તો તેનાથીયે અધમ છો. રાજાજીએ તો પોતાના પિતાના મરણ બાદ તેનાં ધર્મસ્થાનો પાડી નાખ્યાં, જ્યારે તમે તો હું સો ડગલાં દૂર પહોંચું એટલીયે રાહ ન જોઈ.'

રાજા આ હકીકત સાંભળી શરમાઈ ગયો. તેણે દેરાસરો તોડવાનું કામ સદંતર બંધ કર્યું, એટલે બાકીનાં દેરાસરો બચી ગયાં અને જૈનો પોતપોતાના અધિકારપદે કાયમ રહ્યા.

રાજાએ પોતાના મિત્ર આ૦ બાલચંદ્રનો પોતાના ગચ્છના દ્રોહી અને ગુરુદ્રોહી તરીકે ખૂબ તિરસ્કાર કર્યો.

અજયપાલે જૈનોનો વિરોધ કરવામાં મૌન ધારણ કર્યું, પણ તેનો ઉન્મત્ત સ્વભાવ સુધર્યો નહોતો. રાજપુરોહિત જણાવે છે કે, તે રાજાઓને ઘણો દંડ દેતો અને હમેશાં નવી નવી સ્ત્રીને પોતાના અંતઃપુરમાં દાખલ કરતો. (કીર્તિકૌમુદી, સર્ગ: ૨, શ્લો૦ ૫૨ થી ૫૫) તેને એક એવી કુટેવ હતી કે, તે ગમે તે સ્ત્રીને પકડી લેતો અને તેમના પુત્રો સાથે તે સ્ત્રીઓને વિદ્રોહ કરાવતો. આથીયે ઘણાઓને રાજા અજયપાલ પ્રત્યે રોષ હતો.

તેણે અજમેરના રાજા સોમેશ્વર (સં૦ ૧૨૨૬ થી ૧૨૩૬)ને ખૂબ દંડ દીધો. મેવાડનો રાણો સામંતસિંહ (સં૦ ૧૨૨૮ થી સં૦ ૧૨૩૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેની સામે થયો, યુદ્ધ થયું અને અજયપાલ ઘવાયો. પાલનપુરના રાજા પ્રહ્‌લાદને તેને બચાવ્યો, જ્યારે રાજ્યનું શાસન ચલાવનાર આહ્‌લણદેવનો પુત્ર કીર્તિપાલ આ યુદ્ધમાં મરાયો.

અજયદેવનો અંગરક્ષક વૈજલ હતો, જેની માતા કુલટા હતી. રાજાએ તેણીને પોતાના મહેલમાં રાખી અને તેની પાસે તેના મતવાળા પુત્રને મોકલ્યો. વૈજલે ગુસ્સામાં આવીને ધાંગાને તથા રાજાને મારી નાખ્યા. ગુજરાતના એક નાલાયક રાજાનો નાશ કર્યો. આ ઘટના સં૦ ૧૨૩૨ના ફાગણ સુદિ ૨, (માર્ચ, સને ૧૧૭૬)ના દિવસે બની. આ રાજાથી સોલંકી રાજવંશની અવનતિ શરૂ થઈ.[1]

રાજા અજયપાલને નાયકીદેવી રાણી હતી, જે કર્ણાટકના રાજા પરમર્દીની પુત્રી હતી. તેને મૂલરાજ અને ભીમદેવ નામે પુત્રો હતા, અને રાણો લૂણપસાક સોલંકી તથા વયજલદેવ વગેરે દંડનાયકો

૧. સં૦ ૧૪૦૫ના 'પ્રબંધકોશ'માં ઉલ્લેખ છે કે, દિલ્હીના બાદશાહે ગુજરાત પર હલ્લો કર્યો, જેને મંત્રી વસ્તુપાલે હઠાવી પાછો કાઢ્યો. આ ઉલ્લેખ 'કીર્તિકૌમુદી' અને 'સુકૃતસંકીર્તન'માં નથી, છતાં સાચો છે. 'કીર્તિકૌમુદી', સં૦ ૧૨૮૮નો રેવંતગિરિરાસુ અને પ્રબંધચિંતામણિમાં ઉલ્લેખ છે કે, સિદ્ધરાજે સોરઠ પર ચડાઈ કરી હતી. આ ઉલ્લેખ 'દ્વયાશ્રય' તથા 'વડનગરપ્રશસ્તિ'માં નથી, છતાં એ હકીકત સાચી છે. 'સત્યપુરમંડનમહાવીરોત્સાહ'માં સોમનાથભંગનો ઉલ્લેખ છે, બીજે નથી, પણ તે સત્ય છે. એ જ રીતે પ્રબંધચિંતામણિ, પ્રબંધકોશમાં અજયપાલની બર્બરતાનો ઉલ્લેખ છે બીજે આ ઉલ્લેખ નથી, છતાં તે સત્ય છે. કોઈ કોઈ ઘટના સમકાલીન ગ્રંથોમાં ન લખાઈ હોય અને બીજા પુરાવાઓથી તે પુષ્ટ થતી હોય તો તે ઘટના સાચી મનાય.

દુર્ગાશંકર શાસ્ત્રી પણ કબૂલ કરે છે કે, ગમે ત્યાં ખૂણે પડેલ શિલાલેખ પણ ઐતિહાસિક કસોટીએ પાર ઊતરતો હોય તો તે માનવામાં વાંધો નહીં.

(ગુજ૦ મધ્ય૦ રાજ૦ ઈ૦નાં પ્રબંધાત્મક સાધનો)

તેઓ આમ કબૂલ કરે છે પણ અજયપાલની અયોગ્યતા વિશે કંઈ જ જણાવતા નથી. ઐતિહાસિક વિશિષ્ટ હકીકતને પણ કબૂલ કરવામાં સાંપ્રદાયિક વ્યામોહ કેવો ભાગ ભજવે છે તેનું આ પ્રમાણ છે.

JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતા, કુમારદેવ પુરોહિત હતો અને નાગડમલ્લ વોસિરિ વગેરે મહા-માત્યો-મંત્રીઓ હતા.

(જૂઓ, પ્રબંધચિંતામણિ, પ્રબંધકોશ, પુરાતન પ્રબંધસંગ્રહ, આભડપ્રબંધ)

**૧૦. બાલ મૂલરાજ** (સં૦ ૧૨૩૨ થી ૧૨૩૪)

અજયપાલ પછી તેનો પુત્ર મૂળરાજ ગાદીએ આવ્યો, જે સગીર વયનો હતો. દંડનાયક સજ્જન શ્રીમાલી રાજ્ય ચલાવતો હતો. અફઘાનિસ્તાનના બાદશાહ **મહમ્મુદ શાહબુદ્દીન** ઘોરીએ ગિઝનીથી મુલતાનના રસ્તે થઈ સં૦ ૧૨૩૪ (હિ૦ સં૦ ૫૭૪ ઈ૦ સ૦ ૧૧૭૮)માં ગુજરાત પર હલ્લો કર્યો. તેનું સૈન્ય અને ગુજરાતનું સૈન્ય આબૂની નીચે કાયંદ્રા પાસે **બનાસને કાંઠે ગાડર અરઘટ્ટમાં** ગાડરિયાઘાટમાં સામસામે ગોઠવાયાં.[૧] રાણી નાયકીએ દંડનાયકની વ્યૂહરચના પ્રમાણે બાળ રાજાને ખોળામાં બેસાડી ઊંચે સ્થાને બેસીને યુદ્ધનું શાસન કર્યું. ગુજરાતના સામંતો કેલ્હણુ વગેરે તૈયાર હતા, પરંતુ ઓચિંતો વરસાદ પડવાથી ઘોરી હાર્યો અને બાલ રાજા સાથે સંધિ કરીને ચાલ્યો ગયો. રાજનીતિવિશારદો માને છે કે, આ વિજય રાજા સિદ્ધરાજ અને રાજા કુમારપાલે ગોઠવેલી સુરાજ્ય-વ્યવસ્થાને આભારી હતો.

(જૂઓ, તબકાત ઈ૦ નસીરી, પૃ૦ ૪૫૧, ૪૫૨)

રાજા મૂળરાજના સમયે મોટો દુકાળ પડ્યો ત્યારે પુરોહિત કુમાર **નાગરે** રાજાને સમજાવી પ્રજાનો કર માફ કરાવ્યો.

(જૂઓ, 'સુરથોત્સવ' સર્ગ : ૧૫, શ્લો૦ ૩૩)

મૂળરાજ સં૦ ૧૨૩૪ના ચૈત્ર માસમાં મરણ પામ્યો.

(-પ્રબંધચિંતામણિ, કીર્તિકૌમુદી, સુકૃતસંકીર્તન, મીનરાજ ઉ૦-સિરાજ, ઈ૦ ફિરસ્તા, સં૦૧૨૬૬નું તામ્રપત્ર, જોમેઉલ હિકાયત)

---

૧. થરપારકર પાસે પણુ એક ગુડરગિરિ છે, જેની ઉપર ભ૦ ઋષભ-દેવનું દેરાસર હતું. (આ૦ મહેન્દ્રસૂરિ કૃત 'અષ્ટોત્તરીશત તીર્થમાલા, ગા૦ : ૮૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ફારસી ઇતિહાસ કહે છે કે, મૂળરાજ તો બાલ્યાવસ્થામાં હતો, પણ તેની માતાએ સૈન્ય એકત્ર કરી ભારે પરાક્રમથી દુશ્મન લશ્કરને નસાડી મૂક્યું. એ યુદ્ધમાં શાહબુદ્દીનને ભારે નુકસાન પહોંચ્યું. હાર ખાઈને તે પાછો ગિઝની આવ્યો.

એ સમયે **ગિઝની**માં પાટણનો એક ધનાઢ્ય વેપારી રહેતો હતો. એની પાસે એટલી મિલકત હતી કે, યુદ્ધનું બધું જ નુકસાન તેની એકલાની પાસેથી વસૂલ થઈ શકે. આથી **શાહબુદ્દીન**ના કેટલાક દરબારીઓએ બાદશાહને કહ્યું કે, 'આ વેપારીને લૂંટી લો, તેથી યુદ્ધનું બધું નુકસાન ભરપાઈ થઈ શકશે.' પરંતુ શાહબુદ્દીને એમ કરવાની ના પાડી અને જવાબ આપ્યો કે, 'આવી રીતે જો હું પરદેશી વેપારીઓને લૂંટી લઈશ તો મારા રાજ્યમાં વેપાર કરવાને કોણ આવશે? યુદ્ધનું નુકસાન તો જ્યાં થયું છે ત્યાંથી જ હું વસૂલ કરીશ.'

(જૂઓ, જામેઉલ હિકાયત; ભો૦ જ૦ સાંડેસરાનું વસ્તુપાલનું વિદ્યામંડલ અને બીજા લેખો પૃ૦ ૧૧૦, ૧૧૧)

આ ઉલ્લેખથી સ્પષ્ટ થાય છે કે, પાટણના જૈનો ધનાઢ્ય હતા, મોટા વેપારી હતા અને ગિઝની સુધી પહોંચ્યા હતા. તેમજ ધર્માંધ રાજાઓ પણ પોતાના રાજ્યમાં વસતા દુશ્મન રાજ્યના વેપારીના રક્ષણ માટે પૂરી કાળજી રાખતા હતા.

## ૧૧. ભોળો ભીમદેવ (સં૦ ૧૨૩૫ થી ૧૨૯૮)

રાજા મૂળરાજ પછી તેનો નાનો ભાઈ ભીમદેવ ગુજરાતનો રાજા થયો. તે સગીર વયનો હતો, વિકલ હતો પણ પુણ્યશાળી હતો. તે આખો દિવસ સોઢુ અને મોઢુ એ બે ગાડરણોને રમાડતો, નવરાવતો, ધોવરાવતો અને લડાવતો હતો. તે સહસકલા વેશ્યાને અંતઃપુરમાં રાખી બેઠો હતો. તેને રાજ્યની જવાબદારીનું ભાન નહોતું, તેથી તેના સામંતો સ્વતંત્ર થઈ ગયા.[1] રાજા અજયપાલથી રાજ્યની

૧. દુ૦ કે૦ શાસ્ત્રી લખે છે કે, 'સુકૃતસંકીર્તન, કીર્તિકૌમુદી, પ્રબંધચિંતામણિ વગેરે પ્રબંધોએ જૈન મંત્રી વસ્તુપાલની તથા એના આશ્રયદાતા વાઘેલાઓની વાત કરવાના વેગમાં બિચારા ભીમદેવને અન્યાય કર્યો છે.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અવનતિ શરૂ થઈ હતી, તેમાં કંઈક વધારો થયો, પણ **રાજા સિદ્ધરાજ** અને **કુમારપાલે** જે **નક્કર રાજ્યતંત્ર** ગોઠવ્યું હતું તેના આધારે તે ટકી રહ્યો. કુમારપાલનો માસો ધવલ વાઘેલો નામે હતો. તેના સંતાનોમાં આનાક (અર્ણોરાજ), લૂણપસાક (લવણપ્રસાદ), વીરધવલ અને વિશલદેવ એ મંડલેશ્વરો હતા. તેઓ શરૂઆતમાં વાઘપુર કે વાગસીનના ગરાસદારો હતા પછી ભીલડીના રાજા બન્યા અને છેવટે ધોળકાના રાજા રાણક તથા મહામંડલેશ્વર બન્યા. તેમની વફાદારીથી રાજા ભીમદેવને ઘણી મદદ મળી.[1] વીરમદેવને કુમારભુક્તિમાં ધોળકા મળ્યું હતું.

ભીમદેવ વિકલ હતો, તેથી તેને શરૂઆતમાં ગાદી આપવામાં પણ સૌનો એકમત નહોતો, પણ આનાક વાઘેલાએ રણસિંહને મારી નાખ્યો અને ભીમદેવને ગાદીએ બેસાડ્યો.

जैन साईट JAINSITE

સં૦ ૧૨૩૬ માં અજમેરનો ચૌહાણ સોમેશ્વર ગુજરાત સામે પડ્યો અને તેમાં તે મરાયો, ત્યારથી ભીમદેવ અને પૃથ્વીરાજ ચૌહાણ (સં૦ ૧૨૩૬ થી ૧૨૪૯) વચ્ચે વૈર વધતું ગયું. એટલે કે ચૌહાણો સ્વતંત્ર થયા. મેવાડ પણ સ્વતંત્ર થયો હતો, પણ રાણા સામંતસિંહના ભાઈ કુમારસિંહે ગુજરાતની મદદ લઈ આહડનું રાજ્ય ફરી વાર સ્થાપ્યું. **દિલ્હીનો બાદશાહ એબક** સં૦ ૧૨૫૩ માં મેરવાડાના મેરો ઉપર ચડી આવ્યો, પણ ગુજરાતની મદદ પહોં-

સાથોસાથ શાસ્ત્રીજી એ પણ જરૂર સમજતા હશે કે, જે બબ્બેવાર ગાદી ઉપરથી ઊતરી ગયો એ કઠપૂતળી જેવા રાજાના વર્ણન માટે પ્રબંધોએ સકારણ મૌન સેવ્યું હશે.

૧. તામ્રપત્રોમાં આનાક, લૂણપસાક અને વીરમ એ પણ રાજા ભીમદેવની વફાદાર સોલંકી પરંપરા મળે છે. આ સોલંકી પરંપરાના અને ધવલની વાઘેલા પરંપરાના લૂણપસાક વગેરે એક જ હોય તો તત્કાલીન ઇતિહાસમાં એક નવું અજવાળું પાડે. ખાસ ધ્યાન ખેંચે એવી બીના એ છે કે, બંને પરંપરામાં લૂણપસાકને પરમ શિવોપાસક અને ભીમદેવનો અંગત પુરુષ બતાવ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચવાથી તે હારી જઈ અજમેરના કિલ્લામાં ભરાઈ ગયો. તે સં૦ ૧૨૫૪ (વી૦ સં૦ ૫૯૩, ઈ૦ સ૦ ૧૧૯૭)માં ફરી વાર ચડી આવ્યો. આબૂના ઘાટમાં પરમાર ધારાવર્ષદેવ તથા ગુજરાતની સેનાને જીતી લઈ પાટણ આવ્યો અને તેણે ત્યાં પોતાની સત્તા જમાવી. આ યુદ્ધમાં ગુજરાતનો સેનાપતિ **જીવન** માર્યો ગયો હતો, એબક કુતબૂદ્દીન ગિઝનીના હુકમથી દિલ્હી ચાલ્યો ગયો. (તજઉલમ આસીર, તબકાત ઈ૦ નાસીરી, પૃ૦ ૫૨૦, ૫૨૧). માળવાના પરમાર રાજા વિંધ્યવર્મા, સુભટવર્મા (સં૦ ૧૨૬૬) અને અર્જુનવર્મા(સં૦ ૧૨૬૭ થી ૧૨૭૩)એ ગુજરાત પર ચડાઈ કરી. અર્જુનવર્માએ સં૦ ૧૨૭૦ માં માળવાને સ્વતંત્ર બનાવ્યો અને ભરૂચનો પ્રદેશ પણ પોતાને આધીન કર્યો.

**સામંત જયસિંહ સોલંકી** સં૦ ૧૨૭૮ માં રાજા ભીમદેવને ઉઠાડી પાટણનો રાજા બની બેઠો. તે ભરૂચનો પ્રદેશ પાછો મેળવવામાં નિષ્ફળ નીવડ્યો હતો. આ દરમિયાન લૂણપસાક સોલંકીએ ગંભૂતા પથકમાં પોતાની માતાના નામથી **સલખણપુર** વસાવ્યું, આનલેશ્વર મહાદેવ તથા સલખણેશ્વરનાં મંદિરો બંધાવ્યાં અને તે અંગે ભૂમિદાન કર્યું, ત્યારે એકંદરે ગુજરાતમાં સર્વથા અરાજકતા વર્તતી હતી.

**લવણપ્રસાદ** તથા **વીરધવલ** વાઘેલાએ દાદાના નામથી **ધોળકાને** આબાદ કર્યું ને ત્યાં પોતાની રાજગાદી સ્થાપી. તેને ચાહડ નામનો બ્રાહ્મણ મંત્રી હતો. દેવગિરિના યાદવ રાજા સિંઘણ તથા ભરૂચના રાજા શંખ વચ્ચે લડાઈ ચાલતી હતી, ત્યારે વીરધવલે ઓચિંતો છાપો મારી ખંભાત સુધીનો પ્રદેશ પોતાને તાબે કર્યો. તેણે એક નાનકડું રાજ્ય બનાવ્યું.

હવે વીરધવલે માંડલના ૩ લાખની મૂડીવાળા વેપારી અને રાજા ભીમદેવના મહેતા વસ્તુપાલ-તેજપાલને, તેઓ જ્યારે શત્રુંજયની યાત્રા કરીને પાછા ફર્યા ત્યારે, સં૦ ૧૨૭૭ માં પોતાને મહામાત્ય બનવાને જણાવ્યું. એમ કરવામાં વીરધવલે એવી શરત પણ કબૂલ કરી કે, 'જો અમે ગુસ્સો કરીને કાઢી મૂકીએ તો તમારા ત્રણ લાખ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રૂપિયા અમે પાછા આપીએ.' રાજાએ તથા મહામાત્યોએ સલાહ કરીને ગોહિલવાડ, વંથલી, વાજામા, નગજેન્દ્ર, ચૂડાસમ, વાલાક, દીવબેટ અને કચ્છ-ભદ્રેશ્વર પર પોતાની સત્તા બેસાડી. રાજા, અમલદારો અને વેપારીઓ પાસેથી પુષ્કળ ધન એકઠું કરી મોટું સૈન્ય ઊભું કર્યું. બંને મંત્રીઓને મોકલી ખંભાતના ચાંચિયા સદીકને મરાવ્યો; વડુઆ બંદર તથા ભરૂચના રાજા શંખને નસાડી મૂક્યો. ગોધરાના લૂંટારુ રાજા વિક્રમ ઘૂંઘલને મરાવ્યો અને પોતે નાડોલ, આબૂ, જાલોર તથા આહડના રાજાઓ સાથે ભીમદેવને વફાદાર રહેવા પૂરતી સંધિ કરી. સં૦ ૧૨૭૯ માં મંત્રી વસ્તુપાલના પુત્ર જયંતસિંહને ખંભાતનો દંડનાયક નીમ્યો. દેવગિરિના સિંઘણ સાથે સંધિ કરીને પાટણની સત્તા મહારાષ્ટ્ર સુધી વિસ્તારી[1] અને સં૦ ૧૨૮૩ માં જયસિંહ સોલંકીને હઠાવી, ભીમદેવને ફરી વાર ગાદીએ બેસાડ્યો. ગુજરાતનું રાજતંત્ર વ્યવસ્થિત બન્યું અને રાજા ભીમદેવે મંડલેશ્વર લવણપ્રસાદને રાજ્યનો સર્વેશ્વર તથા મંત્રી વસ્તુપાલ-તેજપાલને મહામાત્ય બનાવ્યા.

આ સર્વેશ્વરનો અર્થ એવો સમજાય છે કે, રાજાનો મુકુટ પહેરવો અને રાજા તરીકેની સહી કરવી, એ સિવાયનો સર્વ અધિકાર લવણપ્રસાદના હાથમાં હશે. ગણતંત્ર રાજ્યના રાષ્ટ્રપતિ અને વડા પ્રધાનની જેમ રાજા અને સર્વેશ્વરનાં સ્થાનો—પદવીઓ હશે. આથી જ કેટલાએક તો લવણપ્રસાદ તથા વીરધવલને મહારાજાધિરાજ અને વસ્તુપાલ-તેજપાલને મહામાત્ય પણ કહેતા હતા.

લવણપ્રસાદ પાટણમાં અને વીરધવલ ધોળકામાં રહેતા તેમજ બંને મંત્રીઓ બંને સ્થાનોનું કાર્ય સંભાળતા હતા.

રાજા ભીમદેવે કચ્છમાં ભદ્રેશ્વરનો કિલ્લો બંધાવ્યો હતો. થરપારકરના રાજા પીઠદેવે કચ્છ પર ચડાઈ કરીને તે કિલ્લો તોડી પાડ્યો.

---

૧. યાદવ સિંઘણે ગુજરાત પર ચાર વાર ચડાઈ કરી: (૧) શંખને ભગાડ્યો. (૨) શંખને માર્યો. (૩) લવણપ્રસાદ સાથે સંધિ કરી અને (૪) સં૦ ૧૨૯૫ માં તેનો રામ સેનાપતિ મરાયો અને રાજા વિશલદેવનો જય થયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે દાનવીર જગડૂ શાહે રાજા લવણપ્રસાદ સોલંકી પાસેથી સૈન્યની મદદ મેળવી ભદ્રાવતીનો કિલ્લો ફરીથી બંધાવ્યો. (-જગડૂચરિત્ર)

સિંધની મુસલમાન સેનાએ સં૦ ૧૨૮૦ માં નાગદાને બાળ્યું ત્યારે રાણા જૈત્રસિંહે તે સેનાને હઠાવી મૂકી હતી. સંભવ છે કે એમાં ગુજરાતની સેનાએ પણ મદદ કરી હોય.

દિલ્હીના બાદશાહ અલ્તમશ શમસુદ્દીન (સં૦ ૧૨૬૬ થી સં૦ ૧૨૯૩) અમીર શિકાર (મીલચ્છીકાર)ના સેનાપતિ ઘોરી ઈસપે સં૦ ૧૨૮૩-૮૪ માં ગુજરાત ઉપર ચડાઈ કરી હતી. મંત્રી વસ્તુપાલે આબૂની ઘાટીમાં એક તરફ ગુજરાતની સેના અને બીજી તરફ આબૂની સેના-એમ બંને સેના વચ્ચે ભીડીને તેના સૈન્યનો વિનાશ કર્યો હતો. ગુજરાત તથા મારવાડના રાજાઓના સંગઠને જ આ વિજય અપાવ્યો હતો. પછી મંત્રીએ નાગોરના સંઘપતિ શેઠ **પૂનડ**, જેને બાદશાહની બેગમ **પ્રેમકલા** ભાઈ તરીકે માનતી હતી તે તથા બાદશાહની માતા તેમજ ધર્મગુરુનો પ્રેમ મેળવી તેઓ દ્વારા દિલ્હીના બાદશાહ તથા ગુજરાતના રાજાઓ સાથે મૈત્રીસંબંધ જોડાવ્યો હતો. આ રીતે સં૦ ૧૨૮૬થી ગુજરાતને દિલ્હીના બાદશાહનો ભય ટળી ગયો અને ગુજરાતમાં આનંદ પ્રવર્ત્યો. મંત્રીઓએ આ આનંદના સમયમાં શત્રુંજયતીર્થ વગેરેના મોટા યાત્રા-સંઘો કાઢ્યા; ગિરનાર તથા આબૂ ઉપર ભવ્ય જૈનપ્રાસાદો બંધાવ્યા; જે આજે પણ કલા-કારીગરીના ઉત્તમ નમૂના લેખાય છે.

રાજાએ પણ પં૦ આશાધરને ભૂદાન કર્યું હતું. રાણી લીલાના નામથી લીલાપુર વસાવી ત્યાં ભીમેશ્વર તથા લીલેશ્વરનાં મંદિરો સ્થાપન કરી સં૦ ૧૨૬૩ માં તે મંદિરોના નિભાવ માટે ઇંદલા ગામ આપ્યું હતું. સં૦ ૧૨૭૩ માં સોમનાથમાં મેઘનાદમંડપ કરાવ્યો હતો.

રાજા તથા રાણીએ માંડલના મૂલેશ્વરના મંદિરના મહંત વેદ-ગર્ભરાશિને સં૦ ૧૨૮૩, સં૦ ૧૨૮૭, સં૦ ૧૨૮૮, સં૦ ૧૨૯૫ અને સં૦ ૧૨૯૬ માં આનલેશ્વર તથા સલખણેશ્વરની પૂજા તથા બ્રહ્મભોજન માટે વિવિધ દાનપત્રો આપ્યાં હતાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજા વીરધવલે ધોળકામાં વીરધવલ નારાયણપ્રાસાદ બનાવ્યો હતો.

સં૦ ૧૨૯૪ માં તે મરણ પામ્યો. તે એવો પ્રજાવત્સલ હતો કે, તેની ચિતામાં ચડીને ૧૨૦ માણસો તેની સાથે મરણ પામ્યાં. મંત્રી તેજપાલે મસાણ ઉપર ચોકી મુકાવી બીજાઓને મરતા બચાવી લીધા. તેને જયતલ રાણી તેમજ વીરમદેવ (પ્રતાપમલ) તથા વીશલદેવ પુત્રો હતા. વીરમદેવ ઉગ્ર સ્વભાવનો હોવાથી ગાદીને લાયક નહોતો. તેથી વીરધવલે તેને નાલાયક જાહેર કર્યો હતો. મંત્રી વસ્તુપાલે વીશલને તેની ગાદીએ બેસાડયો અને મહામંડલેશ્વર બનાવ્યો.

એક વાર આ રાજા અને મંત્રી વસ્તુપાલની વચ્ચે રાજાના મામા સિંહ જેઠવાની ઉદ્ધતાઈના કારણે ખટપટ ઊભી થઈ હતી પણ સર્વેશ્વર રાજા લવણપ્રસાદ તેમજ પુરોહિત સોમેશ્વરે વચ્ચે પડી તેનું સુખદ સમાધાન કરાવ્યું હતું, સર્વેશ્વર સં૦ ૧૨૯૬ સુધી વિદ્યમાન હતો.

સં૦ ૧૨૯૭–૯૮ માં મંત્રી વસ્તુપાલ અને સં૦ ૧૨૯૮ માં રાજા ભીમદેવ મરણ પામ્યા.

રાજા ભીમદેવને લીલાવતી તેમજ સુમલદેવી નામે રાણીઓ હતી અને ત્રિભુવનપાલ નામે પુત્ર હતો. લીલાવતી જાલોરના સોનગરા ચૌહાણ કીર્તિપાલ (સં૦ ૧૨૩૬ થી ૧૨૩૯)ના પુત્ર સમરસિંહ (સં૦ ૧૨૩૯ થી ૧૨૬૨)ની પુત્રી હતી. ભીમદેવની તે પટ્ટરાણી હતી.

સુમલદેવી લૂણપસાક સોલંકીની પુત્રી હતી. તેણે ઘુસડીમાં સુમલેશ્વર તથા વરમેશ્વરનાં મંદિરો બંધાવી, સં૦ ૧૨૯૫ માં દાનપત્ર આપ્યું હતું. તે સં૦ ૧૨૯૬ માં મરણ પામી.

ચંદ વરદાઈએ 'પૃથ્વીરાજરાસા'માં ભીમદેવની ત્રીજી પત્ની મંદોદરી નામે બતાવી છે અને ઈચ્છિનકુમારીની ઘટના આપી છે પરંતુ પુરાતત્ત્વના અભ્યાસીઓ એ વિધાનને સાચું માનતા નથી.

રાજા ભીમદેવના શોભનદેવ (સં૦ ૧૨૪૭ લાટ) અને ગલ્લકકુલનો આહ્લાદન (સં૦ ૧૨૯૬) દંડનાયકો હતા. મંત્રી રત્નસિંહ (સં૦ ૧૨૪૭ લાટ), રાણિગ ચાચિગદેવ (સં૦ ૧૨૬૪ તળાજા), શ્રીદાબૂ (સં૦ ૧૨૬૫ ચંદ્રાવતી), રત્નસિંહ (સં૦ ૧૨૬૬ સિંહ સં૦ ૯૬ વંથલી)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને ગલ્લક કુલનો આંબડ (સં૦ ૧૨૯૬) મહામાત્યો હતા. મોઢ વયજલદેવનો પુત્ર શ્રીકુંવર (સં૦ ૧૨૫૬), તેનો પુત્ર વોસિરિ (સં૦ ૧૨૬૩), કાયસ્થ સોમસિંહ (સં૦ ૧૨૮૩ થી ૧૨૯૬) મહાક્ષપટલિકો હતા અને ઠ૦ ભીમાક (સં૦ ૧૨૫૬), ઠ૦ શ્રીસૂ૦ (સં૦ ૧૨૬૩), ઠ૦ વહુદેવ (સં૦ ૧૨૮૩ થી ૧૨૮૮), ઠ૦ વયજલદેવ (સં૦ ૧૨૯૫-૯૬) દૂત-મહાસંધિપાલકો હતા.

(–પ્રબંધચિંતામણિ, પ્રબંધકોશ, સુકૃતસંકીર્તન, કીર્તિકૌમુદી, તામ્રપત્રો, ગ્રંથપુષ્પિકાઓ, પ્રબંધાવલી, તેમજ મૌલાના મીહાજઉદ્દીન અબુઉમર (સં૦ ૧૨૫૦ થી ૧૩૩૧)ની તબકાત ઇ૦ નાસીરી પૃ૦ ૫૧૬; ૫૨૦, ૫૨૧, એક ઐતિહાસિક શ્રુતપરંપરા અને તેની પરીક્ષા જૈ૦ સા૦ સં૦ ખંડ : ૩, અંક : ૧)

**૧૨. ત્રિભુવનપાલ** (સં૦ ૧૨૯૮ થી ૧૩૦૦)

ત્રિભુવનપાલ ગુજરાતનો છેલ્લો સોલંકી રાજા હતો.[૧] તેના મરણ પછી સર્વેશ્વર રાજા વીરધવલ **વાઘેલાના વંશજો** ગુજરાતના રાજા બન્યા; જેમનાં નામ નીચે પ્રમાણે છે—

૧. **વીશલદેવ**–(વીરધવલનો નાનો પુત્ર) સં૦ ૧૨૯૪ થી ૧૩૧૮. મહામાત્યો વસ્તુપાલ-તેજપાલ, નાગડ નામે બ્રાહ્મણ મંડલેશ્વર સં૦ ૧૩૧૦ થી ૧૩૧૭ સુધી.

૨. **અર્જુનદેવ**–( વીશલદેવનો પુત્ર ) સં૦ ૧૩૧૮ થી ૧૩૩૧. મહામાત્ય–રાણક શ્રીમાલદેવ.

૩. **સારંગદેવ**–(               ) સં૦ ૧૩૩૧ થી ૧૩૬૦. મહા-

---

૧. 'ધોળકાના રાજા વીશલદેવે તેને ( ત્રિભુવનપાલને ગાદી )થી ઉઠાડી મૂક્યો. (પૃ૦ ૧૮) નવા રાણાએ વાણિયા કનેથી વજીરાત લઈ નાગડ નામના બ્રાહ્મણને સોંપી. ઈ૦ સ૦ ૧૨૪૪ માં અણહિલવાડ ઉપર સવારી કરી ત્યાંના નબળા રાજા ત્રિભુવનપાલને કાઢી મુકીને પોતે ગુજરાતનો ધણી થયો.' (પૃ૦૧૯)
( રા૦ મહીપતરામ રૂપરામ નીલકંઠનો 'ગુજરાતનો સંક્ષિપ્ત ઇતિહાસ ')

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માત્યો—કાન્હ સં૦ ૧૩૩૨, મધુસૂદન સં૦ ૧૩૪૯ અથવા ૧૩૪૩, વાધૂયન સં૦ ૧૩૫૦

૪. **કરણ વાઘેલો**–(　　　　) સં૦ ૧૩૫૩ થી ૧૩૬૦

મહામાત્ય–માધવ નાગર.

નાગર મંત્રી **માધવે** સં૦ ૧૩૫૬ થી ૧૩૬૦માં દિલ્હીના બાદશાહ અલ્લાઉદ્દીનના ભાઈ **અલફખાન** તથા વજીર **નસરતખાનને** સૈન્ય સાથે લઈ આવી ગુજરાતના હિંદુ રાજ્યનો મૂળથી વિનાશ કરાવ્યો. રાણી કમલાદેવી બાદશાહની બેગમ બની. સૂબા **અલફખાને** પાટણ તથા આશાવલના કિલ્લા બનાવ્યા અને પાટણમાં મસ્જિદ બનાવી. ગુજરાત પરાધીન બન્યું.

" માધવ મહિતઈ કર્યું અધર્મ,
નવિ છૂટીઈ જેઅ આગિલ્યા કર્મ."

(–નાગર કવિ પદ્મનાભનો 'કાન્હડદે પ્રબંધ', સં૦ ૧૫૧૨)

વનરાજ ચાવડાએ ગુજરાતનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું હતું. ચાવડા સોલંકી અને વાઘેલાઓએ તેના ઉપર શાસન કર્યું. ગુજરાતમાં સોલંકીયુગ ખૂબ ફાલ્યોફૂલ્યો હતો, એ સુવર્ણકાળ હતો. કેમકે એ સમયે ગુજરાતમાં રાજસત્તા, મહાજન-વ્યવસ્થા અને ગ્રામપંચાયતો પોતપોતાની ફરજ અદા કરતાં હતાં. જૈનધર્મ અને પૌરાણિક ધર્મનો પ્રચાર હતો. એ સમયે વ્યાકરણ વગેરે વિવિધ વિષયોનું સાહિત્ય સર્જાયું. ગુજરાતનો સાચો અને સળંગ ઇતિહાસ ઘડી શકાય તેવા પ્રબંધો અને ચરિત્રો લખાયાં. આબૂ, ગિરનાર, રુદ્રમાલ અને સોમનાથનાં મંદિરો જેવાં ધર્મસ્થાનો અને અનુપમ કળાધામો ઊભાં થયાં. મંદિરોને તોડનારા બાદશાહો(સં૦ ૧૩૬૯)ના જ શાસનકાળમાં શત્રુંજય (સં૦ ૧૩૭૧), આબૂ (સં૦ ૧૩૭૮) વગેરે સ્થળોનાં મંદિરો ફરી વાર તૈયાર થયાં, એવી કુનેહ અને સમયસૂચક બુદ્ધિ ખીલેલી હતી. તરવારથી કે સાહસથી સાધી ન શકાય એવાં કાર્યો સધાવનારી વ્યવહારકુશળતા વિકસી હતી. વેપાર વધ્યો હતો. ધનની રેલમછેલ હતી. એ સમયથી જ ગુજરાતને સદાને માટે વેપારી

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

बुद्धिनो वारसो मळतो रह्यो. जैनमंदिरो, शैवमंदिरो, ब्राह्मणो अने विद्वानोने दान अपायां हतां. आ बधुं जोतां ए समये गुजरात धी, श्री अने धर्मथी समृद्ध हतो.

गुजरात शरूआतमां सारस्वतमंडल पूरतो ज हतो. ते सोलंकी राज्यना प्रारंभमां उत्तर-दक्षिणे ५० माईल अने पूर्व-पश्चिमे ४० माईलना विस्तारवाळो बन्यो. अने सिद्धराज तेमज कुमारपालना साम्राज्यकाळमां उत्तरमां सिंध-पंजाब, पूर्वमां भिल्सा-उज्जैन, दक्षिणमां महाराष्ट्र अने पश्चिममां अरबी समुद्र सुधीनो महागुजरात बनी गयो. एक नानकडो छोड चार सैकामां घेघुर वडलो बनी गयो.

आ विकास साधनामां जैन मंत्रीओनो मोटो फाळो हतो. एक ऐतिहासिक वाणी संभळाय छे—

गौर्जरात्रमिदं राज्यं वनराजात् प्रभृत्यभूत् ।
स्थापितं जैनमन्त्र्याद्यैः तद्द्वेषी नैव नन्दति ॥

(—वनराजप्रबंध, प्रबंधचिंतामणि,
प्रबंधकोश, वस्तुपालप्रबंध)

—आ गुजरातनुं राज्य वनराज चावडाथी शरू थयुं छे; जे जैन मंत्रीओए स्थापन कर्युं छे. तेमनी ईर्ष्या करनार कदी समृद्ध थतो नथी. (जूओ, प्रक० ३१, पृ० ४९४)

मंत्री जांब, (चांपो), लहीर, वीर, विमल, शांतू, मुंजाल, आलिग, सज्जन, उदायन, आंबड, वाहड, यशोधवल, आभड, कपर्दी, वस्तुपाल, तेजपाल, रत्नसिंह, आंबड, आह्लादन, वाधूय वगेरे मंत्रीओए गुजरातने स्वतंत्र अने समृद्ध बनाववा खूब प्रयास कर्या. एकंदरे जैनोए गुजरातने वसाव्यो, विकसाव्यो एम कहीए तो तेमां अतिशयोक्ति नथी.[1]

---

१. स्व० मणिभाई नभुभाई द्विवेदी लखे छे के—

'ते वखतमां घणाखरा कविओ, विद्वानो थई गया अने तेमां पण जैन पंडितोए तो सरस्वतीनी अपूर्व सेवा बजावी छे.'

(—'प्रियंवदा' जुलाई, सने १८८७)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપર્યુક્ત શ્લોકનું ચોથું ચરણ જૈનોને નામે ગુજરાત પર આક્ષેપ કરનારા રાજા ભોજ, રાજા આનાક અને રાજા અજયપાલ વગેરેને

---

૨૪૦ મોહનલાલ દલીચંદ દેસાઈ લખે છે કે—

'સં૦ ૧૧૭૫ માં શ્રીમાલમાં દુકાળ પડ્યો તેથી ત્યાંના શ્રીમાલો અને પોરવાડોનાં અનેક કુટુંબો પાટણમાં આવી કાયમને માટે વસી ગયાં અને સજ્જન મંત્રી સૌરાષ્ટ્રનો દંડનાયક બન્યો એટલે શ્રીમાલીઓ સૌરાષ્ટ્રમાં જઈને વસ્યા.'　　(–જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પારા૦ ૩૦૮)

શ્રી. ક૦ મા૦ મુનશી તા. ૨૧–૨–૨૨ ના દિવસે ભાવનગરમાં આપેલ 'હિંદુ કે જૈન' વિષયક ભાષણમાં એકરાર કરે છે કે—

'જૈન અને બૌદ્ધ ધર્મના સંસ્કારો વડે જ હિંદુ સંસ્કૃતિ અને હિંદુ રાષ્ટ્રીયતાનું ગૌરવ આટલું ઊંચું છે અને ખાસ કરીને ગુજરાતના ઇતિહાસના વિજયી દિવસોમાં સત્તાપ્રભાવ અને વિદ્વત્તા જૈનોમાં જ હતાં. તે જોઈ તેમની પાછલી કારકીર્દિ મને શૃંગાર સમી લાગે છે. ગુજરાતનું ગૌરવ એટલે જૈનોનો જ ઇતિહાસ. × × ચોથો વિભાગ કુમારપાલનો કે જ્યારે જૈનમત પાટણના સિંહાસન ઉપર બિરાજ્યો.' તા. ૨૪–૧૨–૧૯૨૨નું 'જૈન' પૃ૦ ૬૨૧)

દુર્ગાશંકર શાસ્ત્રી લખે છે કે—

'આ સમય દરમિયાન × × જૈનધર્મ–વિશેષતઃ શ્વેતાંબર જૈનધર્મનો પ્રચાર (થયો છે, પૃ૦ ૨૨૨). જૈન આચાર્ય દ્રોણાચાર્ય ભીમદેવના મામા હતા. × × × એ વખતે અનેક ક્ષત્રિય કુટુંબોએ જૈનધર્મ સ્વીકાર્યો એવી પ્રસિદ્ધિ છે. એટલે એમાં કંઈ અસંભવિત નથી. ભીમદેવનું મોસાળ નડૂલમાં હતું અને ત્યાં જૈનધર્મનું જોર હતું એ પણ સુવિદિત છે. વળી, મૂળરાજનો મંત્રી વીર મહત્તમ, ભીમનો મંત્રી વિમળ અને કર્ણના મંત્રીઓ મુંજાલ તથા શાંતૂ એ પણ જૈનો જ હતા. ધીરે ધીરે જૈનધર્મનું જોર વધતું ગયું અને કુમારપાલના રાજ્યમાં એની ટોચ આવી ગઈ એમ કહેવામાં વાંધો નથી. (પૃ૦ ૨૨૩) સાહિત્યની બાબતમાં જોઈએ છીએ તો છેલ્લાં સો વર્ષોને બાદ કરતાં બાકીના વખતમાં જૈનોની જ સાહિત્યપ્રવૃત્તિ જોવામાં આવે છે. (પૃ૦ ૪૪૮) બ્રાહ્મણોની ગ્રંથરચના પ્રવૃત્તિ તો સં૦ ૧૨૭૫ પછી જોવામાં આવે છે. (પૃ૦ ૪૪૮) સિદ્ધરાજ–કુમારપાલના વખતમાં એ સોલંકી સામ્રાજ્યની પરમ ઉન્નતિ વખતે પાટણ શહેરે પણ ઉન્નતિની ટોચ જોઈ હશે. (પૃ૦ ૪૫૩)

(–'ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, ભા૦ ૨, પરિ૦ ૧, પૃ૦ ૪૪૪ થી ૪૪૫)

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

લાગુ પડે છે. ખરેખર, રાજા અજયપાલ સોલંકીએ અવિચારીપણે બુદ્ધિપ્રધાન ગુજરાતીઓનો વિનાશ કરી, ગુજરાતના વિકાસના મૂળમાં કુહાડો માર્યો ત્યારથી ગુજરાતના પતનના શ્રીગણેશ બેઠા. જો કે તે તેના પ્રતિહારની કટારથી માર્યો ગયો પણ પોતાના ત્રણ વર્ષના રાજકાળમાં ગુજરાતને પતનના માર્ગે ધકેલી ગયો. પરિણામ સ્પષ્ટ છે કે, ગુજરાત ભારતની સ્વતંત્રતાના યુગમાં પણ પોતાની સ્વતંત્રતાને મેળવી શક્યો નહીં. જો અજયપાલે ભૂલ કરી ન હોત તો આજનું ગુજરાત કોઈ નવા સ્વરૂપે જ જગતના ચોકમાં ઊભું હોત.[1]

સંક્ષેપમાં કહી શકાય કે, સોલંકી રાજયુગ એટલે ગુજરાતનો ઉન્નતિકાળ.

※

## ૨. ચૌલુક્ય રાજાવલી (ભિન્નમાલ)

JAINSITE.com जैन साइट જૈનમ્ જયતિ શાસનમ્

સં૦ ૨૦૨ માં ભિન્નમાલમાં અજિતસિંહ સોલંકી નામે રાજા હતો. એ સમયે મીર મોરચ્યાએ હલ્લો કરી ભિન્નમાલ ભાંગ્યું. પછી ૩૦૦ વર્ષની રાજવંશાવલી મળતી નથી.

૧. સિંહ—સં૦ ૫૦૩ માં ભિન્નમાલમાં સિંહ નામે સોલંકી રાજા હતો. એ સમયે ભિન્નમાલમાં ૩૧ હજાર બ્રાહ્મણોનાં ઘર હતાં. એ પ્રમાણે બીજી કોમો પણ મોટી સંખ્યામાં હતી. રાજાને કોઈ સંતાન નહોતું તેથી તેણે જઈચાણ કુમારને ખોળે લીધો હતો.

૨. જઈચાણ—તે સિંહ રાજાના ખોળે બેઠો અને સં૦ ૫૨૭ માં ભિન્નમાલની ગાદીએ આવ્યો.

૩. શ્રીકરણ—સં૦ ૫૮૧ માં ગાદીએ બેઠો. એ જ વર્ષમાં તેનો રાજ્યાભિષેક થયો.

૪. મૂળજી—રાજ સં૦ ૬૦૫.

૫. ગોપાલજી—રાજ સં૦ ૬૪૫.

---

૧. જૂઓ, ગુજરાતના મુસલમાન સુલતાનો તથા સૌરાષ્ટ્રના ગોહેલવંશનો ઇતિહાસ, પ્રક૦ ૪૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬. રામદાસ—રાજ સં૦ ૬૭૫. તેને જયંત અને વિજયવંત નામે પુત્રો હતા. તે પૈકીનો જયંત ભિન્નમાલનો રાજા થયો. વિજયવંતને લોહિયાણનો ગરાસ મળ્યો.

૭. વિજયવંત—તે લોહિયાણનો રાજા બન્યો, પણ મોટાભાઈ જયંતે તેનું રાજ્ય ખૂંચવી લીધું. આથી તે પોતાના મોસાળમાં બેન્નાતટ (બેણપ) મદદ લેવા ગયો પણ ચોમાસું આવી જવાથી તે શંખેશ્વરતીર્થમાં રહ્યો. અહીં આ૦ સર્વદેવસૂરિના ઉપદેશથી સં૦ ૭૨૩ માં જૈનધર્મપ્રેમી બન્યો. પછી મામા વજાસિંહે જયંતને સમજાવ્યો અને વિજયવંતને લોહિયાણનું રાજ્ય પાછું મળ્યું. તેણે આ૦ સર્વદેવસૂરિને લોહિયાણમાં પધરાવી, તેમનો ઉપદેશ સાંભળી, જૈનધર્મ સ્વીકાર્યો. શ્રાવકનાં બાર વ્રત લીધાં અને ભ૦ ઋષભદેવનું મંદિર બંધાવ્યું. તેને આઠ રાણીઓ હતી અને જયમલ, જાદવ, જોગો અને જયવંત એમ ચાર પુત્રો હતા. એક પછી એક ત્રણ ભાઈઓ તેની ગાદીએ આવ્યા.

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

૮. જયમલ—રાજ સં૦ ૭૩૫.

૯. જોગાજી—રાજ સં૦ ૭૪૧.

૧૦. જયવંત—રાજ સં૦ ૭૪૯. તેને ત્રણ રાણીઓ હતી અને શ્રીમલ્લ તથા વનાજી એમ બે પુત્રો હતા. તેમાંના શ્રીમલ્લે નાગેંદ્રગચ્છમાં દીક્ષા લીધી અને સોમપ્રભ નામના આચાર્ય બન્યા અને વનાજી પિતાજીની હયાતીમાં જ પાણીમાં ડૂબી મરણ પામ્યો.

**૧૧. ભાણજી**—તે સં૦ ૭૬૪ માં લોહિયાણની ગાદીએ આવ્યો અને તે પછી જયંત રાજા નિર્વંશ જવાથી તેને ભિન્નમાલની ગાદી મળી. તેને કંઈ સંતાન નહોતું, તેથી તે ઓશિયાના શેઠ જયમલ ઓસવાલની પુત્રી **રત્નાવતીને** 'પુત્ર થશે તો તેને રાજ્ય આપીશ' એવી છૂપી શરત જયમલ શેઠ સાથે કરીને પરણ્યો. રત્નાવતીએ બે પુત્રોને જન્મ આપ્યો—૧. રાણો અને ૨. કુંભોજી.

રાજા ભાણજીએ તથા રાણી રત્નાવતીએ સં૦ ૭૯૫ માં માગશર સુદિ ૧૦ ને રવિવારે શંખેશ્વરગચ્છીય **આ૦ ઉદયસૂરિ** પાસે **બાર**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વ્રત** સ્વીકાર્યાં અને બીજાઓને જૈનધર્મી બનવામાં ઘણી મદદ કરી.

૧૨. રાણાજી તથા કુંભોજી—રાજ સં૦ ૮૦૦ લગભગ.

તે પછી પડિહારવંશ ભિન્નમાલ અને કનોજની ગાદીએ આવ્યો; જેનો પહેલો **રાજા નાગાવલોક** સં૦ ૮૧૩ માં ગુજરાતનો તથા માળવાનો રાજા બન્યો. (જૂઓ, પ્રક૦ ૩૨, પૃ૦ ૫૩૪ થી ૫૪૧; અંચલગચ્છની ગુજરાતી મોટી પટ્ટાવલી)

## ૩. ચૌલુક્ય રાજાવલી (જાલોર)

૧. રાજા કાન્હડદે-સં૦ ૭૧૩. તે જાલોરનો સોલંકી રાજા હતો. આ૦ **સ્વાતિસૂરિના** ઉપદેશથી તે જૈન બન્યો. જાલોરમાં તેણે શ્રીચંદ્રપ્રભ ભગવંતનું દેરાસર બંધાવ્યું.

૨. રાયધન.
૩. વોહડ—તે પાલનપુર જઈ વસ્યો.
૪. વ્યાસદે.
૫. વાહડ.
૬. હુંગોજી—તેને સહજા અને આશધર નામે પુત્રો હતા.
૭. આશાધર.
૮. પુણ્યપાલ.
૯. જીણોજી.
૧૦. ધરણ.
૧૧. પદ્માજી—તેણે જૈનધર્મ છોડી દીધો.
૧૨. ગેહોજી.

૧૩. પર્વત—તેને પેથોજી, નાગજી અને વીરોજી એમ ત્રણ પુત્રો હતા. એ ત્રણે ભાઈઓની ગરાસભૂમિ પિલુડીમાં હતી, તેથી તેઓ થરપારકરમાં આવેલ પિલુડીમાં જઈને વસ્યા.

૧૪. ઠા૦ પેથોજી—તે પોતાની પત્ની જમ્માજી સાથે પિલુડીમાં રહેતો હતો.

૧૫. ઠા૦ રાવજી—સં૦ ૧૨૨૯. તેને સારાદેવી નામે પત્ની હતી. રાણાજી અને કાનજી નામે બે પુત્રો હતા. બીજી પત્ની રૂપાદેથી લખધીરજી અને **લાલનજી** નામે બે પુત્રો થયા. લાલનજીના શરીરે કોઢ-રોગ ફૂટી નીકળ્યો; જે આ૦ **જયસિંહસૂરિની** કૃપાથી શમી ગયો. ઠા૦ રાવજી, ઠ૦ રૂપાદેવી તથા કુમાર લાલણ સં૦ ૧૨૨૯ માં જૈન બન્યા. રાજાએ સો સોનામહોર ખરચી પિલુડીમાં જૈન દેરાસર બંધાવ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૯. ઠા૦ રાણાજી તથા લખધીરજી—એમના સમયમાં લાલણ રીસાઈને કચ્છમાં આવેલા પોતાના મોસાળ ડોણ ગામમાં જઈને વસ્યો. તેણે ત્યાં પાદરમાં તળાવને કાંઠે પોતાની માતાના સમાધિ સ્થાને દેરી બનાવી, જે આજે 'આઈના સ્થાન' તરીકે પ્રસિદ્ધ છે.

(જૂઓ, અંચલગચ્છની ગુજરાતી મોટી પટ્ટાવલી, પૃ૦ ૧૯૭ થી ૧૭૩)

## ૪. ચૌલુક્ય રાજાવલી (કર્ણાટક-કુંતલ)

૧. તૈલપદેવ—તે રાષ્ટ્રકૂટ રાજાને જીતી દક્ષિણનો રાજા થયો. તેનો સેનાપતિ મહામંડલેશ્વર બારપ લાટમાં રહેતો હતો.

૨. સત્યાશ્રય—સં૦ ૧૦૫૪. ૩. વિક્રમાદિત્ય પાંચમો.

૪. જયસિંહ—સં૦ ૧૦૭૪ થી ૧૦૯૬.

૫. સોમેશ્વર પહેલો—સં૦ ૧૦૯૬ થી ૧૧૨૫. તેણે **કલ્યાણનગર** વસાવી ત્યાં પોતાની રાજગાદી સ્થાપી.

૬. સોમેશ્વર બીજો—સં૦ ૧૧૨૫ થી ૧૧૩૧.

૭. વિક્રમાદિત્ય છઠ્ઠો—સં૦ ૧૧૩૨ થી ૧૧૮૨.

૮. સોમેશ્વર ત્રીજો—સં૦ ૧૧૮૨ થી ૧૧૯૩.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

૯. પર્મ૦—સં૦ ૧૧૯૩ થી ૧૨૦૬.

૧૦. નુર્મડી૦ તૈલપ—સં૦ ૧૨૦૬ થી ૧૨૨૧.

**તેની પછી કલચૂરીવંશના બીજલે** સં૦ ૧૨૧૨ થી ૧૨૧૬ સુધી અને તેના પુત્રે સં૦ ૧૨૧૬ થી ૧૨૩૯ સુધી રાજ્ય કર્યું.

૧૧. સોમેશ્વર ચોથો—સં૦ ૧૨૩૯ થી ૧૨૪૫.

### (૧) સેનાપતિવંશ (લાટ)

૧. બારપ ચૌલુક્ય તે તૈલપનો મહામંડલેશ્વર. ૨. ........

૩. કીર્તિરાજ—સં૦ ૧૦૭૫. ૪. ત્રિલોચનપાલ—સં ૧૧૦૭

### (૧) રાઠોડવંશ (હથુંડી)

૧. રાજા હરિવર્મા. ૨. વિદગ્ધરાજ—સં૦ ૯૭૩.

૩. મમ્મટરાજ—સં૦ ૯૯૮. ૪. ધવલરાજ—સં૦ ૧૦૫૩.

૫. બાલપ્રસાદ—સં૦ ૧૧૧૩, સં૦ ૧૧૧૭.

(—વિશેષ માટે જૂઓ, પ્રક૦ ૩૪, પૃ૦ ૫૯૨ થી ૫૯૫)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૫. ચૌલુકય રાજાવલી (કર્ણાટક)

૧. તૈલપદેવ—તે રાઠોડ રાજાને હરાવી દક્ષિણનો રાજા બન્યો. તેનો સેનાપતિ બારપ લાટનો મહામંડલેશ્વર હતો.

૨. સત્યાશ્રય—સં૦ ૧૦૫૪.

૩. વિક્રમાદિત્ય પાંચમો—મૃ૦ સં૦ ૧૦૭૪.

૪. જયસિંહ—મૃ૦ સં૦ ૧૦૯૬.

૫. સોમેશ્વર પહેલો—મૃ૦ સં૦ ૧૧૨૫. તેણે કલ્યાણ વસાવી, પોતાની રાજગાદી ત્યાં સ્થાપન કરી.

૬. સોમેશ્વર બીજો—મૃ૦ સં૦ ૧૧૩૧.

૭. વિક્રમાદિત્ય છઠ્ઠો—મૃ૦ સં૦ ૧૧૮૨.

૮. સોમેશ્વર ત્રીજો—મૃ૦ સં૦ ૧૧૯૩.

૯. પર્મ૦—મૃ૦ સં૦ ૧૨૦૬. તેણે ભાવાચાર્યગચ્છના આ૦ વીરસૂરિને ૫ હાથી આપ્યા. આચાર્યશ્રીએ તેની રકમ જિનાલયમાં વાપરી.

(—રાજગચ્છ પટ્ટાવલી પૃ૦ ૬૫)

૧૦. તૈલપ—મૃ૦ સં૦ ૧૨૨૧.

તે પછી રાજા બિજલ કલચૂરીએ અને તેના પુત્રે કલ્યાણનું રાજ્ય કર્યું. સં૦ ૧૨૩૯.

૧૧. સોમેશ્વર ચોથો—મૃ૦ સં૦ ૧૨૪૫.

## કલચૂરીવંશ (ત્રિપુરી-ચેદી)

૧. કોક્કલ—સં૦ ૯૩૨. ૧૦. કરણ—સં૦ ૧૦૯૭. ૧૧. યશઃકરણ—સં૦ ૧૧૭૭. ૧૨. ગજકરણ—સં૦ ૧૨૦૭.

## ૬. પરમારવંશ (ચંદ્રાવતી)

**૧. સિન્ધુરાજ**—રાજા ધ્રુવનો બીજો પુત્ર ઇંદ્રદેવ સં૦ ૮૯૦માં ગુજરાતનો રાજા બન્યો. આ અરસામાં પરમારવંશ ઉદયમાં આવ્યો. તેનો મૂલ પુરુષ ધૂમરાજ હતો. તેના વંશનો સિંધુલ પરમાર ચંદ્રાવતીનો પહેલો રાજા હતો. ચંદ્રાવતીનું અસલ નામ ચંડાઉલી અને ચંડાવલી મળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૨. ઉત્પલરાજ**—દુઃશલ્ય.

**૩. અરણ્યરાજ**—તેનું મૂળ નામ પાલ્હણ હોવાનું સંભવે છે. તે સં૦ ૧૦૦૧ લગભગમાં રાજા થયો. ત્યાર પછી તેને અરણ્યમાં રહેવું પડ્યું. તેણે એક વાર અચલગઢની તળેટીના જૈન દેરાસરની પિત્તલની જૈન પ્રતિમાને ગળાવી નાખી તેનો નંદી બનાવ્યો અને તે દેરાસરને શિવાલય બનાવી દીધું. આથી તેને કોઢ રોગ ફૂટી નીકળ્યો. તેણે શાંતિ માટે કરેલા સઘળા ઉપાયો નિષ્ફળ ગયા. જંગલમાં તેને આ૦ શીલધવલ[1] મળ્યા. તેણે તેમને પોતાની ભૂલ જણાવી અને પ્રાયશ્ચિત્ત માગ્યું. આચાર્યશ્રીએ તેને ઉપદેશ આપ્યો. તેને આશ્વાસન આપતાં કહ્યું : 'તું નવી જિનપ્રતિમા બનાવી; તેની પૂજા કર, એના ન્હવણ જળથી તારો રોગ શમી જશે.' રાજાએ એ પ્રમાણે કર્યું અને તેનો રોગ શમી ગયો. શરીર નવપલ્લવ જેવું બની ગયું. રાજાએ સં૦ ૧૦૧૧ માં ધાંધાર પ્રદેશમાં પાલનપુર વસાવ્યું, દરબારગઢ બનાવ્યો, તેની બારીમાંથી ભગવાનનાં દર્શન થઈ શકે એ રીતે રાજવિહાર બંધાવ્યો અને તેમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. તેના નિભાવખર્ચ માટે નવા નવા લાગા બાંધી આપ્યા અને રાજા પણ ઘણો સમય અહીં રહેવા લાગ્યો. આ સ્થાન આજે પાલનપુરમાં પલ્લવિયા પાર્શ્વનાથના નામથી પ્રસિદ્ધ છે.[2]

---

૧. આ૦ શીલાંકસૂરિ સં૦ ૯૩૩, (જૂઓ, પ્રક૦ ૩૪, પૃ૦ ૫૬૧) આ સમયમાં જામાલિગચ્છમાં પણ એક શીલસૂરિ થયા હતા.

૨. અચલેશ્વર મહાદેવનું મોટું દેવાલય છે તે મૂળ જૈનમંદિર હતું એવું અનુમાન થાય છે. જ્યારે સં૦ ૨૦૦૩ના ફાગણ માસમાં હું આબૂ પહાડ ઉપર ગયો ત્યારે આ દેવાલય મેં બરાબર નિહાળેલું છે. આ દેવાલયના ગર્ભગૃહની ત્રણે બાજુએ ફરી શકાય એવો બહુ સાંકડો માર્ગ રાખેલો છે. પાછલી દીવાલે મધ્યમાં એક આડો પથ્થર મૂકેલો છે, જેની નીચે થઈને ફરનાર નીકળી શકે છે. ગભારાનું બારશાખ અને બહારના મંડપનું બારશાખ જોતાં દેવળ પુરાણું જૈન દેવળ જ છે. ગર્ભાગારમાં શિવલિંગ નીચાણની ભૂમિ ઉપર છે અને છેક દીવાલની નજીકમાં ઊંડો ખાડો છે, જેમાં પાણી હોય એમ જણાય છે. જગ્યાના માપની દૃષ્ટિએ આ જિનમૂર્તિ નીચેની કૂર્મની જગા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેના મંત્રી કુંકણે **ચંદ્રાવતીમાં જિનાલય** બંધાવ્યું હતું અને વડગચ્છના **આ૦ સર્વદેવસૂરિ પાસે દીક્ષા** લીધી હતી.

(જૂઓ, શ્રીહીરસૌભાગ્યકાવ્ય, હીરસૂરિરાસ, સોહમકુલપટ્ટાવલી ઉ૦ ૪, પાલનપુર ગઝલ, આત્માનંદપ્રકાશ, વર્ષ: ૫૨, અંક: ૬, ૭ સં૦ ૨૦૧૨નો પોષ-માહ અંક; ગુર્વાવલી)

આ ઉલ્લેખથી સ્પષ્ટ છે કે, સં૦ ૧૦૦૧ લગભગમાં ભ૦ પાર્શ્વનાથનું મંદિર અચલેશ્વરનું મંદિર બન્યું હતું અને સં૦ ૧૦૧૧ માં પાલનપુરમાં પલ્લવિયા પાર્શ્વનાથનું મંદિર બન્યું હતું.

શ્રી. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી પોતાના સંશોધનમાં સાફ સાફ જણાવે છે કે, ‘ અચલેશ્વર મહાદેવનું મોટું દેવાલય મૂળ જૈનમંદિર હોય એવું અનુમાન થાય છે.

**૪. કૃષ્ણરાજ**—બીજું નામ કાન્હડદે.

**૫. ધરણીવરાહ**—તે હથુંડીના રાજા ધવલ રાઠોડને શરણે ગયો, પણ સોલંકી મૂળરાજે તેને હરાવ્યો. આબૂનો તે પ્રદેશ (સં૦ ૧૦૫૩) ગુજરાતના તાબે ગયો. (જૂઓ, પ્રક૦ ૩૪, પૃ૦ ૫૯૫)

**૬. દેવરાજ**—બીજું નામ મહીપાલ સં૦ ૧૦૫૯.

**૭. ધંધૂક**—આ સમયે ચંદ્રાવતીમાં ૪૪૪ જૈન દેરાસરો, ૯૯૯ શિવાલયો હતાં, જે લાકડાનાં બનેલાં હતાં. મહમ્મુદ ગિઝનીએ સં૦ ૧૦૮૦ માં ચંદ્રાવતી, દેલવાડા, સોમનાથ તથા પાટણ ભાંગ્યાં. આ સમયે રાજા ભીમદેવ કંથકોટમાં ભરાઈ બેઠો એટલે રાજા ધંધૂકે સ્વતંત્ર થવા માથું ઊંચક્યું, પણ મંત્રી વિમલે સૈન્ય સાથે ચડાઈ

---

સ્તંભો સુંદર છે અને મંડપ વિશાળ છે. તેમાં જમણી બાજુએ ઘણા રાજાઓની મૂર્તિઓ છે અને ઘણા પર લેખો પણ છે. આ દેવળની પાછળ એક વાવ છે અને આજુબાજુ નાના-મોટા શિવાલયોથી ચોગાન રોકાઈ ગયું છે. તેમાંથી બે-ત્રણ શિવાલયો સુંદર છે. અચલેશ્વરનું દેવાલય ઘણું પુરાતન છે અને પુરાણની વાત મુજબ તે પાર્શ્વનાથનું જ હતું. આ દેવળને શૈવદેવળમાં કોણે ફેરવ્યું તેનો લેખિત પુરાવો બતાવવો મુશ્કેલ છે.

(—‘ ગુજરાત ’ માસિક, પુ૦ ૧૨, અંક : ૨, અચલગઢ
આત્માનંદપ્રકાશ, પુ૦ ૫૩, અંક: ૭, સં૦ ૨૦૧૨ માહ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરીને ચંદ્રાવતીનો કબજો લીધો. ધંધૂક ભોજદેવને શરણે ચાલ્યો ગયો હતો, તેને બોલાવી, સમજાવી ફરી વાર ગુજરાતનો મહામંડલેશ્વર બનાવ્યો. આ૦ ધનેશ્વરે સં૦ ૧૦૯૫ માં 'સુરસુંદરીચરિયં' રચ્યું. મંત્રી વિમલે પણ સ૦ ૧૦૮૮ માં આબૂ ઉપર 'વિમલવસહી' જિનપ્રાસાદ બંધાવ્યો અને શ્રીદેવીના નામે સીરોત્રા ગામ વસાવી, તેમાં જૈન દેરાસર બંધાવ્યું, જેનાં ખંડિયેરો આજે ત્યાં ગામ બહાર છે.

૮. **પુણ્યપાલ**—સં૦ ૧૦૯૯ થી ૧૧૦૨.

૯. **કૃષ્ણરાજ બીજો**—તે પુણ્યપાલનો ભાઈ હતો. તેણે સ્વતંત્ર થવા પ્રયાસ કર્યો. આથી રાજા ભીમદેવે તેને પકડીને કેદમાં નાખ્યો અને નાડોલના રાજા બાલપ્રસાદ ચૌહાણના કહેવાથી તેને છોડ્યો. તેનાથી કિરાડુની શાખા નીકળી, જેમાં ૧૦. સોછરાજ, ૧૧. ઉદયરાજ, ૧૨. સોમેશ્વર સં૦ ૧૨૧૮ માં થયા.

૧૦. **ધ્રુવભટ.**

૧૧. **રામદેવ.**

૧૨. **વિક્રમસિંહ**—તે રામદેવનો ભાઈ હતો. તે બળજબરીથી રાજા બની બેઠો હતો. જ્યારે રાજા કુમારપાલે અજમેર પર ચડાઈ કરી ત્યારે તેણે વિશ્વાસઘાત કર્યો હતો એટલે રાજા કુમારપાલે તેને ગાદી પરથી ઉઠાડી મૂક્યો.

૧૩. **યશોધવલ**—તે રામદેવનો પુત્ર હતો. સં૦ ૧૨૦૨ માં ગુજરાતનો મહામંડલેશ્વર હતો. તેને સૌભાગ્યદે રાણી હતી, જે ચૌલુક્ય કન્યા હતી. કાકો વિક્રમસિંહ અજમેરના રાજા અર્ણોરાજની મદદથી ખટપટ કરીને યશોધવલને હઠાવી આબૂનો રાજા બન્યો. અને તેણે રાજા કુમારપાલે સં૦ ૧૨૦૭ માં અજમેર પર ચડાઈ કરી ત્યારે વિશ્વાસઘાત કરેલો, આથી કુમારપાલે તેને હઠાવી યશોધવલને ચંદ્રાવતીની ગાદી ઉપર બેસાડ્યો હતો. રાજા યશોધવલે ગુજરાત તરફથી રાજા બલ્લાલને હરાવ્યો હતો.

૧૪. **ધારાવર્ષદેવ**—સં૦ ૧૨૨૦ થી ૧૨૭૬. તે રાજા કુમારપાલનો પ્રીતિપાત્ર હતો. મંત્રી આંબડે કોંકણપતિ મલ્લિકાર્જુનને

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

માર્યો ત્યારે તે સાથે હતો. અફઘાનનો મહમ્મુદ શાહબુદ્દીન ઘોરી સં૦ ૧૨૩૨–૩૪ માં ગુજરાત પર ચડી આવ્યો અને હાર્યો ત્યારે તેને હરાવવામાં પણ ધારાવર્ષની પૂરી મદદ હતી. જો કે શાહબુદ્દીનના સૂબા કુતબુદ્દીન ઐબકે સં૦ ૧૨૫૪ માં આબૂની તળેટીમાં તેને હરાવ્યો હતો, ત્યારે ઐબક પાટણ જઈ પાછો ચાલ્યો ગયો હતો. આ રાજાના સમયના ૧૪ શિલાલેખો મળે છે.

કછોલીગચ્છના આ૦ ઉદયસિંહે સં૦ ૧૨૯૩ માં ચંદ્રાવતીમાં આ રાજાની અધ્યક્ષતામાં મંત્રવાદીને હરાવ્યો હતો. આબૂ ઉપર ત્રણ પાડાને એક જ બાણ વડે વીંધતી આ રાજાની સં૦ ૧૫૩૬ ની મૂર્તિ વિદ્યમાન છે. આ રાજાએ સં૦ ૧૨૪૫ ના ભાદરવા સુદિ ૧ ને બુધવારે આબૂ પહાડના કીલણી ગામના વશિષ્ઠાશ્રમની રક્ષા માટે શિલાલેખીય હુકમ બહાર પાડ્યો હતો. જે પથ્થર આજે પણ આબૂ-રોડથી પશ્ચિમમાં મંડાર જતી સડક ઉપર વિદ્યમાન છે.

તેને ગીગાદેવી અને શૃંગારદેવી નામે બે રાણીઓ હતી. શૃંગારદેવીએ ભ૦ પાર્શ્વનાથના દેરાસરના નિભાવ માટે જમીન આપી હતી.

(–જૂઓ, શ્રી. વિશ્વેશ્વરનાથ રેઉનો 'આબૂકે પરમાર' નામનો લેખ)

રાણી શૃંગારદેવી નાડોલના મંડલેશ્વર કેલ્હણ ચૌહાણ (સં૦ ૧૨૨૧ થી ૧૨૪૯)ની પુત્રી હતી. પીંડવાડા પાસેનું ઝાડોલી[1] તેને કાપડામાં મળ્યું હતું. કામદાર નાગડ તેના તરફથી ત્યાં વહીવટ કરતો હતો. ગોઠિયોએ સં૦ ૧૧૩૪ ના વૈશાખ વદિ ૧૩ ને રવિવારે ઝાડોલીના ભ૦ મહાવીરસ્વામીના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને તેનું છ ચોકીવાળું ત્રિલોકપ્રાસાદ દ્વાર બનાવ્યું. તેમાંની બે ચોકીનો ખર્ચ મંત્રી નાગડે આપ્યો હતો અને રાણી શૃંગારદેવીએ સં૦ ૧૨૫૫ ના આસો સુદિ ૭ ને બુધવારે ભ૦ મહાવીરસ્વામીની પૂજા માટે મોટી આવકની કૂવાવાળી જમીન ભેટ આપી.

(–પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા૦ ૨, લેખાંક: ૪૩૦, જૈ૦સ૦પ્ર૦, ક્રમાંક : ૧૫૮)

---

૧. ઝાડોલી માટે જૂઓ પ્રક૦ ૪૩, 'શૃંગારદેવી' વિશે ટિપ્પણ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધારાવર્ષનો નાનો ભાઈ **પ્રહ્લાદન** હતો. તે પરાક્રમી, કવિ, શાસ્ત્રનો જાણકાર, પરોપકારી અને મોટો દાની હતો.[1] તેને કુર્ચાલ સરસ્વતીનું બિરુદ હતું. (પ્રબંધકોશ) ગૂર્જરેશ્વર કુમારપાલના પુરોહિત આમિગના પુત્રો સર્વદેવ તથા કુમારદેવ તેના વિદ્યાર્થીઓ હતા. કવિ સોમેશ્વર પણ આ જ કારણે તેને પોતાના પિતાના ગુરુ તરીકે ઓળખાવે છે. તેણે 'પાર્થપરાક્રમવ્યાયોગ' નામે નાટકવિશેષની રચના કરેલી છે અને રાજા મુંજદેવ તથા ભોજદેવ અંગે કરુણ રસવાળી કથા બનાવી હતી, જે આજે મળતી નથી. તેણે બીજા ગ્રંથો પણ બનાવ્યા છે. ગુજરાતનો રાજા અજયપાલ (સં૦ ૧૨૨૯થી ૧૨૩૨) મેવાડના રાણા સામંતસિંહ સાથે યુદ્ધમાં ઘવાયો ત્યારે પ્રહ્લાદને તેના પ્રાણોની અને રાજ્યની વીરતાથી રક્ષા કરી હતી. તેણે સં૦ ૧૨૭૪ માં પાલનપુર વસાવ્યું. કેટલાએક લેખકો આ અંગે રાજા **અરણ્યરાજ**ની જેમ રાજા પ્રહ્લાદનનો ઇતિહાસ આપે છે. તેનો સાર એ છે કે, રાજા પ્રહ્લાદને જિનપ્રતિમાને ગળાવી નાખી તેથી તેને કોઢ રોગ થયો. આ૦ શીલધવલના[2] ઉપદેશથી તેણે નવી જિનપ્રતિમા ભરાવી, જેની પૂજાથી તેનો કોઢ દૂર થયો. આથી તેણે પાલનપુર વસાવી, ત્યાં રાજવિહાર બંધાવી, તેમાં પલ્લવિયા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી, તેના નિભાવ માટે જુદા જુદા લાગા બાંધી આપ્યા વગેરે વગેરે.

અહીં કલ્પના થઈ શકે છે કે, રાજા પ્રહ્લાદને રાજા અજય-

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

---

૧. देवी सरोजाननसंभवा किं कामप्रदा किं सुरसौरभेयी।
प्रह्लादनाकारधरा धरायां आयातवत्येष नु निश्चयो मे ॥३१॥
—પં૦ સોમેશ્વરકૃત લેખપ્રશસ્તિ

श्रीप्रह्लादनमन्तरेण विरतं विश्वोपकारव्रतम् ॥
(—સુરથોત્સવ, સર્ગ : ૧૫, શ્લો૦ ૫૨)

૨. એ સમયે વડગચ્છમાં [૪૧] આ૦ ધર્મઘોષસૂરિની પાટે [૪૨] આ૦ શીલગુણ થયા હતા. (—જુઓ, પ્રક૦ ૩૮, પ્રક૦ ૩૫)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાલની શિખવણીથી પ્રતિમાને તોડી હશે[1] પરંતુ ચંદ્રાવતીમાં જૈનોનું પ્રભુત્વ, રાજા કુમારપાલ, રાજા ધારાવર્ષ, રાણા પ્રહ્‌લાદનનો અરસ-પરસનો સ્નેહસંબંધ, રાણી શૃંગારદેવીની જૈનધર્મ પ્રત્યેની અભિરુચિ, જૈનમંદિરોને આપેલાં દાન તેમજ કુમારપાલે કાઢેલા સંઘમાં રાણા પ્રહ્‌લાદને સંઘ સાથે યાત્રા કરવી અને પ્રહ્‌લાદનનું પરાક્રમ, વિદ્વત્તા, ઉદારતા વગેરે જોતાં તેના હાથે આવું અનાડીપણું થાય એ સંભવિત નથી એટલે આનો સ્પષ્ટ નિર્ણય લાવવા વધુ આધારોની અપેક્ષા રહે છે.

અહીં એટલું સંભવિત છે કે, પ્રહ્‌લાદને જૂના પાલનપુરને ફરીથી આબાદ કર્યું હશે. **રાજવિહારનો** જીર્ણોદ્ધાર કરી ફરીથી નવી પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવી હશે અને મંદિરના નિભાવ માટે લાગા બાંધી આપ્યા હશે, અથવા પાલનપુર તેમજ **રાજવિહાર** નવેસર બનાવ્યાં હશે. આ સમયે **પલ્લવિયા પાર્શ્વનાથને** હમેશાં ૧ મૂડો ચોખા, ૧૬ મણ સોપારી વગેરે લાગાની આવક થતી હતી.

**૧૫. સોમસિંહ**—તે રાજા ભીમદેવ બીજાનો મહામંડલેશ્વર હતો ત્યારે મહામાત્ય તેજપાલે સં૦ ૧૨૮૭ માં આબૂ ઉપર લૂણિગવસહી જિનપ્રાસાદ બંધાવ્યો હતો, જે આજે પણ તેની સ્થાપત્યકળા વડે દિગ્દિગંતમાં ગવાય છે. રાજાએ લૂણિગવસહી અને વિમલવસહીને કરમુક્ત જાહેર કર્યાં હતાં અને લૂણિગવસહીના નિભાવ માટે ડબાણી ગામ આપ્યું હતું.

**૧૬. કૃષ્ણરાજ**—તેનું બીજું નામ કાનડદે હતું. તે લૂણિગ-વસહીના ઉત્સવમાં હાજર હતો. તે રાજા થતાં મેવાડના રાણા જૈત્ર-સિંહે ચંદ્રાવતીને પોતાના કાબૂમાં લીધું પરંતુ રાજા તથા યુવરાજે ચંદ્રાવતી તેને પાછું વાળ્યું.

---

૧. રાણા પ્રહ્લાદને રાજા કુમારપાલના ભ૦ શાંતિનાથના દેરાસરની પિત્તલની ૩ પ્રતિમાઓને ગળાવી નંદી–પોઠિયો બનાવ્યો તેથી તેને કોઢ રોગ થયો. (જૂઓ, અંચલગચ્છના વાચક વિનયશીલનું 'અર્બુદ ચૈત્યપરિપાટી સ્તવન' સં૦ ૧૭૪૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૭. પ્રતાપસિંહ**—અલ્લાઉદ્દીન ખિલજીએ સં૦ ૧૩૬૮ માં ચંદ્રાવતી ભાંગ્યું, લૂંટ્યું અને તેનો નાશ કર્યો ત્યારથી ચંદ્રાવતીનું પતન શરૂ થયું. આજે તેનું અસ્તિત્વ છેક ભુંસાઈ જવા આવ્યું છે.

સંભવ છે કે, ચંદ્રાવતી, પાલનપુર અને જગાણાનો આ રાજવંશ સૌરાષ્ટ્ર તરફ ચાલ્યો ગયો હશે. તેમાંથી **મૂળીનો પરમારવંશ** જન્મ્યો લાગે છે.

## ૨. પરમારવંશ (જાલોર)

૧. વાક્પતિરાજ, ૨. ચંદનદેવ, ૩. દેવરાજ, ૪, અપરાજિત, ૫. વીજડ—તેનું સં૦ ૧૧૬૫ નું દાનપત્ર મળે છે. ૬. તિહુઅણદેવ તથા ધારાવર્ષ. ૭. વીશલદેવ–સં૦ ૧૧૭૪, (જાલોરના કિલ્લામાં સં૦ ૧૧૭૪ નો શિલાલેખ છે.) (–જૂઓ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૧૪)

## ૩. પરમારવંશ (માળવા)

**૧. કૃષ્ણરાજ**—તેનું બીજું નામ ઉપેન્દ્ર હતું. તે ખેડામંડલમાં હરસોલ (હર્ષપુર)નો રાજા હતો. માળવાનો માંડલિક હતો.

**૨. વૈરિસિંહ.**

**૩. સીયક**—સં૦ ૧૦૦૫ થી ૧૦૩૦. તેનાં બીજાં નામો સિંહદંત સિંહભટ્ટ અને શ્રીહર્ષ મળે છે. **ખેડામંડલ** પ્રથમ કનોજના પડિહારોના તાબામાં હતું અને સં૦ ૯૬૦ લગભગમાં માલખેડના રાષ્ટ્રકૂટોના તાબામાં આવ્યું. તેમાં હરસોલ, વાઘાસા, કપડવંજ વગેરે ૭૫૦ ગામો હતાં. ત્રીજા કૃષ્ણરાજ (સં૦ ૯૯૩ થી ૧૦૨૩)ના સમયે સીયક ખેડામંડલનો મહામાંડલિક હતો. તેણે માળવા જઈ ઉજ્જૈનમાં રાજગાદી સ્થાપન કરી. સં૦ ૧૦૨૯ માં રાષ્ટ્રકૂટોની ધૂંસરીને ફગાવી દીધી. માળવાનો આ પહેલો પરમાર રાજા હતો. તેણે દત્તક પુત્ર મુંજને રાજ્ય આપ્યું અને પુત્ર સિંધુરાજને યુવરાજ બનાવ્યો. મૃ૦ સં૦ ૧૦૩૦.

**૪. મુંજદેવ**—સં૦ ૧૦૩૧ થી ૧૦૫૨. તેનું બીજું નામ વાક્પતિરાજ હતું. તે બહુ રૂપાળો હતો. રાજા સીયકને તે મુંજ ઘાસ-

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માંથી મળ્યો હતો, તેથી તેણે તેને મુંજ નામ આપી માળવાની ગાદી આપી. મુંજે પોતાના જન્મની વાતને છુપાવવા માટે રાણીને મારી નાખી, સિંધુરાજને દેશવટો આપ્યો અને પાછો આવતાં કેદમાં પૂરી રાખ્યો. મુંજદેવ યુદ્ધકુશળ હતો. તેણે આહડ ભાંગ્યું આથી મેવાડનો રાણો ખુમાણ (શાલિવાહન) અને ગુજરાતનો રાજા મૂલરાજ હથુંડીના રાજા ધવલ રાઠોડ(સં૦ ૧૦૫૩)ને શરણે ગયા હતા. તેણે તિલંગ દેશ પર ચડાઈ કરી પણ ત્યાં તે પકડાયો અને કેદી બન્યો. માળવાના મંત્રીઓએ તેને લઈ જવા સુરંગનો રસ્તો તૈયાર કર્યો પણ મુંજ જેલમાં તૈલપના કાકા દેવલની રખાતની પુત્રી અને શ્રીપુરના રાજા ચંદ્રની વિધવા મૃણાલના પ્રેમમાં ફસાયો હતો. રાજા તૈલપે તેની દ્વારા સુરંગની વાત જાણી મુંજને રીબાવી રીબાવીને મારી નાખ્યો.

તે અને તહનગઢનો રાજા રાજગચ્છના આ૦ ધનેશ્વરને ગુરુ તરીકે માનતા હતા. (-જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૯)

જૈન સાઈટ JAINSITE જૈનમ જયતિ શાસનમ

તે વિદ્વાન હતો. તેનો રચેલો ગ્રંથ મળતો નથી પણ તેના ગ્રંથનાં અવતરણો ક્ષેમેન્દ્રની રચનામાં મળે છે. તેનાં પ્રાસંગિક પદ્યો 'પ્રબંધચિંતામણિ' તથા 'ભોજપ્રબંધ'માં પણ મળે છે.

કવિ ધનપાલ (સં૦ ૧૦૨૯), કવિ પદ્મગુપ્ત પરિમલ, કવિ ધનંજય (દશરૂપકકર્તા), આ૦ અમિતગતિ (સં૦ ૧૦૫૦ તથા સુભાષિત રત્નસંદોહ-કર્તા), પં૦ હલાયુલ (પિંગલસૂત્ર-વૃત્તિકાર) વગેરે તેની સભાના વિદ્વાનો હતા. તેને તિલંગપતિ તૈલપદેવની બહેન કુસુમવતી રાણી હતી. રુદ્રાદિત્ય નામે દીવાન હતો. તેણે હારિજ પાસે મુંજપર વસાવ્યું. તે તિલંગની જેલમાં સં૦ ૧૦૫૨ માં મરણ પામ્યો. તૈલપે તેનું માથું રાજચોકમાં શૂલી ઉપર પરોવ્યું. તેને તે હમેશાં દહીં ચડાવતો હતો. પંડિતોએ મુંજના મરણ પછી એક જ ઉચ્ચાર કર્યો—"गते मुञ्जे यशःपुञ्जे निरालम्बा सरस्वती ॥"

**૫. સિંધુરાજ**—તે સીયકનો સાચો પુત્ર હતો. મુંજે તેને દેશવટો આપ્યો ત્યારે તેણે આબૂ પાસે કાસહ્રદ ગામ વસાવ્યું. તે પાછો આવ્યો ત્યારે મુંજે તેને માળવાનો પ્રાંત સોંપ્યો પણ પ્રસંગ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મળતાં કેદમાં પૂર્યો, તે માળવાનો રાજા બન્યો નથી પણ ભોજ નાનો હતો તેથી માળવાનું તંત્ર તેણે ચલાવ્યું. તેના ત્રણે પુત્રો માળવાના રાજા બન્યા હતા. આથી સિંધુલનું નામ રાજાવલીમાં દાખલ થયેલું મળે છે. તેણે ગુજરાત પર ચડાઈ કરી ત્યારે યુવરાજ ચામુંડે તેને પાછો હઠાવ્યો હતો. તે તપસ્વી કૃષ્ણર્ષિનો ભક્ત હતો. તેના રાવત કૃષ્ણે શ્રીભીમા ઋષિ પાસે દીક્ષા લીધી હતી. તેમની દીક્ષામાં કુદરતી રીતે પુષ્પવૃષ્ટિ થઈ હતી. (જૂઓ, પ્રક૦ ૩૪, પૃ૦ ૫૭૯) તે સં૦ ૧૦૭૫ માં મરણ પામ્યો. કવિ પરિમલ આ રાજાનો આશ્રિત કવિ હતો, જેણે 'નવસાહસાંકચરિત' રચ્યું છે; જે ત્રીજો કાલિદાસ કહેવાય છે.[1]

---

૧. કાલિદાસ અનેક થયા છે અને રાજશેખર પણ એક કરતાં વધુ થયા છે—

(૧) पुरन्दरबलो विप्रः शूद्रकः शस्त्रशास्त्रवित् ।
धनुर्वेदं चौरशास्त्रं रूपके द्वे तथाऽकरोत् ।
तस्याभवन्नरपतेः कविरात्मवर्णः श्रीकालिदास इति योऽप्रतिमप्रभावः ।
दुष्यन्तभूपतिकथां प्रणयप्रतिष्ठां रम्यामिबेयचरितां सरसां चकार ॥

વિ૦ સં૦ ૨૦૦ ની આસપાસમાં શાલિવાહન ગૌતમીપુત્ર શૂદ્રક રાજા થયો હતો. તેણે ધનુર્વેદ, ચૌરશાસ્ત્ર, મૃચ્છકટિક તથા પદ્મપ્રાભૃત બનાવ્યાં તેની સભાના બ્રાહ્મણ કવિ કાલિદાસે 'અભિધાનશાકુંતલ' વગેરે (ત્રણ નાટકો) રચ્યાં. (જૂઓ, સમ્રાટ ચંદ્રગુપ્તનું 'કૃષ્ણચરિત')

(૨) સમ્રાટ ચંદ્રગુપ્તનો સભાકવિ હરિષેણ, જેને કાલિદાસની ઉપાધિ હતી તેણે રઘુવંશ, કુમારસંભવ, મેઘદૂત, નલોદય તથા ઋતુસંહાર (પાંચ કાવ્યો) બનાવ્યાં. તે રઘુકાર તરીકે વિખ્યાત છે. તેણે સમ્રાટ ચંદ્રગુપ્તને (સં૦ ૪૪૨) કૃષ્ણચરિત્ર બનાવવામાં ઉત્સાહિત કર્યો હતો. (—સમ્રાટ સમુદ્રગુપ્તનું કૃષ્ણચરિત્ર)

આ૦ હરિષેણ કાલિદાસે મેઘદૂતમાં "शापान्तो मे भुजगशयनादुत्थिते शार्ङ्गपाणौ" પદ્ય આપ્યું છે, તેથી વિદ્વાનો કાર્તિક સુદિ ૧૧ ના દિવસે જયંતી મનાવે છે. વિક્રમની વિદુષી પુત્રી પ્રિયંગુમંજરી વિદ્યોત્તમા તેની પત્ની હતી, જે અંગે 'अस्ति कश्चिद् वाग्विशेषः' એ વાક્યની ઘટના પ્રસિદ્ધિ પામેલી છે. તે સમુદ્રગુપ્ત ૪૪૨, ચંદ્રગુપ્ત ૪૭૦ અને સ્કંદગુપ્ત ૫૨૫ ના સમય સુધી

જૈન સાઈટ JAINSITE.com જયતુ જ્યોતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬. **ભોજદેવ**—(સં૦ ૧૦૫૨ થી ૧૧૧૨) તે સીયકનો સાચો પૌત્ર અને સિંધુલનો મોટો પુત્ર હતો. મુંજદેવે સિંધુલરાજને કનડ્યો હતો અને ભોજની જન્મકુંડલીમાં ૫૦ વર્ષનો રાજયોગ જાણીને તેના પુત્રને રાજ્ય મળશે નહીં એવી દહેશતથી ભોજને મરાવી નાખવા પેંતરો રચ્યો હતો, પણ તે બચી ગયો. તે યુવરાજ બન્યો અને અંતે માળવાનો રાજા પણ બન્યો, તેણે ધારાનગર વસાવીને પાટનગર બનાવ્યું.

ભોજદેવ શૂરવીર, વિલાસી, વિદ્યારસિક, વિદ્વાન અને દાનવીર રાજા હતો. તે સમયે ગુજરાતમાં ભીમદેવ (સં૦ ૧૦૭૮ થી ૧૧૨૦), કર્ણાટકમાં વિક્રમાદિત્ય સોલંકી પાંચમો (સં૦ ૧૦૬૫ થી ૧૦૭૪), જયસિંહ (સં૦ ૧૦૭૪ થી ૧૦૯૬) તથા સોમેશ્વર (સં૦ ૧૦૯૬ થી ૧૧૨૫), ડાહલદેશ (કલચૂરી) ચેદીની ત્રિપુરીમાં ગાંગેય કલચૂરી (સં૦ ૧૦૭૪ થી ૧૦૯૪) તથા કરણદેવ રાજાઓ હતા. ભોજદેવને તે દરેક સાથે વૈર હતું. તેણે ગુજરાતના એક વખતના રાજવી દુર્લભરાજનાં રાજચિહ્નો ખૂંચવી લીધાં, તેથી ગુજરાત અને માળવા વચ્ચે વૈર વધ્યું. રાજા ભીમદેવ તેને પહોંચી શકે તેમ નહોતો. છતાંયે તેનો બદલો લેવાની તે તક જોઈ રહ્યો હતો.

એક વાર ભોજે ગુજરાત પર ચડાઈ કરવાની રચના કરી. પહેલા પડાવમાં 'રાજવિડંબન નાટક' ભજવાયું, ત્યારે ગુજરાતનો સંધિપાલ દામોદર ત્યાં આવ્યો હતો. શરીરે તે કૂબડો હતો પણ તે ચતુર

---

જીવિત હતો. તેણે છેલ્લો 'જ્યોતિર્વિદાભરણ' નામનો ગ્રંથ બનાવેલો છે.

(૩) તે ભોજરાજના પિતા સિન્ધુલ વિક્રમ પરમારનો સભાકવિ હતો. તેણે 'નવસાહસાંકચરિત' રચ્યું છે, જેમાં સિન્ધુલ વિક્રમનું વર્ણન છે. તેનું બીજું નામ કવિ પદ્મગુપ્ત પરિમલ પણ હતું. ભોજની સભાનો મહાકવિ રાજશેખર જણાવે છે કે—

> नैकोऽपि जीयते हन्त! कालिदासो न केनचित् ।
> शृङ्गारे ललितोद्गारे कालिदासत्रयी किमु ! ॥

શૃંગારવર્ણનમાં એક કાલિદાસ પણ જિતાય એવો નથી તો પછી ત્રણ કાલિદાસોની તો વાત જ શી?

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બુદ્ધિવાળો હતો. ભોજદેવે તેને મશ્કરીમાં પૂછ્યું : ‘ ભીમદેવ પાસે સંધિપાલો કેટલા છે ? ’ ડામરે ઠાવકાઈથી જવાબ આપ્યો : ‘ મહારાજ ! ઘણા છે. તેના ઉત્તમ, મધ્યમ અને અધમ એવા ત્રણ વિભાગ છે. જેવો રાજા હોય તેવો સંધિપાલ તેની પાસે મોકલવામાં આવે છે.’ રાજા તેની આવી હાજરજવાબીથી ઘણો ખુશ થયો. ભોજે પૂછ્યું : ‘ ભીમડિયો હજામ શું કરે છે ? ’ દામોદરે મીઠો જવાબ વાળ્યો : ‘ તેણે ઘણા રાજાઓનું માથું મૂંડી નાખ્યું છે, એકનું પલાળી રાખ્યું છે તેને હવે મૂંડશે.’ ભોજદેવ આ જવાબ સાંભળીને તો થીજી ગયો.

રાજાએ નાટકમાં જ્યારે તૈલપદેવનું પાત્ર આવ્યું ત્યારે દામોદરને પૂછ્યું : ‘ નાટકમાં રસ તો સરસ ઊતર્યો છે ને ? ’ દામોદરે તેનો સમયોચિત જવાબ વાળ્યો : ‘ રસ ખૂબ ઊતર્યો છે, પણ નાટકકારને નાટકનાં પાત્રોનું વાસ્તવિક જ્ઞાન નથી. જેમકે, તિલંગરાજ તૈલપદેવ તો મુંજરાજનું માથું હાથમાં હોય તો જ ઓળખાય. નટ અજ્ઞાની છે તેથી તેણે તેમ કર્યું નથી.’ રાજાના દિલમાં આ માર્મિક શબ્દોએ ઘા કર્યો. તેના દિલમાં વૈર ભભૂકી ઊઠ્યું. તેણે યુદ્ધની દિશા બદલી તિલંગનો રસ્તો લીધો. દામોદરે જાહેર કર્યું કે, ગુજરાતનો રાજા પોતાના સૈન્ય સાથે માળવાના સીમાડે આવી ઊભો છે. ભોજે દામોદરને એક હાથી-હાથણીનું યુગલ આપી કહ્યું કે, ‘ તું તારા રાજાને સમજાવ કે, તે આ વર્ષે માળવા પર ચડી ન આવે.’

સં૦ ૧૧૯૯ માં ભીમદેવે સિંધ પર ચડાઈ કરી, ત્યારે ભોજરાજાના સેનાપતિ દિગંબર ભટ્ટારક કુલચંદ્રે પાટણ ઉપર હલ્લો કરી પાટણને ભાંગ્યું. રાજમહેલના ઘંટાઘર પાસે કોડીઓ દાટી જયપત્ર મેળવ્યું, પણ ખંભાતમાં સખત હાર ખમવી પડી, એટલે તે માળવા ચાલ્યો ગયો. ભોજદેવે સર્વ વૃત્તાંત જાણીને સેનાપતિને જણાવ્યું કે, ‘ તેં પાટણમાં કોડીઓ દાટી તે ભૂલ કરી છે. આનું પરિણામ સ્પષ્ટ છે કે, એક દિવસ માળવાનું ઉઘરાણું ગુજરાતમાં જશે.’ પછી ભોજદેવે કુલચંદ્રને એક કન્યા અને ધન આપી સુખી કર્યો. એક વાર ભીમ વેશપલટો કરી ધારાની સભામાં પહોંચી ગયો, પરંતુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભોજદેવને ત્યારે તેની ખબર નહોતી પડી. એવી જ રીતે એક વાર ભોજદેવ અને ગુજરાતના સૈનિકોનો મુકાબલો થયો હતો પરંતુ તેમાં ભોજદેવ અણિશુદ્ધ બચી ગયો હતો.

રાજા ભોજની સભામાં **કવીશ્વર ધનપાલ,** વિદ્યાપતિ, વરરુચિ,[1] **રાજશેખર બીજો** વગેરે વિદ્વાનો હતા. એ સભામાં આ૦ **મહેન્દ્રસૂરિ,** વાચનાચાર્ય **શોભન, આ૦ ચંદનાચાર્ય, આ૦ સૂરાચાર્ય, આ૦ વાદિવેતાલ શાંતિસૂરિ,** આ૦ અજિતસેન શિષ્ય **આ૦ જિનેશ્વરસૂરિ** વગેરે જૈનાચાર્યો પધાર્યા હતા. તે આ૦ જિનેશ્વરનો (સં૦ ૧૦૫૨ થી ૧૧૧૨) ભક્ત હતો.

તે વિદ્વાનો અને વિદુષીઓને માન-સન્માન અને દાન આપતો હતો. સરસ્વતી કુટુંબની કન્યા તથા વિજયા વગેરે વિદુષીઓને તો તેણે પોતાની રાણી કે રખાત બનાવી હતી.

આ સમયમાં **નીલપટ** નામે એક નવો શૈવમત નીકળ્યો હતો. એક સ્ત્રી-પુરુષ સજોડે એક ધોતી પહેરી સાથે રહેતા હતા. આ મતમાં વામપંથની પ્રધાનતા હતી. ભોજપુત્રી તેની ભક્ત બની. ભોજે એ મતનો વૃત્તાંત જાણી તે પંથને માનનારા ૪૯ માણસોને મરાવી નાખ્યા અને તેમની સાથેની ૪૯ સ્ત્રીઓને ભગાડી મૂકી, આ મતનો નાશ કર્યો. (-પ્રબંધાવલી)

રાજમૃગાંક જ્યોતિષ, રાજમાર્તણ્ડ જ્યોતિષ, સરસ્વતી કંઠાભરણ, અલંકાર રાજમાર્તંડ, યોગશાસ્ત્ર, પૂર્તમાર્તંડ ધર્મશાસ્ત્ર, સમરાંગણ શિલ્પશાસ્ત્ર, ચમ્પૂ રામાયણ, શૃંગારમંજરી-કથા વગેરે ગ્રંથો ભોજદેવની રચના મનાય છે. આ ગ્રંથો તેના છે કે તેના નામે ચડેલા છે તેનો નિર્ણય થઈ શકે એમ નથી.

---

૧. ભારતમાં કાલિદાસ, વરરુચિ, વિદ્યાપતિ, રાજશેખર વગેરે નામવાળા કે બિરુદવાળા અનેક વિદ્વાનો થયા છે. કેટલાએક ઐતિહાસિક ઉલ્લેખોથી સમજી શકાય છે કે, વિક્રમની નવમી સદીમાં વૃદ્ધ ભોજ થયો તેના સમયે કવિ માઘ, **આ૦માનતુંગસૂરિ,** અકાલજલદ રાજશેખર વગેરે વિદ્વાનો થયા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભોજરાજ ગ્વાલિયરના રાજા નરવર્મની પુત્રી સુભદ્રાને રાધાવેધથી પરણવાની ઈચ્છાએ રાધાવેધ શીખતો હતો.

ભોજે એક વાર ધનુર્વિદ્યાનો અભ્યાસ કરતાં એક શિલાને વીંધી નાખી ત્યારે ત્યાં આવેલા વૃદ્ધ સરસ્વતી **બિરુદવાળા ચંદનાચાર્ય** એક શ્લોક બનાવીને બોલ્યા. ભોજદેવ તે સાંભળીને ખુશ થયો, પણ બીજી પળે જ તે શ્લોકના 'ध्वस्ता धारा धरित्री' પદનો બીજો અર્થ કલ્પીને જવાબ આપ્યો કે, આપ શાસ્ત્રોના પારગામી છો છતાં આપે ध्वस्ता धारा પ્રયોગ કર્યો જે ધારાના વિનાશની આગાહીરૂપ છે. કેમકે જૈન નિર્ગ્રંથોની વાણી કદાપિ અસત્ય હોતી નથી. સૂરાચાર્યે પણ એક પ્રસંગે ભોજદેવને એ જ શ્લોક સંભળાવ્યો હતો.

ભોજદેવે કરેલી અટકળ સાચી હતી. એક દિવસે કવિ કર્પૂરે ચેદીના **કરણદેવની** પ્રશંસાનું કાવ્ય બનાવ્યું; જેમાં તેણે કરણને બદલે વિધિની પ્રધાનતા વર્ણવી હતી, એટલે કવિને ઈનામ મળ્યું નહીં. હવે કવિએ કવિ નાચિરાજનું પ્રશંસાકાવ્ય બનાવ્યું. તેમાં વર્ણન હતું કે, સરસ્વતીની આંખો છે મુંજ અને ભોજ. તે ચાલ્યા જતાં સરસ્વતી આંધળી બની છે, પણ તેની ટેકા-લાકડી કવિ નાચિરાજ છે. નાચિરાજે આ સાંભળી કવિ કર્પૂરને ઈનામ આપ્યું, પરંતુ રાજા કર્ણે આ શ્લોકમાંથી ભવિષ્યવાણી તારવી કે, **કવિ કર્પૂર** જીવતા ભોજને મરેલો લેખે છે તેથી ભોજરાજ હવે મરી જશે એ નક્કી વાત છે. તેણે દૂત મોકલીને ભોજદેવને કહેવરાવ્યું કે, 'ધારાનગરમાં તમારાં ૧૦૪ મંદિરો છે, ૧૦૪ ગીતપ્રબંધો છે, ૧૦૪ બિરુદો છે પણ હું ૧૩૬ રાજાઓનો સ્વામી છું. આપણે બંને દ્વન્દ્વયુદ્ધ, ચતુરંગ સેનાયુદ્ધ, ચતુરંગ વિદ્યાવાદ કે દાનસામર્થ્ય ખેલીએ; કાંતો તમે મને જીતીને ૧૦૫ બિરુદધારી બનો અને કાંતો હાર ખાઈને મને ૧૩૭ રાજાઓનો રાજેશ્વર બનાવો.

ભોજદેવ હવે યુદ્ધપ્રિય રહ્યો નહોતો. તે વિલાસી બન્યો હતો. તેનો ખજાનો પણ ખાલી થવા આવ્યો હતો. તેણે યુદ્ધ ટાળવા એક શરત મૂકી કે, 'હું ઉજ્જૈનમાં અને તમે કાશીમાં એક જ દિવસે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક જ મુહૂર્તમાં મંદિરનો પાયો નાખીએ અને એકેક મંદિર ૫૦ હાથનું બનાવીએ. જે રાજા તેમ કરીને પહેલો કળશ ચડાવશે તે વિજેતા મનાશે. પરાજિત રાજાએ એ કળશ ચડાવવાના ઉત્સવમાં હાથી ઉપર બેસી છત્ર-ચામર છોડી હાજર થવું.'

કરણદેવે આ શરત કબૂલ રાખી. તેણે તે પ્રમાણે કર્યું પણ ભોજરાજા તેના ઉત્સવમાં આવ્યો નહીં. આથી કરણદેવે કર્ણાટકના રાજા સોમેશ્વર વગેરેનો સાથ લઈ ધારા પર હલ્લો કર્યો. અને બીજી તરફ 'તમને માળવાનું અર્ધું રાજ્ય આપીશ.' એવી કબૂલાત આપી. ભીમદેવને પણ ધારા ઉપર ચડી આવવા કહેણ મોકલ્યું. ભોજદેવ આ બંને તરફની ભીંસમાં મુંઝાઈ ગયો. તેનું દિલ તૂટી ગયું અને સં૦ ૧૧૧૨માં મરણ પામ્યો. કરણ રાજાએ ધારાને લૂંટી ખજાનો હસ્તગત કર્યો અને તેમાંથી ભીમદેવને માત્ર ધર્મવિભાગ આપ્યો. આ યુદ્ધમાં ભીમદેવને માળવા તથા ગુજરાતની વચ્ચેનો પ્રદેશ મળ્યો.[1]

ધારાનગરીના વિનાશ પછી અમુક સમય જતાં માંડવગઢ માળવાની રાજધાની બની હતી.

**૭. જયસિંહ**—(સં૦ ૧૧૧૨ થી ૧૧૧૬) તે સિંધુરાજનો બીજો પુત્ર હતો. તેના સેનાપતિ જગદેવે ગુજરાતના સૈન્યને હરાવ્યું હતું. (–જૈનદનો શિલાલેખ)

**૮. ઉદયાદિત્ય**—(સં૦ ૧૧૧૬ થી ૧૧૪૩) તે સિંધુરાજનો ત્રીજો પુત્ર હતો. તેને ત્રણ પુત્રો હતા. ૧ લક્ષ્મદેવ, ૨ નરવર્મ અને ૩ જયદેવ.

**૯. લક્ષ્મદેવ**—(સં૦ ૧૧૪૩ થી ૧૧૬૦)

**૧૦. નરવર્મ**—(સં૦ ૧૧૬૧ થી ૧૧૯૦) તે વિદ્વાન રાજા હતો. તે રાજગચ્છના આ૦ ધર્મઘોષ, આ૦ સમુદ્રઘોષ તથા આ૦ જિન-

---

૧. આ૦ મેરુતુંગ (સં૦ ૧૩૬૧), પં૦ શુભશીલગણિ (સં૦ ૧૪૦૦ પછી) રાજવલ્લભ (સોળમી સદી) પં૦ રત્નમંડનગણિ (સં૦ ૧૫૦૭) અને કવિ બલ્લાલ વગેરેએ મુંજદેવ તથા ભોજદેવનાં ચરિત્રો વિવિધ શૈલીથી આલેખ્યાં છે, તે દરેકમાં ઘણી વિગતો એકસરખી મળે છે.

JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વલ્લભને બહુ માનતો હતો. વારાહીના બાલકવિ બિરુદવાળા જયદેવે તેની સભામાં શૈવ વાદીને હરાવ્યો હતો.

(–જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૪૭ તેમજ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પારા : ૩૭૪)

૧૧. **યશોવર્મા**—(સં૦ ૧૧૯૦ થી ૧૧૯૨) આ સમયે માળવા ગુજરાતને તાબે થયો.

૧૨. **જયવર્મા**—અજયવર્મા.

૧૩. **લક્ષ્મીવર્મા**—(સં૦ ૧૨૦૦) તે વિંધ્યવર્માનો ભાઈ હતો.

૧૪. **હરિશ્ચંદ્ર**—(સં૦ ૧૨૩૬)

૧૫. **વિંધ્યવર્મા**—તે હરિશ્ચંદ્રનો કાકો હતો. તેણે ગુજરાતથી સ્વતંત્ર થવા પ્રયત્ન કર્યો. રાજપુરોહિત કુમારે તેને પાછો કાઢ્યો અને તેનું ગોગા ગામ દબાવ્યું.

૧૬. **સુભટવર્મા**—તેણે ગુજરાત પર ચડાઈ કરી, પર્વપર્વત (પાવાગઢ) પાસે યુદ્ધ થયું ને તે હારીને ચાલ્યો ગયો.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

૧૭. **અર્જુનવર્મા**—સં૦ ૧૨૬૭, સં૦ ૧૨૭૨. તેણે ગુજરાતમાં ભરૂચ સુધી પોતાની સત્તા જમાવી. ગુજરાતનો સામંત જયસિંહ તેની સામે ગયો પણ ભાગી આવ્યો. આથી સૌરાષ્ટ્રની સેનાએ જઈ રાજા અર્જુનદેવને આગળ વધતો રોકી રાખ્યો.

## ૧. ચૌહાણ રાજાવલી (નાડોલ)

ચૌહાણો ચૌદશિયા આચાર્યના ભક્ત જૈનો હતા. કહ્યું છે કે—

"સીસોદિયા સાંડેસરા, ચૌદશિયા ચૌહાણ;
ચૈત્યવાસિયા ચાવડા, કુલગુરુ એહ પ્રમાણ."

નાડોલ રાજ્યના ચૌહાણો પ્રાચીન કાળથી જૈનધર્મપ્રેમી હતા. આ૦ દ્રોણાચાર્ય, આ૦ સૂરાચાર્ય ચૌહાણો હતા અને નાડોલ તેમજ નાડલાઈ એ પ્રાચીન કાળથી જૈનોનું તીર્થધામ હતું. આજે પણ એ તીર્થસ્વરૂપ છે અને એ પ્રદેશમાં જૈનો વિદ્યમાન છે.

નાડોલના ચૌહાણોની રાજાવલી નીચે પ્રમાણે છે—

૧૩. વાક્પતિરાજ પહેલો—તેને ત્રણ પુત્રો હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૪. લક્ષ્મણરાજ**—સં૰ ૧૦૨૪ થી ૧૦૨૯. શાકંભરીનો લક્ષ્મણ ચૌહાણ આજીવિકા માટે પરદેશ જતો હતો ત્યારે એક રાતે નડૂલની બહાર તળાવના કાંઠે દેવાલયમાં રહ્યો. એ સમયે નડૂલમાં બ્રાહ્મણો વસતા હતા. મેવાડીઓ નડૂલમાં આવી અવારનવાર ધાડ પાડીને લૂંટતા હતા. આથી લક્ષ્મણ ચૌહાણે તેઓને મારી–ભગાડી નાડોલનું રક્ષણ કર્યું. આ કારણે બ્રાહ્મણોએ તેને બહાર ગામ જતાં અહીં રોકી રાખ્યો. લક્ષ્મણ ચૌહાણે આસપાસનો પ્રદેશ જીતી લઈ નાડોલનું રાજ્ય સ્થાપ્યું. તે અહીં એક જૈન શેઠની પુત્રીને પરણ્યો. તેનાથી તેને આસલ વગેરે ત્રણ પુત્રો થયા. આ જૈન રાણીનો પરિવાર ઓસવાલ બન્યો અને તેમનું ભંડારીગોત્ર બન્યું.

૧૫. શોભિજ.

૧૬. બલિરાજ—રાજા મુંજનો સમકાલીન.

૧૭. વિગ્રહપાલ—તે લક્ષ્મણનો પુત્ર હતો.

૧૮. મહેંદ્ર—તે હથુંડીના રાજા ધવલની મદદથી રાજા બન્યો. (જૂઓ, પ્રક૰ ૩૪, પૃ૰ ૫૯૫)

૧૯. અણહિલ્લ[1]—તેને અહિલ નામે ભત્રીજો હતો.

૨૦. બાલપ્રસાદ—ભીમદેવ અને ભોજરાજનો સમકાલીન.

૨૧. જયેંદ્ર—તેનું બીજું નામ જિંદ હતું.

---

૧. પિતાની હયાતીમાં જ રાજકુમારો પણ રાજા મનાતા હતા, એ હિસાબે આ રાજાવલીમાં નામો વધેલાં છે. વાસ્તવમાં નાડોલના ચૌહાણોમાં અનુક્રમે—૧૩ વાક્‌પતિ, ૧૪ લક્ષ્મણ, ૧૭ વિગ્રહ, ૧૮ મહેંદ્ર, ૧૯ અણહિલ્લ, ૨૧ જિંદ, ૨૪ અશ્વરાજ, ૨૬ કટુકરાજ જયંતસિંહ, ૨૭ આલ્હણ, ૨૮ કેલ્હણ, ૨૯ જયંતસિંહ રાજાઓ થયા હતા એમ સેવાડી વગેરેના શિલાલેખોમાં ક્રમ મળે છે.

'પુરાતન પ્રબંધ સંગ્રહ' (પૃ૰ ૧૦૧–૧૦૨)માં નાડોલની રાજાવલી નીચે પ્રમાણે બતાવી છે—વાસદેવ, નરદેવ, વિક્રમ, વલ્લભરાજ, દુર્લભરાજ, ચાંદન, ગોઉ, અજયરાજ, વીંવરા, સિંધરા, ૧૪ રાવલ લાખણ, બલિરાજ, સોહી, માહિંદ, અણુહિલ, જિંદરાજ, આસરાજ, આલ્હણ, કીતૂ (કીર્તિપાલ), સમરસિંહ, ઉદયસિંહ, ચાચિગદેવ; સામંતસિંહ, કાન્હડદેવ ઈત્યાદિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૨. પૃથ્વીપાલ—રાજા કરણનો સમકાલીન, પુત્ર રત્નપાલ.

૨૩. જોજજલ—સં૦ ૧૧૪૭. તેનું બીજું નામ જોજક હતું.

૨૪. અશ્વરાજ—સં ૧૧૬૭ થી ૧૨૦૦. તે જિંદનો પુત્ર હતો. તે રાજા સિદ્ધરાજનો સામંત હતો ત્યારે યુવરાજ કટુક, મંત્રી યશોવીર, મંત્રીપૌત્ર થલ્લક વગેરે હયાત હતા. એ વખતે યુવરાજેનું ભુક્તિનગર સેવાડી હતું. મંત્રીએ સં૦ ૧૧૭૨ના માહ વદિ ૧૪ના રોજ ભ૦ મહાવીરસ્વામીના ગોખલામાં ભ૦ શ્રીશાંતિનાથની પ્રતિષ્ઠા કરાવી અને યુવરાજે બાલમિત્ર થલ્લકની પ્રેરણાથી તેની પૂજા માટે ૮ દ્રમ્મનો ખર્ચ બાંધી આપ્યો. તેઓ સાંડેરકગચ્છના ઉપાસકો હતા.

(–જૂઓ, જિનવિજયજી, પ્રાચીન જૈનલેખસંગ્રહ ભા૦ ૨ લેખાંક : ૩૨૩, જૈન સ૦ પ્ર૦ ક્ર૦ ૭૩)

૨૫. રાયપાલ—સં૦ ૧૧૮૯ થી ૧૨૦૨. તે રાજા પૃથ્વીપાલના પુત્ર રત્નપાલનો પુત્ર હતો. તેની પત્ની મીનલદે તથા પુત્રો રુદ્રપાલ, અને અમૃતપાલે સં૦ ૧૧૮૯માં નાડુલાઈ તીર્થમાં દાન કર્યું હતું.

૨૬. કટુકરાજ—સં૦ ૧૨૦૦ થી ૧૨૦૯. તે રાજા અશ્વરાજનો યુવરાજ હતો ત્યારે તેણે સં૦ ૧૧૭૨માં સેવાડીના ભ૦ મહાવીરસ્વામીના દેરાસરને દર સાલ ૮ દ્રમ્મનો ખર્ચ બાંધી આપ્યો. તે જૈનધર્મપ્રેમી હતો, તેને સામંતસિંહ નામે યુવરાજ હતો.

(–જૂઓ, પ્રાચીન જૈન લેખસંગ્રહ ભા૦ ૨, લે૦ ૩૨૩, ૩૨૪)

સં૦ ૧૨૦૨ લગભગમાં અજમેરના યુવરાજ વિગ્રહ ચૌહાણે નાડોલ પર હલ્લો કર્યો હતો અને રાજા કુમારપાલ તરફથી ચાહડરાજ ઘરટ્ટે આવી વિગ્રહરાજને પાછો હઠાવ્યો હતો.

૨૭. આહ્લણદેવ—સં૦ ૧૨૦૯ થી ૧૨૧૮. તે કટુકરાજનો નાનો ભાઈ હતો. રાજગચ્છના આ૦ ધર્મઘોષનો તે ઉપાસક હતો. તેને આહ્લણદેવી નામે પત્ની તથા કેલ્હણ, ગજસિંહ વગેરે પુત્રો હતા. તેણે રાજા કુમારપાલનું અમારિશાસન સાંભળી સં૦ ૧૨૦૯ના માહ વદિ ૧૪ને શનિવારે કિરાડુ વગેરે ત્રણ ગામોમાં ૮, ૧૧, ૧૪ તિથિઓ માટેનું અમારિશાસન પ્રવર્તાવ્યું હતું, જેમાં રાજા અને ઉપર્યુક્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંને રાજકુમારોની સહીઓ કરેલી છે.

(–જિનવિજયજી, પ્રા૦ જૈ૦ લે૦ સં૦ ભા૦ ૨, લેખાંક : ૩૪૬)

રાણી આનલદે રાષ્ટ્રકૂટ સહુલની પુત્રી હતી. તેણે સં૦ ૧૨૨૧ના માહ શુદિ ૨ના રોજ સાંડેરાવના જૈન મંદિરમાં ભ૦ મહાવીરસ્વામીના જન્મોત્સવ માટે વાર્ષિક લાગો આપ્યો હતો.

(–પ્રા૦ જૈ૦ લે૦ સં૦ ભા૦ ૨, લેખાંક ૩૪૯)

૨૮. કેલ્હણદેવ—સં૦ ૧૨૪૧ થી ૧૨૪૯. તે રાજા આલ્હણનો મોટો પુત્ર હતો. રાજા કુમારપાલનો પ્રીતિપાત્ર હતો. રાજગચ્છના આ૦ સાગરચંદ્રના ઉપદેશથી તે જૈન બન્યો હતો,

તેને માતા આલ્હણદે, રાણી જલ્હણા, પુત્રો કીર્તિપાલ, લાખણપાલ, અભયપાલ, મોઢલદેવ, અને જયંતસિંહ તેમજ શૃંગારદેવી નામે પુત્રી હતી. વાલ્હણ નામે મહામાત્ય હતો. તે સૌ જૈનધર્મપ્રેમી હતા.

તેણે પિતાના રાજ્યમાં સં૦ ૧૨૦૯ માહ વદિ ૧૪, ૮, ૧૧, ૧૪ની તિથિઓમાં અમારિ પ્રવર્તાવી હતી. માંસનું બલિદાન સદંતર બંધ કરાવ્યું હતું. તે આજ્ઞાનો ભંગ કરનાર પ્રત્યે સખત વલણ દાખવતો.

(–જૂઓ, પ્રભાવકચરિત્ર, હેમપ્રબંધ, મુંબઈ ગેઝેટિયર ગ્રં૦ ૧, ભા૦ ૧, પૃ૦ ૧૯૩)

રાજા કેલ્હણ તથા રાજમાતાએ સં૦ ૧૨૨૧માં સંડેરકના જૈન મંદિરમાં ચૈત્ર શુદિ ૧૩ના ઉત્સવ માટે વાર્ષિક ખર્ચ બાંધી આપ્યો. રાણી જલ્હણાદેવીએ સં૦ ૧૨૩૬માં ભ૦ પાર્શ્વનાથના દેરાસરમાં સ્તંભ કરાવી આપ્યો, સાલિયાણું પણ બાંધી આપ્યું. રાજકુમાર મોઢલે સં૦ ૧૨૪૧માં ઘંઘાણક (ઘંઘાણી)તીર્થના ભ૦ મહાવીરસ્વામીના દેરાસરની સાલગીરા માટે જકાત આવકમાંથી ખર્ચ બાંધી આપ્યો. પુત્રી શૃંગારદે તે ચંદ્રાવતીના રાજા ધારાવર્ષ પરમારની રાણીએ સં૦ ૧૨૫૫ માં ઝાડોલીના દેરાસરમાં ભ૦ મહાવીરસ્વામીની પૂજા માટે બહુ આવકવાળી વાડીનું દાન કર્યું. તેના કામદારે પણ દાન કર્યું.

(–પ્રાચીન જૈ૦લે૦સં૦ ભા૦ ૨, લેખાંક : ૩૪૬ થી ૩૫૦, ૪૨૪ થી ૪૩૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેને કીર્તિપાલ નામે પુત્ર હતો. (લેખાંક : ૩૪૭, ૩૪૮) કોઈ કોઈ તેને તેનો ભાઈ માને છે. કીર્તિપાલ જાલોરનો રાજા બન્યો. આથી એ વંશ સોનગરા ચૌહાણ કહેવાયો.

૨૯. જયંતસિંહ—સં૦ ૧૨૪૯ થી ૧૨૫૧. તેની પરંપરામાં રાજા ધાંધલદે (સં૦ ૧૨૬૫ થી ૧૨૮૩) થયો હતો.

## ૨. ચૌહાણોની રાજાવલી (જાલોર સોનગિરા)

૨૭. આહ્‌લણદેવ—સં૦ ૧૨૦૯ થી સં૦ ૧૨૧૮. તે નાડોલનો રાજા હતો. તેને કેહ્‌લણદેવ, ગજસિંહ અને કીર્તિપાલ એ ત્રણ પુત્રો હતા. શિલાલેખો (નં૦ ૩૪૭, ૩૪૮)માં તેને રાજા કેહ્‌લણનો પુત્ર બતાવ્યો છે. કીર્તિપાલ જાલોર ગયો અને ત્યાંનો રાજા બન્યો.

૨૮. કીર્તિપાલ—સં૦ ૧૨૩૬ થી ૧૨૩૯.

૨૯. સમરસિંહ—સં૦ ૧૨૩૯ થી ૧૨૬૨. તેણે જાલોર-સોહનગઢ સમરાવ્યો ત્યારથી તેના વંશજો સોનગિરા ચૌહાણ કહેવાયા.

તેના બીજા પુત્ર મહણસિંહના વંશજો આબૂના અને પછી સિરોહીના રાજા બન્યા. તેની પુત્રી લીલાદેવી રાજા ભીમદેવની રાણી બની હતી.

તેના ભંડારી પાર્શ્વવીરના પુત્ર મંત્રી યશોવીર તથા અજયપાલે સં૦ ૧૨૩૯માં જાલોરમાં ભ૦ ઋષભદેવનું મંદિર બંધાવ્યું. રંગમંડપ કરાવ્યો અને તે પ્રસંગે ભજવવા માટે આ૦ વાદિદેવસૂરિની પરંપરાના આ૦ રામભદ્રે 'પ્રબુદ્ધરોહિણેય' નાટક રચ્યું હતું. તે રાજાની આજ્ઞાથી મંત્રી યશોવીરે સં૦ ૧૨૪૨ માં કુમારવિહારનો સમુદ્ધાર કરાવ્યો અને ત્યાર પછી તોરણ, ધ્વજ, મંડપ, દંડ-કળશ વગેરે ચડાવ્યા.

૩૦. ઉદયસિંહ—સં૦ ૧૨૬૨ થી ૧૩૦૬. તેના ખજાનાનો મંત્રી યશોવીર શિલ્પશાસ્ત્રનો મોટો જાણકાર હતો. તેણે સં૦ ૧૨૮૭ માં લૂણિગવસહીની શિલ્પ અંગેની ભૂલો બતાવી હતી.

(—જૂઓ, પ્રબંધચિંતામણિ, પ્રબંધકોશ, ઉપદેશતરંગિણી)

દુઃસાધવંશના ઉદયસિંહ અને તેનો પુત્ર યશોવીર પણ આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજાના માનીતા જૈન મંત્રીઓ હતા. તેમણે પણ આબૂ, જાલોર, માદડી વગેરે સ્થળે જિનમંદિરો બનાવ્યાં.

૩૧. ચાચિગદેવ—સં૦ ૧૩૦૯ થી ૧૩૩૪. તેણે સં૦ ૧૩૨૧ના ચૈત્ર વદિ અમાવસ્યા ને સોમવારે, અથવા સં૦ ૧૩૨૬ માં સેવાડી પાસે કરેડા ગામમાં ભ૦ પાર્શ્વનાથના દેરાસરમાં પૂજા માટે લાગો બાંધી આપ્યો તેમજ સં૦ ૧૩૩૩ ના આસો સુદિ ૧૪ ને સોમવારે થારાપદ્રગચ્છના આ૦ પૂર્ણચંદ્રના ઉપદેશથી તેમની નિશ્રાના ભ૦ મહાવીરસ્વામીના મંદિરમાં યાત્રા-ઉત્સવ માટે દર સાલ અનાજ તથા દ્રમ્મોનો લાગો બાંધી આપ્યો, જેમાં મંત્રી ગજસિંહ અને તે દેશના વહીવટદાર તેમજ કર્મસિંહનાં નામો છે.

(–પ્રાચીન જૈ૦ લે૦ સં૦ ભા૦ ૨, લેખાંક : ૩૩૦, જૈ૦સ૦પ્ર૦, ક્રમાંક : ૧૧, અંક૦ ૩૫, પૃ૦ ૪)

૩૨. સામંતસિંહ—સં૦ ૧૩૩૯ થી ૧૩૫૩.

૩૩. કાન્હડદે—અલાઉદ્દીન ખિલજીએ સં૦ ૧૩૬૬ માં જાલોરમાં લડાઈ કરી તેમાં આ કાન્હડદે અને વીરમદે માર્યા ગયા હતા. પદ્મનાભ કવિએ સં૦ ૧૫૧૨ માં તેના વિશે 'કાન્હડદે પ્રબંધ' રચ્યો હતો.

૩૪. માલદેવ—તે કાન્હડદેનો નાનો ભાઈ હતો.

૩૫. વણવીર. ૩૬. રણવીર.

## ૩. ચૌહાણોની રાજાવલી (સિરોહી)

૩૨. સમરસિંહ—સં૦ ૧૨૩૯ થી ૧૨૬૨.

૩૩. મહણસિંહ—તે આબૂનો રાજા થયો.

૩૪. પ્રતાપમલ.

૩૫. વીજડ—સં૦ ૧૩૩૩. તેનાં બીજાં નામો વીરમદે અને દશરથ હતાં. તેને લુણિગ, લૂંઢ, લક્ષ્મણ અને લૂણવર્મા નામે પુત્રો હતા.

૩૬. લુંભાજી—સં૦ ૧૩૩૭ થી ૧૩૭૮. તેનાં બીજાં નામો લૂંઢ, લુંભ, લુંભો, લાલિગ વગેરે હતાં.

૩૭. તેજસિંહ—તેના સમયે સં૦ ૧૩૭૮ માં આબૂ ઉપર શેઠ જેલ્હાના વંશના શા. લાલિગ, વીજડ વગેરે ૯ ભાઈઓએ વિમલ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસહીનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને તેજસિંહના ભાઈ તિહુણકે વશિષ્ઠનું મંદિર બંધાવ્યું.

૩૮. **કાન્હડદે**—સં૦ ૧૩૯૩ થી ૧૪૦૦. ૩૯. સામંતસિંહ, ૪૦. સલખણ, ૪૧. મહારાવ રણમલ્લ, ૪૨. શિવભાણ—તેણે સં૦ ૧૪૬૨માં કિલ્લા સાથે સિરણવાવ ગામ વસાવ્યું.

૪૩. સહસમલ્લ—તેણે સં૦ ૧૪૮૨ના વૈશાખ સુદિ ૨ ના દિવસે સિરણવાવ **પાસે સિરોહી વસાવ્યું**. તે તપા૦ આ૦ શ્રીમુનિસુંદરસૂરિનો ભક્ત હતો. અહીં પહાડી નીચે એક પડથાર પર એકીસાથે ૧૪ જિનાલયો આજે પણ શોભી રહ્યાં છે.

## ૮. ચૌહાણોની રાજાવલી (શાકંભરી—અજમેર)

૧૩. વાક્પતિરાજ પહેલો—તેને ત્રણ પુત્રો હતા. ૧૪. સિંહરાજ—સં૦ ૧૦૧૩, ૧૫. વિગ્રહરાજ બીજો—સં૦ ૧૦૩૦, ૧૬. તેનો ભાઈ દુર્લભરાજ, ૧૭. તેનો ભાઈ ગોવિંદ, ૧૮. વાક્પતિરાજ બીજો, ૧૯. વીર્યરાજ—સં૦ ૧૦૮૨, ૨૦. તેનો ભાઈ ચામુંડ, ૨૧. દુર્લભરાજ (રાજા કરણનો સમકાલીન), ૨૨. વિગ્રહરાજ ત્રીજો, ૨૩. પૃથ્વીરાજ પહેલો, ૨૪. અજયદેવ—તેણે અજમેર વસાવ્યું. ૨૫. અર્ણોરાજ—તેને પુત્ર જગદેવે સં૦ ૧૨૦૮માં મારી નાખ્યો. ૨૬. જગદેવ, ૨૭. વિગ્રહરાજ ચોથો—સં૦ ૧૨૧૨ થી ૧૨૨૦. ૨૮. અમરગંગ, ૨૯. પૃથ્વીરાજ બીજો, ૩૦. સોમેશ્વર—સં૦ ૧૨૨૬ થી ૧૨૩૬. તે અર્ણોરાજ-કંચનદેવીનો પુત્ર અને સિદ્ધરાજનો દૌહિત્ર હતો. ૩૧. **પૃથ્વીરાજ ચૌહાણ ત્રીજો**—સં૦ ૧૨૩૬ થી ૧૨૪૯. તેને શહાબુદ્દીન ઘોરીએ સં૦ ૧૨૪૯માં મારી નાખ્યો.[1] ૩૨. હરિરાજ—સોમેશ્વરનો બીજો પુત્ર હતો.

## ચૂડાસમા રાજાવલી (જૂનાગઢ)

ઇતિહાસ કહે છે કે, ગુજરાતના ચાવડા ચાંચિયાપણું કરતા હતા પણ વનરાજ ચાવડાએ તેને સદંતર બંધ કરાવ્યું.

૧. જૂઓ, દિલ્હીના મુસલમાન બાદશાહોનો ઇતિહાસ પ્રક૦ ૪૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સોરઠના ચૂડાસમાની ગાદી ગિરનારની તળેટીમાં જૂનાગઢમાં હતી. તેઓ પણ ગિરનાર, કોડિનાર અને સોમનાથના યાત્રિકોને લૂંટતા, અને રંજાડતા હતા. દરિયાનાં વેપારી વહાણોને લૂંટવાની ચાંચિયાગીરી કરતા. તેઓ માંસ ખાતા, દારુ પીતા, વ્યભિચાર કરતા અને સ્ત્રીઓની લાજ લૂંટતા હતા. તેમના પાશવી જીવનનો ચિતાર 'દ્વયાશ્રયમહાકાવ્ય'માંથી જાણવા મળે છે. તેઓ યાદવ હતા પરંતુ આ ધંધાથી આભીર કહેવાતા હતા.

કચ્છનો રાવ અને સિંધના મ્લેચ્છો તેમના સાગરીત હતા. મોટા ભાગે લૂંટારા રાજા માટે તિરસ્કારસૂચક 'હમ્મીર' શબ્દ વપરાય છે.

ચૂડાસમાનો રાજવંશ નીચે પ્રમાણે જાણવા મળે છે—

૧. **હમ્મીર**—તેણે સં૦ ૮૯૦ લગભગમાં ગોંડલના સંઘપતિ ધારશીના સંઘને યાત્રા કરતાં રોકયો અને તેના પુત્રો તેમજ સુભટોને મારી નાખી ધન લૂંટી લીધું. આથી આ૦ બપ્પભટ્ટિ અને રાજા નાગાવલોક અહીં આવ્યા ત્યારે ગિરનાર તીર્થ પહેલાંની જેમ શ્વેતાંબર જૈનોને અપાવ્યું. (પ્રક૦ ૩૨, પૃ૦ ૫૩૧, ૫૩૨)

JAINSITE .com જૈન સાઈટ

૨. મૂળરાજ. ૩. વિશ્વવરાહ (ધરણીવરાહ).

૪. **ગ્રહરિપુ**—તેણે સં૦ ૯૯૬ લગભગમાં એક યાત્રાસંઘને લૂંટવા ધાર્યું પણ આ૦ બલિભદ્રસૂરિની વિદ્યાથી તેને તેમની આગળ નમવું પડ્યું. તેણે માફી માગી અને સંઘે નિર્ભયપણે યાત્રા કરી.

(પ્રક૦ ૩૪, પૃ૦ ૫૭૫, ૫૭૬)

રા૦ સા૦ **મહીપતરામ નીલકંઠ** લખે છે કે, 'સોરઠનો રાજા ગ્રહરિપુ પ્રભાસ-સોમનાથની યાત્રાએ જનારને લૂંટવા લાગ્યો. ગૂર્જરપતિએ તેને સજા કરવાને ચડાઈ કરી. એ સમયે કચ્છનો રાજા લાખો તથા કેટલાક મિત્ર અને માંડલિક રાજા સોરઠના રાજાની કુમકે ગયા, તેથી તેની કને જબરું લશ્કર થયું. મૂળરાજે તેનો પરાજય કર્યો. ગ્રહરિપુ અને લાખો રણમાં પડ્યા.'

(–ગુજરાતનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ૦ ૧૧)

૫. કવાત–સં૦ ૧૦૩૮, ૬. રા'દયાલ–સં૦ ૧૦૫૯, ૭. નવઘણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પહેલો—સં૦ ૧૦૮૦, ૮. ખેંગાર—સં૦ ૧૧૦૦. તે એક દિવસે શિકારમાં ભૂલો પડ્યો. તેણે એક ચારણને માર્ગ પૂછ્યો. ચારણે સાફ સાફ સંભળાવ્યું કે, જીવદયા એ જ ઉત્તમ માર્ગ છે. રા'એ ખુશ થઈ તેને ગરાસ આપ્યો. ૯. નવઘણ બીજો—સં૦ ૧૧૨૩.

૧૦. **રા' ખેંગાર**—તેણે પાટણના ધનાઢ્ય યાત્રાસંઘને લૂંટવાનો ઈરાદો કર્યો. તેમાંથી તેને પુષ્કળ ધન અને સોના-ઝવેરાતના દાગીના મળવાની મોટી આશા હતી. તેણે ત્યાં સંઘપતિને એક દિવસ વધુ રોક્યો પણ રાજમહેલમાં તે જ રાતે અચાનક મોટું મરણ થયું. **મલધારી આ૦ હેમચંદ્રસૂરિ** રાજાનું મન કળી ગયા હતા. તેમણે આ મરણના બહાનાથી રાજમહેલમાં જઈ રા'ને ઉપદેશ આપ્યો અને રા'ને નીતિને માર્ગે વાળ્યો. **રાજા સિદ્ધરાજને જ્યારે ખબર મળી ત્યારે** તેણે સોરઠ ઉપર ચડાઈ કરી અને રા' ખેંગારને જીવતો પકડી પાંજરામાં પૂર્યો અને કાયમને માટે એ પાશવીલીલાનો અંત આણ્યો. (—આ૦ ચંદ્રસૂરિકૃત 'મુણિસુવ્વયચરિય' પ્ર૦ ૩૮)

૧૧. નવઘણ ત્રીજો—સ્વ૦ સં૦ ૧૧૯૬.

૧૨. રા' કવાત—સ્વ૦ સં૦ ૧૨૦૮.

૧૩. રા' જયસિંહ—સ્વ૦ સં૦ ૧૨૨૮.

૧૪. રાયસિંહ. ૧૫. મહીપાલ—સં૦ ૧૨૩૧ થી ૧૨૫૨.

૧૬. **જયમલ**—સં૦ ૧૨૫૨ થી ૧૨૮૬.

૧૭. **રા' મોહવો**—જેનાં બીજાં નામો રા' મહીપાલ અને રા' માંડલિક પણ મળે છે.

તપાગચ્છના **આ૦ લક્ષ્મીસાગરસૂરિ** (સં૦ ૧૪૭૦ થી ૧૪૯૬) બાલ મુનિ હતા ત્યારથી જ બોલવામાં ચતુર હતા. તેમણે **રા' મહીપાલને** રંજિત કર્યો હતો. રા' મહીપાલ તપાગચ્છના **આ૦ સોમદેવસૂરિની** સમસ્યાપૂર્તિની કલાથી પણ ઘણો ખુશ હતો.

રા' મહીપાલે વૃદ્ધ તપાગચ્છના **આ૦ રત્નસિંહસૂરિના** ઉપદેશથી પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદશ, પૂનમ, અમાવાસ્યા એ છ પર્વતિથિઓની અમારિ પ્રવર્તાવી હતી. એ સંબંધી સં૦ ૧૫૦૭ના

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

માહ સુદિ ૮ ને ગુરુવારનો શિલાલેખ ગિરનારના ઉપરકોટમાં વિદ્યમાન છે. (મો૦ દ૦ દેસાઈનો જૈનસાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ પારા : ૭૧૯.

રા' મહીપાલે આ૦ રત્નસિંહસૂરિના ઉપદેશથી ગિરનારતીર્થમાં ભ૦ નેમિનાથના જિનપ્રાસાદને સોનાના પતરાંથી મઢાવ્યો. તેનો શિલાલેખ ગિરનાર પર છે, તેમાં આ પ્રકારે ઉલ્લેખ છે—

वंशेऽस्मिन् यदुनामकाम्बरपतेरत्युग्रशौर्याविले-
रासीद् राजकुलं गुणौघविपुलं श्रीयादवख्यातिमत् ।
अत्राभून्नृपमण्डलीनतपदः श्रीमण्डलिकः क्रमात्
प्रासादे गुरुहेमपत्रततिभिर्योऽचीकरन्नेमिनः ॥ ९

આ૦ રત્નસિંહસૂરિના પટ્ટાભિષેકના ઉપલક્ષમાં જૂનાગઢ–ઉપરકોટનો **અમારિ-શિલાલેખ** આ પ્રકારે છે—

स्वस्तश्रीसंवत् १५०७ वर्षे माघसप्तमीदिने गुरुवारे श्रीराणाजीमेलादेसुत–राउलश्रीमहिपालदेसुत-श्रीमण्डलिकप्रमुणा सर्वजीवकरुणातत्परेण औदार्यगाम्भीर्यचातुर्यशौर्यादिगुणरत्नरत्नसिंहसूरीणां **पट्टाभिषेकावसरे** स्तंभतीर्थवास्तव्य सा० देवासुत-हांसासुतराजकुलीन......समस्तजीवाभयदानकरण-......कारकेन पञ्चमी-अष्टमी-चतुर्दशीदिनेषु सर्वजीव**अमारिः कारिता**। राजा......नन्तरं सिंहासनोपविष्टेन श्रीमंडलिकराजाधिपेन श्रीअमारि प्राग्लिखितस्वहस्तलिखितश्रीकरिसहितं समर्थितम् । पुरापि एकादशी-अमावास्ये पाल्यमानेस्तः । संप्रति एतेषु पञ्चमी-अष्टमी-एकादशी-चतुर्दशी-अमावास्यादिनेषु राजाधिराजश्रीमंडलिकेन सर्वश्रेयःकल्याणकारिणी सर्वदुरितदुर्गोपसर्गनिवारिणी सर्वजीवअमारि कार्य......चिरं विजयताम् ॥

આ લેખ પછી રા' માંડલિકની પ્રશંસા સંસ્કૃતમાં લખેલી છે. તેની નીચે પંદર લીટીમાં ગુજરાતી શિલાલેખ આ પ્રકારે છે—

(१) प्रथम श्रेय जगति जीव तर्पवा सही,

(२) बीजा लोक समस्ति जीव न विणासवा,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(३) लावकमार (लावरां मार) अनि चिडीमार
सिंचाणकरहिं वि आहेडां न करवा करिवा।
(४) मोर न मारिवा।
(५) बावर खांट तुरक एहे दहाडे जीव कोइ
न विणासइ, जे मारसि बध निम लेसि।
(६) कुंभकार पंच दिन निभाड न करइ।
(७) जी कोइ दीणि एणवि आणाभंग करइ, ए हणीइ, रा' मांडलिक-
नाथाणी आणा सव कणइ पालवी, तेहनइ गुण घणा होसिइ,
जि को जन चुकइ ए दोषनी ते हणइ, अमारि प्रवर्तावणहार
श्रीमंडलिक प्रभुकइ आशातणाइ छइ।
(—આ૦ વિજયવલ્લભસૂરિ સ્મારકગ્રંથ, હિંદીવિભાગ, પૃ૦ ૧૩૫)

૧૮. રા'ખેંગાર

૧૯. રા' મંડલિક—તે સં૦ ૧૩૧૬માં રાજા થયો. તેણે નરસિંહ મહેતા અને નાગબાઈ ચારણી વગેરેને ઘણો ત્રાસ આપ્યો હતો. રાજવીને ન છાજતા આવા વર્તનથી તે પ્રજાનો પ્રેમ ગુમાવી બેઠો. તેણે ઝાલાવાડના એક રાજ્યના દિવાન ભોજાશાહનું અપમાન કર્યું તેથી તે દિવાન તેનો બદલો લેવા માટે મહમ્મદ સુલતાનને બોલાવી લાવ્યો.
(—અંચલગચ્છની મોટી ગુજરાતી પટ્ટાવલી, પૃ૦ ૯૯)

સુલતાન મહમ્મદે પોતાના પુત્ર અહમ્મદને સૌરાષ્ટ્ર ઉપર મોકલ્યો. તેણે દ્વારકાના રાજા ભીમને માર્યો. રા'.મંડલિકને જીવતો પકડી લઈ મુસલમાન બનાવ્યો અને તેને ખાનજહાન નામ આપી અમદાવાદ લઈ ગયો અને આખર સુધી ત્યાં જ રાખ્યો. ખાનજહાન અમદાવાદમાં મરણ પામ્યો. તેની કબર અમદાવાદ શહેરના મુખ્ય બજારમાં છે.
(—રા૦ મ૦ રૂ૦ નીલકંઠે સને ૧૮૬૭ માં લખેલો ગૂજરાતનો
સંક્ષિપ્ત ઇતિહાસ, આવૃત્તિ : ૬; પૃ૦ ૨૪, ૨૫)

સુલતાન મહમ્મદે સં૦ ૧૫૪૧ માં ચાંપાનેર પર સવારી મોકલી ત્યાંના રાવલ જયસિંહ પતાઈ રાવલ તથા પ્રધાન ડુંગરશીને મારી

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

**પાવાગઢને** જીતી લીધો. તેણે બે ગઢો જીત્યા હોવાથી બેગડો કહેવાયો.[1] અહમ્મદે રાણપુર ભાંગ્યુ અને શત્રુંજયતીર્થનાં મંદિરોને પણ તોડયાં હતાં.

*

## મંત્રીવંશ

શ્રીમાલનગરમાં **નરસિંહ પોરવાડ** હતો. તેણે એક દિવસે કાલિકાના દેરામાં બેસી હજામત કરાવી, એટલે દેવીએ તેને કોઢિયો બનાવ્યો. આ૦ **ઉદયપ્રભસૂરિએ** તેને કોઢ રોગથી મુક્ત કર્યો અને જૈનધર્મનો પ્રેમી બનાવ્યો. તેને નાનાગ નામે પુત્ર હતો, જેનું બીજું નામ નીનો શેઠ હતું. સં૦ ૭૯૫.[2]

(—અંચલગચ્છની મોટી ગુજરાતી પટ્ટાવલી)

પટણાના મંત્રી કલ્પકે પટણાના નંદરાજ્યને મંત્રીવંશ આપ્યો તેવી જ રીતે નીનાએ ગુજરાતના ચાવડા તેમજ સોલંકી રાજાઓને ઉદાત્ત અને ધીર એવો મંત્રીવંશ આપ્યો.

**ઠક્કુર નીનો** શ્રીમાલનગરમાં રહેતો હતો. તે શ્રીમાલનગરથી નીકળેલા **પોરવાડવંશનો** હતો. તેને એક દિવસે લક્ષ્મીદેવીએ પ્રગટ થઈને જણાવ્યું, 'તારો અભ્યુદય **ગાંભૂ** નગરમાં જવાથી થશે.' એટલે તે ગાંભૂમાં આવીને વસ્યો ત્યાં તે સંપન્ન થયો.

**રાજા વનરાજ ચાવડાએ** પાટણ વસાવી ગુજરાતના રાજ્યની સ્થાપના કરી હતી. તે યોગ્ય પુરુષોને બોલાવીને પાટણમાં વસવાટ આપતો. તેણે નીના શેઠને ઉત્તમ પુરુષ લેખી પાટણમાં સપરિવાર વસવા માટે આમંત્રણ આપ્યું. આથી તે પોતાનો પરિવાર લઈ પાટણ આવીને વસ્યો. તે વિદ્યાધરગચ્છનો જૈન હતો. તેણે પાટણમાં જાલ્યોદ્ધારગચ્છ—

૧. જૂઓ, ગુજરાતના સુલતાનો અને સૌરાષ્ટ્રના ગોહેલવંશનો ઇતિહાસ, પ્રક૦ ૪૪.

૨. નીના શેઠે પોતાની માતા નારંગદેવીની યાદમાં નારંગપુર વસાવી, તેમાં સં૦ ૮૩૬ માં નાડોલગચ્છના આ૦ ધર્મસૂરિના હાથે ભ૦ પાર્શ્વનાથનું દેરાસર બનાવી પ્રતિષ્ઠા કરાવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિદ્યાધરગચ્છનું ભ૦ ઋષભદેવનું દેરાસર બંધાવ્યું. રાજા વનરાજ તેને પિતા સમાન માનતો અને સન્માનતો હતો.

**લહીર—**

લહીરનાં બીજાં નામો લહર અને લહરધર પણ મળે છે. તે પાટણનો દંડનાયક હતો. તે હાથીઓની પરીક્ષા કરવામાં નિપુણ હતો. એક દિવસે તે ઉત્તમ પ્રકારના ઘોડાઓ લઈ શ્રેષ્ઠ પ્રકારના હાથીઓ લેવા વિંધ્યાચલ ગયો. તે જ્યારે હાથીઓને લઈ ગુજરાત આવતો હતો ત્યારે શત્રુ રાજાઓએ તે હાથીઓ ખુંચવી લેવા તેની સાથે યુદ્ધ ખેડ્યું પરંતુ લહીરે વિંધ્યવાસિની દેવીની[1] કૃપાથી શત્રુઓને મારી હઠાવ્યા. વનરાજ ચાવડાએ લહીરને સાંડેર[2] ગામ ઈનામમાં આપ્યું. લહીરે સાંડેરમાં મંદિર બનાવી તેનાં વિંધ્યવાસિની દેવીની સ્થાપના કરી અને તે દેવીનું નામ 'ધણુહાવી' રાખ્યું. તેને લક્ષ્મીદેવી અને સરસ્વતીદેવી બંને પ્રસન્ન હતાં. લક્ષ્મીએ તેને પ્રસન્ન થઈ વિત્ત-પટયંત્ર આપ્યો અને લહીરે તે પટને ટંકશાળામાં સ્થાપન કર્યો, તેમજ લક્ષ્મીદેવીને મુદ્રાઓમાં (ચલણી નાણામાં) સ્થાપન કરી. એની પરંપરામાં બે-એક પેઢી પછી મંત્રી વીર થયો. વચલી બે-એક પેઢીનાં નામો મળતાં નથી. લહીરનો પૌત્ર, પ્રપૌત્ર લહધર અને તેનો પુત્ર વીર હશે. પાછળના લેખકોએ નામસામ્યથી તે બંનેને એક ગણી લીધા લાગે છે. મંત્રી વીરની વંશપરંપરા નીચે મુજબ મળે છે—

૧. **વીર મહત્તમ**—તે સોલંકી રાજા મૂળરાજ, ચામુંડરાજ, વલ્લભરાજ અને દુર્લભરાજનો મહામાત્ય હતો. તેને વીરમતી નામે પત્ની હતી. નેઢ, વિમલ અને ચાહિલ્લ એમ ત્રણ પુત્રો હતા. તે વડગચ્છના આચાર્ય વિમલચંદ્રસૂરિનો શિષ્ય હતો તેમજ આ૦ વીરગણિનો ભક્ત હતો. (જૂઓ, પ્રક૦ ૩૪, પૃ૦ ૫૮૫) તે મંત્રી હોવા છતાં

૧. બનારસથી લગભગ ૧૦ માઈલ દૂર મીરજાપુર પાસે ૬ માઈલ દૂર વિંધ્યાવાસિની દેવીનું મૂળ સ્થાન છે. અહીંથી વિંધ્યાચલ પહાડી શરૂ થાય છે. તે મંદિરમાં પશુહિંસા ઘણી થાય છે.

૨. સાંડેર માટે જૂઓ પ્રક૦ ૩૭.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

અંતરંગથી વૈરાગી હતો. પાછલી વયમાં તેણે દીક્ષા લીધી હતી અને સં૦ ૧૦૮૫માં સ્વર્ગગમન કર્યું. તેને ત્રીજો પુત્ર મહં૦ ચાહિલ્લ હતો. તેને રાણુક નામે પુત્ર અને નરસિંહ નામે પૌત્ર હતો. ઠ૦ નરસિંહે સં૦ ૧૨૦૦ના જેઠ વદિ ૧ ને શુક્રવારે વિમલવસહી (દેરી નં૦ ૧૧)માં ભ૦ મુનિસુવ્રતસ્વામીની પરિકરવાળી પ્રતિમા ભરાવી અને તેની આ૦ નેમિચંદ્રસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી.

૨. **નેઢ** અને **વિમલ**—એ બંને સરસ્વતી અને લક્ષ્મીના નિવાસ-સ્થાન જેવા હતા. તેમને **વાહિલ** નામે ત્રીજો ભાઈ હતો એમ આ૦ રાજશેખરસૂરિ બતાવે છે. નેઢ ગુજરાતના રાજા પ્રથમ **ભીમદેવનો** મહામાત્ય હતો અને વિમલ દંડનાયક હતો.[1] મંત્રી વિમલે ભારતની શિલ્પકલાને અમર બનાવી તેથી ઇતિહાસમાં તેનું નામ સુવર્ણાક્ષરે લખાયેલું છે.

**વિમલ**—વીર મહત્તમનો બીજો પુત્ર હતો. તેની પત્નીનું નામ **શ્રીદેવી** હતું. તે નાનપણથી તીક્ષ્ણ બુદ્ધિવાળો, શૂરવીર અને લડવૈયો હતો. તેનું બાણ કદી નિષ્ફળ જતું નહીં તેથી તે અમોઘ બાણાવલી કહેવાતો. રાજા ભીમદેવ તેના એકલાથી ખૂબ પ્રસન્ન હતો. તે વડો **સેનાપતિ** પણ હતો. તેણે યુદ્ધો કરી, વિજય મેળવીને ગુજરાતની સીમા વધારી હતી. એના સમયમાં ચંદ્રાવતીનો રાજા **ધંધૂક** પરમાર ગુજરાતનો ખંડિયો રાજા હતો. તે ધીરે ધીરે ગુજરાતની ધૂંસરી ફગાવી દઈ સ્વતંત્ર થવાની તૈયારીઓ કરી રહ્યો હતો. રાજા **ભીમદેવે** તેને પોતાના તાબે રાખવા માટે સેનાપતિ વિમલને સૈન્ય સાથે ચંદ્રાવતી મોકલ્યો. ધંધૂક તો વિમલનું નામ સાંભળીને જ માળવાના રાજા **ભોજદેવ** પરમારને શરણે મેવાડમાં નાસી ગયો. **વિમલ શાહે** ચંદ્રાવતીને હાથમાં લઈ ભીમદેવની આણ પ્રવર્તાવી.

---

૧. ભીમદેવ પહેલાનો મંત્રી નેઢ, દંડનાયક વિમલ અને ખર્ચખાતાનો પ્રધાન જાહિલ્લ એ ત્રણે જૈન હતા. (ભારતીયવિદ્યા ભા૦ ૨, પૃ૦...) મંત્રી નેઢને ધવલ તેમજ લાલિગ નામે બે પુત્રો હતા. મંત્રી વિમલને કોઈ સંતાન નહોતું. દંડનાયકના પરિચય માટે (જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૭૭, ટિ૦ નં૦ ૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજા ભીમદેવે પણ વિમલને ચંદ્રાવતીનો **દંડનાયક** બનાવ્યો. નાડોલના રાજાએ વિમલને સુવર્ણજડિત સિંહાસન આપ્યું અને દિલ્હીપતિએ છત્ર ભેટ કર્યું. (–જૂઓ જિનહર્ષકૃત 'વસ્તુપાલચરિત' પ્રસ્તાવ, ૮)

તેણે સિંધ પરની લડાઈમાં રાજા ભીમદેવને ભારે મદદ કરી અને રસ્તામાં **નગરઠઠ્ઠાના** રાજાને ત્રણ દિવસમાં જ બાંધી લીધો હતો.

દંડનાયક **વિમલે** ચંદ્રાવતીમાં રહીને રાજા ધંધૂકને કુનેહથી સમજાવી ફરી વાર ભીમદેવના શાસન તળે મૂક્યો અને આબૂનો રાજા બનાવ્યો.

મંત્રી વિમલ વૃદ્ધ થવા આવ્યા એટલે તે પાછલા સમયમાં ચંદ્રાવતીમાં જ રહેવા લાગ્યા. વિદ્યાધરકુલના જાલીહરગચ્છના આ૦ સર્વાનંદસૂરિના શિષ્ય આ૦ **ધર્મઘોષસૂરિ** એ સમયે ચંદ્રાવતીમાં ચતુર્માસ રહ્યા હતા. મંત્રીએ નિયમિત રીતે ચાર માસ સુધી તેમનો ધર્મોપદેશ સાંભળ્યો. આચાર્યશ્રીના ઉપદેશથી તે ખૂબ પ્રભાવિત થયા. તેમને ધર્મધ્યાન તરફ વિશેષ રુચિ પ્રગટી અને પોતે યુદ્ધમાં માનવજાતનો ભારે સંહાર કર્યો હતો તેનો પશ્ચાત્તાપ કરતાં આચાર્યશ્રી પાસે પ્રાયશ્ચિત્ત માગ્યું. આચાર્યશ્રીએ કહ્યું કે, 'તું આબૂતીર્થનો ઉદ્ધાર કર. એ સામર્થ્ય તારામાં છે. એમ કરવાથી પ્રાયશ્ચિત્ત પૂરું થશે.' તેમની પત્ની શ્રીદેવીને પણ એ વાત પસંદ પડી.

મંત્રીએ પત્ની **શ્રીદેવી**ની પ્રેરણાથી અઠ્ઠમ કરી અંબિકાદેવીની આરાધના કરી. **અંબિકા**એ પ્રસન્ન થઈ કહ્યું કે, 'વત્સ! બોલ, તારી શી ઇચ્છા છે?' મંત્રીએ જવાબ આપ્યો, 'દેવી! એક તો **પુત્રની ઇચ્છા** છે અને બીજી ઇચ્છા આબૂ ઉપર **જિનપ્રાસાદ** બંધાવવાની છે. આપની કૃપાથી મારી તે બંને ઇચ્છાઓ પૂરી થાય.' દેવીએ કહ્યું: 'તે બે વર નહીં મળી શકે. એમાંથી ગમે તે એક માગ.' મંત્રી વિમલ અને તેની પત્ની શ્રીદેવીએ સલાહ કરીને દેવી પાસેથી **તીર્થોદ્ધાર** કરવાની ભાવના પ્રદર્શિત કરી. 'તથાસ્તુ, તું ઉત્સાહથી કામ કર. તને દેવી સહાય મળ્યા કરશે.' એમ કહીને અંબિકાદેવી અંતર્ધાન થઈ ગયાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંત્રી વિમલે મહારાજા **ભીમદેવ,** આબૂરાજ **ધંધૂક** અને મોટા ભાઈ **નેઢની** આજ્ઞા લીધી અને તે આબૂ ઉપર આવ્યો. બ્રાહ્મણોએ અહીં જૈન તીર્થસ્થાન કરવા દેવાનો સખત વિરોધ કર્યો, તેથી વિમલે અઠ્ઠમ કરી અંબિકાનું સ્મરણ કર્યું. અંબિકાદેવીએ જણાવ્યું: 'અહીં પ્રાચીનકાળમાં (નંદિવર્ધનના સમયમાં) **જૈનતીર્થ** હતું. તું સવારમાં ચંપાના ઝાડ નીચે જ્યાં સાથિયો હોય ત્યાં ખોદકામ કરજે. સૌ સારાં વાનાં થશે.' મંત્રી વિમલે સવારે શુદ્ધ–પવિત્ર બનીને દેવીના જણાવ્યા મુજબ કર્યું. ચંપાના ઝાડ નીચે ખાડો ખોદતાં ભ૦ ઋષભદેવની પ્રાચીન પ્રતિમા નીકળી આવી. આ જોઈ બ્રાહ્મણો અંચબો પામી મૂંગા બની ગયા. પ્રાચીનકાળના જૈનતીર્થની સાબિતી સિદ્ધ થઈ એટલે વિરોધ કરી ન શક્યા, પણ જૈનમંદિર માટે જમીન આપવા તેમની તૈયારી નહોતી. મંત્રીએ ધાર્યું હોત તો રાજસત્તાથી જમીન મફતમાં પડાવી શકત પણ તે જેવો રાજનીતિજ્ઞ હતો તેવો ધર્મનીતિજ્ઞ પણ હતો. **ધર્મકાર્યમાં રાજસત્તાનો ઉપયોગ** અનુચિત ગણાય એમ સમજીને મંત્રીએ બ્રાહ્મણોને જમીનના બદલામાં મોંમાગી રકમ આપવાનું પોતે જણાવ્યું. બ્રાહ્મણોએ જણાવ્યું કે, 'તમે જમીન ઉપર સોનામહોરો પાથરો. જેટલી જમીનમાં સોનામહોરો પથરાય તેટલી જમીન તમારી અને સોનામહોરો અમારી.' વિમલે વિચાર્યું કે, મહોર ગોળ હોય છે તે પાથરતાં વચમાં જગા ખાલી રહેશે. મંદિરના કામમાં એટલી રકમ ઓછી આપવી તે ન્યાયયુક્ત નથી. તેણે તરત જ ચોરસ સોનામહોરો તૈયાર કરાવી, તે પાથરીને તેના બદલામાં જમીન લીધી. એક મહોરના પચ્ચીસ રૂપિયાના હિસાબે ગણીએ તો આ જમીનના બદલામાં રૂા. ૪,૫૩,૬૦,૦૦૦ આપ્યા હશે એવું અનુમાન થાય છે. બ્રાહ્મણો તો એ રકમ લઈને ખુશ ખુશ થઈ ગયા અને વિમલ મંત્રીની ન્યાયવૃત્તિની વાહવાહ ગાવા લાગ્યા. બ્રાહ્મણો એ ધન લઈને બીજા નગરમાં જઈને વસ્યા. મંત્રી વિમલે આ જમીનમાં ૧૪૦ ફૂટ લાંબુ અને ૯૦ ફૂટ પહોળું ૫૪ દેરીઓવાળું ભવ્ય જિનાલય બંધાવ્યું તથા જૈન શિલ્પ (ચિત્ર)શાળા

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

બનાવી, જેની છતમાં જીવંત એવા વિવિધ ભાવોનું શિલ્પ-આલેખન કરાવ્યું. આ મંદિર આજે પણ જગતની આશ્ચર્યકારક વસ્તુઓ પૈકીનું એક ગણાય છે. તેમાં કુલ ૧૮,૫૩,૦૦,૦૦૦ રૂા. ખરચાયા હતા. ત્યાંનો ક્ષેત્રપાલદેવ મંદિર બંધાવવામાં મુશ્કેલીઓ ઊભી કરતો હતો તેથી તેને પણ મંત્રી વિમલે નૈવેદ્ય અને સાત્ત્વિક સામર્થ્યથી અનુકૂળ કર્યો હતો.

મંત્રી વિમલ શાહે પ્રતિષ્ઠાપ્રસંગે મહારાજા, રાણા, મંડલિક, જૈન-અજૈન સૌને આદરભર્યું આમંત્રણ આપ્યું હતું. નાગેંદ્ર, ચંદ્ર, નિર્વૃતિ તેમજ વિદ્યાધર એમ ચાર પ્રધાન ગચ્છોના જૈનાચાર્યોને અહીં પધરાવ્યા હતા. આ ચાર ગચ્છો પૈકી તે વિદ્યાધરગચ્છનો ઉપાસક હતો અને તે ગચ્છના આચાર્ય ધર્મઘોષસૂરિના ઉપદેશથી જ તેમણે આ તીર્થ સ્થાપન કર્યું હતું. ચંપાના ઝાડ નીચેથી ભ૦ આદિનાથની જે પ્રતિમા પ્રગટ થઈ હતી તેને તેમણે ચોપન દેરીઓ પૈકીની ૨૦ મી દેરીમાં સામાન્ય રીતે સ્થાપન કરી હતી. સ્થાપનાના દિવસે અતીવ શુદ્ધ અને શુભ મુહૂર્ત હતું. તે મૂર્તિને તેમાં સ્થાપન કર્યા પછી મંદિરનું કાર્ય ખૂબ સારી રીતે અને ઝડપથી થવા લાગ્યું એટલે તે મૂર્તિને ત્યાંથી ન ઉઠાવતાં ત્યાં જ કાયમ રાખી અને મૂળનાયક તરીકે ભ૦ આદીશ્વરની ધાતુની નવી પ્રતિમા તૈયાર કરાવી. તેની સં૦ ૧૦૮૮ માં રાજગચ્છના આ૦ **વર્ધમાનસૂરિ** વગેરે ચાર ગચ્છોના આચાર્યોના કરકમલ વડે પ્રતિષ્ઠા કરાવી. 'આબૂરાસ' (સં૦ ૧૨૮૯)માં જણાવ્યું છે કે—

'चहुं आयरियेहिं पइट्ठिय बहुभाव भरंत ॥'

તે દિવસે આબૂપર્વત પર સોનાનો સૂર્ય ઊગ્યો હતો. સર્વત્ર આનંદ અને ઉલ્લાસ છવાયો હતો. મંત્રી વિમલ અને મહં૦ શ્રીદેવીના દિલમાં હર્ષનો મહેરામણ ઊછળતો હતો. તેમણે પ્રભુની પ્રતિષ્ઠા કરી અભિષેક કર્યો. ગુરુમહારાજોને ભક્તિભરી અંજલિ અર્પી. આગંતુક સર્વ જનોનું ભાવભર્યું સ્વાગત કર્યું. યાચકોને મોંમાગ્યું દાન આપ્યું. એ દિવસ ધન્ય હતો. આવેલા સૌ પોતે ગૌરવ અનુભવતાં હતાં અને સૌ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગ્યશાળીઓ પોતાને ત્યાં પણ આવો દિવસ અને ઘડી આવે એવી અભિલાષા રાખતાં વિસર્જિત થવા લાગ્યાં. ભાટ-ચારણોએ પણ પોતાના આશીર્વાદના કોશમાં ' विमलश्रीसुप्रभातम् 'ની પુણ્ય નામાવલિ ઉમેરી. આ તીર્થ આજે પણ અજોડ શિલ્પધામ ગણાય છે. એ જ કારણે વિમલ મંત્રી ઇતિહાસમાં અમર નામના નોંધાવી ગયેલ છે. સોમધર્મગણિએ 'ઉપદેશસપ્તતિકા 'માં લખ્યું છે કે, એ મંદિરનો મંડપ તેમના નાના ભાઈ **ચાહિલે** બંધાવ્યો હતો. મંત્રી વિમલે શ્રીદેવીના નામથી શ્રીપુર વસાવ્યું, જે આજે સરોતરા નામે વિદ્યમાન છે. આ તીર્થની સ્થાપના પછી મહામાત્ય વીરના વંશજો પોતાને વીરવંશના તથા વિમલવંશના બતાવે છે. (જૂઓ, અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૫૩, ૯૨)

વિમલવસહી મંદિર ભવ્ય, વિશાળ અને મનોહર છે. આબૂમાં દર છ મહિને ધરતીકંપ થતો હોવાના કારણે તેનું શિખર નાનું બનાવેલું છે. એ જ કારણે આબૂ ઉપરનાં જૈન તેમજ અજૈન બીજાં મંદિરોનાં શિખરો નાનાં બનાવેલાં છે.

JAINSITE .com
जैन साहित्य
જૈનમ્ જયતિ શાસનમ્

વિમલ મંત્રીએ શત્રુંજયનો સંઘ કાઢ્યો હતો, જેમાં ચાર કરોડ સોનામહોરો ખરચાઈ હતી.

વિમલ મંત્રીએ આબૂ, શત્રુંજય, આરાસણ (કુંભારિયા) અને પાટણમાં વિમલવસહી મંદિરો બંધાવેલાં હતાં, તે આજે પણ વિદ્યમાન છે. તેમના વંશજોએ હમીરપુરતીર્થની સ્થાપના કરી હતી.

(–પ્રબંધચિંતામણિ, પ્રબંધકોશ, જિનહર્ષનું વસ્તુપાલચરિત પ્ર૦ ૮, ઉપદેશ સપ્તતિકા ઉપ૦ ૪, વિમલપ્રબંધ, દ્વયાશ્રયમહાકાવ્ય, આ૦ જિનભદ્રનો પુરાતન પ્રબંધસંગ્રહ)

વીર મહત્તમનો ત્રીજો પુત્ર મહં૦ ચાહિલ્લ હતો. તેની પરંપરામાં અનુક્રમે (૨) ચાહિલ્લ, (૩) રાણુક અને (૪) નરસિંહ થયા. ઠ૦ નરસિંહે સં૦ ૧૨૦૦ના જેઠ વદિ ૧ ને શુક્રવારે વિમલવસહી (દેરી નં૦ ૧૧)માં બૃહદ્ગચ્છના આ૦ નેમિચંદ્રસૂરિના હાથે ભ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુનિસુવ્રતસ્વામીની પરિકરવાળી પ્રતિમા ભરાવી, સ્થાપન કરેલી છે. મહં૦ **ચાહિલના વંશજો** પોતાને શેઠ નીનાના વંશના, મંત્રી વીરના વંશના કે મં૦ વિમલના વંશના બતાવે છે.

(જૂઓ, અર્બુદ પ્રાચીન જૈનલેખસંગ્રહ, લેખાંક : ૫૩, ૯૨)

એ જ વંશમાં અભયસિંહ, તેના પુત્રો જગસિંહ, લખમીસિંહ, કુરસિંહ તથા જગસિંહનો પુત્ર ભાણુસિંહ નામે થયા. તેઓએ સં૦ ૧૩૯૪ માં વિમલવસહીમાં અંબિકાદેવીની પ્રતિમા ભરાવી હતી.

મહં૦ ચાહિલના વંશના શેઠ વલ્લભદાસ વિક્રમની અઢારમી સદીમાં પાટણની પોરવાલ જ્ઞાતિમાં અગ્રેસર હતા. તેમના પુત્ર શેઠ માણેકચંદે સં૦ ૧૭૮૫ ના માગશર સુદિ ૫ ના દિવસે ચોવીશ જિનના ચોવીશવટ્ટા બનાવીને તેની ભ૦ વિદ્યાસાગરજીના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. (–અંચલગચ્છની ગુજરાતી મોટી પટ્ટાવલી)

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૩. **ધવલ અને લાલિગ**—આ બંને ભાઈઓ ગુજરાતના રાજા કર્ણદેવના મંત્રીઓ હતા. ધવલ મહામાત્ય હતો. તેને આનંદ નામે પુત્ર હતો.

મંત્રી લાલિગ કામદેવ જેવો રૂપાળો હતો. તેને **મહેંદુ** નામે પુત્ર હતો, તે પણ મંત્રી હતો. તે દેખાવડો, શીલવાન, જિન-ગુરુ-ભક્ત અમાત્ય હતો. તેને **હેમરથ** અને **દશરથ** નામે પુત્રો થયા. હેમરથ વિવેકી, શાંત, ધર્મિષ્ઠ અને જીવ-અજીવ આદિનો વિચાર કરનારો, પાપભીરુ અને બુદ્ધિમાન હતો. **દશરથ** પણ ગંભીર, સરળ, ક્ષમાશીલ, દાક્ષિણ્યતાવાળો, સંતોષી અને બુદ્ધિમાન હતો. તેને **અંબિકાદેવી** પ્રસન્ન હતી. તેણે સં૦ ૧૨૦૧ ના જેઠ સુદિ ૧ ને શુક્રવારે આબૂ ઉપર વિમલવસહીમાં મંત્રી **પૃથ્વીપાલ**ની સ્નેહભરી દૃષ્ટિથી નં૦ ૧૦ની દેરીનો **જીર્ણોદ્ધાર** કર્યો, તેમાં ભ૦ નેમિનાથની નવી પ્રતિમાની પ્રતિષ્ઠા કરી અને એક આરસના વિશાળ પથ્થરમાં મં૦ નીના, મં૦ લહર, મં૦ વીર, મં૦ નેઢ, મં૦ લાલિગ, મં૦ મહિંદુ, હેમરથ તથા દશરથની મૂર્તિઓ કોરાવી અને બીજા પથ્થર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપર ગજારોહી મં૦ વિમલ અને અશ્વારોહી દશરથની મૂર્તિઓ બનાવેલી છે.[1]

**૪. આનંદ**—મંત્રી **આનંદ**ને પદ્માવતી અને સલૂણા નામે બે પત્નીઓ હતી. મહં૦ પદ્માવતીએ પૃથ્વીપાલને અને સલૂણાએ નાનૂને જન્મ આપ્યો. નાનૂને ત્રિભુવનદેવી નામે પત્ની હતી અને નાગાર્જુન તથા નાગપાલ નામે પુત્રો હતા. નાગાર્જુન દંડનાયક બન્યો હતો.

મહામાત્ય આનંદે સં૦ ૧૨૧૨ માં વિમલવસહીમાં દંડનાયક નાગાર્જુનના શ્રેય માટે ભ૦ સંભવનાથની પ્રતિમા ભરાવી અને રાજગચ્છના આ૦ વજ્રસ્વામીના હાથે સ્થાપન કરી. નાગપાલે પણ સં૦ ૧૨૪૫ માં વિમલવસહીમાં પોતાની માતા ત્રિભુવનદેવીના શ્રેય માટે ભ૦ મહાવીરસ્વામીની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરાવી હતી. નાગપાલને આસવીર નામે પુત્ર હતો.

(—અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લે૦ : ૧૬૯, ૧૫૩)

મંત્રી આનંદ પર સૂર્યપુત્ર રેવંત અને ધણહાવી દેવી પ્રસન્ન હતાં. તેમના કારણે જ તે સમૃદ્ધ બન્યો હતો. ઉપસર્ગો આવતાં તે બધા તેમના પ્રભાવથી શાંત થઈ જતા.

તેનો દિન-પ્રતિદિન પ્રભાવ વિકસતો ગયો. મહં૦ પદ્માવતી પણ સુરૂપા, સુશીલા, ગુણિયલ, ગુરુભક્ત અને ધર્મરાગિણી શ્રાવિકા હતી. તેનું પિયેર સાયણવાદમાં અને મોસાળ ચંદ્રાવતીમાં હતું.

**૫. પૃથ્વીપાલ**—મંત્રી પૃથ્વીપાલને નામલદેવી નામે પત્ની

---

श्रीश्रीमालकुलोद्भववीरमहामन्त्रिसन्मन्त्री ।
श्रीनेढपुत्रलालिग—तत्सुतमहिन्दुकसुतेनेदम् ॥
निजपुत्रकलत्रसमन्वितेन सन्मन्त्रिदशरथेनेदम् ।
श्रीनेमिनाथबिम्बं मोक्षार्थं कारितं रम्यम् ॥

આબૂ–વિમલવસહી ભમતીની દેરી નં૦ ૧૦ના ત્રણ શિલાલેખો, અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૪૭, ૫૦, ૫૧; ગુજરાતના ઐતિહાસિક લેખો ભા૦ ૩, લેખાંક : ૨૩૯, પૃ૦ ૨૫૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતી અને ઠ૦ જગદેવ અને ધનપાલ નામે પુત્રો હતા. જગદેવ ભરયુવાનીમાં મરી ગયો. તેની પત્નીનું નામ માલદેવી હતું.

પૃથ્વીપાલ પ્રતાપી અને ઉદાર હૃદયનો હતો. તે રાજા સિદ્ધરાજ જયસિંહ અને રાજા કુમારપાલનો મહામાત્ય હતો. તેનું સમસ્ત કુટુંબ રાજગચ્છના આ૦ ચંદ્રસૂરિનું ભક્ત હતું. તેણે સં૦ ૧૨૦૧ના જેઠ વદિ ૬ ને રવિવારે પાલીના ભ૦ મહાવીરના મંદિરમાં ભ૦ અનંતનાથનું જિનયુગલ સમર્પણ કર્યું હતું.

(–જૂઓ, પ્રાચીન જૈનલેખસંગ્રહ ભા૦ ૨, લેખાંક : ૩૮૧)

તેણે સં૦ ૧૨૦૪ થી ૧૨૦૬ સુધીમાં વિમલવસહીની ઘણીખરી દેરીઓનો જીર્ણોદ્ધાર કરાવ્યો. નવી હસ્તિશાળા બંધાવી, જેમાં સં૦ ૧૨૦૪ માં ઘોડા ઉપર મંત્રી વિમલની મૂર્તિ સ્થાપન કરી અને તેની પાછળ શેઠ નીના, મં૦ લહર, મં૦ વીર, મં૦ નેઢ, મં૦ ધવલ, મં૦ આનંદ અને મં૦ પૃથ્વીપાલની મૂર્તિઓ બનાવી સ્થાપન કરી.[1]

જૈનમ્ સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

તેણે પિતાના કલ્યાણ માટે દંડનાયક શેઠ નીનાએ પાટણમાં બંધાવેલા જાલિહરિય–વિદ્યાધરગચ્છના ભ૦ ઋષભદેવના મંદિરમાં રંગમંડપ કરાવ્યો. માતાના કલ્યાણ માટે પાટણમાં પંચાસરા પાર્શ્વનાથના દેરાસરનો રંગમંડપ કરાવ્યો. નાની માના કલ્યાણ માટે ચંદ્રાવતીના વિદ્યાધરગચ્છના દેરાસરમાં રંગમંડપ કરાવ્યો. નાના ઓલ્હણના કલ્યાણ માટે રોહ વગેરે બાર ગામવાળા રોહમંડલના સાયણવાદપુરમાં ભ૦ શાંતિનાથનું દેરાસર બંધાવ્યું.

---

૧. આ સમય લગભગ સં૦ ૧૨૦૬ માં રાજગચ્છના આ૦ ચંદ્રસૂરિની સાથે વિમલ મંત્રીના વંશજો સંઘ લઈને આબૂ ઉપર આવ્યા હતા અને તેમણે જીર્ણોદ્ધારનો ઉત્સવ કર્યો હતો.

સં૦ ૧૨૦૬॥ श्रीशीलभद्रसूरीणां शिष्यैः श्रीचन्द्रप्रभसूरिभिः ।
विमलादिसुसंघेन युतैस्तीर्थमिदं स्तुतम् ॥१॥
अयं तीर्थसमुद्धारोऽत्यद्भुतोऽकारि धीमता ।
श्रीमदानन्दपुत्रेण श्रीपृथ्वीपालमन्त्रिणा ॥२॥

(–અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૭૨, પ્રક૦ ૩૫, પૃ૦ ૨૫)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંત્રી પૃથ્વીપાલ નરપરીક્ષા, નારીપરીક્ષા, ગજપરીક્ષા અશ્વ-પરીક્ષા અને રત્નપરીક્ષામાં નિપુણ હતો. તે મહાદાની હતો. તેણે સં૦ ૧૨૦૬ થી ૧૨૨૩ માં ગૂર્જરેશ્વર કુમારપાલના રાજ્યમાં પાટણમાં વડગચ્છના સંવિજ્ઞવિહારી આ૦ હરિભદ્રસૂરિને વિનંતિ કરી તેમની પાસે ચોવીશ તીર્થંકરોનાં પ્રાકૃત ચરિત્રો બનાવ્યાં હતાં; જેમાંનાં 'નેમિનાહચરિયં, સણયકુમારચરિયં, ચંદપ્પહચરિયં અને મલ્લિનાહ-ચરિયં' આજે ઉપલબ્ધ થાય છે.

૬. **ધનપાલ**—તે મંત્રી પૃથ્વીપાલનો નાનો પુત્ર હતો. તે ગૂર્જરેશ્વર કુમારપાલનો મહામાત્ય હતો. તેને મોટો ભાઈ જગદેવ, પત્ની રૂપિણી અને પુત્ર નરપાલ હતો. રૂપિણીનું બીજું નામ પિણાઈ હોવાનું પણ જાણવા મળે છે. તેણે આબૂના વિમલવસહીમાં સં૦ ૧૨૩૭ માં ઠ૦ જગદેવ, મં૦ ધનપાલ અને નરપાલની મૂર્તિઓ સ્થાપન કરેલી છે. વિમલવસહીનો જીર્ણોદ્ધાર અધૂરો હતો તે પૂરું કરવાનું કામ તેણે માથે લીધું. સં૦ ૧૨૪૫ના વૈશાખ સુદિ ૫ ને ગુરુવારે જીર્ણોદ્ધાર કરી નવીન પ્રતિમાઓ ભરાવી દેરીઓ પ્રતિષ્ઠિત કરાવી. મંત્રી ધનપાલ, તેના દાદા મં૦ આણંદ, દાદી મહં૦ પદ્મા-વતી, પિતા મં૦ પૃથ્વીપાલ, માતા નામલદેવી, કાકા નાન, કાકી ત્રિભુવનદેવી, કાકાનો પુત્ર નાગપાલ, મોટાભાઈ જગદેવ, ભાભી માલ-દેવી, પત્ની રૂપિણી અને પુત્ર નરપાલના નામની લગભગ ચોવીશ મૂર્તિઓ બનાવી છે. તેઓના શ્રેય માટે જે જે વિદ્યમાન હતા તેમણે પોતે અને જે જે વિદ્યમાન નહોતા તેના માટે મં૦ ધનપાલે મૂર્તિઓ ભરાવી સ્થાપન કરી છે. આ કુટુંબની દરેક પ્રતિમાઓની પ્રતિષ્ઠા કાસહૃદગચ્છના આ૦ સિંહસૂરિના હાથે થયેલી છે. બીજા જૈનોએ પણ ઘણી પ્રતિમાઓ ભરાવી છે અને આ૦ સિંહસૂરિ તેમજ જુદા જુદા ગચ્છના આચાર્યોના હાથે પ્રતિષ્ઠિત કરાવી છે. મં૦ ધનપાલે આ અંજનશલાકામાં મોટાભાઈ જગદેવના શ્રેય માટે કાસહૃદના દેરાસરના મૂળનાયક ભ૦ શાંતિનાથની પ્રતિમાની આ૦ સિંહસૂરિના હાથે અંજન-શલાકા કરાવી હતી અને તે કાસહૃદના જિનાલયમાં વિરાજમાન

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવામાં આવી હતી. (–જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૫૨)

નાગેંદ્રગચ્છના આ૦ હરિભદ્રસૂરિએ આશરે સં૦ ૧૨૫૦ માં પાટણમાં મંત્રી ધનપાલની વિનતિથી 'ચંદ્રપ્રભચરિત્ર' રચ્યું. (–જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૬)

**૭. નરપાલ**—સં૦ ૧૨૪૫.

(–સં૦ ૧૨૨૩ લગભગમાં શ્રીહરિભદ્રસૂરિકૃત 'ચંદપ્પહચરિયં'-ની પ્રશસ્તિ, તે જ આચાર્યકૃત 'મલ્લિનાહચરિયં'ની પ્રશસ્તિ, સં૦ ૧૩૬૧ માં શ્રીમેરુતુંગસૂરિરચિત 'પ્રબંધ-ચિંતામણિ', સં૦ ૧૪૦૫ માં શ્રીરાજશેખરકૃત 'પ્રબંધકોશ', પૂ૦ જયંતવિજયજી સંપાદિત 'અર્બુદ પ્રાચીન જૈનલેખ-સંદોહ'માંના વિમલવસહીના લેખો, સત્તરમા સૈકાના કવિ-વર લાવણ્યસમયકૃત 'વિમલપ્રબંધ', પં૦ લા૦ ભ૦ ગાંધી-નો 'ગુજરાતનો પ્રાચીન મંત્રીવંશ' લેખ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૦૩)

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

## વેસટશાહવંશ-દેશલહરાવંશ

૧. વેસટ—તે ઓસિયાનો જૈન નગરશેઠ હતો. તેને વેપારીઓ સાથે વિરોધ થતાં ઓસિયા છોડી કિરાટકૂપ (કિરાડુ) આવીને વસ્યો. ત્યાં રાજા જૈત્રસિંહનો મંત્રી બન્યો અને તેને ઉપદેશ આપી રાજાને દયાપ્રેમી બનાવ્યો.

**૨. વરદેવ**—તે કિરાટકૂપનો **નગરશેઠ** બન્યો.

૩. જિનદેવ.

**૪. નાગેંદ્ર**—તેનું બીજું નામ નાચંદ હતું. તે અરડકમલ ઓશવાલ હતો.

**૫. સલ્લક્ષણ**—તે એક સાર્થવાહ પાસેથી ગુજરાતની પ્રશંસા સાંભળીને **પાલનપુર** આવી વસ્યો. તેણે અહીં ભગવાન પાર્શ્વનાથનું જિનાલય બંધાવ્યું.

**૬. આજડ**—કોઈ ઉલ્લેખ આજડને સલ્લક્ષણના પિતા બતાવે છે.

૭. **સં૦ ગોસલ**—તે નિર્ધન થઈ ગયો અને મરણ પામ્યો. તે સાત તીર્થોમાં પ્રસિદ્ધ હતો. તેને **ગુણમતી** પત્ની હતી અને ૧. **આશાધર,** ૨. સં૦ **દેશલ** અને ૩. લાવણ્યસિંહ નામે પુત્રો હતા.

(૧) **સં૦ આશાધર**—તે ગોસલનો મોટો પુત્ર હતો. તેને રત્નશ્રી પત્ની હતી. તેણે દેવગિરિમાં જઈ વેપાર ખેડ્યો, ધન કમાયો અને યશ મેળવ્યો તથા સં૦ ૧૩૫૨માં **પાલનપુર**માં ઉપકેશગચ્છના કકુદાચાર્ય સંતાનીય આ૦ **સિદ્ધસૂરિ**ના ઉપદેશથી પોતાના પિતાના કલ્યાણ માટે 'ઉત્તરજ્ઝયણસુત્ત'ની વૃત્તિ લખાવી, જેને આ૦ દેવગુપ્તના શિષ્ય **પં૦ પાસમૂર્તિ**એ વાંચી સંભળાવી. શેઠ આશાધરની પુસ્તકલેખન વિશેની માન્યતા એવી હતી કે—

"श्रुताधीनः कलौ धर्मः नैव स पुस्तकं विना।
पुस्तकानि तु लिख्यन्ते लेखकैर्लब्धवेतनैः ॥"

(–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશ૦ ૩૪)

સં૦ **આશાધર** નાની વયમાં મરણ પામ્યા. તેને પુત્ર નહોતો. પણ માણિકદેવી, સોહગદેવી, કાશ્મીરીદેવી અને માઉકાદેવી એમ ચાર પુત્રીઓ હતી. તેની ગાદીએ દેશલ શાહનો મોટો પુત્ર **સહજપાલ** આવ્યો. તેની પત્નીનું નામ સહજલદેવી હતું.

(૨) સં૦ **દેશલ**—તેની વિગત આગળ જણાવીશું.

(૩) **લાવણ્યસિંહ**—તેનું બીજું નામ લૂણસિંહ હતું. તેની પત્નીનું નામ **લાછી** હતું. તે ન્યાયસંપન્નવિભવ હતો અને દેખાવે રૂપાળો હતો. નાની વયમાં જ તે મરણ પામ્યો. તેને બે પુત્રો (૧) સામંત અને (૨) સાંગણ નામે હતા.

(૧) **સામંત**—તેને માટે કોઈ ઉલ્લેખ મળતો નથી.

(૨) **સાંગણ**—સંભવતઃ તેનું નામ **સારંગ** હતું અથવા તેને સારંગ નામે પુત્ર હતો. સારંગ દિલ્હી રહેતો હતો. તે રાજમાન્ય હતો. સં૦ **સમરા શાહ** અને **સારંગ** વચ્ચે ગાઢ સ્નેહ હતો, એ જ કારણે ઇતિહાસમાં **સમરા–સારંગ**ની જોડી વિખ્યાત બનેલી છે.

૮. **સં૦ દેશલ શાહ**—તે બુદ્ધિમાન હતો. તેણે મોટાભાઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આશાધરના મરણ પછી કુટુંબનો સમગ્ર ભાર ઉપાડી લીધો. તેણે પોતાના ત્રણ પુત્રો તેમજ લૂણુસિંહના પુત્રોને શિક્ષણ અને સંસ્કારથી આગળ વધારવાની ચીવટભરી વ્યવસ્થા કરી. તેણે **દેવગિરિમાં ભ૦ પાર્શ્વનાથનું** જિનમંદિર બંધાવ્યું અને આ૦ સિદ્ધસેનસૂરિના વાસક્ષેપથી પ્રતિષ્ઠા કરાવી. પછી તે પાલનપુર આવ્યો અને ત્યાંથી ખાસ કારણે **પાટણમાં** આવી વસ્યો. તેણે **શત્રુંજયતીર્થનો સંઘ** કાઢી સં૦ ૧૩૭૧ના માહ સુદિ ૭ને ગુરુવારે પોતાના પુત્ર **સમરશાહના** હાથે શત્રુંજયનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તે **સંઘપતિ** બન્યો હતો. તેના વંશજો **દેશલહરા** નામથી ખ્યાતિ પામ્યા. તેને (૧) સહજપાલ, (૨) સાહણુપાલ અને (૩) **સમરસિંહ** તેમજ (૪) જનકુદેવી નામે પુત્રી વગેરે સંતાનો હતાં.

(૧) **સહજપાલ**—તે પિતાની આજ્ઞાથી **દેવગિરિમાં** દાદા **આશાધરની** ગાદીએ જઈને બેઠો. ત્યાંના રાજાએ પ્રસન્ન થઈ તેને કર્પૂરવાળું પાનનું બીડું આપ્યું તેથી ભાટોએ તેને 'કર્પૂરધારાપ્રવાહ'[1] બિરુદથી નવાજ્યો. પિતાની આજ્ઞા મળતાં તેણે વિશાળ ભૂમિ ઉપર **ભ૦ પાર્શ્વનાથનો** જિનપ્રાસાદ બનાવ્યો, જેમાં શિખરવાળો ગભારો, રંગમંડપ, ભમતી અને કિલ્લો બનાવ્યાં. ભમતીમાં ૨૪ જિનની દેરીઓ બનાવી અને બીજી ચાર નાની દેરીઓ બનાવી. આ૦ સિદ્ધસેનસૂરિના વાસક્ષેપથી પિતાના હાથે ૧ પાર્શ્વનાથ, ૨૪ તીર્થંકરો, **સચ્ચિયકાદેવી,**

---

૧. આ૦ કક્કસૂરિ કર્પૂરધારાપ્રવાહ માટે લખે છે કે—

सहजः श्रीदेवगिरौ रामदेवनृपं गुणैः ।
तथा निजवशं चक्रे यथा नान्यकथामसौ ॥९२५॥
कर्पूरपूरसुभगं ताम्बूलं यस्य यच्छतः ।
कर्पूरधाराप्रवाहविरुदं बन्दिनो ददुः ॥९२६॥

(—સં૦ ૧૩૯૩નો શત્રુંજયતીર્થોદ્ધારપ્રબંધ, પ્રસ્તાવ બીજો, પૃ૦ ૧૦૧)

આથી સમજાય છે કે મધ્યયુગમાં ભારતમાં રાજા-મહારાજાઓ જેને કપૂરવાળું પાન-બીડું આપતા તેને જનતા 'કર્પૂરધારાપ્રવાહ' એવા બિરુદથી નવાજતી હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અંબિકાદેવી, સરસ્વતીદેવી** અને **ગુરુમૂર્તિ**ની પ્રતિષ્ઠા કરાવી.
(–નાભિનંદન જિનોદ્ધારપ્રબંધ, પ્ર૦ ૨, શ્લો૦ ૯૪૦)

તેની પત્નીનું નામ સહજલદેવી હતું. કોઈ લેખક તેને સારંગ નામે પુત્ર હોવાનું જણાવે છે.

(૨) **સાજનપાલ**—તેની પત્નીનું નામ રાજિમતી હતું. તેને તેના પિતાએ ખંભાત મોકલ્યો. તેના વંશજોનો ઉલ્લેખ મળતો નથી. સંભવ છે કે, **સાધુ સજ્જનસિંહ** તેની ગાદીએ આવ્યો હોય.

૯. સં૦ **સમરસિંહ**—તે દેશલ શાહનો નાનો પુત્ર હતો. તેની પત્નીનું નામ **રંભોલી** હતું. સમરસિંહ પિતાની સાથે જ રહેતો હતો. તે પિતાની સાથે **પાટણ** આવી વસ્યો. એ સમયે દીલ્હીના બાદશાહ અલ્લાઉદ્દીન ખિલજીએ **અલફખાન**ને સૈન્ય આપી ગુજરાત જીતી લેવા મોકલ્યો. તેણે ગુજરાત જીતી લીધું અને ત્યાંનો સૂબો થઈ બેઠો. તે પાટણમાં સર્વમાન્ય સમરસિંહના શુદ્ધ વ્યવહાર ને દેખી તેના ઉપર ખૂબ પ્રસન્ન હતો. તે સમરસિંહની દરેક વાતને બરાબર સાંભળતો, માન્ય કરતો અને તે અમલમાં મૂકવા પ્રયત્નશીલ રહેતો.

સં૦ ૧૩૬૯ માં મુસ્લિમ સૈન્યે ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હિંદુ-તીર્થો ઉપર વિનાશ વેર્યો. મૂર્તિઓ તોડી નાખી. એ વેળા શત્રુંજય તીર્થમાં પણ ઘણી તોડફોડ કરી અને મૂળનાયક શ્રીઆદીશ્વરની મૂર્તિને ખંડિત કરી.

આ અંગે છૂટાછવાયા એવા ઉલ્લેખો મળે છે કે, મુસલમાનો મૂર્તિઓ ભાંગે છે એવી દહેશતથી લોકો ભ૦ ઋષભદેવની પ્રતિમાને **પીરમબેટ** લઈ ગયા અને ત્યાં સુરક્ષિત સ્થળે છુપાવી દીધી. સાધારણ જનતાએ માની લીધું કે તીર્થની રખવાલ દેવીએ તે પ્રતિમાને ગુપ્ત સ્થાને છુપાવી છે. શેઠ ગોસલને તીર્થનો ભંગ થયેલો જાણી ભારે આઘાત લાગ્યો. તેણે આ૦ સિદ્ધસેન પાસેથી શત્રુંજયતીર્થના અગાઉના ઉદ્ધારોનો ઇતિહાસ સાંભળી પુત્ર સમરા શાહને આજ્ઞા કરી કે, 'તું શત્રુંજય-તીર્થનો ઉદ્ધાર કરાવ.'

સમરાશાહે ગુરુ પાસે જઈ **પ્રતિજ્ઞા** કરી કે, 'જ્યાં સુધી શત્રું-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જયતીર્થનો ઉદ્ધાર ન થાય ત્યાં સુધી હું પ્રતિદિન બે વખત ભોજન, તૈલાભ્યંગ સ્નાન, એક વિગઈનો ત્યાગ કરીશ અને ભૂમિસંથારો કરીશ.'

**સમરસિંહ** સમય જોઈને સૂબા પાસે ગયા. સૂબો આનંદમાં હતો. સમરસિંહને જોઈને ખુશ થયો. સમરસિંહે લાગ જોઈ કહેવા માંડયું. 'ખુદાવિંદ! હિંદુઓનાં તીર્થોનો નાશ થવાથી ધર્મકાર્યો અટકી પડયાં છે, તો મને આજ્ઞા આપ કે, હું શત્રુંજયતીર્થને ફરીથી તૈયાર કરું. તોડજોડ એ વિધિના હાથમાં છે. તીર્થને તોડવું અને બનાવવું એ તમારા હાથમાં છે. તો તું આનો વિધિ બન અને મને ફરમાન લખી આપ.' આ વાતથી પ્રસન્ન થઈ સૂબાએ સમરસિંહને ફરમાન લખી આપ્યું એટલું જ નહિ પણ સૌરાષ્ટ્રના હાકેમ મલિક **બહેરામ**ને આજ્ઞા કરી કે, 'શેઠને તીર્થ બાબતમાં સર્વ પ્રકારની સગવડ કરી આપવી.'

સમરા શાહે બહિરામ શાહને ખુશ કરી તેની સમ્મતિ પણ મેળવી લીધી.

સમરા શાહની ઇચ્છા હતી કે, મંત્રી વસ્તુપાલે મૂર્તિ માટે છુપાવી રાખેલ મમ્માણી પથ્થરમાંથી નવી પ્રતિમા બનાવવી પણ પાટણમાં ભ૦ અરિષ્ટનેમિના મંદિરમાં **આ૦ સિદ્ધસેન**ની મુખ્યતામાં સંઘ મળ્યો. સંઘે ગંભીર વિચારણા કરી આજ્ઞા આપી કે, મંત્રી વસ્તુપાલવાળી ફલહી હાલ એમ ને એમ રાખવી અને આરાસણથી નવી ફલહી મંગાવવી ને તેમાંથી નવી પ્રતિમા ઘડીને સ્થાપન કરવી.

સમરા શાહે પિતાની આજ્ઞા મેળવી માણસોને **ત્રિસંગમકર** મોકલ્યાં. તેમણે ત્યાં જઈ ત્યાંના રાજા મહીપાલની આજ્ઞા મેળવી ખાણમાંથી મોટી શિલા કઢાવી અને શિલ્પીઓ પાસે નવી મૂર્તિ ઘડાવી તૈયાર કરાવી. આ તરફ સમરા શાહે મૂળ આદીશ્વર પ્રાસાદનો પાયાથી તે કળશ સુધીનો ઉદ્ધાર કરાવ્યો. બીજા તે શ્રીવત્સકુળના[1]

**શ્રીવત્સવંશ**—

(૧) ભાહડના વંશમાં (૪૩) આ૦ માણિક્યપ્રભ તેમજ (૪૯) આ૦ કમલપ્રભસૂરિ થયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શેઠ સ્થિરદેવના પુત્ર લૂંઢક વગેરે શ્રાવકોએ બીજી બીજી દેરીઓનો ઉદ્ધાર કરાવ્યો. દરમિયાન ઘડાયેલી નવી પ્રતિમા ભાંડુ, પાટણ, પીપરાળી થઈ પાલીતાણા પહોંચતી કરવામાં આવી. ૭ દિવસમાં તે પ્રતિમાને શત્રુંજયગિરિ ઉપર ચડાવી દેવામાં આવી.

સર્વવિદ્યાવિશારદ **મુનિ બાલચંદ્રજી** પહેલેથી જ સાથે હતા. તેમણે નવી મૂર્તિને મૂળ ગાદી ઉપર સ્થાપન કરાવી.

સંઘવી દેશલે ગુરુની આજ્ઞા લઈ, મુહૂર્ત જોવરાવી, દેશોદેશ આમંત્રણ મોકલી, શુભ દિવસે પાટણથી શત્રુંજયનો છરી પાળતો યાત્રા **સંઘ** કાઢચો. ગુજરાતના સૂબા **અલપખાને** સંઘની રક્ષા માટે મોટું સૈન્ય સાથે મોકલ્યું. આ સંઘમાં ભોજન-પાંગરણ વગેરેની દેખરેખ સં૦ સમરા શાહ રાખતા હતા અને શેઠ સોમપાલ સંઘની દેખરેખ રાખતા હતા. સંઘે પીપરાળી ગામ પાસે આવી દૂરથી શત્રુંજયતીર્થનાં દર્શન કર્યાં. પાલીતાણા આવીને શ્રીસંઘે મંત્રી વસ્તુપાલનાં ધર્મપત્ની લલિતાદેવીના નામથી બંધાયેલા **લલિતા** સરોવરના કિનારે પડાવ નાખ્યો.

એ જ સમયે ખંભાતથી **સાજનપાલ** અને દેવગિરિથી **સહજપાલ** સંઘ સાથે પાલીતાણા આવી પહોંચ્યા. પિતા, પુત્ર અને ભાઈ ઓનો કુટુંબમેળાવડો પાલીતાણામાં થયો અને સૌ હર્ષ પામ્યા.

---

(૨) યશોભદ્રના વંશમાં (૪૨) આ૦ શ્રીપ્રભ થયા તેમજ (૪૬) આ૦ પ્રજ્ઞાતિલકસૂરિ થયા. (૪૭) આ૦ રત્નપ્રભ થયા.

(૪) શ્રીકુમાર–તેણે વૃદ્ધ ગામમાં આ૦ કમલપ્રભને આચાર્યપદ અપાવ્યું. પત્ની અભયશ્રી, પુત્રો શોભાક, બોડાક, સાલ્હાક.

(૯) જસાક–તેણે તથા બેન વીઝીયાએ પોતાના વંશના આ૦ રત્નપ્રભના ઉપદેશથી ઉપદેશમાળા લખાવી. (જૈ૦પુ૦પ્ર૦સં૦, પ્ર૦ ૮૬)

સ્થિરપાલના પૂર્વજો–(૧) ધનદેવ પોરવાડ (જાલોર), સહજલદેવી, (૨) બ્રહ્માક, (૩) ઝાંઝણ, (૪) આશાધર, (૫) ગોગિલ, (૬) પદ્મ (સુરલક્ષ્મી), (૭) સ્થિરપાલ (દ્વિવિકા) સં૦ ૧૪૧૮ કાર્તિક વદિ ૧૦.

(–જૈન પુસ્તકપ્રશસ્તિસં૦, પ્ર૦ ૮૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સંઘમાં[1] ઉપકેશગચ્છના આ૦ દેવગુપ્તસૂરિ, આ૦ સિદ્ધસેનસૂરિ અને આ૦ કક્કસૂરિ (ઉપકેશગચ્છ પટ્ટાવલી, પટ્ટાંક: ૬૪, ૬૫, ૬૬, પ્રક૦ ૧) નાગેંદ્રગચ્છના આ૦ પ્રભાનંદસૂરિ, ભાવડારગચ્છના આ૦ વીરસૂરિ, હેમસૂરિસંતાનીય **આ૦ વજ્રસેન**, થારાપદ્રગચ્છીય આ૦ સર્વદેવસૂરિ, બ્રહ્માણગચ્છના આ૦ જગતસૂરિ, નિર્વૃતિગચ્છના આ૦ આમ્રદેવસૂરિ, નાણકગચ્છના આ૦ સિદ્ધસેનસૂરિ, બૃહદ્ગચ્છના આ૦ **ધર્મઘોષસૂરિ** (પ્રક૦ ૪૬), વૃદ્ધ પોષાળગચ્છના આ૦ રત્નાકરસૂરિ (પ્રક૦ ૪૩ પટ્ટાંક. ૪૯) વગેરે મુખ્ય આચાર્યો આ સંઘમાં પધાર્યા હતા.

**સમરાશાહે** સં૦ ૧૩૭૧ના મહા સુદિ ૭ને ગુરુવારના દિવસે ભ૦ આદીશ્વરની પ્રતિષ્ઠા કરાવી.

સંઘ **વીશ દિવસ** ગિરિરાજ ઉપર રહ્યો. સં૦ સહજપાલે આચાર્યો, વાચનાચાર્યો, ઉપાધ્યાયો, મુનિઓ વગેરે ૨૦૦ સાધુઓનો સત્કાર કર્યો.

---

૧. સં૦ ૧૩૬૮માં શત્રુંજયતીર્થનો ભંગ થયો અને સં૦ ૧૩૭૧ના મહા સુદિ ૭ને ગુરુવારે તીર્થનો ઉદ્ધાર કરાવ્યો. આ પ્રસંગે ઘણા ગચ્છના આચાર્યો વિદ્યમાન હતા. (આ આચાર્યોના વિશેષ પરિચય માટે જૂઓ આ૦ દેવગુપ્તસૂરિ, આ૦ સિદ્ધસેનસૂરિ, આ૦ કક્કસૂરિ (પ્રક૦ ૧, ઉપકેશગચ્છ પટ્ટાવલી. પટ્ટાંક: ૬૪, ૬૫, ૬૬, પૃ૦ ૩૨, ૩૩) આ૦ વિબુધપ્રભ, પટ્ટધર આ૦ પ્રભાનંદ, બીજું નામ આ૦ પદ્મચંદ્ર (પ્રક૦ ૩૫, નાગેંદ્રગચ્છ પટ્ટાવલી ત્રીજી, પટ્ટાંક: ૫, પૃ૦ ૮) આ૦ વીરસૂરિ (પ્રક૦ ૩૪, ભાવાચાર્યગચ્છપટ્ટાવલી, પટ્ટાંક: ૭, પૃ૦ ૫૫૭) આ૦ વર્ધમાનસૂરિ શિષ્ય આ૦ સર્વદેવસૂરિ (પ્રક૦ ૩૫, થારાપદ્રગચ્છીયપટ્ટાવલી, પટ્ટાંક: ૧૨, પૃ૦...) આ૦ જગતચંદ્રસૂરિ (પ્રક૦ ૩૫, બ્રહ્માણગચ્છ, પૃ૦ ૬૮) આ૦ વજ્રસેન, આ૦ હેમતિલકસૂરિ (પ્રક૦ ૪૧, વાદિદેવસૂરિ સંતાનીય) આ૦ આમ્રદેવસૂરિ (પ્રક૦ ૩૫, નિર્વૃતિકુલ, પૃ૦ ૪૯) આ૦ સિદ્ધસેન (પ્રક૦ નાણાવાલગચ્છ, પટ્ટાંક: ... આ૦ રત્નાકર (પ્રક૦ ૪૩, તપાગચ્છ વડીપોષાળ પટ્ટાંક: ૪૯) આ૦ ધર્મઘોષ (પ્રક૦ ૪૬ વડગચ્છ–તપાગચ્છ–લઘુપોષાળ પટ્ટાંક: ૪૬, પૃ૦...)

અહીં નોંધપાત્ર હકીકત એ છે કે, આ સંઘમાં અને આ જીર્ણોદ્ધાર પ્રસંગમાં ખરતરગચ્છ તથા પૂનમિયાગચ્છના આચાર્યો સામેલ ન હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંઘમાં ૭૦૦ ચારણ, ૩૦૦૦ ભાટ, ૧૦૦૦થીયે વધુ ગાયકો હતા, તેઓને ખુશ કર્યા. યાત્રીઓ તેમજ શિલ્પીઓ વગેરેને રાજી કર્યા.

સંઘ ત્યાંથી **ગિરનાર તીર્થમાં** ગયો. ત્યાં દશ દિવસ રોકાયો. ત્યાંથી **પ્રભાસપાટણ**, વણથલી, દેવપાટણ, **અજારા**, કોડીનાર, અને **દીવબંદર** થઈ ફરી વાર પાલીતાણા ગયો.

આ૦ સિદ્ધસૂરિએ ઉ૦ મેરુગિરિને સં૦ ૧૩૭૧ના મહા સુદિ ૫ના રોજ **આચાર્યપદ** આપી આ૦ **કક્કસૂરિ** બનાવ્યા. સંઘ પાટડી, હારિજ, મોઈલા થઈને **પાટણ** આવ્યો. નગરજનોએ સંઘનો સત્કાર કર્યો.

સં૦ દેશલે સં૦ ૧૩૭૫માં ૭ લઘુ આચાર્યો વગેરે સાથે શત્રુંજયનો બીજી વાર છરી પાળતો સંઘ કાઢયો.

આ૦ **સિદ્ધસેન** સં૦ ૧૩૭૬ના ચૈત્ર સુદિ ૧૪ના રોજ પાટણમાં સ્વર્ગસ્થ થયા.

સમરા શાહે શત્રુંજય ઉપર અષ્ટાપદચૈત્ય તથા દેશલવસહી જિનાલયો બંધાવ્યાં. દેશલવસહીમાં આ૦ સિદ્ધસેન, સં૦ શેઠ આશાધર, સં૦ દેશલ, શેઠ લૂણસિંહ વગેરેની અંજલિમુદ્રામાં મૂર્તિઓ સ્થાપન કરી, જે આજે પહેલી ટૂંકમાં છૂટીછવાયી ચોડેલી વિદ્યમાન છે.

દિલ્હીના બાદશાહ **કુતબુદ્દીને** સમરા શાહને દિલ્હી બોલાવી આદર કર્યો અને દિલ્હીમાં વેપારીઓના વડા તરીકે તેમની નિમણૂંક કરી.

સમરસિંહ મહાદાની હતો. તેણે એક **ગવૈયાને** એક ધ્રુવપદથી ખુશ થઈ ૧૦૦૦ ટંકા આપ્યા હતા.

ગયાસુદ્દીને પણ સમરા શાહનો ભારે સત્કાર કર્યો. ટૂંકમાં દિલ્હી દરબારમાં સમરા શાહની લાગવગ ઘણી વધી ગઈ.

બાદશાહે પાંડુ દેશના રાજા વારવલ્લને કેદમાં પૂર્યો હતો, સમરસિંહે તેને છોડાવી પાંડુ દેશની ગાદીએ બેસાડયો, આથી સમરસિંહને 'રાજસ્થાપનાચાર્ય' તરીકેનું બિરુદ મળ્યું. સમરસિંહે સં૦ ૧૩૭૫માં ફરીવાર છરી પાળતો શત્રુંજયનો યાત્રાસંઘ કાઢયો.

સમરા શાહે બાદશાહનું ફરમાન મેળવી આ૦ જિનપ્રભસૂરિ સાથે મથુરા, હસ્તિનાપુર વગેરે તીર્થોની યાત્રા કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમરા શાહ દેવગિરિ ગયો. ત્યાં ગયાસુદ્દીનનો નવાબજાદો ઉલુઘખાન નામે હતો. તેણે સમરસિંહને પોતાનો ભાઈ જાહેર કરી ખૂબ સન્માન કર્યું. તેને તિલંગનો રાજા બનાવ્યો. તે તેને તિલંગનો સરદાર તથા ચાચા કહી બોલાવતો હતો.

મુસલમાન સૈન્યે પાંડુ દેશના રાજા–પ્રજા વગેરે ૧૧ લાખને કેદમાં પૂર્યા હતા. તેને સમરસિંહે છોડાવી મૂકયા અને દેવગિરિમાં નવા જૈનોને વસાવી **રામરાજ્ય** પ્રવર્તાવ્યું. ઉરંગલમાં નવું જિનમંદિર બંધાવ્યું. સમરા શાહ સં૦ ૧૩૯૩માં મરણ પામ્યો. આ૦ કક્કસૂરિએ તે જ સાલમાં પાટણમાં 'નાભિનંદનજિનોદ્ધારપ્રબંધ'ની રચના કરી શત્રુંજયઉદ્ધારપ્રબંધ ગ્રં૦ : ૨૨૪૩ બનાવ્યો.

(–જૂઓ, નાભિનંદનજિનોદ્ધાર પ્રબંધ, શત્રુંજય ઉદ્ધાર પ્રબંધ રચના સં૦ ૧૩૯૩, પ્રબંધ-પ્રસ્તાવ ૫, ગ્રં૦ : ૨૨૪૩ વગેરે)

સમરા શાહની પત્નીનું નામ રંગોલી હતું. તેમને ૧ સાલ્હ, ૨ સત્ય, ૩ ડુંગર, ૪ સાલિક, ૫ સ્વર્ણપાલ અને ૬ સાધુ સજ્જનપાલ એમ ૭ પુત્રો હતા. તે પૈકી બીજા પુત્ર **સત્યસિંહે** શત્રુંજયતીર્થનો છરી પાળતો સંઘ કાઢયો હતો તથા બાવન જિનાલયવાળો મોટો **જિનપ્રાસાદ** બંધાવ્યો હતો. ત્રીજો પુત્ર **ડુંગરસિંહ** દિલ્હીમાં બાદશાહનો માનીતો હતો. ચોથા પુત્ર **સાલિક શાહે** મોટા જીર્ણોદ્ધારો કરાવ્યા હતા. પાંચમા પુત્ર સ્વર્ણપાલે શત્રુંજયતીર્થનો છરી પાળતો સંઘ કાઢયો હતો, જેમાં સાથે ચોવીશ જિનાલયો હતાં. છઠ્ઠો પુત્ર **સજ્જનસિંહ** અત્યંત સાધુવૃત્તિનો હતો.

૧૦. **સાધુ સજ્જનસિંહ**—તે સં૦ સમરા શાહનો છઠ્ઠો સૌથી નાનો પુત્ર હતો. સમરા શાહના મોટાભાઈનું નામ **સજ્જનપાલ** હતું અને આ છઠ્ઠા પુત્રનું નામ પણ સજ્જનસિંહ મળે છે. આ રીતે મોટા કાકા અને ભત્રીજાનું એક જ નામ હોય એ સમજાતું નથી. પણ એક નામ હોવાથી બંનેની જીવનઘટનાઓને અલગ કરવાનું કામ અશકય છે. શિલાલેખોમાં સાધુ સજ્જનસિંહ 'સાધુ' બિરુદવાળો અને જગતના જીવોનું કલ્યાણ કરનારો લેખાયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇતિહાસ કહે છે કે તે સમયે **સલક્ષણપુર** નગર, જે આજે શંખલપુર નામથી પ્રસિદ્ધ છે, તેમાં વીશા પોરવાડ જ્ઞાતિના શેઠ વીદા શાહ, તેમની પત્ની વીરમદે અને તેમનો પુત્ર **કોચર શાહ** રહેતા હતા. કોચર નાનપણથી જ ધર્મશીલ અને દયાળુ હતો. એ શંખલપુર પાસેના બહુચરાજીના મંદિરમાં મોટો પ્રાણીસંહાર થતો હતો. એવી લોકવાયકા છે કે, મ્લેચ્છોએ બહુચરાજીનો કૂકડો મારી ખાધો. તે કૂકડો સવાર થતાં તેઓના પેટમાં કૂકડુક કૂકડુક કરવા લાગ્યો. આથી તે દેવીનું માહાત્મ્ય વધી ગયું. અહીં થતો જીવવધ જોઈને કોચર શાહને ભારે દુઃખ થતું હતું. તે એકવાર વ્યાપારના કારણે ખંભાત ગયો. ત્યાં ચૌદશના દિવસે શ્રીદેવસુંદરસૂરિના પટ્ટધર આ૦ **સાધુરત્નસૂરિના** વ્યાખ્યાનમાં ગયો. વ્યાખ્યાનમાં મોટા મોટા ધનાઢ્ય શ્રેષ્ઠીઓ બેઠા હતા. સૌએ કોચર શાહને સાધર્મિક બંધુના હિસાબે સૌથી આગળ બેસાડચો તે સમયે ખંભાતમાં સુલતાનનું રાજ્ય હતું. દેશલહરાવંશનો અરડકમલ સાધુ સજ્જનસિંહ ઓશવાલ રાજમાન્ય મોટો જૈન હતો. તે પણ આ વ્યાખ્યાનસભામાં હાજર હતો. આચાર્યશ્રીએ સ્વાભાવિક રીતે જ જીવદયા પર સચોટ વ્યાખ્યાન આપ્યું. આ સાંભળી કોચર શાહે બહુચરાજીમાં થતા પ્રાણીસંહાર વિશે સભા સમક્ષ નિવેદન કર્યું અને તેને અટકાવવા સૌને વિનંતિ કરી. આચાર્યશ્રીના કહેવાથી સાધુ સજ્જનસિંહ કોચર શાહને પોતાના ઘેર લઈ ગયો. તેમને જમાડચા પછી તે સુલતાન પાસે લઈ ગયો. સુલતાનને સમજાવી કોચર શાહને શંખલપુરના બાર ગામનો **ફોજદાર** બનાવ્યો. કોચર શાહે શંખલપુર જતાં જ બાર ગામ—૧ સલખણપુર, ૨ હાંસલપુર, ૩ વડાવલી, ૪ સીતાપુર, ૫ નાવિયાણી, ૬ બહિચર, ૭ ટૂંઅડ, ૮ દેલવાડુ, ૯ દેનમાલ, ૧૦ મોઢેરા, ૧૧ કાલહરિ અને ૧૨ છમીછુંમાં અમારિપટહ વગડાવ્યો અને જીવહિંસા બંધ કરાવી. આ ગામોમાં તળાવમાં નંખાતી જાળ બંધ કરાવી. શિકારી પ્રાણીઓને ઉડાડવા માટે ટોયા ગોઠવ્યા. પશુ–પંખીઓ માટે અનાજ તથા પાણીનાં કૂંડાં મુકાવ્યાં અને પરબોમાં પાણી ગળાવવાનો પ્રબંધ કર્યો.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિલ્હીના રાજમાન્ય **સારંગ શાહ** તથા ડુંગર શાહનો કવિ ઠક્કુર **દેપાલ** ફરતો ફરતો શંખેશ્વરની યાત્રાએ જતાં શંખલપુર આવ્યો. તેણે અમારિ પળાતી જોઈ તે ખંભાત ગયો અને તેણે ત્યાં ચૌદશના વ્યાખ્યાનમાં કવિત્ત કરી કોચર શાહની ખૂબ પ્રશંસા કરી. ત્યાંથી તે શંત્રુજયતીર્થની યાત્રાએ ગયો. આ તરફ, તેણે કોચર શાહનાં કરેલાં વખાણનું ફળ ઊલટું આવ્યું.

સાધુ સજ્જનસિંહને ઇર્ષ્યા થઈ આવી કે, કોચર શાહને ઊંચે લાવનાર હું છતાં મારું નામ પણ નહીં અને કોચર શાહનાં આટલાં વખાણ ! ઠીક છે, જોઈ લઈશ. તેણે સુલતાનને અવળી પાટી ભણાવી અને તરત જ કોચર શાહને પકડાવી જેલમાં પુરાવ્યો. આથી લોકમાં સજ્જનસિંહની નિંદા થવા લાગી અને શંખલપુર–બહુચરાજીમાં જીવ-હિંસાનો દોર છૂટો થયો—ખૂબ હિંસા થવા લાગી.

ઠકુર દેપાલ ફરી ખંભાત આવ્યો ત્યારે તેને પોતાની ભૂલ સમજાઈ. તેને સ્પષ્ટ થયું કે સજ્જનસિંહને ચીડવવામાં હું જ નિમિત્ત થયો છું. તેને ભારે દુઃખ થયું. સજ્જનસિંહને રીજવવાનો તેણે ઈરાદો કર્યો. તે સજ્જનસિંહ પાસે ગયો અને કવિતોની ઝડી વરસાવવા લાગ્યો. આખરે તેને ખુશ કર્યો અને સાથોસાથ જણાવી દીધું કે, 'તારી કૃપાથી બહુચરાજીના પૂજારીઓ પાડાઓ કાપે છે. તારી મહેરબાની છે કે અવળી મૂઠે અમારિ પળાય છે.' સજ્જનસિંહ આ સાંભળીને શરમાયો. તેણે કોચરને છોડી મૂકી ફરીથી બાર ગામનો હાકેમ બનાવ્યો. કોચર શાહે શંખલપુરમાં ફરીથી બાર ગામોમાં અમારિ પ્રવર્તાવી.

આ ઘટના ઉપરથી સમજી શકાય છે કે, સાધુ સજ્જનસિંહે કોચર શાહને ઊંચે લાવી બાર ગામોમાં અમારિ પળાવી હતી. માટે જ શિલાલેખમાં ઉલ્લેખ મળે છે કે, સં૦ ૧૪૪૨માં તે જગતના જીવોના કલ્યાણ માટે થયો, સંભવ છે કે આ ઘટના સં૦ ૧૪૪૨માં બની હોય. સજ્જનસિંહે પછી શત્રુંજયતીર્થ ઉપર આ ભૂલનું પ્રાય-શ્ચિત્ત કર્યું હતું અને સંભવતઃ બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું હતું. એ રીતે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેણે શિલાલેખમાં જણાવ્યા મુજબ તીર્થપદ મેળવ્યું, આથી તે 'સાધુ' તરીકે પ્રસિદ્ધિ પામ્યો.

(-નિર્વૃતિગચ્છના આ૦ આમ્રદેવનો 'સમરરાસ,' સં૦ ૧૩૭૧ આ૦ કક્કસૂરિનો નાભિનંદનજિનોદ્ધારપ્રબંધ; દેશલહરા શેઠ શિવશંકરની પત્ની દેવલદેવીએ સં૦ ૧૫૧૬ના ચૈત્ર સુદિ ૮ને રવિવારે ઉપકેશગચ્છના આ૦ કક્કસૂરિના વાચનાચાર્ય વિત્તસારને વહોરાવેલ સ્વર્ણાક્ષરી કલ્પસૂત્રની લેખન-પ્રશસ્તિ શ્લો૦ ૬ થી ૧૭, આ૦ વિજયસેનસૂરિ પ્રશિષ્ય મુનિ ગુણવિજયજીકૃત ' કોચર વ્યવહારિયાનો રાસ ' સં૦ ૧૬૮૭, ડીસા; 'ઐતિહાસિક રાસસંગ્રહ ' ભા. ૧નો રાસ-સંક્ષિપ્તસાર')

મહાકવિ **દેપાલ**—તે ભોજક જ્ઞાતિનો જૈન હતો. કવિ ઋષભદાસ તેના વિશે જણાવે છે કે—'**હંસરાજ વાછો દેપાલ** '(કુમારપાલરાસ). એટલે તે સમયે ગણાતા મહાકવિઓમાં તેની ગણના થતી હતી. જૈન ભોજકો પોતાને ઠાકુર તરીકે ઓળખાવે છે એ રીતે તે પોતાને ઠાકુર બતાવે છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ઠ૦ દેપાલ દેશલહરાવંશના સં૦ **સમરા શાહ**ની નિશ્રામાં દિલ્હીમાં જ રહેતો હતો. તેણે ' ૧ સ્થૂલભદ્ર કક્કાવલી, ૨ ચંદનબાલા ચોપાઈ, ૩ હરિયાળી, ૪ સં૦ ૧૫૨૨માં રચેલી વજ્રસ્વામીની ચોપાઈ, ૫ આર્દ્રકુમારસૂડ, ૬ રોહિણિયા ચોરનો રાસ, ૭ જાવડ શાહ રાસ, ૮ શ્રેણિક-અભયકુમારચરિત, ૯ સં૦ ૧૫૨૨ના અષાડ સુદિ ૧૫ના રોજ રચેલો ' જંબૂસ્વામી પાંચ ભવ રાસ, ૧૦ સ્થૂલિભદ્ર ફાગ (ટૂંક : ૨૭), ૧૧ મંગલદીવો' વગેરે રાસ આદિ ગ્રંથો રચ્યા છે.

## દોશીવંશ

૧. **રાજકોઠારી**—ગ્વાલિયરનો રાજા આમ આ૦ બપ્પભટ્ટસૂરિનો ઉપાસક હતો. તેને રાજકોઠારી બનાવ્યો. તે ઓસવાલ જ્ઞાતિમાં દાખલ થયો અને તેનો વંશ કોઠારી તરીકે જાહેર થયો. તેની પરંપરા આ પ્રમાણે છે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧. સરણદેવ**—ગ્વાલિયરનો રાજા નાગાવલોક, જેનું બીજું નામ આમ રાજા હતું, તે આ૦ બપ્પભટ્ટિસૂરિનો ઉપાસક હતો. તેને એક રાણી વણિકપુત્રી હતી. (જૂઓ, પ્રક૦ ૩૨, પૃ૦ ૫૩૮)

આમ રાજાને તે વૈશ્ય રાણીથી એક પુત્ર થયો, તેનું નામ સરણદેવ હતું. સરણદેવ ઓસવાલ જ્ઞાતિમાં દાખલ થયો. આમ રાજાએ તેને રાજ્યનો કોઠારી બનાવ્યો, તેનાથી **કોઠારીવંશ** ચાલ્યો. તે ચિત્તોડમાં રહેતો હતો. તેની પરંપરા આ રીતે મળે છે—

૨. રામદેવ, ૩. લક્ષ્મીસિંહ, ૪. ભુવનપાલ, ૫. ભોજદેવ (ભોજરાજ), ૬. ઠક્કુરસિંહ (અમરસિંહ), ૭. ખેતાક (ખેતોજી), ૮. નરસિંહ.

૯. **દોસી તોલાશાહ**—તે મેવાડના સાંગા રાણા (સં૦ ૧૫૬૫થી ૧૫૮૫)નો મિત્ર હતો. તે કાપડનો વ્યાપારી બન્યો. એટલે દોશી કહેવાયો. તોલાશાહ માટે શિલાલેખોમાં 'દો૦' શબ્દ વપરાયો છે. તેને ૧. તારાદેવી, ૨. લીલૂદેવી નામે બે પત્નીઓ હતી. સં૦ તોલાશાહ અને લીલૂદેવીને ૬ પુત્રો તથા ૧ પુત્રી એમ સાત સંતાનો હતાં. પુત્રોનો પરિચય આ પ્રમાણે છે—

(૧) દોશી **રત્નાશાહ**—તેને રજમલદે નામે પત્ની હતી તથા શ્રીરંગ નામે પુત્ર હતો. દોશી રત્નાશાહે ચિત્તોડના કિલ્લામાં મોટો જિનપ્રાસાદ બનાવ્યો હતો.

(૨) **પોમો**—તેને પદ્મા અને પાટમદે પત્નીઓ હતી તેમજ માણેક અને હીરો નામે પુત્રો હતા.

(૩) **ગુણરાજ**—તેને ગુરાંદે કે ગારવદે પત્ની હતી અને દેવરાજ નામે પુત્ર હતો.

(૪) **દશરથ**—તેને દેવલદે અને કરમદે પત્નીઓ તથા કેહલો નામે પુત્ર હતો.

(૫) **ભોજક**—તેનું બીજું નામ સોસાગ મળે છે. તેને ભાવલદે અને હર્ષદેવી પત્નીઓ તથા મંડન નામે પુત્ર હતો.

**કર્માશાહ**—તે દોશી તોલાશાહ તથા સં૦ લીલૂદેવીનો સૌથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાનો છઠ્ઠો પુત્ર હતો. દોશી તોલાશાહના સમયે ચિત્તોડની ગાદી પર સાંગા રાણો હતો અને દોશી કર્માશાહના સમયે કુંભા રાણાની પાટે રાણો રાજમલજી, તેનો પુત્ર રાણો સંગ્રામસિંહ, તેનો પુત્ર રાણો રત્નસિંહ રાજા હતો.

આ સમયે અમદાવાદમાં સુલતાન મહમ્મદ બેગડા(સં૦ ૧૫૧૯થી ૧૫૭૦)નું રાજ્ય હતું. મહમ્મદ બેગડાના પુત્ર અહમ્મદ સિકંદરે સં૦ ૧૫૨૫–૨૭માં સૌરાષ્ટ્ર પર સવારી કરી. સોમનાથ પાટણ, ગિરનારતીર્થ, દ્વારિકાતીર્થ અને શત્રુંજયતીર્થ વગેરે હિંદુ તીર્થધામોનો વિનાશ કર્યો. મંદિરો ભાંગ્યાં, પ્રતિમાઓ તોડી. આ વાત સાંભળીને દો૦ તોલાશાહને ઘણું દુઃખ થયું. આ અરસામાં તપાગચ્છની વડી પોષાળના નં૦ ૫૭મા આ૦ રત્નસિંહસૂરિ અને આ૦ ધર્મરત્નસૂરિ રણથંભોરના મહામંત્રી સંઘપતિ **ધનરાજ**ના છરી પાળતા યાત્રાસંઘ સાથે આબૂ વગેરે તીર્થોની યાત્રા કરી ચિત્તોડ પધાર્યા.[1] સાંગા રાણાએ તેઓનું ઘણું માન-સમ્માન કર્યું. દો૦ તોલાશાહે આ૦ રત્નસિંહસૂરિ પાસે જઈ જણાવ્યું કે, 'ભગવન્! મુસલમાનોએ શત્રુંજય મહાતીર્થ ભાંગ્યું છે. સં૦ **સમરા શાહે** સં૦ ૧૩૭૧માં શત્રુંજય મહાતીર્થનો મોટો ઉદ્ધાર કરાવ્યો હતો, તે મૂળ પ્રતિમાને પણ તોડી નાખી છે તો કૃપા કરીને એ જણાવો કે, આ મહાતીર્થની સ્થાપના હવે કઈ રીતે થશે? મારો આ મનોરથ પૂરો થાય તેવો રસ્તો બતાવો.' આચાર્યશ્રીએ દોશીને શાંત પાડી જણાવ્યું કે, 'મહાનુભાવ! જિનશાસન જયવંતુ છે. તું ભાગ્યશાળી છે. તારા પુત્ર કર્માશાહના હાથે જ આ ઉદ્ધાર થવાનો છે એટલે તારા કુળને જ આ લાભ મળવાનો છે. એટલે તારા પુત્રના હાથે જ તારો આ મનોરથ પુરાશે.'

દોશી તોલાશાહ ગુરુમહારાજના મુખેથી આ ભવિષ્યવાણી સાંભળીને ઘણો ખુશ થયો. તે પછી આચાર્યશ્રીએ કાર્યની સિદ્ધિ માટે

1. સં૦ ધનરાજ માટે જૂઓ, પ્રક૦ ૪૫, જૂઓ, શેઠ અભયસિંહનો વંશ પૃષ્ઠ :

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપા૦ વિનયમંડનને ચિત્તોડમાં રાખી તેમણે આગળ વિહાર કર્યો. તે પછી દોશી તોલાશાહ સ્વર્ગવાસી થયા અને ગુજરાતમાં મહમ્મદ બેગડાના મરણ પછી મુજફ્ફર શાહ, અહમ્મદ સિકંદર તથા લઘુ મહમ્મદ સુલતાનો થઈ ગયા. તે પછી સં૦ ૧૫૮૩ ના શ્રાવણ સુદિ ૧૪ ના રોજ બહાદુર શાહ ગુજરાતનો સુલતાન (સને ૧૫૨૬ થી ૧૫૩૭) બન્યો. તે પહેલાં પોતાના પિતાથી રીસાઈને ચિત્તોડ ગયો હતો અને ત્યાં દોશી તોલાશાહનો અતિથિ બની રહ્યો. આ સમયે શાહજાદા બહાદુરશાહ અને કર્માશાહ વચ્ચે ગાઢ મૈત્રી થઈ હતી. તેણે ગુજરાત જતાં પહેલાં દો૦ કર્માશાહ પાસેથી વાટખરચીની રકમ માગી હતી. કર્માશાહે તેને વિના શરતે એક લાખ રૂપિયા આપ્યા હતા.

૧૦. **કર્માશાહ**—તે દોશી તોલાશાહનો સૌથી નાનો અને છઠ્ઠો પુત્ર હતો, ધર્મપ્રેમી હતો, ભાગ્યશાળી હતો, બુદ્ધિમાન હતો. તેને આ૦ રત્નસિંહસૂરિની ભવિષ્યવાણી મુજબ પિતાની આજ્ઞાથી શત્રુંજય મહાતીર્થનો મોટો ઉદ્ધાર કરવાની ઉત્કટ ભાવના હતી. ઉપા૦ વિનયમંડન કર્માશાહને આ માટે વારંવાર ઉપદેશ દેતા હતા. એવામાં તપાગચ્છના **આ૦ વિજયદાનસૂરિ** ચિત્તોડ પધાર્યા. તેમણે પણ દો૦ કર્માશાહને તીર્થોદ્ધાર માટે ઉપદેશ આપી વધુ ઉત્સાહિત કર્યો.

(—જૂઓ, નંદિવર્ધનજિનપ્રાસાદપ્રશસ્તિ)

બહાદુરશાહ ગુજરાતનો સુલતાન બન્યો છે એમ જાણીને કર્માશાહ અમદાવાદ ગયો અને સુલતાનને મળ્યો. સુલતાને તેને એક લાખ રૂપિયા પાછા આપી પ્રેમભાવે પૂછ્યું કે, 'મારા યોગ્ય બીજું કામ હોય તો બતાવ.'

કર્માશાહે જણાવ્યું કે, 'તમે આજ્ઞા આપો તો મારે શત્રુંજયતીર્થમાં મારા ભગવાનની પ્રતિમાઓ બેસાડવી છે તો મને રજા આપો.' સુલતાને પ્રસન્ન થઈ કર્માશાહને ફરમાન લખી આપી શત્રુંજય ઉપર તીર્થસ્થાપના કરવાની પરવાનગી આપી.

કર્માશાહ અમદાવાદથી ખંભાત ગયો અને ત્યાં ઉપા૦ વિનય-

જૈન સાહિત્ય JAINSITE .com જૈન ધર્મ કી જાનકારી
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંડનને હકીકત જણાવી અને શત્રુંજય તીર્થ પર પધારવાની વિનંતિ કરી. કર્માશાહ પણ સંઘ સાથે પાલીતાણા ગયો અને સોરઠના સૂબા ખાન મઝદખાંને મળ્યો અને તેને સુલતાનનું ફરમાન આપ્યું. સૂબો શત્રુંજયતીર્થ સ્થપાય એમાં રાજી નહોતો, પણ સુલતાનનો હુકમ હોવાથી તે નિરુપાય હતો. તે મૌન રહ્યો. તેને રવિરાજ અને નરસિંગ નામે મંત્રીઓ હતા. કર્માશાહે બંને મંત્રીઓને ધન-માનથી સંતુષ્ટ કરી પોતાના કામમાં મદદગાર બનાવ્યા.

ઉપા૦ વિનયમંડન સાધુ-સાધ્વીના પરિવાર સાથે પાલીતાણા પધાર્યા. એક તરફ મૂળ જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર ચાલ્યો અને બીજી તરફ મહામાત્ય વસ્તુપાલે મૂકી રાખેલી મમ્માણી પાષાણની શિલાને બહાર કઢાવી ઉપા૦ વિનયમંડન અને પં૦ વિવેકધીરગણિની દેખરેખ નીચે શાસ્ત્રાનુસાર ભ૦ ઋષભદેવની જિનપ્રતિમા તૈયાર કરાવી.

સં૦ કર્માશાહ છ'રી પાળતો યાત્રાસંઘ લઈને પાલીતાણા આવ્યો. સંઘે લલના (લલિતા) સરોવરને કિનારે પડાવ નાખ્યો. કર્માશાહે અહીં જૈનાચાર્યોના વરદ હસ્તે જિનપ્રતિમાની અંજનશલાકાનો મોટો વિધિ કરાવ્યો અને સંઘજમણ કર્યું.

સં૦ કર્માશાહે સં૦ ૧૫૮૭ શાકે ૧૫૪૩ ના વૈશાખ વદિ ૬ ને રવિવારે ધનલગ્નમાં, શુદ્ધ નવાંશમાં, શત્રુંજયતીર્થમાં જીર્ણોદ્ધાર કરેલ પ્રાચીન જિનપ્રાસાદમાં તપાગચ્છની વડી પોષાળના આ૦ વિજયધર્મસૂરિના શિષ્ય આ૦ વિદ્યામંડનસૂરિના હાથે ભ૦ આદીશ્વરની નવી જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી અને શત્રુંજય મહાતીર્થનો ૧૬ મો મોટો ઉદ્ધાર કરાવ્યો.

શત્રુંજયતીર્થના ૧૬ મા મોટા ઉદ્ધારની પ્રશસ્તિ તપાગચ્છના આ૦ સમયરત્નના શિષ્ય પં૦ લાવણ્યસમયગણિએ બનાવી અને પં૦ વિવેકધીરગણિએ શિલા ઉપર લખી હતી. આ પ્રશસ્તિમાં એક શ્લોક આ પ્રકારે છે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

यत् कर्मराजेन कृतं सुकार्यमन्येन केनापि कृतं हि तन्नो ।
यन्म्लेच्छराज्येऽपि तदाज्ञयैवोद्धारः कृतः षोडशम येन ॥३५॥

(શત્રુંજય તીર્થ પરનો પ્રશસ્તિ શિલાલેખ)

સં૦ કર્માશાહે કરેલ આ તીર્થ પ્રતિષ્ઠાના ઉત્સવમાં આ૦ સોમજય વગેરે ૧૦ આચાર્યો અહીં હાજર હતા. તે સૌએ સર્વાનુમતે ઠરાવ કર્યો કે, આ શત્રુંજયતીર્થ મહાતીર્થ છે અને ૮૪ ગચ્છોનું શ્વેતાંબર જૈનતીર્થ છે.

*

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ છત્રીશમું

*

## આ૦ સર્વદેવસૂરિ

**આ૦ સર્વદેવસૂરિ** (સં૦ ૯૮૮ થી ૧૦૬૧)—આ૦ ઉદ્દ્યોતનસૂરિની પાટે આ૦ સર્વદેવસૂરિ થયા. તે સમયે આ સમુદાયમાં આ૦ માનદેવ, આ૦ અજિતદેવ, પં૦ યશોદેવ, આ૦ દેવ, પં૦ આમ્રદેવ, એમ દેવાન્ત નામવાળા ઘણા આચાર્યો થયા હતા. તે પછી પણ ત્રણ પાટ સુધી દેવાંત નામોવાળા આચાર્યો થયા. આ સૌ આચાર્યોમાં **આ૦ દેવ** ખૂબ પ્રસિદ્ધ હતા, જે **સર્વદેવસૂરિ**ના નામથી ખ્યાતિ પામ્યા. તેમના પટ્ટધર પણ **આ૦ દેવસૂરિ** નામે હતા.

આ૦ સર્વદેવસૂરિ સં૦ ૯૯૪ માં તેલી ગામમાં વડ નીચે પોતાના ગુરુદેવના હાથે આચાર્યપદ પામ્યા. આચાર્યપદનું મુહૂર્ત સર્વોત્તમ હતું અને આ૦ સર્વદેવની શિષ્યપરંપરા લાંબી ચાલી, જે આજે પણ એ જ પરંપરાના મુનિવરો વિદ્યમાન છે.

આ૦ સર્વદેવસૂરિ સૂરિમંત્રના પ્રભાવે ઋદ્ધિધારી હતા. શુદ્ધ ચારિત્રશીલ અને સમર્થ પ્રતિબોધક હતા. ગૌતમસ્વામીની જેમ શિષ્યલબ્ધિવાળા હતા. તેમણે જૈન શાસનની ઉન્નતિ કરી અને સં૦ ૧૦૫૫ લગભગમાં સ્વર્ગસ્થ થયા હતા. (-ગુર્વાવલી)

**તીર્થ—**

તેમના ઉપદેશથી રાજા **રઘુસેને** રામસેનના પ્રાચીન જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવી 'રાજવિહાર'ની સ્થાપના કરી હતી અને તેમાં સં૦ ૧૦૧૦ માં આચાર્યશ્રીના હાથે ભ૦ ચંદ્રપ્રભ, ભ૦ અજિતનાથ વગેરે ઘણી પ્રતિમાઓની અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરાવી હતી.[1]

---

૧. ભ૦ અજિતનાથની કલાપૂર્ણ ખડ્ગાસન પ્રતિમા આજે અમદાવાદમાં ઝવેરીવાડમાં આવેલા ભ૦ અજિતનાથના દેરાસરની ભમતીની દેરીમાં વિદ્યમાન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે સમયથી આ સ્થાન રઘુનાથના મંદિર તરીકે અને તીર્થ તરીકે પ્રસિદ્ધિ પામ્યું છે.

**ધર્મપ્રચાર—**

આચાર્યશ્રીએ સં૦ ૯૮૮ માં હથુંડીના રાવ જગમાલને સપરિવાર જૈન બનાવ્યો અને **ઝામડ** ગોત્રની સ્થાપના કરી. સં૦ ૧૦૨૧ માં આબૂ પાસે ઢેલડિયાના પંવાર સંધરાવને સપરિવાર જૈન બનાવ્યો. તેના પુત્ર વિજયરાવે સંઘપતિ બની યાત્રાસંઘ કાઢ્યો, તેનું **સિંઘી** (સંઘવી) ગોત્ર સ્થાપન કર્યું. તેમના વંશજો આજે સોજતમાં વિદ્યમાન છે.

**દીક્ષા—**

ચંદ્રાવતીના રાજા **અરણ્યરાજ** પરમારના મંત્રી કુંકુણે ચંદ્રાવતીમાં વિશાળ જિનપ્રાસાદ બનાવી, તેની સં૦ ૧૦૧૦માં આચાર્યશ્રીના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. અને આચાર્યશ્રીના ઉપદેશથી વૈરાગ્ય પામી તેમની પાસે દીક્ષા લીધી હતી.

(–ગુર્વાવલી, તપાગચ્છ પટ્ટાવલી, પટ્ટાવલીઓ, વહીવંચાની વહીઓ, અંચલગચ્છની (ગુજરાતી) મોટી પટ્ટાવલી પૃ૦ ૭૪, શંખેશ્વર મહાતીર્થ પૃ૦ ૪, ૫)

जैन साइट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**(૩૬) આ૦ સર્વદેવસૂરિ**—'ઉપદેશમાલા'ની પ્રશસ્તિમાં એવો ઉલ્લેખ છે કે, આ૦ સર્વદેવસૂરિએ ધર્માણ સંનિવેશ પાસે વડની નીચે સાત ગ્રહોના યોગમાં શુભલગ્ને વડગચ્છને જન્મ આપ્યો.

તે પ્રશસ્તિનો સાર એ છે કે, આબૂની પવિત્ર છાયામાં આવેલા ધર્માણ સંનિવેશ પાસે મોટું વડનું ઝાડ હતું, જેને સેંકડો ડાળીઓ હતી. તેની નીચે મોટા મોટા સંઘો, સાર્થવાહો આવીને સુખેથી આરામ કરી શકતા હતા. લગભગ ૫૦૦ ગાડાં છોડી શકાય એવી વિસ્તારવાળી જગા હતી.

આ૦ સર્વદેવસૂરિએ પોતાના જ્ઞાનબળથી લગ્નમાં સર્વકાર્યસાધક ગ્રહનો યોગ જાણીને આચાર્યો બનાવ્યા ત્યારથી ચંદ્રગચ્છ વૃદ્ધિ પામી વડગચ્છ બન્યો. આ ગચ્છમાં શ્રીસીમંધરસ્વામીનું વર્ણન કરનારા (૩૭) આ૦ જિનચંદ્રસૂરિ થયા, જે ધોળકાના ચૈત્યમાં હતા.

તેમની પાટે નયના વિદ્વાન (૩૮) આ૦ આમ્રદેવ થયા. તેમનું વ્યાખ્યાન શુદ્ધ હતું. તેઓ શુદ્ધ ગ્રંથની રચના કરનારાઓમાં તીવ્ર બુદ્ધિવાળા અને પ્રભાવશાળી હતા. તેમની પાસે અંબિકાદેવી આવતી હતી. તેમની પાટે (૩૯) આ૦ નેમિચંદ્ર થયા, જે ધર્મના આધારરૂપ હતા. તેમણે બે તીર્થંકરોના ચરિત્રો રચ્યાં, તેથી વધુ ખ્યાતિ પામ્યા. તેમનાથી ત્રીજા (૪૦) આ૦ યશોદેવસૂરિ થયા, જે સચ્ચારિત્રપાત્ર હતા. તેમનો મહિમા પ્રસિદ્ધ હતો. શુદ્ધ ધારણાવાળા હતા. ચંદ્રસમા અમી ઝરાવતા હતા. શાંત સ્વભાવી અને હસમુખા હતા. તેઓ વ્યાકરણ, સાહિત્ય વગેરેના વિદ્વાન હતા. તેમણે મારા અંધારભર્યા હૃદયમાં પ્રકાશ રેલાવ્યો હતો.

આ૦ યશોદેવસૂરિ તે જ પં૦ યશોદેવગણિ હોવાનો સંભવ છે.

(ખંભાતના શ્રીશાંતિનાથજીના જ્ઞાનભંડારની તાડપત્રી ઉપદેશમાલાની વૃત્તિ-પ્રશસ્તિ—જૂઓ, શ્રીપ્રશસ્તિસંગ્રહ, પ્રક૦ ૩૪, પૃ૦ ૨૬).

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

આ અરસામાં અનેક જૈન આચાર્યો, **પ્રભાવકો**, જૈન રાજાઓ, શાસ્ત્રો, તીર્થો અને **જૈન સ્તૂપોની** રચના થઈ.

**પ્રભાવકો—**

અલ્લટ રાજાના ગુરુ **આ૦ પ્રદ્યુમ્નસૂરિ,** મુંજ રાજાના ગુરુ **આ૦ ધનેશ્વર,** રાજા અલ્લટના ગુરુ આ૦ નન્નસૂરિ, સામંતસિંહ ચાવડાના ગુરુ આ૦ બલભદ્ર, આ૦ વાસુદેવ, આ૦ મલ્લવાદી, ચામુંડરાયના ગુરુ આ૦ વીરગણિ (તેમનો પરિચય અગાઉ પ્રક૦ ૩૨, પૃ૦ ૫૦૭, ૫૦૮; પ્રક૦ ૩૪, પૃ૦ ૫૬૬ થી ૫૮૭ માં આવી ગયો છે તે) થયા હતા.

**યુગપ્રધાન જયેષ્ઠાંગ ગણિ—**તેમનો યુગપ્રધાનકાળ સં૦ ૯૯૦થી ૧૦૬૧ છે, તેઓ જ આ૦ વીરગણિ હોવાનો સંભવ છે. (પ્ર૦ ૩૪, પૃ૦ ૫૮૭)

**મહાકવિ જંબૂનાગ—**તેઓ ચંદ્રગચ્છના હતા. વિદ્વાન હતા. તેમણે સં૦ ૧૦૦૫ માં 'મણિપતિચરિય, જિનશતકકાવ્ય અને ચંદ્રદૂતકાવ્ય' વગેરે રચ્યાં છે. નાગેંદ્રગચ્છના આ૦ સાંબ મુનિએ સં૦ ૧૦૨૫ માં જિનશતકની વૃત્તિ રચી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આ૦ જયદેવસૂરિ—**

તેમણે 'જયદેવછંદસ્' નામે ગ્રંથ રચ્યો છે, તેમાં પિંગલસૂત્રની જેમ ૮ અધ્યાયો છે. તેમાં વૈદિક છંદોનો પણ વ્યવસ્થિત સમાવેશ કર્યો છે. મંગલાચરણમાં ભ૦ મહાવીરદેવની સ્તુતિ કરી છે. તેની ઉપર ભટ્ટ મુકુલના પુત્ર હર્ષટે વૃત્તિ બનાવી છે. 'જયદેવછંદસ્'ની સં૦ ૧૧૮૧ માં લખાયેલી તાડપત્રી પ્રતિ મળે છે. તેના ઉપર આ૦ વર્ધમાને વૃત્તિ રચી છે અને શ્રીચંદ્રસૂરિએ એ વૃત્તિ ઉપર ટિપ્પણની રચના કરી છે.

**પં૦ હલાયુધ** ભટ્ટે 'પિંગલછંદ'ની ટીકામાં, સુલ્હણે કેદારભટ્ટના 'વૃત્તરત્નાકર'ની ટીકામાં,[1] અલંકારશાસ્ત્રી અભિનવગુપ્તે 'નાટ્યશાસ્ત્ર'ની અભિનવભારતી ટીકામાં, નાગવર્મા (ઈ૦ સ૦ ૯૯૦)એ કાનડી 'છંદોમ્બુધિ'માં, કવિ સ્વયંભૂ (આઠમી સદી)એ 'છંદશ્ચૂડામણિ'માં, શ્રીનમિ સાધુએ રુદ્રટના 'કાવ્યાલંકાર' પર સં૦ ૧૧૨૨ લગભગમાં રચેલા ટિપ્પનમાં, ક૦ સ૦ હેમચંદ્રસૂરિએ 'છંદોનુશાસન'ની સ્વોપજ્ઞ વૃત્તિમાં, મહાકવિ વાગ્ભટે રચેલા 'કાવ્યાનુશાસન' પરની સ્વોપજ્ઞ વૃત્તિમાં, આ૦ અમરચંદ્રે રચેલ 'છંદોરત્નાવલી'માં આ૦ **જયદેવછંદસ્**નાં અવતરણો આપ્યાં છે અને તેની ઉપર પોતાનો અભિપ્રાય દર્શાવ્યો છે.

પં૦ હલાયુધ ભટ્ટ રાજા મુંજ (સં૦ ૧૦૩૧ થી ૧૦૫૨)ની સભાના વિદ્વાન તથા પં૦ સુલ્હણ આ૦ જયદેવને શ્વેતાંબર જૈનાચાર્ય બતાવે છે. આથી સ્પષ્ટ છે કે, આ૦ જયદેવ વાસ્તવમાં વિક્રમની નવમી સદી પહેલાં થયા હતા.

કર્ણાટકમાં દિગંબર આ૦ જયકીર્તિ તથા તેમના શિષ્ય અમલકીર્તિ થયા. તેમાં જયકીર્તિએ આ 'જયદેવછંદસ્'ના આધારે 'છંદોનુશાસન' આઠ અધ્યાયમાં બનાવ્યાનું લખ્યું છે, જે સં૦ ૧૧૯૨માં તાડપત્રી પર લખેલું છે. આ૦ અમલકીર્તિની પણ સં૦ ૧૧૯૨ માં લખાયેલી

---

૧. રાજા કરણદેવના પુરોહિત વર્ધમાનના શિષ્ય ત્રિવિક્રમે નહીં પરંતુ રાઘવાચાર્યના પુત્ર ત્રિવિક્રમે 'વૃત્તરત્નાકર'ની સૌથી પહેલી ટીકા રચી છે.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

તાડપત્રીય ‘ યોગસાર ’ની પ્રતિ મળે છે એટલે બારમી સદીમાં જયદેવછંદસ્‌ના આધારે બનેલા ‘ છંદોનુશાસન ’થી જણાય છે કે તે ગ્રંથ તેથીયે પ્રાચીન અને લોકપ્રિય ગ્રંથ છે.[1]

(–જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૮૧, પૃ૦ ૮૪, શ્રીમદ્ વિજયરાજેન્દ્રસૂરિ અર્ધશતાબ્દી ગ્રંથ, પૃ૦ ૬૮૧)

શ્રીમાન્ નેમિકુમારનો પુત્ર મહાકવિ વાગ્ભટ આ૦ જયદેવની ‘ કાવ્યાનુશાસન ’ની ટીકામાં નીચે પ્રમાણે પ્રશંસા કરે છે—

“(टीका–)छन्दोनैपुण्यं यथा—
सद्यतिसेवितपादं वरगणधरमूर्जितप्रवरवृत्तम् ।
श्रीवर्धमानमादौ जयदेवं भक्तितो वन्दे ॥”

## ૧. સુવિહિતશાખા-વડગચ્છ પટ્ટાવલી

JAINSITE जैन साइट

આ૦ વર્ધમાનસૂરિની પરંપરાના આચાર્યો પોતાને ગ્રંથોમાં અને શિલાલેખોમાં ચંદ્રકુલીન, બૃહદ્ગચ્છીય, સુવિહિત, અપ્રતિબદ્ધવિહારી તરીકે ઓળખાવે છે.[2] તેમની અનેક શિષ્યપરંપરાઓ મળે છે, તે આ પ્રમાણે— (જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૭૨)

---

૧. મુંબઈ વિલસન કૉલેજના પ્રાધ્યાપક હરિદામોદર વેલનકરે આ૦ જયદેવ, આ૦ જયકીર્તિ, પં૦ કેદારભટ્ટ અને આ૦ હેમચંદ્રે રચેલા છંદગ્રંથોનો સંગ્રહ ‘ જયદામન્ ’ એ નામથી પ્રકાશિત કર્યો છે.

૨. ચંદ્રકુલીન, સુવિહિત, અપ્રતિબદ્ધવિહારી.
(–આ૦ અભયદેવસૂરિકૃત ‘ ઠાણુંગ ’ ટીકા–પ્રશસ્તિ, ‘નાયાધમ્મકહાઓ ’ ટીકા પ્રશસ્તિ, મહાવીરચરિયં )

વડગચ્છમાં આ૦ જિનચંદ્ર. (–આ૦ હરિભદ્રકૃત ‘મલ્લિનાથચરિયં ’ ‘નેમિનાથચરિયં ’, ‘મહાવીરચરિયં ’ )

ચંદ્રકુલમાં આ૦ જિનચંદ્ર, આ૦ દેવભદ્ર, આ૦ દેવાનંદ વગેરે
(–સં૦ ૧૨૯૪ માં રચાયેલ મુનિસુવ્રતસ્વામિચરિત્ર)

ચંદ્રકુલમાં આ૦ જિનવલ્લભસૂરિ થયા. (–સંઘપટ્ટક વૃત્તિ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૫. **આ૦ ઉદ્દ્યોતનસૂરિ**—સં૦ ૯૯૪.

૩૬. **આ૦ વર્ધમાનસૂરિ**—સં૦ ૧૦૮૮.[1]

વિક્રમની દશમી શતાબ્દીના અંતમાં સપાદલક્ષ દેશમાં ચિત્તોડના રાજવી અલ્લટરાજનો પુત્ર ત્રિભુવનપાલ નામે રાજા હતો. તે સમયે આબોહર દેશના કુચેરા નગરમાં ચૈત્યવાસી જિનચંદ્રાચાર્ય હતા. તેમની આજ્ઞામાં ૮૪ ચૈત્યો હતાં. તેમને વર્ધમાન નામે શિષ્ય હતો. તેમણે ચૈત્યોનો ત્યાગ કરી વનવાસીગચ્છના સુવિહિત આ૦ ઉદ્દ્યોતનસૂરિ પાસે દીક્ષા લીધી અને શાસ્ત્રાભ્યાસ કર્યો.

આ૦ ઉદ્દ્યોતનસૂરિએ સં૦ ૯૯૫ માં પોતાના સર્વદેવ વગેરે આઠ શિષ્યોને આચાર્યપદ આપ્યું અને તે પછી તેમને પણ અજારીમાં **ભ૦ મહાવીરસ્વામી**ના મંદિરમાં આચાર્યપદ આપ્યું. તે શાસ્ત્રાનુસાર મુનિજીવન ગાળતા હતા, તેથી તેમની પરંપરા સુવિહિત તરીકે વિશેષ પ્રખ્યાત છે. આ૦ જિનેશ્વર અને આ૦ બુદ્ધિસાગર તેમના પટ્ટધરો હતા. તે સં૦ ૧૦૮૮ માં પલ્યપદ્રમાં અનશન કરી સ્વર્ગે ગયા. **આ૦ અભયદેવસૂરિ** તેમનો પરિચય આ પ્રમાણે આપે છે—

'तच्चन्द्रकुलीन-प्रवचनप्रणीताप्रतिबद्धविहारहारिचरितवर्धमानाभिधानमुनिपति' (–ठाणंगसुत्त' वृत्ति)

૩૭. **આ૦ જિનેશ્વરસૂરિ, આ૦ બુદ્ધિસાગરસૂરિ—બનારસમાં પં૦ કૃષ્ણગુપ્ત** નામે બ્રાહ્મણ હતો. તેને **શ્રીધર** અને **શ્રીપતિ** નામે પુત્રો હતા. તે બંને બુદ્ધિમાન હતા. તેથી તેઓ વેદ-વેદાંતના પારગામી થયા. એકદા તેઓ તીર્થયાત્રાએ નીકળ્યા અને ફરતાં ફરતાં માલવાની ધારાનગરીમાં આવ્યા. બંને જણ ભિક્ષા દ્વારા જીવનનિર્વાહ કરતા. તે સમયે ધારામાં ભોજદેવ (સં૦ ૧૦૫૭ થી ૧૧૧૨) રાજા હતો અને લક્ષ્મીપતિ નામે ધનાઢ્ય જૈન શ્રાવક રહેતો હતો. તે શ્રીધર અને શ્રીપતિને હમેશાં ભિક્ષા આપતો હતો.

---

૧. વર્ધમાનસૂરિવરો. (જૂઓ, પ્રક૦ ૩૨, પૃ૦ ૫૦૯.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેના ઘરમાં ભીંત પર વીશ લાખ ટકાનો લેણદેણનો હિસાબ નોંધાયેલો હતો. બંને ભાઈઓ એ હિસાબને રોજ જોતા હતા, તેથી બંનેને તે મુખપાઠ જેવો થઈ ગયો હતો. એક વેળા શેઠના ઘરમાં આગ લાગી, તેમાં એ હિસાબ નાશ પામ્યો. આથી શેઠ ગમગીન બની ગયો. બીજે દિવસે બંને ભાઈઓ રોજિંદા નિયમ પ્રમાણે ભિક્ષા માટે શેઠને ઘેર આવ્યા. શેઠને શોકગ્રસ્ત થયેલો જોઈ વસ્તુસ્થિતિ પામી ગયા. તેમણે શેઠ પાસે આવીને પોતાની યાદ પ્રમાણે નોંધ કરાવી દીધી. આથી શેઠ તે બંને ઉપર ખુશ થઈ ગયો. તેણે બંનેને આવા બુદ્ધિશાળી જાણી, જો તેઓ જૈન સાધુ બને તો સાચે જ પ્રભાવક થાય અને જૈનશાસનની ઉન્નતિ કરે. આમ વિચારી તેઓનો પરિચય આ૦ વર્ધમાનસૂરિને કરાવ્યો. તે બંનેએ આ ગુરુ પરમતારક લાગે છે એમ જાણીને તેમની પાસે દીક્ષા લીધી. ધીમે ધીમે જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરી છેવટે આચાર્યપદ મેળવ્યું. ગુરુમહારાજે તેઓનું નામ આ૦ જિનેશ્વર અને આ૦ બુદ્ધિસાગર રાખ્યું. બંનેને ગુજરાત તરફ વિહાર કરવા આજ્ઞા આપી, 'બૃહદ્ગુર્વાવલી'માં આ૦ વર્ધમાનસૂરિ વગેરે ૧૮ સાધુઓ હતા, એવો ઉલ્લેખ કર્યો છે.

JAINSITE जैन साइट .com जैनम् जयति शासनम्

વનરાજ ચાવડાએ ગુજરાતના સ્વતંત્ર રાજ્યનો પાયો સં૦ ૮૦૨ના વૈશાખ સુદિ ૨ના દિવસે નાખ્યો. તેનો રાજ્યાભિષેક પ્રથમ પંચાસરમાં અને પછી સં૦ ૮૨૧માં પાટણમાં જૈનાચાર્ય **શીલગુણસૂરિ** અને આ૦ **દેવચંદ્રસૂરિ**ના પ્રભાવક વાસક્ષેપથી થયો હતો. વનરાજે પણ ત્યારે એ ગુરુઓને શિષ્યપરંપરાના હકમાં તામ્રપત્ર-**ફરમાન** લખી આપ્યું કે, 'આ આચાર્યોને માનનારા ચૈત્યવાસી યતિઓને સમ્મત મુનિરાજો જ પાટણમાં રહી શકે, બીજાઓ રહી શકશે નહીં.' ગુજરાતના રાજાઓએ આ ફરમાનનું આજ સુધી અખંડ પાલન કર્યું હતું. (—જૂઓ, પ્રક૦ ૩૧, પૃ૦ ૪૯૩, ૪૯૪)

આ ફરમાનના આધારે પાટણમાં ચૈત્યવાસીઓનું વર્ચસ્ હતું. સંવેગી, વનવાસી, વિહરુક કે બીજા સાધુઓને રહેવા માટે પાટણમાં સ્થાન મળતું નહોતું. સં૦ ૧૦૮૦માં પાટણનો રાજા **ભીમદેવ** હતો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને રાજપુરોહિત સોમેશ્વર હતો, જે આ૦ જિનેશ્વર અને આ૦ બુદ્ધિસાગરનો મામો થતો હતો. આચાર્યોએ તેમને ત્યાં જઈ વેદ, ઉપનિષદ્ અને જૈનાગમ સમ્મત આશીર્વાદ આપ્યો તે આ પ્રમાણે—

'જે હાથ, પગ અને મન વિના સ્વીકારે છે, આંખ વિના જૂએ છે, કાન વિના સાંભળે છે અને વિશ્વને જાણે છે પણ તેને કોઈ જાણતું નથી એવા નિરંજન, નિરાકાર મહાદેવ એ જ જિનેશ્વર છે તે તમારું કલ્યાણ કરો.'

પુરોહિત આ સાંભળીને ચમકયો. સોમેશ્વર અને આચાર્યો વચ્ચે વાર્તાલાપ થયો. વાતવાતમાં જાણવામાં આવ્યું કે, બંને આચાર્યો તેમના ભાણેજો થતા હતા અને ચૈત્યવાસીઓના કારણે તેઓને ઊતરવા યોગ્ય સ્થાન મળ્યું નથી. આથી તેણે તરત જ આચાર્યોને અતિ આદરપૂર્વક પોતાના મકાનના મેડા ઉપર ઉતારો આપ્યો. યાજ્ઞિક, સ્માર્ત, દીક્ષિત, અગ્નિહોત્રી વગેરે કેટલાયે વિદ્વાનો આચાર્યશ્રીનો સત્સંગ કરવા આવ્યા અને તેમની વિદ્વત્તા જોઈ-જાણીને ખુશ થઈ ગયા.

જૈનાચાર્યોની વિદ્વત્તાની વાત નગરમાં ફેલાઈ ગઈ. ચૈત્યવાસીઓના માણસો સાંજે તપાસ કરવા આવ્યા અને તેઓએ આચાર્યોને જણાવ્યું, 'આ ચૈત્યવાસીઓનું ક્ષેત્ર છે અને તમે ચૈત્યવાસી નથી માટે તરત પાટણમાંથી ચાલ્યા જાઓ.' પુરોહિતે તેઓને કહ્યું: 'આનો નિર્ણય રાજસભામાં થશે' એમ સમજાવીને તેઓને પાછા મોકલ્યા. બીજે દિવસે પુરોહિતે રાજસભામાં જઈને જણાવ્યું કે, 'દેવ! જૈનાચાર્યો મારા અતિથિ છે. જૈનોએ તેમને ઊતરવા યોગ્ય સ્થળ આપ્યું નથી. મેં તેમને ગુણગ્રાહકદૃષ્ટિએ જ મારે ત્યાં ઉતારો આપ્યો છે. જો આમાં મારી ભૂલ થઈ હોય તો મને દંડ આપશો.'

રાજાએ જવાબ આપ્યો કે, 'મારા રાજ્યમાં કોઈ પણ ગુણવાન પરદેશી રહી શકે છે. એને રહેવાની મના કેમ કરાય?'

ચૈત્યવાસીઓએ પોતાનો મુદ્દો રજૂ કર્યો: 'ચૈત્યવાસીઓને સમ્મત મુનિરાજો જ પાટણમાં રહી શકે, બીજાઓ ન રહી શકે—આ ફરમાનનો અમલ આજ પર્યંત બરાબર થતો રહ્યો છે અને હવે પછી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ તેનો બરાબર અમલ થવો જોઈએ, અસલ વસ્તુ આ છે. હવે આપ જણાવો તેમ કરીએ.'

રાજાએ કહ્યું: 'અમે પહેલાંના રાજાઓની આજ્ઞાને દૃઢતાથી પાળવાને તૈયાર છીએ, પરંતુ સાથોસાથ અમે એમ પણ ઈચ્છીએ છીએ કે, ગુણીજનોનું સન્માન રુંધાવું ન જોઈએ. તમારા જેવા ઉત્તમ પુરુષોના આશીર્વાદથી જ રાજાઓ પોતાના રાજ્યને આબાદ બનાવે છે, એ વાત પણ ધ્યાન બહાર જવી ન જોઈએ. હવે અહીં એટલું જ બની શકે કે, આપ મારી આગ્રહભરી વિનંતિથી આજ્ઞા આપો જેથી એ આચાર્યો પાટણમાં રહી શકે.'

ચૈત્યવાસીઓએ રાજાની માગણીને કબૂલ રાખી સંવેગી મુનિવરોને પાટણમાં રહેવાની સમ્મતિ આપી. (જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૮૦)

**શૈવાચાર્ય જ્ઞાનદેવ** તેમજ પુરોહિત સોમેશ્વરદેવે **નવા ઉપાશ્રયનો પાયો** નાખ્યો અને સં૦ ૧૦૮૦ થી પાટણમાં સુવિહિત સાધુઓને યોગ્ય **ઉપાશ્રય** બન્યો.

जैन साइट
JAINSITE.com
जयम् ज्योति शासनम्

તે પછી બંને આચાર્યો માલવા તરફ વિહાર કરી ગયા અને ત્યાં જઈ અભયકુમારને દીક્ષા આપી. ગુરુદેવની સેવામાં આવ્યા. તેઓની બેને પણ દીક્ષા લઈને **મહત્તરાપદવી** પ્રાપ્ત કરી, જેનું નામ **કલ્યાણશ્રી મહત્તરા** હતું, તથા **મરુદેવી ગણિની** વગેરે સાધ્વીઓ પણ હતી.

તેમની પાટે (૧) આ૦ **જિનચંદ્ર**, (૨) આ૦ **અભયદેવ** અને (૩) **આ૦ ધનેશ્વર** એમ ત્રણ આચાર્યો થયા.[1] તેમજ ઉપાધ્યાય ધર્મદેવ, ઉપા૦ સુમતિ અને ઉપા૦ વિમલ એમ ત્રણ ઉપાધ્યાયો થયા. આ પૈકી આ૦ ધનેશ્વરનું બીજું નામ આ૦ જિનભદ્રસૂરિ પણ હતું. તેમણે સં૦ ૧૦૯૫ માં ચંદ્રાવતીમાં 'સુરસુંદરીચરિય' રચ્યું છે. તેમને યશઃપાલ નામે શિષ્ય હતા.

---

૧. ખરતરગચ્છ પટ્ટાવલીમાં આ ત્રણે ગુરુભાઈઓને એક પછી એક ક્રમશઃ પટ્ટધર બતાવ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી જિનવલ્લભગણિ પણ આ૦ જિનેશ્વરસૂરિના જ શિષ્ય હતા.[1]
(જૂઓ, પ્રક૦ ૪૦)

**ગ્રંથો—**

આ૦ જિનેશ્વરસૂરિએ સં૦ ૧૦૮૦ માં જાલોરમાં હારિભદ્રીય અષ્ટકપ્રકરણ-વૃત્તિ, છટ્ઠાણ-પગરણગાથા-૧૧૧, પંચલિંગીપ્રકરણ ગાથા-૧૦૧, પ્રમાલક્ષ્મ મૂળશ્લોક ૪૦૫, તેની વૃત્તિ ગ્રંથાગ્ર : ૪૦૦૦, સં૦ ૧૦૯૨ માં આશાવલ (અમદાવાદ)માં 'લીલાવઈકહા' ગ્રંથાગ્ર : ૧૮૦૦૦, સં૦ ૧૦૯૨ માં જાવાલિપુરમાં ચૈત્યવંદનવિવરણ-ગ્રંથાગ્ર : ૧૦૦૦, સં૦ ૧૧૦૮ માં ડીંડુઆણકમાં ચોમાસામાં કહાકોસપગરણ-ગાથા : ૩૦, તેની કહાવિવરણવૃત્તિ વગેરે ગ્રંથો રચ્યા છે.

આ૦ બુદ્ધિસાગરસૂરિએ સં૦ ૧૦૮૦ માં જાબાલીનગરમાં બુદ્ધિસાગર ગ્રંથાગ્ર 'સપ્તસહસ્રકલ્પમ્' ૭૦૦૦ રચ્યો. એ વ્યાકરણનો ગ્રંથ પદ્યમાં હતો. 'શબ્દલક્ષ્યલક્ષ્મ' અને 'પંચગ્રંથી' એ તેનાં બીજાં નામો છે.

આ૦ અભયદેવસૂરિ એ બંને આચાર્યોનો પરિચય નીચે મુજબ આપે છે—

**આ૦ જિનેશ્વરસૂરિ**, પ્રમાણશાસ્ત્ર, પ્રકરણો અને પ્રબંધોના રચનારા, જ્ઞાનીઓને માન્ય, સમર્થ વ્યાખ્યાતા, પ્રવચનનો શુદ્ધ અર્થ બતાવનાર, **સુવિહિત મુનિશિરોમણિ** હતા તેમજ આ૦ **બુદ્ધિસાગરસૂરિ** તેમના નાના ભાઈ, વ્યાકરણશાસ્ત્ર વગેરેના રચયિતા છન્દોયુક્ત મિષ્ટભાષી, શ્રુતસાહિત્યના ભંડાર, સુવિહિત અને ચારિત્રનિષ્ઠ હતા. (—ઠાણંગસુત્ત-વૃત્તિ, નાયાધમ્મકહાઓ-વૃત્તિ પ્રશસ્તિ)

---

૧. શ્રીમાન નેમિકુમાર ભાંડાગારી પોરવાલે સં૦ ૧૧૩૮ ના પોષ વદિ ૭ ના રોજ કોટ્યાચાર્યની 'વિશેષાવશ્યક ભાષ્ય ટીકા' ગ્રંથાગ્ર : ૧૩૭૦૦ ની પુષ્પિકામાં લખ્યું છે કે, पुस्तकं चेदं विश्रुतश्रीजिनेश्वरसूरिशिष्यस्य जिनवल्लभगणेरिति।
(—જૈન લિટરેચર એન્ડ ફિલોસોફી, પુસ્તક નં૦ ૧૧૦૬ ની પુષ્પિકા, પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૩, ભાંડારકર ઑરિએન્ટલ રિચર્સ ઇન્સ્ટીટ્યૂટ, પૂના. મોહનલાલ દલીચંદનો 'જૈનસાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પૃ૦ ૨૧૯.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે બંને આચાર્યોએ પુરોહિત સોમેશ્વર, યાજ્ઞિકો, શૈવાચાર્ય જ્ઞાનદેવ, રાજસભા અને ચૈત્યવાસીઓ ઉપર જે પ્રભાવ પાડ્યો છે તે તેઓની વિદ્વત્તા અને સમજાવવાની શૈલીનો પરિચાયક છે. તેઓ શાંતિથી સર્વ કાર્યોને સાધી શકતા હતા.

**૩૮. આ૦ અભયદેવસૂરિ**—ધારાનગરમાં શેઠ **મહીધરને** ધનદેવી નામે પત્ની હતી, તેને અભયકુમાર નામે પુત્ર હતો.[1] તે બહુ બુદ્ધિશાળી હતો અને આ૦ જિનેશ્વરસૂરિ તેમજ આ૦ બુદ્ધિસાગરસૂરિનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામ્યો અને નાની ઉંમરમાં જ ધારાનગરીમાં દીક્ષા લીધી. ગુરુએ તેને ગ્રહણ અને આસેવનરૂપ શિક્ષા આપી, તેમજ આગમો ભણાવી યોગ્યતા પ્રાપ્ત થતાં આચાર્યપદવી આપી. આ૦ અભયદેવસૂરિ પહેલેથી જ તપસ્વી અને જ્ઞાની હતા. તે સૌને આગમની વાચના આપતા હતા.

આ સમયે પણ ચૈત્યવાસીઓ અને સંવિજ્ઞવિહારી સાધુઓ વચ્ચે સંઘર્ષ ચાલુ હતો.

આચાર્યશ્રીને આયંબિલ ને લૂખાસૂકા આહાર તેમજ અતિપરિશ્રમના કારણે રક્તદોષ લાગુ પડ્યો હતો. આ રોગની જાણ થતાં તોફાની તત્ત્વોએ વાત વહેતી મૂકી કે, આ૦ અભયદેવ ઉત્સૂત્રપ્રરૂપક છે તેથી તેમના શરીરે કોઢ-રોગ ફાટી નીકળ્યો છે. આ સાંભળીને આચાર્યશ્રીને ભારે દુઃખ થયું. તેમણે ધરણેંદ્રનું ધ્યાન કર્યું તેમાં ધરણેંદ્ર પાસેથી રોગશમનનો ઉપાય મળી આવ્યો. દૈવી સૂચના મુજબ આચાર્યશ્રી ત્યાંથી વિહાર કરીને સેઢી નદીના કિનારે થામણા ગામમાં પધાર્યા.

**કાંતિ**નગરના શેઠ **ધનપતિને** સમુદ્રમાંથી અતિ પ્રાચીનકાળમાં ભરાવેલી ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા મળી હતી, તે તેણે લાવીને

---

૧. તેમનો જન્મ સં૦ ૧૦૭૨માં, દીક્ષા સં૦ ૧૦૭૭માં થઈ હતી. આ૦ જિનેશ્વરસૂરિએ ગુજરાતથી અહીં આવીને તેમને દીક્ષા આપી હતી, એટલે દીક્ષા સં૦ ૧૦૮૦માં મનાય અને આ૦ વર્ધમાનસૂરિની હયાતીમાં આચાર્યપદ આપ્યું હોય તો આચાર્યપદ સં૦ ૧૦૮૮ સુધીમાં મળ્યું ગણાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાના ઘરદેરાસરમાં સ્થાપન કરી હતી. રસસિદ્ધ યોગીશ્વર **નાગાર્જુને** આ૦ પાદલિપ્તસૂરિ પાસે તેનું માહાત્મ્ય સાંભળી, તેને ચોરી લાવી, નદી કિનારે છુપાવી તેની સમ્મુખ **રસસિદ્ધિ** કરી હતી. આ પ્રતિમા ગુપ્ત હતી. **થામણાના** પટેલ મહીયલની ગાય નિરંતર ત્યાં જઈ તેની ઉપર દૂધ ઝરી આવતી હતી.[1]

આ૦ અભયદેવસૂરિએ ત્યાં આવી, તે સ્થાનની પાકી ભાળ મેળવી ખાતરી કરી. તેમણે તેની સામે બેસીને ધ્યાન ધર્યું; 'जय तिहुअणवरकप्प' થી શરૂ થતા બત્રીશ ગાથાના સ્તોત્ર વડે શ્રીપાર્શ્વનાથપ્રભુની સ્તુતિ કરી. પરિણામે અધિષ્ઠાયકદેવ પ્રસન્ન થતાં શ્રીપાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ થઈ. તેના ન્હવણ જળથી આચાર્યશ્રીનો રોગ શમી ગયો.

શ્રી. અભયદેવસૂરિએ વ્યાખ્યાગ્રંથો અને મૌલિક ગ્રંથો જે રચ્યા છે તેની યાદી નીચે મુજબ છે—

૧. ઠાણંગસુત્ત-ટીકા ગ્રંથાગ્ર : ૧૪૨૫૦, સં૦ ૧૧૨૦.
૨. સમવાયાંગસુત્ત-ટીકા ગ્રં૦ : ૩૫૭૫, સં૦ ૧૧૨૦.
૩. વિવાહપણ્ણત્તિસુત્ત-ટીકા ગ્રં૦ : ૧૮૬૧૬, સં૦ ૧૧૨૮.
૪. નાયાધમ્મકહાઓ-ટીકા ગ્રં૦ : ૪૨૫૨ (૩૮૦૦), સં૦ ૧૧૨૦ આસો સુદિ ૧૦ (પાટણ)
૫. ઉવાસગદસાંગ-ટીકા ગ્રં૦ : ૯૦૦.
૬. અંતગડદસાંગ-ટીકા ગ્રં : ૧૩૦૦.
૭. અણુત્તરોવવાઈદસાંગ-ટીકા ગ્રં૦ : ૧૦૦.
૮. પણ્હાવાગરણઅંગ-ટીકા ગ્રં૦ : ૪૬૦૦.
૯. વિવાગસુય-ટીકા ગ્રં૦ : ૯૦૦.

૧ નાગાર્જુને તે પ્રતિમાની સામે રસસિદ્ધિ કરી હતી. તે રસ ઘુંટવાને માટે રાજા શાલિવાહનની રાણી ચંદ્રલેખાને હમેશાં અહીં લાવતો હતો. રસસિદ્ધિ થતાં જ ચંદ્રલેખાના પુત્રોએ વિશ્વાસ જમાવી નાગાર્જુનને મારી નાખ્યો અને તે પુત્રો પણ વિશ્વાસઘાતના ફળરૂપે મરણ પામ્યા. એ રસ કોઈને મળ્યો નહીં. (–પ્રભાવકચરિત્ર, પ્ર૦ ૧૯, પ્રબંધચિંતામણિ–પરચૂરણ–પ્રબંધ, પ્રબંધકોશ પ્ર૦ ૧૭; પ્રક૦ ૧૯, પૃ૦ ૧૪૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૦. ઉવવાઈસુત્ત-ટીકા ગ્રં૦ ૩૧૨૫, સં૦ ૧૧૨૦.
૧૧. પન્નવણાસુત્ત, તઇયપયસંગ્ગહણી, ગાથા : ૧૩૩.
૧૨. હારિભદ્રીય પંચાસગ-ટીકા ગ્રં૦ :...., સં૦ ૧૧૨૪ (ધોળકા)
૧૩. છટ્ઠાણપગરણ (જિણેસરીય)ભાષ્ય ગ્રં૦ :
૧૪. પંચણિગ્ગંથી પગરણ ગ્રં૦ :
૧૫. આરાહણાકુલયં ગ્રં૦ : ૮૬.
૧૬. જયતિહુઅણથયં ગાથા : ૩૦, સં૦ ૧૧૧૧.
૧૭. આ૦ જિનચંદ્રગણિકૃત નવતત્ત્વપ્રકરણ ભાષ્યવૃત્તિ.
૧૮. સત્તરી-ગ્રંથભાષ્ય.
૧૯. મહાવીરથયં (જઈજ્જા સમણો૦) ગાથા : ૨૨.
(-જૈનસ્તોત્રસંદોહ, પૃ૦ ૧૯૭)
૨૦. શાતારિપ્રકરણવૃત્તિ-ગાથાબદ્ધ.
૨૧. નિગોદષટ્ત્રિંશિકા.
૨૨. પુદ્ગલષટ્ત્રિંશકા.
૨૩. સાહમ્મિયવચ્છલકુલયં ગાથા : ૨૯.
૨૪. વંદણયભાસં ગાથા : ૩૩.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ૦ અભયદેવસૂરિ તેમના સમયમાં સમર્થ શાસ્ત્રકાર હતા, તે આ ઉપરથી સમજાય છે. તેઓ પોતાનો પરિચય આ રીતે આપે છે—

"तच्चन्द्रकुलीनप्रवचनप्रणीताप्रतिबद्धविहारहारिचरितश्रीवर्धमानाभिधानमुनिपतिपादोपसेविनः, प्रमाणादिव्युत्पादनप्रवणप्रकरणप्रबन्धप्रणयिनः प्रबुद्धप्रतिबन्धप्रवक्तृप्रवीणाप्रतिहतप्रवचनार्थवाक्प्रसरस्य **सुविहितमुनिजन**मुख्यस्य **श्रीजिनेश्वराचार्यस्य** तदनुजस्य च व्याकरणादिशास्त्रकर्तुः श्रीबुद्धिसागराचार्यस्य चरणकमलचञ्चरीककल्पेन श्रीमदभयदेवसूरिनाम्ना मया महावीरजिनराजसन्तानवर्त्तिना महाराजवंशजन्मनेव **संविग्नमुनिवर्ग**श्रीमदजितसिंहाचार्यान्तेवासि**यशोदेव**गणिनामधेयसाधोरुत्तरसाधकस्येव विद्याक्रियाप्रधानस्य साहाय्येन समर्थितम् ।"

(-ઠાણંગસુત્ત-ટીકા-પ્રશસ્તિ, સં૦ ૧૧૨૦)

સ્પષ્ટ છે કે, આ૦ અભયદેવસૂરિ ચંદ્રકુલના સંવિજ્ઞવિહારી આ૦ વર્ધમાનસૂરિના પ્રશિષ્ય હતા. સમર્થ જ્ઞાની સુવિહિત આ૦ જિનેશ્વરસૂરિ તથા આ૦ બુદ્ધિસાગરસૂરિના શિષ્ય હતા. ભ૦ મહાવીરસ્વામીથી ઊતરી આવેલી પરંપરાના હતા. મહારાજવંશમાં જન્મ્યા હોય એમ ઉત્તમ **મુનિવંશ**ના હતા અને તેમને સહાયક **સંવિજ્ઞવિહારી** આ૦ અજિતસિંહસૂરિના શિષ્ય વિદ્વાન અને ક્રિયાપ્રધાન પં૦ **યશોદેવ**ગણિ હતા. 'महाराजवंशजन्मनेव' એ શબ્દપ્રયોગ બહુ સૂચક છે. સંભવ છે કે, તેમણે ઉપકેશગચ્છ, રાજગચ્છ કે ચૈત્યવાસીની હરોલમાં પોતાના મુનિવંશની ઉત્તમતા બતાવવા માટે આ પ્રયોગ કર્યો હોય.

**તીર્થસ્થાપના—**

થામણામાં સેઢી નદીના કિનારે શ્રીપાર્શ્વનાથની પ્રતિમા આ૦ અભયદેવસૂરિએ પ્રગટ કરી તે સમયે મલ્લવાદીગચ્છના આચાર્ય વિદ્યમાન હતા. આ૦ અભયદેવસૂરિ અહીં પધાર્યા ત્યારે સંઘ એકઠો થયો અને સંઘે ગામજમણ કર્યું હતું. પ્રતિમા માટે જિનપ્રાસાદ બાંધવાનો નિર્ણય થતાં એક લાખ દ્રમ્મનો ફાળો કર્યો હતો. મલ્લવાદીગચ્છના આચાર્યના ઉપદેશથી શ્રાવકોએ શિલ્પી આમ્રેશ્વર અને મહિષ પાસે ભવ્ય જિનાલય તૈયાર કરાવ્યું અને આ૦ અભયદેવસૂરિના કરકમલથી તેની પ્રતિષ્ઠા કરવામાં આવી. તે સમયથી **થામણા** તીર્થ બન્યું.

'જય તિહુઅણ૦' સ્તોત્રની રચના સં૦ ૧૧૧૧ માં થયેલી મનાય છે.[1] એટલે આ ઘટના પછી નવાંગ **વૃત્તિઓ** રચાઈ એમ સંભવે છે.

આચાર્યશ્રીએ 'જય તિહુઅણ'ની બે ગાથાઓ ધરણેંદ્રની સૂચનાથી ગુપ્ત રાખી છે, તેથી આજે તેની ૩૦ ગાથાઓ જ વિદ્યમાન છે.

**ટીકારચના—**

નિર્વૃતિગચ્છના **આ૦ શીલાંકસૂરિએ** સં૦ ૯૩૩ ની આસપાસમાં આયરંગસુત્ત, સુયગડાંગસુત્ત અને વિવાહપણ્ણત્તિસુત્તની ટીકાઓ

---

૧. જુઓ પિટર્સનનો રિપોર્ટ ત્રીજો, પૃ૦ ૨૫, એપેન્ડિક્સ પૃ૦ ૨૪૫, જૈન ગૂર્જર કવિઓ–ભાગ ૨, પૃ૦ ૬૭૪, ૭૧૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રચી હતી. બીજાં અંગસૂત્રો ઉપર સુબોધ ટીકાઓની ઘણી જરૂર હતી. આ૦ અભયદેવસૂરિએ શાસનદેવીની દૈવી પ્રેરણાથી આયંબિલની તપસ્યા ચાલુ રાખીને સહયોગથી નવ અંગસૂત્રો પર ટીકા રચી, જેમાં સંવિજ્ઞવિહારી આ૦ અજિતદેવસૂરિના શિષ્ય ક્રિયાનિષ્ઠ વિદ્વાન પં૦ **યશોદેવગણિએ** મોટી મદદ કરી હતી. તે સમયના **વૃદ્ધ શ્રુતધર** નિર્વૃતિકુલના **આ૦ દ્રોણાચાર્ય** વગેરે ગુણવાન શાસ્ત્રજ્ઞોએ તે વૃત્તિઓને શુદ્ધ કરી હતી અને તે પછી શ્રાવકોએ તેની પ્રતિઓ લખાવી હતી.

આચાર્યશ્રીને એક દૈવી આભૂષણ મળેલું, જેને રાજા ભીમદેવે ત્રણ લાખ દ્રમ્મ આપીને ખરીદી લીધું હતું. તે રકમ નવાંગવૃત્તિઓની નકલ કરાવવામાં ખપ લાગી હતી. પાટણ, ખંભાત, આશાવલ અને ધોળકાના જૈનોએ નવાંગવૃત્તિની ઘણી નકલો લખાવી હતી.

ધોળકાનો **જીણા શાહ** બહુ નિર્ધન હતો. તે આચાર્યશ્રીની આજ્ઞાથી પૂજા-પાઠ અને જાપ કરવાથી સુખી થયો હતો. તે સોરઠનો **દંડનાયક** બન્યો હતો. તેણે આ૦ અભયદેવસૂરિને ધોળકામાં પધરાવી તેમના કરકમલથી પોતે તૈયાર કરેલા બે જિનાલયોમાં ભ૦ આદિનાથ તથા ભ૦ પાર્શ્વનાથની (કસોટીની) પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. ધોળકામાં યતિઓની **જકાત** બંધ કરાવી. નવાંગવૃત્તિની ઘણી પ્રતિઓ લખાવી તથા શત્રુંજયતીર્થનો **સંઘ** કાઢ્યો હતો.

(—ભક્તામરવૃત્તિ, સં૦ ૧૪૨૬)

તે પછી આચાર્યશ્રી સં૦ ૧૧૩૫ કે સં૦ ૧૧૩૯માં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. આ૦ અભયદેવસૂરિના સ્વર્ગવાસના સમય અને સ્થાનના વિવિધ ઉલ્લેખો મળે છે.

તેમના સ્વર્ગવાસની સાલ સં૦ ૧૧૩૫ અને સં૦ ૧૧૩૯ મળે છે. તેમના સ્વર્ગવાસનું સ્થાન 'પ્રભાવકચરિત્ર'માં પાટણ, મહો૦ ક્ષમાકલ્યાણની 'પટ્ટાવલી'માં કપડવંજ અને 'વીર વંશાવલી' પૃ૦ ૧૯૫ માં ગોપનગર સ્વર્ગભૂમિ બતાવેલ છે.

તેમની પાટે આ૦ **પ્રસન્નચંદ્રસૂરિ** આચાર્ય થયા. તેમને ઉ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિમલગણિ** નામે શિષ્ય હતો એવો ઉલ્લેખ પણ મળે છે.

એકંદરે આ૦ અભયદેવસૂરિ વિક્રમની બારમી શતાબ્દીના પૂર્વાર્ધમાં થયેલા મહાન પ્રભાવક હતા.

**ઉપા૦ સજ્જન**ના શિષ્ય **આ૦ મહેશ્વર** આ૦ અભયદેવસૂરિને શ્રુતગુરુ અને **યુગપ્રધાન** તરીકે નવાજે છે. તેઓ જણાવે છે કે—

“ नमिऊण अभयसूरिं सुयगुरुं जुगप्पहाणं च ।
सेयंवरकुलतिलयं तवलच्छी-सरस्सइनिलयं ॥
सज्जणगुरुस्स सीसो पुप्फवइयं कहं कहइ ।”

આ૦ મહેશ્વરસૂરિએ સ૦ ૧૧૦૯ ‘નાણપંચમીકહા’ તથા ‘પુષ્પવતીકથા’ રચી છે.

**૩૯. આ૦ પ્રસન્નચંદ્રસૂરિ,** આ૦ વર્ધમાનસૂરિ—તેઓને માટે વિભિન્ન ચાર ઉલ્લેખો મળે છે—

(૧) આ૦ પદ્મસૂરિ સં૦ ૧૨૯૪ માં કહે છે—

‘ चक्रे श्रीजिनचन्द्रसूरिगुरुभिर्धुर्यः प्रसन्नाभिध-
स्तेन ग्रन्थचतुष्टयी स्फुटमतिः श्रीदेवभद्रः प्रभुः ॥३॥

(–મુનિસુવ્રતસ્વામિચરિત્ર-પ્રશસ્તિ)

આ૦ જિનચંદ્રસૂરિએ પ્રસન્નચંદ્રસૂરિને મોટા બનાવ્યા અને તેમણે પણ બુદ્ધિમાન દેવભદ્રસૂરિને પોતાની પાટે સ્થાપન કર્યા, જેમણે ચાર ગ્રંથો રચ્યા છે.

આથી સ્પષ્ટ છે કે, આ૦ **પ્રસન્નચંદ્ર** મોટા હતા. આ૦ **વર્ધમાનસૂરિ** અને આ૦ **અશોકચંદ્ર** તેમનાથી નાના હતા.

આ૦ **પ્રસન્નચંદ્રસૂરિ** આ૦ જિનચંદ્રસૂરિના શિષ્ય હતા અને આ૦ અભયદેવસૂરિના વિદ્યાશિષ્ય હતા. ન્યાય અને આગમના જ્ઞાતા હતા. આ૦ જિનચંદ્રે પોતાની પાટે આ૦ હરિસિંહને અને આ૦ અશોકચંદ્રે આ૦ અભયદેવની પાટે આ૦ પ્રસન્નચંદ્રને સ્થાપન કર્યા. તે પછી આ૦ અભયદેવે પોતાના દીક્ષા-શિક્ષાશિષ્ય **આ૦ વર્ધ-**

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**માન**ને પોતાની પાટે સ્થાપન કર્યા. આથી આ૦ અભયદેવની પાટે બે આચાર્યો થયા.

(૨) **આ૦ વર્ધમાનસૂરિ**—સં ૧૧૭૨ માં 'ધર્મકરંડકવૃત્તિ'માં સંશોધનકાર તરીકે ઉપા૦ પાર્શ્વચંદ્ર અને અશોકચંદ્રગણિનું નામ આપ્યું છે.

આથી સ્પષ્ટ છે કે, આ૦ અશોકચંદ્ર સં૦ ૧૧૭૨ પછી આચાર્ય થયા, જે આ૦ વર્ધમાનસૂરિથી નાના હતા.

(૩) એક ઉલ્લેખ એવો મળે છે કે, આ૦ **અશોકચંદ્રે** આ૦ અભયદેવની પાટે આ૦ જિનચંદ્રના શિષ્ય આ૦ **પ્રસન્નચંદ્રસૂરિ**ને અને તે જ સમયે ઉપા૦ સુમતિના શિષ્ય આ૦ દેવભદ્રને આચાર્ય-પદ આપ્યું હતું.

આ વિગતથી સમજાય છે કે, આ૦ અશોકચંદ્ર મોટા હતા અને આ૦ પ્રસન્નચંદ્ર નાના હતા.

(—પટ્ટાવલીસમુચ્ચય ભા૦ ૨, ગુરવણી, પૃ૦ ૨૨૩)

(૪) આ૦ જિનેશ્વરસૂરિના શિષ્ય ઉપા૦ **ધર્મદેવગણિ**ના ભ્રાતા **પં૦ સહદેવગણિ**ના શિષ્ય પં૦ અશોકચંદ્ર હતા. આ૦ જિનચંદ્રે તેમને પોતાની પાટે સ્થાપીને તેમનું નામ આ૦ હરિસિંહ આપ્યું.

(—યુગપ્રધાન ગુર્વાવલી)

આ ચાર ઉલ્લેખોમાંથી એટલું જ તારવી શકાય છે કે, આ૦ જિનચંદ્રે અને આ૦ હરિસિંહે (અશોકચંદ્રે) આ૦ પ્રસન્નચંદ્રસૂરિને આ૦ અભયદેવસૂરિની પાટે પ્રથમ સ્થાપ્યા. પછી આ૦ અભયદેવે આ૦ વર્ધમાનસૂરિને પોતાના હાથે પોતાની પાટે સ્થાપન કર્યા અને આ૦ અશોકચંદ્ર સં૦ ૧૧૭૨ પછી આ૦ જિનચંદ્રસૂરિની પાટે સ્થાપિત થયા. સંભવ છે કે, આ૦ પ્રસન્નચંદ્રસૂરિ અલ્પ-આયુષી હશે.

૪૦. આ૦ **દેવભદ્રસૂરિ**—તેઓ આ૦ પ્રસન્નચંદ્રના શિષ્ય ઉપાધ્યાય સુમતિગણિ અને તેમના શિષ્ય ગુણચંદ્રગણિ નામે હતા. આ૦ પ્રસન્નચંદ્રસૂરિએ તેમને સં૦ ૧૧૩૯ માં આચાર્યપદવી આપી આ૦ દેવભદ્ર નામ રાખી પોતાની પાટે સ્થાપન કર્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુણચંદ્રગણિએ સં૦ ૧૧૨૫ માં 'સંવેગરંગશાલા'નું સંશોધન કર્યું. તેમણે સં૦ ૧૧૩૯ માં મહાવીરચરિયં, સં૦ ૧૧૫૮ માં ભરુચમાં 'કહારયણકોસો', સં૦ ૧૧૬૮ માં ભરુચની આંબડ વસતિમાં 'સિરિપાસનાહચરિયં, પ્રમાણપ્રકાશ, આરાહણા, અણંતજિણથયં, થંભણ-પાસનાહથયં, વીતરાગસ્તવન' વગેરે ગ્રંથો રચ્યા છે. તેમણે સં૦ ૧૧૬૭ માં ચિત્તોડમાં આ૦ **જિનવલ્લભને** અને સં૦ ૧૧૬૯ના વૈશાખ વદિ ૬ દિને **આ૦ જિનદત્તને** આચાર્યપદ આપ્યું.

તેમની પાટે આ૦ પ્રભાચંદ્ર, આ૦ તિલક, આ૦ દેવાનંદસૂરિ થયા. આ૦ પ્રભાચંદ્રે 'વીતરાગસ્તોત્ર'નું વિવરણ રચ્યું છે. આ૦ તિલક-સૂરિએ 'ગૌતમપૃચ્છા' રચી છે.

૪૧. આ૦ દેવાનંદ—તેઓ શુદ્ધ ચારિત્રપાત્ર હતા.

૪૨. આ૦ દેવપ્રભ.

૪૩. આ૦ પદ્મપ્રભસૂરિ—તેમણે સં૦ ૧૨૯૪ માં 'મુનિસુવ્રત-સ્વામિચરિત્ર' રચ્યું છે.

(–પ્રભાવકચરિત્ર, પ્રબંધકોશ, નવાંગવૃત્તિપ્રશસ્તિ, શિલાલેખો, મુનિસુવ્રતસ્વામિચરિત્ર-પ્રશસ્તિ, વીતરાગસ્તોત્રવિવરણ-પ્રશસ્તિ, પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨, પૃ૦ ૨૨૧ થી ૨૨૩)

## ૨. સુવિહિત પટ્ટાવલી

### ૩૮. આ૦ અભયદેવસૂરિ.

૩૯. **આ૦ વર્ધમાનસૂરિ**—તે આ૦ અભયદેવના દીક્ષા-શિક્ષા શિષ્ય હતા. આ૦ અભયદેવસૂરિએ તેમને પોતાના હાથે પાટે સ્થાપન કર્યા હતા. તેમણે સં૦ ૧૧૪૦ માં 'મણોરમાકહા', સં૦ ૧૧૬૦ માં ખંભાતમાં 'આદિનાહચરિયં' અ૦ ૫ અને સં૦ ૧૧૭૨ માં 'ધર્મ-કરંડક' સ્વોપજ્ઞવૃત્તિ સહિત રચ્યાં છે. 'ધર્મકરંડક'નું ઉપા૦ પાર્શ્વ-ચંદ્ર, પં૦ અશોકચંદ્રગણિએ સંશોધન કર્યું હતું. તેમાં નેમિચંદ્ર (આ૦ આમ્રદેવના શિષ્ય) અને ધનેશ્વરનાં નામોનો ઉલ્લેખ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૩. સુવિહિત પટ્ટાવલી

૩૬. આ૦ વર્ધમાનસૂરિ.

૩૭. આ૦ જિનેશ્વરસૂરિ.

૩૮. આ૦ **જિનચંદ્રસૂરિ**—તેમને ૧૮ નામમાલાઓ મુખપાઠે હતી. તેમણે આ૦ અભયદેવની વિનતિથી સં૦ ૧૧૨૫ માં 'સંવેગ-રંગસાલાકહા' ગ્રં૦ : ૧૮૦૦૦, 'દિનચર્યા' ગાથા : ૩૦, '–વિવરણ' ગ્રં૦ : ૩૦૦ અને 'ઉપદેશસંગ્રહ' રચ્યા છે. 'સંવેગરંગસાલા'નું સંશોધન પં૦ પ્રસન્નચંદ્રગણિ, પં૦ ગુણચંદ્રગણિ અને પં૦ જિન-વલ્લભગણિએ કર્યું હતું.

તેમને (૧) **આ૦ આમ્રદેવ,** (૨) **આ૦ ચંદ્રસૂરિ,** (૩) **આ૦ અશોકચંદ્ર** વગેરે અનેક શિષ્યો હતા. આ૦ અશોકચંદ્રની પાટે આ૦ હરિસિંહ થયા.

૩૯. **આ૦ આમ્રદેવ**—તેમણે સં૦ ૧૧૯૦ માં ધોળકામાં વડ-ગચ્છના આ૦ નેમિચંદ્રસૂરિએ રચેલા 'આખ્યાનમણિકોશ'ની વૃત્તિ ગ્રં૦ : ૧૪૦૦૦ રચી છે; જેમાં પં૦ નેમિચંદ્રગણિ, પં૦ ગુણાકરગણિ અને પં૦ પાર્શ્વદેવગણિએ સહાય કરી હતી. તેમની પાટે આ૦ વિજયસેન, આ૦ નેમિચંદ્ર અને આ૦ યશોદેવ થયા.

૪૦. **આ૦ નેમિચંદ્ર**—તેઓ સં૦ ૧૧૯૦ થી ૧૨૦૦ના ગાળા-માં આચાર્ય થયા. તેમણે 'અણંતસામિચરિયં' તથા 'પૂયગટ્ઠં' ગ્રં૦ : ૧૮૭૦, 'માણુસજમ્મકુલયં' ગાથા : ૨૨ રચ્યાં છે. તેમને (૪૧) જયાનંદગણિ શિષ્ય હતા, જેમણે સં૦ ૧૨૦૧માં તીર્થંકરોનાં ૧૨૦ કલ્યાણકો, દેહવર્ણ, દીક્ષાતપ, કેવલિતપ, મોક્ષતપ અને દેહ-માનના ઉલ્લેખવાળો ગદ્ય-પદ્ય પ્રાકૃત ભાષામાં આરસપટ્ટ તૈયાર કરાવ્યો હતો, જે આબૂ ઉપર વિમલવસહીની દશમી દેરીની બહાર ડાબી બાજુની દિવાલ પર ગોઠવેલો આજે પણ વિદ્યમાન છે. તેમાં ભ૦ મહાવીરસ્વામીનાં છ નહીં પણ શાસ્ત્રાનુસારી પાંચ કલ્યાણકો બતાવ્યાં છે. આ પટ્ટથી એ માન્યતા અચૂક સિદ્ધ થાય છે કે, આ૦ વર્ધ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માનસૂરિ, આ૦ જિનેશ્વરસૂરિ, આ૦ જિનચંદ્રસૂરિ, આ૦ અભયદેવસૂરિની શિષ્યપરંપરા ભ૦ મહાવીરદેવનાં પાંચ કલ્યાણકો માને છે.

(–જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૪૫; પૂ૦ જયંતવિજયજીનો અર્બુદ પ્રાચીન લેખસંદોહ, લેખાંક : ૫૨)

૪૧. આ૦ શાંતિચંદ્રસૂરિ, પં૦ જયાનંદગણિ—આ૦ શાંતિસૂરિએ વિ૦ સં૦ ૧૧૬૧માં 'પુહવીચંદચરિય' રચ્યું છે.

૪૨. આ૦ મુનિચંદ્રસૂરિ—તે આ૦ આમ્રદેવના શિષ્ય હતા.

## ૪. સુવિહિત પટ્ટાવલી

૩૮. આ૦ જિનચંદ્ર.　　૩૯. આ૦ આમ્રદેવ.

૪૦. **આ૦ યશોદેવ**—શિલાલેખોમાં તેમના નામ સાથે 'आरासणसत्क' શબ્દ વપરાયો છે.[1]

૪૧. આ૦ દેવચંદ્રસૂરિ—તેમણે સં૦ ૧૨૪૫માં આબૂ ઉપરની વિમલવસહીમાં ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી.

(–પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા૦ ૨, પૂ૦ જયંતવિજયજીનો, અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લે૦ : ૧૨૪ થી ૧૪૪)

૪૨. **આ૦ વર્ધમાનસૂરિ**—તે મહાન તપસ્વી હતા. તેમણે આબૂતીર્થમાં સં૦ ૧૩૧૯ માં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી.

(–અર્બુદ પ્રાચીન જૈ૦લે૦સં૦, લે૦ : ૧૩૫)

તેમના ઉપદેશથી મંત્રી વસ્તુપાલે શંખેશ્વરતીર્થનો સંઘ કાઢ્યો અને જીર્ણોદ્ધાર કરાવ્યો.

જ્યારે **મંત્રી વસ્તુપાલ** અને મંત્રી તેજપાલ મરણ પામ્યા ત્યારે આચાર્યશ્રી જૈનશાસનનો મહાન સ્તંભ તૂટી પડ્યો એમ ખેદ પામ્યા અને વિશિષ્ટ વૈરાગ્યથી આયંબિલનું અખંડ **વર્ધમાન તપ** કરવા લાગ્યા. સંઘે પારણા માટે વિનંતિ કરવા છતાં શંખેશ્વર

---

૧. આ૦ નેમિચંદ્રના પટ્ટધર આ૦ યશોદેવ માટે જૂઓ, પ્રક૦ ૩૬, પૃ૦ ૨૦૮)

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

પાર્શ્વનાથનાં દર્શન કરી પારણું કરીશ એવો અભિગ્રહ લીધો. આ તપ પંદર વર્ષ સુધી તેમણે ચાલુ રાખ્યું હતું.

તેમણે સં૦ ૧૩૧૯ લગભગમાં તપ પૂરું કરી આબૂની પ્રતિષ્ઠા કરી હતી. શ્રીસંઘ સાથે શંખેશ્વરતીર્થમાં જવા વિહાર કર્યો. તેઓ વૃદ્ધ હતા, તપસ્વી હતા, ઘામ ધખતો હતો એટલે રસ્તામાં વિસામો લેવા એક ઝાડની છાયામાં નીચે બેઠા અને તે જ સ્થળે શંખેશ્વરજીના ધ્યાનમાં એકતાન થઈ જતાં આયુષ પૂરું થવાથી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા અને મરીને શંખેશ્વરતીર્થમાં જ તીર્થાધિષ્ઠાયક તરીકે ઉત્પન્ન થયા. અધિષ્ઠાયકરૂપે તીર્થમાં વિવિધ પરચા પૂરવા લાગ્યા. આ અધિષ્ઠાયકે શ્રીસીમંધરસ્વામી પાસે જઈને મંત્રીના ભવો જાણી લીધા. એક વાર નાગોરનો શેઠ સુભટ ઓશવાલ શંખેશ્વરની યાત્રાએ આવતાં રસ્તામાં લૂંટાયો ત્યારે અધિષ્ઠાયકદેવે તેને મદદ કરી અને લૂંટાયેલો માલ પાછો અપાવ્યો.

આ આચાર્યશ્રી વડગચ્છના હતા.

(–શ્રીજિનહર્ષગણિનું 'વસ્તુપાલચરિત' પ્ર૦ ૮, શ્લો૦ ૫૯૦ થી ૬૩૩; પ્રબંધકોશ પૃ૦ ૧૨૮, પુરાતનપ્રબંધસંગ્રહ, પૃ૦ ૬૮, શંખેશ્વર મહાતીર્થ, ભા૦ ૧, પૃ૦ ૬૫, ૬૬, ભા૦ ૨, પૃ૦ ૪૬ થી ૪૯)

## ૫. સુવિહિત પટ્ટાવલી

૩૮. **આ૦ જિનચંદ્રસૂરિ.**

૩૯. **આ૦ ચંદ્રસૂરિ**—તેઓ વ્યાકરણના પારંગત, સાહિત્યના સાગર, વાદિવિજેતા, કામવિજેતા અને શાસ્ત્રસિદ્ધાંતના પારગામી હતા.

(–મલ્લિનાહચરિય-પ્રશસ્તિ)

આરાસણના એક લેખમાં તેમને નવાંગવૃત્તિકાર આ૦ અભયદેવસૂરિના સંતાનીય તરીકે ઓળખાવ્યા છે.

(–પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા૦ ૨, લે૦ : ૨૮૩)

૪૦. **આ૦ હરિભદ્રસૂરિ**—તેમણે સં૦ ૧૧૭૨માં પં૦ જિન-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વલ્લભગણિ રચિત 'આગમિકવસ્તુવિચાર'ની વૃત્તિ ગ્રં૦ : ૮૫૦ રચી છે, પાટણના **શેઠ નીના** પોરવાલના વંશજ તેમજ ગૂર્જરેશ્વર કુમારપાલના **મહામાત્ય પૃથ્વીપાલ**ની વિનંતિથી પ્રાકૃત-અપભ્રંશ ભાષામાં ચોવીશ તીર્થંકરોનાં ચરિત્રો રચ્યાં છે; તેમાંનાં આજે સં૦ ૧૨૧૬ના કાર્તિક સુદિ ૧૩ ને સોમવારે પાટણમાં રચેલ અપભ્રંશ ભાષાનું 'નેમિનાહચરિયં', 'સણુયકુમારચરિયં', સં૦ ૧૨૧૩ લગભગમાં રચેલ 'ચંદપ્પહચરિયં' ગ્રં૦ ૮૦૩૨, તથા પ્રાકૃતભાષાનું 'મલ્લિનાહચરિયં' પ્રસ્તાવ ત્રણનું વિદ્યમાન છે.

૪૧. **આ૦ સર્વદેવગણિ**—તેમણે પોતાના ગુરુને ચોવીશ તીર્થંકરોનાં ચરિત્રો રચવામાં સહાય કરી હતી.

૪૧. આ૦ યશોભદ્રસૂરિ—તેઓ ચંદ્રગચ્છીય આ૦ હરિભદ્રના શિષ્ય હતા. તેમનો સં૦ ૧૩૦૦ના વૈશાખ વદિ ૧ ને બુધવારનો પ્રતિમાલેખ મળે છે. (–પ્રાચીન લેખસંગ્રહ, ભા૦ ૨, લે૦ : ૫૪૫)

૪૧. આ૦ અજિતસિંહસૂરિ—શ્રાવક રામદેવ પોરવાલે લખાવેલી આ૦ નેમિચંદ્રસૂરિની પ્રશસ્તિ-પુષ્પિકામાં અનુક્રમે આ૦ અભયદેવસૂરિ, આ૦ હરિભદ્રસૂરિ, આ૦ અજિતસિંહસૂરિ—એવો ક્રમ આપ્યો છે. એ પરિવારના મુનિવરો પોતાને આ૦ અભયદેવસૂરિના સંતાન બતાવતા હશે તેથી આ ક્રમ અપાયેલો સંભવે છે.

૪૨. આ૦ હેમસૂરિ.

૪૩. **આ૦ મહેન્દ્રસૂરિ**—તેમના ઉપદેશથી શ્રાવક રામદેવ પોરવાલે આ૦ નેમિચંદ્રસૂરિએ રચેલ 'મહાવીરચરિયં' લખાવી પં૦ ભુવનચંદ્રગણિને વહોરાવ્યું. (–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર૦ ૬)

**શેઠ શિવનાગ,** રાજા અલ્લટ, સં૦ ૧૦૧૦ ભુવનપાલ, મિહિરભોજ, ધવલ, સં૦ ૧૦૫૩ જૈન રાજા સુધાનધ્વજ, સુહિલધ્વજ સં૦ ૧૦૫૬[1] વગેરેનો પરિચય પ્રક૦ ૩૪ (પૃ૦ ૫૮૯ થી ૬૦૦)માં આવી ગયો છે.

---

૧. **રાજા સુહિલદેવે સં૦ ૧૦૮૦** લગભગમાં કુટિલા નદીના કિનારે ગોંડાથી અગ્નિકોણમાં રહેલ નરાવગંજ ખાતેની ઐતિહાસિક લડાઈમાં મહમ્મુદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજા **ચામુંડરાયે** થરામાં અપાતાં બલિદાન બંધ કરાવ્યાં અને જિનાલયને તામ્રશાસન આપ્યું તે બીના પણ (પ્રક૦ ૩૫, પૃ૦ ૭૮ માં) આવી ગઈ છે.

**ચણુક શ્રેષ્ઠી**—ચણુક વેપારીએ આ૦ ઉદ્દ્યોતનસૂરિના ઉપદેશથી 'ભક્તામરસ્તોત્ર'નો પાઠ ચાલુ કર્યો એટલે તે સુખી થયો. તેણે પાટણમાં ભ૦ આદીશ્વરનું જિનાલય કરાવ્યું, લક્ષ્મીદેવીના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને તીર્થયાત્રાના સંઘો કાઢ્યા. રાજા વૃદ્ધ ભીમદેવ તેને બહુ માનતો હતો. તે વિક્રમની ૧૧મી સદીની મધ્યમાં થયો હતો.

(—આ૦ ગુણાકરની 'ભક્તામરસ્તોત્ર' શ્લો૦ ૨૬ની વિવૃતિ)

બાંઠિયા **ઝામડગોત્ર, સિંઘીગોત્ર**નો પરિચય પ્રક૦ ૩૪, પૃ૦ ૬૦૦ માં આવી ગયો છે. (તથા જૂઓ, પ્રક૦ ૩૬, પૃ૦ ૨૦૭)

**ભંડારીગોત્ર**—શાકંભરીના લક્ષ્મણ ચૌહાણે નડૂલમાં આવીને ત્યાંનું રાજ્ય જમાવ્યું. (સં૦ ૧૦૨૪ થી ૧૦૨૯) તેની રાણી નડૂલના શેઠની પુત્રી હતી. તે જૈન હતી. તે રાજાને ૩૨ પુત્રો હતા. રાજાએ તેમને ભંડાર ઉપર નીમ્યા. આ ૩૨ પુત્રો ઓશવાલવંશમાં દાખલ થયા અને તેમનું ભંડારીગોત્ર જાહેર થયું.

(—પુરાતનપ્રબંધસંગ્રહ, પૃ૦ ૧૦૨)

ભંડારી અસલથી જૈન હતા. તે પહેલાં સાંડેરકગચ્છના શ્રાવકો હતા. પછી તપાગચ્છના શ્રાવકો થયા. આજે સમસ્ત ભંડારીગોત્રવાળા તપાગચ્છના ઉપાસકો જ મનાય છે. (જૂઓ, પ્રક૦ ૩૪, પૃ૦ ૬૦૧)

**ચંદ્રાવતી**—

આબૂની તળેટીમાં ચંદ્રાવતી નામે મોટું નગર વસેલું હતું. તેનાં ચડાવલી, ચડ્ડાવલી, ચડાઉલી વગેરે નામો મળી આવે છે.

---

ગિજનવીના સિપાહસાલાર, સૈયદ સાલાર, મસઉદ ગાજીને હરાવી મારી નાખ્યો હતો. આ જૈન રાજવંશ હતો.

(—અવધ ગેઝેટિયર વૉ૦ ૨, પૃ૦ ૩૦૮; વૉ૦ ૩, પૃ૦ ૨૮૩—૨૮૪ તથા પ્રક૦ ૩૪, પૃ૦ ૫૯૯, પ્રક૦ ૪૪ દિલ્હીના બાદશાહો)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્યારે સં૦ ૮૪૦ માં કનોજમાં વત્સરાજ પ્રતીહાર અને સં૦ ૮૬૦ યશોવર્મા પ્રતીહાર રાજા હતા ત્યારે ગુજરાત તેના તાબામાં હતું. સં૦ ૮૬૦ માં માલખેડના રાજા ગોવિંદ રાઠોડે ગુજરાત જીતી લઈ ત્યાં પોતાના ભાઈ ઇંદ્રને ગાદીએ બેસાડયો. એ સમયના સંઘર્ષમાં પરમારવંશનો ઉદય થયો અને તેમણે ચંદ્રાવતી વસાવ્યું. તેમાં પાંચ સદી સુધી પરમારવંશે રાજ્ય કર્યું અને ચંદ્રાવતી તેમના શાસનમાં જાહોજલાલીની ટોચે પહોંચ્યું.

રાજા ધંધૂક પરમારના સમયે અહીં ૪૪૪ જિનાલયો હતાં, ૯૯૯ શિવાલયો હતાં, જે લાકડાનાં બનેલાં હતાં. એ સિવાય વાવો, ધર્મશાળાઓ વગેરે ઘણાં હતાં. આ સમયમાં જ મંત્રી વિમલશાહે વિમલવસહી બંધાવી આબૂને શ્રેષ્ઠ તીર્થધામોની હરોલમાં મૂકી દીધું. ચંદ્રાવતીના કિલ્લામાં ૩૬૦ કરોડપતિ વસતા હતા. તેઓ વારાફરતી હમેશાં આબૂ ઉપર પૂજા ભણાવતા અને ચંદ્રાવતીમાં સાહમ્મીવચ્છલ જમાડતા હતા. તેઓ નવા આગંતુક જૈનને પોતાના તરફથી એકેક ઇંટ, નળિયું, થાળી અને રૂપિયો આપીને એક જ દિવસમાં ધનાઢ્ય બનાવી દેતા. તેઓ એવા ઉદાર હતા.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

આ૦ **ધનેશ્વરે** સં૦ ૧૦૯૫ માં અહીં ' સુરસુંદરીચરિયં ' રચ્યું હતું. મંત્રી કુંકુણે અહીં સં૦ ૧૦૧૦ માં જિનાલય બંધાવ્યું અને તે પછી દીક્ષા લીધી. કચ્છોલીગચ્છના આ૦ ઉદયસિંહે સં૦ ૧૨૬૩ માં અહીંની રાજસભામાં મંત્રવાદીને હરાવ્યો હતો. માંડવગઢના મંત્રી પેથડકુમાર તથા ગયાસુદ્દીન ખિલજીના મંત્રી સંગ્રામ સોનીએ અહીં જિનાલયો બંધાવ્યાં હતાં.

મહમ્મુદ ગિઝનવીએ સં૦ ૧૦૮૦ માં તથા અલ્લાઉદ્દીન ખિલજીએ સં૦ ૧૩૬૮ માં પ્રતાપસિંહ પરમારના રાજ્યમાં ચંદ્રાવતી ભાંગ્યું અને લૂટયું હતું. તેના વંશજ **સહસમલ ચૌહાણે** સં૦ ૧૪૮૨ ના વૈશાખ વદિ ૨ ના રોજ સિરોહી વસાવ્યું તેથી ચંદ્રાવતીનું મૂલ્ય ઘટયું અને અમદાવાદના બાદશાહ અહમદશાહે સં૦ ૧૫૦૦ પછી

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

ચંદ્રાવતી તોડીને તેને ધરાશાયી બનાવ્યું અને તેના પથ્થરો તે અમદાવાદ લઈ ગયો.

કર્નલ જેમ્સ ટોડે ઈ૰સ૰ ૧૮૨૨ (સં૰ ૧૮૭૯)માં ચંદ્રાવતીનાં ખંડિયેરોનાં ચિત્રો 'ટ્રાવેલ્સ ઈન વેસ્ટર્ન ઇંડિયા'માં છપાવ્યાં છે.

સર ચાર્લ્સ કોલ્વિલ્સ ઈ૰ ૧૮૨૪ (સં૰ ૧૮૮૧)માં ચંદ્રાવતી આવ્યો ત્યારે અહીં ૨૦ જૈન મંદિરોનાં અવશેષો સ્પષ્ટ હતાં. રેલ્વે વિભાગના કાર્યવાહકોએ પણ અહીંથી રેલ્વે લાઈન નીકળ્યા પછી પથ્થરો અને નકસી કામના પથ્થરના નમૂનાઓ લઈ જઈ જુદા જુદા સ્ટેશનોમાં ગોઠવ્યા. સિરોહી રાજ્યે આ અંગે કાયદા દ્વારા પથ્થરો લઈ જવાની મનાઈ કરી ત્યારે તો અહીંના પથ્થરો દૂર દૂર લઈ જવાયા હતા.

અમે પણ અહીં સં૰ ૧૯૯૨ માં ચંદ્રાવતીનાં ખંડિયેરો જોવા ગયા હતા, ત્યારે અહીં ૩૭ જૈન મંદિરોના ટીલા (ટેકરાઓ) વિદ્યમાન હતા અને એક જ પથ્થરમાં બે બાજુએ ઘડેલી દ્વિશરીરી એક જિન-પ્રતિમા અમને મળી હતી, જે પાછળથી સિરોહીના મ્યુઝિયમમાં મૂકવામાં આવી હતી.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**જાલોરગઢ—**

મારવાડમાં જોધપુરથી દક્ષિણે ૭૦ માઈલ અને એરનપુરારોડથી પશ્ચિમમાં ૩૮ માઈલ દૂર સુકડી નદીના કિનારે પહાડની તળેટીમાં જાલોરનગર વસેલું છે. તેનાં જાબાલિપુર, જાલુર વગેરે બીજાં નામો પણ મળે છે.

નગરની પાસે જ ૧૨૦૦ ફીટ ઊંચો પહાડ છે, જે સ્વર્ણગિરિ, કનકાચલ, સોહનગઢ વગેરે નામોથી ઓળખાય છે. પ્રથમ રાજા નાહડે અહીં કિલ્લો બંધાવ્યો હતો અને વિ૰ સં૰ ૨૭૦ માં અહીં યક્ષ-વસતિપ્રાસાદ બંધાવી તેમાં આ૰ પ્રદ્યોતનસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. બીજા ઉલ્લેખ મુજબ શેઠ ધનપતિએ એ પ્રાસાદ બંધાવી પ્રતિષ્ઠા કરાવી હતી. એ સમયે કરોડપતિઓ આ કિલ્લા ઉપર રહેતા હતા અને લખપતિઓ વગેરે આ કિલ્લાની બહાર વસતા હતા.

રાજા અમરસિંહ ચૌહાણે વિક્રમની બારમી સદીમાં આ કિલ્લાનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીર્ણોદ્ધાર કરાવ્યો. આથી તેના વંશજો સોનગરા ચૌહાણ તરીકે ખ્યાતિ પામ્યા. આ કિલ્લો અત્યારે ૧૨૦૦ ફીટ ઊંચી ટેકરી પર છે, ૮૦૦ વાર લાંબો-પહોળો છે. તેમાં સૂરજપોળ, ધ્રુવપોળ, ચાંદપોળ અને લોહપોળ એવા ચાર દરવાજા છે. અંદર ત્રણ જૈન દેરાસરો છે, જે પૈકી ચૌમુખજીનું દેરાસર બે માળનું છે.

આ પ્રદેશનું પ્રાચીન નામ પિલ્વાહિકામંડળ હોવાનું જણાય છે. આજે તેને જાલોર પરગણું કહે છે.

અહીં પ્રતીહારો અને સિસોદિયાઓએ વિક્રમની નવમી સદી સુધી, પરમારોએ સં૦ ૧૧૭૮ સુધી, ચૌહાણોએ સં૦ ૧૩૩૬ સુધી, ખિલજીવંશ, મેવાડના રાણાઓ, ચૌહાણો, વિહારી પઠાણો, રાઠોડો વિક્રમની સત્તરમી સદી અને તે પછી જોધપુરના નરેશોનું રાજ્ય હતું. અહીં સં૦ ૧૬૮૬ માં રાજા ગજસિંહ અને સં૦ ૧૭૪૨ માં અજિતસિંહ વગેરે રાજાઓ થયા હતા.

આ૦ જિનેશ્વરસૂરિએ સં૦ ૧૦૮૦ માં અહીં આ૦ હરિભદ્રસૂરિનાં અષ્ટકો ઉપર ટીકા રચી અને આ૦ બુદ્ધિસાગરે ‘બુદ્ધિસાગરવ્યાકરણ’ (ગ્રં૦ : ૭૦૦૦) અહીં રચ્યાં હતાં.

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

જગદ્ગુરુ **શ્રીહીરવિજયસૂરિના** શિષ્ય **ઉદયવર્ધનગણિ,** તેમના શિષ્ય પં૦ કુશલવર્ધનગણિ, તેમના શિષ્ય **પં૦ નગર્ષિ**ગણિએ અહીં સં૦ ૧૬૫૧ માં ચાતુર્માસ કરીને ‘જાલુર પંચચૈત્યપરિપાટી’ અને ‘વરકાણા પાર્શ્વનાથસ્તોત્ર’ રચ્યાં છે.[1] તે સમયે જાલોરમાં (૧) ભ૦ આદીશ્વર, (૨) ભ૦ શાંતિનાથ, (૩) ભ૦ નેમિનાથ, (૪) ભ૦

૧. પં૦ **નગર્ષિગણિએ** સં૦ ૧૬૪૯માં રામસીતા રાસ, અલ્પબહુત્વવિચારગર્ભિત ભ૦ મહાવીરસ્વામીનું સ્તવન ગા૦ ૪૯, દંડકઆત્રચૂર્ણિ સં૦ ૧૬૫૧ના શ્રાવણ સુદિ ૩ના રોજ જાલોરમાં, વરકાણા પાર્શ્વનાથ સ્તવન સં૦ ૧૬૫૧ના ભાદરવા વદિ ૩ના રોજ, ‘જાલુરપંચ ચૈત્યપરિપાટીસ્તવન’ અને સં૦ ૧૬૫૭ના વૈશાખ સુદિ ૭ના રોજ સ્થાનાંગદીપિકા ગ્રં૦ ૧૮૦૦૦, તેમજ સં૦ ૧૬૫૭માં ગુજરાતીમાં કડીબંધ ‘કલ્પાન્તર્વાચ્ય’ વગેરે ગ્રંથો રચ્યા હતા. તેમનાથી નગવર્ધનશાખા નીકળી છે. (જૂઓ, પ્રક૦ ૫૮)

(—જૈનસત્યપ્રકાશ ક્રમાંક : ૧૧૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાર્શ્વનાથ અને (૫) ભ૦ મહાવીરસ્વામીનાં મંદિરો હતાં, જે પૈકીનું ભ૦ પાર્શ્વનાથનું દેરાસર ખરતરવાસમાં હતું.

જોધપુરના મહાદાનીશ્વરી **મંત્રી જયમલ મુહણોતે**[1] અહીં

---

૧. રાવ **જોધાજી** રાઠોડે જોધપુર અને તેના પુત્ર રાવ **બીકાજી** રાઠોડે સં૦ ૧૫૪૫માં **બિકાનેર** વસાવ્યાં છે. જોધપુરના રાવસિંહ રાઠોડના વંશમાં આસથાન, ધૂહડ, અને રાયમલ થયા. રાયમલ રાઠોડને ૧૩ પુત્રો હતા. તે પૈકી બીજો પુત્ર **મોહનસિંહ** તપાગચ્છીય જૈન બન્યો અને તેનાથી મુહણોત ગોત્ર શરૂ થયું.

**સૂજા મોહણોતને** અચલાજી નામે પુત્ર હતો અને સેજાજી નામે પૌત્ર હતો. સેજાજીને જયવંતા નામે પત્ની હતી; તેનાથી સં૦ ૧૬૩૮ના મહા વદિ ૮ના દિને **જયમલ** નામે પુત્ર થયો. જયમલ મુહણોતને સરૂપદેવી પત્નીથી **નેણશી**, સુંદરદાસ, આસકરણ, તથા સોહાગદે પત્નીથી નરસિંહ અને જગમાલ એમ કુલ પાંચ પુત્રો હતા. તે પૈકીના **નેણસી** મુહણોતે 'નેણસીરી ખ્યાત' નામે ગ્રંથ રચ્યો, જે આજે મારવાડના ઇતિહાસ માટે પ્રામાણિક હકીકતો પૂરી પાડે છે.

**શા. જયમલે** રાજકારણમાં પ્રવેશ કર્યો. તે ફલોધિ અને જાલોર પરગણાનો **હાકેમ** બન્યો. ત્યાં તેની કારકીર્દિ સફળ નીવડી. જોધપુરના રાજા સુરસિંહજીના પુત્ર **રાજા ગજસિંહ રાઠોડે** તેને જોધપુર બોલાવી સં૦ ૧૬૮૬માં તેને પોતાનો **દિવાન** બનાવ્યો. સં૦ ૧૬૮૭માં ગુજરાત તથા મારવાડમાં ભયંકર **દુકાળ** પડ્યો ત્યારે દિવાન જયમલજીએ ઘણું ધન વાપરી જનતાને કીમતી રાહત આપી હતી. તેને જનતાએ "જગડુશાહ" તરીકે બિરદાવ્યો હતો. તેણે સં૦ ૧૬૮૧માં પં૦ **જયસાગર ગણીના** હાથે અને સં૦ ૧૬૮૬માં **આ૦ વિજયદેવસૂરિના** હાથે અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરાવ્યાં, નવું દેરાસર બંધાવ્યું. તેની સ્ત્રીઓએ પણ સં૦ ૧૬૮૩માં પ્રતિષ્ઠા કરાવી હતી. દિવાન જયમલજીએ જાલોરના કિલ્લા પરના ભ૦ મહાવીરસ્વામીના **કુમારવિહાર**, ચૌમુખજીનું મંદિર તેમજ ત્રીજા મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. નાડોલના ભ૦ પદ્મપ્રભના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. જાલોર, સાચોર, જોધપુર અને શત્રુંજયતીર્થમાં નવાં જિનાલયો બંધાવ્યાં અને તેમાં ઉપર્યુક્ત અંજનશલાકા કરેલી પ્રતિમાઓ બેસાડી. સં૦ ૧૬૮૬ના ભ૦ પદ્મપ્રભ આજે નાડોલના **રાજવિહારમાં** મૂળનાયક તરીકે વિરાજમાન છે. તેમણે જાલોરના તપાવાસમાં ઉપાશ્રય બંધાવ્યો હતો અને બીજાં અનેક ધર્મકાર્યો કર્યાં હતાં.

(—જૈન સત્યપ્રકાશ, વ૦ ૫, પૃ૦ ૪૩૭, ક્રમાંક: ૧૧૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પર્વત પર કિલ્લામાં સં૦ ૧૬૮૧ ના પ્રથમ ચૈત્ર વદિ ૫ ને ગુરુવારે તપાગચ્છના આ૦ **શ્રીવિજયદેવસૂરિ**ના આજ્ઞાવર્તી અને મહોપાધ્યાય **વિદ્યાસાગરગણિ**, તેમના શિષ્ય **પં૦ સહજસાગરગણિ**, તેમના શિષ્ય **પં૦ જયસાગર**ના હાથે નવા જિનાલયમાં અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરાવ્યાં તેમજ સં૦ ૧૬૮૬ ના પ્રથમ અષાડ વદિ ૫ ને શુક્રવારે આ૦ વિજયદેવસૂરિના હાથે અંજનશલાકા કરાવી હતી. તેની પત્નીએ સં૦ ૧૬૮૩ માં નવા મંદિરમાં પ્રતિમાઓ સ્થાપન કરાવી હતી અને કિલ્લા પરનાં ત્રણ દેરાસરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

આજે જાલોરમાં લગભગ ૨૦૦૦ શ્વેતાંબર જૈનોની વસતી છે, ૧૪ જૈન દેરાસરો છે, તે પૈકીનાં ૧–૩ ગઢ ઉપર, ૪–૭ ભ૦ આદીનાથ, ભ૦ શાંતિનાથ, ભ૦ નેમિનાથ, ભ૦ મહાવીરસ્વામીનાં તપાવાસમાં, ૮ ભ૦ પાર્શ્વનાથનું ખરતરવાસમાં, ૯ ભ૦ મુનિસુવ્રતસ્વામીનું ખાનપુરવાસમાં, ૧૦ ભ૦ વાસુપૂજ્યનું ફોફલિયાવાસમાં, ૧૧ ભ૦ પાર્શ્વનાથનું કાંકરિયાવાસમાં, ૧૨ જીરાવલા પાર્શ્વનાથનું માણેકચોકની પાસે લહુડીપોષાળમાં અને ૧૩–૧૪ દેરાસરો શહેરની બહાર આવેલાં છે. (–જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૧૪, વ૦ ૫, પૃ૦ ૪૩૭, પ્રક૦ ૧૭, પૃ૦ ૩૪૯, પ્રક૦ ૬૦, પૃ૦....)

**ભોપાવર તીર્થ—**

મહી નદીના કિનારે ભોપાવર ગામ છે. તેનું પ્રાચીન નામ ભોજકટ હતું. કૃષ્ણ વાસુદેવની રાણી રુકમણીના ભાઈ રુકમણકુમારે આ નગર વસાવ્યું હતું. તેણે સુમેરુ શિખરવાળો જિનપ્રાસાદ બંધાવ્યો હતો અને તેમાં શ્રીશાંતિજિનની ખડ્ગાસનવાળી શ્યામ રંગની પ્રતિમા પધરાવી હતી. કૃષ્ણ વાસુદેવે આ ભોપાવર પાસેના અમકાઝમકાદેવીના સ્થાનથી રુકિમણીનું હરણ કર્યું હતું.

આજે અહીં ભ૦ શાંતિનાથની પ્રતિમા વિરાજમાન છે. તે ૧૨ ફીટ ઊંચી છે. તેમાં પ્રભુના બંને હાથોની નીચે દેવીઓની સુંદર આકૃતિઓ છે. પ્રતિમા પ્રાચીન, ભવ્ય અને મનોહર છે.

૩૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સ્થાન આજે ભોપાવરતીર્થ તરીકે વિખ્યાત છે.

(–જૈન તીર્થોનો ઇતિહાસ, ભોપાવરતીર્થનો રિપોર્ટ)

**રામસેન તીર્થ**—

ભ૦ ઋષભદેવનું આ પ્રાચીન તીર્થ છે. આ૦ બપ્પભટ્ટિસૂરિ અહીં વિરાજતા હતા ત્યારે ભિન્નમાલના પ્રતીહાર રાજા યશોવર્માની બીજી રાણીએ આમ રાજાને અહીં જન્મ આપ્યો હતો. એ રાણી તથા રાજકુમાર આચાર્યશ્રી પાસે આવ્યા હતા.

(પ્રક૦ ૩૨, પૃ૦ ૫૨૫, ૫૨૬, ૫૩૬)

રામસેનના રાજા **રઘુસેને** આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને સં૦ ૧૦૧૦ માં વડગચ્છના પ્રસિદ્ધ આ૦ **સર્વદેવસૂરિ**ના હાથે તેમાં ભ૦ ચંદ્રપ્રભ વગેરે પ્રતિમાઓની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરાવી, ત્યારથી આ મંદિર 'રઘુસેનના મંદિર' તરીકે પ્રસિદ્ધિ પામ્યું અને વિશેષ જાહોજલાલીમાં આવ્યું.

સં૦ ૧૦૧૦ માં રઘુસેનના જિનાલયમાં ભરાવેલ ભ૦ અજિતનાથની એક કલાપૂર્ણ ખડ્ગાસન પ્રતિમા આજે પણ અમદાવાદની વાઘણપોળના ભ૦ અજિતનાથના દેરાસરની ભમતીની દેરીમાં વિદ્યમાન છે.

મુસલમાન બાદશાહે રામસેનતીર્થનો વિનાશ કર્યો હતો. સં૦ ૧૬૨૯ માં જગદ્ગુરુ આ૦ હીરવિજયસૂરિની વિદ્યમાનતામાં અહીંની જમીનમાંથી ભ૦ ઋષભદેવની ભવ્ય પ્રતિમા નીકળી આવી હતી તેને ભોંયરામાં પધરાવી હતી. આ૦ વિજયસેનસૂરિ સં૦ ....માં તેની યાત્રાએ પધાર્યા હતા.

રામસેનથી એક માઈલ દૂર ટીંબાઓ છે, તેમાંથી એક સર્વધાતુનું પરિકર મળી આવ્યું છે. તેમાં ઉત્કીર્ણ થયેલા લેખમાં જણાવ્યું છે કે, આ૦ વટેશ્વરસૂરિથી થારાપદ્રગચ્છ નીકળ્યો. તેમાં અનેક આચાર્યો થયા. આ૦ વાદિવેતાલ શાંતિસૂરિના શિષ્ય આ૦ પૂર્ણભદ્રે સં૦ ૧૦૮૪ ના ચૈત્ર સુદિ ૧૫ ના રોજ રઘુસેનના જિનાલયમાં ભ૦ આદિનાથની પ્રતિષ્ઠા કરી હતી. (જૂઓ, પ્રક૦ ૩૧, પૃ૦ ૪૭૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આજે આ સ્થાન નદી કિનારે વિદ્યમાન છે. ચમત્કારી મનાય છે. જૈન-અજૈન સૌ કોઈ અત્યંત શ્રદ્ધાથી તેને આરાધે છે. આ સ્થાનનો ઓગણીસમી શતાબ્દીમાં જીર્ણોદ્ધાર થયો છે.

**યક્ષ—**

આ મંદિરમાં **ક્ષેમસિંહ** નામે યક્ષરાજની મૂર્તિ છે, તેની સ્તુતિ આ રીતે કરેલી મળે છે—

"श्रीनाभेयजिनाधिपांह्रियुगलीसेवानिबद्धादरो
भूदेवाह्वयसंभवो विजयते यक्षाधिनाथो भुवि ।
क्षुद्रोपद्रवविद्रुतिव्यतिकराध्यक्षप्रभावोदयः
स्फातेर्धाम स रामसीति मुकुटः श्रीक्षेमसिंहाह्वयः ॥"

(–આ૦ મુનિસુંદરસૂરિની ગુર્વાવલી, વડગચ્છાચાર્ય ગુણસમુદ્રની સં૦ ૧૪૧૪ માં લખાયેલી શાંતિનાથચરિત્રની પુષ્પિકા, જૈન તીર્થોનો ઇતિહાસ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૭૫)

JAINSITE.com जैनम् जयति शासनम्

**ભોરોલ—**

ગુજરાતની ઉત્તર દિશામાં વાયડ ગામ છે, જ્યાંથી વાયડગચ્છ અને વાયડજ્ઞાતિની ઉત્પત્તિ થયેલી છે. અહીં પ્રાચીનકાળમાં ભ૦ મહાવીરસ્વામીનું ભવ્ય દેરાસર હતું. વાયડ પંથકના મંત્રી નીંબાએ તેનો જીર્ણોદ્ધાર કરાવી સં૦ ૬ (વનરાજ સંવત્)માં વાયડગચ્છના આચાર્ય શ્રીજીવદેવસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી.[1] તે જ આચાર્યશ્રીના ઉપદેશથી મહાસ્થાનના શેઠ લલ્લે જૈનધર્મ સ્વીકારી પિપ્પલકનગરમાં મોટો જિનપ્રાસાદ બંધાવ્યો હતો અને તેની એક દેરીમાં

---

१. संवत्सरे प्रवृत्ते सषट्सु वर्षेसु पूर्वतः ।
गतेषु सप्तमस्यान्तः प्रतिष्ठा ध्वज कुम्भयोः ॥

પ્રભાવકચરિત—જીવદેવસૂરિ પ્રબંધ

સં૦ ૬થી વનરાજ સંવત્ (વિ૦ સં૦ ૮૨૭) અથવા વિ૦ સં૦ ૧૦૦૬ લેવાય છે. આ૦ જીવદેવસૂરિ મુસલમાનોએ સં૦ ૭૮૦ અથવા સં૦ ૮૩૨માં ગુજરાત પર હુમલો કર્યો તે પછી અને કવીશ્વર ધનપાલ વિ૦ સં૦ ૧૦૭૮ની પહેલાં વિદ્યમાન હતા. (–પ્રક૦ ૩૪, પૃ૦ ૫૪૬ થી ૫૫૫)

કનોજની રાજકુમારી મહણી કૂવામાં પડીને વ્યંતરી થઈ હતી તેની ભવનદેવી તરીકે સ્થાપના કરી હતી.

વડગચ્છના **વાદિદેવસૂરિ** આચાર્ય થયા પછી **પિપ્પલક-નગર** પધાર્યા હતા, ત્યારે ત્યાં આસપાસમાં ભયંકર જંગલ હતું. ત્યાં વિહારમાં તેમને સિંહ સામે મળ્યો, પણ આચાર્યશ્રીની તપસ્યાના પ્રભાવથી તે ઉપસર્ગ ટળી ગયો. (–પ્રભાવકચરિત્ર)

સંભવ છે કે ત્યારથી અહીં ભયરોલ નામે ચોકી ગામ વસ્યું હોય.

થારાપદ્રગચ્છના આ૦ વાદિવેતાલસૂરિના સંતાનીય આ૦ **શાંતિ-સૂરિએ** સં૦ ૧૨૨૨ માં પાટણમાં શેઠ સિદ્ધપાલના દેરાસરમાં પોતાના આઠ શિષ્યોને આચાર્ય બનાવ્યા અને **પિપ્પલકગચ્છની** સ્થાપના કરી. એટલે કે તેમણે પોતાના ગચ્છની મુખ્ય ગાદી થારાપદ્રને બદલે પિપ્પલકમાં રાખી. આથી સમજાય છે કે, વિક્રમની તેરમી સદી સુધી પિપ્પલકનગર આબાદ હતું. તે પછી મહમ્મદ ઘોરી કે બીજા કોઈ મુસ્લિમ હુમલાથી એ નગર અને જૈન દેરાસરનો વિનાશ થયો. આજે આ બંને સ્થાનો રાજમહેલ અને દેવતભેડા તળાવના નામથી પ્રસિદ્ધ છે. આ૦ વાદિદેવસૂરિવાળી સિંહની ઘટના દેવતભેડાના સ્થાને બની હોય એવું અનુમાન થાય છે.

ભોરોલથી પશ્ચિમમાં ૨॥ માઈલ દૂર રાજમહેલનો ટીંબો છે. ત્યાંથી પ્રાચીન ઈંટો નીકળે છે. ભોરોલથી પૂર્વમાં ગણેશપુરને રસ્તે ૧॥ માઈલ દૂર જૂનું **દેવતભેડા** તળાવ છે. ત્યાં આજે બાવન દેરીવાળા જિનપ્રાસાદના અવશેષો દેખાય છે. તળાવની પાસે જ 'વાણિયાકેરું ખેતર' છે ત્યાં અગાઉ વાણિયાવાસ, વાણિયાઓની દુકાનો કે દેરાસરના નિભાવ માટે આપેલું જૈન ખેતર હશે.

**પિપ્પલકનગર** નાશ પામ્યું અને ભોરોલનગર આબાદ થયું. તેનું બીજું નામ ભરલ પણ મળે છે. ભરલના **શેઠ મુંજા** શાહ શ્રીમાલીએ સં૦ ૧૨૦૨(૧૩૦૨)માં ભરલમાં મોટો જિનપ્રાસાદ બંધાવી, તેની વલભીગચ્છના **આ૦ પુણ્યતિલકસૂરિ** (સં૦ ૧૨૦૭ થી સં૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૨૫૯)ના હાથે પ્રતિષ્ઠા કરાવી અને વાવ બંધાવી.

(—અંચલગચ્છની (ગુજરાતી) મોટી
પટ્ટાવલી, પૃ૦ ૮૯, ૧૦૦, ૨૮૧)

આ મુંજા શાહનું દેરાસર પણ કાળાંતરે નાશ પામ્યું.

ભોરોલથી વાયવ્યખૂણામાં ૭૨ દેરીઓવાળો અને ૧૪૪૪ થાંભલાવાળો એક જિનપ્રાસાદ હતો તે પણ નાશ પામ્યો. અહીં જમીનમાંથી નકશીદાર પથ્થરો તેમજ થાંભલાઓ નીકળી આવે છે. તેની પાસે મુંજા વાવ છે; તેથી આ દેરાસર શેઠ મુંજા શાહે બંધાવેલું હોય એવું સંભવે છે.

ભોરોલ એ આજે ડીસાથી ૫૦ માઈલ, સાચોરથી ૩૦ માઈલ, થરાદથી ૧૩ માઈલ, વાવથી ૧૨ માઈલ અને પિપ્પલકના ટીંબાથી રા માઈલ દૂર રહેલું નાનું ગામ છે, જે જુદા જુદા ત્રણ વાસમાં વહેંચાયેલું છે. અહીં આજે ૩૦૦ ઘરો વિદ્યમાન છે, તેની વસ્તી કુલ ૧૨૦૦ માણસોની છે. તેમાં શ્રાવકોનાં ૨૦ ઘર છે. દેરાસર, પાઠશાળા અને ધર્મશાળા પણ છે.

**ભોરોલ** પાસે **મોદલા** તળાવ છે, જેમાં પહેલાં ૧ વાવ હતી, ૧૫૦ કૂવા હતા, પણ આજે ત્યાં ૧૫ કૂવાઓ દેખાય છે.

સં૦ ૧૯૫૬માં ‘ વાણિયાકેરું ખેતર ’માંથી ખેડતાં ખેડતાં એક ખેડૂતને ખંડિત ૪ જિનપ્રતિમાઓ મળી આવી હતી. જૈનોએ તેને ઘનતળાવમાં લઈ જઈ પધરાવી દીધી. સં૦ ૧૯૬૨ માં ઘણો વરસાદ પડતાં તેની માટી ધોવાઈ ગઈ અને પ્રતિમાઓ દેખાવા લાગી. ભોરોલના ઠાકોરે જૈનોને આ પ્રતિમાઓ લઈ જવા જણાવ્યું, આથી સંઘે તે પ્રતિમાઓ લઈ આવીને ભ૦ આદીશ્વરના દેરાસરમાં બેસાડી, પણ ત્યાં હમેશાં નવા નવા ચમત્કારો થવા લાગ્યા. આથી જૈનસંઘે સં૦ ૧૯૯૯ના ફાગણ સુદિ ૩ ના દિવસે તેમાંની ભ૦ નેમિનાથની પ્રતિમાને મૂળ ગાદીએ મૂળનાયક તરીકે બિરાજમાન કરી છે. આ પ્રતિમા ૪ ફૂટ ઊંચી, શ્યામ રંગની, પ્રાચીન અને ચમત્કારી છે. ભોરોલ ત્યારથી તીર્થ તરીકે ઓળખાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૨૦૧૪ ના ભાદરવા વદિ ૬ તા. ૨૩-૧૦-૧૯૫૮ ને બુધવારે દેરાસરના ચોકના ખૂણામાં ખોદકામ કરતાં ૩૨ જિનપ્રતિમાઓ નીકળી આવી છે. કોઈ કોઈ ઉપર સં૦ ૧૩૫૫ પિપ્પલકગચ્છના આચાર્ય અને પીંપલપુરપાટનના ઉલ્લેખો છે.

અહીં બે દેવીની મૂર્તિઓ છે. તેની ઉપર નીચેની મતલબવાળા લેખો કોરેલા છે—

૧. **હીંગલાજ દેવી**—'સં૦ ૧૬૬૯ ના જેઠ સુદિ ૧૪ હીંગલાજ મૂર્તિ.' સંભવ છે કે, **મહણીક દેવીને** બદલે આ મૂર્તિ બની હશે, તેનું અસલ નામ ભુલાઈ જવાથી લોકોએ આ નામ રાખ્યું હશે. શત્રુંજયતીર્થમાં પહાડના ચડાવમાં વચ્ચે રસ્તા ઉપર હીંગલાજ દેવીનું સ્થાન છે. કિંવદંતી એવી છે કે, આ દેવીને થરપારકરથી લાવીને અહીં સ્થાપન કરેલી છે.

૨. **કાલિકા દેવી**—'સં૦ ૧૩૫૫ વૈશાખ પિપ્પલકગામમાં ભ૦ નેમિનાથની અધિષ્ઠાયિકાદેવી અંબિકાદેવીની મૂર્તિ.'

શિલાલેખ મુજબ તો આ અંબિકાદેવીની જ મૂર્તિ છે પણ ભુલાઈ જવાથી લોકોએ તેનું નામ કાલિકાદેવી રાખ્યું હશે.

આ પ્રમાણોથી સિદ્ધ થાય છે કે પિપ્પલકનગર, ઢીમાગામ અને ભોરોલગામ એ વાસ્તવમાં એક જ છે અને પ્રાચીન જૈનતીર્થ છે.

(-પ્રભાવકચરિત્ર, અંચલગચ્છની પટ્ટાવલી, જૈન તીર્થોનો ઇતિહાસ, 'કલ્યાણ' માસિક, વ૦ ૧, અંક : ૨ નો વિશેષાંક)

**ભીલડિયા તીર્થ—**

ભીલડિયા એ ભ૦ પાર્શ્વનાથનું પ્રાચીન તીર્થ છે, તેનું સંસ્કૃત નામ ભીમપલ્લી હતું. અહીં ભ૦ મહાવીરસ્વામીના દેરાસરમાં સં૦ ૧૨૧૮ ફાગણ વદિ ૧૦ ના આ૦ જિનચંદ્રની દીક્ષા થઈ હતી. આ ભીલડિયા વિક્રમની તેરમી સદીમાં લવણપ્રસાદ વાઘેલાના તાબામાં હતું. વડગચ્છના આચાર્ય શતાર્થી **આ૦ સોમપ્રભસૂરિ,** આ૦ જગચ્ચંદ્રસૂરિ વગેરેએ સં૦ ૧૨૭૩ માં ભીલડિયાની યાત્રા કરી હતી. આ૦ અભયતિલકસૂરિએ સં૦ ૧૩૦૭ માં અહીં 'મહાવીરરાસ'ની

JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રચના કરી હતી. આ૦ જિનેશ્વરે સં૦ ૧૩૧૩ માં પાલનપુરમાં 'શ્રાવકધર્મપ્રકરણ' રચ્યું હતું. સં૦ ૧૩૧૭ માં તેના ઉપરની ટીકા (ગ્રં૦ : ૧૫૦૦૦)ની રચના કરી. એ જ સાલમાં ભ૦ મહાવીરસ્વામી-ના દેરાસરનો જીર્ણોદ્ધાર થયો. શેઠ ભુવનપાલ ઓસવાલે તેનો ધ્વજા-દંડ ચડાવી, તેને **મંડલિકવિહાર** નામ આપ્યું. તેમજ 'ધન્ના-શાલિભદ્રચરિત્ર' અને 'કૃતપુણ્યકચરિત્ર' લખાવ્યાં. આ૦ જિન-પ્રબોધે સં૦ ૧૩૩૪ માં શ્રીગૌતમસ્વામીની પ્રતિમા પધરાવી. અહીં સં૦ ૧૩૩૪ માં ચતુર્માસમાં **બે કાર્તિક** મહિના હતા. ચતુર્માસ બીજી કાર્તિકી પૂર્ણિમાએ પૂરું થાય પરંતુ તપાગચ્છના **આ૦ સોમપ્રભે** (આચાર્યપદ સં૦ ૧૩૩૨, સ્વર્ગવાસ સં૦ ૧૩૭૩) આકાશદર્શનથી જાણ્યું કે, નજીકના દિવસોમાં ભીલડિયાનો વિનાશ થવાનો છે એટલે તેમણે અપવાદને આશ્રયી પહેલી કાર્તિક પૂર્ણિમા-એ ચોમાસુ પૂરું કર્યું અને તરત ત્યાંથી વિહાર કર્યો. બીજા પણ સાધુ-સાધ્વીઓ તથા જૈનો ભીલડિયાથી ઉચાળો ભરી ગયા અને તેમણે એક સ્થળે જઈને નિવાસ કર્યો. એ સ્થળે **રાધનપુર** શહેર વસ્યું. પછી તો ભીલડિયામાં આગ સળગી ઊઠી, આગે પોતાના નગ્ન સ્વરૂપે તાંડવ માંડ્યું અને તેમાં ભીલડિયા તારાજ થઈ ગયું. ત્યાં રહેલા આચાર્યો તેમજ જનતા સર્વ કોઈ એ આગમાં ભરખાઈ ગયાં. જાન-માલની ભારે ખુવારી થઈ ગઈ.

તે પછી ભીલડિયા ફરી વસ્યું. લખપતિઓ આવી વસ્યા ને આબાદ પણ થયું. (–જીવાભિગમ-પુષ્પિકા) સં૦ ૧૫૫૭ માં તપા-ગચ્છના આ૦ **હેમવિમલસૂરિ**ના સમુદાયના ઉપા૦ **જિનમાણિક્ય-ગણિ**ના શિષ્ય **અનંતહંસગણિ** અહીં વિચર્યા હતા. તેમના ઉપદેશથી અહીંના ચોકસી પાસવીર પોરવાલે અહીં ગ્રંથભંડાર સ્થાપ્યો. તેમાં ૬,૩૬૦૦૦ શ્લોકપ્રમાણ સિદ્ધાંત ગ્રંથો લખાવ્યા હતા, જે દરેક ગ્રંથનું પં૦ **શુભભૂષણે** સંશોધન કર્યું હતું. (પ્ર૦ ૫૫, પટ્ટા-વલી ભા૦ ૨, પૃ૦ ૨૫૩) ખરતરગચ્છના આ૦ જિનોદયની અહીં દીક્ષા થઈ હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમય જતાં ભીલડિયાની આબાદી ઘટવા લાગી.

તે પછી છેવટે રામસેનથી ૧૨ કોશ દૂર સં૦ ૧૮૭૨ માં ભીલડિયા ગામ ફરી વસ્યું. આજે અહીં શ્રાવકોનાં ૫ ઘર છે. સં૦ ૧૮૯૨ માં એક નાનું ઘરદેરાસર બનાવેલું તે વિદ્યમાન છે.

ગામની બહાર મોટું દેરાસર તીર્થધામ છે. તેમાં તીર્થનાયક તરીકે ભીલડિયા પાર્શ્વનાથની નાની શ્યામ પરિકરવાળી પ્રતિમા છે, પણ તે ગાદીમાં મૂળનાયકના સ્થાને નથી પણ પડખે બારવટાની નીચે બિરાજમાન છે અને મૂળનાયકના સ્થાને ભ૦ નેમિનાથની પ્રતિમા બિરાજમાન છે.

મુસ્લિમ સમયમાં તીર્થનાયકની રક્ષા કરવા માટે આ વ્યવસ્થા કરવામાં આવેલી છે.

ભીલડિયા આ રીતે પ્રાચીન **જૈન તીર્થધામ** છે.

**પાવાગઢ—**

વનરાજ ચાવડાએ સં૦ ૮૦૨ માં પાટણ વસાવી ગુજરાતનું રાજ્ય સ્થાપન કર્યું ત્યારે તેના મંત્રી ચાંપા શાહે ચાંપાનેર વસાવ્યું ને પાવાગઢ ઉપર કિલ્લો બાંધ્યો. તેણે અહીં જૈન દેરાસર પણ બંધાવ્યું.

અહીં ઘણાં જૈન મંદિરો બન્યાં હતાં, તેમના કેટલાકના ઉલ્લેખો નીચે મુજબ મળી આવે છે—

(૧) શ્રીસંઘનું બાવન દેરીવાળું ભ૦ અભિનંદનસ્વામીનું પ્રાચીન મંદિર હતું, જેનો જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા આ૦ ગુણસાગરસૂરિએ સં૦ ૧૧૧૨ ના વૈશાખ સુદિ ૫ ને ગુરુવારે કરાવ્યાં હતાં. આ પ્રતિષ્ઠા-ઉત્સવથી સંઘમાં આનંદી વાતાવરણ ફેલાયું હતું.

(૨) જીરાવલા પાર્શ્વનાથનું મંદિર હતું, તેની પ્રતિષ્ઠા શ્રીસંઘે આ૦ ગુણસાગરના હાથે સં૦ ૧૧૧૨ ના વૈશાખ સુદિ ૫ ને ગુરુવારે કરી હતી.

મહમ્મદ બેગડાએ ચાંપાનેર ભાંગ્યું ત્યારે શ્રીસંઘે આ મંદિરના મૂળનાયકની પ્રતિમા જમીનમાં ભંડારી હતી. તપાગચ્છની સાગરશાખાના ભટ્ટારક શ્રીશાંતિસાગરે પોતાને આવેલા સ્વપ્નદર્શન મુજબ

જૈન સાઈટ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૮૮૯ ના માહ વદિ ૧૧ ના રોજ તે મૂર્તિ જમીનમાંથી પ્રગટ કરી હતી અને સં૦ ૧૮૯૬ ના મહા સુદિ ૧૩ ના રોજ વડોદરામાં મામાની પોળમાં દેરાસર કરાવી તેમાં તે મૂર્તિને સ્થાપન કરવામાં આવી, જે આજે જીરાવલા પાર્શ્વનાથ તથા કલ્યાણ પાર્શ્વનાથના નામથી વિખ્યાત છે.

(૩) ભ૦ મહાવીરસ્વામીનું મંદિર હતું. આ૦ આર્યરક્ષિતસૂરિ અહીં આવ્યા ત્યારે આ મંદિર પણ વિદ્યમાન હતું. આ૦ મહેન્દ્રસૂરિ 'તીર્થમાલા'માં ભ૦ મહાવીરસ્વામીને આ રીતે નમસ્કાર કરે છે—

" पावयगिरिवरसिहरे दुहदवनीरं थुणे वीरं ॥"

(૪) મહામંત્રી તેજપાલે ગોધરાના રાજા ઘૂઘલને જીતી આવી અહીં ઉત્સવો કર્યા તે પછી અહીં ભ૦ મહાવીરનું સર્વતોભદ્ર નામે મંદિર બંધાવી પ્રતિષ્ઠા કરાવી હતી. તેમાં આબૂ જેવી ઝીણી નકસી પણ કરાવી હતી. મુસલમાનોએ તે મંદિરને તોડી નાખી જુમા મસ્જિદના રૂપે પરિવર્તિત કરી નાખ્યું.

(૫) શ્રીસંભવનાથનું મંદિર હતું, જેમાં ખંભાતના શેઠ મેઘાશાહે તેમાં સં૦ ૧૪૫૭ થી સં૦ ૧૪૯૯ સુધીમાં ૮ દેરીઓ બનાવી હતી. તેની આ૦ સોમસુંદરસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. આ૦ સોમસુંદરસૂરિના શિષ્ય આ૦ ભુવનસુંદરસૂરિ, જેમણે 'મહાવિદ્યાવિડંબન' ઉપર ટિપ્પનની રચના કરી છે, તેમણે 'સંભવનાથનું સ્તોત્ર' રચ્યું છે, તેમાં પાવાગઢને શત્રુંજય મહાતીર્થનો અવતાર બતાવ્યો છે. માંડવગઢના સંઘપતિ વલ્લાકે પાવાગઢતીર્થનો સંઘ કાઢ્યો અને ભ૦ સંભવનાથની પૂજા કરી પરમશાંતિ મેળવી હતી. (—ગુરુગુણરત્નાકરકાવ્ય)

આ૦ **લક્ષ્મીસાગર**ના શિષ્ય આ૦ સોમજયના ઉપદેશથી શેઠ છાડાના વંશજ સં૦ ખીમા અને સં૦ સહસાએ પાવાગઢમાં મોટું જિનબિંબ ભરાવી, સં૦ ૧૫૨૭ના પોષ વદિ ૫ ના રોજ પ્રતિષ્ઠા કરાવી હતી.

(૬) ભીડભંજન પાર્શ્વનાથનું મંદિર હતું, જેની મૂળ પ્રતિમા વડોદરાના દાદા પાર્શ્વનાથના દેરાસરમાં વિરાજમાન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૭) પાટણનિવાસી શેઠ છાડાના વંશજ સંઘવી ખીમસિંહ અને સં૦ સહસાએ સં૦ ૧૫૨૭ના પોષ વદિ ૭ ના રોજ પાવાગઢમાં જિનમંદિર બંધાવી, મોટા બિંબની પ્રતિષ્ઠા કરાવી હતી. તેઓ આ૦ લક્ષ્મીસાગરસૂરિના શ્રાવકો હતા.

(૮) ચાંપાનેરના શેઠ જયવંતે સં૦ ૧૬૩૨ના વૈશાખ સુદિ ૩ ના રોજ અહીં પાવાગઢમાં જિનાલય બંધાવી તેનો આ૦ વિજયસેનસૂરિના હાથે પ્રતિષ્ઠા-મહોત્સવ કરાવ્યો હતો.

(-વિજયપ્રશસ્તિ, સર્ગ : ૮, શ્લો૦ ૪૦ થી ૪૫)

(૯) સં૦ ૧૭૪૬ માં પં૦ શીલવિજયજીએ રચેલી 'તીર્થમાલા'માં ભ૦ નેમિનાથના મંદિરનો ઉલ્લેખ આ રીતે કર્યો છે—

'ચાંપાનેરી નેમિ જિણંદ, મહાકાલી દેવી સુખકંદ.'

(૧૦) **કાલિકાનું મંદિર**—ચોથા તીર્થંકર ભ૦ શ્રીઅભિનંદનસ્વામીની શાસનદેવી કાલીદેવી છે. ભ૦ અભિનંદનસ્વામીના મંદિરમાં તેનું મંદિર હતું અને તેમાં જૈન શિલ્પ પ્રમાણે મૂર્તિ બનાવીને સ્થાપન કરી હતી, જે પાવાગઢની કાલીદેવી તરીકે ગુજરાતના ગરબામાં માનભેર ગવાય છે. નગારખાનાના દરવાજે ૨૨૬ પગથિયાં ચડવાથી કાલિકા માતાનું મંદિર આવે છે. આ૦ **આર્યરક્ષિતે** તેની આરાધના કરી સં૦ ૧૧૬૯ માં વિધિપક્ષગચ્છ (અંચલગચ્છ)ની સ્થાપના કરી હતી અને કાલિકાદેવીને અંચલગચ્છની અધિષ્ઠાયિકા દેવી મુકરર કરી હતી. આ દેવી પ્રભાવક અને ભક્તોની ઇચ્છા પુરનારી મનાઈ છે. પૃથ્વીરાજ ચૌહાણના વંશજો પાવાગઢના રાજવીઓ હતા ત્યારે તેઓ આ દેવીને રાજ્યની રખેવાળી કરનારી માનતા હતા. પંદરમી શતાબ્દી સુધી પાવાગઢનો ઉન્નત કાળ હતો. પાવાગઢના પતાઈ રાવલને દુર્બુદ્ધિ સૂઝી અને તેણે સખીઓ સાથે ગરબામાં સાક્ષાત્ આવેલી કાલિકા માતાનો હાથ પકડી તેને પોતાની દુર્ભાવના જણાવી. દેવીએ રાજાને ઘણો સમજાવ્યો પણ તે માન્યો નહીં, એટલે દેવીએ શાપ આપ્યો. પરિણામે મહમ્મદ બેગડો અહીં ચડી આવ્યો, ચાંપાનેર ભાંગ્યું, પાવાગઢનું પતન થયું, જૈન મંદિરો લૂંટાયાં, આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમયે જૈનસંઘે ઘણી જિનપ્રતિમાઓને ભૂમિમાં ભંડારી દીધી. મહમ્મદે સં૦ ૧૫૪૧ માં રાજા જયસિંહ, પતાઈ રાવલ, ડુંગરશી પ્રધાન વગેરેને મારી નાખી પાવાગઢ જીતી લીધો. ત્યારથી ચાંપાનેરનું રાજ્ય ખાલસા બન્યું અને મહમ્મદશાહ ત્રીજો (સં૦ ૧૫૧૬ થી ૧૫૬૯) બે કિલ્લાનો રાજા બનવાથી બેગડો કહેવાયો. તેણે પોતાના નામ ઉપરથી **મહેમદાવાદ** વસાવ્યું. (જૂઓ, પ્રક૦ ૪૪)

આ ઘટના માટે 'પાવાગઢથી ઊતર્યાં મહાકાલી રે' એ ગરબો લોકવિશ્રુત બન્યો. ભદ્રેશ્વરના શેઠ **વર્ધમાન** અને પદમશીએ આ મંદિરનો મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

પાવાગઢમાં અનેક જૈન શ્વેતાંબર મુનિવરો વિચર્યા હતા. આ૦ ગુણસાગર, નાગેંદ્રગચ્છીય આ૦ વિજયસેનસૂરિ, આ૦ સોમદેવસૂરિ, આ૦ વિજયસેનસૂરિ (તપા૦) વગેરેએ અહીં પ્રતિષ્ઠાઓ કરી હતી. આ૦ આર્યરક્ષિતસૂરિએ અહીં જ મહાકાલીદેવીની સાધના કરી હતી અને અંચલગચ્છનો સૂત્રપાત અહીં કર્યો હતો.

તપાગચ્છના આ૦ સોમદેવ (સં૦૧૫૭૧) મહાકવિ હતા. કાવ્ય-કળામાં કુશળ હતા. સમર્થ ધર્મોપદેશક હતા. તેમણે મેવાડનો કુંભો રાણો, જુનાગઢનો રા' માંડલિક અને પાવાગઢના રાજા ગંગ ચૌહાણના પુત્ર રાજા જયસિંહને પોતાની વિદ્વત્તા અને ગાનકળાથી રંજિત કર્યા હતા. ખંભાતમાં રાત્રિભોજન ઉત્થાપ્યું હતું.

(—પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨, પૃ૦ ૨૬૫)

તપાગચ્છના (૫૫) આ૦ હેમવિમલસૂરિના પટ્ટધર (૫૭) આ૦ સોમવિમલસૂરિ, જેઓ સં૦ ૧૬૦૨ માં બીજાપુરના સં૦ તેજપાલે છ'રી પાળતા કાઢેલા શત્રુંજયના સંઘમાં સાથે ગયા હતા અને પાછા ફરતાં અમદાવાદમાં તેમણે એવો અભિગ્રહ કર્યો હતો કે, 'બોલવું નહીં, સૂવું નહીં, આહાર લેવો નહીં પણ જો ચાંપાનેરના પારેખ કાલાનો પુત્ર જીવરાજ ઘેર બોલાવીને ૩ આખાં અને ૧ ભાંગેલું એમ ૪ ખાજાં વહોરાવશે તો પારણું કરીશ, નહિતર પાટણ જઈને પારણું કરીશ.' તેમનો આ અભિગ્રહ ચોથે દિવસે પૂરો થયો હતો અને તેમણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૫૦૨ નું ચતુર્માસ અમદાવાદમાં કર્યું હતું.

(તપાગચ્છીય લઘુ પોષાળ સોમશાખા પટ્ટાવલી; સોમવિમલસૂરિરાસ.)

તપાગચ્છની આણસૂરશાખાના આ૦ વિજયરાજને અહીં સં૦ ૧૭૦૧ માં પંન્યાસપદ આપવામાં આવ્યું હતું. (જૂઓ, પ્રક૦ ૫૮)

(–પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨, પૃ૦ ૨૬૫)

આ૦ભુવનસુંદરસૂરિએ ભ૦સંભવનાથનું સ્તોત્ર, (શ્લો.: ૯૨) રચ્યું છે.

**આ૦ ભુવનસુંદરસૂરિ**, પં૦ શીલવિજયગણીએ અહીંની યાત્રા કરી હતી. અંચલગચ્છના આ૦ ઉદયસાગરસૂરિએ સં૦ ૧૭૯૭ માં સાચા દેવની તથા પાવાગઢનાં મહાકાલીની યાત્રા કરી હતી. અહીં અનેક શ્રાવકો સંઘ લઈને યાત્રા કરવા આવ્યા હતા.

પાવાગઢમાં એક સુંદર જિનમંદિર છે, તેની દીવાલમાં ત્રણ શ્વેતાંબર જિનપ્રતિમાઓ છે, જેમના હાથે કંકણ છે, ભુજાઓમાં બાજુબંધ છે અને એકના હાથમાં હાથીનું ચિહ્ન છે.

અહીં સ્થાને સ્થાને જિનમૂર્તિઓના ખંડિત ભાગો ચોડી દીધેલા છે. તેમાં લંગોટ પણ સ્પષ્ટ દેખાય છે.

અહીં સર્વતોભદ્ર નામે જિનમંદિર જુમ્મા મસ્જિદમાં પલટાઈ ગયું છે. એક બાવન દેરીવાળું વિશાળ મંદિર ધરાશાયી જોવાય છે. નગારખાના પાસે ૫ દેરાસરો, દૂધિયા તળાવ પાસે ૩ દેરાસરો અને છાશિયા તળાવ પાસે ૧ દેરાસર વગેરેનાં સ્થાનો દૃષ્ટિગોચર થાય છે.

પંચમહાલ જિલ્લાના કલેટરે એક સ્થળે જણાવ્યું છે કે, આ બધાં ખંડિયેરો શ્વેતાંબર જૈનોનાં મંદિરો હતાં.

મેજર જે૦ ડબ્લ્યુ૦ વૉટસને ઈ૦સ૦ ૧૮૭૭ માં અને મિ૦ બર્જેસે ઈ૦ સ૦ ૧૮૮૫ માં પાવાગઢના શિખર ઉપર કિલ્લામાં પ્રાચીન જૈન મંદિરોનો જથ્થો હોવાનું લખ્યું છે.

આ દરેક ઉલ્લેખો પરથી પાવાગઢના મધ્યકાલીન વૈભવનું અને પતનનું દિગ્દર્શન મળે છે. સ્પષ્ટ છે કે, પાવાગઢ એ જૈન શ્વેતાં-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બરોનું મધ્યકાલીન જૈન તીર્થધામ હતું.

(પં૦ શ્રીલાલચંદ ગાંધીનું 'પાવાગઢથી વડોદરામાં પ્રગટ થયેલા જીરાવલા પાર્શ્વનાથ'; જૈન તીર્થોનો ઇતિહાસ.)

**પલ્લવિયા પાર્શ્વનાથ—**

ગુજરાતની ઉત્તરે **પાલનપુર** શહેર છે. તેનાં પ્રહ્‌લાદનપુર, પાહ્‌લનપુર, પર્ણવિહારનગર, વગેરે બીજાં નામો પણ મળે છે. અહીં પલ્લવિયા પાર્શ્વનાથનું વિશાળ જૈન તીર્થસ્થાન છે. તે અંગે બે પ્રકારના ઉલ્લેખો જાણવા મળે છે.

(૧) ચંદ્રાવતીનો રાજા પાલનસિંહ નામે પરમાર હતો. તે જંગલમાં વિશેષ ફર્યા કરતો તેથી તેની **અરણ્યરાજ** નામે પ્રસિદ્ધિ હતી. તેણે ધર્માંધતાના કારણે અચલગઢની તળેટીમાં રહેલા જૈન દેરાસરમાં મહાદેવનું લિંગ સ્થાપન કરી દીધું અને ત્યાંની ધાતુની પ્રતિમાને ગળાવી નાખી તેનો નંદી બનાવ્યો. આ અકૃત્યના પરિણામે તેના આખા શરીરે કોઢ રોગ ફૂટી નીકળ્યો. તેણે રોગશમન માટે અનેક ઉપચારો કર્યા પણ તે બધા નિષ્ફળ નીવડ્યા. કંટાળીને તે જંગલમાં ચાલ્યો ગયો. ત્યાં તેને રસ્તામાં વિહાર કરતા આ૦ શીલધવલસૂરિ મળ્યા અને તેમનો ઉપદેશ સાંભળી પોતાની થયેલી ભૂલ જણાવી પ્રાયશ્ચિત્તની માગણી કરી. આચાર્યશ્રીએ તેને સાંત્વન આપી જણાવ્યું કે, 'તું નવી પ્રતિમા ભરાવી, તેની પૂજા કરીને તેનું ન્હવણ જળ આખા શરીરે લગાડીશ તો તારો રોગ શમી જશે.' રાજાએ તે પ્રમાણે કર્યું તેથી તેનો રોગ શમી ગયો. તેનું આખુંયે શરીર નવપલ્લવ જેવું બની ગયું. જૈનધર્મ પ્રતિ તેને દૃઢ શ્રદ્ધા થઈ. આથી તેણે સં૦ ૧૦૧૧ માં તે જ પ્રદેશમાં પાલનપુર નગર વસાવ્યું, તેમાં દરબારગઢ બનાવ્યો અને પાસે જ રાજવિહાર જૈનમંદિર બંધાવી તેમાં તે નવી બનાવેલી જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. તેણે રાજમહેલ અને રાજવિહાર સામસામે એવી રીતે બંધાવ્યા કે રાજા સવારે પોતાની બારીમાંથી પ્રભુનાં દર્શન કરી શકે. રાજાએ દેરાસરના નિભાવ માટે

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

લાગો બાંધી આપ્યો. તે સ્થાન **પલ્લવિયા પાર્શ્વનાથના** નામે ખ્યાતિ પામ્યું. (જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૫૩)

(૨) ચંદ્રાવતીના રાજા **ધારાવર્ષદેવ** પરમારના ભાઈ રાજા પ્રહ્લાદને લોભથી જિનપ્રતિમાને ગળાવી નાખી, તેથી તેના શરીરે કોઢ રોગ થઈ આવ્યો. તેણે આ૦ શીલધવલના ઉપદેશથી ભ૦ પાર્શ્વનાથની નવી પ્રતિમા ભરાવી, તેની પૂજા કરી તેનું ન્હવણ જળ આખા શરીરે લગાડવાથી તેનો રોગ શમી ગયો. આથી તેણે પાલનપુર નગર ફરી વસાવી તેમાં રાજવિહાર—જૈન મંદિર બંધાવ્યું, જે પલ્લવિયા પાર્શ્વનાથના નામથી તીર્થની ખ્યાતિ પામ્યું. તેના નિભાવ માટે તેણે લાગા બાંધી આપ્યા. (જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૫૭, હીરસૌભાગ્યકાવ્ય, હીરસૂરિરાસ, પાલનપુર ગઝલ—આત્માનંદ જૈન પ્રકાશ, વર્ષ : ૫૩, અંક : ૬–૭)

મહમ્મુદ ગિજનીએ સં૦ ૧૦૮૦માં અને અલ્લાઉદ્દીન ખીલજીએ સં૦ ૧૭૬૮ માં ચંદ્રાવતી અને પાલનપુર ભાંગ્યાં.

પાલનપુરમાં પલ્લવિયા પાર્શ્વનાથનું ત્રણ માળનું વિશાળ દેરાસર છે. અસલમાં અહીં મૂળનાયકની પ્રતિમા સોનાની હતી પરંતુ સંઘે આશાતનાના ભયથી તેને ભંડારી દીધી અને આરસની પ્રતિમા પધરાવી એવી લોકવાયકા છે.

અહીં ઉપકેશગચ્છના આ૦ કક્કસૂરિએ સં૦ ૧૨૭૪ના કાર્તિક સુદિ ૫ ને ગુરુવારે અંજનશલાકા કરેલી સફેદ આરસની ૧॥ ફૂટ ઊંચી પ્રતિમા આજે વિરાજમાન છે. આ સમયે દેરાસરના નિભાવ માટે જુદા જુદા લાગા બાંધી આપ્યા હતા, જેથી હમેશાં ૧૬ મણ સોપારી અને ૧ મૂડો ચોખા વગેરેની મોટી આવક થતી હતી.

પાલનપુરમાં આ મંદિર સૌથી પ્રાચીન છે. સં૦ ૧૨૮૪ માં ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર બન્યું હતું તે આજે મસ્જિદરૂપે ઊભું છે. તેમાં સં૦ ૧૨૮૫, સં૦ ૧૩૪૭ ના શિલાલેખો વિદ્યમાન છે.

પાલનપુરમાં આજે (૧) પલ્લવિયા પાર્શ્વનાથ, (૨) ભ૦ શાંતિનાથ (ત્રણ માળનું), (૩) ભ૦ આદિનાથ, (૪) ભ૦ નેમિનાથ વગેરે મંદિરો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં સં૦ ૧૦૭૧ થી ૧૦૮૮ ના ગાળામાં નાણાવાલગચ્છના આ૦ વીરચંદ તથા નાડોલગચ્છના આ૦ સોમપ્રભ એક સાથે ચતુર્માસ રહ્યા હતા. તે બંને શિથિલ બન્યા અને અહીંથી પાલખીમાં બેસવાનું શરૂ કર્યું. અહીં સં૦ ૧૨૭૭ માં આ૦ જિનપતિ સ્વર્ગે ગયા. સં૦ ૧૨૮૪ માં મહાતપસ્વી આ૦ જગચ્ચંદ્રસૂરિએ અહીં ચતુર્માસ કર્યું. સં૦ ૧૨૯૯ માં અંચલગચ્છના આ૦ દેવેન્દ્રસૂરિ જન્મ્યા. સં૦ ૧૩૧૨માં આ૦ જિનેશ્વરના શિષ્ય ઉપા૦ અભયતિલકે સંસ્કૃત 'દ્વયાશ્રયમહાકાવ્ય'ની વૃત્તિ (ગ્રં૦ : ૬૦૦૦) રચી. સં૦ ૧૩૦૪ અથવા સં૦ ૧૩૨૩ માં તપાગચ્છના વિદ્યાનંદ આચાર્ય બન્યા. તે સમયે પલ્લવિયા પાર્શ્વનાથના દેરાસરમાં કેસરની વૃષ્ટિ થઈ હતી. શેઠ કુમાર ઓસવાલની પત્ની પદ્મશ્રીએ સં૦ ૧૩૧૩ ના ચૈત્ર સુદિ ૮ ના રોજ અહીં 'પંચમીકથા' લખાવી અને તે જિનસુંદરગણિની શિષ્યા લલિતાસુંદરીગણિનીને વહોરાવી. સં૦ ૧૩૧૩ માં ખરતરગચ્છના આ૦ જિનેશ્વરે 'શ્રાવકધર્મપ્રકરણ' રચ્યું. ઉપા૦ લક્ષ્મીતિલકે સં૦ ૧૩૧૭ માં તેની ટીકા (ગ્રં૦ : ૧૫૦૦૦) રચી. તેમના દાંડાના અહીં બે ટુકડા થવાના સૂચનથી સં૦ ૧૩૧૩ માં તેમના ગચ્છમાં બે વિભાગ પડ્યા. સં૦ ૧૩૭૫ માં ખરતરગચ્છના આ૦ જિનોદયસૂરિ જન્મ્યા. સં૦ ૧૪૩૦માં તપાગચ્છના આ૦ સોમસુંદર જન્મ્યા. સં૦ ૧૫૦૩ માં ખરતરગચ્છના આ૦ જિનરાજસૂરિ શિષ્ય પં૦ જયસાગરગણિએ માલહા શ્રાવકની વસતિમાં રહી પં૦ રત્નચંદ્ર ગણિની મદદથી 'પૃથ્વીરાજરાજર્ષિચરિત્ર' રચ્યું. આ જ અરસામાં સોનગરા મંત્રી ઝાંઝણ શ્રીમાળીએ પાલનપુરમાં ભ૦ શાંતિનાથનું મંદિર બંધાવ્યું. સં૦ ૧૫૩૩ પછી પાલનપુરવાસી શા૦ જીવા ઓશવાલની વિનતિથી આ૦ **લક્ષ્મીસાગરે** આગમમંડનને અમદાવાદમાં વાચકપદ આપ્યું. (—ગુરુગુણરત્નાકરકાવ્ય).

**પલ્લવિયા**—વરહુડિયાવંશનો નેમડ પલ્લીવાલ પાલનપુરમાં આવી વસ્યો હતો. તેના વંશજો ત્યાંથી નીકળીને વીજાપુર જઈ વસ્યા હતા.

(પ્રક૦ ૩૮)

વેસટવંશનો **સલક્ષણ** ઓસવાલ પાલનપુર આવીને વસ્યો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેણે અહીં ભ૦ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ બંધાવ્યો હતો. (પ્રક૦ ૩૫, પૃ૦ ૧૮૯) વેસટવંશના સં૦ ગોશલના પુત્ર સં૦ આશાધરે સં૦ ૧૩૫૨ માં પાલનપુરમાં 'ઉત્તરજ્ઝયણસુત્ત'ની ટીકાની પ્રતિ લખાવી હતી.

રાણપુરા નગરશેઠનો પૂર્વજ સં૦ ૧૧૭૨ માં પાલનપુર આવી વસ્યો હતો. (પ્રક૦ ૫૮)

કચ્છોલીગચ્છના (૪૨) આ૦ શ્રીપ્રભ, (૪૩) આ૦ આણંદ, (૪૪) આ૦ અમરપ્રભે સં૦ ૧૩૧૫ ના ફાગણ સુદિ ૪ ને બુધવારે અંબિકાદેવીની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રતિમા આજે પાલનપુરના વિશલરાયવિહારમાં ભ૦ સુપાર્શ્વનાથના જિનાલયની ભમતીમાં વિરાજમાન છે.

કોરંટગચ્છના આ૦ સર્વદેવની સં૦ ૧૨૭૪ ના ફાગણ સુદિ ૫ ને ગુરુવારની પ્રતિમા પાલનપુરમાં વિદ્યમાન છે.

ભ૦ સીમંધરસ્વામીની સં૦ ૧૩૩૧ ની પ્રતિમા કોરંટગચ્છના ચૈત્યમાં વિરાજમાન છે. કોરંટગચ્છના ઉપા૦ મુનિપ્રભ ગણિના શિષ્ય મુનિ હંસરાજે સં૦ ૧૩૨૫ ના ફાગણ સુદિ ૪ ને બુધવારે ગણધર શ્રીપુંડરીકસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી.

તપાગચ્છના આ૦ **હેમવિમલસૂરિ** (સં૦ ૧૫૪૮ થી સં૦ ૧૫૮૩) ની શિષ્યપરંપરા 'પાલનપુરશાખા' તરીકે પ્રસિદ્ધિ પામી હતી.

તપાગચ્છના દેવસૂરસંઘ શાખાના ભ૦ **વિજયરત્નસૂરિ** સં૦ ૧૭૧૧ માં પાલનપુરમાં જન્મ્યા હતા. ઉ૦ વિમલવિજયગણી તેમના ભાઈ—ગુરુભાઈ હતા. (જૂઓ, પ્રક૦ ૫૮, વિજયદેવસૂરિસંઘ)

તપાગચ્છની સંવેગીશાખાના (૬૯) મુનિ તપસ્વી કીર્તિવિજયજી ગણિવર સં૦ ૧૮૩૭ માં પાલનપુરમાં જન્મ્યા હતા. પાલનપુરના ઉપાશ્રયમાં પં૦ જિતવિજયગણિના નામનો સં૦ ૧૮૫૭ ના વૈશાખ સુદિ ૧૩ ને રવિવારનો કાષ્ઠલેખ વિદ્યમાન છે. (પ્ર૦ ૫૮)

સં૦ ૧૫૮૩ માં જગદ્ગુરુ હીરવિજયસૂરિ અહીં જન્મ્યા. અહીં શાંતમૂર્તિ મુનિવર શ્રીમોહનલાલજી મહારાજે તપાગચ્છની સામાચારી અંગીકાર કરી. ખરતરગચ્છના વિદ્વાન કવીંદ્રસાગર અહીં જન્મ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ રીતે પાલનપુર અનેક ઐતિહાસિક પ્રસંગોનું ધામ બની રહેલું છે.

માલવામાં આવેલું આગર પાસેનું પર્ણવિહાર (પાનવિહાર) આનાથી જૂદું સ્થળ છે. (–ગુરુગુણરત્નાકરકાવ્ય)

પાલનપુરમાં આજે શ્વેતાંબર જૈનોનાં ૫૦૦ ઘર અને સ્થાનકમાર્ગી જૈનોનાં ૩૦૦ ઘર છે. બંનેમાં સારો સંપ છે. અહીં ૪ દેરાસરો છે. ઘણા ઉપાશ્રયો છે, પુસ્તકાલય છે, ઉદ્યોગમંદિર વગેરે સ્થાનો છે.

**ઈડરગઢ**—

ગુજરાતના ઈશાન ખૂણામાં ઈડર શહેર છે. તેનું સંસ્કૃત નામ ઈલાદુર્ગ મળે છે. અહીં સમ્રાટ્ સંપ્રતિના સમયનું જૈન દેરાસર હતું.

અહીં સંઘપતિ વત્સરાજ ઓસવાલને રાણીદેવીથી ચાર પુત્રો (૧) ગોવિંદ, (૨) વીસલ, (૩) અક્રૂરસિંહ અને (૪) હીરો થયા. શેઠ ગોવિંદ રાજમાન્ય હતો. તેણે આ૦ સોમસુંદરસૂરિના ઉપદેશથી શત્રુંજય, ગિરનાર અને સોપારકનો યાત્રાસંઘ કાઢ્યો હતો. ગુજરાતના ચક્રવર્તી કુમારપાલના તારંગા તીર્થના બત્રીશ માળાવાળા ભ૦ અજિતનાથના કુમારવિહારનો જીર્ણોદ્ધાર કરી, તેમાં ભ૦ અજિતનાથની નવી પ્રતિમા પધરાવી.

JAINSITE जैनम् जयति शासनम्

સંઘવી વિસલ ચિત્તોડના રાણાનો માનીતો હતો. તેણે આ૦ સોમસુંદરસૂરિના ઉપદેશથી ચિત્તોડમાં ભ૦ શ્રેયાંસનાથનું દેરાસર અને દેલવાડામાં નંદીશ્વરપટ બનાવી પ્રતિમા કરાવી, મોટો મહોત્સવ કરી, પં૦ વિશાલરાજને ઉપાધ્યાયપદ અપાવ્યું.

ઈડરમાં આ૦ **મુનિસુંદરસૂરિએ** ઋષભદેવસ્તોત્ર બનાવ્યું. આ૦ ગુણરત્ને સં૦ ૧૪૬૬ માં 'ક્રિયારત્નસમુચ્ચય' રચ્યો. આ૦ લક્ષ્મીસાગરે સં૦ ૧૫૩૩ માં ભ૦ અજિતનાથની પ્રતિષ્ઠા કરી અને સં૦ ૧૫૧૮ માં આ૦ સુમતિસાધુ વગેરે ત્રણને આચાર્યપદ આપ્યું. આ૦ સોમવિમલની આચાર્યપદવી થઈ. શેઠ મેઘા શાહની પત્ની માણેકદેવીએ સં૦ ૧૫૪૭માં મહાક્રિયોદ્ધારક આ૦આણંદવિમલસૂરિને જન્મ આપ્યો. સમ્રાટ અકબરને 'કૃપારસકોશ' વડે અહિંસક બનાવનાર મહોપાધ્યાય શાંતિચંદ્રગણિએ નારાયણ રાજાની સભામાં દિગંબરવાદી ભૂષણને હરાવ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તપાગચ્છના આ૦ વિજયદેવસૂરિ સં૦ ૧૬૩૪ના પોષ સુદિ ૧૩ ને રવિવારે જન્મ્યા. તેમણે ત્રણ પ્રતિષ્ઠાઓ કરી. સં૦ ૧૬૮૧ના વૈશાખ સુદિ ૬ ને સોમવારે ઉપા૦ કનકવિજયને આચાર્યપદ આપીને આ૦ વિજયસિંહસૂરિ નામ આપ્યું. ઈડરનરેશ કલ્યાણમલે આ૦ વિજયદેવસૂરિના ઉપદેશથી પહાડ પર રણમલચોકી સ્થાપન કરી અને ત્યાં ભ૦ નેમિનાથનું દેરાસર બંધાવ્યું. ટેકરીઓ પર શત્રુંજયાવતાર અને ગિરનારાવતાર બન્યા. ઉપા૦ ગુણવિજયે ‘ વિજયપ્રશસ્તિમહાકાવ્ય ’ની ટીકા રચવાનો પ્રારંભ કર્યો. આ૦ વિજયદેવસૂરિએ ૬૪ સાધુઓને પંન્યાસ બનાવ્યા. તે જ ચોમાસામાં પં૦ પદ્મસાગરગણિએ રાજા કલ્યાણની સભામાં વાદી બ્રાહ્મણોને હરાવ્યા.

તપાગચ્છની શાખા કમલકળશાગચ્છના આ૦ સુધાનંદને ‘જલ્પમંજરી ’ અને ‘ ઈડર ચૈત્યપરિપાટી ’ બનાવી હતી. (જૂઓ, પ્ર૦૫૩)

મહો૦ વિનયવિજયગણિએ પોતાના ‘ઇંદ્રદૂત’ કાવ્યમાં ઈલાદુર્ગનું વર્ણન કર્યું છે.

આ રીતે ઈડરગઢ શ્વેતાંબર જૈનોનું તીર્થધામ છે.

(—જૈન તીર્થોનો ઇતિહાસ)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**આઘાટ નગર (આહડ)—**

મેવાડના મિત્રવંશી રાણાઓમાં ઘણાએક જૈન હતા. રાવલ અલ્લટરાજ (સં૦ ૯૨૨ થી ૧૦૧૦) છેલ્લાં વર્ષોમાં વધુ પ્રમાણમાં આઘાટ નગરમાં જ રહેતો હતો, એ કારણે એના વંશજો ‘આહડિયા રાવલ ’ નામથી પ્રસિદ્ધિ પામ્યા. એ રાજાએ અહીં દેરાસર બંધાવી તેમાં સંડેરકગચ્છના આ૦ યશોભદ્રના હાથે ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી હતી. વડગચ્છના અંતિમ આ૦ જગચ્ચંદ્રસૂરિ બાર વર્ષોથી આયંબિલનું તપ કરતા હતા. તેઓ સં૦ ૧૨૮૫ માં આઘાટ નગર પધાર્યા. ત્યાં તેઓ નદી કિનારે આતાપના લેતા હતા. રાણો જૈત્રસિંહ (સં૦ ૧૨૭૦ થી ૧૩૦૯) તેમની પ્રશંસા સાંભળી આઘાટ આવ્યો અને આચાર્યશ્રીનું અદ્ભુત તપસ્તેજ જોઈ ને તેમના ચરણોમાં મસ્તક ઝુકાવ્યું. તેમણે તેને પ્રશંસાના ઉદ્ગારો કાઢ્યા : ‘ભગવન્ ! આપ તો મહાન્ તપસ્વી છો.’

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બસ, આ સમયથી સં૦ ૧૨૮૫થી આ૦ જગચ્ચંદ્રસૂરિના શિષ્યો 'તપાગચ્છ' તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે. એટલે આઘાટ નગર તપસ્યાનું તીર્થ છે, તપા બિરુદનું પુનિત ધામ છે અને તપાગચ્છના આ૦ જગચ્ચંદ્રસૂરિની તપસ્યાનું પ્રતીક છે. મેવાડના રાણાઓ ત્યારથી તપાગચ્છના આચાર્યોને પોતાના ગુરુ માને છે. તપાગચ્છનું બહુમાન કરે છે, રાજવીઓ તપાગચ્છના ભટ્ટારકોને પછેડી ઓઢાડી સમ્માન આપે છે. (જૂઓ, પ્રક૦ ૪૪, સિસોદિયાવંશ)

શેઠ હેમચંદે રાણા જૈત્રસિંહના રાજકાળમાં સર્વ આગમો તાડપત્ર ઉપર લખાવ્યાં હતાં. આમાંનાં ઘણાં આગમો ખંભાતના ભ૦ શાંતિનાથજીના જૈન ગ્રંથભંડારમાં વિદ્યમાન છે.

ઉદયપુર અને ઉદયપુર સ્ટેશનની વચ્ચે ઉદયપુરથી ૧ માઈલ દૂર આહડ ગામ છે. અહીં પ્રાચીન ચાર જિનાલયો છે. રાણા ઉદયસિંહે વિ૦ સં૦ ૧૬૨૪ માં ઉદયપુર વસાવ્યું અને તેને રાજધાની બનાવી. તે પછી આહડની જાહોજલાલી ઓસરી હોય એમ લાગે છે.

(–પૂ૦ મુનિરાજ શ્રીવિદ્યાવિજયજીનો 'ઉદયપુરનાં મંદિરો' નો લેખ, જૈનસત્યપ્રકાશ, ક્૦ : ૧૦, પૃ૦ ૩૧૮, ૩૧૯)

**કરહેડા તીર્થ** (સં૦ ૧૦૩૯)—

મેવાડમાં ચિત્તોડ અને ઉદયપુરની વચ્ચે કરહેડા સ્ટેશનનું ગામ છે. એ કરહેડા પાર્શ્વનાથનું પ્રાચીન તીર્થધામ છે. અહીં બાવન દેરીવાળું મોટું દેરાસર છે. તેમાં પાટ ઉપર સંડેરકગચ્છના આ૦ યશોભદ્રસૂરિના સંતાનીય આ૦ શ્યામાચાર્યનો સં૦ ૧૦૩૯નો શિલાલેખ છે.

માંડવગઢના મંત્રી પેથડના પુત્ર મં૦ ઝાંઝણે આ૦ દાદા શ્રીધર્મઘોષસૂરિના ઉપદેશથી આ દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો ને સાત માળનું મંદિર બંધાવ્યું. (–સુકૃતસાગર, તરંગ : ૮મો)

દેરાસર પૂર્વાભિમુખ છે. પૂર્વ દિશાની દિવાલમાં એક છિદ્ર એવી રીતે રાખ્યું છે કે, ભ૦ પાર્શ્વનાથના જન્મ દિવસે માગશર વદિ ૧૦ ની સવારે સૂર્યોદય થતાં જ તેનાં કિરણો બરાબર ભ૦ કરહેડા પાર્શ્વનાથના મુખ ઉપર પડે. (–જૈન તીર્થોનો ઈતિહાસ)

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

**રાવણા પાર્શ્વનાથ—**

અલવર શહેરથી ૪ માઈલ દૂર આવેલી એક પહાડી નીચે રાવણા પાર્શ્વનાથનું પ્રાચીન તીર્થ હતું. આજે તો તેનાં માત્ર ખંડિયેરો જ નજરે પડે છે.

એક વાર રાજા રાવણ અને રાણી મંદોદરી વિમાન દ્વારા અહીં આવી ઊતર્યાં. રાણી જિનપૂજા કર્યા વિના અનાજ લેતી નહોતી અને તેઓ પોતાની સાથે મૂર્તિ રાખવાનું ભૂલી ગયા હતા તેથી તેઓએ અહીં વેળુની પ્રતિમા બનાવી, તેમાં તીર્થંકરદેવનું આહ્‌વાન, સંનિધીકરણ, સ્થાપન વગેરે કરી મંદોદરી રાણીએ એ મૂર્તિની પૂજા કર્યા પછી ભોજન કર્યું. આ પ્રતિમા રાણીના શીલના પ્રભાવથી નક્કર બની ગઈ અને ત્યાં રાવણા પાર્શ્વનાથનું તીર્થ બન્યું. આજે આ વિચ્છેદ તીર્થ છે.

આ માટે એવી કલ્પના છે કે, મેવાડના મિત્રવંશી રાણાઓ રાવલ તરીકે ઓળખાતા હતા. તેમાં ઘણા રાણા અને રાણીઓ જૈન થયાં હતાં. રાણા અલ્લટ રાવલે (સં૦ ૯૨૨ થી ૧૦૧૦) પોતાના નામથી અલ્લટપુર વસાવ્યું અને તેમાં **રાવલા પાર્શ્વનાથ**ની સ્થાપના કરી, અથવા એ પ્રાચીન તીર્થનો જીર્ણોદ્ધાર કર્યો ત્યારથી આ તીર્થ તરીકે પ્રસિદ્ધિ પામ્યું.

(જૂઓ, પ્રક૦ ૩૪, પૃ૦ ૫૮૯ થી ૫૯૧, જૈન તીર્થોનો ઇતિહાસ)

**કાંગડા—**

પંજાબનું આ પ્રાચીન તીર્થ છે. અહીં શેઠ સિદ્ધરાજના પુત્ર ઢંગને જ્યેષ્ઠ નામે પુત્ર હતો. તેને રતી નામની પત્નીથી કુંડલિક અને કુમાર નામે પુત્રો થયા. કુમાર રાજગચ્છીય આ૦ વાદિઅભયદેવસૂરિના શિષ્ય આ૦ અમલચંદ્રનો ઉપાસક હતો. તેણે આચાર્યશ્રીના ઉપદેશથી સં૦ ૧૦૩૦ માં કાંગડાના કિલ્લામાં જિનપ્રતિમા ભરાવી તેની પ્રતિષ્ઠા કરાવી હતી.

(—કાંગડાનો પ્રતિમાલેખ, પ્રક૦ ૩૨, પૃ૦ ૩૦૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિજયસ્તંભ—**

રાજગચ્છના આ૦ પ્રદ્યુમ્નસૂરિએ રાજા અલ્લટની ચિત્તોડની સભામાં દિગંબરાચાર્યને હરાવી પોતાનો શિષ્ય બનાવ્યો. તેની સ્મૃતિમાં ચિત્તોડ પરનો જૈનસ્તંભ બનેલો વિદ્યમાન છે. તેનો જીર્ણોદ્ધાર સં૦ કુમારપાલ પોરવાલે કરાવ્યો હતો. (જૂઓ, પ્રક૦ ૩૪, પૃ૦ ૬૦૪)

આ સ્તંભ પાસે આ૦ ધનેશ્વરના ઉપદેશથી ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર બન્યું હતું, જેનો ઉદ્ધાર તપાગચ્છીય આ૦ **સોમસુંદરસૂરિના** ઉપદેશથી અને રાણા **મોકલજીની પ્રેરણાથી** સં૦ ગુણરાજે સં૦ ૧૪૮૫ માં કરાવ્યો હતો. (જૂઓ, પ્રક૦ ૫૦)

JAINSITE.com जैन साईट
જૈનમ્ જયતિ શાસનમ્

*

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

## પ્રકરણ સાડત્રીશમું

*

## આ૦ દેવસૂરિ

આ૦ સર્વદેવસૂરિની પાટે આ૦ દેવસૂરિ થયા. ગુજરાતી 'પટ્ટાવલી'માં તેમનું બીજું નામ અજિતદેવ પણ મળે છે. તેમના જીવન વિશે કોઈ નોંધ મળતી નથી. તેઓ બહુ રૂપાળા હતા તેથી ગુજરાતના રાજા કર્ણદેવે તેમને 'રૂપશ્રી'નું બિરુદ આપ્યું હતું. રાજાએ એ બિરુદ પોતાની નાની ઉંમરમાં આપ્યું હોય તો આચાર્યશ્રીનો સ્વર્ગગમનકાળ સં૦ ૧૧૧૦ લગભગ ગણાય અને રાજા થયા પછી આપ્યું હોય તો સં૦ ૧૧૨૫ લગભગમાં મનાય.

**આ૦ ફલ્ગુમિત્ર—**

તેઓ યુગપ્રધાન હતા. તેમનો યુગપ્રધાનકાળ સં૦ ૧૦૬૧ થી ૧૧૧૦ હતો. આ યુગમાં રાજગચ્છના આ૦ શીલભદ્ર કે વડગચ્છના આ૦ દેવસૂરિ યુગપ્રધાન હોય એવો સંભવ છે. કેમકે તેઓ એ સમયના સૌમ્યમૂર્તિ આચાર્યો હતા.

આ અરસામાં ઘણા પ્રભાવક આચાર્યો થયા હતા. આબૂતીર્થની સ્થાપના આ સમયમાં જ થઈ હતી.

**આ૦ વર્ધમાનસૂરિ—**

આ નામના સમકાલીન ત્રણ આચાર્યો જાણવા મળે છે.[1]

---

૧. વર્ધમાનસૂરિ નામના ઘણા આચાર્યો થયાનું જણાય છે—

(૧) રુદ્રપલ્લીયગચ્છના આચાર્ય, જેમણે 'સ્વપ્નપ્રદીપ' શ્લો૦ ૧૬૭ રચ્યો છે.

(૨) ખરતરગચ્છના આ૦ જેમણે 'આચાર દિનકર' ગ્રંથ બનાવ્યો છે.

(૩) નવાંગવૃત્તિકાર આ૦ અભયદેવસૂરિના પટ્ટધર સં૦ ૧૧૪૦, ૧૧૭૨.

(૪) પૂર્ણતલ્લગચ્છના આચાર્ય સં૦ ૧૧૭૫. (પ્રક૦ ૩૫, પૃ૦ ૧૨)

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) રાજગચ્છના આ૦ અજિતસિંહના પટ્ટધર સં૦ ૧૦૫૫.
(પ્રક૦ ૩૫, પૃ૦ ૧૯)

(૨) વડગચ્છના સુવિહિત આચાર્ય સં૦ ૧૦૮૮.
(પ્રક૦ ૩૬, પૃ૦ ૨૧૧)

(૩) નાગેંદ્રગચ્છના આ૦ વીરના પટ્ટધર સં૦ ૧૦૮૮.
(પ્રક૦ ૩૫, પૃ૦ ૪)

**ઉપાધ્યાય આમ્રદેવ—**

તેઓ આ૦ ઉદ્દ્યોતનસૂરિના શિષ્ય હતા. તેમણે સં૦ ૧૦૫૫માં નાગેંદ્રગચ્છના પં૦ પાર્શ્વિલ્લગણિની પ્રેરણાથી[1] રાજગચ્છના આ૦ વર્ધમાનની 'ઉપદેશપદ-વૃત્તિ'ની પહેલી પ્રતિ લખી હતી. તે પછી તેઓ **ઉપાધ્યાય** થયા. આ૦ નેમિચંદ્રસૂરિ તેમના શિષ્ય હતા. તેઓએ પોતાના ગુરુદેવને દોષોથી સર્વથા રહિત, ક્ષમા, મૃદુતા, સરળતા વગેરે એકાંત ગુણોના આધાર બતાવ્યા છે.

(–ઉપદેશપદ-વૃત્તિ, ઉત્તરજ્ઝયણ-વૃત્તિ, મહાવીરચરિયંની પ્રશસ્તિ)

JAINSITE જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

**આ૦ ધર્મઘોષ—**

તેઓ વિદ્યાધરગચ્છની જાલીહર શાખાના હતા, સં૦ ૧૦૮૮.

---

(૫) નિર્વૃતિકુલના આ૦ ગોવિંદના પટ્ટધર સં૦ ૧૧૯૭.
(પ્રક૦ ૩૫, પૃ૦ ૪૯)

(૬) નાગેંદ્રગચ્છના આ૦ વિજયસિંહસૂરિના પટ્ટધર સં૦ ૧૨૯૯.
(પ્રક૦ ૩૫, પૃ૦ ૫)

(૭) ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિના શિષ્ય વર્ધમાન જેમણે 'કુમારવિહાર-શતક' રચ્યું.

(૮) વડગચ્છના સંવિગ્નવિહારી આ૦ દેવચંદ્રના પટ્ટધર સં૦ ૧૩૧૯.

(૯) મડાહડગચ્છના આ૦ સોમપ્રભના પટ્ટધર સં૦ ૧૩૩૫.

(૧૦) રાજગચ્છ કે વડગચ્છના આ૦ શાંતિપ્રભના પટ્ટધર સં૦ ૧૩૩૨.

(૧૧) સુવિહિત આચાર્ય. (પ્રક૦ ૩૫, પૃ૦ ૨૨૫)

૧. પાર્શ્વિલગણી સં૦ ૧૦૪૬ (પ્રક૦ ૩૫, પૃ૦ ૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આ૦ સિદ્ધસૂરિ, પં૦ જંબૂનાગ—**

તેઓ ઉપકેશગચ્છના હતા. આચાર્યશ્રીએ સં૦ ૧૦૭૨ માં પાટણમાં શેઠ કપર્દી શાહના દેરાસરમાં ભ૦ મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરી હતી.

તેમના શિષ્ય જંબૂનાગે લોદ્રવાના રાજાને મહમ્મુદ ગિઝનવીના હલ્લાની ભવિષ્યવાણી કરી હતી. તેમણે લોદ્રવામાં રાજા-પ્રજાનો પ્રેમ મેળવી ભ૦ મહાવીરસ્વામીના મંદિરની સ્થાપના કરાવી હતી. તેમની પરંપરામાં અનુક્રમે દેવપ્રભ મહત્તર, કનકપ્રભ મહત્તર અને ઉપા૦ પદ્મપ્રભ થયા હતા. (પ્રક૦ ૧, પૃ૦ ૨૭–૨૮)

**આ૦ નન્નસૂરિ—**

તેઓ ઉપકેશગચ્છના આચાર્ય હતા. તેમણે ૩૯ વંશોને જૈન બનાવ્યા હતા. (પ્રક૦ ૧, પૃ૦ ૨૮)

**આ૦ વિજયસિંહ—**

તેઓ શીઘ્રકવિ હતા. કોંકણના રાજા નાગાર્જુને તેમના ખડ્ગ-કાવ્યથી પ્રસન્ન થઈ તેમને 'ખડ્ગાચાર્ય'નું બિરુદ આપ્યું હતું. મહા-કવિ સોઢ્ઢલ, તેમની 'ઉદયસુંદરી'માં આ આચાર્યશ્રીને આશુ કવિ અને પોતાના મિત્ર તરીકે સંબોધે છે.

**આ૦ વીરાચાર્ય—**

તેમણે સં૦ ૧૦૭૮માં 'આરાધનાપતાકા' રચી છે. સંભવ છે કે, 'જીવાનુશાસન'ના કર્તા આ૦ દેવસૂરિ તેમના શિષ્ય હશે. પં૦ વીરગણિ આનાથી જૂદા હતા. (પ્રક૦ ૩૪, પૃ૦ ૫૭૯)

**વાદિવેતાલ આ૦ શાંતિસૂરિ** (સ્વ૦ સં૦ ૧૦૯૬)—

યુગપ્રધાન **આ૦ હારિલસૂરિ**ના ગચ્છમાં થયેલા આ૦ **વટેશ્વર-સૂરિ**થી 'થારાપદ્રગચ્છ' નીકળ્યો, જેમાં અનેક વિદ્વાન આચાર્યો થયા.

થારાપદ્રગચ્છમાં વિજયસિંહ નામે આચાર્ય હતા. તેઓ ચૈત્ય-વાસી હતા. તે સંપત્કર (શાંતૂ) મહેતાના ચૈત્યમાં રહેતા હતા. એક દિવસ રાધનપુર પાસેના **ઊણ** ગામમાં તેઓ ગયા. ત્યાંના દેરાસરનાં દર્શન કર્યાં પછી તેમની નજર એક છોકરા ઉપર પડી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેના લક્ષણોમાં પ્રભાવકતાનાં સ્પષ્ટ ચિહ્નો વરતાતાં હતાં.

એ છોકરો ઊણનિવાસી શ્રીમાલી **શેઠ ધનદેવ** અને પત્ની ધનશ્રીનો **ભીમ** નામે પુત્ર હતો. ભીમ બચપણથી જ તીક્ષ્ણ બુદ્ધિવાળો હતો. તેનું વિશાળ ભાલ, ઢીંચણ સુધીના લાંબા હાથ અને બીજાં અનેક લક્ષણોથી એ તેજસ્વી લાગતો હતો.

આચાર્યશ્રી ધનદેવ શેઠ પાસે ગયા અને સંઘના કલ્યાણ માટે એમના પુત્રની માગણી કરી. શેઠે મોટો લાભ થતો જાણીને પોતાનો પુત્ર તેમને સોંપ્યો. આચાર્યશ્રીએ તેને દીક્ષા આપી મુનિ શાંતિભદ્ર નામ રાખ્યું. તેમને શાસ્ત્રો-સિદ્ધાંતો ભણાવીને આ૦ શાંતિસૂરિ નામથી પ્રસિદ્ધ કર્યા. છેવટે તેમને ગચ્છનો ભાર સોંપી અનશન લઈ સ્વર્ગવાસ કર્યો.[1]

---

૧. પ્રત્યેક ગચ્છમાં અનેક આ૦ શાંતિસૂરિ (આ૦ શાંતિભદ્રસૂરિ) થયેલા જાણવા મળે છે—

(૧) નાગેંદ્રગચ્છમાં આ૦ મહેંદ્રના શિષ્ય સં૦ ૧૧૫૦ લગભગમાં થયા.

(૨) થારાપદ્રગચ્છમાં (૧) જ્યેષ્ઠાચાર્યના શિષ્ય (પ્રક૦ ૩૧, પૃ૦ ૪૭૨), (૨) વાદિવેતાલ સ્વ૦ સં૦ ૧૦૯૬, (૩) આ૦ નેમિચંદ્રના શિષ્ય સં૦ ૧૨૨૨માં પિપ્પલકગચ્છના સંસ્થાપક.

(૩) રાજગચ્છમાં (૧) આ૦ શીલભદ્રના ત્રીજા પટ્ટધર આ૦ ધનેશ્વરના શિષ્ય (પ્રક૦ ૩૫, પૃ૦ ૨૨), (૨) આ૦ હરિભદ્રના શિષ્ય.

(૪) સાંડેરકગચ્છમાં આ૦ શાંતિસૂરિ. (પ્રક૦ ૩૪, પૃ૦ ૫૬૮)

(૫) ભાવાચાર્યગચ્છમાં આ૦ શાંતિસૂરિ થયા. તેમણે શૌર્યપુરના રાજાની રાણીની વ્યંતરપીડા હઠાવી. આથી રાજા, રાણી અને પ્રજાજનોમાંના કેટલાક જૈન થયા. રાજાએ ત્યાં જૈનમંદિર બંધાવી પ્રતિષ્ઠા કરાવી. રાણીએ પાંચમના તપની આરાધના કરી.

(આ૦ ગુણાકરની ભક્તામરસ્તોત્ર શ્લો૦ ૨૫ની ટીકા)

(૬) પૂર્ણતલ્લગચ્છમાં આ૦ વર્ધમાનના શિષ્ય મહાન કાવ્ય-ટીકાકાર થયા.

(૭) તિલકમંજરીના ટિપ્પણકાર સં૦ ૧૧૭૫ થી ૧૧૮૦.

(૮) પલ્લીવાલગચ્છમાં થયેલા આચાર્ય શાંતિસૂરિ.

(૯) વડગચ્છમાં (૧) સુવિહિત આ૦ અભયદેવના શિષ્ય (આરાસણાનો લેખ), (૨) વાદિદેવસૂરિના શિષ્ય સં૦ ૧૨૨૬ લગભગ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ શાંતિસૂરિએ રાજગચ્છીય મહાતાર્કિક આ૦ **અભયદેવસૂરિ** પાસે તર્કશાસ્ત્ર અને થારાપદ્રીયગચ્છના **આ૦ સર્વદેવસૂરિ** પાસેથી જિનાગમનું જ્ઞાન મેળવ્યું હતું. પાટણ જઈ રાજા ભીમદેવ (સં૦ ૧૦૭૮ થી સં૦ ૧૧૨૦)ની રાજસભામાં પોતાની પ્રતિભા વડે 'કવીન્દ્ર' અને 'વાદિચક્રવર્તી'નાં માનદ બિરુદો મેળવ્યાં હતાં.

ધારામાં **ભોજરાજની** પંડિતસભાના પ્રધાન કવિ **ધનપાલે** 'તિલકમંજરીકથા'ની રચના કરી હતી તે માટે તેમણે મહેન્દ્રસૂરિને પૂછ્યું કે, 'આ કથાનું સંશોધન કોણ કરી શકે ?' આચાર્યશ્રીએ **વાદિવેતાલ શાંતિસૂરિનું** નામ આપ્યું. કવિશ્રી એ માટે પાટણ આવ્યા અને સર્વપ્રથમ એમના એક શિષ્ય સાથે વાર્તાલાપ કરવા લાગ્યા. વાર્તાલાપથી તેમને ખાતરી થઈ કે, આવા વિદ્વાન શિષ્યોના ગુરુ વિદ્યાસાગર હોય એમાં નવાઈ નથી જ. તેમણે આચાર્યશ્રીને ધારા પધારવા વિનંતિ કરી અને પોતે સાથે રહીને તેમને સં૦ ૧૦૮૩ લગભગમાં ધારા નગરી તરફ લઈ ગયો.

એક રાતે સરસ્વતીએ આચાર્યશ્રીને આશીર્વાદ આપ્યો કે, 'તમે તમારો હાથ ઊંચો કરી વાદ કરશો તો તમને દરેક સ્થાને વિજય મળશે.'

ધારા પહોંચતાં અગાઉના મુકામે રાજા ભોજરાજે તેમની સામે આવીને જણાવ્યું કે, 'ધારાની સભામાં ઉદ્ભટ વાદીઓ છે, તેમાંના જેટલા વાદીઓને આપ જીતશો તેટલા લાખ માલવી દ્રમ્મ તમને આપીશ. જોઉં છું કે ગુજરાતના જૈન સાધુઓમાં વિદ્વત્તાનું કેટલું સામર્થ્ય છે ?'

(૧૦) નાણાવાલગચ્છમાં સં૦ ૧૨૬૫ના લેખવાળા.
(૧૧) મડાહડગચ્છમાં આ૦ યશોદેવસૂરિની પ્રતિમાના પ્રતિષ્ઠાપક.
(૧૨) તપાગચ્છમાં (૧) આ૦ વિજયશાંતિસૂરિ (આબૂવાળા), (૨) આ૦ વિજયશાંતિસૂરિ (કચ્છવાળા).
(૧૩) નાણાવાલગચ્છમાં મૌની શાંતિસૂરિ, જેમણે ૧૮૦૦૦ બ્રાહ્મણોને જૈન બનાવ્યા. (-રાજગચ્છ પટ્ટાવલી, પૃ૦ ૬૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્યશ્રીએ ભોજની સભાના ૮૪ જેટલા વાદીઓને જીતી લીધા.[૧]

પછી તો બીજા ૫૦૦ વાદીઓ શાસ્ત્રાર્થ માટે ધારામાં આવી ચડ્યા. શ્રીશાંતિસૂરિ આ બધા વાદીઓને જીતી લેશે એવા વિચારથી દ્રવ્યનો આંકડો ગણતાં રાજા વિમાસણમાં પડી ગયો. કવીશ્વર ધનપાલે રાજાનું મન પારખી તોડ કાઢ્યો કે, આચાર્યશ્રીનું નામ શાંતિ છે, પણ તે વાદીઓની સામે વેતાલ જેવા છે તેથી હવે વધુ વાદ કરવાની જરૂર નથી. રાજાએ આચાર્યશ્રીને ૮૪ લાખ માલવી દ્રમ્મ આપવાના હતા, જેનું ગુજરાતી નાણું ૧૨ લાખ થાય. તે દ્ર૦યથી ધારામાં જૈનમંદિરો બાંધવામાં આવ્યાં. કવીશ્વરે પોતાના તરફથી ૬૦૦૦ દ્રમ્મ આપ્યા. તે આચાર્યશ્રીની આજ્ઞાથી થરાદના જૈનમંદિર માટે મોકલવામાં આવ્યા. થરાદના સંઘે તે દ્રમ્મમાંથી આદિનાથના દેરાસરમાં ડાબી તરફ એક દેરી કરાવી અને રથ બનાવ્યો.

આચાર્યશ્રીએ 'તિલકમંજરી'માં ઉત્સૂત્રપ્રરૂપણા ન રહે એટલા પૂરતું સંશોધન કરી આપ્યું. રાજાએ આચાર્યશ્રીને 'વાદિવેતાલ'નું માનવંતુ બિરુદ આપી ગુજરાતના સમર્થ વિદ્વાનની કદર કરી.

જૈન સાઈટ JAINSITE .com

---

૧. ૮૪ વાદિ—તે ચેમે चतुरशीतिवादिनः --

बंभ अट्ठ[८] नव[९] बुद्ध नग अट्ठारह[१८] जितीय ।
सैव सोल[१६] दहभट्ट[१०] सत्त[७] गंधव्व विजितीय ॥
जिण दिगंबर सत्त[७] पुण खत्तिय चार[४] दु[२] जोई ।
एक[१] धीवर एक[१] मिल्ल अरु एक हि भोई ॥

इत्येतेषां योगेन चतुरशीतिः[८४] भवन्ति ।

(–મહો૦ ક્ષમાકલ્યાણનો 'ફલવર્ધિસ્થાપના–વાદિદેવસૂરિસંબંધ'; 'પર્વકથાસંગ્રહ' સં૦ ૧૮૬૦ ફાગણ વદિ ૧, બિકાનેર)

૧ જૈન, ૨ નૈયાયિક, ૩ સાંખ્ય, ૪ બૌદ્ધ, ૫ વૈશેષિક અને ૬ ચાર્વાક એ ૭ દર્શનોના ૧૭ પેટાભેદો મળીને કુલ ૧૦૨ મતો છે.

(–જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૨૨, પૃ૦ ૧૪૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્યશ્રીના શિષ્ય પુણ્યભદ્રે સં૦ ૧૦૮૪માં થરાદમાં રામસેનના રાજા રઘુસેનના જિનાલયમાં ભ૦ આદિનાથની પ્રતિષ્ઠા કરી હતી અને તે જ દેરાસરમાં ડાબી તરફ કવિ ધનપાલે આપેલી રકમમાંથી દેરી બનાવાઈ હતી.

આ૦ શાંતિસૂરિ રાજા ભીમદેવની વિનતિથી ધારાથી વિહાર કરીને કવિ ધનપાલની સાથે પાટણ પધાર્યા. અહીં પાટણમાં શેઠ જિનદેવે પોતાના પુત્ર પદ્મદેવને સાપ કરડવાથી તેને જમીનમાં દાટી રાખ્યો હતો. આચાર્યશ્રીએ તેને બહાર કઢાવી અમૃત ચિંતવી હાથથી સ્પર્શ કર્યો અને પદ્મદેવનું ઝેર ઊતરી ગયું. શેઠ જિનદેવે આચાર્યશ્રીને ભારે ઉત્સવપૂર્વક પોતાને ઘેર પધરાવી ઉપાશ્રયે પહોંચાડ્યા.

આચાર્યશ્રી પોતાના ૩૨ શિષ્યોને પાટણમાં ન્યાયનો અભ્યાસ કરાવતા હતા. વડગચ્છના **આ૦ મુનિચંદ્રસૂરિ** નાડોલથી વિહાર કરી પાટણની ચૈત્યપરિપાટી કરવા માટે પાટણ પધાર્યા. તેઓ એક દિવસે ભ૦ ઋષભદેવનાં દર્શન કરી આ૦ શાંતિસૂરિ પાઠ આપી રહ્યા હતા ત્યારે તેમની પાસે આવી, નમસ્કાર કરીને બેસી ગયા. એ સમયે બૌદ્ધ દર્શનના પ્રમેયોનો પાઠ ચાલતો હતો. આ૦ મુનિચંદ્રે અહીં ૧૦ દિવસ રહી, પાઠ સમયે હાજરી આપી એ પાઠને વિના પુસ્તકે એકાગ્રતાથી અવધારણ કરી લીધો, પરંતુ આચાર્યશ્રીના શિષ્યો એ પાઠને ધારી ન શક્યા. આથી આચાર્યશ્રીને ભારે ખેદ થયો. આ૦ મુનિચંદ્રે આ જોઈ આચાર્યશ્રીની આજ્ઞા મેળવી એ દશ દિવસનો પાઠ અનુક્રમે કહી સંભળાવ્યો. આ સાંભળી આચાર્યશ્રીએ એકદમ ઊભા થઈ ઉત્સાહથી તેમને આલિંગન કર્યું અને કહ્યું : 'ખરેખર, તું તો ધૂળમાં ઢંકાયેલું રત્ન છે, તું મારી પાસે રહીને અભ્યાસ કર.' આચાર્યશ્રીને ખ્યાલ હતો કે, પાટણમાં સંવેગી મુનિઓને રહેવા માટે સ્થાન મળતું નથી, તેથી તેમણે આ૦ મુનિચંદ્રને ટંકશાળની પાછળ એક ઘરમાં રાખ્યા અને તેમને છયે દર્શનોનો અભ્યાસ કરાવ્યો. આ૦ મુનિચંદ્રે વિના પરિશ્રમે તે ધારી લીધો. એ દિવસથી પાટણમાં ચૈત્યવાસીઓ તરફથી સુવિહિત સાધુઓને સુલભ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તાથી વસતી મળવા લાગી. આ ઘટના સં૦ ૧૦૯૪ લગભગમાં બની હોય એવો સંભવ છે.

કૌલ મતના આ૦ ધર્મ પંડિત કવીશ્વર ધનપાલની સૂચના મુજબ વાદિવેતાલ આ૦ શ્રીશાંતિસૂરિ પાસે પાટણ આવ્યો. તેમની સાથે વાદ કરવાની શરૂઆત કરી. તેણે પ્રથમ પ્રશ્નચક્ર ચલાવ્યું, આચાર્યશ્રીએ પોતાને દેવ અને પંડિતને કૂતરો બનાવે એવો જવાબ આપ્યો. પછી તો પંડિતે વિતંડાવાદ શરૂ કર્યો. આચાર્યશ્રીએ તે પાઠને અક્ષરશઃ સંભળાવ્યો. તેમજ તેના યોગપટ વગેરે લઈ હૂબહુ તેની નકલરૂપે અંગચેષ્ટા કરી બતાવી. પંડિતે તેમના ચરણમાં મસ્તક ઝુકાવીને કહ્યું : 'કવીશ્વર ધનપાલે જેવા કહ્યા હતા તેવા જ તમે વિદ્વાન છો.' આચાર્યશ્રી સ્વભાવતઃ શાંત હતા. તેથી તે પણ શાંત બની ગયો.

આચાર્યશ્રીએ એક દ્રવિડના વિદ્વાનને પણ જીતી લઈ શાંત બનાવ્યો હતો.

**ધર્મપ્રચાર—**

આચાર્યશ્રીએ ૪૧૫ રાજકુમારોને જૈન બનાવ્યા. ધૂળનો કોટ પડી જવાની ભવિષ્યવાણી કહી સંભળાવી. ૭૦૦ શ્રીમાલી કુટુંબને બચાવી લીધા અને તેઓને દૃઢ જૈનધર્મી બનાવ્યા.

આ૦ શાંતિસૂરિના ઉપદેશથી ડીડક શ્રીમાલી જૈન બન્યા હતા. તેમણે ભ૦ આદીશ્વરનું ચૈત્ય બંધાવ્યું હતું અને તે મહીરોલ ગોત્રના હતા. સમય જતાં તેઓ પલ્લીવાલગચ્છના બન્યા હતા.

(—જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર૦ ૩૫)

તેમણે જે ગ્રંથો બનાવ્યા છે તેની નોંધ નીચે મુજબ છે—

(૧) ઉત્તરજ્ઝયણ-પાઇયટીકા—તેમણે અન્ય વૃત્તિઓ હોવા છતાં પૂર્ણતલ્લગચ્છના આ૦ ગુણસેનની વિનતિથી પાટણમાં ભિન્નમાલવંશીય મહામાત્ય શાંતૂના ચૈત્યગૃહમાં રહી સ્વાધ્યાયવ્યાસંગથી વાદશક્તિના કિલ્લા સમી ઉત્તરાધ્યયનની ટીકા બનાવી છે, જેનું બીજું નામ 'પાઇય-ટીકા' છે. આ૦ વાદિદેવસૂરિએ આ ટીકાના આધારે જ સિદ્ધરાજની સભામાં દિગંબરાચાર્ય કુમુદચંદ્રને હરાવ્યો હતો.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

(૨) જીવવિયારપયરણ—ગાથા : ૫૧.

(૩) સંઘાચારચૈત્યવંદનભાષ્ય—તેનું બીજું નામ 'સંઘસામાચાર-ભાષ્ય' પણ છે. ગાથા : ૯૧૦.

(૪) ધમ્મરયણપયરણ—(ધર્મશાસ્ત્ર).

(૫) પર્વપંજિકા (અર્હદભિષેકવિધિ)—તેનું સાતમું પર્વ 'બૃહત્-શાંતિ' છે.

(૧) અંગવિજ્જા—તેનો ઉદ્ધાર કર્યો.

(૨) તિલકમંજરી—કવિ ધનપાલે રચેલી આ કથાનું સંશોધન કર્યું.

આચાર્યશ્રીના વ્યાખ્યાનમાં નાગિની દેવી આવતી હતી અને ગુરુએ વાસક્ષેપ નાખેલા પાટલા પર બેસતી હતી. એક દિવસે આચાર્યશ્રી વાસક્ષેપ નાખવાનું ભૂલી ગયા, ત્યારે દેવીએ તરત જણાવ્યું કે, 'ભગવન્! હવે આપ છ મહિના જીવશો, તે પહેલાં આપે ગચ્છની વ્યવસ્થા અને પરભવની સાધના કરી લેવી જોઈએ.'

આચાર્યશ્રીને ૩૨ શિષ્યો હતા. તેમાંથી મુનિ વીરભદ્ર, મુનિ શાલિભદ્ર અને મુનિ સર્વદેવને બીજે દિવસે તેમણે આચાર્ય બનાવ્યા. આમાં આ૦ વીરભદ્ર તો રાજપુરીમાં જ કાલધર્મ પામ્યા. તેમની શિષ્યપરંપરા ચાલી નહીં; પરંતુ તે સિવાયના બંને આચાર્યોની શિષ્યપરંપરા લાંબા કાળ સુધી ચાલી છે.

અંતે આ૦ શાંતિસૂરિ શેઠ યશના પુત્ર સોઢે કાઢેલા ગિરનાર તીર્થના યાત્રાસંઘ સાથે ગિરનાર પધાર્યા. ત્યાં તેમણે ભૂખ, તરસ અને ઊંઘનો ત્યાગ કરી ૨૫ દિવસનું અનશન કર્યું અને સં૦ ૧૦૯૬ના જેઠ સુદિ ૯ ને મંગળવારે કૃત્તિકા નક્ષત્રમાં સમાધિપૂર્વક કાલધર્મ પામી સ્વર્ગગમન કર્યું. ટૂંકમાં તેઓ અનશન સ્વીકારીને દેવ થયા.

**પેટાગચ્છો—**

આ૦ શાંતિસૂરિની શિષ્યપરંપરામાંથી **થારાપદ્રગચ્છ, આરાસણ-ગચ્છ,** મડાહડાગચ્છ અને પિપ્પલકગચ્છ એ નામે ઉપગચ્છો અને ભિન્ન શાખાઓ નીકળી છે, તે આ પ્રકારે છે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આરાસણગચ્છ—**

૪. આ૦ વાદિવેતાલ શાંતિસૂરિ. ૫. આ૦ પૂર્ણભદ્રસૂરિ.

૬. આ૦ શાલિભદ્રસૂરિ. ૭. આ૦ વર્ધમાનસૂરિ.

૮. આ૦ યશોદેવસૂરિ—તેઓ આરાસણના હતા. તેમનાથી 'આરાસણગચ્છ' નીકળ્યો.

**મડાહડાગચ્છ—થારાપદ્રગચ્છ—**

ગુજરાતમાં આબૂરોડથી દક્ષિણે પશ્ચિમ તરફ ૬ાા માઈલ દૂર મુંડસ્થલ અને ફીલણી ગામો છે. જ્યારે ૨૫ માઈલ દૂર મડાર ગામ છે. મડારથી ૪ માઈલ દૂર કુસુમા, વરમાણ ગામો છે. તેમાંનાં કેટલાંએક તો વિક્રમની સાતમી સદી પહેલાંનાં વસેલાં છે.

**ફીલણી ગામ** આબૂ પર્વતના દક્ષિણ ઢાળ પર હતું. તે ગામની ઉત્તરમાં વશિષ્ઠાશ્રમ હતો. અહીં ઉમરણી (અમરાવતી) ગામના રાજા અંબરીશે ઋષિકેશનું મંદિર બંધાવ્યું અને તેની રાણી તારાદેવીએ મધુસૂદનનું મંદિર બંધાવ્યું ત્યારથી એટલે સં૦ ૧૨૮૮ પછી ફીલણી ગામનું બીજું નામ 'મધુવાજી' જાહેર થયું.

આબૂરોડથી પશ્ચિમ તરફ મંડાર જતી મોટરની સડક પર આશરે ૭ માઈલ દૂર **એક પથ્થર** ઊભો છે તેમાં ઉલ્લેખ છે કે, 'માંડલિક સુરશંભુ પરમાર ધારાવર્ષદેવ સં૦ ૧૨૪૫ના ભાદરવા સુદિ ૧ ને બુધવારના રોજની આજ્ઞા છે કે, ફીલણીના વશિષ્ઠાશ્રમની રક્ષા કરવી. નુકસાન કરે તેને દંડ દેવો.'

(—જૈનપત્ર, વર્ષ : ૫૮, અંક : ૩, પ્ર૦ ૩૫, પૃ૦ ૧૫૬)

અહીં આજે મધુવાજી ઋષિકેશ અને કોડિધ્વજ ધામો છે. **મધુવાજી**ના મંદિર પાસેની ભૂમિમાં પ્રાચીન જૈન દેરાસરનું તોરણ તથા થાંભલા આજેય વિદ્યમાન છે. (—જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૬૮)

**મુંડસ્થલ** પણ પ્રાચીન જૈન તીર્થ છે. (જૂઓ, પ્ર૦ ૧, પૃ૦ ૬૧)

મંડાર ગામનાં બીજાં નામો મહાહડા, મહાહૃત, માધુહડા, મઢાર, મંઢાર, મંડાર મળી આવે છે. આજે અહીં જૈનોનાં ૨૦૦ ઘર વિદ્યમાન છે. તપાગચ્છ, અંચલગચ્છ, મડાહડાગચ્છ અને લોંકાગચ્છના ઉપાશ્રયો

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

છે. ભ૦ ધર્મનાથ તેમજ ભ૦ મહાવીરસ્વામીનાં દેરાસરો છે.

વડગચ્છના આ૦ **વાદિદેવસૂરિ** (જન્મ સં૦ ૧૧૪૩), થારાપદ્રગચ્છમાં આ૦ **ચક્રેશ્વરસૂરિ** (સં૦ ૧૧૮૪–૧૨૨૧), ઉપકેશગચ્છના આ૦ સિદ્ધસૂરિના સંતાનીય **આ૦ દેવગુપ્તસૂરિ** (સં૦ ૧૪૮૬) અહીં જન્મ્યા હતા; કેમકે તેમના નામની પહેલાં મડાહડીય, મહારીય વિશેષણો લગાડેલાં જોવાય છે.

(–અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૧૧૪, ૬૨૨)

મડારથી મડાહડાગચ્છ નીકળ્યો તે આ૦ **ચક્રેશ્વરસૂરિ**થી શરૂ થયો હતો. પ્રતિમાલેખોમાં આ૦ ચક્રેશ્વરસૂરિને વડગચ્છની સંવિજ્ઞ-વિહારી શાખાના આ૦ **વર્ધમાનસૂરિ**ના શિષ્ય બતાવેલા છે, પણ તેઓ કોણ અને ક્યારે થયા તેનો નિર્ણય કરવો એ એક જટિલ સમસ્યા છે. કેમકે ઇતિહાસના પરિશીલનથી જણાય છે કે, વિક્રમની બારમી સદીના ઉત્તરાર્ધમાં વડગચ્છમાં સંવેગી વર્ધમાનસૂરિઓ બે થયેલા છે. તે આ પ્રકારે—

૧. વડગચ્છના આ૦ ઉદ્દ્યોતનસૂરિના શિષ્ય આ૦ વર્ધમાનસૂરિની સુવિહિત પરંપરાના નવાંગીવૃત્તિકાર **આ૦ અભયદેવસૂરિ**ના બીજા પટ્ટધર આ૦ વર્ધમાનસૂરિ (સં૦ ૧૧૪૦–સં૦ ૧૧૭૨) હતા.

૨. આમ તો વટેશ્વરગચ્છ પ્રાચીન છે પણ વડગચ્છ પછી નીકળ્યો છે. બંને ગચ્છોની શબ્દસામ્યતા અને સામાચારીની એકતાથી કેટલાએક વિદ્વાનો બંનેને એક માની વટેશ્વરગચ્છમાંથી નીકળેલા થારાપદ્રગચ્છને વડગચ્છનો પેટાગચ્છ બતાવે છે. (પ્રક૦ ૩૧, પૃ૦ ૪૭૩)

આ સાધારણ માન્યતા અનુસાર થારાપદ્રગચ્છના **આ૦ શાલિભદ્ર**ની પાટે સંવિજ્ઞવિહારી **આ૦ વર્ધમાનસૂરિ** (સં૦ ૧૧૫૦ લગભગ) થયા. આથી અહીં એવી ભ્રમણા થાય છે કે, આ૦ ચક્રેશ્વરસૂરિ આ બંનેમાંથી કયા આચાર્યના શિષ્ય હતા? આનો ખુલાસો આપણને થારાપદ્રીયગચ્છના શેઠ સિદ્ધદેવની સં૦ ૧૧૮૭ માં લખાયેલ 'ભગવતી-સૂત્ર'ની વિશેષ વૃત્તિની પુષ્પિકામાંથી મળે છે. તેમાં લખ્યું છે કે, 'શેઠ સિદ્ધદેવે આ પુસ્તક આ૦ **શાલિભદ્રસૂરિના પટ્ટધર આ૦**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વર્ધમાનસૂરિના** આ૦ ચક્રેશ્વરસૂરિને અર્પણ કર્યું.'

(—જૈન પુસ્તક પ્ર૦ સં૦, પ્ર૦ ૩)

## ૧. મડાહડગચ્છ પટ્ટાવલી

આ૦ ચક્રેશ્વરસૂરિ અને શેઠ સિદ્ધદેવ બંને થારાપદ્રગચ્છના અને બંને મડાહડના હતા. આથી માનવું પડે છે કે, થારાપદ્રગચ્છના આ૦ વર્ધમાનસૂરિના શિષ્ય આ૦ ચક્રેશ્વરસૂરિથી મડાહડગચ્છ શરૂ થયો.

પ્રતિમાલેખોને આધારે જણાય છે કે, મડાહડગચ્છ એ વટેશ્વરગચ્છની શાખા છે. સાધારણ રીતે વડગચ્છ અને વટેશ્વરગચ્છ એક મનાય છે, તેથી તે વડગચ્છની શાખારૂપે નોંધાયો છે. ખાસ નોંધપાત્ર ઘટના એ છે કે, આ સંવિજ્ઞવિહારી ગચ્છ (સં૦ ૧૧૮૭, સં૦ ૧૩૩૫, સં૦ ૧૩૩૭, સં૦ ૧૩૩૮) હતો. સં૦ ૧૩૩૫ અને સં૦ ૧૩૭૦, સં૦ ૧૩૭૧, સં૦ ૧૩૮૭ના પ્રતિમાલેખોમાં मडाहडीय અને मडाहडीयगच्छना સ્પષ્ટ ઉલ્લેખો મળે છે. એટલે એ વાત ચોક્કસ થાય છે કે, વટેશ્વરગચ્છના આ૦ ચક્રેશ્વરસૂરિથી મડાહડગચ્છ શરૂ થયો.

(—પ્રાચીન જૈનલેખસંગ્રહ ભા૦ ૨, લેખાંક: ૧૮૪, ૨૮૪, ૨૯૧, ૨૯૨, ૫૫૦; અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક: ૧૧૪, ૨૯૭, ૫૪૩)

મડાહડગચ્છની ઘણી પરંપરાઓ ચાલી છે. તેમજ તેમાંથી રત્નપુરા, જાંખડિયા, જાલોર વગેરે શાખાઓ નીકળી છે.

ચંદ્રગચ્છના આ૦ હારિલસૂરિથી હારિલશાખા નીકળી, જેનું બીજું નામ હારિજગચ્છ સંભવે છે. (—પ્રક૦ ૨૭, પૃ૦ ૪૪૭ થી ૪૯૨)

તે પરંપરાના આ૦ વટેશ્વર ક્ષમાશ્રમણે ગુજરાતમાં આવીને નવા જૈનો બનાવ્યા અને તેમનો પરિવાર 'વટેશ્વરગચ્છ' નામથી જાહેર થયો. ઘણા વિદ્વાનો વટેશ્વરગચ્છ અને વડગચ્છને એક સમજી લે છે. આ ગચ્છની એક શ્રમણપરંપરા થારાપદ્રમાં વિચરતી હતી, જે થારાપદ્રગચ્છ તરીકે વિખ્યાત થઈ હતી.

થારાપદ્રગચ્છની એક પરંપરા આ પ્રમાણે મળે છે—



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. જયેષ્ઠાર્ય. ૨. આ૦ શાંતિભદ્રસૂરિ.

૩. સિદ્ધાંતમહોદધિ આ૦ સર્વદેવસૂરિ.

૪. આ૦ શાલિભદ્રસૂરિ—તેમનું પ્રસિદ્ધ નામ વાદિવેતાલ શાંતિસૂરિ (સ્વ૦ સં૦ ૧૦૯૬) હતું.

૫. આ૦ પૂર્ણભદ્રસૂરિ—તેમણે ગુરુદેવની આજ્ઞાથી સં૦ ૧૦૮૪માં થરાદમાં રામસેન નગરના રાજા રઘુસેનના જિનપ્રાસાદમાં ભ૦ આદીશ્વરની પ્રતિષ્ઠા કરાવી. (પ્રક૦ ૩૧, પૃ૦ ૪૭૨)

૬. આ૦ શાલિભદ્રસૂરિ—તેઓ વાદિવેતાલ આ૦ શાંતિસૂરિના હાથે આચાર્ય થયા હતા. તેમણે 'સંગ્રહણીવૃત્તિ' બનાવી છે.

૭. આ૦ વર્ધમાનસૂરિ—તેમણે ચૈત્યવાસ છોડી, ક્રિયોદ્ધાર કરી, સંવેગીપણું સ્વીકાર્યું હતું; આથી તેઓ સંવિગ્નવિહારી તરીકે વિખ્યાત થયા હતા. (–પ્રા૦ જૈ૦લે૦સં૦, લેખાંક : ૨૮૪, ૨૯૨, ૫૫૦)

આ કારણે તેમની પરંપરાના આચાર્યો પોતાને વર્ધમાનસૂરિના સંતાનીય ઓળખાવવામાં ગૌરવ માનતા હતા.

(–પ્રા૦ જૈ૦લે૦સં૦, લેખાંક : ૧૧૪, ૨૯૭)

આ૦ વર્ધમાનસૂરિથી ઘણી શિષ્યપરંપરાઓ ચાલી છે—

સં૦ ૧૧૮૪ માં આ૦ વર્ધમાનસૂરિના આ૦ ચક્રેશ્વરસૂરિ, આ૦ પરમાનંદસૂરિ, આ૦ યશોદેવસૂરિ, આ૦ પ્રભસૂરિ વિદ્યમાન હતા.

(–જૈનપુસ્તકપ્રશસ્તિસં૦, પ્ર૦ ૨)

આ૦ વર્ધમાનસૂરિની પાટે આ૦ પદ્મસૂરિ અને તેમની પાટે આ૦ ભદ્રેશ્વરસૂરિ થયા. તેમણે સં૦ ૧૧૮૭ના ફાગણ વદિ ૪ ને સોમવારે આબૂ તીર્થમાં ભદ્રસિણકના શેઠ બાહડ પોરવાલે ભરાવેલ ભ૦ ઋષભદેવની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. (–પ્રા૦ જૈ૦લે૦સં૦, લેખાંક : ૧૮૪)

૮. **આ૦ ચક્રેશ્વરસૂરિ**—તેઓ મડાહડામાં જન્મ્યા હતા. તેમનાથી 'મડાહડગચ્છ' નીકળ્યો. તે તથા તેમના શિષ્ય આ૦ પરમાનંદસૂરિના ઉપદેશથી શેઠ દેશલ પોરવાલે ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર બંધાવ્યું. સં૦ ૧૧૮૪ના માહ સુદિ ૧૧ ને રવિવારે પાટણમાં ગૂર્જરેશ્વર રાજા સિદ્ધરાજના રાજ્યમાં 'જ્ઞાતાધર્મકથાંગ' વગેરે સૂત્રો તથા ટીકાઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગેરે ચાર પુસ્તકો લખાવ્યાં. શેઠ સિદ્ધરાજ પોરવાલ તથા તેની પત્ની રાજિમતીએ સં૦ ૧૧૮૭ના કાર્તિક સુદિ ૨ ના રોજ પાટણમાં આગમ, નિર્યુક્તિ, ચૂર્ણિ, ભાષ્ય વગેરે આગમનાં પુસ્તકો લખાવ્યાં. તે શ્રાવકે સં૦ ૧૨૧૨માં ચંદ્રાવતીમાં ગૂર્જરેશ્વર રાજા કુમારપાલના પ્રીતિપાત્ર રાજા ધારાવર્ષદેવના રાજકાળમાં 'રયણચૂડા-કહા' લખાવી.

(—જૈ૦પુ૦પ્ર૦સં૦, પુષ્પિકા : ૬૯)

સં૦ ૧૧૮૭ના ફાગણ વદિ ૪ ને સોમવારે આબૂ તીર્થમાં ભ૦ ઋષભદેવના બિંબની પ્રતિષ્ઠા કરી.

તેમની પાટે આ૦ પરમાનંદસૂરિ,[1] આ૦ જયસિંહસૂરિ, આ૦ પદ્મચંદ્ર, આ૦ જિનદત્ત, આ૦ ધર્મઘોષ વગેરે આચાર્યો થયા હતા.

(—જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૨, ૩; જૈ૦સા૦સં૦ ઇતિ૦ પારા ૪૦૦, ટિ૦ પા૦ ૩૩૭, પૃ૦ ૨૧૮)

૯. આ૦ જયસિંહસૂરિ. ૧૦. આ૦ સોમપ્રભસૂરિ.

૧૧. **આ૦ વર્ધમાનસૂરિ**—તેમના સં૦ ૧૩૩૫, સં૦ ૧૩૩૭, સં૦ ૧૩૩૮ના પ્રતિમાલેખો મળે છે. તેમના ઉપદેશથી આરાસણમાં 'સમલિકાવિહાર'નો આરસપટ્ટ બનાવવામાં આવ્યો હતો.

(—પ્રા૦ જૈ૦લે૦સં૦, લેખાંક : ૨૮૪, ૨૯૧, ૨૯૨)

૧૨. **આ૦ સર્વદેવસૂરિ**—સમરા શાહે સં૦ ૧૩૭૧ ના માહ સુદિ ૭ ગુરુવારે શત્રુંજય તીર્થનો મોટો ઉદ્ધાર કરાવ્યો ત્યારે તે ત્યાં વિદ્યમાન હતા.

## ૨. મડાહડગચ્છ પટ્ટાવલી

૮. **આ૦ ચક્રેશ્વરસૂરિ.** ૯. આ૦ પદ્મપ્રભસૂરિ.

૧૦. આ૦ જયચંદ્રસૂરિ. ૧૧. યશોદેવસૂરિ.

૧૨. આ૦ શાંતિસૂરિ—સં૦ ૧૩૭૦, સં૦ ૧૩૭૧, સં૦ ૧૩૭૩,

---

૧. રાજગચ્છની દેવેન્દ્રશાખામાં આ૦ પરમાનંદના શિષ્ય આ૦ રત્નપ્રભ સં૦ ૧૩૧૦ માં થયા. (જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૩૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૩૮૭, સં૦ ૧૨૦૩. (—અર્બુદ પ્રા૦ જૈ૦લે૦સં૦, લેખાંક : ૫૪૩
પ્રા૦ જૈ૦લે૦સં૦, લેખાંક : ૫૦૮)

૧૩. આ૦ હેમસૂરિ—સં૦ ૧૩૮૧.
(—અર્બુદ પ્રા૦ જૈ૦લે૦સં૦, લેખાંક : ૫૫૧)

૧૪. આ૦ રત્નસાગરસૂરિ—સં૦ ૧૩૮૯.
(—અર્બુદ પ્રા૦ જૈ૦લે૦સં૦, લેખાંક : ૫૫૮)

૧૫. આ૦ સોમતિલકસૂરિ—સં૦ ૧૩૫૧, સં૦ ૧૩૯૧.

## ૩. મડાહડગચ્છ પટ્ટાવલી

૮. આ૦ ચક્રેશ્વરસૂરિ. ૯. આ૦ જિનદત્તસૂરિ.

૧૦. આ૦ દેવચંદ્રસૂરિ. ૧૧. આ૦ ગુણચંદ્રસૂરિ.

૧૨. આ૦ ધર્મદેવસૂરિ.

૧૩. આ૦ જયદેવસૂરિ—આ૦ દેવસૂરિ સં૦ ૧૩૮૯.

૧૪. આ૦ પૂર્ણચંદ્રસૂરિ—સં૦ ૧૪૨૦.

૧૫. આ૦ હરિભદ્રસૂરિ—સં૦ ૧૪૪૧, ૧૪૬૨.

૧૬. **આ૦ કમલપ્રભસૂરિ**—'સં૦ ૧૫૨૦ના અષાડ સુદિ ૨ ને ગુરુવારે આ૦ કમલપ્રભના ઉપદેશથી સિરોહી નગરમાં ભ૦ અજિતનાથના દેરાસરમાં મડાહડગચ્છમાં ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથનો **ભદ્રપ્રાસાદ** બન્યો. આચાર્યે તેમાં સર્વધાતુની પરિકરવાળી તે પ્રતિમાની પ્રતિષ્ઠા કરી' આવો લેખ તેના કાઉસગ્ગિયા નીચે છે.

આ૦ કમલપ્રભના શિષ્ય પં૦ અમરચંદ્રે સં૦ ૧૫૧૭માં કલ્પસૂત્રનો બાલાવબોધ રચ્યો.

૧૭. આ૦ ગુણકીર્તિસૂરિ—તેમણે 'કાલિકાચાર્યકથા' રચી.
આ૦ ધર્મપ્રભસૂરિ—સં૦ ૧૫૨૦.

૧૮. આ૦ દયાનંદસૂરિ. ૧૯. આ૦ ભાવચંદ્રસૂરિ.

૨૦. આ૦ કર્મસાગરસૂરિ. ૨૦. પં૦ મનકચંદ્ર.

૨૧. **આ૦ જ્ઞાનસાગર**—કવિ સારંગ તેમનો શ્રાવક હતો, જેણે સં૦ ૧૬૩૮માં જાલોરમાં 'બિહ્લણપંચાશિકાચોપાઈ', સં૦ ૧૬૫૧

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માં ‘ ભોજપ્રબંધચોપાઈ ’, સં૦ ૧૬૭૮માં પાલનપુરમાં ‘કૃષ્ણરુકિમણી-વેલી ’ની સંસ્કૃત ટીકા રચી. તે આચાર્યશ્રી માટે લખે છે કે—

“ **વડગચ્છ**શાખા **ચંદ્ર** વિચાર, **મડાહડગચ્છ** ગચ્છસિણગાર;
સૂરિપદિ જયવંતા જાણુ, **જ્ઞાનસાગર** સૂરીશ વખાણુ.”

૨૨. આ૦ સૌભાગ્યસાગર.
૨૩. ભ૦ ઉદયસાગર.
૨૪. ભ૦ દેવસાગર.
૨૫. ભ૦ કમલસાગર.
૨૬. ભ૦ હરિભદ્ર.
૨૭. ભ૦ વાગસાગર.
૨૮. ભ૦ કેસરસાગર.
૨૯. ભ૦ ગોપાળજી.
૩૦. ભ૦ યશકરણજી.
૩૧. મ૦ લાલજી—સં૦૧૭૮૭
૩૨. મહાત્મા હુકમચંદ.
૩૩. મ૦ ઇંદ્રચંદ્ર.
૩૪. મ૦ ફૂલચંદ્ર.
૩૫. મ૦ રતનચંદ્ર.

## ૪. મડાહડગચ્છના છૂટક આચાર્યો

જૈન સાહિત્ય JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

§ આ૦ ધર્મઘોષસૂરિની પાટે આ૦ સોમદેવ રત્નપુરીય—સં૦ ૧૩૫૦.
§ આ૦ ચંદ્રસિંહસૂરિની પાટે આ૦ રવિકર—સં૦ ૧૩૬૭.
§ આ૦ આનંદપ્રભ—સં૦ ૧૩૫૮.
§ આ૦ ઉદયપ્રભ—સં૦ ૧૪૩૫, ૧૪૬૯, ૧૪૮૧.
§ આ૦ ધર્મચંદ્ર રત્નપુરીય—સં૦ ૧૪૮૦, સં૦ ૧૪૮૫, સં૦ ૧૫૦૧—તેમની પાટે આ૦ કમળચંદ્ર—સં૦ ૧૫૪૧.
§ આ૦ પાસચંદ્ર—સં૦ ૧૪૬૬.
§ આ૦ મુનિભદ્ર—સં૦ ૧૪૪૬, સં૦ ૧૪૬૬.
§ આ૦ સોમદેવની પાટે આ૦ ધનચંદ્ર—સં૦ ૧૪૫૩, સં૦ ૧૪૬૩.
§ આ૦ મુનિદેવ સં૦ ૧૪૧૧—તેમની પાટે આ૦ સોમચંદ્ર—સં૦ ૧૪૫૩.
§ આ૦ સોમદેવની પાટે આ૦ જ્ઞાનચંદ્ર—સં૦ ૧૪૯૩.
§ આ૦ સોમપ્રભની પાટે આ૦ શ્રીસૂરિ—સં૦ ૧૫૧૬.
§ આ૦ મુનિપ્રભની પાટે સં૦ ૧૪૫૮, સં૦ ૧૪૭૩.
§ આ૦ નયનકીર્તિ—સં૦ ૧૫૦૭.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

§ આ૦ મતિસુંદર–સં૦ ૧૫૫૯.

§ આ૦ **વીરપ્રભ**ની પાટે આ૦ ગુણચંદ્ર–સં૦ ૧૫૫૭.

§ આ૦ રવિચંદ્ર–સં૦ ૧૫૩૫.

§ આ૦ પૂર્ણચંદ્રની પાટે ઉપા૦ આનંદમેરુ જાખડિયા–સં૦ ૧૫૫૭.

§ આ૦ કમલચંદ્ર જાખડિયા–સં૦ ૧૫૩૫, સં૦ ૧૫૫૭.

માણેકરત્ન–સં૦ ૧૬૨૦ (–અર્બુદ પ્રા૦લે૦સં૦, લે૦ : ૬૪)

§ ભ૦ દેવચંદ્ર, ભ૦ લાલજીએ સં૦ ૧૭૮૭માં **માણિભદ્ર** વીર તથા આ૦ ચક્રેશ્વરસૂરિની ચરણપાદુકાની સ્થાપના કરી.

વિક્રમની અઢારમી સદી સુધી મડાહડગચ્છના ભટ્ટારકો, મહાત્માઓ વિદ્યમાન હતા.

(–શિલાલેખો, મડાહડાગચ્છ પટ્ટાવલી, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૩૩, ૨૩૮, ૨૪૨, ૨૪૩, ૨૪૯).

**મડાહડીય**—

ઉપકેશગચ્છના આ૦ સિદ્ધસૂરિના સંતાનીય મડાહડીય આ૦ **દેવગુપ્તસૂરિ**એ સં૦ ૧૪૮૬ના વૈશાખ સુદિ ૫ ને ગુરુવારે ઉપકેશગચ્છના મંત્રી ખેતસીએ ભ૦ વિમલનાથની પંચતીર્થી પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

(–અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૬૨૨)

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## ૧. પિપ્પલકગચ્છની પટ્ટાવલી

૬. આ૦ **શાંતિભદ્રસૂરિ**—તેઓ ચંદ્રકુળના થારાપદ્રગચ્છના હતા.

૭. આ૦ નેમિચંદ્રસૂરિ.

૮. **આ૦ શાંતિભદ્રસૂરિ** (આ૦ શાંતિસૂરિ)—

તેમને આ૦ સર્વભદ્રે દીક્ષા આપી. આ૦ ચંદ્રસૂરિએ સાહિત્ય, ન્યાય અને આગમ ભણાવી આચાર્યપદ આપ્યું. તેમનું બીજું નામ આ૦ શાંતિસૂરિ પણ મળે છે. તેઓ રૂપાળા, પરમ શાંત, દાક્ષિણ્યતાવાળા, ક્ષમાશીલ અને મિષ્ટભાષી હતા. તેઓ પરમસંવેગી અને ચારિત્રચૂડામણિ હતા. બહુ યશસ્વી, મોટા વાદી અને મહાકાવ્યકાર હતા.

તેમને ચક્રેશ્વરીદેવી પ્રસન્ન હતાં, તેથી તેઓ વધુ પ્રભાવક બન્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતા. તેમની ઉપાસના કરવાથી મડાર ગામનો થારાપદ્રગચ્છનો સિદ્ધરાજ પોરવાલ જૈન સંઘને માન્ય અને નમસ્કાર કરવાયોગ્ય બન્યો હતો.

તેમણે વીર સં૦ ૧૬૩૧ (વિ૦ સં૦ ૧૨૨૧)ના કાર્તિક સુદિ ૧૫ના કૃત્તિકા નક્ષત્રમાં શિષ્ય **મુનિચંદ્ર**ની વિનતિથી ‘ પૃથ્વીચંદ્રચરિત્ર ’ (ગ્રં૦ : ૭૫૦૦) રચ્યું તેમજ જીવવિચાર પ્રકરણ, ધર્મરત્નપ્રકરણ-મૂળ, તેની સ્વોપજ્ઞ ટીકા વગેરે ગ્રંથો રચ્યા છે.

તેમણે વિ૦ સં૦ ૧૨૨૨માં શુભ મુહૂર્તે શેઠ સિદ્ધનાગ પોરવાલના વંશના શેઠ સિદ્ધરાજ પોરવાલે બંધાવેલા ભ૦ નેમિનાથ (અથવા ભ૦ મહાવીરસ્વામી)ના જિનપ્રાસાદમાં એકીસાથે પોતાના આઠ શિષ્યોને આચાર્ય બનાવ્યા. ૧. આ૦ મહેન્દ્રસૂરિ, ૨. આ૦ વિજયસિંહસૂરિ, ૩. આ૦ દેવેન્દ્રસૂરિ અથવા દેવચંદ્રસૂરિ, ૪. આ૦ પદ્મદેવસૂરિ, ૫. આ૦ પૂર્ણદેવ કે પૂર્ણચંદ્રસૂરિ, ૬. આ૦ જયદેવસૂરિ, ૭ આ૦ હેમપ્રભ, ૮. આ૦ જિનેશ્વર.

આ૦ શાંતિસૂરિએ ઉપર મુજબ પોતાના શિષ્યોને આચાર્યપદ આપ્યા પછી પોતાના થારાપદ્રગચ્છને ‘ પિપ્પલકગચ્છ ’ એવા નામથી જાહેર કર્યો. સંભવ છે કે, ત્યારે **પિપ્પલક નગર** જાહેર ક્ષેત્ર અને જૈન તીર્થસ્થાન હશે.

થરાદ, પિપ્પલક, સાચોર તીર્થ એ પિપ્પલકગચ્છનાં ક્ષેત્રો હતાં.

૫. આ૦ **પૂર્ણદેવથી** પૂર્ણચંદ્રશાખા ચાલી, જે પરંપરામાં (૧૫) આ૦ પદ્મતિલક, (૧૬) આ૦ ધર્મસાગર, (૧૭) રાજપાલ થયા. રાજપાલે સં૦ ૧૬૪૨ના માહ વદિ ૭ના રોજ ‘ જંબૂકુમારરાસ ’ બનાવ્યો.

૯. આ૦ **વિજયસિંહસૂરિ**—તેમણે સં૦ ૧૨૦૮માં ડીડલા ગામમાં જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી અને સં૦ ૧૧૮૩ના ચૈત્ર માસમાં ‘ શ્રાદ્ધપ્રતિક્રમણ-ચૂર્ણિ ’ (ગ્રં૦ : ૪૫૯) રચી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૦. આ૦ **દેવભદ્ર**—રાજાઓ અને રાણાઓ તેમને બહુમાન આપતા હતા.

૧૧. આ૦ ધર્મઘોષ—તેમની પાટે બે આચાર્યો થયા.

૧૨. આ૦ **શીલભદ્ર**, આ૦ **પરિપૂર્ણદેવ**.

૧૩. આ૦ વિજયસેન—તેમણે ભ૦ પાર્શ્વનાથ પટ્ટનો ઉદ્ધાર કરાવ્યો.

૧૪. આ૦ **ધર્મદેવ**—તેમને દેવી પ્રસન્ન હતાં. તેઓ દેવી મારફત બીજાઓના ત્રણ ભવની વિગત જાણી શકતા હતા. આથી તેઓ 'ત્રિભવિયા' તરીકે પ્રસિદ્ધ થયા. તેમની શિષ્યપરંપરા 'ત્રિભવિયા શાખા' તરીકે પ્રસિદ્ધિ પામી. તેમણે ગુજરાતના રાજા [1]સારંગદેવને ત્રણ ભવો બતાવવાથી તે તથા થરાદના ધૂઘલ વગેરે તેમના ભક્તો બન્યા. બીજા પણ ઘણા રાજાઓ તેમને મળવા આવતા હતા. તેમની કૃપાથી ધૂઘલ રાણો બન્યો હતો. રાણા ધૂઘલે સરસ્વતીમંડપ બનાવ્યો.

૧૫. **આ૦ ધર્મચંદ્ર**—તેઓ ચૌદશની પાખીની સ્થાપના ઘણી યુક્તિથી કરી શકતા હતા. રાજા મેખ તેમના ઉપદેશથી સંઘપતિ બન્યો હતો. તેઓ સં૦ ૧૩૧૧ માં વિદ્યમાન હતા.

૧૬. **આ૦ ધર્મરત્ન**—આ આચાર્ય સુધીની પિપ્પલગચ્છની રચાયેલી ગુરુસ્તુતિ સંસ્કૃતમાં (શ્લો૦ ૧૫) મળે છે.

૧૭. **આ૦ ધર્મતિલક**—તે પિપ્પલગચ્છના પ્રભાવક હતા. સં૦ ૧૪૩૭.

૧૮. **આ૦ ધર્મસિંહ**—તેઓ કવિ હતા. તેમની વાણીમાં અમોઘ શક્તિ હતી. તે તથા આ૦ ધર્મપ્રભસૂરિના ઉપદેશથી ગુંદીમાં મોટો જિનપ્રાસાદ બન્યો અને અમુક દિવસો માટે અમારિ પળાવવાનો નિર્ણય થયો હતો.

૧૯. **આ૦ ધર્મપ્રભ**—તેઓ શેઠ ધિરરાજ અને પત્ની શ્રીદેવીના પુત્ર હતા. શેઠ પાલ્હ અને શેઠ પેથડ સોદાગરે તેમનો પાટ-

---

૧. આ અરસામાં ત્રણ સારંગદેવ થયા હતા. (૧) સારંગદેવ વાઘેલો સં૦ ૧૩૩૧ થી ૧૩૫૩. (પ્રક૦ ૩૫, પૃ૦...) (૨) સારંગદેવ ગોહેલ સં૦ ૧૫૩૧, (૩) સારંગદેવ ગોહેલ બીજો, કાનાજી ગોહેલનો પુત્ર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહોત્સવ કર્યો હતો. તેઓ વ્યાકરણ, સાહિત્ય, છંદ પિંગલ અને આગમોના વિદ્વાન હતા, ગુણવાળા હતા અને ત્રિભવિયા શાખાના પ્રભાવક હતા.

એ સમયે સારંગદેવ રાજા હતો અને ગુંદીનો સૂબો ઠાકુર સાધુ હતો. એ સૂબાનો મંત્રી **શેઠ હેમચંદ જૈન** હતો. શેઠ હેમચંદે સં૦ ૧૪૪૭ માં આ૦ ધર્મપ્રભના હાથે શ્રીચંદ્રપ્રભના જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરાવી અને આચાર્યશ્રીને ચોમાસુ રાખી તેમની પાસે ' કલ્પસૂત્ર ' સાંભળ્યું તથા શ્રીચંદ્રપ્રભના જિનપ્રાસાદમાં મહાવીરસ્વામીનો જન્માભિષેક–મહોત્સવ કર્યો.

૨૦. **આ૦ ધર્મશેખર**—તે મિષ્ટભાષી હતા. તેમની વ્યાખ્યાનકળા આકર્ષક હતી.

૨૧. **આ૦ ધર્મસાગર**—તેમને રાજા અને રાણાઓ બહુમાન આપતા હતા. તેમની શિષ્યપરંપરામાં (૨૨) આ૦ વિમલપ્રભ, (૨૩) સૌભાગ્યસૂરિ શિષ્ય (૨૪) રાજસાગર થયા. પં૦ રાજસાગરજીએ સં૦ ૧૬૪૭ માં થરાદમાં 'પ્રસન્નચંદ્રરાસ', સં૦ ૧૬૭૨ જેઠ વદિ ૦)) થરાદમાં ' લવ-કુશરાસ ' બનાવ્યા છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૨૨. **આ૦ ધર્મવલ્લભ.**

૨૩. **આ૦ ધર્મવિમલ.**

૨૪. **આ૦ ધર્મહર્ષ**—સં૦ ૧૬૭૦.

આ શાખાના યતિઓ મોટે ભાગે થરાદ, પિપ્પલકનગર અને સાચોર તરફ વિચરતા હતા.

## ૨. પિપ્પલકગચ્છની પટ્ટાવલી

શિલાલેખો, પ્રતિમાલેખો, ગ્રંથપ્રશસ્તિઓ વગેરેના આધારે પિપ્પલકગચ્છના જૂદા જૂદા આચાર્યોનાં નામો નીચે મુજબ છે—

આ૦ વીરદેવસૂરિ—(સં૦ ૧૪૧૪ થી ૧૫૦૩) તેમની પાટે ત્રણ આચાર્યો થયા.

૧. આ૦ સુમતિપ્રભ—સં૦ ૧૪૫૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨. આ૦ વીરપ્રભ—સં૦ ૧૪૮૫ થી ૧૪૮૯.

૩. આ૦ હીરાનંદસૂરિ, હીરસૂરિ—સં૦ ૧૪૮૫ થી ૧૫૦૩. તેમણે સં૦ ૧૪૮૫ માં ‘ વિદ્યાવિલાસપવાડો ’, સં૦ ૧૪૯૪ માં ‘ વસ્તુપાલ-તેજપાલરાસ, દશાર્ણભદ્રરાસ, જંબૂવિવાહલો ’, સં૦ ૧૪૮૯ માં ‘કલિ-કાલરાસ, સ્થૂલિભદ્ર બારહમાસ ’ વગેરે બનાવ્યા છે.

**આ૦ ગુણરત્નસૂરિ**—સં૦ ૧૫૦૭ થી ૧૫૧૭. આ સમયે આણંદમેરુએ ‘કાલિકાચાર્યકથાભાસ’ બનાવ્યો. તેઓ અસલમાં તળાજા-ના હતા. તેમની પાટે આ૦ ગુણસાગર (સં૦ ૧૫૨૪ થી ૧૫૨૮) અને તેમની પાટે આ૦ શાન્તિસૂરિ (સં૦ ૧૫૪૬) થયા.

**આ૦ ધર્મઘોષસૂરિ**—તેના ઉપદેશથી સં૦ ૧૪૮૩ માં જીરાવલા તીર્થમાં એક દેરીનો જીર્ણોદ્ધાર થયો. (–જીરાવલાલેખ)

**આ૦ લલિતચંદ્ર**—તેમણે સં૦ ૧૪૯૧ ના ફાગણ વદિ ૨ ને સોમવારે ભ૦ સંભવનાથની જિનપ્રતિમાની અંજનશલાકા કરાવી. તેમાંની એક જામનગરમાં શેઠ રાયશી શાહના જિનાલયમાં અને બીજી મહેસાણાના જિનાલયમાં વિદ્યમાન છે.

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**ભ૦ વિજયદેવ**, ભ૦ શાલિભદ્ર—સં૦ ૧૫૧૦ માં થયા.

(–જૈ૦સ૦પ્ર૦, ક્ર૦ : ૨૫૫)

પિપ્પલકગચ્છમાં આ૦ વીરપ્રભ સં૦ ૧૪૩૫, આ૦ સુમતિપ્રભ સં૦ ૧૪૫૪માં થયા. મહાહડગચ્છમાં પણ આ નામના આચાર્ય થયા છે.

આ૦ **ગુણસેનસૂરિ**, આ૦ **દેવચંદ્રસૂરિ**—તેઓ પૂર્ણતલ્લગચ્છ-ના પ્રસિદ્ધ આચાર્યો હતા. (પ્રક૦ ૩૫, પૃ૦ ૧૧)

**નમિ સાધુ**—તેઓ આ૦ શાંતિસૂરિના શિષ્ય હતા. તેમણે સં૦ ૧૧૨૨ માં આવશ્યકવૃત્તિ, ચૈત્યવંદનવૃત્તિ તથા રુદ્રટના કાવ્યાલંકાર પર ટિપ્પન રચ્યાં છે. તે ટિપ્પનમાં તેઓ **અપભ્રંશ ભાષા** માટે લખે છે કે, ‘ અપભ્રંશ ભાષા પ્રાકૃતમાંથી ઊતરી આવી છે. તેના દેશભેદે અનેક ભેદો છે. તેનાં વિવિધ લક્ષણો છે, તે જાણવા માટે તે તે દેશની જનતાનો સંપર્ક સાધવો જોઈએ.’

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આબૂ તીર્થ—**

नागेन्द्र-चन्द्र-निर्वृति-विद्याधरप्रमुखसंघेन ।
अर्बुदकृतप्रतिष्ठो युगादिजिनपुङ्गवो जयति ॥

(–વીર વંશાવલી, વિવિધગચ્છીય પટ્ટાવલી, પૃ૦ ૧૯૮)

આબૂ પર્વત પર દેલવાડા, ઓરિયા અને અચલગઢમાં જૈન દેરાસરો છે. દેલવાડામાં પાંચ દેરાસરો છે. તેમાં વિમલવસહી અને લુણિગવસહી મુખ્ય છે. પાંચે મંદિરો ભવ્ય અને વિશાળ છે. તે તીર્થસ્થાન મનાય છે. આબૂના રાજાઓએ અવારનવાર ફરમાનો બહાર પાડી દેલવાડાનાં દેરાસરોને કરમુક્ત જાહેર કર્યાં છે.

૧. **વિમલવસહી** (વિમલવસતિ)—

ગુજરાતના મહામાત્ય વીરને (૧) નેઢ, (૨) વિમલ અને (૩) ચાહિલ એમ ત્રણ પુત્રો હતા, તે પૈકી વિમલ ભારે બાહોશ હતો. તે અમોઘ બાણાવલી હતો. પુખ્ત વયે તે રાજકારણમાં પડ્યો અને તે સર્વપ્રથમ સેનાપતિ બન્યો. તેણે પોતાની જિંદગીનાં છેલ્લાં વર્ષો શાંતિ માટે ચંદ્રાવતીમાં વીતાવ્યાં. ત્યાં વિદ્યાધરગચ્છના જાલીહર શાખાના આ૦ ધર્મઘોષને ચતુર્માસ કરાવ્યું. તેમનું વ્યાખ્યાન સાંભળીને યુદ્ધમાં લાગેલાં પાપોનું તેણે પ્રાયશ્ચિત્ત માગ્યું. આચાર્યશ્રીએ જણાવ્યું કે, ‘ તું આબૂ તીર્થનો ઉદ્ધાર કર. તું એ માટે સમર્થ છે. એમ કરવાથી તારા પાપોની શુદ્ધિ થશે.’

એ પછી તેણે અંબિકાની આરાધના કરી ત્યારે અંબિકાએ પ્રસન્ન થઈ વર માગવા કહ્યું. મંત્રીએ જણાવ્યું : ‘ મને પુત્ર પ્રાપ્ત થાય અને આબૂ તીર્થનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય મળે.’ દેવીએ કહ્યું : ‘ તારી બે મહેચ્છાઓમાંથી એક જ પૂરી થઈ શકશે, માટે એ બેમાંથી એકની માગણી કર.’ વિમલ મંત્રીએ પોતાની પત્ની શ્રીદેવી સાથે વિચાર કરીને તીર્થોદ્ધાર કરવાની માગણી કરી. અંબિકા ‘ તથાસ્તુ ’ કહીને અંતર્ધાન થઈ ગઈ.

મંત્રી વિમલે રાજા ભીમદેવ (સં૦ ૧૦૭૮ થી સં૦ ૧૧૨૦), આબૂના રાજા ધંધૂક (સં૦ ૧૦૮૦) અને મોટાભાઈ નેઢની આજ્ઞા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લઈ આબૂ ઉપર દેરાસર કરાવવાનું નક્કી કર્યું. એ સમયે આબૂ ઉપર બ્રાહ્મણોની વસતી હતી, બધી જમીન બ્રાહ્મણોના તાબામાં હતી. તે બધા ત્યાં જૈન મંદિર બંધાવવા માટે વિરોધ કરતા હતા, એટલે જમીન મેળવવાનું કામ ઘણું મુશ્કેલ હતું. મંત્રી ધારે તો રાજસત્તાથી મફતમાં જમીન લઈ શકે તેમ હતું, પણ ધર્મકાર્યમાં રાજસત્તાના પ્રભાવ કે દબાવનો ઉપયોગ કરવાની તેની ઇચ્છા નહોતી. તે જમીનના માલિકોને સંતુષ્ટ કરીને ધર્મનું કાર્ય કરવામાં માનતો હતો.

એ સમયે લોકોની એવી માન્યતા પણ હતી કે પ્રાચીન કાળે આબૂ **નંદિવર્ધન** જૈન તીર્થ હતું, પણ તેનાં કોઈ એંધાણ કે નોંધ મળતાં નહોતાં. એવું કોઈ પ્રમાણ મળે તો બ્રાહ્મણોનો વિરોધ હળવો કરી શકાય. એક દિવસે મંત્રીને સ્વપ્ન આવ્યું કે, 'પહાડ ઉપર ચંપાના ઝાડ નીચે ખાડો ખોદતાં લોકમાન્યતાને સમર્થક એવું પ્રાચીન પ્રમાણ મળી આવશે.' મંત્રીએ સ્વપ્ન મુજબ કરી જોયું તો ત્યાં ભ૦ ઋષભદેવની પ્રાચીન પ્રતિમા નીકળી આવી. લોકવાયકા સાચી પડી.

બ્રાહ્મણો એ જોઈ-જાણીને નરમ પડ્યા. પછી તો તેઓએ જમીન-ની કીંમત આપી ન શકે એવી કીમતનો તુક્કો અજમાવ્યો કે, 'જેટલી જમીન જોઈએ તેટલી જમીન ઉપર સોનામહોર પાથરીને લઈ લો. જમીન લેવા માટે આ એક જ માર્ગ છે.'

મંત્રી તો બ્રાહ્મણો માગે તે કરતાંયે વધુ કિંમત આપવા તૈયાર હતા એટલે તેમણે બ્રાહ્મણોને વધુ સંતુષ્ટ કરવા જણાવ્યું : 'સોના-મહોર તો ગોળ હોય છે એટલે વચ્ચે જગા ખાલી રહે, તે પુરાય એ રીતે કીમત આપવાની મારી ઇચ્છા છે.'

એ ખાતર મંત્રીએ ચોરસ સોનામહોરો બનાવીને બ્રાહ્મણોને ૧૪૦ ફૂટ લાંબી અને ૯૦ ફૂટ પહોળી જમીનના ૬૦,૦૦૦ રૂપિયા આપી ધરબી દીધા. બ્રાહ્મણો તો માલામાલ થતાં મંત્રીને હર્ષભેર આશીર્વાદ આપીને અન્યત્ર રહેવા ચાલ્યા ગયા.

મંત્રીએ અહીં આરસનું ૫૪ દેરીઓવાળું વિશાળ અને ભવ્ય દેરાસર બંધાવ્યું. આબૂ ઉપર દર છ મહિને ધરતીકંપ થતો હોવાને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કારણે મંદિરનું શિખર નાનું બનાવ્યું. તેમાં રંગમંડપ, દેરીઓ અને છતમાં મોટી મોટી ગુમ્મજો ઉતારી છે. છતોમાં મનુષ્ય-સ્ત્રી, પશુ-પક્ષી, દેવ-દેવી, હંસવાહિની સરસ્વતી, અભિષેક કરાવતી લક્ષ્મી, ગજવાહિની, પાંચ કલ્યાણકો, ચૌદ સ્વપ્નો, છપ્પન દિક્કુમારી ઉત્સવ, અભિષેક, દીક્ષાનો વરઘોડો, લોચ, કાયોત્સર્ગધ્યાન, સમવસરણ, ત્રણ ગઢો, સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા, અયોધ્યા, તક્ષશિલા, ભરતબાહુબલિનાં છ યુદ્ધો, દીક્ષા, ભ૦ શાંતિનાથનો મેઘરથનો ભવ, ભ૦ નેમિનાથની જાન, વિવાહ, નેમિજીવનચરિત, આર્દ્રકુમારનો ગજઉપદેશ, નમસ્કારમુદ્રા, ચૈત્યવંદનમુદ્રા, કાયોત્સર્ગમુદ્રા, પંચાંગ નમસ્કાર, અષ્ટાંગ પ્રણિપાત, પૂજાર્થે ગમન, ફૂલમાળા, ગુરુજી, ગુરુવંદન, ગુરુભક્તિ, ગુરુઉપદેશ, વ્યાખ્યાનસભા, ઠવણી, અવનતમુદ્રા, વાસક્ષેપદાન, કૃષ્ણજીવનની **ઘટના**ઓ, નાગ-નાગિણી, કાલીય અહિદમન, ચાણૂરમલ્લયુદ્ધ, નૃસિંહાવતાર, શેષશય્યશયન વગેરે અનેક **ઘટના**ઓ આરસમાં કોતરીને ગોઠવી છે. આરસને એવી રીતે કંડાર્યો છે કે, તે જોનારને જાણે કોતરેલો કાગળ જ લાગે. તેની નકસી એવી ઝીણવટવાળી છે કે, સારામાં સારો ચિત્રકાર પણ તેની નકલ ન કરી શકે. આકૃતિઓ પણ હૂબહુ ઉતારેલી લાગે છે. જાણે અજોડ ભારતીય કળાશિલ્પ-આકૃતિશાળા ઊભી કરેલી જોવાય. આ મંદિર તૈયાર કરવામાં એ સમયે ૧૮,૫૩,૦૦,૦૦૦ રૂપિયાનો વ્યય થયો હતો. આ કાર્ય તૈયાર થવામાં ત્યાંનો ક્ષેત્રપાલ વાલીનાહ અડચણો ઊભી કરતો હતો. મંત્રીએ તેને નૈવેદ્ય ધરાવીને સાત્ત્વિક બળથી અનુકૂળ કર્યો હતો.

મંત્રી વિમલે ભ૦ ઋષભદેવની પિત્તલની ભવ્ય પ્રતિમા તૈયાર કરાવી તેને મૂળનાયકના સ્થાને સ્થાપન કરી અને ભ૦ ઋષભદેવની જે પ્રાચીન પ્રતિમા જમીનમાંથી નીકળી હતી તેને ભમતીની ૨૦મી દેરીમાં સ્થાપન કરી.

**મંત્રી વિમલે** આ પ્રતિષ્ઠા માટે ચાર સંઘને આમંત્રણ આપ્યું ત્યારે જૈન સમાજમાં ચૈત્યવાસ ચાલુ હતો. નાગેંદ્ર, ચંદ્ર, નિર્વૃતિ અને વિદ્યાધર એ ચારે ગચ્છ તથા તેના પેટાગચ્છના આચાર્યો એકત્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મળીને પ્રતિષ્ઠા કરી રહ્યા હતા. વિમલ મંત્રીનો વંશ **વિદ્યાધરગચ્છનો** હતો. તેણે નાગેંદ્રગચ્છના આ૦ વીર, આ૦ વર્ધમાન, ચંદ્રગચ્છના રાજગચ્છીય આ૦ શીલભદ્ર, વિદ્યાધરગચ્છના આ૦ ધર્મઘોષ વગેરે આચાર્યોના કરકમલથી સં૦ ૧૦૮૮ માં વિમલવસહીમાં ભ૦ શ્રીઋષભદેવ વગેરે પ્રતિમાઓની **પ્રતિષ્ઠા** કરાવી. શ્રીસંઘમાં જયજયકાર વર્ત્યો.[1]

આ દિવસ એવો આનંદમય હતો કે સૌના મન ઉપર એ અવિસ્મરણીય છાપ મૂકતો ગયો. સૌ કોઈ પોતાને માટે 'વિમલશ્રી-સુપ્રભાતમ્' એવી ભાવના લઈને વિદાય થયા અને આ સ્થાન દેવ-કુલપાટક–દેલવાડા નામથી જાહેર થયું.[2] (પ્રક૦ ૩૫, પૃ૦ ૧૮૩, ૧૮૪)

---

૧. चिहुं आयरिएहिं पइट्ठिय बहुभाव भरंत ।'

(–કવિ પાલ્હણનો 'આબુરાસ' સં૦ ૧૨૮૯)

આ સિવાય સં૦ ૧૪૦૫માં રચાયેલો 'પ્રબંધકોશ', સં૦ ૧૪૬૬ની 'ગુર્વાવલી' શ્લો૦ ૫૨, સં૦ ૧૪૮૦નો 'અર્બુદકલ્પ' શ્લો૦ ૧૦, સં૦ ૧૬૬૨નો 'ઉપદેશસાર' વગેરે ગ્રંથોમાં સં૦ ૧૦૮૮માં ચાર આચાર્યોના હાથે થયેલી વિમલવસહીની પ્રતિષ્ઠાના ઉલ્લેખો મળે છે. સં૦ ૧૪૯૭ની 'ઉપદેશતરંગિણી'માં આ૦ ધર્મસિંહ અને જિનહર્ષના 'વસ્તુપાલચરિત્ર' પ્રકાશ ૮માં આ૦ રત્નસિંહને વિમલવસહીના પ્રતિષ્ઠાપક બતાવ્યા છે. ચાર કુળના આચાર્યો એકત્ર મળીને પ્રતિષ્ઠા વગેરે કરે એ તત્કાલીન સંપવાદ અને જૈન એકતાનું સૂચક પ્રતીક ગણાય. વિક્રમની બારમી સદીથી નવા નવા મતો નીકળ્યા ત્યારથી આ એકતા જોખમાઈ છે. પરિણામે ચૈત્યવાસી અને ખરતરગચ્છ કે ઉપકેશગચ્છ અને ખરતરગચ્છ એકસાથે બેસીને પ્રતિષ્ઠા આદિ કરે એ અસંભવિત જેવું બની ગયું છે. વિધિચૈત્ય–અવિધિચૈત્યની કલ્પના, ઉદયન-વિહારની ચર્ચા અને બીજા ગચ્છમાં કન્યા ન આપવી વગેરેની ભેદનીતિએ આ સંગઠનને તોડી નાખ્યું છે, જે આજ સુધી જોડાયું નથી.

૨. શાંતમૂર્તિ ઇતિહાસજ્ઞ પૂજ્ય શ્રીજયંતવિજયજી મહારાજે આ પ્રદેશમાં વિચરીને 'આબૂતીર્થનો ઇતિહાસ' પાંચ ભાગોમાં લખ્યો અને સંકલિત કર્યો છે. તેમણે 'આબૂની વિમલવસહીના પ્રતિષ્ઠાપક કોણ' એ સંબંધે સ્વતંત્ર લેખ લખી સુંદર પ્રકાશ પાડ્યો છે.

તેઓ જણાવે છે કે, ખરતરગચ્છની કેટલીક પટ્ટાવલીઓમાં સંવિગ્નવિહારી વડગચ્છના સુવિહિતશાખાના આ૦ વર્ધમાનસૂરિના ઉપદેશથી અને કરકમલ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિમલવસહીનું મંદિર આજે પણ આત્મશાંતિના શોધકો અને ભારતીયકલાના ઉપાસકો માટે તીર્થધામ બની ગયું છે. જૈનાચાર્યો

થી વિમલવસહીની પ્રતિષ્ઠા બતાવી છે; પરંતુ નીચેના પ્રમાણોથી જણાશે કે તે વાત સાચી નથી.

(૧) ખરતરગચ્છની એ પટ્ટાવલીઓ વિક્રમની પંદરમી સદી પછીની બનેલી છે. બનવાજોગ છે કે, ગચ્છની મમતાના કારણે ઉપર મુજબનો ઉલ્લેખ થયો હોય, પણ ભૂલવું ન જોઈએ કે, 'અંચલગચ્છની (ગુજરાતી) મોટી પટ્ટાવલી' પૃ૦ ૧૭૦માં પણ લખ્યું છે કે, અંચલગચ્છના (પેટાગચ્છ) શંખેશ્વરગચ્છ તથા વલભીગચ્છ શાખાના આ૦ સોમપ્રભે સં૦ ૧૦૮૮માં વિમલવસહીની પ્રતિષ્ઠા કરાવી છે, એ જ રીતે ખરતરગચ્છની પટ્ટાવલીઓએ આ૦ વર્ધમાનસૂરિનું નામ દાખલ કરી દીધું છે.

(૨) ખરતરગચ્છના પં૦ રામલાલજીગણિ 'મહાજનમુક્તાવલી'માં લખે છે કે, બિકાનેરના મહાત્મા, કુલગુરુ અને વહીવંચાઓએ આ૦ જિનચંદ્રના સ્વાગતમાં ભાગ ન લીધો, આથી મંત્રી કર્મચંદ્ર બછાવતે તેઓના ચોપડા અને વંશાવલીઓનો નાશ કરાવ્યો અને નવી પટ્ટાવલીઓ, નવી વહીઓ તૈયાર કરાવી. આ ઘટના સાચી હોય તો તે સમય પછી બનેલી ખરતરગચ્છની પટ્ટાવલીઓ પ્રાચીન પ્રમાણોના આધારે નહીં પણ સમકાલીન ગુરુપરંપરાની મૌખિક વાતો અને દંતકથાઓના આધારે લખેલી મનાય.

(૩) એ પટ્ટાવલીઓમાં વિમલવસહીના મૂળનાયકની પ્રતિમા શાની છે એ અંગે એકવાક્યતા નથી. તેમજ વિમલ શાહને નવો જૈન બનાવવામાં આવ્યો હોય એવી ઢબે ચીતર્યો છે, એ પણ ઠીક નથી.

(૪) ખરતરગચ્છ સિવાયના કોઈ પણ પ્રબંધ, પટ્ટાવલી કે ઐતિહાસિક ગ્રંથમાં આ૦ વર્ધમાનસૂરિએ વિમલવસહીની પ્રતિષ્ઠા કર્યાનો ઇશારો પણ નથી.

(૫) આ૦ ઉદ્દ્યોતનસૂરિએ સં૦ ૯૯૪માં આઠ આચાર્યો બનાવ્યા અને મંત્રી વિમલે સં૦ ૧૦૮૮માં પ્રતિષ્ઠા કરાવી તો શું આ૦ વર્ધમાનસૂરિ ૯૪ વર્ષ જીવ્યા?

(૬) ખરતરગચ્છના સમર્થ ઇતિહાસકાર આ૦ જિનપ્રભસૂરિએ પોતાના 'વિવિધતીર્થકલ્પ'ના 'અર્બુદકલ્પ'માં આ૦ વર્ધમાનસૂરિએ મંત્રી વિમલને ઉપદેશ કર્યો કે વિમલવસહીની પ્રતિષ્ઠા કરી એવું લખ્યું જ નથી.

(૭) શ્રી. અગરચંદજી નાહટાના 'ઐતિહાસિકકાવ્યસંગ્રહ' પૃ૦ ૪૫ માં આપેલી ખરતરગચ્છ પટ્ટાવલીની ગાથા ૧૪, ૧૫, ૧૬માં લખ્યું છે કે, વિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેને ખૂબ કવે છે અને કલાધરો પણ આ મંદિરની પ્રશંસા કરતાં થાકતા નથી.[1]

---

સં૦ ૧૦૨૪માં રાજા દુર્લભની સભામાં આ૦ જિનચંદ્રને 'ખરતર' બિરુદ મળ્યું, તો આચાર્યશ્રી ૬૪ વર્ષ વિદ્યમાન રહ્યા ?

(—જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૪૪)

(૮) આગરાના વિજયધર્મલક્ષ્મી જ્ઞાનમંદિરની એક હસ્તલિખિત પટ્ટાવલીમાં આ૦ વર્ધમાનનું વર્ણન છે તેમાં પણ મંત્રી વિમલ કે વિમલવસહી અંગે કંઈ જ લખ્યું નથી.

આ તથા બીજાં અનેક પ્રમાણોથી તારવી શકાય એમ છે કે આ૦ વર્ધમાનસૂરિએ વિમલવસહીની પ્રતિષ્ઠા કરી નથી. જ્યારે બીજા સબળ પુરાવાઓ મળે છે કે, ચાર ગચ્છના આચાર્યોએ તે પ્રતિષ્ઠા કરી છે. ચંદ્રગચ્છ તરફથી રાજગચ્છના આચાર્યો વિદ્યમાન હતા.

(—જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૪૪)

એક મુદ્દાની વાત તો એ છે કે, ચૈત્યવાસી આચાર્યો અને સુવિહિત આચાર્યો એકત્ર થઇ પ્રતિષ્ઠા કરાવે એ ત્યારે સંભવિત નહોતું.

૧. "The design and execution of this shrine, and all its accessories are on the model of the precceding, which, however, as a whole, it surpasses. It has more simple majesty, the fluted columns sustaining the Mandap (Portico) are loftier, and the vaulted interior is fully equal to the other in richness of sculpture and superior to it in execution, which is more free and in finer taste.

"The dome in the centre is the most striking feature and a magnificent piece of work, and has a pendant, cylindrical in form and about three feet it length, that is a perfect gem," and "which where it drops from the ceiling appears like a cluster of the half closed lotus, whose cups are so thin, so transparent and so accurately wrought, that it fixes the eyes in admiration."

*Col. Tod.*

Amongst all this lavish display from the sculptor's chisel, two temples viz. those of Adinath and Nemnath, stand out as pre-eminent and specially deserving of notice

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંત્રી વિમલ શાહે આબૂ પાસેના પ્રદેશમાં શ્રીદેવીના નામથી 'શ્રીપુર' ગામ વસાવ્યું જે આજે 'સરોતરા'ના નામથી વિદ્યમાન છે. એમાં બંધાવેલા મંદિરનાં ખંડિયેરો આજે પણ વિદ્યમાન છે.

વિમલવસહીના જીર્ણોદ્ધારો ઘણા થયા છે. મહામાત્ય વીરના

---

and praise, both being entirely of white marble and carved with all the delicacy and richness of ornament which the resources of Indian art at the time of their creation could devise. The amount of ornamental detail spread over these structures in the minutely carved decoration of ceilings, doorways, pillars, panels and niches, is simply marvellous, while the crips thin transculent shall like treatment of the marble surpasses anything seen elsewhere, and some of the designs are just dreams of beauty. The general plan of the temples, too, with its recesses and corridor, lends itself very happily in bright and shade with every change in the Sun's position.

*Col. Erskin.*

It hangs from the centre more like a lustere of crystal drops than a solid mass of marble, and is finished with a delicacy of detail and appropriateness of ornament which is probably unsurpassed by any similar example to be found anywhere else. Those introduced by the Gothic Architects in Henry the Seventh's Chapel at Westminister, or at Oxford, are coarse clumsy in comparision.

*Mr. Ferguesson.*

( The Eminent Archeologist ).

There are two places, Umeer (Amber) and Jaipur, surpassing all which I have seen of the Kremlin, or heard of the alhambra......and the Jain temples of Aboo........ ............rank above them all.

*Bishop Heber.*

Architectural style is perfect and complete in all parts when we first practically meet with it in the early part of 11th century at Abu or at Girnar. From that point it



JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વંશના **દશરથે** સં૦ ૧૨૦૧ માં દશમી દેરીનો ઉદ્ધાર કરાવ્યો હતો. તેમાં ભ૦ શ્રીનેમિનાથની પ્રતિમા પધરાવી એક મોટા આરસમાં પોતાના પૂર્વજ શેઠ નીન્નાથી લઈને આઠ પુરુષોની મૂર્તિઓ કોતરાવી અને બીજા પથ્થરમાં ગજારોહી મંત્રી વિમલ શાહ તથા અશ્વારોહી દશરથની મૂર્તિ કોતરાવી. એ જ વંશના મંત્રી **પૃથ્વીપાલે** સં૦ ૧૨૦૪ થી સં૦ ૧૨૦૬ માં રાજગચ્છના આ૦ **ચંદ્રસૂરિ**ના ઉપદેશથી ત્યાંની ઘણી દેરીઓનો ઉદ્ધાર કરાવ્યો. નવી **હસ્તિશાળા** બનાવી. તેમાં ઘોડા ઉપર મંત્રી વિમલને અને પાછલા સાત હાથીઓ ઉપર શેઠ નીન્નાથી લઈને પોતાના સુધીના સાત પુરુષોને બેસાડ્યા. તેના પુત્ર મંત્રી **ધનપાલે** સં૦ ૧૨૪૫ માં વિમલવસહીનો પૂરો જીર્ણોદ્ધાર કરાવ્યો. દેરીઓમાં નવી જિનપ્રતિમાઓ બેસાડી પોતાના કુટુંબ વતી ૨૪ તીર્થંકરોની જિનપ્રતિમાઓ ભરાવી બેસાડી. બીજા શ્રેષ્ઠીઓએ પણ બીજી પ્રતિમાઓ ભરાવી સ્થાપન કરી અને તે દરેકની પ્રતિષ્ઠા કાસહૃદગચ્છના **આ૦ સિંહસૂરિ** વગેરે ભિન્ન ભિન્ન ગચ્છના આચાર્યો પાસે કરાવી છે. મંત્રી ધનપાલે સં૦ ૧૨૩૭ માં હસ્તિશાલામાં ૩ હાથીઓ પર પોતે બે ભાઈ અને એક પોતાનો પુત્ર એમ ત્રણ મૂર્તિઓ ગોઠવી છે.

**અલ્લાઉદ્દીન ખિલજીએ** સં૦ ૧૩૬૮ માં જાલોરથી આબૂ આવી વિમલવસહી અને લુણિગવસહીનાં મંદિરો તોડી નાખ્યાં. જિનપ્રતિમાઓને ખંડિત કરી અને અનેક નકસી કામનો વિનાશ કર્યો.

આથી ધર્મઘોષગચ્છના **આ૦ જ્ઞાનચંદ્ર**ના ઉપદેશથી મંડોવરના **શેઠ ગોસલના પુત્ર વીજડ** વગેરે છ ભાઈઓ તથા મહણસિંહના પુત્ર લાલિગ વગેરે ૩ ભાઈઓ એમ કુલ્લે ૯ ભાઈઓએ મળીને

---

progresses during one or two centuries towards greater richness but in doing so, it looses its purity and perfection. it has attained in the earlier period and from that culminating point its downward progress can be traced through abundant examples to the present day."

(......)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૩૭૮ ના જેઠ સુદિ ૯ ને સોમવારે વિમલવસહીનો જીર્ણોદ્ધાર કર્યો. તેમાં ગભારો અને ગૂઢમંડપ સાદા જ બનાવ્યા. શેઠ ગોસલ, તેની પત્ની ગુણદેવી, શેઠ મહણસિંહ અને તેની પત્ની મીણલદેવીની મૂર્તિઓ બનાવીને સ્થાપન કરી.

વિમલવસહી અને લુણિગવસહીનો છેલ્લો જીર્ણોદ્ધાર સં૦....માં અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ ૨૨ લાખથી વધુ રૂપિયાના ખર્ચથી શરૂ કર્યો છે, જે આજે પણ ચાલુ જ છે.

વિમલવસહીમાં ઘણી જિનપ્રતિમાઓ અને બીજી મૂર્તિઓ પણ છે. સં૦ ૧૩૯૬ની આ૦ જ્ઞાનચંદ્રના પટ્ટધર આ૦ મુનિશેખરની, સં૦ ૧૬૬૧ ની મહો૦ **લબ્ધિસાગર** પ્રતિષ્ઠિત **જગદ્ગુરુ આ૦ હીરવિજયસૂરિ**ની પરિકરવાળી ગુરુપ્રતિમાઓ છે. જગદ્ગુરુની પ્રતિમાના પરિકરમાં બે બાજુએ બે મુનિવરો છે. તેમની નીચે બે શ્રાવકો બેઠા છે. મંત્રી વિમલના વંશના મંત્રી શા૦ અભયસિંહના પુત્ર મંત્રી જગસિંહના પુત્ર મંત્રી ભાણુકે સં૦ ૧૩૯૪ માં સ્થાપન કરેલી **અંબિકાદેવી**ની મૂર્તિ તેમજ **લક્ષ્મી**ની મૂર્તિ પણ છે. હસ્તિશાલામાં ગજારૂઢ તથા અશ્વારોહી શ્રાવકની મૂર્તિઓ છે અને છતમાં વિવિધતાભરેલું સુંદર સ્થાપત્ય છે.

વિમલવસહીમાં વિક્રમની બીજી સહસ્રાબ્દીના ઐતિહાસિક ઘણા શિલાલેખો—પ્રતિમાલેખો છે. ભમતીની ૧૦મી દેરીની બહાર ડાબી તરફ એક **કલ્યાણક પટ્ટ** છે, જેને બૃહદ્ગચ્છની સુવિહિત શાખાના આ૦ વર્ધમાનસૂરિની પરંપરાના **આ૦ નેમિચંદ્રના શિષ્ય** પં૦ જયાનંદગણિએ સં૦ ૧૨૦૧ માં ગદ્ય-પદ્ય પ્રાકૃત લેખ તૈયાર કરીને દાખલ કરાવ્યો છે, તેમાં આરસ પર ચોવીશ તીર્થંકરોના ૧૨૦ કલ્યાણકો, દેહવર્ણ, દીક્ષાતપ, કેવલિતપ, નિર્વાણતપ અને દેહમાન કોરેલાં છે, તેમાં ભ૦ મહાવીરસ્વામીનાં **પાંચ કલ્યાણકો** બતાવ્યાં છે. આ પટ્ટથી અચૂક રીતે સિદ્ધ થાય છે કે, ત્યાં સુધી સમસ્ત જૈનસંઘ વડગચ્છ અને આ૦ વર્ધમાનસૂરિના શ્રમણો ભ૦ મહાવીરસ્વામીના સિદ્ધાંત મુજબના પાંચ કલ્યાણકો જ માનતા હતા.

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

**૨. લુણિગવસહી** (લૂણવસહી)—

શેઠ **આશરાજ પોરવાલ**ને ચાર પુત્રો અને સાત પુત્રીઓ હતી. તે સૌમાં વધુ તેજસ્વી **વસ્તુપાલ** અને **તેજપાલ** નામની બંધુબેલડીએ ગુજરાતના તેરમા સૈકાના રાજકારણના ઇતિહાસમાં વિશિષ્ટ આદર અને પ્રસિદ્ધિ મેળવ્યાં હતાં. તેઓ માત્ર જૈન સંસ્કૃતિના નહીં પણ ગૂર્જર સંસ્કૃતિના રક્ષણહાર અને સૂત્રધાર હતા.

તેમને **લુણિગ** નામે મોટો ભાઈ હતો. તે ભરયુવાનીમાં સ્વર્ગસ્થ થયો. તેમણે મરણ સમયે આ ભાઈઓના આગ્રહથી મનની વાત જાહેર કરી કે, 'મને આબૂ તીર્થમાં એક દેરી બનાવવાની તીવ્ર ઇચ્છા હતી, પણ મારા ભાગ્યમાં એ લાભ લેવાનું નહીં હોય. હવે તમારાથી બની શકે તો તમે એ લાભ અવશ્ય લેશો.'

વસ્તુપાલ અને તેજપાલ સં૦ ૧૨૭૬ માં મહામાત્ય બન્યા. તેમના દિલમાં મોટા ભાઈ લુણિગે જે ભાવનાનાં બીજ રોપ્યાં હતાં તેમાંથી ઘટાદાર વૃક્ષ બનાવવાનો તેમણે સંકલ્પ કર્યો અને સં૦ ૧૨૮૬ માં **રાજા ભીમદેવ, રાજા સોમસિંહ પરમાર**ની આજ્ઞા મેળવી અને આબૂ ઉપર દેલવાડામાં વિમલવસહીની પાસેની ભૂમિમાં 'લુણિગ-વસહી' નામે વિશાલ અને ભવ્ય જિનપ્રાસાદ ઊભો કર્યો.

તેમાં વિમલવસહીના ધોરણે મોટું દેરાસર, નાનું શિખર, ભમતીમાં ૪૮ દેરીઓ, છતમાં આરસનું કોરણીભર્યું શિલ્પ, હસ્તિશાલા, હસ્તિશાલામાં હાથીઓ, હાથીઓ પાસેની દીવાલના આરસમાં આ૦ વિજયસેન, આ૦ ઉદયપ્રભ અને પોતાના પૂર્વજોની વગેરેની રચના કરી છે.

વિમલવસહીમાં જે જે ઘટનાઓ કોતરી છે તે તે અહીં પણ આરસમાં ઉતારી છે. આ ઉપરાંત ભ૦ નેમિનાથ તથા કૃષ્ણ-વાસુદેવના જીવનની **વિશિષ્ટ ઘટના**ઓ પણ દાખલ કરી છે.

**કાર્યપદ્ધતિ—**

દેરાસર માટેના પથ્થરો વગેરે ઓરિયા તરફના રસ્તે પર્વત પર ચડાવવામાં આવ્યા હતા. દરેક કોશ પર પાણી, ભોજન અને દુકાનો-

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ની વ્યવસ્થા હતી. આથી મજૂરો અને શિલ્પીઓને પૂરી અનુકૂળતા રહેતી હતી. દેરાસરનું કામ થયા પછી શત્રુઓ પણ આ રસ્તે ચડી ન આવે એવી અગમચેતી દાખવી આ રસ્તાને સદંતર બંધ કરી પહાડી ભાગને વિષમ બનાવી દીધો. આબૂમાં ઠંડી ઘણી રહે છે. એ ઠંડી કારીગરોને ન નડે તે માટે સગડીઓની આગ કારીગરની નજીક તપતી રહે અને કારીગર તેની હૂંફમાં મસ્ત રહી આરસને કંડારતો રહે, એવી પાકી વ્યવસ્થા કરી હતી.

મંત્રીઓએ દેરાસરને સર્વાંગસુંદર બનાવવા માટે કલાધરોને ઉત્તરોત્તર ચાર વાર સક્રિય પ્રોત્સાહન આપ્યું હતું. દેરાસર પૂરું બની રહ્યું અને ભાવવાહી કોરણી તૈયાર થઈ એટલે બીજી વાર તેમાં નવી કોરણી કરનારને કોરણી કરતાં નીકળેલા ચૂરાની ભારોભાર ચાંદી આપી, ત્રીજી વાર કોરણી કરતાં નીકળેલા ચૂરાના ભારોભાર સોનું આપ્યું અને ચોથી વાર કોરણી કરતાં નીકળેલા ચૂરાના ભારોભાર મોતીઓ આપી શિલ્પીઓની કદર કરી હતી. એ કારણે તેમણે આ શિલ્પકળાને છેલ્લી ટોચે પહોંચાડી દીધી છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

મંત્રીઓ રાજ્યના કારોબારમાંથી ફુરસદ મેળવી શકે એમ નહોતા છતાં તેઓ અવારનવાર આવીને તપાસ કરી જતા અને યોગ્ય સલાહ-સૂચન આપતા. બાકી તો આ કામની સંપૂર્ણ જવાબદારી મંત્રી તેજપાલની પત્ની **મહં૦ અનુપમાદેવી**ને શિરે હતી. અનુપમાદેવીએ પોતાના ભાઈ **ઉદલ**ને સાથે રાખી આ જવાબદારીને ઘણી સફળતાપૂર્વક પાર કરી. આ લુણિગવસહી તે પોતાના મોટાભાઈ લુણિગ, મહં૦ અનુપમાદેવી અને તેના પુત્ર લૂણસિંહના શ્રેય માટે બનાવી અને તેમાં બે ગોખલાઓ તેજપાલની બીજી પત્ની **સુહડાદેવી**ના શ્રેય માટે બનાવ્યા છે. આ બે ગોખલાઓ એટલે બે દેરીઓ શિલ્પકળાના અદ્ભુત નમૂનારૂપે આજે પણ પ્રતીતિ કરાવતા વિદ્યમાન છે.

મંત્રીઓએ નાગેંદ્રગચ્છના **આ૦ વિજયસેનસૂરિ**ના હાથે સં૦ ૧૨૮૭ના ફાગણ વદિ ૩ (હિંદી ચૈત્ર વદિ ૩)ને રવિવારે લુણિગ-

વસહીમાં **ભ૦ નેમિનાથ વગેરે પ્રતિમા**ઓની મોટા મહોત્સવ-પૂર્વક પ્રતિષ્ઠા કરાવી.

આ ઉત્સવમાં આબૂનો રાજા **સોમસિંહ** પરમાર, અમલદારો, પંચ, ૪ મહાધરો, ૧૨ **માંડલિકો, ૮૪ રાણા,** ૮૪ જ્ઞાતિના મહાજનો અને દૂર દૂરના જૈન, જૈનેતર ભાઈઓ વગેરે આવ્યા હતા. સૌએ એકીઅવાજે લુણિગવસહીની પ્રશંસા કરી. જાલોરના દીવાન યશોવીર, જેઓ શિલ્પસ્થાપત્યના મહાવિદ્વાન મનાતા હતા, તે મંત્રી વસ્તુપાલના આગ્રહથી અહીં આવ્યા અને મંદિરના શિલ્પ-સ્થાપત્યને નિહાળી મુખ્ય શિલ્પી શોભનદેવની પ્રશંસા કરી. સાથોસાથ જેના પરિણામે મંત્રી કુટુંબને કે લુણિગવસહીને નુકસાન થાય એવી નાની-મોટી ૧૩ ભૂલો હતી તે શિલ્પીઓને વિગતવાર સમજાવી. આવાં ધર્મસ્થાનો રચાવવા માટે તેમણે મંત્રી તેજપાલની અત્યંત પ્રશંસા કરી હતી.

મંત્રીઓએ આ ઉત્સવમાં રાજા, પ્રજા, જૈનો, અજૈનોની હાજરીમાં પોતાના કુટુંબની તથા ચંદ્રાવતીના જૈન સંઘની અમુક વ્યક્તિઓની વ્યવસ્થાસમિતિ બનાવી તે સમિતિને આ લુણિગવસહીનો વહીવટ સોંપ્યો હતો અને એ પણ નક્કી કરવામાં આવ્યું હતું કે, દેલવાડાનો સંઘ લુણિગવસહીની સારસંભાળ રાખે અને ચંદ્રાવતી, ઊમરણી, કિસરઉલી, કાસહૃદ, વરમાણ, ધઉલી, મહાતીર્થ મુંડસ્થલ, હંડાઉદ્રા, ડબાણી, મડાહડ તથા સાહિલવાડનો જૈન સંઘ દર સાલ પ્રતિષ્ઠાની સાલગીરી ઉપર આવીને એકેક દિવસ વહેંચી લઈ અષ્ટાહ્નિકા મહોત્સવ કરે.

આ રીતે તીર્થની રક્ષાનો પ્રબંધ કરવામાં આવ્યો અને વિમલ-વસહી તેમજ લુણિગવસહીને કરમુક્ત જાહેર કરવામાં આવ્યાં.

રાજા સોમસિંહ પરમારે ભગવાનની પૂજા માટે ડબાણી ગામ ભેટ આપ્યું હતું.

લુણિગવસહીનો સં૦ ૧૨૮૬ માં પ્રારંભ થયો. સં૦ ૧૨૮૭ માં પ્રતિષ્ઠા થઈ, સં૦ ૧૨૮૯ માં ધ્વજા-દંડ-કળશની પ્રતિષ્ઠા થઈ; સં૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૨૮૭ થી સં૦ ૧૨૯૩ સુધી દેરીઓની પ્રતિષ્ઠા અને સં૦ ૧૨૯૭ માં પ્રસિદ્ધ કલામય ગોખલાઓની પ્રતિષ્ઠા થઈ. લુણિગવસહીના નિર્માણ અને ઉત્સવમાં એ સમયે કુલ મળીને ૧,૨૫,૩૦,૦૦૦ દ્રવ્યનો ખરચ થયો હતો.

લુણિગવસહી આજે શિલ્પકળાનું પ્રદર્શનગૃહ છે. વિમલવસહીની કોટિનું બીજું મંદિર છે. પ્રેક્ષકો, સ્થાપત્યરસિકો, ચિત્રકારો અને કળાધરો તેને ફરી ફરી વાર જૂએ તોપણ ધરાતા નથી.

લુણિગવસહીના જીર્ણોદ્ધારો ઘણા થયા છે.

અલ્લાઉદ્દીન ખિલજીએ સં૦ ૧૩૬૮ માં જાલોરથી આબૂ આવી વિમલવસહી અને લુણિગવસહીનાં મંદિરમાં તોડફોડ કરી, જિન-પ્રતિમાઓને ખંડિત કરી, ઘણીએક કોરણીનો નાશ કર્યો અને હસ્તિશાલાના હાથીઓને પણ ખંડિત કર્યા.

આવા સુંદર અને કળામય મંદિરને અસ્તવ્યસ્ત જોઈ ચંડસિંહ પોરવાલના પુત્ર સં૦ **પેથડ શાહે** સં૦ ૧૩૭૮ માં ઘણું સમારકામ કરાવ્યું અને મોટા મંદિરનો પૂરો **જીર્ણોદ્ધાર** કરી ભ૦ નેમિનાથની ફરી પ્રતિષ્ઠા કરાવી. બેણપ બંદરના શેઠ જગદેવના પુત્રો સોમચંદ્ર તથા ગુણભદ્ર વિજાપુર જઈ વસ્યા હતા. તેમણે પણ લુણિગવસહીના આ જીર્ણોદ્ધારમાં ભારે સહયોગ આપ્યો હતો.[1]

અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની જૈન પેઢી તરફથી સં૦ ....થી લુણિગવસહીનો છેલ્લો જીર્ણોદ્ધાર ચાલુ છે.

લુણિગવસહીમાં ઘણી જિનપ્રતિમાઓ વિરાજમાન છે. આ૦

---

૧. બેણપબંદરના શેઠ જગદેવે રાજા સાથે જકાતનો ઝઘડો પડવાથી ૧૮ લાખ દ્રવ્યનો ખરચ કરી બંદરનો સાત ગાઉનો કિનારો પથ્થર અને કચરો ભરી પુરાવી દીધો. એટલે તે સમયથી બેણપનું બંદર બંધ પડ્યું. વેપારી વહાણો આવતાં બંધ થયાં, નગર પણ ઉજ્જડ થવા લાગ્યું અને સ્થાનિક વેપારીઓ પણ બેણપને છોડી બીજે ચાલ્યા ગયા. આ સમયે શેઠ જગદેવના પુત્રો સોમચંદ્ર અને ગુણભદ્ર વિજાપુર જઈ વસ્યા. તેમણે લુણિગ-વસહીનો જીર્ણોદ્ધાર કરાવ્યો. (—અંચલગચ્છની ગુજરાતી મોટી પટ્ટાવલી, પૃ૦ ૯૯)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિજયસેનસૂરિ, આ૦ ઉદયપ્રભસૂરિની પ્રતિમા, મંત્રીઓના પૂર્વજોની મૂર્તિઓ, આરાસણના આસપાલ પોરવાલે ૧૯મી દેરીમાં સં૦ ૧૩૩૮ માં અશ્વાવબોધ સમલિકાવિહારનો પટ્ટ સ્થાપ્યો હતો. ગૂઢમંડપમાં સં૦ ૧૫૧૫ ની સતી રાજિમતીની કલાપૂર્ણ પ્રતિમા છે અને છતમાં સુંદર કોરણીભર્યું શિલ્પ છે. સ્થાને સ્થાને ઐતિહાસિક શિલાલેખો પણ લાગેલા છે.[1]

**ઉજ્જયંતાવતાર**—લુણિગવસહીના મોટા દરવાજા પાસે ઉત્તર તરફ નાનો દરવાજો છે. ત્યાં આગળ જતાં ઊંચા ભાગ પર ગિરનાર-તીર્થની ૪ ટૂંકોની સ્થાપનાની ૪ દેરીઓ છે.

### ૩. મહાવીરસ્વામીનું દેરાસર—

વિમલવસહીની બહાર હસ્તિશાળા પાસે ભગવાન મહાવીરસ્વામીનું દેરાસર છે, જે વિક્રમની અઢારમી સદીના પ્રારંભમાં બન્યું છે.

### ૪. પિત્તલહરનું મંદિર—

સંભવતઃ કુંભલમેરુ દુર્ગના શેઠ **ભીમા શાહ** પોરવાડે દેલવાડામાં ભ૦ આદીશ્વરનું દેરાસર બંધાવ્યું અને તેમાં ૫૧ આંગળની પ્રતિમા બનાવવા પિત્તલનો ઉત્તમ રસ તૈયાર કર્યો. પાલનપુરના **શેઠ ધનાશાહે** તેમાં પોતાનો ભાગ રાખવા વિનતિ કરી, પણ ભીમા શાહે ના પાડી. આથી તેણે હાથમાં સોનું છુપાવી લાવી ભઠ્ઠી પર જ તે રસમાં સોનું મેળવી દીધું. પ્રતિમાજી તૈયાર થઈ પણ ભીમા શાહ મરણ પામ્યો. પોતાના ગોત્રબંધુના એ કાર્યને પૂરું કરવાની ભાવનાથી આ....ચંડસિંહ પોરવાલના પુત્ર સં૦ પેથડ શાહે તે પ્રતિમાને સોનાથી રસાવી મજબૂત બનાવી, પણ તેને અહીં પધરાવવામાં મુસલમાનોના હુમલાનો ભય હતો. આથી **કુંભલમેરના તપાગચ્છીય શ્રીસંઘે** દુર્ગમાં ચૌમુખજીનું મંદિર બંધાવી, તેમાં મુખ્ય દિશામાં સં૦ ૧૫૧૮ ની પહેલાં આ પ્રતિમાને બેસાડયાં અને બાકીની ત્રણ દિશામાં બીજી

૧. મેવાડના કુંભા રાણાએ સં૦ ૧૫૦૬ના અષાડ સુદિ ૨ ના રોજ ડુંગર ભોજાની વિનતિથી આબૂના યાત્રિકોનો મુંડકાવેરો માફ કર્યો હતો, જેના શિલાલેખો લુણિગવસહીના દરવાજા પાસે વિદ્યમાન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિમાઓ બેસાડી હતી. આ પ્રતિમાઓ સોનાવાળી હોવાથી કાળી પડતી નથી.

ત્યાર બાદ અમદાવાદના મહમ્મુદ બેગડાના રાજા-પ્રજા માન્ય **દીવાન સુંદર** તથા તેના પુત્ર **બીજા દીવાન ગદા** ગૂર્જર શ્રીમાલીએ સં૦ ૧૫૧૫ માં મોટા યાત્રાસંઘ સાથે આવી મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો. ભ૦ ઋષભદેવની ૧૦૮ મણ ધાતુની પ્રતિમા (૧૨૦ મણ પિત્તલની) બનાવી અને તેની સં૦ ૧૫૧૫ માં તપાગચ્છીય આ૦ લક્ષ્મીસાગરસૂરિના હાથે તે મંદિરમાં પ્રતિષ્ઠા કરાવી. (જૂઓ, પ્રક૦ ૫૩)

મંત્રી ગદાના પુત્ર **શ્રીરંગે** પણ સં૦ ૧૫૨૫ માં અહીં ઘણી પ્રતિમાઓ ભરાવી, તે પછી અહીં સં૦ ૧૫૩૧ માં બંને ગોખલાની અને સં૦ ૧૫૪૭ સુધીમાં બીજી દેરીઓની પ્રતિષ્ઠા થયેલી છે. અહીં કુલ ૨૦ દેરીઓ છે.

આ મંદિરમાં પિત્તલની પ્રતિમાઓ છે તેથી આ મંદિર ‘પિત્તલહરમંદિર’ અથવા ‘ભીમાશાહનું મંદિર’ કહેવાય છે.

પિત્તલહરમંદિરની બહાર મણિભદ્રવીરનું મંદિર છે, સુરહીલેખ છે, સતીનો પોળિયો છે અને સં૦ અસુનો લેખ છે.

(–ઉપદેશતરંગિણી, અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૪૬૭)

### ૫. ચૌમુખનું મંદિર—

આ મંદિર ત્રણ માળનું છે. દરેક માળમાં ચૌમુખ પ્રતિમા વિરાજમાન છે. દરડાગોત્રના શા૦ મંડલિક ઓસવાલ તથા તેના પરિવારે સં૦ ૧૫૧૫ માં આ મંદિરમાં ખરતરગચ્છના આ૦ જિનચંદ્રસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. એ સમયે મૂળનાયક શ્રીપાર્શ્વનાથ હતા.

સંભવ છે કે, આ મંદિરના નિર્માણમાં વિમલવસહી અને લૂણવસહીમાંથી બચેલો માલસામાન વપરાયો હોય. શિલ્પીઓ-સલાટો વગેરેએ કંઈક અવૈતનિક કામ કર્યું હશે, તેમાંના સ્તંભો બનાવ્યા હશે. આથી આ મંદિર ‘સલાવટોના મંદિર’ તરીકે પ્રસિદ્ધિ પામ્યું છે. બે-ત્રણ થાંભલામાં સલાટોનાં નામ કોતરેલાં મળે છે પણ એટલા ઉપરથી તેને સલાટોનું મંદિર કહી ન શકાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ મંદિરને ‘ચૌમુખજીનું મંદિર, ખરતરવસહી અને સલાટોનું મંદિર’ પણ કહે છે.

**ઓરિયા—**

આબૂ ઉપર દેલવાડાથી ઇશાન ખૂણામાં ૩ માઈલ દૂર ઓરિયા ગામ છે. અહીં નાનું જિનાલય છે. તેમાં પંદરમી શતાબ્દીમાં ભ૦ શાંતિનાથની પ્રતિમા વિરાજમાન હતી, પણ આજે તો ભ૦ આદિનાથ વિરાજમાન છે.

અહીં શાલિગામમાં જૈન દેરાસર હતું પણ આજે નથી.

**અચલગઢ**—તે દેલવાડાથી ૬ માઈલ દૂર છે. અહીં ચાર દેરાસરો છે.

**૧. ચૌમુખજીનું મંદિર—**

**સંઘવી રત્ના અને સં૦ ધરણા** એ સરહડિયાગોત્રના પોરવાલ હતા. તેમના વંશમાં અનુક્રમે સં૦ **સાલિગ** અને સં૦ **સહસા** થયા. સં૦ સહસા માંડવગઢના બાદશાહ **ગયાસુદીનનો** દીવાન હતો. તેણે તપાગચ્છની કમલકલશ શાખાના **આ૦ સુમતિસુંદરસૂરિના** ઉપદેશથી સં૦ ૧૫૫૪ માં સિરોહીના **રાજા જગમાલ** (સં૦ ૧૫૪૦ થી ૧૫૮૦)ના રાજ્યમાં અચલગઢના મોટા શિખર ઉપર ચૌમુખજીના બે માળના દેરાસરનો પાયો નાખ્યો. ભવ્ય પ્રાસાદ તૈયાર થયો, આથી સં૦ સહસાની **પત્ની સંસારદે** અને અનુપમાદે; પુત્રો–**ખીમરાજ, દેવરાજ**; પૌત્રો–જયમલ અને મનજી વગેરે પરિવાર તથા **આ૦ જયકમલસૂરિ** વગેરે ચતુર્વિધ સંઘ સાથે અહીં આવ્યો. તેણે તે મંદિરમાં ઉત્તરની ગાદીએ સં૦ ૧૫૬૬ ના ફાગણ વદિ ૧૦ના રોજ તપાગચ્છીય કમલકળશ શાખાના આ૦ જયકમલસૂરિના હાથે ભ૦ ઋષભદેવની પ્રતિમા ભરાવી વિરાજમાન કરાવી.

(જૂઓ, પ્રક૦ ૪૫)

સં૦ ૧૫૧૮ના વૈશાખ સુદિ ૪ ને શનિવારે તથા સં૦ ૧૫૨૯ના વૈશાખ વદિ ૪ ને શુક્રવારે **આ૦ લક્ષ્મીસાગરસૂરિના** હાથે **ડુંગરપુરમાં** મહાઅંજનશલાકા થઈ હતી, જેમાં ડુંગરપુર, કુંભલમેરુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગેરેના સંઘે ડુંગરપુરના **રાવલ સોમદાસના મંત્રી સાલ્હા** વગેરેએ ઘણી પ્રતિમાઓ ભરાવી હતી. (જૂઓ, પ્રક૦ ૫૩)

સં૦ સહસા તેમાંની પ્રતિમાઓ અહીં લાવ્યો અને ચૌમુખજીની બીજી ત્રણ ગાદીઓમાં વિરાજમાન કરાવી અને છૂટા છૂટા સ્થાનોમાં પોતાની અંજનશલાકાવાળી પ્રતિમાઓ બેસાડી. મંત્રી સહસાએ સંઘભક્તિ કરી યાચકોને ખુશ કર્યા અને વિવિધ રીતે તીર્થપ્રભાવના કરી, જેમાં પાંચ લાખની રકમ વાપરી હતી.

**સં૦ રત્નાના પુત્ર સં૦ સોના,** તેનો પુત્ર સં૦ આશા પણ આ યાત્રાસંઘમાં સાથે આવ્યો હતો. તેણે આ પ્રતિષ્ઠા–ઉત્સવનો લાભ લીધો હતો.

ચૌમુખજીની ચાર પ્રતિમાઓ પિત્તલ-સોનાના મિશ્રણની બનેલી છે અને તેનું વજન ૧૪૪૪ મણ છે. દર્શકો તેને સાવ સોનાની બનેલી માને છે. (–ગુરુગુણરત્નાકરકાવ્ય, સર્ગ : ૩, પ્રક૦ ૪૫, અચલગઢના શિલાલેખો)

બાદશાહના દીવાનનું આ દેરાસર છે તેથી લોકો તેને **'બાદશાહનું મંદિર'** કહે છે. અહીં બીજી એવી પણ લોકવાયકા છે કે, મેવાડના રાણા કુંભાજીના **દીવાને** આ મંદિર બનાવેલું છે, અને રાણો પોતાના અચલગઢના રાજમહેલમાં બેસીને ચૌમુખજીના દર્શન કરતો હતો.[1]

---

૧. રાણા કુંભાજી જૈનધર્મપ્રેમી હતો. તેના રાજ્યમાં ધરણા શાહ પોરવાલ થયો. તેનું ઘણા રાજાઓ માન-સન્માન કરતા હતા.

શેઠ ધરણા શાહે શત્રુંજય વગેરે તીર્થોના મોટા યાત્રાસંઘ કાઢ્યા હતા. અજારી, પિંડવાડા, સાલેરા વગેરે સ્થાનોમાં મંદિરો બંધાવ્યાં હતાં. ઘણા જીર્ણોદ્ધારો, પદસ્થાપનામહોત્સવો, દાનશાલાઓ, સંઘભક્તિ, તીર્થયાત્રા, દુષ્કાળો વગેરે ધર્મકાર્યોમાં મદદ કરી હતી. રાણા કુંભાએ વસાવેલા રાણકપુરમાં સં૦ ૧૪૯૬ માં ત્રણ માળનું ચૌમુખજીનું ત્રૈલોક્યદીપક મંદિર બનાવી, તેમાં આ૦ સોમસુંદરસૂરિના વરદ હસ્તથી ભ૦ ઋષભદેવ વગેરે જિનપ્રતિમાઓની અંજનશલાકા–પ્રતિષ્ઠા કરાવી હતી. આ મંદિરની માંડણી અજોડ છે. તેમાં ૧૪૪૪ થાંભલાઓ છે. મુખ્ય મંડપોના મોટા સ્તંભો કોરણીથી સુશોભિત છે. આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં પં૦ રૂપવિજયજી ગણીએ સં૦ ૧૮૮૮ ના માહ સુદિ ૫ ને સોમવારે પ્રતિષ્ઠિત કરેલું ગુરુમંડલ છે, જેમાં વચ્ચે જંબૂસ્વામીની અને આઠ દિશાઓમાં આ૦ વિજયદેવસૂરિ વગેરે આઠ પટનાયકોની પાદુકાઓ છે.

૨. **શ્રીઋષભદેવનું મંદિર—**

અમદાવાદના શેઠ શાંતિદાસ શ્રીમાલીએ આ મંદિરના મૂળનાયક ભ૦ ઋષભદેવની પ્રતિષ્ઠા કરેલી છે. ભમતીમાં ૨૪ દેરીઓ છે. અહીં સરસ્વતી તથા ચક્રેશ્વરીની મૂર્તિઓ પણ વિદ્યમાન છે.

૩. **શ્રીકુંથુનાથનું મંદિર—**

તપાગચ્છના આ૦ લક્ષ્મીસાગરસૂરિએ સં૦ ૧૫૨૩ ના વૈશાખ સુદિ ૮ ના રોજ અંજનશલાકા કરેલી ભ૦ કુંથુનાથની મનોહર ધાતુ-પ્રતિમા મૂળ ગાદી ઉપર વિરાજમાન છે. સંભવ છે કે, આ દેરાસર સં૦ ખેતા શાહે બંધાવ્યું હોય.

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

અહીં પાસે જ જૈન કારખાનું—સંઘની પેઢી છે. તેમાં ગાદીની છત્રી પાસે અશ્વારોહી ત્રણ મૂર્તિઓ છે, જે ડુંગરપુરમાં બનેલી છે. તેમનું વજન ૨ાા મણ છે અને કીમત ૧૦૧ મહમૂદી લાગેલી છે. તેમાં એક કલંકીના પુત્ર ધર્મરાજા દત્તની છે, જેને ચૌમુખજીના ભક્ત શા૦ પન્નાના પુત્ર શાર્દૂલે સં૦ ૧૫૬૬ ના માગશર સુદિ ૧૫ના રોજ બનાવેલી છે. બીજી બે મૂર્તિઓ સિરોહીના રાજા જગમાલની છે, જેને સિરોહીના દેરાસરના પૂજારીએ સં૦ ૧૫૬૬માં બનાવી છે.

૪. **શ્રીશાંતિનાથનું મંદિર** (કુમારવિહાર)—

અચલગઢની તળેટીનું અચલેશ્વરનું મંદિર તથા અચલગઢની પગથીની જમણી બાજુની ટેકરી પરનું રાજા કુમારપાલનું મંદિર—આ બંને અંગે જુદા જુદા છતાં એક સૂચનાવાળા અને અનેક ઐતિહાસિક ઉલ્લેખો મળે છે, જેમાંથી બે મુદ્દાઓ તારવી શકાય છે—

---

મંદિરની ભવ્યતા અને વિશાળતાની સાથોસાથ આબૂનાં મંદિરોની પરંપરા ઊતરી આવી છે.

આ રીતે રાણકપુર જૈનોનું મોટું તીર્થધામ છે. (જૂઓ, પ્રક૦ ૪૫, ૫૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) પહેલી ઘટના એ છે કે, આબૂના રાજા અરણ્યરાજ પરમારે અચલપાર્શ્વનાથના મંદિરનું અચલેશ્વર મંદિર બનાવ્યું અને સં૦ ૧૦૧૧ માં પાલનપુર વસાવી ત્યાં પલ્લવિયા પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું.

(૨) બીજી ઘટના એ છે કે, રાજા પ્રહ્‌લાદન પરમારે અચલગઢના જિનાલયની જિનપ્રતિમાને ગળાવી, તેનો નંદી બનાવ્યો અને સં૦ ૧૨૭૪ની આસપાસમાં પાલનપુર વસાવી ત્યાં પલ્લવિયા પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું. (–જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૫૩, ૧૫૭, પલ્લવિયા પાર્શ્વનાથ, પ્રક૦ ૩૬, પૃ૦ ૨૪૫)

અચલેશ્વરના દેવળમાં આજે શિવલિંગ છે. શિલાલેખોથી જાણવા મળે છે કે, મંત્રી વસ્તુપાલે સં૦ ૧૨૯૦ માં આ દેવળનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. આ મંદિરમાં આજે સં૦ ૧૪૬૪ માં બનેલો પોઠિયો છે. સં૦ ૧૬૮૬ માં બનેલી કવિ દુરાશા ચારણની મૂર્તિ છે. દેવળની માંડણી, પ્રદક્ષિણાની ભમતી અને પબાસન વગેરે અસલમાં આ જૈન દેરાસર હોય એમ પુરવાર કરે છે. લોકો અસલની ઘટનાને ભૂલી ગયા અને એક જૈન મંત્રીએ તેનો જીર્ણોદ્ધાર કર્યો, એટલી એ પુરાણી ઘટના છે. અહીં એક કાળે નંદિવર્ધન તીર્થ હતું, એવી હકીકત માત્ર પટ્ટાવલીઓમાં પણ ક્વચિત્ લખેલી મળતી હતી. શ્રીદુર્ગાશંકર કેવલરામ શાસ્ત્રી આ મંદિરના ઇતિહાસ ઉપર પ્રકાશ પાડતાં જણાવે છે કે, ‘અચલેશ્વર મહાદેવનું મોટું દેવાલય છે તે મૂળ જૈન મંદિર હતું એવું અનુમાન થાય છે.’

(–અચલગઢનો લેખ, ગુજરાત માસિક, વર્ષ : ૧૨, અં૦ ૨, આત્માનંદ જૈન પ્રકાશ, વર્ષ : ૫૩, અંક ૬–૭)

અંચલગચ્છના ભટ્ટારક અમરસાગરના શિષ્ય વાચક વિનયશીલ સં૦ ૧૭૪૨ માં લખે છે કે, રાજા પ્રહ્‌લાદને રાજા કુમારપાલના ભ૦ શાંતિનાથ જિનચૈત્યની ત્રણ જિનપ્રતિમાઓને ગાળી નાખી નંદી બનાવ્યો, આથી તેને કોઢ રોગ થયો. એ રોગની શાંતિ માટે તેણે પાલનપુરમાં જૈનપ્રાસાદ બંધાવ્યો અને ખંભાતથી ભ૦ શાંતિનાથની

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિમા લાવીને કુમારવિહારમાં સ્થાપન કરી.

(–અંચલગચ્છીય વા૦ વિનયશીલરચિત ‘ અર્બુદચૈત્ય-પરિપાટીસ્તવન ’ ઢાળ ૫, ગાથા : ૬ થી ૧૨)

અચલેશ્વર અને કુમારવિહાર અંગેના આ ઉલ્લેખો પાલનપુરનો ઇતિહાસ સર્જે છે, પણ તે બંનેમાં વાસ્તવિક ઘટના કયી છે તે એ વિષયના અભ્યાસીઓ જ નિર્ણય લાવે એ ઇચ્છવાયોગ્ય છે.

કુમારવિહાર આજે અચલગઢમાં ભ૦ શાંતિનાથના દેરાસર તરીકે વિદ્યમાન છે. અહીં મૂળનાયકની ગાદી ઉપર પ્રથમ ભ૦ નેમિનાથની પ્રતિમા હતી. સં૦ ૧૩૮૦ પછી ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમા હતી અને આજે ભ૦ શાંતિનાથની પરિકરવાળી પ્રતિમા વિરાજમાન છે.

આ૦ જિનપ્રભસૂરિએ ‘ વિવિધતીર્થકલ્પ ’માં આ૦ સોમસુંદર-સૂરિએ ‘ અર્બુદકલ્પ ’માં તથા આ૦ જ્ઞાનવિમલસૂરિએ સં૦ ૧૭૫૫માં રચેલી ‘ તીર્થમાલા ’માં અહીં ભ૦ મહાવીરસ્વામીનું મંદિર બતાવ્યું છે અને સં૦ ૧૮૭૯ માં રચાયેલી એક અપ્રગટ તીર્થમાળામાં અહીં ભ૦ શાંતિનાથનું ચૈત્ય દર્શાવ્યું છે એટલે સમજી શકાય કે, કુમાર-વિહારમાં મૂળનાયક જિનપ્રતિમાઓનો ઉપર મુજબ ફેરફાર થતો રહ્યો હતો.

**દર્શનીય સ્થળો અને તીર્થો**—આબૂ ઉપર જૈન-અજૈન તીર્થ-ધામો વિદ્યમાન છે. ઘણાં દર્શનીય સ્થાનો વગેરે છે, તે આ પ્રમાણે છે—

વિમલવસહી, લુણિગવસહી, દેલવાડાનાં જૈન મંદિરો અને અચલ-ગઢનાં જૈનમંદિરો, ગુરુશિખર, અચલેશ્વર મહાદેવ, મંદાકિની કુંડ, ભર્તૃ-હરિગુફા, ગોપીચંદગુફા, કોટેશ્વર, શ્રીમાતા-કન્યાકુમારી, રસિયો વાલમ, નલગુફા, પાંડવગુફા, અર્બુદાદેવી (અંબિકાદેવી-અધરદેવી), પાપકટેશ્વર, રઘુનાથ મંદિર, ચંપાગુફા, રામઝરુખો, હસ્તિગુફા, રામકુંડ, ગોર-ક્ષિણીદેવી, વશિષ્ઠાશ્રમ, ગોમુખીગંગા, ઋષિકેશ, દૂધવાવડી, નખી-તળાવ, ટોડરોક, શ્રાવણ-ભાદરવો, અચલગઢનો કિલ્લો, હરિશ્ચન્દ્રગુફા, રેવતીકુંડ, ભૃગુઆશ્રમ, ભીમગુફા, ગુરુશિખર, ટ્રેવર તળાવ, ક્રેગ પોઇંટ, મૌનબાબાકી ગુફા, સંતસરોવર, નનરૉક, સનસેટ પોઇંટ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શાંતિઆશ્રમ, જ્વાલાદેવી ગુફા, જૈન મંદિરનું ખંડેર, ગુરુગુફા, જમદગ્નિઆશ્રમ, ગૌતમઆશ્રમ, માધવાશ્રમ, કોડીધ્વજ વગેરે.

**પ્રશંસા ઉલ્લેખો—**

વીસમી સદીના **ઇતિહાસ વિવેચકોએ** વિમલવસહી તથા લુણિગવસહીની ઘણી પ્રશંસા કરી છે. તેમાંના કેટલાક ઉચ્ચકોટિના વિદ્વાનોના અભિપ્રાયો અહીં નોંધીએ છીએ—

મિ૦ **ફરગ્યુસન** લખે છે કે, આ મંદિરોમાં કે જે આરસનાં બનેલાં છે તે હિંદુઓના અતિપરિશ્રમ કરનારાઓના ટાંકણાંએ ફૂટપટ્ટી જેવી સૂક્ષ્મતાથી એવી મનોહર આકૃતિ બનાવી છે કે, જેની નકલ કાગળ ઉપર ઉતારવામાં ઘણો સમય અને ઘણી મહેનત કરવા છતાં હું સફળ બન્યો નથી.

(–પિકચર્સ ઇલિસ્ટ્રેશન ઑફ ઈનોસંટ આર્કિટેકચર ઈન ઇંડિયા, હિસ્ટ્રી ઑફ ઇંડિયન આર્કિટેકચર, મો૦ દ૦ દેસાઈકૃત જૈ૦સા૦સં૦ઈ૦ પૃ૦ ૨૧૪).

કર્નલ **જેમ્સ ટૉડ** લખે છે કે, હિંદુસ્તાનભરમાં આ મંદિર શ્રેષ્ઠ છે. તાજમહાલ સિવાય બીજું કોઈ (સ્થાપત્ય) એની સરખામણીમાં ઊભું રહી શકે તેમ નથી. (–ટ્રાવેલ્સ ઈન વેસ્ટર્ન ઇંડિયા)

**ફાર્બસ** જણાવે છે કે, આ મંદિરની કોતરણીના કામમાં સ્વાભાવિક નિર્જીવ પદાર્થોનાં ચિત્રો બનાવ્યાં છે. એટલું જ નહીં પરંતુ સાંસારિક જીવનનાં દૃશ્ય, વ્યાપાર તથા નૌકાશાસ્ત્ર સંબંધી વિષય તો શું પણ રણક્ષેત્ર સુદ્ધાનાં ચિત્રો પણ કોતરવામાં આવ્યાં છે. છતોમાં જૈનધર્મની અનેક કથાઓનાં ચિત્રો પણ અંકિત છે.

(–ફાર્બસરાસમાળા, મો૦ દ૦ દેસાઈકૃત જૈ૦સા૦સં૦ઈ૦, પારા ૨૮૯)

रा० ब० **गौरीशंकर** ओझा अपने इतिहासमें उल्लेख करते हैं कि, 'ऐतिहासिक दृष्टिसे भी आबू उल्लेखनीय और प्रशंसनीय है, परंतु आबूकी इतनी प्रसिद्धि और यशस्वितामें खास कारण तो और ही है, और वह है

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'आबू-देलवाडाके जैनमंदिर ।'

(—सिरोहीराज्यका इतिहास, राजपूतानेका इतिहास)

कारीगरीमें विमलवसहीकी समता करनेवाला दूसरा कोई मन्दिर हिंदुस्तानमें नहीं है। (—राजपूतानेका इतिहास, खंड : १, पृ० १९३)

**દુર્ગાશંકર કેવલરામ શાસ્ત્રી** નોંધે છે કે, વિમલવસતિના મંદિરની કોરણી વિશે તજજ્ઞો કહે છે કે આ દેવળ એના અણિશુદ્ધ નકશીકામથી પ્રેક્ષકને વિચારણામાં ગરક કરી દે છે. એ એટલું તો પૂર્ણ છે કે, તેમાં કંઈ પણ ફેરફાર ન જ થઈ શકે. ખાસ કરીને મંદિરમાં સફેદ આરસ પર જે નકશી કામ કર્યું છે તેની ઝીણવટ અદ્ભુત છે, પણ આ બધી શોભા અંદરના ભાગમાં જ છે. બહારથી તો આ મંદિરો તદ્દન સાદાં લાગે છે. ફર્ગ્યુસનના કહેવા પ્રમાણે સ્થાપત્યકળાની ટોચનો આ નમૂનો છે.[1]

અને તે પછીના બે-એક સૈકામાં (લૂણિગવસહીમાં) એ (કળા) અમુક બાબતમાં થોડીક ચડે છે, પણ પૂર્ણતા અને શુદ્ધિની બાબતમાં તો ધીમે ધીમે આ દેશની સ્થાપત્યકળા એ પછી ઊતરતી ગઈ છે.

(—ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, ભા૦ ૧, પ્ર૦ ૧૧, પૃ૦ ૨૨૪)

ગુજરાતના રાજાઓ, મંત્રીઓ અને શ્રીમંત વેપારીઓએ ઘણું ઉત્તેજન આપ્યું હતું અને શિલ્પના નહીં પણ સ્થાપત્યકળાના તો ઉત્તમ નમૂના એ કાળે સર્જાયા હતા.

(—ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, ભા૦ ૨, પરિશિષ્ટ ૧, પૃ૦ ૪૪૮)

---

૧. જૂઓ, ફરગ્યુસનની 'હિસ્ટ્રી ઑફ ઈંડિયન આર્કીટેક્ચર', હાવેલનું 'એન્શ્યન્ટ આર્કીટેક્ચર ઑફ ઈંડિયા', સુરતની સાહિત્ય પરિષદના છપાયેલા રિપોર્ટમાં મગનલાલ વિશ્વનાથ પાઠકનો 'ગુજરાતનું સ્થાપત્ય' નિબંધ, તથા 'ગુજરાતનાં તીર્થસ્થાનો' પૃ૦ ૧૪૧ થી ૧૫૩.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE जैन साईट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આબૂ તીર્થનાં વિવરણ સાધનો—

૧. અર્બુદ પ્રાચીન જૈન લેખ સંદોહ, પૂ૦ મુનિ શ્રીજયંતવિજયજી વિમલવસહીના સં૦ ૧૨૦૧, સં૦ ૧૩૫૦, સં૦ ૧૩૭૮ વગેરેના પ્રતિમાલેખો; લુણિગવસહીના સં૦ ૧૨૮૭ વગેરેના પ્રતિમાલેખો.
૨. તિલકમંજરી, ધનપાલ કવિ.
૩. દ્વયાશ્રયમહાકાવ્ય, સં૦ ૧૨૧૬, ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિ.
૪. ચિત્તોડના કિલ્લાનો સં૦ ૧૨૦૮નો કુમારપાલનો લેખ.
૫. હમ્મીરમદમર્દન, સં૦ ૧૨૮૫, આ૦ જયસિંહસૂરિ.
૬. સુકૃતસંકીર્તન, સં૦ ૧૨૮૭, કવિ અરિસિંહ.
૭. સંઘપતિચરિત્ર, સં૦ ૧૨૯૦, આ૦ ઉદયપ્રભસૂરિ.
૮. સુકૃતકીર્તિકલ્લોલિની, આ૦ ઉદયપ્રભસૂરિ.
૯. આબૂરાસ, સં૦ ૧૨૮૯, કવિ પાલ્હણ.
૧૦. પ્રબંધાવલી (પુરાતનપ્રબંધસંગ્રહ), સં૦ ૧૨૯૦, આ૦ જિનભદ્રસૂરિ.
૧૧. વસંતવિલાસ, સં૦ ૧૨૯૬, આ૦ બાલચંદ્રસૂરિ.
૧૨. વિવિધતીર્થકલ્પ, સં૦.... આ૦ જિનપ્રભસૂરિ.
૧૩. પ્રબંધચિંતામણિ, સં૦ ૧૩૬૧, આ૦ મેરુતુંગસૂરિ.
૧૪. પ્રબંધકોશ, સં૦ ૧૪૦૫, આ૦ રાજશેખરસૂરિ.
૧૫. ગુર્વાવલી, સં૦ ૧૪૬૬, આ૦ મુનિસુંદરસૂરિ.
૧૬. અર્બુદકલ્પ, સં૦ ૧૪૮૦, આ૦ સોમસુંદરસૂરિ.
૧૭. કુમારપાલપ્રબંધ, સં૦ ૧૪૯૨, ઉપા૦ જિનમંડનગણિ.
૧૮. વસ્તુપાલચરિત, સં૦ ૧૪૯૭, પં૦ જિનહર્ષ.
૧૯. ઉપદેશતરંગિણી, સં૦ ૧૪૯૭, પં૦ રત્નમંડનગણિ.
૨૦. ગુરુગુણરત્નાકરકાવ્ય, સં૦ ૧૫૪૧, પં૦ સોમચારિત્રગણિ.
૨૧. હીરસૌભાગ્યકાવ્ય-સટીક, સં૦ ૧૬૫૬, પં૦ દેવવિમલગણિ.
૨૨. ઉપદેશસાર, સં૦ ૧૬૬૨, પં૦ કુલસાગર.
૨૩. વિમલપ્રબંધ, કવિ લાવણ્યસમય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આરાસણ** (કુંભારિયાજી)—

થારાપદ્રગચ્છના આ૦ **યશોદેવસૂરિ** (સં૦ ૧૧૮૪)થી **આરાસણગચ્છ** નીકળ્યો છે.

મંત્રી વિમલ શાહે આબૂ ઉપર સં૦ ૧૦૮૦ માં વિમલવસહી સ્થાપન કર્યું તે પછી તરતમાં એ વંશજોએ કે ચંદ્રાવતીના ધનાઢ્ય જૈનોએ આરાસણમાં વિમલવસહી જેવી સુંદર કોતરણીવાળા વિમલવસહીના કારીગરો પાસે વિશાળ જૈન મંદિરો બંધાવ્યાં. આ દરેકની રચનાનો ચોક્કસ સમય મળતો નથી પરંતુ આ મંદિરો તે સમયનાં મનાય છે. આજે અહીં પાંચ જૈન મંદિરો છે.

(૧) ભ૦ નેમિનાથનું મંદિર—એ પ્રાચીન મંદિરની આ૦ **વાદિદેવસૂરિ**ના હાથે મોટી પ્રતિષ્ઠા થઈ હતી. પાછળથી મૂળનાયકની પ્રતિમા ખંડિત થવાથી વોરા રાજપાલે આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી, બીજી નવી પ્રતિમા ભરાવી આ૦ **વિજયદેવસૂરિ**ના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી. આ મંદિરમાં સં૦ ૧૩૧૦ થી ૧૩૪૫ સુધીના શિલાલેખો મળે છે, જેમાં પ્રતિષ્ઠાપક તરીકે આ૦ જિનભદ્ર, આ૦ પરમાનંદ, નવાંગીવૃત્તિકાર આ૦ અભયદેવસૂરિના સંતાનીય આ૦ ચંદ્ર, આ૦ સોમપ્રભના પટ્ટધર આ૦ વર્ધમાન, આ૦ ચક્રેશ્વર અને વડગચ્છના આ૦ વિજયસિંહસૂરિનાં નામો મળે છે. આ મંદિરમાં વિમલવસહી જેવું કોરણી કામ છે.

(૨) ભ૦ મહાવીરનું મંદિર—આ મંદિરમાં મૂળનાયકની બેઠક પર સં૦ ૧૧૧૮ના ફાગણ સુદિ ૯ ને સોમવારનો લેખ છે. ફરતી ૨૪ દેરીઓ છે. અહીં પણ મૂળનાયકની પ્રતિમા ખંડિત થવાથી સં૦ ૧૬૭૫ના માહ સુદિ ૪ ને શનિવારે આ૦ વિજયદેવસૂરિએ પ્રતિષ્ઠા કરેલી પ્રતિમા મૂળનાયક તરીકે વિરાજમાન છે. મંદિરના રંગમંડપમાં છત પર સુંદર કોરણી કરેલી છે. નકસીમાં વિવિધ જીવનઘટનાઓ ઉપસાવી છે.

(૩) ભ૦ શાંતિનાથનું મંદિર—આ મંદિરમાં કુલ ૧૬ દેરીઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. સં૦ ૧૧૩૮ થી સં૦ ૧૧૪૬ સુધીના શિલાલેખો મળે છે. ઘુમ્મટ અને તોરણો સુંદર નકશીથી ભરેલાં છે.

(૩) ભ૦ પાર્શ્વનાથનું મંદિર—આ મંદિર સૌથી મોટું વિશાળ અને પ્રાચીન છે. અહીંના એક ગોખલાની વેદી ઉપર લેખ છે કે, આ૦ વાદિદેવસૂરિએ સં૦ ૧૨૧૬ ના વૈશાખ સુદિ ૨ ના રોજ ગોખલામાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી. મંદિરની બેઠકમાં સં૦ ૧૨૫૯નો આ૦ ધર્મઘોષસૂરિનો લેખ પણ છે. બીજી બેઠકમાં સં૦ ૧૩૬૫ નો લેખ છે. અહીં પણ આજે તો મૂળનાયક તરીકે આ૦ વિજયદેવસૂરિએ સં૦ ૧૬૭૫ માં પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિ વિરાજમાન છે. આ મંદિરમાંની કમાનો, તોરણો અને છતમાં અદ્ભુત કોરણી કરેલી છે.

(૫) ભ૦ સંભવનાથનું મંદિર—આ મંદિરમાં ભમતી નથી અને તેથી દેરીઓ બનેલી નથી. તેમજ કોરણી પણ નથી.

સામાન્ય માન્યતા એવી છે કે, મંત્રી વિમલ શાહે જ આ મંદિરો બંધાવ્યાં છે. વિમલવસહી બનાવતાં પથ્થરો બચ્યા હતા, આરસની ખાણ પણ પાસે જ હતી. સિદ્ધહસ્ત કારીગરોને જ કામે લગાડ્યા હતા અને મુસલમાનોના હુમલાથી બચી શકે એવું એકાંત સ્થાન નજીકમાં આ જ હતું. એટલે સંભવ છે કે, મંત્રી વિમલ શાહે આ બધાં દેરાસરો બંધાવ્યાં હોય. આજ સુધી આ મંદિરો ટકી શક્યાં છે તે ઉપરનાં કારણોને આભારી છે.

મંત્રી વિમલ શાહને આરાસણની પહાડીઓમાંથી સોનાની ખાણો મળી આવી હતી. એ ખાણોનું ખનિજ લાવીને ભઠ્ઠીમાં ગળાવી સોનું એકઠું કર્યું હતું. તેનાથી જિનપ્રતિમાઓ અને ઉપર્યુક્ત દેવાલયો બનાવ્યાં હતાં. આજે પણ કુંભારિયામાં એ ખનિજ ગાળવાની ભઠ્ઠીઓનાં નિશાનો દેખાય છે.

એ ભઠ્ઠી બનાવનારા કુંભારોનું નિવાસસ્થળ સમજાતાં **કુંભારિયા**ના નામથી વિખ્યાત થયું છે.

આબૂ પ્રદેશના જિનાલયોમાં શાસનદેવ તરીકે મોટે ભાગે બ્રહ્મશાંતિદેવ અને અંબિકાદેવીની પ્રતિમાઓ મળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજી રીતે પણ મંત્રી વિમલ શાહને અંબિકાદેવી પ્રસન્ન હતાં. એટલે તેણે આ મંદિરોના ઘેરાવાના પ્રવેશ ભાગમાં જ ભ૦ નેમિનાથના મંદિરની અધિષ્ઠાયિકા તરીકે અંબિકાનું પણ ભવ્ય મંદિર બંધાવ્યું, જે આજે અંબાજીના સ્થાનથી પ્રસિદ્ધ છે. દેવીના મૂળ સ્થાનમાં सत्तरिसययंत्र–૧૭૦ નો વિજયયંત્ર છે. અસદ્ભૂત સ્થાપના છે. તેની ઉપર બનાવટી ખોળું ચડાવેલું છે.

શ્રીમાલી વાણિયા, પોરવાલ વાણિયા અને જૈનોનું આ પવિત્ર ધામ છે.

**હમીરગઢ—**

આબૂની પૂર્વ દિશામાં જુદી પહાડી ઉપર આરાસણ તીર્થ છે તેમ આબૂ પહાડની પશ્ચિમ દિશામાં આબૂના ઢોળાવમાં જ **હમીરપુર** તીર્થ છે. આ સ્થાન બહુ પ્રસિદ્ધ નથી. અહીં નાનાં-મોટાં ચાર દેરાસરો છે. એક દેરાસરના એક પથ્થર ઉપર વિમલવસહીના નમૂનાની જ સુંદર કોરણી છે. કલાપ્રેમી અને શાંતિના ઇચ્છુકો માટે આ સ્થાન આદર્શ છે. મંત્રી વિમલના ભાઈના વંશજોએ આ તીર્થની સ્થાપના કરેલી છે.

**સિરોહી**થી નૈઋત્યમાં ૯ માઈલ દૂર, સિંદરથથી દક્ષિણ દિશામાં ૩ માઈલ દૂર અને અણાદરાથી ઈશાન ખૂણામાં ૧૩ માઈલ દૂર હમીરગઢનું સ્થાન આવેલું છે. હમીર દેવડાએ સં૦ ૮૦૮ માં હમીરગઢ વસાવ્યો. આ વંશના દેવડાઓએ ચંદ્રાવતી અને સિરોહીમાં રાજ્ય કર્યું હતું. મુસલમાની આક્રમણો વખતે હમીરગઢ તૂટ્યું અને તે સ્થળે પાછળથી **મીરપુર** વસ્યું.

અહીં સં૦ ૧૫૭૩ માં આ૦ પાર્શ્વચંદ્રસૂરિ, જેમણે 'પાર્શ્વચંદ્રગચ્છ'ની સ્થાપના કરી છે તે જન્મ્યા હતા. સં૦ ૧૫૭૬ માં તપાગચ્છની કુતુબપુરા શાખાના આ૦ **સૌભાગ્યનંદિ**એ 'મૌન એકાદશીની કથા' રચી હતી. સં૦ ૧૭૫૫માં **આ૦ જ્ઞાનવિમલસૂરિ**એ ચાર દેરાસરોની યાત્રા કરી હતી.

અહીં આજે પણ ચાર દેરાસરો વિદ્યમાન છે.

JAINSITE.com જૈન સાઈટ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૧) આરસનું મંદિર**—સંભવ છે કે મંત્રી વિમલ શાહના ભાઈના વંશજોએ આ તીર્થની સ્થાપના કરી હોય. ભવ્યતા, કલા અને કોરણીમાં આ મંદિર વિમલવસહીના દેરાસરની યાદ કરાવે છે. દીવાલોમાં તીર્થંકરો, ગુરુમહારાજો, દેવ-દેવીઓ, શેઠ-શેઠાણીઓની મોટી મોટી મૂર્તિઓ કોતરેલી છે. મંદિરના થરોમાં પણ વિવિધ ભાવોનાં દશ્યો છે. મેઘરથ રાજાનું દાન, ૧૪ સ્વપ્નો, ગુરુદેવની વ્યાખ્યાનસભા, મુનિના હાથમાં દોરાવાળી તરપણી, હાથમાં મુહપત્તિ એમ વિવિધ ભાવો કંડારેલા છે.

આ મંદિર પાયાથી શિખર સુધી આરસનું બનેલું છે, જેમાં સં૦ ૧૨૧૯નો આ૦ ચંદ્રસિંહસૂરિ, સં૦ ૧૩૪૬નો આ૦ પૂર્ણચંદ્રસૂરિ અને આ૦ વર્ધમાનસૂરિના પ્રતિમાલેખો મળે છે. તેમજ સં૦ ૧૫૫૨, સં૦ ૧૫૫૬ ના તપગચ્છના આ૦ ધર્મરત્નસૂરિ, આ૦ ઉદયસાગરસૂરિ, આ૦ હેમવિમલસૂરિના ઉપદેશથી દેરીઓના જીર્ણોદ્ધાર થયાના લેખો છે.

આ દેરાસરનું અસલ નામ 'જગન્નાથપ્રાસાદ' છે. તેમાં પ્રથમ જીરાવલા પાર્શ્વનાથની પ્રતિમા મૂળનાયક તરીકે હતી. તે પછી ગોડી પાર્શ્વનાથની પ્રતિમા મૂળનાયક તરીકે હતી. તે જ પ્રતિમા આજે મુંબઈના ગોડીજીના મંદિરમાં મૂળનાયક તરીકે વિદ્યમાન છે અને પૂજાય છે. મીરપુરનું આ મંદિર પ્રતિમા વિનાનું ખાલી છે.

(૨–૩) આરસના મુખ્ય મંદિરથી થોડી દૂર બે નાની ટેકરીઓ છે. તેની ઉપર બે નાનાં સાદાં મંદિરો છે, પણ તે મૂર્તિ વિનાનાં ખાલી પડેલાં છે. સંભવ છે કે, જોધપુરના ઓશવાલ દીવાને આ મંદિરો બંધાવ્યાં હોય.

(૪) રસ્તા પર એક સાદું મંદિર છે, જે બીજા-ત્રીજા મંદિરો પહેલાં બન્યું હોય એમ લાગે છે.

આ રીતે મીરપુરમાં ચાર જિનાલયો છે. અહીંનો વહીવટ સિરોહીની શેઠ કલ્યાણજી પરમાનંદજીની પેઢી કરે છે.

કલાપ્રેમી અને શાંતિના ઇચ્છુકો માટે આ સ્થાન દર્શનીય છે.

(–પૂ૦ જયંતવિ૦ મ૦ કૃત 'હમીરગઢ' પુસ્તિકા)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સાંડેરાવ તીર્થ—**

શંકરાચાર્યના ત્રાસથી જૈનો મગધથી હિજરત કરી રાજપૂતાનામાં ચાલી આવ્યા, એનો ઇતિહાસ અગાઉ (પ્રક૦ ૩૨, પૃ૦ ૫૦૨–૫૦૪માં) આવી ગયો છે. જૈનોએ ત્યાંની પ્રાચીન જિનપ્રતિમાઓ લાવીને રાજપૂતાનામાં સ્થાપન કરી છે. શબ્દસામ્યથી તારવી શકાય છે કે, ક્ષત્રિયકુંડ ભ૦ મહાવીરની જન્મભૂમિની નંદિવર્ધન પ્રતિષ્ઠિત પ્રતિમા નાંદિયામાં, તેમના દીક્ષાસ્થાનની પ્રતિમા મુંડસ્થલમાં, ઋજુવાલુકાની પ્રતિમા નાણામાં, નિર્વાણસ્થાન પાવાપુરીની પ્રતિમા દિયાણામાં, કોટિવર્ષનગરના કોટિકગચ્છની કોટચર્કમાં, બ્રાહ્મણકુંડની પ્રતિમા બ્રાહ્મણવાડામાં સ્થાપન કરી છે અને આ૦ પ્રદ્યુમ્નસૂરિએ ત્યાં (પૂર્વદેશમાં) જઈને નવાં જિનાલયો બંધાવી તે તે સ્થળે પાદુકાઓ સ્થાપન કરેલી છે.

ઇતિહાસ કહે છે કે, ભ૦ મહાવીરને સુષુમણી ગામ બહાર ખીલાનો ઉપસર્ગ થયો હતો. ત્યાં લોકોએ ભ૦ મહાવીરનું મંદિર બંધાવ્યું હતું. આ પ્રતિમા ક્યાં સ્થાપન કરી હશે એ સંશોધનનો વિષય છે. ઐતિહાસિક દૃષ્ટિએથી વિચારીએ તો આર્ય કાલકની શિષ્યપરંપરા ખંડિલગચ્છ તરીકે પ્રસિદ્ધ હતી. સંભવ છે કે, સંડેરકગચ્છ તેનું જ અપભ્રંશ નામાંતર હશે. સંડેરગચ્છનો ઇતિહાસ પ્રથમ (પ્ર૦ ૩૪, પૃ૦ ૫૬૮ થી ૫૮૯) આવી ગયો છે. આ રીતે જોઈએ તો સંડેરગચ્છના આચાર્યોએ સુષમણીની એ પ્રતિમા લાવીને સંડેરકમાં સ્થાપન કરી હોય તો બનવાજોગ છે.

મારવાડનું સાંડેરાવ એ સાંડેરકગચ્છનું કેંદ્રધામ છે. ત્યાં ભ૦ મહાવીરસ્વામીનું પ્રાચીન જિનાલય છે, જેમાં સં૦ ૧૧૧૫, સં૦ ૧૧૯૩ના શિલાલેખો વિદ્યમાન છે.

"श्रीसांडेरकचैत्ये

पण्डितजिनचन्द्रेण गोष्ठियुतेन धीमता ।

देवनागगुरोर्मूर्तिः कारिता मुक्तिवाञ्छता ॥

॥सं० ११९२ वैशाख वदि २ ॥"

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ લેખવાળી ગુરુમૂર્તિ ત્યાં વિદ્યમાન છે. તેના ગળા પાછળ ઓઘો છે. પાછળ ભામંડળ છે. ભામંડલની ઉપર તીર્થંકરની પ્રતિમા છે. મૂર્તિની નીચે ચાર ભક્તોની મૂર્તિઓ છે.

(૧) પ....ન્નઃ, જેમના હાથમાં કપડું છે.

(૨) પં૦ जिनचन्द्र, જે ગુરુદેવના પગ દાબે છે, તેને ડાબી બગલમાં ઓઘો છે.

(૩) थिरपाल, જે હાથ જોડીને ઊભો છે.

(૪) शुभङ्कर, જેના હાથમાં ફૂલછાબ છે.

અહીં સુષમિણીની જિનપ્રતિમા આવેલી છે તેને પુરવાર કરતો શિલાલેખ છે. ભ૦ મહાવીરસ્વામીના દેરાસર સામે જૈન ઉપાશ્રય છે. તેમાં પહેલી લાઈનની પાંચ ચોકીમાંની બીજી, ત્રીજી, ચોથી ચોકીના પાટડા ઉપર બીજી પંક્તિ, ત્રીજી ચોકીના પહેલા થાંભલા ઉપર શિલાલેખ છે, તે લેખ આ પ્રકારે છે—

"(१) ९॥ संवत् १२६९ वर्षे फागुण सुदि ४ गुरौ अद्येह श्रीसांडे-
रकनिवासिश्रेष्ठिगुणपाल-

(२) पुत्री कल्याणा-गोला-चम्पाः सुषमिणी-
स्वामिकाया श्रीमहावीरचैत्ये खत्तिका कारापिता ॥"

આ શિલાલેખથી સ્પષ્ટ છે કે, સુષમિણી ગામની બહાર ભ૦ મહાવીરને ખીલાનો ઉપસર્ગ થયો હતો. ત્યાંની પ્રતિમાને જૈનો હિજરત સમયે અહીં સંડેરકમાં લાવ્યા અને વિરાજમાન કરી. આ પ્રદેશમાં જે જીવિતસ્વામીની પ્રતિમાઓ કહેવાય છે તે વાસ્તવમાં હિજરત સમયમાં અહીં લાવીને સ્થાપન કરેલી લાગે છે. એટલે સાંડેરાવ અતિ પ્રાચીન જૈનધામ છે. દેરાસરમાં ભમતીના મોટા દરવાજાની ચોકીના પાટડા ઉપર ત્રણ લીટીનો પડિમાત્રામાં સંસ્કૃત શિલાલેખ છે, તેનો સાર એવો છે કે, સં૦ ૧૨૨૧ ના માહ વદિ ૨ ને શુક્રવારે અહીંના રાજા આલ્હણદેવના રાજ્યમાં તેની મહારાણી આનલદેવીએ સાંડેરાવના મૂળનાયક ભ૦ મહાવીરદેવના ચૈત્ર સુદિ

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૩ ના કલ્યાણકના વાર્ષિક ઉત્સવ માટે અમુક જારનું દાન કર્યું છે.
(જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૭૦)

ભોંયરાના દરવાજા ઉપર શિલાલેખ છે—

'સં૦ ૧૨૬૮ના માહ વદિ ૫ ને સોમવારે નડૂલના મહારાજા સંગ્રામસિંહના રાજ્યમાં શેઠ કર્મસિંહ વગેરેએ દાન કર્યું.

સાંડેરાવના દેરાસરમાં ડાબી બાજુએ એક સાપની આકૃતિ (મૂર્તિ) બનાવેલી છે અને ત્યાં ઘીનો અખંડ દીવો પ્રજ્વલિત રહે છે.

સાંડેરાવમાં સંઘની શ્રીશાંતિનાથ જૈન પેઢી છે. તેમાં ૧૮૦ પુરાણા સિક્કાઓ છે, જેમાં ખરોષ્ટ્રી લિપિ અને વચ્ચે રાજાનું મહોરું છે, તથા પાછળ ૦૦૦ વગેરે છે.

**સંડેર—**

પાટણથી ૬ કોશ દૂર સંડેર નામે ગામ છે. ત્યાં ગામની વચ્ચે એક મોટા પડથાલ ઉપર એક શિવ મંદિર અને એક દેવીમંદિર છે.

વનરાજ ચાવડાએ શેઠ નીનાના પુત્ર મંત્રી લહીરને આ ગામ ઈનામમાં આપ્યું હતું. (જૂઓ, પ્ર૦ ૩૫, પૃ૦ ૧૭૯)

મંત્રી લહીર વિંધ્યાચલની પહાડીમાંથી વિંધ્યવાસિની દેવીને અહીં લાવ્યો હતો અને તેને ઘણુહાવી નામ આપી સ્થાપન કરી હતી. એ દેવી મંત્રી લહીર અને તેના વશંજોને પ્રસન્ન હતી. એવું કહેવાય છે કે, મંત્રી લહીર લડાઈ કરવા જતો ત્યારે આ દેવી કાળી ચકલી રૂપે તેના ભાલા ઉપર આવીને બેસતી અને મંત્રી લહીરને વિજય મળતો.

સંડેરના દેરાસરમાં મૂળનાયક ભ૦ ચંદ્રપ્રભ જિનેશ્વરની પ્રતિમા છે. તેની નીચે બીજા પરિકરમાંથી છૂટી પડી ગયેલી ગાદી બેસાડેલી છે. તેમાં એક લેખ છે, તેનો સાર એ છે કે, સં૦ ૧૩૦૨ ના માહ સુદિ ૧૫ ને શુક્રવારે હારીજગચ્છના શ્રીમહેંદ્રસૂરિના શિષ્ય આ૦ શ્રીગુણભદ્રના ઉપદેશથી પિતૃવ્ય નાગદેવી વગેરેની સમ્મતિથી તેના પુત્ર ક્ષેમસિંહે શેઠ જયતાના શ્રેય માટે દેરી કરાવી, તેમાં ભ૦ મહાવીરની પ્રતિમા પધરાવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેરાસરમાંની પાદુકા ઉપર ત્રણ લીટીનો લેખ છે તેનો સાર એ છે કે, સં૦ ૧૯....ના શ્રાવણ સુદિ ૬ ના રોજ સકલપંડિતશિરોમણિ પં૦ માણેકવિજયના શિષ્ય પં૦ શાંતિવિજય, તેના શિષ્ય પં૦ રવિવિજયની પાદુકા છે.

અહીં ધાતુમૂર્તિઓ ઉપર નીચે મુજબના લેખ છે—

§ સં૦ ૧૫૦૭, શાંતિનાથ, પ્રતિષ્ઠાપક તપા૦ આ૦ રત્નશેખરસૂરિ.

§ સં૦ ૧૫૬૪ના જેઠ સુદિ ૧૨ શુક્રવાર, સંભવનાથ, પ્ર૦ આ૦ લબ્ધિસાગરસૂરિ.

§ સં૦ ૧૪૮૦ જેઠ સુદિ ૧૩, પોરવાડ જયતાક, જયતલદેએ મુનિસુવ્રતસ્વામીનું બિંબ કરાવ્યું. પ્ર૦ તપા૦ આ૦ સોમસુંદરસૂરિ.

§ સં૦ ૧૫૨૧ પોષ સુદિ ૧૧ શનિ, નેમિનાથ, દ્વિવંદનીક વૃદ્ધશાખાના આ૦ સિદ્ધસૂરિ. ઉનાઉઆ-વાસ્તવ્ય.

શ્રુતકેવલિકલ્પ મહોપાધ્યાય યશોવિજયજીગણિની આજ્ઞા પ્રમાણે છેવટે સં૦ ૧૭૪૯ માં આ૦ જ્ઞાનવિમલસૂરિએ ક્રિયોદ્ધાર કરી અહીં સંવેગી માર્ગ સ્વીકાર્યો.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

*

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ આડત્રીશમું

*

## આ૦ સર્વદેવસૂરિ

આ૦ દેવસૂરિની પાટે આ૦ સર્વદેવસૂરિ થયા. આ આચાર્યશ્રીના જીવન વિશે કોઈ ઉલ્લેખ મળતો નથી. માત્ર તેમણે આ૦ વિજયચંદ્ર, આ૦ યશોભદ્ર, આ૦ જયસિંહ, આ૦ નેમિચંદ્ર, આ૦ રવિપ્રભ, આ૦ ચંદ્રપ્રભ વગેરે આઠને આચાર્યપદવી આપી હતી, એટલી હકીકત જાણવા મળે છે. આ૦ નેમિચંદ્ર સં૦ ૧૧૨૯ અને સં૦ ૧૧૩૯ના ગાળામાં આચાર્ય થયા હતા એટલે સંભવ છે કે, આ૦ સર્વદેવસૂરિ સં૦ ૧૦૩૭ માં સ્વર્ગસ્થ થયા હશે, પરંતુ બીજી રીતે સં૦ ૧૧૯૫ પણ મળે છે.

### વડગચ્છ

આ૦ જયસિંહસૂરિની પટ્ટાવલી આ પ્રકારે મળે છે.—

૩૯. આ૦ જયસિંહસૂરિ—તેઓ વડગચ્છના આચાર્ય હતા. આ૦ સર્વદેવસૂરિના હાથે આચાર્ય બન્યા હતા.[૧]

૪૦. આ૦ ચંદ્રપ્રભ, ૪૧. આ૦ ધર્મઘોષ, ૪૨. આ૦ શીલગુણ.

૪૩. આ૦ માનતુંગસૂરિ—તેમણે 'સિદ્ધજયંતી' ગ્રંથ રચ્યો છે. તેમાં 'ભગવતીસૂત્ર'માં નિર્દિષ્ટ કૌશાંબીની રાજકુમારી જયંતીના પ્રશ્નોત્તરોનો સંગ્રહ કર્યો છે.

૪૪. આ૦ મલયપ્રભસૂરિ—તેઓ પોરવાડજ્ઞાતીય શેઠ શુભંકરના વંશના સેવાકપુત્ર યશોધન, તેમના પુત્ર સુમદેવના પુત્ર હતા. આ વંશમાંથી આ૦ મલયપ્રભ, આ૦ વાદિદેવસૂરિ પરંપરાના આ૦ નં૦

૧. તેમની પટ્ટપરંપરા અને પૂનમિયા-ત્રિસ્તુતિક મતની પરંપરામાં નામની સામ્યતા જોવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪૩, આ૦ મદનચંદ્ર, આ૦ ઉદયચંદ્ર, આ૦ લલિતકીર્તિ, આ૦ જયદેવ, પં૦ ધનકુમારગણી, સાધ્વી જિનસુંદરી ગણિની, સાધ્વી ચંદનબાલા ગણિની વગેરે દીક્ષિત થયાં હતાં.

આ૦ મલયપ્રભસૂરિએ સં૦ ૧૨૬૦ માં 'સિદ્ધજયંતી' ગ્રંથની વૃત્તિ રચેલી છે. તેની સં૦ ૧૨૬૧ માં પોરવાડજ્ઞાતીય શેઠ યશોદેવની પત્ની શ્રાવિકા નાઉએ પં૦ મુંજાલ પાસે મુંકુશિકા ગામમાં પ્રતિ લખાવી અને તે આ૦ અજિતપ્રભસૂરિને તેણે વહોરાવી હતી.

(–પિટર્સનનો રિપોર્ટ ૩, પૃ૦ ૩૭, ૪૩, ૪૫, જૈન પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ, પુષ્પિકા : ૧૩, ૨૩)

૪૫. આ૦ સમંતભદ્રસૂરિ—સં૦ ૧૨૮૬ ના ફાગણ સુદિ ૩ ના ઉલ્લેખમાં તેઓ પોતાને ચંદ્રગચ્છના બતાવે છે.

વડગચ્છના આ૦ માનતુંગના વંશના આ૦ ધર્મચંદ્રના પટ્ટધર આ૦ વિનયચંદ્રના ઉપદેશથી સં૦ ૧૪૪૩ ના કાર્તિક વદિ ૧૪ ને શુક્રવારે રાજા વનવીર ચૌહાણના સમયમાં નાડલાઈના ઉજ્જયંતાવતાર તીર્થનો જીર્ણોદ્ધાર થયો હતો. (–પ્રક૦ ૩૪, પૃ૦ ૬૦૫)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ૩૮. આ૦ સર્વદેવસૂરિ—

આ૦ સર્વદેવસૂરિએ સં૦ ૧૦૨૩ ના માહ સુદિ ૧૦ ના રોજ શંખેશ્વરતીર્થમાં લોહિયાણના રાજાને ઉપદેશ આપી જૈન બનાવ્યો. તે બાર વ્રતધારી શ્રાવક થયો પણ સંયોગવશાત્ બદલાઈ ગયો. છેવટે પાંચેક વર્ષ પછી ફરીથી એ જ તીર્થમાં તેને દઢ વ્રતધારી બનાવ્યો. આ રાજાએ જૈનધર્મનાં સારાં કાર્યો કર્યાં.[1]

૧. પૂજ્ય જયંતવિજયજી મહારાજ જણાવે છે કે, અંચલગચ્છની પટ્ટાવલીમાં આ ઘટનાનો સં૦ ૭૨૩ આપ્યો છે અને એ સાલમાં ૩૦૦ વર્ષ ઉમેરવાથી બરાબર વિક્રમ સંવત સાથે મેળ મળી રહે છે. એ રીતે આ ઘટના સં૦ ૧૦૨૩ માં બની હતી. (–શંખેશ્વર મહાતીર્થ)

પરંતુ અમને તો આ સં૦ ૭૨૩ તે વહી લખવાના પ્રારંભનો ચૈત્યવાસી સંવત લાગે છે એટલે આમાં ૪૭૨ વર્ષ ઉમેરવાથી વિક્રમ સંવત બનશે. આ રીતે આ ઘટના સં૦ ૧૧૯૫માં બની છે, એમ મનાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૯. આ૦ રવિપ્રભસૂરિ—તેમને આ૦ સર્વદેવે આચાર્યપદવી આપી હતી.

૪૦. **આ૦ રત્નસિંહસૂરિ**—તેમને સૈદ્ધાંતિક આ૦ મુનિચંદ્રસૂરિએ આચાર્યપદવી આપી હતી.

૪૧. **આ૦ વિનયચંદ્રસૂરિ**—તેમણે ચોવીશ તીર્થંકરોનાં ચરિત્રો, વીશ પ્રબંધો, સં૦ ૧૨૮૫ માં 'પાર્શ્વનાથચરિત્ર', સં૦ ૧૨૮૬ માં 'મલ્લિનાથચરિત્ર', તે પછી 'મુનિસુવ્રતચરિત્ર' સર્ગ : ૮, આ૦ બપ્પભટ્ટિસૂરિની 'કવિશિક્ષા'ના આધારે 'કવિશિક્ષા' વગેરે ગ્રંથો રચ્યા છે; જેમાં ભારતના ૮૪ દેશોની માહિતી આપી છે. તેમણે કચ્છુલીવાલગચ્છના **આ૦ ઉદયસિંહે** સં૦ ૧૨૮૬ માં રચેલી 'ધર્મવિધિ-વૃત્તિ'નું સંશોધન કર્યું હતું. સં૦ ૧૩૨૫ માં 'કલ્પદુર્ગપદનિરુક્ત' સં૦ ૧૩૪૫ માં 'દીપાલિકાકલ્પ, નેમિનાથચતુષ્પદિકા (ચોપાઈ ૪૦), આનંદસંધિ, ઉપદેશમાલાકથાનકછપ્પય' વગેરે ગ્રંથો રચેલા છે. (જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૨૭)

**આ૦ મહેન્દ્રસૂરિ અને વાચનાચાર્ય શોભન—**

આ૦ મહેંદ્રસૂરિ ચંદ્રગચ્છના હતા. પ્રાસુક વસતીમાં ઊતરનારા વિહરુક આચાર્ય હતા. તેઓ વિદ્વાન હતા. તેમની ઉપદેશશક્તિ અમોઘ હતી. તેઓ અંગવિજ્જા અને ચૂડામણિશાસ્ત્રના જાણકાર હતા. બીજી રીતે પણ તેઓ નિઃસ્પૃહ હતા. એક વેળા તેઓ વિહાર કરતા કરતા ધારાનગરીમાં પધાર્યા.

મધ્ય ભારતના સાંકાશ્ય નગરનો પંડિત દેવર્ષિ, જે ધારામાં આવીને વસ્યો હતો, તેણે પોતાનું ધન ગુપ્તરીતે ભૂમિમાં દાટી રાખ્યું હતું. તેનો પુત્ર સર્વદેવ તે ધનની ભાળ મેળવવા પ્રયત્નશીલ હતો. સર્વદેવ બ્રાહ્મણ ધર્મનો ઉપાસક હતો, છતાં વિદ્વત્તા, ત્યાગ, સત્યવાદિતા અને વિશિષ્ટ જ્ઞાનશક્તિના કારણે જૈન મુનિઓ પ્રતિ તેને આકર્ષણ હતું. તેને ધનપાલ અને શોભન નામે બે વિદ્વાન પુત્રો હતા.

ધારામાં આવેલા આ૦ મહેન્દ્રસૂરિની વિદ્વત્તા વિશે તેણે જાણ્યું. ચૂડામણિશાસ્ત્રના જાણકાર તે આચાર્યશ્રી પાસે સર્વદેવ ગયો અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકાંતમાં તેમને વિનંતિ કરી કે, 'મારા પિતાએ મારા ઘરમાં ધન દાટેલું છે આપ કૃપા કરીને મને એ સ્થાન બતાવશો તો મને ભારે આનંદ થશે. એ ધનમાંથી આપને અડધું ધન આપીશ. આપને પણ લાભ થશે.'

ગુરુએ જણાવ્યું કે, 'તારા ઘરની સઘળી વસ્તુઓમાંથી હું માગું તે અડધું તારે મને આપવું.' પંડિતે તે કબૂલ કર્યું અને આચાર્ય મહારાજે બતાવેલા સ્થાનમાંથી પુષ્કળ ધન મેળવ્યું. તે આચાર્યશ્રીને ધન દેવા માટે ગયો પણ આચાર્યશ્રીએ ધન લેવાની ના પાડીને જણાવ્યું કે, 'તારે આપવું હોય તો ઘરની વસ્તુઓ પૈકી તારા બે પુત્રોમાંથી મને એક પુત્ર આપ.'

આ સાંભળી પંડિત વિમાસણમાં પડી ગયો, પણ તેણે પોતાની કબૂલાત પાળવા માટે બંને પુત્રોને એક પછી એક બોલાવી જણાવ્યું કે, 'તું આચાર્યનો શિષ્ય બની મને ઋણમાંથી છોડાવ—મને આ સંકટમાંથી મુક્ત કર.'

પિતાનું આ વચન સાંભળી ધનપાલ ધમધમી ઊઠ્યો : તેણે ઉત્તર વાળ્યો કે, 'પિતાજી! હું બ્રાહ્મણનો પુત્ર છું, ભૂદેવ છું, મુંજરાજનો માનીતો અને ભોજરાજનો મિત્ર છું. હું જૈન સાધુ બનું એ ત્રણે કાળમાં બનવાનું નથી. તમારું તમે જાણો. આ વાત મને પૂછશો નહીં.'

બીજો પુત્ર શોભન પિતાજીને ખૂબ વહાલો હતો. પિતા તેને આપવા નાખુશ હતા. આમ છતાં તેમણે શોભનને પૂછ્યું ત્યારે શોભને એ વાતનો સહર્ષ સ્વીકાર કરતાં જણાવ્યું : 'પિતાજી! હું જૈન સાધુ થવાને તૈયાર છું. આપની આજ્ઞા માથે ચડાવું છું. મને ગુરુજીના ખોળામાં બેસાડો, હું તેમનો ભક્ત બનીશ. મારું જીવન પવિત્રપણે ગાળીશ.'

બસ, પંડિતજીની આશા ફળીભૂત થઈ. તેઓ શોભનને લઈને ઉપાશ્રયે ગયા અને આચાર્યશ્રીને શોભન અર્પણ કર્યો. તેમણે ગળગળા અવાજે આચાર્યશ્રીને વિનંતિ કરી કે, 'મહારાજ! આ મારો પુત્ર મને ખૂબ વહાલો છે. આપને પણ પ્રિય લાગે એવો છે. તેને દીક્ષા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપી મારું કુળ અજવાળે અને આપનું નામ દિપાવે એવું ઘડતર કરજો. આચાર્યશ્રીએ શોભનને દીક્ષા આપી અને ત્યાંથી ગુજરાત તરફ વિહાર કર્યો.

**પં૦ ધનપાલે** જ્યારે શોભનની દીક્ષાનો પ્રસંગ સાંભળ્યો ત્યારે તેને ખૂબ ગુસ્સો આવ્યો. તેણે મુંજરાજ અને ભોજરાજ પાસે જઈને કહ્યું: 'જૈન સાધુઓ શાંતિના બહાના હેઠળ કુમળા બાળકોને ફોસલાવી-ને લઈ જાય છે' એમ સમજાવી રાજ-આજ્ઞા દ્વારા માળવામાં જૈન શ્વેતાંબર સાધુનો વિહાર બંધ કરાવ્યો. ધારાનગરીના જૈનસંઘે આ૦ મહેન્દ્રસૂરિને આ ખબર પહોંચાડી.

શોભન મુનિને આ ઘટનાની જાણ થતાં એમણે વિચાર કર્યો કે, મારા કારણે આ કપરી ઘટના બની છે તો તેના નિવારણનો ઉપાય પણ મારે જ કરવો જોઈએ. તેઓ વાચનાચાર્ય બન્યા પછી ગુરુની આજ્ઞા મેળવીને ધારાનગરીમાં પધાર્યા. તેમના શિષ્યો કવિ ધનપાલને ત્યાં ભિક્ષા અર્થે ગયા. તેમના ઘરમાં ત્રણ દિવસનું દહીં હતું. દહીંમાં ત્રસ જીવો ઉત્પન્ન થઈ ગયા છે એમ જણાવી દહીં લેવાની ના પાડી. કવિ ધનપાલે ત્યાં નજીક આવી પૂછ્યું: 'આમાં જીવો ક્યાં દેખાય છે?'

મુનિઓએ ધનપાલને અળતાનો ભૂકો મંગાવવા જણાવ્યું. એ ભૂકો દહીં ઉપર ભભરાવ્યો. દહીંમાં ઉત્પન્ન થયેલા જીવો ઉપર તરી આવ્યા તે બતાવ્યા. ધનપાલને મુનિઓ ઉપર શ્રદ્ધા બેઠી. તેને જૈન સિદ્ધાંત વિજ્ઞાનસિદ્ધ હોવા માટેનો વિશ્વાસ ઉત્પન્ન થયો. તેઓ બપોરે શોભન મુનિ પાસે આવ્યા. તેમને નમસ્કાર કરીને જૈન ત્યાગની પ્રશંસા કરી, જૈન સિદ્ધાંતો વિશે વિશેષપણે જાણવાની ઇચ્છા દર્શાવી.

વા૦ શોભને તેને સુદેવ-કુદેવ, સુગુરુ-કુગુરુ, સુધર્મ-કુધર્મનું સ્વરૂપ સમજાવ્યું અને તેને સાચો જૈન બનાવ્યો. એ પછી કવિએ રાજાને સમજાવી, જૈન સાધુઓને માળવામાં વિહાર કરવાની છૂટ અપાવી. કવિ આ૦ મહેન્દ્રસૂરિને ધારામાં મહોત્સવપૂર્વક લઈ આવ્યો ને તેમણે જૈનધર્મનું સર્વતોમુખી જ્ઞાન પ્રાપ્ત કર્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વા૦ શોભન મુનિએ એક વાર યમકાલંકારમાં ચોવીશ તીર્થંકરોની સ્તુતિઓ (પદ્ય-૯૬) બનાવી. ગુરુએ તેની ભારે પ્રશંસા કરી. કવિને પણ પોતાના ભાઈ માટે ગૌરવ ઊપજ્યું. કવિએ તે સ્તુતિઓની ટીકા રચી અને તેમાં શોભન મુનિનો આ રીતે પરિચય આપ્યો—

'પંડિત દેવર્ષિના પૌત્ર અને પં૦ સર્વદેવના પુત્ર શોભન (જૈન) મુનિ થયા. (૧-૨) તેમની આંખો કમળ જેવી વિસ્તૃત છે, શરીર રૂપાળું અને ગુણોથી તેઓ પૂજનીય છે. તેઓ તેમના નામથી જ નહીં પણ શરીરથીયે શોભન છે. (૩) તેઓ તેમના સર્વ દર્શનોના જાણકાર છે. સાહિત્યના પારગામી છે. મહાકવિઓના નમૂનારૂપે છે. (૪) તેઓ બાલબ્રહ્મચારી છે, કામવિજેતા છે. સર્વ પાપક્રિયાઓથી રહિત છે. (૫) જે મોટા ધર્મમૂર્તિ સ્વરૂપ છે, જેમણે સહજપણે કદાપિ કોઈ જીવનેય માર્યો નથી વગેરે (૬).

કવિ ધનપાલ તથા આ૦ મહેન્દ્રસૂરિ સં૦ ૧૦૯૦ પછી સ્વર્ગસ્થ થયા હતા. (-પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, શોભન સ્તુતિ-ટીકા.)

જૈન સાઈટ JAINSITE .com જયતિ શાસનમ્

**આ૦ દ્રોણાચાર્ય અને આ૦ સૂરાચાર્ય—**

નાડોલના પ્રદેશમાં જે ચૌહાણ ક્ષત્રિયો વસતા હતા તેઓ પ્રથમ તો નિર્વૃતિગચ્છના ચૈત્યવાસીઓને અને પછીથી ચતુર્દશીપક્ષના શ્રીપૂજ્યોને પોતાના કુળગુરુ માનતા હતા.

"સીસોદિયા સાંડેસરા, ચૌદસિયા ચૌહાણ;
ચૈત્યવાસિયા ચાવડા, કુલગુરુ એહ પ્રમાણ."

નાડોલના પ્રદેશમાં સંગ્રામસિંહ અને દ્રોણસિંહ નામે બે ચૌહાણ ભાઈઓ વસતા હતા. દ્રોણસિંહે નિર્વૃતિગચ્છમાં દીક્ષા લીધી. તેઓ ચૈત્યવાસી હતા. તેઓ આગમના પરગામી પંડિત હતા, જેઓ ઇતિહાસમાં દ્રોણાચાર્યના નામે ખ્યાતિ પામેલા છે. તેઓ ગુજરાતના રાજા ભીમદેવ (સં૦ ૧૦૭૮ થી સં૦ ૧૧૨૦)ના મામા થતા હતા. રાજદરબારમાં તેમની ઘણી પ્રતિષ્ઠા હતી. રાજવંશો સાથેનો ઘનિષ્ટ સંબંધ, વિદ્વત્તા અને ત્યાગ એ ત્રિવેણી સંગમ જ્યાં હોય ત્યાં તીર્થ ગુણ પ્રગટે છે. તેમનામાં એવી તીર્થરૂપતા હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંદ્રકુળના સુવિહિત આ૦ અભયદેવસૂરિએ સં૦ ૧૧૨૦ લગભગમાં મૂળ નવ અંગો, પંચાસગ વગેરેની વૃત્તિઓ બનાવી છે જેનું સંશોધન શ્રી દ્રોણાચાર્ય પાસે કરાવ્યું હતું. એવા એ વિશ્રુત શ્રુતધર હતા. શ્રી દ્રોણાચાર્યે સં૦ ૧૧૪૯ માં 'ઓઘનિર્યુક્તિ'ની વૃત્તિ રચેલી છે તેમાં તેમની વિદ્વત્તાનો પરિચય મળે છે.[1] તેમણે ઘણાયે ચૌહાણો અને સોલંકીઓને જૈન બનાવ્યા હતા.

આચાર્યશ્રીના જીવન વિશે વિશેષ હકીકત જાણવા મળતી નથી, પણ એટલું ચોક્કસ છે કે, તેઓ એમના સમયમાં બહુમાન્ય આચાર્ય હતા. તેમનો સમય સં૦ ૧૦૯૦ થી સં૦ ૧૧૪૫ સુધીનો કલ્પી શકાય. તેમની પાટે પ્રસિદ્ધ વાદી આ૦ સૂરાચાર્ય થયા, જેઓ સંસારી સંબંધમાં તેમના ભત્રીજા થતા હતા.

(–પ્રભાવકચરિત્ર, નવાંગીવૃત્તિની પ્રશસ્તિઓ)

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

ગુજરાતના રાજા દુર્લભરાજ અને નાગરાજ—બંને ભાઈઓ નાડોલના ચૌહાણ રાજા મહેંદ્રની બે સગી બહેનોને પરણ્યા હતા. એટલે નાડોલના ચૌહાણ રાજાને ત્યાં ભીમદેવનું મોસાળ ગણાય. ત્યાં સંગ્રામસિંહ અને દ્રોણસિંહ નામે બે ચૌહાણ ભાઈઓ હતા. તે પૈકી દ્રોણસિંહ તો બચપણથી જ જૈન સાધુ બની દ્રોણાચાર્યની ખ્યાતિ મેળવી ચૂકયા હતા. સંગ્રામસિંહનો પુત્ર મહીપાલ તીવ્ર

૧. 'ઓઘણિજ્જુત્તિ'ની ગ્રંથાગ્ર સંખ્યાની નોંધ જુદી જુદી મળે છે તે આ પ્રમાણે—

(अ) ગ્રંથાગ્ર : ૧૧૬૪ (૧૧૭૦) –પ્રક૦ ૬, પૃ૦ ૧૨૭.

(आ) ગ્રંથાગ્ર : ૧૧૩૨, સં૦ ૧૧૫૪ માં લખાયેલી પ્રતિ.

(જૂઓ, જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૭)

(इ) एक्कारसहिं सएहिं अट्ठहि अहएहिं सम्मत्ता ।
ग्रन्थाग्रं प्रत्येकाङ्कतः । गाथा ॥ संवत् ११८१ ज्येष्ठ, कृष्ण १३ गुरौ मुनिचन्द्रसाधुना लिखितेति ।

(–જૈન પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ, પુષ્પિકા : ૨૬)

આ સ્થિતિમાં ગ્રંથાગ્ર ચોક્કસ થઈ શકે એમ નથી. અમે સમકાલીનતાનો વિચાર કરી અનુમાન કર્યું છે કે ઓઘનિર્યુક્તિની રચના સં૦ ૧૧૪૯ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બુદ્ધિશાળી અને ઉત્તમ લક્ષણવાળો હતો. સંગ્રામસિંહના મરણ બાદ તેની પત્નીએ આ બાળક દ્રોણાચાર્યને સોંપી દીધો હતો. આચાર્યશ્રીએ તેને વ્યાકરણ, ન્યાય, સાહિત્ય તથા સિદ્ધાંત શાસ્ત્રોનો પારગામી વિદ્વાન બનાવીને દીક્ષા આપી હતી. તેમણે તેને આચાર્યપદને યોગ્ય બનાવી સૂરાચાર્ય નામ આપીને પોતાની પાટે સ્થાપન કર્યો હતો.

શ્રીદ્રોણાચાર્ય રાજા ભીમદેવના મામા થતા હતા અને સૂરાચાર્ય મામાઈ ભાઈ થતા હતા. આથી પણ તે તેમને ખૂબ માનતો હતો.

એકવાર રાજા ભોજે પાટણના રાજપંડિતોની પરીક્ષા કરવા માટે સંધિપાલ મંત્રી સાથે નીચેની ગાથા લખી મોકલાવી—

"हेला निद्दलिय गइंदकुंभपाडयपडावपसरस्स ।
सीहस्स मियेण समं निग्गहो नेह संधाणं ॥"

—જે રમત રમતમાં હાથીઓના કુંભસ્થળને તોડવામાં પ્રતાપી છે એવા સિંહને હરણ સાથે લડાઈ કરવાનું કે મૈત્રી કરવાનું ન શોભે.

ગુજરાતના પંડિતોએ તેનો ઉત્તર ઘડ્યો પણ રાજા ભીમદેવને તે પસંદ ન પડ્યો. આથી રાજાએ આ૦ ગોવિંદાચાર્યને રાજસભામાં બોલાવી આ ગાથાનો ઉત્તર આપવા વિનંતિ કરી. ત્યારે સાથે રહેલા આ૦ સૂરાચાર્યે તરત જ તેના ઉત્તરરૂપે નીચેની ગાથા બનાવી, કહી સંભળાવી—

"अंधयसुयाण कालो भीमो पुहवीम्मि णिम्मिओ विहिणा ।
जेण सयंपि न गणियं का गणना तुज्झ एक्कस्स ॥"

—વિધાતાએ અંધકના સો પુત્રોના વિનાશ માટે ભૂમિ ઉપર એક ભીમને બનાવ્યો, જેણે સોનેય ન ગણ્યા તો તેની આગળ તારા જેવા એકની શી ગણના ?

રાજા ભીમ તો આ ચમત્કારભરી રચનાથી ખૂબ ખુશ થયો, જ્યારે રાજા ભોજ આ ગાથા સાંભળી ચુપ બની દાંત કચકચાવવા લાગ્યો. તેણે આવા ઉત્તરના રચયિતા સામે યુક્તિથી કામ લેવાનો વિચાર કર્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૦૮૪ પછીનો આ પ્રસંગ હતો. **શ્રીસૂરાચાર્ય** વાચનાચાર્ય પણ હતા. તેઓ શિષ્યોને ભણાવતા હતા. તેમને એવો ગર્વ હતો કે મારા શિષ્યોને મારા જેવા ઉચ્ચ કોટિના વિદ્વાન બનાવું. પણ સૌની બુદ્ધિ એકસરખી હોતી નથી. તેથી શિષ્યો અર્થનું બરાબર અવધારણ ન કરે તો આચાર્યશ્રી તેમને ઓઘાથી શિક્ષા કરતા. આ રીતે મારતાં મારતાં ઓઘાની દાંડી વારંવાર તૂટી જતી. આથી આચાર્યશ્રીએ એક શ્રાવક પાસે લોઢાની દાંડી લાવવા જણાવ્યું. આ૦ દ્રોણાચાર્યને આ વાતની ખબર પડી ત્યારે તેમણે સ્નેહથી શ્રીસૂરાચાર્યને જણાવ્યું: 'લોઢાની દાંડી એ તો યમરાજનું શસ્ત્ર છે. સાધુને એ તો પરિગ્રહરૂપ છે. આથી એવી દાંડી ત્યાજ્ય ગણાય. તું એવી ભૂલ કરીશ મા.'

શ્રીસૂરાચાર્યે નમ્રતાથી જવાબ વાળ્યો કે, 'પૂજ્યશ્રી! આપનો હાથ મારા ઉપર છે તો મારામાં એવી નિર્દયતા આવવાની નથી. લોહદંડ બતાવવા માટે છે, મારવા માટે નહીં અને એ પણ મારા શિષ્યોમાં મારા ગુણો ઊતરે એ માટે જ પ્રયત્ન છે.'

ગુરુજીએ કહ્યું: 'વત્સ! તારામાં કયા ગુણો છે? થોડું ભણ્યો ત્યાં અભિમાન આવી ગયું?'

સૂરાચાર્યે વિનમ્રપણે કહ્યું: 'પ્રભો! મને ગર્વ નથી પણ મેં પ્રતિજ્ઞા કરી છે કે, મારે એવા વિદ્યાર્થીઓ તૈયાર કરવા છે કે જે સર્વ સ્થળે વાદીઓને જીતી લે, આપનું નામ વધારે અને જૈન શાસનને ઉન્નત બનાવે.'

ગુરુ મહારાજે હસીને જવાબ આપ્યો: 'ઓછી બુદ્ધિવાળા શિષ્યો પાસેથી આવી આશા ન રખાય. તારે જૈનશાસનની ખરેખર પ્રભાવના કરવી જ હોય તો માળવામાં જઈ ભોજરાજાની પંડિતસભાને જીતી આવ.'

પોતાની વિદ્વત્તા માટે જેને આત્મવિશ્વાસ હતો એવા સૂરાચાર્યે ગુરુના આ ટોણાને આજ્ઞારૂપે વધાવી લીધો. તેમણે ગુરુનો આશીર્વાદ માગતાં પ્રતિજ્ઞા કરી કે, 'હું જ્યાં સુધી ભોજરાજની પંડિતસભાને જીતી ન લઉં ત્યાં સુધી હું છ વિગયનો ત્યાગ કરીશ.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુરુએ સૂરાચાર્યની પીઠ થાબડી 'શાબાશ' કહી માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યો.

આ તરફ ભોજરાજે તેમની ગાથાના ઉત્તરદાયક શ્રીસૂરાચાર્યને માળવા બોલાવવા દૂત મોકલ્યો. દૂતે રાજા ભીમદેવ પાસે આવીને શ્રીસૂરાચાર્યને મોકલવા વિનંતિ કરી.

શ્રીસૂરાચાર્યને ગુરુના આશીર્વાદ ઉપર આ કહેણ ઇષ્ટાપત્તિ જેવું લાગ્યું. તેમણે ધારા તરફ પ્રયાણ કર્યું. ભોજરાજે શ્રીસૂરાચાર્યને હાથી ઉપર બેસાડી ધારામાં પ્રવેશ કરાવ્યો. તેઓ જિનમંદિરમાં દર્શન કરી ચૈત્યવાસી આચાર્ય ચૂડ સરસ્વતીના ઉપાશ્રયમાં આવી ઊતર્યા.

એક દિવસે ભોજરાજને જુદાં જુદાં દર્શનોના વિવિધ વિધાનો જોઈ તેઓને એક કરવાનું સૂઝયું. તેણે છયે દર્શનોના તેમજ ઉપદર્શનોના હજારેક ધર્માચાર્યોને બોલાવી એક વાડામાં પૂર્યા અને જણાવ્યું કે, 'તમે સૌ જુદો જુદો ધર્મવિધિ બતાવી જનતાને ભ્રમમાં નાખો છો તો તમે સૌ મળીને એક એવું દર્શન બનાવો કે જનતાને ભ્રમણા ન રહે. તમે આવી વ્યવસ્થા કરશો તો જ અહીંથી છૂટી શકશો.'

JAINSITE .com જૈન સાઇટ જૈનમ્ જયતિ શાસનમ્

સૌએ મળીને શ્રીસૂરાચાર્યને આ વાતની જાણ કરી અને તેમને વિનંતિ કરી કે, 'ગુજરાત એના વિવેક અને વ્યવહારકુશળતા માટે ખ્યાત છે, આપ ગુજરાતના વિદ્વાન છો, બુદ્ધિમાન છો તો એવો ઉપાય યોજો કે રાજવીની આવી જીદ મટે.' શ્રીસૂરાચાર્યે તે ધર્માચાર્યોને આશ્વાસન આપ્યું અને તેઓ ભોજરાજને મળ્યા.

આચાર્ય : 'રાજન્! તેં આ પંડિતોને વાડામાં પૂર્યા છે તેથી મને બહુ દુ:ખ થાય છે. હું ગુજરાત તરફ જવાને તારી અનુજ્ઞા લેવા આવ્યો છું. ત્યાં જઈને આ ઘટના વિશે હું રાજા ભીમદેવને જણાવીશ.'

ભોજરાજ : 'તમે અમારા અતિથિ છો તેથી હું તમને કંઈ પણ કહી શકું તેમ નથી, પણ તમે એ વાત મને સમજાવો કે આ દર્શનો જુદાં જુદાં કેમ છે?

આચાર્ય : 'રાજન્! ધારાનગરમાં ૮૪ પ્રાસાદ, ૮૪ ચૌટાં, ૮૪ બજાર વગેરે અલગ અલગ કેમ છે? તમારા હિસાબે તો એ દરેકને

એક સ્થાને એક કરી દેવાં જોઈએ, એમ કરવાથી ઘરાકોને ભમવાનું દુઃખ ટળી જશે.'

ભોજરાજ : 'સૌને જુદો જુદો માલ જોઈતો હોય છે, તે જો એક સ્થાને એકઠા થઈ જાય તો મોટી ગરબડ મચી જાય. આથી જરૂરિયાત મુજબ જુદી જુદી દુકાનો ગોઠવેલી છે. શહેરની વ્યવસ્થા જાળવવા માટે પણ એમ કરવું બહુ જરૂરી છે.'

આચાર્ય : 'હે રાજન્! પ્રજાની ભિન્ન ભિન્ન રુચિને પૂરી કરવા માટે જેમ જુદી જુદી દુકાનો ગોઠવી છે તેમ અલગ અલગ ધર્મવ્યવસ્થા પણ જરૂરી છે. એનો નાશ કયી રીતે ઇષ્ટ ગણાય? જૂઓ, સાંભળો—

'દયાપ્રેમી હોય તે જૈનધર્મ પાળે, ખાવા-પીવાનો શોખીન કૌલધર્મને સેવે, વ્યવહારને ઇચ્છનાર વેદોને માને અને મોક્ષ મેળવવાની ઇચ્છાવાળો નિરંજનદેવની ઉપાસના કરે.'

'આવા માનવસંસ્કારો ચિરકાળથી જામેલા છે. તો સ્વાભિમાની માનવી પોતે માનેલા દર્શનને એકદમ કેમ છોડી શકે?'

રાજાએ આચાર્યશ્રીની યુક્તિથી સંતોષ માન્યો અને બધા ધર્માચાર્યોને છોડી દીધા. ધારાનગરમાં સૌ કોઈ આચાર્યશ્રીની પ્રતિભાથી પ્રભાવિત થયા.

એકવાર આચાર્યશ્રી ધારાના સંસ્કૃતવિદ્યાલયમાં ગયા. ત્યાં 'ભોજવ્યાકરણ'નો અભ્યાસ ચાલતો હતો. તેમાં આ પ્રકારે મંગલાચરણ કરેલું હતું—

"चतुर्मुखमुखाम्भोजवनहंसवधूर्मम ।
मानसे रमतां नित्यं सर्वशुक्ला सरस्वती ॥"

આચાર્યે આ શ્લોક સાંભળીને કહ્યું, 'માળવામાં શું આવા વિદ્વાનો વસે છે? સૌ કોઈ સરસ્વતીને કુમારી, બ્રહ્મચારિણી માને છે જ્યારે આ શ્લોકમાં તેનું વધૂરૂપે વર્ણન કર્યું છે તે આશ્ચર્ય છે. દક્ષિણીઓ મામાની પુત્રીને પરણે છે, સૌરાષ્ટ્રવાસીઓ ભાભીને પણ પરણે છે તેમ માળવામાં શું પારકી સ્ત્રી માટે मानसे रमतां मम એવી છૂટ છે? ખરેખર, આ શ્લોક માળવાની વિશેષતા દર્શાવે છે.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અધ્યાપકે રાજા આગળ આ વૃત્તાંત કહ્યો અને તેને પણ વિચાર કરતો કરી મૂક્યો.

રાજવીએ સૂરાચાર્યને રાજસભામાં બોલાવી તેમનું મહામોંઘું સમ્માન કર્યું અને કવીશ્વર ધનપાલે પણ તેમની અસાધારણ બુદ્ધિની પ્રશંસા કરી.

એક વાર ભોજરાજે પોતાની રાજસભાના ૫૦૦ પંડિતોને જણાવ્યું કે, તમે સૂરાચાર્યને શાસ્ત્રાર્થમાં હરાવો તો ઠીક થાય. પરંતુ કોઈ પંડિત આગળ આવ્યો નહીં, સૌ ચૂપ રહ્યા. પણ એક ચતુર પંડિતે રાજાની સમ્મતિ મેળવી એક એવો તાગડો રચ્યો કે, એક ચતુર બુદ્ધિમાન ૧૬ વર્ષના ભોળા બાળકને ન્યાયના ખાસ ફકરાઓ ગોખાવી પોપટ પંડિત બનાવ્યો. આચાર્યશ્રીએ તેને વચમાં રોકીને પૂછ્યું : 'તું ખોટું પદ કેમ બોલ્યો ?' બાલ સરસ્વતીએ બેધડક કહ્યું: 'મહારાજ ! મને ખાતરી છે કે, મારી પાટીમાં એ જ પ્રમાણે લખેલું છે.'

સૂરાચાર્ય હસીને બોલ્યા : 'જેવો ભોજવ્યાકરણનો મંગલપાઠ એવો જ ભોજસભાનો આ શાસ્ત્રાર્થ ! માળવો જોયો અને માંડા પણ ખાધા. માલવરાજ ! બસ, હવે હું જાઉં છું.' એમ કહી તે ઉપાશ્રયે ચાલ્યા ગયા.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

રાજાના દિલમાં ક્રોધ અને શરમ માતાં નહોતાં. તેને એ દર્દ હતું કે, એ શૈવ નહીં પણ જૈન, બ્રાહ્મણ નહીં પણ ક્ષત્રિય, પંડિત નહીં પણ ભિક્ષુ, સાધારણ માનવી નહીં પણ એક શત્રુ રાજાનો ભાઈ અને તે પણ અંધય૦ ગાથાથી મારી બેઈજ્જતી કરનાર ગુજરાતી યુવાન ધારાની સભાને જીતીને માળવામાંથી જીવતો ચાલ્યો જાય છે. આ કેમ બની શકે ?

આ૦ ચૂડ સરસ્વતીએ સૂરાચાર્યને ચેતવી દીધા કે, 'તમે શાસનની પ્રભાવના માટે આ કરો છો તે સારી વાત છે પણ આ સભામાં જય કે પરાજય બંને સરખા છે. ભોજરાજ પોતાની સભાને જીતનારને જીવતો જવા દેતો નથી. મને દુઃખ થાય છે કે, તમારા માટે પણ એવો જ પ્રયત્ન થશે.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂરાચાર્યે કહ્યું કે, 'આપની કૃપાથી સૌ સારાં વાનાં થશે.'

કવીશ્વર ધનપાલે સૂરાચાર્યને જણાવ્યું કે, 'આપ ગુપચુપ મારે ત્યાં આવી જાઓ.'

બીજે દિવસે સવારે આ૦ ચૂડસરસ્વતીના ચૈત્ય અને ઉપાશ્રયની ચારે તરફ ઘોડેસવારોની પાકી ચોકી મુકવામાં આવી. ઊપરી ઘોડેસવારે આ૦ ચૂડસરસ્વતીને જણાવ્યું કે, 'ભોજરાજા સૂરાચાર્યને વિજયપત્ર આપવા બોલાવે છે તો તેમને સત્વર મોકલો.'

સૂરાચાર્ય પરિસ્થિતિને પામી ગયા. તેઓ ખરેબપોરે પ્રચંડ ગરમીમાં સુભટો ઓળખી ન શકે એ રીતે મેલું અને ફાટેલું વસ્ત્ર પહેરી હાથમાં ઘડો લઈ કવીશ્વરને ઘેર ચાલ્યા ગયા. કવિએ પોતાના ઘરના ભોંયરામાં તેમને છુપાવી રાખ્યા. તે પછી કવીશ્વરનો જીવ હેઠો બેઠો કે, હવે આચાર્ય બચી જશે. કવીશ્વરે એક પાનના વેપારીને દશ સોનામહોર આપી તેની સાથે આચાર્યશ્રીને ગુપ્તવેશમાં ગુજરાત તરફ મોકલી દીધા. આ ઘટના સં૦ ૧૦૮૪ પછી બની હતી.

આ તરફ ધારામાં સુભટોએ ત્રીજો પહોર થતાં એક પુષ્ટ દેહવાળા સાધુને પકડીને ભોજરાજાની સભામાં હાજર કર્યો. ભોજરાજા એને જોઈ આભો જ બની ગયો અને તેને સમજાઈ ગયું કે ગુજરાતી સાધુ મારી સભાને જ નહીં પણ મારી ચાલાકીને પણ જીતી ગયો છે.

**રાજા ભીમદેવને** આ સમાચાર મળતાં જ શ્રીદ્રોણાચાર્ય અને કેટલાક રાજપુરુષો શ્રીસૂરાચાર્યની સામે ગયા. પોતાનો શિષ્ય હેમખેમ પાછો આવી રહ્યો છે એ સમાચારે ગુરુજીને અપાર આનંદ થઈ રહ્યો હતો. શિષ્યે દૂરથી આવતા ગુરુજીને જોયા અને હાથ જોડ્યા. નજીક આવીને તે ગુરુજીના ચરણમાં નમી પડ્યા. દ્રોણાચાર્યે શિષ્યના માથે હાથ ફેરવતાં કહ્યું : 'પુત્ર! મારી આશા સફળ થઈ છે. તારી માતાની આશા તેં પૂર્ણ પૂરી કરી છે. તારા આવવાના સમાચારથી સંઘમાં આનંદ વર્તી રહ્યો છે.'

સૂરાચાર્યે નમ્રતાથી કહ્યું : 'ભગવન્! હું ઉતાવળો ઉતાવળો ધારામાં ગયો અને આપની કૃપાથી ભોજની સભાને જીતીને આવ્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છું. આ શિષ્યોએ આપને ફરિયાદ ન કરી હોત અને મેં ગર્વથી સભાને જીતવાની પ્રતિજ્ઞા લીધી ન હોત તો મારે માથે આપનો વરદ હાથ છે એનું કદાપિ જ્ઞાન થયું ન હોત.'

ગુરુએ કહ્યું : 'એ પ્રતિજ્ઞા દુષ્કર હતી જ. તું ગયો ત્યારથી આજ સુધી સૌ સાધુઓ તેમજ શ્રીસંઘે આયંબિલનું તપ ચાલુ રાખ્યું છે. આથી શાસનદેવીએ તારી રક્ષા કરી છે અને તારું મુખ જોવા સૌ ભાગ્યશાળી થયા છે. તું સાચે જ આપ્તજન છે, તું જ એ પ્રતિજ્ઞાને પૂરી શકે.'

રાજાએ કહ્યું કે, 'આપ સમર્થ છો તેથી જ ત્યાંથી સુખરૂપ અહીં આવી ગયા છો. શું ભોજને કોઈ સંતાન છે ?'

આચાર્યે જવાબ આપ્યો કે, 'રાજન્ ! આ જીભ ભીમદેવ સિવાય બીજાની પ્રશંસા કરતી નથી. મેં ભોજરાજને હિતશિક્ષા આપી કે, આબૂનો પરમારવંશ ભેદાશે અને ધારા રસાતલમાં ધસી પડશે.'

રાજા સહર્ષ બોલી ઊઠ્યો : 'મારો ભાઈ ભોજને જીતી આવ્યો છે ત્યારે હું પણ ભોજને અવશ્ય જીતી શકીશ.'

રાજા અને શ્રીસૂરાચાર્યે હાથી ઉપર બેસીને ધામધૂમથી પાટણમાં પ્રવેશ કર્યો.

શ્રીસૂરાચાર્યે લાગેલા દોષોનું ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત લીધું અને શુદ્ધ થયા. તેમણે સં૦ ૧૦૯૦ માં ગદ્ય-પદ્યમય 'નેમિનાથચરિત્ર'ની રચના કરી. તે પછી 'નાભેય-નેમિ દ્વિસંધાનકાવ્ય' રચ્યું. પોતાના શિષ્યોને વાદીન્દ્ર બનાવ્યા. નવા શિષ્યો વધાર્યા, શાસનની વિવિધ રીતે સેવા કરીને છેવટે ૩૫ દિવસનું અનશન કરી સ્વર્ગગમન કર્યું.

તેમના 'નાભેય-નેમિ દ્વિસંધાન'નું સંશોધન કવીશ્વર ધનપાલે કર્યું હતું.

શ્રીસૂરાચાર્ય સમર્થ વાદી, પ્રૌઢ પ્રજ્ઞાવાળા અને ધર્મપ્રચારની ધગશવાળા પ્રભાવક આચાર્ય હતા. તેમનો સમય સં૦ ૧૦૭૦ થી સં૦ ૧૧૫૦નો કલ્પી શકાય.

(—પ્રભાવકચરિત્ર, પ્રક૦ ૧૮, પ્રબંધચિંતામણિ)

જૈન સાઈટ JAINSITE .com શ્રીમદ્ ઉપાસ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આ૦ ગોવિંદસૂરિ, આ૦ વર્ધમાનસૂરિ—**

**શ્રીગોવિંદાચાર્ય** નિર્વૃતિકુલના ચૈત્યવાસી **વાચનાચાર્ય** હતા. તેમનું બીજું નામ આ૦ વિષ્ણુસૂરિ જાણવા મળે છે. તેમની પાસે ચૈત્યવાસી અને સંવેગી એ દરેક શ્રમણો ભણતા હતા. આચાર્ય પણ દરેકને પુત્ર જેવા વાત્સલ્યથી ભણાવતા હતા. ઇતિહાસ તેમના ચરિત્રના માત્ર ત્રણ પ્રસંગો રજૂ કરે છે. સંભવ છે કે આ આચાર્યે 'કર્મસ્તવ'ની ટીકા રચી હોય.

(૧) ધારાના રાજા ભોજદેવે ગુજરાતના રાજા પ્રથમ ભીમદેવના પંડિતોની પરીક્ષા કરવા માટે હેલા૦વાળો શ્લોક મોકલ્યો. ત્યારે રાજા ભીમદેવે વાચનાચાર્ય ગોવિંદને રાજસભામાં બોલાવી આ ગાથાનો સણસણતો જવાબ આપવાની વિનતિ કરી હતી. પાસે બેઠેલા સૂરાચાર્યે તેના ઉત્તરમાં તરત જ અંધય૦ ગાથા બનાવી આપી. પરિણામ એ આવ્યું કે, માળવા અને ગુજરાતની વચ્ચે તરતમાં ઝગડો થયો હતો તે અટકી ગયો અને ભોજરાજાએ આમંત્રણ મોકલી શ્રીસૂરાચાર્યને માળવામાં બોલાવ્યા હતા. (પ્રક૦ ૩૮)

(૨) તેઓ ગુજરાતના રાજા પ્રથમ કર્ણદેવ (સં૦ ૧૧૨૦ થી સં૦ ૧૧૫૦)ના બાલમિત્ર હતા. (પ્રબંધ ૨૦)

(૩) રાજા સિદ્ધરાજના સમયે સાંખ્યમતનો વાદી સિંહ આવ્યો હતો, જે અજેય મનાતો હતો. રાજાએ ગોવિંદાચાર્યને વિનતિ કરી. ગોવિંદાચાર્યની સૂચના મુજબ તેમના જ વિદ્યાશિષ્ય અને ભાવદેવાચાર્યગચ્છના આ૦ વીરસૂરિએ મત્તમયૂરછંદમાં અને અપહ્નુતિ અલંકારમાં વાદની સ્થાપના કરી. વાદી સિંહ તો આ કવિતા સાંભળીને જ મૌન બની ગયો અને ગુજરાતની પંડિતસભાને યશ મળ્યો.

આ ઉલ્લેખો પરથી સ્પષ્ટ છે કે, ગુજરાતના રાજાઓ ભીમદેવ, કર્ણદેવ અને સિદ્ધરાજદેવ ગોવિંદાચાર્યના ભક્તો હતા. વીરાચાર્ય જેવા તેમના વિદ્યાશિષ્યો હતા. તેમનો સમય વિ૦સં૦ ૧૦૮૦ થી ૧૧૮૦ના મધ્યગાળામાં કલ્પી શકાય એમ છે. આ૦ ગોવિંદસૂરિનું બીજું નામ આ૦ વિષ્ણુસૂરિ હોય તો તેઓ નિર્વૃતિકુલના અને કામ્યગચ્છ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ના હતા. તેમના પટ્ટધર આ૦ વર્ધમાનસૂરિ હતા. આ ગોવિંદાચાર્ય વાચકવંશના આ૦ ગોવિંદસૂરિથી જુદા હતા.

(-પ્રક૦ ૮, પૃ૦ ૧૮૮, પ્રક૦ ૩૫, પૃ૦ ૪૯)

**આ૦ વર્ધમાનસૂરિ**—તેઓ ગોવિંદસૂરિના શિષ્ય હતા. તેમણે સં૦ ૧૧૯૭ માં શાકટાયનના વ્યાકરણ પર 'ગણરત્નમહોદધિ' નામનો ગ્રંથ સ્વોપજ્ઞવૃત્તિ સાથે રચ્યો છે. તેમાં મૂળરૂપે શ્લોકબદ્ધ નામગણો આપ્યા છે અને તેની ટીકામાં ગણોના પ્રત્યેક પદની વ્યાખ્યા કરી છે. ઉદાહરણો તેમજ વિવિધ વૈયાકરણોના મતો આપી તેને બહુ વિશદ બનાવી છે.[1] 'ગણરત્નમહોદધિ' અને 'સિદ્ધહેમન્યાસ'ની રચના સમકાલીન મનાય છે. આ આચાર્યે સિદ્ધરાજના વર્ણનરૂપે કોઈ ગ્રંથની રચના કરી હોય એમ માનવામાં આવે છે.

આ૦ અભયદેવસૂરિ—તેમનો પરિચય અગાઉ (પ્રકરણ ૩૬, પૃ૦ ૨૧૬)માં આવી ગયો છે.

**આ૦ મહેશ્વરસૂરિ**—તેઓ પ્રસિદ્ધ મોટા જ્ઞાની અને યશસ્વી હતા. તેઓ સં૦ ૧૧૦૦ના ભાદરવા વદિ ૨ ને સોમવારે શ્રીપથાપુરીમાં શ્રીવિજય રાજાના સમયે સ્વર્ગે ગયા. તેમને સાધુ દેવ નામે શિષ્ય હતા. (જૂઓ, પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા૦ ૨, લે૦ : ૫૪૪)

કલકત્તામાં શ્રીપૂરણચંદજી નહારના જિનાલયમાં—

'સં૦ ૧૧૫૦ जेठ शु० १० महेश्वराचार्यश्रावक।' એવો પ્રતિમાલેખ છે. (-નહારજીનો જૈનલેખસંગ્રહ, લે૦ : ૩૮૭)

બીજા આ૦ મહેશ્વર માટે (જૂઓ, પ્રક૦ ૩૬, પૃ૦ ૨૧૧)

**શ્રીચંદનાચાર્ય**—આ આચાર્ય સંબંધી વિશેષ હકીકત મળતી નથી. પ્રાસંગિક વર્ણનોથી એટલું સમજાય છે કે, તેઓ માળવામાં વિક્રમની બારમી શતાબ્દીના પ્રારંભમાં વિદ્યમાન હતા. તેઓ **શીઘ્રકવિ** હતા, વૃદ્ધ સરસ્વતી બિરુદવાળા હતા. તેમણે સુલલિતપદોવાળી

---

૧. આ ગ્રંથ ઈ૦ સ૦ ૧૮૭૯ થી ૧૮૮૧ સુધીમાં એગલિંગે સંશોધન કરી છપાવ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'અશોકવતી-કથા' રચેલી છે. મહાકવિ સોડ્ઢલની 'ઉદયસુંદરી-કથા'માં તેમને **મહાકવિ** તરીકે અને પોતાના મિત્રરૂપે ઓળખાવ્યા છે.

માલવરાજ **ભોજ** (સં૦ ૧૦૫૨ થી સં૦ ૧૧૧૨) એક દિવસ સવારે શિલાનું નિશાન કરીને ધનુર્વેદનો અભ્યાસ કરતો હતો, ત્યારે શ્રીચંદનાચાર્ય પધાર્યા અને બોલ્યા કે—

> विद्धा विद्धा शिलेयं भवतु परमतः कार्मुकक्रीडितेन
>
> राजन् ! पाषाणवेधव्यसनरसिकतां मुञ्च देव ! प्रसीद ।
>
> क्रीडयं चेत् प्रवृद्धा कुलशिखरिकुलं केलिलक्ष्यं करोषि
>
> ध्वस्ताऽऽधारा धरित्री नृपतिलक ! तदा याति पातालमूलम् ।

'હે રાજન્! શિલા તો વીંધાઈ ગઈ, હવે ધનુષની રમતથી બસ થયું. હે નૃપતિલક! જો આ આદત વધતી જાય અને તું કુળપર્વતોને નિશાન બનાવી વીંધવા લાગે તો આ પૃથ્વી આધાર રહિત બની પાતાળના તળિયે ચાલી જાય. માટે હે નરદેવ! પથ્થરોને વીંધવા માટેની વધતી જતી આ આદતને તું છોડી દે, પ્રસન્ન થા.'

ભોજરાજ આ રીતની પોતાની પ્રશંસા સાંભળીને પ્રસન્ન થયો પરંતુ બીજી જ પળે આ શ્લોકનો બીજો કલ્પિત અર્થ ગોઠવીને નિરાશાપૂર્વક બોલ્યો કે, 'તમને સર્વ શાસ્ત્રોનું જ્ઞાન હોવા છતાં તમે આ રચના 'ध्वस्ता धारा'નો પ્રયોગ કર્યો છે તો ધારાનગરીનો નિકટમાં **વિનાશ** થવાનું સૂચવે છે. કેમકે, પ્રાચીન નિર્ગ્રંથોની સહજ રીતે નીકળેલી વાણી કદી જૂઠી પડતી નથી.

રાજા ભોજની આ અટકળ સાચી પડી અને ધારા ઉપર નાશની નોબત ગગડી.

ડાહલપતિ કલચૂરી રાજા **કર્ણદેવ**, ગુજરાતનો સોલંકી રાજા **ભીમદેવ** અને કર્ણાટકનો રાજા **સોમેશ્વર**—એ ત્રણેએ એકીસાથે ધારા ઉપર હલ્લો કર્યો. ભોજ રાજા આથી ગભરાઈ ગયો અને સં૦ ૧૧૧૨ માં તે જ રાતે મરણ પામ્યો ને ધારા નગરી ધ્વસ્ત થઈ.

(—જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૬૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધારા નાશ પામી અને ચંદનાચાર્યની અકસ્માત નીકળી પડેલી વાણી સાચી પડી. સંભવ છે કે, આ **ચંદનાચાર્ય ચૈત્યવાસી** હશે. તેઓ શીઘ્ર કવિ હતા એ વાત ચોક્કસ છે.

## મલધારગચ્છ

ચિત્તોડના સુપ્રસિદ્ધ રાજા અલ્લટે અલવર વસાવ્યું અને રાણી હરિયદેવીના નામથી હર્ષપુર વસાવ્યું. પુષ્કરની પાસેનું હાંસોટ એ જ હર્ષપુર હતું. ત્યાં શ્રી જૈનસંઘે આ૦ પ્રિયગ્રંથસૂરિની મજ્ઝિમા શાખાના પ્રશ્નવાહનકુલના આચાર્યોને પધરાવ્યા અને ત્યારથી એ પ્રશ્નવાહનકુલના શ્રમણોનું 'હર્ષપુરીયગચ્છ' નામ પડ્યું. તેમાં વિક્રમની બારમી સદીમાં આ૦ વિજયસિંહસૂરિ થયા. તેમના શિષ્ય આ૦ અભયદેવસૂરિથી ગુજરાતના રાજા કર્ણદેવ (સં૦ ૧૧૨૦ થી સં૦ ૧૧૫૦)ના સમયમાં હર્ષપુરીયગચ્છનું નામ 'મલધારગચ્છ' પડ્યું. આ ગચ્છની પરંપરા ઘણાં વર્ષો સુધી ચાલી હતી. તેના આચાર્યો કે શ્રીપૂજ્યોની પરંપરાનો વિચ્છેદ થતાં તેમની ગાદીએ તપાગચ્છના શ્રીપૂજ્યો બેસતા હતા.

(જૂઓ, પ્રક૦ ૩૪, પૃ૦ ૫૬૭, ૫૬૮)

મલધારગચ્છની **પટ્ટાવલી** આ પ્રકારે મળે છે—

૧. **આ૦ અભયદેવસૂરિ**—તેઓ **હર્ષપુરીયગચ્છના** આ૦ **વિજયસિંહસૂરિના** શિષ્ય હતા. તેઓ શરીર પ્રત્યે એકદમ નિઃસ્પૃહ હતા. વસ્ત્રોમાં માત્ર એક ચોલપટ્ટો અને એક પછેડી (ઉપરનું ઓઢવાનું કપડું) પહેરતા હતા. તેઓ નિરંતર છટ્ઠ-અટ્ઠમનું તપ કરતા હતા. જાવજ્જીવ સુધી પાંચ વિગયનો ત્યાગ કર્યો હતો. તેઓ મહાવિદ્વાન હતા. તેમને **ચક્રેશ્વરીદેવી** પ્રસન્ન હતાં.

ગૂર્જરેશ્વર **કર્ણદેવ** એક દિવસે બહાર જતો હતો. યુવરાજ (સિદ્ધરાજ) **જયસિંહ** પણ તેની સાથે હતો. ત્યારે તેમણે મેલા શરીર અને મેલાં કપડાંવાળા આ૦ અભયદેવસૂરિને જોયા. તે આચાર્યશ્રીની કડક નિઃસ્પૃહતાથી પ્રસન્ન થઈ તેમને મલધારી (ઓલિયા)નું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બિરુદ આપ્યું. (સં૦ ૧૧૨૦ થી ૧૧૫૦)[1]

વિદ્વાન **વીરાચાર્યે** તેમને **સૂરિમંત્ર** આપ્યો. તેઓ સૂરિમંત્રની આરાધનાથી દિન-પ્રતિદિન વધુ પ્રભાવક બન્યા. શાકંભરીના રાજા **વિશલદેવ** (ત્રીજા વિગ્રહરાજ)ના પુત્ર પ્રથમ **પૃથ્વીરાજે** (સં૦ ૧૧....) આચાર્યશ્રીના પત્રથી **રણથંભોર**ના જૈન દેરાસર પર સોનાનો **કલશ** સ્થાપન કર્યો. આચાર્યશ્રીએ ગ્વાલિયરમાં રાજા **ભુવનપાલ**ને ઉપદેશ આપી અહીંના અધિકારીઓએ ભ૦ મહાવીરના દેરાસરનો દરવાજો બંધ કરાવ્યો હતો તે ખોલાવ્યો. આચાર્યશ્રીએ ચંદ્રવંશી રાજા **એલક શ્રીપાલ**ની વિનતિથી **શ્રીપુર** પધારી સં૦ ૧૧૪૨ના માહ સુદિ ૫ ને રવિવારે **ભ૦ અંતરિક્ષ પાર્શ્વનાથ**ની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. રાજાએ અંતરિક્ષ પાર્શ્વનાથની પૂજા માટે **સિરપુર** ગામ વસાવી આપ્યું અને પ્રતિમાજી જે સ્થળેથી પ્રગટ થયાં હતાં તે સ્થળે જળકુંડ બનાવી આપ્યો. આચાર્યશ્રીએ ત્યાંથી **કુલ્પાક તીર્થ**ની યાત્રા કરી અને **દેવગિરિ**માં આવીને ચતુર્માસ કર્યું.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

સોરઠનો રાજા ખેંગાર પણ તેમનો ભક્ત હતો.

આચાર્યશ્રીએ મેડતામાં કડમડયક્ષ તથા હજારો બ્રાહ્મણોને પ્રતિબોધી ત્યાં ભ૦ મહાવીરસ્વામીનું મંદિર કરાવ્યું. ગુજરાતના રાજવી સિદ્ધરાજ જયસિંહે તેઓશ્રીના ઉપદેશથી પોતાના દેશમાં શ્રાવણ વદિ ૧૨ થી ભાદરવા સુદિ ૪ સુધીના પર્યુષણાપર્વ અને અગિયારસ વગેરે દિવસોમાં અમારિ પ્રવર્તાવી હતી, પશુવધ બંધ કરાવ્યો હતો

૧. श्रीकर्णो बिरुदं तस्य मलधारीत्यघोषयत् ॥५॥
(–મલ૦ આ૦ રાજશેખરકૃત 'ન્યાયકંદલી-ટીકા'ની પ્રશસ્તિ, તથા પ્રાકૃત દ્વયાશ્રયવૃત્તિ-પ્રશસ્તિ, સં૦ ૧૩૮૭)
जस्स मलहारी णामं दिन्नं कण्णेण नरवइणा ।
(–આ૦ પદ્મદેવકૃત સદ્‌ગુરુપદ્ધતિ)
जयसिंहरायेण...गयखधाओ ओसरिऊण दुक्करकारओ त्ति दिन्नं मलधारीति नामं ॥ (–જિનપ્રભસૂરિકૃત 'વિવિધતીર્થકલ્પ', કલ્પ : ૪૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને એ અંગેનું રાજફરમાન આપ્યું હતું.[1] આચાર્યશ્રીની સૂચનાથી મહામાત્ય શાંતૂએ ભરૂચના સમળીવિહાર જિનમંદિરમાં સોનાના કળશ ચડાવ્યા હતા.

તેમણે અનશન કર્યું ત્યારે તેરમા દિવસના ઉપવાસ વખતે પાટણના મુખ્ય **શ્રાવક સીયકે** ભરમાંદગીમાં મરતાં પહેલાં આચાર્યશ્રીના દર્શનની અભિલાષા દર્શાવી. આચાર્યશ્રીએ ત્યાં જઈને તેને ઉપદેશ આપ્યો. તેની પાસે યોગ્ય ક્ષેત્રોમાં ૨૦ હજાર દ્રમ્મનું દાન કરાવ્યું. આચાર્યશ્રીએ કુલ ૪૭ દિવસનું **અનશન પાળી** સં૦ ૧૧૬૮ લગભગમાં **પાટણ**માં સમાધિપૂર્વક સ્વર્ગગમન કર્યું. રાજા **સિદ્ધરાજ** અનશનમાં તેમના ખાસ દર્શન માટે ગયો હતો. આચાર્યના અંતિમ શબની પાલખી નીકળી ત્યારે રાજા તથા તેમના પરિવારે ગઢની પાછલી અટારીએ આવીને તેમના શબનાં અંતિમ દર્શન કર્યાં હતાં. લોકો આચાર્યશ્રીના અગ્નિસંસ્કારના સ્થાનેથી **રાખ** લઈ ગયા ત્યાં સુધી કે રાખ ન રહી ત્યારે ત્યાંની **માટી** પણ લઈ ગયા અને એ રીતે ત્યાં મોટો **ઊંડો ખાડો** બની ગયો. તેમના શરીરની રાખ પણ પ્રભાવશાળી હતી.

जैनम् जयति शासनम्

આચાર્યશ્રી પરમ શાંત હતા. સૌ કોઈ તેમને જોતાં શાંત બની જતા હતા. તેમને રાજા-મહારાજાઓ બહુ માનતા હતા. કેટલાયે મંત્રીઓ તો તેમના શિષ્ય જેવા પરમભક્ત બની ગયા હતા.

(–આ૦ જયસિંહસૂરિકૃત ‘ધર્મોપદેશમાલા-વિવરણ’ પ્રશસ્તિ, સં૦ ૧૧૯૧; આ૦ રાજશેખરસૂરિકૃત ‘પ્રાકૃત દ્વયાશ્રયમહાકાવ્ય-વૃત્તિ’ પ્રશસ્તિ, સં૦ ૧૩૮૭; આ૦ રાજશેખરસૂરિકૃત ‘ન્યાયકંદલીપંજિકા’ પ્રશસ્તિ, સં૦ ૧૩૮૫. આ૦ પદ્મદેવસૂરિકૃત ‘સદ્ગુરુપદ્ધતિ’. આ૦ ચંદ્રસૂરિકૃત ‘મુણિ-

---

૧. जेण जयसिंहदेवो राया भणिऊण सयलदेसम्मि ।
कराविओ अमारिं पज्जोसवणाइसु तिहिसु ॥
एकादशीमुख्यदिनेष्वमारीमकारयत् शासनदानपूर्वम् ।
(–ધર્મોપદેશમાલા વિવરણ, પ્રક૦ ૩૫, પૃ૦ ૯૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુવ્વયચરિયં ’ પ્રશસ્તિ, સં૦ ૧૧૯૩; આ૦ જિનપ્રભસૂરિ-કૃત ‘ વિવિધતીર્થકલ્પ ’ સં૦ ૧૩૨૭ થી ૧૩૮૯; મહો-પાધ્યાય ભાવવિજયગણિકૃત ‘ અંતરીક્ષતીર્થમાહાત્મ્ય ’ સં૦ ૧૭૨૫; પિટર્સનનો રિપોર્ટ, પૃ૦ ૧૦, ૧૧, ૮૯, ૯૬)

૨. **આ૦ હેમચંદ્રસૂરિ**—તેઓ આ૦ અભયદેવસૂરિના શિષ્ય હતા. એ સમયે એટલે ગુજરાતના રાજા **સિદ્ધરાજ** અને **કુમારપાલ**ના સમયે જૈનશાસનમાં આ૦ હેમચંદ્રસૂરિ નામના ત્રણ સમર્થ આચાર્યો વિદ્યમાન હતા. મલધારી આ૦ હેમચંદ્રસૂરિ એ સૌમાં ઉમ્મરથી મોટા હતા. શાંત અને પ્રભાવક હતા.

આ૦ અભયદેવસૂરિના ઉપદેશથી **મહામાત્ય પ્રદ્યુમ્ન** વૈરાગ્ય પામ્યો ત્યારે લાખોની મિલકત, રૂપાળી સ્ત્રીઓ-પત્નીઓ, સાહ્યબી અને મંત્રીપદને છોડી દઈ દીક્ષા લીધી અને શાસ્ત્રો ભણી-ગણીને ગુરુમહારાજના હાથે આચાર્યપદ પ્રાપ્ત કર્યું, તે જ અંતે **મલધાર હેમચંદ્રસૂરિ**ના નામથી ખ્યાતિ પામ્યા.

આ૦ હેમચંદ્રસૂરિ સ્વભાવથી જ નમ્ર, વિનયશીલ, પરમ શાંત, બહુશ્રુત, સત્યપ્રિય અને સ્થિતપ્રજ્ઞ હતા. તેમની જીવન ઘટનાઓ અને ગ્રંથોમાં તેમના આ ગુણોની ઝળક મળે છે. તેઓ વધુ પ્રમાણ-માં ‘ ઉપમિતિભવપ્રપંચા-કથા ’નું વ્યાખ્યાન આપતા હતા, ત્યારથી જ એ કથા વધુ પ્રસિદ્ધિ પામી. રાજા સિદ્ધરાજ તેમના નૈસર્ગિક ગુણોથી આકર્ષાયો હતો. તે તેમના વ્યાખ્યાનમાં પોતાના પરિવાર સાથે ઘણી વાર જતો હતો અને ચિત્તને સ્વસ્થ બનાવી વ્યાખ્યાન સાંભળતો હતો. તેમના દર્શન માટે અવારનવાર આવતો હતો. આલાપ-સંલાપ પણ કરતો હતો અને કોઈ કોઈ વાર આચાર્યશ્રીની રાજમહેલમાં પધરામણી પણ કરાવતો હતો.

રાજાએ એક વાર આચાર્યશ્રીને **રાજમહેલ**માં પધરાવ્યા. ઊંચે બેસાડી ડાભ વગેરે વસ્તુઓથી આચાર્યશ્રીની ત્રણ વાર **આરતી** ઉતારી અને આચાર્યશ્રીના ચરણમાં પડીને તેમને પંચાંગ નમસ્કાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્યા. પોતાને માટે પિરસાઈને આવેલા થાળમાંથી આચાર્યશ્રીને ચાર પ્રકારનો **આહાર** વહોરાવ્યો.

જાણે પોતાનું જીવન સફળ થયું એમ માનીને તેણે સહર્ષ જાહેર કર્યું કે, 'હું માનું છું કે આજે **ભ૦ મહાવીર સાક્ષાત્ મારા આંગણે પધાર્યા છે.'**

રાજાએ આચાર્યશ્રીના ઉપદેશથી ગુજરાતનાં જિનમંદિરો ઉપર સોનાના કળશ ચડાવ્યા.[1]

ભરૂચના દંડનાયક શાંતૂ મહેતાએ આચાર્યશ્રીના ઉપદેશથી સમલીવિહાર ઉપર સોનાનો કળશ ચડાવ્યો.

ધંધુકા, સાચોર વગેરેના અજૈનો જૈનોને કનડતા હતા. જૈનોની રથયાત્રાના ઉત્સવમાં વિઘ્ન નાખતા હતા. રાજા સિદ્ધરાજે આચાર્યશ્રીના ઉપદેશથી આ કનડગત દૂર કરાવી. રથયાત્રા નિર્વિઘ્ને નીકળી શકે એવો પાકો પ્રબંધ કરાવ્યો. રાજ્યના અમલદારોએ સત્તાના મદથી જિનમંદિરના લાગા બંધ કરાવ્યા હતા તે રાજાએ ફરીથી ચાલુ કરાવ્યા. કોઈ કોઈ ગામોમાં તો લાગાની રકમ રાજખજાનામાં દાખલ થઈ ગઈ હતી તે પણ **જૈન દેરાસરોને** પાછી અપાવી.

(–પિટર્સન રિપોર્ટ, પાન : ૧૪–૧૬)

એક દિવસે રાજા સિદ્ધરાજે આચાર્યશ્રીના ઉપદેશથી ખુશ થઈ ૬૨ સાલ માટે વર્ષના ૮૦ દિવસોમાં **અમારિશાસન** કર્યું. તે

---

૧. प्रतिबोध्य सिद्धभूधवमुद्दण्डकनककलशैर्यः ।
उत्तंसितवान् परितः स्वदेश-परदेशचैत्यानि ॥९

(–પ્રાકૃત દ્વયાશ્રયકાવ્યવૃત્તિ-પ્રશસ્તિ, સં૦ ૧૩૮૭, ન્યાયકંદલી-પંજિકા-પ્રશસ્તિ, સં૦ ૧૩૮૫, પિટર્સનનો રિપોર્ટ, પાન ૧૪, ૧૬)

सकलनिजधरित्रीमध्यमध्यासितानां जिनपतिभवनानां तुङ्गशृङ्गावलीषु ।
अनघयदुपदेशात् सिद्धराजेन राज्ञा स्फुरदविरलभासः स्थापिता स्वर्णकुम्भाः ॥

(–પિટર્સન રિપોર્ટ, પાન : ૮૯)

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

શાસન **તામ્રપત્ર** પર લખાવી આચાર્યશ્રીના ચરણમાં અર્પણ કર્યું.[1]

આ૦ **દેવપ્રભસૂરિ** સિદ્ધરાજના એ શાસનને ટૂંકાક્ષરીમાં આ રીતે રજૂ કરે છે—'મલધારી આ૦ અભયદેવના પટ્ટરૂપી આકાશમાં આ૦ **હેમચંદ્રરૂપી** ચંદ્ર ઊગ્યો. રાજા સિદ્ધરાજે તેના વચનરૂપી અમીનું પાન કર્યું અને રાજ્યના સૌ પ્રાણીઓ દીર્ઘાયુષી બન્યા.[2]

આ૦ હેમચંદ્રના ઉપદેશથી પાટણથી ગિરનારતીર્થ અને શત્રુંજયતીર્થનો છ'રી પાળતો **યાત્રાસંઘ** નીકળ્યો. આચાર્યશ્રી પણ સાથે જ હતા. શ્રીસંઘે **વણથલી**માં પડાવ નાખ્યો. સંઘના પુરુષો અને સ્ત્રીઓ નાહી-ધોઈ શરીરે કેસર ચોળી, બહુમૂલ્ય વસ્ત્રો પહેરી, રત્નજડિત દાગીના ધારણ કરી દેરાસરમાં દર્શન-પૂજા-પ્રભાવના કરી રહ્યા હતા. સંઘપતિ પાસે પણ ઘણું ધન સાથે હતું. આ બધું જોઈ સોરઠના રાજા **રા'ખેંગાર**ની દાનત બગડી.

" खंगारस्स सुरट्ठापहुणो जायं मणं दुट्ठं ॥ " ६८

પાસવાનોએ પણ રાજાને ચડાવ્યો કે, 'રાજન્! સમજી લે કે ગુજરાત-પાટણનું ઘણું ધન તારા પુણ્યપ્રતાપે તારે આંગણે આવ્યું છે. માન કે, લક્ષ્મી તને ચાંલ્લો કરવા આવી છે.

" ता गिण्ह तुम्हं एयं भंडारो होइ तुह जहा पोढो ।
संभाविज्जइ णाणं एक्काए दव्वकोडीए ॥७०॥ "

રાજન્! આ સંઘને લૂંટી લે, તારો ખજાનો છલકાઈ જશે. એક કરોડનું લેખું સંભવે છે.

---

૧. प्रतिवर्षं जीवरक्षा अशीत्यहमशीत्यहम् ।
यस्योपदेशात् सिद्धेशः ताम्रपत्रेष्वलीलिखत् ॥१०॥
(—પ્રાકૃત દ્વયાશ્રયકાવ્યવૃત્તિ-પ્રશસ્તિ, ન્યાયકંદલીપંજિકા-પ્રશસ્તિ)

૨. રાજા રાજ્યના કેવળ મનુષ્યોનો જ નહીં પણ સઘળાં પ્રાણીઓનો રક્ષક બને છે ત્યારે તેનું રાજ્ય બહુ તપે છે. રા'ખેંગાર, રાજા સિદ્ધરાજ, રાજા કુમારપાલ, બાદશાહ અકબર, કચ્છનરેશ અને મોરબીનરેશ વાઘજી ઠાકોર વગેરે અનેક દાખલાઓ એ અંગે મળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સાંભળી રાજાનું મન પીગળી ગયું. તેણે સર્વસ્વ લૂંટી લેવાનો મનસૂબો કરી લીધો પણ તેને રાજમર્યાદાનો ભંગ અને અપયશનો મોટો ડર હતો, તેથી શું કરવું એની વિમાસણમાં તે પડી ગયો. તેણે સંઘને જાણી-જોઈને એક દિવસ અહીં વધુ રોકાણ કરાવ્યું. એક દિવસ તે સંઘપતિને મળ્યો જ નહીં. બીજે દિવસે રાજકુટુંબમાં કોઈ મોટું મરણ થયું. **આ૦ હેમચંદ્રે** રાજા ખેંગારનું મન પારખી લીધું હતું તેથી તેમણે આ મરણના બાનાથી રાજ-મહેલમાં જઈ રાજાને ઉપદેશ આપ્યો. રાજવીને નીતિના માર્ગે દોર-વણી આપી. રાજાએ પણ ઉપકાર માની પ્રસન્ન થઈને સંઘને આગળ પ્રયાણ કરવાની રજા આપી. સંઘ ત્યાંથી રવાના થઈ **શત્રુંજયતીર્થ**ની યાત્રા કરી **પાટણ** ગયો.

શ્રીસંઘે ગિરનારતીર્થને ૫૦,૦૦૦ અને શત્રુંજયતીર્થને ૩૦,૦૦૦ પારુત્થયની ભેટ ધરી હતી.

(આ૦ ચંદ્રસૂરિકૃત મુણિસુવ્વયચરિયં, ગાથા : ૬૩ થી ૭૬)

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

મલધાર હેમચંદ્રસૂરિએ નીચે પ્રમાણેના ગ્રંથોની રચના કરી છે, જેનું પ્રમાણ લગભગ લાખ શ્લોક જેટલું થાય છે—[1]

૧. આવસ્સય ટિપ્પણક-આવશ્યકપ્રદેશવ્યાખ્યા, ગ્રં૦ : ૫૦૦૦.
૨. સયગ કમ્મગ્ગંથ વિવરણ, ગ્રં૦ : ૪૦૦૦.
૩. અણુઓગદારસુત્તવિત્તી, ગ્રં૦ ૬૦૦૦.
૪. ઉવએસમાલા-પુપ્ફમાલાપગરણ મૂલ, ગ્રં૦ :
૫. પુપ્ફમાલા સ્વોપજ્ઞવૃત્તિ, ગ્રં૦ : ૧૪૦૦૦.
૬. જીવસમાસ વિવરણ, ગ્રં૦ : ૭૦૦૦, સં૦ ૧૧૬૪ના ચૈત્ર સુદિ ૪ને સોમવાર, પાટણ. (તેમણે સં૦ ૧૧૬૪ માં રચેલા આ

---

૧. ग्रन्थलक्षविनिर्माता निर्ग्रन्थानां विशेषकः ॥८॥

(—ન્યાયકંદલીપંજિકા-પ્રશસ્તિ)

येन प्रथितग्रन्थस्य लक्षमेकं मनाक् सनम् ॥

(—આ૦ જયસિંહસૂરિકૃત 'ધર્મોપદેશમાલા વિવરણ')



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિવરણની તાડપ્રતિ આજે **ખંભાત**માં વિદ્યમાન છે. એટલે ગ્રંથકારના **હાથે જ** લખાયેલી આ પ્રતિ ગણાય છે.)[1]

૭. ભવભાવના-મૂલ, સં૦ ૧૧૭૦, મેડતા અને છત્રાપલ્લી.

૮. ભવભાવના સ્વોપજ્ઞવૃત્તિ, ગ્રં૦ ૧૩૦૦૦, સં૦ ૧૧૭૦, મેડતા-છત્રાપલ્લી.

૯. નંદિસુત્ત ટિપ્પન.

૧૦. વિસેસાવસ્સય-બહદ્દૂવૃત્તિ, ગ્રં૦ : ૨૮૦૦૦, સં૦ ૧૧૭૫.

તેમને 'વિસેસાવસ્સય' વૃત્તિ રચવામાં ૧. **પં૦ અભયકુમાર**, ૨. **પં૦ ધનદેવ ગણિ**, ૩. **પં૦ જિનભદ્ર ગણિ**, ૪. **પં૦ લક્ષ્મણ ગણિ**, ૫. મુનિ **વિબુધચંદ્ર**, તથા ૬. સાધ્વી **આણંદશ્રી** મહત્તરા અને ૭. સાધ્વી **વીરમતી** ગણિનીએ સહાય કરી હતી.

તેમના ગ્રંથોમાં ભવભીરુતાનો પરિચય આ પ્રકારે મળે છે— 'મને ગુરુજનોએ જ્ઞાન આપ્યું છે. હું તેમાંથી જે જે સમજ્યો છું તેને આત્મસ્મરણ માટે મેં અહીં ગોઠવ્યું છે. આમાં જે જે દોષો હોય તે મુનિજનોએ મારા ઉપર પ્રસન્ન બનીને શોધવા. કેમકે જગતમાં સૌ કર્મને આધીન છે. **સૌ છદ્મસ્થ** છે અને મારા જેવા તો સદ્બુદ્ધિ-વિહોણા છે, ને મતિવિભ્રમ તો કોને થતો નથી?' (–આવસ્સય ટિપ્પન)

તેમના શિષ્યોમાં ચાર બહુ પ્રસિદ્ધ હતા.

૧. **આ૦ વિજયસિંહસૂરિ**—તેમણે સં૦ ૧૧૯૧ ના માહ વદિ ૩ ના રોજ કૃષ્ણર્ષિના શિષ્ય આ૦ જયસિંહસૂરિની 'ધર્મોપદેશમાલા' ગાથા : ૯૮ નું વિવરણ ગ્રં૦ : ૧૪૪૭૧ રચ્યું, જેમાં તેમના ગુરુભાઈ **પં૦ અભયકુમાર** ગણિએ સહાય કરી હતી. આ આચાર્ય ઘણા રૂપાળા અને શાંત હતા.

૨. **આ૦ ચંદ્રસૂરિ**—તેઓ લાટદેશના **નાણાપ્રધાન મંત્રી** હતા.

૩. **આ૦ વિબુધચંદ્ર**—તે પણ લાટદેશના **મંત્રી** હતા. તેમણે મંત્રીપદ તજી દઈ દીક્ષા લીધી. તેમણે ગુરુદેવની 'વિસેસાવસ્સય'ની

---

૧. જૂઓ, જૈન પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ, પુષ્પિકા : ૧૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બૃહદ્‌વૃત્તિનું તથા આ૦ ચંદ્રસૂરિએ રચેલા 'મુણિસુવ્વયચરિયં'નું સંશોધન કર્યું હતું. તેમના શિષ્ય ઉપાધ્યાય **પદ્મચંદ્ર** હતા.

૪. **પં૦ લક્ષ્મણ ગણિ**—તેમણે સં૦ ૧૧૯૯ના માહ સુદિ ૧૦ના રોજ ગુર્જરેશ્વર કુમારપાલના રાજ્યમાં માંડલમાં 'સુપાસનાહચરિયં' ગ્રંથાગ્ર : ૧૦૦૦૦ પ્રમાણ રચ્યું છે.

આ૦ હેમચંદ્રસૂરિએ ઘણી ધર્મપ્રભાવના કરી હતી. ગિરનાર તીર્થનો કબજો અપાવ્યો હતો. **અમારિ** પ્રવર્તાવી હતી. સાધુઓનો થતો પરાજય નિવાર્યો હતો. ચૈત્યવાસનો ફેલાવો ન થાય એ માટે તેમણે સક્રિય પ્રયત્ન કર્યો હતો. જિનમંદિરો માટે થતાં વિઘ્નો દૂર કરાવ્યાં હતાં. લગભગ **એક લાખ શ્લોક** પ્રમાણ ગ્રંથોની રચના કરેલી છે.

તેઓ સાત દિવસનું અનશન કરી **પાટણ**માં સ્વર્ગે ગયા. રાજા **સિદ્ધરાજ** તેમની સ્મશાન યાત્રામાં થોડાએક માર્ગ સુધી સાથે ગયો હતો અને એ રીતે પોતાનો આચાર્યશ્રી પ્રત્યેનો હાર્દિક પૂજ્યભાવ વ્યક્ત કર્યો હતો.

આચાર્યશ્રી પરમનૈષ્ઠિક **પં૦ શ્વેતાંબરાચાર્ય ભટ્ટારક** તરીકે પ્રસિદ્ધ હતા. એકંદર તેઓ વિક્રમની બારમી શતાબ્દીના પ્રભાવક આચાર્ય હતા. (જૂઓ, જીવસમાસની સ્વલિખિત પ્રત)

(—આ૦ ચંદ્રસૂરિકૃત 'સણુયકુમારચરિયં' અને 'મુણિસુવ્વયચરિયં' પ્રશસ્તિઓ, આ૦ વિજયસિંહસૂરિકૃત 'ધર્મોપદેશમાલાવિવરણ'-પ્રશસ્તિ, પં૦ લક્ષ્મણગણિકૃત 'સુપાસનાહચરિયં'-પ્રશસ્તિ; આ૦ દેવપ્રભસૂરિકૃત 'ન્યાયાવતાર-ટિપ્પન, આ૦ દેવભદ્રકૃત 'પાંડવાયન'; આ૦ રાજશેખરસૂરિકૃત 'ન્યાયકંદલીપંજિકા-પ્રશસ્તિ અને પ્રાકૃત દ્વયાશ્રયમહાકાવ્યવૃત્તિ'-પ્રશસ્તિ; પિટર્સન રિપોર્ટ પા૦ ૮૯ થી ૯૬, જૈનસત્યપ્રકાશ' ક્રમાંક ૧૩૬; 'જૈન' અંક તા—૨—૧૦—૧૯૨૭. પાન ૯૯૭)

૨. આ૦ હેમચંદ્રસૂરિ પોતે 'જીવસમાસની વૃત્તિ'માં પોતાનો પરિચય આપે છે કે, 'યમ, નિયમ, સ્વાધ્યાય અને પદસ્થધ્યાનાનુષ્ઠાનરત,

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરમનૈષ્ઠિક પંડિત શ્વેતાંબરાચાર્ય ભટ્ટારક શ્રીહેમચંદ્રાચાર્યે સં૦ ૧૧૬૪ના ચૈત્ર સુદિ ૪ ને સોમવારે પાટણમાં જયસિંહના રાજ્યમાં 'જીવસમાસવૃત્તિ' (ગ્રં૦ : ૭૦૦) લખી છે. આ પ્રતિ આજે ખંભાતના ભંડારમાં વિદ્યમાન છે. (—પ્રશસ્તિ : ૧૪)

આ૦ હેમચંદ્રસૂરિના ચાર શિષ્યો પ્રસિદ્ધ હતા. આ સિવાય બીજા શિષ્યો પણ હતા. તેમની પણ જે શિષ્યપરંપરા ચાલી તે આ પ્રકારે છે—

૩. **મલધારી ભટ્ટારક માધવચંદ્રસૂરિ**—તેઓ ધર્મ, ઉપશમ અને દમની પ્રત્યક્ષ મૂર્તિ હતા.

૪. **ભ૦ અમૃતચંદ્રસૂરિ**—તેઓ ભરત પોરવાલના વંશજ પદ્મસિંહ પોરવાલની પુત્રી મોહિણીદેવી, જે કટુકરાજ પોરવાલની પત્ની હતી, તેને અમૃતલાલ નામે પુત્ર હતો. તેઓ ભ૦ માધવચંદ્રના શિષ્ય થયા અને ભટ્ટારક બન્યા.

જૈનં સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

તેઓ નૈષ્ઠિક બ્રહ્મચારી, મોટા તપસ્વી, મહાત્યાગી, વિદ્વાન્, મોટા વાદી અને સર્વ વિદ્યામાં પ્રવીણ હતા. જૈનશાસનની રક્ષામાં સમર્થ હતા. તેઓ જંગમ સરસ્વતી સ્વરૂપ હતા. એક વાર તેઓ વિહાર કરતા કરતા [1]બંભણવાડ—પાટણમાં પધાર્યા. ત્યારે અહીંનો શાસક રાજા રણધીરનો પુત્ર બલ્લાલનો માંડલિક ભૂલો નામે ઠાકોર હતો, તે ઠા૦ ગોહિલનો પુત્ર હતો. એ સમયે બંભણવાડમાં શ્રીમાલીજ્ઞાતિની શાખા ગુર્જરવંશના જૈનો હતા, તે સૌ ભ૦ અમૃતચંદ્રસૂરિના ભક્તો હતા. તેમાંનો એક ગૂર્જરવંશનો શેઠ રલ્હણ (દેવણ) નામે વિદ્વાન હતો. સંસ્કૃત અને પ્રાકૃતભાષાનો જાણકાર હતો અને વિવેકી જૈન હતો. તેને પંપાઈ નામે પત્નીથી ત્રણ પુત્રો થયા. તે આ પ્રમાણે—

(૧) **સિંહ**—શુદ્ધ સમ્યકત્વધારી શ્વેતાંબર જૈન હતો. તે અભણ હતો પણ ભ૦ અમૃતચંદ્રસૂરિની કૃપાથી સરસ્વતીદેવીનું વરદાન મેળવી

---

૧. આ બંભણવાડ તે બ્રાહ્મણવાડા તીર્થ કે વરમાણ સંભવે છે અને બલ્લાલ તે ગૂર્જરેશ્વર કુમારપાલનો વિરોધી રાજા બલ્લાલ સંભવે છે. (જુઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૦૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધ સારસ્વત બન્યો. તે ચાર ભાષાનો વિદ્વાન હતો. પં૦ સિંહે સં૦ ....માં બંભડવાડુમાં અપભ્રંશભાષામાં 'પજ્જુન્નકહા' (પજ્જુન્નચરિયં)ની રચના કરી હતી. તેણે આ કથામાં દરેક સંધિના છેડે શાર્દૂલવિક્રીડિત છંદમાં બનાવેલો એકેક શ્લોક જોડ્યો છે, જેમાં તેણે જરૂરી બાબત તથા પોતાનો અને પોતાના વંશનો પરિચય રજૂ કર્યો છે.

(૨) **શુભંકર**—તે પ્રેમાળ હતો અને સજ્જનોને પ્રિય હતો. વિદ્વાન અને જ્ઞાની હતો. રાજાના જેવો પ્રભાવશાળી હતો.

(૩) **સાધારણ**—તે દેખાવડો હતો અને જૈનધર્મમાં અત્યંત પ્રેમવાળો હતો. (–પજ્જુન્નકહા)

૩. **આ૦ ચંદ્રસૂરિ**—તેઓ રાજા સિદ્ધરાજના **લાટદેશ** ખાતેના **નાણાપ્રધાન** હતા. તેમણે રાજમુદ્રા છોડી દઈ સાધુમુદ્રા ગ્રહણ કરીને જૈનધર્મની પ્રભાવના કરી હતી.

તેમણે નીચે મુજબના ગ્રંથો બનાવ્યા છે—

૧. **મુણિસુવ્વયચરિયં**—ગ્રંથાગ્ર : ૧૦૯૯૪. તેઓ જ્યારે ધોળકામાં આવ્યા અને શેઠ **ધવલ પોરવાડ**ના ભરુચાવસહીના નામથી ઓળખાતા ભ૦ મુનિસુવ્રતસ્વામીનાં દર્શન કરવા પધાર્યા ત્યારે શેઠે તેમને 'મુનિસુવ્રતચરિત્ર' રચવાની વિનંતિ કરી. આથી આચાર્યશ્રીએ **આશાવલ**માં શેઠ નાગિલ શ્રીમાલીના પુત્રોની વસતિમાં ચતુર્માસ નિર્ગમન કર્યું અને સં૦ ૧૧૯૩ ના આસો વદિ અમાવાસ્યાના દિવસે આ ચરિત્રની રચના પૂર્ણ કરી. 'સણંકુમારચરિયં' તેનો જ અવાંતર ભાગ છે.

૨. **સંગહણીસુત્ત**—આ૦ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના 'સંગ્ગહણીસુત્ત'ના આધારે આ ગ્રંથની રચના કરી.

૩. **લઘુસમાસ**—મોટા 'ક્ષેત્રસમાસ'માંથી ઉદ્ધારરૂપે આ ગ્રંથની રચના કરેલી છે. તેની પ્રારંભગાથા આ પ્રકારે છે—

'नमिउं वीर सयलत्थभासगं ।'

આ૦ ચંદ્રસૂરિની પાટે બે આચાર્યો થયા.

(૧) **આ૦ મુનિચંદ્રસૂરિ.** (જૂઓ, પટ્ટાંક ૪)

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) **આ૦ દેવપ્રભસૂરિ**—તેઓ એમના સમયના પ્રતિષ્ઠિત વિદ્વાન હતા. આ૦ મુનિચંદ્રસૂરિએ તેમને આચાર્યપદવી આપી હતી. તેમણે પોતાના ગુરુએ રચેલા 'સંગહણીસુત્ત' અને 'ખિત્તસમાસ'ની વૃત્તિઓ રચી છે. જેમાં આગમ-ગ્રંથો, ટીકાઓ વગેરેના આધારે ભૂગોળ–ખગોળનું વિશદ પ્રતિપાદન કરેલું છે. તેમણે 'ન્યાયાવતાર' પર **આ૦ સિદ્ધર્ષિ**એ રચેલી વૃત્તિ ઉપર ટિપ્પન રચેલું છે.

૪. **આ૦ મુનિચંદ્રસૂરિ**—જેમણે ચૌલુક્યવંશી રાજા **આનલ**ને દીક્ષા આપી હતી. તેમના વિશે પ્રસંગ એવો બન્યો કે, એક દિવસ રાજા આનલ શિકારે ગયો હતો ત્યાં તેને ભારે કષ્ટનો અનુભવ થયો. આ૦ મુનિચંદ્રસૂરિનાં દર્શને જઈને તેણે પોતાની વીતક કથા કહી. તે ઉપરથી તેમણે ઉપદેશ આપ્યો અને તે વૈરાગ્યવાસિત થતાં સંસાર-ની માયા તજી દઈ આ૦ મુનિચંદ્રના ચરણે ગયો અને દીક્ષા અંગીકાર કરી.

આ૦ મુનિચંદ્રસૂરિની પાટે ત્રણ આચાર્યો (૧) **આ૦ દેવાનંદ-સૂરિ**, (૨) **આ૦ દેવપ્રભસૂરિ**, (૩) **આ૦ યશોભદ્રસૂરિ** થયા.

૫. **આ૦ દેવપ્રભસૂરિ**—તેમના ઉપદેશથી ધોળકાના રાજા **વીરધવલે** માંસ, શિકાર અને મદિરાનો ત્યાગ કર્યો. તે રાજા તેમના ઉપદેશથી તત્ત્વનો જાણકાર અને બુદ્ધિશાળી બન્યો હતો.

(–પ્રબંધચિંતામણિ)

આચાર્યશ્રીએ પાંડવાયન તથા ધર્મસાર (મૃગાવતીચરિત્ર) ગ્રંથો રચ્યા છે. આ પાંડવાયનને આ૦ **યશોભદ્રસૂરિ** જોઈ ગયા હતા અને **જ્ઞાનમૂર્તિ આ૦ નરચંદ્રસૂરિ**એ પોતાની બુદ્ધિ અનુસાર તેનું સંશોધન કર્યું હતું. તેઓ પોતાને કોટિક ગણ, વૃક્ષસમાન ફેલાતી મધ્યમા શાખા, પ્રશ્નવાહન કુલ, સુમનોથી શોભતા હર્ષપુરીયગચ્છ અને મલધારગચ્છ-ના બતાવે છે. (–પાંડવાયન-પ્રશસ્તિ)

૬. આ૦ **નરચંદ્રસૂરિ**—આ૦ દેવાનંદસૂરિ અને આ૦ દેવપ્રભ-સૂરિની પાટે આ૦ નરચંદ્રસૂરિ થયા.[1] તે જ્ઞાનમૂર્તિ હતા.

---

૧. देवानन्दमुनीश्वरपदपङ्कजसेवनैकषट्चरणः ।
ज्योतिःशास्त्रमकार्षीद् नरचन्द्राख्यो मुनिप्रवरः ॥ (–નારચંદ્ર જ્યોતિષ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ **નરચંદ્રસૂરિ** ભારે બુદ્ધિશાળી હતા. તેમને **સરસ્વતી** પ્રસન્ન હતાં. તેઓ **મંત્રીશ્વર વસ્તુપાલના મોસાળ પક્ષના** ધર્માચાર્ય હતા. તેઓ મંત્રી વસ્તુપાલના ગાઢ સંબંધમાં હતા. તેઓ તેમને ખૂબ માનતા હતા. તેમણે તેમના સંબંધથી જ સં૦ ૧૨૭૬–૭૭ માં શત્રુંજયતીર્થનો છ'રી પાળતો સંઘ કાઢચો હતો. આચાર્યશ્રીએ મંત્રી વસ્તુપાલના માથે હાથ મૂકચો હતો. પોતે છેલ્લા બિમાર પડ્યા ત્યારે મહામંત્રી વસ્તુપાલને જણાવ્યું કે, 'હવે મારું આયુષ્ય પૂરું થયું છે અને તું પણ અગિયારમે વર્ષે (સં૦ ૧૨૯૮ના ભાદરવા સુદિ ૧૦ અથવા સં૦ ૧૨૯૬ માહ સુદિ....રવિવારે સ્વર્ગવાસી બનીશ. તેમણે આ પ્રમાણે કહી મંત્રીને ધર્મોપદેશ આપ્યો. અને સં૦ ૧૨૯૮ ના ભાદરવા સુદિ ૧૦ ના રોજ સ્વર્ગવાસ કર્યો. રાજગચ્છના આ૦ પ્રદ્યુમ્નસૂરિએ આ૦ નરચંદ્રસૂરિ પાસે 'ઉત્તરાધ્યયનસૂત્ર'નું અધ્યયન કર્યું હતું. **રાજપુરોહિત સોમેશ્વરદેવે** આ૦ નરચંદ્રને 'કીર્તિકૌમુદી'માં મહાકવિ તરીકે નવાજ્યા છે.

આ૦ નરચંદ્રસૂરિએ નીચે પ્રમાણેના ગ્રંથો રચેલા જાણવા મળે છે—

(૧) યમકમય ચતુર્વિંશતિ જિનરાજસ્તોત્ર, સ્તુતિકાવ્યો સુભાષિતો.
(૨) કથા ૧૫ રત્નસાગર, મંત્રી વસ્તુપાલની પ્રેરણાથી રચના કરી.
(૩) જ્યોતિષ્સાર (નારચંદ્ર જૈન જ્યોતિષ્).
(૪) શ્રીધરકૃત 'ન્યાયકંદલી' ઉપર ટિપ્પન.[1]

---

तत्क्रमिको देवप्रभसूरिः किल पाण्डवायनचरित्रम् ॥१३॥
तदीयसिंहासनसार्वभौमः सूरीश्वरः श्रीनरचन्द्रनामा ॥१४॥
(—ન્યાયકંદલી પ્રશસ્તિ)

૧. મહર્ષિ કણાદના 'તર્કસંગ્રહ' ઉપર પ્રશસ્તપાદે ભાષ્ય રચ્યું છે, તેના ઉપર ચાર ટીકાઓ બની છે—૧. વ્યોમશિવાચાર્યની વ્યોમવતી, ૨. શ્રીધરાચાર્યની ન્યાયકંદલી, ૩. ઉદયનાચાર્યની કિરણાવલી અને ૪. શ્રીવત્સાચાર્યની લીલાવતી.

આ૦ નરચંદ્રસૂરિએ 'ન્યાયકંદલી' પર ટિપ્પન રચ્યું છે અને આ૦ રાજશેખરસૂરિએ 'પંજિકા' રચી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫) મુરારિકૃત 'અનર્ઘરાઘવ' પર ટિપ્પન (ગ્રં૦ : ૨૩૫૦) આ૦ વિમલસૂરિની પ્રેરણાથી રચ્યું.

(૬) સિદ્ધહેમ-પ્રાકૃતદીપિકા, ગ્રં૦ : ૧૫૦૦.

(૭) સંબોહપંચાસિયા ઉપદેશ.

(૮–૯) ગિરનાર પર મંત્રી વસ્તુપાલે બંધાવેલા જિનમંદિરની બે પ્રશસ્તિઓ સં૦ ૧૨૮૮.

(૧૦) વસ્તુપાલ પ્રશસ્તિ, શ્લો૦ ૨૬.

આ૦ ઉપરાંત તેમણે આ૦ **દેવપ્રભ**ના 'પાંડવાયન' તથા **આ૦ ઉદયપ્રભસૂરિ**ના 'ધર્માભ્યુદયમહાકાવ્ય' (સં૦ ૧૨૮૮)નું સંશોધન કર્યું હતું.

આ૦ નરચંદ્રના[1] શિષ્યે રચેલા ગ્રંથો નીચે મુજબ જાણવા મળે છે—

(૧) આ૦ નરેંદ્રપ્રભસૂરિ—તેઓ આ૦ નરચંદ્રના પ્રિય શિષ્ય હતા. મોટા તપસ્વી અને પ્રકાંડ વાદી હતા. તેમણે ઘણા વાદીઓને જીત્યા હતા, રાજાઓને પ્રતિબોધ કર્યો હતો. મહામાત્ય વસ્તુપાલના આગ્રહથી તેમણે 'અલંકારમહોદધિ' (પ્રકાશ : ૮) નામે ગ્રંથની રચના કરેલી છે. તેના ઉપર સ્વોપજ્ઞવૃત્તિ પણ રચી છે. 'કાકુસ્થકેલિ' (ગ્રં૦ : ૧૫૦૦) 'વિવેકપાદપ, વિવેકકલિકા', ગિરનાર પર મંત્રી વસ્તુપાલે બંધાવેલા જૈન મંદિરની પ્રશસ્તિઓ સં૦ ૧૨૮૮ વગેરે રચ્યાં છે. તેમણે રચેલું 'કાકુસ્થકેલિ' એમના સમયમાં ભજવાયું હતું.

(૨) આ૦ પદ્મદેવસૂરિ.

(૩) પં૦ ગુણવલ્લભ—તેમણે આ૦ નરચંદ્રની પ્રેરણાથી સં૦ ૧૨૭૧ માં 'વ્યાકરણચતુષ્કિકા' રચી છે.

(—વસ્તુપાલચરિત્ર, ન્યાયકંદલીપંજિકાપ્રશસ્તિ, જ્યોતિષ્-સાર-પ્રશસ્તિ, દિનશુદ્ધિદીપિકા પ્રસ્તાવના, જૈનસત્યપ્રકાશ, ક્ર૦ : ૨૪, પૃ૦ ૪૦૩; ડૉ૦ ભોગીલાલ સાંડેસરાકૃત 'વસ્તુપાલનું વિદ્યામંડલ.')

---

૧. કાસહૃદગચ્છના આ૦ નરચંદ્રસૂરિ માટે જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦...

જૈન સાઈટ JAINSITE.com

હર્ષપુરીયગચ્છના મલધારી આચાર્યની આજ્ઞાપાલક સાધ્વી અજિતસુંદરી ગણિનીએ સં૦ ૧૨૫૮ ના શ્રા૦ સુદિ ૭ ને સોમવારે પાટણમાં ' ત્રિષષ્ટિભાષ્ય ' લખ્યું.

૭. **આ૦ પદ્મદેવસૂરિ**—એમના સમયમાં થયેલા આ૦ પ્રભાનંદસૂરિનો સં ૧૩૨૧ નો પ્રતિમાલેખ મળે છે.

૮. આ૦ તિલકસૂરિ—તેમનો સં૦ ૧૩૭૮ નો પ્રતિમાલેખ મળે છે.

૯. **આ૦ રાજશેખરસૂરિ**—તેમણે શ્રીધરની ' ન્યાયકંદલી ' ઉપર પંજિકા સં૦ ૧૩૮૫, પ્રાકૃત દ્વયાશ્રયમહાકાવ્યવૃત્તિ સં૦ ૧૩૮૭, વિનોદાત્મક ચતુરશીતિપ્રબંધકથાકોશ (૮૪ કથા), સ્યાદ્વાદકલિકા, દાનષટ્ત્રિંશિકા, ષડ્દર્શનસમુચ્ચય (શ્લો૦ ૧૮૦), પ્રબંધકોશ (ચતુર્વિંશતિપ્રબંધ) સં૦ ૧૪૦૫, નેમિનાથફાગ સં૦ ૧૪૦૫ વગેરે ગ્રંથોની રચના કરી છે.

તેમણે આ૦ મેરુતુંગસૂરિના ' સ્તંભનેંદ્રપ્રબંધ 'નું સંશોધન કર્યું હતું. 'રાજગચ્છપટ્ટાવલી'માં તેમને વાદિગંધહસ્તિ બતાવ્યા છે. (પૃ૦ ૬૫)

તેમણે કટ્ટારવીર દુઃસાધવંશ[1]ના શેઠ અભયદે, જેણે બબ્બુલીમાં જિનમંદિર બંધાવ્યું હતું, તેનો પુત્ર ગુણપાલ, જે સવાલક્ષમાં જન્મ્યો હતો, તેના પુત્ર નૂનક, તેનો પુત્ર સાઢક, તેનો **પુત્ર જગત્સિંહ** મહમ્મુદ બેગડાનો માનીતો હતો. તે જગત્સિંહને શ્રીદેવી પત્ની હતી, તેના **પુત્ર મહણસિંહની વિનતિથી** આચાર્યશ્રીએ સં૦ ૧૪૦૫ ના જેઠ સુદિ ૭ ના રોજ દિલ્હીમાં જગત્સિંહની વસતિમાં રહીને 'પ્રબંધકોશ'ની રચના કરી.

તેમના સં૦ ૧૩૮૭, સં૦ ૧૪૧૮ના શિલાલેખો મળે છે.[2]

---

૧. દુઃસાધવંશ માટે જૂઓ પ્રક૦ ૪૩.

૨. પ્રતિમાલેખો માટે જૂઓ પૂ૦ શ્રીજયંતવિજયજીનો ' અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, શ્રીજિનવિજયજીનો ' પ્રાચીન જૈન લેખસંગ્રહ ' ભા૦ ૨ અને ' જૈન 'નો અંકઃ ૧૩-૬-૧૯૫૪, સં૦ ૨૦૧૦ જેઠ સુદિ ૯ ના દિવસે પ્રગટ થયેલો પ્રતિમાનો લેખ.

जैन साईट JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે સં૦ ૧૦૧૦ માં વડગચ્છના આ૦ મુનિભદ્રસૂરિએ રચેલા 'શાંતિનાથચરિત્રમહાકાવ્ય'નું સંશોધન કર્યું હતું. આ કાવ્યકર્તા તેમને સૌમ્યમૂર્તિ તરીકે નવાજે છે.

(-શાંતિનાથચરિત્ર પ્રશસ્તિ, શ્લો૦ ૧૧)

સાર્ધ પુનમિયાગચ્છના આ૦ પં૦ જ્ઞાનચંદ્રે 'રત્નાકરાવતારિકા' ઉપર ટિપ્પણ રચેલું છે તેનું પણ તેમણે જ સંશોધન કર્યું હતું. આ સિવાય તેમણે 'સૂરિમંત્રવિચાર' નામે કૃતિ રચેલી છે.

આ૦ રાજશેખરસૂરિના શિષ્ય પં૦ સુધાકલશે સં૦ ૧૩૮૦ માં 'સંગીતોપનિષદ્', સં૦ ૧૪૦૬ માં 'સંગીતોપનિષત્સાર' (અ૦૬) રચ્યા છે.

આ૦ મુનિશેખરસૂરિ—તેમનો સં૦ ૧૪૨૮ ના વૈશાખ વદિ ૧ નો પ્રતિમાલેખ મળે છે.

૧૧. આ૦ મુનિસાગરસૂરિ—તેમના સં૦ ૧૫૫૪, સં૦ ૧૫૫૫ ના પ્રતિમાલેખો મળે છે.

૧૨. આ૦ ગુણસાગરસૂરિ—ભ૦ ગુણસુંદરના (?) સં૦ ૧૫૨૨ના પ્રતિમાલેખો મળે છે.

આ૦ ગુણસાગરજીની પાટે આ૦ લક્ષ્મીસાગરસૂરિ થયા. તેઓ સં૦ ૧૫૪૮ માં આચાર્ય થયા. સં૦ ૧૫૭૫ માં સ્વર્ગસ્થ થયા. તેમણે 'વસ્તુપાલરાસ'ની રચના કરેલી છે.

**મલધારગચ્છના જૈનો—**

મલધારગચ્છના આચાર્યોએ બનાવેલાં **જૈનગોત્રો**નાં નામો નીચે મુજબ મળે છે—

૧. પગારિયા (ગોલીયા, કોઠારી, સીંઘી), ૨. કોઠારી, ૩. ગિરિયા, ૪. બંબ, ૫. ગંગ, ૬. ગહેલડા અને ૭. ખીમસરા.

આ ગોત્રો મલધારગચ્છના મુનિવરો અને શ્રીપૂજ્યોની પરંપરાનો વિચ્છેદ થતાં તપગચ્છના શ્રીપૂજ્યોની સત્તામાં આવ્યાં છે. એટલે આજે આ ગોત્રો તપગચ્છનાં મનાય છે.

(-મલધારગચ્છના કુલગુરુઓની વહીઓના આધારે)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મહાકવિ ધનપાલ—**

મધ્યદેશના સાંકાશ્યનગરનો બ્રાહ્મણ દેવર્ષિ પોતાના પરિવાર સાથે ધારાનગરીમાં આવીને વસ્યો હતો. તે વસ્તુતઃ—

'शास्त्रेष्वधीती कुशलः कलासु बन्धे च बोधे च गिरां प्रकृष्टः ।'

ની ઉક્તિ મુજબ હતો. તે શાસ્ત્રજ્ઞ, કલાકુશલ, જ્ઞાની, તાર્કિક અને મિષ્ટભાષી હતો. દેવર્ષિ પોતે બૃહસ્પતિ જેવો વિદ્વાન, પુણ્યશાલી, રાજમાન્ય અને મોટો દાની હતો. તે ધારાનગરીમાં ઉત્કર્ષ પામ્યો. તેણે એકઠું કરેલું ધન ભૂમિમાં દાટી રાખ્યું હતું, પણ તેની કોઈને માહિતી નહોતી. તેને સર્વદેવ નામે પુત્ર હતો. તેની પત્નીનું નામ સોમશ્રી હતું. તેમને ધનપાલ અને શોભન નામે બે પુત્રો હતા.

પં૦ સર્વદેવે પોતાના પિતાએ દાટેલા ધનનું સ્થાન જાણી લઈ પુષ્કળ ધન પ્રાપ્ત કર્યું હતું તેના બદલામાં તેણે આચાર્યશ્રીને પોતાનો નાનો પુત્ર શોભન સોંપ્યો હતો. કવિ ધનપાલ, જે મુંજ-રાજ અને ભોજરાજનો પુરોહિત હતો, તેણે રાજાના કાન ભંભેરીને માળવામાં જૈન શ્વેતાંબર સાધુઓના વિહાર માટે પ્રતિબંધ મુકાવ્યો હતો. શોભનાચાર્ય વાચનાચાર્ય બન્યા પછી ધારામાં આવ્યા અને કવિ ધનપાલને જૈન સિદ્ધાંતોનો ખ્યાલ આપીને જૈન બનાવ્યો. પછી તો તેણે આ૦ મહેન્દ્રસૂરિને ધારામાં પધરાવી માળવામાં જૈન સાધુઓના વિહારનો પ્રતિબંધ દૂર કરાવ્યો.

કવિ ધનપાલ અને શોભનાચાર્ય એ બંને પ્રકાંડ વિદ્વાનો હતા. તેમની પ્રથમ મુલાકાત કડક શબ્દોથી થઈ હતી અને છેવટે મિષ્ટ-ભાષામાં પરિણામ પામી હતી. એ રમુજી મુલાકાત જાણવા જેવી છે—

ધનપાલ—गर्दभदन्त ! भदन्त ! नमस्ते ।

શોભનાચાર્ય—कपिवृषणास्य ! वयस्य ! सुखं ते ? ।

ધનપાલ—અહો ! તમે પણ વિદ્વાન માલમ પડો છો. તમે તો બોલવાની છટામાં મને પણ જીતી લીધો, પણ બતાવો કે, અહીં તમે કોના અતિથિ થયા છો ?

શોભન—મહાકવિ ધનપાલના.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

ધનપાલ—બહુ ખુશીની વાત છે. તો પધારો મારે ઘેર જમવા.

શોભન—અમે એક ઘેરથી ભિક્ષા લેતા નથી. માધુકરી વૃત્તિથી જ આહાર કરીએ છીએ.

ધનપાલ—એમાં શું દોષ છે?

શોભન—ઋષિઓએ કહેલું છે કે, માધુકરીવૃત્તિથી મ્લેચ્છકુળનું પણ અન્ન લેવું પણ બૃહસ્પતિ જેવાનું એકલાનું ન લેવું—ન જ ખાવું. આ૦ શય્યંભવસૂરિએ કહ્યું છે કે, જ્ઞાની પુરુષો ભમરા જેવા છે. તેઓ એક સ્થળે સ્થિર રહેતા નથી, એક ઘરનું અન્ન ખાતા નથી અને ઇંદ્રિયોને છૂટો દોર આપતા નથી. આ પ્રમાણે વર્તે તે જ સાચો સાધુ છે.

ધનપાલ—હું જૈન મુનિઓના આવા ત્યાગથી ખુશ થાઉં છું.

પછી તો લાંબી વાતચીતને અંતે કવિ ધનપાલને પોતાના ભાઈ તરીકે શોભનાચાર્યની જાણ થતાં ભારે આનંદ થાય છે અને તેમની વિદ્વત્તા જોઈને હર્ષ પામે છે.

એક દિવસે કવિ ધનપાલને ત્યાં સાધુઓ ભિક્ષા લેવા આવ્યા. દહીંનો યોગ હતો પણ તે ત્રણ દિવસનું હતું. સાધુઓએ 'ત્રણ દિવસના દહીંમાં જીવોત્પત્તિ થાય છે તેથી તે અમને ન ખપે' એમ કહીને ના પાડી. કવિ ધનપાલને તો આવી વાતમાં શ્રદ્ધા જ નહોતી એટલે તેણે જણાવ્યું કે, 'આમાં જીવ બતાવો તો હું તમારી વાત માનું અને શાસ્ત્રોની સચ્ચાઈની મને પ્રતીતિ પણ થાય.' વહોરવા આવેલા સાધુઓ કુશળ અને વિદ્વાન હતા તેમણે અળતો મંગાવી આપવા જણાવ્યું. તે અળતો દહીં ઉપર પાથરી દેવામાં આવ્યો ત્યારે કવિને જીવોત્પત્તિની સાચી ખાતરી થઈ આવી.

શોભનાચાર્યે જૈન સિદ્ધાંતો વિશેની ભૂમિકા રચી જ હતી અને જૈન સાધુઓના સંપર્કમાં આવવાથી તેમના વિશે તેનો ઊંચો ખ્યાલ બંધાયેલો જ હતો ત્યાં આ પ્રત્યક્ષ જીવવિજ્ઞાને તેના ઉપર ક્રાંતિકારી અસર નિપજાવી. તેને જૈન સિદ્ધાંતોની સચ્ચાઈ વિશે સંદેહ ન રહ્યો. તેણે જૈનધર્મ સ્વીકારવા માટે અડગમને નિશ્ચય કરી લીધો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'મેં આજ સુધી થોડા ગામોના ધણી અને માગ્યું ન આપે એવા રાજાઓની મોહવશ ખુશામત કરી પણ હવે તો આજથી ત્રણ ભુવનના નાયક અને મોક્ષદાતા એવા વીતરાગદેવની ભક્તિથી સેવા કરીશ.' કવીશ્વર ધનપાલ આજથી જૈન બન્યો. તેણે પોતાની વિદ્વત્તાનો પ્રવાહ જૈનશાસનના ધોરી માર્ગે વહાવ્યો.

કવિ ધનપાલ મોટો વિદ્વાન હતો. મુંજ રાજાએ તેને પોતાના પુત્ર જેવો માન્યો હતો અને પોતાના ખોળામાં બેસાડી 'કુર્ચાલસરસ્વતી' (દાઢી–મૂછવાળી ભારતી)ના બિરૂદથી શોભાવ્યો હતો. ભોજ રાજાએ પણ તેને પોતાનો બાલમિત્ર, વડીલ, હિતૈષી અને રાજ્યનો વફાદાર વિદ્વાન માન્યો હતો. તેણે તેને 'કવીશ્વર' અને 'સિદ્ધસારસ્વત' એવાં બે બિરુદોથી અલંકૃત કર્યો હતો.

કવિશ્વર ધનપાલ વિદ્વાન્, સત્યવાદી અને નિડર વક્તા હતો. તે ભોજ રાજાની સભાનો મુખી હતો. ભોજ તેને પોતાની સાથે જ રાખતો હતો. તે તેની કાવ્યકળાથી આનંદ આપતો હતો. ભોજરાજ તેને પ્રસંગોચિત જુદી જુદી વસ્તુઓનું વર્ણન કરવા કહેતો ત્યારે તે ચમત્કારિક, શબ્દલલિત, પ્રાસાદિક અને અર્થગંભીર વાણીમાં વર્ણન કરતો. કવીશ્વરનાં સૂક્તોની મહાવિદ્વાનો પણ પ્રશંસા કરતા હતા. તેમનાં કેટલાંક સૂક્તો સુંદર અને જાણવા જેવાં છે—

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

**શંકર**—ભોજરાજ! શંકર અને પાર્વતી સાથે બેઠેલા છે તેથી જ તેના દર્શનમાં મને શરમ આવે છે. હું બાલક હોત તો જુદી વાત હતી પણ હવે ત્યાં કેમ જવાય?

**ભૃંગી**—મારા સ્વામી શંકર છે. તે દિગંબર છે તો તેમને ધનુષ્યની શી જરૂરત છે? શસ્ત્ર રાખે છે તો ભસ્મની શી જરૂરત છે? ભસ્મ લગાવીને રહેવું છે તો સ્ત્રીની શી જરૂર છે? અને સ્ત્રી રાખવી છે તો કામ પર દ્વેષ શા માટે રાખે છે? ભૃંગી સેવક પોતાના સ્વામીની આવી પરસ્પર વિરોધી ચેષ્ટાથી હાડપિંજર જેવો બની ગયો.

**કામદેવ**—જે વિરહના કારણે સ્ત્રીને શરીરમાં જ ધારણ કરી

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

રાખે છે એ શંકરે મને જીત્યો હતો એમ હસતો અને રતિના હાથમાં તાલી દેતો કામદેવ જયવંત છે.

**યાજ્ઞવલ્કયસ્મૃતિ**—રાજન્! શ્રુતિમાં વિષ્ટા ખાનારી ગાયનો સ્પર્શ, ઝાડની પૂજા, બકરાનો વધ, પૂર્વજોને તર્પણ, બ્રહ્મભોજન, અગ્નિમાં બલિઅર્પણ, માયાવીને માનવા વગેરે ધર્મમાર્ગ બતાવેલા છે તેને સાચા કેમ મનાય!

**ગાય**---ગાય પશુ છે, વિષ્ટા ખાય છે, પતિ-પુત્રીનો ભેદ રાખતી નથી, ખરીથી જીવોને મારે છે, બીજાને શીંગડુ મારે છે આવી ગાયને નમસ્કાર શા માટે કરવો? એ દૂધ આપે છે માટે જ જો વંદનીય હોય તો ભેંશ પણ વંદનીય ગણાય.

**યજ્ઞપશુ**—

नाहं स्वर्गफलोपभोगतृषितो नाभ्यर्थितस्त्वं मया
संतुष्टः तृणभक्षणेन सततं साधो ! न युक्तं तव ।
स्वर्गं यान्ति यदि त्वया विनिहता यागे ध्रुवं प्राणिनो
यज्ञं किं न करोषि मातृ-पितृभिः पुत्रैस्तथा बान्धवैः ॥

जैन साईट JAINSITE .com

**શિકાર**—હે દેવ! તારા અસ્ત્રથી ભય પામી પ્રાણીઓ પોતાની જાતના રક્ષણ માટે બળવાનનું શરણ લે છે. જેમ હરણ ચંદ્રમામાં રહેલા હરણ તરફ દોડે છે અને ભૂંડ આદિવરાહની તરફ નીચે જમીન ખોતરે છે.

रसातलं यातु यदत्र पौरुषं दुर्नीतिरेषा धरणीभृतानाम् ।
निहन्यते यद् बलिना हि दुर्बलो हहा ! महाकष्टमराजकं जगत् ॥

આ૦ મેરુતુંગસૂરિ કહે છે કે, રાજાએ આ વચન સાંભળીને દયા ઉપજતાં આજીવન પશુ શિકારનો ત્યાગ કર્યો.

**તળાવ**—

एषा तटाकमिषतो वरदानशाला
मत्स्यादयो रसवती प्रगुणा सदैव ।
पात्राणि यत्र बत सारस-चक्रवाकाः
पुण्यं कियद् भवति तत्र वयं न विद्मः ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ રીતનાં કવિનાં અનેક સૂક્તો ઉત્તમ મનાયાં છે. તેની સમસ્યા-પૂર્તિ પણ પ્રૌઢ પાંડિત્યવાળી ગણાતી હતી.

એક વાર ભોજ રાજાની સભામાં એક વહાણવટીએ રામેશ્વરના શિવાલયની પ્રશસ્તિની મીણના પાટિયાથી ઉતારેલી નકલ મૂકી, તેમાં ઘણા શ્લોકો ત્રુટક હતા. રાજપંડિતોએ ત્રુટક પાઠના સ્થાનમાં નવાં નવાં ચરણો બનાવ્યાં. રાજાને તેનાથી સંતોષ ન થયો. તેણે સિદ્ધ-સારસ્વત પં૦ ધનપાલને તે ચરણોની પૂર્તિ કરવા નિવેદન કર્યું.

કવિશ્રીએ 'स्नाता तिष्ठति०' પદ્યનાં ત્રણ ચરણ હતાં તેમાં ચોથું ચરણ ઉમેર્યું. વળી 'हरशिरसि०' પદ્યનાં બે ચરણો હતાં તેમાં બે ચરણો નીચે મુજબ ઉમેરી બતાવ્યાં—

हरशिरसि शिरांसि यानि रेजुः हरिहरितानि लुठन्ति गृध्रपादैः ।
अयि ! खलु विषमः पुराकृतीनां विलसति जन्तुषु कर्मणां विपाकः ॥

—રાવણના શિર પર જે માથાં શોભતાં હતાં તે (લક્ષ્મણના હાથે કપાતાં) ગીધોના પગ તળે કચરાય છે. ખરેખર, પ્રાણીઓમાં પહેલાંનાં કર્મોનું વિષમ ફળ વિલસે છે.

એક પંડિતે આ સમસ્યાને કલ્પનાનું રૂપ બતાવ્યું. આથી ભોજ રાજાએ તે મંદિરની પ્રશસ્તિની બીજી નકલ મંગાવીને જોયું તો તેમાં આ રીતે જ શ્લોક હતો. કવિ ધનપાલની આ શક્તિ જોઈ રાજા પ્રસન્ન થયો અને કવિને ઘણા આદર-માનથી જોવા લાગ્યો.

કવિની સ્પષ્ટવાદિતાથી રાજા પ્રસન્ન હતો, પણ તે ક્યારેક નારાજ પણ થઈ જતો. સમય જતાં તેને સિદ્ધસારસ્વત આગળ નમતું જોખવું પડતું. રાજા તેને સવિનય વિનવતો.

એક વાર રાજાએ વિચાર કર્યો કે આ કવીશ્વર યજ્ઞહિંસા અને શિકાર વગેરેની નિંદા કરે છે તો આનું કાસળ કાઢી નાખવું જોઈએ. કવિ પણ રાજાના આ ભાવને કળી ગયો હતો. એક વાર એક બાલિકા સાથે રાજમાર્ગમાં ઊભેલી ડોશીએ ૯ વાર માથું ધુણાવ્યું ત્યારે રાજાએ કવિશ્રીને પૂછ્યું કે, 'બોલો, આ ડોશી શાની મના કરે છે?'

JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

કવિએ કહ્યું, 'રાજન્! તે બાલિકાએ ૯ પ્રશ્નો કર્યા છે અને તે ડોશીએ તેનો ૯ વાર નિષેધ કર્યો છે તે આ પ્રકારે હશે એમ માનું છું—

किं नन्दी किं मुरारिः किमुत सुरपतिः किं नलः किं कुबेरः
किं वा विद्याधरोऽसौ किमु रतिरमणः किं विधुः किं विधाता।
नायं नायं न चायं न खलु नहि नवा नापि नासौ न चैषः
क्रीडां कर्तुं प्रवृत्तः स्वयमिह हि हले! भूपतिर्भोजदेवः॥

—બાલિકા પૂછે છે કે શું આ મહાદેવ છે? વિષ્ણુ છે? ઇંદ્ર છે? નલ છે? કુબેર છે? વિદ્યાધર છે? કામદેવ છે? ચંદ્ર છે કે બ્રહ્મા છે? તેનો ડોશીમાએ ઉત્તર આપ્યો કે, હે ભોળી બાલિકા! આ તેમાંનો કોઈ નથી પણ ક્રીડા કરવાને જઈ રહેલો આ ભોજદેવ છે.

રાજા મનમાં ખુશ થયો અને બોલ્યો, 'કવિરાજ! મને વિષ્ણુ વગેરેની ઉપમા અપાય તે યોગ્ય નથી. આમાં તો અતિશયોક્તિ રહેલી છે.

કવિશ્રીએ તરત જવાબ આપ્યો કે, તમને વિષ્ણુની ઉપમા આપી છે તે બરાબર છે, તેનું કારણ સાંભળો—

अभ्युद्धृता वसुमती दलितं रिपूरः
क्रोडीकृता बलवता बलिराजलक्ष्मीः।
एकत्र जन्मनि कृतं तदनेन यूना
जन्मत्रये यदकरोत् पुरुषः पुराणः॥

—વિષ્ણુએ પૃથ્વીનો ઉદ્ધાર, શત્રુની છાતી ચીરવી અને બલિરાજની લક્ષ્મીને ગ્રહણ કરવાનાં કાર્યો ત્રણ જન્મ લઈને કર્યાં હતાં જ્યારે તમે એક જ જન્મમાં એ ત્રણે કર્મો કર્યાં છે.

ભોજરાજે આ શીઘ્ર કવિત્વથી પ્રસન્ન થઈ કહ્યું, 'કવિરાજ! જે ઇચ્છા હોય તે માગો, જરૂરથી આપીશ.'

કવિશ્રીએ બીજું કંઈ ન માગતાં પોતાના જીવિતવ્યનું વરદાન માગ્યું, ત્યારે રાજાએ તેની આ મનોવિજ્ઞાનકળાથી અચંબો પામી તેને ન મારવાની પ્રતિજ્ઞા લીધી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભોજરાજે 'સરસ્વતીકંઠાભરણ' નામે રાજમહેલ બનાવ્યો હતો. તેના દરવાજાના ગોખમાં રતિ સાથે હાથતાળી દેતી કામદેવની મૂર્તિ બેસાડી હતી. કવિ ધનપાલે મહેલની પ્રશસ્તિ રચી શિલામાં કોતરાવી. તેમાં આ શ્લોક પણ દાખલ કર્યો હતો. રાજાએ એ પ્રશસ્તિના ઉપલક્ષમાં સ્વર્ણકળશ પારિતોષિક તરીકે આપ્યો હતો.[1]

એક વાર ભોજરાજે કહ્યું, 'કવિરાજ ! તમે તમારી મનોવિજ્ઞાનકળાથી જણાવો કે, હું આજે આ સરસ્વતીમહેલમાંથી કયા દરવાજેથી બહાર નીકળીશ ?'

કવિશ્રીએ એક ભોજપત્ર પર 'તોડેલી છતમાંથી' એવા શબ્દો લખીને એ ભોજપત્ર એક દાબડામાં મૂક્યું અને તે દાબડો રાજાના અંગરક્ષકોને આપ્યો. રાજાએ કવિશ્રીને ખોટા પાડવા માટે ઉપરની છત તોડાવી નાખી અને તે રસ્તે બહાર નીકળ્યો. પછી કવિશ્રીનો જવાબ જોવા માટે જ્યારે તેણે દાબડો ખોલ્યો અને વાંચ્યું ત્યારે તો તે કવિશ્રીની આ અદ્ભુત શક્તિ ઉપર મુગ્ધ થઈ ગયો.

એક વાર ભોજરાજે કવિશ્રીને દેવોની પૂજા કરવાની અનુજ્ઞા આપી. કવિ તો સ્નાન વગેરેથી શુદ્ધ થઈ એક થાળ લઈ એક કાલિકા, વિષ્ણુ, શિવ અને જિનેશ્વરનાં મંદિરોમાં ગયો. પ્રથમનાં ત્રણ મંદિરોમાંથી તો પૂજા કર્યા વિના દુભાતા દિલે પાછો ફર્યો. ચોથા જિનમંદિરમાં ગયો અને ત્યાં પૂજા કરી પ્રસન્નવદને બહાર આવ્યો.

રાજાએ જાસુસ મારફત આ ઘટના વિશે જાણી લીધા પછી કવિશ્રીને પૂછ્યું, 'કહો, કોની કોની પૂજા કરી ?'

કવિએ નિખાલસપણે જવાબ આપ્યો, 'હું પ્રથમ મહાકાલિકાદેવીના મંદિરમાં ગયો તો તે દેવી મહિષાસુરને હણવામાં વ્યગ્ર બનેલી

---

૧. સંભવ છે કે, મુસલમાનોએ એ મહેલની જ મસ્જિદ બનાવી હોય. એ મસ્જિદની દીવાલમાંથી ભોજરાજે રચેલ કોદંડછત્ર લખેલી શિલાઓ મળી આવી છે. તેની પ્રતિલિપિ દિલ્હીના મ્યુઝિયમમાં છે. શ્રીમાન્ દયારામ સહાનીએ સં૦ ૧૯૮૯માં અમારી પાસે તેની પ્રતિલિપિનો પાઠ વાંચીને તેની નકલ તૈયાર કરી હતી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતી. તેના હાથમાં ખોપરી હતી, શસ્ત્રો હતાં. તેનું રૂપ મહારૌદ્ર હતું. એ જોઈને મને લાગ્યું કે, દેવી અત્યારે ક્રોધમાં છે તેથી તેની પૂજા કરવી ન શોભે.

'પછી હું વિષ્ણુમંદિરમાં ગયો ત્યારે વિષ્ણુની પાસે સત્યભામા, રુકિમણી વગેરે બેઠેલાં હતાં. રાસલીલા ચાલતી હતી એટલે મને થયું કે, એકાંતમાં બેઠેલા દેવ પાસે ન જવાય. બીજાએ પણ અત્યારે ત્યાં જવું ઠીક નથી એટલે હું ત્યાં પડદો નાખીને પાછો વળ્યો.

'પછી હું શિવાલયમાં ગયો. ત્યાં તો મને સમજણ જ ન પડી કે, શિવજીના કયા અંગની પૂજા કરું. કેમ કે જ્યાં કંઠ નથી ત્યાં ફૂલમાળા ક્યાં પહેરાવું? નાક નથી ત્યાં ધૂપ દેવાનો અર્થ નથી. કાન નથી ત્યાં ગીત કોને સંભળાવવાં? પગ નથી ત્યાં પ્રણામ કોને કરવા? એટલે મારે અહીં કોનું પૂજન કરવું તેનો વિચાર થઈ પડ્યો.

'પછી જિનાલયમાં ગયો. ત્યાં વીતરાગની સૌમ્ય મૂર્તિનાં દર્શન થયાં. તેમની આંખમાં અમી હતું. મુખ પ્રસન્ન હતું. ખોળો સ્ત્રી-સંગથી ખાલી હતો, હાથ શસ્ત્રોથી રહિત હતા. અહીં સાચું દેવત્વ દેખી મેં તે દેવાધિદેવની પૂજા કરી. મને ત્યાં ખૂબ શાંતિ મળી. રાજન્! તમે મને દેવપૂજાની આજ્ઞા કરી તો મને જ્યાં દેવત્વ જોવાયું ત્યાં મેં પૂજા કરી.'

કવિશ્રીએ આ પ્રમાણે વર્ણન કર્યું. તે પછી કવિએ રાજાને દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ સંભળાવ્યું. રાજા એ બધું સાંભળીને ખુશ થયો.

એક વાર રાજાએ પૂછ્યું, 'કવિરાજ! મહાકાલિના મંદિરમાં પવિત્રારોહ મહોત્સવ થાય છે. તારા દેવનો એવો મહોત્સવ કેમ થતો નથી?

ધનપાલે જવાબ આપ્યો કે, 'પવિત્રારોહ તો જે અપવિત્ર હોય તેને પવિત્ર બનાવવા માટે છે; જ્યારે જિનેશ્વરદેવ તો સદાય પવિત્ર છે તેને પવિત્ર કરવાની કશી જરૂરત નથી.'

હવે કવિ ધનપાલે આત્મકલ્યાણ તરફ પોતાનું મન વિશેષપણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લગાડયું. તેણે ધારામાં ભ૦ આદીશ્વરનું સુંદર ચૈત્ય બંધાવ્યું. તેમાં આ૦ મહેન્દ્રસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી અને નિરંતર પૂજા ચાલુ રાખી. તેની સ્તુતિરૂપે ' ઋષભપંચાશિકા ' રચી. તે ચૂડામણિશાસ્ત્રનો અભ્યાસી હતો, જૈનદર્શનનો જ્ઞાતા અને બાર વ્રતધારી હતો. જે સાતે ક્ષેત્રોમાં દાન આપતો હતો.

કવિ ધનપાલે કાવ્યની ચમત્કૃતિઓથી ભરપૂર, અલંકાર અને નવ રસોથી સભર એવી ઋષભદેવની સ્તુતિપ્રધાન ગદ્યકથા (ગ્રં૦ : ૧૨૦૦૦ પ્રમાણ) બનાવી. ગુજરાતના પ્રદેશમાં વિચરતા આ૦ શાંતિ-સૂરિને ધારામાં મહોત્સવપૂર્વક પધરાવી તેમની પાસે એ કથાનું સંશોધન કરાવ્યું. તેમણે ઘણા વાદીઓને જીત્યા હોવાથી તેમને રાજાના હાથે ' વાદિવેતાલ 'નું માનવંતુ બિરુદ અપાવ્યું. તે કથા શિયાળામાં રાતના વખતે રાજા ભોજને સંભળાવી. એ સાંભળીને રાજા ઘણો પ્રસન્ન થયો. આવા લાલિત્યભર્યા વર્ણનથી તેનું મન લલ-ચાયું અને કહ્યું, ' મિત્ર ! હું તારી પાસે એ માગણી કરું છું કે આ કથામાં જ્યાં પાતુ જિનः ના સ્થાને પાતુ શિવઃ, અયોધ્યાના સ્થાને અવન્તી (ધારા), શક્રાવતાર ચૈત્યના સ્થાને મહાકાલમંદિર, ઋષભદેવના સ્થાને મહાદેવ અને ઇન્દ્રના સ્થાને ભોજ એટલું પરિવર્તન કરી દે તો તું માગીશ એ હું આપીશ. તારી આ કથા અમર બની જશે એમાં શંકા નથી.

કવિરાજે જવાબ આપ્યો કે, ' રાજન્ ! આ રીતે પરિવર્તન કરવું એ તો મારા હૃદયનો ગંભીર અપરાધ છે. એ આત્મઘાતી પગલું છે. દૂધના વાસણમાં સુરાનું એક ટીપું પડે તો તે અપવિત્ર બની જાય. એવું પરિવર્તન કરનાર વિદ્વાન એ વિદ્વાન નથી પણ દ્વિજિહ્-ખલ છે એમ મારું માનવું છે. વળી સૂર્ય અને આગિયામાં જે તફાવત છે તે પણ કદાપિ ભૂંસી શકાય તેમ નથી.'

રાજાને આ નગ્ન સત્ય વાત સાંભળીને ભારે ગુસ્સો ચડ્યો. તેણે એ કથાને પાસેની સગડીમાં મૂકીને બાળી નાખી. કવિએ પણ રાજાને કડક શબ્દોમાં ઘણું ઘણું સંભળાવ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રસંગ પછી કવિ ઘેર આવ્યા અને દુખાતા હૃદયે ખાટલામાં સૂઈ ગયા. તેમની નવ વર્ષની નાની પુત્રી તિલકમંજરીએ પિતાની ગમગીની જોઈ પિતાજીને તેનું કારણ પૂછ્યું. તિલકમંજરી તેના પિતાની વહાલસોયી પુત્રી હતી. પિતાએ તેને પોતાની વિદ્યાનો વારસો આપ્યો હતો અને નવ વર્ષની વયે પણ તે એક વિદુષી બની ચૂકી હતી. તે પિતાજીની એ કથા રોજ વાંચી જતી અને યાદ કરી લેતી. તિલકમંજરીએ હકીકત સાંભળીને પિતાને આશ્વાસન આપતાં કહ્યું, 'પિતાજી! રાજાએ તમારી કૃતિને બાળી નાખી તેથી ચિંતા કરવા જેવું નથી. મને તે કથા અક્ષરશઃ યાદ છે.'

પુત્રીની વાત સાંભળી કવિશ્રી આનંદિત થઈ ગયા. તેમણે ભોજન કર્યા પછી બાલિકાના મુખેથી એ કથા-પાઠ સાંભળીને લખી લીધો. એમ કરતાં થોડા દિવસોમાં જ એ કથા ફરીથી લખાઈ ગઈ. જો કે તેમાં કોઈ કોઈ ભાગ બાલિકાએ સાંભળ્યો કે વાંચ્યો ન હતો તેથી તે ભાગ અધૂરો રહી ગયો પણ કવિશ્રીએ ત્યાં નવો પાઠ ઉમેરીને બધો સંબંધ જોડી કથાને અખંડ સ્વરૂપ આપ્યું. કથા પૂર્ણ રીતે તૈયાર થતાં તેનું નામ 'તિલકમંજરી' રાખ્યું. આ ઘટના વિ૦સં૦ ૧૦૮૪ લગભગમાં બની હતી.

એ ઘટના પછી જ નિર્વૃતિગચ્છના આ૦ સૂરાચાર્ય ધારામાં આવ્યા હતા અને તેમણે ભોજરાજની સભાને જીતી લીધી હતી. કવિ ધનપાલે તેમના મહામોંઘા જીવનને ભોજરાજથી બચાવી લીધું.

પછી તો કવિને પણ લાગ્યું કે હવે ધારામાં રહેવું યોગ્ય નથી. તેઓ ધારાને છોડીને સાચોરમાં આવીને રહ્યા. ત્યાં તેમણે સાચોરના જિનમંદિરમાં મૂળનાયકની મૂર્તિ જોઈને અપભ્રંશમાં સુંદર સ્તુતિ કરી. એ સ્તુતિ ઉપરની ઘટના ઉપર ઝાંખો પ્રકાશ પાથરતી આજે ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે.

ભરુચનો બ્રાહ્મણપુત્ર કૌલાચાર્ય ધર્મ નામે પંડિત ધારાની રાજસભામાં આવ્યો અને પંડિતોને શાસ્ત્રાર્થ માટે લલકાર્યા. ધારાનો વિદ્વાન તેની સામે હામ બીડી શકે એમ ન હતું. આથી રાજાને

જૈન સાહિત્ય JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કવીશ્વર ધનપાલ યાદ આવ્યા. તેણે સાચોર માણસ મોકલીને કવીશ્વરને આમંત્રણ મોકલ્યું. પણ કવીશ્વર તો પ્રભુભક્તિમાં લીન હતા તેથી આવ્યા નહીં.

ભોજરાજે બીજો માણસ મોકલી કવીશ્વરને વિનંતિ કરી કે, 'કવિરાજ! તમે મોટા છો હું નાનો છું. મોટાએ નાનાના કહેણ ઉપર ગુસ્સો કરવો ન જોઈએ. જો કે તમે તીર્થસેવામાં લીન છો પણ મારા સંતોષની ખાતર એક વાર ધારા આવી જાઓ. માળવો જીતે કે હારે પણ એ તમારી જન્મભૂમિ છે. એક પરદેશી કૌલ-પંડિત ધારાને જીતી જાય એ તમને ઠીક લાગે છે? વધુ શું કહું? તમે વિવેકી છો. તમને ઠીક પડે તેમ કરો.'

કવીશ્વર માતૃભૂમિના પ્રેમ ખાતર ધારા ગયા અને ધર્મ પંડિતને શાસ્ત્રાર્થ માટે પડકાર કર્યો. તરત જ શાસ્ત્રાર્થની યોજના થઈ. ધર્મ પંડિતે મંગલાચરણ કર્યું—

'सारस्वते श्रोतसि मे प्लवन्तां पलालकल्पा धनपालवाचः।'

—ધનપાલની વાણી મારા સારસ્વત પ્રવાહમાં તરખલાની જેમ તણાતી રહો.

કવિશ્રીએ એ જ શ્લોકનો પદવિચ્છેદ કરી બીજો અર્થ બનાવી પંડિતને ભોંઠો પાડ્યો. એટલે કે આ ધર્મ પંડિત ઇચ્છે છે કે, हे धनप–હે ધનપતિ રાજન્! मे आलवाचः–મારી શ્રેષ્ઠવાણી, सारस्वते श्रोतसि–સિદ્ધસારસ્વત ધનપાલના સ્વરમાં, पलालकल्पा–તરખલાની જેમ, प्लवन्ताम्–તણાતી રહો.

પછી બંને વચ્ચે શાસ્ત્રાર્થ જામ્યો. તેમાં ધર્મ પંડિત હારી ગયો. કવિ ધનપાલની આગળ તેનો ગર્વ ગળી ગયો પણ રાજાએ કવિ ધનપાલની સમ્મતિથી ધર્મ પંડિતને લાખ દ્રમ્મનું દાન કર્યું. પંડિતે જણાવ્યું, 'મને હવે ખાતરી થઈ છે કે કવીશ્વર ધનપાલ બુદ્ધિનિધાન અને અજોડ પંડિત છે.'

કવિએ કહ્યું, 'પંડિતજી! એમ ન કહો. પૃથ્વી રત્નની ખાણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. પાટણમાં આ૦ શાંતિસૂરિ પાસે જાઓ, ત્યાં તમને સાચું પાંડિત્ય જોવા મળશે.'

પંડિતને પરાજય થવાના કારણે બહાર જવું જ હતું તેથી તેણે કવિશ્રીની વાતને વધાવી ગુજરાત તરફ પ્રયાણ કર્યું.

ધર્મ પંડિત ભોજની સભામાં બીજે દિવસે આવ્યો નહીં એટલે કવીશ્વરે જણાવ્યું કે, 'ધર્મ પંડિતે ધર્મ જીતે અને અધર્મ હારે એ કહેવતને ખોટી પાડી છે, પણ धर्मस्य त्वरिता गतिः ની કહેવતને સાચી પાડી છે.'

ભોજરાજે માળવાનું ગૌરવ જળવાયું એમ માનીને આનંદનો દમ ખેંચ્યો.

કવીશ્વરે વૃદ્ધાવસ્થા થવાથી ભોજરાજની આજ્ઞા લઈ આ૦ મહેન્દ્રસૂરિ પાસે સંલેખના કરી શુભ સમાધિથી મરણ પામી પહેલા દેવલોકમાં વાસ કર્યો.

કવીશ્વર દીર્ઘાયુષી હતા, કેમકે સં૦ ૧૦૨૯ માં માલવેશ સીયકરાજે મન્નખેડ ભાંગ્યું ત્યારે તે તેની સાથે હતો. એ વખતે સીયકની ઉંમર ૨૦–૨૨ વર્ષની હશે જ. સં૦ ૧૦૮૧ માં મહમ્મદ ગીજનીએ સોમનાથ તોડયું હતું. સં૦ ૧૦૮૪ લગભગમાં 'તિલકમંજરી'ની રચના કરી અને સૂરાચાર્યને જાનથી બચાવ્યા. તે પછી તે સાચોર તીર્થમાં ગયો. તે પછી પણ તે ઘણાં વર્ષો સુધી જીવ્યો. આ હિસાબે તેનો સં૦ ૧૦૧૦ માં જન્મ થયો હશે અને સં૦ ૧૦૯૦ પછી મરણ પામ્યા હશે એમ કલ્પી શકાય.

આ૦ મહેન્દ્રસૂરિ પણ સં૦ ૧૦૯૦ પછી અનશન લઈ સમાધિપૂર્વક કાળધર્મ પામી સ્વર્ગે ગયા.

કવીશ્વર ધનપાલે સંસ્કૃત અને પ્રાકૃતમાં નીચે મુજબના ગ્રંથોની રચના કરી છે—

૧. પાઈયલચ્છી નામમાલા—(ગાથા : ૨૭૫) કવીશ્વરે આ ગ્રંથ સં૦ ૧૦૨૯ માં આ પ્રાકૃત કોશની રચના મન્નખેડ ભાંગી પાછા વળતાં રસ્તામાં કરી છે. સંભવ છે કે, તેણે આ ગ્રંથ પોતાની પત્ની લક્ષ્મી માટે બનાવ્યો હોય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨. ધનંજય કોશ (ગ્રં૦ : ૧૮૦૦)—આ સંસ્કૃત ભાષાના કોશનો ઉલ્લેખ શ્રીહેમચન્દ્રસૂરિના 'અભિધાનચિંતામણિ' અને 'દેશીનામમાલા' ની ટીકામાં આવે છે. સંભવ છે કે આના આધારે જ 'ધનંજયનામમાલા કોશ' (ગ્રં૦ : ૨૦૦)ની રચના થઈ હશે.

૩. તિલકમંજરી—આ કથામાં જ કવિશ્રી લખે છે કે, મેં ભોજને જિનાગમની કથા સાંભળવાની ઈચ્છા થતાં તેના માટે આ 'તિલકમંજરી' ગ્રંથ રચ્યો (શ્લો૦ ૫). આ કથાના કારણે જ કહેવાયું છે કે, शब्दसाहित्यदोषास्तु सिद्धसास्स्वते नु किम्—સિદ્ધ સારસ્વતમાં શબ્દવ્યાકરણ અને સાહિત્યના દોષો ક્યાંથી હોય ?

વાદિવેતાલ શાંતિસૂરિએ સં૦ ૧૦૮૪ માં આ કથામાં ઉત્સૂત્ર કથન ન આવે એટલા પૂરતું જ આ કથાનું સંશોધન કર્યું હતું. એ સંસ્કૃત કથા અદ્ભુત નવ રસોથી ભરપૂર અને રોચક છે. આ કથા પણ સંસ્કૃત ગદ્ય કથાસાહિત્યમાં જેવી કે, સુબંધુની વાસવદત્તા, બાણની કાદંબરી, દંડીનું દશકુમારચરિત, ત્રિવિક્રમની નવકથા અને સોઢ્ઢલની ઉદયસુંદરીની જેમ ગૌરવવંતુ સ્થાન ભોગવે છે. ક૦ સ૦ શ્રીહેમચન્દ્રસૂરિએ પોતાના 'કાવ્યાનુશાસન' તથા 'છંદોનુશાસન'માં તિલકમંજરીનાં પદ્યો ઉતાર્યાં છે.

તિલકમંજરી પર પૂર્ણતલગચ્છના આ૦ શાંતિસૂરિએ સં૦ ૧૧૮૦માં ટિપ્પન, પં૦ પદ્મસાગરગણિએ ટીકા (ગ્રં૦ : ૮૦૦૦) અને વર્તમાનમાં વિજયલાવણ્યસૂરિએ તેના ઉપર પરાગ નામની વિશદ ટીકા (ગ્રં૦ : ૨૦૦૦૦)ની રચના કરેલી છે.

આ તિલકમંજરીના આધારે—(૧) દિગંબર પં૦ ધનપાલે સં૦ ૧૨૬૧ માં 'કથાસાર', (૨) શ્વેતાંબર પં૦ લક્ષ્મીધરે સં૦ ૧૨૮૧ માં 'કથાસાર' (૩) પં૦ પદ્મસાગરગણિએ કથાસાર અને (૪) એક વિદ્વાને કથાંશ રચેલા છે.

૪. શોભનકૃત—ચતુર્વિંશતિની ટીકા.

૫. સાવગધમ્મપગરણ (સાવગવિહિપગરણ)—ગા૦ : ૨૪.

(—જૈ૦સ૦પ્ર૦, ક્રમાંક : ૧૫૫)

જૈન શાસન સાઈટ JAINSITE .com જયતુ શ્વેતાંબર શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬. ઉસભપંચાસિયા—(ગાથા : ૫૦) આ પ્રાકૃતમાં રચેલી સ્તુતિઓ છે. તેનાં પદ્યો સુલલિત છે. તેના ઉપર એક પ્રાચીન વ્યાખ્યા મળે છે અને બીજી વ્યાખ્યા પં૦ હેમવિજયકૃત મળે છે. મહો૦ ધર્મશેખરગણિએ રચેલ સંસ્કૃત-પ્રાકૃત અવચૂરિ (ગ્રં૦ : ૩૩૬), હારિજગચ્છના આ૦ વીરભદ્રના શિષ્ય 'તરંગવતીસાર'ના રચયિતા આ૦ નેમિચંદ્રસૂરિની અવચૂરિ, તપા૦ ચારિત્રહેમ ગણિની (સં૦ ૧૫૨૬) સિરોહીમાં અવચૂરિ, એક અજ્ઞાત નામની અવચૂરિ વગેરે વિવરણો મળે છે.

૭. વીરથુઈ (ગાથા : ૩૦) વિરોધાલંકારમયસ્તુતિ.

૮. વીરસ્તુતિ (ગાથા : ૧૧) સંસ્કૃત-પ્રાકૃત ચરણોવાળી સ્તુતિ.

૯. સૂરાચાર્યકૃત નાભેય-નેમિ દ્વિસંધાન કાવ્યનું સંશોધન.

૧૦. સત્યપુરીય મહાવીરોત્સાહઃ ગાથા : ૧૫.

ગ્રંથકારો અને કવિઓ કવિ ધનપાલની આ પ્રકારે પ્રશંસા કરે છે—

(१) शब्द-साहित्यदोषास्तु सिद्धसारस्वते नु किम् ? ।

(२) समस्यामर्पयामास सिद्धसारस्वतः कविः ।

(३) व्युत्पत्तिर्धनपालतः ।

(આ૦ હેમચંદ્ર, અભિધાનચિંતામણિ-ટીકા)

(४) वचनं धनपालस्य चन्दनं मलयस्य च ।
सरसं हृदि विन्यस्य कोऽभून्नाम न निर्वृतः ॥

(આ૦ મેરુતુંગ, પ્રબંધચિંતામણિ પ્ર૦ ૨)

એકંદર પંડિત ધનપાલ તે કવીશ્વર, કુર્ચાલસરસ્વતી અને સિદ્ધસારસ્વત તરીકે વિખ્યાત અગિયારમી શતાબ્દીનો ધુરંધર વિદ્વાન. તે આશુ કવિ, આદર્શ ગ્રંથકર્તા, સમર્થ વાદી અને પરમ જૈન હતો.

(५) परमश्रावकेण धनपालेनाप्युक्तम् ।

(મહો૦ યશોવિજયજી, ધર્મપરીક્ષા)

ધનપાલ નામના ત્રણ કવિઓ પ્રસિદ્ધ છે—

(૧) કવીશ્વર ધનપાલ તે તિલકમંજરીના કર્તા.

(૨) ધક્કડવંશીય ધનપાલ—જેણે અપભ્રંશમાં ભવિસયત્તકહા રચી.

જૈન સાઈટ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) પલ્લીવાલ ધનપાલ—જેણે સં૦ ૧૨૬૧ના કાર્તિક સુદિ ૮ ના દિવસે 'તિલકમંજરી-કથાસાર' રચ્યો છે. કવિએ પોતાનો અને તેમના કુટુંબનો પરિચય ગ્રંથના પ્રારંભમાં જ આપ્યો છે.

તેઓ બધા ધનપાલ નામ હોવા છતાં સાહિત્યપાલ બન્યા હતા.

(–પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, ભોજપ્રબંધ, ઉપદેશતરંગિણી)

## દંડનાયક જિણાશાહ

જિણહ શ્રેષ્ઠી ધોળકાનો વતની હતો. તેનું ગોત્ર શ્રીમાલી હતું, એના પિતાનું નામ હતું પાહા શેઠ. જિણાશાહ ઘણો નિર્ધન હતો, પણ તંદુરસ્ત અને બલવાન હતો. ઘી, કપાસ તથા અનાજની ફેરી કરી જાતમહેનતથી પોતાનો તથા કુટુંબનો નિભાવ કરતો હતો. તે શ્રદ્ધાળુ જૈન હતો. પ્રતિદિન જિનપૂજા અને ગુરુવંદન કરતો હતો. એક દિવસે નવાંગીવૃત્તિકાર મહાપ્રભાવક આ૦ અભયદેવસૂરિએ તેને પદ્મદલમાં સ્થાપિત ભ૦ પાર્શ્વનાથની પૂજા તથા 'ભક્તામરસ્તોત્ર'ના પાઠનો વિધિ બતાવ્યો. જિણાશાહે પૂજાપાઠ અખંડ રીતે ચાલુ રાખ્યા.

તેણે એક દિવસે ઘીનો ગાડવો લઈ ફેરીએ જતાં રસ્તામાં તેને મારવાને આવેલા ત્રણ લૂંટારાઓને માત્ર ત્રણ બાણથી જ મારી નાખ્યા. આ વાતની જાણ થતાં ગુજરાતના રાજા ભીમદેવ સોલંકી (સં૦ ૧૦૭૮ થી ૧૧૨૦)એ તેને પાટણ બોલાવી તરવાર, પટ્ટો તથા સોનાની મુદ્રા આપી ધોળકાનો દંડનાયક બનાવ્યો.

આ સમયે ત્યાં રહેલા સેનાપતિ શત્રુશૈલ્યે કહ્યું, 'અન્નદાતા! જિણા શેઠને રૂ તથા કાપડના વેપારની આવડત છે. માટે તેને તો ગજ અને કાતર અપાય પણ તરવાર ન અપાય'.

જિણાશાહે તરત જ સંભળાવી દીધું કે, 'તરવાર, ધનુષ્ય, બાણ, ભાલો અને શક્તિને ઉપાડનારા તો ઘણાયે હોય છે પણ યુદ્ધમાં શૂરા તો વિરલા જ હોય છે.'

સેનાપતિએ તેનો માર્મિક જવાબ સાંભળીને કહ્યું, 'શસ્ત્ર અને શાસ્ત્ર યોગ્ય પુરુષને મેળવીને જ યોગ્ય બને છે.'

જિણાશાહ દંડનાયક બન્યો. તેણે પ્રજાપાલન માટે ખૂબ ધ્યાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપ્યું. તેણે સર્વપ્રથમ ચોર અને લૂંટારાઓને પકડી લીધા અને એ પ્રદેશમાંથી ચોરનું નામનિશાન ભૂંસી નાખ્યું. એક ચારણે શાહની તાકાતની પરીક્ષા કરવા માટે ઊંટની ચોરી કરી. રાજપુરુષ ચારણને પકડી ધોળકામાં શાહની સામે લઈ આવ્યો. જિણાશાહ તે વખતે દેરાસરમાં પૂજાપાઠ કરતો હતો. દંડનાયકે પહેલાં બાંધેલી વ્યવસ્થા પ્રમાણે રાજપુરુષે જિણા શાહને દેરાસરની બહાર બોલાવીને પૂછ્યું કે, 'આ ચારણે ઊંટની ચોરી કરી છે તો શું દંડ દેવો?' શાહે ત્યાં ઊભા ઊભા જ આંગળી ઉપર આંગળી ધરીને તથા ફૂલનું ડીંટું કાપીને સંકેતથી જ જણાવ્યું કે, તેનો વધ કરવો.

ચારણ વાત સમજી ગયો, તેણે કહ્યું—

'એક જિણહાને જિણવરહ, ન મિલઇ તારે તાર;
જેહિં અમારણ પૂજઈ, તે કિમ મારણહાર ?'

આ સાંભળી જિણા શાહે કહ્યું, 'જો ફરી વાર ચોરી કરીશ તો માર્યો ગયો સમજજે.' ચારણને છોડી દેવાનો હુકમ કર્યો ત્યારે તે ચારણ બોલ્યો કે—

'इक्का चोरी सा करी जा खोलडइ न माइ ।
बीजी चोरी जु करइ तु चारण चोर न थाइ ॥'

'શાહજી! ચોર કદાપિ ઘરમાં સંતાડી ન શકે એવા ઊંટની ચોરી કરે ખરો? અને ચારણ કદાપિ ચોરી કરે ખરો? આ તો તમે જૈન છો એટલે તમે ધાક કયી રીતે બેસાડો છો એ મારે જાણવું હતું.' શાહે ખુશી થઈ ચારણને સોનામહોરોનું ઈનામ આપ્યું.

જિણાશાહે ધોળકામાં બે જિનમંદિરો બંધાવ્યાં. ઘરદેરાસર માટે કસોટીની ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા ભરાવી અને સંઘના દેરાસર માટે ભ૦ આદીશ્વર, ગોમુખ તથા ચક્રેશ્વરીદેવીની પ્રતિમા ભરાવી. તે દરેકની આ૦ અભયદેવસૂરિના કરકમલથી અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરાવી અને ઘણાં ધર્મકાર્યો કર્યાં. જિણાશાહે ધોળકામાં જૈન યતિઓની જકાત બંધ કરાવી, જે સં૦ ૧૪૨૯ સુધી બંધ હતી.

(—તપાગચ્છીય પં૦ નંદિરત્નગણિ શિષ્ય પં૦ રત્નમંદિરગણિની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'ઉપદેશતરંગિણી' તરંગ : ૩; આ૦ ગુણાકરની ભક્તામરસ્તોત્ર કા૦ ૩૩ ની ટીકા)

**શેઠ હેમરાજ**—

શેઠ **હેમરાજ** માળવાની **ધારાનગરી**માં રહેતો હતો. તે ભક્તામરસ્તોત્રનો અખંડ પાઠી હતો. રાજા ભોજે (સં૦ ૧૦૫૨ થી ૧૧૧૨) એક વાર બ્રાહ્મણોની શિખવણીથી શેઠને બાંધીને કૂવામાં નાખ્યો. શેઠ ભક્તામરસ્તોત્રના જાપના પ્રભાવથી બંધન તોડી કૂવાની બહાર નીકળી આવ્યો. આ જોઈ રાજા પણ ભક્તામરસ્તોત્ર માટે શ્રદ્ધાળુ બન્યો.

(—આ૦ ગુણાકરની સં૦ ૧૪૨૬ની ભક્તામરસ્તોત્રટીકા, કાવ્ય ૧–૨ની વિવૃતિ)

**ચંડપ મંત્રીવંશ**—

**૧. ચંડપ**—તે પોરવાડ જૈન હતો. તેને ચાંપલદેવી નામે પત્ની હતી. રાજા ભીમદેવનો તે ભંડારી હતો.

**૨. ચંડપ્રસાદ**—તે રાજા કર્ણદેવનો મંત્રી હતો. તેની પત્નીનું નામ જયશ્રી હતું. તેને શૂર અને સોમ નામના બે પુત્રો હતા. બંને ભાઈઓ રાજા સિદ્ધરાજના મંત્રી હતા. બુદ્ધિશાળી, શૂરવીર અને ધર્મપ્રેમી હતા.

**૩. સોમ**—તેને **સીતાદેવી** નામે પત્ની હતી. તે દાની, સદ્‌ગુણી, ગુરુઆજ્ઞાપાલક અને ધર્માત્મા હતો. (જૈ૦સ૦પ્ર૦, વર્ષ : ૨, પૃ૦ ૬૭) તે **તીર્થંકર** ભગવંતને દેવ, નાગેંદ્રગચ્છના આ૦ **હરિભદ્ર**ને ગુરુ તેમજ **સિદ્ધરાજ જયસિંહ**ને રાજા માનતો હતો. એ સિવાય બીજાને નમતો નહોતો. તે સિદ્ધરાજનો **ખજાનચી** મંત્રી હતો. તેણે સં૦ ૧૨૫૪ માં પાટણમાં રાજગચ્છના આ૦ પૂર્ણભદ્ર કે આ૦ વાદિદેવસૂરિના શિષ્ય આ૦ પૂર્ણભદ્ર પાસે 'પંચતંત્ર' ગ્રંથનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.[1] તેણે સં૦ ૧૨૮૪ માં દેરાસરમાં સ્તંભદાન કર્યું હતું.

---

૧. (૧) વડગચ્છના આ૦ વાદિદેવસૂરિના શિષ્ય આ૦ પૂર્ણભદ્ર સં૦ ૧૨૫૪, સં૦ ૧૨૮૫ (૨) રાજગચ્છના આ૦ ચંદ્રના શિષ્ય પૂર્ણભદ્ર સં૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાટણનો શેઠ કર્પૂરપટ્ટાધીશ પુત્ર સોમ પોરવાડ સં૦ ૧૨૧૬ માં પણ આ જ સમયે થયો હતો.

**૪. આસરાજ** (અશ્વરાજ)—તે માતૃભક્ત વિવેકી જૈન હતો. તેણે સાત તીર્થોની સાત વાર યાત્રા કરી હતી. છેલ્લી યાત્રામાં બાળકો વસ્તુપાલ–તેજપાલ સાથે હતા. તે પાટણમાં રાજકાર્યમાં નિયુક્ત હતો. એક વખત તે માલાસણ ગયો ત્યારે ત્યાં મલધારગચ્છના કલિકાલગૌતમાવતાર આ૦ હરિભદ્રસૂરિ પાસેથી પ્રાસંગિક રીતે શેઠ આભૂ પોરવાલની પુત્રી બાલવિધવા કુમારદેવીને સુલક્ષણી જાણી તેની સાથે લગ્ન કર્યું અને તે સુંહલાક (સોપારક) ચાલ્યો ગયો. તેને ત્યાં ચાર પુત્રો અને ૭ પુત્રીઓ થઈ. તે પરિવાર નીચે મુજબ હતો—

**(૧) લુણિગ**—તે રાજકાર્યમાં કુશળ હતો. તેને લૂણાદેવી નામે પત્ની હતી. તે યુવાનીમાં આવતાં જ મરણ પામ્યો. એ સમયે એનું કુટુંબ ગરીબ દશામાં હતું તેથી ઘરના માણસોએ તેને પરભવ માટે ત્રણ લાખ નવકાર મંત્રો આપ્યા, પણ વસ્તુપાલે મરતી વેળા પૂછ્યું કે, ‘મોટાભાઈ! તમારી કોઈ ઇચ્છા હોય તો જણાવો’ લુણિગે જવાબ આપ્યો કે, ‘ભાઈ! મને આબૂ તીર્થમાં ભગવાનની એકાદ દેરી બનાવવાની ઉત્કટ ભાવના હતી પણ મારા ભાગ્યમાં નહીં તેથી એ ભાવના તે ભાવનારૂપે જ રહી છે. જો તમને અનુકૂળતા થાય તો મારી એ ભાવનાને સફળ બનાવજો. સૌના મનમાં એ વાત રમી ગઈ પણ પરિસ્થિતિ આગળ સૌ લાચાર હતા તેથી સૌ મૌન રહ્યા. વસ્તુપાલ–તેજપાલના દિલમાં આ ભાવનાનું બીજ રોપાયું, તેથી તેઓ ગુજરાતના મંત્રી બન્યા તે પછી એ બીજમાંથી જાણે કલ્પવૃક્ષ ઊભું થયું. આજે આબૂ ઉપરનું ‘લુણિગવસહી’ નામનું

---

૧૨૩૯ (પ્રક૦ ૩૨, પૃ૦ ૫૧૦, પ્રક૦ ૩૫, પૃ૦...) (૩૩) ખરતરગચ્છીય આ૦ જિનપતિના શિષ્યની તથા સુમતિગણિની નાની દીક્ષા સં૦ ૧૨૬૦ ના જેઠ સુદિ ૬ ના રોજ થઇ હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દર્શનીય અને વિશાળ જૈનમંદિર ઊભું છે તેનું શ્રેય આ લુણિગની ભાવનાને ફાળે જાય છે.

**(૨) મલ્લદેવ**—તે મહાજનમાં વડો હતો. મંત્રી હતો. તેને લીલાદેવી અને પ્રતાપદેવી નામે પત્નીઓ હતી. લીલાદેવીથી પૂર્ણસિંહ, સહજલદેવી તથા સજમલદેવી નામે સંતાન હતાં. પૂર્ણસિંહને પણ અહ્લણાદેવી તથા મહણદેવી નામે પત્નીઓ હતી. અહ્લણાદેવીથી પેથડ નામે પુત્ર તથા બલ્લાલ નામે પુત્રી હતાં. તેને માટે એક શ્લોક 'પુરાતનપ્રબંધસંગ્રહ'માં નોંધાયેલો મળે છે—

'धर्मविधाने भुवनच्छिद्रपिधाने विभिन्नसंधाने ।
सृष्टिकृता न हि सृष्टः प्रतिमल्लो मल्लदेवस्य ॥

**(૩) વસ્તુપાલ**—તે ગુજરાતનો મહામાત્ય હતો. આ૦ વિજયસેનસૂરિના ઉપદેશથી ધર્મપ્રેમી બન્યો હતો. તેને ઠ૦ કાન્હડ, ઠ૦ રાણુદેવી પોરવાડની બુદ્ધિશાળી પુત્રીઓ લલિતાદેવી તથા વેજલદેવી નામે પત્નીઓ હતી. લલિતાદેવીને જયંતસિંહ નામે પુત્ર હતો. તે રાજકાર્યમાં કુશળ હતો, જે સં૦ ૧૨૭૯ માં ખંભાતનો દંડનાયક બન્યો હતો. તેને જયતલ, જમ્મણ અને રૂપા નામે પત્નીઓ હતી.

તેની વિનતિથી આ૦ જિનભદ્રે સં૦ ૧૨૯૦ માં 'પ્રબંધાવલી'ની રચના કરી હતી. દંડનાયક જયંતસિંહે પોતાની આધેડ વયમાં પત્ની સુહલદેવીથી જન્મેલ પુત્ર પ્રતાપસિંહના કલ્યાણ માટે પુસ્તક રચાવીને લખાવ્યું હતું. (-જૈ૦પુ૦પ્ર૦સં૦ પુષ્પિકા : ૭)

મંત્રી વસ્તુપાલે સં૦ ૧૨૯૦ માં 'ધર્માભ્યુદયમહાકાવ્ય' લખ્યું હતું.[૧]

**(૪) તેજપાલ**—તે ગુજરાતનો કુશળ મહામાત્ય હતો. ભારે લડવૈયો હતો. તેને ચંદ્રાવતીના શેઠ ગાંગજી પોરવાડના પુત્ર ધરણિગની પુત્રી અનુપમાદેવી તથા પાટણના ઠ૦ ઝાલણ, ઠ૦ રાણી મોઢની

૧. संवत् १२९० वर्षे चैत्र शुदि ११ रवौ स्तंभतीर्थवेलाकुलमणुपालयता महं० वस्तुपालेन श्रीधर्माभ्युदयमहाकाव्यमिदमलेखि ॥ठा॥
शुभमस्तु श्रोतृ-व्याख्यातृणाम् ॥ठा॥ (-શ્રીપ્રશસ્તિસંગ્રહ, પ્ર૦ ૭૦, પૃ૦૫૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુત્રી સુહડાદેવી નામે પત્નીઓ હતી. અનુપમાદેવીને બુદ્ધિશાળી, પ્રતાપી અને ઉદારદિલ લૂણસિંહ નામે પુત્ર હતો. લૂણસિંહને રતના તથા લખમી નામે પત્નીઓ હતી ને ગૌરદેવી નામે પુત્રી હતી. સુહડાદેવીથી સુહડસિંહ નામે પુત્ર અને બકુલા નામે પુત્રી હતાં. સુહડસિંહને સુહડાદે તથા સુલખણુ નામે પત્નીઓ હતી. સુહડસિંહ સં૦ ૧૨૯૭ માં મરણ પામ્યો.

તેજપાલની પત્ની **અનુપમાદેવીનું** એના સમયમાં ભારતીય નારીઓમાં ઊંચું સ્થાન હતું. તે ચંદ્રાવતીના શેઠ ધરણિગ અને પત્ની ત્રિભુવનદેવીને ખીમો, આંબો, ઉદ્દલ એમ ત્રણ પુત્રો અને અનુપમા નામની આ પુત્રી હતી. અનુપમા બુદ્ધિશાળી છતાં કદરૂપી હતી. તેજપાલે તેની સાથે સગપણ થયા પછી તે તોડવાને ઘણો પ્રયત્ન કર્યો હતો. છેવટે ભ૦ ચંદ્રપ્રભના યક્ષ વિજયને આઠ દ્રમ્મ ચડાવવાની માનતા પણ માની હતી, પણ ભાવિભાવને કોણ ફેરવી શકે? તે તેજપાલના ઘરમાં આવી ત્યારથી જ તેનાં કુંકુમ પગલાંથી કુટુંબની ઉન્નતિ થવા લાગી. આથી થોડા દિવસોમાં જ તે સૌને પ્રિય થઈ પડી. ઘરનું એક પણ કામ તેની સલાહ વિના થતું નહોતું. આબૂ ઉપર લુણિગવસહીના નિર્માણમાં તેનો જ સક્રિય ફાળો હતો. તે પોતાના ભાઈ ઉદ્દલને સાથે રાખી ઘણા કાળ સુધી આબૂ ઉપર રહી હતી અને પોતાની જાતદેખરેખ નીચે આ કાર્ય પૂરું કરાવ્યું હતું. સ્વભાવે તે શાંત અને ઉદાર હતી.

ઉલ્લેખ મળે છે કે, એક વાર તે યતિઓને વહોરાવતી હતી ત્યારે તેમના હાથમાંનું ઘીનું પાત્ર અચાનક મહં૦ અનુપમાદેવી ઉપર પડ્યું. તેનાં કપડાં ઘીથી તરબોળ થઈ ગયાં. આથી મંત્રી તેજપાલ ગુસ્સે થઈ ગયો પણ અનુપમાદેવીએ તરત જ શાંત મગજથી જવાબ આપ્યો કે, 'જો ઘાંચીના ઘેર જન્મી હોત તો શું દશા હોત? પણ મારાં અહોભાગ્ય છે કે, મારા ઉપર બીજા કોઈનું નહીં પણ પૂજ્ય ગુરુદેવના પાત્રનું ઘી ઢળ્યું છે.' મંત્રી આ સાંભળી શાંત થઈ બોલ્યો, 'મીઠી વાણી સાથેનું દાન, અભિમાન વગરનું જ્ઞાન,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્ષમા સાથેનું સામર્થ્ય અને ત્યાગભાવના સાથેનો પૈસો—આ ચારે વસ્તુ અત્યંત દુર્લભ છે.

મહં૦ અનુપમાદેવી સૌને છૂટે હાથે દાન આપતી હતી, તેથી તે ષટ્દર્શનમાતા તરીકે ખ્યાતિ પામી હતી. તેનું કંકણ કાવ્ય હતું. તેના હાથે અપાય કે બીજાઓ મારફત અપાય તેનું ફળ મળે કે ન મળે પણ પોતાના હાથે જ અપાય તેનું ફળ મળે જ છે.

તેણે નંદીશ્વર તપના ઉજમણામાં જિનપ્રાસાદ પૂરો ન થાય ત્યાં સુધી એકાસણાં કરી વામદેવ સલાટ દ્વારા શત્રુંજયતીર્થમાં નંદીશ્વર જિનપ્રાસાદ બનાવ્યો અને તે જ તીર્થમાં અનુપમસરોવર બંધાવ્યું.

તેણે સં૦ ૧૨૯૨ માં પંચમીતપનું ઉજમણું કર્યું, ત્યારે ૨૫ સમવસરણ બનાવ્યાં, શત્રુંજયતીર્થની તળેટીમાં ૩૨ વાડીઓ, ગિરનારતીર્થની તળેટીમાં ૧૬ વાડીઓ બનાવી. **તેજલપુર**માં જિનાલય, પોષાળ, તેની સાથે કુમાર સરોવર બનાવ્યાં. ઝાઝરિયા ગામમાં જિનપ્રાસાદ, વાવ અને તળાવ બનાવ્યાં હતાં. તેણે લુણિગવસહીના નિભાવ માટે ડાક અને ડમાણી ગામ અપાવ્યાં, તપોધનના ઉપકરણો માટે તે તે નામનાં પાત્ર, દોરૂ, ઝોલી, હાંડા વગેરે **ગામ** આપ્યાં.

(—પ્રબંધાવલી, પુરા૦ પ્ર૦ સ૦, પૃ૦ ૬૩, ૬૫)

સમકાલીન કવિઓએ પણ **મહં૦ અનુપમા**ની ખૂબ પ્રશંસા કરી છે, જેમકે—

'લક્ષ્મી ચંચળ છે, પાર્વતી ચંડી છે, ઇંદ્રાણી શોકચવાળી છે, ગંગા નીચે વહેનારી છે, સરસ્વતી તો કેવળ વાણીના સારવાળી છે, પણ અનુપમા અનુપમ છે.'

એટલે ભારતીય નારીઓના ઇતિહાસમાં અનુપમાનું સ્થાન અનુપમ છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

અનુપમાદેવીએ સં૦ ૧૨૯૩ના પોષ સુદિ ૧૩ ના રોજ વડ ગચ્છના આ૦ મદનચંદ્રસૂરિને 'ઓઘનિર્યુક્તિ' વહોરાવી હતી. તેની પુષ્પિકામાં તેને....મહં૦ વગેરે વિશેષણો વાપરેલાં છે.

**(૫–૧૧) સાત પુત્રીઓ**—૧. જાલ્હુ (ભાઉ), ૨. માઉ, ૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાઉ, ૪. ધન્ના, ૫. સોહગા, ૬. વયજુ અને ૭. પરમલદેવી (પદ્મલદેવી).

**(૫) વસ્તુપાલ-તેજપાલ**—આસરાજના ૧૧ સંતાનોમાં વસ્તુપાલ અને તેજપાલ એ બંને ભાઈઓ ગુજરાતના ઇતિહાસના અમર પુરુષો છે.

તેમનો જન્મ સં૦ ૧૨૩૫ થી ૧૨૪૦ લગભગમાં થયો હતો. તે સૌ ભાઈ-બેનો (માતા-પિતાના મરણ બાદ) સં૦ ૧૨૫૦ પછી માંડલ આવી વસ્યાં. વ્યાપાર કરતાં તેઓના ભાગ્યનો સિતારો ચમક્યો. ધન વધ્યું. ત્રણ લાખ દ્રમ્મ થયા અને સૌનાં લગ્ન પણ થયાં. તેઓ રાજા ભીમદેવના મહેતા પણ હતા. તેમને મંડલેશ્વર વીરધવલ સાથે ગાઢ મૈત્રી હતી. કવિ સોમેશ્વર મંત્રી તેજપાલને વીરધવલનો અદ્વિતીય બંધુ બતાવે છે. (–આબૂપ્રશસ્તિ, શ્લો૦ ૬૪)

વસ્તુપાલ-તેજપાલે પોતાની નાની ઉંમરમાં સં૦ ૧૨૪૯ માં માતા-પિતા સાથે શત્રુંજયતીર્થની યાત્રા કરી હતી. તેઓએ અહીં ધન વધ્યા પછી બાવલામાં દેરાસર બંધાવ્યું અને સં૦ ૧૨૭૬ માં નાનકડો શત્રુંજયનો યાત્રાસંઘ કાઢ્યો. તેઓને હડાલા ગામે જતાં માલૂમ પડ્યું કે, રસ્તાના રજવાડાઓ મુસાફરોને લૂંટી લે છે. આથી તેઓએ કોઈ ન જાણે એવા સ્થાનમાં ૧ લાખ દ્રમ્મ દાટી રાખવાનો નિર્ણય કર્યો. પરંતુ તેઓ રાતે જ્યાં ધન દાટવા ગયા ત્યાંથી જ ખાડો ખોદતાં તેઓને સોનાનો ચરુ મળ્યો. અનુપમાદેવીએ તેઓને સલાહ આપી કે, આપણા ભાગ્યનો સિતારો ચમકે છે. ધનને ભૂમિમાં દાટવાની જરૂર નથી. ભૂમિમાતા તો આપણને સામેથી ધન આપે છે. માટે આ ધનને હવે પહાડ ઉપર ગોઠવો, એટલે કે પહાડો ઉપર વિશાળ ધર્મસ્થાનો બનાવો.

તેમણે શત્રુંજયની યાત્રા કરી, ત્યાં લલિતા સરોવર, નવાં મંદિરો તથા જીર્ણોદ્ધારો શરૂ કરાવ્યા. ત્યાંથી નીકળી ગિરનાર તથા પ્રભાસ-પાટણની યાત્રા કરી ધોળકા આવ્યા. ત્યારે ગુજરાતનો રાજા ભોળો ભીમદેવ હતો. તે ઘેલો અને ઉડાઉ હતો. તેથી તેના સામંતો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વતંત્ર થવા લાગ્યા હતા. ગુજરાત-સૌરાષ્ટ્રની સ્થિતિ કથળવા લાગી હતી. તેને સ્વ૦ પિતામહ કુમારપાલે સ્વપ્નમાં સૂચવ્યું કે, તું લવણ-પ્રસાદને સર્વેશ્વર બનાવ. તે રાજ્યને બચાવી શકશે.' (–સુકૃતસંકીર્તન)

લવણપ્રસાદ અને તેના પુત્ર વીરધવલ વાઘેલાએ તે સમયે ધોળકા-ને પોતાનું પાટનગર બનાવી, ખંભાત સુધીનો પ્રદેશ જીતી લઈ પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું. ગુજરાતની દેવી **મહણદેવી**એ આ પિતા-પુત્રને સ્વપ્નમાં જણાવ્યું કે, 'તમે ગુજરાતનો ઉદ્ધાર કરો. વસ્તુપાલ-તેજપાલને મહામાત્ય બનાવો. આથી તમારો પ્રતિદિન ઉદ્ધાર થશે.' આ પિતા-પુત્રે રાજપુરોહિત સોમેશ્વરની સલાહથી અને ગુજ-રાતના રાજા ભીમદેવની સમ્મતિથી વસ્તુપાલ-તેજપાલને સં૦ ૧૨૭૭ માં પોતાના મહામાત્ય બનાવ્યા. તેઓ મહામાત્ય બન્યા તે પહેલાં રાજા વીરધવલ તથા રાણી જયતલ તેમને મળવા ગયાં હતાં. ત્યારે અનુપમાદેવીએ પોતાના પિયેરથી લાવેલો ઝવેરાતનો હાર રાણીને પહેરાવ્યો હતો, પણ રાજાએ તે પાછો આપી દીધો. વસ્તુપાલ-તેજ-પાલે મહામાત્ય બનવા પહેલાં સૌ જનતા સમક્ષ રાજા પાસેથી વચન માગી લીધું કે, 'આજે અમારી પાસે ત્રણ લાખ દ્રમ્મ છે. તમારી સાથે અમારે વાંધો પડે ત્યારે તમારે અમારા આ ધનને સ્પર્શ કરવો નહિ.' રાજાએ આ શરત કબૂલ રાખી તેઓને પ્રધાન બનાવ્યા.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

મંત્રીઓએ સં૦ ૧૨૭૭ માં શ્રીસંઘ સાથે શત્રુંજયનો યાત્રાસંઘ કાઢ્યો. લલિતાસરોવર આગળ પડાવ નાખ્યો હતો. દાદાની યાત્રા-પૂજા કરી તેમણે ત્યાં સ્વર્ણકળશો, ચોકીઓ, આરાધ્યમૂર્તિઓ, ઈંદ્ર-મંડપો તથા દેરાસર બનાવ્યાં અને શત્રુંજયની યાત્રા માટે કુમાર-પાલના હડા સુધીની પાજ બંધાવી. આ પ્રસંગે અહીં 'કરુણવજ્રા-યુદ્ધ-નાટક' ભજવાયું હતું. સંઘ શત્રુંજય, ગિરનાર તથા પાટણની યાત્રા કરી ધોળકા આવ્યો.

આ૦ સોમપ્રભસૂરિ, પં૦ જગચ્ચંદ્રગણિ વગેરે આ સંઘમાં સાથે હતા.

**દશા-વીશા વગેરે જ્ઞાતિઓ—**

સંભવ છે કે, આ અરસામાં દશા-વીશાના ભેદ પડ્યા હોય. એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશે એવો ખુલાસો મળે છે કે, મહાજનની ૮૪ જ્ઞાતિઓ ગણાતી તે સમયે તે મોટે ભાગે **જૈનધર્મ** પાળતી હતી. આ જ્ઞાતિઓમાં ક્યાંક ક્યાંક વિધવાવિવાહ પણ પ્રચલિત હતો. એવા વિવાહ કરનારા છૂટાછવાયા હતા, તેમની કોઈ એક વ્યવસ્થિત જ્ઞાતિ નહોતી.[1] મંત્રી વસ્તુપાલના સમયે તેણે જ્ઞાતિનું સ્વરૂપ લીધું હોય એમ લાગે છે.

એક વાર વસ્તુપાલ-તેજપાલે સાધર્મિક વાત્સલ્ય કર્યું. સૌને નોતરું દેવામાં આવ્યું, પણ એક શેઠનો પુત્ર, જે નિર્ધન બની ગયો હતો તેને નોતરું આપવાનું ભૂલી જવાયું. તે શેઠના પુત્રે ૮૪ જ્ઞાતિની વિશાળ સભામાં યુક્તિપૂર્વક વાત મૂકી કે, 'અમે કુલીન છીએ પણ ગરીબ થઈ ગયાના કારણે અમારી ટાલ કરવામાં આવી છે. વસ્તુપાલ-તેજપાલ વિધવાના પુત્રો છે પણ ધનાઢ્ય છે અને રાજસત્તામાં મહામાત્યપદે છે. તમને જમણ મળે છે એટલે તમને અમારા ગરીબની શી પડી હોય?'

શેઠના પુત્રના આ શબ્દોએ સભામાં વીજળી જેવો આંચકો પેદા કર્યો. હોહા થવા લાગી. પછી તો આ સભામાંથી કેટલાક ઊઠીને ચાલવા માંડ્યા. જે ગયા તે 'વીશા' કહેવાયા અને જેઓ મંત્રીની સાથે રહ્યા તે 'દશા' કહેવાયા.

ચોરાશી જ્ઞાતિઓમાં આ ભેદો પડ્યા. આ જ્ઞાતિભેદનું એ પરિણામ આવ્યું કે, વીશા અને દશામાં એક રોટી-વ્યવહાર ચાલુ રહ્યો પણ બેટી-વ્યવહાર બંધ થઈ ગયો. જો કે દશા એ વિધવાના સંતાનને પોતાના વર્ગમાં મેળવી લેનારો સમુદાય છે, પણ વિધવાવિવાહનો હિમાયતી નથી. એટલે દશામાં પણ વિધવાવિવાહ થતો તો નથી જ. પછી તો એમાં પણ જે વિધવાવિવાહ કરનારા નીકળ્યા તે તેનાથી જુદા પડ્યા અને સમય જતાં તેઓ પાંચા, અઢિયા, સવાયા તરીકે જાહેર થયા. આજે ગુજરાતના ભાલેજ ગામમાં **પાંચા**ની જ્ઞાતિ વિદ્યમાન છે. કર્ણાટકમાં દિગંબરોમાં ચતુર્થ-પંચમ જ્ઞાતિ વિદ્યમાન છે.

વરહુડિયા શા૦ નેમડના વંશજોમાં બીજી જ્ઞાતિઓની કન્યા વધુ

---

૧. જૂઓ, અંચલગચ્છની (ગુજરાતી) મોટી પટ્ટાવલી, પૃ૦ ૯૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણમાં આવી તેથી તેના વંશજો 'નેમા' વાણિયા કહેવાયા. તેમાં પણ દશા-વીશાના ભેદો પડયા.

શેઠનો પુત્ર વગેરે લાટના (મહી અને દમણ વચ્ચેના પ્રદેશના) હતા. તેના મિત્રો અને પરિવાર ગુજરાતની દક્ષિણમાં ઠેઠ તાપી નદી સુધી ચાલ્યા ગયા તે 'લાડવા શ્રીમાલી' કહેવાયા.

*

મંડલેશ્વર **લવણપ્રસાદ** અને વીરધવલે બંને મંત્રીઓની મદદથી ગુજરાતની બગડેલી સ્થિતિને સુધારવા પ્રયત્ન શરૂ કર્યો. તેમણે સર્વપ્રથમ સૌરાષ્ટ્રનાં નાનાં-મોટાં રજવાડાંઓને કાબૂમાં લીધાં. જૂના અમલદારો તથા વેપારીઓ પાસેથી ઘણું ધન એકઠું કરીને મોટું સૈન્ય ઊભું કર્યું. મહામાત્ય વસ્તુપાલે ખંભાતના ધનિક ચાંચિયા સદીકને મારીને તેનો તેજંતુરીનો કરંડિયો હાથ કર્યો અને તેનું ધન રાજભંડારમાં દાખલ કર્યું. તેનો સાગરીત ભરૂચનો રાજા સિંધુરાજનો પુત્ર **શંખ** હતો, જેણે મંત્રી વસ્તુપાલને ખંભાતના હાકેમ બનાવવાની લાલચ આપી હતી. (–જૈ૦સ૦પ્ર૦, વર્ષ : ૩, પૃ૦ ૪૩૫)

મંત્રી વસ્તુપાલે શંખની એ લાલચને મહાપાપ માની તેની સાથે લડાઈ આદરી. શંખને હરાવી નસાડયો અને પોતાના પુત્ર જયતલ(જયંતસિંહ)ને સં૦ ૧૨૭૯ માં ખંભાતનો દંડનાયક નીમ્યો. મંત્રી તેજપાલે ગોધરાના લૂંટારુ રાજા ઘૂઘલને માર્યો અને એ રીતે ખંભાતનો દરિયામાર્ગ, લાટ અને ગોધરાનો પ્રદેશ વેપારીઓ અને વટેમાર્ગુઓ માટે નિર્ભય બનાવ્યો.

રાજાએ પણ દેવગિરિનો યાદવરાજ **સિંઘણ** અને મારવાડના રાજાઓ સાથે નવી સંધિ કરી બીજાં તોફાની તત્ત્વોને દૂર હઠાવ્યાં. સં૦ ૧૨૮૩ માં ગુજરાત, મારવાડ અને મહારાષ્ટ્રના હિંદુ રાજાઓનું પુનઃ સંગઠન કર્યું.

વસ્તુપાલે સં૦ ૧૨૮૨ માં ખંભાતના આ૦ મલ્લવાદીના વ્યંગ્ય ઉપદેશથી પોતાની ચાંદીની પાલખી દાનમાં આપી. તે ચાંદીમાંથી જિનપ્રતિમા બનાવી સ્નાત્રપૂજા માટે ભરૂચના શકુનિકાવિહારમાં અર્પણ કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિલ્હીમાં બાદશાહ **અલ્તમશ શમ્સુદ્દીન** (સં૰ ૧૨૬૬ થી ૧૨૯૩) અમીર શીકાર (મીલચ્છીકાર)નો સેનાપતિ ઘોરી **ઈસપ** સં૰ ૧૨૮૩-૮૪ માં ગુજરાત ઉપર ચડી આવ્યો ત્યારે હિંદુ રાજાઓનું સંગઠન સફળ બન્યું હતું, તેથી મહામાત્ય વસ્તુપાલ મહણુલ્લદેવીને આરાધી, વરદાન મેળવી, એક લાખ ઘોડેસવારો સાથે પાટણથી નીકળ્યો. તે પાલનપુર થઈ આબૂ ગયો અને યુદ્ધનો વ્યૂહ ગોઠવી તૈયાર રહ્યો. તેની સામે બાદશાહના સૈન્યે આબૂની ઘાટીમાં આવી પડાવ નાખ્યો. કે તરત જ વસ્તુપાલે દક્ષિણ દિશામાંથી મારો ચલાવ્યો અને **ધારાવર્ષદેવ** વગેરે ખંડિયા રાજાઓએ પાછળથી ઉત્તર દિશામાંથી મારો ચલાવ્યો અને એ રીતે બાદશાહી સૈન્યનો ઘાટીમાં જ વિનાશ કર્યો. મંત્રી વસ્તુપાલ વિજય મેળવી, પાટણ થઈ **ધોળકા** આવ્યો. પ્રજાએ તેનું ઉમળકાથી સ્વાગત કર્યું. તે દિવસે ૧ ફૂલની કિંમત ૧ સિક્કા દ્રવ્યની થઈ હતી. પ્રજાએ એવાં મોંઘાં પુષ્પોની માળાથી મંત્રીનું સ્વાગત કર્યું હતું.[1]

મંત્રીએ આ વિજયના ઉપલક્ષમાં **તારંગા તીર્થ**માં ભ૰ અજિતનાથના દેરાસરમાં ગોખ કરાવ્યો હતો, જેમાં સં૰ ૧૨૮૪ ના ફાગણ સુદિ ૨ ને રવિવારે ભ૰ આદિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી.

(જૈ૰ સ૰ પ્ર૰ વર્ષ : ૨, પૃ૰ ૬૭)

મંત્રીને હજી મોટો ડર હતો કે, **કુતબુદ્દીન ઐબક**ની જેમ બાદશાહ **અલ્તમશ** પણ ગુજરાત પર ફરી વાર ભયંકર હુમલો કરશે. આથી તે એનો ઉપાય શોધી રહ્યો હતો.

નાગોરનો સંઘપતિ **શેઠ પૂનડ** જૈન હતો. બાદશાહ **અલ્તમશ**ની પ્રિય બેગમ **પ્રેમકલા** તેને પોતાનો ધર્મબંધુ માનતી હતી. તે મોટો સંઘ લઈ શત્રુંજય તીર્થની યાત્રાએ જતો હતો. સં૰ ૧૨૮૬ માં તે **માંડલ** આવ્યો એટલે મંત્રી વસ્તુપાલ તેને ત્યાંથી ધોળકા લઈ આવ્યો

૧. ભરૂચના મંદિરના આ૰ જયસિંહસૂરિએ આ વિજયને ઉદ્દેશી સં૰ ૧૨૮૫ લગભગમાં 'હમ્મીરમદમર્દન' નામક નાટક રચ્યું અને તે નાટક ખંભાતમાં ભીમેશ્વર મહાદેવના યાત્રા-ઉત્સવ પ્રસંગે ભજવવામાં આવ્યું હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને સંઘવીનું દબદબાભર્યું સ્વાગત કર્યું. તે પછી બાદશાહની માતા **કુશીદા બેગમ** મક્કા શરીફની યાત્રા માટે નીકળી, તેનો ધર્મગુરુ આલમ પણ તેની સાથે હતો. તે સમુદ્ર રસ્તે જવા માટે ખંભાત બંદરે આવી પહોંચી. ત્યારે મંત્રી વસ્તુપાલે ઘડેલી યોજના પ્રમાણે લૂંટારાઓએ તે બેગમ માતાને લૂંટી લીધી. માતાએ મંત્રી આગળ ફરિયાદ કરી. મંત્રી વસ્તુપાલે ત્યાં આવીને તેને પાઈ એ પાઈનો સમસ્ત માલ પાછો અપાવ્યો. તેનો બહુ સત્કાર કર્યો. તે યાત્રા કરીને પાછી ફરતાં ફરી ખંભાત આવી. ત્યારે પણ મંત્રીએ તેનું ઘણું સમ્માન કર્યું. બાદશાહની માતા કુર્સીદા બેગમે મંત્રી વસ્તુપાલને પોતાનો ધર્મપુત્ર કહી પોતાની સાથે તેને દિલ્હી લઈ ગઈ અને માતાએ બાદશાહ આગળ મંત્રી વસ્તુપાલની ભારે પ્રશંસા કરી. આથી બાદશાહ અને મંત્રી વસ્તુપાલ વચ્ચે ગાઢ મૈત્રીસંબંધ બંધાયો. મંત્રી વસ્તુપાલ દિલ્હીથી પાછો ફર્યો તે પહેલાં બાદશાહ પાસેથી પાકું વચન લીધું કે, 'હું જીવન પર્યંત ગુજરાત પર ચડાઈ નહીં કરું.' એ રીતે મંત્રી વસ્તુપાલે ગુજરાતને દિલ્હીના બાદશાહથી નિર્ભય બનાવ્યું. વળી, બાદશાહની સમ્મતિથી આરસનો પથ્થર મેળવી ભ૦ આદિનાથની પ્રતિમા ઘડાવી **શત્રુંજય તીર્થ** ઉપર સ્થાપન કરી.

जैन साईट JAINSITE .com

હવે ગુજરાતમાં સર્વથા શાંતિ હતી. મંત્રીઓએ શાંતિપર્વ તથા શિવપુરાણ વગેરેના શ્લોકો વડે રાજા વીરધવલને માંસ, શિકાર અને મદિરાથી વિમુખ બનાવ્યો અને મલ૦ **આ૦ દેવપ્રભ**ના ઉપદેશો સંભળાવી, ધર્મનો તાત્ત્વિક પ્રેમી બનાવ્યો.

(જૂઓ, પ્રક૦ ૩૮, પૃ૦ ૩૩૪)

મંત્રી વસ્તુપાલે સં૦ ૧૨૮૭ માં શત્રુંજય તીર્થનો મોટો યાત્રાસંઘ કાઢ્યો. વઢવાણના નગરશેઠે તેને સત્કારમાં દક્ષિણાવર્ત શંખ આપ્યો. મંત્રી વસ્તુપાલે તે ભેટણું સ્વીકારી તેના બદલામાં તેને પોતાનો પ્રભાવશાળી **શંખ** આપી સાધર્મિક પ્રેમનો દાખલો બેસાડ્યો.

આ સંઘમાં નાગેન્દ્રગચ્છના આચાર્યો આ૦ **વિજયસેન** આ૦ ઉદયપ્રભ, આ૦ વર્ધમાન, મલધારગચ્છના **આ૦ નરચંદ્ર**, નાગેંદ્રગચ્છ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ના આ૦ મલ્લવાદી, આ૦ વર્ધમાનસૂરિ, વાયડગચ્છના આ૦ **જિનદત્ત**, રાજગચ્છના આ૦ **બાલચંદ્ર**, ચૈત્રવાલગચ્છના આ૦ ભુવનચંદ્રસૂરિ, વડગચ્છના આ૦ જગચ્ચંદ્રસૂરિ વગેરે ૭૦૦ આચાર્યો, ૨૧૦૦ સાધુઓ, ઘણી સાધ્વીઓ, ૧૧૦૦ દિગંબરાચાર્યો, ઘણા લઘુ સંઘપતિઓ, ૧૩૪ જિનપ્રતિમાઓ, ૧૯૦૦ શ્રીકરી, ૭૦૦ પાલખીઓ, ૪૦૦૫ સેજવાલાં, ૪૫૦ જૈન ભોજકો, ૧૦૦૦ ચારણો, ૩૩૦૦ ભાટ, ૧૦૦૦ કંદોઈ, ૧૦૦૦ સુથાર, ૧૦૦૦ લુહાર, ૨૦૦૦ પોઠિયા, ૪૫૦૦ ગાડાં, ૭૦૦ ઊંટ, ૪૦૦૦ ઘોડા, ૧૮૦૦ વાજાં, ૪ રાજસુરંગ, ૭ લાખ મનુષ્યોની મોટી સેના અને એ જ હિસાબે તંબૂ, પાણીની ટાંકીઓ અને સરસામાન હતો.

એ મંત્રીઓએ સં૦ ૧૨૭૭ તથા સં૦ ૧૨૮૭ માં પાલીતાણામાં લલિતા સરોવર, ઉપાશ્રય તથા પરબ બંધાવ્યાં હતાં. શત્રુંજય તીર્થમાં શકુનિકાવતાર, સત્યપુરાવતાર, સ્તંભનતીર્થાવતાર તથા અંબા, શાંબ, પ્રદ્યુમ્ન અને અવલોકન એ ચાર શિખરોયુક્ત ઉજ્જયંતાવતારનાં નવાં મંદિરો તેમજ પોતે પોતાના પૂર્વજો, ભાઈઓ તથા બંને રાજાઓની મૂર્તિઓ, મોઢેરપુરાવતારમાં પોતાની આરાધક મૂર્તિઓ, ભ૦ આદીશ્વરનું મંદિર વગેરેના ઇંદ્રમંડપો, તોરણો, સ્વર્ણકળશો તથા સુવર્ણનું રત્નજડિત પૂંઠિયું, સરસ્વતીની પ્રતિમા, કપર્દી યક્ષનો મંડપ અને અનુપમા તળાવ વગેરે બંધાવ્યાં. ગુજરાતના મહામંત્રી વાહડદેવના દેવદાયમાં વધારો કર્યો. તથા અહીં તીર્થની સંભાળ માટે ચાર જૈન કુટુંબોને વસાવ્યા. એકંદરે અહીં ૧૮૯૬૦૦૦૦૦ દ્રવ્ય વાપર્યું હતું.

**તેજલપુર—**

મંત્રીઓએ શત્રુંજયની તળેટીમાં લલિતા સરોવરના કાંઠે, જ્યાં સંઘનો પડાવ હતો ત્યાં, **તેજલપુર** વસાવ્યું. તેને કોટ કરાવ્યો અને તેમાં ભ૦ પાર્શ્વનાથ અને મહાદેવનાં મંદિરો બંધાવ્યાં. ત્યાં નવા જૈનો વગેરેને વસાવ્યા.

તપાગચ્છીય આ૦ દેવસુંદરસૂરિના શ્રાવક ધોધાના સં૦ સરવણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લલિતાસરોવરને સુધરાવ્યું અને તેના નાનાભાઈ ધાંધે ભ૦ પાર્શ્વનાથના જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો. (–પ્રક૦ ૪૯)

આ નગરનો મહમ્મદ બેગડાની સેનાએ નાશ કર્યો આથી ત્યાંના વતનીઓ પાલીતાણામાં જઈ વસ્યા.

સમ્રાટ્ અકબરના શેખ અબુલફજલે સૌરાષ્ટ્રના મહેસૂલી વિભાગ પાડ્યા. તેના ત્રીજા વિભાગમાં લખે છે કે, 'તેનો ત્રીજો વિભાગ શત્રુંજયની ડુંગરીની તળેટીમાં છે, તેમાં એક જૂનું પડતી દશાનું શહેર છે.' (–સૌરાષ્ટ્રનું ઇતિહાસદિગ્દર્શન)

આ સ્થાન આજે શત્રુંજય પહાડની ઉત્તરમાં અને જય તળેટીથી પૂર્વમાં ભૂતેશ્વર મહાદેવના નામથી વિખ્યાત છે.

સંઘ શત્રુંજય, પ્રભાસપાટણ, ગિરનાર, વંથલી થઈને ધોળકા આવ્યો. ત્યાં રાજા વીરધવલ, મંત્રી તેજપાલ તથા શહેરના આગેવાનોએ સંઘનો સુંદર સત્કાર કર્યો.

મંત્રી વસ્તુપાલ વિચારશીલ જૈન હતો. તે ધર્મપ્રભાવના માટે જૈન ધર્મસ્થાનોની માફક જૈનેતર ધર્મસ્થાનો પણ બંધાવતો હતો પણ બીજો કોઈ જૈન એના પગલે ચાલી જૈનેતર ધર્મસ્થાનને ઉત્તેજન આપે તો તે વાત તેને પસંદ નહોતી. આ સંઘના એક યાત્રિકે જૈન તીર્થમાં થોડું દાન કર્યું અને સોમનાથમાં વિશેષ ધન આપ્યું. આ હકીકત જાણીને મંત્રીએ જણાવ્યું કે, 'આ સંઘમાં આવેલા બીજે સ્થળે વધુ દાન આપી ન શકે અને કોઈ એવી ભૂલ કરે તો તેણે પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ. કોઈ પણ વ્યક્તિ પોતે સ્વતંત્ર સંઘ કાઢી તેની ઇચ્છા મુજબ વર્તી શકે.' તે યાત્રિકે મંત્રીની વાતને ન્યાયી માનીને જૈન તીર્થમાં મોટી રકમનું દાન કર્યું.

મલધાર આ૦ **નરચંદ્રસૂરિ** આ સાલમાં ભાદરવા વદિ ૧૦ના રોજ સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા. તેમણે મંત્રી વસ્તુપાલને ભવિષ્યવાણીરૂપે કહ્યું હતું કે, 'આજથી દશ વર્ષે તારું મરણ થશે.'

મંત્રી **તેજપાલે** સં૦ ૧૨૮૬ માં આબૂ ઉપરના **દેલવાડામાં** **વિમલવસહી**ની પાસે નવી જમીન ખરીદી તેમાં **લુણિગવસહીનું**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કામ શરૂ કર્યું. તેમાં સં૦ ૧૨૭૮ માં ભ૦ મલ્લિનાથનો ગોખલો ભાઈ મલ્લદેવના કલ્યાણ માટે બંધાવવામાં આવ્યો. મંત્રીએ સં૦ ૧૨૮૭ ના ફાગણ વદિ ૩ ને રવિવારે આ૦ વિજયસેનસૂરિના હાથે લુણિગવસહીના મંદિરમાં ભ૦ નેમિનાથ વગેરેની પ્રતિષ્ઠા કરાવી. આ ઉત્સવમાં ૪ મહાધરો, ૧૨ માંડલિકો, ૮૪ રાણા, ૮૪ જ્ઞાતિઓના મહાજનો વગેરે હાજર હતા. જેની કોરણી આજે જગતભરમાં અદ્વિતીય મનાય છે તે લુણિગવસહી મંદિર ઉપર સં૦ ૧૨૯૨ માં ધજાદંડ ચડાવ્યો. સં૦ ૧૨૯૩ અને સં૦ ૧૨૯૭ માં પણ અહીં પોતાની માતા, પિતા, બહેનો, લલિતાદેવી, સુહડાદેવી, પુત્રીઓ વગેરેના નામથી દેરીઓ બનાવેલી છે. એટલે આ મંદિરનિર્માણનું કાર્ય સં૦ ૧૨૯૭ સુધી ચાલતું હતું. અહીંના દરેક કાર્યમાં મળીને ૧૨૫૩૦૦૦૦૦ દ્રવ્ય ખરચાયું છે. (જૂઓ, પ્રક૦ ૩૭, પૃ૦ ૨૮૪ થી ૨૮૭)

મંત્રી **વસ્તુપાલે** ગિરનાર તીર્થ ઉપર પોતાના તથા પરિવારના કલ્યાણ માટે **તીર્થોદ્ધાર** કર્યો. શત્રુંજયાવતાર, અષ્ટાપદાવતાર, સમેતશિખરાવતાર, સ્તંભનતીર્થાવતાર, સત્યપુરાવતાર અને કાશ્મીરાવતાર, સરસ્વતી વગેરે પ્રાસાદો બનાવ્યાં. તે દરેકની સં૦ ૧૨૮૪ ના ફાગણ સુદિ ૧૦ ને બુધવારે આ૦ વિજયસેનસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી. આસરાજવિહાર, કુમારદેવીસરોવર અને ઉપાશ્રય બનાવ્યા. વૃદ્ધ યાત્રાળુઓ માટે ડોલીઓ વસાવી. અહીંના ભક્તો યાત્રિકો પાસેથી કર લેતા હતા તે કર માફ કરાવ્યો. અહીં ૧૨૮૦૦૦૦૦ દ્રવ્ય વાપર્યું. પ્રભાસપાટણમાં અષ્ટાપદાવતાર પ્રાસાદ બંધાવ્યો અને આસપાસ બીજાં લૌકિક તીર્થો પણ બંધાવ્યાં.

બંને ભાઈઓ આ૦ **જગચ્ચંદ્રસૂરિ**, ઉપા૦ દેવભદ્ર, આ૦ દેવેન્દ્રસૂરિના તપ-ત્યાગભર્યા વૈરાગ્યના ઉપદેશથી પ્રભાવિત હતા. તેમના મહેતાએ આ૦ જગચ્ચંદ્રસૂરિ પાસે દીક્ષા લીધી હતી. મંત્રી વસ્તુપાલે આ૦ દેવેંદ્રસૂરિ ખંભાત હતા ત્યારે તેમના વ્યાખ્યાનમાં સૌને મુહપત્તિની પ્રભાવના કરી હતી.

સં૦ ૧૨૯૪ માં રાણો **વીરધવલ** મરણ પામ્યો. મંત્રી વસ્તુપાલે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેની ઈચ્છા મુજબ તેના બીજા પુત્ર વીશલદેવને ધોળકાની ગાદીએ બેસાડયો. વીશલદેવે સત્તાના મદમાં નાગડ બ્રાહ્મણને મહામાત્ય બનાવ્યો અને બંને મંત્રીઓને તેના હાથ નીચેના નાના મંત્રીઓની જગા આપી. સમરાક પ્રતીહારની ભંભેરણીથી બંને મંત્રીઓ પાસે ધનની માગણી કરી અને ધન ન હોય તો તેની ખાતરી કરવા ઘટ-સર્પનું દિવ્ય માગ્યું. દાદા લવણપ્રસાદે તેને તેમ કરતાં વાર્યો પણ તેણે પોતાની હઠ છોડી નહીં, એટલે રાજપુરોહિત સોમેશ્વરે તેને સમજાવી આ અકૃત્યથી રોકયો.

એક દિવસે એક ક્ષુલ્લકે ઉપાશ્રયનો કચરો ભૂલથી નીચે ફેંકયો. તે રસ્તે જતા રાજાના મામા **સિંહ જેઠવા** ઉપર પડયો. મામાએ ગુસ્સે થઈ તે ક્ષુલ્લકને માર્યો અને ગાળો આપી. આ સાંભળી મંત્રી વસ્તુપાલે રાજપુત્ર ભૂણપાલને મોકલી મામાનો હાથ કપાવી મંગાવી પોતાના મહેલની આગળ લટકાવ્યો. બંનેની સેનાઓ લડવા માટે તૈયાર થઈ. રાજા વિશલદેવને ત્યારે વિમાસણ થઈ કે હવે શું કરવું? અંતે પુરોહિત **સોમેશ્વરે** રાજા, મામા, તથા મંત્રીઓને સમજાવી શાંત પાડ્યા. રાજાએ મામા પાસે મંત્રીની માફી મંગાવી અને મંત્રી તથા તેમના ધર્મનું ગૌરવ વધાર્યું.

મંત્રી **વસ્તુપાલે** વિચાર કર્યો કે, આ૦ નરચંદ્રસૂરિના ભવિષ્ય-કથન મુજબ હવે મારું આયુષ્ય ઓછું છે. તેથી સં૦ ૧૨૯૭–૯૮ માં તે શત્રુંજય તીર્થની યાત્રા માટે સંઘ સાથે નીકળ્યો અને રસ્તામાં અંકેવાલિયા ગામમાં ગુરુદેવો પાસે નિર્યામણા કરી સમાધિપૂર્વક મરણ પામ્યો અને **મહાવિદેહ ક્ષેત્રમાં** રાજાના ઘેર તેનો જન્મ થયો.

મંત્રી તેજપાલ અને મંત્રી જયંતસિંહે **અંકેવાલિયા**માં તળાવ ખોદાવ્યું તથા વસ્તુપાલના શબને શત્રુંજયના પ્રદેશમાં લાવીને અગ્નિસંસ્કાર કર્યો. અહીં **સ્વર્ગારોહણ પ્રાસાદ** બંધાવ્યો અને અંકેવાલિયા ગામમાં જિનપ્રાસાદ, સરોવર તથા દાનશાલા બંધાવ્યાં. મહામાત્ય તેજપાલ પણ સં૦ ૧૩૦૮ માં શંખેશ્વરતીર્થ પાસેના **ચંદૂર ગામમાં** છેલ્લે પહોરે સમાધિપૂર્વક મરણ પામ્યો. ત્યાં તેના

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુત્રે ભવ્ય જિનપ્રાસાદ બંધાવ્યો જે આજે પણ વિદ્યમાન છે.

મંત્રી વસ્તુપાલ-તેજપાલે ઘણાં ધર્મકાર્યો કર્યાં છે. તેમાંના કેટલાકની યાદી નીચે મુજબ છે—[1]

જિનપ્રાસાદો ૧૩૦૪ ધોળકા વગેરેમાં, જીર્ણોદ્ધારો ૨૩૦૦ પંચાસરા પાર્શ્વનાથ, સ્તંભન પાર્શ્વનાથ વગેરેના; સવા લાખ જિનબિંબો, ૯૮૪ ઉપાશ્રયો, ૫૦૦ આચાર્યનાં સિંહાસનો, ૫૦૦ કપડાના સમવસરણ મંડપો, ૭૦૦ બ્રહ્મશાળાઓ, ૭૦૦ પાઠશાળાઓ, ૩૦૦૨ વીરધવલ, નારાયણ વગેરે કૃષ્ણાલયો અને શૈવાલયો, ૭૦૦ મઠો, ૭૦૦ અન્નશાળાઓ સ્થાપન કરી. પ્રતિદિન ૫૦૦ વેદપાઠીઓના કુટુંબોના નિર્વાહની વ્યવસ્થા કરાવી. દર સાલ ત્રણ વાર સંઘપૂજા, ૩૨ પથ્થરના નવા કિલ્લાઓ, ૬૪ મસ્જિદો, ૮૪ તળાવો, ૬૩૪ વાવો, ૭૦૦ કૂવા, અનેક વેપારી મંડીઓ, દવાખાનાં, પરબો વગેરે બંધાવ્યાં. તેઓએ ૬૩ યુદ્ધોમાં વિજય મેળવ્યો. પોતાની પત્નીઓનાં તપનાં મોટાં ઉજમણાં કરાવ્યાં. પાંચમ અને અગિયારશના ઉજમણા માટે પાંચ તથા અગિયાર નિર્ધન જૈનોને ધન આપી લખપતિ બનાવ્યા. સાત કરોડનું દ્રવ્ય ખરચી જ્ઞાનભંડાર બનાવ્યા. સર્વસિદ્ધાંતની એકેક નકલ સોનાની શાહીથી અને બીજી નકલ તાડપત્ર અને કાગળ ઉપર લખાવી (ઉપ૦ ૨૬). પંડિતોને બક્ષીસ તેમજ ગરીબોને ઘણું દાન આપ્યું. શત્રુંજય, ગિરનાર અને આબૂ ઉપર મળીને અબજોનું દ્રવ્ય ખરચ્યું. તેમણે ૧૮ વર્ષમાં કુલ ૨૦૭૩૧૮૦૦૦૦૦ દ્રવ્ય ખરચ્યું હતું એવી માહિતી મળે છે.

મંત્રી વસ્તુપાલ પોતે વિદ્વાન હતો તેમજ વિદ્વાનોનો પરીક્ષક અને પોષક હતો. તેણે 'નર-નારાયણાનંદમહાકાવ્ય' (સર્ગ : ૧૬), ગિરનારમંડન શ્રીનેમિનાથસ્તોત્ર, અંબિકાદેવીસ્તોત્ર તથા આરાધના (શ્લો૦ ૧૦) વગેરે કૃતિઓ રચેલી મળે છે. આ કૃતિઓ તેમની

---

૧. આ અંગે પ્રબંધકોશ, સુકૃતસંકીર્તનમાં નાની નાની નોંધો મળે છે અને જિનહર્ષકૃત 'વસ્તુપાલચરિત્ર'માં તેની વિગતવાર નોંધ મળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કવિપ્રતિભાની સાક્ષી પૂરે છે. તેમણે રચેલાં પ્રાસંગિક સૂક્તો પણ મળે છે. દાખલા તરીકે—

'શિયાળો, ઉનાળો અને ચોમાસુ એ ઋતુઓ એક પછી એક આવે પણ આજે ઉનાળો અને ચોમાસુ એ બંને ઋતુઓનો એકીસાથે અનુભવ થઈ રહ્યો છે, કેમકે મહારાજા વીરધવલના મરણથી જનતાના દિલમાં ઉનાળાનો તાપ સળગી રહ્યો છે જ્યારે આંખોમાં ચોમાસુ ઊમટી રહ્યું છે.'

તેમણે 'ધર્માભ્યુદયમહાકાવ્ય'ની સં૦ ૧૨૯૦ માં પોતાના હાથે કરેલી નકલની પ્રતિ મળી આવે છે. વિદ્વાનો આવા વિદ્યાસેવીને 'સરસ્વતીપુત્ર' કહે તો તેમાં કશી અતિશયોક્તિ નથી.

તેમની સારસ્વત સભામાં રાજપુરોહિત કવીશ્વર સોમેશ્વરદેવ, હરિહર, મદન, સુભટ, નાનાક, પાલ્હણ, પં૦ યશોવીર, ઠ૦ અરિસિંહ, આ૦ વિજયસેન, આ૦ ઉદયપ્રભ, આ૦ નરચંદ્ર, આ૦ નરેંદ્રપ્રભ, આ૦ માણિક્યચંદ્ર, આ૦ બાલચંદ્ર, આ૦ જયસિંહસૂરિ, આ૦ અમરચંદ્ર વગેરે વિદ્વાનો હતા. આ૦ પ્રદ્યુમ્નસૂરિ ત્યારે ઊગતા કવિ હતા. આ બધા વિદ્વાનોએ મંત્રી વસ્તુપાલની વિવિધરૂપે પ્રશંસા કરી છે—

'તમારામાં જુવાની છે પણ મદનવિકાર નથી, લક્ષ્મી છે પણ ગર્વ નથી, સજ્જન-દુર્જનની પરીક્ષા કરવાની બુદ્ધિ છે પણ કપટ નથી, તમારી આવી આકૃતિ કોણે ઘડી?

(—વીરધવલના વસ્તુપાલ પ્રતિ ઉદ્ગારો)

पीयूषादपि पेशला शशधरज्योत्स्नाकलापादपि,
स्वच्छा नूतनचूतमञ्जरीभरादप्युल्लसत्सौरभाः ।
वाग्देवीमुखसीमसूक्तविशदोदगारादपि प्राञ्जलाः,
केषां न प्रथयन्ति चेतसि मुदं श्रीवस्तुपालोक्तयः ॥

(—ઉપદેશતરંગિણી તરંગ ૧ લો; પ્રબંધકોશ, પં૦ જિનહર્ષકૃત 'વસ્તુપાલચરિત્ર)

सूरो रणेषु चरणप्रणतेषु सोमः वक्रोऽतिवक्रचरितेषु बुधोऽर्थबोधे ।
नीतौ गुरुः कविजने कविरक्रियासु मन्दोऽपि च ग्रहमयो नहि वस्तुपालः ॥

જૈન સાહિત્ય JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

—હે વસ્તુપાલ ! તું રણમાં સૂર્ય, આશ્રિતો પ્રત્યે ચંદ્ર, દુષ્ટો પ્રત્યે મંગલ, જ્ઞાનમાં બુધ, નીતિમાં ગુરુ, કવિઓમાં શુક્ર અને પાપમાં મંદ છે—એ રીતે ગ્રહ જેવો હોવા છતાં ગ્રહમય નથી. (—અજ્ઞાત, ઉપદેશતરંગિણી)

श्रीवस्तुपाल ! तव भालतले जिनाज्ञा
वाणी मुखे हृदि कृपा करपङ्कजे श्रीः ।
देहे द्युतिर्विलसतीति रुषैव कीर्तिः
पैतामहं सपदि धाम जगाम नाम ॥ (—ઉપદેશતરંગિણી)

दक्षः शस्त्रे च शास्त्रे च धने च प्रधने च यः ।
वस्तुपाल-यशोवीरौ सत्यं वाग्देवतास्तुतौ ॥
(વામનસ્થલીનો પં૦ યશોધર—સુકૃત-સંકીર્તન, સર્ગ : ૩, શ્લો૦ ૪૩)

सूत्रे वृत्तिः कृता पूर्वं दुर्गसिंहेन धीमता ।
विसूत्रे तु कृता तेषां वस्तुपालेन मन्त्रिणा ॥
अन्नदानैः पयोदानैः धर्मस्थानैश्च भूतलम् ।
यशसा वस्तुपालेन रुद्धमाकाशमण्डलम् ॥
(—રાજપુરોહિત કવિ સોમેશ્વર)

विरचयति वस्तुपालः चौलुक्यसचिवेषु कविषु च प्रवरः ।
न कदाचिदर्थहरणं श्रीकरणे काव्यकरणे वा ॥
अन्वयेन विनयेन विद्यया विक्रमेण सुकृतक्रमेण च ।
क्वापि कोऽपि न पुमानुपैति मे वस्तुपालसदृशो दृशोः पथि ॥
(—રાજપુરોહિત સોમેશ્વરકૃત આબૂપ્રશસ્તિ)

नानर्च भक्तिमान् नेमौ नेमौ शङ्कर-केशवौ ।
जैनोऽपि यः स वेदानां दानाम्भः कुरुते करे ॥
(—રાજપુરોહિત સોમેશ્વરકૃત કીર્તિકૌમુદી)

विभुता-विक्रम-विद्या-विदग्धता-वित्तविकरणविवेकैः ।
यः सप्तभिर्विकारैः कलितोऽपि बभार न विकारम् ॥
(—મલધાર આ૦ નરચંદ્રસૂરિકૃત ગિરનારતીર્થ જિનાલય-પ્રશસ્તિ, જૈન પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ, પુષ્પિકા : ૭)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

क्षत्रियाः समरकेलिरहस्यं जानते न वणिजो भ्रम एषः ।
अम्बडो वणिगपि प्रधने किं मल्लिकार्जुननृपं न जघान ॥
दूत रे [ वणिगहं रणहट्टे विश्रुतोऽसि तुलया कलयामि ।
मौलिभाण्डपटलानि रिपूणां स्वर्गवेपतनमथो वितरामि ॥

(–આ૦ બાલચંદ્રકૃત 'વસંતવિલાસ', સર્ગ : ૫, શ્લો૦ ૪૩–૪૪)

वज्रं वज्रभवे वनं वनसवे पुष्पं वसन्ततवे,
वासः स्वस्तरवे वचः सुगुरवे दीपो यथा भानवे ।
धूपं चागरवे सितेक्षुपरवे राप्राभृतं मेरवे,
इत्थं ते सचिवेन्द्र ! काव्यकरणं रोचिष्णवे जिष्णवे ॥

(–આ૦ ઉદયપ્રભસૂરિ વચન, ઉપદેશસાર, ઉપ૦ ૩૯)

बौद्धैर्बौद्धः वैष्णवैर्विष्णुभक्तः शैवैः शैवो योगिभिर्योगरङ्गः ।
जैनैस्तावज्जैन एवेतिकृत्वा सत्त्वाधारः स्तूयते वस्तुपालः ॥

(–પ્રબંધાવલી)

મહામાત્ય વસ્તુપાલને ૨૪ બિરુદો હતાં, જેમાં સરસ્વતીકંઠાભરણ, સચિવચૂડામણિ, સરસ્વતીધર્મપુત્ર, લઘુ ભોજરાજ, દાતૃચક્રવર્તી, ચતુરચાણાક્ય, મજ્જાજૈન, સર્વજનમાન્ય અને ઋષિપુત્ર વગેરે મુખ્ય બિરુદો હતાં.

એકંદરે તે દાનવીર, નૃપપ્રીતિપાત્ર, પ્રજાનો માનીતો, ગુજરાતનો ચતુર મહામાત્ય, રણમેદાનમાં લડવૈયો, ધર્માત્મા તેમજ લક્ષ્મીનો લાડીલો અને સરસ્વતીનો સપૂત હતો.

તેણે **શત્રુંજય તીર્થ**માં ભ૦ ઋષભદેવની યાત્રા કરી તેમાં એક જ માગણી કરી છે કે—

यद् दाये द्युतकारस्य यत् प्रियायां वियोगिनः ।
यद् राधावेधिनो लक्ष्ये तद् ध्यानं मेऽस्तु ते मते ॥

(–પ્રબંધાવલી)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંત્રી વસ્તુપાલ-તેજપાલના જીવનચરિતનાં **સાધનો—**

૧. નરનારાયણાનંદકાવ્યપ્રશસ્તિ, વસ્તુપાલરચિત.

૨. કીર્તિકૌમુદી (સં૦ ૧૨૮૨ લગભગ), 'ઉલ્લાસરાઘવ'માંના દરેક સર્ગના અંતિમ શ્લોકો, સુરથોત્સવનો છેલ્લો સર્ગ, આબૂની સં૦ ૧૨૮૭ની પ્રશસ્તિ, ગિરનારની સં૦ ૧૨૮૮ની પ્રશસ્તિ, નં૦ ૧, ૩, કર્તા—રાજપુરોહિત કવીશ્વર ઠ૦ **સોમેશ્વરદેવ.**

૩. સં૦ ૧૨૮૮ની ગિરનાર પ્રશસ્તિ (નં૦ ૨, ૪, ૫) કર્તા—મલધારી આ૦ **નરચંદ્રસૂરિ.**

૪. સુકૃતસંકીર્તન (સર્ગ : ૧૧) સં૦ ૧૨૮૫, કર્તા—અરિસિંહ.

૫. ધર્માભ્યુદયકાવ્ય (સર્ગ : ૧૬), સુકૃતકીર્તિકલ્લોલિની, ગિરનારની સં૦ ૧૨૮૮ની (નં૦ ૬) પ્રશસ્તિ, કર્તા—આ૦ **ઉદયપ્રભસૂરિ.**

૬. હમ્મીરમદમર્દન નાટક સં૦ ૧૨૮૫, કર્તા—આ૦ વીર શિષ્ય આ૦ **જયસિંહસૂરિ.**

૭. શકુનિકાવિહાર પ્રશસ્તિ, કર્તા—આ૦ ભદ્રેશ્વરસૂરિ, સં૦ ૧૨૯૦. (—પ્રબંધાવલી)

૮. વસંતવિલાસ સં૦ ૧૨૯૭, કર્તા—આ૦ **બાલચંદ્રસૂરિ.**

૯. પ્રબંધચિંતામણિ સં૦ ૧૩૬૧, કર્તા—આ૦ મેરુતુંગસૂરિ.

૧૦. વિવિધતીર્થકલ્પ સં૦ ૧૩...., કર્તા—આ૦ **જિનપ્રભસૂરિ.**

૧૧. ચતુર્વિંશતિપ્રબંધ (પ્રબંધકોશ) સં૦ ૧૪૦૫, કર્તા—આ૦ **રાજશેખરસૂરિ.**

૧૨. વસ્તુપાલચરિત્ર સં૦ ૧૪૯૭, કર્તા—આ૦ જિનહર્ષસૂરિ.

૧૩. ઉપદેશસાર-સટીક સં૦ ૧૬૬૨, કર્તા—પં૦ **કુમારસાગર ગણિ.**

૧૪. વસ્તુપાલ-તેજપાલરાસ સં૦ ૧૪૮૪, કર્તા—**હીરાનંદ.**

૧૫. વસ્તુપાલ-તેજપાલરાસ સં૦ ૧૫૫૦, કર્તા—મલધાર આ૦ લક્ષ્મીસાગર.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૬. વસ્તુપાલ-તેજપાલરાસ સં૦ ૧૫૬૫, કર્તા—પાર્શ્વચંદ્રસૂરિ.
૧૭. વસ્તુપાલ-તેજપાલરાસ સં૦ ૧૬૮૨, કર્તા—ઉપા૦ સમયસુંદર.
૧૮. વસ્તુપાલ-તેજપાલરાસ સં૦ ૧૭૨૧, કર્તા—આનંદસૂરગચ્છીય પં૦ મેરુવિજય ગણિ.
૧૯. વીરવંશાવલી, જૈનસાહિત્યસંશોધક, ખંડ ૧, અંક : ૩.
૨૦. જૈનસાહિત્યસંશોધક, ખંડ : ૩, અંક : ૧, પૃ૦ ૧૦૫.

## વંશાવલીઓ

**સાંબસિંહવંશ—**

૧. સાંબસિંહ—તે પોરવાડ હતો, તેનું બીજું નામ સામંતસિંહ હતું.

૨. શાંતિ.

૩. બ્રહ્મનાગ.

૪. નાગ.

૫. આભૂ—તે માલાસણમાં રહેતો હતો અને મલધારગચ્છનો શ્રાવક હતો.

૬. કુમારદેવી—તે આભૂ પોરવાડની પુત્રી હતી અને અશ્વરાજ (આસરાજ)ની પત્ની હતી. તેને ૧૧ સંતાન હતાં. તે સૌમાં મંત્રી વસ્તુપાલ અને તેજપાલ બહુ વિખ્યાત અને ઐતિહાસિક પુરુષો હતા.

**(૧) વરણાગવંશ—**

૧. **વરણાગ**—તે રામસેનનો વતની શ્રીમાલી જૈન હતો. મહાદાની હતો. પોતાના ગોત્રીય ભાઈઓ પ્રત્યે અત્યંત વાત્સલ્યવાળો હતો. સંભવ છે કે, મંત્રી શાંતૂ પણ તેમનો જ પુત્ર હોય.

૨. વીસલ.

૩. પદ્મ—તેને સાંગણ, રણસિંહ, અભયડ, કેલ્હણ અને વીલ્હાક નામે પુત્રો હતા.

૪. વીલ્હાક—તેને સંસારદેવી નામે પત્ની હતી. હરિચ નામે પુત્ર હતો. બીજી પત્ની મંજુલાદેવીથી મહીપ અને હરિ નામે પુત્રો થયા.

૫. હરિ—તે દેખાવડો હતો. સુભટ અને ધર્માત્મા હતો. તેની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પત્નીનું નામ હમ્મીરદેવી અને પુત્રોનું નામ રાસિલ તથા નાનુ હતાં. બંને પુત્રો રૂપાળા હતા. તેમાં રાસિલ પુણ્યશાળી, વ્યવહારનિપુણ, વિશાળ મનનો, સમૃદ્ધ, ઉદાર, સુમતિ, પરગજુ, પરોપકારી અને ધર્મપ્રેમી હતો. હરિએ વડગચ્છના **આ૦ વાદિદેવસૂરિની પરંપરા આ૦ ગુણસમુદ્ર** પાસે દીક્ષા લીધી અને **હરિભદ્ર** નામે મુનિ થયા. તે સાધુભક્ત હતા. સાધુવાત્સલ્યમાં સદા તત્પર રહેતા. તેઓ ગુરુની આજ્ઞા મેળવી, શત્રુંજય ગયા અને **અનશન** લઈ સ્વર્ગે સંચર્યા.

૬. **નાનુ**—તે હરિનો નાનો પુત્ર હતો. ધર્માત્મા હતો. તેણે સં૦ ૧૪૧૪ ના ફાગણ સુદિ ૫ ને ગુરુવારે રામસેનમાં રાજગચ્છના આ૦ માણેકચંદ્રસૂરિએ સં૦ ૧૨૭૬ માં રચેલા 'શ્રીશાંતિનાથચરિત્ર' (સર્ગ : ૮; ગ્રં૦: ૫૫૭૪)ની પ્રતિ લખાવી, આ૦ ગુણસમુદ્રસૂરિને વહોરાવી. એ આચાર્યશ્રીએ જ તેની પુષ્પિકામાં પ્રસ્તુત દાનપ્રશસ્તિ આપી છે.

(–જૂઓ, શાંતિનાથચરિત્ર પ્રશસ્તિ, પ્રક૦ ૩૫, પૃ૦ ૩૮, સં૦ ૧૪૧૪)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## (૨) વરણાગવંશ—

૧. **વરણાગ**—શ્રીમાલીવંશમાં **વિયદુ** નામે બહુ યશસ્વી શેઠ હતો. તેણે સંઘભક્તિ કરવા સાથે દેરાસર, વાવ, દાનશાલા, પરબ વગેરે બંધાવ્યાં હતાં. તે કચ્છના કંથકોટમાં રહેતો હતો. તેને વરણાગ નામે પુત્ર થયો. તે ધર્માત્મા હતો. તેણે શત્રુંજય, ગિરનાર વગેરે તીર્થોના સંઘ કાઢ્યા હતા. ગરીબોને ખૂબ મદદ કરી દાનવીર તરીકે પ્રસિદ્ધિ મેળવી હતી. (રામસેનનો વરણાગ આ કંથકોટના વરણાગથી જુદો સમજવો.)

૨. વાસ—તે મોટો દાની અને સત્યવાદી હતો. તેને ૧. વીસલ, ૨. વીરદેવ, ૩. નેમિ, ૪. ચાંડૂ અને ૫. શ્રીવત્સ નામે પુત્રો થયા.

૩. વીસલ—તે ગુણવાન હતો. તેને ૧ લક્ષ, ૨ સુલક્ષણ, ૩ સોલાક અને ૪ સોહી નામે પુત્રો હતા. શેઠ વીસલ મરીને દેવ થયો. લક્ષ વિદ્વાન હતો. સુલક્ષણ સદ્ગુણી હતો. સોલાક યશસ્વી હતો. સોહી પોતાના ગુણોથી લોકપ્રિય બન્યો હતો. તે શાંત અને દાનવીર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતો તેમજ વેપારીઓમાં વડો હતો.

૪. સોલ—તેની નામના ખૂબ ફેલાયેલી હતી. તેને શ્રી નામે રૂપાળી પત્ની હતી. તે કંથકોટ છોડીને ભદ્રેશ્વર નગરમાં આવી વસ્યો. તે સમયે ભદ્રેશ્વર મોટું નામી નગર હતું. વેપારનું મોટું પીઠું હતું. અહીં ધુર્ધુરા નામે દેવી હતી, જે કામિતદાયિની મનાતી હતી. સોલને ૧ જગડૂ, ૨ રાજ, ૩ પદ્મ—એમ ત્રણ પુત્રો હતા. પહેલા પુત્રને યશોમતી, બીજાને રાજલદે અને ત્રીજાને પદ્મા નામે પત્નીઓ હતી. રાજને વિક્રમસિંહ તથા ધાંધલ નામે બે પુત્રો અને હંસી નામે એક પુત્રી હતી.

૫. **જગડૂશાહ**—તે ત્રણે ભાઈઓમાં વડેરો હતો. દાની હતો. તેને એક બકરીના ગળામાં બાંધેલા હારમાંથી લક્ષ્મીવર્ધક મણિ મળી ગયો ત્યારથી તે ધનપતિ થઈ ગયો. તે છૂટે હાથે ધન દેતો હતો.

તેની પત્નીનું નામ **યશોમતી** હતું. તેને **પ્રીતિમતી** નામે એક પુત્રી હતી. પ્રીતિમતીને શેઠ યશોદેવ સાથે પરણાવી કે તરત જ તે વિધવા બની. પિતાએ તે વિધવાનો વિવાહ કરવાનો વિચાર કર્યો પણ એ વૃદ્ધાઓએ યુક્તિપૂર્વક સમજાવ્યો એટલે તે સમસમી ગયો. તેણે પુત્રીના શ્રેય માટે વાવ, કૂવા વગેરે બંધાવ્યા.

**જગડૂશાહ** તથા યશોમતીને પુત્ર ન હોવાના કારણે ભારે ચિંતા રહેતી હતી. જગડૂ શાહે સાત ઉપવાસ કરી સમુદ્રના અધિષ્ઠાયક વરુણદેવને પ્રત્યક્ષ કર્યો અને તેની પાસે પુત્રની યાચના કરી. દેવે સ્પષ્ટ જણાવ્યું, ‘ શેઠ ! તારા ભાગ્યમાં પુત્ર નથી; પણ તારે ત્યાં લક્ષ્મી સ્થિર થઈને રહેશે, તારા ભાઈ રાજને પુત્ર-પુત્રી થશે. ’ દેવ આ રીતે કહી શેઠને રત્નો આપી ચાલતો થયો.

શાહે પોતાના મુનિમ **જયંતસિંહ** ઓશવાલને વેપાર માટે સમુદ્રયાત્રાએ મોકલ્યો. જયંતસિંહ **આર્દ્રપુર**માં ગયો. ત્યાં મકાન ભાડે રાખી પોતાનું કરિયાણું ઉતાર્યું. અહીં દરિયાકાંઠે એક સરસ શિલા હતી. જયંતસિંહને તે શિલા લઈ જવાનો વિચાર થયો. ખંભાતના તુર્કી જહાજોનો વડો પણ અહીં આવ્યો હતો તેની નજર પણ આ શિલા ઉપર પડી અને તેને લઈ જવાનો તેણે પણ ઇરાદો કર્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આથી બંને વચ્ચે હરિફાઈ ચાલી. શિલા લઈ લેવા માટે બંને વચ્ચે ચડાવો થયો. આખરે જયંતસિંહે ત્યાંના રાજાને ત્રણ લાખ રૂપિયાની રકમ આપી તે શિલા પોતાના કબજે કરી. તેણે ત્યાં જગડૂ શાહનો યશ વધાર્યો અને શિલાને વહાણમાં ચડાવી ભદ્રેશ્વર પહોંચાડી. જગડૂ શાહે તે શિલા એટલા આગળ પગ ધોવાની જગાએ મૂકી.

જગડૂ શાહે એક દિવસ એક યોગીના મુખથી સાંભળ્યું કે, ‘ આ શિલા છુપાવી રાખવા જેવી છે.’ એટલે જગડૂ શાહે તે શિલાને તોડી નાખી તો તેમાંથી તેને રત્નોનો સંગ્રહ મળી આવ્યો.

એક દિવસે થરપારકરના રાજા પીઠદેવે કચ્છ ઉપર ચડાઈ કરીને રાજા ભીમદેવે બંધાવેલો ભદ્રેશ્વરનો કિલ્લો તોડી નાખ્યો અને જાહેર કર્યું કે, ‘ હવે તો જો ગધેડાને શીંગડાં ઊગે તો જ ભદ્રેશ્વરનો કિલ્લો બને.’

જગડૂ શાહે પાટણથી ગુજરાતના રાજા ભીમદેવના અને અર્ણોરાજ સોલંકીના પુત્ર લવણપ્રસાદ પાસેથી સૈન્યની મદદ મેળવી સેનાની દેખરેખ નીચે ૭ મહિનામાં ભદ્રાવતીનો નવો કિલ્લો ઊભો કર્યો. તેના એક ખૂણાના ભાગમાં રાજા પીઠદેવની માતાની મૂર્તિ અને તેની ઉપર શીંગડાવાળો ગધેડો બનાવ્યો. તેના શીંગડાંને સોનાથી મઢી લીધાં. રાજા પીઠદેવ આ જોઈ, આઘાત પામી મરણ પામ્યો.

પૂનમિયાગચ્છના આ૦ **પરમદેવે** શંખેશ્વર તીર્થમાં વર્ધમાન તપ શરૂ કર્યું. સં૦ ૧૩૦૨ ના માહ સુદિ ૫ ના દિવસે શ્રવણ નક્ષત્રમાં **કુડોદ**માં શેઠ દેવપાલના ઘરેથી આહાર વહોરી **પારણું** કર્યું. તેમણે સાત યક્ષ-દેવોને ઉપદેશ આપી શંખેશ્વરના ભક્ત બનાવ્યા. રાજા દુર્જનશૈલ્યને શંખેશ્વર તીર્થની ઉપાસના કરાવી, કોઢ રોગથી મુક્ત કરાવ્યો અને એ જ રાજા પાસે શંખેશ્વર તીર્થનો ઉદ્ધાર કરાવ્યો. તે પછી આ૦ પરમદેવ ભદ્રાવતી તીર્થની યાત્રાએ પધાર્યા. તેમના ઉપદેશથી જગડૂ શાહ ધર્મપ્રેમી બન્યો.

આ સમય દરમિયાન રાજા ભીમદેવ સોલંકીના મરણ પછી વીરધવલ તથા **વીસલદેવ** (સં૦ ૧૩૦૨ થી ૧૩૧૮) ગુજરાતના રાજા બન્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જગડૂ શાહે રાજા વીસલદેવની આજ્ઞા મેળવી **શત્રુંજય** તથા ગિરનાર તીર્થની યાત્રાના છ'રી પાળતા સંઘો કાઢ્યા. **પૂનમિયાગચ્છ** તથા **ચૌદશિયાગચ્છ**ના ઘણા જૈનાચાર્યો તેમાં સાથે પધાર્યા હતા.[1] આ૦ વીરસૂરિએ સ્થાપન કરેલ ભ૦ મહાવીરસ્વામીના જિનપ્રાસાદને જગડૂ શાહે સોનાના દંડ-કળશ ચડાવ્યા, પરકોટો બનાવ્યો, આરસની ત્રણ દેરીઓ, અષ્ટાપદાવતાર જિનાલય, ૧૭૦ જિનાલય બનાવ્યાં. ત્રિખંડેશ શ્રીપાર્શ્વનાથની મૂર્તિ ભરાવી, તેમાં પુત્રી પ્રીતિમતીના કલ્યાણ માટે સ્વર્ણપત્ર તૈયાર કરાવ્યું. રાજા કર્ણદેવની વાવનો જીર્ણોદ્ધાર કરાવ્યો. રાજા મૂલરાજ તથા કુમારપાલનાં તળાવો સમરાવ્યાં. જિનપૂજા માટે મોટી ફૂલવાડી બનાવી ભેટ આપી. કપિલકોટમાં ભ૦ નેમિનાથ તથા કૃષ્ણનાં મંદિરો સમરાવ્યાં. ફૂનડામાં શિવાલય તથા વિષ્ણુ મંદિર સમરાવ્યાં. ઢંકામાં શ્રીઋષભદેવનું નવું દેરાસર બંધાવ્યું. વઢવાણમાં ચોવીશ દેરીવાળો વીરજિનપ્રાસાદ બંધાવ્યો, સેવાડીમાં ભ૦ ઋષભદેવનો બાવન દેરીવાળો પ્રાસાદ બનાવ્યો, શત્રુંજયતીર્થ, સલખણપુર તથા દેલવાડામાં નવાં દેરાસરો બનાવ્યાં, ભદ્રેશ્વરમાં આ૦ પરમદેવ માટે ઉપાશ્રય બંધાવ્યો. તેમાં આચાર્યશ્રી માટે તાંબાની પાટ ગોઠવી. આ૦ પરમદેવના શિષ્ય આ૦ શ્રીષેણને આચાર્યપદ અપાવ્યું. તેમને પોતાના વંશના કુલગુરુ સ્થાપન કર્યા. ભદ્રેશ્વરમાં સેંકડો વાવ બંધાવી. તે દેવની યાદગીરીમાં દેરી બનાવી. મુસલમાન વેપારીઓ માટે ખીમલી મસ્જિદ બંધાવી.

એક વાર આ૦ **પરમદેવે** જગડૂ શાહને જણાવ્યું કે, સં૦ ૧૩૧૩, ૧૩૧૪, ૧૩૧૫ માં સમગ્ર દેશમાં ત્રિવર્ષી મોટો દુકાળ પડવાનો છે માટે અનાજનો સંગ્રહ કરી લેજો. શાહે જેટલું મળી શક્યું તેટલું અનાજ એકઠું કર્યું હતું. આચાર્યની ભવિષ્યવાણી સાચી પડી. ત્રિવર્ષી દુકાળ પડ્યો ત્યારે રાજાઓના કોઠારો ખાલીખમ હતા. સર્વત્ર હાહાકાર થવા માંડ્યો. રાજા વીસલદેવે રાજકોઠાર તપાસ્યો ત્યારે તેમાંથી માત્ર ૧૩ દાણા મળ્યા. પરંતુ પાટણમાં જગડૂ શાહે ગરીબોને

---

૧. राका-चतुर्दशीपक्षसंभूतैर्भूरिसूरिभिः ।
स संघः शुशुभे गङ्गा-यमुनौघैरिवार्णवः ॥ स० ६, श्लो० ३२

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપવા માટે નક્કી કરેલા અનાજના ૭૦૦ કોઠારો હતા. તેથી રાજાએ નાગડ મંત્રી દ્વારા જગડૂ શાહને બોલાવી અનાજની માગણી કરી. જગડૂ શાહે કહ્યું કે, 'આ અનાજ તો ગરીબોનું છે, મેં આપી દીધું છે, એટલે તે મારું નથી.' રાજાએ નમ્રતાથી કહ્યું, 'તો મારી પ્રજાની શી દશા થશે?' એ પછી જગડૂ શાહે વીસલદેવને અને બીજા રાજાઓને અનાજ પૂરું પાડ્યું. અનાજ આપ્યાની વિગત આ રીતે મળે છે—જગડૂ શાહે રાજા વીસલદેવને ૮૦૦૦ મૂડા, સિંધના હમીરને ૧૨૦૦૦ મૂડા, માળવાના મદનવર્માને ૧૮૦૦૦ મૂડા, દિલ્હીના મોજ્જુદ્દીનને ૨૧૦૦૦ મૂડા, કાશીના રાજા પ્રતાપને ૧૨૦૦૦ મૂડા, (મેવાડના રાણાને ૩૨૦૦૦ મૂડા,) સ્કંદિલને ૧૨૦૦૦ મૂડા અનાજ આપ્યું અને સોરઠ, ગુજરાત તથા રેવા કાંઠામાં ૩૩ દાનશાળાઓ, કચ્છ, મારવાડ તથા ધારામાં ૩૦, મેવાડ, માળવા તથા ઢાળમાં ૪૦ અને બીજી છૂટીછવાયી ૯ એમ કુલ મળીને ૧૧૨ દાનશાળાઓ સ્થાપન કરી. જગડૂ શાહે આ દુકાળમાં કુલ ૯૯૯૦૦૦ મૂડા, (૮૦૬૦૭૦૫૦૭૨ મણ) અનાજનું દાન કર્યું હતું. ગરીબોને લજ્જાપિંડમાં કરોડો સોનામહોરનું દાન આપ્યું હતું એ રીતે તેણે સર્વત્ર દાનવીર તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરી.

જગડૂ શાહ અને **નાગડ** મંત્રી વચ્ચે ગાઢ મૈત્રી જામી હતી એ સમયે જ રાજા વિસલદેવના ઘોડાનો પ્રસંગ બન્યો હતો. એટલે એ મૈત્રીમાં ઘણો જ વધારો થયો.

આ૦ પરમદેવનો સ્વર્ગવાસ થયો અને **આ૦ શ્રીષેણ** તેમની પાટે આવ્યા. તેઓ પણ મહાપ્રાભાવિક હતા. તેમણે ગારુડી યોગીના સાપનું ઝેર ઉતારી તેને જીતી લીધો. યોગી તે પછી સાપ કરડવાથી સાતમા દિવસે કંથકોટમાં મરણ પામ્યો.

જગડૂ શાહ ધર્મધ્યાનમાં મસ્ત બની સં૦ ૧૩૨૦ થી ૧૩૩૦ના ગાળામાં મરણ પામ્યો. તે ૭૨ વર્ષ જીવ્યો. તેના મરણના સમાચાર સાંભળી ભારતભરમાં ખૂણે ખૂણે શોક છવાયો. દિલ્હીના **બાદશાહે** તેના માનમાં પોતાનો મુકુટ ઉતાર્યો. સિંધપતિએ બે દિવસ માટે અન્ન-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાગ કર્યું. રાજા **અર્જુનદેવે** (સં૦ ૧૩૧૮ થી સં૦ ૧૩૩૧) ઘણું રુદન કર્યું, તેણે ખાધું પણ નહીં.

આ૦ શ્રીષેણે ઉપદેશ આપી તેમના ભાઈ રાજ અને પદ્મનો શોક મુકાવ્યો અને બંને ભાઈઓને વિશેષપણે ધર્મમાં પ્રીતિ લગાડી.

(–આ૦ ધનપ્રભસૂરિ શિષ્ય આ૦ સર્વાનંદરચિત જગડૂચરિત-મહાકાવ્ય, સર્ગ : ૭, શ્લોક ૩૮૭, જૈનસત્યપ્રકાશ, ક્૦ : ૧૧૬)

સૌરાષ્ટ્રના દક્ષિણ વિભાગના સમુદ્ર કાંઠાના પ્રદેશમાં સાધારણ જનતાની લોકવાણીમાં શેઠ જગડૂ શાહની યશોગાથા છુપાયેલી મળે છે.

સૌરાષ્ટ્રની પશ્ચિમમાં, દક્ષિણમાં અને પૂર્વમાં સમુદ્ર વીંટાયેલો છે. સમુદ્રના વ્યાપારીઓ આ રસ્તે થઈ ઘણી વાર પસાર થાય છે. ભદ્રાવતીથી જળરસ્તે ખંભાત જવું હોય તો સમુદ્ર કિનારે ઘણાં બંદરો આવે છે. સૌરાષ્ટ્રમાં દક્ષિણ છેડે સમુદ્ર કિનારે કોયલા નામે પહાડી છે. તેની ઉપર વિક્રમની ચૌદમી શતાબ્દીમાં દેવીનું મંદિર હતું. એ દેવી તથા મંદિર દક્ષિણાભિમુખ હતાં. મુસાફરો એમ માનતા હતા કે 'મધ્યાહ્ન સમયે આ મંદિરની નીચે દેવીની દૃષ્ટિએ માર્ગમાં જે વહાણ આવે તે નાશ પામે.'

એક વાર જગડૂ શાહ પોતાના દત્તક પુત્ર તથા પરિવારને સાથે લઈ ભદ્રાવતીથી વહાણમાં બેઠી ચાલ્યો જતો હતો. મધ્યાહ્ન થવાને થોડીએક વાર હતી અને સામે દેવીનું મંદિર દેખાતું હતું, ત્યારે ખલાસીઓ બોલ્યા : 'શેઠજી, આપણા વહાણને હાલ તુરતમાં થોડી ઘડીઓ માટે અહીં જ લંગારવાં પડશે, કારણ કે મધ્યાહ્ન સમયે આ દેવીની દૃષ્ટિમાં જે વહાણ આવે છે તે સર્વથા નાશ પામે છે.

જગડૂ શાહે લોકમાન્યતાને જાણી ત્યાં સમુદ્ર કિનારે વહાણ થંભાવ્યાં અને આપણે થોડાએક દિવસ અહીં રોકાવું છે એમ જાહેર કર્યું. શેઠ કરુણામૂર્તિ હતો, સાચો દયાભક્ત હતો. તેણે પહાડી ચડી દેવીના મંદિરમાં જઈ આસન જમાવી એક પછી એક ત્રણ ઉપવાસ કર્યા. એ તપથી પ્રસન્ન થઈ દેવીએ શેઠને પૂછ્યું, 'શું જોઈએ છે? વરદાન માગી લે.' શેઠે બે હાથ જોડી વિનતિ કરી, 'માતાજી! સમુદ્ર-

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ના મુસાફરો બપોરે અહીંથી પસાર થાય તો તેઓ જાનમાલથી જાય છે. માતા એ માતા જ છે, તો તારે તારા આ પુત્રો ઉપર વાત્સલ્ય-ભાવ લાવી આ માનવસંહાર બંધ કરવો જોઈએ એવી આ બાળકની વિનંતિ છે.' દેવી ધમધમીને બોલી, 'એ નહીં જ બને. તું તારી હઠ છોડી દે અને ચાલ્યો જા.' શેઠ ખૂબ કરગર્યો એટલે દેવી બોલી કે, 'તારે જો સંહાર બંધ જ કરાવવો હોય તો મારી દેરીએ ચડવાનાં ૧૦૮ પગથિયાં છે, એ દરેક પગથિયે એક એક પાડાનું બલિદાન આપે તો આ માનવસંહાર સદાને માટે બંધ કરીશ. બસ, હવે માત્ર એ જ માર્ગ છે : બલિદાન આપ અથવા ચાલ્યો જા.'

શેઠ દેવીની વાણી સાંભળી વિચારમાં પડ્યો. માનવસંહાર રોકવા માટે પશુઓનો સંહાર ! આ તો કેવળ સંહારલીલા જ છે, પરંતુ શેઠે તરત જ મુનિમોને હુકમ કરી પાડા મંગાવ્યા. ૧૦૬ પાડા આવી ગયા. સારો દિવસ જોઈ બલિદાન દેવાનો પ્રબંધ ગોઠવ્યો. તે દિવસે પહેલે પગથિયે જઈ દેવીને વિનંતિ કરી કે, માતાજી ! તું માનવસંહાર બંધ કરે એ માટે આ ભોગ આપવામાં આવે છે. હું, મારો પુત્ર અને ૧૦૬ પાડા તૈયાર છે, પણ તું માનવસંહાર સદાને માટે બંધ કરજે એમ કહી શેઠે હાથમાં તરવાર લઈ જય માતા કહી તરવારને પોતાની ગરદન ઉપર ઉગામી પણ એકાએક અજવાળું થયું, સૌ કોઈ પ્રકાશમાં ચકાચોંધ બની ગયા. કોઈ અદૃશ્ય હાથે આવી શેઠના હાથને પકડી રાખ્યો અને ગેબી અવાજ કર્યો, 'બસ, શેઠ ! મારે તારું સત્ત્વ જોવું હતું. તારા સાહસ અને પ્રાણી-પ્રેમથી હું પ્રસન્ન થઈ છું. હવે તું એક કામ કર. આ પહાડી પર મારી દક્ષિણમુખી દેરી છે તેને સ્થાને ઉત્તરમુખી દેરી બનાવીને મને તેમાં બેસાડજે જેથી દરિયાના મુસાફરોનો ભય આજથી દૂર થાય. હવે એક પણ વહાણ મારા કારણે નાશ નહીં પામે.'

જગડૂ શાહે ત્યાં દેવીની ઉત્તરમુખી દેરી બનાવી અને તેમાં દેવીને બેસાડી. લોકોએ આ સાહસવીર ઉપકારી પિતા-પુત્રનાં પૂતળાં બનાવી તે દેરીની બહાર બેસાડ્યાં અને દેવીની આરતી થયા પછી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે બન્નેની આરતી ઉતારવાનું શરૂ કર્યું.

આજે પણ કોયલા પહાડીની દેવીનો મેળો ભરાય છે અને લોકો દેવીની આરતી ઉતાર્યા પછી જગડૂ શાહ તથા તેના પુત્રની આરતી ઉતારે છે.

## (૧) સિદ્ધનાગવંશ—

૧. શેઠ **સિદ્ધનાગ**—તે પોરવાડ જ્ઞાતિનો હતો. તેને અંબિની નામે પત્ની હતી અને પોઢક, વીરડ, વર્ધન અને દ્રોણુક એમ ચાર પુત્રો હતા. તે સાચોરનો વતની હતો, પણ પોતાના પરિવારને લઈને દધિપદ્ર(દઈયા અથવા દાહોદ)પત્તનમાં આવી વસ્યો. તેણે દધિપદ્ર-ના ભ૦ શાંતિનાથના દેરાસરમાં સોના તથા પિત્તળના મિશ્ર દ્રવ્યથી ભ૦ શાંતિનાથની પ્રતિમા ભરાવી પધરાવી.

૨. **પોઢક**—તેને અંબુદત્ત, અંબુવર્ધન અને સજ્જન નામે પુત્રો હતા તેમજ બે પુત્રીઓ હતી. પોતાના પરિવારને લઈને તે મંડાર આવીને વસ્યો. તેણે અહીંના મહાવીરસ્વામીના દેરાસરમાં ભ૦ સુપાર્શ્વનાથ તથા ભ૦ પાર્શ્વનાથની પાષાણની પ્રતિમાઓ ભરાવી. તેની બંને પુત્રીઓએ દીક્ષા લીધી હતી, જે યશઃશ્રીગણિની અને શિવાદેવી મહત્તરા નામે ખ્યાત હતી.

૩. **સજ્જન**—તેને મહલચ્છિ નામે પત્ની તથા ધવલ, વિસલ, દેસલ, રાહડ અને બાહડ નામે પુત્રો હતા તથા શાંતિ અને ધાંધિકા નામે પુત્રી-ઓ હતી. ધવલને ભલ્લણી નામે પત્ની, વીરચંદ અને દેવચંદ નામે પુત્રો થયા. શાંતિને શુક વગેરે પુત્રો થયા. વીસલ અને દેસલને કોઈ સંતાન નહોતું. બાહડને જિનમતી નામે પત્ની અને જસડુ નામે પુત્ર થયો.

૪. **રાહડ**—તે વિદ્વાન, ગુણવાન, સજ્જનપ્રિય, ધર્મપ્રેમી, દાતા અને ઉદાર હતો. તે હમેશાં જિનપૂજા, જિનસ્તવન, ગુરુવંદન, શાસ્ત્ર-શ્રવણ, દાન-શીલ-તપ વગેરે કાર્યોમાં દિવસ વ્યતીત કરતો હતો. તેને દેમતી નામે પત્ની તેમજ ચાહડ, બોહડિ, આસડ અને આશા-ધર નામે પુત્રો હતા તથા અશ્વદેવી, મૂંધી, માહ્ન, તેજુય અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજુય નામે પુત્રવધૂઓ હતી. તેઓને યશોધર, યશોવીર, યશઃકર્ણ વગેરે પુત્રો તથા ધેઉ, જાસુ, જયંતુ નામે પુત્રીઓ હતી. શેઠ રાહડનું કુટુંબ મોટું હતું. તેમાંથી ઓહડિ નામનો પુત્ર એકાએક મરણ પામ્યો. આથી તેને સંસારની અસારતાનું ભાન થયું. ધર્મ પ્રત્યે વધુ પ્રેમ જન્મ્યો.

તેણે પોતાના હાથે કમાયેલા દ્રવ્યમાંથી ઘરમાં પૂજવાયોગ્ય ભ૦ શાંતિનાથની પિત્તલની પ્રતિમા ભરાવી હતી. ઉપરનો પ્રસંગ બનતાં તેણે સં૦ ૧૨૨૭ના ભાદરવામાં પાટણમાં સુશ્રાવક રાજા કુમારપાલના રાજ્યમાં આ૦ દેવચંદ્રસૂરિકૃત 'શાંતિનાથચરિત્ર' લખાવી. આ૦ યશઃપ્રભના પટ્ટધર **આ૦ પરમાનંદસૂરિને** વહોરાવ્યું. જે અક્ષરો અને ચિત્રોથી શોભાયમાન હતું. તેની પ્રશસ્તિ આ૦ ચક્રેશ્વરસૂરિના શિષ્ય આ૦ પરમાનંદસૂરિએ રચી છે. (-જૈ૦ પુ૦ પ્ર૦ સં૦, પુષ્પિકા : ૫)

**(૨) સિદ્ધનાગવંશ—**

૧. **સિદ્ધનાગ**—તે પોરવાડ જ્ઞાતિનો હતો. તેણે પોતાની જાત-કમાઈમાંથી ઘણાં જિનબિંબો ભરાવ્યાં હતાં. તેને વોઢક, વીરડ, વર્ધન અને દ્રોણુક એમ ચાર પુત્રો હતા.

૨. વીરડ—તે જિનભક્ત અને ગુરુભક્ત હતો. તેની પત્નીનું નામ ધનદેવી હતું. તે મંડારમાં આવીને વસ્યો.

૩. વરદેવ—તે સરળ હતો. જૈનધર્મમાં દૃઢ અનુરાગી, કૃપાળુ અને જનમાન્ય હતો. તેણે ભ૦ મહાવીરસ્વામીની પિત્તલની પ્રતિમા તેમજ સમવસરણ બનાવ્યાં અને વાદિવેતાલ આ૦ શાંતિસૂરિને વિનતિ કરી 'ઉત્તરજ્ઝયણ'ની પાઇય ટીકા બનાવરાવી અને તે જ્ઞાનની અતિભક્તિથી તે લખાવી.

તેને સાક્ષાત્ લક્ષ્મી જેવી **લક્ષ્મી** નામે પત્ની હતી અને સિદ્ધ-રાજ નામે પુત્ર હતો. ચાંપૂશ્રી, અમૃતદેવી, જિનમતી, યશોરાજી અને પાજુકાઅંબા નામે પુત્રીઓ હતી. શેઠ વરદેવે મરતી વેળા સિદ્ધરાજને જણાવ્યું હતું કે, 'તારે મારા શ્રેય માટે તીર્થયાત્રા, સંઘ અને જિનપૂજામાં ધન વાપરવું, છતાં પુસ્તક લખાવવામાં વિશેષ ધન આપવું.'

૪. **સિદ્ધરાજ**—તે પાટણમાં આવી વસ્યો. તે સૌ કોઈને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રિય થાય તેવી મીઠી વાણી બોલનારો, ગુણનો પક્ષપાતી, વીર, રૂપાળો, જૈનધર્મમાં અત્યંત રાગી, જિનપ્રાસાદો બંધાવનાર, રાજમાન્ય, દઢ પ્રતિજ્ઞાવાળો, દાક્ષિણ્યશીલ, દાની અને સદાચારી હતો. તેને ૧ **રાજિમતી** અને ૨ **શ્રીદેવી** એમ બે પત્નીઓ હતી. વીરદત્ત, અંબ, સરણ વગેરે પુત્રો હતા. વીરિકા, જસહિણી વગેરે પુત્રીઓ હતી. તે બધો પરિવાર સદાચારી અને લોકપ્રિય હતો. શેઠાણી રાજિમતીએ મરતી વેળા પોતાના પતિને વિનંતિ કરી કે, 'તમે મારા શ્રેય માટે 'ભગવતીસૂત્ર'ની બે પ્રતિઓ લખાવજો.' શેઠ સિદ્ધરાજે પોતાના પિતા અને પત્નીના શ્રેય માટે નીચે પ્રમાણેની **પ્રતિઓ** લખાવી—૧. સૂયગડંગસુત્તનિજ્જુત્તિવૃત્તિ, ૨. ઉવાસગદસાઓ અંગવૃત્તિ, ૩. ઉવવાઇસુત્તવૃત્તિ, ૪. રાયપસેણિયસુત્ત, ૫. કપ્પસુત્તભાસ્સ, ૬. કપ્પસુત્તચુણ્ણિ, ૭. દસવેયાલિયસુત્તણિજ્જુત્તિવૃત્તિ, ૮. ઉવએસમાલા, ૯. ભવભાવના, ૧૦. પંચાસગસુત્તવૃત્તિ, ૧૧. પિંડવિસુદ્ધિવૃત્તિ, ૧૨. જસદેવસૂરિ રચિત પ્રથમ પંચાસગચુણ્ણિ, ૧૩. લઘુવીરચરિય, ૧૪. રયણચૂડકહા, ૧૫–૧૬. ભગવતીસુત્તમૂલ, ૧૭. ભગવતીસુત્તવૃત્તિ—એમ ૧૦ આગમો અને બીજા ગ્રંથો મળીને કુલ એક લાખ શ્લોક પ્રમાણથીયે વધુ એવા ગ્રંથો લખાવ્યા. તેમાં ભગવતીસૂત્રની વૃત્તિવાળું પુસ્તક સં૦ ૧૧૮૭ના કાર્તિક સુદિ ૨ ના રોજ પાટણમાં ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહના રાજ્યમાં લખાવી તૈયાર કરવામાં આવ્યું હતું, જે આ૦ શાલિભદ્ર અને આ૦ વર્ધમાનસૂરિના પટ્ટધર સંવિજ્ઞવિહારી આ૦ ચક્રેશ્વરાચાર્યને વહોરાવ્યું.

(જુઓ પ્રક૦ ૩૭ પૃ૦ ૨૬૪)

શેઠ સિદ્ધરાજના પૂર્વજો અસલમાં મડાહડ(મંડાર)ના વતની હતા. તે દધિપદ્ર(દઈયા)માં રહેતા હતા પોતે પાટણમાં આવીને વસ્યો હતો.

થારાપદ્રગચ્છના આ૦ **શાંતિસૂરિએ શેઠ સિદ્ધદેવના** દેરાસરમાં—ઉપાશ્રયમાં સં૦ ૧૨૨૨ માં પોતાના આઠ શિષ્યોને આચાર્ય બનાવ્યા અને પોતાના ગચ્છનું નામ 'પિપ્પલકગચ્છ' રાખ્યું. સંભવ છે કે આચાર્યશ્રીએ પોતાના ગચ્છની ગાદી થરાદને બદલે પિપ્પલક નગરમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાખી હોય અથવા તેમણે આ પદવીપ્રદાન પીપળના વૃક્ષ નીચે કર્યું હોય. વડગચ્છ અને **પિપ્પલકગચ્છ** એ સમાનાંતર સૂચક નામો છે. (—જૈન પુ૦પ્રશસ્તિસંગ્રહ, પ્રક૦૩૭, પુષ્પિકા : ૩, ૫, પ્રક૦૩૭પૃ૦૨૭૧)

**સીદવંશ—**

૧. સીદ—તે પોરવાડ જ્ઞાતિનો હતો. ચંદ્રાવતીમાં રહેતો હતો. ધનકુબેર હતો. નગરમાં પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકે તેની ગણના થતી. તે યશસ્વી હતો. તેને વીરદેવી નામે પત્ની હતી.

૨. પૂર્ણચંદ્ર—તેનું જીવન પવિત્ર હતું. તેણે નાગેંદ્રગચ્છીય આ૦ વિજયસિંહસૂરિની ઉપાસના, દેરાસર, જિનબિંબો, ભરાવવાં, પરોપકાર, પોતાના બે પુત્રોની દીક્ષાના ઉત્સવો વગેરેમાં પુષ્કળ ધનવ્યય કર્યું હતું. તેમને ૧. બ્રહ્મદેવ, ૨. બોહડિ, ૩. બહુદેવ, ૪. આમણ, ૫. વરદેવ, ૬. યશોવીર, ૭. વીરચંદ, ૮. જિનચંદ્ર એમ ૮ પુત્રો હતા. તે પૈકી બ્રહ્મદેવ અને તેની પત્ની પોહિણીએ જગતમાં ભારે ખ્યાતિ મેળવી. તેઓએ આ૦ પદ્મદેવના ઉપદેશથી ત્રિ૦ શ૦ પુ૦ ચરિત્ર આદિનાથ ચરિત્ર લખાવ્યું, ભગવાન મહાવીરસ્વામીના બે મોટા જિનપ્રાસાદ બનાવ્યા. (૩) **બહુદેવે** નાગેંદ્રગચ્છના આ૦ વિજયસિંહના ઉપદેશથી પ્રતિબોધ પામી આ૦ વિબુધચંદ્રસૂરિ પાસે દીક્ષા સ્વીકારી અને તે આ૦ **પદ્મદેવસૂરિ** બન્યા. (૬) **યશોવીર** વિદ્વાન હતો તે પંડિતોને પણ માન્ય હતો, તેણે મોટી નામના મેળવી હતી અને રાજગચ્છના દેવેંદ્ર શાખાના (૧૨) આ૦ અભયદેવસૂરિ પાસે દીક્ષા લીધી હતી. તેઓ (૧૩) આ૦ પરમાનંદસૂરિ નામે જાહેર થયા. તેમની પાટે (૧૪) આ૦ રત્નપ્રભસૂરિ આવ્યા.

(જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૩૧)

૩. બોહડિ—તે મોટો ગુણવાળો હતો. તેને આંબી નામે પત્ની હતી.

૪. વિલ્હણ—તેને રૂપિણી નામે પત્ની હતી. તેને આશપાલ, સીધુ, જગતસિંહ, પદ્મસિંહ નામે પુત્રો અને વીરીદેવી નામે પુત્રી હતી. તે પૈકીના જગતસિંહે રાજગચ્છના આ૦ પરમાનંદસૂરિ પાસે દીક્ષા લીધી અને તે જ આ૦ રત્નપ્રભસૂરિ નામથી ખ્યાતિ પામ્યા. વિલ્હણે આ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રત્નપ્રભસૂરિના ઉપદેશથી સં૦ ૧૩૧૦ માં આરાસણમાં ભ૦ નેમિનાથના દેરાસરમાં સ્તંભ કરાવ્યો. (–રાજગચ્છ પટ્ટાવલી, નં૦ ૭)

૫. **આશાપાલ**—તે સૌ ભાઈ–બેનોમાં મોટો હતો. તેને ખેતુકા નામે પત્ની હતી. સજ્જન, અભયસિંહ અને સહજ નામે પુત્રો હતા. તેણે આ૦ **રત્નપ્રભસૂરિ**ના ઉપદેશથી **ડાહાપદ્ર**માં ભ૦ સુમતિનાથનું દેરાસર તથા પ્રતિમા બનાવ્યાં અને સં૦ ૧૩૨૨ ના કાર્તિક વદિ ૮ ને સોમવારે 'વિવેકમંજરી'ની **વૃત્તિ** લખાવી. આ વૃત્તિ રામચંદ્રે લખી છે અને તેની પ્રશસ્તિ રાજગચ્છના આ૦ **પ્રદ્યુમ્નસૂરિએ** શોધી છે. (–જૈન પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ, પુષ્પિકા : ૩૦, સાતમી રાજગચ્છ પટ્ટાવલી, પ્રક૦ ૩૫, પૃ૦ ૩૧)

**શુભંકરવંશ—**

૧. (૧) તે સં૦ ૧૧૯૩માં સાંડેરાવમાં થયો.

(જૂઓ પ્ર૦ ૩૭, પૃ૦ ૩૦૩)

**શુભંકર—**તે પોરવાડ જ્ઞાતિનો હતો. **વિધપક્ષગચ્છ**નો હતો.

(૨) બંભણવાડુમાં શુભંકર ગૂર્જર શ્રીમાલી જૈન થયો છે.

(જૂઓ પ્રક૦ ૩૮ પૃ૦ ૩૩૩

૨. **સેવાક.**

૩. **યશોધન**—તેને ઉદ્ધરણ, સત્યદેવ, **સુમદેવ**, બાહૂ અને લીલાક નામે પુત્રો હતા. સુમદેવના પુત્ર વડગચ્છના આ૦ **શ્રીમલયપ્રભસૂરિ** થયા છે.

૪. **બાહૂ**—તેને દાહડ, લાડણ, લખમણ, લખમિણીદેવી, સુષમણિદેવી, જસહિણિદેવી અને જેહીદેવી નામે સંતાનો હતાં.

૫. **દાહડ**—તેને **શ્રીદેવી** નામે પત્ની અને સોલાક, વાસલ, **મદન**, વીરુક તથા સાઉક, નામે સંતાનો થયાં. તે પૈકીના મદને દીક્ષા લીધી. તે આ૦ **મદનચંદ્રસૂરિ** નામથી પ્રસિદ્ધ થયા.

૬. **સોલાક**—તેને **લક્ષણા** નામે પત્ની હતી. ઉદય, **ચંદ્ર**, ચાંદાક, રત્ન, વાલ્હાકદેવી તથા ધાલ્હીદેવી નામે સંતાનો હતાં. ચંદ્રે દીક્ષા લીધી, જે આ૦ ઉદયચંદ્રસૂરિ **નામે ખ્યાતિ** પામ્યા.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાલ્હાકના પુત્રે દીક્ષા લીધી જે આ૦ **લલિતકીર્તિ** તરીકે પ્રસિદ્ધ થયા. ચાંદાકના પુત્ર પૂર્ણદેવના પુત્ર તથા પુત્રીએ દીક્ષા લીધી, જેનાં નામ પં૦ ધનકુમાર ગણિ અને સાધ્વી **ચંદનબાલા** ગણિની હતાં. ચાંદાકની પુત્રી નાઉલીદેવીએ દીક્ષા લીધી, તેનું નામ સાધ્વી **જિનસુંદરી** ગણિની પડ્યું. તે વિદુષી હતી. (સં૦ ૧૩૧૩, ૧૩૨૯) તેનો પરિવાર મોટો હતો. તેના ઉપદેશથી સં૦ ૧૩૧૩ના ચૈત્ર સુદિ ૮ને રવિવારે રાજા વિસલદેવ અને નાગડ મંત્રીના રાજકાળમાં **પાલનપુર**માં શેઠ વીરજી ઓશવાલનો પુત્ર શ્રીકુમાર અને તેની બીજી પત્ની પદ્મશ્રીએ 'જ્ઞાનપંચમીની કથા' લખાવી. તે પ્રતિ સાધ્વી **લલિતસુંદરી ગણિનીને** વહોરાવી.

૭. **ઉદય**—તેને પાસવીર, બાહડ, છાહડ, વાલીદેવી, દિવતિણીદેવી, વસ્તિણિદેવી વગેરે સંતાનો હતાં. બાહડને વસુંધરી નામે પત્ની હતી. તેમને ગુણચંદ્ર, ગાંગી વગેરે સંતાન થયાં. ગુણચંદ્રનું બીજું નામ કુલચંદ્ર હોવાનો સંભવ છે. ગુણચંદ્રને રુકિમણી પત્ની હતી.

૮. **પાસવીર**—તેને સુખમતિ પત્ની હતી તથા સેવાક, હરિચંદ્ર (તે આ૦ જયચંદ્રસૂરિ), ભોલાદ, લહડીદેવી, ખીમણીદેવી વગેરે સંતાન હતાં.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

૯. **સેવાક**—તેને પાલ્હણદે પત્ની હતી. તેણે સં૦ ૧૩૨૯ના શ્રાવણ સુદિ ૮ ના 'પરિશિષ્ટપર્વ' લખાવ્યું.

**ભરતનો વંશ**—

૧. શેઠ ભરત—તે **પોરવાડ જ્ઞાતિ**નો હતો. મોટા મોટા રાજાઓ પણ તેને માન આપતા હતા.

૨. યશોનાગ—તે ઘણો સોહામણો અને ગુણવાન હતો.

૩. પદ્મસિંહ—તે રાજમાન્ય હતો. **શ્રીકરણમુદ્રાવાળો** હતો. તેને તિહુણાદેવી પત્ની હતી. યશોરાજ, આસરાજ, સોમરાજ, રાણિગ, સોઢુકા અને માહિણી નામે સંતાનો હતાં. તે પૈકીના **સોમરાજે દીક્ષા** લીધી અને રાણિગને શેઠ કુલચંદ તથા જાસુલદેવીની પુત્રી રાજલદે પત્ની તથા સંગ્રામસિંહ નામે પુત્ર હતો. સંગ્રામસિંહની

પત્ની અને શેઠ અભયકુમાર તથા સલક્ષણાદેવીની પુત્રી સુહડાદેવીએ આ૦ **મલધારગચ્છ**ના ગુરુના ઉપદેશથી તેમજ પતિદેવની મદદથી 'પર્યુષણાકલ્પ'નું નવું પુસ્તક લખ્યું. તેને કોઈ સંતાન નહોતું.

૪. યશોરાજ—તેને પૃથ્વીસિંહ, પ્રહ્લાદન, પેથુકાદેવી અને સજ્જનદેવી નામે સંતાન હતાં.

૫. પ્રહ્લાદન—તેને માધલા નામે પત્ની હતી અને દેવસિંહ, સોમસિંહ, પદ્માદેવી, સદ્‌માદેવી અને રાણીદેવી નામે સંતાન હતાં.

૬. દેવસિંહ. (—જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૧૦)

**સોહી પલ્લીવાલનો વંશ—**

૧. **સોહી**—તે **પલ્લીવાલ** હતો. તે પવિત્ર આત્મા, રૂપાળો અને વિવેકી શ્રાવક હતો. તેને સુહવા નામે પત્ની હતી.

૨. **પાસનાગ**—તેને પદ્મશ્રી પત્ની હતી. તેમને સાજન, રાણુક, આહડ, પદ્મી અને જેસલદેવી નામે સંતાન હતાં. રાણુક આરાધનાપૂર્વક મરણ પામ્યો.

JAINSITE.com जैन साईट सम्यग् ज्ञान शासनम्

૩. આહડ—તેને ચંદૂ નામે પત્ની હતી અને આસરાજ, શ્રીપાલ, ધાંધક, **પદ્મસિંહ,** લલતુ અને **વાસ્તુદેવી** નામે સંતાન હતાં. વાસ્તુની પુત્રી મદનસુંદરી અને પદ્મસિંહની પુત્રી **ભાવસુંદરી** કીર્તિગણિનીની શિષ્યા બની હતી.

૪. શ્રીપાલ—તેને વેલુ નામે પત્ની હતી. તેના પુત્રનું નામ વીલા હતું. તેણે સં૦ ૧૩૦૩ના કાર્તિક સુદિ ૧૦ ને રવિવારે ભરૂચમાં આ૦ **કુલપ્રભસૂરિ**ના ઉપદેશથી પોતાનું ન્યાયસંપન્ન દ્રવ્ય ખરચી આ૦ હેમચંદ્રસૂરિના ત્રિષષ્ટિશલાકાપુરુષના ભ૦ અજિતનાથથી ભ૦ શીતલનાથ સુધીના તીર્થંકરોનાં ચરિત્રોની પ્રતિ લખાવી અને આ૦ કુલપ્રભસૂરિના પટ્ટધર **આ૦ નરેશ્વરસૂરિ પાસે** તેનું વ્યાખ્યાન કરાવી સાંભળ્યું. તેની પુષ્પિકામાં પલ્લીવાલવંશનું વર્ણન આ પ્રમાણે છે—

तन्वाना सकला कलायमधिकं वर्याजवालंकृतं,

लक्ष्मीर्वंशनदीव यं श्रितवती प्रेङ्खद्गुणाध्यासितम् ।

रङ्गान्नोत्तरणाभिलाषमकरोद् व्यावर्णतामागता
पल्लीवाल इति प्रसिद्धमहिमा वंशोऽस्ति सोऽयं भुवि॥
(–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૧૧)

## વરહુડિયા વંશ–પલ્લીવાલ

अस्तीह श्रेष्ठपर्वपरिचितः क्ष्माभृताप्तप्रतिष्ठः
सच्छायश्चारुवर्णः सकलसरलतालङ्कृतः शस्तवृत्तः ।
**पल्लीवालाख्यवंशो** जगति सुविदितस्तत्र युक्तेव साधुः
साधुव्रातप्रणन्ता वरहुडिरिति सत्ख्यातिमान् नेमडोऽभूत्॥
(–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૨૯)

૧. **વરદેવ**—સં૦ ૧૧૫૦ પછી પાલીથી શ્વેતાંબર પલ્લીવાલ-ગચ્છ નીકળ્યો. એ રીતે પાલીની પ્રજા પાલીની બહાર ગઈ તે પલ્લીવાલ તરીકે પ્રસિદ્ધિ પામી. એમાંનો પલ્લીવાલ શેઠ વરદેવ નાગોરમાં રહેતો હતો. તેનાથી **વરહુડિયા** ગોત્ર થયું. તેને આસદેવ અને લક્ષ્મીધર નામે બે પુત્રો હતા. લક્ષ્મીદેવને થિરદેવ, ગુણધર, જયદેવ અને ભુવન એમ ચાર પુત્રો હતા.

૨. આસદેવ—તેને નેમડ, આભડ, માણિક અને સલખણ એમ ચાર પુત્રો હતા.

૩. નેમડ—તે **પાલનપુર** આવીને વસ્યો. તેને રાહડ, જયદેવ અને સહદેવ—એમ ત્રણ પુત્રો હતા. રાહડને બે પત્નીઓ અને પાંચ પુત્રો હતા. જયદેવને જાલ્હણદેવી નામે પત્ની હતી. તેનાથી તેને ત્રણ પુત્રો થયા. ૧. વીરદેવ (પત્ની વિજયશ્રી), ૨. દેવકુમાર (પત્ની દેવશ્રી), ૩. હાલૂ (પત્ની હરસિણી). સહદેવને ખેડા અને ગોસલ નામે બે પુત્રો હતા. ખેડાને કીલખી નામે પત્ની હતી. તેમને જેહંડ, હેમચંદ, કુમારપાલ અને પાસદેવ નામે પુત્રો હતા. ગોસલને ગુણદેવી પત્ની હતી. તેમને હરિચંદ પુત્ર અને દેમતી નામે પુત્રી હતાં.

નેમડના વંશજો **નેમા વાણિયા** કહેવાયા.

૪. રાહડ—તેને બે પત્નીઓ હતી. તેમાં પ્રથમ લક્ષ્મી નામની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પત્નીથી જિનચંદ અને દુલહ નામે પુત્રો થયા અને બીજી પત્ની નાઈકીથી ધનેશ્વર, લાહડ અને અભય નામે પુત્રો થયા. ધનેશ્વરને ધનશ્રી નામે પત્ની હતી અને અરિસિંહ નામે પુત્ર હતો. શેઠ લાહડે સં૦ ૧૩૦૭માં 'સટીક-ભગવતીસૂત્ર'ની અને સં૦ ૧૩૦૯ના ભાદરવા સુદિ ૧૫ના રોજ 'વ્યવહારસૂત્ર'નો પ્રથમ ખંડ લખાવ્યો.

(–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૨૯)

૫. **જિનચંદ**—તેને ચાહિણી નામે પત્ની હતી. ધાહિણી નામે પુત્રી હતી અને સં૦ દેવચંદ્ર, નામધર, મહીધર, વીરધવલ અને ભીમદેવ નામે પુત્રો હતા. શેઠ જિનચંદ, તેના ભાઈઓ, કાકા ભાઈઓ વગેરે મોટો પરિવાર હતો. તેઓ તપગચ્છના આ૦ દેવેન્દ્ર અને આ૦ વિજયચંદ્રના ઉપાસક હતા. શેઠ જિનચંદનો પરિવાર વિજાપુરમાં રહેતો હતો ત્યારે વીજાપુરમાં સં૦ ૧૨૯૨માં પં૦ દેવભદ્ર, પં૦ મલયકીર્તિ, પં૦ અજિતપ્રભ વગેરે, સં૦ ૧૨૯૬માં આ૦ દેવેન્દ્ર, આ૦ વિજયચંદ્ર, ઉપા૦ દેવભદ્ર વગેરે ચાતુર્માસ રહ્યા હતા.

(–પ્રો૦ ૬૦ દે૦ પારા ૫૬૦)

૬. **વીરધવલ-ભીમદેવ**—વીજાપુરમાં વીરધવલનું લગ્ન થવાનું હતું અને લગ્નમંડપ ઊભો કરવામાં આવ્યો હતો તે જ સમયે આ૦ **દેવેન્દ્રસૂરિ** વીજાપુર પધાર્યા હતા. તેમના વૈરાગ્યજનક ઉપદેશથી વીરધવલ અને ભીમદેવ બંને ભાઈઓ વૈરાગ્યવાસિત બન્યા. લગ્નનો મંડપ દીક્ષાનો મંડપ બની ગયો. આ૦ દેવેન્દ્રસૂરિએ તે બંનેને સં૦ ૧૩૦૨માં દીક્ષા આપી. તે બંને વિદ્યાધ્યયન કરીને **આ૦ વિદ્યાનંદસૂરિ** (સં૦ ૧૩૨૩ થી ૧૩૨૭) અને આ૦ **દાદા ધર્મઘોષસૂરિ** (૧૩૨૭ થી ૧૩૫૭) નામથી ખ્યાતિ પામ્યા. (પ્રક૦ ૪૬)

**પ્રતિષ્ઠાઓ—**

શા૦ નેમડના વંશજોએ આબૂ ઉપરના લુણિગવસહીમાં દેરીઓ, પરિકરો અને પ્રતિષ્ઠાઓ કરાવી હતી. શત્રુંજય, ગિરનાર, આબૂ, તારંગા, જાલોર, ચારૂપ, પાટણ, વીજાપુર, લાડોલ, પાલનપુર અને નાગોર વગેરે સ્થાનોમાં દેરાસરો, દેરીઓ, પ્રતિમાઓ, પરિકરો અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિષ્ઠાઓ કરાવી હતી.

(–અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૩૪૫ થી ૩૫૬); જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૮, પૃ૦ ૩૬૮; જૈન પુસ્તકપ્રશસ્તિ-સંગ્રહ, પુષ્પિકા : ૨૯મી, વ્યવહારસૂત્ર-પુષ્પિકા સં૦ ૧૩૦૯, સટીક ભગવતીસૂત્ર પુષ્પિકા, સં૦ ૧૩૦૭)

**કર્પૂરપટ્ટાધીશ વંશ—**

૧. **કર્પૂરપટ્ટાધીશ**—તે પોરવાડ જ્ઞાતિનો હતો.[1]

૨. **સોમ**—તેના ઘરમાં સાધુઓ આવીને ઊતરતા હતા. રાજગચ્છના આ૦ ચંદ્રસૂરિએ સં૦ ૧૨૧૪ માં તેના ઘરમાં રહીને 'સણંકુમારચરિયં' (ગ્રં૦ : ૮૦૦૦)ની રચના કરી હતી. તે સં૦ ૧૨૨૬ લગભગમાં મરણ પામ્યો.

૩. **વાહડિ**—તે શેઠ સોમનો પુત્ર હતો. કલિકાલસર્વજ્ઞ આ૦ **હેમચંદ્રસૂરિ**નો ભક્ત હતો. તે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને પિશાચી ભાષાનો વિદ્વાન હતો. તેણે 'વાગ્ભટ્ટાલંકાર' નામે ગ્રંથ રચ્યો છે. તેણે **પાદરા**માં 'ઉંદરવસહિકા' નામે જિનમંદિર બંધાવી, તેમાં ભ૦ મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરાવી હતી. તેના વિશે વાગ્ભટ્ટાલંકારના કેટલાએક શ્લોકો તેનો ધર્મ, પિતા, વિદ્યમાનતાકાળ અને અલંકારકલા ઉપર પ્રકાશ પાડે છે, જેમાંના કેટલાક શ્લોકો આ છે—

श्रियं दिशतु वो देवः श्रीनाभेयः जिनः सदा ।
मोक्षमार्गं सतां ब्रूते यदागमपदावली ॥ (–પરિ૦ ૧, શ્લો૦ ૧,)

---

૧. આ૦ કક્કસૂરિ કર્પૂરધારાપ્રવાહ માટે લખે છે કે—

सहजः श्रीदेवगिरौ, रामदेवं नृपं गुणैः ।
तथा निजवशं चक्रे, यथा नान्यकथामसौ ॥३५॥
कर्पूरपूरसुभगं ताम्बूलं यस्य यच्छतः ॥
कर्पूरधाराप्रवाहबिरुदं बन्दिनो ददुः ॥३६॥

( સં૦ ૧૩૯૩ શત્રુંજયતીર્થોદ્ધારપ્રબંધ, પ્રસ્તાવ બીજો, પૃ૦ ૧૦૧)

આથી સમજાય છે કે મધ્યયુગીન ભારતમાં રાજા-મહારાજાઓ જેને કર્પૂરવાળું પાનનું બીડું આપતા તેને જનતા कर्पूरधाराप्रवाह બિરુદ આપતી હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

मर्तुः पार्वति ! नाम कीर्त्तय न चेत् त्वां ताडयिष्याम्यहं,
क्रीडाब्जेन शिवेति सत्यमनघे किं ते शृगालः पतिः ? ।
नो स्थाणुः किमु कीलको न हि पशुस्वामी न गोप्ता गवां
दोलाखेलनकर्म गीति विजया-गौर्योर्गिरः पान्तु वः ॥

(–પરિ૦ ૪, શ્લો૦ ૧૬)

जयति प्रतापपूषा जयसिंहः क्ष्माभृदधिनाथः ॥ (–પરિ૦ ૪, શ્લો૦ ૪૫)

यस्यास्ति नरककोडनिवासे रसिकं मनः ।
सोऽस्तु हिंसा-ऽनृत-स्तेयतत्परः सुतरां जनः ॥ (–પરિ૦ ૪, શ્લો૦ ૭૭)

आः स्यन्दनध्वजधृतोद्धुरताम्रचूडः ।
श्रीकर्णदेवनृपसूनुरयं रणाग्रे ॥ (–પરિ૦ ૪, શ્લો૦ ૮૧)

अस्त्वस्तु पौरुषगुणाज्जयसिंहदेव० (–પરિ૦ ૪, શ્લો૦ ૮૫)

अणहिल्लपाटकं पुरमवनिपतिः कर्णदेवनृपसूनुः ।
श्रीकलशनामधेयः करी च रत्नानि जगतीह ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

(–પરિ૦ ૪, શ્લો૦ ૧૩૨)

बंभंडसुत्तिसंपुडमुत्तिअमणिणो पहासमुह व्व ।
सिरिवाहड त्ति तणओ आसि बुहो तस्स सोमस्स ॥

(–પરિ૦ ૪, શ્લો૦ ૧૪૮)

વાગ્ભટાલંકારના પાંચ પરિચ્છેદો છે. તેના કુલે ૨૬૦ શ્લોકો છે. તેના ચોથા પરિચ્છેદનો ૧૨ મો શ્લોક क અક્ષરનો બનેલો છે, જે ‘નેમિનિર્વાણમહાકાવ્ય’માં[1] રાજિમતીના ત્યાગપ્રસંગે સમુદ્રના

---

૧. કવિ વાહડ પોરવાડે પોતાના અલંકારગ્રંથના ચોથા પરિચ્છેદમાં क અક્ષરવાળો ककाकु० ॥૧૨॥ શ્લોક આપ્યો છે તે ‘નેમિનિર્વાણકાવ્ય’નો નહીં પણ ‘નેમિનિર્વાણમહાકાવ્ય’નો છે. એટલે હવે એ સંશોધન કરવાનું બાકી રહે છે કે આ ‘નેમિનિર્વાણકાવ્ય’ સ્વોપજ્ઞ છે કે અન્યકર્તૃક ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્ણનરૂપે છે.[1]

શેઠ નેમિકુમારના પુત્ર વાગ્ભટે પોતાના 'કાવ્યાનુશાસન'માં જણાવ્યું છે કે, પં૦ દંડી, વામન અને **વાગ્ભટ** વગેરેએ ૧૦ ગુણો બતાવ્યા છે જ્યારે મેં માત્ર મધુરતા, ઓજસ્ અને પ્રસાદ એ ત્રણ ગુણો જ માન્યા છે, જેમાં ઉપરના ૧૦ ગુણોનો સમાવેશ થાય છે. એટલે કે કાવ્યાનુશાસનકાર વાગ્ભટ અને અલંકારકાર વાગ્ભટ **ભિન્ન ભિન્ન** છે, એક નથી. વાગ્ભટ્ટાલંકારની ઉપર નીચેના વિદ્વાનોએ ટીકાઓ રચેલી મળે છે—

(૧) આ૦ જિનવર્ધન, (૨) પં૦ ક્ષેમહંસ, (૩) પં૦ અનંતભટ્ટ-પુત્ર ગણેશ, (૪) ઉપા૦ રાજહંસ અને (૫) પં૦ સિંહદેવગણિ.

પં૦ **સિંહદેવ ગણિએ** પોતાની ટીકામાં આ વાગ્ભટને મહામાત્ય જણાવ્યો છે પણ તે ઠીક નથી. તે મહામાત્ય નહીં પણ મહામાન્ય શ્રેષ્ઠી હતો.

૪. **શરણદેવ**—તેને સુહડાદેવી નામે પત્ની હતી અને વીરચંદ, પાસડ, આંબડ તેમજ રાવણ નામે પુત્રો હતા. તેણે સં૦ ૧૨૭૫ માં આરાસણના દેરાસરમાં બે દાઢાધર કરાવ્યા. તેની ચાર પુત્રીઓએ સં૦ ૧૩૧૦ માં આરાસણના દેરાસરમાં ૧૭૦ તીર્થંકરનો પટ કરાવ્યો. આંબડને અભયસિરિ નામે પત્ની અને વીજો, ખેતો નામે પુત્રો હતા. રાવણને હીરુ નામે પત્ની અને બોડસિંહ પુત્ર હતો. બોડસિંહને જયતલદે નામની પત્ની હતી.

૫. **વીરચંદ**—તેને સુખમણિ પત્ની, પૂનો નામે પુત્ર અને સોહગદેવી નામે પુત્રવધૂ હતી. શેઠ વીરચંદે સં૦ ૧૩૩૮ ના જેઠ

---

૧. કવિ વાહડ પોરવાડે પોતાના અલંકારગ્રંથના ચોથા પરિચ્છેદમાં—

अमरनगर० ॥२८॥ रम्भारामा० ॥३०॥ नेमिः ॥३२॥

यदुपान्ति० ॥३३॥ कान्तारभूमौ० ॥३४॥ जहुर्वसन्ते० ॥३९॥

निजजीविते० ॥६३॥ अधरं मुखेन० ॥६९॥—વગેરે શ્લોકો સંભવતઃ શેઠ નેમિકુમારના પુત્ર કવિ વાહડના 'નેમિનિર્વાણકાવ્ય'ના છે. આથી સંભવ છે કે આ બંને કવિ વાહડો સમકાલીન વિદ્વાનો હશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુદિ ૧૪ ને શનિવારે આરાસણમાં ભ૦ વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા કરાવી. તેમાં વડગચ્છના આ૦ **પરમાણંદસૂરિ**ના હાથે ભ૦ વાસુપૂજ્યની પ્રતિષ્ઠા કરાવી. સં૦ ૧૨૪૫ માં સમેતશિખર મહાતીર્થની યાત્રા કરી અને સમેતશિખરનો પટ બનાવી તેની મુખ્ય પ્રતિષ્ઠા કરાવી, તેને પોસીના તીર્થમાં સ્થાપન કરી.

(–આરાસણાતીર્થના લેખો, પ્રાચીન જૈનલેખસંગ્રહ, લે૦ : ૨૭૯ થી ૨૯૦)

**દેવવંશ**—

૧. દેવ—તે પોરવાડ જ્ઞાતિનો હતો.

૨. સંધીરણ.

૩. યશોધન—તેને યશોમતી નામે પત્ની તથા અંબ, ગોત, શ્રીધર, આશાધર અને વીર એમ પાંચ પુત્રો હતા. આ ભાઈઓએ સં૦ ૧૨૧૨ ના જેઠ વદિ ૮ ને મંગળવારે વિમલવસહીના ગૂઢમંડપના ગોખલામાં પિતાના કલ્યાણ માટે ભ૦આદિનાથનું બિંબ ભરાવી પધરાવ્યું.

**જિનદેવ વંશ**—

૧. જિનદેવ—તે પોરવાડ જ્ઞાતિનો હતો. મહાત્મા હતો. ગુણવાન, પ્રતિષ્ઠિત અને વિવેકી જૈન હતો.

૨. સર્વદેવ.

૩. સોમદેવ—તેણે વડગચ્છના આ૦ વિજયસિંહની પાસે દીક્ષા લીધી, જેઓ પ્રસિદ્ધ શતાર્થી આ૦ સોમપ્રભસૂરિ તરીકે વિખ્યાત થયા.

(–કુમારપાલપડિબોહો)

**જાહિલ મહત્તમ વંશ**—

૧. **જાહિલ**—રાજા ભીમદેવનો વ્યયકરણ અમાત્ય (ખરચખાતાનો પ્રધાન) હતો. તે પોરવાડ જ્ઞાતિનો જૈન હતો.

૨. નરસિંહ—તે પણ મહત્તમ હતો.

૩. **દુર્લભરાજ**—તે રાજા કુમારપાલનો મહત્તમ હતો. કવિ હતો. તેણે સં૦ ૧૨૧૬ માં ‘ સામુદ્રિકતિલક ’ નામે ગ્રંથ રચ્યો છે. તેના પુત્ર જગદેવે તેમાં મદદ કરી હતી.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

૪. **જગદેવ**—તેણે 'સ્વપ્નચિંતામણિ' નામનો ગ્રંથ (અ૦ : ૨, શ્લોક : ૩૧૧) રચ્યો છે.

**શેઠ દોહડિનો વંશ**—

૧. **દોહડિ**—તે જૈનધર્મનો પ્રેમી હતો. સાધુઓનો ભક્ત હતો. તે પાટણમાં ટંકશાળની પાછળ પોતાની વસતિમાં સાધુ-મુનિઓને ઉતારો આપતો હતો. વાદિવેતાલ આ૦ શાંતિસૂરિ, આ૦ નેમિચંદ્ર અને આ૦ મુનિચંદ્ર વગેરે પ્રતિ આદરભક્તિ રાખતો હતો. તેણે સં૦ ૧૧૨૯ માં આ૦ નેમિચંદ્રસૂરિએ રચેલી 'ઉત્તરજ્ઝયણસુત્ત-લઘુવૃત્તિ' (ગ્રં૦ : ૧૪૦૦)ની પહેલી પ્રતિ પોતાના હાથે લખી હતી.

શેઠ જાસક—તેની પત્નીનું નામ વસુંધરા. તે બંને જણ મોટા દાનવીર હતા. તેમના આગ્રહથી આ૦ દેવસૂરિએ સં૦ ૧૧૬૨ માં પાટણમાં તેની વસતિમાં રહી 'જીવાણુસાસણ' (ગાથા : ૩૦૮) તથા તેની વૃત્તિ એક જ મહિનામાં રચીને પૂર્ણ કરી હતી.

૩. વીર—સં૦ ૧૧૦૨.

**શેઠ નીનાનો શ્રીમાલવંશ**—

તેના પૂર્વજોમાં શેઠ નાડા તે શ્રીમાલનગરનો ભારદ્વાજ ગોત્રી શ્રીમાલી બ્રાહ્મણ હતો. તે શહેરમાં પૂર્વ દરવાજે ભટ્ટવાડામાં રહેતો હતો. પાંચ કરોડનો તે આસામી હતો. તેણે સં૦ ૭૯૫ માં જૈનધર્મ સ્વીકાર્યો. ચંપકવાડીમાં ભ૦ શાંતિનાથનું ચૈત્ય હતું તેનો ગોષ્ઠિક બન્યો. તેની પરંપરા નીચે મુજબ હતી—

૧ શેઠ નાડા, ભાર્યા સૂરમદે, ૨ ગુણા, ભાર્યા રંગાઈ, ૩ હરદાસ, ભા૦ માહવી, ૪ ભોલો, ભાર્યા ગંગઈ, ૫ ગોવાલ, ભાર્યા મરઘા, ૬ આશા, ભાર્યા પુહતી, ૭ વજાંગ, ભાર્યા કરમી, ૮ શિવો, ભાર્યા પતી, ૯ મહીરાજ, ભાર્યા કમાઈ, ૧૦ રાજા, ભાર્યા પૂરી, ૧૧ ગણપતિ, ભાર્યા રહી, ૧૨ ઝાંઝણ, ભાર્યા કપૂ, ૧૩ મણોર, ભાર્યા હાપી, ૧૪ કુંચરપાલ, ભાર્યા વાછી, ૧૫ પાસા, ભાર્યા પ્રેમી, ૧૬ વસ્તા, ભાર્યા વનાદે, ૧૭ કાન્હો, ભાર્યા સાંપૂ, ૧૮ નાનો, ભાર્યા પૂગી.

સં૦ ૧૧૧૧ માં ભિન્નમાલ ભાંગ્યું. લાખો મનુષ્યો મરી ગયા.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘણા કેદમાં પુરાયા. શેઠ નાનો શ્રીમાલી ભિન્નમાલ છોડી નાઠો અને કોલિહારામાં **પાયચી** ગામે જઈ વસ્યો. તેનો વંશ નીચે મુજબ ચાલ્યો—

૧૮ શેઠ નાનો, ભાર્યા પૂગી, ૧૯ અમરો, ભાર્યા આઉ, ૨૦ હરદે, ભાર્યા હાંસલદે, ૨૧ ગોપી, ભાર્યા ગુરીદે, ૨૨ જોગો, ભાર્યા હાપૂ, ૨૩ નાંદિલ, ભાર્યા નાંદલઈ, ૨૪ સારિંગ, ભા૦ નારિંગદેવી. તે સં૦ ૧૨૨૫ માં પોતાના સાસરે પાટણમાં ફોફલિયાવાડામાં જઈ વસ્યો. ૨૫ શ્રીધર, ભાર્યા સરીયાદે. તે સં૦ ૧૨૮૫ માં **ગાંભૂ** પાસે સાસરે **નરોલી**માં જઈ વસ્યો. ૨૬ અના, ભાર્યા અનાદે, ૨૭ મૂલો, ભાર્યા માલણદે. તેણે સં૦ ૧૩૧૬ માં અંચલગચ્છના આ૦ **અજિતસિંહ**ના ઉપદેશથી ભ૦ આદિનાથનો ચોવીશવટો બનાવ્યો. ૨૮ વર્ધમાન, ભાર્યા વયજલદે. શેઠ વર્ધમાનનો નાનો ભાઈ શેઠ **જઈતા** પોતાના સાસરે **ચાણસ્મા** જઈને વસ્યો. તેણે ત્યાં આ૦ **અજિતપ્રભસૂરિ** કે આ૦ ભુવનતુંગસૂરિના ઉપદેશથી સં૦ ૧૩૧૫ માં ભટેવા પાર્શ્વનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ૨૯ શેઠ કરમણ, ભાર્યા કરમાદે. તે સાહૂ મહં૦ હાથેલીયુને ત્યાં **મોઢેરા** જઈને વસ્યો અને સં૦ ૧૩૯૫ માં મહં૦ (મંત્રી) બન્યો.

આ પરિવારના વંશજો વળાદ, પાટણ, બલદાણા, નાગનેશ, ખંભાત, તારાપુર, માંડવગઢ, વડોદરા વગેરે સ્થળોમાં જઈને વસ્યા.

(—જૈન સાહિત્ય સંશોધક, ખંડ : ૧, અંક : ૪, પૃ૦ ૧૬૩ થી ૧૬૬)

## સ્તંભન પાર્શ્વનાથ તીર્થ (ખંભાત)—

શ્રીપાર્શ્વનાથ ભગવાનની બે પ્રતિમાઓ અને એક શ્રીનેમિનાથ ભગવાનની પ્રતિમા પ્રાચીનતા અને પ્રભાવકતા માટે ખૂબ પ્રસિદ્ધિ પામી હતી. તે ત્રણે પ્રતિમાઓનો ઇતિહાસ એવો મળે છે કે એ પ્રતિમાઓને સ્વયં ઇંદ્ર પૂજા કરવા માટે દેવલોકમાં લઈ ગયો હતો. સૂર્યદેવ અને ચંદ્રદેવ પોતાના વિમાનમાં લઈ ગયા હતા. ભુવનપતિ દેવોના ઇંદ્ર પાતાલમાં લઈ ગયેલા. વરુણ રાજા અને રામચંદ્રજીએ તે પ્રતિમાઓ સમુદ્ર કાંઠે રામેશ્વરમાં મૂકી હતી. યાદવોએ દ્વારિકા નગરી

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થાપન કરી ત્યારે તે પ્રતિમાઓને દ્વારિકામાં સ્થાપન કરીને પૂજા કરી હતી. ઋષિ દ્વીપાયને મૂળ દ્વારિકાને બાળી નાખી નષ્ટ કરી મૂકી ત્યારે યાદવોએ એ પ્રતિમાઓને સમુદ્રમાં પધરાવી હતી. પછી કેટલાંયે વર્ષો સુધી એ પ્રતિમાઓ સમુદ્રમાં રહી.

એક વાર શ્રીકાંત નગરનો જૈન **ધનપતિ** (સાગરદત્ત) વેપાર અર્થે વહાણોને લઈને સમુદ્રમાર્ગે જઈ રહ્યો હતો અને તેનાં વહાણો એ પ્રતિમા ઉપર થઈને જવા લાગ્યાં ત્યારે તેનાં વહાણો એકાએક થંભી ગયાં. ઘણો પ્રયત્ન કરવા છતાં તે વહાણો આગળ જઈ ન શક્યાં. શેઠે પૂજાપાઠ કર્યો ત્યારે આકાશવાણી થઈ કે, 'આ સ્થાનમાં પ્રાચીન એવી ત્રણ પ્રતિમાઓ છે. તે પ્રતિમાઓના અધિષ્ઠાયક ભક્ત એવા મેં તારા વહાણો થંભાવ્યાં છે. માટે એ પ્રતિમાઓને તારા વહાણમાં લઈ લે તે પછી જ તારાં વહાણો આગળ સફર કરી શકશે.' શેઠે તરત જ ખારવાઓને સમુદ્રની અંદર ઉતારી પ્રતિમાઓ બહાર કઢાવી વહાણમાં પધરાવી. શેઠ એ પ્રતિમાઓને **કાંતિનગર** લઈ ગયો અને પોતાના ઘરદેરાસરમાં પધરાવી પૂજન કરવા લાગ્યો, આથી શેઠને બધી રીતે લાભ થયો.

એ જ અરસામાં **ઢંકગિરિ**ના ક્ષત્રિય રણસિંહની પુત્રી ભૂપાલદેવીનો પુત્ર **નાગાર્જુન** વનસ્પતિવિદ્યાનો પારગામી વિદ્યાસિદ્ધ પુરુષ હતો. તેણે વિદ્યાસિદ્ધ આ૦ **પાદલિપ્તસૂરિ**ની સાદર સેવા કરીને આકાશમાં ઉડ્ડયન કરવાનો પાદલેપ મેળવ્યો હતો. ગુરુજીની સ્મૃતિ માટે તેણે તેમના નામ ઉપરથી પાદલિપ્તપુર (પાલીતાણા) વસાવ્યું હતું. ગિરિરાજ ઉપર ભ૦ મહાવીરસ્વામીનું જિનાલય, ગિરનારની નીચે કિલ્લા પાસે દ્વારકાના રાજમહેલો, દશારમંડપ, રાજા ઉગ્રસેનનો રાજમહેલ, વિવાહવેદિકા, ભ૦ નેમિનાથનું દીક્ષા માટે પ્રયાણ વગેરે રચનાઓ બનાવી હતી, (પ્રક૦ ૧૧, પૃ૦ ૨૪૧) અને એ જ ગુરુદેવના મુખેથી સાંભળ્યું હતું કે, ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની નિશ્રામાં બનાવેલો રસ કોટિવેધી બને છે. તે મુજબ રસ સિદ્ધ કરવા માટે શ્રીકાંતનગરના શેઠના દેરાસરમાંથી ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા ઉપાડી લાવીને **સેઢી** નદીના કાંઠે

जैन साहित्य JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જંગલમાં છુપાવી રાખી હતી. તેની સાંનિધ્યમાં તેણે રસને સિદ્ધ કર્યો અને અહીં થાંભણા (તાલુકો–આણંદ) ગામ વસાવ્યું હતું. એ સમયથી એ પ્રતિમા સેઢીનદીને કાંઠે ખાખરાના ઝાડની ઘટામાંની ભૂમિ નીચે દટાઈ રહી હતી.

વિક્રમની બારમી શતાબ્દીમાં થાંભણાના પટેલ મહીયલની ગાય એ સ્થળે આવીને એ પ્રતિમા ઉપર હમેશાં દૂધ ઝરી જતી હતી.

વડગચ્છના સંવેગી સુવિહિત આ૦ **અભયદેવસૂરિ** ધરણેંદ્રની સૂચના મુજબ અહીં પધાર્યા ત્યારે તેમણે ગોવાળિયાના મુખેથી ગાયના દૂધ ઝરવાનો વૃત્તાંત સાંભળ્યો. તેમણે એ સ્થળે ધ્યાન મુદ્રામાં બેસીને 'जय तिहुअण' સ્તોત્ર (ગાથા : ૩૨) બનાવી ભ૦ પાર્શ્વનાથની સ્તુતિ કરી. આથી તે પ્રતિમા ત્યાંથી પ્રગટ થઈ આવી. પ્રતિમા પ્રગટ થયાના સમાચાર સાંભળી શ્રીસંઘ ત્યાં આવ્યો અને તે ખુશાલીના પ્રસંગમાં ગામ જમણ કર્યું. જૈનોએ ત્યાં ને ત્યાં લાખેક રૂપિયાનો ફાળો કર્યો. શ્રીસંઘે **મલ્લવાદીગચ્છના** આચાર્યના ઉપદેશથી સ્થપતિ આમેશ્વર તથા મહિષ પાસે જિનપ્રાસાદ તૈયાર કરાવ્યો અને તેમાં આ૦ અભયદેવસૂરિના હાથે સારા મુહૂર્તમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. (પ્રક૦ ૩૬, પૃ૦ ૨૧૬, ૨૧૭)

આ મંદિરનો મંત્રી **વસ્તુપાલે** જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. સંભવ છે કે, આ તીર્થ પણ મુસ્લિમ હુમલાથી બચ્યું ન હોય. એટલે એ પ્રતિમાને સમુદ્ર કિનારે વિશાલ જિનાલય બંધાવી તેમાં સ્થાપન કરી, ત્યારથી ખંભાત એ સ્તંભન પાર્શ્વનાથનું તીર્થ બન્યું. સ્તંભનપુર (ખંભાત) પણ સમુદ્રમાં વહાણો સ્તંભી ગયેલાં તે સ્થળે વસ્યું છે.

આ પ્રતિમાજીના પ્રભાવથી શ્રીરામચંદ્રજીએ રામેશ્વરનો સેતુ બાંધ્યો હતો. સિદ્ધયોગી નાગાર્જુને કોટિવેધ રસ બાંધ્યો અને ખંભાતમાં દરિયો બંધાયો તેથી એ સ્તંભન પાર્શ્વનાથના નામે ખ્યાત છે અને ખંભાત સ્તંભન પાર્શ્વનાથના તીર્થ તરીકે લોકમાં પ્રસિદ્ધિ પામ્યું છે.

સ્થપતિ આમ્રદેવ તથા મહિષને મુખ્ય સૂત્રધાર તરીકે નિરંતર એક દ્રમ્મ મળતો હતો. તેમણે પોતાની આવકમાંથી બચત કરીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોટી રકમ આપી આ મંદિરમાં એક દેરી બનાવી હતી. ધોળકાનો મુખ્ય શ્રાવક પોષ દશમીના દિવસે આ પ્રતિમાજીની પહેલી પૂજા કરતો હતો.

આ પ્રતિમા સાથેની બે પ્રતિમાઓ પૈકી એક ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા **ચારૂપ**માં અને બીજી ભ૦ અરિષ્ટનેમિની ગુજરાતના **પાટણ શહેર**માં વિદ્યમાન છે અને પૂજાય છે.

સ્તંભનક પાર્શ્વનાથની પ્રતિમા પ્રથમ **થાંમણા**માં વિરાજમાન હતી. પછી કોઈ કારણે સમુદ્રકિનારે **તમાલિની** નગરમાં વિશાળ જિનાલય બંધાવીને સ્થાપન કરવામાં આવી હતી. સમય જતાં તે સ્થાન ખંભાત સાથે જોડાઈ જતાં **ખંભાત–**સ્તંભન પાર્શ્વનાથનું **તીર્થ** બન્યું. આ ઘટના સં૦ ૧૪૪૧ પહેલાં બની હતી.

(–પ્રભાવકચરિત્રપ્રબંધ : ૧૯, પ્રબંધચિંતામણિ, પરચૂરણ-પ્રબંધ, ચતુર્વિંશતિ પ્રબંધ : ૧૭, મુનિ શ્રીનેમિવિજયકૃત સં૦ ૧૮૧૧ નો સ્તંભન પાર્શ્વનાથ આદિ સ્તવનરાસ, ઢાળ ૨૭, જૈન તીર્થોનો ઇતિહાસ, જૈન પરંપરાનો ઇતિહાસ, પ્રક૦ ૧૧, પૃ૦ ૨૪૫, જૈન પુસ્તક પ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૪૦)

**ચારૂપ મહાતીર્થ**—

પાટણથી ૬ કોસ દૂર ચારૂપ નામે ગામ છે, જ્યાં શ્રીશામળા પાર્શ્વનાથ ભગવાનનું તીર્થ છે. (જૂઓ, પ્રક૦ ૧, પૃ૦ ૫૬)

ખંભાતના વર્ણનમાં જોયું કે, શ્રીકાંતનગરના શેઠ **ધનપતિ**નાં વહાણો સમુદ્રમાં થંભી ગયાં અને એ જ સ્થળે સમુદ્ર તળિયે રહેલી ત્રણ અતિપ્રાચીન પ્રતિમાઓને શેઠે બહાર કઢાવી ત્યારે જ એ વહાણો આગળ ચાલી શક્યાં. તે પૈકીની એક પ્રતિમા, જે નાગાર્જુન થામણામાં લઈ ગયો હતો તે સ્તંભન પાર્શ્વનાથની પ્રતિમા તરીકે પ્રસિદ્ધિ પામી. બીજી ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા **ચારૂપ**માં આવી અને ત્રીજી શ્રીનેમિનાથ ભ૦ ની પ્રતિમા પાટણ શહેરમાં સ્થાપન કરવામાં આવી હતી. આ૦ પ્રભાચંદ્રસૂરિ 'પ્રભાવકચરિત્ર'માં લખે છે કે—

"तेषामेका च चारुपग्रामे तीर्थं प्रतिष्ठितम् ॥"

ઉપર્યુક્ત બંને પ્રતિમાઓ પાટણ વસ્યા પછી પાટણ અને ચારૂપ-

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માં આવી હોય એવો સંભવ છે.

અહીં ચારૂપ તીર્થમાં નાગેંદ્રગચ્છીય આ૦ શીલગુણસૂરિ સંતાનીય આ૦ દેવેંદ્રસૂરિએ ચારૂપ મહાતીર્થમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા સ્થાપન કર્યાનો લેખ મળે છે. આ લેખનો સંવત્ ઘસાઈ ગયો છે તેથી સમયનો નિર્ણય થઈ શકતો નથી. વળી, દેવેંદ્રસૂરિ નામના અનેક આચાર્યો થઈ ગયા છે. એક આચાર્ય નવમી શતાબ્દીમાં અને એક ચૌદમી શતાબ્દીમાં થયા હતા. એ પૈકીના કયા આચાર્યે ક્યારે આ મર્તિ સ્થાપન કરી એ જાણી શકાયું નથી. આમ છતાં ચારૂપનો **મહાતીર્થ** તરીકે ઉલ્લેખ થયો છે એ પાછળ આ તીર્થની મૂર્તિની અતિ પ્રાચીનતા અને પ્રભાવકતા કારણરૂપ હશે.

વરહુડિયા નેમડના વંશજોએ અહીં જિનાલય બનાવ્યું હતું.

(પ્રક૦ ૩૮, પૃ૦....)

ભાવાચાર્યગચ્છના પ્રસિદ્ધ સિદ્ધ પુરુષ શ્રીવીરાચાર્ય પાલીથી પાટણ જતાં અહીં ચારૂપમાં પધાર્યા હતા. એ સમયે ગૂર્જરનરેશ સિદ્ધરાજ જયસિંહ તેમને પાટણમાં પધારવાની વિનંતિ કરવા ચારૂપમાં આવ્યો હતો.

અહીં મંત્રીશ્વર વસ્તુપાલે ભ૦ આદિનાથના ગૂઢમંડપવાળો પ્રાસાદ કરાવ્યો હતો. (આબૂ-લેખ) તેમજ મંત્રી પેથડશાહે ભ૦ શાંતિનાથનું મંદિર બંધાવ્યું હતું અથવા બિંબ પધરાવ્યું હતું.

(–ગુર્વાવલી, જૈન તીર્થનો ઇતિહાસ)

**ચાણસ્મા—**

પાટણથી દક્ષિણ દિશામાં ૧૦ કોશ દૂર ચાણસ્મા નામે ગામ છે, જેનું સંસ્કૃત નામ ચંદ્રાવતી. એમ કહેવાય છે કે, અહીંની મસ્જિદમાં ચાંદ જોવાને માટે બાર બારીઓ મૂકેલી છે તેથી ગામનું નામ 'ચાંદસમા–ચાણસ્મા' પડ્યું.

અહીં ભટેવા પાર્શ્વનાથનું તીર્થ છે. પ્રતિમા જો કે નાની છે પણ પ્રાચીન છે. એવો સંભવ છે કે, તે અસલમાં મારવાડના ભટેવર ગામથી આવી હોય.

ચાણસ્મા પાસેના **નરોલી** ગામમાં **જયતા નામે** એક શેઠ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહેતા હતા. તેનો ભાઈ જયતા ચાણસ્મા પરણ્યો હતો. એ જયતા શેઠ નરોલીથી ઉચાળો ભરીને ચાણસ્મા આવીને વસ્યો. તેણે ભટેવા પાર્શ્વનાથનું મંદિર ફરી બંધાવ્યું અને સં૦ ૧૩૩૫ (સં૦ ૧૩૪૫) માં અંચલગચ્છીય આ૦ અજિતપ્રભસૂરિના હાથે કે આ૦ ભુવનતુંગસૂરિના હાથે) ભટેવા પાર્શ્વનાથની પ્રતિમા કરાવી હતી.

(–અંચલગચ્છીય મોટી પટ્ટાવલી)

એ પછી આ મંદિર ફરીને નાશ પામ્યું અને પ્રતિમાજીને ભૂમિમાં સંતાડવામાં આવી. એક દિવસે **સ્વચંદ** નામના એક નિર્ધન શ્રાવકને સ્વપ્નમાં અધિષ્ઠાયકદેવે જણાવ્યું કે, 'ભટુઆર ગામની પાસેના ખેતરમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા છે તે લઈ આવ.' શેઠ સ્વપ્ન મુજબ એ ખેતરમાં ગયો અને એ પ્રતિમા લઈ આવ્યો. અધિષ્ઠાયકદેવે તેને ફરીથી સ્વપ્નમાં નિધાનનું સ્થળ બતાવ્યું. શેઠે એ ધનથી ત્યાં જિનમંદિર બંધાવ્યું અને સં૦ ૧૫૩૫ માં તે મંદિરમાં ભટેવા પાર્શ્વનાથની મૂર્તિ સ્થાપન કરી પ્રતિષ્ઠિત કરાવી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સં૦ ૧૭૩૫ માં **પં૦ સત્યવિજય** ગણિના શિષ્ય કર્પૂરવિજયજી અને તેમના શિષ્ય વૃદ્ધિવિજયજીની દીક્ષાવિધિ આ સ્થળે થઈ હતી.

આ મંદિરનો છેલ્લો ઉદ્ધાર સં૦ ૧૮૭૨ માં થયો હતો.

આ મંદિરના ભોંયરામાં સં૦ ૧૨૪૭ નો હારિજગચ્છનો અને એક જૈન ગણેશમૂર્તિનો લેખ છે. (જૂઓ, પ્રક૦ ૩૨, પૃ૦ ૪૫૨)

ચાણસ્માના શ્રીમાલી શેઠ ભીમજીના પુત્ર હરજીનો સં૦ ૧૬૮૦ ના ચૈત્ર સુદિ ૧૧ ના રોજ જન્મ થયો હતો. તેણે સં૦ ૧૬૮૯ માં ખંભાતમાં દીક્ષા લીધી અને મુનિ **હર્ષસાગર** નામ ધારણ કર્યું. સં૦ ૧૬૯૨ માં અમદાવાદમાં આ૦ રાજસાગરસૂરિની પાટે આવ્યા ને **આ૦ વૃદ્ધિસાગરસૂરિ** નામ રાખવામાં આવ્યું. તેમનો સ્વર્ગવાસ અમદાવાદમાં સં૦ ૧૭૪૭ માં થયો. (જૂઓ પ્રક૦ ૫૮, સાગર પટ્ટાવલી)

અહીં સં૦ ૧૬૮૨ માં વિજયગચ્છ અને સાગરગચ્છના સમાધાન માટે **મુનિસમ્મેલન** ભરાયું હતું, પણ તે નિષ્ફળ નીવડ્યું હતું.

ચાણસ્માથી શંખેશ્વર જતાં વચ્ચે **કુંબોઈ** તીર્થ તથા **હારિજ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગામ આવે છે. આ હારિજ ગામથી **હારિજગચ્છ** નીકળ્યો હતો, એનું બીજું નામ હારિલગચ્છ હોય એવો સંભવ છે. હારિજ ગામની બહાર કેવલાસ્થલીનો ટીંબો છે, જે આચાર્યોની શ્મશાન ભૂમિ હતી. ત્યાંની એક ખાંભી ઉપર સં૦ ૧૧૩૧ નો આ૦ **સિંહદત્તનો** લેખ પણ વિદ્યમાન છે.

(જૂઓ, પ્રક૦ ૧, પૃ૦ ૩૨, પ્રક૦ ૨૭, પૃ૦ ૪૫૨; કડી પ્રાંત સર્વસંગ્રહ, ઐતિહાસિક રાસસંગ્રહ, ભા૦ ૩ ની પ્રસ્તાવના)

## સેરિસા તીર્થ—

ગુજરાતમાં મહેસાણા અને વીરમગામની વચ્ચે કડી ગામની પાસે 'સેરિસા' નામે જૈન તીર્થ છે. ભ૦ પાર્શ્વનાથનું પ્રાચીન અને ચમત્કારી તીર્થ મનાય છે. તેની સ્થાપનાનો ઇતિહાસ જુદા જુદા ગ્રંથોમાં જુદી જુદી રીતે મળે છે.

(૧) આ૦ જિનપ્રભસૂરિ જણાવે છે કે, નવાંગવૃત્તિકાર આ૦ અભયદેવસૂરિની શાખાના આ૦ દેવેંદ્રસૂરિએ મંત્રબળે અન્ય સ્થળેથી ચાર મોટી જિનપ્રતિમાઓ લાવીને સેરિસામાં પધરાવી.

(—વિવિધતીર્થકલ્પ—અયોધ્યાકલ્પ)

(૨) આ૦ જિનપ્રભસૂરિ બીજી વાર લખતાં નિર્દેશ કરે છે કે, છત્રાપાલીયગચ્છના[1] આ૦ દેવેન્દ્રસૂરિએ[2] સેરિસામાં આવી જમીનમાંથી એક મોટી પાષાણની ફલહી(પાટ) કઢાવી અને તેની જિનપ્રતિમાઓ બનાવવા માટે પદ્માવતીદેવીનું આરાધન કર્યું. દેવીએ જણાવ્યું કે, 'સોપારકના એક અંધ સ્થપતિને બોલાવી લાવી તેની પાસે પ્રતિમાઓ તૈયાર કરાવો. જો તે એક જ રાતમાં પ્રતિમાઓ ઘડીને તૈયાર કરી આપશે તો તે મહાપ્રાભાવિક થશે.' સેરિસાના શ્રીસંઘે તે સ્થપતિને બોલાવ્યો અને તેને ફલહી આપવામાં આવી. સ્થપતિએ એક જ રાતમાં શ્રીપાર્શ્વનાથ ભ૦ની પ્રતિમા ઘડીને

---

૧. અંચલગચ્છમાં સં૦ ૧૨૧૭માં છત્રહર્ષ નામની એક શાખા નીકળી હતી.

૨ આ૦ દેવેન્દ્રસૂરિ તે રાજગચ્છીય પં૦ પાર્શ્વગણિ સંભવે છે.

(જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૨૫, ૨૭)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તૈયાર કરી, પણ પ્રતિમાની છાતીમાં એક મસો રહ્યો હતો. તેને દૂર કરવા સ્થપતિએ તે સ્થળે હળવા હાથે ટાંકણું લગાવ્યું ને ત્યાંથી લોહીની ધારા વછૂટી. આચાર્યશ્રીએ આંગળી દાબી લોહીને રોકી દીધું. તે પછી બીજી ચોવીશ પ્રતિમાઓ તૈયાર કરાવવામાં આવી. આચાર્યશ્રી તે જ રાત્રે બીજી ચાર પ્રતિમાઓ પોતાની દિવ્ય શક્તિથી બહારથી લાવવાના હતા. ત્રણ પ્રતિમાઓ તો આવી અને સવાર પડી ગઈ. ચોથી પ્રતિમા લાવતાં જ્યાં પ્રભાત થયું તે સ્થળે એટલે પારાચણના ખેતરમાં પધરાવી. પ્રતિમા રાતે બનેલી હોવાથી તેના અવયવો સાફ દેખાતા નથી. ગૂર્જરેશ્વર કુમારપાલે અહીં ચોથી પ્રતિમા ભરાવી ચૌમુખજીની સ્થાપના કરી તે જ પ્રતિમાઓ આજે પણ પૂજાય છે. (–વિવિધતીર્થકલ્પ, પૃ૦ ૨૪–૨૫)

(૩) પં૦ **રત્નમંદિર ગણિ** જણાવે છે કે, ‘ ક્ષુલ્લક **દેવચંદ્રે** ચક્રેશ્વરીદેવીનું આરાધન કર્યું અને તેની પાસે એક જ રાતમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા અને વિશાળ એવો જિનપ્રાસાદ બનાવ્યો.

આ રીતે સેરિસા મહાતીર્થ બન્યું. (–ઉપદેશતરંગિણી)

(૪) કવિવર લાવણ્યસમય સૂચવે છે કે, આ૦ વિદ્યાસાગર સેરિસા પધાર્યા. તેમની સાથે ૫૦૦ શિષ્યોનો પરિવાર હતો. તેમાંથી બે શિષ્યોએ છૂપી રીતે મંત્રારાધના કરી બાવન વીરોને સાધ્યા. તેઓએ વીરોને હુકમ કર્યો કે, ‘ જિનપ્રતિમા સાથેનું વિશાળ જિનમંદિર લઈ આવો.’ એ વીરો આકાશમાર્ગે જિનમંદિર લાવી રહ્યા હતા. એટલામાં ગુરુમહારાજ જાગ્યા અને તે શિષ્યોનું કામ સમજી ગયા. તેમણે તરત પદ્માવતીદેવીને બોલાવીને જણાવ્યું કે, ‘ અહીં ભવિષ્યમાં ઉપદ્રવ થવાનો છે તેથી આ પ્રતિમા અહીં ઊતરે એ લાભપ્રદ નથી.’ આથી દેવીએ એ જિનપ્રતિમાને અદૃશ્ય રાખી. તે પછી **આ૦ દેવચંદ્રે** ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા ધરણેંદ્ર મારફત મંગાવી તેની અહીં સ્થાપના કરી. તે પ્રતિમા પાતાલમાંથી આવી હતી. અધિષ્ઠાયકદેવ તેને પાતાલમાં લઈ જવા ઇચ્છતો હતો, તેથી તે ડોલતી હતી. આથી તેનું નામ ‘ લોડણ પાર્શ્વનાથ ’ પડયું. આ૦ દેવચંદ્રે બીજી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૩ જિનપ્રતિમાઓ લાવી અહીં પધરાવી. પાટણના મંત્રી **ચંડપ્રસાદ** તથા મંત્રી **વસ્તુપાલે** અહીં ભ૦ નેમિનાથની પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવી.

આ પ્રમાણોથી એટલું સ્પષ્ટ છે કે, આ૦ દેવેંદ્રસૂરિએ[1] મંત્રબળથી સેરિસાનું તીર્થ સ્થાપન કરેલું છે.

(–સેરિસા સ્તવન સં૦ ૧૫૬૨, જૈનસત્યપ્રકાશ, ક્૦ : ૩૯)

સં૦ ૧૭૨૧ માં મુસલમાનોએ આ મંદિર તોડી નાખ્યું. આ૦ **વિજયનેમિસૂરિ** અહીં પધાર્યા ત્યારે તેમણે અહીંનો ટીંબો સાફ કરાવી પ્રતિમાઓને બહાર કઢાવી.

એ સમયે અમદાવાદના **નગરશેઠ** કુટુંબમાં થયેલા શેઠ **સારાભાઈ ડાહ્યાભાઈ** ધનવાન, બુદ્ધિમાન અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં એક કુશળ વહીવટકર્તા આગેવાન વ્યક્તિ હતા. તપાગચ્છીય બાલબ્રહ્મચારી શાંતમૂર્તિ **આ૦ શ્રીવિજયકમલસૂરિ**ના તેઓ અનન્ય ભક્ત હતા. તેમણે આ૦ નેમિસૂરિના ઉપદેશથી સેરિસામાં વિશાળ જિનપ્રાસાદ તૈયાર કરાવ્યો. તેમનો સ્વર્ગવાસ થવાથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ સં૦ ૨૦૦૨ ના વૈશાખ સુદિ ૧૦ ના રોજ એ **જિનપ્રાસાદ**માં આ૦ **શ્રીવિજયનેમિસૂરિ**ના હાથે ત્યાંની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. આ મંદિર વિશાળ છે અને પ્રતિમાઓ ભવ્ય છે. (–જૈન તીર્થોનો ઇતિહાસ)

૫. તપાગચ્છીય આ૦ ધર્મઘોષસૂરિ(સં૦ ૧૩૨૮)એ 'પાર્શ્વનાથસ્તોત્ર' રચ્યું છે, તેના છઠ્ઠા શ્લોકમાં જણાવ્યું છે કે, 'શિરીષ (સેરિસા)નગરમાં ભ૦ પાર્શ્વનાથની ઉપસર્ગના પ્રસંગ પછીની નાગરાજથી વીંટાયેલા ચરણોવાળી, ફણાથી શોભતી અને ધ્યાનસ્થ પ્રતિમા છે.' આ વર્ણન ઉપરથી એ પ્રતિમાના સ્વરૂપ ઉપર પ્રકાશ પડે છે.

૬. જગદ્‌ગુરુ આ૦ **શ્રીહીરવિજયસૂરિ**ની પરંપરાના પં૦ મુનિ **શ્રીનેમવિજયજી** જણાવે છે કે, શ્રીકાંતનગર, જેનું બીજું નામ જૈન કુંતી અથવા વડનગર હતું, તેના શેઠ ધનપતિના ઘરમાં ત્રણ

---

૧. વિક્રમની બારમી, તેરમી શતાબ્દીમાં દેવેન્દ્રસૂરિ અને ધર્મઘોષસૂરિ નામના એક કરતાં વધારે આચાર્યો થયા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાચીન પ્રતિમાઓ હતી. તેમાંની એક મૂળનાયકની પ્રતિમા વિદ્યાસિદ્ધ નાગાર્જુન લઈ ગયો હતો તેથી શેઠે તેની જગ્યાએ શ્રીવીર ભગવંતની પ્રતિમાને સ્થાપન કરી હતી. એ સમયે એક આચાર્યનો સમુદાય એ નગરમાં યાત્રા કરવા આવ્યો. શેઠનું મંદિર અને મૂર્તિઓ જોઈ સૌને આનંદ થયો. એ સમુદાય ત્યાંથી બીજા નગરમાં ગયો. ત્યાં જિનમંદિર નહોતું. એટલે આચાર્યશ્રીના બે શિષ્યોએ ગુરુ મહારાજને કહ્યા વિના તેમની મંત્રપોથીમાંથી બાવન વીરોને આકર્ષણ કરવાની વિદ્યાનો પ્રયોગ કર્યો. આથી બાવન વીરો હાજર થયા. તે શિષ્યોએ તેઓને જણાવ્યું કે, 'કાંતિનગરમાંથી મૂર્તિ સમેત મંદિર લઈ આવો.' વીરો તે જિનાલય લેવા જતા હતા ત્યારે તેઓએ જણાવ્યું કે, 'કુકડો બોલે તે પહેલાં અમે એ કરી લઈશું પણ કુકડો બોલ્યા પછી કામ થઈ શકશે નહીં.' વીરો ત્યાંથી આકાશમાર્ગે મંદિર લાવી રહ્યા હતા ત્યારે આચાર્યશ્રીએ જાણી લીધું કે આ કામ પેલા બે ચેલાઓનું છે. પરંતુ ભવિષ્યમાં આ નગરમાં ધર્મપ્રવૃત્તિને નુકશાન થવાનું છે એમ ગુરુશ્રીએ જાણીને એ દેરાસર અહીં આવે તે પહેલાં જ કુકડાનો અવાજ કર્યો તેથી વીરોએ એ મંદિર તે સ્થળે રસ્તામાં જંગલમાં જ ઉતાર્યું. તેમાં મૂળનાયકનું સ્થાન ખાલી હતું.

એક વાર આ૦ ધર્મઘોષસૂરિ અહીં દર્શનાર્થે પધાર્યા. તેમણે પ્રથમ ધરણેંદ્ર અને નાગેંદ્રને આરાધી તેમની પાસેથી ભ૦ પાર્શ્વનાથની બીજી પ્રતિમા મેળવીને અહીં મૂળનાયકની જગાએ સ્થાપન કરી. ધીમે ધીમે ત્યાં ગામ વસ્યું. મૂળનાયકની પ્રતિમા ડોલતી હતી તેથી તેનું નામ 'લોડણ પાર્શ્વનાથ' પડ્યું. પછી આચાર્યશ્રીએ મંત્રો વડે તે પ્રતિમાને સ્થિર કરી. પ્રતિમાના કારણે તે સ્થાનનું માહાત્મ્ય વધ્યું અને તે સ્થળ ૪૮ કોશમાં મોટા નગર રૂપે વસી ગયું. દેરાસરની ચારે બાજુએ ગીચ વસ્તી હતી. ત્યાં જવા માટેની શેરી પણ સાંકડી બની ગઈ હતી. આથી એ સ્થાન **શેરીસા** અને **કડી** નામે વિખ્યાત થયું.

અહીં **શ્રીવંત** નામે એક ધનાઢ્ય શ્રાવક વસતો હતો. સંઘમાં મુખ્ય આગેવાન હતો. જબરો વહાણવટી હતો. ધર્મશ્રદ્ધાળુ પણ હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે ભગવાન પાર્શ્વનાથની નિત્ય પૂજા કરતો. ગુરુભક્તિ કરતો. પર્વ દિવસે ઉપવાસ, પૌષધ વગેરે કરતો હતો. તે ૧૨૦ વર્ષનો થયો.

એક દિવસે તેનાં બધાં વહાણ સમુદ્રમાં ડૂબી ગયાં અને વખારમાં ભરેલો માલ ચોરો ઉપાડી ગયા. આથી તે નિર્ધન બની ગયો. લોકો તેને કંઈ પણ ઉછીનુંયે આપતા નહીં, પણ તેનો ધર્મરંગ જરાયે ઊતર્યો નહોતો.

એક દિવસે પજુસણમાં સૌ કોઈ વ્યાખ્યાનમાં બેઠા હતા એટલામાં શ્રીવંત શેઠની પત્ની આવીને ઉપાશ્રયમાં સૌની આગળ બેસવાને જવા લાગી, ત્યારે એક સ્ત્રીએ મેણું માર્યું કે, 'ઘરમાં પૈસો મળે નહીં અને શેઠાણી થઈને આગળ બેસવું છે! મોટાઈનું માન લેવું હોય તો સંવત્સરી દાન દે અને પ્રભાવના કર.' શેઠાણી તુરત બોલી કે, 'આજે તો મોટો પર્વ દિવસ છે, ઘરમાં સંપત્તિ હોય તો તેનો લાભ કોણ ન લે? જો કુદરત કૃપા કરશે તો કાલે જ નવકારશી જમાડીશ.' એમ કહી ઊઠીને તે ચાલતી થઈ.

તેણે ઘેર આવી શ્રીવંત શેઠને બધી વાત કહી, અને તેમને સમજાવીને ઉપાશ્રય મોકલી આવતી કાલની નવકારશીના જમણનું સૌને નોતરું અપાવ્યું. પરંતુ ઘરમાં ફૂટી બદામ પણ હતી નહીં અને કોઈ ઉધાર આપે તેમ પણ હતું નહીં.

શેઠ રાતે પવિત્ર થઈ, વસ્ત્રો પહેરી, ધૂપ-દીપ કરીને સેરિસા પાર્શ્વનાથનું અખંડ ધ્યાન કરવા લાગ્યા. થોડો સમય થતાં એક સર્પ નીકળી આવ્યો અને તરત બીલમાં પેસી ગયો. શેઠાણીએ વિચાર કર્યો કે, 'આ બીલમાં હાથ નાખું તો સાપ કરડશે. આથી આફતમાંથી બચી જવાશે.' તેણે બીલમાં તરત હાથ નાખ્યો ત્યાં તો તેના હાથમાં સોનાની સાંકળ આવી.

એ સાંકળ વેચીને **શેઠે નવકારશીનું** જમણ કર્યું, અને તેમની આબરુ સચવાઈ ગઈ. જેણે એ સાંકળ વેચાતી લીધી હતી તેણે તે પોતાના ખજાનામાં મૂકી રાખી. જ્યારે તે તેને ફરીથી જોવા ગયો તો તેણે સાંકળને બદલે સાપ જોયો. લોકોએ આ વૃત્તાંત જાણ્યું અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ કાર્ય અધિષ્ઠાયક દેવનું છે એમ સમજી સર્વત્ર પાર્શ્વનાથ ભગવંતનો ચમત્કાર ફેલાયો.

(–થંભણ પાર્શ્વનાથ સ્તવન, સેરિસા પાર્શ્વનાથ સ્તવન, શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન–રાસ, ઢાળ ૧૫–૨૪ રચના સં૦ ૧૮૧૧ ફાગણ સુદિ ૧૩ સોમવાર, પ્રક૦ ૫૮ મહો૦ કલ્યાણવિજય ગણિની શ્રમણપરંપરા નં૦ ૬૬ પં૦ નેમિનાથગણિ વીરવંશાવલી)

**અંતરીક્ષ પાર્શ્વનાથતીર્થ (સં૦ ૧૧૪૨)**

લંકા નગરીના પ્રતિવાસુદેવ રાજા **રાવણ**ના માનીતા **માલી** તથા **સુમાલી** રાવણની આજ્ઞાથી વિમાનમાં બેસી કોઈ કામ માટે નીકળ્યા. તેઓ તીર્થંકરની પૂજા કર્યા સિવાય ભોજન કરતા નહોતા. કોઈ વેળાએ તેઓ તે **વિદર્ભ**માં નીચે ઊતર્યા. નોકરે રસોઈ તૈયાર કરેલી પરંતુ તે જિનપૂજાની પેટી લંકામાં જ ભૂલી આવ્યા હતા. એટલે તેણે શુદ્ધ ભાવથી શ્રીપાર્શ્વનાથ ભગવંતની ફણાવાળી પ્રતિમા વેળુની બનાવીને માલી-સુમાલીએ તેની પૂજા કરી, અને તેને પાસેના સરોવરમાં (કૂવામાં) પધરાવી દીધી. એ પ્રતિમા ત્યાં વજ્ર જેવી કઠણ બની ગઈ. કૂવાનો દેવ તેને પૂજવા લાગ્યો. એ સ્થળ મત્સ્ય દેશના વિંગોલી વિભાગનું વૈરાટ (વૈદર્ભી) નગર હતું તેથી તે વિભાગ વરાડ નામે પ્રસિદ્ધ થયો.

એલિચપુરમાં **શ્રીપાલ** નામે રાજા હતો. તેના શરીરમાં કોઢ રોગ ફૂટી નીકળ્યો એટલે તે રાજપાટ છોડીને અંતઃપુરને સાથે લઈ જંગલમાં જઈ વસ્યો. તેણે એક દિવસે સાંજે તે જ સરોવરમાં હાથ-પગ ધોયા અને પાણી પીધું તેથી તેને તે રાત આરામમાં પસાર થઈ. રાણીએ જોયું તો રાજાનો કોઢ રોગ શમી ગયો હતો. તેણે રાજા પાસેથી ગઈ કાલની સર્વ હકીકત જાણી અને તળાવ પાસે જઈને ધૂપ-દીપ કર્યા. રાણીને તે રાતે સ્વપ્ન આવ્યું કે, ‘અહીં ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા છે. તેના પ્રભાવથી રાજાને આરામ થયો છે. હવે તમે આ પ્રતિમાને બહાર કાઢી તમારા સ્થાને લઈ જાઓ. સાત દિવસના જન્મેલ ગાયના વાછરડાંની જોડીથી જોતરેલા રથમાં પ્રતિમાજીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પધરાવો અને તમે આગળ ચાલજો. રથ આપોઆપ તમારી પાછળ આવશે, પણ યાદ રાખજો કે, તમારે પાછા વળીને જોવું નહીં અને પાછળ રથ આવે છે કે નહીં તેની શંકા પણ કરવી નહીં. જ્યારે તમને શંકા થશે ત્યારે તે સ્થળે પ્રતિમાજી સ્થિર થઈ જશે.'

રાણીએ સવારે સ્વપ્નની બધી વાત જણાવી. રાજાએ સ્વપ્ન અનુસાર બધી વ્યવસ્થા ગોઠવી અને તે એલિચપુર તરફ ચાલ્યો. પરંતુ વડ નીચે જતાં જતાં રાજાને શંકા થઈ કે રથ આવે છે કે નહીં? રાજાએ પાછળ વળીને જોયું એટલે પ્રતિમા ત્યાં જ સ્થિર થઈ ગઈ અને રથ નીચેથી નીકળી ગયો. પ્રતિમાજી ત્યાં એટલાં અધર હતાં કે નીચેથી પનિહારી હેલ લઈને નીકળી જાય. પછી કાળના પ્રભાવે તે ધીમે ધીમે નીચે આવતી ગઈ. આજે તે એટલી અધર છે કે, તેની પાછળ રાખેલા દીવાનો પ્રકાશ આગળ સુધી આરપાર નીકળી આવે આથી એ અધર હોવાને કારણે 'અંતરીક્ષ પાર્શ્વનાથ' નામથી ખ્યાતિ પામી.

રાજા શ્રીપાલે ત્યાં **શ્રીપુર નગર** વસાવ્યું અને તેમાં વિશાળ જિનાલય બંધાવ્યું, પણ તેના મનમાં ગર્વ થયો એટલે પ્રતિમાજી મંદિરમાં બેઠાં નહીં. પછી શ્વેતાંબર જૈન સંઘે ત્યાં જ બીજું મંદિર તૈયાર કરાવ્યું અને મલધારી આ૦ **અભયદેવસૂરિ**એ સં૦ ૧૧૪૨ ના મહા સુદિ ૫ ને રવિવારે તે મંદિરમાં ભ૦ અંતરીક્ષ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. આ સમયે પ્રતિમા ચાર આંગળ અધર હતી. રાજાએ પૂજા માટે શ્રીનગર ભેટ આપ્યું. (જૂઓ પ્રક૦ ૩૮, પૃ૦ ૩૨૪)

તપાગચ્છીય આ૦ વિજયદેવસૂરિના આજ્ઞાધારક મહોપાધ્યાય **ભાવવિજયગણિ** પૂર્વ કર્મના ઉદયથી આંખે આંધળા થઈ ગયા હતા. તેમને મનમાં વિશ્વાસ હતો કે, અંતરીક્ષ પાર્શ્વનાથ ભગવંતની યાત્રા કરવાથી લાભ થશે એટલે તેઓ પાટણના શ્રીસંઘ સાથે અહીં યાત્રાએ પધાર્યા. તેમણે અહીં પ્રભુ સામે બેસી એકાગ્રતાથી અને ઉલ્લાસથી સ્તોત્ર ગાયું. એ રીતે ભક્તિ કરતાં આંખનાં પડળ ઊઘડી ગયાં અને તેમને પ્રભુનાં દર્શન થયાં. તેમણે ત્યાં જ પ્રભુનું



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે સ્તોત્ર બનાવ્યું છે તે ઉપલબ્ધ છે. પછી તો તેઓ ગુજરાતમાં પધાર્યા, તેમને મહામહોપાધ્યાયની પદવી મળી. તેમણે 'ઉત્તરાધ્યયનસૂત્ર'ની ભાવવાહી ટીકા બનાવી. સ્તોત્રમાં અંતરીક્ષ પાર્શ્વનાથનો ઐતિહાસિક પરિચય આપેલો છે. તેમના ઉપદેશથી શ્વેતાંબર સંઘે સં૦ ૧૭૧૫ માં અંતરીક્ષજી તીર્થનો **જીર્ણોદ્ધાર** કરાવ્યો અને મંદિરમાં આ૦ વિજયદેવસૂરિ તથા મહો૦ ભાવવિજય ગણિની **ચરણપાદુકા** પધરાવી. અહીં **માણિભદ્રવીર**ની પ્રાચીન સ્થાપના છે. મૂળનાયકજીની અઢીસો વર્ષ પુરાણી **ચાંદીની આંગી** વિદ્યમાન છે, જે એટલા પુરાણા સમયમાં આંગી બનતી હતી તેનો પુરાવો આપે છે, આજે પણ મૂળનાયકજીની પ્રતિમા નીચેથી અંગલૂછણું નીકળી જાય એટલી તે અધ્ધર છે.

(જૂઓ પ્રક૦ ૫૮, મહો૦ વિમળહર્ષ ગણિની પરંપરા)

એક વાર એક લૂંટારાએ અહીં પાસેના એક ગામમાં લૂંટ ચલાવી ગામ ભાંગ્યું. તે ગામમાં એક જૈન દિગંબર મંદિરમાં તીર્થંકરની દિગંબર પ્રતિમાઓ હતી. શ્વેતાંબર સંઘે **ભાઈચારાથી** તે પ્રતિમાઓને શ્રીપુરમાં લાવી મંદિરમાં રાખી અને તે સમયથી દિગંબર જૈન ભાઈઓ પણ અહીં યાત્રાર્થે આવવા લાગ્યા પરંતુ એનું પરિણામ એ આવ્યું કે, દિગમ્બર જૈનોને લાલચ લાગી અને તીર્થને પોતાનું બનાવવા તેઓએ ઝગડો શરૂ કર્યો, પરંતુ તેમાં તેમને કોરી નિષ્ફળતા જ મળી.

આ તીર્થનો વહીવટ આજે બાલાપુરના શેઠ હરખચંદ હોસીલાલ, પાનાચંદ વગેરે તપાગચ્છનો શ્રીસંઘ કરે છે.

(–મહો૦ ભાવવિજયજી રચિત 'અંતરીક્ષ પાર્શ્વનાથમાહાત્મ્ય' શ્લો૦ ૧૪૪, તીર્થમાલાઓ, અજાતશત્રુ આ૦ વિજયકમલસૂરિકૃત અંતરીક્ષ પાર્શ્વનાથ માહાત્મ્ય સં૦ ૧૯૬૪ ચૈ૦ સુ૦ ૮ મુ : અંતરીક્ષ)

દક્ષિણમાં ચાર શ્વેતાંબરી તીર્થો વિદ્યમાન છે.

(૧) **કુલ્પાકજી**, જેનો પરિચય અગાઉ (પ્રક૦ ૨૮, પૃ૦ ૪૫૫) માં આવી ગયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) **અંતરીક્ષ પાર્શ્વનાથ,** જેનો પરિચય ઉપર આવી ગયો છે.

(૩) **મુક્તાગિરિ** એ શામળિયા પાર્શ્વનાથનું પ્રાચીન શ્વેતાંબર જૈન તીર્થ છે. એનું પ્રાચીન નામ ગજપદ કે મેઢગિરિ હતું-

(જૂઓ પ્રક૦ ૧, પૃ૦ ૬૦)

પં૦ **શીલવિજયજી** પાંચ તીર્થોમાં મુક્તાગિરિને પણ ગણાવે છે. અહીંનો વહીવટ શ્વેતાંબર જૈનોના હાથમાં હતો. સં૦ ૧૯૩૮ સુધીમાં **શેઠ માણેકચંદ ડાહ્યાભાઈ** શ્વેતાંબર જૈન ઓશવાલ અહીંનો વહીવટ કરતા હતા. પછી તેમણે આસપાસમાં દિગંબર જૈનો વધુ હોવાથી દિગંબર જૈન ભાઈઓ પણ તીર્થભક્તિનો લાભ લે એવી સદ્ભાવનાથી અને ભાઈચારના હેતુથી એનો વહીવટ દિગંબર ભાઈઓને સોંપ્યો અને દિગંબર તીર્થરક્ષક કમિટીની એકતરફી વલણના કારણે તેમણે આ તીર્થને પૂર્ણ રીતે દિગંબર તીર્થ બનાવવાના પ્રયત્નો ચાલુ રાખ્યા છે.

(૪) **કુંભોજતીર્થ—કોલ્હાપુર** અને સાંગલીની વચ્ચે એક નાનકડી પહાડી પર જગવલ્લભ પાર્શ્વનાથનું ત્રણ માળનું ઊંચું અને ભવ્ય દેરાસર છે. નીચેથી ઉપર ૧. ભ૦ અજિતનાથ, ૨ ભ૦ જગવલ્લભ પાર્શ્વનાથ, ૩ ભ૦ ચંદ્રપ્રભસ્વામી મૂળનાયક છે. ચોકમાં ચાર દેરીઓ છે. બે દેરીઓમાં જિન પ્રતિમા, ત્રીજી દેરીમાં પદ્માવતી દેવી અને ચોથી દેરીમાં **માણિભદ્ર** વીરની મૂર્તિઓ છે.

પહાડ નીચે ધર્મશાળા છે. પહાડથી ગામ દૂર છે. અહીં તપાગચ્છના ભટ્ટારક શ્રીપૂજ્ય વિજયાનંદસૂરિના ઉપદેશથી સં૦ ૧૭૯૧ માં જીર્ણોદ્ધાર થયો હતો.

**નાશિક**—આ શ્વેતાંબર જૈનોનું પ્રાચીન તીર્થ છે. અહીં **પલ્લીવાલ** સાહુ ઈસરનો પુત્ર માણિક્ય, તેની પત્ની નાઉદેવી, તેના પુત્ર સાહુ કુમારસિંહે ભ૦ ચંદ્રપ્રભ જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તેણે પાયાથી શિખર સુધી નવો જિનપ્રાસાદ બંધાવ્યો હતો.

સાધુ પેથડ કુમારે નાશિકમાં ભ૦ ચંદ્રપ્રભ જિનેશ્વરનું, દેવગિરિમાં ભ૦ મહાવીરસ્વામીનું, સેતુબંધમાં ભ૦ નેમિનાથનું જિનાલય વગેરે

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંધાવ્યાં હતાં. ઓંકારનગરમાં ભવ્ય તોરણ ચડાવ્યું હતું.

(જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૬૫ (આ૦ જિનપ્રભસૂરિકૃત (ગુર્વાવલી) વિવિધતીર્થકલ્પ)

અત્યારે નાશિકમાં ઉપર્યુક્ત સ્થાનો નથી.

**કોલ્હાપુર**—ચંદ્રકુળના કૃષ્ણર્ષિગચ્છના આ૦ **નન્નસૂરિના** ઉપદેશથી ધર્કટગોત્રના શા૦ દેવધર ઓશવાલની પુત્રી **મૂલુ** અને તેના પુત્ર વૈરાકે સં૦ ૧૩૬૮ માં કોલ્હાપુરમાં પોતાના માતા-પિતાના શ્રેય માટે 'શ્રીમહાવીરચરિત્ર' ખરીદીને આ૦ નન્નસૂરિને વહોરાવ્યું અને આચાર્યશ્રીએ એ મહાવીરચરિત્ર વ્યાખ્યાનમાં વાંચી સંભળાવ્યું.

(—જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ ૩૬)

**કેદાર** પ્રતિવાસુદેવ રાજા રાવણના અધિકારી કેદારે અષ્ટાપદ તીર્થની પાસે **કેદાર** પાર્શ્વનાથનું તીર્થ સ્થાપ્યું હતું. આજે આ તીર્થ વિદ્યમાન નથી.

**ઘોઘા તીર્થ**—

ઘોઘા સૌરાષ્ટ્રમાં આવેલું પ્રાચીન બંદર છે. અહીંના શા૦ હીરા નાણાવટી શ્રીમાલીએ સં૦ ૧૧૬૮ માં વિશાળ જિનપ્રાસાદ બંધાવી તેમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા આ૦ મહેન્દ્રસૂરિના હાથે કરાવી હતી.

સુલતાન મહમ્મદ બેગડાના બીજા પુત્ર અહમદ શ્રીકંદરે સં૦ ૧૫૩૧ (સને ૧૪૭૪) માં રાણજી ગોહેલનું રાણપુર ભાંગ્યું તેથી રાણાજી ગોહેલની પરંપરાના **મોખડજી**એ ઘોઘામાં આવી પોતાની ગાદી સ્થાપન કરી. તે પીરમબેટનો બાદશાહ કહેવાતો હતો. એ દરિયાના વેપારી વહાણોને લૂંટતો હતો. દિલ્હીના બાદશાહ મહમ્મદ બિન તઘલખે (સને ૧૩૨૫ થી ૧૩૫૧) તેની આ ચાંચિયાગીરીના બંધાથી ક્રોધે ભરાઈને ઘોઘા ઉપર મુસલમાની સેના મોકલી અને મોખડજી ગોહેલ સને ૧૩૪૭ માં મુસલમાન સેનાપતિના હાથે ખેદડપુર પાસે મરણ પામ્યો. તે પછી તેનો પુત્ર **ડુંગરજી** ગોહેલ ઘોઘાનો રાજા બન્યો.

બાદશાહ મહમ્મદની સેનાએ ઘોઘામાં શ્રીપાર્શ્વનાથની ઉપર્યુક્ત પ્રતિમાને તોડીને નવ ટુકડા કરી નાખ્યા હતા. આ નવ ટુકડા લાપસીમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દાબી રાખવાથી જોડાઈ ગયા હતા પણ તેના સાંધા સ્પષ્ટ દેખાતા હતા, તેથી આ પ્રતિમા **નવખંડા પાર્શ્વનાથ** નામે ઓળખાવા લાગી. આજે પણ ઘોઘાનું તીર્થ નવખંડા પાર્શ્વનાથના નામથી પ્રસિદ્ધ છે. એ અને એની મૂર્તિઓને અનુલક્ષીને પ્રાચીન જૈનાચાર્યોએ એ નામનાં સ્તોત્રો પણ રચ્યાં છે.

એ પછીના સમયમાં ઘોઘાબંદરના રહેવાસી શેઠ સાંડા શ્રીમાલીના પુત્ર સં૦ સરવણે તપાગચ્છીય આ૦ દેવસુંદરસૂરિ (સં૦ ૧૪૨૦ થી ૧૪૬૬) ના પરિવારના મુનિવરોના ઉપદેશથી અહીં નવાં જિનાલયો બંધાવ્યાં અને શત્રુંજય તથા ગિરનાર તીર્થના છ'રી પાળતા યાત્રા સંઘો કાઢ્યા. તેણે પાલીતાણામાં લલિતાસરોવરનું સમાર કામ કરાવ્યું હતું.

શેઠ સાંડા શ્રીમાલીના બીજા પુત્ર **ધાંધે** દુકાળમાં દાનશાલાઓ ખુલ્લી મૂકી જનતાનો મોટો ઉપકાર કર્યો હતો. પાલીતાણામાં મંત્રી તેજપાલે બંધાવેલા ભ૦ પાર્શ્વનાથના જિનાલયનો જીર્ણોદ્ધાર તેણે કરાવ્યો હતો. બીજાં પણ ઘણાં ધર્મસ્થાનો બંધાવ્યાં હતાં. સં૦ સરવણના પુત્રે 'નાયાધમ્મકહાઓ' સટીકની પ્રતિ લખાવી હતી.

(—જૈન પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ, પ્ર૦ ૫૭)

ઘોઘાના મંત્રી તેજા શ્રીમાલીનો પુત્ર મેઘો મંત્રી હતો. તેને ધર્મિણી પત્ની અને કડુઓ, ધાંગો નામે પુત્રો હતા ધર્મિણી વગેરેએ સં૦ ૧૪૯૧ ભા૦ વદિ ૧ આ૦ સોમસુંદરસૂરિના ઉપદેશથી 'ચંદપન્નત્તિ-વૃત્તિ' ગ્રં૦ ૯૫૦ તાડપત્રી ઉપર લખાવી. (શ્રી પ્રશસ્તિસંગ્રહ પૃ૦ ૯૫)

ઘોઘાનિવાસી શા૦ સોમજી આ૦ વિજયદેવસૂરિનો શ્રાવક હતો. તે મરીને દેવ થયો. પછી તેના કુટુંબીઓ વિધર્મી બની ગયા. સોમજી દેવે એ વાત જાણીને સૌને ઉપદેશ આપ્યો તેમજ ચમત્કાર બતાવ્યો. તે પછી તે બધા આ૦ વિજયદેવસૂરિના ભક્ત બન્યા.

(તપાગણગુણપદ્ધતિ)

તપાગચ્છના મહોપાધ્યાય કલ્યાણવિજય ગણિની પરંપરાના ઉપા૦ કુંઅરવિજયે સં૦ ૧૭૨૦ માં ઘોઘામાં ચતુર્માસ કર્યું હતું અને તીર્થ-પટ્ટની સ્થાપના કરી હતી. (જૈનસત્યપ્રકાશ, પ્રક૦ ૫૯, ક્રમાંક : ૧૧૭)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૭૮૧ ના કાર્તિક સુદિ ૧૩ ના રોજ ઘોઘામાં ભ૦ પાર્શ્વનાથના જિનપ્રાસાદના ભોંયરામાં શેઠ મીઠા સુંદરજીની શેઠાઈમાં તપાગચ્છના ભટ્ટારક વિજયરત્નસૂરિના શિષ્ય આજ્ઞાધારક ભ૦ રાજસાગરસૂરિના શિષ્ય પં૦ દેવવિજય ગણિએ ભ૦ સુવિધિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. (ભોંયરાનો શિલાલેખ, પ્રક૦ ૫૮)

રાજા અખેરાજજી ગોહેલે સં૦ ૧૭૧૯ ના વૈશાખ સુદિ ૩ ના રોજ વડવા પાસે **ભાવનગર** વસાવ્યું અને તેને બંદર બનાવ્યું. ઘોઘાબંદર ત્યારથી બંધ પડયું.

**પીરમબેટ**—ઘોઘાબંદરથી ૭ કોશ દૂર ખરસાલિયા ગામના પૂર્વ કિનારે **પીરમબેટ**માં જૈનોનાં ઘણાં ઘરો હતાં અને જિનાલય હતું. અલ્લાઉદ્દીન ખિલજીના સૂબા અલફખાન સં૦ ૧૩૬૯ માં શત્રુંજય તીર્થને તોડવા આવ્યો ત્યારે પીરમબેટના હિંદુઓએ શત્રુંજય તીર્થના ભ૦ આદીશ્વરની પ્રતિમાને ઉઠાવી લાવી પીરમબેટમાં છુપાવી હતી. આ પ્રતિમાનો પછીનો ઇતિહાસ મળતો નથી. પીરમબેટમાંથી જિનપ્રતિમાઓના અવશેષો મળી આવ્યા છે.

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

**શિયાલબેટ**—આ૦ વાદિદેવસૂરિની પરંપરાના (૪૭) આ૦ નયનચંદ્રસૂરિએ સં૦ ૧૩૪૩ ના મહા સુદિ ૧૦ ને ગુરુવારે શિયાલબેટમાં ભ૦ નેમિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. (–પ્રક૦ ૪૧)

**દીવબેટ**—દીવના ઠ૦ મદન, ઠ૦ આલ્હણ, ઠ૦ જયંત, ઠ૦ જેતા, ઠ૦ રાજા, ઠ૦ પદ્મસિંહ વગેરેએ સં૦ ૧૩૦૬ મ૦ શુ૦ ૧ ના રોજ મહુવાના ગ્રંથભંડારને મોટી મદદ કરી હતી. (પ્રક૦ ૪૫)

વિ૦ સં૦ ૧૫૯૩માં ફીરંગીઓએ દીવબેટને પોતાને કબજે કર્યો.

પ્રભાસ પાટણનો શેઠ **અભયરાજ** દીવબંદરમાં આવી વસ્યો. તેની પાસે ચાર પાંચ વ્યાપારી વહાણો હતા.

તે (૧) અભયરાજ (૨) તેની પત્ની અમરાદેવી (૩) તેના ભાઈની પત્ની (૪) પુત્ર મેઘકુમાર (૫) પુત્રી ગંગાદેવી (૬–૭–૮–૯) ચાર મુનિઓ એમ નવ જણાએ ખંભાત જઈ જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરીશ્વરની પાસે ખંભાતના કંસારીપુરમાં રાયણનાં ઝાડ નીચે આચાર્ય-

દેવના વરદ હસ્તે દીક્ષા લીધી હતી. (સૂરીશ્વર ઔર સમ્રાટ પૃ૦ ૨૧૩ થી ૨૧૬)

જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિ, આ૦ વિજયસેનસૂરિ આ૦ વિજયદેવસૂરિ, આ૦ વિજયપ્રભસૂરિ વગેરેએ દીવના ફીરંગીઓને ઉપદેશ આપી દયાપ્રેમી તથા ધર્મપ્રેમી બનાવ્યા હતા.

જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિએ સં૦ ૧૬૫૮માં ચોમાસું કર્યું હતું. આ૦ વિજયપ્રભસૂરિના ઉપદેશથી દીવના સં૦ નેમિદાસે શત્રુંજય તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. દીવમાં ૯ જિનાલયો હતાં. ઉનાના જૈન સંઘે નવમી સદીમાં દીવના ૩ જિનાલયોનો જીર્ણોદ્ધાર કરી તેમાં ૯ જિનાલયોની જિનપ્રતિમાઓ પધરાવી.

આજે ગિરનાર તીર્થની પંચતીર્થી કરનારા જૈન યાત્રિકો ઉના શહેર, જગદ્ગુરુસ્તૂપ અજારાતીર્થ અને દીવબંદરની યાત્રા કરે છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ઓગણચાલીસ

# આ૦ યશોભદ્રસૂરિ, આ૦ નેમિચંદ્રસૂરિ

## ( સંવત ૧૧૬૯ )

આ૦ સર્વદેવસૂરિની પાટે આ૦ યશોભદ્રસૂરિ[1] અને આ૦ **નેમિચંદ્રસૂરિ** થયા. સંભવ છે કે, આ૦ યશોભદ્રસૂરિ સં૦ ૧૧૪૮ સુધી વિદ્યમાન હોય અને તેમની પાટે અથવા આ૦ **જયસિંહસૂરિની** પાટે આ૦ **પ્રભાચંદ્રસૂરિ** આવ્યા હોય.

આ૦ **નેમિચંદ્ર** તે આ૦ ઉદ્દ્યોતનસૂરિના શિષ્ય ઉપાધ્યાય **આમ્રદેવના** હસ્તદીક્ષિત શિષ્ય હતા. આચાર્ય થયા પહેલાં તેમનું પં૦ **દેવેન્દ્રગણિ** નામ હતું. આ૦ સર્વદેવસૂરિએ આ૦ **યશોભદ્ર**, આ૦ **જયસિંહ**, આ૦ **નેમિચંદ્રજી**, આ૦ **શિવપ્રભ**, આ૦ પ્રભાચંદ્ર વગેરે આઠને આચાર્યો બનાવ્યા. આ૦ નેમિચંદ્રજી સં૦ ૧૧૨૯ અને સં૦ ૧૧૩૯ ના ગાળામાં આચાર્ય થયા હતા. તેમણે તે જ ગાળામાં આ૦ **મુનિચંદ્રને** આચાર્યપદ આપી પોતાની પાટે સ્થાપન કર્યા. આ૦ નેમિચંદ્ર સં૦ ૧૧૬૯ પછી સ્વર્ગે ગયા.

સંભવ છે કે આ૦ યશોભદ્ર કે આ૦ જયસિંહની પાટે આ૦ પ્રભાચંદ્ર અને આ૦ નેમિચંદ્રની પાટે આ૦ મુનિચંદ્ર આવ્યા હોય. આ૦ મુનિચંદ્રે આ૦ આનંદ, આ૦ માનદેવ, આ૦ અજિત, આ૦ વાદિદેવ વગેરેને આચાર્યપદારૂઢ કર્યા હતા. તેમની વિદ્યમાનતામાં જ આ૦ **પ્રભાચંદ્રે** પૂનમિયા મતની સ્થાપના કરી હતી.

આ૦ નેમિચંદ્રે આચાર્ય થયા પહેલાં અને પછી ઘણા ગ્રંથો રચ્યા છે તે આ પ્રકારે હોવાનું જણાય છે—

---

૧. આ૦ વિજયચંદ્રના શિષ્ય આ૦ યશોભદ્રસૂરિ હતા અને તેમના શિષ્ય આ૦ દેવપ્રભ થયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. રયણચૂડ-તિલયસુંદરીકહા—(ગ્રં૦ ૩૦૦૦) તેઓ ગણી હતા ત્યારે આ કથા રચી છે અને વડગચ્છના આ૦ પ્રદ્યુમ્નસૂરિના નપ્તા તથા પ્રશિષ્ય પં૦ **યશોદેવગણિએ** (સં૦ ૧૧૨૦–૧૧૨૮) તેની પહેલી પ્રતિ લખી છે. (જૂઓ પ્રક૦ ૩૫ પૃ૦ ૭૨)

૨. ઉત્તરજ્ઝયણસુત્ત-વૃત્તિ—ગ્રં૦ ૧૨૦૦૦, (? ૧૪૦૦૦) **પં૦ દેવેન્દ્રગણી**એ સં૦ ૧૧૨૯ માં પાટણમાં દોહડિ શેઠની વસતિમાં રહીને ગુરુભ્રાતા મુનિચંદ્રના વચનથી વાદિવેતાલ શાંત્યાચાર્યની પાઇય-ટીકાના આધારે એક પાઠ દર્શાવતી **લઘુવૃત્તિ** રચી છે. પં૦ સર્વદેવગણીએ તેને પ્રથમ પાટી પર લખી અને ગુણભક્ત શેઠ **દોહડિ**એ તેની પહેલી પ્રતિ લખી છે. (જૂઓ, પ્રક૦ ૩૮, પૃ૦ ૩૯૬)

૩. આખ્યાનમણિકોશ—તેમણે આચાર્યપદ પ્રસંગે આ ગ્રંથ યોજ્યો હતો. સુવિહિત આ૦ આમ્રદેવે સં૦ ૧૧૯૦ માં ધોળકામાં તેની (ગ્રં૦ ૧૪૦૦૦ પ્રમાણ) ટીકા બનાવી છે, જેમાં તેમના શિષ્ય પં૦ **નેમિચંદ્રગણી,** પં૦ ગુણાકર અને પં૦ પાર્શ્વદેવે સહાય કરી હતી. (જૂઓ, પ્રક૦ ૩૬, પૃ૦ ૨૨૪)

૪. મહાવીરચરિય—(ગ્રં૦ ૩૦૦૦) આ૦ નેમિચંદ્રે સં૦ ૧૧૩૯ માં રાજા **કર્ણદેવ**ના રાજ્યમાં પાટણમાં શેઠ દોહડિની વસતિમાં રહી પોતાના કર્મમળ ધોવા માટે આ ચરિત્ર બનાવ્યું.

**૫. પ્રવચનસારોદ્ધાર**—આ જૈન આગમોમાંથી ઉપયોગી પ્રાકૃત ગાથાનો સંગ્રહ કર્યો છે. તેની ઉપર જૈનાચાર્યોએ વિવિધ વિવરણો બનાવ્યાં છે.

(૧) રાજગચ્છના આ૦ ઉદયપ્રભસૂરિએ આ૦ મુનિચંદ્ર વગેરેની પ્રેરણાથી 'પ્રવચનસારોદ્ધાર'નું ટિપ્પન, વિષમપદ બાલાવબોધ ગ્રં: ૩૨૦૩ બનાવ્યો. જેનું આ૦ મુનિચંદ્રસૂરિએ સંશોધન કર્યું હતું. (જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૪૫)

(૨) રાજગચ્છના આ૦ સિદ્ધસેને સં૦ ૧૨૭૮ માં 'પ્રવચનસારોદ્ધાર-ટીકા' બનાવી. (પ્રક૦ ૩૫, પૃ૦ ૨૯)

(૩) પં૦ પદ્મમંદિર ગણિએ પ્રવચનસારોદ્ધારનો ગુજરાતી બાલ-

જૈન સાઈટ JAINSITE .com ॥સમ્યક્ જ્ઞાન શાસનમ્॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બોધ અર્થે બનાવ્યો. (જે છપાઈ ગયો છે.)

**ગ્રંથ સંશોધન—**

તેમણે સં૦ ૧૧૯૨ માં આ૦ દેવસૂરિના ,જીવાણુસાસણુ–સટીક' (ગ્રં૦ ૨૨૦૦) તથા સં૦ ૧૧૬૦ માં ચંદ્રકુલીન સરવાલગચ્છના વાચનાચાર્ય વીર ગણીની 'પિંડનિજ્જુત્તી 'ની ' શિષ્યહિતા ' નામની વૃત્તિ(ગ્રં૦ ૭૬૭૧)નું પાટણમાં સંશોધન કર્યું હતું.

(પ્રક૦ ૩૫, પૃ૦ ૧૫)

આ અરસામાં અનેક પ્રભાવકો થયા હતા. નવાંગીવૃત્તિકાર **આ૦ અભયદેવસૂરિ** (પ્રક૦ ૩૬, પૃ૦ ૨૧૬), આ૦ આમ્રદેવસૂરિ સં૦ ૧૧૯૦.

(પ્રક૦ ૩૬, પૃ૦ ૨૨૪)

(૧) **આ૦ મહેશ્વરસૂરિ**—નિર્વૃતિકુળના કામ્યકગચ્છમાં આ૦ વિષ્ણુસૂરિની પાટે **આ૦ મહેશ્વરસૂરિ** થયા. તેઓ મોટા જ્ઞાની હતા, પ્રસિદ્ધ હતા, બહુ યશસ્વી હતા. તેઓ સં૦ ૧૧૦૦ ના ભાદરવા વદિ ૨ ને સોમવારે શ્રીપથાપુરીમાં શ્રીવિજયના રાજકાળમાં સ્વર્ગે ગયા. તેમને **સાધુદેવ** નામે શિષ્ય હતા, એ વિશેનો એક શિલાલેખ રજપૂતાના (રાજસ્થાન)ના **બયાના** ગામમાં વિદ્યમાન છે.

(–પ્રાચીન જૈન લેખસંગ્રહ ભા૦ ૨, લેખાંક : ૫૪૪,
જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૫૦, પ્રક૦ ૩૮, પૃ૦ ૩૨૧)

(૨) **આ૦ મહેશ્વરસૂરિ**—તે ઉપાધ્યાય સજ્જનના શિષ્ય હતા. આ૦ અભયદેવસૂરિના વિદ્યાર્થી હતા. તેમણે ' નાણુપંચમીકહા ' તથા ' પુપ્ફવઇકહા ' રચેલી છે. (પ્રક૦ ૩૬, પૃ૦ ૨૨૧)

' નાણુપંચમીકહા ' ની પ્રતિ ઉપર લેખન સંવત ૧૦૦૯ કે સં૦ ૧૧૦૯ અંક સંદિગ્ધ છે જે સં૦ ૧૧૦૯ હોવો જોઈએ. તેનો ખુલાસો મળે છે કે 'પુપ્ફવઈકહા'માં તપ અને જ્ઞાનના ભંડાર **આ૦ અભયદેવને** પોતાના શ્રુતગુરુ બતાવ્યા છે. એ હિસાબે તેમનો સં૦ ૧૧૦૯ વધુ સાચો લાગે છે. આ નાણુપંચમીના આધારે ધક્કડવંશના દિગમ્બર પં૦ ધનપાલે ' ભવિસયત્તકહા ' બનાવી છે.

(પ્રક૦ ૩૪, પૃ૦ ૫૫૯, પ્રક૦ ૩૮, પૃ૦ ૩૫૨)

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ **હરિભદ્રસૂરિ**—સં૦ ૧૧૭૨, સં૦ ૧૧૮૫.

(પ્રક૦ ૩૫, પૃ૦ ૭૨)

આ૦ **સિદ્ધસૂરિ**, આ૦ **કક્કસૂરિ** (સં૦ ૧૧૫૨)—આ૦ સિદ્ધસૂરિએ દીક્ષા લીધી ત્યારે તેમનું નામ **સાધારણ** કવિ હતું. એ સમયે તેમણે સં૦ ૧૨૧૩ માં 'સમરાઇચ્ચકહા'ની એક ઘટનાના આધારે 'વિલાસવઈકહા' (સંધિ : ૧૧)ની રચના કરી હતી. આચાર્યપદવી આપવામાં આવી ત્યારે **સિદ્ધસૂરિ** નામ રાખવામાં આવ્યું. એ પછી તેમણે કેટલાંક સ્તુતિ-સ્તોત્રોની રચના કરી હતી.

તેમની પાટે આ૦ **કક્કસૂરિ** (સં૦ ૧૧૫૨ થી ૧૨૧૨) આવ્યા. તેઓ ક્રિયાપાત્ર, મોટા તપસ્વી અને ચમત્કારી હતા. તેમણે સં૦ ૧૧૫૫ માં **ક્રિયોદ્ધાર** કર્યો અને તેમનો પરિવાર 'કકકુદાચાર્યગચ્છ' નામથી પ્રસિદ્ધિ પામ્યો. (જૂઓ પ્રક૦ ૧, પૃ૦ ૨૯)

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

આ૦ **દેવસૂરિ** (સં૦ ૧૧૬૨)—આ૦ વીરસૂરિના શિષ્ય વિમલદિલવાળા આ૦ **દેવસૂરિ**એ સં૦ ૧૧૬૨માં **રાજા સિદ્ધરાજ**ના રાજ્યમાં પાટણમાં શેઠ **દોહડિ** (દોહટ્ટી)ની વસતિમાં રહીને 'જીવાણુસાસણયં' (ગા૦ : ૩૨૩) તથા તેના પુત્ર દાનવીર શેઠ જાસક અને શેઠાણી વસુંધરાના પુત્રો **વીર** વગેરેના ઉપષ્ટંભથી તે ગ્રંથ ઉપર એક જ મહિનામાં સ્વોપજ્ઞ વૃત્તિ (ગ્રં૦ : ૨૨૦૦)ની રચના કરેલી છે.

(પ્રક૦ ૩૮, પૃ૦ ૩૯૬)

આ ગ્રંથમાં તેમણે એ સમયે નવા નીકળેલા ૩૮ **મતભેદો**ની શાસ્ત્રાધારે આલોચના કરેલી છે. આ મૂળ ગ્રંથનું સંશોધન સપ્તનિગ્રહનિવાસી સકલ ગુણોની ખાણ જેવા તથા સિદ્ધાંતરહસ્યવેદી **આ૦ જિનદત્તસૂરિ**એ કર્યું હતું અને આ૦ **મહેંદ્રસૂરિ** વગેરેએ સમ્મતિ આપી હતી.

આ ગ્રંથ વડગચ્છના નાયક શુદ્ધ સિદ્ધાંત વ્યાખ્યાકાર સિદ્ધાંતમહોદધિ શ્રીનેમિચંદ્રસૂરિના ઉપદેશથી મધ્યસ્થભાવમાં રહીને બનાવ્યો અને તેમણે જ આ ગ્રંથ તથા તેની ટીકાનું સંશોધન કર્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

इयसिरिसिद्धंतमहोयहीण सिरिनेमिचंदसूरीणं ।
उवएसाओ मज्झत्थयाए सिरिदेवसूरिहिं ॥२०७॥

આ આ૦ જિનદત્તસૂરિ ચંદ્રાવતીના **ચૈત્યવાસી** આચાર્ય હતા. તેમણે **સકલાગમરહસ્યવેદી** તરીકે નામના મેળવી હતી. આ૦ મહેંદ્રસૂરિ નાગેંદ્રગચ્છના આચાર્ય હતા, અથવા સરવાલગચ્છના આ૦ સમુદ્રઘોષના પટ્ટધર આ૦ મહેન્દ્રસૂરિ હતા અને આ૦ નેમિચંદ્ર તે પાટણમાં વિરાજમાન વડગચ્છના વયઃસ્થવિર, શ્રુતસ્થવિર અને ચારિત્રસ્થવિર આ૦ નેમિચંદ્રસૂરિ હતા. વાચનાચાર્ય સમુદ્રઘોષ, વા૦ વીરગણિ (સં૦ ૧૧૬૦)નો પરિચય પહેલાં (પ્રક૦ ૩૫, પૃ૦ ૬, ૧૪) આવી ગયો છે.

**રાજા એલક શ્રીપાલ**—તે વિદર્ભ દેશમાં આવેલા એલિચપુરનો રાજા હતો. તેણે સં૦ ૧૧૪૨ ના માહ સુદિ ૫ ના દિવસે શ્રીપુરમાં મલધારી આ૦ અભયદેવસૂરિના હાથે અંતરીક્ષ પાર્શ્વનાથ તીર્થની સ્થાપના થઈ અને એલિચપુરની પાસે આવેલા ગજપદ તીર્થ—મુક્તાગિરિ નામક તીર્થનો જીર્ણોદ્ધાર વગેરે કરાવ્યો.

(પ્રક૦ ૩૮, પૃ૦ ૪૦૮)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ચાલીશમું

*

## આ૦ મુનિચંદ્રસૂરિ

શ્રીમુનિચન્દ્રમુનીન્દ્રો દદાતુ મદ્રાણિ સંઘાય ॥ (–ગુર્વાવલી, શ્લો૦ ૭૨)

આ૦ યશોભદ્રસૂરિ અને આ૦ નેમિચંદ્રસૂરિની પાટે સૈદ્ધાન્તિક આ૦ મુનિચંદ્રસૂરિ થયા. તેમનું બીજું નામ ચંદ્રસૂરિ હોવાનું પણ જાણવા મળે છે. તેઓ બાલબ્રહ્મચારી હતા. તેમનું નામ જ શાંતિક મંત્ર મનાતો હતો. (મુનિ માલની બૃહદ્ગચ્છ-પદ્ય-ગુર્વાવલી)

તેમનો જન્મ **ડભોઈ**માં થયો હતો. તેમના પિતાનું નામ **ચિંતક** અને માતાનું નામ **મોંઘીબાઈ** હતું. તેમનું ચિતયકુળ હતું. તેમણે લઘુ વયમાં જ **આ૦ યશોભદ્રસૂરિ** પાસે દીક્ષા લીધી હતી. દીક્ષાના દિવસથી જિંદગીપર્યંત માત્ર ૧૨ વસ્તુઓ જ આહારમાં લીધી હતી. સૌવીરનું પાણી પીધું હતું. ૭ વિગય અને બીજાં ખાવાનાં દ્રવ્યોનો સર્વથા ત્યાગ કર્યો હતો અને **આયંબિલ**નું તપ ચાલુ રાખ્યું હતું. તેઓ ઉપાધ્યાય **વિનયચંદ્ર**ના વિદ્યાશિષ્ય હતા.

સં૦ ૧૦૯૪ લગભગમાં તેઓ પોતાના ગુરુદેવની સાથે **પાટણ**માં ચૈત્યપરિપાટી માટે પધાર્યા. આ સમયે પાટણમાં ચૈત્યવાસીઓનો ભારે પ્રભાવ હતો. સંવેગી સાધુઓ માટે ઊતરવાને ત્યાં યોગ્ય સ્થાન નહોતાં. **પોષાળો** બની ન હતી. મુનિશ્રી એક દિવસે **થારાપદ્રગચ્છ**ના ચૈત્યમાં ભ૦ ઋષભદેવનાં દર્શન કરી પાસેના સ્થાનમાં નિવાસ કરતા આ૦ **વાદિવેતાલ શાંત્યાચાર્ય** પોતાના ૩૨ શિષ્યોને બૌદ્ધ દર્શનના પ્રમેયવાદનો વિષય ભણાવતા હતા ત્યાં જઈ તેમને નમસ્કાર કરીને બેસી ગયા. પછી તો એ વિષયનો રસ લાગતાં તેઓ નિરંતર દશ દિવસ સુધી ત્યાં ગયા. તેમણે તે પાઠ એકાગ્રતાથી વિના પુસ્તકે અવધારણ કરી લીધો પરંતુ આચાર્યશ્રીના શિષ્યોમાંથી કોઈ એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિષયને ધારી શક્યો નહીં. આથી આચાર્યશ્રીને ભારે ખેદ ઊપજ્યો. આ જોઈ-જાણી પં૦ મુનિચંદ્રે આચાર્યશ્રીની આજ્ઞા મેળવી દશ દિવસ સુધીનો આપેલો પાઠ ક્રમબદ્ધ કહી સંભળાવ્યો. એ સાંભળી આચાર્યશ્રીએ હર્ષાવેશમાં ઊભા થઈને મુનિશ્રી મુનિચંદ્રને આલિંગન કર્યું અને કહ્યું: 'ખરેખર તું તો ધૂળમાં ઢંકાયેલું બહુમૂલું રત્ન છે. તું મારી પાસે રહીને ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કરી લે.' આચાર્યશ્રી જાણતા હતા કે, પાટણમાં સંવેગી મુનિઓને ઊતરવા માટે યોગ્ય સ્થાન નથી તેથી તેમણે ટંકશાળની પાછળ આવેલા **શેઠ દોહડિના** ઘરમાં ઊતરવાની વ્યવસ્થા કરાવી અને તેમણે છયે દર્શનોનો અભ્યાસ આ૦ શાંતિસૂરિ પાસે કર્યો. મુનિશ્રીએ પરિશ્રમ વિના છયે દર્શનોને અવધારણ કરી લીધાં. બસ, એ સમયથી સંવેગી સાધુઓને સુલભતાથી વસતિ મળવા લાગી. (જૂઓ, પ્રક૦ ૩૭, પૃ૦ ૨૭૦)

તેમણે **સાંભર**માં રાજા **અર્ણોરાજ**ની સભામાં શૈવ વાદીને હરાવ્યો હતો અને દિગંબરવાદી ગુણચંદ્રની સાથે રાજગચ્છના આ૦ **ધર્મઘોષસૂરિ**ના થયેલા વાદમાં આ૦ ધર્મઘોષસૂરિને મદદ કરી હતી અને ગુણચંદ્રને હરાવ્યો હતો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ૦ મુનિચંદ્ર શાંત, ત્યાગી, નવકલ્પવિહારી, નિર્દોષ વસતિ અને આહારના ગવેષક તેમજ શ્રીસંઘમાં સૌને માનનીય વિદ્વાન હતા.[1]

આ૦ **નેમિચંદ્ર** અને આ૦ મુનિચંદ્ર એ બંનેની વય, દીક્ષાપર્યાય તથા પદસ્થપર્યાયમાં નજીવું આંતરું હોય એમ જણાય છે. ઉપા૦ **આમ્રદેવ** એકના દીક્ષાગુરુ તો બીજાના દીક્ષાદાયક હશે. બંનેમાં

---

૧. આ૦ મુનિચંદ્રસૂરિ નવકલ્પવિહારી હતા. (-પર્યુષણાવિચાર)

આ૦ મુનિચંદ્રસૂરિ સાધુ નિમિત્તે બનાવેલી વસતિમાં રહેતા નહોતા. પણ દરેક વેળા પાટણમાં જુદા જુદા પાડામાં જુદી જુદી જગ્યાએ રહેતા હતા. (પદ: ૧૦૫ મું) તેઓ વડગચ્છના હતા. તેઓ પોતાને ચૈત્યવાસીઓમાંથી નીકળેલા નહીં પરંતુ પહેલેથી જ વસતિવાસી માનતા હતા, કેમકે દેરાસર, પ્રતિમા, પોષાળ અને જૈન વંશો તો ચૈત્યવાસી પરંપરાનાં હતાં.

(-આ૦ મહેંદ્રસૂરિની સં૦ ૧૨૯૪ની શતપદી, પદ: ૧૦૫, તથા ૧૦૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુણસામ્યતા અને ગાઢ પ્રેમ હોવો જોઈએ, તેથી જ આ૦ **નેમિ-ચંદ્રસૂરિ** પોતાની પાટે સ્થાપન કરેલા **આ૦ મુનિચંદ્રને** પોતાના **ગુરુભાઈ** તરીકે ઉલ્લેખે છે. તેમના આ પ્રેમના કારણે જ આ૦ પ્રભાચંદ્રના દિલમાં ઈર્ષ્યાનું બીજ આરોપાયું હશે એમ લાગે છે.

આ૦ નેમિચંદ્રસૂરિ સં૦ ૧૧૨૯થી સં૦ ૧૧૩૯ની વચ્ચે આ૦ **સર્વદેવ**ના હાથે આચાર્ય બન્યા અને તેમણે એ જ વર્ષમાં આ૦ મુનિ-ચંદ્રને પોતાની પાટે આચાર્ય તરીકે સ્થાપન કર્યા. આ૦ મુનિચંદ્રે આ૦ નેમિચંદ્રની આજ્ઞામાં રહીને પોતાના ગુરુભાઈ આ૦ આનંદ, આ૦ દેવ-પ્રભ, આ૦ માનદેવ[1] તથા શિષ્યો આ૦ અજિતપ્રભ, આ૦ દેવ, તેમજ આ૦રત્નસિંહ વગેરેને દીક્ષા, શિક્ષા, તથા આચાર્યપદવીથી અલંકૃત કર્યા.[2]

આ બંને આચાર્યોએ આચાર્યપદ પ્રાપ્ત કર્યા અગાઉ અને પછી અનેક ગ્રંથોની રચના કરેલી જાણવા મળે છે. આ બંને આચાર્યો સૈદ્ધાંતિક તરીકે પ્રસિદ્ધ હતા. મહાવ્યયની વીરગણિના સંતાનીય **આ૦ યશોદેવ**ની સં૦ ૧૧૭૬ માં રચેલી 'પિંડવિસોહી'ની 'સુબોધા' નામક ટીકા (ગ્રં૦ : ૨૮૦૦)માં '**શ્રુતહેમ નિકષ** પૂજ્ય મુનિચંદ્રસૂરિ' એ પ્રકારના વિશેષણથી ઓળખાવે છે. એટલે તે યુગમાં આ૦ મુનિચંદ્રસૂરિ શ્રુતની બાબતે સંઘમાં આધારસ્તંભ હતા.[3] તે સમયનો શ્રીસંઘ આ૦ મુનિચંદ્રસૂરિથી પ્રભાવિત હતો અને પ્રભાવનાનાં કાર્યો આ૦ મુનિચંદ્રસૂરિની અધ્યક્ષતામાં કરતો હતો.

---

૧. પટ્ટપરંપરામાં ૪૦ આ૦ મુનિચંદ્રસૂરિ, ૪૧ આ૦ માનદેવસૂરિ, ૪૨ **આ૦ યશોદેવસૂરિ**, તેમના ઉપદેશથી નાગપાલપુત્ર શેઠ શ્રીધર, તેમના પુત્ર આનંદે 'દશવૈકાલિકસૂત્રવૃત્તિ' લખાવી. (–જૈન પુ૦ પ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ ૧૦૦)

૨. આ૦ મુનિચંદ્રે સં૦ ૧૧૭૦માં 'સુહુમત્થવિયારલવ'—સૂક્ષ્માર્થ સાર્ધ-શતકની ચૂર્ણિ બનાવી છે અને આ૦ **ધનેશ્વરે** તેના ઉપર સં૦ ૧૧૭૧માં વૃત્તિની રચના કરી છે, જેમને પં૦ મુનિચંદ્ર, પં૦ વિમલચંદ્ર વગેરે શિષ્યો હતા.

૩ **આનંદસૂરિ** ગૃહસ્થાવસ્થામાં આ૦ મુનિચંદ્રસૂરિના **સગા** હતા. આ૦ **રત્નસિંહ**ના પટ્ટધર આ૦ **વિનયચંદ્રે** રચેલા '**મલ્લિનાથ ચરિત્ર**'ની પ્રશસ્તિમાં આ૦ મુનિચંદ્રને સૈદ્ધાંતિક બતાવ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક શ્રાવકે સં૦ ૧૧૪૯માં પ્રતિષ્ઠા કરાવી ત્યારે તેણે **વાદીભ આ૦ ચંદ્રપ્રભ** વગેરે મોટા આચાર્ય વિદ્યમાન હોવા છતાં આ૦ મુનિચંદ્રસૂરિને પ્રતિષ્ઠા માટે લઈ જવાની માગણી કરી. આ૦ ચંદ્રપ્રભને આમાં પોતાનું અપમાન લાગ્યું. તેથી તેમણે સાધુઓ પ્રતિષ્ઠા ન કરાવે અને પૂનમે પાખી પાળે વગેરે નવી પ્રરૂપણાવાળો 'પૂનમિયામત' ચલાવ્યો. આ૦ મુનિચંદ્રસૂરિએ 'આવસ્સયસત્તરી' બનાવી સંઘને સન્માર્ગની પ્રરૂપણા કરી.[1]

આ૦ મુનિચંદ્રસૂરિ ખંભાતથી નાગોર સુધીના પ્રદેશમાં વિચર્યા હતા. તેમના પરિવારમાં ૫૦૦ સાધુઓ હતા. ઘણી સાધ્વીઓ હતી. તેઓ સં૦ ૧૧૭૮ના કાર્તિક વદિ ૫ ના રોજ પાટણમાં સમાધિપૂર્વક કાલધર્મ પામી સ્વર્ગે સંચર્યા. તેમના શિષ્ય આ૦ **વાદિદેવસૂરિ** પોતાના પરિવાર સાથે અંબિકાદેવીની સૂચનાથી આ પ્રસંગે હાજર હતા. તેમણે તે સમયે **ગુરુવિરહવિલાપ** તથા **મુણિચંદસૂરિ** થુઈ રચ્યાં હતાં.

(–પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, પ્રબંધકોશ, શાંતિનાથ-મહાકાવ્ય-પ્રશસ્તિ, કલાવઈચરિત્ર-પ્રશસ્તિ, બૃહદ્‌ગચ્છ ગુર્વાવલી, ગુરુવિરહવિલાપ, મુણિચંદ્રસૂરિથુઈ, ગચ્છાચારપઈન્નયની વિજયવિમલીયા વૃત્તિ-પ્રશસ્તિ, ગુર્વાવલી, તપાગચ્છ-પટ્ટાવલી)

**ગ્રંથરચના—**

આ૦ મુનિચંદ્રસૂરિએ ઘણા ગ્રંથો રચ્યા છે, તેમાંથી જેનાં નામ જાણવા મળે છે તે આ પ્રકારે છે—

૧. પ્રાભાતિક સ્તુતિ, (વસંતતિલકા, શ્લો૦ ૯)

૨. અંગુલસત્તરિ, ગાથા : ૭૦ સ્વોપજ્ઞવૃત્તિ સહિત.

૩. વણસ્સઈસિત્તરિ, ગાથા : ૭૦

---

૩. આ૦ **માણભદ્રે** સં૦ ૧૩૮૪માં 'કલાવઇચરિયં' રચ્યું છે તેમાં આ૦ મુનિચંદ્રને સૈદ્ધાંતિક બતાવ્યા છે. તેમના જ પ્રપટ્ટધર આ૦ મુનિભદ્ર પણ આ૦ મુનિચંદ્રને સં૦ ૧૪૧૦માં રચેલા 'શાંતિનાથ–મહાકાવ્ય'માં જણાવે છે કે—सन्मार्गं प्रकटीचकार भगवान् यो जीवमैत्रीं श्रयन् ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪. આવસ્સયસત્તરિ, ગાથા : ૭૦
૫. ઉવએસપંચાસિયા, ગાથા : ૫૦
૬. મોક્ષોપદેશ પંચાશક, શ્ર૦ ૫૧
૭. ઉવએસ પંચવીસિયા, ગાથા : ૨૫, જેમાં દયા વગેરેનું સ્વરૂપ છે.
૮. હિયોવએસ, ગાથા : ૨૫
૯. વિસયનિંદા કુલયં, ગાથા : ૨૫
૧૦. સામણ્ણગુણોવએસ, ગાથા : ૨૫ (સામાન્ય ગુણોપદેશ કુલક)
૧૧. અણુસાસણંકુસં, ગાથા : ૨૫
૧૨. ઉવએસામયં, ગાથા : ૩૨, જેનો આરંભ–वरहेमसमसरीरो થી થાય છે. ઉવએસામયં બિઇયં કુલકં.
૧૩. સોગહરોવએસ, ગાથા : ૩૩
૧૪. રયણત્તયકુલયં, ગાથા : ૩૧
૧૫. બારસવયં અથવા **સાવયવયસંખેવો**, ગાથા : ૯૪, સં૦ ૧૧૮૬ આષાઢ સુદિ ૩ ને સોમવારના દિવસે રચના થઈ છે.
૧૬. કાલસયગં, ગાથા : ૧૦૦
૧૭. તિત્થમાલાથયં, ગાથા : ૧૧૨
૧૮. પર્યુષણાપર્વવિચાર, શ્લોક : ૧૨૫, જેના આધારે ‘ પર્યુષણાદિ-વિચાર’ લખાયો છે.

(જૂઓ, ભાંડારકર ઓરિયંટલ રિચર્સ ઈન્સ્ટીટ્યૂટ, જૈનવિભાગ પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, નં૦ ૫૬)

૧૯. ગાહાકોસો (રસાઉલ ગાથા : ૩૦૪)
૨૦. પ્રશ્નાવલી.
૨૧. સમ્મત્તુપાયવિહિ, ગાથા : ૨૯
૨૨. સુહુમત્થવિયારલવ, (અપ્રાપ્ય) પ્ર૦ : ૧૫૦ ની ચૂર્ણિ, સં૦ ૧૧૭૦માં આ૦ ધનેશ્વરસૂરિએ તેની વૃત્તિ રચી. (જેમને પં૦ મુનિચંદ્ર, પં૦ વિમલચંદ્ર નામે શિષ્યો હતા.)
૨૩. ઉવએસપદ (ઉપદેશપદસુખ સંબોધિની ટીકા) ગ્રંથાગ્ર : ૧૪૦૦૦,

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સં૦ ૧૧૭૧ નાગોરથી પાટણ આ ગ્રંથમાં પં૦ રામચંદ્રગણિએ સહાય કરી હતી.

૨૪. કમ્મપયડી ટિપ્પન, ગ્રં૦ : ૧૯૫૦ (કર્મપ્રકૃતિ-વિશેષવૃત્તિ)
૨૫. ધર્મબિંદુવિવૃતિ, ગ્રં૦ : ૩૦૦૦, સં૦ ૧૧૮૧.
૨૬. **યોગબિંદુવૃત્તિ, (?)**
૨૭. લલિતવિસ્તરાપંજિકા, ગ્રં૦ : ૧૮૦૦.
૨૮. અનેકાંતજયપતાકોદ્દ્યોતદીપિકા—ટિપ્પનકમ્
૨૯. શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન, શ્લો૦ ૧૦.
૩૦. કલિકુંડપાર્શ્વનાથ સ્તવન, શ્લો૦ ૧૦. ઉદયપ્રભસૂરિ-રચિત પ્રવચનસારોદ્ધાર—વિષમપદપર્યાયનું સંશોધન કર્યું.

(જુઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૪૫)

**આ૦ મુનિચંદ્રસૂરિવરો—**

આ નામના ઘણા જૈનાચાર્યો થયા છે તે આ પ્રમાણે—

૧. વડગચ્છપ્રતિષ્ઠાપક આ૦ ઉદ્દ્યોતનના શિષ્ય (આ૦ યશોદેવના મોટાભાઈ સં૦ ૧૧૭૮. (પ્રક૦ ૩૫, પૃ૦ ૭૧)
૨. સુવિહિત આ૦ આમ્રદેવના શિષ્ય તથા આ૦ શાંતિચંદ્રના પટ્ટધર શ્રુતહેમનિકષપટ્ટ વિશેષણવાળા (પ્રક૦ ૩૬, પૃ૦ ૨૨૫)
૩. વડગચ્છના સૈદ્ધાંતિક ૪૦મા પટ્ટધર આચાર્ય સ્વ૦ સં૦ ૧૧૭૮.
૪. વડગચ્છના આચાર્ય ધનેશ્વરસૂરિના શિષ્ય.
૫. મલધારગચ્છના આ૦ ચંદ્રસૂરિના પટ્ટધર સં૦ ૧૨૫૦.

(પ્ર૦ ૩૮, પૃ૦ ૩૩૪)

૬. સં૦ ૧૩૧૮ માં થયેલા આચાર્ય, તેમણે નાગાનંદકાવ્ય, તથા 'નૈષધીયકાવ્યટીકાસાર' ગ્રં૦ : ૧૨૦૦ ની રચના કરી છે.
૭. પુનમિયાગચ્છના આ૦ ચારિત્રચંદ્રના પટ્ટધર સં૦ ૧૫૭૮.
૮. 'मद्गुरुर्नो परिपृच्छतो दमुदिता'વાળી પ્રશ્નાવલી શ્લો૦ ૧૫ ની રચના કરી છે તે.
૯. પિપ્પલકગચ્છના આ૦ શાંતિભદ્રના શિષ્ય સં૦ ૧૨૧૧

(પ્રક૦ ૩૭, પૃ૦ ૨૭૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૦. રાજગચ્છના આ૦ સિદ્ધસેન, આ૦ ધર્મઘોષના પટ્ટધરો. (પ્રક૦ ૩૫, પૃ૦ ૨૯, ૩૬)

૧૧. પાયચંદગચ્છના ભટ્ટારક, સ્વર્ગવાસ સં૦ ૧૭૫૦. (પ્ર૦ ૪૧)

**આ૦ દેવપ્રભસૂરિ—**

તેઓ આ૦ વિજયચંદ્રસૂરિના શિષ્ય આ૦ યશોભદ્રના શિષ્ય હતા. આ૦ મુનિચંદ્ર હસ્તક તેઓ આચાર્યપદ પામ્યા હતા.

આ સમયમાં એક ધર્કટગોત્રીય **જાવડ** નામે શેઠ હતો. તેમને ત્રણ પત્નીઓ હતી. બીજી પત્ની સર્વદેવીથી તેને ૧. દેવનાગ અને ૨. ઉજ્જિજલ નામે બે પુત્રો થયા. આ આખુંયે કુટુંબ સત્યનું અનુરાગી અને વિધિનું પક્ષપાતી હતું. ઉજ્જિજલે આ૦ **જિનવલ્લભસૂરિ** (સ્વ૦ સં૦ ૧૧૬૭) પાસે સમ્યક્ત્વધર્મ સ્વીકાર્યો. તે સાધુભક્ત, સત્યવાદી, આગમશ્રોતા, બોધવાળો, દાની અને જિનેંદ્રભક્ત હતો. તેણે ભ૦ નેમિનાથ પ્રભુનું દેરાસર બંધાવ્યું. તેને ઉત્તમચારિત્રપાત્ર, ગીતાર્થ-ચૂડામણિ, વિદ્યાના ભંડાર, પુણ્યપ્રભાવક **આ૦ મુનિચંદ્રસૂરિ** પાસે દીક્ષા લેવાની ભાવના હતી પણ તે એકાએક સ્વર્ગવાસી થયો. તેને લક્ષ્મી નામે પત્ની હતી. તેનાથી તેને છ પુત્રો થયા. ત્રીજા પુત્ર રામદેવને **મહેંદ્ર** નામે પુત્ર હતો. મહેંદ્રની પત્ની રાજ્યશ્રીએ આ૦ **દેવચંદ્રસૂરિએ** રચેલું 'શાંતિનાથચરિત્ર' લખાવી આ૦ દેવપ્રભસૂરિને વહોરાવ્યું હતું. (જૂઓ, જૈન પુસ્તક પ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ : ૫૧)

**૩૭. આ૦ જિનેશ્વરસૂરિ—**

તે વડગચ્છની સુવિહિત પરંપરાના આચાર્ય હતા. સં૦ ૧૦૮૦. (જૂઓ, પ્રક૦ ૩૬, પૃ૦ ૨૧૧)

**૩૮. આ૦ જિનવલ્લભસૂરિ—**

વિક્રમની બારમી શતાબ્દીમાં જૈન સંઘમાં ચૈત્યવાસીઓની પ્રધાનતા હતી. તેઓ વિદ્વાન શક્તિસંપન્ન અને જૈનધર્મના રાગી હતા. ધર્મની રક્ષા તથા તેના ઉત્થાનમાં તત્પર રહેતા હતા પણ તેઓ આચારથી શિથિલ રહેતા. ખરતરગચ્છની પટ્ટાવલીઓમાં ચૈત્યવાસીઓનો ચૈત્યવાસી, મૃદુપક્ષીય, કૌમલ્ય, કંવલા વગેરે નામોથી પરિચય મળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓની જુદા જુદા નગરોમાં મુખ્ય ગાદીઓ હતી. ચિત્તોડના ચૈત્યવાસી મઠની એક શાખા કૂર્ચપુર (કૂચેરા—મારવાડ)માં હતી. આસીકાદુર્ગનિવાસી આ૦ જિનચંદ્ર (જિનેશ્વર) તેના અધ્યક્ષ હતા. તેમને **જિનવલ્લભ** નામે શિષ્ય હતો, જે ૫૦૦ દ્રમ્મથી લીધેલો. ગુરુએ તેને વ્યાકરણ, કાવ્ય, ન્યાય વગેરે શાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો હતો. સર્પાકર્ષણી, સર્પમોચિની વિદ્યાઓ આપી **વાચનાચાર્ય** પદ આપ્યું. તેને તથા **જિનશેખરને** આગમ ભણવા માટે પાટણમાં આ૦ **અભયદેવસૂરિ** પાસે મોકલ્યા. અહીં તે બંનેને વિવેકપૂર્વક જિનાગમ ભણતાં સાચા માર્ગનું સાચું જ્ઞાન થયું. તેમણે જ્યોતિષનું જ્ઞાન પણ મેળવ્યું. અંતે તે ગુરુની આજ્ઞા મેળવી વડગચ્છની સંવેગી શાખાના આ૦ વર્ધમાનસૂરિના પટ્ટધર પરમસંવેગી **આ૦ જિનેશ્વરના શ્રીજિનવલ્લભ** નામે શિષ્ય બન્યા. તેઓ પોતાને તથા સમકાલીન લેખકો તેમને આ૦ **જિનેશ્વરના શિષ્ય** તથા આ૦ અભયદેવસૂરિના **વિદ્યાશિષ્ય** બતાવે છે.[1]

[1] ખરતરગચ્છની પટ્ટાવલીના રચયિતા પં૦ જિનવલ્લભગણિને આ૦ અભયદેવસૂરિના શિષ્ય બતાવે છે તે તો માત્ર કલ્પના જ છે. વાસ્તવમાં તેઓ આ૦ જિનેશ્વરસૂરિના જ શિષ્ય હતા.

अ પં૦ નેમિકુમાર પોરવાલ 'આવસ્સયવિસેસભાસ'ની પુષ્પિકામાં લખે છે કે—

लिखितं पुस्तकं चेदं नेमिकुमारसंज्ञिना ।
प्राग्वाटकुलजातेन शुद्धाक्षरविलेखिना ॥

सं० ११३८ पोष वदि ७॥ कोटयाचार्यकृता टीका समाप्तेति । ग्रन्थाग्रमस्यां त्रयोदशसहस्राणि सप्तशताधिकानि ॥ १३७०० ॥ पुस्तकं चेदं विश्रुतश्रीजिनेश्वरसूरिशिष्यस्य जिनवल्लभगणेरिति ॥

**पुष्पिका**—विस्फूर्जितं यस्य गुणैरुपात्तैः शाखायितं शिष्यपरम्पराभिः ।
पुष्पायितं यद्यशसा स सूरिर्जिनेश्वरोऽभूद् भुवि कल्पवृक्षः ॥४॥

शाखाप्ररोह इव तस्य विवृद्धशुद्ध-
बुद्धिच्छदप्रचयवञ्चितजात्यतापः ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે ચૈત્યવાસીઓ સામે મોટી ઝુંબેશ ઉઠાવી હતી. ચિત્તોડ જઈને **ચંડિકાદેવી**ની સાધના કરી હતી. 'વૃદ્ધાચાર્યપ્રબંધાવલી'માં જણાવ્યું છે કે, તેમણે **ચંડિકા**ના નામથી પોતાનો ગચ્છ ચલાવ્યો હતો. વાગડમાં ૯૧૦૦૦૦ ઘરોના માણસોને નવા જૈન બનાવ્યા હતા. એક શ્રીમાલી જ્ઞાતિનો સાધારણ નામનો શ્રાવક નિર્ધન હતો તેને પરિગ્રહપરિમાણનું મોટું વ્રત કરાવ્યું તેથી તે ધનવાન બની ગયો. તેણે ચિત્તોડમાં ભ૦ મહાવીરસ્વામીનું નવું દેરાસર બંધાવ્યું. માળવાનો **રાજા નરવર્મ** આચાર્યશ્રીને ખૂબ માનતો હતો. (જયંતવિજય-કાવ્ય)

આ૦ **અભયદેવસૂરિ** એ સમયે જૈન સિદ્ધાંતોના પારગામી વિદ્વાન હતા. ચૈત્યવાસી અને સંવેગી બધાયે આચાર્યો તેમને માનતા હતા. આવી સમર્થ શક્તિવાળાની પાટે બેસવાને સૌ કોઈ ઇચ્છે એ સ્વાભાવિક હતું. (જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૨૧૬)

આ૦ અભયદેવસૂરિની પાટે આ૦ પ્રસન્નચંદ્રસૂરિ તથા આ૦ વર્ધમાનસૂરિ (સં૦ ૧૧૭૨) આવ્યા. જિનવલ્લભગણિ પણ તેમની પાટે બેસવાને ઉત્સુક હશે પણ તે શક્ય નહોતું. તેમની આચાર્યપદવીનો પ્રશ્ન આ૦ અભયદેવસૂરિના સ્વર્ગગમન પછી ઘણા વર્ષે ઊઠ્યો પણ ચતુર્વિધ

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

---

शिष्योऽस्ति शास्त्रकृतधीर्जिनवल्लभाख्यः

सद्दृयेन यस्य विगुणोऽपि जनो गुणी स्यात् ॥५॥

(–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ પ્ર૦ ૧; જૈન લિટરેચર ઍન્ડ ફિલોસોફી, પુ૦ નં૦ ૧૧૦૬ની પુષ્પિકા; ભાંડારકર ઓરિયંટલ રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટ પૂના–પ્રકાશિતપ્રશસ્તિસંગ્રહ, ભ૦ ૩જો, જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ, પારા : ૨૧૯)

आ ब्रूहि श्रीजिनवल्लभस्तुतिपदं कीदृग्विधाः के सताम् ॥१५९॥

अवचूरिः—मद्गुरवो-ऽजिनं-ऽश्व-रस-ऊ-रयः। मद्गुरवो जिनेश्वरसूरयः।

(—પ્રશ્નોત્તર ષષ્ટિશતક)

इ लोकार्च्यकूर्चपुरगच्छमहाघनोत्थ-

मुक्ताफलोज्ज्वलजिनेश्वरसूरिशिष्यः।

प्राप्तः प्रथां गणिर्जिनवल्लभोऽत्र,

यस्योपसंपदमवाप्य ततः श्रुतं च ॥  (–अष्टसप्ततिका)

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

સંઘે તેમને 'આ પારકા છે, કોમલ પક્ષના છે' વગેરે જણાવી આચાર્યપદ આપવાનો વિરોધ કર્યો પરંતુ સુવિહિત **આ૦ દેવભદ્રે** આવા શક્તિસંપન્ન સાધુને બીજે જવા ન દેવાના વિચારથી અને દીર્ઘદૃષ્ટિએ જોઈને (હિંદી) સં૦ ૧૧૬૭ના અષાઢ સુદિ ૬ ના દિવસે ચિત્તોડમાં તેમને **આચાર્યપદ** આપ્યું. 'વૃદ્ધાચાર્ય પટ્ટાવલી' માં તો આ૦ અભયદેવસૂરિએ પોતે જ સં૦ ૧૧૬૭માં તેમને આચાર્ય-પદવી આપી એમ જણાવ્યું છે.

ચિત્તોડનાં દેરાસરો ચૈત્યવાસીઓના તાબામાં હતાં. આ૦ **જિન-વલ્લભસૂરિને** કલ્યાણકોના દિવસોમાં તેમાં પ્રવેશ મળતો નહોતો, પરંતુ તેમાં પ્રવેશ કરવો જરૂરી હતો આથી **આ૦ જિનવલ્લભે** ભાદરવા વદિ ૧૦ ના રોજ ભ૦ મહાવીરસ્વામીની **ગર્ભાપહારતિથિને** કલ્યાણક તરીકે જાહેર કરી, ભ૦ મહાવીરના દેરાસરમાં પ્રવેશ કર્યો. આમ દેરાસરમાં પ્રવેશ કરવામાં સફળતા મળી પણ તેમણે **છઠ્ઠું કલ્યાણક** ચલાવી તીર્થંકરોનાં પાંચને બદલે ૭ કલ્યાણકોની પ્રરૂપણા કરી. આથી તેમનો **ગચ્છ** જુદો થયો.[1]

जैन साईट JAINSITE .com

તે સમયે જૈન શ્રમણોમાં આ૦ જિનવલ્લભનું સ્થાન ઊંચું હતું. તેમના ગ્રંથો પણ માન્ય લેખાતા હતા પરંતુ છઠ્ઠા કલ્યાણકની પ્રરૂપણા કર્યા પછી તેમાં તફાવત પડી ગયો. આ૦ **જિનદત્તસૂરિએ** 'ઉપદેશરસાયન' ગાથા : ૨૧ માં સંઘબાહ્યનો કટાક્ષ કર્યો છે તે ઉપર્યુક્ત ઘટનાનું સૂચક છે.

આચાર્ય જિનવલ્લભસૂરિ તે દિવસથી જૈનધર્મના સેવકને બદલે

૧. આ૦ મહેન્દ્રસૂરિ સં૦ ૧૨૯૪ માં લખી જણાવે છે કે, આ૦ જિનવલ્લભે છઠ્ઠું કલ્યાણક સ્થાપન કર્યું. એકહરી મુહપત્તિ કરાવી અને ચૈત્યવાસીઓની નિંદા કરી 'સંઘપટ્ટક'માં તેમણે જિનપ્રતિમાને બિડિશ તથા પિશિતની ઉપમા આપી અને વાંદણાના કરપરાવર્ત કરાવ્યા. (શતપદી-પદ : ૧૦૭)

આ૦ મેરુતુંગસૂરિએ સં૦ ૧૪૩૮ની **વિચારશ્રેણિમાં** સં૦ ૧૧૪૪માં ખરતરમતની ઉત્પત્તિ બતાવી છે. સંભવ છે કે આ સાલ કલ્યાણક પ્રરૂપણાની હોય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક સ્વતંત્ર ગચ્છના પ્રતિષ્ઠાપક બની ગયા. તેમની શિષ્યપરંપરામાંથી મધુકરગચ્છ, ખરતરગચ્છ અને રુદ્રપલ્લીયગચ્છો નીકળ્યા. એ જ કારણે તે ગચ્છોની સામાચારીઓ ભિન્ન ભિન્ન મળે છે.

આ૦ જિનવલ્લભસૂરિ આચાર્ય થયા પછી માત્ર ૭ મહિના જીવ્યા હતા. સં૦ ૧૧૬૭ના કાર્તિક વદિ ૧૨ ના રોજ કાલધર્મ પામ્યા હતા. 'વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી'માં લખ્યું છે કે, તેઓ સ્વર્ગે ગયા ત્યારે એ ગચ્છમાં આઠ આચાર્યો હતા.

આ૦ જિનવલ્લભસૂરિએ ગણિપદ અને આચાર્યપદ મળ્યા પછી ઘણા ગ્રંથોની રચના કરી હતી.

૧. પિંડવિસોહિપગરણ, સં૦ ૧૧૪૪.
૨. સૂક્ષ્માર્થસિદ્ધાંતવિચાર (સાર્ધશતક), ગાથા : ૧૫૦.
૩. ષડશીતિ-આગમિકવસ્તુવિચાર.
૪. પોસહવિધિપ્રકરણ, શ્લો૦ ૪૦ (જેમાં પ્રથમ ઇરિયાવહી પડિક્કમીને પોસહ લેવાનું વિધાન છે.)
૫. સંઘપટ્ટક.
૬. પ્રતિક્રમણ સામાચારી.
૭. ધર્મશિક્ષા.
૮. ધર્મોપદેશ—દ્વાદશકુલકસંગ્રહ.
૯. પ્રશ્નોત્તર ષષ્ટિશતક, શ્લો૦ ૧૬૦.
૧૦. શૃંગારશતક.
૧૧. સ્વપ્નાષ્ટકવિચારસંગ્રહ.
૧૨. ચિત્રકાવ્ય.
૧૩. લઘુ-અજિતશાંતિસ્તવ.
૧૪. ભાવારિવારણસ્તોત્ર.
૧૫. પંચકલ્યાણકસ્તોત્ર, ગાથા : ૨૬.
૧૬. જિનસ્તોત્ર.
૧૭. પાર્શ્વસ્તોત્ર, શ્લો૦ ૯
૧૮. વીરસ્તવ.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૯. સ્તોત્રો.

૨૦. અષ્ટસપ્તતિકા.

૨૧. પાસણાહશુત્તં, ગાથા : ૨૨.

આ૦ જિનવલ્લભે ચિત્તોડ, નાગોર, નરવર અને મરુપુરમાં સં૦ ૧૧૬૪ માં અષ્ટસપ્તતિકા, સંઘપટ્ટક તથા ધર્મશિક્ષા આદિ ગ્રંથો શિલાપટ્ટમાં ખોદાવ્યા હતા. તેમણે સં૦ ૧૧૨૫ માં આ૦ જિનચંદ્રસૂરિએ રચેલી 'સંવેગરંગશાલા'નું સંશોધન કર્યું હતું.

**પિંડવિસોહિપગરણ** (રચના સં૦ ૧૧૪૪)-તેના ઉપર સં૦ ૧૧૭૬ માં ચંદ્રકુલના **આ૦ યશોદેવે** વિવરણ રચ્યું છે. સં૦ ૧૧૯૨ માં કચ્છુલીવાલગચ્છના **આ૦ ઉદયસૂરિએ** દીપિકા રચી છે. પલ્લીવાલગચ્છના **આ૦ અજિતસિંહે** દીપિકા રચી અને બીજા આચાર્યોએ અવચૂરિકા, પંજિકા રચી છે. વિક્રમની સોળમી સદીમાં તપાગચ્છીય **પં૦ સંવેગદેવે** બાલાવબોધ રચ્યો હોવાનું જાણવા મળે છે.

સૂક્ષ્માર્થ સિદ્ધાંતવિચાર (કર્મગ્રંથ ગાથા : ૧૫૦) તેના ઉપર ભાષ્ય રચાયું છે. સં૦ ૧૧૭૦માં **આ૦ મુનિચંદ્રે** ચૂર્ણિ રચી, સં૦ ૧૧૭૧માં ચંદ્રકુલના **આ૦ ધનેશ્વરસૂરિએ** વૃત્તિ રચી. આ૦ જિનવલ્લભસૂરિશિષ્ય **આ૦ રામદેવે** વિવરણ રચ્યું અને આ૦ ચક્રેશ્વરે ટિપ્પણ બનાવ્યાં છે.

ષડશીતિ-આગમિકવસ્તુવિચાર (ગાથા : ૮૬), તેની ઉપર આ૦ મુનિચંદ્રે સં૦ ૧૧૭૦ માં ચૂર્ણિ રચી. સં૦ ૧૧૭૩ માં આ૦ જિનવલ્લભશિષ્ય આ૦ રામદેવે ટિપ્પણ રચ્યું. સં૦ ૧૧૭૬ માં ચંદ્રકુલના આ૦ યશોદેવે વિવરણ રચ્યું. સુવિહિત વડગચ્છીય આ૦ હરિભદ્રે વૃત્તિ (ગ્રં૦ : ૮૫૦) રચી. નિર્વૃતિકુલના આ૦ મલયગિરિએ વૃત્તિ રચી અને ઉપા૦ મેરુપ્રભે પણ વૃત્તિ વગેરેની રચના કરેલી છે.

પોસહવિધિ (શ્લો૦ ૪૦), જેમાં પ્રથમ ઇરિયાવહી પડિક્કમીને પછી પોસહ લેવાનું વિધાન છે. તેની ઉપર સં૦ ૧૬૧૭ માં **આ૦ જિનચંદ્રે** વૃત્તિ બનાવી.

**સંઘપટ્ટક** ઉપર (સં૦ ૧૨૨૩ થી ૧૨૭૮માં ) આ૦ જિનપતિ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ બૃહદ્વૃત્તિ બનાવી. ઉપા૦ **હર્ષરાજે** લઘુવૃત્તિ રચી, સં૦ ૧૫૧૩ માં શેઠ વીરદાસના પુત્ર શેઠ હમીરના પુત્ર પં૦ લક્ષ્મીસેને લઘુવૃત્તિ રચી. સં૦ ૧૬૧૯ માં **પં૦ સાધુકીર્તિએ** અવચૂરિની રચના કરી.

'દ્વાદશકુલક' ઉપર સં૦ ૧૨૯૩ માં **ઉપા૦ જિનપાલે** વૃત્તિ રચી છે. તેમણે સ્વપ્નાષ્ટક ઉપર સં૦ ૧૨૯૨ માં ભાષ્ય રચ્યું છે.

પ્રશ્નોત્તરશતક ઉપર સં૦ ૧૪૮૩ માં તપાગચ્છીય આ૦ **સોમસુંદરસૂરિશિષ્ય**..........ટીકા રચી છે. સં૦ ૧૬૪૦ માં ઉપા૦ પુણ્યસાગરે વૃત્તિ રચી છે.

સ્તોત્રો ઉપર જુદા જુદા વિદ્વાનોએ વૃત્તિઓ બનાવી છે.

આ રીતે આ૦ જિનવલ્લભસૂરિના ગ્રંથો પ્રતિષ્ઠા પામ્યા હતા.

તેમના શિષ્ય પં૦ રામદેવગણિએ સં૦ ૧૧૭૩ લગભગમાં 'ષડશીતિ'નું ટિપ્પન, 'સત્તરિ'નું ટિપ્પન તથા 'સિદ્ધાંતવિચાર'નું પ્રાકૃત વિવરણ રચ્યું છે.[1]

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

પં૦ નેમિકુમાર પોરવાલે સં૦ ૧૧૩૮ માં પં૦ જિનવલ્લભગણિ માટે કોટ્યાચાર્યના 'આવસ્સયભાષ્ય' ઉપરની ટીકા લખેલી છે અને નેમિચંદ્ર ભાંડાગારિકે 'સટ્ઠિસયપગરણ' બનાવ્યું છે તથા સં૦ ૧૨૪૫માં જૂની ગુજરાતીમાં આ૦ જિનવલ્લભસૂરિનું ગીત બનાવ્યું છે. નેમિકુમાર અને નેમિચંદ્ર ભાંડાગારિક એ બંને જુદી જુદી વ્યક્તિઓ છે. નેમિકુમારે વિશેષભાસની અંતે જોડેલી પુષ્પિકાથી આ૦ જિનવલ્લભના ગુરુનો નિર્ણય થઈ જાય છે અને તેમની ઉમ્મરનો અંદાજ પણ મળી રહે છે.

---

૧. આ૦ મહેન્દ્રસૂરિ લખે છે કે, ષડશીતિના ટિપ્પણમાં અનાયતનની ચર્ચા છે. પરંતુ પ્રતિમામાં મારા-તારાનો ભેદ રાખવો એ સર્વજ્ઞની અભક્તિ છે. અરિહંતને પરાયા માનવાથી પથ્થર અને પિત્તલ જ પોતાનાં રહે છે. ગુરુનો પક્ષપાત છોડી જાય છે. ચૈત્યમાં વિઘ્ન નાખવાથી મહામિથ્યાત્વ લાગે છે. ગ્રંથિભેદનો અસંભવ થઈ જાય છે વગેરે વગેરે. (–શતપદી પદ : ૧૦૭)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મધુકરગચ્છ–રુદ્રપલ્લીગચ્છ—**

આ૦ જિનવલ્લભસૂરિની પટ્ટાવલી નીચે મુજબ મળે છે, જેનું નામ **મધુકરગચ્છ** હતું અને ૪૨ નંબરના આ૦ **અભયદેવસૂરિ પછી** તેનું બીજું નામ **રુદ્રપલ્લીય** (રુદેલીયા) ગચ્છ પડ્યું.

ગ્રંથપુષ્પિકાઓ સ્પષ્ટ નિર્ણય આપે છે કે, ગંગા નદીના દક્ષિણ કિનારે વડહર દેશમાં રુદ્રપલ્લી નગર[1] આવેલું હતું. તેમાં સં૦ ૧૨૦૭, ૧૨૦૮ માં **ગોવિંદદેવ** નામે રાજા હતો.

**૩૮. આ૦ જિનવલ્લભસૂરિ**—તેમના ચૈત્યવાસી ગુરુ તથા સંવેગી ગુરુ એ બંનેનાં નામો 'જિન' શબ્દથી શરૂ થાય છે, તેથી આચાર્ય થયા પછી આ૦ વલ્લભસૂરિના નામમાં પણ 'જિન' શબ્દ ગોઠવવામાં આવ્યો અને તેમના પટ્ટધરોમાં પણ જિન શબ્દ કાયમી બની ગયો.

**૩૯. આ૦ જિનશેખરસૂરિ**—તેઓ પણ કૂર્ચપુરીય ચૈત્યવાસી આ૦ જિનેશ્વરસૂરિના શિષ્ય હતા. તે ગુરુની આજ્ઞાથી પં૦ જિન-વલ્લભગણિની સાથે જ આ૦ **અભયદેવસૂરિ** પાસે સિદ્ધાંત ભણવા આવ્યા હતા અને સંવેગી થતાં આ૦ જિનવલ્લભના શિષ્ય બન્યા હતા. તેઓ આ૦ જિનવલ્લભની પાટે આવ્યા. તેમણે સમ્યક્ત્વસપ્તતિ, શીલતરંગિણી, પ્રશ્નોત્તરરત્નમાલાની વૃત્તિ વગેરે ગ્રંથોની રચના કરી છે. તેઓ ખરતરગચ્છની સામાચારીને માનતા નહોતા.

---

1. कातन्त्रोत्तरापरनाम-विद्यानन्द [व्याकरण] सं० १२०८

इति विजयानन्दविरचिते कातन्त्रोत्तरे विद्यानन्दापरनाम्नि तद्धितप्रकरणं समाप्तम् ॥ (पाटण, खेतरवसहीपाटकावस्थितभाण्डागार)

दिनकर-शतमिति संख्येऽष्टाधिकाब्दयुक्ते श्रीमद्गोविन्दचन्द्रदेवराज्ये जाह्नव्या दक्षिणकूले श्रीमद्विजयचन्द्रदेवे वडहरभुज्यमाने श्रीनामदेवदत्तजह्मपुरीदिग्विभागे पुरराहपुरस्थितिपौषमासे षष्ठ्यां तिथौ शौरिदिने वणिग्जल्हणेनात्मजस्यार्थे तद्धितविजयानन्दं लिखितमिति यथा दृष्टं तथा लिखितम्, शुभं भवतु । पं० विजयानन्दकृतं कातन्त्रसंबन्धिकारक-समास-तद्धितपादपञ्जिकायाः कातन्त्रोत्तरः ॥

(–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ : ૬૨, ૬૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪૦. **આ૦ પદ્મચંદ્રસૂરિ**—સંભવ છે કે તેમના સમયે સં૦ ૧૨૦૪ માં 'મધુકર' અને 'ખરતર' એમ બે ગચ્છો જુદા પડ્યા હોય.

૪૧. **આ૦ વિજયસિંહસૂરિ**—તેમનાં બીજાં નામો આ૦ વિજયચંદ્ર અને આ૦ વિજયેન્દુ પણ મળે છે.

૪૨. **આ૦ અભયદેવસૂરિ**—તેમણે કાશીની રાજસભામાં મોટા વાદીને હરાવ્યો, તેથી કાશીરાજે તેમને 'વાદિસિંહ'નું બિરુદ આપ્યું હતું. તેમણે સં૦ ૧૨૭૮ માં શ્રીઅંકિત 'જયંતવિજયમહાકાવ્ય' બનાવ્યું છે. તેમનાથી મધુકરગચ્છનું **રુદ્રપલ્લીયગચ્છ** એવું બીજું નામ પડ્યું.

રુદ્રપલ્લીય આ૦ સિદ્ધતિલકસૂરિ લખે છે કે—

पट्टे तदीयेऽभयदेवसूरिरासीद् द्वितीयोऽपि गुणाद्वितीयः ।
जातो यतोऽयं जयतीह रुद्रपल्लीयगच्छः सुतरामतुच्छः ॥ [१]

(—સમ્યક્ત્વસપ્તતિવૃત્તિ-પ્રશસ્તિ)

**આ૦ દેવેન્દ્રસૂરિ** સ્પષ્ટ જણાવે છે કે—

यस्मादासीदसीमप्रशममुखगुणैरद्वितीयो वरेण्यः
षट्तर्कग्रन्थवेत्ताऽभयपदपुरतो देवनामा मुनीन्द्रः ।
यस्मात् प्रालेयशैलादिव भुवनजनव्रातपावित्र्यहेतु-
र्जज्ञे गङ्गप्रवाहः स्फुटदुरुकमलो **रुद्रपल्लीयगच्छः** ॥

(—પ્રશ્નોત્તરરત્નમાલિકા-વૃત્તિ)

---

૧. ખરતરગચ્છની સં૦ ૧૫૮૨ની 'પદ્ય-પટ્ટાવલી'માં સં૦ ૧૧૬૯ માં અને ગદ્ય-પટ્ટાવલીઓમાં સં૦ ૧૨૦૪–૧૨૦૫માં આ૦ જિનશેખરથી રુદ્રપલ્લીયગચ્છની ઉત્પત્તિ બતાવી છે. પરંતુ રુદ્રપલ્લીયગચ્છના આચાર્યના ઉક્ત ઉલ્લેખથી પટ્ટાવલીઓનું કથન નિરાધાર બની જાય છે. એટલે સં૦ ૧૧૬૯માં મધુકર, સં૦ ૧૨૦૪ માં ખરતર અને તે પછી રુદ્રપલ્લીયગચ્છ ઉત્પન્ન થયો એ યુક્તિસંગત લાગે છે. એ પણ પ્રતીતિકર વાત છે કે રુદ્રપલ્લીયગચ્છના આચાર્યો પોતાના નામ સાથે પૂર્વમાં 'જિન' શબ્દ જોડતા નથી. આ બધાં કારણોથી રુદ્રપલ્લીયગચ્છ તેમજ ખરતરગચ્છ બંને જુદા જુદા ગચ્છો છે. એ બંનેની સામાચારી ભિન્ન ભિન્ન છે.

JAINSITE.com जैन शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪૩. **આ૦ દેવભદ્રસૂરિ** (સં૦ ૧૩૦૨)—આ૦ દેવપ્રભના શિષ્ય આ૦ કમલપ્રભે જિનપ્રભસ્તોત્ર રચ્યું.

૪૪. **આ૦ પ્રભાનંદસૂરિ**—તેમની પાટે આ૦ મહાનંદ, આ૦ ચંદ્ર, આ૦ વિમલચંદ્ર, આ૦ ગુણશેખર વગેરે ઘણા આચાર્યો થયા હતા. તે પછી આ ગચ્છની ઉત્તરોત્તર વૃદ્ધિ થઈ. આ૦ ચંદ્રની પાટે **આ૦ જિનભદ્રસૂરિ** થયા હતા.

૪૫. **આ૦ સંઘતિલકસૂરિ**—તેમનું બીજું નામ આ૦ જગતતિલક પણ મળે છે. તેમણે સં૦ ૧૪૨૨ માં 'સમ્યક્ત્વસપ્તતિ'ની વૃત્તિ રચી છે. તેમની પાટે ત્રણ આચાર્યો થયા.

(૧) **આ૦ સોમતિલકસૂરિ**—તેમણે સં૦ ૧૩૯૨ માં આ૦ **જયકીર્તિરચિત** 'શીલોપદેશમાલા' ઉપર શીલતરંગિણીવૃત્તિ, વીરકલ્પ, ષટ્દર્શનસૂત્ર-ટીકા, લઘુસ્તવ-ટીકા, **કુમારપાલદેવચરિત** (પ્ર૦ : ૭૪૦)ની રચના કરી છે. તેમની પાટે આ૦ **હેમચંદ્રસૂરિ** આવ્યા.

(૨) આ૦ દેવેન્દ્રસૂરિ—તેમણે વિમલચંદ્રની 'પ્રશ્નોત્તરમાલિકા' ઉપર વૃત્તિ, દાનોપદેશમાલા, તેની સ્વોપજ્ઞ ટીકા અને મુનિ **હેમચંદ્રની** વિનતિથી ત્રિંશત્ચતુર્વિંશતિનાં ૧૦ સ્તવનોની રચના કરી છે.

૪૬. (૩) **આ૦ ગુણચંદ્રસૂરિ**—તેમનું બીજું નામ ગુણપ્રભ હોવાનું પણ જણાય છે. તેઓ સં૦ ૧૪૧૫માં વિદ્યમાન હતા. તેમના શિષ્ય **મુનિ ગુણાકરે** સં૦ ૧૪૨૬ માં આ૦ અભયદેવસૂરિના રાજ્યમાં 'ભક્તામરસ્તોત્ર-વૃત્તિ' રચી. આ૦ ગુણપ્રભના સં૦ ૧૪૧૦, ૧૪૧૫ ના પ્રતિમાલેખો મળી આવે છે. તેમની પાટે (૧) આ૦ અભયદેવ અને (૨) આ૦ ધનપ્રભ આવ્યા. આ૦ ધનપ્રભના સં૦ ૧૫૧૮, સં૦ ૧૫૨૫ ના પ્રતિમાલેખો પ્રાપ્ત થાય છે. તેમની પાટે આ૦ ચારિત્રપ્રભ થયા, જે સં૦ ૧૫૮૦ માં વિદ્યમાન હતા.

૪૭. **આ૦ અભયદેવસૂરિ**—તેઓ બહુ વિખ્યાત હતા. સં૦ ૧૪૨૬ માં વિદ્યમાન હતા.

૪૮. **આ૦ જયાનંદસૂરિ**—તે સં૦ ૧૪૬૮ માં વિદ્યમાન હતા, જે ઉગ્રવિહારી હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪૯. **આ૦ વર્ધમાનસૂરિ**—તે આ૦ અભયદેવના શિષ્ય હતા. આ૦ જયાનંદસૂરિના હાથે આચાર્યપદ મેળવી, તેમની જ પાટે આવ્યા હતા. તેઓ તીવ્ર બુદ્ધિવાળા અને શાંત હતા. તેમણે સં૦ ૧૪૬૮ના કાર્તિક સુદિ ૧૫ ના રોજ જાલંધર પ્રદેશના નંદનવન નગરમાં રાજા અનંતપાલના રાજકાળમાં 'આચારદિનકર' (ઉદય : ૪૧) રચ્યો છે. તેની પ્રશસ્તિના શ્લોક : ૩૨ માં પોતાની પટ્ટાવલી આપી છે. તે પોતાને કોટિકગણ, વજ્રશાખા, ચંદ્રકુલના અને **રુદ્રપલ્લીયગચ્છના** બતાવે છે.

આ૦ જયાનંદના શિષ્ય મુનિ તેજસકીર્તિએ 'આચારદિનકર'ની પહેલી પ્રતિ લખી હતી. આ૦ વર્ધમાનસૂરિએ 'સ્વપ્નપ્રદીપ' (ઉદ્દ્યોત : ૫, શ્લોક ૧૬૭)ની પણ રચના કરી છે.

રુદ્રપલ્લીયગચ્છના ઉ૦ નરચંદ્રગણિના શિષ્ય ઉ૦ દેવચંદ્રગણિએ સં૦ ૧૫૦૧ના જેઠ સુદિ ૧૪ ને ગુરુવારે 'ભર્તૃહરિશતકત્રય' લખ્યાં.

(—શ્રીપ્રશસ્તિસંગ્રહ ભા૦ રજો, પ્રશસ્તિ નં૦ ૨૯)

## ખરતરગચ્છ

છેલ્લાં ૮૦૦ વર્ષોમાં વડગચ્છ, દેવાચાર્યગચ્છ, તપગચ્છ, અંચલગચ્છ અને ખરતરગચ્છમાં અનેક પ્રભાવક આચાર્યો અને મુનિવરો થયા. તેમાં જૈનધર્મના સંરક્ષણમાં ખરતરગચ્છનો ફાળો પણ કીમતી છે, પરંતુ ઐતિહાસિક ગ્રંથો, તે ગચ્છના આચાર્યોના ગ્રંથો તથા ખરતરગચ્છની પટ્ટાવલીઓમાં ઘણીએક ઐતિહાસિક વિગતોમાં એકતા નથી. એ એક જટિલ વસ્તુ છે. તેમાંના કેટલાએક વિસંવાદો નીચે મુજબ છે—[1]

૧. પૂરણચંદજી નાહરે 'ખરતરગચ્છ પટ્ટાવલી સંગ્રહ' પ્રકાશિત કર્યો છે. તેમાં સં૦ ૧૫૮૨ ની એક પદ્ય પટ્ટાવલી અને ત્રણ ગદ્ય-પટ્ટાવલીઓ છપાવી છે. 'જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડ' પુસ્તક : ૧૪, અંક : ૪, ૫, ૬, પૃષ્ઠ : ૧૬૩ વગેરેમાં નાહરજીના ભંડારની હસ્તલિખિત ખરતરગચ્છની પટ્ટાવલીનો પરિચય છે.

શ્રી અગરચંદજી નાહટાએ ઐતિહાસિક જૈન કાવ્ય સંદોહ' પ્રકાશિત કર્યો છે, તેમાં અનેક ભાષા પટ્ટાવલીઓ છપાવી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. ખરતરગચ્છની જુદી જુદી પટ્ટાવલીઓમાં ગુરુપરંપરા જુદી જુદી મળે છે. ખરતરગચ્છની પદ્યપટ્ટાવલીમાં અને **મહો૦ ક્ષમાકલ્યાણ**-ની પટ્ટાવલીમાં પણ પટ્ટાનુક્રમ વિભિન્ન છે.

૨. આ૦ **અભયદેવસૂરિ** પોતાની નવાંગીવૃત્તિમાં પોતાને આ૦ જિનેશ્વર તથા આ૦ બુદ્ધિસાગરના પટ્ટધર બતાવે છે, જ્યારે પટ્ટાવલી-કારો તેમને આ૦ જિનચંદ્રની પાટે ગોઠવે છે અને દર ચોથી પેઢીએ આ૦ જિનચંદ્રનું નામ રાખવાનું જોડે છે. (જૂઓ, પ્રક૦ ૩૬, પૃ૦ ૨૧૮)

૩. આ૦ **અભયદેવસૂરિ**—નવાંગીવૃત્તિઓમાં, આ૦ દેવપ્રભ 'મહા-વીરચરિય' માં, આ૦ **ચક્રેશ્વર** તથા આ૦ વર્ધમાનસૂરિ પ્રતિમાલેખોમાં પોતાને **ચંદ્રકુલ**ના, **વડગચ્છ**ના અને **સુવિહિતશાખા**ના જણાવે છે, જ્યારે પટ્ટાવલીકારો તેમને ખરતરગચ્છના લખે છે અને આ૦ જિનહંસ તો આ૦ ઉદ્દ્યોતનસૂરિને પણ ખરતરગચ્છમાં ગોઠવે છે.

૪. નેમિકુમાર પોરવાલ સં૦ ૧૧૩૮ ની 'વિસેસાવસ્સયભાષ્ય'-ની ટીકાની પુષ્પિકામાં આ૦ જિનવલ્લભને અને આ૦ જિનવલ્લભ પોતાના 'પ્રશ્નોત્તરષષ્ટિશતક' તથા 'અષ્ટસપ્તતિ'માં પોતાને આ૦ જિનેશ્વરના શિષ્ય બતાવે છે. વળી, સુવિહિત આ૦ **દેવભદ્ર** તેમને સં૦ ૧૧૬૭ માં આચાર્યપદ આપે છે, ત્યારે આ૦ અભયદેવસૂરિની પાટે તેઓના હાથે સ્થાપેલા આ૦ **વર્ધમાનસૂરિ** વિદ્યમાન હતા (પ્રક૦ ૩૬, પૃ૦ ૨૧૩) એટલે તેમની પાટે બીજા આચાર્યોની જરૂરત નહોતી છતાં પટ્ટાવલીકારો આ૦ જિનવલ્લભને આ૦ અભયદેવની પાટે ગોઠવે છે.

૫. 'પ્રભાવકચરિત'ના ઉલ્લેખથી સ્પષ્ટ છે કે, સુવિહિત સાધુ-પરંપરા પ્રાચીન કાળથી ચાલુ હતી જ. તે સાધુઓનો માત્ર પાટણમાં પ્રવેશ થતો નહોતો. આ૦ જિનેશ્વર તથા આ૦ બુદ્ધિસાગરે પાટણમાં આવી વાદ-વિવાદ કરીને નહીં પરંતુ પોતાના ત્યાગ, તપ અને જ્ઞાનના

સિંઘી જૈન ગ્રંથમાળાએ સં૦ ૨૦૧૩ માં 'ખરતરગચ્છ બૃહદ્ ગુર્વાવલી' પ્રકાશિત કરી છે, જેમાં સં૦ ૧૩૦૫ની યુગપ્રધાનાચાર્ય પટ્ટાવલી અને સં૦ ૧૫૮૨ લગભગની 'વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી' છપાવી છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓજસ્થી પાટણના રાજા તથા પ્રજાના દિલમાં સુવિહિત પરંપરાની પ્રતિષ્ઠા જમાવી હતી. સાચી રાજા દુર્લભરાજે પણ શાસ્ત્રાર્થ કે તેના વિજયના કારણે નહીં, પરંતુ તેઓની પવિત્ર જીવનચર્યાના કારણે ચૈત્યવાસીઓને બહુમાનથી સમજાવી તેઓની સમ્મતિ મેળવી ઉપાશ્રય બનાવવાની આજ્ઞા આપી, (જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૮૦) જ્યારે પટ્ટાવલીકારોએ આ પ્રસંગે શાસ્ત્રાર્થ કર્યાનું જણાવ્યું છે અને એ વિજયના ઉપલક્ષમાં 'ખરતર' બિરુદ ગોઠવી દીધું છે.

૬. ઇતિહાસ કહે છે કે, પાટણમાં સં૦ ૧૦૭૮ થી સં૦ ૧૧૨૦ સુધી **ભીમદેવ** પહેલાનું રાજ્ય હતું, છતાં પટ્ટાવલીકારોએ સં૦ ૧૦૮૦ માં રાજા **દુર્લભ**ની સભામાં શાસ્ત્રાર્થ તથા ખરતર બિરુદને વર્ણવ્યાં છે.

૭. શ્રીનાહરજીની પદ્યપટ્ટાવલીમાં સં૦ ૧૦૨૪ માં દુર્લભરાય સભામાં,[1] વૃદ્ધાચાર્ય પટ્ટાવલીમાં સં૦ ૧૦૨૪ માં દુર્લભરાજાના રાજ્યમાં,[2] પહેલી અઢારમી સદીની ગદ્યપટ્ટાવલીમાં સં૦ ૧૦૮૦ માં દુર્લભરાજાની સભામાં, બીજી સં૦ ૧૮૩૦ની મહો૦ **ક્ષમાકલ્યાણ**ની પટ્ટાવલીમાં સં૦ ૧૦૮૦માં દુર્લભરાજની સભામાં, ત્રીજી સં૦ ૧૬૮૦ની પટ્ટાવલીમાં પ્રાકૃત કવિતના આધારે સં૦ ૧૦૨૪ માં દુર્લભરાજની સભામાં,[3] શ્રીયુત નાહટાજીના 'ઐતિહાસિક જૈન કાવ્યસંદોહ'ના પૃ૦ ૪૫ માં ગાથા : ૧૪, ૧૫, ૧૬, માં સં૦ ૧૨૦૪ માં દુર્લભરાજની સભામાં, સં૦ ૧૨૦૭ માં ૮૪ વાદજય, ખરતર બિરુદ, નાહરજીના ભંડારની પ્રતિમાં સં૦ ૧૨૦૪ માં પાટણમાં ખરતર બિરુદ મળ્યાનો ઉલ્લેખ છે. આ રીતે પટ્ટાવલીઓમાં મોટો વિસંવાદ છે. **યુગપ્રધાનાચાર્ય ગુર્વાવલી**માં આ૦ જિનેશ્વરસૂરિને ખરતર બિરુદ મળ્યાનો ઉલ્લેખ નથી.

---

૧. वर्षाब्धि-पक्षाभ्र-शशिप्रमाणे लेभेऽपि यैः खरतरविरुदः ॥३८॥

૨. दससयचउवीसे वच्छरे ॥

૩. दससयचिहुवीसेहि, नयर पाटण अणहिल्लपुरि,
सुविहितखरतरगच्छबिरुद ॥१॥

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

૮. સં૦ ૧૨૮૦ નો આબુરાસ, સં૦ ૧૨૯૦ ની પ્રબંધાવલી સં૦ ૧૪૦૫ નો આ૦ રાજશેખરનો પ્રબંધકોશ, સં૦ ૧૪૬૬ ની આ૦ મુનિસુંદરની ગુર્વાવલી, સં૦ ૧૪૮૦ નો આ૦ સોમસુંદરસૂરિનો અર્બુદ-કલ્પ, સં૦ ૧૬૨૨ નો પં૦ કુલસાગરગણીનો ઉપદેશસાર વગેરે ઐતિહાસિક ગ્રંથોમાં ઉલ્લેખ છે કે, ચાર ગચ્છના આચાર્યોએ આબુ ઉપર સં૦ ૧૦૮૮ માં વિમલવસતિની પ્રતિષ્ઠા કરી હતી. (જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૮૩) ખરતરગચ્છીય મહો૦ જિનપાલગણી ' યુગ-પ્રધાનાચાર્ય-ગુર્વાવલી ' માં, આ૦ જિનપ્રભસૂરિ ' વિવિધતીર્થકલ્પ ' માં વિમલવસતિના પ્રતિષ્ઠાપક તરીકે આ૦ વર્ધમાનસૂરિને બતાવતા નથી જ, છતાં પટ્ટાવલીકારો તેના પ્રતિષ્ઠાપક તરીકે આ૦ વર્ધમાનસૂરિને ગોઠવે છે. એ જ રીતે અંચલગચ્છના પટ્ટાવલીકારો તેના પ્રતિષ્ઠાપક તરીકે વલભીગચ્છના **આ૦ સોમપ્રભસૂરિને** બતાવે છે.

૯. ખરતરગચ્છની પટ્ટાવલીઓમાં ફ્લોધિતીર્થની પ્રતિષ્ઠા તાચકૃત્ બતાવી છે. મહો૦ ક્ષમાકલ્યાણે પર્વકથામાં આ૦ વાદિદેવસૂરિના વાસ-ક્ષેપથી ફ્લોધિતીર્થની સ્થાપના જણાવી છે. છતાં કોઈ કોઈ લેખક એનો યશ ખરતરગચ્છને આપે છે.

JAINSITE.com जैनम् जयति शासनम्

૧૦. આઇનિ ઇ અકબરી, બાદશાહી ફરમાનો, અકબર બાદશાહે આ૦ જિનચંદ્રને આપેલું મુલતાનનું ફરમાન અને તત્કાલીન ગ્રંથોના આધારે નક્કી છે કે, પૂ૦ આ૦ **જગદ્ગુરુ શ્રીહીરવિજયસૂરિએ** સમ્રાટ અકબરને પ્રતિબોધ કર્યો અને દયાપ્રેમી બનાવ્યો, જ્યારે પટ્ટાવલીકારો-એ આ૦ જિનચંદ્રે સમ્રાટ અકબરને પ્રતિબોધ કર્યાનું જણાવ્યું છે.

૧૧. તુજકે **જહાંગીર**ના ઉલ્લેખથી સ્પષ્ટ થાય છે કે, બાદશાહ જહાંગીર આ૦ જિનચંદ્રના પટ્ટધર ઉપા૦ માનસિંહ (આ૦ જિનસિંહ) પ્રત્યે નારાજ હતો અને તેથી તેણે આગરામાં તેમના યતિઓનો વિહાર બંધ કરાવ્યો હતો. (જૂઓ, પ્રક૦ ૪૪, જહાંગીર) આ૦ જિન-ચંદ્રે, મહો૦ વિવેકહર્ષગણિ, પં૦ મહાનંદ, પં૦ પરમાનંદ વગેરેના સહયોગથી તે વિહાર ખુલ્લો કરાવ્યો હતો જ્યારે કોઈ કોઈ લેખક વિહાર બંધ કરાવ્યાનો દોષ બીજાઓ ઉપર ઓઢાડવા પ્રયત્ન કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૨. કલિકાલસર્વજ્ઞ **આ૦ હેમચંદ્રસૂરીશ્વરજી** અને ગૂર્જરેશ્વર **કુમારપાલ**નું સ્વર્ગગમન સં૦ ૧૨૨૯ માં થયું હતું. પટ્ટાવલીકારો સં૦ ૧૧૭૮ થી ૧૨૩૧ સુધી તેઓની વિદ્યમાનતા બતાવે છે.

૧૩. સં૦ ૧૬૯૦ ની ખરતરગચ્છીય પટ્ટાવલીમાં આ૦ **ઉદ્દ્યોતનસૂરિએ** ગચ્છવર્ધક મુહૂર્તમાં આ૦ વર્ધમાનને જ આચાર્યપદ આપવાનું જણાવ્યું છે અને મંત્રી વિમલને **સુપ્રભાત** નામે પુત્ર હતો એમ બતાવ્યું છે. જ્યારે ખરતરગચ્છની બીજી પટ્ટાવલીઓ અને બીજા ગચ્છની વિભિન્ન પટ્ટાવલીઓમાં આ૦ ઉદ્દ્યોતનસૂરિએ આ૦ સર્વદેવ વગેરે આઠ આચાર્યોને આચાર્યપદ આપવાનું અને મંત્રી વિમલ શાહને કોઈ સંતાન ન હોવાનું જણાવેલ છે.

૧૪. આ૦ જિનદત્તસૂરિની સ્વર્ગવાસ તિથિ માટે પટ્ટાવલીઓમાં એકમત નથી.

આવી રીતે નાના મોટા ઘણા **મતભેદો** ઊભા છે, એટલે સત્યતા તારવવામાં ઘણી જ કુશળતા રાખવી પડે તેમ છે. આ **વિસંવાદો** કેમ પડ્યા તે એક નાજુક પ્રશ્ન છે, છતાં ખરતરગચ્છીય મહો૦ યતિવર **રામલાલજી ગણિ**ની રચનામાંથી તે અંગે કંઈક ખુલાસો મળે છે. તેઓ ‘ મહાજનવંશમુક્તાવલી ’માં લખે છે—

બિકાનેરના **કુલગુરુ** મહાત્મા અને વહીવંચાઓએ ખરતરગચ્છના આ૦ **જિનચંદ્રસૂરિ**નું સ્વાગત કર્યું નહીં, આથી ખરતરગચ્છના શ્રાવક બિકાનેરના મંત્રી **કર્મચંદ્ર** બછાવતે તેઓની વહીઓ અને વંશાવલીઓનો બળજબરીથી વિનાશ કર્યો. તે પછીથી નવી વહીઓ, નવી વંશાવલીઓ અને નવી પટ્ટાવલીઓ તૈયાર કરાવી, વગેરે વગેરે.

આ વાત સાચી હોય તો સ્પષ્ટ છે કે, ખરતરગચ્છની પટ્ટાવલીઓ સત્યતા પર નહીં કિન્તુ ગચ્છરાગ પર નિર્ભર છે. આવી સ્થિતિમાં ખરતરગચ્છનો ઇતિહાસ લખવામાં બહુ સંભાળ રાખવાની જરૂર છે— ગંભીર પરિશીલનની જરૂર છે.

**ગચ્છસ્થાપક કોણ ?**

આ સઘળા વિસંવાદોના મૂળમાં ખરતરગચ્છના પહેલા આચાર્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોણ? એ જ મુખ્ય પ્રશ્ન છે. એનો નિર્ણય થતાં આમાંના ઘણા વિસંવાદોનો આપોઆપ નિકાલ આવી જાય તેમ છે, તો આપણે તેનો વિચાર કરીએ.

ખરતરગચ્છના આદિ આચાર્ય કોણ છે? એની વિચારણામાં ૧–આ૦ જિનેશ્વરસૂરિ સં૦ ૧૦૮૦ અને ૨–આ૦ જિનદત્તસૂરિ સં૦ ૧૨૦૪, બંને આચાર્યોનાં નામો અપાય છે તો આપણે પહેલાં એ તપાસી લઈએ કે, ખરતરગચ્છની **સંસ્કૃતિ** એ બંનેમાંથી કોના તરફ વધુ ઢળે છે?

(૧) પં૦ સુમતિગણિએ 'ગણધરસાર્ધશતક'ની બૃહદ્‌વૃત્તિમાં આ૦ જિનેશ્વરસૂરિનું ચરિત્ર દર્શાવ્યું છે તેમાં ખરતર બિરુદ મળ્યાનો ઉલ્લેખ નથી.

(૨) મહો૦ જિનપતિએ 'યુગપ્રધાનાચાર્ય ગુર્વાવલી' (ખરતર-ગચ્છ બૃહદ્‌ગુર્વાવલી) રચી છે, તેમાં આ૦ જિનેશ્વરસૂરિને ખરતર બિરુદ મળ્યાનો ઉલ્લેખ નથી.

(૩) આ૦ જિનેશ્વરની પરંપરાના સુવિહિત આ૦ દેવભદ્ર, આ૦ ચક્રેશ્વર, આ૦ વર્ધમાન, આ૦ પદ્મ, આ૦ પદ્મપ્રભ વગેરે આચાર્યો શિલાલેખોમાં અને ગ્રંથોમાં પોતાને **વડગચ્છ**ના બતાવે છે જ્યારે આ૦ **જિનદત્ત**ની પરંપરાના આચાર્યો પોતાને **ખરતરગચ્છ**ના બતાવે છે.

(૪) આ૦ જિનવલ્લભના શિષ્યો પોતાને 'મધુકરગચ્છ'ના બતાવે છે અને આ૦ જિનદત્તની પરંપરાના આચાર્યો પોતાને ખરતર બતાવે છે.

(૫) આ૦ જિનેશ્વરના શિષ્યો વડગચ્છની સામાચારીને વફાદાર રહે છે. આ૦ જિનદત્તના શિષ્યો ખરતરગચ્છની સામાચારીને વફા-દાર રહે છે.

(૬) ખરતરગચ્છવાળા આ૦ જિનેશ્વરને નહીં કિન્તુ આ૦ જિન-દત્તસૂરિને જ **દાદા** (ગચ્છના આદિ પુરુષ) માને છે, તેમની મૂર્તિઓ તથા પગલાંની સ્થાપના કરે છે–પૂજા કરે છે, પ્રતિક્રમણમાં તેમની જ આરાધના કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૭) આ૦ જિનેશ્વર જૈન શાસનના કલ્યાણની કામના કરે છે. આ૦ જિનદત્ત વીરો અને યોગિનીઓ પાસે માત્ર ખરતરગચ્છને માટે જ વરદાન માગે છે.

(૮) આ૦ જિનેશ્વરના અનુગામીઓ જૈન સંઘની રક્ષા અને ઉત્કર્ષ તથા જિનાલયો બનાવવા વગેરેને શાસનસેવા માને છે, જ્યારે આ૦ જિનદત્તના અનુગામીઓ વિશેષતઃ ખરતરગચ્છની રક્ષા અને ઉત્કર્ષ તથા **દાદાવાડી** બનાવવી વગેરેને શાસનસેવા માને છે.

(૯) આ૦ જિનેશ્વરના શિષ્યોએ કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિ અને પરમાર્હત કુમારપાલ મહારાજાને ધર્મના સ્તંભ માન્યા છે, જ્યારે આ૦ જિનદત્તના સંતાનીઓએ તેઓની વિરુદ્ધ કલમ ચલાવી છે.[1]

(૧૦) ગૂર્જરેશ્વર કુમારપાલે જૈન સંઘનું અને પાટણનું ઐક્ય જોખમાય નહીં એટલા ખાતર નવી સામાચારીવાળા જૈન ગચ્છોને દેશવટો આપ્યો હતો, ત્યારે આ૦ જિનેશ્વરના શિષ્યો ગુજરાતમાં જ

JAINSITE .com जैनम् जयति शासनम्

૧. ततः शङ्कितो मनसि हेमाचार्यो न छोटयति, तदा हेमाचार्यभगिनी हेमश्री महत्तराऽस्ति, तयोक्तम्, 'छोटयन्तु', तैरुक्तम्, 'इदं लिखितमस्ति यः छोटयिष्यति तस्य जिनदत्तसूरीणामाज्ञाऽस्ति' तेन बीभेमि । महत्तरयोक्तम्, 'को जिनदत्तः ? न कोऽपि भवदीयसमो गच्छाधिपः, अहं छोटयामि, कुमारपालेन दत्तम् । तया छोटितमात्रे तत्काले नेत्रद्वयं पतितम्, अन्धा जाता । पुस्तकं भाण्डागारे मुक्तम्, रात्रौ वह्निर्लग्नः । सर्वं पुस्तकं प्रज्वलितम् । तत् पुस्तकमाकाशमार्गेण बौद्धानां समीपे गतम् ।

(—સં૦ ૧૬૯૦ સુધીની—સત્તરમી સદીની ખરતરગચ્છપટ્ટાવલી, થોડા ફેરફાર સાથે મહો૦ ક્ષમાકલ્યાણની ખરતરગચ્છપટ્ટાવલી)

ખરતરગચ્છની ગદ્ય-પટ્ટાવલીઓમાં આ૦ જિનદત્ત અને આ૦ જિનેશ્વર બીજાને ઊંચા બતાવવા અને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ તેમજ ગૂર્જરેશ્વર કુમારપાલને નીચા બતાવવા માટે આવી વાતો જોડી કાઢવામાં આવી છે. પરંતુ આ૦ જિનેશ્વર બીજાનો સમય વિ૦ સં૦ ૧૨૭૮ થી ૧૩૩૧ છે. જ્યારે ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિ અને ગૂર્જરેશ્વર કુમારપાલનો સમય સં૦ ૧૧૯૯ થી ૧૨૨૯ છે. સાધ્વી હેમશ્રીનું નામ પણ કલ્પિત છે. આથી નક્કી છે કે પટ્ટાવલીકારોએ ઘણી ઘટનાઓ ગચ્છરાગથી ઊભી કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહ્યા હતા અને આ૦ જિનદત્તનો પરિવાર સં૦ ૧૨૦૪ પછી ગુજરાતની બહાર વિચરતો હતો. આ૦ જિનદત્ત ગુજરાત બહાર જ સ્વર્ગસ્થ થયા. તે પછી પણ વિમલવસહીનો જીર્ણોદ્ધાર, લૂણવસહીની સ્થાપના, વસ્તુપાલનો સંઘ અને પ્રતિષ્ઠા, શત્રુંજયનો મોટો જીર્ણોદ્ધાર વગેરે ધર્મ-ઉત્સવોમાં એ પરિવારની ઉપસ્થિતિ મળતી નથી એ પણ એક સૂચક વસ્તુ છે.

(૧૧) આ૦ જિનવલ્લભે ચિત્તોડ મંદિરની પ્રશસ્તિ અને પ્રશ્નોત્તર ષષ્ટિશતક તેમજ આ૦ જિનદત્તસૂરિએ 'ગણધરસાર્ધશતક' (ગાથા : ૭૬) વગેરેમાં આ૦ જિનેશ્વરસૂરિનાં પ્રશંસાકાવ્યો રચ્યાં છે ખરાં, પરંતુ આ૦ જિનેશ્વરસૂરિથી ખરતરગચ્છ નીકળ્યો એવો ઈશારો પણ કર્યો નથી. સુવિહિત આ૦ દેવભદ્રસૂરિએ તેમના 'મહાવીરચરિયં'માં સ્પષ્ટ લખ્યું છે કે, આ૦ જિનેશ્વરથી ખરતરગચ્છ નહીં પરંતુ વિમલતર એટલે સુવિહિત શ્રમણ-પરંપરા ચાલી છે.

(૧૨) આ૦ જિનદત્તસૂરિ સં૦ ૧૧૬૯ની પહેલાંના કોઈ પણ ગ્રંથ કે શિલાલેખમાં આ૦ જિનેશ્વરથી ખરતરગચ્છ નીકળ્યાનો ઉલ્લેખ મળતો નથી. તે પછીના ગ્રંથોમાં એવો ઉલ્લેખ થયો છે.

(૧૩) ઐતિહાસિક પ્રબંધકારો આ૦ જિનેશ્વરને તેમજ આ૦ અભયદેવને **પ્રભાવક** આચાર્યો માને છે. આ૦ જિનવલ્લભ કે આ૦ જિનદત્તને નહીં.

(૧૪) વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી અને બીજી પટ્ટાવલીઓમાં આ૦ જિનેશ્વરસૂરિના ચરિત્ર અંગે મોટો મતભેદ છે.

આ અને આ જાતનાં બીજાં પ્રમાણોના આધારે નિર્વિવાદ માનવું પડે છે કે, ખરતરગચ્છની સ્થાપનાનું શ્રેયઃ આ૦ જિનેશ્વરને નહીં પરંતુ આ૦ **જિનદત્તસૂરિના ફાળે જાય છે.** જો કે આ૦ જિનવલ્લભે છ કલ્યાણકની પ્રરૂપણા કરી અને આ૦ જિનદત્ત તેમની પાટે બેઠા પરંતુ આ૦ જિનદત્તે આ૦ જિનવલ્લભની સામાચારીથી ભિન્ન સામા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચારી રચી ખરતરગચ્છને જન્મ આપ્યો.[1] આમ છતાં પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, પ્રબંધકોશ વગેરે ઐતિહાસિક ગ્રંથો, જે સર્વમાન્ય પ્રભાવકોનાં ચરિત્રો છે, તેમાં આ૦ જિનદત્તનો ઉલ્લેખ નથી. પરંતુ તેમનામાં એવું સામર્થ્ય હતું કે, તેમણે ચૈત્યવાસીઓ સામે ટક્કર લીધી અને સં૦ ૧૨૦૪ માં એક સ્વતંત્ર બળવાન **ગચ્છ** સ્થાપન કર્યો. તેઓ ખરતરગચ્છના સર્વ પ્રથમ **આચાર્ય** હતા અને ખરતરગચ્છ પણ આજ સુધી તેમને જ વફાદાર રહ્યો છે. એ જ કારણ છે કે, ખરતરગચ્છીઓ તેમનાં મંદિરો બંધાવે છે, તેમની મૂર્તિઓ કે ચરણપાદુકાઓને પૂજે છે અને પ્રતિક્રમણમાં પણ તેમને જ અચૂક રીતે સંભારે છે. કહેવાની જરૂર નથી કે, ખરતરગચ્છ હશે ત્યાં સુધી આ૦ જિનદત્તનું નામ પણ **અમર** રહેશે.

આ૦ જિનદત્તસૂરિએ વિવિધ સ્થાનોમાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી તે પ્રતિમાઓ કે પ્રતિમાલેખો આજે મળતા નથી. પરંતુ કેટલાએક યતિઓએ ગુરુભક્તિથી કે ગુરુભક્તો પાસેથી વધુ નકરાની રકમ મેળવવાની લાલચથી આવા પ્રતિમાલેખો કોતરાવ્યા છે. સૌ કોઈ જાણે છે કે, **પં૦ કલ્યાણવિજય ગણિ**એ જાહેર લેખો આપી આ પ્રતિમાલેખોનો ભ્રમસ્ફોટ કર્યો છે–તેવા લેખો **બનાવટી** હોવાનું પુરવાર કર્યું છે. (–આત્માનંદ પ્રકાશ)

આ જ રીતે કોઈ યતિએ ક૦ સ૦ હેમચંદ્રસૂરિના નામના બનાવટી પ્રતિમાલેખો પણ કોતરાવ્યા છે. અમે આવા પ્રતિમાલેખો **અજારી**માં જોયા હતા અને ત્યાંના શ્રીસંઘને સાફ જણાવ્યું હતું કે આ લેખો બનાવટી છે.

**ખરતરગચ્છની પટ્ટાવલી—**

આ૦ જિનદત્તસૂરિ ઉપર મુજબ ખરતરગચ્છના આદિ પુરુષ છે

1. આ૦ જિનવલ્લભની સામાચારીમાં, સામાયિક તથા પૌષધમાં ઇરિયાવહી પછી કરેમિ ભંતેનું વિધાન છે. આ૦ જિનદત્તની સામાચારીમાં સામાયિક તથા પૌષધમાં કરેમિ ભંતે પછી ઇરિયાવહીનું વિધાન છે વગેરે તફાવત છે.
(જૂઓ, રુદ્રપલ્લીયગચ્છ સામાચારી)

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે ખરતરગચ્છની પટ્ટાવલી તેમનાથી શરૂ થાય છે.

ખરતરગચ્છની પટ્ટાવલી સામાન્ય રીતે બે જાતની મળે છે—

(૧) સત્તરમી સદી સુધીના પટ્ટાવલીકારોએ પોતાની પરંપરા 'નંદીસૂત્ર'ના વાચકવંશ સાથે જોડી દીધી છે.. સંભવ છે કે, તેમને પોતાની અખંડ ગુરુ-પરંપરાનું જ્ઞાન નહીં હોય.

(૨) ઓગણીસમી સદીના **મહો૦ ક્ષમાકલ્યાણે** આ૦ **મુનિસુંદરસૂરિની** 'ગુર્વાવલી'ના આધારે ગુરુપરંપરા જોડી છે. આ પટ્ટાવલી વ્યવસ્થિત છે. તેથી ખરતરગચ્છમાં આજે તે પ્રામાણિક મનાય છે.

અહીં બંને જાતની પટ્ટાવલીઓ આપીએ છીએ—

## ખરતરગચ્છની પટ્ટાવલી પહેલી

૧. ભગવાન મહાવીરસ્વામી
૨. ગણધર સુધર્મસ્વામી
૩. આ૦ જંબૂસ્વામી
૪. આ૦ પ્રભવસ્વામી
૫. આ૦ શય્યંભવ
૬. આ૦ યશોભદ્ર
૭. આ૦ સંભૂતિવિજય
૮. આ૦ ભદ્રબાહુ
૯. આ૦ સ્થૂલભદ્ર
૧૦. આ૦ મહાગિરિ
૧૧. આ૦ સુહસ્તિસૂરિ
૧૨. આ૦ વજ્રસ્વામી
૧૩. આ૦ આર્યરક્ષિત
૧૪. આ૦ દુર્બલિકાપુત્ર
૧૫. આ૦ નંદિ
૧૬. આ૦ નાગ
૧૭. આ૦ રેવતી
૧૮. આ૦ સમિત
૧૯. આ૦ ષંડિલ્લ
૨૦. આ૦ હિમવાન્
૨૧. આ૦ નાગાર્જુન
૨૨. આ૦ ગોવિંદ
૨૩. આ૦ સંભૂતિ
૨૪. આ૦ લોહિત્ય
૨૫. આ૦ પુષ્યગણિ
૨૬. **વા૦ ઉમાસ્વાતિ**
૨૭. આ૦ જિનભદ્ર
૨૮. આ૦ વૃદ્ધવાદી
૨૯. આ૦ **સિદ્ધસેન**
૩૦. આ૦ **હરિભદ્ર**
૩૧. આ૦ દેવ
૩૨. આ૦ નેમિચંદ્ર
૩૩. આ૦ ઉદ્દ્યોતન
૩૪. આ૦ વર્ધમાન
૩૫. આ૦ જિનેશ્વર, સં૦ ૧૦૨૪
૩૬. આ૦ જિનચંદ્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| ૩૭. આ૦ અભયદેવ | ૩૮. આ૦ જિનવલ્લભ |
| ૩૯. આ૦ **જિનદત્ત** | ૪૦. આ૦ જિનચંદ્ર |
| ૪૧. આ૦ જિનપતિ | ૪૨. આ૦ જિનેશ્વર |
| ૪૩. આ૦ જિનપ્રબોધ | ૪૪. આ૦ જિનચંદ્ર |
| ૪૫. આ૦ જિનકુશલ, સં૦ ૧૩૯૦ | ૪૬. આ૦ જિનપદ્મ |
| ૪૭. આ૦ જિનલબ્ધિ | ૪૮. આ૦ જિનચંદ્ર |
| ૪૯. આ૦ જિનોદય | ૫૦. આ૦ જિનરાજ |
| ૫૧. આ૦ જિનભદ્ર | ૫૨. આ૦ જિનચંદ્ર |
| ૫૩. આ૦ જિનસમુદ્ર | ૫૪. આ૦ જિનહંસ, સં૦ ૧૫૮૨ |
| ૫૫. આ૦ જિનમાણિક્ય, સં૦ ૧૫૮૨ | |

ખરતરગચ્છની પદ્ય-પટ્ટાવલીઓ અને કેટલીક ગદ્ય-પટ્ટાવલીઓમાં થોડા ફેરફાર સાથે ઉપર મુજબનો પટ્ટાનુક્રમ મળે છે.

## ખરતરગચ્છ પટ્ટાવલી બીજી

૩૯. **આ૦ જિનદત્તસૂરિ—**

कल्पद्रुमेरुमण्डले स जयति श्रीजैनदत्तो गुरुः ॥ (–પટ્ટાવલી)

તેમનો સં૦ ૧૧૩૨ માં ધંધૂકામાં જન્મ, સં૦ ૧૧૪૧ માં દીક્ષા, સં૦ ૧૧૬૯ માં ચિત્તોડમાં આચાર્યપદ, સં૦ ૧૨૦૪ માં ગચ્છવ્યવસ્થા અને સં૦ ૧૨૧૧ ના અષાઢ સુદિ ૧૧ ના દિવસે અજમેરમાં સ્વર્ગ-ગમન થયું.[1]

**ધંધૂકા**ના વતની શેઠ **વાછિગ** (વિવિધ, વાચક) **હુંબડ**ની પત્ની **વાહડદેવી**એ એક બાળકને જન્મ આપ્યો અને તેનું નામ **સોમચંદ** રાખ્યું. વાચક ધર્મદેવે (જયદેવે) સાધ્વીની પ્રેરણાથી

૧. શ્રીપૂરણચંદજી નાહરે પ્રકાશિત કરેલ ચારે પટ્ટાવલીઓમાં આ૦ જિન-દત્તસૂરિના પિતાનું નામ, દીક્ષાગુરુનું નામ, આચાર્યપદતિથિ, બિકાનેરમાં દીક્ષિ-તોની સંખ્યા, ૭ વ્યસન, ૭ વરદાન–વર દેનારા, નિષિદ્ધ વિહારક્ષેત્રો, ચમત્કારો વગેરે ઘણી બાબતોમાં એકમતતા નથી એટલે સત્ય શું અને કલ્પિત શું તેનો નિર્ણય થઈ શકે તેમ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાલક સોમચંદને ૯ વર્ષની વયે દીક્ષા આપી. મુનિ સોમચંદ પહેલે દિવસે ગુરુભાઈ પં૦ સર્વદેવગણિ સાથે સ્થંડિલ ગયા અને ત્યાં તેણે ઘાસના તાજા ઊગેલા અંકુરાઓને ઉખેડી નાખ્યા. પં૦ સર્વદેવે તેને ઠપકો આપતાં જણાવ્યું કે, આવું કરીશ તો તારો સાધુવેશ લઈ લઈશું. બાલ મુનિએ પોતાની ભૂલની માફી ન માગતાં સામો કડક જવાબ વાળ્યો કે, ' મારી ચોટલી લાવો અને તમારો વેશ લઈ લો.' પં૦ સર્વદેવે જોયું કે બાલક હાજરજવાબી છે. (–ગણધરસાર્ધશતક-વૃત્તિ)

ભાવડાગચ્છના આચાર્યે મુનિ સોમચંદને પંજિકાનું જ્ઞાન આપ્યું. **આ૦ અશોકચંદ્રે** વડી દીક્ષા આપી. આ૦ **હરિસિંહે** સિદ્ધાંત અને મંત્રપાઠ શિખવ્યો.

આ૦ **દેવભદ્રે** સં૦ ૧૧૭૬ માં ચિત્તોડમાં સુવિહિત આ૦ જિનેશ્વરસૂરિના શિષ્ય પં૦ જિનવલ્લભને આચાર્યપદ આપ્યું હતું. તેમણે છ કલ્યાણકની પ્રરૂપણા કરી હતી તે પછી તેઓ માત્ર છ મહિના જીવીને કાળધર્મ પામ્યા હતા.

તેમને **જિનશેખર** વગેરે શિષ્યો હતા, પણ તે મધુર સ્વભાવના હશે, ગુરુની ઝુંબેશને વેગ આપે એવા નહીં હોય એટલે આ૦ જિનવલ્લભની પાટે કોણ બેસે એ પ્રશ્ન ઊભો થયો. દરમિયાન મુનિ **સોમચંદ** વિહાર કરી **ચિત્તોડ** આવ્યા. તેમને પાટે બેસાડવાની વાત ચાલી, પરંતુ આચાર્યના શિષ્યોને બદલે બીજાને પાટે બેસાડવાનો પ્રશ્ન વિકટ હતો. ઝગડો થઈ જવાનો ભય પણ હતો. આચાર્યપદવી માટે ત્રણ મુહૂર્તો લેવાયાં હતાં, એમાં જેમ વિલંબ થાય તેમ લાભ હતો. અંતે સુવિહિત **આ૦ દેવભદ્રે** ત્રીજા મુહૂર્તમાં સં૦ ૧૧૬૯માં **વૈશાખ** વદિ ૬ (વૈશાખ સુદિ ૧, વૈશાખ સુદિ ૧૦)ની સાંજે સંધ્યા સમયે **ગોરજ** લગ્નમાં મુનિ સોમચંદ્રને આ૦ **જિનદત્તસૂરિ** નામ આપી આ૦ જિનવલ્લભની પાટે સ્થાપન કર્યા. ' વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી 'માં લખ્યું છે કે, 'આચાર્યપદ જાલોરમાં બીજા મુહૂર્તમાં થયું હતું.' તેમનો રંગ કાળો હતો અને શરીર ઠીંગણું હતું.

એક દિવસે આ૦ જિનદત્તે કડક હાથે કામ લીધું, એટલે ઉપ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થિત આચાર્યોએ તેમને ગચ્છ બહાર કર્યા અને આ૦ જિનવલ્લભના શિષ્યોએ તેમને અમાન્ય રાખી **પં૦ જિનશેખરને** આચાર્ય બનાવી સ્વતંત્ર સંઘાડો ચલાવ્યો, જે 'મધુકરગચ્છ' નામથી જાહેર થયો.

આ૦ જિનદત્ત જ્યોતિષના અભ્યાસી હતા. તેમણે હિંમત ન હારતાં ઉત્તરમાં વિહાર લંબાવ્યો. સં૦ ૧૧૭૦ માં નાગોરમાં પ્રવેશ કર્યો. અહીં ધનદેવ નામે શેઠ રહેતો હતો. તે આ૦ જિનવલ્લભનો ભક્ત હતો. તેણે ભ૦ નેમિનાથનું દેરાસર બંધાવ્યું હતું. તેણે આ૦ જિનદત્તને "આયતન, અનાયતન, વિધિમંદિર, અવિધિમંદિર વગેરે ચર્ચાઓ" તજી દેવા વિનતિ કરી હતી, પણ આચાર્યશ્રીએ તેનો આદર ન કર્યો. આચાર્યે બિકાનેર જઈ શાંતિસ્તોત્ર પાઠથી મરકીનો ઉપદ્રવ દૂર કરાવ્યો. આથી તેમને બિકાનેરમાંથી ઘણા સાધુ-સાધ્વીઓનો લાભ થયો.[1] તેમણે નારનોલની એક બાલવિધવાને ચૈત્યવાસી સાધ્વીઓની શિષ્યા બનાવી હતી, તેને નવી બનેલી સાધ્વીઓ સોંપી અને તેને **મહત્તરાપદ** આપ્યું. ઘણા ચૈત્યવાસી યતિઓને પોતાના શિષ્ય બનાવ્યા. તેમણે **મુલતાન** જઈ ત્યાંના ચૈત્યવાસીઓને પોતાના શ્રાવક બનાવ્યા. તેમને સંપન્ન બનાવવા માટે મકરાણામાં સાતે શુદ્ધિથી શુભ લગ્નમાં એક પવિત્ર **જિનપ્રતિમા** તૈયાર કરાવી, પણ તેને મુલતાન લાવતાં વચમાં નાગોરમાં જ એક ચૈત્યવાસી આચાર્યે તે પ્રતિમાની અંજનશલાકા કરી નાખી. આથી મુલતાનનો લાભ નાગોરને મળ્યો. વળી, તેમણે શ્રાવકોને **ભટનેરના** દેરાસરની **માણિભદ્ર યક્ષની** પ્રતિમા લાવવા માટે મોકલ્યા. મુલતાની શ્રાવકો એ પ્રતિમાને ચોરી લાવ્યા, પણ તે પ્રતિમા પંજાબની નદીઓમાં જ રહી ગઈ. આ૦ જિનદત્તે મુલતાનથી ત્યાં જઈ પાંચ નદીઓના કિનારે માણિભદ્ર યક્ષ, મુસલમાની પાંચ પીરો, સોમ વ્યંતર અને સીલેમા પહાડીનો ખોડિયો ક્ષેત્રપાલ (ખોડિયો હનુમાન) વગેરે દેવોની સાધના

---

૧. આ દીક્ષિતોની સંખ્યા ચારે પટ્ટાવલીઓમાં જુદી જુદી બતાવી છે. A अक्षसप्तगुणितं–૭૫, B ૫૦૦ સાધુ, C ૫૦૦ સાધુ અને ૭૦૦ સાધ્વીઓ D ૫૦૦ સાધુ અને ૩૦૦ સાધ્વીઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી અને તે પછી ૬૪ જોગણીઓને પણ સાધી હતી.

ખરતરગચ્છની પટ્ટાવલીઓમાં આ **પીર-સાધના** અને બીજી ચમત્કારની વાતો ઘણા વિસ્તારથી આપી છે, જેમાં વાયડગચ્છના **આ૦ જીવદેવસૂરિ** અને મરેલી ગાયની ઘટના (પ્રક૦ ૩૪, પૃ૦ ૫૪૬ થી ૫૫૬) તેમજ **દાદા ધર્મઘોષસૂરિ** અને સાપના ઝેરની ઘટના (પ્રક૦ ૪૬) વગેરે જેવા ચમત્કારો પણ સામેલ છે. એકંદરે તેમને મોટા ચમત્કારી પુરુષ તરીકે વર્ણવેલા છે.

આ૦ જિનદત્તસૂરિ સં૦ ૧૨૦૪માં પાટણમાં હતા ત્યારે એક ધનિકની સ્ત્રીએ જિનમંદિરમાં આશાતના કરી. આચાર્યશ્રીએ તે માટે સખત હાથે કામ લીધું અને સાથોસાથ સ્ત્રીઓને માટે જિનપૂજાનો સર્વથા નિષેધ કર્યો. આ ઘટનાથી પાટણના સંઘમાં મોટો ખળભળાટ મચી ગયો. આચાર્યશ્રી તરત જ અગમચેતી વાપરીને ત્યાંથી નીકળી ગયા અને **ઔષ્ટ્રિકી** વિદ્યાના બળે એકદમ જાલોર પહોંચી ગયા.[1]

એવો ઉલ્લેખ મળે છે કે, ગૂર્જરેશ્વર મહારાજા કુમારપાલે પાટણના જૈન સંઘની–મહાજનની અને પાટણના રાજ્યની એકતા જોખમાય નહીં એટલા માટે નવી સામાચારીવાળા જૈન ગચ્છોને દેશવટો આપ્યો હતો. પાટણમાં પ્રવેશ તથા વસવાટ નિવાર્યો હતો. આથી પાટણના સંઘમાં શાંતિ પથરાઈ ગઈ.[2]

**મહો૦ જિનપાલ**ની ‘ યુગપ્રધાનાચાર્ય-ગુર્વાવલી ’ના ઉલ્લેખથી સમજાય છે કે, આ૦ જિનદત્તસૂરિ ગુજરાતથી બહાર ગયા તે પછી

---

૧. वेदाभ्रारुणकाल (१२०४) औष्ट्रिकमवः–औष्ट्रिकपक्षः।

(–રાજગચ્છપટ્ટાવલી, કડુઆમતપટ્ટાવલી–વિવિધગચ્છ પટ્ટાવલીસંગ્રહ)

૨. ખરતરગચ્છની પટ્ટાવલીમાં ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિ તથા ગૂર્જરેશ્વર કુમારપાલના વિરોધમાં જૂઠી કલમ ચલાવી, તેનું આ જ કારણ હશે. એ ગચ્છોનો વિહાર તેરમી સદીમાં ગુજરાતમાં મળતો નથી, તેનું પણ આ જ કારણ હશે. અંચલગચ્છની પટ્ટાવલીમાં જણાવ્યું છે કે, આ૦ જયસિંહ મહારાજા કુમારપાલની સમ્મતિ મેળવી પાટણમાં રહ્યા હતા.

(–જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૯૫)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પહેલવહેલાં આ૦ **જિનપતિ** સંઘ સાથે **ગુજરાત**માં **તીર્થયાત્રા** માટે આવ્યા પણ તેમણે શત્રુંજય તીર્થની યાત્રા કરી નહીં; કેવલ **ગિરનાર** તેમજ **ખંભાત**ની યાત્રા કરી હતી. આ યાત્રાવર્ણનમાં આ૦ અકલંકે मारत्रो लोकोऽतिस्थूलमाषी (પૃ૦ ૩૬); આ૦ તિલકપ્રભે गूर्जरात्रायां त्वं सिंह इव (પૃ૦ ૩૮); સાધુ ક્ષેમંધરે गूर्जरात्रामध्ये भवतः समीपे [1](પૃ૦ ૩૯) વગેરે જે શબ્દો વાપર્યા છે તેથી સ્પષ્ટ થાય છે કે, ત્યારે ગુજરાતના જૈનોને માટે ખરતરગચ્છ અપરિચિત ગચ્છ જેવો બની ગયો હતો. આ૦ જિનપતિ પછી જનતાને નવેસરથી ખરતરગચ્છ મળ્યો. ત્યાં સુધી તે દેશવટાની સ્થિતિમાં હોય એમ લાગે છે.

આ૦ જિનદત્તસૂરિ ગુજરાત બહાર ગયા પણ તેઓ કાર્યક્ષમ હોવાથી તેમણે સં૦ ૧૨૦૪ માં આ૦ જિનવલ્લભે પ્રરૂપેલાં છ કલ્યાણકો, સ્ત્રીને જિનપૂજાનો નિષેધ વગેરે માન્યતાઓને પ્રધાનતા આપી, નવા નિયમો બાંધી સ્વતંત્ર ખરતરગચ્છ ચલાવ્યો[2] અને તે દિવસથી

---

૧. ભાંડાશાલિક સંભવે—कपटबहुला गूर्जरात्रा । कार्पटिकगूर्जरलोकः । (પૃ૦ ૪૩)

૨. અંચલગચ્છના આ૦ મહેંદ્રસૂરિ લખે છે કે, આ૦ જિનવલ્લભે ૬, આ૦ જિનદત્તે ૨૫, આ૦ જિનચંદ્રે ૩, આ૦ જિનપતિએ ૭ જેટલી નવી પ્રવૃત્તિઓ ચલાવી, જેમાં છટ્ઠું કલ્યાણક, સ્ત્રીને પૂજાનો નિષેધ, મંદિરમાં જુવાન વેશ્યાના નાચનો નિષેધ, શ્રાવકની પ્રતિમાઓ બનાવવાનો નિષેધ, પોતાને યુગપ્રધાન પચીસમો તીર્થંકર, ત્રિભુવનગુરુ વગેરે મનાવવા, ગુરુ પ્રતિમાનો પ્રચાર, તેના દ્રવ્યની વ્યવસ્થા, **બીજા ગચ્છવાળાની કન્યા લેવા દેવાનો મનાઈ,** અખંડ કુસુનિર્માલ્ય નહીં, ૩ નવકાર અને ૩ કરેમિભંતેથી સામાયિક ઉચ્ચરવું, માસકલ્પ વિચ્છેદ, દેવોનો કુલકુરી પટ્ટ, સાધુ-ઉપધિ મર્યાદા વિચ્છેદ, દેહ-વસ્ત્રની સફાઈ વગેરે. (—શતપદી પદ : ૧૦૭)

આ ખરતરગચ્છની જેમ સં૦ ૧૩૦૮ માં ઉપકેશગચ્છની ‘ખરા તપા પક્ષ’ નામની શાખા નીકળી હતી. (—આબૂ પ્રાચીન લેખસંદોહ લે૦ : નં૦ ૧૦)

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ઉપકેશગચ્છના ચૈત્યવાસીઓનું નામ કોમલગચ્છ (કંવલાગચ્છ) પડ્યું.[1]

જેમ બૌદ્ધોને ભારત છોડ્યા પછી વધુ લાભ થયો તેમ આ૦ જિનદત્તસૂરિને ગુજરાત છોડ્યા પછી વધુ લાભ મળ્યો. તેઓ મારવાડના તો કલ્પવૃક્ષ તરીકે જાહેર થયા.[2]

તેમણે ખરતરગચ્છને સ્વતંત્ર સામાચારી આપી છે, જેના કેટલાએક નિયમો નીચે મુજબ છે—

ભ૦ મહાવીરનાં છ કલ્યાણક માનવાં, પાંચ નદીની સાધના કરવી, આચાર્ય સિવાય બીજો કોઈ તીર્થંકરની પ્રતિષ્ઠા ન કરે. સ્ત્રી પૂજા ન કરે, દેરાસરમાં નર્તકી નાચે નહીં, **ચતુષ્પર્વી** સિવાયના દિવસોમાં પૌષધ થાય નહીં, પૌષધમાં આહાર લેવાય નહીં, આયંબિલમાં બેથી વધુ ચીજોનો ઉપયોગ ન થાય.

સામાયિકમાં ૩ करेमि भंते બોલવાં અને તે પછી इरियावही સૂત્ર-પાઠ બોલવો.

તિથિ વધે તો પહેલી તિથિને માનવી, ચૌદશ ઘટે તો પૂનમે પાખી કરવી, શ્રાવણ વધે તો બીજા શ્રાવણમાં સંવત્સરી કરવી. ભાદરવો વધે તો પહેલા ભાદરવામાં સંવત્સરી કરવી વગેરે.

(—ઉત્સૂત્રોદ્દ્ઘાટનકુલક, ગાથા : ૧૮, સ્વોપજ્ઞ અવચૂરિ)

આ૦ જિનદત્તે પાંચ નદીના પીરોને—દેવોને ખરતરગચ્છના અધિષ્ઠાયક બનાવ્યા. તેઓને સાત વચનો આપ્યાં અને તેઓની પાસેથી

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૧. वि० सं० १२०४ वर्षे पत्तने पौषधशालिवनवासिनोर्विवादः कवलांगच्छः खरतरगच्छश्चेति नामनी अभूताम् ।

(—પૂરણચંદજી નાહર સંગૃહીત પટ્ટાવલી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરલ્ડ, પુસ્તક : ૧૪, અંક : ૪, ૫, ૬, પાનું ૧૬૩; પટ્ટાવલી સમુચ્ચય, ભા૦ ૧, પૃ૦ ૫૬.)

૨. कल्पद्रुमैरमण्डले स जयति श्रीजैनदत्तो गुरुः ।
मरुस्थलीकल्पतरुः स जीयाद् युगप्रधानो जिनदत्तसूरिः ॥५१॥

—વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાત વરદાન લીધાં,[1] તે આ પ્રમાણે છે—

**સાત વચનો—**

(૧) ગચ્છપતિ સિંધમાં જાય તો પાંચ નદીને સાધે.
(૨) ગચ્છપતિ હમેશાં ૨૦૦ (૧૦૦૦) સૂરિમંત્રનો જાપ કરે.
(૩) ગચ્છનો સાધુ હમેશાં ૩૦૦ (૨૦૦૦) નવકાર ગણે.
(૪) ખરતરગચ્છીય શ્રાવક હમેશાં સાત સ્મરણનો પાઠ કરે. (શ્રાવિકા ત્રિશતી ફેરવે)
(૫) શ્રાવક પ્રતિઘર ૧ (૨) ખીચડીની માળા ફેરવે.
(૬) શ્રાવક દર મહિને બે આયંબિલ કરે.
(૭) ગચ્છપતિ (સાધુ) હમેશાં એકાસણું કરે.

**સાત વરદાનો—**

(૧) દરેક ગામમાં ખરતરગચ્છનો એક શ્રાવક દીપતો થાય.
(૨) ખરતરગચ્છનો શ્રાવક ગરીબ ન રહે.
(૩) સંઘમાં કુમરણ ન થાય. (સાધુ-સાધ્વી સાપથી મરે નહીં.)
(૪) ગચ્છની બ્રહ્મચારિણી સાધ્વીને ઋતુધર્મ આવે નહીં.
(૫) ગચ્છનો શ્રાવક સિંધમાં જાય તો ધનવાન થઈને આવે.
(૬) સંઘમાં કોઈને શાકિની છળે નહીં.
(૭) 'જિનદત્ત' નામથી વીજળી ન પડે.

સં૦ ૧૬૭૪ની પટ્ટાવલીમાં માણિભદ્રનાં પાંચ વરદાનો ઉપર મુજબ બતાવ્યાં છે, તેમજ જોગણીનાં બીજાં સાત વરદાનો પણ

---

૧. 'વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી'માં લખ્યું છે કે, કચ્ચોલાચાર્યના જીવ પાસેથી સાત વરદાન મળ્યાં. જે આ વરદાનોથી ભિન્ન છે.

'પદ્ય-પટ્ટાવલી'માં સોમદેવે એક જ વરદાન આપ્યાનો ઉલ્લેખ છે. પછીની ગદ્ય-પટ્ટાવલીઓમાં વરદાતા અને વરદાનોની સંખ્યામાં વધારો થયેલો જોવાય છે.

ઉપર્યુક્ત વચનો અને વરદાનોનું બહુધા પાલન થયું નથી. ચોથું વરદાન લેવાનો કે દેવાનો શો હેતુ છે તે સમજાતું નથી. શીલપાલનની આવી વિચિત્ર કસોટી તો ન જ હોય.

'યુગપ્રધાનાચાર્ય-ગુર્વાવલી'માં વરદાનનો ઈશારો સરખો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દર્શાવ્યાં છે; જેમાં ખરતરગચ્છનો સાધુ પ્રાયઃ મૂર્ખ ન રહે, વચન-સિદ્ધિવાળો બને; સાધ્વી ઋતુમતી ન થાય અને દિલ્હીથી ઉપર—આગળ ગયેલો શ્રાવક ધનવાન્ બને વગેરે વરદાનોની નોંધ છે.

આ૦ જિનદત્તસૂરિએ એ પણ **અભિવચન** આપ્યું છે કે, “ ખરતરગચ્છનો આચાર્ય દિલ્હી, અજમેર, ભરુચ, ઉજ્જૈન, મુલતાન, ઉચ્ચનગર અને લાહોર એ સાત નગરોમાં જાય નહીં. ખાસ કારણે ત્યાં જાય તો રાતવાસો કરે નહીં, આહાર કરે નહીં. ” સંભવ છે કે તે સમયે તે તે નગરોમાં બીજા ગચ્છોનું જોર વધુ હોય.

આ૦ જિનદત્તે સં૦ ૧૨૧૧ ના વૈશાખ સુદિ ૬ ના રોજ બિકાનેરમાં **આ૦ જિનચંદ્રને** પોતાની પાટે સ્થાપન કર્યા. ખરતરગચ્છમાં આચાર્યોનાં નામ પહેલાં ‘ જિન ’ શબ્દ જોડવાનું ત્યારથી ચાલુ થયું છે. તેમણે ૧૦ વાચનાચાર્ય અને ૫ મહત્તરાઓ બનાવી હતી. તેમણે ચૈત્યવાસી અને માહેશ્વરીઓને પોતાના જૈન બનાવ્યા હતા.

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

**ગ્રંથો—**

તેમણે રચેલા **ગ્રંથો** નીચે મુજબ જાણવામાં આવ્યાં છે—

૧. ગણધરસાર્ધશતક, પ્રાકૃત ગાથા : ૧૫૦ (પાંત્રીશ આચાર્યોની સ્તુતિ)
૨. સંદોહદોલાવલી, પ્રાકૃત ગાથા : ૧૫૦
૩. ગણધરસપ્તતિ, પ્રા૦ ગાથા : ૭૦
૪. સર્વાધિષ્ઠાયિસ્તોત્ર, પ્રા૦ ગાથા : ૨૬
૫. સુગુરુપારતંત્ર્ય, પ્રા૦ ગાથા : ૨૧
૬. વિઘ્નવિનાશિસ્તોત્ર, પ્રા૦ ગાથા : ૧૪
૭. વ્યવસ્થાકુલક, પ્રા૦ ગાથા : ૬૨
૮. ચૈત્યવંદનકુલક, પ્રા૦ ગાથા : ૨૯
૯. પ્રાકૃતવિંશિકા
૧૦. ઉપદેશરસાયન, અપભ્રંશ શ્લો૦ ૮૦
૧૧. કાલસ્વરૂપ, અપ૦ શ્લો૦ ૩૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૨. ચર્ચરી, અપ૦ શ્લો૦ ૪૭.[1]

એમના ઉપદેશથી તહનગઢનો રાજા **કુમારપાલ** યાદવ (સં૦ ૧૨૧૦થી ૧૨૫૨) જૈન બન્યો હતો. (-ભારતીયવિદ્યા, ભા૦ ૨, અંક : ૧)

આ આચાર્યના સમયમાં સં૦ ૧૧૬૯ થી 'મધુકરગચ્છ' નીકળ્યો અને તેમાંથી આ૦ અભયદેવના સમયે 'રુદ્રપલ્લીગચ્છ' નીકળ્યો.

'યુગપ્રધાનાચાર્ય-ગુર્વાવલી'માં તેમનો સ્વર્ગવાસ સં૦ ૧૨૧૧ના અષાઢ વદિ ૧૧ ના રોજ થયો એમ જણાવ્યું છે.

આ૦ જિનદત્તસૂરિ ખરતરગચ્છના સ્થાપક, શાસક, પ્રથમ આચાર્ય, કાર્યક્ષમ ગચ્છનાયક અને **દાદા** હતા. તેઓ સં૦ ૧૨૧૧ ના અષાઢ સુદિ ૧૧ ના દિવસે **અજમેર**માં સ્વર્ગવાસી થયા. શ્રાવકોએ તે સ્થાને સમાધિસ્તૂપ બનાવ્યો, જેની પ્રતિષ્ઠા સં૦ ૧૨૨૧ માં આ૦ **જિનચંદ્રસૂરિ**એ કરી હતી. આ૦ જિનપતિસૂરિએ સં૦ ૧૨૩૫માં અજમેરમાં ચોમાસુ કર્યું અને આ૦ જિનદત્તસૂરિના સ્તૂપની મોટા મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરી.

તેમના અગ્નિસંસ્કારનું અસલ સ્થાન ભૂલાઈ જવાથી અજમેરના જૈનોએ બીજે સ્થાને **ભ૦ પાર્શ્વનાથ**નું દેરાસર તથા **દાદાવાડી** બનાવ્યાં છે, જે આજે વિદ્યમાન છે.

૪૦. **મણિધારી જિનચંદ્ર**—તેમનો સં૦ ૧૧૯૭ ના ભાદરવા સુદિ ૮ ના રોજ જન્મ, સં૦ ૧૨૧૮ ના ફાગણ વદિ ૮ ના રોજ અજમેરમાં (દિલ્લીમાં) દીક્ષા, સં૦ ૧૨૧૧ (૧૨૦૫?)ના વૈશાખ સુદિ ૯ ના રોજ બિકાનેરમાં આચાર્યપદ અને સં૦ ૧૨૨૩ ના બીજા

---

૧. આ૦ **જિનકુશલે** સં૦ ૧૩૮૩ માં ચૈત્યવંદનકુલકની વૃત્તિ ૪૪૦૦ શ્લોક પ્રમાણ રચી. પં૦ સુમતિગણિએ ગણધરસાર્ધશતકની બૃહદ્વૃત્તિ સં૦ ૧૨૯૫) ની પં૦ કનકચંદ્રગણિકૃત બૃહદ્વૃત્તિ, આ૦ જિનેશ્વર શિષ્ય ઉપા૦ પદ્મમંદિરે લઘુવૃત્તિ ગ્રં૦ : ૨૩૮૦, પં૦ ચારિત્રસિંહે 'અંતર્ગત પ્રકરણ' રચ્યું છે. ઉપા૦ જિનપાલે સં૦ ૧૨૯૪ માં ચર્ચરીની વૃત્તિ, સં૦ ૧૨૯૨ માં 'ઉપદેશરસાયન'ની વૃત્તિ, ઉપા૦ સુરપ્રભે 'કાલસ્વરૂપ'ની વૃત્તિ અને પં૦ પ્રબોધચંદ્રે સં૦ ૧૩૨૦ માં સંદેહદોલાવલીની બૃહદ્વૃત્તિ રચી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાદરવા વદિ ૧૪ ના રોજ **દિલ્હી**માં સ્વર્ગવાસ થયો.

તેમના પિતાનું નામ **રાસલ** અને માતાનું નામ દેલ્હણદેવી હતું. તેમને આ૦ જિનદત્તે પોતાના હાથે આચાર્યપદવી આપી પોતાની પાટે સ્થાપ્યા હતા. તેમણે **ખોડિયા ક્ષેત્રપાલ**ની સાધના કરી હતી. તેમણે પૂર્વદેશની યાત્રા કરી પાછા ફરતાં રાજા મદનપાલની વિનતિથી ગુરુદેવનું **અભિવચન** તોડી **દિલ્હી**માં ચોમાસુ કર્યું અને (યોગિનીના છલથી) ત્યાં જ તેમનો સ્વર્ગવાસ થયો.

તેમણે અતિબલ નામે અધિષ્ઠાયક સ્થાપ્યો હતો. તેમના પોતાના કપાળમાં મણિ હતો. કોઈ શ્રાવકની ગફલતથી એક વિદ્યાસિદ્ધ યોગી તેમનો મણિ ઉપાડી ગયો. તેમની માંડવી મુકરર સ્થાને ન પહોંચતાં વચમાં મરઘટમાં (મસાણમાં) ઉતારવાથી વચમાં જ રહી એટલે શ્રાવકોએ તેમનો ત્યાં જ અગ્નિસંસ્કાર કર્યો અને તે સ્થાને સ્તૂપ બનાવ્યો. **ખોડિયો ક્ષેત્રપાલ** ત્યાં પરચા પૂરતો હતો. પાછળથી સ્તૂપની ચરણપાદુકા મુસલમાનોએ ઉપાડીને ફેંકી દીધી અને ત્યાં ખાડો બનાવી મૂક્યો છે, તેની પૂજા ભક્તો કરે છે. આ સ્તૂપ ખરતરગચ્છમાં ચમત્કારી મનાય છે. સં૦ ૨૦૧૩ ના આસો વદિ ૧૧ ને શનિવાર તા૦ ૧૯—૧૦—'૫૭ અને આ૦ વ૦ અમાસ બુધવાર તા૦ ૨૩—૧૦—'૫૭ના રોજ ત્યાં ચોરી થઈ ત્યારથી ચમત્કાર મનાતો નથી.

એ સમયથી ખરતરગચ્છમાં દરેક ચોથી પાટે ' જિનચંદ્રસૂરિ ' નામ રાખવાનો પ્રચાર શરૂ થયો છે.[1]

તેમના શિષ્ય ઉપા૦ **જિનમતે** સં૦ ૧૨૧૫ માં ' રાક્ષસકાવ્ય 'ની ટીકા રચી છે. તેમણે આ૦ **જિનપતિ**ને ઉપા૦ **પદ્મપ્રભ** સાથેના ' ગુરુ-કાવ્યાષ્ટક 'ના શાસ્ત્રાર્થમાં બહુ મદદ કરી હતી. ઉપા૦ જિનમતનો સ્વર્ગવાસ સં૦ ૧૨૪૨ માં થયો હતો.

(—જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૩૫, પૃ૦ ૧૪૩, ક્રમાંક : ૨૩૯)

૧. खोडियाक्षेत्रपालस्तत्स्तूपेऽधिष्ठाता । तुर्ये तुर्ये पट्टे श्रीजिनचन्द्रसूरिनाम स्थापनम् ॥ (—સં૦ ૧૭૧૧ની ખરતરગચ્છ પટ્ટાવલી)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આ૦ જિનપતિસૂરિ—**

तत्पट्टे श्रीजिनपतिसूरिर्जज्ञेऽथ पञ्चलिङ्गी यः ।
श्रीसंघपङ्कमलं विवृत्य चक्रे बुधाश्चर्यम् ॥६॥

(–અભયકુમારચરિત્ર-પ્રશસ્તિ)

वाग्मिनां च शिरोरत्नं वन्दे मर्त्येश्वरस्तुतम् ।
भक्त्या सुमेधसां धुर्यं श्रीमज्जिनपतिगुरुम् ॥

તેઓ બિકાનેરના શા૦ યશોવર્ધન માલ્હુ અને સૂહવદેના પુત્ર હતા. તેમનું નામ નરપતિ હતું.

તેમનો સં૦ ૧૨૧૦ના ચૈત્ર વદિ ૮ ના રોજ **મૂળ નક્ષત્ર**માં જન્મ થયો હતો. સં૦ ૧૨૧૮ના ફાગણ વદિ ૮ (સં૦ ૧૨૧૭ના ફાગણ સુદિ ૧૦) દિલ્હીમાં દીક્ષા થઈ હતી, સં૦ ૧૨૨૩ ના કાર્તિક સુદિ ૧૩ ના રોજ બબ્બેરકમાં આ૦ જયદેવના હાથે આચાર્યપદ, સં૦ ૧૨૭૭ ના અષાઢ સુદિ ૧૦ (સં૦ ૧૨૭૮ ના માહ સુદિ ૬)ના રોજ **પાલનપુર**માં સ્વર્ગવાસ થયો હતો.

તેમણે ૩૬ વાદ જિત્યા હતા.

તેમણે આસપુરમાં પ્રતિષ્ઠા કરાવી ત્યારે મણિવાળા યોગીએ જિનપ્રતિમાનું સ્તંભન કર્યું હતું. આથી તેમણે વાસક્ષેપ નાખી તે સ્તંભન દૂર કર્યું હતું. આ કારણે યોગી પણ તેમનો ભક્ત બની ભાલ-મણિ તેમજ સ્તંભિનીવિદ્યા આપીને ચાલતો થયો. આચાર્યે તે વિદ્યા ગ્રહણ ન કરી.

ખેડનો મંત્રી **ઉદ્ધરણ** સાધર્મિકોને વસ્ત્રદાન વગેરે ઘણું દાન આપતો હતો. તેણે નાગોરમાં દેરાસર બંધાવ્યું, તેની પ્રતિષ્ઠા આ૦ જિનપતિએ કરી, અને તે કુટુંબને ખરતરગચ્છનું **ભક્ત** બનાવ્યું. મરોઠના **નેમિચંદ્ર** ભંડારીનો પુત્ર અંબડ (દેવદત્ત) દીક્ષા લેવાને તૈયાર થયો ત્યારે ભંડારીએ આ૦ જિનપતિની પરીક્ષા કરી તેમને પોતાનો પુત્ર સોંપ્યો.

તેમણે સં૦ ૧૨૩૩ માં કલ્યાણનગરમાં બિકાનેરના શા૦ માનદેવે ભરાવેલ ભ૦ મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરી. (–વિવિધતીર્થકલ્પ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ વાદિદેવસૂરિએ સં૦ ૧૧૯૯ના ફા૦ સુ૦ ૧૦ દિને ફલોધિમાં તીર્થની સ્થાપના કરી ત્યારે ત્યાં ખરતરગચ્છનું વિધિચૈત્ય નહોતું તેથી આ૦ જિનપતિએ સં૦ ૧૨૩૪ માં ફલોધિમાં ભ૦ પાર્શ્વનાથનું નવું ખરતરગચ્છીય **ચૈત્ય** બનાવ્યું.

તેમણે સં૦ ૧૨૪૮ લગભગમાં આસાવલ, **કર્ણાવતી** નગરમાં ઉદયનવિહારના ચૈત્યવાસીઓએ પ્રતિષ્ઠા કરેલ જિનબિંબોને અપૂજનીય ઠરાવી ચર્ચા ઊભી કરી. આ ચર્ચાએ મોટું રૂપ પકડ્યું. એ અંગે ગ્રંથો બન્યા અને સં૦ ૧૨૪૮માં કર્ણાવતીમાં શાસ્ત્રાર્થ થયો. આ૦ વાદિદેવસૂરિના સંતાનીય આ૦ પ્રદ્યુમ્નસૂરિએ આ અંગે 'વાદસ્થલ' નામે ગ્રંથ રચ્યો અને આ૦ જિનપતિએ તેના ઉત્તરમાં 'પ્રબોધ્યવાદસ્થલ' નામે ગ્રંથ બનાવ્યો. એ સિવાય તેમણે યમકમયચતુર્વિંશતિજિનસ્તવન શ્લો૦ ૩૦, **તીર્થમાલા**, પંચલિંગીપ્રકરણ વિવરણ અને સંઘપટ્ટકની બૃહત્-ટીકા રચી. આ૦ જિનભદ્રના પરિવારના **પં૦ હર્ષરાજે** આના આધારે સંઘપટ્ટકની નાની ટીકા બનાવી છે.

આ૦ જિનપતિના ઉપદેશથી મરોઠના શેઠ આશાપાલ ધર્કટની પત્ની શુષમણિએ સં૦ ૧૨૮૨ માં 'અનેકાર્થઅભિધાનકોશ' લખાવ્યો.

(–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ : ૮)

તેમણે સં૦ ૧૨૪૪ માં પુનમિયા આ૦ અકલંકદેવ સામે સાધુ સંઘ કઢાવી સાથે જાય એવું નિરૂપણ કર્યું.

ઉપકેશગચ્છના ઉપા૦ **પદ્મપ્રભે** અજમેરમાં વિસલરાજની સભામાં સં૦ ૧૨૩૯ માં આ૦ જિનપતિને 'ગુરુ કાવ્યાષ્ટક' અંગેના વાદમાં હરાવ્યા. તે પછી પણ તે બંને વચ્ચે બીજી વખત પણ શાસ્ત્રાર્થ થયો હતો. (–ઉપકેશગચ્છ પટ્ટાવલી, પ્રક૦ ૧, પૃ૦ ૨૮, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૩૯)

આ૦ જિનપતિએ ખરતરગચ્છને વ્યવસ્થિત રૂપ આપ્યું, તેથી ખરતરગચ્છના પટ્ટાવલીકારો તેમને—विधिनमोमणिः ॥६२॥, खरतरगच्छसूत्रधारः, गच्छसूत्राणां सूत्रधारः, गच्छसामाचारीप्रवर्त्तकः, परमसंवेगी વગેરે વિશેષણોથી નવાજે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સમયે ખરતરગચ્છમાં સગોત્રી ૫૪૦ આચાર્યો હતા. આ૦ જિનપતિના ઘણા શિષ્યો વિદ્વાન હતા. તે પૈકી કેટલાકની માહિતી નીચે મુજબ છે—

(૧) મહો૦ **જિનપાલ**—તેમણે સં૦ ૧૩૦૫ના અષાઢ સુદિ ૫ ના રોજ 'યુગપ્રધાનાચાર્ય ગુર્વાવલી' (ગ્રં૦ : ૨૦૧૨૪ ?), સં૦ ૧૨૬૨ માં 'ષટ્સ્થાનક-વૃત્તિ, સનત્કુમારમહાકાવ્ય-સટીક, સં૦ ૧૨૯૨ માં ઉપદેશરસાયન-વિવરણ, સં૦ ૧૨૯૩ માં આ૦ જિનવલ્લભસૂરિના દ્વાદશકુલકનું વિવરણ, સં૦ ૧૨૯૪ માં ચર્ચરી-વિવરણ તથા સ્વપ્ન વિચારભાષ્ય' બનાવ્યાં છે. તેઓ સં૦ ૧૨૬૯માં જાલોરમાં **ઉપાધ્યાય** બન્યા હતા.

(૨) પં૦ **સુમતિગણિ**—તેમણે સં૦ ૧૨૯૫ માં ખંભાતથી ધારા નલકચ્છક માંડવગઢ સુધીના વિહારમાં આ૦ જિનદત્તના 'ગણધરસાર્ધશતક'ની બૃહદ્વૃત્તિ રચી, જેનો પ્રથમ આદર્શ પં૦ કનકચંદ્રે લખ્યો. **પં૦ ચારિત્રસિંહે** તેના આધારે 'ગણધર અંતર્ગત પ્રકરણ' રચ્યું અને **ઉપા૦ સર્વરાજે** (ઉપા૦ પદ્મમંદિર ગણિએ) લઘુવૃત્તિની રચના કરી.

(૩) **પં૦ પૂર્ણભદ્ર**—તેમણે સં૦ ૧૨૭૫ માં ઉપાસકદશાકથા, સં૦ ૧૨૮૨ માં પાલનપુરમાં અતિમુક્તકચરિત્ર, સં૦ ૧૨૮૫ માં જેસલમેરમાં ધન્ય-શાલિભદ્રચરિત્ર (પરિ૦ ૬), સં૦ ૧૩૦૫ માં કૃતપુણ્યકચરિત્રની રચના કરી.

(૪) **આ૦ સર્વદેવ**—તેમણે પં૦ પૂર્ણભદ્રને ધન્યશાલિભદ્રચરિત્ર બનાવવામાં સહાય કરી હતી અને સં૦ ૧૨૮૭ માં જેસલમેરમાં 'સ્વપ્નસપ્તતિકા' રચી છે. તેમણે સં૦ ૧૨૭૮ માં જાલોરમાં આ૦ જિનેશ્વરને આચાર્યપદ આપ્યું હતું.

(૫) **ઉપા૦ સૂરપ્રભ**—તેમણે પં૦ પૂર્ણભદ્રના 'ધન્ય-શાલિભદ્રચરિત્ર'નું સંશોધન કર્યું, કાલસ્વરૂપકુલકની વૃત્તિ રચી. સ્તંભનેશ પાર્શ્વસ્તવન બનાવ્યું. તેમણે ખંભાતમાં દિગંબર વાદી યમદંડને હરાવ્યો તથા પદ્યબદ્ધ 'પ્રદ્યકલ્પ' રચ્યો. ઉ૦ ચંદ્રતિલકને વિદ્યાનંદવ્યાકરણ ભણાવ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪૨. આ૦ **જિનેશ્વરસૂરિ**—તેઓ મરોઠના નેમિચંદ ભંડારી અને તેમની પત્ની લક્ષ્મીદેવીના **અંબડ** નામે પુત્ર હતા. તેમનો સં૦ ૧૨૪૫ના માગશર સુદિ ૧૧ ના રોજ ભરણી નક્ષત્રમાં જન્મ થયો હતો. સં૦ ૧૨૫૫માં ખેડમાં દીક્ષા થઈ ત્યારે તેમનું નામ મુનિ **વીરપ્રભ** રાખવામાં આવ્યું. સં૦ ૧૨૭૮ના માહ સુદિ ૬ ના રોજ જાલોરમાં આ૦ **સર્વદેવ**ના હાથે આચાર્યપદવી થઈ ત્યારે આ૦ જિનેશ્વર નામ રાખવામાં આવ્યું અને સં૦ ૧૩૩૧ના આસો વદિ ૬ ના રોજ જાલોરમાં અનશનપૂર્વક સ્વર્ગગમન કર્યું.

લગભગ ૩૩ વર્ષની ઉંમરે તેઓ આચાર્ય થયા પણ જ્ઞાનવાળા નહોતા આથી તેમને **સરસ્વતી** નદી ઓળંગ્યા પછી **પાટણ**માં પ્રવેશ કરતાં પોતાની અજ્ઞતા માટે ખેદ થયો. આથી પોતાનું મરણ થાય તો સારું એવો વિચાર પણ આવ્યો. આ કારણે **સરસ્વતી** દેવીએ પ્રસન્ન થઈ તેમને વિદ્યાનું વરદાન આપ્યું. તેમણે પાટણમાં જઈ—'अर्हन्तो भगवन्त' સ્તુતિ-શ્લોક રચ્યો. સરસ વ્યાખ્યાન આપ્યું. આ ઘટનાનો ઉલ્લેખ 'યુગપ્રધાનાચાર્ય-ગુર્વાવલી'માં છે પણ અર્વાચીન 'વૃદ્ધાચાર્ય-પ્રબંધાવલી'માં નથી.

ખરતરગચ્છના **પટ્ટાવલીકારો**એ આ૦ જિનેશ્વરનું સ્થાન ઊંચું બનાવવા માટે **ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિ** તથા ગૂર્જરેશ્વર **કુમારપાલ** મહારાજા માટે મનગઢંત ઘટનાઓ જોડી દીધી છે, જે વસ્તુ 'યુગપ્રધાનાચાર્ય-ગુર્વાવલી'માં કે 'વૃદ્ધાચાર્ય-પ્રબંધાવલી'માં નથી. વસ્તુતઃ પટ્ટાવલીકારો ગચ્છના રાગમાં તણાઈને ઐતિહાસિક સત્યોને સર્વથા ભૂલી ગયા છે. આ૦ જિનેશ્વરસૂરિ તો ગૂર્જરેશ્વર કુમારપાલના મરણ બાદ ઘણાં વર્ષો વીત્યા પછી જન્મ્યા હતા અને બીજી તરફ આ૦ જિનેશ્વરના શિષ્યોએ ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિના ગ્રંથો ઉપર વિવરણો રચ્યાં છે, ત્યારે કબૂલ કરવું પડે કે, આ૦ જિનેશ્વરના પરિવારને ક૦ સ૦ હેમચંદ્રસૂરિ પ્રત્યે બહુમાન હતું.

રુદ્રપલ્લીય આ૦ સોમતિલકે 'કુમારપાલદેવચરિત' ની રચના પણ કરી છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાલનપુરમાં આ૦ જિનેશ્વરસૂરિના દાંડાના બે ટુકડા થઈ ગયા, આથી તેમને લાગ્યું કે મારો ગચ્છ બે ભાગમાં વહેંચાઈ જશે, તો મારે મારા હાથે એની વ્યવસ્થા કરવી જોઈએ કે, બે ભાગલા પડે છતાં મોટું નુકસાન ન થાય. એટલે તેમણે પોતાની પાટે પોતાના હાથે બે આચાર્યો સ્થાપન કર્યા.

(૧) આ૦ જિનસિંહસૂરિ સં૦ ૧૨૮૦ અને (૨) આ૦ જિનપ્રબોધસૂરિ સં૦ ૧૩૩૧. (વૃદ્ધાચાર્ય-પટ્ટાવલી, પ્ર૦ ૮)

આ૦ **જિનસિંહસૂરિ** લાડણુના **શ્રી**માલી હતા. તેમનાથી સં૦ ૧૩૧૩ (? સં૦ ૧૩૩૧)માં **ત્રીજો** લઘુ ખરતરગચ્છ નીકળ્યો, જેનું બીજું નામ **શ્રીમાલીગચ્છ** પણ મળે છે.

આ૦ **જિનેશ્વરે** સં૦ ૧૩૧૩ માં પાલનપુરમાં ‘શ્રાવકધર્મ-પ્રકરણ’ રચ્યું. ઉપા૦ **લક્ષ્મીતિલકે** સં૦ ૧૩૧૭ માં તેની ટીકા (ગ્રં : ૧૫૦૦૦) રચી.

જૈન સાઈટ JAINSITE .com

આ સાલમાં ભીમપલ્લી (ભીલડિયા)માં ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર બન્યું. સં૦ ૧૩૩૪ ના વૈશાખ વદિમાં ભીલડિયામાં ગણધર ગૌતમસ્વામીની પ્રતિમા બિરાજમાન કરવામાં આવી.

આ૦ જિનેશ્વરે ‘યમકમય ચતુર્વિંશતિ જિનસ્તવન’ શ્લો૦ ૩૧, તથા ‘પાર્શ્વનાથ જિનસ્તવન’ શ્લો૦ ૨૧ની રચના કરી.

પં૦ સોમમૂર્તિએ સં૦ ૧૩૩૧માં ‘જિનેશ્વરસૂરિદીક્ષારાસ’ બનાવ્યો છે.

આ૦ જિનેશ્વરે જૈન સંઘને ઘણા વિદ્વાન **શિષ્યો** આપ્યા છે.[1]

(૧) ઉપા૦ **વિવેકસમુદ્રગણિ**—તેમનું બીજું નામ ઉપા૦ વિવેકસાગર હતું. શેઠ વાહડના પુત્ર **બોહિત્થ,** તેમના પુત્રે આ૦ **જિનેશ્વર પાસે** દીક્ષા લીધી, જેઓ **વિવેકસમુદ્ર** નામથી વિખ્યાત થયા. તેમણે સં૦ ૧૩૦૪ ના વૈશાખ સુદિ ૧૪ ના રોજ દીક્ષા લીધી. સં૦

---

1. सूरिर्जिनरत्न इह बुद्धिसागरसुधीरमरकीर्तिः कविः पूर्णकलशो बुधः।
ज्ञौ प्रबोधेन्दुगच्छ-लक्ष्मीतिलकौ प्रबोधेन्दुमूर्त्यादयो यद्विनेयाः।
(—શ્રી અભયતિલકકૃત સંસ્કૃત-દ્વયાશ્રયવૃત્તિ પ્રશસ્તિ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૩૨૩ માં જેસલમેરમાં **વાચનાચાર્યપદ** મળ્યું. સં૦ ૧૩૪૨ ના વૈશાખ સુદિ ૧૦ ના રોજ જાલોરમાં આ૦ **જિનચંદ્ર**ના હાથે **ઉપાધ્યાયપદ** અને સં૦ ૧૩૬૯ ના જેઠ સુદિમાં સ્વર્ગગમન થયું હતું. તેમણે જ આ૦ **કુશલસૂરિ**ને ભણાવ્યા હતા, તેમજ પદવી અપાવી હતી. **ઉપાધ્યાયે** 'પ્રત્યેકબુદ્ધચરિત્ર, પિતા આહિત્થની વિનતિથી ખંભાતમાં દિવાળીના દિવસે નરવર્મચરિત્ર (સર્ગ : ૫, ગ્રં૦ : ૫૪૨૪) સં૦ ૧૩૩૪ના **પ્રથમ કાર્તિક સુદિ** ૧૫ ના રોજ જેસલમેરમાં પુણ્યસાર-કથા' (ગ્રં૦ : ૩૪૨) રચ્યાં છે; તેમણે 'વિવેકસાગર સમ્યક્ત્વાલંકાર' ગ્રંથની પણ રચના કરી છે. તેમની પુણ્યસાર-કથાનું સંશોધન આ૦ જિનપ્રબોધે કર્યું હતું.

સં૦ ૧૫૧૮ માં તપાગચ્છમાં આ૦ સોમસુંદરસૂરિના શિષ્ય પં૦ વિવેકસમુદ્રગણિ નામે હતા. (પ્રક૦ ૫૦)

(૨) વા૦ પૂર્ણકલશગણિ—તેઓ આ૦ જિનેશ્વરના દીક્ષાશિષ્ય અને આ૦ જિનરત્નના વિદ્યાશિષ્ય હતા. તેમણે સં૦ ૧૩૦૭ માં ક૦ સ૦ આ૦ **હેમચંદ્રસૂરિ**ના 'પ્રાકૃત-દ્વયાશ્રયમહાકાવ્ય'ની વૃત્તિ (ગ્રં૦ : ૧૫૦૦) રચી, જેનું ગુરુભાઈ ઉ૦ **લક્ષ્મીતિલકે** સંશોધન કર્યું હતું. વાચકશ્રીએ યંત્ર-મંત્રવાળું 'સ્તંભન-પાર્શ્વનાથસ્તોત્ર' (શ્લો૦ ૩૭) સ્વોપજ્ઞ વૃત્તિ સાથે રચ્યું હતું.

(૩) **ઉપા૦ લક્ષ્મીતિલક**—તેઓ ઉપા૦ જિનરત્ન પાસે વિદ્યા ભણ્યા હતા. તેમણે ઉપા૦ અભયતિલક વગેરેને ભણાવ્યા હતા. સં૦ ૧૩૧૭ માં 'શ્રાવકધર્મપ્રકરણ'ની ટીકા (ગ્રં૦ : ૧૫૦૦૦) રચી તથા સં૦ ૧૩૧૧માં 'પ્રત્યેકબુદ્ધચરિત્રમહાકાવ્ય' (સર્ગ : ૧૭)ની રચના કરી.

(૪) **ઉપા૦ અભયતિલક**—તેઓ આ૦ જિનેશ્વરના દીક્ષાશિષ્ય અને ઉપા૦ લક્ષ્મીતિલકના વિદ્યાશિષ્ય હતા. તેમણે ઉપા૦ લક્ષ્મીતિલક પાસે ન્યાયનો અભ્યાસ કર્યો હતો. સં૦ ૧૩૧૨ માં પાલનપુરમાં આ૦ હેમચંદ્રસૂરિના 'સંસ્કૃત-દ્વયાશ્રય મહાકાવ્ય' (સર્ગ : ૨૦)ની વૃત્તિ (ગ્રં૦ : ૬૦૦૦) રચી. તેમણે 'ન્યાયાલંકાર'નું ટિપ્પન (ગ્રં૦ : ૫૪૦૦૦) રચ્યું, જે ૧. અક્ષપાદનું ન્યાયતર્ક, ૨. વાત્સ્યાયનભાષ્ય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩. ભારદ્વાજનું વાર્તિક, વાચસ્પતિની તાત્પર્ય ટીકા, ૪. ઉદયનની ન્યાય-તાત્પર્યપરિશુદ્ધિ અને ૫. શ્રીકંઠની ન્યાયાલંકારવૃત્તિ—એ ઉત્તરોત્તર પાંચ ગ્રંથો પર પંચપ્રસ્થ ન્યાયતર્કની વ્યાખ્યા છે. આ પંચપ્રસ્થ લેખનની પ્રશસ્તિ આ૦ જિનેશ્વરના શિષ્ય **કવિ કુમારે** રચી છે. ઉપા૦ અભયતિલકે ઉપા૦ ચંદ્રતિલકના 'અભયકુમારચરિત્ર'નું સંશોધન કર્યું અને ઉપદેશમાલાની બૃહદ્વૃત્તિની પ્રશસ્તિ બનાવી.

(૫) **ઉપા૦ ચંદ્રતિલક**—તેઓ પં૦ નેમિચંદ્ર ગણિ પાસે સામાયિકશ્રુત ભણ્યા, પળાયા. **મુનિ સિદ્ધસેન** પાસે 'પ્રભાણિ' શીખ્યા. આ૦ જિનેશ્વરના શિષ્ય વાચનાચાર્ય ગુણભદ્ર પાસે 'પંજિકા' શીખ્યા. સૂરપ્રભ પાસે 'વિદ્યાનંદ વ્યાકરણ'[૧] ભણ્યા. ત્રૈવેદ્ય આ૦ વિજયદેવસૂરિ પાસે ન્યાય ભણ્યા અને **મહો૦ જિનપાલ** પાસે 'નંદીસૂત્ર' વગેરે મૂલ આગમ ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. સંભવ છે કે તેમનું દીક્ષા-નામ સોમકીર્તિ હશે. તેમણે સં૦ ૧૪૧૧ માં પાટણમાં સ્વતંત્ર પંજિકા લખી છે.

તેમણે સં૦ ૧૩૧૨ માં ખંભાતમાં 'અભયકુમારચરિત્ર' (ગ્રં૦ : ૯૦૩૬) રચ્યું, જેનું સંશોધન ઉપા૦ લક્ષ્મીતિલક તથા ઉપા૦ અભયતિલકે કર્યું હતું. અમરકીર્તિ **કુમાર કવિએ** 'અભયકુમારચરિત્ર'ની પ્રશસ્તિ બનાવી છે.

(૬) મુનિ સૂરપ્રભ.

(૭) **મુનિ ધર્મતિલક**—તેમણે સં૦ ૧૩૨૨ માં 'ઉલ્લાસિક-સ્મરણ-ટીકા અને અજિતશાંતિસ્તવન-ટીકા' રચ્યાં છે.

(૮) **આ૦ જિનરત્ન**—તેમણે 'નિર્વાણલીલાવતીસૂત્ર, તેની વૃત્તિ, સિદ્ધાંતરત્નિકા-વ્યાકરણસૂત્ર, તેની વૃત્તિ અને ન્યાયવિલાસ રચ્યાં છે. તેમણે ઉપા૦ પૂર્ણકલશ અને ઉપા૦ લક્ષ્મીતિલકને ભણાવ્યા હતા.

---

૧. વિદ્યાનંદ વ્યાકરણ બે મળે છે—

(૧) કાતન્ત્રનું બીજું નામ વિદ્યાનંદ. (જૂઓ, પ્ર૦ ૪૦, પૃ૦ ૪૩૪)

(૨) તપાગચ્છના આ૦ દેવેન્દ્રસૂરિના પ્રથમ પટ્ટધર આ૦ વિદ્યાનંદસૂરિએ પણ 'વિદ્યાનંદ વ્યાકરણ' બનાવ્યું હતું. (–ગુર્વાવલી શ્લો૦ ૧૭૧, પ્ર૦ ૪૬)

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

પં૦ પ્રબોધચંદ્ર ગણિની 'સંદેહદોલાવલી'ની બૃહદ્વૃત્તિના સંશોધનમાં મદદ કરી હતી.

(૯) **પં૦ પ્રબોધચંદ્ર ગણિ**—તેઓ પં૦ પદ્મદેવ પાસે વ્યાકરણ, સાહિત્ય, ઉપા૦ ગુણભદ્ર પાસે 'કાતંત્ર-પંજિકા', આ૦ વિજયદેવ પાસે ન્યાય, ઉપા૦ જિનપાલ પાસે આગમ શીખ્યા હતા. તેમણે સં૦ ૧૩૦૧ માં 'સંદેહદોલાવલી'ની બૃહદ્વૃત્તિ રચી છે. ઉપા૦ લક્ષ્મીતિલક, ઉપા૦ જિનરત્ન અને ઉપા૦ ચંદ્રતિલકે તેનું સંશોધન કર્યું હતું.

(૧૦) **પ્રબોધમૂર્તિ**—(જૂઓ પ્રક૦ ૪૦ માં નં૦ ૪૩ના આ૦ જિનપ્રબોધસૂરિ.

(૧૧) **ઉપા૦ દેવમૂર્તિ**—તેમણે ઉપા૦ હેમપ્રભની 'પ્રશ્નોત્તરરત્નમાલા'ની પ્રશસ્તિ રચી છે.

(૧૨) **ઉપા૦ ગુણસમુદ્ર ગણિ**—તેઓ મોટા વિદ્વાન હતા.

(૧૩) **કવિ કુમાર અમરકીર્તિ**—તે વિદ્વાન હતા. ગ્રંથોનું સંશોધન સારી રીતે કરી શકતા હતા. તેમણે ઉપા૦ અભયતિલક ગણિના પંચપ્રસ્થ વ્યાખ્યાની પ્રશસ્તિ બનાવી હતી. ઉપા૦ ચંદ્રતિલકના 'અભયકુમારચરિત્ર'ની પ્રશસ્તિ બનાવી હતી.

(૧૪) જગડૂ—તેમણે ( સં૦ ૧૨૭૮ થી ૧૩૩૦ના ગાળામાં ) 'સમ્યક્ત્વમાઇ-ચઉપઈ' રચી છે.

(—જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પારા : ૬૦૭)

*

## (૩) લઘુખરતરગચ્છ—શ્રીમાલીગચ્છ

આ૦ જિનેશ્વરના મુખ્ય પટ્ટધર અને શ્રીમાલીગચ્છના પ્રથમ આ૦ જિનસિંહરચિત પટ્ટાવલી આ પ્રકારે મળે છે—

૪૨. આ૦ **જિનેશ્વરસૂરિ**—સ્વર્ગવાસ સં૦ ૧૩૩૧.

૪૩. આ૦ **જિનસિંહસૂરિ**—તેઓ લાડણુના શ્રીમાળી હતા. તેઓ પદ્માવતીનો મંત્ર પામ્યા. સં૦ ૧૨૮૦ માં ગુરુજીના હાથે આચાર્ય થયા. તેમનાથી સં૦ ૧૩૩૩ (સં૦ ૧૩૩૧)માં 'લઘુ ખરતરગચ્છ' નીકળ્યો, જેનું બીજું નામ શ્રીમાલગચ્છ પણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે ગુરુની આજ્ઞા લઈ શ્રીમાલીઓના પ્રદેશમાં વિહાર કર્યો. અહીં તેમને ઘણા શિષ્યો થયા. તેમણે **હીલવાડી**ના **સુહડપાલને** દીક્ષા આપી અને સં૦ ૧૩૪૧ માં આચાર્યપદ આપ્યું. પદ્માવતીનો મંત્ર, જે પોતાને સિદ્ધ થતો નહોતો તે પણ તેમને આપ્યો. તે પછી તેઓ સ્વર્ગસ્થ થયા. (-વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી, પ્ર૦ ૯)

૪૪. **આ૦ જિનપ્રભસૂરિ**—હીલવાડીમાં તાંબી ગોત્રના શેઠ મહીધરને રત્નપાલ નામે પુત્ર હતો. રત્નપાલને ખેતલદેવીથી પાંચ પુત્રો થયા. એ સૌમાં વચેટ **સુહડપાલ** હતો. આ૦ જિનસિંહે શેઠ પાસેથી તેને માગી લીધો ને સં૦ ૧૩૨૬ માં તેને દીક્ષા આપી. સં૦ ૧૩૪૧ માં કિઢવાણા નગરમાં તેમને **આચાર્યપદ** આપ્યું અને આ૦ **જિનપ્રભ** નામ આપી પોતાની પાટે સ્થાપન કર્યા, તેમજ પદ્માવતીનો વિદ્યાપાઠ પણ આપ્યો.

આ૦ જિનપ્રભસૂરિએ પદ્માવતીદેવીની વિધિપૂર્વક સાધના કરી, તેથી દેવીએ પ્રસન્ન થઈ તેમને વરદાન આપ્યું. આચાર્યશ્રીએ દિલ્હી જઈ ધારાધર જોષી દ્વારા મહમ્મુદ તઘલક (સં૦ ૧૩૮૨ થી ૧૪૦૭) બાદશાહને ઉપદેશ આપી પોતાનો ભક્ત બનાવ્યો અને જૈનધર્મની મોટી પ્રભાવના કરી. તેમણે દિલ્હીમાં ઘણા ચમત્કારો બતાવ્યા હતા.

એક દિવસ જ્યારે આચાર્યશ્રી સ્થંડિલ જતા હતા ત્યારે મુસલમાનોએ તેમને પથ્થર માર્યા પણ તે પથ્થર આપોઆપ મારનારાઓને વાગવા લાગ્યા. આચાર્યશ્રીએ બાદશાહની બેગમની વ્યંતર પીડા દૂર કરી, આથી બેગમ તેમને પિતા તુલ્ય માનવા લાગી. કાશીના પંડિત **રાઘવચેતને** બાદશાહની વીંટી આચાર્યશ્રીના ઓઘામાં છુપાવી દીધી અને બાદશાહે જ્યારે સૌની જડતી લીધી ત્યારે તે વીંટી પંડિતજીની પાઘડીમાંથી નીકળી. આચાર્યશ્રીએ ચોસઠ યોગિનીઓને વ્યાખ્યાનવેળાએ પાટલા ઉપર થંભાવી દીધી હતી. એક સાંઈ-ફકીરે બાદશાહની સભામાં પોતાની કુલહ(ટોપી) ઉડાડી આકાશમાં અદ્ધર ચડાવી દીધી. આચાર્યશ્રીએ રજોહરણ-ઓઘો મોકલી તે મારફત ટોપીને નીચે ઉતારી દીધી. ફકીરે એક પનિહારીના ઘડાને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આકાશમાં થંભાવી દીધો. આચાર્યશ્રીએ તે ઘડાને ત્યાં ફોડી નાખ્યો પણ તેમાંના પાણીને બરફની જેમ ત્યાં જ થંભાવી રાખ્યું. તે પછી બાદશાહની વિનતિથી તેને નીચે વરસાવ્યું. એક વાર બાદશાહે આચાર્યને પૂછ્યું કે, 'આવતી કાલે મારે રાજપાટિકાએ જવાનો રસ્તો કયો હશે તે જણાવો.' આચાર્યશ્રીએ એક ચબરખીમાં 'બંદર-બૂરજ'નો રસ્તો લખીને આપ્યો. બીજે દિવસે બાદશાહ તે બૂરજ તોડીને રાજપાટીએ ગયો અને જ્યારે પેલી ચબરખી વાંચી ત્યારે બાદશાહને આચાર્યશ્રી પ્રત્યક્ષ પરમેશ્વર જેવા લાગ્યા. બાદશાહે મુસાફરીમાં એક વડને સાથે લઈ જવાની ઇચ્છા દર્શાવી ત્યારે આચાર્યશ્રીના હુકમથી (અને વિજયમંત્રના પ્રભાવથી) વડવૃક્ષ બાદ-શાહ સાથે પાંચ કોશ સુધી ગયું અને આચાર્યશ્રીએ મનાઈ ફર-માવી ત્યારે તે વડ પાછો પોતાને સ્થાને આવી ઊભો.

આ૦ **જિનપતિએ કલ્યાણનગરમાં** સં૦ ૧૨૩૩ માં જે ભ૦ મહાવીરની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી તે પ્રતિમાને મુસલમાનો ઉઠાવી લાવ્યા અને સં૦ ૧૩૮૫ માં દિલ્હીના બાદશાહી મહેલના પગ-થિયામાં ગોઠવી દીધી. તે પ્રતિમાને આ૦ જિનપ્રભે બાદશાહ પાસેથી મેળવીને તેની કલ્યાણનગરમાં પ્રતિષ્ઠા કરી. બાદશાહે તેની પૂજા માટે બે ગામ અર્પણ કર્યાં.

બાદશાહ શત્રુંજય તીર્થની યાત્રાએ ગયો ત્યારે આચાર્યશ્રીએ રાયણ વૃક્ષમાંથી દૂધની વૃષ્ટિ કરાવી હતી. આચાર્યશ્રીએ આવા અનેક ચમત્કારો બતાવ્યા હતા.

તેમણે કલાલનો ધંધો કરતા બંડેલવાલોને તે ધંધો છોડાવી જૈન બનાવ્યા. (–વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી, પ્ર૦ ૧૦)

આ૦ જિનપ્રભે સં૦ ૧૩૪૯ માં નાગેન્દ્રગચ્છીય આ૦ મલ્લિષેણ પાસે અભ્યાસ કર્યો હતો. તેમને 'ઘૂર્ણ સરસ્વતી' અને 'પ્રત્યક્ષ સર-સ્વતી' એમ બે બિરુદો મળ્યાં હતાં.

આ૦ જિનપ્રભને એવી પ્રતિજ્ઞા હતી કે, હમેશાં ઓછામાં ઓછી પાંચ નવી ગાથાઓ રચ્યા પછી જ આહાર લેવો. આથી તેમણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રચેલા ઘણા ગ્રંથો અને સ્તોત્રો મળે છે.

૧. **વિવિધતીર્થકલ્પ** (સંસ્કૃત–પ્રાકૃત) સં૦ ૧૩૨૭ થી ૧૩૮૯.
૨. કાતંત્ર-વિભ્રમ-ટીકા, (ગ્રં૦ : ૨૬૧) સં૦ ૧૩૫૨, દિલ્હી.
૩. સંસ્કૃત–દ્વયાશ્રયકાવ્ય (શ્રેણિકચરિત્ર), સં૦ ૧૩૫૬.
૪. વિધિપ્રપા, સં૦ ૧૩૬૩ ના આ૦ સુ૦ ૧૦, અયોધ્યા.
૫. સિદ્ધાંત આગમરહસ્ય.
૬. સંદેહવિષૌષધિ, સં૦ ૧૩૬૪, અયોધ્યા.
૭. ભયહરસ્તોત્ર-ટીકા, સં૦ ૧૩૬૫.
૮. ઉવસગ્ગહર-વૃત્તિ, સં૦ ૧૩૬૫, અયોધ્યા.
૯. અજિત-શાંતિ-વૃત્તિ, સં૦ ૧૩૬૫, અયોધ્યા.
૧૦. સમસ્મરણ-વૃત્તિઓ, સં૦ ૧૩૬૫, અયોધ્યા.
૧૧. પંચપરમેષ્ઠિસ્તવ.
૧૨. સૂરિમંત્રપ્રદેશવિવરણ-(રહસ્યકલ્પદ્રુમ)
૧૩. **વીરસ્તુતિ**–સ્વર્ણસિદ્ધિસ્તવાવચૂરિ, (ગ્રં૦ : ૯૦) સં૦ ૧૩૮૦.
૧૪. સાધુ પ્રતિક્રમણ-વૃત્તિ, સં૦ ૧૩૬૪.
૧૫. સંસ્કૃત–પ્રાકૃતસ્તવનો–સ્તોત્રો.
૧૬. અપભ્રંશ ભાષાના ગ્રંથો–સ્તોત્રો.
૧૭. મદનરેખાસંધિ, સં૦ ૧૨૯૭.
૧૮. વયરસ્વામીચરિત્ર, સં૦ ૧૩૧૬.
૧૯. નેમિનાથ-મુનિસુવ્રત-જન્માભિષેક.
૨૦. દ્વયક્ષરનેમિસ્તવ.
૨૧. પદ્માવતીચતુષ્પદિકા.

તેમણે આ૦ જિનસેનના શિષ્ય **આ૦ મલ્લિષેણને** 'ભૈરવપદ્માવતીકલ્પ' રચવામાં અને આ૦ ઉદયપ્રભના શિષ્ય આ૦ મલ્લિષેણને 'સ્યાદ્વાદમંજરી' રચવામાં મદદ કરી હતી.

મલધારગચ્છના આ૦ રાજશેખર તેમની 'ન્યાયકંદલી'ના વિદ્યાર્થી હતા એ જ આ૦ રાજશેખરે 'ન્યાયકંદલી-વૃત્તિ' બનાવી અને આ૦ સંઘતિલક પણ તેમની પાસે ભણ્યા હતા.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પં૦ રવિવર્ધનગણિ લખે છે કે, આ૦ જિનપ્રભસૂરિ પાટણ પધાર્યા અને ત્યાં તપગચ્છના આ૦ સોમપ્રભસૂરિ જે પોષાળમાં વિરાજમાન હતા ત્યાં ઊતર્યા. તેમણે કરેલ શાસનપ્રભાવનાની આ૦ સોમપ્રભે પ્રશંસા કરી ત્યારે આ૦ જિનપ્રભસૂરિએ જણાવ્યું કે, 'અમે બાદશાહની સાથે રહીએ છીએ તેથી પરાધીન છીએ. તમે ચારિત્રધર છો, તમારા જેવા વિદ્યમાન છે તેથી જ જૈનશાસનમાં ચારિત્ર વર્તે છે.' બન્ને આચાર્યો વચ્ચે આટલો વાર્તાલાપ થયો અને બન્નેમાં પ્રેમ વધ્યો. આ૦ જિનપ્રભસૂરિએ પોષાળમાં ઉંદરનો ઉપદ્રવ હતો તે મટાડ્યો. (–જિનપ્રભસૂરિકલ્પ)

પં૦ **આદિગુપ્ત** 'સિદ્ધાંતસ્તવન'ની અવચૂરિમાં આ૦ જિનપ્રભસૂરિ માટે લખે છે કે—

येन (जिनप्रभसूरिणा) प्रतिदिनं नव्यस्तोत्रादिकरणानन्तरमेवाहारग्रहणाभिग्रहेण नैकानि स्तोत्राणि विरचितानि। पद्मावतीदेवीवचनात् तपागच्छमभ्युदयवन्तं समीक्ष्य श्रीसोमतिलकसूरये (सं० १३७३–१४२४) ९०० स्तोत्राणि समर्पितानि।

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

બીજો પણ ઉલ્લેખ મળે છે કે—

पद्मावतीवचनतोऽभ्युदयं विभाव्य
यत् सूरये स्तवनसप्तशतीं स्वकीयाम्।
सूरिर्जिनप्रभ उपप्रददे प्रथार्थै
सोऽयं सतां तपगणो न कथं प्रशस्यः?॥ (જૂઓ, પ્રક૦ ૪૮)

આ ઘટનાથી એ પણ તારવી શકાય છે કે, આ૦ જિનપ્રભસૂરિને તપાગચ્છ ઉપર ઘણો પ્રેમ હતો.

મલધારગચ્છીય આ૦ રાજશેખરે આ૦ જિનપ્રભ પાસે 'ન્યાયકંદલી'નો અભ્યાસ કર્યો હતો.

આ૦ જિનપ્રભની પાટે આ૦ જિનદેવસૂરિ થયા.

૪૫. આ૦ જિનદેવ—તેમણે 'કાલકાચાર્ય-કથા અને હૈમીનામમાલાશિલોંછ'ની રચના કરેલી છે. આ૦ જિનદેવની પાટે આ૦ સુમતિસૂરિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયા. તેમણે 'દશવૈકાલિકલઘુ-વૃત્તિ' (ગ્રં૦ : ૩૫૦૦) રચી છે.

૪૬. આ૦ જિનમેરુસૂરિ.

૪૭. આ૦ **જિનહિતસૂરિ.**

૪૮. આ૦ જિનસર્વસૂરિ.

૪૯. આ૦ જિનચંદ્રસૂરિ.

૫૦. આ૦ જિનસમુદ્રસૂરિ.

૫૧. આ૦ જિનતિલકસૂરિ.

તેઓ સં૦ ૧૬૬૧ માં શકંધરપુરમાં ચોમાસુ હતા ત્યારે મહો૦ રાજહંસ ગણિ, મહો૦ સમયહંસ ગણિ, પં૦ રત્નસાગર ગણિ વગેરે તેમની સાથે હતા. (–પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ ૬૪)

૫૨. આ૦ **જિનરાજસૂરિ**—મોટા ખરતરગચ્છમાં પણ (૪૯) આ૦ જિનોદયની પાટે (૫૦) આ૦ જિનરાજસૂરિ થયા હતા. તે આ આચાર્યથી જુદા સમજવા.

૫૩. આ૦ જિનહિતસૂરિ—સં૦ ૧૪૭૭. તેમને ઉપા૦ કલ્યાણરાજ નામે શિષ્ય હતા.

૫૪. **આ૦ ચારિત્રવર્ધનસૂરિ**—તેઓ આ૦ જિનહિતસૂરિના શિષ્ય ઉપા૦ કલ્યાણરાજના શિષ્ય હતા. તેઓ સમર્થ વિદ્વાન હતા. તેમણે ઘણા ટીકા ગ્રંથો વગેરે રચ્યા છે—

૧. મેઘદૂત-ટીકા, (ગ્રં૦ : ૧૧૨) સં૦ ૧૫૨૪, અરડક્કમલ શ્રીમાલીની વિનતિથી રચી.
૨. કુમારસંભવની શિશુહિતૈષિણી-વૃત્તિ, (સર્ગ : ૭) સં૦ ૧૪૯૨ ના માહ સુદિ ૮.
૩. રઘુવંશ-વૃત્તિ.
૪. સિન્દૂરપ્રકર-ટીકા, (ગ્રં૦ : ૪૮૦૦) સં૦ ૧૫૦૫ના વૈશાખ સુદિ ૮ ગુરુવાર.
૫. નૈષધીય-ટીકા, સં૦ ૧૫૧૧ વૈશાખ સુદિ.
૬. શિશુપાલવધ-ટીકા.
૭. કલ્યાણમંદિરસ્તોત્ર-વૃત્તિ.
૮. ભાવારિવારણ-સ્તોત્ર-વૃત્તિ.

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

૯: રાઘવ-પાંડવીય-વૃત્તિ.

૪૩. **આ૦ જિનપ્રબોધસૂરિ**—તેઓ શા૦ શ્રીચંદ અને શ્રીદેવીના પુત્ર હતા. તેમનો સં૦ ૧૨૮૫ માં જન્મ થયો. તેમનું નામ **પર્વત** પાડવામાં આવ્યું. તેમણે સં૦ ૧૨૯૬ ના ફાગણ વદિ ૫ ના રોજ થરાદમાં દીક્ષા લીધી ત્યારે તેમનું નામ **પ્રબોધમૂર્તિ** રાખવામાં આવ્યું. સં૦ ....વાચકપદ મળ્યું અને સં૦ ૧૩૩૧ ના આસો વદિ ૫ ના રોજ **આચાર્યપદ** આપ્યું ત્યારે નામ આ૦ જિનપ્રબોધસૂરિ રાખ્યું. સં૦ ૧૩૩૧ ના ફાગણ વદિ ૮ ના રોજ **જાલોરમાં** આચાર્યપદ-મહોત્સવ થયો. સં૦ ૧૩૪૧ માં તેમનો સ્વર્ગવાસ થયો હતો. તેમણે સં૦ ૧૩૩૪ માં જેસલમેરમાં 'પૂર્ણસાર-કથા'નું સંશોધન કર્યું હતું.

તેમણે સં૦ ૧૩૨૧ માં 'સંદેહદોલાવલી'ની વૃત્તિ રચી, જેનું ઉપા૦ લક્ષ્મીતિલક, ઉપા૦ જિનરત્ન અને ઉપા૦ ચંદ્રતિલકે સંશોધન કર્યું હતું. આચાર્યશ્રીએ સં૦ ૧૩૨૮ માં 'કાતંત્રવ્યાકરણ' પર 'દુર્ગપદપ્રબોધ' રચ્યો હતો.

આ૦ જિનચંદ્રે સં૦ ૧૩૫૧ માં તેમની પ્રતિમા બનાવેલી, તે ખંભાતમાં વિદ્યમાન છે.

સં૦ ૧૩૩૩ માં **આ૦ જિનસિંહથી ત્રીજો** શાખાગચ્છ 'લઘુ-ખરતરગચ્છ' નીકળ્યો.

૪૪. **આ૦ જિનચંદ્રસૂરિ**—તેઓ સમીયાણાના મંત્રી **દેવરાજ** છાજેડ અને તેમની પત્ની કમલાદેવીના પુત્ર હતા. તેમનો સં૦ ૧૩૨૬ ના માહ સુદિ ૪ ના રોજ જન્મ થયો. નામ **ખંભરાય** પાડવામાં આવ્યું. તેમણે સં૦ ૧૩૩૨ માં જાલોરમાં દીક્ષા લીધી. તેમને સં૦ ૧૩૪૧ ના વૈશાખ સુદિ ૩ ને સોમવારના રોજ જાલોરમાં આચાર્ય-પદ પ્રાપ્ત થયું. તેમનો સં૦ ૧૩૭૬ માં કોસવાણા ગામમાં કંપ વાથી સ્વર્ગવાસ થયો હતો.

તેમણે ચાર રાજાઓને પ્રતિબોધ કર્યો હતો, આથી તે સમયે ખરતરગચ્છ રાજગચ્છ એવા નામથી પણ ઓળખાવા લાગ્યો. ખરતર-ગચ્છના પટ્ટાવલીકારો આ૦ જિનચંદ્રને કલિકાલકેવલી તરીકે ઓળખાવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૪૫. આ૦ જિનકુશલસૂરિ**—તેઓ સમીયણાના મંત્રી જિલ્હાગર છાજેડ અને તેમની પત્ની મહં૦ જયશ્રીના પુત્ર હતા. તેમનો જન્મ સં૦ ૧૩૩૦ માં થયો હતો. સં૦ ૧૩૪૭ માં દીક્ષા લીધી અને સં૦ ૧૩૭૭ ના જેઠ વદિ ૫ ના રોજ પાટણમાં **રાજેન્દ્રાચાર્ય**ના હાથે આચાર્યપદ પ્રાપ્ત થયું હતું. તેમનો સ્વર્ગવાસ સં૦ ૧૩૮૯ ના ફાગણ વદિ અમાવાસ્યા દિને દેરાઉરમાં અનશનપૂર્વક થયો હતો.

તેમણે સં૦ ૧૩૮૦ માં શા૦ તેજપાલના સંઘ સાથે શત્રુંજય તીર્થની યાત્રા કરી, નવમી ટૂંકમાં માનતુંગ નામના જિનપ્રાસાદમાં ભ૦ ઋષભદેવની ૨૭ આંગળપ્રમાણ પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. સં૦ ૧૩૭૭ માં ભીલડિયામાં ભુવનપાલના ૭૨ દેરીવાળા જિનાલયમાં ભ૦ મહાવીરસ્વામીની, જેસલમેરમાં જસધવલે ભરાવેલા ચિંતામણિ પાર્શ્વનાથની અને જાલોરમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. તેમણે ચૈત્યવંદનકુલક-વૃત્તિ વગેરે ગ્રંથો બનાવ્યા છે.

તેઓ દેરાઉરમાં, જ્યાં સ્વર્ગસ્થ થયા ત્યાં, સ્તૂપ બનાવવામાં આવ્યો હતો પણ મુસલમાનોએ તે તોડી નાખતાં હાલ તેનો પત્તો લાગતો નથી. ખરતરગચ્છમાં આ૦ જિનદત્તસૂરિ જેમ દાદા તરીકે પ્રસિદ્ધ છે તેમ આ૦ જિનકુશલ પણ દાદા તરીકેની ખ્યાતિ પામ્યા છે. તેઓ પણ ચમત્કારી હતા એમ કહેવાય છે. પણ તેમના સ્તૂપનો પત્તો નથી એ પુરાણપ્રેમીઓ અને ખરતરગચ્છના અનુયાયીઓ માટે દુઃખનો વિષય ગણાય છે.

તેમના પરિવારમાં આ૦ જિનપદ્મસૂરિ ઉ૦ લબ્ધિનિધાન ઉપા૦ વિનયપ્રભ, ઉપા૦ વિવેકસમુદ્ર, ઉપા૦ જયસાગર વગેરે ૧૨૦૦ સાધુઓ અને ૧૦૫ સાધ્વીઓ હતી.

ઉપા૦ વિનયપ્રભે સં૦ ૧૪૧૨માં 'ગૌતમસ્વામીનો રાસ' રચ્યો, જે આજે ઘેર ઘેર વંચાય છે.

**આ૦ તરુણપ્રભ** પણ આ સમયે થયા હતા. તે આ૦ જિનચંદ્રસૂરિના શિષ્ય આ૦ રાજેંદ્રચંદ્રના વિદ્યાશિષ્ય આ૦ જિનકુશળના પટ્ટધર હતા. તેમણે આ૦ જિનપદ્મ સં૦ ૧૩૯૦, આ૦ જિનલબ્ધિ

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

સં૦ ૧૪૦૦, આ૦ જિનચંદ્ર સં૦ ૧૪૦૬, આ૦ જિનોદય સં૦ ૧૪૧૫ (૧૪૧૪) વગેરેને આચાર્યપદવી આપી હતી. તેમણે સં૦ ૧૪૧૧માં આ૦ વ૦ અમાસે બાલબોધ–'શ્રાવક-પ્રતિક્રમણસૂત્ર-વિવરણ' રચ્યું છે.

આ૦ જિનકુશલે સં૦ ૧૩૮૮માં પં૦ **તરુણકીર્તિ**ને આચાર્યપદ આપી તેમનું આ૦ **તરુણપ્રભ** નામ રાખ્યું.

૪૬. **આ૦ જિનપદ્મસૂરિ**—તેઓ પંજાબના છાજેડ ઓસવાલ હતા. સં૦ ૧૩૮૨માં જન્મ્યા હતા. તેમને સં૦ ૧૩૯૦ના જેઠ સુદિ ૬ના રોજ હરપાલના ઉત્સવમાં **દેરાઉરમાં** આચાર્યપદ આપવામાં આવ્યું, અને સં૦ ૧૪૦૦ના વૈશાખ સુદિ ૧૪ના રોજ **પાટણમાં** તેમનું સ્વર્ગગમન થયું.

આ૦ **તરુણપ્રભે** તેમને 'સૂરિમંત્ર' આપ્યો હતો. ખરતરગચ્છના પટ્ટાવલીકારો આ આચાર્યની વિદ્વત્તા માટે પણ આ૦ **જિનેશ્વર જેવી જ** ઘટના બતાવે છે, એટલે આ૦ જિનપદ્મસૂરિ પંજાબના હોવાથી વિદ્વાન નહોતા. તેમને પાટણમાં સરસ્વતીએ વરદાન આપ્યું અને પાટણમાં અર્હન્તો ભગવન્ત૦ શ્લોકની રચના કરી, વ્યાખ્યાન પણ સરસ આપ્યું.

'યુગપ્રધાનાચાર્ય પટ્ટાવલી'માં આ ઘટનાનો ઉલ્લેખ નથી.

તેમને 'બાલધવલ કૂર્ચાલ સરસ્વતી'નું બિરુદ હતું.

આ૦ જિનભદ્ર, આ૦ જિનકુશલ, આ૦ જિનપદ્મ અને આ૦ જિનેશ્વર (વેગડ) એ ચારે **છાજેડ** ગોત્રના હતા.

૪૭. **આ૦ જિનલબ્ધિસૂરિ**—તેમને સં૦ ૧૪૦૦ના અષાડ સુદિ ૧ના રોજ **પાટણમાં** આ૦ તરુણપ્રભસૂરિના હાથે આચાર્યપદવી મળી અને તેઓ સં૦ ૧૪૦૬માં **નાગોરમાં** કાલધર્મ પામ્યા હતા. તેઓ વિદ્વાન હતા. અષ્ટાવધાની હતા. એ સમયે તે ગચ્છમાં ૮૪ શિષ્યો વ્યાકરણના વિદ્વાન હતા. આ અરસામાં મુસલમાનોએ અજમેરમાં હલ્લો કર્યો હતો.

૪૮. **આ૦ જિનચંદ્રસૂરિ**—તેમને સં૦ ૧૪૦૬ના માહ સુદિ ૫ (૧૦)ના રોજ નાગોરમાં (જેસલમેરમાં) આ૦ **તરુણપ્રભસૂરિના**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાસક્ષેપથી આચાર્યપદવી મળી અને સં૦ ૧૪૧૫ના અષાડ વદિ ૧૩ના રોજ ખંભાતમાં સ્વર્ગસ્થ થયા.

તેઓ પરમસંવેગી હતા. તેમની શિષ્યા સાધ્વી **ગુણસમૃદ્ધિ** મહત્તરાએ સં૦ ૧૪૦૬માં 'અંજનાસુંદરીચરિત્ર' (ગ્રં૦ : ૫૦૪) રચ્યું.

૪૯. **આ૦ જિનોદયસૂરિ**—પાલનપુરના શા૦ રૂંદપાલ માલૂ અને તેમની પત્ની ધારલદેને **સમરો** નામે પુત્રનો જન્મ સં૦ ૧૩૭૫માં થયો. સમરાએ ભીલડિયામાં દીક્ષા લીધી ને તેઓ મુનિ **સોમપ્રભ** નામથી ઓળખાવા લાગ્યા. સં૦ ૧૪૧૫ના અષાડ સુદિ ૨ (૧૩)ના રોજ ખંભાતમાં આ૦ **તરુણપ્રભ**ના હાથે આચાર્યપદવી મેળવી અને આ૦ **જિનોદયસૂરિ** નામ રાખવામાં આવ્યું. સં૦ ૧૪૩૨ના ભાદરવા વદિ ૧૧ના રોજ પાટણમાં તેમનો સ્વર્ગવાસ થયો. તેઓ પાંચે તિથિએ ઉપવાસ કરતા હતા. તેઓ સૌભાગ્યશાળી હતા. તેમના હાથે ઘણી પ્રતિષ્ઠાઓ, ઘણા પદસ્થો તેમજ સંઘપતિઓ થયા. તેમના સમયમાં તપગચ્છના આ૦ દેવસુંદરસૂરિના પટ્ટધર આ૦ **સાધુરત્નસૂરિ**ના ઉપદેશથી શંખલપુરના હાકેમ શા૦ **કોચર પોરવાડે** બહુચરાજીનાં બાર ગામોમાં અમારિ પ્રવર્તાવી હતી. (પ્રક૦ ૩૫, પૃ૦ ૧૯૮; કોચર વ્યવહારિયાનો રાસ) આચાર્યશ્રીએ સં૦ ૧૪૧૫માં 'વિક્રમરાસ' રચ્યો છે.

આ૦ **જિનોદય**ના શિષ્ય ઉપા૦ **મેરુનંદને** 'જિનોદયવિવાહલો' તથા સંસ્કૃત, અપભ્રંશમાં સ્તવનોની રચના વગેરે કરેલી છે. પં૦ જ્ઞાનકલશે સં૦ ૧૪૧૫માં 'જિનોદયસૂરિપટ્ટાભિષેકરાસ' રચ્યો છે.

તે સમયે જેસલમેરના છાજેડ ગોત્રની વેગડશાખાના **ઉપા૦ ધર્મવલ્લભ** વિદ્વાન હતા. આચાર્યશ્રીએ તેમને આચાર્યપદ આપવાનો વિચાર કર્યો પણ તેમના દોષો જાણવામાં આવતાં અને શા૦ ઉદયકરણની સલાહ મળતાં તેમને આચાર્ય બનાવ્યા નહીં. તેમના કુટુંબીઓ મંત્રી વગેરે અધિકારપદે હતા. ધનવાળા હતા. ઉપા૦ ધર્મવલ્લભે સાચોર જઈ 'વારાહી' દેવીની સાધના કરી. રુદ્રપલ્લીગચ્છના આચાર્યે સં૦ ૧૪૨૨માં તેમને પાટણમાં આચાર્યપદવી

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

આપી, આ૦ જિનેશ્વર નામ રાખ્યું. તેમણે કુટુંબીઓની મદદથી નવો ગચ્છ ચલાવ્યો. આ રીતે ખરતરગચ્છમાં સં૦ ૧૪૨૨માં **ચોથો 'વેગડગચ્છ'** નીકળ્યો.

૫૦. **આ૦ જિનરાજસૂરિ**—તેમને સં૦ ૧૪૩૩ના ફાગણ વદિ ૬ના રોજ પાટણમાં આચાર્યપદ મળ્યું. સં૦ ૧૪૬૧માં **દેલવાડામાં** સ્વર્ગગમન થયું. આ૦ જિનવર્ધને સં૦ ૧૪૬૮માં દેલવાડામાં તેમની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. તેઓ ન્યાયના પ્રકાંડ અભ્યાસી હતા, અને સર્વ સિદ્ધાંતના પારગામી હતા. તેઓ ક્ષમાશીલ હતા. તેમણે (૧) આ૦ સ્વર્ણપ્રભ, (૨) આ૦ ભુવનરત્ન અને (૩) આ૦ સાગરચંદ્રને આચાર્ય-પદવી આપી હતી. આ૦ જિનપ્રભસૂરિની પરંપરામાં આ૦ જિનરાજ થયા છે તે આ સૂરિથી જૂદા છે. (જૂઓ, પ્રક૦ ૪૦, પૃ૦ ૪૬૯)

તેમના પરિવારમાં ૩ આચાર્યો, ૧૨ ઉપાધ્યાયો, અને ૩૬ વાચનાચાર્યો હતા.

૫૧. **આ૦ જિનભદ્રસૂરિ**—આ૦ સાગરચંદ્રસૂરિએ સં૦ ૧૪૬૧ માં દેલવાડામાં આ૦ જિનરાજની પાટે આ૦ જિનવર્ધનને સ્થાપન કર્યા.[1] આ૦ જિનવર્ધને જેસલમેરમાં ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરમાં મૂળનાયકની પાસે બેસાડેલ ક્ષેત્રપાલની મૂર્તિને ઉઠાવી બહાર બેસાડી. આથી આચાર્યશ્રી અને ક્ષેત્રપાલ વચ્ચે ઝગડો પડયો. ક્ષેત્રપાલે આચાર્યશ્રીને બ્રહ્મચર્યવ્રતના ભંગવાળા ઠરાવ્યા. આથી આ૦ **સાગરચંદ્રે** આ૦ જિનરાજની પાટે આ૦ જિનવર્ધનના બદલે આ૦ જિનભદ્રને બેસાડયા. તેમાં ૧ ભાદો નામ, ૨ ભાણસોલ ગામ, ૩ ભણસાલી ગોત્ર, ૪ ભદ્રા કરણ, ૫ ભરણી નક્ષત્ર,[2] ૬ ભદ્રસૂરિ નામ અને ૭ ભટ્ટારક પદ—એમ સાત ભકાર મેળવ્યા.

---

૧. આ૦ જિનવર્ધને સં૦ ૧૪૭૪માં શિવાદિત્યરચિત 'સપ્તપદાર્થી'ની ટીકા રચી તેમજ 'વાગ્ભટાલંકાર'ની પણ ટીકા રચી આ૦ જિનસાગરશિષ્ય પં૦ ધર્મચંદ્રે રાજશેખરની 'કર્પૂરમંજરી'ની ટીકા રચી.

૨. મહા સુદિ ૧૫ના રોજ કદાપિ ભરણીનક્ષત્ર ન જ હોય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ જિનભદ્રસૂરિનો સં૦ ૧૪૫૦માં જન્મ, સં૦ ૧૪૬૧માં દીક્ષા, સં૦ ૧૪૭૫ના મહા સુદિ ૧૫ના રોજ ભણુસોલમાં આચાર્યપદ થયું. સં૦ ૧૫૧૪ના મહા વદિ ૯ના રોજ **કુંભલમેરમાં** સ્વર્ગવાસ થયો હતો. એ રીતે તેઓ ઘણાં વર્ષો જીવ્યા હતા.

આ૦ જિનભદ્રે જિણસત્તરિ ગા૦ : ૨૨૦, અપવર્ગનામમાલા, દ્વાદશાંગીપદપ્રમાણકુલક ગા૦ ૨૧ વગેરે રચ્યાં છે.

તેમણે ગિરનાર, ચિત્તોડ, મંડોવર વગેરેમાં જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી. માંડવગઢ, જેસલમેર, જાલોર, પાટણ, ખંભાત નાગોર વગેરે સ્થાનોમાં ગ્રંથભંડારો સ્થાપાવ્યા હતા. તેમને ઘણા શિષ્યો-પ્રશિષ્યો હતા. તેમણે જગતને આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ વગેરે ૧૮ વિદ્વાન્ મુનિવરો આપ્યા હતા. તે આ પ્રમાણે—

**આ૦ ભાવરત્નસૂરિ.**

**આ૦ કીર્તિરત્નસૂરિ**—તેમણે સં૦ ૧૫૧૫માં કુંભલમેરુમાં આ૦ જિનચંદ્રને આચાર્યપદ ભટ્ટારકપદ આપ્યાં. આ૦ કીર્તિરત્નના શિષ્ય પં૦ લાવણ્યશીલગણિના ઉપદેશથી સં૦ ૧૫૦૧ના ચૈ૦ સુ૦ ૧ના રોજ પાટણમાં શેઠ નાગરાજવંશજ શે૦ ઉદયસિંહે સોનેરી શાહીથી નંદીસૂત્ર લખાવ્યું હતું. (–શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્રક૦ ૨૮)

**મહો૦ કમલસંયમ ગણિ**—તે મોટા વિદ્વાન્ હતા. તેમણે સં૦ ૧૪૭૬માં દીક્ષા લીધી હતી. તેમણે સં૦ ૧૫૨૪માં વૈભારગિરિ તીર્થમાં આ૦ જિનભદ્રની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરી હતી. સં૦ ૧૫૨૬માં જોનપુરમાં શેઠ મલ્લરાજને ઉપદેશ આપી સિદ્ધાન્તો લખાવ્યા. સં૦ ૧૫૪૪માં 'ઉત્તરજ્ઝયણસુત્ત'ની સર્વાર્થસિદ્ધિ કમલસંયમી ટીકા બનાવી. સં૦ ૧૫૪૯માં કર્મસ્તવ-વિવરણ, સિદ્ધાંતસારોદ્ધાર, સમ્યક્ત્વોલ્લાસ કડી : ૧૩ વગેરે બનાવ્યા છે.

**મહો૦ સિદ્ધાન્તરુચિ ગણિ**—તેમને જીરાવલા પાર્શ્વનાથ ઉપર ઘણી ભક્તિ હતી. તેમની ઉપર ત્યાંનો અધિષ્ઠાયક પ્રસન્ન હતો. તેમણે તે દેવની મહેરબાની મેળવી માંડવગઢના સુલતાન બાદશાહ મહમ્મુદ ગ્યાસુદીનની રાજસભામાં વાદીઓને હરાવ્યા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે એક વિધવાના **નાનુ** નામના પુત્રને મંત્રવાળું માદળિયું આપ્યું. આથી નાનુ બાદશાહ ગ્યાસુદ્દીનનો માનીતો બન્યો હતો. સંભવ છે કે, આ નાનુ તે નેણા ભણશાળી શ્રીમાલી હોય. તેના વંશમાં કવિ મંડન, કવિ ધનદ થયા. તેમના શિષ્ય સાધુસોમે સં૦ ૧૫૧૨માં પુષ્પમાળાપ્રકરણની ટીકા, સં૦ ૧૫૧૯માં મહાવીરચરિયંની વૃત્તિ, ચરિત્રપંચક-વૃત્તિ, નંદીશ્વરદ્વીપસ્તવન-વૃત્તિ બનાવી છે.

**મહો૦ જયસાગર ગણિ**—તે આ૦ જિનરાજસૂરિના શિષ્ય હતા અને આ૦ જિનવર્ધનના વિદ્યાશિષ્ય હતા. તેમણે સં૦ ૧૪૮૪માં સિન્ધમાંથી આ૦ જિનભદ્રસૂરિ ઉપર વિજ્ઞપ્તિરૂપે 'વિજ્ઞપ્તિત્રિવેણી' રચીને મોકલી હતી. સં૦ ૧૪૭૮માં પાટણમાં 'પર્વરત્નાવલિ' (ગા૦ : ૬૨૧) બનાવી. સં૦ ૧૪૯૭માં 'નગરકોટચૈત્યપરિપાટી' બનાવી. સં૦ ૧૪૯૫માં 'સંદેહદોલાવલી-વૃત્તિ' બનાવી. 'તીર્થરાજસ્તવન, વિવિધ સ્તોત્ર-વૃત્તિ,' સં૦ ૧૫૦૩માં પાલનપુરમાં 'શ્રીપૃથ્વીચંદ્રચરિત્ર' ગ્રં૦ ૨૬૫૪ વગેરે બનાવ્યા હતા.[1]

મહો૦ જયસાગરના શિષ્ય ઉ૦ રત્નચંદ્રે સં૦ ૧૫૦૧ના પો૦ સુ૦ ૧૧ રવિવારે 'સબીજ-ક્રિયારત્નસમુચ્ચય' લખ્યો. મહો૦ જયસાગર ગણિવરને (૧) ઉ૦ રત્નચંદ્ર ગણિ, (૨) પં૦ મેઘરાજ, (૩) પં૦ સોમકુંજર, (૪) સત્યરુચિ એમ ૪ શિષ્યો થયા.

ઉપા૦ રત્નમૂર્તિ ગણિ, તેમના શિષ્ય ઉ૦ મેરુસુંદરે સં૦ ૧૫૨૫માં માંડવગઢમાં આ૦ તરુણપ્રભના 'આવશ્યક-બાલાવબોધ'ના આધારે

---

૧. ઋષિ સજ્જને સં૦ ૧૭૦૦ ચૈ૦ વ૦ ૧ રવિવારે ચિત્રા નક્ષત્રમાં ષ્વજવાટક દુર્ગમાં 'પૃથ્વીચંદ્રચરિત્ર' લખ્યું હતું. ત્યારબાદ ખરતરગચ્છના નં૦ ૫૨મા ભ૦ જિનમાણિક્યસૂરિની પરંપરાના (૫૬) પં૦ સુમતિમંદિર ગણિ (૫૭) પં૦ જયનંદન ગણિ (૫૮) પં૦ પ્રેમધીર ગણિ (૫૯) પં૦ દુલીચંદ ગ૦ (૬૦) પં૦ રત્નોદય ગ૦ના શિષ્ય (૬૧) પં૦ મલ્લગણિએ સં૦ ૧૮૩૮ અ૦ વ૦ ૫ ગુરુવારે તેના આધારે ખરતરગચ્છના ભ૦ જિનચંદ્રના શાસનમાં લખનૌમાં નવાબ ગાજઉદ્દીન હૈદરના રાજ્યમાં પ્રતિ લખી.

(—શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્રક૦ ૧—૭૬૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાલાવબોધ બનાવ્યો.

| | |
|---|---|
| ઉ૦ મુનિરાજ.... | પં૦ પુણ્યવિમલ ગણિ |
| પં૦ વિશાલ ગણિ | પં૦ મતિવિમલ ગણિ |
| પં૦ લબ્ધિવિશાલ ગણિ | પં૦ મતિરાજ ગણિ |
| પં૦ સહજશીલ ગણિ | પં૦ પદ્મમેરુ ગણિ |
| પં૦ સુમતિસેન ગણિ | મુ૦ વિનયતિલકજી |
| મુ૦ ક્રિયાતિલકજી | મુ૦ ભાનુપ્રભ |
| મુ૦ સમયપ્રભ | મુ૦ દયાકમલ વગેરે. |

તેમને રાવલ વૈરસિંહ રાજા ત્ર્યંબકદાસ વગેરે ભક્તો હતા.

આ૦ જિનભદ્રસૂરિ, આ૦ જિનચંદ્રસૂરિ, મહો૦ કમલસંયમ ગણિ વગેરેના ઉપદેશથી ઘણા ગ્રંથભંડારો બન્યા છે. ગ્રંથો લખાવ્યા છે. સોનાની શાહીથી નંદીસૂત્ર, શ્રીકલ્પસૂત્ર પણ લખાવેલાં મળે છે.

આ૦ જિનભદ્રસૂરિ સં૦ ૧૫૦૧ના વૈ૦ સુ૦ ૪ ને રવિવારે જેસલમેરમાં પોતાને હાથે સિદ્ધહેમશબ્દાનુશાસન-વૃત્તિ લખી છે.

(–શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્રક૦ ૩૧)

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આ૦ જિનભદ્રના સમયે ખરતરગચ્છમાં સં૦ ૧૪૬૧માં, સં૦ ૧૪૬૫માં પિપ્પલક ગામમાં આ૦ જિનવર્ધનસૂરિથી પાંચમો 'પિપ્પલક' નામનો શાખાભેદ નીકળ્યો છે.

આ૦ જિનવર્ધને સં૦ ૧૪૭૪માં શિવાદિત્યની 'સપ્તપદાર્થી'ની વૃત્તિ અને 'વાગ્ભટ્ટાલંકાર'ની વૃત્તિ બનાવી.

આ૦ જિનવર્ધનપટ્ટે, આ૦ જિનચંદ્રપટ્ટે, આ૦ જિનસાગર (સં૦ ૧૪૮૯ થી ૧૫૫૦) 'હેમલઘુવૃત્તિ-ઢુંઢિકા' તથા 'કર્પૂરપ્રકરણ'ની અવચૂરિ બનાવી.

આ૦ જિનવર્ધનશિષ્ય પં૦ આજ્ઞાસુંદરે સં૦ ૧૫૧૬માં 'વિદ્યાવિલાસનરેન્દ્ર-ચોપાઈ' બનાવી.

આ૦ જિનસાગરશિષ્ય પં૦ ધર્મચંદ્ર ગણિએ રાજશેખરની 'કર્પૂરમંજરી'ની ટીકા બનાવી.

૫૨. આ૦ **જિનચંદ્રસૂરિ**—તેઓ જેસલમેરના શા૦ વચ્છરાજ

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

**ચમ્મડ** અને તેમની પત્ની વાલ્હાદેવીના પુત્ર હતા. તેમનો સં૦ ૧૪૮૭માં જન્મ થયો ને સં૦ ૧૪૯૨ માં દીક્ષા થઈ. તેમને સં૦ ૧૫૧૫ ના વૈશાખ વદિ ૨ ના દિવસે કુંભલમેરુમાં **આ૦ કીર્તિરત્ન**ના હાથે આચાર્યપદ મળ્યું. સં૦ ૧૫૩૦(૧૫૩૭) માં જેસલમેરમાં સ્વર્ગવાસ થયો.

તેમણે જેસલમેર, આબૂ, ચિત્તોડ વગેરે સ્થાનોમાં જિનપ્રતિષ્ઠાઓ કરાવી. ચિત્તોડમાં કુંભા રાણાના ભંડારી વેલચંદે શાંતિનાથનું શૃંગાર-ચોકી મંદિર કરાવ્યું. તેની તેમણે પ્રતિષ્ઠા કરી. આ૦ ગુણરત્ન, આ૦ ધર્મરત્ન, **આ૦ જિનસમુદ્ર** વગેરેને આચાર્ય બનાવ્યા.

આ અરસામાં સં૦ ૧૫૦૮માં અમદાવાદમાં લોંકા લહિયાએ પ્રતિમા ઉત્થાપી અને સં૦ ૧૫૨૪ (૧૫૩૦)માં '**લોંકામત**' ચલાવ્યો. આ મતને બાદશાહ **પીરોજશાહે** ટેકો આપ્યો.

(–ઉપા૦ કમલસંયમકૃત 'સિદ્ધાંત-સારોદ્ધારસમ્યક્ત્વોલ્લાસ, કડી : ૧૩)

૫૩. આ૦ **જિનસમુદ્રસૂરિ**—તેઓ બાહડમેરુના પારેખ દેકા શાહ અને તેમની પત્ની દેવલદેવીના પુત્ર હતા. તેમનો સં૦ ૧૫૦૬ માં જન્મ થયો. તેમણે સં૦ ૧૫૧૨ (૧૫૨૧)માં દીક્ષા લીધી. સં૦ ૧૫૩૩ ના મા૦ સુદિ ૧૩ ના રોજ **પુંજપુર**માં આ૦ જિનચંદ્રસૂરિના હાથે તેમને **આચાર્યપદ** મળ્યું અને સં૦ ૧૫૫૫ માં અમદાવાદમાં તેમનો સ્વર્ગવાસ થયો.

તેઓ પરમત્યાગી હતા. તેમણે પંચનદીપીરની સાધના કરી હતી. તેમણે જેસલમેરમાં સં૦ ૧૫૩૬ માં તેમજ બીજાં સ્થાનોમાં પ્રતિષ્ઠાઓ કરાવી હતી.

જોધપુરના રાજા તથા એક ધનાઢ્ય જાટે સં૦ ૧૫૪૭ માં આ૦ જિનસમુદ્રને મંડોવર આમંત્રણ આપી ઘણું સમ્માન કર્યું હતું. તેમના શિષ્ય આ૦ જિનસાગરશિષ્ય પં૦ ધર્મચંદ્રે 'સિન્દૂરપ્રકર-ટીકા' રચી છે.

આ૦ જિનસમુદ્રની શિષ્યા સાધ્વી રાજલક્ષ્મી ગણિની સં૦ ૧૫૨૦ના માગશર વદિ ૧૦ ના રોજ પાલનપુરમાં હતી.

(–શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨,પ્ર૦ ૧૦૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૪. આ૦ **જિનહંસસૂરિ**—તેઓ સેત્રાવાના શા૦ મેઘરાજ ચોપડા અને તેમની પત્ની કમલાદેના પુત્ર હતા. તેમનો સં૦ ૧૫૨૪માં જન્મ થયો. તેમણે સં૦ ૧૫૩૫માં જેસલમેરમાં દીક્ષા લીધી. દીક્ષાનામ **મુનિ ધર્મરંગ** રાખવામાં આવ્યું. તેમને સં૦ ૧૫૫૫માં અમદાવાદમાં આચાર્યપદ આપવામાં આવ્યું. સં૦ ૧૫૫૬ ના વૈશાખ સુદિ ૩ દિને (જેઠ સુદિ ૯ રવિવારે) રોહિણી નક્ષત્રમાં **બિકાનેર**માં **આ૦ શાંતિસાગર**ના સૂરિમંત્રથી ભટ્ટારકપદ મળ્યું અને સં૦ ૧૫૮૨માં **અમદાવાદ**માં ત્રણ દિવસનું અનશન કરી તેમનો સ્વર્ગવાસ થયો હતો.

જ્યારે આચાર્યશ્રી ૧૪ સાધુઓ સાથે આગરા પધાર્યા ત્યારે ત્યાંના શ્રીસંઘે તેમનો નગરપ્રવેશમહોત્સવ કર્યો હતો. પરંતુ ત્યાંના બાદશાહ **સીકંદર** લોદીએ (ઈ૦ સ૦ ૧૪૮૮થી ૧૫૦૭) કોઈની કાન ભંભેરણીના કારણે આચાર્યશ્રી, ૧૩ સાધુઓ તેમજ ૫૦૦ માણસો વગેરેને ધોળપુરની કેદમાં પૂરી દીધા હતા. એ સ્થિતિમાં ત્રણ વર્ષ પસાર થઈ ગયાં. (જૂઓ, પ્રક૦ ૪૪, બાદશાહ ૩૩, સિકંદર લોદી)

આચાર્યશ્રીએ વિવિધ દેવોનું આરાધન કર્યું પણ કંઈ ન વળ્યું. આખરે આ૦ **અજિતદેવસૂરિ** પ્રતિષ્ઠિત જીરાવલા પાર્શ્વનાથનું આરાધન કર્યું—जीरापल्लीपुरीशपार्श्वनाथकृपया ॥१०१॥ તેમની કૃપાથી તેઓ કેદમાંથી છૂટ્યા. તેમણે ૫૦૦ કેદીઓને પણ છોડાવ્યા અને બાદશાહને ઉપદેશ આપી અમારિ પ્રવર્તાવી.

'વૃદ્ધાચાર્ય પટ્ટાવલી'માં જણાવ્યું છે કે, આ૦ જિનદત્તનું અભિવચન તોડવાથી આવા વધ-બંધન થાય. આ૦ જિનહંસે ઘણી પ્રતિષ્ઠાઓ કરાવી હતી, યાત્રાસંઘો કઢાવ્યા હતા. ઘણા નવા આચાર્યો બનાવ્યા હતા. સં૦ ૧૫૮૨ માં તેમણે 'આયરંગસુત્ત-દીપિકા' રચી.

બાદશાહ **સીકંદર** (ઈ૦ સ૦ ૧૪૮૯ થી ૧૫૦૭) લોદીએ આ૦ જિનહંસને કેદમાં પૂર્યા તેથી આ૦ શાંતિસાગરે આ૦ જિનસમુદ્રની પાટે **આ૦ જિનદેવ**ને નવા આચાર્ય બનાવી સ્થાપન કર્યા. ખરતરગચ્છમાં સં૦ ૧૫૬૪–૬૫માં મારવાડના રૈયા ગામમાં આ૦ જિનદેવથી **છઠ્ઠો 'આચાર્યગચ્છ'** (વડો આચાર્યીયગચ્છ) નીકળ્યો.

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

આ સમયે સં૦ ૧૫૮૨ ના માહ સુદિ ૫ ના રોજ અમદાવાદમાં સ્થવિર પરંપરાની પદ્યપ્રશસ્તિ શ્લો૦ ૧૧૦ની રચના થઈ. ઉપા૦ **સાધુરંગ** ગણીએ સં૦ ૧૫૯૯માં ‘ સુયગડંગસુત્ત-દીપિકા ’ (ગ્રં૦ : ૧૩૪૧૬) રચેલી છે.

**૫૫. આ૦ જિનમાણિક્યસૂરિ**—તેઓ કુકડા ચોપડાગોત્રના શા૦ રાજ (રાઉલ જીવરાજ) તથા તેમની પત્ની રત્નાદેવી (રયણાદેવી પદ્માદેવી)ના પુત્ર હતા. તેમનો જન્મ સં૦ ૧૫૪૯ માં થયો. તેમણે સં૦ ૧૫૬૦ માં દીક્ષા લીધી. સં૦ ૧૫૯૨ ના ભાદરવા વદિ ૯ (માહ સુદિ ૫)ના રોજ પાટણમાં આ૦ જિનહંસના હાથે આચાર્યપદવી મેળવી અને સં૦ ૧૬૧૨ ના અષાડ સુદિ ૫ ના રોજ અનશનપૂર્વક સ્વર્ગવાસ થયો.

તેઓ ગુજરાત, પૂર્વદેશ અને સિંધમાં વિચર્યા હતા. તેમણે પાંચ નદીને સાધી હતી. સં૦ ૧૫૯૩ માં બિકાનેરમાં **મંત્રી કર્મસિંહ**ના દેરાસરમાં ભ૦ નેમિનાથની પ્રતિષ્ઠા કરાવી હતી. તેઓ જેસલમેરમાં ઘણાં વર્ષો સુધી સ્થિર રહ્યા. એટલે ખરતરગચ્છના યતિઓ **શિથિલ** બની ગયા અને લોંકાગચ્છ ફેલાવા લાગ્યો. આથી **મંત્રી સંગ્રામસિંહે** આચાર્યશ્રીને શિથિલાચાર છોડી **ક્રિયોદ્ધાર** કરવા વિનતિ કરી. આચાર્યશ્રીએ જણાવ્યું કે, ‘ હું દેરાઉરની યાત્રા કરી આવીને પછી ક્રિયોદ્ધાર કરીશ.’ તેઓ દેરાઉરની યાત્રા કરી જેસલમેર તરફ આવતા હતા, ૨૫ કોશ સુધી આવ્યા પણ ત્યાં પાણી ન મળવાથી (સં૦ ૧૬૧૨ અ૦ સુ૦ ૫) અનશન લઈ કાલધર્મ પામ્યા. તે પછી તેમના શિષ્યો **ઉપા૦ કનકતિલક** વગેરેએ **ક્રિયોદ્ધાર** કર્યો.

આ૦ જિનભદ્રસૂરિની પરંપરાના ઉપા૦ રત્નાકર ગણિએ સં૦ ૧૬૧૦ ના શ્રાવણ વદિ ૮ ના રોજ ‘ જીવવિચાર ’ની પ્રાકૃત વૃત્તિના આધારે સંસ્કૃત-ટીકા રચી.

૫૬. **આ૦ જિનચંદ્રસૂરિ**—તેઓ વડલીના રીહડગોત્રના શા૦ **શ્રીવંત** અને તેમની પત્ની **શ્રીદેવી**ના પુત્ર હતા. તેમનો જન્મ સં૦ ૧૫૯૫-માં થયો હતો. તેમણે સં૦ ૧૬૦૪માં દીક્ષા લીધી. સં૦ ૧૬૧૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ના ભાદરવા સુદિ ૯ ના રોજ **જેસલમેર**માં તેમને આચાર્યપદ મળ્યું. સં૦ ૧૬૭૦ ના આસો વદિ ૨ ના દિવસે **બિલાડામાં** સ્વર્ગવાસ થયો.

**ક્રિયોદ્ધાર—**

તેમણે સં૦ ૧૬૧૩ ના ચૈત્ર સુદિ ૭ ના રોજ **ઉપા૦ કનકતિલક** સાથે પરિગ્રહ છોડી **ક્રિયોદ્ધાર** કર્યો.

એ સમયે બિકાનેરમાં ૮૪ ગચ્છના ઉપાશ્રયો હતા. બીજા ગચ્છના મહાત્માઓ, યતિઓ, કુલગુરુ કે વહીવંચા આ૦ જિનચંદ્રને માનતા ન હતા. સામૈયામાં સામે જતા નહોતા. બિકાનેરના મંત્રી સંગ્રામસિંહના પુત્ર **મંત્રી કર્મચંદ્ર** બછાવત જે આચાર્યશ્રીના ભક્ત હતા તેમને આ૦ જિનચંદ્રને ન માનવાના કારણે તે મહાત્માઓ, વહીવંચાઓ વગેરે પ્રતિ ભારે ગુસ્સો આવ્યો. તેમણે ગચ્છના દૃષ્ટિરાગથી બીજા ગચ્છના મહાત્માઓ વગેરેની પટ્ટાવલીઓ અને વહીઓ વગેરેનો નાશ કર્યો. "પ્રાચીન ઇતિહાસ પર પડદો પડ્યો." પાછળથી તેમણે **નવી પટ્ટાવલી**ઓ અને વહીઓ તૈયાર કરાવી.[1]

તે પછી બિકાનેરનો રાજા રાયસિંહ તેમજ 'રાજરસનામૃત' બનાવનાર તેના ભાઈ પૃથ્વીરાજ સાથે ખટપટ થવાથી મંત્રી કર્મચંદ્ર આગરા ગયા અને ત્યાં સમ્રાટ અકબરના અંગત ખાતામાં નિમાયા. (–રાજરસનામૃત, પૃ૦ ૩૪, ધાર : ૪)

આ૦ જિનચંદ્રે પાટણમાં શાસ્ત્રાર્થ થયો તેમાં આ૦ અભયદેવસૂરિને ખરતરગચ્છના સિદ્ધ કરાવવા સબળ પ્રયત્ન કર્યો હતો. **આ૦ વાદિદેવસૂરિ**ના વાસક્ષેપથી સ્થપાયેલ ફલોધિ તીર્થમાં ખરતરગચ્છીઓએ પ્રવેશ મેળવવા ભારે જહેમત ઉઠાવી હતી.

એ જ અરસામાં દિલ્હીની ગાદીએ મોગલ સમ્રાટ **અકબર** હતો. તેણે ગુજરાતના સૂબાને પત્ર લખી આ૦ હીરવિજયસૂરિને ગુજરાતથી આગરા બોલાવ્યા. સં૦ ૧૬૩૯ માં તેમનો ઉપદેશ સાંભળ્યો. પોતાના રાજ્યમાં છૂટક છૂટક **છ મહિનાની અમારિ પળાવી.** છ

1. વધુ વિવરણ માટે જૂઓ, ખરતરગચ્છીય મહો૦ રામલાલ ગણિની '**મહાજનવંશમુક્તાવલી.**'

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

દેશોમાં અહિંસાનાં ફરમાનો મોકલ્યાં. સમ્રાટે તેમને 'જગદ્ગુરુ'નો ખિતાબ આપ્યો અને સમય આવતાં તેમને શત્રુંજય તીર્થનો **પટ્ટો** લખી આપ્યો. જગદ્ગુરુ શ્રીહીરવિજયસૂરિએ અહીં ચાર વર્ષ વિચરીને શાસનપ્રભાવના કરી, ગુજરાત તરફ વિહાર કર્યો. બસ, એ સમયથી મોગલ દરબારમાં જૈન મુનિઓનો પ્રવેશ શરૂ થયો. (જૂઓ, પ્ર૦ ૫૮)

આ૦ જિનચંદ્રના શિષ્ય પં૦ તિલકગણીએ સં૦ ૧૫૬૯માં ખંભાતમાં 'પ્રાકૃત-શબ્દસમુચ્ચય' રચ્યો. તેમના પ્રશિષ્ય ધર્મસમુદ્રે સં૦ ૧૫૬૭ માં 'સુમિત્રકુમારરાસ' ની રચના કરી.

મંત્રી **કર્મચંદ્રે** આ૦ જિનચંદ્રને આગરા બોલાવ્યા. આચાર્યશ્રીએ સં૦ ૧૬૪૮ના અષાડ શુ૦ ૮ના રોજ ખંભાતથી વિહાર કરી જાલોરમાં પર્યુષણા તથા ચોમાસુ પસાર કરી ફા૦ શુ૦ ૧૨ ના રોજ તેઓ લાહોર પધાર્યા. આચાર્યશ્રી થોડું લાહોરમાં રહ્યા અને પછી હાપુડ પધાર્યા. આચાર્યશ્રીએ લાહોરમાં સમ્રાટ અકબરને ઉપદેશ આપ્યો, અને આ૦ હીરવિજયસૂરિને અમારિનાં ફરમાન આપ્યાં હતાં તેવા ચોમાસી અઠ્ઠાઈ માટે ફરમાનોની માગણી કરી ફરમાન મેળવ્યું. ખંભાતના દરિયામાં મચ્છીમારોની જાળ બંધ કરાવી. મંત્રી કર્મચંદ્રે મોટા સમારોહથી આચાર્યશ્રીને **યુગપ્રધાનપદ** આપ્યું. તથા વા૦ માનસિંહને આચાર્યશ્રીના હાથે **આ૦ જિનસિંહ**ના નામથી આચાર્યપદ અપાવ્યું. આ ઉત્સવમાં સમ્રાટે નહીં પણ સમ્રાટના ધર્મગુરુ શેખ અબુલફજલે હાજરી આપી હતી.

સમ્રાટ અકબર સં૦ ૧૬૬૨ ના કાર્તિક સુદિ ૧૫ના રોજ મરણ પામ્યો. તે પછી **જહાંગીર દિલ્હી**નો બાદશાહ બન્યો. આ૦ જિનસિંહે એવી ભવિષ્યવાણી કરી હતી કે, શાહજાદો ખુશરુ દિલ્હીનો બાદશાહ બનશે. આથી બિકાનેરનો રાજા રાયસિંહ, યુવરાજ **દલપત** તેમજ મંત્રી કર્મચંદ્ર બછાવત વગેરેએ શાહજાદા ખુશરુનો પક્ષ કર્યો હતો. સમ્રાટ જહાંગીરે એ વાત દાઢમાં રાખી સમય આવતાં બિકાનેરના રાજવંશનું અને મંત્રી કર્મચંદ્ર બછાવતના વંશનું યુક્તિથી મૂળથી નિકંદન કાઢી નાખ્યું. તેણે આ૦ **જિનસિંહ** માટે તુજુકે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જહાંગીર (જહાંગીરનામા)માં ખૂબ તિરસ્કારભર્યા શબ્દો લખ્યા છે.[1] આ સ્થિતિમાં આગરા પ્રદેશમાં જૈન યતિઓનો, તેમાંયે ખાસ કરીને ખરતરગચ્છના યતિઓનો વિહાર સદંતર બંધ થઈ ગયો.

એ જ અરસામાં તપાગચ્છના **મહો૦ ભાનુચંદ્ર ગણીવર** અને તે પછી મહો૦ **વિવેકહર્ષ ગણીવર**, પં૦ મહાનંદ, પં૦ પરમાનંદ વગેરે આગરામાં વિચરતા હતા. આ૦ જિનચંદ્રસૂરિની તીવ્ર ભાવના હતી કે યતિઓનો વિહાર એ પ્રદેશમાં ચાલુ કરાવવો. એટલે તેઓ વૃદ્ધાવસ્થામાં પણ આગરા પધાર્યા અને મહો૦ વિવેકહર્ષ ગણી તથા પં૦ પરમાનંદ ગણીને સાથે રાખી બાદશાહ જહાંગીરને મળ્યા અને બાદશાહને રાજી કરી સૌને માટે આગરા પ્રદેશ તરફનો વિહાર ખુલ્લો કરાવ્યો.

આ આચાર્યશ્રીએ ઘણી પ્રતિષ્ઠાઓ કરાવી હતી. શિષ્યોની પદસ્થાપના પણ કરી હતી. એ રીતે વિવિધ ધર્મકાર્યો કર્યાં હતાં.

ખર૦ પં૦ **જયસોમે** સં૦ ૧૬૫૦ માં લાહોરમાં 'કર્મચંદ્રચરિત્ર' રચ્યું. પં૦ ગુણવિનયે સં૦ ૧૬૫૫ માં 'કર્મચંદ્રચોપાઈ' રચી છે.[2]

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૧. 'તુજુકે જહાંગીર' નો મુંશી દેવીપ્રસાદકૃત હિન્દી અનુવાદ સારાંશ—જહાંગીરનામા, સં૦ ૧૯૬૨ કાર્તિક સુદિ ૧૧, કલકત્તામાં છપાવેલ, તેના પૃષ્ઠ ૧૫ ૫૨, ૬૬, ૭૦, ૯૭, ૧૦૮, ૧૫૨, ૧૮૧, ૨૦૯માં જૂઓ.

૨. **મંત્રી કર્મચંદ્ર બચ્છાવત**—તે બિકાનેરના મંત્રી સંગ્રામસિંહ બચ્છાવતનો પુત્ર હતો. તે બાહોશ હતો અને દેવ-ગુરુ તેમજ ધર્મનો પ્રેમી હતો. તે પ્રથમ બિકાનેરના રાજા રાયસિંહનો મંત્રી હતો રાજકુટુંબ સાથે ખટપટ થવાથી આગરા ગયો અને સમ્રાટ અકબરના અંગત ખાતાનો મંત્રી બન્યો. તે આ૦ જિનચંદ્ર અને ઉપા૦ માનસિંહનો પરમ ઉપાસક હતો. તેને ખરતરગચ્છ પ્રત્યે ભક્તિરાગ નહીં પણ દૃષ્ટિરાગ હતો. આથી તેની સેવા કુસેવા બની ગઈ. પરિણામે તે પોતે, તેનું કુટુંબ, તેનો ગચ્છ કે જૈનશાસન—એ બધાંમાંથી કોઈને કશો લાભ થયો નહીં. તે ઘટના આ પ્રકારે છે—

(૧) ખરતરગચ્છના મહો૦ **રામલાલજી** ગણી લખે છે કે—બિકાનેરના કુલગુરુઓ વગેરેએ આ૦ જિનચંદ્રનું સ્વાગત ન કરવાથી ખરતરગચ્છના શ્રાવક બિકાનેરના મંત્રી કર્મચંદ્ર બચ્છાવતે તેઓની વહીઓ તેમજ વંશાવલીઓ વગેરેનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**બાદશાહી ફરમાનો—**

સમ્રાટ અકબર અને તેના ઉત્તરાધિકારી બાદશાહોએ જૈનાચાર્યોને જુદી જુદી બાબતો માટે અવારનવાર ફરમાનો આપ્યાં છે. શાસનદીપક મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી 'સૂરીશ્વર અને સમ્રાટ્'માં,

---

બળજબરીથી નાશ કર્યો અને પછી નવી વંશાવલીઓ અને નવી પટ્ટાવલીઓ તૈયાર કરાવી. (—મહાજનમુક્તાવલી) એટલે જૈન ઇતિહાસને ધક્કો પહોંચ્યો, પણ ખુશીની વાત છે કે, તે કુલગુરુઓએ બીજા બીજા શહેરોના ગ્રંથભંડારો તથા ગાદીઓની વહીઓના આધારે વહીઓ અને વંશાવલીઓ વ્યવસ્થિત કરી લીધી. આજે વિભિન્ન ગચ્છોની જે પટ્ટાવલીઓ મળે છે તે આ ઘટના પછીની મળે છે.

(૨) મહત્ત્વાકાંક્ષી આ૦ બાલચંદ્રે જેમ રાજા અજયપાલ સોલંકીની તરફેણ કરી હતી તેમ મંત્રી કર્મચંદ્ર બચ્છાવતે શાહજાદા ખુશરુની તરફેણ કરી હતી પણ તેમાં તેમને સફળતા મળી નહીં. બાદશાહ જહાંગીરને આ રમતની ખબર પડી ત્યારે તેણે આ રમતના ખેલાડી રાજા રાયસિંહ અને મંત્રી કર્મચંદ્રના વંશનું તેમના અંગત માણસો પાસે જ નિકંદન કઢાવ્યું. તેમજ ખરતરગચ્છના યતિઓનો વિહાર દિલ્હી અને આગરાના પ્રદેશમાં બંધ કરાવ્યો. (—તુજુકે જહાંગીર) ખુશીની વાત એ છે કે, આ૦ જિનચંદ્ર, મહો૦ વિવેકહર્ષગણિ, પં૦ મહાનંદ, પં૦ પરમાનંદ વગેરે આગરામાં બાદશાહ જહાંગીરને મળ્યા અને તેમને સમજાવીને યતિવિહાર ખુલ્લો કર્યો.

(૩) ઋષિ રઘુનાથ લખે છે કે, બિકાનેરમાં ૨૭ મહોલ્લાઓ વસેલા છે. તે પૈકીના ૧૩ મહોલ્લાઓ ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથ તરફના છે અને ૧૪ મહોલ્લા ભ૦ મહાવીરસ્વામીના જિનાલય તરફના છે ત્યાં સં૦ ૧૬૪૦ સુધીમાં કોઈ ઝગડો નહોતો. પણ મંત્રી કર્મચંદ્રે રાજા રાયસિંહના રાજકાળમાં ૧૩ મહોલ્લાઓમાં ખરતરગચ્છના ભટ્ટારકો માટે વાજાં વાગે બીજાઓ માટે વગાડી ન શકાય એવી મર્યાદા બાંધી હતી અને ઠાકરશી વૈદે રાજા સુરસિંહના રાજકાળમાં ૧૪ મહોલ્લામાં કવલાગચ્છના ભટ્ટારકો માટે વાજાં વાગી શકે, બીજાઓ માટે ન વગાડી શકાય એવી મર્યાદા બાંધી આપી હતી. તપાગચ્છ, લોંકાગચ્છ વગેરેના આચાર્યો આવે ત્યારે ૨૭ મહોલ્લામાં વાજાં વગાડી શકાતાં નહીં. તેઓનો પ્રવેશોત્સવ વાજાં વિના જ થતો હતો. કોઇ આ મર્યાદાને તોડે તો મોટો કલેશ ઊભો થતો.

નાગોરી લોંકાગચ્છના ભ૦ સદારંગ સં૦ ૧૭૬૬ માં બિકાનેર પધાર્યા ત્યારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી જિનવિજયજીએ 'કૃપારસકોશ'ની પ્રસ્તાવનામાં ફરમાનોના ફોટા, ફારસી પાઠો, અંગ્રેજી–હિન્દી–ગુજરાતી અનુવાદો આપ્યા છે.

કોઈ કોઈ ફરમાનોનો સારાંશ નીચે મુજબ છે—

(૧) **અહિંસાનું ફરમાન**—અકબર બાદશાહ લખે છે—મારી ભાવના છે કે મારી પ્રજા પ્રસન્ન રહે, આકર્ષિત રહે, એવું શુભાચરણ આપણે કરવું જોઈએ. ગમે તે મતનો મહાપુરુષ હોય તે જો પવિત્ર રહે, આત્મધ્યાનમાં મસ્ત રહે, પ્રભુના ધ્યાનમાં મગ્ન રહે તો હું તેના બાહ્ય વ્યવહારને ન જોતાં તેના માનસિક અભિપ્રાયને જોવા તેની સોબત કરી વિચારવિનિમય કરું છું. મને આવા મહાપુરુષો

---

તેમના ભક્તોએ બિકાનેરના રાજાની આજ્ઞા મેળવી આ મર્યાદા તોડીને ભટ્ટારકનો નગરપ્રવેશ કરાવ્યો હતો.

(–નાગપુરીયલોંકાગચ્છ પટ્ટાવલીપ્રબંધ, સં૦ ૧૯૮૯ પટિયાલા, ત્રિવિધગચ્છીયપટ્ટાવલીસંગ્રહ, પૃ૦ ૯૨. વિશેષ માટે જૂઓ પ્રક૦ ૫૩)

આ ગચ્છમતાગ્રહ બીજા ગચ્છો માટે જ નહીં પણ પોતાના ગચ્છની વિભિન્ન શાખાઓના ભટ્ટારકો માટે પણ હતો. જયપુરની ગાદીના ભટ્ટારક બિકાનેર જાય તો તેમના માટે ત્યાં વાજાં વાગી શકતાં નહીં. એ જ રીતે જયપુરની ગાદીના ભટ્ટારકે જયપુરના રાજાની આજ્ઞા મેળવીને બિકાનેરના ભટ્ટારક જયપુર આવે તો તેમને માટે વાજાંનો પ્રતિબંધ કરાવ્યો હતો.

અમારા સામેની જ એક ઘટના બનેલી કે ભ૦ ધરણેંદ્રસૂરિ બિકાનેર જાય તો માન-સન્માન થતું ન હોવાથી શહેરમાં પ્રવેશ કરતા નહીં. એક વાર ભટ્ટારક જિનચારિત્રસૂરિ જયપુર આવ્યા અને સ્ટેશન પર જ પુગલીયાની જૈન ધર્મશાળામાં રહ્યા. તેમનો વાજાં વગેરેથી નગરપ્રવેશ થઈ શક્યો નહીં, તેથી તે જયપુર શહેરમાં ગયા નહીં.

ખુશીની વાત છે કે, આ૦ વિજયવલ્લભસૂરિ સં૦ ૨૦૦૪માં તા૦ ૧૪–૪–૧૯૪૮ના રોજ પધાર્યા ત્યારે ત્યાંના શ્વેતાંબર જૈનસંઘે આ સંકુચિત મર્યાદા સદાને માટે તોડી, તેમનો ધામધૂમથી નગરપ્રવેશ કરાવ્યો.

આજે એ ક્લેશ બિકાનેરમાં નથી. પરંતુ મંત્રી કર્મચંદ્રને ખરતરગચ્છ પ્રત્યે કેવો રાગ હતો તે આ ઘટનાઓ ઉપરથી જાણી શકાય છે. મંત્રીને મોટી મોટી અભિલાષાઓ હતી પણ કુદરતે તેને સહકાર આપ્યો નહીં.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

પ્રત્યે પ્રેમ થાય છે. હું આવા કાર્યને પસંદ કરું છું. આ માટે મેં ગુજરાતથી આ૦ **હીરવિજયસૂરિને** અહીં બોલાવ્યા હતા. તે સપાર વાર અહીં આવ્યા છે. તેમનામાં ઉગ્ર તપ, અસાધારણ પવિત્રતા વગેરે છે, જે સર્વથા આદરપાત્ર છે; સન્માનયોગ્ય છે. તે હવે ગુજરાત પધારે છે. તેમની ઇચ્છા છે કે બાદશાહ અનાથોનો રક્ષક છે. તો શ્રા૦ વ૦ ૧૨ થી ભા૦ સુ૦ ૬ એમ પજુસણના ૧૨ દિવસો પવિત્ર છે. તેમાં કોઈ પણ સ્થાને કોઈ પણ પશુપ્રાણી મરાય નહિ એવું કરવું જોઈએ. આમ કરવાથી દુનિયામાં પ્રશંસા વધે. ઘણા જીવો વધથી બચી જાય, આમ કરવાથી પ્રભુ પણ બાદશાહ ઉપર પ્રસન્ન રહેશે. તેઓની આ ઇચ્છા છે. આ ઇચ્છા અમારા ધર્મથી પ્રતિકૂળ નથી. પવિત્ર મુસલમાન ધર્મને અનુકૂળ છે. તેમની આ માગણીને સ્વીકારી અમે હુકમ જાહેર કર્યો કે– "કોઈએ પર્યુષણના ૧૨ દિવસોમાં **જીવહિંસા** કરવી નહિ. આ હુકમ હમેશાં માટે છે તેનું બરાબર પાલન કરવું—હીજરી સન ૯૯૨ જમાદુલસાની મિતિ–૭.

આ ફરમાનની નકલ ૬ સ્થાન માટે બનાવી છે. (૧) ગુજરાતના સૂબા, (૨) માળવાના સૂબા, (૩) અજમેરના સૂબા, (૪) દિલ્હી ફતેહ-પુરનો પ્રદેશ, (૫) લાહોર-મુલતાનનો પ્રદેશ અને (૬) સૂરિજીની પાસે રાખવા માટે બનાવી.

ઉજ્જૈનમાં માલવાના સૂબા પર મોકલાવેલ અસલ ફરમાન સુરક્ષિત છે, જેની લંબાઈ ૨ ફૂટ, પહોળાઈ ૧૦ ઇંચ છે. મોટા મજબૂત કપડા ઉપર સોનેરી શાહીથી લખેલ છે. તે કોઈ કોઈ સ્થાને ફાટી ગયું છે. મેજર જનરલ સર જોન **માલકમે** પોતાના મેમાયર ઓફ સેંટ્રલ ઇંડિયા પુસ્તકના ભા૦ ૨, પૃ૦ ૧૩૫–૧૩૬માં તેનો અંગ્રેજી અનુવાદ પ્રકાશિત કર્યો છે.

(૨) **જૈન તીર્થોના દાનનું ફરમાન**—અકબર બાદશાહ લખે છે કે, મારા તાબાના માલવા, શાહજહાંનાબાદ, લાહોર, મુલતાન, અમદાવાદ, અજમેર, મેરઠ, ગુજરાત, બંગાળ વગેરે મુલકો તથા બીજા જે નવા તાબામાં આવે તે મુલકોના સૂબા, કરોડપતિ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાગીરદારોને સૂચના કરવામાં આવે છે કે—

શ્વેતાંબર આચાર્ય **હીરવિજયસૂરિ** તથા તેમના શિષ્યો જે પવિત્ર મનવાળા સાધુપુરુષો છે, તેઓના દર્શનથી મને ઘણો આનંદ થયો છે. તેઓની માગણી છે કે **અમારાં તીર્થ સિદ્ધાચલજી,** ગિરનારજી, તારંગાજી, કેશરિયાનાથજી, આબૂજી, રાજગૃહીની પાંચ પહાડી, સમ્મેતશિખરજી વગેરે શ્વેતાંબર તીર્થસ્થાનો છે તેમાં તથા તેની આસપાસની ભૂમિકામાં કોઈ જીવની હિંસા થાય નહીં એવો હુકમ કરવો જોઈએ. અમને આ માગણી વ્યાજબી લાગે છે. તપાસ કરતાં નક્કી થયું છે કે આ સ્થાનો શ્વેતાંબર જૈનાનાં છે. હું આ સૌ સ્થાનો શ્વે૦ આ૦ હીરવિજયસૂરિને અર્પણ કરું છું કે, તેઓ એ પવિત્ર સ્થાનોમાં શાન્તિથી પ્રભુની ઉપાસના કરે. આ સ્થાનો શ્વેતામ્બર સમાજનાં છે. તેઓની માલિકીવાળાં છે. જ્યાં સુધી સૂર્ય ચંદ્ર તપે ત્યાં સુધી આ ફરમાન જૈન શ્વેતાંબરોને માટે અમર રહે. આ ફરમાનના અમલમાં કોઇએ દખલ કરવી નહીં. આ તીર્થોના પર્વતોની ઉપર નીચે કે આસપાસ યાત્રાધામોમાં કોઈએ કોઈ જાતની જીવહિંસા કરવી નહીં. આ હુકમનો પાકો અમલ કરવો. કોઇએ ઉલટું વર્તવું નહીં. બીજી સનદ માગવી નહીં—જુલસી સન ૩૭, માહે ઉર્દીબેહેસ્ત મુતાબિક રવીઉલ અવલ, મિતિ ૭મી.

આ ફરમાન અમદાવાદમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં છે. તેની લંબાઈ ૨ ફૂટ, પહોળાઈ ૧ ફૂટ ૫ ઇંચ છે. ધોળા કપડા ઉપર સોનેરી શાહીથી લખેલ છે. ઉપર ડાબી તરફ બાદશાહી મહોર લાગેલી છે. રાજકોટની રાજકુમાર કોલેજના મુનશી મહમ્મુદ અબદુલ્લાએ તેનો અંગ્રેજી અનુવાદ કર્યો છે.

(૩) **અહિંસાનું ફરમાન**—બાદશાહ અકબર લખે છે—ખરતરગચ્છના આ૦ જયચંદ્રસૂરિ (આ૦ જિનચંદ્રસૂરિ) તે ભગવદ્-ભક્તિવાળા છે, તેઓની માગણી છે કે તમે પહેલાં આ૦ હીરવિજયસૂરિને દરસાલ માટે પજુસણના ૧૨ દિવસનું કોઈ મનુષ્ય, પશુ, પક્ષી, માછલી વગેરેને ન મારવાનું અને તેઓને બચાવવાનું ફરમાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપ્યું છે તો મને પણ દરસાલ અષાડ સુદિ ૯ થી અષાડ સુદિ ૧૫ સુધીની અઠ્ઠાઈમાં કોઈ કોઈ જીવને મારે નહીં એવું ફરમાન આપવું જોઈએ.

અસલી વાત એ છે કે, જ્યારે પરમેશ્વરે મનુષ્યોને ખાવું વગેરે કામ માટે જુદા જુદા પદાર્થ બનાવ્યા છે તો આદમીએ કયારેય કોઈ પ્રાણીને દુઃખ આપવું ન જોઈએ. નહીં તો આદમી પોતાના પેટને પશુઓનું મસાણ બનાવે એ વ્યાજબી નથી.

હાલમાં આ૦ જિનસિંહસૂરિ એટલે ઉ૦ માનસિંહે અરજી કરી છે કે પહેલાં આ મતલબનાં ફરમાનો નીકળી ચૂકયાં છે પરંતુ તેની નકલો ગૂમ થઈ છે.

તેની આ અરજથી હું એ જ મતલબનું આ ફરમાન આપું છું. સૌએ આ હુકમનું ખૂબ પાલન કરવું. આના નિયમોમાં ગડબડ કરવી નહીં.–ઈલાહી સન ૪૯ ખુરદાદ મિતિ ૩૧.

આ ફરમાન પ્રયાગની હિંદી માસિક પત્રિકા **સરસ્વતીના** ઈ૦ સ૦ ૧૯૧૨ ના જૂનના (ભાગ : ૧૩, સંખ્યા : ૬) અંકમાં પ્રકાશિત થયું છે. ફારસી ભાષામાં પ્રકાશિત થયું છે અને જોધપુરનિવાસી મુંશી દેવીપ્રસાદજીએ તેનો હિંદી અનુવાદ કર્યો છે.

(કૃપારસકોશ સંસ્કરણ બીજાની શ્રી જિન-
વિજયજીની પ્રસ્તાવના, પૃ. ૩૧ થી ૩૯)

૫૭. ભ૦ **જિનસિંહ**—તેઓ ગણધર ચોપડાગોત્રના શા૦ ચાંપસી તથા તેમની પત્ની ચતુરાદેના પુત્ર હતા. તેમનો સં૦ ૧૬૧૫ ના માહ સુદિ ૧૫ ના રોજ ખેતાસરમાં જન્મ થયો હતો. તેમનું નામ **માનસિંહ** હતું. સં૦ ૧૬૨૩ માં તેમણે બિકારમાં દીક્ષા લીધી. તેમને સં૦ ૧૬૪૦ માં જેસલમેરમાં **વાચકપદ**, સં૦ ૧૬૪૯ ના ફાગણ સુદિ ૨ ના રોજ **લાહોર**માં આચાર્યપદ મળ્યું અને સં૦ ૧૬૭૪ ના પોષ સુદિ ૧૩ ના રોજ **મેડતા**માં તેમનો સ્વર્ગવાસ થયો.

આ અરસામાં સ્વયંભૂ પાર્શ્વનાથ પ્રગટયા અને કાપરડા તીર્થની સ્થાપના થઈ.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્ જૈન સાઈટ
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમ્રાટ **જહાંગીર** ભ૦ **જિનસિંહસૂરિ** ઉપર ખૂબ નારાજ હતો, જેનું વર્ણન તેણે પોતાના તુજુકે જહાંગીર (જહાંગીરનામા) ગ્રંથમાં પ્રસંગે પ્રસંગે કર્યું છે. જો એ ભમરાલી ઘટના બની ન હોત તો આ ભટ્ટારક મોગલ દરબારમાં સુંદર **ધર્મપ્રભાવના** કરી શક્યા હોત.

તેમની પાટે બે આચાર્યો થયા : (૧) ભટ્ટારક **જિનરાજસૂરિ** અને (૨) આ૦ **જિનસાગરસૂરિ** સં૦ ૧૬૭૪.

૫૮. ભ૦ **જિનરાજ**—તેઓ શા૦ ધરમશી બોથરા અને તેમની પત્ની રાજલના પુત્ર હતા. તેમનો જન્મ સં૦ ૧૬૪૭ ના ચૈત્ર સુદિ ૭ ના રોજ થયો હતો. સં૦ ૧૬૫૬ ના માહ સુદિ ૩ ના રોજ બિકાનેરમાં તેમણે દીક્ષા લીધી ત્યારે તેમનું નામ **રાજસમુદ્ર** પાડવામાં આવ્યું. સં૦ ૧૬૬૮માં આશાવલમાં તેમને વાચકપદ આપવામાં આવ્યું. સં૦ ૧૬૭૫ ના ફાગણ સુદિ ૭ના રોજ **મેડતામાં આચાર્યપદ** મળ્યું ત્યારે તેમનું નામ આ૦ **જિનરાજસૂરિ** રાખવામાં આવ્યું. સં૦ ૧૬૯૯ ના અષાડ સુદિ ૯ ના રોજ પાટણમાં તેમનો સ્વર્ગવાસ થયો હતો.

આ૦ **જિનરાજ** અને **જિનસાગર** એ બંને એક જ દિવસે આચાર્ય થયા હતા. તે બન્નેએ સં૦ ૧૬૭૫ માં **શત્રુંજય** તીર્થ ઉપર સવા સોમજીની ચોમુખજીની ટૂંકમાં ભ૦ **ઋષભદેવની ચૌમુખ** પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. એ ઉપરાંત તેઓએ ભાણવડ, અમદાવાદ, મેડતા વગેરે સ્થાનોમાં પ્રતિષ્ઠાઓ કરી હતી.

આ૦ જિનરાજ વ્યાકરણ, કાવ્યસાહિત્યના વિદ્વાન હતા. તેમણે 'નૈષધીયમહાકાવ્ય' ઉપર **જિનરાજીયા** ટીકા રચેલી છે. આ૦ જિનપ્રભસૂરિની પરંપરામાં એક આ૦ જિનરાજસૂરિ થયા છે તે આનાથી જુદા હતા.

---

૧. આ પ્રતિષ્ઠા ઉત્સવમાં મહો૦ જયસોમ ગણિ, ઉપા૦ વિજય ગણિ, ઉપા૦ ધર્મનિધાન ગણિ, પં૦ આનંદકીર્તિ ગણિ વગેરે મુનિવરો હાજર હતા. આ ઉદ્ધારનો અને પ્રતિષ્ઠાનો લાભ સં૦ સોમજીના પુત્ર સં૦ રૂપજી વગેરેએ લીધો હતો. (—શત્રુંજયતીર્થલેખ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સમયે પદ્મરાજ ગણિ શિષ્ય પં૦ **જ્ઞાનતિલક ગણિએ** સં૦ ૧૬૬૦ માં ‘ ગૌતમકુલક-વૃત્તિ ’ રચી છે.

એ સમયે **મહો૦ જયસાગર ગણિની** પરંપરાના ઉપા૦ જ્ઞાનવિમલના શિષ્ય વાચનાચાર્ય **ઉપા૦ વલ્લભ ગણિ** વિદ્વાન હતા. તેમણે સં૦ ૧૬૯૯ માં ૧. વિજયદેવમાહાત્મ્યકાવ્ય, સર્ગ : ૧૯, ૨. ઉપકેશશબ્દવ્યુતાત્તિ, ૩. સં૦ ૧૬૫૪, આ૦ જિનેશ્વરના શિલોંછનામકોશ-ટીકા, ૪. સં૦ ૧૬૬૧માં લિંગાનુશાસન-ટીકા, સં૦ ૧૬૬૧માં દુર્ગપદપ્રબોધવૃત્તિ, સં૦ ૧૬૬૭માં જોધપુરમાં **અભિધાનચિંતામણિ** સારોદ્ધારવૃત્તિ, ૬. અરનાથજિનસ્તુતિકાવ્ય—સ્વોપજ્ઞવૃત્તિ સાથે, ૭. સારસ્વતપ્રયોગનિર્ણય, ૮. વિદ્વત્પ્રબોધ પરિ૦ ૩, શ્લો૦ ૧૪૨, બલભદ્રપુર, ૯. ચતુર્દશસ્વરસ્થાપનવાદસ્થલ વગેરે ગ્રંથોની રચના કરી છે. મહો૦ જયસાગર ગણિના શિષ્ય પં૦ રત્નચંદ્રે સં૦ ૧૫૦૧ પો૦ સુ૦ ૧૧ ને રવિવારે બીજ સહિત ‘ ક્રિયારત્નસમુચ્ચય ’ લખ્યો હતો.

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

તેમના સમયે સં૦ ૧૬૯૦ માં ‘ **ગદ્ય-ખરતરગચ્છપટ્ટાવલી** ’ની રચના થઈ. એ જ સમયે ભ૦ **જિનસાગરસૂરિથી આચાર્યીયગચ્છ** નીકળ્યો. આ શતાબ્દીની અંતે એકંદરે ખરતરગચ્છમાં **ચાર ગચ્છો** થયા.

ખરતરગચ્છના પં૦ બનારસીદાસે સં૦ ૧૬૮૦ માં દિગમ્બર મતમાં ભળી તેરાપંથ ચલાવ્યો.

ખરતરગચ્છમાં સં૦ ૧૬૮૬ માં આ૦ જિનરાજનો આઠમો ‘ ભટ્ટરકગચ્છ,’ સં૦ ૧૬૮૬ માં આ૦ જિનસાગરથી નવમો ‘લઘુઆચાર્યીયગચ્છ,’ સં૦ ૧૭૦૦ માં ઉપા૦ રંગવિજયથી દશમો **રંગવિજય ‘શાખાગચ્છ’** અને તેમાંથી મહો૦ શ્રીસારથી અગિયારમો **‘શ્રીસારીયગચ્છ’** નીકળ્યો. આ રીતે ખરતરગચ્છમાં એકંદરે **અગિયાર ગચ્છો** થયા.

આ૦ **જિનરંગવિજયની** શાખા નીકળી ત્યારે તપગચ્છના કેટલાએક શ્રાવકો ઉપા૦ રંગવિજયના પક્ષમાં રહ્યા હતા. તેઓ ત્યાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી ખરતરગચ્છના અનુયાયી મનાય છે.

**વૈરાટનગરના** શેઠ ભારમલજી રાકયાનના પુત્ર શેઠ **ઇંદ્રચંદ્રજી** રાકયાન શ્રીમાલી તપાગચ્છના શ્રાવક હતા. જગદ્ગુરુ શ્રીહીરવિજયસૂરિના ઉપાસક હતા, તેમણે સં૦ ૧૬૪૪ માં બંધાવેલું જિનાલય (ઇંદ્રવિહાર) આજે પણ **વૈરાટનગર**માં શિલાલેખ સાથે વિદ્યમાન છે. તેમના વંશજો શ્રીમાન લાલા **ખેરાતીલાલજી**, લા૦ બાબુમલજી, લા૦ જવાહરલાલજી રાકયાન વગેરે આજે **દિલ્હી**માં વસે છે, જે આજે ખરતરગચ્છનું પાલન કરે છે. પં૦ વિનયવલ્લભે આ૦ જિનરંગના સમયે 'ખરતરગચ્છપટ્ટાવલી' બનાવી છે.

૫૯. ભ૦ **જિનરત્ન**—તેમને વૈરાગ્ય થવાથી માતાની સાથે દીક્ષા લીધી હતી. તેમનો સ્વર્ગવાસ સં૦ ૧૭૧૧માં અકબરાબાદમાં થયો હતો.

૬૦. ભ૦ **જિનચંદ્ર**—તેમણે મંડોવરમાં પ્રતિષ્ઠા કરી હતી. તેમના સમયે સં૦ ૧૭૧૧ માં 'ગદ્ય-ખરતરગચ્છપટ્ટાવલી' બની. તેમનો સ્વર્ગવાસ સં૦ ૧૭૬૩ માં સુરતમાં થયો હતો.

૬૧. ભ૦ **જિનસૌખ્યસૂરિ**—તેઓ **પ્રભાવક** આચાર્ય હતા. તેમના સમયે ઘોઘાથી **વહાણ દ્વારા** સીધા ખંભાત જવાતું હતું. યતિઓ તથા છ'રી પાળતો તીર્થ-યાત્રાસંઘ એ રસ્તે આવતા-જતા હતા. તેમનો સ્વર્ગવાસ સં૦ ૧૭૮૦ના જેઠ વદિ ૧૦ના રોજ ઋણીનગરમાં થયો હતો.

૬૨. ભ૦ **જિનભક્તિ**—તેમણે સં૦ ૧૭૭૯ માં દીક્ષા લીધી. સં૦ ૧૭૮૦ માં ભટ્ટારકપદ પ્રાપ્ત થયું અને સં૦ ૧૮૦૪ માં માંડવી બંદરમાં સ્વર્ગવાસ થયો હતો. તેમણે કેટલીક તીર્થયાત્રાઓ અને પ્રતિષ્ઠાઓ કરી હતી. તેમને **ઉપા૦ રાજસોમ**, ઉપા૦ રામવિજય વગેરેનો મોટો યતિપરિવાર હતો.

૬૩. ભ૦ **જિનલાભ**—તેમણે મોટી મારવાડ, ગોલવાડ, મેવાડ, વઢિયાર, ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ વગેરે પ્રદેશોમાં વિહાર કરી વિવિધ તીર્થયાત્રાઓ કરી. તેમની સાથે યાત્રામાં સો-સો બસો-બસો યતિઓ સાથે રહેતા હતા. તેમનો સ્વર્ગવાસ સં૦ ૧૮૩૪ ના આસો વદિ ૧૦ ના રોજ ગૂઢાનગરમાં થયો હતો.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

આ સમયે સં૦ ૧૮૦૭ના માહ સુદિ ૩ ને સોમવારે જોધપુરમાં **ક્ષેમકીર્તિશાખા**ના વાચક શાંતિહર્ષ, તેમના શિષ્ય મુનિ **જિનહર્ષ**, તેમના શિષ્ય મુનિ સુખવર્ધન, તેમના શિષ્ય મુનિ દયાસિંહના શિષ્ય વાચક રૂપચંદ્રે 'ગૌતમીયમહાકાવ્ય' (સર્ગ : ૧૧)ની રચના કરી છે.

ભ૦ **જિનલાભે** સં૦ ૧૮૩૩ ના કાર્તિક સુદિ ૫ ના રોજ મનાર બંદરમાં 'આત્મબોધ' (પ્રકાશ : ૪) રચ્યો છે. **મુનિ ક્ષમાકલ્યાણે** તેની પ્રથમ પ્રતિ લખી હતી.

૬૪. ભ૦ જિનચંદ્ર—તેમણે મારવાડ, મોટી મારવાડ, પૂર્વદેશ, દક્ષિણ સોરઠ વગેરે પ્રદેશોમાં વિચરી તીર્થયાત્રાઓ કરી હતી. પૂર્વદેશની યાત્રામાં ઉપા૦ અમૃતધર્મ, ઉપા૦ ક્ષમાકલ્યાણ વગેરે તેમની સાથે હતા. તેમણે **લખનૌ**માં ત્રણ ચોમાસાં કર્યાં હતાં. મકસૂદાબાદના શ્રીસંઘે સં૦ ૧૮૪૫ ના માહ સુદિ ૧૧ ને શુક્રવારે **મહિમાપુર**માં બનાવેલા ભ૦ સુવિધિનાથના જિનાલયની પ્રતિષ્ઠા કરી હતી. તેમણે તથા લઘુ આચાર્યીય ભ૦ **જિનચંદ્રસૂરિએ** મળીને પરસ્પરમાં એકતા સ્થાપી હતી. તેમનો સ્વર્ગવાસ સં૦ ૧૮૫૬ ના જેઠ સુદિ ૩ ના રોજ સૂરતમાં થયો હતો.

જૈનમ્ જયતિ શાસનમ્

૬૫. ભ૦ **જિનહર્ષ**—તેમણે સૂરત, દેવીકોટ, જાલોર, બિકાનેર વગેરે સ્થાનોમાં જિનપ્રતિષ્ઠાઓ કરી હતી. શત્રુંજય, ગિરનાર, અંતરિક્ષજી, મકસીજી, કેસરિયાજી, સમેતશિખર વગેરે તીર્થોની યાત્રાઓ કરી હતી.

તેમણે સં૦ ૧૮૭૦ માં અને બીજી વાર સં૦ ૧૮૭૬ માં સંઘ સાથે **સમેતશિખર** તીર્થની યાત્રા કરી હતી. સં૦ ૧૮૬૬ ના ચૈત્ર સુદિ ૧૫ ના રોજ સંઘ સાથે શત્રુંજય તીર્થની યાત્રા કરી હતી. તેઓ છેલ્લા જેસલમેરના બાફણા **બાદરમલ ભેરાવરમલ**ના સંઘ સાથે શત્રુંજયતીર્થની યાત્રા માટે નીકળ્યા અને **મંડોવર**માં ચોમાસુ રહ્યા. ત્યાં જ સં૦ ૧૮૯૨ ના કાર્તિક વદિ ૯ ના દિવસે મંડોવરમાં અનશન લઈ સ્વર્ગે ગયા.

શેઠ **બાદરમલજી** બાફણાનો સંઘ ચોમાસા પછી મંડોવરથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નીકળી શત્રુંજય તીર્થમાં ગયો. ત્યાં સંઘપતિની **માતાજી**એ ભ૦ ઋષભદેવ દાદાને મોતીનો હાર પહેરાવ્યો પણ ભાટોએ તે હાર તરત જ ઉઠાવી લીધો. ભાટોની આવી જોહુકમીથી **સંઘપતિ**એ તેમની સામે સખત હાથે કામ લીધું અને ભાટોની જોહુકમીનો અંત આણ્યો.

આ અરસામાં ભ૦ જિનભક્તિસૂરિના શિષ્ય પં૦ પ્રીતિસાગર શિષ્ય ઉપા૦ અમૃતગણીના શિષ્ય **મહો૦ ક્ષમાકલ્યાણગણી સમર્થ વિદ્વાન** થયા હતા. તેમણે **ક્રિયોદ્ધાર** કરી **પીળાં** વસ્ત્રો ધારણ કર્યાં હતાં.

તેમણે ચૈત્યવંદન ચતુર્વિંશતિ, પર્વકથા-સંગ્રહ સં૦ ૧૮૬૦ના ફાગણ વદિ ૧૧ બિકાનેર, ખરતરગચ્છપટ્ટાવલી સં૦ ૧૮૩૦ જૂનાગઢ, ગૌતમીયમહાકાવ્ય-ટીકા સં૦ ૧૮૫૨ ના ભાદરવા સુદિ ૧૧ ને સોમવાર, જેસલમેર વગેરે ગ્રંથો રચ્યા છે. તેમણે ‘ખરતરગચ્છ પટ્ટાવલી’માં ભ૦ જિનચંદ્ર અને ભ૦ જિનહર્ષસૂરિના પટ્ટાનુક્રમ પાછળથી વધાર્યા છે. તેમણે ભ૦ જિનચંદ્રની સાથે પૂર્વદેશનાં તીર્થોની યાત્રા કરી હતી. મહિમાપુરના પ્રતિષ્ઠાલેખમાં તેમનું નામ મળે છે. તેઓ સં૦ ૧૮૭૪ માં બિકાનેરમાં સ્વર્ગવાસી થયા હતા અને તેમના શિષ્ય પં૦ ધર્માનંદગણિએ સં૦ ૧૮૭૪ માં બિકાનેરમાં તેમની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરી હતી.

૬૬. ભ૦ **જિનસૌભાગ્ય**—તેમનો જન્મ સં૦ ૧૮૬૨માં થયો. સં૦ ૧૮૭૭માં તેમણે દીક્ષા લીધી. સં૦ ૧૮૯૨ના મહા સુદિ ૭ને ગુરુવારે બિકાનેરમાં ભટ્ટારકપદ મહોત્સવ થયો અને સં૦ ૧૯૧૭માં સ્વર્ગવાસ થયો.

૬૭. ભ૦ **જિનસિંહ**—તેમનો સં૦ ૧૯૩૫માં બિકાનેરમાં સ્વર્ગવાસ થયો.

૬૮. ભ૦ જિનચંદ્ર.

૬૯. ભ૦ જિનકીર્તિ.

*

## ખરતરગચ્છ પટ્ટાવલી ત્રીજી (લઘુ આચાર્યીયગચ્છ)

૫૭. ભ૦ **જિનસિંહ**—તેમનો સં૦ ૧૬૭૪માં મેડતામાં સ્વર્ગવાસ થયો. (જૂઓ, પ્રક૦ ૪૦, પૃ૦....)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૮. ભ૦ **જિનસાગર**—તેઓ આચાર્યીયગચ્છના પ્રથમ આચાર્ય હતા. ભ૦ જિનરાજ તથા ભ૦ જિનસાગર એ બંનેએ સં૦ ૧૬૭૪માં મેડતામાં એકીસાથે ભટ્ટારકપદ મેળવ્યું. તેમણે સં૦ ૧૬૭૫માં શત્રુંજયતીર્થ પર સવા સોમજીની ચૌમુખની ટૂંકમાં ભ૦ **ઋષભદેવજી**ની ચૌમુખ વગેરે પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી. આ૦ જિનસાગર કાવ્ય-સાહિત્ય અને ન્યાય વગેરે વિષયોના વિદ્વાન હતા. તેમનો સ્વર્ગવાસ સં૦ ૧૭૨૦ના જેઠ વદિ ૩ના રોજ અમદાવાદમાં થયો.

૫૯. ભ૦ **જિનધર્મ**—તેમણે શત્રુંજયની યાત્રામાં છઠ્ઠ-અઠ્ઠમ વગેરે તપ કર્યાં હતાં. તેઓ સર્વદેશોમાં વિચર્યા હતા. તેમનો સ્વર્ગવાસ સં૦ ૧૭૪૬ના મહા વદિ ૮ના રોજ લૂણકરણસર નગરમાં થયો હતો.

૬૦. ભ૦ **જિનચંદ્ર**—તેમનો સ્વર્ગવાસ સં૦ ૧૭૯૪ના જેઠ સુદિ ૧૫ના રોજ બિકાનેરમાં થયો હતો.

૬૧. ભ૦ **જિનવિજય**—તેમનો સ્વર્ગવાસ સં૦ ૧૭૯૭ના આસો વદિ ૬ના રોજ જેસલમેરમાં થયો હતો.

૬૨. ભ૦ **જિનકીર્તિ**—તેમણે પૂર્વદેશની યાત્રાઓ કરી હતી. **મકસૂદાબાદ**માં ત્રણ ચતુર્માસ ગાળ્યાં હતાં. તેમનો સ્વર્ગવાસ સં૦ ૧૮૧૯ના રોજ બિકાનેરમાં થયો હતો.

૬૩. ભ૦ **જિનયુક્તિ**—તેમણે બાર વર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી. સોળમા વર્ષે ભટ્ટારકપદ મળ્યું હતું અને એકવીશમા વર્ષે સં૦ ૧૮૨૪ના આસો વદિ ૧૨ના રોજ જેસલમેરમાં સ્વર્ગવાસ થયો હતો.

૬૪. ભ૦ **જિનચંદ્ર**—તેઓ વ્યાકરણ તથા સિદ્ધાંતના વિદ્વાન હતા. બિકાનેરનો રાજા તેમનો ભક્ત હતો. શ્રીસંઘે આ ભટ્ટારક તથા ભટ્ટારકશાખાના ભ૦ જિનચંદ્ર વચ્ચે મેળ કરાવ્યો હતો. આ ભટ્ટારક ૭૨ વર્ષની ઉંમરે એટલે સં૦ ૧૮૭૫ના કાર્તિક સુદિ ૧૫ના રોજ જેસલમેરમાં સ્વર્ગે ગયા હતા.

૬૫. ભ૦ **જિનોદય**—તેમણે સં૦ ૧૮૯૩માં મંદસોરમાં અને સં૦ ૧૮૯૭ના વૈશાખ સુદિ ૬ના રોજ બિકાનેરમાં જિનપ્રતિમાની

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિષ્ઠા કરી હતી. તેઓ સં૦ ૧૮૯૭ના વૈશાખ સુદિ ૧૩ના રોજ બિકાનેરમાં સ્વર્ગસ્થ થયા હતા.

૬૬. ભ૦ **જિનહેમસૂરિ**—તેમનો જન્મ સં૦ ૧૮૬૬ના અષાડ સુદિ ૧ના રોજ પુષ્ય નક્ષત્રમાં સાલિયાણા ગામમાં થયો હતો. સં૦ ૧૮૮૩ના વૈશાખ સુદિ ૩ના રોજ દીક્ષા લીધી હતી. તેમનો સં૦ ૧૮૯૭ના જેઠ સુદિ ૫ના રોજ બિકાનેરમાં ભટ્ટારકપદ મહોત્સવ થયો હતો. તેમણે ઇંદોરના સંઘમાં ઝઘડો હતો તે દૂર કરાવ્યો હતો અને ત્યાં જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. મણોદમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. તેમણે સર્વ દેશોમાં વિચરી તીર્થયાત્રાઓ કરી હતી.

*

## પૂનમિયાગચ્છ—પૂર્ણિમાપક્ષ (સં૦ ૧૧૫૯)

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

વડગચ્છના આ૦ **સર્વદેવસૂરિ**ની પાટે આઠ આચાર્યો થયા. તેમાં સૌથી મોટા આ૦ **જયસિંહસૂરિ** હતા. તેમની પાટે આ૦ **ચંદ્રપ્રભસૂરિ** થયા. તેઓ વિદ્વાન અને વાદી હતા. વડગચ્છમાં વડેરા હતા. તેમને **વાદીભસૂરિ**નું બિરુદ હતું. (પ્રક૦ ૩૯, પૃ૦ ૪૧૬)

તેમનાથી નાના આ૦ મુનિચંદ્રસૂરિ હતા. તેઓ પરમ શાંત, ત્યાગી અને **લોકપ્રિય** હતા. એમની લોકપ્રિયતાએ નવા ગચ્છને જન્મ દેવાનું કારણ આપ્યું. (પ્રક૦ ૪૦, પૃ૦ ૪૨૩)

સં૦ ૧૧૪૯ નું એ વર્ષ હતું. એક શ્રાવકે મોટા આચાર્યશ્રીને વિનંતિ કરી કે, 'મારે પ્રતિષ્ઠા કરાવવી છે માટે આપ આ૦ મુનિચંદ્રસૂરિને આજ્ઞા આપો જેથી તેઓ ત્યાં આવીને મારું કાર્ય સિદ્ધ કરી આપે.'

આ૦ ચંદ્રપ્રભસૂરિને આ વિનંતિ પોતાના અપમાન સ્વરૂપ ભાસી. તેમને એમ લાગ્યું કે, આ શ્રાવક આ૦ મુનિચંદ્રને લઈ જવા રાજી છે પણ અમને લઈ જવાની તેની ઈચ્છા નથી. આથી જ અમારે આ૦ મુનિચંદ્રને પણ ત્યાં મોકલવા ન જોઈએ. આચાર્યશ્રીએ

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

શ્રાવકને જવાબ આપ્યો કે, 'મહાનુભાવ ! પ્રતિષ્ઠા એ સાવદ્ય ક્રિયા છે, તે શ્રાવકની ક્રિયા છે, સાધુની એ વિધિ નથી. માટે આ૦ મુનિચંદ્ર ત્યાં નહીં આવે.'

આ૦ ચંદ્રપ્રભે આ રીતે સાધુઓ પ્રતિષ્ઠા કરાવી ન શકે એવી નવી પ્રરૂપણા કરી. બીજા સુવિહિત આચાર્યોએ તેમની આ નવી પ્રરૂપણા સામે વિરોધ ઉઠાવ્યો, આથી આ૦ ચંદ્રપ્રભ સં૦ ૧૧૪૯માં પોતાના પરંપરાગત ગચ્છથી જુદા પડયા. તેમણે સં૦ ૧૧૫૯થી નવો **'પૂનમિયાગચ્છ'** ચલાવ્યો.[1] (પ્રક૦ ૪૦, પૃ૦ ૪૨૪)

---

१. हुं नन्देन्द्रियरुद्रकालजनितः (११५९) पक्षोऽस्ति राकाङ्कितो
वेदाभ्रारुणकाल (१२०४) औष्ट्रिकभवो विश्वार्ककाले(१२१४)ऽञ्चलः ।
षट्-त्र्यर्केषु (१२३६) च सार्धपूर्णिम इति व्योमेन्द्रियार्केषु (१२५०) च
व त्रिस्तुतिकोऽक्ष-मङ्गल-रवौ (१२८५) गाढमहस्तापसः ॥
पाठान्तरे–(काले त्रिस्तुतिकः कलौ जिनमते जातः स्वकीयाग्रहात् ॥
(–વિવિધગચ્છીય પટ્ટાવલીસંગ્રહ, પૃ૦ ૬૪, પૃ૦ ૧૨૫)

वडगच्छाओ पुण्णिम पुण्णिमिओ सड्ढपुण्णिमा गमिआ ।
दोहिं वि आगमनामो कुच्चयराओ खरयरो जाओ ॥

૧. પૂર્ણિમાગચ્છ સં૦ ૧૧૫૯, ૨ સં૦૧૧૪૦ માં ષટ્કલ્યાણક, ૩. સં૦ ૧૨૦૪માં ખરતરગચ્છ, ૪. અંચલગચ્છ સં૦ ૧૨૧૪, ૫. સાર્ધ પૂર્ણિમાગચ્છ સં૦ ૧૨૩૬, ૬. ત્રિસ્તુતિક–આગમિક સં૦ ૧૨૫૦, ૭. તપાગચ્છ સં૦ ૧૨૮૫ માં થયા.

એ સિવાય ૧ ષટ્કલ્યાણક–મધુકરગચ્છ સં૦ ૧૨૭૮ માં, ૨ લુંપકગચ્છ સં૦ ૧૫૦૮, ૩ કટુકગચ્છ સં૦ ૧૫૬૪, ૪ બીજામત સં૦ ૧૫૭૦, અને ૫ પાર્શ્વચંદ્રગચ્છ સં૦ ૧૫૭૨ માં નીકળ્યા. (દશમત)

વડગચ્છમાંથી પૂર્ણિમાગચ્છ નીકળ્યો. પૂર્ણિમામાંથી સાર્ધપૂર્ણિમાગચ્છ અને આગમિકગચ્છ નીકળ્યા, અને ખરતરગચ્છ કુચેરાગચ્છથી નીકળ્યો.

जिणदत्ताओ खरयर पुण्णिम चंदसूरिणो जाया ।
पल्लवियषाढायरिए तवोमयं देवभद्दाओ ॥

આ૦ જિનદત્તથી ખરતર, આ૦ ચંદ્રસૂરિથી પૂર્ણિમા, આષાઢાચાર્યથી પલ્લવિક અને આ૦ દેવભદ્રથી તપાગચ્છ નીકળ્યા.

(–સં૦ ૧૬૬૬ ની 'દસવેયાલિયસુત્ત–ટબો–પ્રશસ્તિ, ભાંડારકર ઓરિયંટલ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ, સૂચી ભા૦ ૨, પૃ૦ ૭૨૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંદ્રકુલના વડગચ્છમાંથી 'પૂનમિયાગચ્છ' નીકળ્યો, તેમાં શ્રાવક પ્રતિષ્ઠા કરે, પાખી પૂનમે કરવી, છમાસી ન હોય, ૭ મહિના પહેલાં ઉપસ્થાપના ન દેવી વગેરે સામાચારી હતી.

પૂર્ણિમાપક્ષના **આ૦ દેવાનંદ** લખે છે—

दुर्वादिद्विरदाङ्कुशः समयवित् श्रेणीशिरोमण्डनं
श्रीचन्द्रप्रभसूरिराट् स भगवान् प्राचीकशत् पूर्णिमाम् ।
तस्माज्जैनवचोऽमृतं मृशमधुः श्रीधर्मघोषादयः
श्रीभद्रेश्वरसूरितस्त्वचकलत् शाखा द्वितीया प्रथम् ॥

(–ક્ષેત્રસમાસવૃત્તિ-પ્રશસ્તિ)

તેમણે ચૌદશની પાખી પાળનારા પાંચ ચૈત્યવાસીઓને પોતાના પક્ષમાં મેળવી દીક્ષા આપી હતી. તેમનાં નામ આ પ્રકારે હોવા સંભવે છે.

(૧) **આ૦ ધર્મઘોષસૂરિ**—તેઓ ૫૦૦ દેરાસરો અને ત્રણ લાખ દ્રવ્યની રકમ છોડીને સાધુ થયા.

(૨) **આ૦ ભદ્રેશ્વરસૂરિ**—તેમના બીજા પટ્ટધર આ૦ શ્રીપ્રભથી '**કચ્છૂલીગચ્છ**' નીકળ્યો.[1]

આ૦ ભદ્રેશ્વરની શિષ્યપરંપરામાં મહાતપસ્વી આ૦ **પરમદેવ**

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

૧. આ૦ મહેંદ્રસૂરિ લખે છે કે, આ૦ શાંતિસૂરિથી પીપળિયાગચ્છ, આ૦ દેવેન્દ્રથી સંગમખેડિયા; આ૦ ચંદ્રપ્રભ, આ૦ શીલગુણ, આ૦ પદ્મદેવ અને આ૦ ભદ્રેશ્વરથી પૂનમિયાગચ્છની (પૂનમિયા, નિરગુનિક, આગમિક અને કછોલી) ૪ શાખાઓ; આ૦ મુનિચંદ્ર. આ૦ વાદિદેવસૂરિથી પ્રાચીન વડગચ્છની પરંપરા, આ૦ બુદ્ધિસાગરથી શ્રીમાલગચ્છ અને આ૦ **મલયચંદ્ર**થી આશાપલ્લીવગચ્છ નીકળ્યા છે.

વડગચ્છવાળા પોતાને ચૈત્યવાસી માનતા નથી. શરૂઆતથી જ અસલી વસતીવાસી માને છે પણ દેરાસરો, પ્રતિમાઓ, પોષાળ અને જૈન વંશો તો ચૈત્યવાસી પરંપરાના છે.

આ૦ ચંદ્રપ્રભે સં૦ ૧૧૪૯ માં 'પૂનમિયાગચ્છ' પ્રકાશ્યો અને ઉપા૦ વિજયચંદે સં૦ ૧૧૬૯ માં વિધિપક્ષ પ્રગટ કર્યો. (–શતપદી પદ ૧૦૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયા. તેમણે વર્ધમાન તપ કરી તેનું પારણું સં૦ ૧૩૦૨ના માગશર સુદિ ૫ના શ્રવણ નક્ષત્રમાં **કડોદ** ગામમાં શેઠ દેવપાલના ઘેર કર્યું, શંખેશ્વરતીર્થમાં ૭ યક્ષોને પ્રતિબોધી સંઘને અનુકૂળ બનાવ્યા. શંખેશ્વર પાર્શ્વનાથનું આરાધન કરી ઝીંઝુવાડાના રાજા **દુર્જનશલ્યનો** કોઢ રોગ મટાડયો અને ઉપદેશ આપી શંખેશ્વરજીના દેરાસરનો મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો. દાનવીર શેઠ **જગડૂશાહે** તેમનો ધામધૂમથી ભદ્રાવતીનગરમાં પ્રવેશ કરાવ્યો હતો. તેમના શિષ્ય આ૦ શેષસૂરિને મહોત્સવપૂર્વક આચાર્યપદ અપાવ્યું. તેમની પાસેથી ત્રણ વર્ષનો દુકાળ પડશે એમ જાણી લઈ અનાજના ભંડારો ભરી દુકાળમાં રાજા-પ્રજા સૌ જનતાને મોટી મદદ કરી હતી. આ૦ પરમદેવની પાટે આ૦ શેષસૂરિ થયા. તેઓ સં૦ ૧૩૦૨ પહેલાં સ્વર્ગે ગયા.

(-આ૦ સર્વાનન્દનું જગડૂચરિત્ર, શંખેશ્વર પાર્શ્વનાથ સ્તોત્ર નં૦ ૪૦, પૂ૦ જયંતવિજયજી મ૦નું 'શંખેશ્વરમહાતીર્થ' પૃ૦ ૪૭ થી ૫૧; પ્રક૦ ૩૮, પૃ૦ ૩૭૭)

તેમની શિષ્યપરંપરામાં આ૦ **સર્વાનન્દ** થયા. તેમણે 'જગડૂચરિત્ર' રચ્યું, તેના છઠ્ઠા સર્ગમાં 'પૂનમિયાગચ્છ' તથા 'ચતુર્દશીયગચ્છ'નું સૂચન છે. આ૦ સર્વાનન્દસૂરિએ સં૦ ૧૪૬૫માં, સં૦ ૧૪૯૨માં અંજનશલાકા કરાવી, જે પ્રતિમાઓ આબૂતીર્થમાં વિરાજમાન છે.

(-અર્બુદ જૈન લેખસંદોહ, લે૦ ૪૦૨, ૬૨૮)

તેમણે કછોલી ગામમાં ભ૦ શાંતિનાથની પ્રતિમા તથા પરિકરની પ્રતિષ્ઠા કરી. તેમના શિષ્ય ગુણસાગર, તેમના શિષ્ય યતિ યશોવર્ધન (સં૦ ૧૫૨૧ થી ૧૫૪૦)ની પ્રતિમા સિરોહીના ભ૦ અજિતનાથના દેરાસરમાં છે.

આ૦ ભદ્રેશ્વરની પરંપરામાં અનુક્રમે (૪૧) આ૦ ભદ્રેશ્વરસૂરિ, (૪૨) આ૦ મુનીશ્વર, (૪૩) આ૦ રત્નપ્રભ, (૪૪) આ૦ મહેન્દ્ર અને આ૦ રત્નાકર થયા. (૪૫) આ૦ રત્નાકરે સં૦ ૧૫૧૨ના મહા સુદિ ૫ ને સોમવારે ભ૦ શાંતિનાથબિંબની પ્રતિષ્ઠા કરાવી. આ ધાતુપ્રતિમા મહેસાણામાં ભ૦ મહાવીરસ્વામીના દેરાસરમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) **આ૦ વિજયસિંહ**—તેઓ ચૈત્યવાસી હતા. ચંદ્રાવતીના નવગૃહચૈત્યમાં રહેતા હતા. વિદ્વાન હતા. તેમણે 'ઉપદેશમાલા'નું વ્યાખ્યાન કરતાં કરતાં વૈરાગ્ય પામી આ૦ ચંદ્રપ્રભની નિશ્રા સ્વીકારી.[1]

(૪) **આ૦ શીલગુણ**—તેઓ નાણાવાલગચ્છના ચૈત્યવાસી હતા. તે તથા તેમના પટ્ટધર આ૦ **દેવભદ્ર**થી "ત્રિસ્તુતિકમત" નીકળ્યો.

(૫) **આ૦ વિજયચંદ્ર**—તેઓ નાણાવાલગચ્છના ચૈત્યવાસી ઉપાધ્યાય હતા. આ૦ શીલગુણ તેમના મામા થતા હતા. તેમણે તેમની સાથે જ પૂર્ણિમાપક્ષ સ્વીકાર્યો અને સં૦ ૧૧૬૯માં વિધિપક્ષ તથા સં૦ ૧૨૧૩ (૧૨૧૪)માં અંચલગચ્છ પ્રકટ કર્યો.[1]

(—આ૦ મહેન્દ્રકૃત શતપદીપદ : ૧૦૮)

૪૦. આ૦ **ચંદ્રપ્રભ**—તેમણે દર્શનશુદ્ધિ, પ્રમેયરત્નકોશ, તથા સ્તોત્રો વગેરે કૃતિઓની રચના કરી છે.

૪૧. **આ૦ ધર્મઘોષસૂરિ**—તેઓ ચૈત્યવાસી હતા. ૫૦૦ દેરાસરની આવક, વહીવટ તેમજ ૩ લાખ દ્રવ્યની રકમ છોડી દઈ સાધુ થયા. તેમણે પચાસ વર્ષ સુધી એકાંતર ઉપવાસ કર્યા અને પારણામાં પણ માત્ર કાંજી અને ખીચ લેતા હતા. તેઓ વિદ્વાન હતા. નિઃસ્પૃહ–ત્યાગી હતા. તેમને **રાજા સિદ્ધરાજ** બહુ માનતો હતો. તેમણે 'શબ્દસિદ્ધિ' તથા 'મહરિસીકુલય' (ઋષિમંડલ) રચ્યાં છે. આ૦ યશોઘોષના શિષ્ય આ૦ **હેમપ્રભ** 'પ્રશ્નોત્તરરત્નમાલાવૃત્તિ' (સં૦ ૧૨૪૩)માં લખે છે કે—

जज्ञे श्रीजयसिंहभूपतिनतः श्रीधर्मघोषप्रभुः ॥....निर्ग्रन्थचूडामणिः ॥

તેમની પાટે થયેલા આચાર્યોનાં નામો નીચે મુજબ મળે છે—

(૧) **આ૦ ચક્રેશ્વરસૂરિ**—તેઓ ચૈત્યવાસી આ૦ વર્ધમાનના શિષ્ય હતા. મહાધીશ હતા. પરમશાંત હતા. તેમણે આ૦ ચંદ્રપ્રભની નિશ્રા સ્વીકારી હતી. તેમના ઉપદેશથી ૪૧૫ રજપૂતો જૈન બન્યા

---

૧. આ૦ વિજયસિંહ અને આ૦ વિજયચંદ્ર એક જ સંભવે છે. તેમ આ૦ દેવપ્રભ અને આ૦ દેવભદ્ર (સં૦ ૧૨૨૪) પણ એક જ હોવાનો સંભવ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતા. તેમણે આ૦ ચંદ્રપ્રભની ‘દર્શનશુદ્ધિ’ પર ટીકા રચી પણ તે અધૂરી રહી છે. (જૈનસત્યપ્રકાશ, વર્ષ : ૭, પૃ૦ ૧૫૫)

તેમની પરંપરામાં અનુક્રમે ૪૩. શિવપ્રભ, ૪૪. આ૦ **તિલકપ્રભ** ૪૫. આ૦ પદ્મપ્રભ થયા હતા.

**આ૦ તિલકપ્રભે** સં૦ ૧૨૬૧માં પ્રત્યેકબુદ્ધચરિત્ર, પૌષધ પ્રાયશ્ચિત્ત સામાચારી, ચૈત્યવંદન–ગુરુવંદન પ્રત્યાખ્યાન લઘુવૃત્તિ, શ્રાવકપ્રતિક્રમણસૂત્રવૃત્તિ, સાધુ પ્રતિક્રમણસૂત્રવૃત્તિ, શ્રાવક પ્રાયશ્ચિત્ત સામાચારી, સં૦ ૧૨૭૪માં જીતકલ્પવૃત્તિ, સં૦ ૧૩૦૪માં દસવેયાલિયસુત્ત–ટીકા, સં૦ ૧૨૭૭માં દર્શનશુદ્ધિની સંપૂર્ણ ટીકા, સં૦ ૧૨૯૬માં આવસ્સય–લઘુવૃત્તિ (ગ્રં૦ ૧૨૩૨૫), સં૦ ૧૩૦૪માં સામાચારી, પ્રતિક્રમણવૃત્તિ પાક્ષિકસૂત્ર-અવચૂરિ, પાક્ષિક ખામણા-અવચૂરિ વગેરે રચ્યાં છે.

આ૦ **પદ્મપ્રભે** ગુરુદેવને ‘આવસ્સય–લઘુવૃત્તિ’ રચવામાં સહાય કરી હતી, અને પં૦ યશસ્તિલકે તેની પ્રથમ નકલ કરી હતી.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

(૨) આ૦ **વર્ધમાનસૂરિ**—તેમની પાટે આ૦ ધર્મઘોષના શિષ્ય આ૦ અભયદેવસૂરિ–અભયઘોષસૂરિ થયા અને આ૦ અભયદેવની પાટે **યશશ્ચંદ્ર** થયા. હુંબડ શ્રાવક **ઈલકે** તેમને સં૦ ૧૧૯૨માં આવસ્સયસુત્ત વહોરાવ્યું. (–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રક૦ ૯)

આ૦ અભયઘોષના શિષ્ય પં૦ **વિદ્યાકુમારના** ઉપદેશથી પાટડીના રાણા સૂરાકના ભાઈ શાંતિપદેવના પુત્ર વિજયપાલ ઝાલાની પત્ની **નીતલદેવીએ** **પાટડીમાં** ભ૦ પાર્શ્વનાથનું ચૈત્ય કરાવ્યું, પોષાળ કરાવી, અને યોગશાસ્ત્રના પ્રસ્તાવ ૨ ની (ગ્રં૦ ૩૩૦૦) પ્રતિ લખાવી. તેને રાણા પદ્મસિંહ નામે પુત્ર, રૂપલાદેવી નામની પુત્રી અને રાણો **દુર્જનશલ્ય** ઝાલો જમાઈ હતો.

(–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રક૦ ૮૯, પાટણ ભંડારગ્રંથસૂચી, શંખેશ્વર મહાતીર્થ)

(૩) **આ૦ યશોઘોષસૂરિ**—તેમના શિષ્ય આ૦ **હેમપ્રભે** સં૦ ૧૨૪૩માં મંત્રી હરિપાલની વિનતિથી આ૦ વિમલસૂરિની ‘પ્રશ્નોત્તર-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રત્નમાલા'ની વૃત્તિ રચી.

(૪) **પં૦ વિમલગણિ**—તેમણે દર્શનશુદ્ધિની નાની ટીકા રચી. તેમના શિષ્ય આ૦ દેવપ્રભસૂરિ હતા.

૪૨. આ૦ **દેવભદ્રસૂરિ**—તેઓ પં૦ વિમલ ગણિના શિષ્ય હતા. તેઓ આ૦ ધર્મઘોષસૂરિની પાટે બેઠા. તેમણે સં૦ ૧૨૨૪માં 'દર્શનવિશુદ્ધિ'ની લઘુવૃત્તિ ઉપર વિવરણ રચ્યું, જેમાં તેમના શિષ્ય **શાંતિપ્રભે** સહાય કરી હતી, અને મુનિભદ્રે તેનો પ્રથમ આદર્શ લખ્યો હતો.

આ૦ ચંદ્રપ્રભની પરંપરામાં આ૦ દેવપ્રભ, આ૦ તિલકપ્રભ, આ૦ અજિતપ્રભ થયા હતા. આ૦ અજિતપ્રભે સં૦ ૧૩૦૭માં 'શાંતિનાથ ચરિત્ર' રચ્યું. (–જૈન સત્યપ્રકાશ, ક્રમાંક : ૧૦૬)

૪૩. **આ૦ જિનદત્ત.**

૪૪. **આ૦ શાંતિભદ્રસૂરિ**—તેઓ આ૦ દેવભદ્રના શિષ્ય હતા. બહુ ગુણવાન હતા. તેમનું બીજું નામ આ૦ **શાંતિપ્રભ** પણ મળે છે. તેમણે પોતાના ગુરુદેવને 'દર્શનશુદ્ધિ-વિવરણ' રચવામાં સહાય કરી હતી.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૪૫. આ૦ ભુવનતિલક.

૪૬. આ૦ રત્નપ્રભસૂરિ—તેઓ આગમના વેત્તા હતા.

૪૭. **આ૦ હેમતિલકસૂરિ**—તેમણે કચ્છના કંથકોટમાં ગોધન યક્ષને પ્રતિબોધી સન્માર્ગમાં સ્થાપન કર્યો. **રાવ સમરસિંહ**–(રાવ સુમરો)ને પ્રતિબોધ કર્યો.

૪૮. આ૦ હેમરત્ન—સં૦ ૧૩૮૬. આ સમયે આ૦ ગુણચંદ્ર-પટ્ટે આ૦ ગુણપ્રભ, તેમની પાટે આ૦ ગુણભદ્રસૂરિ થયા. સં૦ ૧૪૨૭ (પ્ર૦ ૮૭)

૪૯. આ૦ હેમપ્રભ.

૫૦. આ૦ રત્નશેખરસૂરિ—તે મોટા વાદી હતા. હંમેશાં અભ્યુદય પામતા હતા. સદા પ્રસન્ન રહેતા. સં૦ ૧૪૩૨.

૫૧. આ૦ રત્નસાગર.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

૫૨. આ૦ ગુણસાગર—સં૦ ૧૪૮૩.

૫૩. ભ૦ ગુણસમુદ્રસૂરિ—સં૦ ૧૪૯૨ થી ૧૫૧૨. તેઓ કલિયુગના કલ્પતરુ હતા. તેમણે સં૦ ૧૪૭૫માં 'જિનદત્તકથા' રચી.

૫૪. આ૦ ગુણસુંદર—સં૦ ૧૫૦૬. તેમના બીજા પટ્ટધર આ૦ ગુણધીર સં૦ ૧૫૨૪ના વૈશાખ સુદિ ૨ ને રવિવારે થયા. ગુણસમુદ્રશિષ્ય **પં૦ સત્યરાજે** સં૦ ૧૫૧૪માં 'શ્રીપાલચરિત્ર' (શ્લો૦ ૪૯૮) રચ્યું.

૫૫. **ભ૦ સુમતિપ્રભ.** (ભ૦ સિંહપ્રભસૂરિ)

૫૬. **ભ૦ પુણ્યરત્ન**—સં૦ ૧૫૧૫ થી ૧૫૬૦. તેઓ ભ૦ સુમતિપ્રભના નાના ભાઈ હતા. તેઓ બચપણમાં જ ગચ્છનાયક બન્યા હતા. તેમને પં૦ જયસિંહ નામે શિષ્ય હતા.

૫૭. **ભ૦ સુમતિરત્ન**—સં૦ ૧૫૬૧ થી ૧૫૮૭. તેઓ મંત્રી સુધાગર શ્રીમાલી અને તેમની પત્ની મહં૦ જયવીરાના પુત્ર હતા. રૂપાળા, લક્ષણવંત અને ભાગ્યશાળી હતા. તેમનો સં૦ ૧૫૨૮માં જન્મ, સં૦ ૧૫૩૫માં દીક્ષા, સં૦ ૧૫૪૩ના વૈશાખ સુદિ ૫ ને ગુરુવારે માંડવગઢમાં ગુરુજીના હાથે ભટ્ટારકપદવી અપાઈ હતી. તેમની વાણી અમીમય હતી. તેમણે સં૦ ૧૫૬૫ના મહા સુદિ ૫ ને ગુરુવારે ભ૦ ચંદ્રપ્રભસ્વામીની પંચતીર્થીની પ્રતિષ્ઠા કરાવી. (—ભાંદક તીર્થના લેખો)

૫૮. **પં૦ ઉદયસમુદ્ર**—તેમણે સં૦ ૧૫૮૦માં પૂર્ણિમાગચ્છ ગુર્વાવલી કડી : ૧૮, ગુરુસ્તુતિ કડી : ૨૨, અને કલશ—છપ્પય—૧ રચ્યા છે. (—જૈનયુગ, પુ૦ ૫, અંક : ૪—૫; સં૦ ૧૯૮૬ માગશર-પોષ, પૃ૦ ૧૬૭ થી ૧૭૦, ગચ્છમતપ્રબંધ, પૃ૦ ૫૮; પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨, પૃ૦ ૧૪૫ થી ૧૪૮)

## પૂનમિયાગચ્છ પટ્ટાવલી બીજી

૪૦. આ૦ ચંદ્રપ્રભ (સં૦ ૧૧૪૯) ૪૧. આ૦ ધર્મઘોષ.

૪૧. આ૦ ભદ્રેશ્વર—તેમના બીજા પટ્ટધર આ૦ શ્રીપ્રભથી "કચ્છુલીગચ્છ" નીકળ્યો.

૪૨. આ૦ મુનિપ્રભ (આ૦ મુનીશ્વર). ૪૩. આ૦ સર્વદેવ.

૪૪. આ૦ સોમપ્રભ. ૪૫. આ૦ રત્નપ્રભ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪૬. આ૦ ચંદ્રસિંહ. ૪૭. આ૦ દેવસિંહ.
૪૮. આ૦ પદ્મતિલક. ૪૯. આ૦ શ્રીતિલક.
૫૦. આ૦ દેવચંદ્ર. ૫૧. આ૦ પદ્મપ્રભ.

૫૨. **આ૦ દેવાનંદ**—તેઓ આ૦ પદ્મપ્રભના શિષ્ય હતા. તેમનું બીજું નામ દેવમૂર્તિ હોવાનું પણ જણાય છે. તેમણે શક સં૦ ૧૩૨૦ (સં૦ ૧૪૫૫)માં 'ક્ષેત્રસમાસ' અને તેની સ્વોપજ્ઞ વૃત્તિ રચી.

૫૩. આ૦ અભયચંદ્ર.

૫૪. આ૦ રામચંદ્ર—તેમણે સં૦ ૧૪૯૦ના મહા સુદિ ૧૪ના રોજ ડભોઈમાં 'વિક્રમચરિત્ર'ની ૩૨ કથા રચી, 'પંચદંડાતપત્રછત્ર પ્રબંધકથા' (ગ્રં : ૨૨૫૦) રચી.

## પૂનમિયાગચ્છપટ્ટાવલી (ભીમપલ્લી શાખા) ત્રીજી

૪૦. આ૦ ચંદ્રપ્રભ. ૪૧. આ૦ ધર્મઘોષ. ૪૨. આ૦ સુમતિભદ્ર.

૪૩. આ૦ જયચંદ્ર—સં૦ ૧૫૦૬ થી ૧૫૧૬.

૪૪. આ૦ ભાવચંદ્ર—તેમણે સં૦ ૧૫૩૫માં 'ગદ્ય–શાંતિનાથ ચરિત્ર' (ગ્રં : ૭૦૦૦) રચ્યું.

૪૫. આ૦ ચારિત્રચંદ્ર—સં૦ ૧૫૩૬નો પ્રતિમાલેખ મળે છે.

૪૬. આ૦ મુનિચંદ્ર—સં૦ ૧૫૭૮નો પ્રતિમાલેખ મળે છે.

૪૭. **પં૦ વિદ્યારત્ન**—તેમનું બીજું નામ આ૦ વિદ્યાપ્રભ પણ મળે છે. તેમણે સં૦ ૧૫૫૭ (સં૦૧૫૭૮)માં અમદાવાદમાં સંસ્કૃતમાં 'કુર્માપુત્રચરિત્ર' રચ્યું, જેનું પં૦ હર્ષકુલ ગણિએ સંશોધન કર્યું હતું. પં૦ વિદ્યારત્નના ગુરુભાઈ પં૦ જયરાજે સં૦ ૧૫૫૩માં 'મત્સ્યોદર રાસ' રચ્યો. ૪૭ આ૦ મુનિચંદ્રની પાટે આ૦ વિનયચંદ્ર થયા. તેમનો સં૦ ૧૫૯૮નો પ્રતિમાલેખ મળે છે.

આ પટ્ટાવલી પૂર્ણિમાગચ્છની ભીમપલ્લીશાખાની છે. ૪૭. આ૦ વિદ્યાપ્રભની પાટે સં૦ ૧૬૫૪ મ૦ વ૦ ૧ આ૦ લલિતપ્રભ હતા.

**પૂર્ણિમાપક્ષના કેટલાએક આચાર્યો—**

આ૦ ભદ્રેશ્વરની પરંપરામાં આ૦ પરમદેવ, સં૦ ૧૩૦૨.

(–જગડૂચરિત્ર)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આ૦ કમલપ્રભે** સં૦ ૧૩૭૨માં 'પુંડરીકચરિત્ર' રચ્યું.

આ૦ સોમતિલક સં૦ ૧૪૬૧.

આ૦ મુનિતિલક સં૦ ૧૪૭૩માં અંજનશલાકા કરાવી.

(–અર્બુદાચલ પ્રાચીન લેખસંદોહ, લે૦ ૬૧૨)

આ૦ પાસચંદે સં૦ ૧૪૭૪માં અંજનશલાકા કરાવી.

(અર્બુદ૦ લેખાંક : ૬૧૩)

આ૦ ભદ્રેશ્વરના સંતાનીય ભ૦ સર્વાનંદસૂરિ સં૦ ૧૪૬૫ સં૦ ૧૪૯૨.

યતિ ગુણસાગર, યતિ યશોવર્ધન સં૦ ૧૫૨૧ થી ૧૫૪૦.

આ૦ મુનિશેખરની પાટે આ૦ સાધુરત્ન સં૦ ૧૫૦૩ના જેઠ સુદિ ૭ ને સોમવાર.

આ૦ મલયપ્રભના પટ્ટધર આ૦ ભુવનપ્રભે સં૦ ૧૫૩૩માં અંજનશલાકા કરાવી, જે પ્રતિમાઓ આજે પાટણ પાસેના રૂપપરના દેરાસરમાં વિદ્યમાન છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

પૂનમિયાગચ્છમાં અનુક્રમે આ૦ વિવેકસિંહ, આ૦ રામચંદ્ર, આ૦ ધીરસિંહ, આ૦ અભયસિંહ થયા છે. તેમના ઉપદેશથી રોહેલાના સામંત શ્રીમાલીએ સં૦ ૧૩૭૫માં ત્રિ૦ શ૦ પુ૦ ચ૦નું ભ૦ 'નેમિનાથ-ચરિત્ર' લખાવ્યું.

આ૦ ધર્મશેખરના પટ્ટધર આ૦ વિશાલરાજ સં૦ ૧૫૩૦માં થયા.

(–જૈન સત્યપ્રકાશ, ક્રમાંક : ૨૫૬)

આ૦ મહિમાપ્રભશિષ્ય ભ૦ ભાવરત્નસૂરિએ સં૦ ૧૭૫૬માં ઝાંઝરિયા મુનિ સજ્ઝાય, સં૦ ૧૭૬૯માં રૂપપરમાં 'હરિબલમાછીરાસ', સં૦ ૧૭૭૦ના કાર્તિક સુદિ ૬ને બુધવારે ચાણસમામાં 'ભટેવા પાર્શ્વનાથ ઉત્પત્તિ સ્તવન, સં૦ ૧૭૯૭માં પાટણમાં 'સુભદ્રાસતીરાસ', સં૦ ૧૭૯૯માં પાટણમાં 'બુદ્ધિ-વિમલાસતી રાસ', સં૦ ૧૮૦૦માં અંબડરાસ, નવવાડ સજ્ઝાય, આષાઢાભૂતિસ્તવન, સ્તુતિ વગેરે રચ્યાં છે.

ભ૦ મહિમાપ્રભના પટ્ટધર **આ૦ ભાવપ્રભે** સં૦ ૧૭૭૪ના જેઠ સુદિ ૮ ને સોમવારે પિત્તલનું ત્રિગડું બનાવ્યું, જે આજે પાટણના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નગરશેઠના ઘરમાં છે. તેમણે મહો૦ યશોવિજયજીના 'પ્રતિમાશતક' પર સં૦ ૧૭૯૩ના મહા સુદિ ૮ ને ગુરુવારે ટીકા રચી છે. 'ઊઠી સવારે'વાળી અધ્યાત્મસ્તુતિ પણ તેમની રચના છે. તેમનો સં૦ ૧૭૬૮નો પ્રતિમાલેખ મળે છે.

પૂનમિયાગચ્છની પ્રધાન, ભીમપલ્લીય, ભરુચા, છાપરિયા, અને ચતુર્થશાખા એમ વિવિધ શાખાઓના પ્રતિમાલેખો મળે છે.

પૂનમિયાગચ્છનાં ગોત્રો—૧ સાંઢ, ૨ સિયાલ, ૩ સાલેચા, ૪ પૂનમિયા, ૫ મેઘાણી, ૬ ધનેરા વગેરે પૂનમિયાગચ્છનાં જૈન ગોત્રો છે.

(–પૂનમિયાગચ્છ મહાત્માની વહીના આધારે)

## અંચલગચ્છ

પાછલાં ૮૦૦ વર્ષોમાં વડગચ્છ, દેવાચાર્યગચ્છ, તપગચ્છ, અંચલગચ્છ અને ખરતરગચ્છમાં અનેક પ્રભાવક મુનિવરો થયા છે. અંચલગચ્છે પણ જૈનધર્મના સંરક્ષણ અને સંવર્ધનમાં કીમતી ફાળો આપ્યો છે. આ૦ મેરુતુંગસૂરિએ સં૦ ૧૪૩૮ માં અંચલગચ્છની સંસ્કૃત પટ્ટાવલી રચી છે. તેના આધારે બીજી પટ્ટાવલીઓ તથા જુદી જુદી અનુપૂર્તિઓનો વધારો થયો છે. મુનિ શ્રીધર્મસાગરજીએ સં૦ ૧૯૮૪ માં તે પટ્ટાવલીઓ, અનુપૂર્તિઓ, શિલાલેખો, વહીવંચાની વહીઓ વગેરેના આધારે ગુજરાતીમાં અંચલગચ્છની મોટી પટ્ટાવલી લખી છે, જેમાં અંચલગચ્છીય આચાર્યો, પ્રભાવકો અને તત્કાલીન ઘટનાઓનો સંગ્રહ કર્યો છે. આ૦ ભાવસાગરે ૧૫૮૦માં સંસ્કૃત પટ્ટાવલી બનાવી છે.

## શંખેશ્વરગચ્છપટ્ટાવલી–નાણાવાલગચ્છપટ્ટાવલી

અંચલગચ્છની મોટી પટ્ટાવલીમાં શંખેશ્વરગચ્છ અને વડગચ્છ એમ બે ગચ્છોની પરંપરા જોડાયેલી છે, તેમાંથી શંખેશ્વરગચ્છની પટ્ટાવલી નીચે મુજબ તારવી શકાય છે. આ પટ્ટાવલીમાં વહીવંચા સંવત (ભાટસંવત) વપરાયા છે.

(૧) **આ૦ ઉદ્દ્યોતનસૂરિ**—તેઓ શંખેશ્વરગચ્છના આચાર્ય હતા. તેઓ વિ૦ સં૦ ૭૨૩ માં વિદ્યમાન હતા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંચલગચ્છની પટ્ટાવલીમાં તેમને સં૦ ૭૦૦ માં થયેલ **આ૦ રવિપ્રભ**ની પરંપરાના ચોથા પટ્ટધર બતાવ્યા છે, તેમને **વડગચ્છના સ્થાપક** દર્શાવ્યા છે અને સંવત્ ૭૨૩ નો બતાવ્યો છે, એ વાત બરાબર નથી. આ આચાર્ય શંખેશ્વરગચ્છના ચૈત્યવાસી હતા. જ્યારે વડગચ્છના આચાર્ય **વિહરુક** શાખાના સંવેગી આચાર્ય હતા, જેઓ સં૦ ૯૯૫ માં થયા હતા એટલે એ બંને આચાર્યો જુદા જુદા હતા.[1] આ આચાર્યની પરંપરામાં થયેલા શંખેશ્વર, લોહિયાણા, નાણા, નાડોલ, વલભી વગેરે ગચ્છના આચાર્યોના મઠો સંભવતઃ ચંદ્રાવતીમાં હતા.

વટેશ્વરગચ્છના દાક્ષિણ્યચિહ્ન આ૦ ઉદ્દ્યોતનસૂરિ વિ૦ સં૦ ૮૩૫ માં થયા, તે પણ ઉપર્યુક્ત આચાર્યોથી ભિન્ન હતા.[1]

(પ્રક૦ ૨૭, પૃ૦ ૪૫૧)

(૨) **સર્વદેવસૂરિ**—તેઓ સં૦ ૭૨૩ માં શંખેશ્વરમાં ચતુર્માસ રહ્યા હતા. લોહિયાણાનો સોલંકી રાજા વિજયંત મોટાભાઈ **જયંતે** લોહિયાણાનું રાજ્ય ખૂંચવી લેવાથી બેન્નાતટ (બેણપબંદર)માં નાના પાસે આવ્યો અને ચોમાસુ શાંતિથી પસાર કરવા માટે શંખેશ્વરમાં આવી રહ્યો, તેણે આચાર્યશ્રીનો ઉપદેશ સાંભળી સં૦ ૭૨૪ ના માગશર સુદિ ૧૦ ના રોજ જૈનધર્મ સ્વીકાર્યો, જ્યારે તે લોહિયાણાનો રાજા બન્યો ત્યારે આચાર્યશ્રીને લોહિયાણામાં પધરાવી સમજણપૂર્વક બાર વ્રતધારી શ્રાવક બનાવ્યો. તેણે લોહિયાણામાં જૈન મંદિર તથા પોષાળ બનાવી. **આ૦ સર્વદેવસૂરિ** સં૦ ૭૪૫ માં સ્વર્ગસ્થ થયા.

વડગચ્છના મુખ્ય **આ૦ સર્વદેવ** ઉપર્યુક્ત સર્વદેવાચાર્યથી જુદા આચાર્ય હતા. તેઓ સં૦ ૧૦૧૦ માં વિદ્યમાન હતા. તેમના પ્રપટ્ટધર **આ૦ સર્વદેવસૂરિ** સં૦ ૧૦૩૭ માં સ્વર્ગસ્થ થયા. (પ્ર૦ ૩૬, ૩૮)

(૩) આ૦ પદ્મદેવસૂરિ—તેઓ વાદી હતા. તેમણે સાંખ્ય વાદીઓને હરાવ્યા હતા, તેથી તેઓ સાંખ્યસૂરિના નામથી પણ ખ્યાત હતા.

---

૧. કોઈ કોઈ ગ્રંથકાર ભ્રમથી ગુપ્ત સંવત્, ભાટ સંવત્, શક સંવત્ અને વિક્રમ સંવતને એક માની લે છે. તેમજ વટેશ્વરગચ્છને અને વડગચ્છને પણ એક માની લે છે. અહીં પણ તેમ બન્યું હોય તો ના નહીં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) **આ૦ ઉદયપ્રભસૂરિ**—તેઓ સં૦ ૭૭૨ માં આ૦ પદ્મદેવની પાટે આવ્યા. તેઓ સમર્થ પ્રભાવક હતા. લોહિયાણાના રાજા જયંત સોલંકીના પુત્ર **શ્રીમલ્લે** નાગેંદ્રગચ્છમાં દીક્ષા લીધી હતી, જેઓ સોમપ્રભાચાર્યના નામથી પ્રસિદ્ધ હતા. જયંતનો પૌત્ર ભાણુજી સોલંકી સં૦ ૭૯૪ માં લોહિયાણાની ગાદીએ બેઠો. ભિન્નમાલનું રાજ્ય પણ તેણે પોતાને કબજે કર્યું હતું. તે આ૦ ઉદયપ્રભ અને આ૦ સોમપ્રભનો ભક્ત હતો. તેણે આ૦ સોમપ્રભના ઉપદેશથી શત્રુંજય અને ગિરનારનો સંઘ કાઢ્યો હતો.

આ સમયમાં કુલગુરુની વ્યવસ્થામાં ગરબડ થવાથી તત્કાલીન ચૈત્યવાસી આચાર્યોએ મળીને કુલગુરુની મર્યાદા બાંધી અને વંશાવલીઓ લખવાની શરૂઆત કરી. એ સમયથી **વહીવંચા**નો આરંભ થયો. ઇતિહાસ કહે છે કે, વિ૦ સં૦ ૪૭૨ થી વહીવંચાનો આરંભ થયો છે ત્યારથી વહીવંચા સંવત્ કે ભાટ સંવતો હોવાનું લેખી શકાય.

ભાણુ રાજાને સંતાન નહોતું તેથી ઓસિયાના શેઠ **જયમલ** ઓસવાલની પુત્રી **રત્નાકુમારી**ને તે પરણ્યો. તેને રાણો તથા કુંભો નામે બે પુત્રો થયા. તેણે સં૦ ૭૯૫ ના માગશર સુદિ ૧૦ ને રવિવારે આ૦ ઉદયપ્રભસૂરિ પાસે શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કર્યાં.

**ધર્મપ્રચાર**—

આચાર્યશ્રીએ ભિન્નમાલના શ્રીમાલી તથા પોરવાડનાં સેંકડો કુટુંબોને પ્રતિબોધી **જૈન** બનાવ્યા.

તેઓ સં૦ ૮૩૨ માં અનશન સ્વીકારી નાડોલમાં સ્વર્ગે ગયા. તેમની પાટે બે આચાર્યો થયા. (૧) પ્રભાનંદસૂરિ અને (૨) વલ્લભસૂરિ. પ્રભાનંદસૂરિથી **'નાણાવાલગચ્છ'** નીકળ્યો અને વલ્લભસૂરિથી **'વલ્લભીગચ્છ'** નીકળ્યો, જેનું બીજું નામ 'નાડોલગચ્છ' હતું. તેનો સમય સં૦ ૮૩૨ ગણાય.

(૫) આ૦ **પ્રભાનંદસૂરિ**—તેમણે નાણાના રાજા શત્રુશલ્યને ઉપદેશ આપી જૈન બનાવ્યો. તેમના ઉપદેશથી રાજા શત્રુશલ્યે શત્રુંજયનો સંઘ કાઢ્યો. સાધર્મિકોને સોનામહોરની લહાણી કરી. ધર્મની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રભાવના કરી. આચાર્યશ્રી સં૦ ૮૮૦ માં પ્રભાસપાટણમાં સ્વર્ગે ગયા. 'વીરવંશાવલી'માં આ આચાર્યનું નામ આપ્યું નથી. આ આચાર્યથી 'નાણાવાલગચ્છ' નીકળ્યો.

(૬) **આ૦ ધર્મચંદ્રસૂરિ**—તેઓ સં૦ ૮૮૦ માં આચાર્ય થયા.

(૭) આ૦ સુવિનયચંદ્રસૂરિ—તેઓ સં૦ ૯૨૨ માં આચાર્ય થયા.

(૮) આ૦ ગુણસમુદ્રસૂરિ—તેઓ સં૦ ૯૫૭ માં આચાર્ય થયા.

(૯) આ૦ વિજયપ્રભસૂરિ—તેઓ સં૦ ૯૯૫ માં આચાર્ય થયા.

(૧૦) આ૦ નરચંદ્રસૂરિ—તેઓ સં૦ ૧૦૧૩ માં આચાર્ય થયા.

(૧૧) આ૦ વીરચંદ્રસૂરિ—તેઓ સં૦ ૧૦૭૧ માં આચાર્ય થયા.

આ સમયે વલભીશાખાના આ૦ સોમપ્રભસૂરિ હતા. તે બંને આચાર્યો એકસાથે પાલનપુરમાં ચોમાસુ રહ્યા. બંને પાલખીમાં બેસતા હતા. તેમના યતિઓમાં શિથિલાચાર વધી રહ્યો હતો. આ૦ વીરચંદ્ર સં૦ ૧૧૩૩ માં વઢવાણમાં સ્વર્ગસ્થ થયા.

આ અરસામાં જ **મહમ્મુદ ઘોરીએ** ભિન્નમાલ ભાંગ્યું.

(૧૨) આ૦ જયસિંહ—તેઓ ઉપા૦ યશોદેવના શિષ્ય હતા. આ૦ વીરચંદ્ર કાલધર્મ પામતાં ગચ્છના આચાર્યોએ તેમને સં૦ ૧૧૩૩ માં સૂરિપદે સ્થાપન કર્યા અને તેમણે નવ શિષ્યોને ચંદ્રાવતીમાં આચાર્યપદવી આપી. (–શતપદીપદ : ૧૦૮)

**ઉપાધ્યાય વિજયચંદ્ર** તેમના શિષ્ય હતા.

આ૦ જયસિંહના ગુરુભાઈ **ઉપાધ્યાય મુનિતિલકે** પાટણમાં પોતાના ધનાઢ્ય કાકાની મદદથી સ્વયં આચાર્યપદ લીધું, જેનાથી '**તિલકશાખા**' નીકળી. આ૦ જયસિંહ ઘણા શિથિલ હતા. તેઓ સં૦ ૧૧૬૯ માં વઢવાણમાં સ્વર્ગે સંચર્યા.

આચાર્યના નાના ભાઈ તેમના શિષ્ય હતા, જેમનું નામ **મુનિ રાજચંદ્ર** હતું. તે પરકાયપ્રવેશિની વિદ્યાના જાણકાર હતા.

(૧૩) **આ૦ વિજયચંદ્ર**—તેઓ આ૦ જયસિંહના શિષ્ય હતા. ઉપાધ્યાયપદે હતા. તેઓ પ્રથમ આચાર્ય થયા નહોતા. આ૦ યશોભદ્ર આ૦ નેમિચંદ્રસૂરિના શિષ્ય **આ૦ શીલગુણસૂરિ** તેમના મામા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય. આ૦ શીલગુણસૂરિએ આ૦ ચંદ્રપ્રભની સાથે પૂનમિયાગચ્છ આદર્યો. ઉપા૦ જયસિંહે પણ સં૦ ૧૧૬૯માં મામાના ગચ્છની નિશ્રાએ ક્રિયોદ્ધાર કરી **'વિધિમાર્ગપક્ષ'**ની સ્થાપના કરી. તેઓ જ **અંચલગચ્છ**ના પ્રથમ આ૦ **આર્યરક્ષિતસૂરિ** હતા. શંખેશ્વરગચ્છ, નાણાવાલગચ્છ તથા વલભીગચ્છ તે સમયથી અંચલગચ્છમાં જોડાઈ ગયા.

(–શતપદીપદ : ૧૦૮)

આ૦ ભાવસાગરસૂરિએ પ્રાકૃત 'વીરવંશપટ્ટાવલી'માં (૩૫) આ૦ ઉદ્દ્યોતનસૂરિ, (૩૬) આ૦ સર્વદેવસૂરિ, (૩૭) આ૦ પદ્મદેવ, (૩૮) આ૦ ઉદયપ્રભ, (૩૯) આ૦ પ્રભાનંદ, (૪૦) આ૦ ધર્મચંદ્ર, (૪૧) આ૦ સુવિનયચંદ્ર, (૪૨) આ૦ ગુણસમુદ્ર, (૪૩) આ૦ વિજયપ્રભ, (૪૪) આ૦ નરચંદ્ર, (૪૫) આ૦ વીરચંદ્ર, (૪૬) આ૦ મુનિતિલક, (૪૭) આ૦ જયસિંહ, (૪૮) આ૦ આર્યરક્ષિત—આ રીતે નાણાવાલગચ્છની પરંપરા અનુસારે પટ્ટાનુક્રમ આપ્યો છે. (ગાથા : ૩૨ થી ૩૬)

## વલભીગચ્છ-નાડોલગચ્છ પટ્ટાવલી

(૧) આ૦ ઉદ્દ્યોતનસૂરિ—શંખેશ્વરગચ્છના પ્રથમ આચાર્ય, સં૦ ૭૨૪.

(૨) આ૦ સર્વદેવસૂરિ—સ્વ૦ સં૦ ૭૪૫

(૩) આ૦ પદ્મદેવ

(૪) આ૦ ઉદયપ્રભ—સ્વ૦ સં૦ ૮૩૨

(૫) આ૦ વલ્લભસૂરિ—તેમને નાડોલમાં સં૦ ૮૩૨ માં આ૦ ઉદયપ્રભસૂરિએ આચાર્યપદ આપ્યું. આ આચાર્ય નાડોલગચ્છના પ્રથમ આચાર્ય હતા. આ સમયે નાણાવાલગચ્છ અને નાડોલગચ્છ (વલભીગચ્છ) એમ બે વિભાગ પડ્યા.

૬. આ૦ ધર્મચંદ્ર—તેઓ સં૦ ૮૩૭ માં આચાર્ય થયા. પાટણના રાજવી વનરાજ ચાવડાના મંત્રી લહીર પોરવાડે પોતાની માતાના નામથી નારંગપુર વસાવી, તેમાં આ આચાર્યશ્રીના ઉપદેશથી સં૦ ૮૩૨ માં ભ૦ પાર્શ્વનાથનું દેરાસર બંધાવ્યું.

૭. આ૦ ગુણચંદ્ર—તેમને સં૦ ૮૬૯ માં આચાર્યપદવી મળી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૮. આ૦ દેવચંદ્ર—તેમને સં૦ ૮૯૯ માં આચાર્યપદવી મળી.

૯. ભ૦ સુમતિચંદ્ર—તેમને સં૦ ૯૨૫ માં આચાર્યપદ મળ્યું.

૧૦. ભ૦ હરિચંદ્ર—તેમને સં૦ ૯૫૪ માં આચાર્યપદ મળ્યું.

૧૧. ભ૦ રત્નસિંહ—તેઓ સં૦ ૯૭૦ માં આચાર્ય થયા. તેમણે સં૦ ૧૦૦૫ માં રણથંભોર પાસેના આછબુ ગામમાં ડીડૂગોત્રના શેઠ ધાંધલને જૈન બનાવી, કાંટિયાગોત્ર સ્થાપ્યું. તે ગોત્રની લીંબડિયા, સોની અને ઝવેરી શાખાઓ થઈ. (અંચલગચ્છપટ્ટાવલી પૃ૦ ૨૦૪)

૧૨. ભ૦ જયપ્રભ—તેઓ સં૦ ૧૦૫૧ માં આચાર્ય થયા. તેમણે સં૦ ૧૦૦૭ માં ભિન્નમાલના રાવત સોમકરણ પરમારને તથા તેના પરિવારને જૈન બનાવી સં૦ ૧૨૯૫માં વડેરાગોત્ર સ્થાપ્યું. સં૦ ૧૩૩૫ ના વૈશાખ સુદિ ૫ ના રોજથી વડેરાગોત્રની લઘુશાખા નીકળી.

૧૩. ભ૦ **સોમપ્રભ**—તેઓ સં૦ ૧૦૫૧ માં આચાર્ય થયા. તેઓ એકવાર નાણાવાલગચ્છના આ૦ વીરચંદ્ર સાથે પાલનપુરમાં ચતુર્માસ રહ્યા, ત્યારથી તે બંનેએ પાલખીમાં બેસવાનું શરૂ કર્યું. તેઓ 'મહાત્મા' બન્યા. મંત્રી વિમલશાહે આબુ ઉપર બંધાવેલા વિમલવસહી જિનાલયની સં૦ ૧૦૮૮ માં તેમણે પ્રતિષ્ઠા કરી.

૧૪. ભ૦ સુરપ્રભ—તેઓ સં૦ ૧૦૯૪ માં આચાર્ય થયા.

૧૫. ભ૦ ક્ષેમપ્રભ—તેઓ સં૦ ૧૧૪૫ માં આચાર્ય થયા.

૧૬. ભ૦ ભાનુપ્રભ—તેઓ સં૦ ૧૧૭૭ માં આચાર્ય થયા. આ સમયે નાણાવાલગચ્છ, નાડોલગચ્છ—વલ્લભીગચ્છ થયા. તેઓએ અંચલગચ્છની સામાચારી શરૂ કરી.

૧૭. ભ૦ પુણ્યતિલક—તેઓ સં૦ ૧૨૦૭ માં આચાર્ય થયા. તે મહાન પ્રભાવક હતા. તેમણે સં૦ ૧૨૧૧ માં **બેણુપનગર**ના રાવ સોમિલ ડોડિયા પરમારને જૈન બનાવ્યો. ચાર લાખ પીરોજીના ખરચથી શત્રુંજયનો સંઘ કઢાવ્યો, બે લાખ પીરોજીની દાનશાલા મંડાવી. સં૦ ૧૨૪૪ માં હથુંડીના રાવ વનવીર ચૌહાણને જૈન બનાવ્યો. ચૌહાણશાખામાં ઊંડના શેઠ વનાજીથી 'લઘુ સાજનીશાખા' નીકળી. ભટ્ટારકજીના ઉપદેશથી શા૦ સુંજા શ્રીમાલીએ સં૦ ૧૨૦૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માં સોરોલમાં દેરાસર બંધાવ્યું, વાવ બંધાવી, જુરોલીના શા૦ મુંજાએ આદિનાથનું મંદિર બંધાવ્યું. ભિન્નમાલનો શેઠ સંઘા પોરવાડ પાટણમાં આવીને વસ્યો હતો. તેના વંશજ શેઠ ખેતશી પારેખે સં૦ ૧૨૯૫ માં પાટણમાં આ આચાર્યશ્રીના હાથે ભ૦ પાર્શ્વનાથના મંદિરમાં પ્રતિષ્ઠા કરાવી અને ખેતલવસહીની સ્થાપના કરી.

(–અંચલગચ્છપટ્ટાવલી, પૃ૦ ૧૧૩)

૧૮. ભ૦ ગુણપ્રભ—તેઓ સં૦ ૧૨૫૯ માં આચાર્ય થયા. આચાર્ય સિંહપ્રભ અને આ૦ અજિતપ્રભ એ બંને તેમના શિષ્યો હતા.

૧૯. આ૦ સિંહપ્રભ—અંચલગચ્છના આચાર્ય ધર્મઘોષના પટ્ટધર આ૦ મહેંદ્રસૂરિ સં૦ ૧૩૦૯ માં ખંભાતમાં કાલધર્મ પામ્યા ત્યારે ખંભાતના સંઘે ગંધારથી ભ૦ ગુણપ્રભના શિષ્ય વલભીગચ્છના ભ૦ સિંહપ્રભને આમંત્રણ આપી તેમની પાટે સ્થાપન કર્યા. ત્યારથી વલભીગચ્છ અંચલગચ્છમાં ભળી ગયો.

આ વલભીગચ્છના શાખાચાર્ય આ૦ જયચંદ્રે સં૦ ૧૩૮૨ માં બાડમેરના સમરથ નામના ક્ષત્રિયને જૈન બનાવી તેનું મહાજન ગોત્ર સ્થાપન કર્યું. (–અંચલગચ્છપટ્ટાવલી, પૃ૦ ૧૧૭ –૧૧૮ અને પૃ૦ ૨૦૩થી ૨૧૩)

**અંચલગચ્છ—**

અંચલગચ્છની મોટી પટ્ટાવલીમાં શંખેશ્વરગચ્છ અને વડગચ્છ એમ બે ગચ્છોની પરંપરા જોડાયેલી છે. તેમાંથી અંચલગચ્છ નીકળ્યો. નાણાવાલગચ્છના **આ૦ આર્યરક્ષિતસૂરિએ** પૂર્ણિમાગચ્છની નિશ્રામાં દીક્ષા લઈ નાણાવાલગચ્છમાં ક્રિયોદ્ધાર કર્યો અને સં૦ ૧૧૬૯ માં વિધિપક્ષગચ્છ અને સં૦ ૧૨૧૩ માં **અંચલગચ્છની** સ્થાપના કરી. તેમાં ૭૦ બોલની પ્રરૂપણા કરી.

૪૦. **આ૦ ચંદ્રપ્રભસૂરિ**—તેઓ વડગચ્છના આ૦ નેમિચંદ્રસૂરિના શિષ્ય હતા. તેમણે સં૦ ૧૧૫૯ માં પૂનમિયાગચ્છ ચલાવ્યો.

૪૧. **આ૦ આર્યરક્ષિતસૂરિ**—આબૂ પાસેના દંતાણી ગામમાં પોરવાડ શેઠ દ્રોણ અને તેમની પત્ની દેદીએ સં૦ ૧૧૩૬ માં ગુરુ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહારાજના આશીર્વાદથી એક બાળકને જન્મ આપ્યો, જેનું નામ **ગોદુહકુમાર** રાખવામાં આવ્યું.

નાણાવાલગચ્છના આ૦ જયસિંહ તથા તેમના શિષ્ય યતિ રાજચંદ્ર, જેઓ પરકાયપ્રવેશિની વિદ્યાના જાણકાર હતા. તે સાધુ પરિવાર સાથે વિહાર કરતા સં૦ ૧૧૪૧માં દંતાણી ગામમાં આવ્યા. શેઠ દ્રોણે પોતાનો ગોદુહકુમાર તેમને વંહોરાવ્યો. સંઘે શેઠ દ્રોણને અનર્ગલ ધન આપી સત્કાર કર્યો.

આચાર્યશ્રીએ ગોદુહકુમારને લઈને ખંભાત તરફ વિહાર કર્યો. ખંભાતમાં અરબસ્તાનના કરોડપતિ વેપારી સીદિકને આચાર્યશ્રીએ ભોજપત્ર ઉપર યંત્ર લખી આપ્યો હતો. તેનાથી તેને પુત્રની પ્રાપ્તિ થઈ. આથી તેણે આચાર્યશ્રીને ઘણું ભેટણું આપ્યું. સોનાની પાલખી પણ સમર્પણ કરી.

સં૦ ૧૧૪૬ના પોષ સુદિ ૩ ના દિવસે ખંભાતમાં જ ગોદુહને દીક્ષા આપી તેનું નામ **મુનિ આર્યરક્ષિત** રાખ્યું. ગુરુજીએ તેને વ્યાકરણ વગેરે ભણાવી શાસ્ત્રજ્ઞાન આપ્યું. યતિ રાજચંદ્રે મંત્ર-તંત્ર અને કાયપ્રવેશિની વિદ્યા આપી. ગુરુએ સં૦ ૧૧૫૯ના મહા સુદિ ૩ ના રોજ પાટણમાં આચાર્ય પદ આપ્યું. તે પછી તેઓ **આ૦ આર્યરક્ષિતસૂરિ નામથી** પ્રસિદ્ધિ પામ્યા. જ્યારે તેમણે આગમોનું મનન કરવા માંડયું ત્યારે તેમને જણાયું કે, અત્યારનું સાધુજીવન શિથિલ છે. એટલે તેમણે ગુરુની આજ્ઞા મેળવી પોતાના મામા **મુનિ શીલગુણ**ની સાથે પૂનમિયાગચ્છની નિશ્રા સ્વીકારી.

સં૦ ૧૧૫૯ના માહ સુદિ ૫ ના રોજ **ક્રિયોદ્ધાર** કર્યો અને ફરી દીક્ષા લઈ **ઉપા૦ વિજયચંદ્ર** નામ રાખ્યું. તેઓ વિહાર કરીને પાવાગઢ આવ્યા, ત્યાં તેમણે તપસ્યા કરી તેથી કાળીદેવી તેમને સહાયક થઈ. પછી તેઓ ભાલેજ આવ્યા. ત્યાં શેઠ યશોધવલ ભણશાળી જૈન હોવા છતાં અજૈન જેવો બની ગયો હતો. તેને તેમણે ચમત્કાર બતાવી કુટુંબ સહિત જૈન બનાવ્યો.

સં૦ ૧૧૬૯ ના વૈશાખ સુદિ ૩ ના દિવસે તેમણે **ભાલેજમાં**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ફરી નાણાવાલગચ્છમાં ભળીને આ૦ જયસિંહસૂરિના હાથે આચાર્યપદ સ્વીકાર્યું અને ફરીથી **આ૦ આર્યરક્ષિત** નામથી ખ્યાતિ પામ્યા. તેઓ આ૦ વિજયચંદ્રના નામથી પણ ઓળખાતા હતા.

**સામાચારી—**

તેમણે પૂનમે પાખી, અભિવર્ધિત વર્ષમાં શ્રાવણ કે પહેલા ભાદરવામાં સંવત્સરી, ચોથી થોઈનો નિષેધ, પર્વમાં પૌષધ, સાધુને જિનપ્રતિષ્ઠાનો નિષેધ, શ્રાવકને દીપપૂજા અને ફલપૂજાનો નિષેધ, મુહપત્તિનો નિષેધ, ગુરુવંદનમાં બીજા ખમાસમણનો નિષેધ, પર્વ સિવાય પૌષધનો નિષેધ, ઉપધાનમાલારોપણ નિષેધ, રાતે જિનપૂજા અને રાતે નૃત્ય પૂજાનો નિષેધ કર્યો. સાધુ અને શ્રાવકના ચૈત્યવંદનમાં ભેદ કર્યો. નવકારમંત્ર તથા ણમોત્થુ ણં વગેરે સૂત્રોમાં પાઠભેદ કર્યો. આ પ્રકારે લગભગ **૭૦ બોલની** પ્રરૂપણા કરી. (જૂઓ, શતપદી). વિધિપક્ષગચ્છની સ્થાપના કરી. તે ગચ્છ સં૦ ૧૨૧૪ માં અંચલગચ્છ તરીકે ખ્યાતિ પામ્યો.

જૈનમ્ સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આ૦ આર્યરક્ષિત, આ૦ જયસિંહસૂરિ, (૪૩) આ૦ ધર્મઘોષ સં૦ ૧૨૬૩માં રચેલી પ્રાકૃત 'શતપદી' ઉપરથી તેમના શિષ્ય આ૦ મહેન્દ્રસૂરિએ સં૦ ૧૨૯૪ માં સંસ્કૃતમાં 'શતપદી' (ગ્રં૦ ૫૩૪૨) રચી છે. તેમાંના કેટલાક નોંધવાયોગ્ય પદો આ છે—

૩. સાધુ જિનપ્રતિમાની પ્રતિષ્ઠા ન કરાવે.
૪. દીપકપૂજા શાસ્ત્રમાં ઉપદેશી નથી.
૬. ફળપૂજા શાસ્ત્રમાં જણાવી નથી.
૧૫. ત્રણ થોય કહેવી.
૨૦. શ્રાવકો મુહપત્તિ ન રાખે.
૨૨. સાધુને વાંદતાં એક ખમાસમણ દેવું.
૩૬. પર્વ દિવસે જ **પૌષધ** કરવો.
૩૯. સાંજ-સવાર એમ બે સમયે જ **સામાયિક** કરવું.
૮૨. **સંવત્સરી** પચાસમા દિવસે અને અભિવર્ધિત વર્ષમાં વીસમા દિવસે કરવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૯૨. શ્રાવકો સાધુની જેમ ચૈત્યવંદન ન કરે.

૯૬. ઉપધાન-માલારોપણ કરવાં નહીં.

૯૭. રાતે જિનપૂજા તેમજ પૂજામાં નૃત્ય ન કરવું.

૯૯. નવકાર અને ણુમોત્થુ ણં વગેરે સૂત્રોમાં પાઠફેર કરે છે.

૧૧૨. ચોમાસી-પાખી **પૂનમે** કરવી.

૧૧૭. છેલ્લો બોલ છે. (જૂઓ, આ૦ મહેન્દ્રસૂરિકૃત 'શતપદી')

શંખેશ્વરગચ્છ, નાણાવાલગચ્છ અને નાડોલગચ્છના વલભીગચ્છે પણ ઉપર્યુક્ત સામાચારીનો સ્વીકાર કર્યો.

તેમના ઉપદેશથી શેઠ **યશોધને ભાલેજ**માં વિશાળ જિનાલય બંધાવ્યું. તેમાં ક્ષેત્રપાલ વ્યંતર નડતર કરતો હતો. આથી આચાર્યશ્રીએ આકર્ષણી વિદ્યા અને સ્તંભિની વિદ્યાથી તેને કાબૂમાં લીધો અને જિનાલયના કાર્યમાં મદદગાર બનાવ્યો. શેઠની સમ્મતિથી દેરાસરના દરવાજામાં તેણે ક્ષેત્રપાલની ચાર હાથવાળી મૂર્તિ બનાવીને બેસાડી.

આચાર્યશ્રીના ઉપદેશથી શેઠ યશોધને શત્રુંજયનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. રસ્તામાં મહાકાલીદેવીએ આચાર્યશ્રીની બે વાર પરીક્ષા કરી. બંને પ્રસંગો ખેડામાં બન્યા. એક વખત જ્યારે આહાર તૈયાર હતો ત્યારે વહોરવા જતાં તેમણે તે દેવપિંડ છે એમ જાણી લઈ તે આહાર ન લીધો અને બીજી વખતે જ્યારે સંઘનો પડાવ ખેડામાં હતો ત્યારે આચાર્યશ્રીની સામે સોનાનો થાળ ધરવામાં આવ્યો. આચાર્યશ્રીએ નિઃસ્પૃહતાથી તે થાળ લીધો નહીં પરંતુ તેમાંની એક સોનામહોર લઈ કોઈ શ્રાવકને સાધારણખાતામાં વાપરવા આપી દીધી. ત્યારથી દેવીએ વિધિપક્ષગચ્છની રખેવાળી કરવાનું વચન આપ્યું. તે દેવીએ સાથોસાથ એ પણ જણાવ્યું કે, 'તમે એક સોનામહોર લીધી છે તેથી તમારા ગચ્છનો એક શ્રાવક જરૂર લખપતિ બની રહેશે.'

આચાર્યશ્રીના જીવનમાં પણ વાયડગચ્છના **આ૦ જીવદેવસૂરિની પેઠે** ગાયની ઘટના બનેલી જોડવામાં આવી છે.

સં૦ ૧૧૭૨ માં તેઓ પારકરના સુરપાટણમાં પધાર્યા. ત્યાં મરકીનો ઉપદ્રવ થયો હતો. તે તેમણે શાંત કરી દીધો. ત્યાંના પરમાર **રાજા**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મહીપાલને** ઉપદેશ આપી જૈન બનાવ્યો. રાજાએ ભ૦ શાંતિનાથનું દેરાસર બંધાવ્યું અને તેના વંશજો ઓશવાલ બન્યા. તે બધા મીઠડિયાગોત્રના નામથી પ્રસિદ્ધ થયા. તેનો મંત્રી **ધરણુ** નામે જૈન હતો.

**બેણુપ**ના કરોડપતિ **શેઠ કપર્દિ**ની પુત્રી સમયશ્રી(સોમાઈ)એ આચાર્યશ્રીના ઉપદેશથી સંસારને અસાર સમજી પોતાની બહેનપણીઓ સાથે દીક્ષા લીધી. સમય જતાં તે સાધ્વીને મહત્તરાની પદવી પણ મળી. એ કપર્દિ શેઠને ગૂર્જરનરેશ સિદ્ધરાજે પોતાના રાજ્યનો ભંડારી બનાવ્યો અને તેને ૧૮ ગામ બક્ષિસમાં આપ્યાં.

(પૃ૦ ૧૦૮, ૧૩૯, ૧૪૦)

વિધિપક્ષનું બીજું નામ અંચલગચ્છ કેમ પડ્યું એ અંગે ભિન્ન ભિન્ન ઉલ્લેખ મળે છે—

(૧) **રાજા સિદ્ધરાજે** પુત્રકામેષ્ટિયજ્ઞ આરંભ્યો ત્યારે ત્યાં એક ગાય મરી ગઈ. રાજવીની વિનંતિથી આ૦ આર્યરક્ષિતે પરકાયપ્રવેશિની વિદ્યાના બળે તે ગાયને યજ્ઞશાળાની બહાર કાઢી, આથી રાજાએ તેમને **'અચલ'** એવું બિરુદ આપ્યું.

આ ગાયની ઘટના વાયડગચ્છના આ૦ જીવદેવસૂરિના જીવનમાં પણ બની હતી. એ ઘટના આ૦ આર્યરક્ષિતસૂરિના નામે પણ ચડી છે.

રાજા સિદ્ધરાજે સં૦ ૧૧૮૪ પછી પુત્રકામના માટે યાત્રાઓ વગેરે કરી. એ હિસાબે અંચલગચ્છ સં૦ ૧૧૮૫ થી સં૦ ૧૧૯૯ના ગાળામાં અસ્તિત્વમાં આવ્યો.　(—જૂઓ, અંચલગચ્છ પટ્ટાવલી)

(૨) ગૂર્જરેશ્વર **કુમારપાલ**ના સમયે (સં૦ ૧૧૯૯ થી ૧૨૨૯) આ૦ આર્યરક્ષિતસૂરિ પાટણ આવ્યા ત્યારે શેઠ **કપર્દિએ** તેમને ખેસના છેડાથી—અંચલથી વંદન કર્યું તેથી એ ગચ્છ **'અંચલગચ્છ'** નામે પ્રસિદ્ધ પામ્યો.

(૩) **કર્કર ગામ** પાસે આવેલા બેણુપ ગામમાં નાઢા (નાની, નાથી) નામની પૂનમિયાગચ્છની ધનાઢ્ય શ્રાવિકા હતી. તે સ્વકુટુંબ, સ્વજન, અને સાધર્મિકોને પાળતી હતી.　(પ્રક૦ ૩૫, પૃ૦ ૧૫)

એકવાર એક પૂનમિયાગચ્છના આચાર્યે શ્રાવકોને ધર્મ અને

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

નિર્વાહ વિશે પૂછ્યું, ત્યારે શ્રાવકોએ જણાવ્યું કે, 'અહીં નાઢાના પ્રસાદથી સૌ વાતે સારું છે.'

આચાર્યે કહ્યું, 'નાઢા કોણ છે? એના પ્રસાદથી નહીં પણ દેવ-ગુરુ પ્રસાદથી એમ કહો.'

આ વાત સાંભળીને નાઢાને ગુસ્સો ચડ્યો. સંઘે આચાર્યશ્રીને દ્વાદશાવર્ત વંદન કર્યું. નાઢાની પાસે મુહપત્તિ નહોતી તેથી આચાર્યે સંઘનું વંદન સ્વીકાર્યું, પણ નાઢાનું વંદન ન સ્વીકાર્યું.

એ જ અરસામાં પૂનમિયાગચ્છના એક નેત્રવાળા મંત્રવાદી **ઉપા૦ નરસિંહે** સં૦ ૧૧૬૯માં શ્રાવકોને પ્રતિક્રમણનો નિષેધ કર્યો. તેણે 'વિધિપક્ષમત' સ્થાપ્યો હતો. પાવાગઢની હિંસાપ્રિય કાલીદેવીનું ૨૧ ઉપવાસથી આરાધન કર્યું અને ચક્રેશ્વરીદેવી હાજરાહજુર છે એમ જાહેર કર્યું. તેમણે **બેણુપમાં** આવી શ્રાવકોને મુહપત્તિનો નિષેધ કર્યો. નાઢા તથા સંઘ પાસે અંચલથી વંદન કરાવ્યું. આથી નાઢા ખુશ થઈ અને ૮૦૦૦ રૂ૦ નો ખર્ચ કરી નડિયાદના ચૈત્યવાસી આચાર્ય પાસે ઉપાધ્યાયને આચાર્યપદ અપાવ્યું અને તેમનું નામ આ૦ આર્યરક્ષિત કાયમ કર્યું. આ રીતે સં૦ ૧૨૧૩ માં મુહપત્તિને બદલે કપડાના છેડાનો વંદનવિધિ ચલાવ્યો, એટલે વિધિપક્ષ **અંચલ નામથી** જાહેર થયો. (દશમત........, જૈન ઇતિહાસ, પ્ર૦ જૈનધર્મ-વિદ્યાપ્રચારક વર્ગ, પાલીતાણા, સં૦ ૧૯૬૪)

તેમના પરિવારમાં ૧૨ આચાર્ય, ૨૦ ઉપાધ્યાય, ૭૦ પંડિત, ૧૦૩ મહત્તરા, ૮૨ પ્રવર્ત્તિની અને બીજા સાધુ-સાધ્વી હતા. તેમણે સં૦ ૧૨૨૬ (૧૨૩૬)માં ૧૦૦ વર્ષની ઉંમરે આ૦ જયસિંહસૂરિને ગચ્છનો ભાર સોંપી પાવાગઢ ઉપર ૭ દિવસનું અનશન કરી સ્વર્ગવાસ કર્યો.

આચાર્યશ્રીએ શ્રીમાલ અને ઓશવાલનાં અનેક નવાં જૈન ગોત્રો સ્થાપન કર્યાં, જેમાં મીઠડિયા અને ગાંધી વગેરે મુખ્ય ગોત્રો છે.

**દશા-વીશાનો ભેદ—**

આ સમયે જૈન મહાજનમાં દશા-વીશાના ભેદો હતા. 'અંચલ-ગચ્છપટ્ટાવલી'માં લખ્યું છે કે, નાણાવાલગચ્છના આ૦ ઉદયપ્રભસૂરિના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપદેશથી કાત્યાયન શ્રીમાલી જૈનો થયા. તેનો આદિપુરુષ ભિન્નમાલનગરનો ભ૦ શાંતિનાથના દેરાસરનો ગોષ્ઠિક શેઠ **શ્રીમલ્લ** નામે હતો. શેઠ મેઘા, શેઠ મુંજા, શેઠ જિનદાસ વગેરે તેના વંશજો હતા. શેઠ જિનદાસ બેણપમાં રહેતો હતો. તે કામદેવ જેવો રૂપાળો હતો. એ સમયે બેણપમાં રાજા ભીમ રાણો હતો અને જોગા નામે દિવાન હતો. રાજાને કોઈ સંતાન નહોતું તેથી તેણે જોગાની પુત્રી **માનાને** પોતાની પુત્રી કરીને રાખી હતી.

એક વેળા દિવાળીના દિવસે રાજા **માનાને** પોતાના ખોળામાં લઈ રાજસભામાં બેઠો હતો, તે વખતે શેઠ જિનદાસ જુહાર કરવાને રાજસભામાં આવ્યો. માનાકુમારી તેને જોઈને મોહિત થઈ ગઈ. રાજાએ તેને જિનદાસ સાથે પરણવા માટે પૂછ્યું. ત્યારે માનાએ હા પાડી. પણ જિનદાસે વાંધો લીધો કે, 'અમે **વીશા** શ્રીમાલી છીએ, જ્યારે જોગો **દશા** શ્રીમાલી છે એટલે તે કન્યાને હું પરણી શકું નહીં.' રાજાએ બળજબરીથી તે બંનેનાં લગ્ન કર્યાં. શેઠ જિનદાસ ત્યાંથી નીકળી આરાસણમાં જઈને વસ્યો અને તેનાથી સં૦ ૧૧૮૫ માં **'લઘુ સાજનશાખા'** નીકળી.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

એક સાલ આરાસણમાં ભયંકર મરકી ફાટી નીકળી. આરાસણ ઊજડ થયું. શેઠ જિનદાસના વંશજો ત્યાંથી નીકળી ઈડર જઈને વસ્યા. તેમાંના મંત્રી નાયકે સં૦ ૧૩૦૧ માં બેરાલુમાં ભ૦ શ્રીઋષભદેવનું મંદિર બંધાવ્યું. આ વંશના શેઠ ભરથાની સ્ત્રી ઝાલીએ સં૦ ૧૩૧૧ માં ભ૦ પાર્શ્વનાથનું દેરાસર તથા ઝાલાસર નામે તળાવ બંધાવ્યું. (અંચલગચ્છ પટ્ટાવલી, પૃ૦ ૯૧)

**નાણાવાલગચ્છનાં ગોત્રો**—રણધીરા, કાવડિયા, ઢઢ્ઢા, શ્રીપતિ, તલ્લેરા, કોઠારી વગેરે છે. (—નાણાવાલ મહાત્માઓની વહીના આધારે)

**અંચલગચ્છનાં ગોત્રો**—૧. ગાલ્હ, ૨. આયગોત્તા, ૩. બુહડ, ૪. સુભદ્ર, ૫. બોહરા, ૬. સિયાલ, ૭. **કટારિયા,** કોટેચા, રાનપુરા બોહરા, ૮. નાગડ, ૯. **મીઠડિયા** વોહરા, ૧૦. ધરવેલા, ૧૧. વડેર, ૧૨. **ગાંધી,** ૧૩. દેવાનંદા, ૧૪. ગૌતમ, ૧૫. દોશી, ૧૬ સોનીગરા, ૧૭.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોટિયા, ૧૮. હરિયા, ૧૯. દેઢિયા, ૨૦. ઓરેચા, ૨૧. **લાલન** વગેરે છે.

૪૨ **આ૦ જયસિંહસૂરિ—સોપારક**ના શેઠ **દાહડ** ઓશવાલને નેઢી નામે પત્ની હતી. શેઠાણી નેઢીએ એક દિવસ સ્વપ્નમાં કળશ જોયો. પરિણામે સં૦ ૧૧૭૯ના ચૈત્ર સુદિ ૯ના રોજ તેણે **જિનકલશ** નામના પુત્રને જન્મ આપ્યો. તે પુત્ર મોટો થતાં ત્યાં પધારેલા આ૦ કક્કસૂરિના વ્યાખ્યાનમાં જવા લાગ્યો. આચાર્યશ્રી વ્યાખ્યાનમાં 'જંબૂચરિત્ર' વાંચતા હતા. એમના ઉપદેશથી એ બાળકના દિલમાં વૈરાગ્યના અંકુરો ઊગી નીકળ્યા. આ૦ **આર્યરક્ષિતે** તેને સં૦ ૧૧૯૩ના માહ સુદિ ૩ના રોજ પાટણમાં દીક્ષા આપી, **મુનિ યશશ્ચંદ્ર** નામ આપ્યું. બાલ મુનિ તીવ્ર બુદ્ધિશાળી હતા. તેને વ્યાકરણ, તર્ક, મંત્ર-તંત્ર અને સિદ્ધાંત ભણાવી સં૦ ૧૧૯૭માં ઉપાધ્યાયપદ આપ્યું અને તેમનું નામ **ઉપા૦ જયસિંહ** રાખવામાં આવ્યું.

સં૦ ૧૧૮૦ લગભગમાં રાજા **સિદ્ધરાજ**ની સભામાં શ્વેતાંબરાચાર્ય **વાદિદેવસૂરિ** અને દિગંબરાચાર્ય ભ૦ **કુમુદચંદ્ર** વચ્ચે શાસ્ત્રાર્થ થયો ત્યારે ઉપા૦ જયસિંહે શ્વેતાંબર મુનિસંઘને કીમતી **સહયોગ** આપ્યો હતો. આ૦ આર્યરક્ષિતસૂરિએ તેમને સં૦ ૧૫૦૨માં **માંડલ**માં **આચાર્યપદ** આપ્યું હતું.

આ૦ **મહેન્દ્રસૂરિ જણાવે છે કે,** વડગચ્છના આચાર્ય **રામદેવસૂરિએ** પાવાગઢ પાસે **મંદારપુર**માં સં૦ ૧૨૦૨માં તેમને આચાર્યપદે સ્થાપન કર્યા હતા. તેમના કુલગુરુ **દિગંબર ભટ્ટારક છત્રસેન** હતા. તે મંત્રવાદી હતા. **આ૦ જયસિંહે** તેમને જીતી લઈ પોતાના શિષ્ય બનાવ્યા. તેમનું નામ **છત્રહર્ષ** આપવામાં આવ્યું. શાલવીઓ શ્વેતાંબર જૈન બન્યા. ઉપાધ્યાય છત્રહર્ષથી સં૦ ૧૨૧૭માં '**હર્ષશાખા**' નીકળી.

ગૂર્જરેશ્વર **કુમારપાલે** પાટણના સંઘનું તથા રાજ્યનું એકમ જોખમાય નહીં, તે ખાતર નવી સામાચારીવાળા જૈન ગચ્છોને **દેશવટો** આપ્યો. એટલે કે પાટણમાં આવવાની અને ત્યાં રહેવાની મનાઈ કરી હતી. એ સમયે **પૂનમિયાગચ્છ, ખરતરગચ્છ** વગેરેના સાધુ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓ બહારગામ ચાલ્યા ગયા હતા પરંતુ આ૦ જયસિંહ યુક્તિપૂર્વક ગૂર્જરનરેશ કુમારપાલની સમ્મતિ મેળવીને પાટણમાં જ રહ્યા હતા.

પટ્ટાવલીકારે અહીં આ૦ જયસિંહની મહત્તા બતાવવા **આ૦ હેમચંદ્રસૂરિના** મુખથી પ્રશંસા વર્ણવી છે અને ગૂર્જરનરેશ કુમારપાલનું મૃત્યુ આ૦ હેમચંદ્રસૂરિની પહેલાં બતાવ્યું છે.

આ આચાર્ય ઉગ્ર વિહારી હતા. તેમણે ઘણાં તીર્થોની યાત્રા કરી હતી. તેમના ઉપદેશથી શેઠ **આંબાકે** પ્રભાસપાટણમાં ભ૦ ચંદ્રપ્રભસ્વામીના દેરાસરનો **જીર્ણોદ્ધાર** કરાવ્યો હતો.

તેઓ સં૦ ૧૨૫૯ માં પ્રભાસપાટણમાં દેવલોક પામ્યા.

તેમણે નીચે જણાવેલા **ગ્રંથો** રચ્યા છે. 'કર્મગ્રંથની બૃહદ્-ટીકા, કમ્મપયડી-ટીકા, કર્મગ્રંથ વિચાર ટિપ્પન, કર્મવિપાક, સ્થાનાંગસૂત્રની ટીકા, જૈનતર્કવાર્તિક, ન્યાયમંજરી ટિપ્પન' વગેરે. સં૦ ૧૩૩૦ માં 'યુગાદિદેવચરિત્ર' રચ્યું જેને આસપની પુત્રી લક્ષ્મી તથા પુત્ર આંબડે ભક્તિથી લખાવ્યું હતું.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ૦ **જયસિંહે** ઘણા નવા જૈનો બનાવ્યા હતા.

સં૦ ૧૨૦૮ માં હથુંડીના રાજા **અનન્તસિંહ રાઠોડનો** જલોદરનો રોગ મંત્રજલથી મટાડી દીધો હતો અને તેને જૈન બનાવ્યો હતો. તે રાજવીએ ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર બંધાવ્યું. તેના વંશજો **હથુંડિયા** રાઠોડ ઓશવાલ બન્યા.

સં૦ ૧૨૨૪ માં શંખેશ્વરજી પાસેના **લોલાડાના** રાવ ડુણગર **રાઠોડને** જૈન બનાવ્યો હતો.

સં૦ ૧૨૨૮ માં પારકરમાં ઉમરકોટના મોહણસિંહ પરમારને જૈન બનાવ્યો. ઉમરકોટમાં ભ૦ અજિતનાથનું દેરાસર બન્યું. તેમનાથી **નાગડા ગોત્ર** ચાલ્યું. એ જ નાગડા ગોત્રના શેઠ તેજસીએ સં૦ ૧૬૨૪ અને **શેઠ રાજસી નેણસીએ જામનગરનું** પ્રસિદ્ધ એવું ભ૦ શાંતિનાથનું મંદિર બંધાવ્યું હતું. એ સિવાય નાગડા ગોત્રના શેઠ **નરસી નાથાએ** સં૦ ૧૯૨૦ માં શત્રુંજય ઉપર નરશી નાથાની ટૂંક બંધાવી અને નીચે પાલીતાણામાં ધર્મશાળા બંધાવી. શેઠ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૌભાગ્યચંદ કપૂરચંદે પણ ત્યાં ધર્મશાળા બંધાવી.

સં૦ ૧૨૨૯ માં પારકરમાં પીલુઆના ઠા૦ રાવજી સોલંકી, રાણી રૂપાદે, કુમાર લાલણ વગેરેને જૈન બનાવ્યા. તેમનાથી લાલનગોત્ર ચાલ્યું. (પ્ર૦ ૪૧, પૃ૦)

સં૦ ૧૨૩૧ માં ચોધરી બિહાર ડીડુને જૈન બનાવ્યો.

સં૦ ૧૨૫૫ માં જેસલમેરના રાઉ દેવડા ચાવડાને જૈન બનાવ્યો. તેના પુત્ર ઝામરે જાલોરમાં ભ૦ આદિનાથનું દેરાસર બંધાવ્યું. એ વંશના લોકો દેઢિયા કહેવાયા. આ વંશના જૈનોએ ઘણાં દેરાસરો, ઉપાશ્રયો અને વાવ બંધાવ્યાં, સંઘ કાઢ્યા. તેમાંથી સં૦ ૧૬૪૫ માં **'લઘુસજ્જનશાખા'** નીકળી. આ વંશની ઘણી સ્ત્રીઓ સતી થઈ હતી.

સં૦ ૧૨૧૧ માં શિવ કોટડાના લૂંટારુ રાજા સોમચંદ યાદવને જૈન બનાવ્યો. તેણે એકવાર આ૦ જયસિંહને લૂંટી લીધા હતા. આખરે તે સુધર્યો ત્યારે તેમનો ભક્ત જૈન બન્યો હતો. તેણે ભ૦ પાર્શ્વનાથનું શિખરબંધી દેરાસર બંધાવ્યું. તેનાથી **ગાલ્હાગોત્ર** ચાલ્યું.

સં૦ ૧૨૪૪ માં પૂજવાડાના રાવ કટારમલજી ચૌહાણને ઓશવાલ જૈન બનાવ્યો. તેનાથી **કટારિયા ગોત્ર** ચાલ્યું. રાવ કરોડપતિ હતો. તેણે હથુંડીમાં ભ૦ મહાવીરનું દેરાસર બંધાવ્યું. રોહિડાના વીરજી કટારિયાએ સં૦ ૧૨૯૬ માં રત્નપુરમાં ભ૦ શાંતિનાથનું દેરાસર બંધાવ્યું.

સં૦ ૧૨૪૪ માં કોટડાના લૂંટારુ રાવ રાજસેન પરમારને જૈન બનાવ્યો. તેના વંશજો પોલડિયા ઓશવાલ બન્યા.

સં૦ ૧૨૫૬ માં ચિત્તોડના ઠા૦ વીરદત્ત ચાવડા જૈન બન્યો.

સં૦ ૧૨૫૭ માં નલવરનો રાવ રણજિત રાઠોડ જૈન બન્યો. તેના વંશજો **રાઠોડ** જૈન કહેવાયા.

સં૦ ૧૨૫૯ ના માહ સુદિ ૫ ના રોજ કોટડાનો રાઠોડ જૈન બન્યો. તેના વંશજો રાઠોડ ઓશવાલ કહેવાયા.

### ૪૩. આ૦ ધર્મઘોષસૂરિ—

મારવાડમાં મહાવપુરમાં પોરવાલજ્ઞાતીય શ્રીચંદ નામે શ્રેષ્ઠી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતાં. તેને રાજલદે નામે પત્ની હતી. તેણે સં૦ ૧૨૦૮ માં **ધનકુમાર**ને જન્મ આપ્યો. આ૦ જયસિંહસૂરિએ તેને સં૦ ૧૨૨૬ માં દીક્ષા આપી તેમનું નામ ધર્મઘોષ મુનિ રાખ્યું. સં૦ ૧૨૩૦ માં તેમને ઉપાધ્યાયપદ આપવામાં આવ્યું અને સં૦ ૧૨૩૪ માં ભટોહરિ ગામમાં તેઓ આચાર્યપદસ્થ થયા. સાંભરના ક્ષત્રિય સામંતે એ આચાર્યપદ-મહોત્સવમાં હજાર સોનામહોરો ખરચી હતી. આચાર્યશ્રી સં૦ ૧૨૬૮ માં કચ્છના નાડોણ ગામમાં ૬૯ વર્ષની ઉંમરે કાલધર્મ પામ્યા હતા.

તેમણે સં૦ ૧૨૬૨ માં પ્રાકૃતમાં 'શતપદી' નામે ગ્રંથ રચ્યો, જેમાં અંચલગચ્છનું મંતવ્ય રજૂ કર્યું છે.

તેમના સમયે સં૦ ૧૨૩૬ માં ખરડા પાસેના ધુમલી ગામમાં શેઠ જેતાએ દોઢ લાખ ટંકા ખરચીને જેતાવાવ બંધાવી હતી.

ધુમલીના રાજા વિક્રમાદિત્યે તેમને ઘણું માન આપ્યું હતું. તેમણે સાંભરના સાંભર ક્ષત્રિયને, મોહલના ઓહડ નામના ક્ષત્રિયને, બનારસના દિનકર ભટ્ટને, જાલોરના ભીમ ચૌહાણને અને લાખણ ભાલણીના રણમલ્લ પરમારને જૈન બનાવ્યા હતા.

જાલોરના ચૌહાણ ભીમે તેમના ઉપદેશથી સં૦ ૧૨૬૬ માં ડોડ ગામમાં ભ૦ વાસુપૂજ્યસ્વામીનું દેરાસર બંધાવ્યું હતું. એ ડોડિયાલેચાવંશના શેઠ વીરાએ જાલોરમાં ભ૦ ચંદ્રપ્રભસ્વામીનું દેરાસર બંધાવ્યું હતું.

આ૦ ધર્મઘોષના સમયે ઝાલોડીગચ્છના આ૦ જયપ્રભસૂરિએ અંચલગચ્છનો સ્વીકાર કર્યો હતો.

આ૦ ધર્મઘોષે દિગંબર ભટ્ટારક વીરચંદને જીતી લઈ વલ્લભીશાખાના આચાર્ય બનાવ્યા હતા.

### ૪૪. આ૦ મહેન્દ્રસિંહ—

**સરા**માં દેવપ્રસાદ નામે ઔદિચ્ય બ્રાહ્મણ પંડિત હતો. તેની પત્નીનું નામ **ક્ષીરદેવી**. તેણે સં૦ ૧૨૦૮ માં **મહેન્દ્ર**ને જન્મ આપ્યો. આ૦ ધર્મઘોષસૂરિ ત્યાં ચતુર્માસ રહ્યા. પંડિત આચાર્યશ્રીના શિષ્યોને વ્યાકરણ ભણાવતા હતા. પંડિતનો પાંચ વર્ષનો પુત્ર મહેન્દ્ર મુનિઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાથે ખૂબ હળી ગયો હતો. તે આચાર્યશ્રીના ખોળામાં જઈને બેસતો, પાત્રાં લેતો, પંડિત અને પંડિતપત્ની બંને જૈનધર્મનાં અનુરાગી બન્યાં હતાં. પોતાના પુત્રને એક વિશિષ્ટ પંડિત બનાવવા માટે તેણે આચાર્યશ્રીને પોતાનો પુત્ર વહોરાવ્યો અને શેઠ રુણાકે ખુશી થઈને પંડિતને આજીવિકા માટે પુષ્કળ ધન આપ્યું.

આચાર્યશ્રીએ મહેંદ્રકુમારને સં૦ ૧૨૩૭ માં દીક્ષા આપી. તેમને ભણાવી-ગણાવીને સં૦ ૧૨૫૭ માં ઉપાધ્યાયપદવી આપી અને સં૦ ૧૨૬૩ માં નાડોલમાં આચાર્યપદ આપ્યું ને આ૦ મહેન્દ્રસૂરિ નામ રાખ્યું.

આ૦ મહેન્દ્રસૂરિએ કિરાડૂના શેઠ આલ્હાકને તેના ઘરમાં ઓરડી નીચે દટાયેલું દશ લાખ ટંકાનું ધન બતાવ્યું અને એ જ વખતે તેમણે ત્રણ વર્ષનો દુષ્કાળ પડવાની આગાહી પણ કરી હતી. આથી શેઠ આલ્હાકે એ ધનનો સદુપયોગ કરી લેવાનો નિર્ણય કર્યો. પરિણામે તેણે જ્યાં-ત્યાં કૂવાઓ ખોદાવ્યા, દાનશાળાઓ ખુલ્લી મૂકી અને મનુષ્યો તેમજ પ્રાણીઓને ખૂબ મદદ મળે એવી સગવડ કરી આપી. આ ઘટના સં૦ ૧૨૫૭ થી ૧૨૬૩ માં બની હતી.

દહીંથલીના વાઘેલા રાજાના મંત્રી હાથીએ ભ૦ ઋષભદેવનું મંદિર બંધાવી, તેની પ્રતિષ્ઠા સં૦ ૧૩૦૧ માં આ૦ મહેન્દ્રસૂરિ પાસે કરાવી. (પૃ૦ ૧૧૪)

**આ૦ મહેંદ્રસૂરિ** થરાદ પધાર્યા ત્યારે **તપાગચ્છના પરમ-સંવેગી આ૦ દેવેન્દ્રસૂરિ** સં૦ ૧૩૦૭ માં ત્યાં આવ્યા હતા. તેમણે આ૦ મહેન્દ્રસૂરિને મહાવ્રતના અતિચારો સમજાવી જણાવ્યું કે, 'તમે સુવિહિત આચાર્ય છો તેથી સુવિહિતે નિમિત્ત કહેવું કે બતાવવું ન જોઈએ. એટલે થયેલા પાપની તમારે આલોચણા લેવી જોઈએ.' પરંતુ તેઓ કંઈ કરે તે પહેલાં સં૦ ૧૩૦૯માં પર્યુષણાપર્વમાં ખંભાતમાં કલ્પસૂત્ર વાંચતાં વાંચતાં વાયુના પ્રકોપથી પાટ પર જ કાલધર્મ પામી ગયા.

તેમને રૂપચંદ વગેરે ૧૩ શિષ્યો હતા. ખંભાતના સંઘને તેઓ યોગ્ય ન લાગવાથી વલ્લભીશાખાના આ૦ સિંહપ્રભને ગંધારથી

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બોલાવી લાવી તેમની પાટે સ્થાપન કર્યા. નાડોલની વલભીશાખા ત્યારથી અંચલગચ્છમાં ભળી ગઈ.

આ૦ મહેંદ્રસૂરિએ અનેક જૈનતીર્થોની યાત્રા કરી હતી. તેમણે પ્રાકૃતમાં 'તીર્થમાલા' (ગ્રં : ૧૧૧) અને તેના ઉપર (ગ્રં૦ : ૩૦૦૦)ની સ્વોપજ્ઞ ટીકા રચી છે. આ૦ ધર્મઘોષની પ્રાકૃત ' શતપદી 'નું તેમણે સં૦ ૧૨૯૪માં સંસ્કૃતમાં વિવરણ (ગ્રં૦ ૫૩૪૨) રચ્યું છે તેમજ ' ગુરુગુણષટ્ત્રિંશિકા ' વગેરે ગ્રંથો રચેલા છે.

## ૪૫. આ૦ સિંહપ્રભસૂરિ—

સં૦ ૧૨૮૩માં તેમનો વિજાપુરમાં જન્મ થયો હતો. સં૦ ૧૨૯૧માં દીક્ષા લીધી, સં૦ ૧૩૦૯માં ખંભાતમાં આચાર્યપદ મેળવ્યું અને સં૦ ૧૩૧૩માં ભરયુવાનીમાં જ કાળધર્મ પામ્યા.

તેઓ ગુજરાતના વીજાપુર ગામના અરિસિંહ પોરવાડ અને તેમની પત્ની પ્રીતિમતીના પુત્ર હતા. પાંચ વર્ષની ઉંમર થતાં જ તેના મા–બાપ મરકીમાં મરણ પામ્યા. કાકા હરિએ તેને વલ્લભીશાખાના ભ૦ ગુણપ્રભને ધનવાન જાણી સો સોનામહોરમાં વેચી નાખ્યો. તેણે દીક્ષા લીધી અને સિદ્ધાંતો વગેરે ભણીને સમર્થ વાદી તરીકેની નામના મેળવી. છેવટે ખંભાતના સંઘે તેમને યોગ્ય જાણીને આ૦ મહેન્દ્રસૂરિની પાટે સ્થાપન કર્યા, પણ તેઓ યુવાની અને અધિકારને પચાવી ન શક્યા એટલે તેઓ પરિગ્રહધારી શિથિલ ચૈત્યવાસી ભટ્ટારક બન્યા અને ૩૦ વર્ષના યુવાકાળમાં જ કાળધર્મ પામી ગયા.

તેમના ઉપદેશથી સં૦ ૧૩૦૧માં ઈડરના મંત્રી નાયકે ખેરાલુમાં આદિનાથ ભગવાનનું મંદિર બંધાવ્યું.

## ૪૬. આ૦ અજિતસિંહ—

ડોડ ગામમાં શ્રીમાલી જિનદેવ નામે શ્રેષ્ઠી હતો. તેને જિનદેવી નામે પત્ની હતી. તેણે સં૦ ૧૨૮૩માં સારંગકુમારને જન્મ આપ્યો. સારંગકુમારના માતા–પિતા યાત્રા કરવા ખંભાત ગયા અને ત્યાં બંને તાવના રોગથી મરણ પામ્યા. સાત વર્ષના સારંગકુમાર માટે પ્રશ્ન ઊભો થયો. ખંભાતના શ્રીસંઘે તે કુમાર વલ્લભીશાખાના

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભ૦ ગુણપ્રભને આપ્યો. ભટ્ટારકે તેને સં૦ ૧૨૯૧માં દીક્ષા આપી. અજિતસિંહ મુનિ નામ આપ્યું. તે પણ આ૦ સિંહપ્રભની સાથે ચૈત્યવાસી બની ગયા હતા. તે પાલખીમાં બેસતા, છડી, ચામર અને સુભટો રાખતા હતા.

તેઓ રૂપાળા હતા. મંત્રવાદી પણ હતા. તેમણે મહાકાલીની સાધના કરી હતી. પૂરણચંદ સાલવીએ શત્રુંજયનો સંઘ કાઢ્યો હતો, તેમાં તેઓ સાથે ગયા હતા ત્યારે સમરસિંહ ચાવડાએ તેમને લૂંટી લીધા હતા. ભટ્ટારકે મહાકાળીની સહાયથી તેને સ્તંભિત કરી હિંસા તેમજ લૂંટની પ્રતિજ્ઞા કરાવીને છોડ્યો હતો.

તેઓ સં૦ ૧૩૧૬માં જાલોરમાં ભટ્ટારક બન્યા. તેમણે પાટણમાં પોતાના ૧૫ શિષ્યોને ઉપાધ્યાય બનાવ્યા.

આ સમયે સં૦ ૧૪૮૫માં રૂપા શેઠે બેણપમાં કૂવો બનાવ્યો પણ તેમાં પાણી ન આવ્યું. દેવીએ તેના પૌત્ર કાનજીનું બલિદાન માગ્યું. શેઠ સાંજે મહાજન સાથે કૂવા નજીક ગયા અને કુમાર કાનજીને કૂવામાં પારણામાં સુવાડ્યો. સવારે જોયું તો કૂવો પાણીથી ભરાઈ ગયો અને બાળક તેમાં રમતો જીવતો નીકળ્યો. (પૃ૦ ૧૦૯).

તેમના ઉપદેશથી નરેલી આદિ ગામના મૂળ વગેરે શ્રાવકોએ સં૦ ૧૩૧૬માં ભ૦ ઋષભદેવ વગેરે પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. એ વંશના શેઠ વર્ધમાનનો ભાઈ જયતા નરેલીથી/ઉચાળો ભરી પોતાના સસરાના ગામ ચાણસમામાં આવીને વસ્યો. તેણે આ૦ અજિતપ્રભના ઉપદેશથી સં૦ ૧૩૩૫માં ચાણસમામાં ભ૦ ભટેવર પાર્શ્વનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને સં૦ ૧૩૪૫માં ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી. આ૦ ભુવનતુંગસૂરિ આ વિધિમાં સાથે હતા.

ભટ્ટારક અજિતસિંહ સં૦ ૧૩૩૯માં આ૦ દેવેન્દ્રને પોતાની પાટે સ્થાપન કરી દેવલોક ગયા.

તેમનાં અજિતસિંહ અને અજિતપ્રભ એવાં બે નામો મળે છે.[1]

---

૧. પૂર્ણિમાપક્ષના આ૦ વિજયસિંહસૂરિના સંતાનીય આ૦ અજિતપ્રભે સં૦ ૧૩૦૭માં 'શાંતિનાથચરિત્ર' રચ્યું છે. (–જૈન સત્ય પ્રકાશ, ક૦ ૧૦૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૪૭. આ૦ દેવેન્દ્રસિંહ—

પાલનપુરના શેઠ સાંતૂ શ્રીમાલીની પત્ની સંતોષે સં૦ ૧૨૯૯માં દેવચંદ્ર નામે બાળકને જન્મ આપ્યો. ભ૦ અજિતસિંહે તેને સં૦ ૧૩૧૬માં પાલનપુરમાં દીક્ષા આપી. સં૦ ૧૩૨૩માં તિમિરપુરમાં આચાર્યપદ આપ્યું. સં૦ ૧૩૭૧ના માગશર સુદિ ૧૩ના રોજ તેઓ પાલનપુરમાં સ્વર્ગે ગયા.

તેઓ વિદ્વાન હતા, કવિ હતા. વિદ્વાનો તેમનાં કાવ્યો સાંભળવાને તેમની વ્યાખ્યાનસભામાં આવતા હતા. તેમણે 'જૈન મેઘદૂતકાવ્ય (?)' તેમજ ચિત્રબદ્ધ કાવ્યવાળી જિનસ્તુતિઓ રચી છે.

શેઠ ધોકાશાહે સં૦ ૧૩૨૫માં કુણગેરમાં ભ૦ આદિનાથનું મંદિર બંધાવી આ૦ દેવેન્દ્રસિંહના હાથે પ્રતિષ્ઠા કરાવી.

(અંચલગચ્છપટ્ટાવલી, પૃ૦ ૮૮)

## ૪૮. આ૦ ધર્મપ્રભસૂરિ—

ભિન્નમાલમાં લીંબા પોરવાલ નામે શ્રેષ્ઠીને વીજલદેવી નામે પત્ની હતી. તેણે સં૦ ૧૩૩૧માં એક બાળકને જન્મ આપ્યો. તેણે સં૦ ૧૩૫૧માં જાલોરમાં દીક્ષા લીધી. સં૦ ૧૩૫૯માં આચાર્યપદ પ્રાપ્ત કર્યું, સં૦ ૧૩૯૩ના મહા સુદિ ૧૦ના રોજ આસોટી ગામમાં સ્વર્ગગમન થયું. તેમણે સં૦ ૧૩૮૯માં 'કાલિકાચાર્યકથા' રચી.

તેમણે નગરપારકરના પરમાર ક્ષત્રિયોને જીવહિંસાની પ્રતિજ્ઞા કરાવી હતી.

## ૪૯. આ૦ સિંહતિલકસૂરિ—

મારવાડમાં એરચપુરના શેઠ આશાધર પોરવાલની પત્ની ચાંપલદેએ સં૦ ૧૩૪૫માં તિલકચંદને જન્મ આપ્યો. તેમનો બીજો પુત્ર કર્મચંદ્ર જન્મથી જ બહેરો–મૂંગો હતો. ભ૦ ધર્મપ્રભે તેને બધી રીતે બોલતો અને સાંભળતો કર્યો. મા–બાપે એ પુત્ર ગુરુજીને વહોરાવ્યો. ભટ્ટારકે તેને સં૦ ૧૩૬૧માં શિહોરમાં દીક્ષા આપી. સં૦ ૧૩૭૧માં આણંદપુરમાં આચાર્યપદવી આપી અને સં૦ ૧૩૯૩માં પાટણમાં ગચ્છનાયકપદ ભળાવ્યું. તેમણે ખંભાત વગેરે સ્થળોમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનેક પ્રતિષ્ઠાઓ અને અંજનશલાકા કરાવી હતી. સં૦ ૧૩૯૫ના ચૈત્ર સુદિ ૯ના રોજ તેઓ કાળધર્મ પામ્યા.

**૫૦. આ૦ મહેન્દ્રપ્રભસૂરિ—**

**વડગામ**ના શેઠ **આસુ** શ્રીમાલીની પત્ની જીવનદેવીએ સં૦ ૧૩૬૩માં **મહેન્દ્રને** જન્મ આપ્યો. શિશુવયમાં જ તેના માબાપ મરી જવાથી મામાએ તેને ભ૦ સિંહતિલકસૂરિને વહોરાવી દીધો. **ભટ્ટારકજી**એ તેને સં૦ ૧૩૭૫માં ઓશિયામાં દીક્ષા આપી, સં૦ ૧૩૯૩માં પાટણમાં **આચાર્યપદ** આપી અને સં૦ ૧૩૯૫(૧૩૯૮)માં **ખંભાતમાં** ગચ્છનાયકનું પદ દીધું.

આ૦ મહેંદ્રપ્રભસૂરિ સં૦ ૧૪૦૯માં મારવાડમાં આવેલા રાણી (નાણી) શહેરમાં ચતુર્માસ હતા. એ વખતે ૪૦ દિવસ સુધી વરસાદ પડયો નહીં. ભટ્ટારકજીએ ધ્યાન કરવા માંડયું ને તરત જ વરસાદ પડયો. આસો સુદિ ૮ની મધ્ય રાતે તેમને કાળો **સાપ** કરડયો. આઠ–દશ પહોર ધ્યાન કરવાથી તેનું **ઝેર** પણ ઊતરી ગયું. તેઓ સં૦ ૧૪૪૪ (સં૦ ૧૪૪૫)ના માગશર વદિ ૧૧ના રોજ શત્રુંજયમાં સ્વર્ગે ગયા. સંભવ છે કે, તેમણે 'જીરાવલા પાર્શ્વનાથસ્તોત્ર' શ્લો૦ ૪૫ બનાવ્યું હોય.

તેમણે સાદડી, અચવાડી, વીછીવાડિયા ગામ વગેરેમાં પ્રતિષ્ઠાઓ કરાવી હતી.

તેમણે પોતાની પાટે ત્રણ આચાર્યો બનાવ્યા.

(૧) **આ૦ મુનિશેખર**—તેમનાથી 'શેખરશાખા' નીકળી.

(૨) **આ૦ જયશેખર**—તેમને ખંભાતની રાજસભામાં **કવિચક્રવર્તીનું** બિરુદ મળ્યું. આ૦ જયશેખરે સં૦ ૧૪૩૬માં નરસમુદ્રમાં 'ઉપદેશ ચિંતામણિ–સ્વોપજ્ઞ સાવચૂરિ' (ગ્રં૦ ૧૨૦૦), સં૦ ૧૪૬૨માં ખંભાતમાં 'પ્રબોધ ચિંતામણિ,' સં૦ ૧૪૬૨માં 'ધમ્મિલચરિત્ર કાવ્ય,' 'જૈન કુમારસંભવ, શત્રુંજય બત્રીશી, ગિરનાર બત્રીશી, મહાવીર બત્રીશી, આત્મબોધકુલક. ૧૨ કુલક, ધર્મસર્વસ્વ, ઉપદેશમાલાની અવચૂરિ, પુષ્પમાળા–અવચૂરિ, નવતત્ત્વગાથા—૧૭, અજિતશાંતિસ્તવ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્લો : ૧૭, સંબોધસપ્તતિકા, નલ–દમયંતીચંપૂ, કલ્પસૂત્ર-સુખાવબોધ ન્યાયમંજરી, ગુજરાતી ત્રિભુવનદીપકપ્રબંધ કડી : ૪૩૨, પ્રબોધ-ચિંતામણિ ચોપાઈ, અંતરંગ ચોપાઈ, નેમિનાથફાગ કડી : ૫૮, સ્તવનો' વગેરે રચ્યાં છે. તેઓ પોતાને 'વાણીદત્તવર' તરીકે ઓળખાવે છે.

### (૩) આ૦ મેરુતુંગસૂરિ—

मिच्छत्ततिमिरनासण, अहिणवगुरु मेरुतुंगदिणराओ ॥१८२॥

(વીરવંશપટ્ટાવલી)

## ૫૧. આ૦ મેરુતુંગસૂરિ—

શ્રીધર્મમૂર્તિની પટ્ટાવલીમાં લખ્યું છે કે, મારવાડમાં નાણા ગામના શેઠ વૈરસિંહ મીઠડિયા વહોરાની પત્ની નાહૂણદેવીએ સં૦ ૧૪૦૫માં ભાલણને જન્મ આપ્યો. તેણે સ૦ ૧૪૧૮માં દીક્ષા લીધી.

'મેરુતુંગસૂરિરાસ'માં લખ્યું છે કે, મારવાડમાં આવેલા નાણી ગામના શેઠ વૈરિસિંહ પોરવાલની પત્ની માલદેવીએ સં૦ ૧૪૦૩માં મુખમાં સૂર્ય પ્રવેશ કરી હોય એવું સ્વપ્નમાં જોયું. એ સ્વપ્નાનુસાર **વસ્તિગ** નામના પુત્રને તેણે જન્મ આપ્યો. સં૦ ૧૪૧૦માં તેણે દીક્ષા લીધી.[1]

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

ભ૦ મહેન્દ્રપ્રભે ભાલણ (વસ્તિગ)ને સં૦ ૧૪૧૮ (સં૦ ૧૪૧૦) માં નાણામાં દીક્ષા આપી અને સં૦ ૧૪૨૬ (૧૪૩૨)માં પાટણમાં આચાર્યપદવી આપી.

આ૦ મેરુતુંગે સં૦ ૧૪૪૪માં લોલાડા ગામમાં મંત્રના પ્રભાવથી અમદાવાદના બાદશાહ મહમ્મદશાહના સૈન્યનો હલ્લો રોકી રાખ્યો હતો અને ત્યાંના ઠા૦ મેઘ રાઠોડને જૈન ધર્મનો પ્રેમી બનાવ્યો હતો. સંઘે વિનતિ કરી આચાર્યશ્રી પાસે નક્કી કરાવ્યું કે, લોલાડામાં પ્રતિસાલ સાધુઓ ચતુર્માસ માટે પધારે.

---

૧. પટ્ટાવલી અને રાસમાં આવો ફરક મળે છે. એ સિવાય બીજી બાબતોમાં પણ ફેરફાર જોવાય છે. સંભવ છે કે, પટ્ટાવલીના બીજા આચાર્યોની બાબતમાં પણ આવા ફેરફાર હશે. અન્યાન્ય સાધનોથી તેને ઠીક કરી લેવા જોઈએ.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

આચાર્યશ્રીને સાપ કરડયો હતો, તેનું ઝેર તેમણે પોતે ધ્યાનથી ઉતાર્યું હતું.

અહીં એક અજગર બહુ નુકસાન કરતો હતો તે માટે 'જીરાવલાસ્તોત્ર' नमो देवदेवाय (ગાથા : ૧૪) રચી ઉપસર્ગ દૂર કર્યો હતો.

(જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૦૯)

સં૦ ૧૪૪૫ના ફાગણ વદિ ૧૧ના રોજ પાટણમાં ગુરુમહારાજે તેમને ગચ્છનાયકપદ આપ્યું અને આ૦ **રત્નશેખર**ને યુવરાજપદ આપ્યું.

આચાર્યશ્રીએ **વડનગર**માં નગરશેઠના પુત્રનું ઝેર ઉતારી નાગર બ્રાહ્મણોને **જૈન** બનાવ્યા હતા. તેમને ઉપદેશ આપી જૈન દેરાસરો અને ઉપાશ્રયો બંધાવ્યા હતા.

'જેસાજી પ્રબંધ'માં તેમણે જણાવ્યું છે કે, તેમના ઉપદેશથી જેસાજી લાલને ઉમરકોટમાં ૭૨ દેરીવાળો ભ૦ શાંતિનાથનો **જિનપ્રાસાદ** બંધાવ્યો અને શત્રુંજય આદિ મોટાં તીર્થોનો સંઘ કાઢયો. એ સંઘનું વર્ણન પણ તેમાં આપ્યું છે.

શત્રુંજયમાં દીવાથી ચંદરવો બળી રહ્યો હતો તે તેમણે ખંભાતમાં બેઠા હાથમાંની મુહપત્તિને ચોળી નાખીને હોલવ્યો હતો. તેમની પાસે દેવીઓ આવતી હતી એમ પણ કહેવાય છે.

તેમના ઉપદેશથી ઘણી પ્રતિષ્ઠાઓ અને અંજનશલાકાઓ થઇ હતી. તેમજ કેટલીક દાનશાળાઓ પણ ખુલ્લી મુકાઈ હતી.

તેઓ સં૦ ૧૪૭૧માં (સં૦ ૧૪૭૩ના માગશર સુદિ ૧૫ના રોજ પાટણમાં) **જૂનાગઢ**માં આ૦ **જયકીર્તિ**ને પોતાની પાટે સ્થાપન કરી સ્વર્ગે ગયા.

તેમણે સં૦ ૧૪૪૪માં કાતંત્રનું બાલબોધ–વ્યાકરણ, ભાવકર્મપ્રક્રિયા, મેઘદૂતવૃત્તિ, શતકભાષ્ય, જૈનમેઘદૂતકાવ્ય, નાભિવંશસંભવકાવ્ય, યદુવંશસંભવકાવ્ય, નેમિદૂતકાવ્ય, ણુમોત્થુ ણં–ટીકા, સુશ્રાદ્ધકથા, ઉપદેશમાલાની ટીકા, ષટ્દર્શન નિર્ણય, સં૦ ૧૪૫૩માં શતપદીસાર, રાયનામાંકચરિત્ર સં૦ ૧૪૦૯માં, કામદેવકથા સં૦ ૧૪૧૩ માં,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંભવનાથચરિત્ર, ધાતુપારાયણ, લક્ષણશાસ્ત્ર, રાજીમતી–નેમિસંબંધ, સૂરિમંત્રોદ્ધાર (ગ્રં૦ ૫૫૮), સં૦ ૧૪૪૯માં સત્તરિભાષ્યવૃત્તિ, કંકાલય રસાધ્યાય, (**જસોજી પ્રબંધ**) સં૦ ૧૪૩૮માં, અંચલગચ્છપટ્ટાવલી તથા વિચારશ્રેણિ રચ્યાં છે.

તેમના સમયે પારકરમાં **ગોડી પાર્શ્વનાથ**ની ઉત્પત્તિ થઈ હતી. એમના સમયમાં ગુરુભાઈ આ૦ **રત્નશેખર**થી 'મુનિશેખરશાખા' ચાલી અને આ૦ **ભુવનતુંગ**થી 'તુંગશાખા' ચાલી.

આ૦ **મહેંદ્રપ્રભસૂરિ**ના શિષ્ય શાખાચાર્ય **ભુવનતુંગસૂરિ**એ જૂનાગઢમાં રા'ખેંગારની સભામાં ગારુડીને હઠાવી સાપનો ધંધો છોડાવ્યો તેમ તેમના ઉપદેશથી ઘાણી, ભઠ્ઠીઓ બંધ રહી, મચ્છીમારોએ જાળ તોડી.

તેમણે **ઋષિમંડળ**, આઉરપચ્ચક્ખાણ, ચતુઃશરણની **ટીકા**ઓ રચી. તેઓ મોટા મંત્રવાદી હતા.

આ સમર્થ શાખાચાર્ય આ૦ અભયસિંહના ઉપદેશથી સં૦ ૧૪૩૨માં પાટણમાં શા૦ ખેતા તોડા મીઠડિયાએ ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા ભરાવી જે **ગોડી પાર્શ્વનાથ** તરીકે પ્રસિદ્ધ થઈ છે.

એ સમયે **ભુવનતુંગસૂરિ** તથા શાખાચાર્ય આ૦ **જયતિલક** (સં૦ ૧૪૭૧) એ બંને મહાપ્રાભાવિક હતા. તેમજ શાખાચાર્ય મહીતિલક (સં૦ ૧૪૭૧) સમર્થ આચાર્યો હતા.

આ૦ મેરુતુંગસૂરિના પરિવારમાં આ૦ રત્નશેખર, આ૦ મહીતિલક, આ૦ મેરુનંદન, આ૦ **માણેકસુંદર**, આ૦ ગુણસમુદ્ર, આ૦ જયકીર્તિ વગેરે ૯ આચાર્યો, માણેકશેખર વગેરે ૪ ઉપાધ્યાયો, પંન્યાસ, સાધુ, સાધ્વી, મહિમાશ્રીજી મહત્તરા, પ્રવર્તિની વગેરે પરિવારગણ હતો. (રાસ)

**૫૨. આ૦ જયકીર્તિસૂરિ—**

તિમિરપુરના શેઠ ભૂપાલ નામે હતા. તેમને ભ્રમરીદેવી નામે પત્ની હતી. તેમણે સં૦ ૧૪૩૩માં **જયંતકુમાર**ને જન્મ આપ્યો. આ૦ મેરુતુંગસૂરિએ તેને સં૦ ૧૪૪૪માં **દીક્ષા** આપી. સં૦ ૧૪૬૭માં ખંભાતમાં **આચાર્યપદ** આપ્યું અને સં૦ ૧૪૭૩માં તેમણે પાટણમાં

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

ગચ્છનાયકપદ પ્રાપ્ત કર્યું.

તેમણે સં૦ ૧૪૪૭માં બાલવયમાં જ ઝેરથી મૂર્છિત બનેલા કંટલી ગામના સાહસાંક ઓશવાલના કુટુંબને વિષાપહારમંત્રથી બચાવી લીધું હતું. તેઓ સં૦ ૧૫૦૦માં **ચાંપાનેર**માં સ્વર્ગસ્થ થયા.

તેમના ઉપદેશથી ઘણીએક પ્રતિષ્ઠાઓ થઈ હતી. તેમણે 'ઉત્તરાધ્યયનસૂત્રટીકા, ક્ષેત્રસમાસટીકા, અને સંગ્રહણીટીકા' વગેરે ગ્રંથો રચ્યા છે.

તેમના શિષ્ય ઉપાધ્યાય લાવણ્યકીર્તિથી 'કીર્તિશાખા' નીકળી.

આ૦ જયકીર્તિના શિષ્ય (૧) ઋદ્ધિવર્ધને સં૦ ૧૫૧૨માં ચિત્તોડમાં 'નલ–દવદંતીરાસ તથા જિનેંદ્રાતિશયપંચાશિકા, ૨૪ ચૈત્યવંદન' વગેરે રચ્યાં છે.

આ૦ જયકીર્તિ શિષ્ય (૨) મહીમેરુએ 'ક્રિયાગુપ્ત' જિનસ્તુતિપંચાશિકા, કલ્પસૂત્રાવચૂરિ, જૈનમેઘદૂતકાવ્ય-ટીકા વગેરે રચ્યાં છે.

આ૦ જયકીર્તિના શિષ્ય (૩) શીલરત્ને સં૦ ૧૪૯૧ના ચૈત્ર વદિ ૫ ને બુધવારે પાટણમાં આ૦ મેરુતુંગના મેઘદૂતની ટીકા બનાવી, જેનું સંશોધન આ૦ માણિકસુંદરે કર્યું હતું તથા જિનચૈત્યવંદન ચોવીશી, અષ્ટક વગેરે રચ્યાં છે.

**આ૦ માણિક્યસુંદરસૂરિ** (માણિક્યશેખર)—તેમનું બીજું નામ માણિક્યશેખર પણ મળે છે. તેઓ આ૦ મેરુતુંગસૂરિના શિષ્ય હતા. તેઓ આ૦ જયશેખરસૂરિ પાસે ભણ્યા હતા. તેમણે સં૦ ૧૪૬૩માં 'શ્રીધરચરિત્ર, ચતુઃપર્વીકથાચંપૂ, શુકરાજકથા, પૃથ્વીચંદ્રચરિત્ર સં૦ ૧૪૭૮, ગુણવર્માચરિત્ર સં૦ ૧૪૮૪ સાચોર, ચંદ્રધવલ ધર્મદત્તકથા, અજાપુત્રકથા, મહાબલ–મલયાસુંદરીચરિત્ર સર્ગ : ૪, સંવિભાગવ્રતકથા, કલ્પનિર્યુક્તિઅવચૂરિ, આવસ્સયસુત્તણિજ્જુત્તીટીકા–દીપિકા, ઓઘનિર્યુક્તિદીપિકા, પિંડનિર્યુક્તિદીપિકા, દસવેયાલિયદીપિકા, ઉત્તરજ્ઝયણદીપિકા, આયરંગસુત્ત-દીપિકા, નવતત્ત્વ વિવરણ' વગેરે ગ્રંથો રચ્યા છે, જે દરેક 'માણિક્યાંક'વાળા છે. તેમણે શ્રીધરચરિત્ર સર્ગ : ૯, તેના ઉપર સ્વોપજ્ઞ દુર્ગપદવ્યાખ્યા સં૦ ૧૪૬૩માં **દેલ-**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વાડા**માં રચી છે. મૂળ તથા વ્યાખ્યા મળીને ગ્રંથાગ્ર ૧૬૮૯ છે. (આ૦ **ગ્રંથ** ચારિત્રસ્મારક ગ્રંથમાલા તરફથી પ્રકાશિત થયો છે)

**૫૩. આ૦ જયકેશરિસૂરિ**—તેમનો સં૦ ૧૪૬૧માં પાંચાલના **થામ ગામ**માં શેઠ **દેવશી** ઓશવાલની પત્ની **લાખણદે**ની કુક્ષિથી **ધનરાજ**નો જન્મ થયો. સં૦ ૧૪૭૫માં દીક્ષા, સં૦ ૧૪૯૪માં આચાર્યપદ, અને સં૦ ૧૫૪૨માં અમદાવાદમાં સ્વર્ગગમન કર્યું.

તેમણે અમદાવાદના બાદશાહને 'જ્વરાપહારસ્તોત્ર' તેમજ મહાકાલીની સહાયથી જ્વરમુક્ત કર્યો હતો. બાદશાહે ઝવેરીવાડમાં તેમના યતિઓ માટે ઉપાશ્રય બંધાવી આપ્યો હતો.

તેમણે દહીયાના રજપૂત હેમરાજને **જૈન** બનાવ્યો. તેમણે અનેક પ્રતિષ્ઠાઓ અને અંજનશલાકા કરાવી હતી. તેઓ પ્રભાવક ભટ્ટારક હતા.

**૫૪. આ૦ સિદ્ધાંતસાગરસૂરિ**—તેમનો સં૦ ૧૫૦૬માં પાટણમાં સોની કુટુંબમાં જન્મ થયો હતો. પિતાનું નામ જાવડ, માતાનું નામ પુરલી, પોતાનું નામ સોનપાલ. સં૦ ૧૫૨૨માં તેમણે દીક્ષા લીધી, સં૦ ૧૫૪૧માં આચાર્યપદ મેળવ્યું અને સં૦ ૧૫૪૨માં ગચ્છનાયકપદ પ્રાપ્ત કર્યું, સં૦ ૧૫૬૦માં માંડલમાં સ્વર્ગગમન કર્યું.

તેમણે ઘણી પ્રતિષ્ઠાઓ અને અંજનશલાકાઓ કરાવી હતી. તેમને ચક્રેશ્વરીદેવીની સહાય હતી. તે પછી ચક્રેશ્વરીદેવી અહીં આવતાં બંધ થયાં હતાં.

તેમના સમયે ઉપાધ્યાય ભાવવર્ધનથી 'વર્ધનશાખા', કમલરૂપથી 'કમલશાખા' અને ધનલાભથી 'લાભશાખા' નીકળી હતી.

આ સમયે સં૦ ૧૫૪૬ માં આ૦ ઉદયસાગરે 'ઉત્તરજ્ઝયણસુત્તદીપિકા' રચી. શ્રીકીર્તિવલ્લભ ગણિએ અમદાવાદમાં સં૦ ૧૫૫૨ માં 'ઉત્તરજ્ઝયણ-વૃત્તિ, સં૦ ૧૫૭૨ માં દિવાળીના દિવસે વા૦ વિનયહંસે ઉત્તરજ્ઝયણ-લઘુવૃત્તિ અને દસવેયાલિય-ટીકા' રચી.

**૫૫. આ૦ ભાવપ્રભસૂરિ**—તેમનો સં૦ ૧૫૧૬ માં તુરમિણિમાં શા૦ સાંગાની પત્ની શૃંગારદેવીથી જન્મ થયો. તેનું નામ **ભાવડ** રાખવામાં આવ્યું. સં૦ ૧૫૨૦ માં ખંભાતમાં તેમને આ૦ જયકેસરિના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હાથે દીક્ષા અપાઈ હતી.

તેમને સં૦ ૧૫૬૦ માં **માંડલ**માં આચાર્યપદ-ગચ્છનાયકપદ મળ્યું હતું. તેઓ સં૦ ૧૫૮૩ માં ખંભાતમાં સ્વર્ગસ્થ થય. હતા. તેમણે પ્રાકૃતમાં 'વીરવંશપટ્ટાવલી' (ગા૦ : ૨૩૧) બનાવી છે. તે મોટા પ્રભાવક હતા.

તેમના ઉપદેશથી ઘણી અંજનશલાકાઓ અને પ્રતિષ્ઠાઓ થઈ હતી.

તેમના સમયે અંચલગચ્છના બીજા શાખાચાર્યો આ૦ સુવિહિત, **આ૦ સુમતિરત્ન** વગેરે વિદ્યમાન હતા.

**૫૬. આ૦ ગુણનિધાનસૂરિ**—તેઓ પાટણના શેઠ નાગરાજ શ્રીમાલીની પત્ની લીલાદેવીની કૂખે સં૦ ૧૫૪૮ માં જન્મ્યા હતા. તેમનું નામ **સોનપાલ.** તેમને સં૦ ૧૫૫૨ માં દીક્ષા અપાઈ. સં૦ ૧૫૬૫ માં ખંભાતમાં આચાર્યપદ-ગચ્છનાયકપદવી મળી. તેમનું સં૦ ૧૬૦૨ માં અમદાવાદમાં સ્વર્ગગમન થયું હતું.

તેમના ઉપદેશથી ઘણી અંજનશલાકાઓ અને પ્રતિષ્ઠાઓ થઈ હતી.

તેમના શિષ્ય **આ૦ ધર્મમૂર્તિ**એ સં૦ ૧૬૧૭ માં આ૦ મેરુતુંગસૂરિકૃત 'અંચલગચ્છની પટ્ટાવલી'ની **અનુપૂર્તિ** કરી.

આ૦ ગુણનિધાનસૂરિનો શ્રાવક શ્રીરંગ ચોધરી અલવરમાં રહેતો હતો. તેની પત્ની શ્રાવિકા રંગશ્રી સં૦ ૧૫૮૬માં અલવરમાં હતી.

**૫૭. આ૦ ધર્મમૂર્તિસૂરિ**—ખંભાતના હંસરાજ ઓશવાલની પત્ની હાંસીએ સં૦ ૧૫૮૫ ના પોષ સુદિ ૮ ના રોજ **ધર્મદાસ**ને જન્મ આપ્યો. આ૦ ગુણનિધાને તેને સં૦ ૧૫૯૯ માં દીક્ષા આપી, **ધર્મમૂર્તિ** મુનિ એવું નામ રાખ્યું. સં૦ ૧૬૦૨ માં અમદાવાદમાં આચાર્યપદ આપ્યું. **અર્બુદાદેવી**એ તેમને નૈષ્ઠિક બ્રહ્મચારી જાણી વિદ્યાઓ આપી. અમદાવાદના શ્રીસંઘે તેમને સં૦ ૧૬૨૯ માં યુગપ્રધાનપદ આપ્યું.

તેઓ ઉગ્ર વિહારી હતા. તેમણે **સમેતશિખર**ની ત્રણ વાર યાત્રાઓ કરી. સં૦ ૧૬૧૫ માં શત્રુંજય ઉપર ક્રિયોદ્ધાર કર્યો.

તેમના ઉપદેશથી ઘણી અંજનશલાકાઓ અને પ્રતિષ્ઠાઓ થઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતી. વળી જ્યાં-ત્યાં ઉપાશ્રયો, વ્રતગ્રહણ, ઉત્સવો, દીક્ષાઓ અને છ'રી પાળતા સંઘો પણ નીકળ્યા હતા.

તેમના ઉપદેશથી આગરાના શેઠ **ઋષભદાસ લોઢાએ** સં૦ ૧૬૧૮ માં શિખરજીનો છ'રી પાળતો સંઘ કાઢ્યો હતો. ઋષભદાસ લોઢાએ સં૦ ૧૫૫૬ માહ સુદિ ૫ ને ગુરુવારે આગરામાં જ્ઞાનદ્રવ્યમાંથી ગ્રંથભંડાર બનાવ્યો. તેના પુત્રો શેઠ **કુંરપાલ** અને સોનપાલે સં૦ ૧૬૨૮ માં શ્રેયાંસનાથ અને ભ૦ મહાવીરસ્વામીના દેરાસરોનો પાયો નાખ્યો. પણ તે જમીન ઠીક ન હોવાથી સં૦ ૧૬૬૫ ના માહ સુદિ ૩ ના રોજ હસ્તિશાલાની ભૂમિમાં ફરી પાયો નાખ્યો. તેમણે **ઉપાશ્રય** પણ બંધાવ્યો. સમેતશિખરનો સંઘ કાઢ્યો અને શિખરજીમાં જીર્ણોદ્ધાર કરાવ્યો.

શેઠ **તેજસી**એ સં૦ ૧૬૨૪ ના પોષ સુદિ ૮ ના રોજ જામનગરમાં બે લાખ કોરી ખરચી ભ૦ શાંતિનાથનું મંદિર બંધાવી પ્રતિષ્ઠા કરાવી. તે મંદિરને અકબરના સૂબા ખાનઆજમે મુજફ્ફર વતી સૈન્ય લાવી તોડી નાખ્યું. તેથી શા૦ તેજસીએ સં૦ ૧૬૪૯ના માગશર સુદિ ૪ ના રોજ તેનો ફરી જીર્ણોદ્ધાર કરાવ્યો તથા પાંચ લાખ કોરી ખરચી શત્રુંજયનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. દીવના શા૦ **નાનચંદ** ભણશાળીએ ભ૦ શીતલનાથની પોખરાજની પ્રતિમા ભરાવી. શેઠ મોહણસિંહે સં૦ ૧૬૪૮ ના માહ સુદિ ૫ ના રોજ જામનગરમાં સમુદ્રમાંથી મળેલી જીવિતસ્વામી ભ૦ નેમિનાથની પ્રતિમાનું ઘર-દેરાસર બંધાવ્યું. જેસલમેરના શ્રીસંઘે સં૦ ૧૬૫૭માં મોટો ગ્રંથભંડાર સ્થાપ્યો. એક ગામમાં બાલભક્ષક કાપાલિકનો ઉપસર્ગ હઠાવ્યો. સં૦ ૧૬૬૯ માં પાલનપુરના નવાબની બેગમનો એકાંતરિયો તાવ ઉતારી દીધો. આથી નવાબે પાલનપુરમાં ઉપાશ્રય બંધાવી દીધો.

તેમણે 'ષડાવશ્યક-વૃત્તિ, ગુણસ્થાનક્રમારોહ-વૃત્તિ અને સં૦૧૬૧૭માં અંચલગચ્છ પટ્ટાવલી' વગેરે ગ્રંથો રચ્યા છે.

તેમના પરિવારમાં ૭ મહોપાધ્યાય, ૫ ઉપાધ્યાય, ૯ પ્રવર્ત્તકો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૯૨ યતિઓ, ૫ મહત્તરાઓ, ૧૧ પ્રવર્ત્તિનીઓ અને ૫૭ સાધ્વીઓ હતાં. એ સૌમાં મહો૦ રત્નસાગરજી મુખ્ય હતા. તેઓ વિદ્વાન્, વાદી અને મધુરભાષી હતા.

તેમના સમયમાં મૂર્તિશાખા, ચંદ્રશાખા, કીર્તિશાખા અને વર્ધમાનશાખા નીકળી.

તેઓ સં૦ ૧૬૭૦ ના ચૈત્ર સુદિ ૧૫ ની સવારે પ્રભાસપાટણમાં **પદ્માસન** લગાડીને સ્વર્ગસ્થ થયા.

**૫૮. આ૦ કલ્યાણસાગરસૂરિ**—લોલાડાના શ્રીમાળી નાનિંગ કોઠારીની પત્ની નામિલાદેએ સં૦ ૧૬૩૩ ના અષાડ સુદિ ૨ ને ગુરુવારે રાતના આર્દ્રા નક્ષત્રમાં કોડિનકુમારને જન્મ આપ્યો. તે પાંચ વર્ષની ઉંમરે તેના પિતા સાથે શ્રીધર્મમૂર્તિ આચાર્યને વંદન કરવા જતો હતો ત્યારે આચાર્યશ્રીના ખોળામાં બેસી જતો, તેમની મુહપત્તિથી રમતો. આ બધાં લક્ષણો જોઈ તેના પિતાએ એ પુત્ર આચાર્યશ્રીને વહોરાવી દીધો. આચાર્યશ્રીએ તેને સં૦ ૧૬૪૨ ના વૈશાખ સુદિ ૩ ના દિવસે **ધોળકા**માં દીક્ષા આપી. સં૦ ૧૬૪૪ ના માહ સુદિ ૫ ના રોજ પાલીતાણામાં વડી દીક્ષા આપી. સં૦ ૧૬૪૯ ના વૈશાખ સુદિ ૩ ના રોજ અમદાવાદમાં આચાર્યપદ આપ્યું. ઉદયપુરના સંઘે સં૦ ૧૬૬૯ માં યુગપ્રધાનપદ આપ્યું.

તેમના ઉપદેશથી શેઠ **વર્ધમાન પદમશી**એ સં૦ ૧૬૫૦માં ૩૨ લાખ કોરી ખરચી ભદ્રેશ્વરથી શત્રુંજયનો છ'રી પાળતો તીર્થયાત્રા સંઘ કાઢ્યો. શત્રુંજય પર બે દેરાસરોનો પાયો નાખ્યો. સં૦ ૧૬૭૫ માં, સં૦ ૧૬૭૬ના ફાગણ સુદિ ૨ ના રોજ તે બંને—શ્રીશ્રેયાંસનાથ અને શ્રીશાંતિનાથનાં બે દેરાસરોની પ્રતિષ્ઠા અને અંજનશલાકાઓ કરાવી. સં૦ ૧૬૭૬ માં, સં૦ ૧૬૭૮ માં જામનગરમાં ઘૃતકલ્લોલ પાર્શ્વનાથના દેરાસરમાં ચાંદીના દરવાજા કરાવ્યા. ભદ્રેશ્વરમાં માણેક અને નીલમની ચાર પ્રતિમાઓ ભરાવી, ઉજમણું કર્યું, સાધર્મિકોનો ઉદ્ધાર કર્યો.

શેઠ રાજશી નાગડાએ સં૦ ૧૬૫૦ માં શત્રુંજય ઉપર દેરાસરનો પાયો નાખ્યો. સં૦ ૧૬૭૫ માં તેમાં દોઢ લાખ ખરચી ભ૦ શાંતિ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાથની પ્રતિષ્ઠા કરાવી. સં૦ ૧૬૫૨ માં તેણે શત્રુંજયનો સંઘ કાઢ્યો હતો. શા૦ નેણસીએ જામનગરમાં બે લાખ કોરી ખરચીને શા૦ રાજશી તેજશીએ બંધાવેલા મંદિરમાં સં૦ ૧૬૭૮ માં સંભવનાથનો ચૌમુખપ્રાસાદ–ગભારો બનાવ્યો.

આગરાના મંત્રી **કુંરપાલ-સોનપાલ** લોઢાએ સં૦ ૧૬૭૧ ના વૈશાખ સુદિ ૩ ના રોજ આગરામાં ભ૦ શ્રેયાંસનાથ અને ભ૦ મહાવીરસ્વામીનાં બંને દેરાસરોની પ્રતિષ્ઠા કરાવી અને ૪૫૦ પ્રતિમાઓની અંજનશલાકા કરાવી, મોટો ઉપાશ્રય બંધાવ્યો. મોગલ સમ્રાટ જહાંગીર તે મંદિરોને તોડવા આવ્યો હતો, પણ આચાર્યશ્રીએ પ્રતિષ્ઠા કરેલા ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમાનો ધર્મલાભ અને આશીર્વાદ સાંભળી ચમત્કાર પામી પ્રભુને તેમજ આચાર્યશ્રીને નમસ્કાર કરીને ચાલ્યો ગયો. એમ કહેવાય છે કે, નાગની ફણા ઉપર પ્રતિમાલેખોમાં રાજા તરીકે સમ્રાટ જહાંગીરનું નામ ઉત્કીર્ણ કર્યું, તે દેખીને જહાંગીર ખૂબ પ્રસન્ન થયો. લોઢા મંત્રીઓએ શત્રુંજયનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. ભૂજના રા' ભારમલ્લજીએ આચાર્યશ્રીના મંત્રિત પાણીથી વાયુમુક્ત થતાં માંસાહાર છોડ્યો હતો અને રાજવિહાર જિનાલય બંધાવ્યું હતું. વળી, કચ્છમાં પર્યુષણના આઠ દિવસ માટે દર સાલ માટે અમારિપટહ વજડાવ્યો. ભૂજના શ્રીસંઘે ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથનું મોટું દેરાસર બંધાવ્યું. પાટણના સાળવી સંઘે સં૦ ૧૭૧૫ માં આ૦ કલ્યાણસાગરસૂરિની જીવંત ચરણપાદુકાઓ બનાવી દેરાસરમાં સ્થાપન કરી.

આ૦ કલ્યાણસાગરસૂરિએ 'શ્રીશાંતિનાથચરિત્ર, સુરપ્રિયચરિત્ર, વિવિધ છંદોમાં ચિત્રમય જિનસ્તોત્રો તેમજ ગોડી પાર્શ્વનાથનાં સહસ્રનામમય સ્તવન'ની રચના કરી છે.

તેમના પરિવારમાં ૧૧ મહોપાધ્યાયો, ૧૧૩ સાધુઓ, ૨૨૮ સાધ્વીજીઓ હતાં.

તેઓ સં૦ ૧૭૧૮ ના વૈશાખ સુદિ ૩ ના સૂર્યોદય થતાં **ભૂજ**માં કાળધર્મ પામી ગયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૫૯. ભ૦ અમરસાગરસૂરિ—**

તેમણે સં૦ ૧૬૯૧ ના શ્રાવણ સુદિ ૭ ના રોજ ભૂજમાં 'વર્ધમાન-પદ્મસિંહચરિત્ર' સર્ગ : ૯ તથા **'અંચલગચ્છપટ્ટાવલી'** રચ્યાં છે.

આ ભટ્ટારકની એક સંયમધારી યતિશાખા પાલીતાણામાં હતી, જેમાં અનુક્રમે શ્રીમુનિશીલ, શ્રીગુણશીલ, ઉપા૦ વિનયશીલ થયા. ઉપા૦ વિનયશીલે સં૦ ૧૭૪૨ માં વડનગરમાં ' અર્બુદાચલ-ચૈત્યપરિપાટી—અર્બુદકલ્પ ' રચ્યો હતો.

સં૦ ૧૭૬૨ ના શ્રાવણ સુદિ ૭ ના રોજ ધોળકામાં તેમનો દેહોત્સર્ગ થયો.

**૬૦. ભ૦ વિદ્યાસાગર**—તેમણે ઘણી પ્રતિષ્ઠાઓ કરાવી હતી. તેમનો સ્વર્ગવાસ સં૦ ૧૭૯૭ના કાર્તિક સુદિ ૫ ના રોજ પાટણમાં થયો.

**૬૧. ભ૦ ઉદયસાગર—**

સં૦ ૧૭૨૫ માં મુસલમાનોએ જામનગર પર ચઢાઈ કરી એ સમયે શ્રીસંઘે બધી જિનપ્રતિમાઓને ભોંયરામાં ભંડારી દીધી હતી અને બધાં મંદિરો બંધ કરી નાખ્યાં હતાં. ખરતરગચ્છના પૂ૦ **દેવચંદ્રજી** મહારાજની આજ્ઞાથી **મંત્રી તલકશી**એ સં૦ ૧૭૮૮ ના શ્રાવણ સુદિ ૭ ને ગુરુવારે બધાં દેરાસરો ખોલી નાખ્યાં, પ્રતિમાઓને ફરીથી સ્થાપન કરી અને ભ૦ ઉદયસાગરના ઉપદેશથી સં૦ ૧૭૯૦ માં તે બધાનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. ભટ્ટારકજીએ સં૦ ૧૮૦૨ ના શ્રાવણ સુદિ ૬ ના રોજ ' કલ્યાણસાગરસૂરિ-રાસ, સ્નાત્રપંચાશિકા, કલ્પસૂત્ર-લઘુવૃત્તિ, શ્રાવકવ્રતકથા ' વગેરે રચ્યાં છે.

તેમના ચાર શિષ્યો ઉપાધ્યાયપદધારી હતા. (૧) ઉપા૦ કીર્તિસાગર, (૨) ઉપા૦ દર્શનસાગર, (૩) ઉપા૦ જ્ઞાનસાગર અને (૪) ઉપા૦ બુદ્ધિસાગર.

આ પૈકીના ઉપા૦ દર્શનસાગર નળિયાના ઔદિચ્ય બ્રાહ્મણ દેવશંકર નામના માણભટ્ટ હતા. તેણે પોતાની પત્ની મરી જતાં દીક્ષા લીધી હતી. તેમણે સં૦ ૧૮૨૭ માં ' આદિનાથરાસ અને સ્તવન-ચોવીશી ' રચ્યાં.

ઉપા૦ જ્ઞાનસાગરે સં૦ ૧૮૨૮ માં સુરતમાં ' અંચલગચ્છપટ્ટા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વલી' રચી છે અને મુનિ સહજસાગરજીએ 'ગુર્વાવલી-સ્તવન' રચ્યું છે.

**૬૨. ભ૦ કીર્તિસાગર**—તેમનો સ્વ૦ સં૦ ૧૮૪૩ના ભાદરવા સુદિ ૬ ના રોજ સુરત બંદરમાં થયો. તેમના શિષ્ય શિવરત્ને 'ચૌદ ગુણસ્થાનક-સ્તવન' (કડી : ૯૮) રચ્યું છે.

**૬૩. ભ૦ પુણ્યસાગર**—તેમનો સં૦ ૧૮૭૦ ના કાર્તિક સુદિ ૧૩ ના રોજ પાટણમાં સ્વર્ગવાસ થયો.

**૬૪. ભ૦ રાજેન્દ્રસાગર**—તેમનો સં૦ ૧૮૯૨ માં માંડવી બંદરમાં સ્વર્ગવાસ થયો.

**૬૫. ભ૦ મુક્તિસાગર**—તેમણે સં૦ ૧૮૯૩ માં શત્રુંજય ઉપર સુરતના શેઠ મોતીશાહની ટૂંકમાં ૭૦૦ જેટલી પ્રતિમાઓની, સં૦ ૧૮૯૭ ના માહ સુદિ ૫ ના રોજ નળિયામાં નાગડાગોત્રના દશા ઓશવાલ શેઠ નરશી નાથાના ભ૦ ચંદ્રપ્રભના દેરાસરની, શત્રુંજય પર નરશી નાથા ટૂંકની, મુંબઈમાં મોતીશાહના દેરાસર વગેરે ઘણા સ્થાનોમાં પ્રતિષ્ઠાઓ અને અંજનશલાકાઓ કરાવી હતી. શેઠ નરશી નાથાએ પાલીતાણામાં ધર્મશાળા બંધાવી હતી અને મુંબઈમાં જૈનોને ઘણી મદદ આપી કચ્છી પ્રજા ઉપર ભારે ઉપકાર કર્યો હતો.

ભટ્ટારકજી સં૦ ૧૯૧૪ માં સ્વર્ગસ્થ થયા હતા.

મુંબઈના શાહ સોદાગર શેઠ મોતીશાહે પાલીતાણામાં ધર્મશાળા બંધાવી શત્રુંજયનો સંઘ કાઢ્યો અને કુંતાસરનો ખાડો પુરાવી ટૂંક બંધાવી. મુંબઈ વગેરેમાં ઘણી ધર્મશાળાઓ, પાંજરાપોળ, દવાખાનાં બનાવ્યાં. મુંબઈમાં ભાયખલામાં દેરાસર બંધાવ્યું. તે સં૦ ૧૮૯૨ ભાદરવા સુદિ ૧૨ રવિવારે મુંબઈમાં મરણ પામ્યા. તેમના પુત્ર **ખીમચંદે** સં૦ ૧૮૯૩ ના માહ મહિનામાં શત્રુંજય ઉપર ૧) લાખ ખરચી મોતીશાહ ટૂંકની પ્રતિષ્ઠા કરાવી. સં૦ ૧૮૮૫ના માહ શુદિ ૬ ના મુંબઈમાં ભાયખલામાં ભ૦ આદીશ્વરના દેરાસરની પ્રતિષ્ઠા કરાવી.

**૬૬. ભ૦ રત્નસાગર**—તેમના સમયમાં કોઠારાના દશા ઓશવાલ ગાંધી **શેઠ કેશવજી નાયકે** સં૦ ૧૯૨૧ના માહ સુદિ ૭ ને ગુરુવારે શત્રુંજય ઉપર ટૂંક બંધાવી. તેની અંજનશલાકા અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિષ્ઠા ભ૦ રત્નસાગરે કરી. શેઠે તેમાં દશ લાખ રૂપિયા ખર્ચ્યા. પાલીતાણામાં ધર્મશાળા બંધાવી.

ભટ્ટારક સં૦ ૧૯૨૮ના શ્રાવણ સુદિ ૨ ના રોજ સુથરીમાં સ્વર્ગસ્થ થયા.

**૬૭. ભ૦ વિવેકસાગર**—સં૦ ૧૯૪૮ના ફાગણ સુદિ ૩ ને ગુરુવારે મુંબઈમાં સ્વર્ગસ્થ થયા.

**૬૮. ભ૦ જિનેન્દ્રસાગર**—સં૦ ૧૯૮૫. વિદ્યમાન.

આ અરસામાં સુથરીમાં શેઠ **વસનજી ત્રિકમજી** થયા. શેઠ વસનજીના પિતા ત્રિકમજી (સ્વ૦ સં૦ ૧૯૩૦) અને માતા લાખાબાઈ (સ્વ૦ સં૦ ૧૯૨૨) હતાં. **વસનજી**નો જન્મ સં૦ ૧૯૨૨માં થયો. તેમને ત્રણ પત્નીઓ હતી અને પ્રેમાબાઈ, બીલબાઈ, શામજી, મેઘજી, લક્ષ્મીબાઈ તેમજ **બંકિમચંદ્ર** (જન્મ સં૦ ૧૯૬૦) વગેરે સંતાન હતાં. તેમણે સાયરામાં દેરાસર બંધાવ્યું. જૈનોને અનેક પ્રકારની મદદો આપી. પાઠશાળા, ધર્મશાળા અને બીજાં ધર્મકાર્યો કર્યાં. (–જૈન ઇતિહાસ, પ્રકા૦ જૈનવિદ્યાપ્રચારકવર્ગ)

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

## અંચલગચ્છની પટ્ટાવલી બીજી

**૫૮. આ૦ કલ્યાણસાગર**—સ્વ૦ સં૦ ૧૭૧૮.

**૫૯. મહો૦ રત્નસાગર**—તેમને ચાર શિષ્યો હતા.

**૬૦. ઉપા૦ મેઘસાગર**—તેમને ત્રણ શિષ્યો હતા.

**૬૧. ઉપા૦ વૃદ્ધિસાગર**—તેમને ત્રણ શિષ્યો હતા. સ્વ૦ સં૦ ૧૭૩૩.

**૬૨. ઉપા૦ હીરસાગર**—સ્વ૦ સં૦ ૧૭૭૩. તેઓ પ્રભાવક હતા. ચમત્કાર બતાવતા હતા. સં૦ ૧૮૦૪ના કાર્તિક સુદિ ૨ ના રોજ સોજિત્રામાં કાળધર્મ પામ્યા.

**૬૩. પં૦ સહજસાગર.** **૬૪. પં૦ માનસાગર.**

**૬૫. પં૦ રંગસાગર.** **૬૬. પં૦ ફતેહસાગર.**

**૬૭. યતિ દેવસાગર**—તેમણે સં૦ ૧૯૨૫માં દુષ્કાળ પડ્યો ત્યારે મારવાડમાં ૯ શિષ્યો બનાવ્યા. તેઓ સં૦ ૧૯૨૮માં કાળધર્મ પામ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૬૮. યતિ સ્વરૂપસાગર.**

**૬૯. મુનિ ગૌતમસાગરજી**—તેઓ પાલીના શ્રીમાલ બ્રાહ્મણના પુત્ર હતા. સં૦ ૧૯૨૦માં જન્મ્યા, સં૦ ૧૯૪૦માં યતિના શિષ્ય બન્યા પરંતુ મુનિજીવન વીતાવવા લાગ્યા. સં૦ ૧૯૪૬ના ફાગણ સુદિ ૧૧ ના રોજ પાલીમાં શ્રીપાર્શ્વચંદ્રગચ્છના મુનિ ભાયચંદજીની પાસે ક્રિયોદ્ધાર કરી અંચલગચ્છના મુનિ ગૌતમસાગરજી બન્યા. તેઓ બંને વિહાર કરી ગુજરાતમાં આવ્યા. તેઓ પાટણમાં તપગચ્છની સામાચારી મુજબ પ્રતિક્રમણ કરતા હતા.

મુનિ ભાવસાગરજી, મુનિ ભાયચંદજી અને મુનિ ગૌતમસાગરજી એ ત્રણેએ પાટણમાં સં૦ ૧૯૪૬માં બીજા ભાદરવા સુદિ ઉદય ૪ના રોજ સંવત્સરી પ્રતિક્રમણ કર્યું હતું. તે પછી મુનિ ગૌતમસાગરજી કચ્છમાં એકાકી વિચરતા હતા. તેમને સં૦ ૧૯૪૯ના મહા સુદિ ૧૦ ના રોજ મુનિ ઉત્તમસાગર નામે પ્રથમ શિષ્ય થયા. તે પછીથી તેમનો પરિવાર વધ્યો. તેઓ અંચલગચ્છમાં પ્રભાવક થયા. સં૦ ....માં સ્વર્ગે ગયા.

તેમના શિષ્ય મુનિ નીતિસાગરના શિષ્ય મુનિ ધર્મસાગરે સં૦ ૧૯૮૪માં અંચલગચ્છની મોટી પટ્ટાવલી બનાવી.

૭૦. આ૦ દાનસાગરસૂરિ. ૭૧. આ૦ નેમસાગરસૂરિ વિદ્યમાન છે.

**સાર્ધપૂનમિયાગચ્છ** (સં૦ ૧૨૩૬)—

જૈન સંઘમાં વિક્રમની બારમી શતાબ્દિના ઉત્તરાર્ધથી નવા નવા મતો નીકળ્યા ત્યારથી જૈન સંઘની એકતા તૂટવા લાગી. ગૂર્જરનરેશ કુમારપાલે પાટણમાં જૈન સંઘનું એકમ ન જોખમાય એ ખાતર પૂનમિયા, અંચલ, ખરતર વગેરે નવા ગચ્છોને પાટણ બહાર વિહાર કરવા ફરમાન કર્યું હતું. એટલે એ ગચ્છોવાળા મોટે ભાગે ગુજરાત બહાર [illegible] ગુજરાતના તત્કાલીન ધર્મોત્સવોમાં પણ એ મતવાળાનું નામ મળતું નથી. એ સમયે પૂનમિયાગચ્છના આ૦ સુમતિસિંહસૂરિ સં૦ ૧૨૩૬માં પાટણ આવ્યા. તેઓ શાંત સ્વભાવના હતા. શ્રાવકોએ તેમના ગચ્છ વિશે પૂછપરછ કરી ત્યારે

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

તેમણે યુક્તિપૂર્વક જવાબ આપ્યો કે, 'અમે પૂનમિયા નથી. પણ સાર્ધ પૂનમિયા છીએ.' આ રીતે સં૦ ૧૨૩૬માં આ૦ સુમતિસિંહથી 'સાર્ધપૂનમિયાગચ્છ' નીકળ્યો.

આ મતમાં—શ્રાવક પ્રભુની ધૂપપૂજા, દીપપૂજા કે ફળપૂજા ન કરે. સાધુ જિનપ્રતિમાની પ્રતિષ્ઠા ન કરાવે પણ **પાખી ચૌદશે પાળે** વગેરે સામાચારી હતી. આમાં શ્રાવકને સાધુ જેવો માન્યો છે. તેથી એ મતનું **'સાધુ પૌર્ણિમિયક'** એવું બીજું નામ પણ મળે છે. **'ચતુર્દશીગચ્છ'** પણ આનું જ ત્રીજું નામ હોવાનું સંભવે છે, આ ગચ્છના આચાર્યો જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરતા હતા.

સાર્ધપૂનમિયાગચ્છના આ૦ ગુણચંદ્રના શિષ્ય **જ્ઞાનચંદ્રે** 'રત્નાકરાવતારિકા-ટિપ્પન' રચ્યું છે, જેનું મલધારગચ્છના આચાર્ય **રાજશેખરે** સંશોધન કર્યું હતું.

સાર્ધપૂનમિયાગચ્છમાં અનુક્રમે આ૦ ધર્મતિલક સં૦ ૧૪૫૭, આ૦ ધન્યતિલક થયા. તેમજ અનુક્રમે આ૦ સાગરચંદ્ર, આ૦ સોમચંદ્ર (સોમસુંદર) સં૦ ૧૫૦૯, આ૦ રામચંદ્ર સં૦ ૧૫૦૪, આ૦ પુણ્યચંદ્ર સં૦ ૧૫૦૬ થી સં૦ ૧૫૧૨, આ૦ વિનયચંદ્ર સં૦ ૧૫૧૩, આ૦ ઉદયચંદ્ર સં૦ ૧૫૧૭ થી સં૦ ૧૫૬૧, આ૦ મુનિચંદ્ર સં૦ ૧૫૭૨, ભટ્ટારક વિદ્યાચંદ્ર સં૦ ૧૫૯૬માં થયા.

**ત્રિસ્તુતિકમત** (આગમિકગચ્છ)—

**૪૦. આ૦ ચંદ્રપ્રભસૂરિ**—તેમનાથી સં૦ ૧૧૫૯ માં 'પૂનમિયાગચ્છ' નીકળ્યો.

**૪૧. આ૦ શીલગુણસૂરિ**—તેઓ ચૈત્યવાસી હતા. તેમણે તથા તેમના ભાણેજ નાણાવાલગચ્છના ચૈત્યવાસી ઉપા૦ **વિજયચંદ્રે** પૂનમિયાગચ્છમાં પ્રવેશ કરી ક્રિયોદ્ધાર કર્યો. ઉપા૦ વિજયચંદ્રે તો સં૦ ૧૧૬૯માં વિધિપક્ષની સ્થાપ[illegible] સં૦ ૧૨૧૩થી અંચલગચ્છ ચલાવ્યો. આ૦ શીલગુણસૂરિ તથા આ૦ દેવભદ્ર પણ વિધિપક્ષમાં ભળ્યા. તેમણે શત્રુંજયતીર્થમાં બીજા સાત–આઠ ભ્રાંત ચિત્તવાળા યતિઓને પોતાના બનાવ્યા. શ્રુતદેવતાની સ્તુતિનો નિષેધ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્યો અને અંચલગચ્છના આધારે **'ત્રિસ્તુતિકમત'** ચલાવ્યો.

**૪૨. આ૦ દેવભદ્રસૂરિ**—તેઓ આ૦ શીલગુણસૂરિના સહચારી હતા. તે તેમની પાટે આચાર્ય બન્યા. તેમણે સં૦ ૧૨૫૦માં ત્રણ થુઈવાળો 'આગમિકમત' ચલાવ્યો. તેઓ આગમિકગચ્છના સૂત્રધાર હતા.

**૪૩. આ૦ ધર્મઘોષસૂરિ**—તેઓ આગમના જાણકાર હતા.

**૪૪. આ૦ યશોભદ્રસૂરિ.**

**૪૫. આ૦ સર્વાનન્દસૂરિ.**

**૪૬. આ૦ અભયદેવસૂરિ**—તેમણે શાસનની પ્રભાવના કરી હતી.

**૪૭. આ૦ વજ્રસેનસૂરિ**—તેઓ આગમના જાણકાર હતા.

**૪૮. આ૦ જિનચંદ્રસૂરિ**—તેઓ મોટા વાદી હતા.

**૪૯. આ૦ હેમસિંહસૂરિ**—તેમની શિષ્ય પરંપરામાં અનુક્રમે (૫૦) આ૦ મુનિસિંહ, (૫૧) પં૦ ઉદયરત્ન થયા. પં૦ ઉદયરત્ને સં૦ ૧૪૩૦ ના ફા૦ સુદિ ૧૩ ને સોમવારે મહુવામાં 'સિદ્ધચક્ર' લખ્યું હતું.

Jainsite.com જૈનમ્ જયતિ શાસનમ્

**૫૦. આ૦ રત્નાકરસૂરિ**—સં૦ ૧૪૯૪માં વિદ્યમાન હતા. આ૦ જયાનંદપટ્ટે સં૦ ૧૫૦૮ થી સં૦ ૧૫૩૧; આ૦ દેવરત્ન સં૦ ૧૫૭૩, આ૦ સોમરત્ન સં૦ ૧૫૮૭, આ૦ ઉદયરત્ન થયા.

સં૦ ૧૫૩૧ આ૦ દેવરત્નની પાટે આ૦ શીલવર્ધન થયા.

**૫૧. આ૦ વિનયચંદ્રસૂરિ**—સં૦ ૧૪૮૫ થી સં૦ ૧૫૧૨. આ૦ અમરસિંહની પાટે સં૦ ૧૫૧૪ માં આ૦ હેમરત્ન થયા.

**૫૨. આ૦ ગુણસમુદ્રસૂરિ.**

**૫૩. આ૦ અભયસિંહસૂરિ**—તેમનું નામ લેવાથી પાપ નાશ પામતું હતું, એવા એ પવિત્ર હતા.

**૫૪. આ૦ સોમતિલકસૂરિ**—તેમણે બાલ્યાવસ્થામાં ઉપદેશ આપી મિથ્યાત્વીઓને બુઝવ્યા હતા. તેઓ સમર્થ વાદી પણ હતા.

**૫૫. આ૦ સોમચંદ્રસૂરિ**—

**૫૬. આ૦ ગુણરત્નસૂરિ**—આ૦ રત્નાકરસૂરિ—સં૦ ૧૪૯૪.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

તેમણે 'આદિનાથ જન્માભિષેક' રચ્યો. ગુણરત્નશિષ્ય દેવરત્ને 'ગજ-સિંહકુમારરાસ' રચ્યો.

**૫૭. આ૦ મુનિસિંહસૂરિ**—સં૦ ૧૪૮૫ થી સં૦ ૧૫૧૩. તેઓ શાંત સ્વભાવી હતા. તેમજ સંયમી અને દયાની મૂર્તિ હતા. તેઓ અખંડ જિનજાપ કરતા હતા. સં૦ ૧૪૯૨માં તેમણે પ્રતિષ્ઠા કરાવી હતી. (માલપુરના લેખો) તેમનો સં૦ ૧૪૯૯નો પ્રતિમાલેખ મળે છે.

**૫૮. આ૦ શીલરત્નસૂરિ**—તેમનું બીજું નામ ભ૦ શિવરત્ન પણ મળે છે. સં૦ ૧૫૦ (?) તેઓ વિધિપક્ષગચ્છના મંડનરૂપ હતા. તેમણે સં૦ ૧૫૦૭માં પ્રતિષ્ઠા કરાવી હતી. તેમણે તથા આ૦ આદિપ્રભે સં૦ ૧૫૧૨માં પ્રતિષ્ઠિત કરેલી જિનપ્રતિમા બાંદનવાડામાં વિરાજમાન છે.

**૫૯. આ૦ આણંદપ્રભસૂરિ**—સં૦ ૧૫૧૩ થી સં૦ ૧૫૭૧. તેઓ વિદ્વાન હતા. તેમનાં બીજાં નામો આ૦ આદિપ્રભ, આ૦ આનંદ-રત્ન એવાં મળે છે. તેમણે સં૦ ૧૫૧૨માં પ્રતિષ્ઠા કરાવી હતી.

આ૦ ચારિત્રપ્રભના શિષ્ય આ૦ જયતિલકસૂરિએ 'હરિવિક્રમ-મહોદયકાવ્ય સર્ગ : ૧૨ અને મલયાસુંદરીચરિત્ર સર્ગ : ૪' રચ્યાં.

તેમના જ ભાઈ પં૦ અમરકીર્તિગણિએ સં૦ ૧૫૦૨ના કા૦ વ૦ ૧૩ બુધવારે ઈડરમાં તેની પહેલી પ્રત લખી હતી.

(–શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨ જો પ્રશ૦ નં૦ ૩૫)

પં૦ અમરકીર્તિ મહો૦ અમરસાગર બન્યા હતા. આગમગચ્છમાં સં૦ ૧૫૧૨માં આ૦ હેમરત્ન હતા. સં૦ ૧૫૩૬માં પં૦ ઉદયરત્ન હતા.

**૬૦. અ આ૦ અમરરત્નસૂરિ**—સં૦ ૧૪૭૦ થી ૧૫૪૭.

**૬૦. બ આ૦ મુનિરત્નસૂરિ**—સં૦ ૧૫૪૨. તેઓ ગંભીર હતા અને અલંકારવાળી મીઠી ભાષા બોલતા હતા.

**૬૧. ઉપા૦ મુનિસાગર**—તેમણે ગુરુકાવ્યનવક, આગમગચ્છ-પટ્ટાવલી, ગુરુસ્તુતિ, અને પંચતીર્થીસ્તુતિ વગેરે રચ્યાં છે.

(–જૈન ગૂર્જર કવિઓ ભા૦ ૧, પૃ૦ ૪૧૫ થી ૪૫૨, ૬૧૫, ૭૦૨; ભા૦ ૨, પૃ૦ ૨૨૨૪, પટ્ટાવલી-સમુચ્ચય ભા૦ ૨, પૃ૦ ૧૫૮ થી ૧૬૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ **અમરસિંહ**—સં૦ ૧૪૭૫. (જૈનસત્યપ્રકાશ, ક્રમાંક:૧૨૪)
આ૦ સાધુરત્ન શિષ્ય આ૦ જયાનંદ. સં૦ ૧૪૭૬ થી ૧૪૯૬.

**આગમગચ્છની બીજી પરંપરા—**

આગમગચ્છમાં એક જુદી વ્યવસ્થિત પટ્ટપરંપરા મળે છે. સંભવ છે કે તે આ૦ જયતિલકસૂરિની પટ્ટપરંપરા હોય. તે આ પ્રમાણે છે—

(૧) ભ૦ ચારિત્રપ્રભસૂરિ, આ૦ સાધુરત્નસૂરિ.

(૨) આ૦ જયાનંદસૂરિ—તેમણે ચાર ઉપાધ્યાયોને આચાર્ય બનાવ્યા. તેમના ઉપદેશથી સાંડેરના **આભૂ** પોરવાડના વંશજ સં૦ **મંડલિકે** ઘણા તીર્થોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. સં૦ ૧૪૩૮માં દુકાળમાં પ્રજાને અનાજ-પાણીની મદદ કરી. સં૦ ૧૪૭૭માં શત્રુંજય તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. (જૂઓ પ્ર૦ ૪૫, પૃ૦ )

તેમણે પોતાના શિષ્ય દેવરત્ન માટે 'સ્યાદિસમુચ્ચય-દીપિકા' રચી

૩. આ૦ દેવરત્ન—આ આચાર્ય અને આ૦ વિવેકરત્નસૂરિ સુધીના આચાર્યો ગુરુભાઈઓ છે. બનવાજોગ છે કે તે એક પદાર્પક આચાર્ય બન્યા હોય.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

૪. આ૦ શીલરાજ, આ૦ શીલવર્ધન.

૫. આ૦ શીલરત્ન.

૬. આ૦ **વિવેકરત્નસૂરિ**—તેમના ઉપદેશથી શા૦ આભૂ પોરવાડના વંશજ વ્યવહારી ડુંગર, વ્ય૦ નરબદે ચોથું વ્રત સ્વીકાર્યું એક ઉપાધ્યાયને સૂરિપદ અપાવ્યું. વ્ય૦ પર્વત, વ્ય૦ કાન્હાએ સૂરિપદનો ઉત્સવ કર્યો. સં૦ ૧૫૭૧માં જૈન સિદ્ધાન્ત તથા ગ્રંથો લખાવ્યા. વ્ય૦ સહસા વીર વગેરેએ વિવિધ ગ્રંથો લખાવ્યા.

(શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૨, પ્ર૦ ૨૪૧. ૨૬૯ થી ૨૭૨
જૂઓ પ્રક૦ ૪૫ પૃ૦ )

૭. ભ૦ **સંયમરત્નસૂરિ.**

આ સમયે આગમગચ્છની લઘુશાખામાં આ૦ સૌભાગ્યસુંદર, આ૦ ધર્મરત્નસૂરિ, પ્રવર્તિની સહેમશ્રી શિષ્યા સાધ્વી મહિમાશ્રીજી

માટે પં૦ જયસુંદરે સં૦ ૧૬૪૦ ના આસો સુ૦ ૩ ના રોજ દેકાપુરમાં ગ્રંથ લખાવ્યો હતો. (પ્ર૦ ૪૨૩, ૬૩૩)

૮. ભ૦ કુલવર્ધનસૂરિ.

૯. પં૦ જયરત્નગણિ (પં૦ જયસુંદર ગણિ).

૧૦. ઋષિ દેવરત્નજી.

૧૧. ઋષિ **વિનયરત્નજી** તે સં૦ ૧૬૬૧માં વિદ્યમાન હતા. (પ્રશ૦ નં૦ ૬૫૫.)

આ૦ સિંહદત્તપટ્ટે આ૦ સોમદેવ (સં૦ ૧૫૭૩), આગમગચ્છના ભ૦ **સિંહરત્નસૂરિ**—સં૦ ૧૮૨૧માં પાટણના શેઠ **કચરા કીકાએ** કાઢેલા શત્રુંજયના સંઘમાં સાથે હતા.

(–જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૯૪ થી ૯૮ )

**ચતુર્દશીશાખા—**

જૈન શ્રમણસંઘના નાગેંદ્ર, ચંદ્ર, નિર્વૃતિ અને વિદ્યાધર એમ ચાર શ્રમણકુળો અને તેના પેટાગચ્છો મોટે ભાગે વિ૦ સં૦૧૦૦૦ લગભગમાં ચૈત્યવાસી બની ગયા હતા. શ્રી દ્રોણાચાર્ય, સૂરાચાર્ય, ગોવિંદાચાર્ય, શાન્ત્યાચાર્ય, વીરાચાર્ય વગેરેનું ચરિત્ર તપાસીએ તો સ્પષ્ટ થાય છે કે, તેઓ વિદ્વાન, શાસ્ત્રજ્ઞ, અનેકાંતના યથાર્થ વ્યવસ્થાપક, વિવેકી, આપસ-આપસમાં પ્રેમવાળા અને ધર્મરક્ષામાં સદા ઉદ્યશીલ હતા. ઉત્સવ હોય, યાત્રા હોય કે પ્રતિષ્ઠા હોય તો સૌ મળીને ધર્મપ્રભાવના કરતા હતા. તેથી તેઓ નવા જૈનો બનાવી શકતા અને જૈન થયેલાને વધુ સ્થિર અને દૃઢ બનાવી શકતા હતા. તેઓ ધર્મ ઉપર થતાં આક્રમણનો એક સાથે મળી સામનો કરતા હતા. તેઓ ૪ સંઘ, ૭ ક્ષેત્રો, તથા ધર્મસ્થાનો, ધર્મદાય વગેરેની પૂરી રક્ષા કરતા હતા. તેઓ બધી રીતે શાસનને વફાદાર રહી ધર્મની રક્ષા કરતા રહેતા. છેલ્લે તેઓ **અનશન લઈને** આત્મકલ્યાણ પણ સાધતા હતા. તેઓમાં આચારશુદ્ધિ હતી, વિચારશુદ્ધિ પણ રહેતી. માત્ર વ્યવહારશુદ્ધિ નહોતી. એટલે કે તેઓ શિથિલ હતા. એ તેમની મોટી ઊણપ હતી, જેને દૂર કરવાની અનિવાર્ય આવશ્યકતા હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજી તરફ ચંદ્રકુલના વનવાસી અને વડગચ્છના શ્રમણો શિથિલ ન હતા. શરૂઆતથી જ તેઓ પવિત્ર **સંવેગી** શ્રમણો હતા. તેઓમાં કે ચૈત્યવાસીઓમાં આચાર, વિચાર કે પ્રરૂપણાનો ભેદ નહોતો. એટલે જ તે બંનેમાં પરસ્પર મેળ રહેતો હતો. સૌ ગચ્છવાળા આવા શુદ્ધ શ્રમણો બને એ સર્વથા જરૂરી હતું. આ૦ ઉદ્દ્યોતન, આ૦ સર્વદેવ, આ૦ વર્ધમાન, આ૦ જિનેશ્વર આ અંગે સાવધાન હતા. સંઘની એકતા તૂટે નહીં અને કાર્ય થાય એ રીતે પ્રયત્નશીલ હતા. માત્ર આટલો ક્રિયોદ્ધાર સર્વથા ઇચ્છનીય હતો.

બારમી શતાબ્દિથી કેટલાએક નવા મતો શરૂ થયા. તેઓએ આયતન, અનાયતનનો ભેદ, વિધિચૈત્ય, અવિધિચૈત્યનો ભેદ, પોસહ માટે પર્વ અને અપર્વનો ભેદ, સામાયિક માટે સંખ્યા, અસંખ્યાનો ભેદ; આરાધના માટે શાસનદેવ અને પીરનો ભેદ; જિનપૂજામાં પુરુષ-સ્ત્રીનો ભેદ; કન્યા પરણાવવામાં **સ્વગચ્છ**, પરગચ્છનો ભેદ; ચોથ-પાંચમનો ભેદ, **ચૌદશ-પૂનમ**નો ભેદ—એવી ભેદનીતિ સ્વીકારી પોતાના **વાડા** જમાવ્યા અને જૈનસંઘને છિન્નભિન્ન કરી નાખ્યો, જે આજ સુધી અખંડ બની શક્યો નથી. અખંડ બનાવવાને બહાને નવો મત ઊભો થતો, જેના પરિણામે જૈનસંઘ અનેક પક્ષોથી વિચિત્ર અને અમર્યાદિત બની ગયો છે. વિક્રમની સોળમી શતાબ્દિના નવા મતોએ તો ત્યાંસુધી માઝા મૂકી કે નવા જૈનો બનાવવાનો શુદ્ધમાર્ગ એકાએક રુંધાઈ ગયો.

આ નવા મતોએ જે શિથિલતા ઉપર કાગારોળ મચાવી મૂકી હતી તે શિથિલતા તો તેમનામાં ચૈત્યવાસીઓ કરતાંયે વિશેષ પ્રમાણમાં હતી. એટલે હવે તો તેઓ પોતાની નવી પ્રરૂપણાની રક્ષા માટે **વાડાબાંધી**ને રહ્યા હતા. આ વાડાબંધીએ જૈનેતર વર્ગમાં પણ જૈનધર્મ માટેની ભ્રાંતિ ફેલાવવામાં વિશેષ ભાગ ભજવ્યો. જૈનધર્મ અને આગ્રહ એ બે પરસ્પર વિરોધી વલણોએ ધર્મ ઉપર કુઠારાઘાત કર્યો એટલું જ નહીં પોતાને બેસવાની ડાળી ઉપર ઘા કર્યો છે અને સંઘમાં એક જ સંયુક્ત કુટુંબમાં વિવિધ માન્યતાઓથી ભેદ પાડી નાખ્યો છે. આવી **વાડાબંધી** તૂટે તો જ જૈનધર્મ જગતનું કલ્યાણ

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

કરવાની ક્ષમતા રાખી શકે.

ગૂર્જરનરેશ **કુમારપાલને** આવી વાડાબંધીનાં કટુ પરિણામોનો ખ્યાલ આવ્યો કે તરત જ સંઘની એકતાને કાયમ રાખવા નવા મતવાદીઓને બહાર વિહાર કરવાનું ફરમાન કર્યું હતું. એ સમયે તેઓ ગુજરાતની બહાર ગયા અને અવસર મળતાં ગુજરાતમાં ફરી આવીને વસ્યા. તે મતોમાંના કેટલાક નવા મતો પોતાની પ્રરૂપણાને છોડી દઈ થોડેઘણે અંશે અસલ માર્ગે આવી ગયા. એવા મતોમાં **ચતુર્દશીશાખા** પણ એક મત હતો.

નાગેંદ્ર, ચંદ્ર, નિર્વૃતિ, વિદ્યાધર, ચૈત્યવાસી, ષંડેરક, ભાવાચાર્ય, કામ્યક, સંડેસરા, રાજ, ચૈત્રવાલ, નાણાવાલ, વલભી, વનવાસી, કૂચેરા, વડગચ્છ વગેરે સૌ **ચૌદશે** પાખી કરતા હતા. તેમાંથી આ૦ ચંદ્રપ્રભે સં૦ ૧૧૫૯ માં **પૂનમિયાગચ્છ** ચલાવ્યો અને પૂનમે પાખી કરવાની પ્રરૂપણા કરી.

જો કે પ્રાચીન બધાયે ગચ્છો ચૌદશે પાખી પાળતા તેથી તેમાંના કોઈ એકેનું ચતુર્દશીગચ્છ એવું પ્રસિદ્ધ નામ નહોતું. આથી નવા મતવાળા આ૦ ચંદ્રપ્રભના ગુરુબંધુ આ૦ મુનિચંદ્રને ચતુર્દશીગચ્છના કહેવા લાગ્યા. પણ તેઓ પરમ સૈદ્ધાંતિક અને વડગચ્છના આચાર્ય તરીકે વિખ્યાત હતા. એ પૂનમિયાગચ્છમાંથી ૭૫ વર્ષ બાદ એટલે સં૦ ૧૨૩૬ માં **'સાર્ધપૂનમિયાગચ્છ'** નીકળ્યો. તેણે ફરીથી ચૌદશે પાખીની સ્થાપના કરી. એટલે સંભવ છે કે, તે ગચ્છ સમય જતાં **ચતુર્દશીગચ્છ** બની ગયો હોય. તેની પટ્ટાવલી આ પ્રમાણે બની શકે—

**૪૦. આ૦ ચંદ્રપ્રભસૂરિ**—સં૦ ૧૧૫૯ પૂનમિયાગચ્છ.

**૪૧. આ૦ વિજયસિંહસૂરિ**—તેઓ અગાઉ તો ચંદ્રાવતીના નવગૃહચૈત્યના ચૈત્યવાસી હતા.

**૪૨. આ૦ સુમતિસિંહસૂરિ**—તેમણે સં૦ ૧૨૩૬ માં 'સાર્ધપૂનમિયાગચ્છ' ચલાવ્યો.

૪૩. આ૦ ........તેમણે ચતુર્દશીશાખા નામ રાખ્યું હશે.

**૪૪. આ૦ દેવેન્દ્રસૂરિ**—તેઓ પોતાને ચતુર્દશીશાખાના જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બતાવે છે. તેમનો આબૂ તીર્થમાં રહેલ ભ૦ શાંતિનાથની પ્રતિમા પર આ પ્રમાણે લેખ મળે છે—

सं० १२२१ वै० शु० ७ शुक्रवारे शांतिनाथबिंबप्रतिष्ठा पूर्णिगमा-पक्षीयचतुर्दशीशाखायां श्रीदेवेन्द्रसूरि-उपदेशेन कारिता प्र० सूरिभिः ॥

(પૂ૦ જયન્તવિજયજીનું અર્બુદલેખસંદોહ, લે૦ ૫૩૦)

સ્પષ્ટ વાત છે કે આ૦ દેવેન્દ્રસૂરિ પૂનમિયાગચ્છના હતા પણ ચૌદશે પાખી માનતા હતા. चउद्दशिया चौहाण એ કદાચ આ ગચ્છને માટે લખાયું હશે.

તપગચ્છના તપસ્વી આ૦ **જગતચંદ્રસૂરિ**ના પટ્ટધર **આ૦ દેવેન્દ્રસૂરિ** હતા. (સ્વ૦ સં૦ ૧૩૨૭) ઉપા૦ દેવભદ્ર ગણિ તેમના શિષ્ય નહીં પણ ઉપા૦ હતા અને **વિજયચંદ્ર ગણિ** બીજા ઉપા૦ હતા. **આચાર્યશ્રી**એ ઉપા૦ વિજયચંદ્રને પોતાનો શિષ્ય હોવા છતાં અયોગ્ય જાણી આચાર્યપદ આપ્યું ન હતું અને તેથી જ આ૦ દેવેન્દ્રસૂરિએ પણ તેમને આચાર્યપદ આપ્યું નહીં. એટલે ઉપા૦ **દેવભદ્ર ગણિ**ની પ્રેરણાથી ચતુર્દશી પક્ષના આ૦ **દેવેન્દ્રસૂરિ**એ ઉપા૦ વિજયચંદ્ર ગણિને સં૦ ૧૨૯૬માં આચાર્યપદ આપ્યું.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**૪૫. આ૦ હેમપ્રભસૂરિ**—તેઓ ઝીંઝુવાડાના મહામંડલેશ્વર રાણા **દુર્જનશલ્યના ગુરુ** હતા. તેમણે સં૦ ૧૩૦૫ ના માહ સુદિ ૧૩ ને ગુરુવારે 'ત્રૈલોક્યપ્રકાશ' (કેવલાદર્શ) નામનો પ્રસિદ્ધ તાજિક ગ્રંથ (ગ્રં૦ : ૧૧૬૦) રચ્યો[1] છે, જે જ્યોતિષી વિદ્વાનોમાં ઘણો પ્રામાણિક મનાય છે.

---

१ कृतोऽयं केवलादर्शस्त्रैलोकस्य प्रकाशकः ।
श्रीमद्देवेन्द्रशिष्येण श्रीहेमप्रभसूरिणा ॥५७॥

इति प्रतिभासर्वज्ञ-त्रैविद्य-वृन्दारक-महामण्डलेश्वर-राणकशल्य-श्रीदुर्जनशल्यदेव-गुरुभिः प्रणतपादश्रीश्रीदेवेन्द्रशिष्यैः श्रीहेमप्रभसूरिभिर्विरचिते त्रैलोक्यप्रकाशे ज्ञानदर्पणापरनाम्नि नव्यताजिके दिन-मास-वर्षाघिकाण्डमण्डलपद्धतिः समाप्ता ॥

(—પાટણ, જૈન ભં૦ ડિ૦ કેટલો૦ વૉ૦ ૨, (ગા૦ ઓ૦ સિ૦)

સં૦ ૧૫૦૬માં ચતુર્દશી પક્ષના ડેડરીયા આ૦ પાર્શ્વચંદ્ર વિદ્યમાન હતા. તેમજ ચતુર્દશી પક્ષના ચૈત્રગચ્છના આ૦ ગુણદેવના પટ્ટે આ૦ **જિનદેવ** વિદ્યમાન હતા. (આ૦ બુદ્ધિસાગરસૂરિકૃત ધાતુ પ્રતિમા લેખસંગ્રહ ભા૦ ૧–૨) એટલે કે તેઓ **વૃદ્ધ તપાગચ્છ**માં મળી ગયા હતા.

એક જુની ભાષા પટ્ટાવલીમાં ઉલ્લેખ છે કે આ૦ વિજયદેવસૂરિના સમયે તપગચ્છનાં ૧૩ બેસણાં હતાં. ૧૩માં ચઉદ્દસીયાગચ્છનું પણ નામ છે. આથી સ્પષ્ટ છે કે ચઉદ્દસીયાગચ્છ અને તપગચ્છની સમાચારી એક હતી. તે શ્રાવકો તપગચ્છમાં મળી ગયા છે.

(પટ્ટા૦ સમુ૦ ભા૦ ૨, પૃ૦ ૨૫૬)

*

## કચ્છૂલીગચ્છ

પૂર્ણિમાગચ્છના આ૦ ભદ્રેશ્વરસૂરિની એક શિષ્યપરંપરા કચ્છૂલીગચ્છ નામે જાહેર થઈ હતી. કાછોલી ગામ આબૂ ગિરિરાજની તળેટીમાં છે. તેનાં કચ્છૂલી, કછૂલી અને કચ્છોલિકા એવાં નામ મળે પણ છે. આ સ્થળેથી કચ્છૂલીગચ્છ અને કચ્છોલીજ્ઞાતિ નીકળ્યાં, જેનાં બીજાં નામો કચ્છોલીવાલગચ્છ અને કચ્છોલીવાલજ્ઞાતિ એવાં મળે છે. અહીં કચ્છોલીગચ્છનું ભ૦ પાર્શ્વનાથનું ભવ્ય અને વિશાળ મંદિર છે. કચ્છોલીગચ્છના આ૦ ઉદયસિંહસૂરિના સ્વર્ગવાસ પછી સં૦ ૧૩૦૩ માં અહીંના શેઠ શ્રીપાલ વગેરે ગોષ્ઠી શ્રાવકોએ ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાના જૂના પરિકરને બદલે નવું પરિકર બનાવેલ છે. તે સમયે કોઈ ગચ્છાચાર્ય ન હોવાથી कछोलीगोत्रगुरूणामुपदेशेन એમ લખ્યું છે અને મૂળ બિંબ ખંડિત થઈ જતાં તેના સ્થાને

---

इति श्रीदेवेन्द्रसूरिशिष्यश्रीहेमप्रभसूरिविरचितमर्घकाण्डम् ॥
सं० १३०५ माघ सुदि १३ गुरौ निष्पन्नमिदं ताजिकम् ॥
(–વડોદરા, પ્રાચ્યવિદ્યામંદિરની પ્રતિ નં૦ ૧૨૦૮૭,
સં૦ ૧૨૪૫ હ૦ લિ૦ પ્રતિ, પત્ર : ૧૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૯૭૮ માં એ પુરાણા પરિકરમાં જ ભ૦ સંભવનાથની પ્રતિમા બેસાડવામાં આવી.

પૂર્ણિમાગચ્છના આ૦ ભદ્રેશ્વરસૂરિની એક શિષ્યપરંપરા કચ્છોલીમાં આવી તે 'કચ્છૂલીગચ્છ' તરીકે જાહેર થઈ. એ ગચ્છના આચાર્યો કે યતિઓ રહ્યા નહીં ત્યારે શ્રાવકો પૂર્ણિમાગચ્છની આજ્ઞામાં હતા. કાછોલીની જિનપ્રતિમાઓ ઉપર પૂર્ણિમાપક્ષના ભટ્ટારક સર્વાનંદસૂરિ (સં૦ ૧૪૬૫, સં૦ ૧૪૯૨)નું નામ મળે છે. સિરોહીમાં ભ૦ અજિતનાથની દેરીઓ પર અને આબૂનાં જૈન મંદિરોમાં પૂર્ણિમાપક્ષે કચ્છુવાગલચ્છે, ભદ્રેશ્વરસૂરિસંતાને ભ૦ સર્વાનંદસૂરિ (સં૦ ૧૪૬૫ થી ૧૪૯૨) ભ૦ ગુણસાગરસૂરિ અને યતિ ઉદયવર્ધન (સં૦ ૧૫૨૧ થી ૧૫૪૦ સુધી) વગેરે ઉલ્લેખો મળે છે એટલે કચ્છૂલીગચ્છ પૂર્ણિમાગચ્છની શાખા છે એ નક્કી વાત છે.

**કચ્છૂલીગચ્છપટ્ટાવલી** આ પ્રમાણે મળે છે—

૪૦. **આ૦ ચંદ્રપ્રભસૂરિ**—સં૦ ૧૧૫૯.

૪૧. (આ૦ ધર્મઘોષ તથા) **આ૦ ભદ્રેશ્વરસૂરિ**—તેઓ પૂર્ણિમાગચ્છના હતા. તેઓ છ વિગઈના ત્યાગી હતા. તેમની પાટે પટ્ટધર આ૦ શ્રીપ્રભસૂરિ થયા.

પૂનમિયાગચ્છના આચાર્યે રચેલી સંસ્કૃત 'ક્ષેત્રસમાસ'ની વૃત્તિમાં જણાવ્યું છે કે, આ૦ ભદ્રેશ્વરસૂરિથી પૂર્ણિમાગચ્છની બીજી શાખા નીકળી.

૪૨. **આ૦ શ્રીપ્રભસૂરિ**—તેઓ કચ્છુલીના શ્રીવત્સ કુળના[1] શેઠ છાહડ પોરવાલની શાખાના શેઠ જસહડના પુત્ર હતા. તેમણે શ્રીવત્સકુળની મદદથી કચ્છુલીગચ્છ સ્થાપન કર્યો. તેઓ કચ્છુલીગચ્છના આદિ આચાર્ય હતા. ક્રિયાપાત્ર, વિધિમાર્ગી, ગુણવાન અને તપસ્વી હતા. તે છ વિગઈના ત્યાગી હતા. એકાંતરે ઉપવાસ અને આયંબિલ કરતા હતા. તેમની પાસે વ્યાખ્યાનમાં શાંતિદેવી અને રાતે બ્રહ્મશાંતિ યક્ષ આવતો હતો. તેમણે કવિલકોટમાં માલારોપણ કરાવ્યું. તેમાં ૫૦૦ શ્રાવક તેમજ શ્રાવિકાઓને બાર વ્રત તથા સમકિત વગેરે આપ્યાં.

---

૧. શ્રીવત્સ કુળ માટે જૂઓ, (પ્રક૦ ૩૫, પૃ૦ ૧૯૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે 'ધર્મવિધિ' નામે ગ્રંથ રચ્યો છે. તેઓ આરાસણમાં અનશન કરી કાળધર્મ પામ્યા.

**૪૩. આ૦ માણિક્યસૂરિ**—તે કવિલકોટના શ્રીવત્સકુલના બીજા ભાઈ યશોભટના વંશના શેઠ છાહડના પુત્ર હતા. તેમણે શ્રીપ્રભસૂરિ પાસે દીક્ષા લઈ વ્યાકરણ, છંદ, ન્યાય અને આગમનું અધ્યયન શરૂ કર્યું. ગુરુએ તેમને ગુણવાન જોઈ કચ્છૂલીમાં ભ૦ પાર્શ્વનાથના દેરાસરમાં આચાર્યપદ આપ્યું. તેઓ નિરંતર આયંબિલ કે નીવી કરતા હતા. મહાન તપસ્વી હતા. તેમના ચરણોદકથી રાજા ધવલ (યશોધવલ સં૦ ૧૨૨૦)ની રાણી મરવાની અણી ઉપર હતી તે નીરોગી થઈ ગઈ. તેઓ ધર્મપ્રભાવક હતા. તેમણે પોતાનું મરણ નજીકમાં જાણીને કચ્છૂલી જઈ બાસલના પુત્રને દીક્ષા આપી. તેમજ સંઘ મેળવીને ભ૦ પાર્શ્વનાથના દેરાસરમાં તેમને આચાર્યપદ આપી પોતાની પાટે સ્થાપન કર્યા. તે પછી એ આચાર્ય કાળધર્મ પામ્યા.

૪૨. આ૦ **શ્રીપ્રભસૂરિની** બીજી પરંપરામાં ૪૩. આ૦ નેમિપ્રભ, ૪૪. આ૦ લલિતપ્રભ અને ૪૫. આ૦ **સાગરચંદ્રસૂરિ** થયા. તેમણે 'મંત્રાધિરાજકલ્પ' પાંચ પટલમાં શ્લો૦ ૬૦૦ લગભગ રચ્યા છે.
(–જૈનસ્તોત્રસંદોહ ભા૦ ૨, પૃ૦ ૨૨૭ થી ૨૮૮)

વળી, ૪૨. **આ૦ શ્રીપ્રભસૂરિ,** ૪૩. આ૦ આણંદસૂરિ, ૪૪. આ૦ **અમરપ્રભ**—તેમણે સં૦ ૧૩૧૫ના ફાગણ સુદિ ૪ ને બુધવારે અંબિકાની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. આ મૂર્તિ પાલનપુરમાં વિશલરાયવિહાર—ભ૦ સુપાર્શ્વનાથની ભમતીમાં છે.

**૪૪. આ૦ ઉદયસિંહસૂરિ**—તેઓ કચ્છૂલીના શેઠ બાસલના પુત્ર હતા. તેઓ અજોડ વાદી, અમોઘ વ્યાખ્યાતા, ત્યાગી અને તપસ્વી હતા. આ૦ માણિક્યપ્રભસૂરિએ તેમને ભ૦ પાર્શ્વનાથના દેરાસરમાં દીક્ષા આપી હતી અને થોડા દિવસોમાં જ સંઘને મેળવીને આચાર્યપદવી પણ આપી દીધી હતી. આચાર્ય વિહાર કરતા કરતા ચંદ્રાવતી પધાર્યા ત્યારે અહીં રાજા ધંધલ (ધારાવર્ષ :

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૨૬૩) હતો.[1] તેની સભામાં એક કબાડી ચાખડી પહેરીને આવ્યો. તેણે ઊભા ઊભા જ જાહેર કર્યું કે, 'હું મોટો વાદી છું. મેં મોટા મોટા પંડિતો, બ્રાહ્મણો અને તપસ્વીઓને હરાવ્યા છે. તારી સભામાં એવો કોઈ વિદ્વાન છે કે, જે મારી સાથે વાદ કરે?'

રાજાએ મનમાં વિચાર કરી નિર્ણય કરી લીધો કે, જો આ૦ ઉદયસિંહસૂરિ અહીં પધારે તો મારી સભાની લાજ રહે તેમ છે. રાજા પોતે ઉપાશ્રયે ગયો અને આચાર્યશ્રીને વિનતિ કરી કે, 'આપ રાજસભામાં પધારો ને ચંદ્રાવતીને વિજયમાળા અપાવો.' આચાર્યે રાજા તથા સંઘ સાથે રાજસભામાં જઈ કબાલિયા સાથે વાદ માંડચો. આચાર્યે તેને શાસ્ત્રાર્થમાં હરાવ્યો અને પછી મંત્રવાદમાં પણ આ રીતે હરાવ્યો.

તે કબાલિયાએ ભયંકર કાળો ભોરિંગ સર્પ વિકુર્વ્યો. આચાર્યે ગરુડ મોકલી તેને પકડાવી લીધો. તેણે એક ધસમસતો વાઘ વિકુર્વ્યો ને રાજસભામાં ખળભળાટ મચી ગયો. આચાર્યશ્રીએ રજોહરણ મોકલી વાઘને દૂર હઠાવ્યો ને સભામાં હર્ષનાદ થયો. તેણે પોતાનું ખપ્પર આકાશમાં ઊંચે ઉડાડયું ત્યારે આચાર્યશ્રીએ તે ખપ્પર નીચે કબાલિયા ઉપર ઉતાર્યું ને તેના માથે પડતાં તેના ટુકડે ટુકડા થઈ ગયા. આથી કબાલિયાનું મોં શરમથી શ્યામ પડી ગયું. સભાએ બૂમાબૂમ મચાવી દીધી. કબાલિયો દોડતો આવીને આચાર્યશ્રીના ચરણમાં ઝૂકી પડચો અને તેણે તેમની માફી માગી.

સભામાં મોટો અવાજ ઊઠયો કે આચાર્ય જીતી ગયા, જીતી ગયા.

આચાર્યશ્રીએ એ ખપ્પરના ટુકડા જોડી તેને મંત્રથી સાંધી દઈ મિષ્ટાન્નથી ભરી દીધું ને આચાર્યશ્રીનો જયકાર થયો.

આચાર્યશ્રી ત્યાંથી વિહાર કરી નાગહ્રદ તીર્થની યાત્રા કરી આહડ પધાર્યા. અહીં ટોડર નામે દિગંબર વાદી હતો, જે જાળ, કોદાળી, નીસરણી લઈ, પેટે પાટો બાંધી ફરતો હતો અને તે કેવલિભુક્તિ તેમજ સ્ત્રીમુક્તિનો નિષેધ કરતો હતો.

---

૧. સં૦ ૧૨૬૫ થી ૧૨૮૩ સુધીમાં નાડોલમાં ધાંધલદેવ ચૌહાણ રાજા હતો. (જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૭૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્ય ઉદયસિંહસૂરિએ તેની સાથે વાદ કર્યો. તેમણે જીવ માત્ર સિદ્ધ અવસ્થામાં તથા વક્રગતિના ત્રણ સમયમાં આહાર લેતા નથી, બાકી તો તે નિરંતર આહાર લે જ છે. એટલે કેવલીને આહારનો અભાવ માનવો એ તો ભ્રમણા જ છે. આ વિશે નંદિમુનિ વગેરે અનેક દૃષ્ટાંતો મળે છે. મરુદેવી માતા હાથીના હોદ્દા ઉપર બેઠેલી અવસ્થામાં મોક્ષે ગયાં. આથીયે એ ચોક્કસ છે કે, સ્ત્રી મોક્ષે જઈ શકે છે. ઇત્યાદિ પ્રમાણો આપી તેને હરાવ્યો.

તેમણે 'પિંડવિસોહીદીપિકા, સં૦ ૧૨૯૫ માં ચેઇયવંદણદીપિકા અને સં૦ ૧૨૫૩માં શ્રીપ્રભસૂરિએ રચેલા 'ધર્મવિધિ' ગ્રંથ ઉપર ટીકા (ગ્રં૦ : ૫૫૨૦) રચી છે.

આચાર્યશ્રીએ આખરે ચંદ્રાવતી પધારી શ્રાવકોને ભલામણ કરી કે, 'કચ્છૂલીમાં સાજણ શેઠનો એક છ મહિનાનો પુત્ર છે તેને મારી પાટે સ્થાપજો.'

તેઓ સં૦ ૧૩૦૨ માં કાળધર્મ પામ્યા.

તે પછી બીજે વર્ષે એટલે સં૦ ૧૩૦૩ માં ગોહી શેઠ શ્રીપાલ વગેરે શ્રાવકોએ ભ૦ પાર્શ્વનાથના દેરાસરમાં મૂળનાયક ભ૦ પાર્શ્વનાથના દેરાસરની પ્રતિમાના જૂના પરિકરને સ્થાને નવું પરિકર બનાવ્યું.

**૪૫. આ૦ કમલસિંહસૂરિ**—તેઓ કચ્છુલીના શ્રીવત્સકુળના શેઠ છાહડ પોરવાલના વંશના શેઠ સાજનના પુત્ર હતા. તેમનો જન્મ સં૦ ૧૩૦૧માં, દીક્ષા સં૦ ૧૩૦૬માં અને સં૦ ૧૩૦૮ના વૈશાખ સુદિ ૩ ના દિવસે તેમને આચાર્યપદ મળ્યું. સંઘે તેમને આ૦ ઉદયસિંહસૂરિની પાટે સ્થાપન કર્યા. તેમણે ગૌતમસ્વામીનો મંત્ર સાધ્યો. તેમણે યોગોપધાન કર્યાં. અગિયાર અંગોનું અધ્યયન કર્યું. ગુજરાત, મેવાડ, માલવા, ઉજ્જૈન વગેરે સ્થાને વિહાર કરી ઘણી શાસનપ્રભાવના કરી. તેમણે સં૦ ૧૩૩૭માં છયણી નગરમાં પોતાની પાટે આ૦ પ્રજ્ઞાતિલકને સ્થાપન કરી અનશન સ્વીકારી આત્મકલ્યાણ સાધ્યું.

**૪૬. આ૦ પ્રજ્ઞાતિલકસૂરિ**—તેઓ શ્રીવત્સકુળના શેઠ છાહડના વંશના પોરવાડ હતા. તેમને સં૦ ૧૩૩૭ માં આચાર્યપદ મળ્યું. તેમના

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શિષ્યે સં૦ ૧૩૬૩ માં કોરટાના દેરાસરમાં 'કચ્છુલીરાસ' રચ્યો.

**૪૭. આ૦ રત્નપ્રભસૂરિ**—તેઓ શ્રીવત્સકુળના શેઠ છાહડ પોરવાલના વંશના હતા. સંભવતઃ તેમણે જ સં૦ ૧૩૬૭ માં 'કચ્છુલીરાસ' બનાવ્યો. જસાકની બહેન વીંઝીએ તેમને 'ઉપદેશમાલા' વહોરાવી. સંભવતઃ આ૦ રત્નપ્રભસૂરિ સં૦ ૧૩૭૧માં શત્રુંજયોદ્ધારમાં હાજર હતા.

**૪૮. આ૦ નરચંદ્રસૂરિ**—સં૦ ૧૪૧૮ના કાર્તિક વદિ ૧૦ ના રોજ કચ્છુલીમાં તેમના ભાઈ ગુણભદ્ર નામે હતા.

(–કચ્છુલીરાસ, કાછોલી-દેરાસરના શિલાલેખો, પટ્ટાવલીસમુચ્ચય ભા૦ ૨, જૈનસત્યપ્રકાશ ક્રમાંક : ૧૪૫, જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ : ૮૬)

કછોલીગચ્છમાં સં૦ ૧૫૦૦ માં આ૦ સકલચંદ્ર અને સં૦ ૧૫૭૩ માં આ૦ વિજયરાજ તથા તેમના પટ્ટધર આ૦ વિદ્યાસાગર થયા હતા.

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ એકતાલીશમું

*

## આ૦ અજિતદેવસૂરિ

આ૦ **મુનિચંદ્રસૂરિ**ની પાટે આ૦ **અજિતદેવસૂરિ** થયા. તેઓ આ૦ મુનિચંદ્રસૂરિના શિષ્ય હતા. પટ્ટધર હતા. છયે દર્શનોના ન્યાયગ્રંથોના પારગામી હતા. સંસ્કૃતમાં ગદ્ય-પદ્ય રીતે શીઘ્રતાથી બોલી શકતા હતા. તર્કના સાગર હતા. આથી વાદીઓ તેમનાથી હાર પામી દૂર દૂર ચાલ્યા જતા હતા. (–દ્વિસંધાનકાવ્ય)

તેઓ સૌરાષ્ટ્રમાં ઘણો કાળ વિચર્યા. તેમણે સં૦ ૧૧૯૧માં **જીરાવલાતીર્થની** સ્થાપના કરી.

આ અરસામાં ઘણા પ્રભાવક જૈનાચાર્યો, જૈન રાજાઓ, જૈન વિદ્વાનો, જૈન સ્ત્રીરત્નો અને વિવિધ સાહિત્યનું નિર્માણ વગેરે થયાં.

**યુગપ્રધાનાચાર્ય ધર્મઘોષસૂરિ** (સં૦ ૧૧૮૮)—

તેમનો યુગપ્રધાનકાળ સં૦ ૧૧૧૦ થી ૧૧૮૮ હતો. તેઓ રાજગચ્છના આ૦ ધર્મઘોષસૂરિ હોવાનો સંભવ છે. (પ્ર૦૩૫, પૃ૦ પ્ર૦૩૯)

**આ૦ હેમચંદ્રસૂરિવરો**—

રાજા સિદ્ધરાજ અને રાજા કુમારપાલના રાજકાળમાં આ૦ હેમચંદ્રસૂરિ નામના ત્રણ વિદ્વાનો થયા હતા.

(૧) મલધારગચ્છના આ૦અભયદેવસૂરિના પટ્ટધર સં૦ ૧૧૬૪. (પ્રક૦ ૩૮, પૃ૦ ૩૨૬)

(૨) પૂર્ણતલ્લગચ્છના આ૦ દેવચંદ્રસૂરિના પટ્ટધર કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિ, સ્વ૦ સં૦ ૧૨૩૯. (પ્રક૦ ૪૧)

(૩) વડગચ્છના આ૦ વિજયસિંહસૂરિના પટ્ટધર. (પ્રક૦ ૪૨)

**આ૦ વિનયચંદ્રસૂરિ** (સં૦ ૧૧૬૬)—

તેઓ વડગચ્છના આ૦ ઉદ્દ્યોતનસૂરિના શિષ્ય ઉપા૦ આમ્રદેવસૂરિના શિષ્ય હતા, ઉપાધ્યાય હતા, તેમણે સૈદ્ધાંતિક આ૦ મુનિ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંદ્રસૂરિને અભ્યાસ કરાવ્યો. સં૦ ૧૧૬૬માં 'કથાકોશ' નામે ગ્રંથની રચના કરી.

**આ૦ યશોદેવસૂરિ** (સં૦ ૧૧૭૭-૧૧૮૨)—

તેઓ પ્રસિદ્ધ આ૦ **વીરગણિ** મિશ્રના પ્રશિષ્ય હતા. (પ્રક૦ ૩૪, પૃ૦ ૫૮૯) તેમણે ઘણા ગ્રંથો રચ્યા હતા. તે આ પ્રકારે છે—

૧. પંચાસગ વૃત્તિ, સં૦ ૧૧૭૨.

૨. ઇર્યાપથિકી–ચૈત્યવંદન–વંદનકચૂર્ણિ, સં૦ ૧૧૭૪.

૩. આ૦ જિનવલ્લભકૃત 'પિંડવિસોહી'ની લઘુવૃત્તિ (ગ્રં૦ ૨૮૦૦), સં૦ ૧૧૭૬માં, જેને વડગચ્છના શ્રુતનિકષપટ્ટ પૂજ્ય મુનિચંદ્રસૂરિએ શોધી હતી. કચ્છૂલીગચ્છના આ૦ **ઉદયસિંહે** આ વૃત્તિના આધારે સં૦ ૧૨૯૫માં 'પિંડવિસોહી–દીપિકા' રચેલી છે.

૪. પક્ખિસુત્તની સુખાવબોધિકાવૃત્તિ.

૫. ખામણા–અવચૂરિ ગ્રં૦ ૩૧૦૦, સં૦ ૧૧૮૦માં રાજા સિદ્ધરાજના રાજ્યમાં પાટણમાં સોની નેમિચંદ્રની પોષાળમાં રચી. (પૂના–પ્રશસ્તિસંગ્રહ, પ્રતિ નં૦ ૧૧૫૫)

૬. પચ્ચકખાણ સરૂવં, સં૦ ૧૧૮૨.

૭. પારુકા સંહિઅં—ચઢાવલીમાં તેનો ઉદ્ધાર કર્યો. (પ્રક૦ ૩૪ પૃ૦ ૫૮૯)

**આ૦ દેવગુપ્તસૂરિ**—

આ૦ દેવગુપ્તે સવા લાખ દ્રમ્મ છોડી દીક્ષા લીધી. તેમનાં મુનિ ધનદેવ, ઉપા૦ યશોદેવ અને આ૦ દેવગુપ્તસૂરિ એવાં નામો મળે છે.

૧. તેમણે સં૦ ૧૧૬૫માં પાટણમાં ભ૦ મહાવીરસ્વામીના ઉપકેશગચ્છના દેરાસરમાં પોતાના પૂર્વજ આ૦ દેવગુપ્તે (પ્રક૦ ૧, પૃ૦ ૨) રચેલી 'નવપદપ્રકરણ'ની લઘુવૃત્તિ પર 'બૃહદ્વૃત્તિ' રચી.

૨. સં૦ ૧૧૭૪માં તે જ સ્થાને તેમણે 'નવતત્ત્વ પ્રકરણ'વૃત્તિ રચી.

૩. સં૦ ૧૧૭૮માં 'ચંદ્રપ્રભચરિત્ર' રચ્યું, જે આશાપુરમાં શરૂ કરીને પાટણમાં પૂર્ણ કર્યું.

જૈન સાઈટ JAINSITE .com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓ સં૦ ૧૨૩૨ સુધી વિદ્યમાન હતા. તેમણે પોતાની પાટે પોતાના ગુરુભાઈ સિદ્ધસૂરિને સ્થાપન કર્યા અને તેમનું સ્વર્ગગમન થવાથી સં૦ ૧૨૩૨માં આ૦ કક્કસૂરિને સ્થાપન કર્યા.

(—પ્રક૦ ૧, પૃ૦ ૨૯, ૩૦)

**શ્રીવીરાચાર્ય—**

તેઓ ભાવાચાર્યગચ્છના સિદ્ધપુરુષ હતા. રાજા સિદ્ધરાજના ગુરુ હતા. (તેમનો પરિચય જુઓ, પ્રક૦ ૩૪, પૃ૦ ૫૫૭માં) કલ્યાણના રાજા પરમર્દિએ તેમને ૫, હાથી ભેટ આપ્યા હતા.

(વિ૦ ગ૦ પટ્ટા૦ સં૦ પૃ૦ ૬૫)

**આ૦ અમરચંદ્રસૂરિ, આ૦ હરિભદ્રસૂરિ—**

આ૦ અમરચંદ્રસૂરિએ 'સિદ્ધાંતાર્ણવ'ની રચના કરી અને આ૦ હરિભદ્રે સં૦ ૧૨૫૦માં 'તત્ત્વબોધ' તથા 'ચંદ્રપ્પહચરિત્ર' રચ્યું.

(જૂઓ : પ્રક૦ ૩૫, પૃ૦ ૬)

**આ૦ સાગરચંદ્રસૂરિ—**

તેઓ રાજગચ્છના **આ૦ વૈરસ્વામી**ના પટ્ટધર આ૦ નેમિચંદ્રસૂરિના પટ્ટધર હતા. આ૦ **વર્ધમાનસૂરિ** જણાવે છે કે, તેમણે રાજા **સિદ્ધરાજ** વિશેના વર્ણનનો ગ્રંથ રચ્યો હતો. તેમની વાણી પ્રાસાદિક હતી. જેમકે—

द्रव्याश्रयाः श्रीजयसिंहदेव ! गुणाः कणादेन महर्षिणोक्ताः ।
त्वया पुनः पण्डितदानशौण्ड ! गुणाश्रयं द्रव्यमपि व्यधायि ॥

તેમની પાટે તેમના ગુરુભાઈ **માણિકચચંદ્ર** આવ્યા હતા.

(—મુદ્રિત ગુણરત્નમહોદધિ, પૃ૦ ૧૪૪. મો૦ દ૦ દેસાઈનો જૈનસાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પારા. ૩૬૨, પ્રક૦૩૫, પૃ૦૩૬)

**આ૦ નન્નસૂરિ—**

તેમણે સં૦ ૧૧૯૯માં 'ધમ્મવિહી' ગ્રંથ રચ્યો.

**શ્રીવર્ધમાનાચાર્ય—**

તેઓ નિર્વૃતિકુલના **કામ્યકગચ્છના શ્રીગોવિંદાચાર્ય**ના શિષ્ય હતા. તેમણે સં૦ ૧૧૯૭માં 'ગણરત્નમહોદધિ' (વ્યાકરણ વિષયક)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રંથ રચ્યો. (-જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૪૯; પ્રક૦ ૩૮, પૃ૦ )

**આ૦ જયમંગલસૂરિ—**

જાલોરના દેવાચાર્યગચ્છમાં આ૦ જયમંગલ (સં૦ ૧૩૧૯ થી ૧૩૩૪) થયા છે તે આ આચાર્યથી જુદા છે. (જૂઓ પ્રક૦ ૪૧ )

તેમણે સં૦ ૧૧૯૦ થી સં૦ ૧૧૯૮ના ગાળામાં પાટણમાં રાજા **સિદ્ધરાજ**ની સભામાં 'કવિશિક્ષા' નામના ગ્રંથની રચના કરી.

**આ૦ પ્રદ્યુમ્નસૂરિ, આ૦ શાંતિસૂરિ—**

પૂર્ણતલ્લગચ્છમાં થયેલા ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિના ગુરુભાઈ આ૦ પ્રદ્યુમ્નસૂરિ સં૦ ૧૨૨૯ તથા આ૦ શાંતિસૂરિ સં૦ ૧૧૮૦માં થયા. (જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૧૨)

**આ૦ સુમતિસૂરિ—**

તેઓ સંડેરકગચ્છમાં આ૦ ઇશ્વરસૂરિથી ૮મી પાટે થયા. તેમણે 'દસવેયાલિયસુત્ત'ની ટીકા રચી છે, જે સં૦ ૧૧૮૮માં તાડપત્ર ઉપર લખાયેલી છે. (પ્રક૦ ૩૪, પૃ૦ ૫૬૮)

**આ૦ મલ્લવાદી—**

તેમનો પરિચય અગાઉ જણાવ્યો છે. (જૂઓ પ્રક૦ ૨૩, પૃ૦ ૩૮૦)

**સાધ્વી દેવશ્રી ગણિની—**

તેમણે સં૦ ૧૧૯૨માં ખેડામાં **રાજા સિદ્ધરાજ**ના મંત્રી **ગાંગિલ**ના કાળમાં **ખેડા**ના વહીવટદાર રાજ૦ સોમદેવના સમયે આ૦ **મહેશ્વરસૂરિ**એ રચેલી 'પુપ્ફવઈકહા'ની પ્રતિ તાડપત્રમાં લખાવી. (-જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પારા : ૩૫૫)

**સાધ્વીજી—**

પૂજ્ય મૂલચંદજી ગણિવરના સમુદાયના મુનિવર શ્રીયશોવિજયજીના સંગ્રહમાં સં૦ ૧૨૦૫ની મહત્તરા સાધ્વીજીની પ્રતિમા વિદ્યમાન છે.

પાટણના અષ્ટાપદજીના દેરાસરમાં સં૦ ૧૨૦૫ની સાધ્વીજી **દેમતી ગણિની**ની મૂર્તિ વિરાજમાન છે.

સંભવ છે કે, આ દેમતી ગણિની તે બ્રાહ્મણગચ્છના આ૦

JAINSITE.com
www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

વિમલસૂરિની સાધ્વી મીનાગણિ શિષ્યા નંદાગણિની, તેમની શિષ્યા લક્ષ્મીદેમતી હોય. (જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૬૮)

માતરના દેરાસરમાં સં૦ ૧૨૯૮ની **આર્યા પદ્મશ્રીની** પ્રતિમા છે.
(–જૈનયુગ (નવું) વ૦ ૨, અંક : ૧)

**આ૦ મલયગિરિ—**

તેઓ વિક્રમની બારમી સદીની સમાપ્તિ સમયના સમર્થ ગ્રંથકાર હતા. આગમિક રહસ્યના સફળ પ્રકાશક હતા. આ આચાર્યશ્રીના જીવન વિશે કોઈ માહિતી મળતી નથી. અંધારામાં દીવા જેવો એક માત્ર ઉલ્લેખ મળે છે કે, આ૦ દેવચંદ્રસૂરિ, આ૦ હેમચંદ્રસૂરિ અને આ૦ મલયગિરિએ એકીસાથે સરસ્વતીની સાધના કરી હતી અને તેમની પાસેથી વરદાન મેળવ્યું હતું. આ૦ મલયગિરિએ સિદ્ધાંતોની સરળ ટીકા કરવાનું વરદાન માગ્યું હતું, અને દેવીએ 'તથાઽસ્તુ' કહ્યું હતું.

તે પછી તેમણે કીમતી સાહિત્યભંડાર રજૂ કર્યો. એ ગ્રંથોના નામ આ પ્રકારે છે—

૧. ભગવઈસુત્ત શતક બીજાની વૃત્તિ.
૨. ભગવઈસુત્ત શતક વીસમાની વૃત્તિ.
૩. રાયપસેણીસુત્ત-વૃત્તિ (ગ્રં૦ : ૩૭૦૦).
૪. જીવાજીવાભિગમસુત્ત-વૃત્તિ (ગ્રં૦ : ૧૩૦૦૦).
૫. પન્નવણાસુત્ત-વૃત્તિ (ગ્રં૦ : ૧૬૦૦૦).
૬. સૂરપણ્ણત્તિ-વૃત્તિ (ગ્રં૦ : ૯૦૦૦).
૭. ચંદપણ્ણત્તિ-વૃત્તિ (ગ્રં૦ : ૯૪૧૧).
૮. જંબૂદીવપણ્ણત્તિ-વૃત્તિ.
૯. નંદીસૂત્ર-વૃત્તિ (ગ્રં૦ : ૭૭૩૫).
૧૦. મહાકપ્પસૂત્ર–પેઢિયાવૃત્તિ (ગ્રં૦ : ૧૩૧૪).
આ વૃત્તિ અધૂરી રહી છે. આ૦ ક્ષેમકીર્તિએ તેને પૂરી કરી છે.
૧૧. વવહારસુત્ત-વૃત્તિ (ગ્રં૦ : ૩૩૬૨૫).
૧૨. જોઈસકરંડય-વૃત્તિ (ગ્રં૦ ૫૦૦૦).
૧૩. આવસ્સયસુત્ત-વૃત્તિ (ગ્રં૦ : ૨૨૦૦૦).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૪. ઓહનિજ્જુત્તિ-વૃત્તિ, (ગ્રં૦ : ૭૫૦૦).
૧૫. પિંડનિજ્જુત્તિ-વૃત્તિ, (ગ્રં૦ : ૭૦૦૦).
૧૬. વિસેસાવસ્સય-વૃત્તિ, (ગ્રં૦ : ....).
૧૭. કમ્મપયડી-વૃત્તિ.
૧૮. ખિત્તસમાસ-વૃત્તિ.
૧૯. હારિભદ્રીય ધમ્મસંગહણી-વૃત્તિ.
૨૦. ધર્મસાર-વૃત્તિ.
૨૧. ચંદ્રપ્રભ મહત્તરકૃત-પંચસંગહ-વૃત્તિ, (ગ્રં૦ : ૧૮૮૫૦).
૨૨. ષડશીતિ-વૃત્તિ.
૨૩. સપ્તતિકા-વૃત્તિ.
૨૪. **મુષ્ટિ વ્યાકરણ**–(શબ્દાનુશાસન) અ૦ ૧૨, સ્વોપજ્ઞ-વૃત્તિ સાથે સં૦ ૧૨૦૮.
૨૫. **દેશીનામમાલા**, સં૦ ૧૨૦૮.

जैन साईट JAINSITE

આચાર્યશ્રીએ પોતાના ગ્રંથોમાં શબ્દસિદ્ધિ માટે પોતાના ‘મુષ્ટિ-વ્યાકરણ’નાં જ સૂત્રો ટાંકયાં છે અને પોતાની ‘દેશીનામમાલા’નો ઉપયોગ કર્યો છે. આચાર્યશ્રીએ રાજા **સિદ્ધરાજના** સમયે ‘મુષ્ટિ-વ્યાકરણ’ અને રાજા કુમારપાલના સમયે તેની ટીકા બનાવી છે. ‘સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસન’ અને ‘મુષ્ટિવ્યાકરણ’માં સૂત્ર તથા પ્રયોગોની એવી સામ્યતા છે કે સામાન્ય મનુષ્ય એમાં ભૂલ કરી બેસે. જેમકે—

“ सिद्धिः स्याद्वादात् ॥ लोकात् ॥ ख्याते दृश्ये ॥ अदहदरातीन् कुमारपालः ॥” (–સિદ્ધહેમચન્દ્ર વ્યાકરણ)

“ सिद्धिरनेकान्तात् ॥ लोकाद् वर्णक्रमः ॥ ख्याते दृश्ये ॥ अरुणत् कुमारपालोऽरातीन् ॥” (–મુષ્ટિવ્યાકરણ)

‘જીવાજીવાભિગમસૂત્ર’ની વૃત્તિમાં **દેશીનામમાલા**નાં જે પ્રમાણો આપ્યાં છે તે કવિ **ધનપાલ** અને આ૦ હેમચંદ્રસૂરિની ‘દેશીનામ-માલા’નાં નથી, એટલે માની શકાય એમ છે કે, આ પાઠ પણ વ્યાકરણની જેમ પોતાની જ ‘દેશીનામમાલા’ના આપ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓ 'આવસ્સયસુત્ત'ની વૃત્તિમાં ક૦ સ૦ **હેમચંદ્રસૂરિને**— 'तथा चाहुः स्तुतिषु गुरवः' કહી સંબોધે છે.

આચાર્યશ્રીએ આ ગ્રંથો રચતાં એક જ કામના રાખી હતી કે, 'મને આ ગ્રંથ બનાવવાથી જે લાભ થાય તે વડે જગતના તમામ જીવો બોધિબીજને પામે, એમ હું ઇચ્છું છું.'

'આ ગ્રંથ રચનાના ફળરૂપે મારી એ જ અભિલાષા છે કે, સૌ જીવો સમ્યક્ત્વ પામે, આત્મકલ્યાણ સાધે અને મોક્ષ મેળવે.'

તેઓ આ પરહિત ભાવનાથી જ જગતને મોટો ગ્રંથસંગ્રહ આપી ગયા છે.

આ૦ **ક્ષેમકીર્તિસૂરિ** તેમનાં **મલય** નામ અને સાહિત્યની મીઠાશને મિતાક્ષરીમાં શ્રદ્ધાંજલિ અર્પતાં કહે છે કે—

' आगमदुर्गमपदसंशयादितापो विलीयते विदुषाम् ।
यद्वचनचन्दनरसैः मलयगिरिः स जयति यथार्थः ॥'

(સં૦ ૧૩૩૨ના જેઠ સુદિ ૧૦ ને રવિવારે 'કલ્પભાષ્ય'ની મોટી ટીકા ગ્રં૦ : ૪૨૬૦૦)

(–જૈન સત્યપ્રકાશ, ક્રમાંક : ૭૩–૭૪–૭૫–એક જ અંક)

**આ૦ ચંદ્રસૂરિ**—તે નાગેંદ્રગચ્છના હતા. તેમણે વિવિધ ગ્રંથો બનાવ્યા હતા. સં૦ ૧૧૮૦ માં રાજા સિદ્ધરાજના રાજ્યમાં તેમણે પાટણમાં સોની નેમિચંદની પોષાળમાં પક્ખિસુત્તની વૃત્તિ (ગ્રં૦ : ૩૧૦૦) રચી હતી. આ વૃત્તિને વિહારી ગીતાર્થ આચાર્યોએ શોધી હતી.

(–પૂના, પ્રશસ્તિસંગ્રહ, પ્ર૦ નં૦ ૧૧૫૫)

વિશેષ માટે જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૪)

**આ૦ સિદ્ધસેનસૂરિ**—

ઉપકેશગચ્છના મુનિ સાધારણ કવિએ સં૦ ૧૧૨૩ માં ધંધુકામાં 'વિલાસવઈકહા' રચી. તે પછી તેઓ આ૦ સિદ્ધસેનસૂરિ થયા.

**આ૦ વાદિદેવસૂરિ**—

ગુજરાતની ઉત્તરે આવેલા આબૂ પહાડથી નૈઋત્ય ખૂણામાં ૨૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માઈલ દૂર **મડાર** નામે ગામ છે.[1] ત્યાં વીરનાગ નામે પોરવાલ શ્રેષ્ઠી રહેતો હતો. તેને જિનદેવી નામે પત્ની હતી. એ કુટુંબ આ૦ મુનિચંદ્રસૂરિને ગુરુ તરીકે માનતું હતું.

એક વખત જિનદેવીએ સ્વપ્નમાં પોતાના મુખમાં પેસતા ચંદ્રમાને જોયો ને તેણે સં૦ ૧૧૪૩ના માઘ માસની વદિ ૬ ને સોમવારે હસ્તનક્ષત્રમાં **પૂર્ણચંદ્ર** નામના બાળકને જન્મ આપ્યો.

એકવાર ભયંકર દુકાળ પડતાં શેઠ વીરનાગ મડાર છોડી ભરુચ આવીને વસ્યો. ત્યાં આ૦ મુનિચંદ્રસૂરિ પધાર્યા હતા. તેમના ઉપદેશથી ત્યાંના શ્રાવકોએ વીરનાગને બધી રીતે સહાય આપી. આઠ વર્ષનો પૂર્ણચંદ્ર પણ મસાલાની ફેરી કરવા લાગ્યો. તે ખાસ નિયત ઘરોમાં જતો હતો. ત્યાંથી તેને દ્રાક્ષ વગેરે ચીજો ખાવાને મળતી. અહીંના એક શેઠના પાપના ઉદયથી ઘરમાંના સોનૈયા અને રૂપિયા કોલસા બની ગયા હતા. તે તેણે ઉકરડે નાખ્યા. એવામાં પૂર્ણચંદ્ર ફેરી કરતો કરતો તેને ઘેર ગયો અને ઉકરડે ધન પડેલું જોઈને તે શેઠને કહેવા લાગ્યો : 'શેઠજી ! તમે આ ધન ઉકરડે કેમ નાખ્યું છે ?' શેઠે પૂર્ણચંદ્રને ભાગ્યશાળી સમજી જણાવ્યું કે, 'ભાઈ ! તું આ ધન વાંસની છાબમાં ભરી ભરીને મને આપ.' સરળ બાળકે તે મુજબ કર્યું એટલે કોલસા સોનું-રૂપું બની ગયા. શેઠે પ્રસન્ન થઈ પૂર્ણચંદ્રને એક સોનામહોર ઈનામમાં આપી.

આ૦ **મુનિચંદ્રસૂરિ**એ આ વૃત્તાંત જાણી વીરનાગને કહ્યું : 'મહાનુભાવ ! લક્ષ્મી આ બાળકને વરવા ઇચ્છે છે, એવાં એનાં લક્ષણો છે. એ બાળક ભાગ્યશાળી છે. જો એ સાધુ થાય તો શાસનની ભારે ઉન્નતિ કરે. આચાર્યશ્રીએ આ પ્રમાણે કહી તેની પાસે પૂર્ણચંદ્રની માગણી કરી. શેઠે વિનીતભાવે જણાવ્યું, 'ગુરુદેવ ! હું વૃદ્ધ થયો છું. તેની મા પણ વૃદ્ધ છે. અમારે આ એક જ પુત્ર છે. અમારું ભાવિ એના ઉપર જ છે.' છતાં 'ગુરુદેવની આ આજ્ઞા હું સહર્ષ

---

૧. મડાર ગામ અને મડાહડગચ્છના પરિચય માટે જુઓ (પ્રક૦ ૩૭, પૃ૦ ૨૬૭)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વીકારું છું.' શાસનની ઉન્નતિ માટે હું પુત્રવાત્સલ્યનો ભોગ આપું છું.'

આચાર્યશ્રીએ પૂર્ણચંદ્રના મા-બાપની રજા મેળવી સં૦ ૧૧૫૨ માં તેને દીક્ષા આપી તેનું નામ મુનિ **રામચંદ્ર** રાખ્યું.

શ્રીસંઘે પણ શેઠ વીરનાગ અને જિનદેવી આનંદથી જીવન ગુજારે અને નિશ્ચિંતપણે ધર્મધ્યાન કરી શકે એવી વ્યવસ્થા કરી દીધી.

મુનિ રામચંદ્રે વ્યાકરણ, સાહિત્ય, ન્યાય અને સિદ્ધાંતનું જ્ઞાન મેળવ્યું. તેમણે થોડા સમયમાં જ વાદશક્તિ કેળવી લીધી. એ શક્તિથી તેમણે ધોળકામાં શિવસુખ બ્રાહ્મણને, સાચોરમાં કાશ્મીર સાગર (કિરપુર)ને, નાગોરમાં દિગંબર ગુણચંદ્રને, ચિત્તોડમાં શિવભૂતિ ભાગવતને, વસુભૂતિ મીમાંસકને, ગ્વાલિયરમાં ગંગાધરને, ધારામાં ધરણીધરને, પુષ્કરિણીમાં પદ્માકરને, ભરૂચમાં કૃષ્ણ બ્રાહ્મણને, નરવરમાં શ્રીસારને તથા તહુનગઢમાં ગેરુઆ વસ્ત્રધારીને હરાવી **વાદી** તરીકેની નામના મેળવી.

એ સમયે ખ્યાતનામા વિદ્વાનો વાદી મુનિ રામચંદ્ર, મહાપંડિત વિમલચંદ્ર, બુદ્ધિશાળી હરિચંદ્ર, પં૦ સોમચંદ્ર, કુલભૂષણ પાર્શ્વચંદ્ર, વિદ્વાન્ શાંતિચંદ્ર (શાંતિકળશ) અને સ્વચ્છ આશયી અશોકચંદ્ર પ્રાજ્ઞ એ દરેકમાં પરસ્પર ગાઢ પ્રેમ હતો.

આ કથનનો વિશાળ અર્થ એ થાય છે કે, પં૦ રામચંદ્ર તે વડગચ્છના આ૦ વાદી દેવસૂરિ, પં૦ વિમલચંદ્ર તે ઉપાધ્યાય વિમલચંદ્ર ગણિ, હરિચંદ્ર તે વડગચ્છના આ૦ હરિભદ્ર (સં૦ ૧૨૨૩માં ચંદપ્પહચરિયના કર્તા), પં૦ **સોમચંદ્ર** તે ક૦ સ૦ આ૦ **હેમચંદ્રસૂરિ,** પં૦ પાર્શ્વચંદ્ર તે રાજગચ્છના આ૦ ચંદ્રસૂરિ, પં૦ શાંતિચંદ્ર તે પિપ્પલકગચ્છસ્થાપક આ૦ શાંતિસૂરિ અને અશોકચંદ્ર તે સુવિહિતશાખાના આ૦ અશોકચંદ્રસૂરિ એ સૌ સમકાલીન વિદ્વાન મુનિવરો હતા, જેઓ આપસઆપસમાં અત્યંત **પ્રેમભાવ**નો વર્તાવ રાખતા.

ગુરુમહારાજે સં૦ ૧૧૭૪ તપો(મહા)માસ સુદિ ૧૦ ના રોજ મહામાત્ય **આશુક** પોરવાડની વિનતિથી પં૦ રામચંદ્રને આચાર્યપદ આપ્યું, જેઓ આ૦ **દેવસૂરિજી,** દેવાચાર્ય, આ૦ દેવચંદ્રસૂરિ

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા આ૦ **વાદિદેવસૂરિ** એમ વિવિધ નામોથી વિખ્યાત થયા.

આ૦ દેવસૂરિએ પોતાની ફોઈને દીક્ષા આપી, તેનું નામ સાધ્વી **ચંદનબાલા** રાખ્યું. આ૦ દેવસૂરિના કુટુંબમાંથી માતા, પિતા, ભાઈ વિજય, અને બેન સરસ્વતીએ તેમજ વિમલચંદ્ર વગેરેએ તો પહેલેથી દીક્ષા અંગીકાર કરી હતી.

શેઠ **ઉદયને ધોળકામાં** શ્રીસીમંધરસ્વામીની પ્રતિમા ભરાવી. તેની અંજનશલાકા કરવા માટે અઠ્ઠમ તપ કરી શાસનદેવીને પૂછ્યું. દેવીએ જણાવ્યું કે, 'આ૦ દેવસૂરિ યુગપ્રધાન છે. તેમના હાથે આ પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવજે, આ૦ દેવસૂરિએ તે શેઠની વિનતિથી ધોળકામાં આવીને સં૦ ૧૧૭૫માં તે પ્રતિમાની અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરી, જે સ્થાન ' ઉદાવસહી 'ના નામથી પ્રસિદ્ધ થયું.[1]

આ આચાર્યશ્રીએ નાગોર તરફ વિહાર કર્યો. તેઓ સપરિવાર આબૂતીર્થમાં પધાર્યા. પહાડ ઉપર ચડતાં રસ્તામાં મહેતા અંબાપ્રસાદને સાપ કરડ્યો હતો, પણ આચાર્યશ્રીના પાદપ્રક્ષાલન કરેલા પાણીથી તેનું તે ઝેર ઊતરી ગયું. સૌએ આનંદપૂર્વક ઉપર જઈને ભ૦ ઋષભદેવની યાત્રા કરી.

JAINSITE.com जैनम् जयति शासनम्

અહીં **અંબિકાદેવી**એ પ્રત્યક્ષ થઈ આચાર્યશ્રીને જણાવ્યું કે, 'ગુરુદેવનું આયુષ્ય માત્ર ૮ મહિના બાકી છે. તો તમે પાછા ફરો અને પાટણ પધારો.' આથી આચાર્યશ્રી વિહાર કરી પાટણ પધાર્યા. અને આ૦ **મુનિચંદ્રસૂરિ**એ સં૦ ૧૧૭૮ના કાર્તિક વદિ ૫ના દિવસે **પાટણ**માં વિધિપૂર્વક અનશન આદરી સ્વર્ગવાસ કર્યો.

આ દરમિયાન ભાગવતદર્શનનો ઉદ્ભટ વિદ્વાન **દેવબોધિ** પાટણમાં આવ્યો. તે વાદમસ્ત હતો. તેણે રાજસભાના દરવાજે પાટિયું લટકાવી તેમાં નીચેનો શ્લોક લખ્યો—

'एक-द्वि-त्रि-चतुः-पञ्च-षण्मेनकमनेन काः ? ।
देवबोधे मयि क्रुद्धे षण्मेनकमनेन कः ? ॥'

---

૧ મંત્રી બાહડે ધોળકામાં ઉદાવસહીના સ્થાને 'ઉદયનવિહાર'ની સ્થાપના કરી હતી.

૭ મહિના પસાર થઈ ગયા પણ કોઈ વિદ્વાન એની સાથે વાદ કરવા તૈયાર થયો નહીં, રાજા **સિદ્ધરાજ** મુંઝાયો. મંત્રી **અંબાપ્રસાદે** રાજવીને સૂચવ્યું કે, 'આ શ્લોકનો પરમાર્થ આ દેવસૂરિ બતાવી શકશે.'

આ૦ દેવસૂરિ પાસે રાજાની વિનંતિ આવી ત્યારે આચાર્યશ્રીએ આ શ્લોકનો અર્થ આ રીતે કરી બતાવ્યો—

ચાર્વાક, વૈશેષિક, નૈયાયિક, સાંખ્ય, પ્રભાકર અને મીમાંસક એમ ઘણાં દર્શનો છે. તેમાંના કોઈ એક પ્રત્યક્ષ પ્રમાણ, કોઈ પ્રત્યક્ષ સાથે અનુમાન એમ બે પ્રમાણ, કોઈ આગમ સાથે ત્રણ પ્રમાણ, કોઈ ઉપમાન સાથે ચાર પ્રમાણ, કોઈ અર્થાપત્તિ ઉમેરીને પાંચ પ્રમાણ અને કોઈ પ્રત્યક્ષ, અનુમાન, આગમ, ઉપમાન, અર્થાપત્તિ તથા અભાવ એમ છ પ્રમાણ માને છે. માત્ર હું દેવબોધિ રૂઠું તો છ દર્શનો કે ઘણાં દર્શનોમાંથી એક પણ ન રહે.

આ ખુલાસાથી દેવબોધિને આશ્ચર્ય સાથે ખુશી થઈ અને રાજવીને પરમ આનંદ થયો.

આ આચાર્યશ્રીના ઉપદેશથી શેઠ **થાહડે** પાટણમાં દેરાસર બંધાવી ભ૦ મહાવીરસ્વામીનું તેજસ્વી બિંબ ભરાવ્યું અને આચાર્યશ્રીએ સં૦ ૧૧૭૯માં તેની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરી.

આચાર્યશ્રી વિહાર કરી નાગોર ગયા, ત્યારે ત્યાંના રાજા **અર્ણોરાજ ચૌહાણ** (પ્રક૦ ૩૫, પૃ૦ ૧૭૩) તથા મસ્તવાદી **દેવબોધિએ** આચાર્યશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. આચાર્યશ્રી પાટણ આવી ગયા ત્યારે રાજા **સિદ્ધરાજે** શાકંભરી પર હલ્લો કરી ત્યાં પોતાની આજ્ઞા પ્રવર્તાવી હતી.

આચાર્યશ્રીએ પાટણમાં ચતુર્માસ ગાળ્યું અને બીજે વર્ષે **કર્ણાવતીમાં સિદ્ધ** શ્રાવકના ઉપાશ્રયમાં ચતુર્માસ વીતાવ્યું. કર્ણાટકના રાજાના ગુરુ **દિગંબરાચાર્ય વાદી કુમુદચંદ્રનું** પણ તે વર્ષે ચતુર્માસ કર્ણાવતીમાં હતું. તેને આ૦ દેવસૂરિ સાથે વાદ કરવાનું મન થયું. તેણે એક દિવસે વાચાલ ચારણોને શિખવાડીને આ૦ દેવસૂરિ પાસે મોકલ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક વાર વાદી કુમુદચંદ્રે એક વૃદ્ધ શ્વેતાંબર સાધ્વી **સરસ્વતી-શ્રીની** ઘણી કદર્થના કરી. સાધ્વીજીએ આ૦ દેવસૂરિ પાસે આવી એ વૃત્તાંત જણાવ્યો. અને સાથોસાથ ઉત્તેજક વાણીમાં જણાવ્યું કે, 'મોટા મહારાજે તમને આચાર્ય બનાવ્યા તે અમારી વિડંબના જોવા માટે જ કે? તમારી વિદ્વત્તા શું કામ આવશે? તમારી મોટાઈ શું કામની? શત્રુને ન જિતાય તો હથિયાર શા કામનાં? અક્ષમ્ય પરાભવ વધતો જાય એવી સમતા શા કામની? અનાજ સુકાઈ જાય એવી સમતા શા કામની? એને એની દુષ્ટતાનું ફળ જ્યારે મળશે ત્યારે મળશે પણ તમારો આશ્રિત સંઘ તો તમારા આ સમભાવથી પતન પામશે.'

આચાર્યશ્રીએ ખૂબ શાંતિ અને ધીરજથી આ બધું સાંભળ્યું. સાધ્વીજીને શાંત કરી ઉપાશ્રયે મોકલ્યાં અને પાટણના સંઘને પં૦ માણેકચંદ્ર પાસે પત્ર લખાવી જણાવ્યું કે, 'અહીં દિગંબર વાદી છે. તે વાદ કરવા ઇચ્છે છે. અમારો વિચાર છે કે તેની સાથે પાટણમાં શાસ્ત્રાર્થ કરવો. આ માટે અમારે પાટણ આવવાનું છે વગેરે વગેરે.'

ખેપિયો કર્ણાવતીથી નવ કલાકમાં પાટણ પહોંચ્યો અને શ્રીસંઘને તે પત્ર આપ્યો.

પાટણના સંઘે આચાર્યશ્રીને તરત જણાવ્યું કે, 'આપ જલદી પાટણ પધારો. સંઘની રક્ષા તથા મહત્તા આપના જ હાથમાં છે. આપ સિદ્ધરાજની સભામાં જ શાસ્ત્રાર્થ કરો. અમે સૌ આપનો વિજય જોવાને ઉત્સુક છીએ. સંઘમાં ૩૦૭ શ્રાવકોએ નક્કી કર્યું છે કે, "એ શાસ્ત્રાર્થ ચાલે ત્યાં સુધી આપના વિજય માટે અમે સૌ આયંબિલનું તપ કરીશું."'

આ૦ દેવસૂરિએ વાદી કુમુદચંદ્રને જણાવ્યું કે, 'હું પાટણ જાઉં છું. તમે પણ પાટણ આવો. ત્યાં રાજસભામાં શાસ્ત્રાર્થ થશે.'

આ૦ દેવસૂરિએ પાટણ તરફ વિહાર કર્યો. માર્ગમાં ઘણા સારા શકુનો થયા. તેઓ પાટણ જઈને રાજાને મળ્યા.

દિગંબરાચાર્ય કુમુદચંદ્રે પણ પાટણ તરફ વિહાર કર્યો. તેમણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અશુભ શકુનોને પણ શુભ માની પાટણમાં પ્રવેશ કર્યો. તેમણે ખજાનાના મંત્રી ગાંગિલ નાગર, શાસ્ત્રાર્થ સભાના ત્રણ કેશવ વગેરે સભ્યો, અને નવા દર્શનવાળાઓને મળીને ધન અપાવી પોતાના પક્ષમાં લીધા.

શેઠ **થાહડ** અને શેઠ **નાગદેવ** મોઢે આ૦ દેવસૂરિને ઉપરની ઘટના જણાવીને વિનંતિ કરી કે, 'અમારું ધન ધર્મની રક્ષા માટે જ છે તો આપણે ધનથી કામ લેવું જોઈએ.

આચાર્યશ્રીએ હસીને ઉત્તર આપ્યો કે, 'મહાનુભાવો! ધનથી વિજયને ખરીદવો, એની કોઈ કીમત નથી. એવો વિજય અને પરાજય એક જ સરખાં છે. વિજય તો વિદ્યાથી જ મળવો જોઈએ. બીજી ખટપટની જરૂર નથી. દેવ-ગુરુની કૃપાથી સૌ સારાં વાનાં થશે, તમારે કોઈએ આ રસ્તે દ્રવ્યવ્યય કરવો નહીં.'

દિગંબરાચાર્યે પોતાની પત્રિકા સ્થાને સ્થાને ચોડાવી અને યતિઓના વીશ ઉપાશ્રયોમાં વાજતેગાજતે જલ-તૃણ મુકાવ્યાં. શેઠ થાહડે રાજસભાના દરવાજે લટકતી પત્રિકા ફાડીને ફેંકી દીધી.

રાજા સિદ્ધરાજે કવિચક્રવર્તી **શ્રીપાલ** મારફત આ વૃત્તાંત જાણ્યો.

રાજાના હુકમથી મંત્રી **ગાંગિલ** અને તે પછી તેનો ભાઈ પ્રતિજ્ઞાપત્ર લખાવવા ગયા પણ આચાર્યશ્રીએ તેમને ફૂટેલા જાણી કંઈ જ જવાબ ન આપ્યો, એટલે રાજાએ પં૦ વિજયસેનને મોકલીને બંનેનું પ્રતિજ્ઞાપત્ર લખાવ્યું.

રાજમાતા **મયણલ્લદેવી**ને પિયરના કારણે દિગંબર આચાર્ય તરફ પક્ષપાત હતો એટલે આ૦ હેમચંદ્રસૂરિ તેમને રાજમહેલમાં મળ્યા. તેમણે જણાવ્યું કે, 'માતાજી! રાજસભામાં શાસ્ત્રાર્થ થશે તેમાં દિગંબરો એવું સિદ્ધ કરવાના છે કે, સ્ત્રીઓએ કરેલો ધર્મ નકામો જાય છે. જ્યારે શ્વેતાંબરો એવું સિદ્ધ કરવાના છે કે, સ્ત્રીઓએ કરેલો ધર્મ નકામો જતો નથી.'

રાજમાતાને પણ તપાસ કર્યા પછી નક્કી થયું કે આ૦ હેમચંદ્રની વાત સાચી છે એટલે તેમણે દિગંબરો તરફનો પક્ષપાત છોડી દીધો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ તરફ આ૦ દેવસૂરિ, આ૦ હેમચંદ્રસૂરિના શિષ્યોએ અને પંડિતોએ જુદા જુદા દિગંબરાચાર્ય પાસે જઈ જાણી લીધું કે, દિગંબરાચાર્ય સિદ્ધાંતમાં પૂરા કુશળ નથી.

રાજાએ શાસ્ત્રાર્થ માટે સં૦ ૧૧૮૧ (સં૦ ૧૧૮૨)ના વૈશાખ સુદિ ૧૫ નો દિવસ નક્કી કર્યો.

તે દિવસે સૌ રાજસભામાં આવવા લાગ્યા. દિગંબરાચાર્ય તરફથી કુમુદચંદ્ર તથા ત્રણ કેશવ પંડિતો આવ્યા. શ્વેતાંબરો તરફથી આ૦ **વાદિદેવસૂરિ, આ૦ હેમચંદ્ર, આ૦ યશોભદ્ર, આ૦ જયસિંહ,** કવિચક્રવર્તી **શ્રીપાલ, કેશવરાજ** અને **ભાનુચંદ્ર** (ભાભૂ) વગેરે આવ્યા. રાજસભાના સભાસદો મહર્ષિ, ઉત્સાહ, સાગર અને રામ વગેરે વિદ્વાનો આવ્યા.

હજી શાસ્ત્રાર્થનો સમય થયો નહોતો. તેથી થોડા સમય માટે વિદ્વાનોને યોગ્ય એવી શબ્દાર્થની ગમ્મત ચાલી.

આ૦ કુમુદચંદ્ર—पीतं तक्रम् ? છાશ પીધી ને?

આ૦ હેમચંદ્ર—આપ અસત્ય કેમ બોલો છો? વૃદ્ધ છો એટલે? तक्रं तु श्वेतं भवति न तु पीतम् ।-છાશ તો ધોળી હોય છે પીળી હોતી નથી, સમજ્યા ને?

આ૦ કુમુદચંદ્ર—તું હજી બાળક છે. તારી સાથે વાદ શો કરવો?

આ૦ હેમચંદ્ર—બાળક કોણ છે? જેને લંગોટી પણ ન હોય તે. આપ જુઓ છો કે મેં તો કપડાં પહેર્યાં છે.

આ૦ કુમુદચંદ્ર—શ્વેતાંબરોએ આ રણાંગણમાંથી સત્વર પલાયન કરવું એ જ ઉચિત માર્ગ છે.

આ૦ દેવસૂરિ—આ શાસ્ત્રાર્થ છે. જ્યાં શાસ્ત્રની કીમત છે, ત્યાં શસ્ત્રો સજાવવામાં આવે અને રણાંગણ બને તો તેઓ જે 'શીઘ્ર પલાયન' કરવાનું કહે છે તેમણે જ નાસી જવું ઉચિત છે.

રાજા જયસિંહ—હવે શાસ્ત્રાર્થ શરૂ કરો—

દિગંબરોએ લખાવ્યું કે આ૦ કુમુદચંદ્રનો આ મત છે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'केवलि हूओ न भुंजइ चीवरसहियस्स नत्थि निव्वाणं ।
इत्थी हुआ न सिज्झइ मयमेयं कुमुदचंदस्स ॥'

—કેવળજ્ઞાનવાળો આહાર ન કરે, વસ્ત્રધારી મનુષ્ય મોક્ષે જાય નહીં અને સ્ત્રી મોક્ષને સાધી ન શકે.

શ્વેતાંબરોએ લખાવ્યું કે, આ૦ દેવસૂરિનો મત છે કે—

'केवलि हूओ वि भुंजइ चीवरसहियस्स अत्थि निव्वाणं ।
इत्थी हुआ वि सिज्झइ मयमेयं देवसूरीणं ॥'

—કેવળજ્ઞાનવાળો પણ આહાર કરે, વસ્ત્રધારી પણ મોક્ષે જાય અને સ્ત્રી પણ મોક્ષને સાધી શકે.

બંનેનું પ્રતિજ્ઞાપત્ર આ પ્રમાણે હતું :—

આ શાસ્ત્રમાં જો દિગંબર હારે તો તે પાટણ છોડીને ચાલ્યા જાય. શ્વેતાંબર હારે તો તે શ્વેતાંબર ધર્મ છોડી દિગંબર બની જાય અને શ્વેતાંબર ધર્મ હાર્યા પછી અહીં રહે નહીં.

આ હાર-જીતમાં એ પણ મુદ્દો હતો કે, વાદી કુમુદચંદ્રને ગુજરાતમાં વિવેકી વિદ્વાનો છે, રાજા સિદ્ધરાજ ચક્રવર્તી છે, પાટણ નરસમુદ્ર છે વગેરે બિરુદ અંકિત શબ્દો પણ ખટકતા હતા. તે ત્રણેને ખોટા ઠરાવવા હતા. (–પ્રબંધાવલી)

આ૦ કુમુદચંદ્રે મંગલાચરણ કર્યું કે—

खद्योतद्युतिमातनोति सविता जीर्णोर्णनाभालय-
च्छायामाश्रयते शशी मशकतामायान्ति यत्राद्रयः ।
इत्थं वर्णयतो नभस्तव यशो जातं स्मृतेर्गोचरं
तद् यस्मिन् भ्रमरायते नरपते ! वाचस्ततो मुद्रिताः ॥

—ટૂંકામાં હે રાજન્ ! તારા યશના મુકાબલામાં આ અનંત આકાશ પણ ભમરા જેવું દીસે છે, આથી વધુ કહેવાને મારી જીભ ચાલતી નથી.

શ્રોતાઓ સમજી ગયા કે, આ શાસ્ત્રાર્થમાં વાદી કુમુદચંદ્રની જીભ નહીં ચાલે.

આ૦ દેવસૂરિએ મંગલાચરણ કર્યું કે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नारीणां विदधाति निर्वृतिपदं श्वेताम्बरप्रोन्मिषत्-
कीर्तिस्फातिमनोहरं नयपथप्रस्तारभङ्गीगृहम् ।
यस्मिन् केवलिनो न निर्जितपरोत्सेकाः सदा दन्तिनो
राज्यं तज्जिनशासनं च भवतः चौलुक्य ! जीयाच्चिरम् ॥

—હે ચૌલુક્યરાજ ! સ્ત્રીઓને પણ મોક્ષની પ્રાપ્તિનું વિધાન કરનારા શ્વેતાંબરોથી વિકસિત અને સ્ફુરાયમાન કીર્તિ વડે જે મનોહર લાગે છે. વળી, નયમાર્ગના વિવિધ પ્રકારો અને ભંગો જેમાં દર્શાવ્યા છે અને બીજાઓ—પરવાદીઓના ગર્વનો સદા પરાજય કરનારા હાથીઓ જેવા કેવળજ્ઞાનીઓ જેમાં છે, એવું તારું રાજ્ય અને જિનેશ્વર ભગવંતોનું શાસન ચિરકાળ જય પામો.

શ્રોતાઓ સમજી ગયા કે, આ મંગલાચરણ જ શ્વેતાંબરોનો વિજય બતાવે છે.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

વાદી કુમુદચંદ્રે સ્વપક્ષ રજૂ કર્યો કે, સ્ત્રી જૂઠ, સાહસ, કપટ, તુચ્છતા વગેરેનું ઘર છે, તેથી મોક્ષ માટે તે સર્વથા અયોગ્ય છે.

આ૦ દેવસૂરિએ સિદ્ધ કર્યું કે, સ્ત્રી એક મહાન સત્ત્વવાળી શક્તિ છે. તીર્થંકરોની માતા, રાજમાતા મયણલ્લદેવી, સીતા, સુભદ્રા, રાજિમતી, અનસૂયા વગેરે દેવી સ્વરૂપ નારીઓ સાત્ત્વિકતાનાં પ્રતીકો છે. એટલે કે, સ્ત્રી પણ પોતાના સત્ત્વથી મોક્ષે જવાને યોગ્ય છે. આમાં પ્રથમ ૫૦૦ પ્રશ્નો અને તેના ૫૦૦ ઉત્તરો થયા, તેમાં ૨૫ દિવસ વીતી ગયા.

તે પછી આચાર્યશ્રીએ વાદિવેતાલ **આ૦ શાંતિસૂરિની** ‘ ઉત્તરજ્ઝયણ ’ની પાઈયવૃત્તિના આધારે સ્ત્રી-મુક્તિ અંગે અનેક વિકલ્પોનો ઉપન્યાસ કર્યો. વાદી કુમુદચંદ્ર આ વસ્તુને બરાબર ધારી શક્યા નહીં એટલે આચાર્યશ્રીએ એ વાદ ત્રણ વાર કહી સંભળાવ્યો.

આ૦ કુમુદચંદ્રે જણાવ્યું કે, ‘આ વાદને **વસ્ત્ર પર** લખી લો.’

શાસ્ત્રાર્થસભાના પંડિત **મહર્ષિએ** જાહેર કર્યું કે, ‘ વાદી વાદને લખવાનું કહે છે, એટલે મૌખિક વાદ સમાપ્ત થાય છે. મૌખિક વાદમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિગંબર હારી ગયા અને શ્વેતાંબર જીત્યા છે. હવે લેખિત વાદ શરૂ થાય છે.'

રાજાની આજ્ઞાથી પં૦ કેશવે આ૦ દેવસૂરિના વાદને લખી લીધો. વાદી કુમુદચંદ્રે તે વાંચ્યો. તેમાં વપરાયેલ કોટાકોટિ શબ્દ ઉપર તેમણે વાંધો ઉઠાવ્યો.

આ સમયે રાજવીની સૂચનાથી રાજ્યના પ્રસિદ્ધ વ્યાકરણજ્ઞાતા પં૦ **કાકલ કાયસ્થે** પાણિનીય તેમજ શાકટાયન વ્યાકરણનાં ટાપટીપ સૂત્રથી નિર્ણય આપ્યો કે, કોટાકોટિ, કોટીકોટિ અને કોટિકોટિ એ ત્રણે શબ્દો વ્યાકરણસિદ્ધ અને શુદ્ધ છે.

વાદી કુમુદચંદ્રે પોતાનો પરાજય અનુભવ્યો એટલે હવે મંત્ર-તંત્રનું શરણ લીધું, પણ તેમાંયે તેમને કોરી નિષ્ફળતા જ મળી.

બસ, આ૦ કુમુદચંદ્રને કહેવું પડ્યું, '**દેવાચાર્ય** મહાન છે, તેઓ મહાવાદી છે.'

સભામાં તરત જ ગર્જારવ થયો કે, 'આ૦ વાદી દેવસૂરિનો વિજય થયો છે.'

રાજવીએ તેમને **વાદીન્દ્રનું** બિરુદ આપ્યું અને **વિજયપત્ર** લખી આપ્યો.

આચાર્યશ્રીએ રાજવીને જણાવ્યું કે, 'આ શાસ્ત્રીય વાદ છે. તેથી હું આશા રાખું છું કે, હારનારનો કોઈએ તિરસ્કાર કરવો જોઈએ નહીં.'

રાજાએ તેમની આ વિવેકી માગણીને કબૂલ રાખી.

આ૦ કુમુદચંદ્ર રાજસભાના પાછલા દરવાજેથી ચાલ્યા ગયા.[1]

---

૧. આ૦ કુમુદચંદ્ર વિક્રમની બારમી સદીના સમર્થ દિગંબર આચાર્ય હતા. તેમણે દિગંબર સંઘને અનેક વિદ્યાશિષ્યો આપ્યા હતા. દિગંબરાચાર્ય કુંદકુંદાચાર્યના 'પ્રવચનસાર'ની તાત્પર્યવૃત્તિ રચનાર આ૦ **જયસેન** પણ તેમના જ વિદ્યાશિષ્ય હતા. તે પોતાની પ્રશસ્તિમાં જણાવે છે કે—

"अज्ञानतमसा लिप्तो मार्गः रत्नत्रयात्मकः ।
तत्प्रकाशसमर्थाय नमोऽस्तु कुमुदेन्दवे ॥१॥"

જૈનમ્ સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આજે પાટણમાંથી જ નહીં પણ ગુજરાતભરમાંથી દિગંબરોનો પગ સદાને માટે ઊખડી ગયો.

यदि नाम कुमुदचन्द्रं नाजेष्यद् देवसूरिरहिमरुचिः ।
कटिपरिधानमधास्यत् कतमः श्वेताम्बरो जगति ? ॥

—સૂર્ય જેવા તેજસ્વી આ૦ દેવસૂરિએ કુમુદચંદ્ર ઉપર વિજય ન મેળવ્યો હોત તો જગતમાં કયો શ્વેતાંબર કટીપરિધાન કરત? અર્થાત્ બધાને દિગંબર બનવું પડત. (પ્રભાવકચરિત્ર)

જૈનોએ વાજતેગાજતે વિજયોત્સવ મનાવ્યો. રાજા **સિદ્ધરાજ** એક ગુજરાતી પંડિતના વિજયમાં **ગુજરાતનો વિજય** માનતો હતો, એવા આનંદનું એને ગૌરવ હતું. તેથી તે આ૦ દેવસૂરિના હાથનો ટેકો ઝીલીને તેમની સાથે ચાલતો હતો. શેઠ થાહડે આ વિજયની ખુશીમાં ભાટ–ચારણ અને માંગણોને ત્રણ લાખ રૂપિયાનું દાન કર્યું. સૌ રાજસભામાંથી વાજતેગાજતે નીકળીને શેઠ થાહડના દેરાસરમાં ભ૦ મહાવીરનાં દર્શન કરી આચાર્યશ્રીને ઉપાશ્રયે લઈ ગયા.

રાજાએ આ વિજયના ઉપલક્ષમાં આચાર્યશ્રીને **છાલા** વગેરે ૧૨ ગામ તથા એક લાખ દ્રવ્ય આપ્યું પણ આચાર્યશ્રી નિઃસ્પૃહ સાધુ હતા. તેમણે એ દાન સ્વીકાર્યું નહીં.

વાદીન્દ્ર દેવસૂરિ તુષ્ટિદાન લેતા નથી એ જાણી **રાજાએ** એ રકમમાંથી પાટણમાં ભવ્ય **જિનાલય** બંધાવ્યું, તથા ભ૦ **ઋષભદેવની** ૮૫ આંગળ ઊંચી પિત્તલની ભવ્ય પ્રતિમા ભરાવી અને સં૦ ૧૧૮૩ના વૈશાખ સુદિ ૧૨ના દિવસે ચારે કુલના આચાર્યોને મેળવી આ૦ દેવસૂરિના હાથે તે દેરાસરમાં તેની અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરાવી. આ સ્થાન 'રાજવિહાર' નામથી ખ્યાતિ પામ્યું.

આ વિજયના ઉપલક્ષમાં રાજા સિદ્ધરાજની પ્રેરણાથી મંત્રી **આલિગે** સિદ્ધપુરમાં **ચતુર્મુખ જિનપ્રાસાદ** બંધાવ્યો.

આ૦ વાદિદેવસૂરિએ સં૦ ૧૧૭૫માં ધોળકામાં ઉદાવસહીની, સં૦ ૧૧૭૯માં પાટણમાં શેઠ થાહડના જિનચૈત્યની અને સં૦ ૧૧૮૩માં પાટણના રાજવિહારની પ્રતિષ્ઠા કરી. સં૦ ૧૧૯૮માં સિદ્ધપુરમાં રુદ્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહાલયના વ્યવસ્થાપક મંત્રી આલિગના ચતુર્મુખપ્રાસાદ નામના રાજવિહારની પ્રતિષ્ઠા કરી.

એક વાર આરાસણાના મહં૦ ગોગાનો પુત્ર **પાસિલ** શ્રેષ્ઠી અહીંના રાજવિહારનું ખૂબ સૂક્ષ્મતાથી નિરીક્ષણ કરીને એ મંદિરને માપવા લાગ્યો ત્યારે ત્યાં દર્શન માટે આવેલી ઠ૦ છાડાની પુત્રી હાંસીએ મશ્કરી કરી કે, 'ભાઈ! માપ લો છો તો શું તમારે કોઈ દેરાસર બંધાવવું છે?'

પાસિલે હાજર જવાબ આપ્યો કે, 'બેન! તારા મોંમાં સાકર. તું એ પ્રતિષ્ઠા-ઉત્સવમાં જરૂર આવજે. બોલ, આવીશ ને?' હાંસીએ તેની માગણી સ્વીકારી.

આ તરફ પાસિલે **આરાસણ**માં જઈને દેવીની સાધના કરી ધન મેળવ્યું. ૪૫ હજાર સોનામહોર ખરચીને ભ૦ નેમિનાથનું ભવ્ય દેરાસર આરાસણામાં બંધાવ્યું. હાંસીએ ૯ લાખ ખરચ કરીને તેમાં મેઘનાદ નામે રંગમંડપ બંધાવ્યો. આ૦ **દેવસૂરિ**એ સં૦ ૧૧૯૩ના વૈશાખ સુદિ ૧૦ને ગુરુવારે તેની પ્રતિષ્ઠા કરી. કોઈ કોઈ સ્થાને સં૦ ૧૨૨૬ માં પ્રતિષ્ઠા કર્યાનું લખ્યું છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આચાર્યશ્રીએ **શાકંભરી** તરફ વિહાર કર્યો ત્યારે મેડતામાં ચતુર્માસ વીતાવ્યું. **ફલોધિમાં** માસકલ્પ કર્યો. એ અરસામાં ફલોધિમાં ભ૦ પાર્શ્વનાથની ચમત્કારી પ્રતિમા પ્રગટ થઈ. આચાર્યશ્રીએ પોતાના શિષ્ય પં૦ ધામગણિ તથા પં૦ સુમતિગણિને વાસક્ષેપ આપી મોકલ્યા અને સં૦ ૧૧૯૯ના ફાગણ સુદિ ૧૦ને ગુરુવારે તે મૂર્તિનો પ્રવેશ કરાવ્યો. આ૦ જિનચંદ્રને મોકલી સં૦ ૧૨૦૪ના મહા સુદિ ૧૩ ને શુક્રવારે પ્રતિમાજી, દેરાસર અને કળશ-ધ્વજા-દંડ વગેરેની પ્રતિષ્ઠા કરાવી. એટલે ફલોધિ પાર્શ્વનાથનું તીર્થ આ૦ દેવસૂરિ-પ્રતિષ્ઠિત મનાય છે. અજમેર, નાગોરના જૈનો અને જાંબડો અહીંના ગોઠી બન્યા હતા. (-પુરાતનપ્રબંધસંગ્રહ)

એક વાર આચાર્યશ્રી **પિપ્પલવાટક**ના જંગલમાં જતા હતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારે તેમની સામે એક સિંહ દોડતો આવીને ઊભો રહ્યો. તેમણે આડી રેખા ખેંચીને તેને રોકી રાખ્યો. આ જંગલમાં બાલ તથા વૃદ્ધ મુનિઓને ભૂખનો પરિષહ ઊભો થયો. આચાર્યશ્રીએ મનમાં વિચાર કર્યો એટલામાં તો એક સાર્થવાહ એ માર્ગે થઈને નીકળ્યો. તેણે આહાર-પાણીથી મુનિભક્તિનો લાભ લીધો. સમય જતાં અહીં **ભોરોલ તીર્થ** થયું.[1]

**ધર્મપ્રચાર**—તેમના ઉપદેશથી મહામાત્ય સાંતૂએ પોતાના નવા ઘરની પોષાળ બનાવી. ૩૫ હજાર ઘરો એટલે સાડા ત્રણ લાખ મનુષ્યોએ જૈનધર્મ સ્વીકાર્યો. એ જ રીતે કોરટાના **મંત્રી નાહડ, મંત્રી સાલિગ** વગેરેએ પણ જૈનધર્મ સ્વીકાર્યાનું મનાય છે.[2]

**ગ્રંથો**—આચાર્યશ્રીએ 'પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર' પરિચ્છેદ : ૮, મૂલસૂત્ર ૩૭૪, તેના ઉપર મોટી ટીકા 'સ્યાદ્વાદરત્નાકર' ગ્રં૦ : ૮૪૦૦૦ બનાવી છે. 'મુણિચંદ્રસૂરિગુરુથુઈ' ગ્રં૦ : ૪૨ (૪૧), ગુરુવિરહવિલાપ, દ્વાદશવ્રતસ્વરૂપ, કુરુકુલ્લાદેવીસ્તુતિ, પાર્શ્વ-ધરણેંદ્રસ્તુતિ, કલિકુંડપાર્શ્વનાથયંત્રસ્તવન શ્લો૦ ૧૦, જીવાજીવાભિગમ-લઘુવૃત્તિ, યતિદિનચર્યા, ઉપધાનસ્વરૂપ, પ્રભાતસ્મરણ, ઉપદેશ-કુલક, સંસારોદ્વિગ્ન મનોરથકુલક' વગેરે ગ્રંથો રચ્યા છે. સં૦ ૧૧૭૪માં નાગોરમાં, પાટણમાં પોતાના ગુરુદેવને 'ઉવએસપદ-ટીકા' રચવામાં સહાય કરી હતી.

તેઓ આ૦ **ભદ્રેશ્વરસૂરિને** પોતાનો ગચ્છ ભળાવી સં૦ ૧૨૨૬ના શ્રાવણ વદિ ૭ને ગુરુવારે ૮૩ વર્ષની વયમાં સમાધિપૂર્વક

૧. 'ભોરોલતીર્થ' માટે જૂઓ પ્ર૦ ૩૬, પૃ૦ ૨૩૫

૨. ૧૭ આ૦ વૃદ્ધદેવ, ૩૭ આ૦ દેવ, કે ૪૧ આ૦ વાદિદેવસૂરિના ઉપદેશથી નાહડ વગેરે જૈન થયાનું મનાય છે. એવું લખાણ મળે છે કે, આ૦ વાદિદેવસૂરિ તેમની વૃદ્ધાવસ્થામાં સં૦ ૧૨૨૫માં કોરટામાં ચોમાસુ કરવા પધાર્યા ત્યારે અહીં મંત્રી નાહડ, મંત્રી સાલિગ વગેરે આચાર્યશ્રીનો ઉપદેશ સાંભળી જૈન થયા. તેઓએ ૭૨ જિનવિહારો બનાવ્યા. મં૦ સાલિગે પ્રતિજ્ઞા કરી હતી કે, જિનપૂજા કર્યા વિના મુખમાં અનાજનો દાણો પણ નાખવો નહીં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાળ કરી **સ્વર્ગે** ગયા. (—પ્રભાવકચરિત, પ્રબંધ ચિંતામણિ, ઉપદેશતરંગિણી, પટ્ટાવલીઓ, શિલાલેખો, આ૦ ૪૨ શ્રીજયશેખરનું વાદીન્દ્રદેવસૂરિ મહાકાવ્ય, જૈનસત્યપ્રકાશ, ક્રં૦ ૫૬)

**પ્રશંસા—**

જૈન લેખકો **વાદિદેવસૂરિએ** મેળવેલા વાદવિજયને ભારે ગૌરવથી લલકારે છે. એ વિશે કેટલાંક પ્રમાણો આ છે—

૧. જેમણે દિગંબર વાદીને હિતવાણીથી શમમાર્ગમાં સ્થાપન કર્યા અને રાજાના નિગ્રહથી બચાવ્યો, તેમજ જેઓ સૌને સન્મતિ આપે છે તે દેવસૂરિ સદા આનંદ આપો.

(—તત્કાલીન રાજવૈતાલિકનું કવિત, પ્રભાવકચરિત)

૨. यदि नाम कुमुदचन्द्रं नाजेष्यद् देवसूरिरहिमरुचिः।
कटिपरिधानमधास्यत् कतमः श्वेताम्बरो जगति ? ॥

(—આ૦ હેમચંદ્રસૂરિની ઉક્તિ, પ્રભાવકચરિત, પ્રબંધચિંતામણિ, રાજગચ્છપટ્ટાવલી, પૃ૦ ૬૩)

૩. आस्थाने जयसिंहदेवनृपतेर्येनास्तदिग्वाससा।
स्त्रीनिर्वाणसमर्थनेन विजयस्तम्भः समुत्तम्भितः ॥२॥

(—આ૦ રત્નપ્રભસૂરિની ઉપદેશમાલાટીકા-પ્રશસ્તિ)

पायं पायं प्रवचनसुधा पीयते या प्रकामं
स्वैरं स्वैरं वहति कृतिनां कीर्तिवल्लीवनेषु।
दोग्ध्री कामान् नवनवरसैः सा भृशं प्रीणयन्ती
मादृग् वस्तान् जयति जगति श्रीगवी देवसूरेः ॥३॥

(—આ૦ રત્નપ્રભસૂરિની ઉપદેશમાલાની દોઘટ્ટીવૃત્તિ-મંગલાચરણ)

૪. દિગંબર આચાર્યે કીર્તિરૂપી ગોદડી ઓઢીને નગ્નતાનો ભંગ કર્યો અને આ૦ દેવસૂરિએ તો તે ગોદડીને ફાડી નાખી, તેને ફરી નિર્ગ્રન્થ બનાવ્યો. (—આ૦ ઉદયપ્રભસૂરિ, પ્રબંધચિંતામણિ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. नग्नो यत् प्रतिधर्मात् कीर्तियोगपटं त्यजन् ।
ह्रियेवाऽत्याजि भारत्या देवसूरिर्मुदेऽस्तु वः ॥
यः श्वेताम्बरशासनस्य विजिते नग्ने प्रतिष्ठा गुरुः ।
तद्देवाद् गुरुतोऽप्यमेयमहिमा श्रीदेवसूरिप्रभुः ॥

(–આ૦ મેરુતુંગસૂરિકૃત પ્રબંધચિંતામણિ)

૬. वस्त्रप्रतिष्ठाचार्याय नमः श्रीदेवसूरये ।
यत्प्रसादमिवाख्यान्ते सुखप्रश्नेषु साधवः ॥

—વસ્ત્રની પ્રતિષ્ઠા કરનારા આ૦ દેવસૂરિને નમસ્કાર હો. ગુરુવંદનમાં 'સ્વામી શાતા છેજી' એ પ્રશ્નના ઉત્તરમાં મુનિવરો 'દેવ-ગુરુપ્રસાદાત્' એમ કહે છે, તે તેમની કૃપાનું પ્રતીક છે.

(–રાજગચ્છના આ૦ પ્રદ્યુમ્નસૂરિકૃત સં૦ ૧૩૨૪નો સમરાદિત્યસંક્ષેપ, પ્રબંધચિંતામણિ)

૭. अतिष्ठिपद् निर्वृतिमङ्गनाजने विजित्य यो दिक्पटमागमोक्तिभिः ।
विवादविद्याविदुरं यदा यदा जयन्ति तेऽमी प्रभुदेवसूरयः ॥
श्वेताम्बराणामपि यैश्च दर्शनं स्थिरं कृतं गूर्जरभूमिमण्डले ।
चलाचलं दिक्पटवादघात्यया मनोमुदे ते मम देवसूरयः ॥

(સં૦ ૧૪૧૦ વાદિદેવસૂરિ સંતાનીય આ૦ મુનિભદ્રકૃત શાંતિનાથમહાકાવ્ય-પ્રશસ્તિ)

૮. पहिरत को मुनि वस्त्र तमु जइ इहु सुगुरु न होत ।

(–મુનિ માલની બૃહદ્ગચ્છ-ગુર્વાવલી)

૯. વિદ્વાન્ કવિ યશશ્ચન્દ્રે આ વિજયને અનુલક્ષીને मुद्रितकुमुदचन्द्र નામક નાટકની રચના કરેલી છે.

**પટ્ટપરંપરા—**

આ૦ વાદિદેવસૂરિએ પોતાની પાટે આ૦ ભદ્રેશ્વરસૂરિને સ્થાપન કર્યા. બીજા ઘણા શિષ્યો અને પ્રશિષ્યોને આચાર્યપદવી આપી. તેમનાથી વડગચ્છ, દેવાચાર્યસંતાનીય, નાગોરી, નાગોરીતપા, સત્ય-

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

પુરીય, ભિન્નમાલ, જીરાવલા, રામસેન વગેરે શાખાઓ નીકળી. અને અનેક પટ્ટપરંપરા આપી તે આ પ્રમાણે છે—

## ૧. વડગચ્છ પટ્ટાવલી

**૪૧. આ૦ વાદિદેવસૂરિ**—સ્વ૦ સં૦ ૧૨૨૬.

**૪૨. આ૦ ભદ્રેશ્વરસૂરિ**—તેઓ વાદિદેવસૂરિના મુખ્ય પટ્ટધર હતા. સ્વભાવે શાંત હતા. આ૦ મુનિચંદ્રસૂરિએ રચેલા ‘ सावयवयसंखेवो ’ ના આધારે આ૦ વાદિદેવે શ્રાવકોને વ્રત ઉચ્ચરાવ્યાં અને આ૦ ભદ્રેશ્વરે તેના આધારે ‘ સાવયવયપરિગ્ગહપરિમાણ ’ (ગા૦ : ૯૪) ગ્રંથ સં૦ ૧૧૮૬ ના આસો સુદિ ને સોમવારના રોજ પાટણમાં રચ્યો. તેમણે ‘ સ્યાદ્વાદરત્નાકર ’ના નિર્માણમાં પોતાના ગુરુદેવને પૂરી સહાયતા કરી, એ માટે આ૦ દેવસૂરિ પોતે જ આ૦ **ભદ્રેશ્વરસૂરિ** અને આ૦ **રત્નપ્રભસૂરિ**નો પરિચય આ પ્રકારે આપે છે—

किं दुष्करं भवतु तत्र मम प्रबन्धे<br>
यत्राभिनिर्मलमतिः सततामिमुख्यः ।<br>
**भद्रेश्वरः** प्रवरसूक्तसुधाप्रवाहो<br>
**रत्नप्रभः** स भजते सहकारिभावम् ॥

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

તેમણે આરાસણ વગેરે સ્થાનોમાં જિનપ્રતિષ્ઠાઓ કરાવી હતી. આ૦ રત્નપ્રભસૂરિએ રચેલી ‘ઉપદેશમાલાની દોઘટ્ટી-વૃત્તિ’નું તેમણે સં૦ ૧૨૩૮ માં સંશોધન કર્યું હતું.

**૪૩. આ૦ વિજયચંદ્રસૂરિ, આ૦ પરમાનંદસૂરિ**—

આ૦ વિજયેંદુસૂરિ આ૦ વાદિદેવસૂરિના શિષ્ય હતા. તેઓ મોટા વાદી હતા. આ૦ પરમાનંદસૂરિએ ‘ કાવ્યપ્રકાશ ’ પર ખંડન-મંડનાત્મક ટિપ્પણ રચ્યું છે.

**૪૪. આ૦ માણેકચંદ્રસૂરિ**—તેમનાં (૧) આ૦ માણભદ્રસૂરિ અને (૨) આ૦ માનતુંગસૂરિ એવાં નામો પણ મળે છે. તેઓ આ૦ વિજયચંદ્રસૂરિના શિષ્ય હતા. સમર્થ વાદી હતા. તેમણે ‘ કલાવઈ-ચરિયં ’ રચ્યું છે. તેઓ આ૦ મુનિચંદ્રસૂરિને **સૈદ્ધાંતિક** તરીકે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓળખાવે છે. આ૦ અજિતપ્રભસૂરિએ સં૦ ૧૩૮૪માં રચેલા 'શાંતિનાથચરિત્ર'માં તેમનું નામ આપેલું છે. તેમના ત્રણ શિષ્યો સુપ્રસિદ્ધ હતા. (૧) આ૦ હરિભદ્રસૂરિ, (૨) ગુણભદ્રસૂરિ અને (૩) પં૦ વિદ્યાકર ગણિ.

આ૦ માણેકચંદ્રને ઉપા૦ વિમલચંદ્ર ગણિ નામે શિષ્ય હતા.

**૪૫. આ૦ હરિભદ્રસૂરિ—પં૦ વિદ્યાકર** ગણિએ સં૦ ૧૩૬૮માં 'સિદ્ધહેમશબ્દાનુશાસન'ની વૃત્તિની દીપિકાનો ઉદ્ધાર કર્યો, તેમાં તેઓ જણાવે છે કે, મારા વડિલ ગુરુભાઈ તથા વિદ્યાગુરુ આ૦ હરિભદ્રસૂરિની કૃપાથી હું દીપિકાનો ઉદ્ધાર કરી શક્યો છું.

**૪૬. આ૦ ધર્મચંદ્રસૂરિ**—તેમની પ્રેરણાથી પં૦ રત્નદેવ ગણિએ સં૦ ૧૩૯૩માં શ્વેતાંબર પં૦ જયવલ્લભના પ્રાકૃત 'વિજ્જાલગ્ગ'ની ટીકા રચી છે.

**૪૭. આ૦ વિનયચંદ્રસૂરિ**—તેમના ઉપદેશથી શ્રીસંઘે સં૦ ૧૪૪૩ના કાર્તિક વદિ ૧૪ ને શુક્રવારે ચૌહાણ વનવીરદેવના રાજકાળમાં નાડલાઈ તીર્થના ઉજ્જયંતાવતાર તીર્થ જાદવાજીના દેરાસરનો જીર્ણોદ્ધાર કર્યો. (—પ્રક૦ ૩૪, પૃ૦ ૬૦૫)

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

## ૨. વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ. ૪૨. આ૦ ભદ્રેશ્વરસૂરિ.
૪૩. આ૦ વિજયચંદ્રસૂરિ. ૪૪. આ૦ માણેકચંદ્રસૂરિ.

**૪૫ આ૦ ગુણભદ્રસૂરિ**—તેઓ આ૦ માણેકચંદ્રના શિષ્ય હતા. તેઓ મહાન્ કવિ હતા. **મહમ્મુદ બાદશાહે** (ઇ૦ સ૦ ૧૩૨૬ થી ૧૩૫૧) તેમના એક શ્લોકની રચનાથી ખુશ થઈ તેમના ચરણે દશ હજાર સોનામહોરોની થેલી ધરી હતી, પણ આચાર્યશ્રીએ તે લીધી નહીં. તેમણે બાદશાહની પાસે શુદ્ધ માર્ગની સ્થાપના કરી શુદ્ધ મુનિમાર્ગ બતાવ્યો હતો. તેઓ વ્યાકરણ, છંદ, સાહિત્ય-અલંકાર, નાટક અને ન્યાય વગેરે શાસ્ત્રોના તલસ્પર્શી વિદ્વાન હતા.

**૪૬. આ૦ મુનિભદ્રસૂરિ**—તેમને બાદશાહ પીરોજશાહ બહુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માનતો હતો. તેમણે આ૦ મુનિદેવસૂરિએ સં૦ ૧૩૨૨ માં રચેલા સંક્ષિપ્ત 'શાંતિનાથચરિત્રમહાકાવ્ય'[1] ને જોઈને પોતાના હજારો કર્મોના વિનાશ માટે સં૦ ૧૪૧૦ માં 'શાંતિનાથમહાકાવ્ય' (ગ્રં૦ : ૬૨૭૨) રચ્યું છે.

તેઓ આ કાવ્યમાં ખાસ સૂચના કરે છે કે, જેમ જૈનાચાર્યો હાલ પોતાના શિષ્યોને મિથ્યાત્વથી ભરેલાં પાંચ કાવ્યો ભણાવે છે તેમ તેઓ નવા સાધુઓને સમ્યક્ત્વમાં સ્થિર કરવા માટે તથા શબ્દજ્ઞાનને ખીલવવા આ મહાકાવ્ય જરૂર ભણાવે. આ કાવ્યનું મલધારગચ્છના આ૦ રાજશેખરસૂરિએ સંશોધન કર્યું હતું.

(—શાંતિનાથચરિત્રમહાકાવ્ય-પ્રશસ્તિ, શ્લો૦ ૧ થી ૧૭)

બાદશાહ ફિરોજશાહની(ઇ૦સ૦ ૧૩૫૨ થી ૧૩૮૮)ની સભામાં આ આચાર્યશ્રીની સારી પ્રતિષ્ઠા હતી.

## ૩. વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

**૪૨. આ૦ રત્નપ્રભસૂરિ**—તે આ૦ વાદિદેવસૂરિના વિદ્વાન પટ્ટધર શિષ્ય હતા. મિત્ર મુનિઓ તેમને **રત્નાકર**ના નામથી સંબોધતા. તેમણે સં૦ ૧૧૮૧ માં થયેલા આ૦ કુમુદચંદ્ર સાથેના શાસ્ત્રાર્થમાં પ્રશ્નચક્રવાલમાં વાદી કુમુદચંદ્રને કૂતરો અને પોતાને દેવ બનાવી તેમની બુદ્ધિની પરીક્ષા કરી હતી. ગુરુદેવ પણ 'સ્યાદ્વાદરત્નાકર'માં આ૦ ભદ્રેશ્વરની જેમ જ આ૦ રત્નપ્રભને પણ અપૂર્વ સહાયક બતાવે છે.

(જુઓ, શ્લો૦ ૫૦ )

આ૦ વાદિદેવસૂરિના ભાઈ **વિજયે** દીક્ષા લઈ આ૦ **વિજયસેનસૂરિ** નામથી ખ્યાતિ મેળવી હતી. તેમની પ્રેરણાથી આ૦ રત્નપ્રભસૂરિએ ધર્મદાસગણિની 'ઉપદેશમાલા' ઉપર દોઘટ્ટી (ગ્રં૦ ૧૧૧૫૦) નામની વૃત્તિ સં૦ ૧૨૩૯ (૧૨૩૮)માં ભરૂચના અશ્વાવબોધ તીર્થ—

---

૧. વાદિદેવસૂરિ સંતાનીય આ૦ મદનચંદ્રસૂરિના શિષ્ય આ૦ મુનિદેવે સં૦ ૧૩૨૨ માં પ્રૌઢ સંસ્કૃત ભાષામાં સંક્ષિપ્ત 'શાંતિનાથચરિત્ર' રચ્યું હતું.

(—પ્રક૦ ૪૧, સાતમી વડગચ્છ પટ્ટાવલી)

JAINSITE जैन साईट जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહાવીર મંદિરમાં રચી હતી. તેમાં અપભ્રંશમાં રચેલા સંદર્ભો પણ છે. **દોઘટ્ટી** એટલે બે હાટવાળા શેઠના સ્થાનમાં કે તેમની પ્રેરણાથી બનાવેલી અથવા બે ભાષામાં બનાવેલી. હટ્ટી શબ્દનો અર્થ **હડો–હાટ** એવો થાય છે. આ દોઘટ્ટી વૃત્તિનું આ૦ ભદ્રેશ્વરસૂરિએ સંશોધન કર્યું છે.

તેમણે 'પ્રમાણનયતત્ત્વાલોક'ની લઘુવૃત્તિ 'રત્નાકરાવતારિકા' (ગ્રં૦ ૫૦૦૦) રચી છે. તેમાં શબ્દોની રમકઝમક અને પ્રતિભાનો પરિચય મળે છે. ચક્ષુર્વ્યંજનાવગ્રહ (ચક્ષુપ્રાપ્યકારિતા)નો વાદ સો વૃત્તોમાં બનાવીને પોતાના કવિત્વનો ખ્યાલ આપ્યો છે અને શિવ-સિદ્ધિવિધ્વંસ એટલે જગત્ કર્તૃત્વનિરાસવાદ માત્ર ૧૩ વર્ણો તે— 'ત થ દ ધ ન પ બ મ મ ય ર લ વ' અને 'તિ તે સિ ટા તસ્' એ પ્રત્યયોવાળા પ્રયોગોમાં ગૂંથીને અદ્ભુત વૈયાકરણત્વ અને કવિત્વનો પરિચય કરાવ્યો છે. એ સિવાય તેમણે નેમિનાહચરિયં, મતપરીક્ષા પંચાશત્ (ગ્રં૦ ૫૦૦૦), અંતરંગસંધિ (અપભ્રંશ ભાષામાં ૯ કડવકોમાં), અપભ્રંશ કુલકો' સં૦ ૧૨૩૨ માં રચેલાં મળે છે.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## ૪. વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

**૪૨. આ૦ ગુણચંદ્રસૂરિ**—તેમણે સટીક 'હેમવિભ્રમ' વ્યાકરણ વિષયક નાનો ગ્રંથ રચ્યો છે. વળી કવિચક્રવર્તી ષડ્દર્શનજ્ઞાતા અને શબ્દાનુશાસનના પારગામી પં૦ કાકલના ઉપદેશથી પં૦ પુંડરીકે રચેલી 'તત્ત્વપ્રકાશિકાની વૃત્તિ' રચી હતી. (–હેમસમીક્ષા, પૃ૦ ૪૮)

## ૫. વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

**૪૨. આ૦ પૂર્ણભદ્રસૂરિ**—આ આચાર્યશ્રીએ કે રાજગચ્છના આ૦ ચંદ્રસૂરિના શિષ્ય પૂર્ણભદ્રે[1] સં૦ ૧૨૫૪ ના ફાગણ વદિ ૩ ના

1. (૧) વડગચ્છના આ૦ વાદિદેવસૂરિના શિષ્ય આ૦ પૂર્ણભદ્ર સં૦ ૧૨૫૪, સં૦ ૧૨૮૫.

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

રોજ પાટણમાં મંત્રી સોમની[1] વિનતિથી રાજનીતિના વિવેચન માટે 'પંચતંત્ર'નો પાઠોદ્ધાર કર્યો હતો. (-પ્રો૦ ભોગીલાલ જ૦ સાંડેસરાના ગુજરાતી પંચતંત્રની પ્રસ્તાવના)

**૪૩. આ૦ પદ્મદેવસૂરિ, આ૦ બ્રહ્મદેવસૂરિ**—તેમનું બીજું નામ આ૦ પદ્મચંદ્ર પણ મળે છે. આ૦ પદ્મદેવસૂરિ આ૦ વાદિદેવસૂરિના શિષ્ય હતા પરંતુ આ૦ પૂર્ણભદ્રે તેમને આચાર્યપદવી આપીને પોતાની પાટે સ્થાપન કર્યા હતા. તેમણે સં૦ ૧૨૧૫ ના વૈશાખ સુદિ ૧૦ ને મંગળવારે ભ૦ શાંતિનાથની પ્રતિમાની અંજનશલાકા કરી ત્યારે તેઓ પાણિનીય પં૦ પદ્મચંદ્ર ગણિ નામથી ઓળખાતા હતા અને સં૦ ૧૨૮૮, સં૦ ૧૨૯૩, સં૦ ૧૨૯૬ માં અંજનશલાકા તેમજ પ્રતિષ્ઠાઓ કરાવી તેમાં આ૦ પદ્મદેવ તરીકેની ખ્યાતિ મેળવી ચૂકયા હતા. તેમણે કવિ આસડે રચેલી 'ઉપદેશકંદલી' વગેરે ગ્રંથોનું સંશોધન કર્યું હતું.

(-પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા૦ ૨, લેખાંક : ૩૬૪, ૩૬૫, અર્બુદાચલ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૨૩૧, ૫૨૪, ૧૨૫, પ્રક૦ ૪૩, પૃ૦....)

**આ૦ બ્રહ્મદેવે** સં૦ ૧૩૦૭ ના જેઠ વદિ ૫ ના રોજ આબૂ તીર્થમાં પ્રતિષ્ઠા કરાવી.

(-અર્બુદાચલ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૩૩૩)

**૪૪. આ૦ માણેકચંદ્રસૂરિ**—તેમનાં આ૦ માનદેવ, આ૦ માણેકદેવ, આ૦ માણેકચંદ્ર, આ૦ માણેકશેખર વગેરે નામો મળે છે. અમદાવાદના ઝવેરીવાડમાં આવેલા ભ૦ સંભવનાથના જિનાલયમાં ભ૦

---

(૨) રાજગચ્છના આ૦ ચંદ્રસૂરિના શિષ્ય આ૦ પૂર્ણભદ્ર સં૦ ૧૨૩૯. (-પ્રક૦ ૩૫, પૃ૦ ૨૬)

(૩) ખરતરગચ્છના આ૦ જિનપતિસૂરિ (સં૦ ૧૨૨૩ થી સં૦ ૧૨૭૮)ના શિષ્ય પૂર્ણભદ્ર, તેમની તથા પં૦ સુમતિ ગણિની નાની દીક્ષા સં૦ ૧૨૬૦ના જેઠ સુદિ ૬ ના રોજ થઈ હતી. (-પ્રક૦ ૪૦, પૃ૦ ૪૫૯)

૧. મંત્રી સોમ માટે જુઓ, પ્રક૦ ૩૮, પૃ૦ ૩૫૫

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહાવીરસ્વામીની ધાતુપ્રતિમા ઉપર તેમનો લેખ આ પ્રકારે મળે છે—

सं० १३२७ फा० सु० ८ पल्लीवालज्ञातीय ठ० कुमारसिंघ भार्या-कुमरदेवी सुत सामंत भार्या सिंगारदेवी पित्रोः पुण्यार्थं ठ० विक्रमसिंह ठ० खूणा ठ० सांगाकेन श्रीमहावीरबिंबं का० प्र० वडगच्छेशश्रीपद्मचन्द्रसूरि-शिष्यश्रीमाणिक्यसूरिभिः ॥

લેખનો સાર એ છે કે, આ૦ માણિક્યદેવ તે આ૦ વાદિદેવસૂરિના સંતાનીય આ૦ પદ્મચંદ્રના પટ્ટધર હતા.[1]

(—આ૦ બુદ્ધિસાગરસૂરિસંકલિત ધાતુપ્રતિમા લેખસંગ્રહ, ભા૦ ૨, લેખાંક : ૧૩૭)

એ જ લેખસંગ્રહમાં લેખાંક: ૯૯૧ માં પણ તેમણે સં૦ ૧૩૭૫ માં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કર્યાનો બીજો ઉલ્લેખ મળે છે.

આ૦ માણિક્યદેવે નવમંગલાંક ‘ નલાયનચરિત્ર ’ સ્કંધ ૧૦, સર્ગ : ૯૯, ગ્રં૦ : ૪૦૫૦ રચ્યું છે. તેમાં તેમણે દરેક સ્કંધને અંતે પોતાનો પરિચય આપ્યો છે. એ ઉપરથી તારવી શકાય છે કે— આ૦ માણિક્યદેવ વડગચ્છરૂપી આકાશમાં ચંદ્ર જેવા હતા. તેઓ કવિઓમાં મુખ્ય હતા. કૌતુકરસિક, સુકવિ, સાહિત્યના મર્મજ્ઞ મહા-કવિ હતા.

તેમણે ‘નલાયન’ રચ્યું તે પહેલાં ‘ યશોધરચરિત્ર ’ સર્ગ : ૧૪,

---

૧. જૈન પ્રતિમાલેખો ઘણા પ્રકાશિત થયા. શ્રીપૂરણચંદ્રજી નાહરે લેખ-સંગ્રહ ભા૦ ૧, ૨, ૩ પ્રકાશિત કર્યા છે. તેમાં ગચ્છઆગ્રહના કારણે કેટલાક જરૂરી લેખો પણ લેવાયા નથી. આ૦ હીરસૂરિના લેખો લેવાયા નથી. બીજા લેખોમાં કંઈક શંકાઓ પણ રહે છે.

આ૦ બુદ્ધિસાગરસૂરિએ ધાતુપ્રતિમાલેખસંગ્રહના બે ભાગ પ્રગટ કરાવ્યા છે તેમાં મોટે ભાગે નિશાળના શિક્ષકોને મહેનતાણું આપીને સંગ્રહ કરાવ્યો હશે. તેથી તેમાં અનેક અશુદ્ધિઓ અને સ્ખલનાઓ રહી જવા પામી છે. ભારતભરનાં સમસ્ત દેરાસરોની પાષાણ તેમજ ધાતુપ્રતિમાઓના લેખો લેવડા-વવાની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી જેવી સંસ્થાએ વ્યવસ્થા કરવી જોઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'મુનિમનોહર, અનુભવસારવિધિ અને **પાંચ નાટક**'ના ગ્રંથો રચ્યાં છે.[1]

## ૯. વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

**૪૨. આ૦ જિનચંદ્રસૂરિ**—તેમનું બીજું નામ આ૦ જિન-ભદ્રસૂરિ સંભવે છે. તેમણે ગુરુદેવની આજ્ઞાથી સં૦ ૧૨૦૪ના માહ સુદિ ૧૩ ને શુકવારે **ફલોધિ પાર્શ્વનાથ તીર્થ**ની સ્થાપના કરી હતી.

**૪૩. આ૦ મદનચંદ્રસૂરિ**—તે શુભંકર પોરવાડના વંશના દાહડના મદન નામના પુત્ર હતા. (જૂઓ પ્રક૦ ૩૮, પૃ૦ ૩૮૭) તેઓ આ૦ વાદિદેવસૂરિના સંતાનીય હતા પણ કોના શિષ્ય તે સ્પષ્ટ જાણવા મળતું નથી. મંત્રી તેજપાલની પત્ની **મહં૦ અનુપમાદેવી**એ સં૦ ૧૨૯૩ ના પોષ સુદિ ૧૩ ના દિવસે તેમને 'ઓઘનિર્યુક્તિ'ની પ્રતિ વહોરાવી હતી. શુભંકર પોરવાડના વંશના દાહડના પુત્ર મદને દીક્ષા લીધી તે આ૦ મદનચંદ્રસૂરિ થયા. (—પ્રક૦ ૩૮, પૃ૦ ૩૫૯)

**૪૪. આ૦ મહેંદ્રસૂરિ**—તેમના શિષ્ય આ૦ મહેન્દ્રસૂરિ તે ભરૂચમાં વિશેષ રહેતા હતા. મોટા જ્યોતિષી હતા અને રાજમાન્ય હતા. તેમણે 'યંત્રરાજાગમ' અધ્યાય ૫, શ્લો૦ : ૧૮૦ માં પંચાંગ-વિષયક જ્યોતિષનો ગ્રંથ રચ્યો છે. તેમના શિષ્ય આ૦ મલયચંદ્ર-સૂરિએ તેના પર ટીકા રચી છે. મંગલાચરણમાં તેઓ જણાવે છે કે—

श्रीसर्वज्ञपदाम्बुजं हृदि परामृश्य प्रभावप्रदं,
श्रीमन्तं **मदनाख्यसूरिसुगुरुं** कल्याणकल्पद्रुमम् ।
लोकानां हितकाम्यया प्रकुरुते 'सद्यन्त्रराजागमं'
नानाभेदयुतं चमत्कृतिपरं सूरि**र्महेन्द्राभिधः** ॥१॥

અંતે તેઓ કહે છે—

अभूद् भृगुपुरे वरे गणकचक्रचूडामणिः,
कृती नृपतिसंस्तुतो मदनसूरिनामा गुरुः ।

---

૧. નાટકો માટે જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૩૩ ટિપ્પણ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तदीयपदशालिना विरचिते सुयन्त्रागमे,
**महेन्द्रगुरुणो** धृताऽजनि विचारणा यन्त्रजा ॥ अ० ५, श्लो० ६७॥

તેઓ ગુરુદેવની જેમ મોટા **જ્યોતિષી** હતા. **પિરોજશાહ** બાદશાહ અને તેની રાજસભાના જ્યોતિષી પર આ આચાર્યનો પ્રભાવ હતો. તેઓના આગ્રહથી તેમણે આ **'યંત્રરાજ' નામક** ગ્રંથ રચ્યો.

૪૫. આ૦ **મલયચંદ્રસૂરિ**—તેમણે ગુરુએ રચેલા 'યંત્રરાજ' ઉપર સુગમટીકાની રચના કરી છે. તેમણે ટીકામાં શાકે ૧૨૯૨, સં૦ ૧૪૨૭ થી સં૦ ૧૪૩૫ ના વચલા ગાળાની કેટલીક પૂનમ, અમાસ અને નક્ષત્રોનું સ્પષ્ટ ગણિત આપ્યું છે. તેમજ સં૦ ૧૪૨૭ થી સં૦ ૧૪૯૪ સુધીનો નક્ષત્રનો કોઠો (કોષ્ટક) આપ્યો છે. આ ગ્રંથના અધ્યાય ૧ ના શ્લોક ૪૦ માં જણાવ્યું છે કે—'अयं ग्रन्थः शाके १२९२ वर्षे निष्पन्नः ।' આથી સ્પષ્ટ છે કે, આ ટીકાગ્રંથ સં૦ ૧૪૨૭ માં બન્યો. આદિમાં તેમણે જણાવ્યું છે કે—

"प्रणम्य सर्वज्ञपदारविन्दं सूरेर्महेन्द्रस्य पदाम्बुजं च ।[1]
तनोति तद्गुम्फितयन्त्रराजग्रन्थस्य टीकां मलयेन्दुसूरिः ॥"

જૈન સાઈટ JAINSITE .com

અંતે તેઓ લખે છે—

श्रीपीरोजशक्रेन्द्रसर्वगणकैः पृष्टो महेन्द्रप्रभु-
र्जातः सूरिवरस्तदीयचरणाम्भोजैकभृङ्गद्युता ।

---

૧. (૧) આ સમયે કૃષ્ણર્ષિગચ્છમાં પણ આ૦ પ્રસન્નચંદ્રસૂરિની પાટે બાદશાહ મહમ્મદ પ્રશંસિત **આ૦ મહેંદ્રસૂરિ** થયા હતા.

(જૂઓ, પ્રક૦ ૩૩, પૃ૦ ૫૨૦)

(૨) ચૈત્રગચ્છમાં જંબાહુરીશાખામાં સં૦ ૧૫૨૨ માં ચાંદસમીય ભ૦ મલયચંદ્રસૂરિની પાટે ભ૦ લક્ષ્મીસાગર ચાંદસમીય થયા હતા.

(-ધાતુપ્રતિમાલેખ, ભા૦ ૧, લે૦ ૧૫)

(૩) વાયડગચ્છના આ૦ અમરચંદ્રસૂરિ (વેણીકૃપાણ)ના શિષ્ય પં૦ મહેંદ્ર હતા. તેને પં૦ મદનચંદ્ર (સં૦ ૧૩૪૯) નામે શિષ્ય હતા. [-પ્રતિમાલેખ]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

सूरिश्रीमलयेन्दुना विरचितेऽस्मिन् यन्त्रराजागमे,
व्याख्याने प्रविचारणादिकथनाध्यायोऽगमत् पञ्चमः ॥
(–અ૦ ૫, શ્લોક ૯૭ની ટીકા-પ્રશસ્તિ)

## ૭. વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

૪૨. આ૦ જિનચંદ્રસૂરિ.

૪૩. આ૦ મદનચંદ્રસૂરિ.

૪૪. આ૦ મુનિદેવસૂરિ—તેમણે રાજગચ્છના આ૦ પ્રદ્યુમ્નસૂરિએ રચેલી 'પ્રવ્રજ્યાવિધાન'ની વૃત્તિની પહેલી પ્રતિ લખી અને પોતે રચેલા 'શાંતિનાથચરિત્ર'નું તેમની પાસે સંશોધન કરાવ્યું.

(જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૨૪.)

પોરવાલ શા૦ શક્તિકુમારને આસાહી નામે પુત્ર હતો. તેમને શિવાદેવી નામે પત્ની તથા ૧ વોસિરિ, ૨ સાઢલ, ૩ સાંગો અને ૪ પુણ્યસિંહ નામે પુત્રો થયા. વોસિરિ વગેરે ચાર ભાઈઓએ પિતા આસાહીના કલ્યાણ માટે 'અષ્ટાપદ' નામનું ચૈત્ય બનાવ્યું અને તેની આ૦ મુનિદેવસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી. તેમણે આચાર્યશ્રીને 'શાંતિનાથચરિત્ર' રચવાની વિનંતિ કરી.

(–શ્રીપ્રશસ્તિસંગ્રહ, પ્ર૦ નં૦ ૧૩૪, પૃ૦ ૮૩)

પૂર્ણતલ્લગચ્છના આ૦ દેવચંદ્રસૂરિએ સં૦ ૧૧૬૦ માં 'સંતિનાહચરિય' (ગ્રં૦ ૧૨૧૦૦) બનાવ્યું હતું. આ૦ મુનિદેવે તેના આધારે સં૦ ૧૩૨૨ ના ફાગણ સુદિ ૨ ને બુધવારે નવું અને સંક્ષિપ્ત 'શાંતિનાથચરિત્ર' (ગ્રં૦ ૪૯૧) રચ્યું. વડગચ્છના આ૦ ગુણભદ્રસૂરિના પટ્ટધર આ૦ મુનિચંદ્રે સં૦ ૧૪૧૦ માં આ 'શાંતિનાથચરિત્ર'ના આધારે કાવ્ય-સાહિત્યના લક્ષણો યુક્ત 'શ્રીશાંતિનાથ મહાકાવ્ય' (ગ્રં૦ ૬૨૭૨) રચ્યું છે.

(પ્રક૦ ૩૫, પૃ૦ ૧૨૦, પ્રક૦ ૪૧, વડગચ્છપટ્ટાવલી બીજી, પૃ૦)

આ૦ મુનિદેવે સં૦ ૧૩૨૪ માં કૃષ્ણર્ષિગચ્છના આ૦ જયસિંહસૂરિની 'ધર્મોપદેશમાલા' (ગાથા : ૯૮)નું વિવરણ (ગ્રં૦ : ૬૫૦૦) રચ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૮. વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

**૪૨. આ૦ મહેન્દ્રસૂરિ**—તેમણે 'જીરાપલ્લીપાર્શ્વનાથસ્તોત્ર' રચ્યું છે.

**૪૩. આ૦ પ્રદ્યુમ્નસૂરિ**—આશાવલમાં ચૈત્યવાસી ભટ્ટારકે પ્રતિષ્ઠિત કરેલો પ્રાચીન 'ઉદયનવિહાર' હતો, તેની પ્રતિમાઓ વંદનીય નથી એમ ખરતરગચ્છીય આ૦ જિનપતિસૂરિ (સં૦ ૧૨૨૩ થી ૧૨૭૮)એ જાહેર કર્યું ત્યારે આ૦ પ્રદ્યુમ્નસૂરિએ પોતાના પિતા ક્ષેમંકરના પ્રતિબોધ માટે તે વિચારોનું ખંડન કરતો 'વાદસ્થલ' નામે ગ્રંથ રચ્યો. આ૦ જિનપતિસૂરિએ પોતાના ગચ્છના પ્રતિપાદન માટે 'પ્રબોધ્યવાદસ્થલ' નામનો ગ્રંથ રચ્યો છે.

**૪૪. આ૦ માનદેવસૂરિ**—તેમના માટે શિલાલેખોમાં પ્રદ્યુમ્નસૂરિપટ્ટોદ્ધરણ એવું વિશેષણ મળે છે. એ સમયે ઘણા આ૦ માનદેવસૂરિ અને આ૦ માણિક્યચંદ્ર થયા હતા. તેમનાથી જુદા બતાવવા માટે ઉપર્યુક્ત વિશેષણ આપવામાં આવ્યું હોય એમ જણાય છે.

**૪૫. આ૦ જયાનંદસૂરિ**—તેમણે સં૦ ૧૩૦૫ ના વૈશાખ સુદિ ૩ ને શનિવારે ગિરનાર તીર્થમાં ગૂજરાતના મહામાત્ય **ઉદાયન**ના વંશજ પૌત્ર દંડનાયક **સલક્ષણસિંહે** ભરાવેલી ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

(—ગુજરાતના ઐતિહાસિક લેખો ભા૦ ૩, લેખાંક : ૨૧૩)

## ૯. વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

**૪૨. આ૦ મહેશ્વરસૂરિ**—તેમણે આ૦ મુનિસુંદરસૂરિએ રચેલી 'પક્ખિસિત્તરી'ની 'સુખબોધિકા' વૃત્તિ રચી; જેમાં પં૦ વજ્રસેન ગણિએ મદદ કરી હતી. પં૦ વજ્રસેનના શિષ્ય પં૦ હરિશ્ચંદ્રે 'કર્પૂરપ્રકરણ' તેમજ 'નેમિનાહચરિય' ગ્રંથો રચ્યા છે.

**૪૩. આ૦ જયપ્રભસૂરિ**—તેમણે સં૦ ૧૨૬૧ ના જેઠ સુદિ

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

૨ ને રવિવારે બ્રહ્માણગચ્છમાં ભ૦ નેમિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

**૪૪. આ૦ રામભદ્રસૂરિ**—તેમણે 'પ્રબુદ્ધરોહિણેયનાટક' અંક : ૬, તેમજ 'કાલિકાચાર્ય-કથા' રચ્યાં છે. જાલોરના રાજા સમરસિંહ તથા ઉદયસિંહ (સં૦ ૧૨૩૯ થી સં૦ ૧૩૦૬)ના મંત્રી યશોવીર તથા અજયપાલે જાલોરમાં સં૦ ૧૨૩૯ માં ભ૦ આદિનાથનું દેરાસર તથા રંગમંડપ બંધાવ્યા. તેના યાત્રોત્સવમાં 'પ્રબુદ્ધરોહિણેયનાટક' ભજવાયું હતું.

## ૧૦. વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

૪૨. આ૦ વિમલચંદ્રસૂરિ.

મુનિ માલ લખે છે કે—

"વિમલચંદ્ર ઉવજ્ઝાઈ ભાઈ, તસુ પદ્દિ પ્રઠવી;
વ્રતનીચંદ ઉવજ્ઝાયપણો, તસુ પછે ન કીધી."

આથી સમજાય છે કે, આ૦ વાદિદેવસૂરિના ભાઈ વિજયે દીક્ષા લીધી હતી. તે આ૦ વાદિદેવસૂરિના ઉપાધ્યાય હતા. સંભવ છે કે, આ૦ માનદેવસૂરિના પણ ઉપાધ્યાય હોય. તેઓ આચાર્ય થયા પછી આ૦ વિમલચંદ્રસૂરિ નામથી જાહેર થયા. તેમનું બીજું નામ આ૦ વિજયસેનસૂરિ પણ મળે છે. આ૦ વિમલચંદ્ર જ આ ગચ્છના પહેલવહેલા ઉપાધ્યાય હતા. એ પછી તે ગચ્છમાં ઉપાધ્યાય થયા નથી અને સાધ્વીઓમાં પ્રવર્તિની પણ થઈ નથી. સંભવ છે કે, તેમની માતા મહત્તરા કે પ્રવર્તિની હશે. તે પછી બીજી પ્રવર્તિની બની ન હોય.[1]

૧. ઇતિહાસ કહે છે કે, તીર્થંકર ભગવાનના શાસનમાં સાધુઓ કરતાં સાધ્વીઓની સંખ્યા લગભગ ત્રણ ગણી હતી. મધ્યકાળમાં સાધ્વીઓની સંખ્યા સાધુઓ કરતાં ઓછી હતી. વિક્રમની વીશમી સદીના ઉત્તરાર્ધથી સાધ્વીઓની સંખ્યા વધી છે પણ સંઘમાં તેઓ પ્રત્યેનું આદર-સમ્માન અને તેમને શાસન હિત માટે વિશેષપણે તૈયાર કરવાની ભાવના વધી નથી. સંભવ છે કે, એકવીશમી સદીમાં ભારતના રાજતંત્રમાં સ્ત્રીઓની સંખ્યા મોટી રહેતાં જૈન સંઘતંત્રમાં સાધ્વીઓની સંખ્યા પણ વધે અને બંને તંત્રમાં એ અંગે પલટો આવે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાધારણ વ્યવસ્થા એ હતી કે, મહત્તરા અને પ્રવર્તિની આચાર્યની આજ્ઞામાં રહેતા અને સાધ્વીસમૂહ પ્રવર્તિનીની આજ્ઞામાં રહેતો. આવી ઉત્તમ વ્યવસ્થા હતી. વર્તમાનમાં સાધ્વીઓ પંન્યાસ કે સાધુઓની સીધી આજ્ઞામાં રહે છે. આ વ્યવસ્થા ઉત્તમ ન ગણાય. સાધ્વીસંઘના અભ્યુદય માટે ફરીવાર એવી પ્રાચીન વ્યવસ્થા ચલાવવી જરૂરી છે.

૪૩. **આ૦ માનદેવસૂરિ**—તેઓ આ૦ વિમલચંદ્રસૂરિના શિષ્ય હતા. તેમનું બીજું નામ આ૦ માણિકચસૂરિ પણ હતું.

૪૪ આ૦ ધર્મદેવસૂરિ—તેઓ આ૦ માણિકચસૂરિના શિષ્ય હતા.

૪૫. **આ૦ વજ્રસેનસૂરિ**—તેઓ આ૦ ધર્મદેવના આજ્ઞાપાલક શિષ્ય હતા. આ૦ વજ્રસેનસૂરિ આ૦ ધર્મદેવના પટ્ટધર હતા અને આ૦ વાદિદેવસૂરિસંતાનીય આ૦ જયશેખરસૂરિની પાટે પણ ૪૬. આ૦ વજ્રસેનસૂરિ થયા હતા. આ રીતે એક જ નામના બે આ૦ વજ્રસેન હોવાથી કેટલીક બાબતોમાં સત્ય તારવી શકાતું નથી. કોઈ કોઈ વિદ્વાન તો એક આ૦ વજ્રસેનસૂરિને આ૦ વાદિદેવસૂરિના જ પટ્ટશિષ્ય પણ માને છે. તો બંને આચાર્યોની બાબતમાં ઉપલબ્ધ થતાં પ્રમાણોના આધારે નિર્ણય કરવો જોઈએ. અમે મળેલા પ્રમાણોના આધારે પટ્ટાનુક્રમ આપ્યો છે.

આ આ૦ વજ્રસેનસૂરિએ સં૦ ૧૩૮૪ ના આસો સુદિ ૧ ને સોમવારે શ્રીમાલનગરમાં સાધ્વી શ્રીમતી સુંદરી, વિજયલક્ષ્મી, સા૦ પદ્મલચ્છી અને સા૦ ચારિત્રલક્ષ્મીની વિનતિથી પોતાના શ્રેય માટે અને સમસ્ત આચાર્ય, ઉપાધ્યાય, મુખ્ય સાધુઓના વાંચવા માટે 'શ્રીશાંતિનાથચરિત્ર' લખ્યું હતું.

(—શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ નં૦ ૧૦૮, પૃ૦ ૭૦)

## ૧૧. વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

૪૨. **આ૦ વિમલચંદ્રસૂરિ**—તેઓ પ્રથમ ઉપાધ્યાય હતા. આચાર્ય થયા પછી તેમણે આ ગચ્છમાં ઉપાધ્યાયપદ અને સાધ્વીનું પ્રવર્તિનીપદ બંધ કર્યાં હતાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૪૩. આ૦ માનદેવસૂરિ.**

**૪૪. આ૦ હરિભદ્રસૂરિ, આ૦ સર્વદેવસૂરિ**—આ૦ સર્વદેવને પં૦ ઉદયચંદ્ર (સં૦ ૧૩૬૦) નામે શિષ્ય હતા.

**૪૫. આ૦ પૂર્ણચંદ્રસૂરિ, આ૦ હરિપ્રભસૂરિ**—સં૦ ૧૩૩૧, સં૦ ૧૩૪૯.

(—પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા૦ ૨, લેખાંક : ૪૮૩, ૪૮૮, ૪૯૮)

**૪૬. આ૦ નેમિચંદ્રસૂરિ**—તેઓ આ૦ પૂર્ણભદ્રના શિષ્ય હતા.

**૪૭. આ૦ નયનચંદ્રસૂરિ**—તેમણે સં૦ ૧૩૪૩ ના માહ સુદિ ૧૦ ને ગુરુવારે સૌરાષ્ટ્રના **શિયાલબેટ**માં ભ૦ નેમિનાથની પ્રતિષ્ઠા કરી હતી.

**૪૮. આ૦ મુનિશેખરસૂરિ**—તેઓ ત્યાગી હતા. યુગપ્રધાન હતા. તેઓ જ્યારે ભદ્રંગમાં હતા ત્યારે શત્રુંજય ઉપર લાગેલી આગને હોલવી દીધી હતી. તેમને મુનિનાયક (સં૦ ૧૪૧૭) નામે શિષ્ય હતા.

**૪૯. આ૦ તિલકસૂરિ, આ૦ ધર્મતિલકસૂરિ**—સં૦ ૧૩૯૪, સં૦ ૧૪૩૯.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**૫૦. આ૦ ભદ્રેશ્વરસૂરિ.**

**૫૧. આ૦ મુનીશ્વરસૂરિ**—તેમનાથી **આચાર્યશાખા** અને **ભટ્ટારકશાખાઓ** ચાલી.

આ સમયે સં૦ ૧૫૧૯ના જેઠ સુદિ ૯ના રોજ વડગચ્છના આ૦ ઉદયપ્રભે આબૂ તીર્થમાં ભ૦ સુમતિનાથ અને ભ૦ વિમલનાથની પંચતીર્થીની પ્રતિષ્ઠા કરી હતી.

(—અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૬૪૩)

**આ૦ ઉદયપ્રભસૂરિ** વરમાણના રહેવાસી હતા.

**૫૨. ભ૦ મહેન્દ્ર, આ૦ રત્નાકર**—ભ૦ મહેન્દ્રના પટ્ટધર ભ૦ કમલચંદ્રસૂરિ (સં૦ ૧૪૮૨માં) થયા.

(—અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૬૨૦)

**૫૩. ભ૦ મેરુપ્રભ, આ૦ રાજરત્ન.**

**૫૪. ભ૦ મુનિદેવ, આ૦ રત્નશેખર.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૫૫. ભ૦ સુપુણ્યપ્રભ. આ૦ સંયમરાજ**—ભ૦ પુણ્યપ્રભસૂરિના શિષ્ય મુનિ વિજયદેવ (સં૦ ૧૬૧૩) હતા.

(—અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૩૮૯)

**૫૬. ભ૦ ભાવદેવ, આ૦ ઉદયરાજ.**

**૫૭. ભ૦ શીલદેવ, આ૦ સુરેંદ્ર—ભ૦ શીલદેવ** તે ભ૦ ભાવદેવસૂરિના શિષ્ય હતા. તેમણે સં૦ ૧૬૧૯માં મહિમાપુરમાં સટીક 'યતિજીતકલ્પ' 'શ્રાદ્ધજીતકલ્પ' અને સં૦ ૧૬૩૬માં 'શ્રીવન્દારુવૃત્તિ' રચી છે. તેમજ તેમણે સં૦ ૧૬૪૪ના વૈશાખ સુદિ ૫ના રોજ ઇંદુ—મૃગશીર્ષ નક્ષત્રમાં બાદશાહ અકબર લાહોરમાં હતો ત્યારે સરસ્વતીપત્તન (સરસાવા)માં 'વિનયંધરચરિત્ર' (ગ્રં૦ ૨૨૮૫) રચ્યું છે. તેમના સમયમાં **મુનિ માલદેવે** 'બૃહદ્ગચ્છપટ્ટાવલી.' (ભાષા : ૩૮) 'જીરણ શેઠની દાનભાવનાસ્તવન' રચ્યાં છે.[1]

મુનિ માલદેવ ગૃહસ્થાવસ્થામાં જ કવિ તરીકે ખ્યાતિ પામ્યા હતા. કવિવર ઋષભદાસે 'કુમારપાલરાસ'માં તેમને મહાકવિની કોટિમાં મૂક્યા છે.

**૫૮. ભ૦ માણિક્યદેવ, આ૦ ગુણવંત.**

**૫૯. ભ૦ દામોદર, આ૦ દેવસૂરિ.**

**૬૦. ભ૦ નરેંદ્રદેવ**—શ્રીસંઘે મળીને આ ભટ્ટારકને ઉપરની બંને શાખા ઉપર સ્થાપ્યા. તેઓ વિદ્વાન હતા. વૈદ્યકમાં નિષ્ણાત હતા. તેમના પગલે પગલે ઋદ્ધિ હતી. પ્રાતઃસ્મરણીય હતા અને યુગપ્રધાન સમા હતા. (—મુનિ માલની 'બૃહદ્ગચ્છગુર્વાવલી' જૈનસત્યપ્રકાશ ક્રમાંક : ૭૭)

## ૧૨. વાદિદેવસૂરિગચ્છ—વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

**૪૨. આ૦ જિનભદ્રસૂરિ**—તેમના ઉપદેશથી શેઠ વાહડિ પોરવાડે પાદરામાં ઉંદરવસહી બંધાવી પ્રતિષ્ઠા કરાવી હતી. તેમણે સં૦

---

૧. શીલદેવે સં૦ ૧૬૩૬માં 'શ્રી વન્દારુવૃત્તિ' લખી હતી.

( શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૨, પ્રક૦ ૧ (પૃ૦ ૪૩૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૨૦૪માં 'ઉપદેશમાલા-કથા' રચી છે. સં૦ ૧૨૧૮માં મંત્રી યશોધવલના અમાત્યપણામાં પાટણમાં તાડપત્ર ઉપર 'કલ્પચૂર્ણિ' લખાવી. તેમના બીજા પટ્ટધર આ૦ રત્નપ્રભસૂરિ થયા. (પટ્ટા૦ ૧૫મી)

**૪૩. આ૦ શાંતિસૂરિ**—તે પરમત્યાગી હતા. તેમને વાદિદેવસૂરિના હાથે આચાર્યપદવી મળી હતી. તેમની સેવામાં દેવો આવતા હતા.

**૪૪. આ૦ ગુણાકરસૂરિ**—તેમનું દેવો પણ સાંનિધ્ય કરતા હતા.

**૪૫. આ૦ રત્નપ્રભસૂરિ**—તે તીવ્ર બુદ્ધિશાળી હતા અને બોલવામાં ચતુર હતા.

**૪૬. આ૦ ગુણસમુદ્રસૂરિ**—તે સ્વભાવે સરળ હતા અને શાસન પ્રત્યે અત્યંત રાગવાળા હતા. સં૦ ૧૪૧૪.

**૪૭. મુનિ હરિભદ્ર**—રામસેનના શેઠ વીલ્હાને મંજુલાદે પત્ની હતી. તેણે મહીપ અને હરિ નામે બે પુત્રોને જન્મ આપ્યો. હરિ નાનો હતો. તેનું મુખ મનોહર હતું. તે સુભટ અને ધર્મનિષ્ઠ હતો. તેને હમીરદે નામે પત્ની હતી. તેનાથી તેમને રાસિલ અને **નાનુ** નામે બે પુત્રો થયા. તે પછી હરિએ આ૦ ગુણસમુદ્રસૂરિ પાસે દીક્ષા લીધી. તેમનું નામ **મુનિ હરિ** પાડવામાં આવ્યું. તેઓ પરમ સાધુભક્ત હતા. તેમણે ગુરુ આજ્ઞા મેળવી અનશન આદરી સ્વર્ગગમન કર્યું. તેના પુત્ર **નાનુ**એ રાજગચ્છના આ૦ માણિકયચંદ્રે રચેલા 'શાંતિનાથચરિત્ર' સર્ગ : ૮, (ગ્રં૦ ૫૫૭૪) નવી પ્રતિ લખાવી, આ૦ ગુણસમુદ્રસૂરિને વહેરાવી. આ૦ ગુણસમુદ્રે તેની પુષ્પિકામાં આ દાન-પ્રશસ્તિ લખી છે. (–શાંતિનાથચરિત્ર–પુષ્પિકા, સં૦ ૧૪૧૪)

## ૧૩. દેવાચાર્યગચ્છ પટ્ટાવલી (જાલોર)

૪૧. આ૦ વાદિદેવસૂરિ—રાજા કુમારપાલે સં૦ ૧૨૨૧માં જાલોરના સુવર્ણગઢ ઉપર ભ૦ પાર્શ્વનાથનો કુમારવિહાર સ્થાપન કર્યો અને તેમાં સદ્વિધિ પ્રવર્તે એ ખાતર વડગચ્છના આ૦ વાદીન્દ્ર દેવાચાર્યના પક્ષમાં તે પ્રાસાદ આચંદ્રાર્ક સમર્પિત કર્યો.

**૪૨. આ૦ પૂર્ણદેવસૂરિ**—તેમનું બીજું નામ પૂર્ણચંદ્ર હોવાનું જણાય છે. જાલોરના મંત્રી યશોવીરે રાજા સમરસિંહ ચૌહાણના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આદેશથી સં૦ ૧૨૪૨માં કુમારવિહારનો જીર્ણોદ્ધાર કરાવ્યો. સં૦ ૧૨૫૬ના જેઠ સુદિ ૧૧ના રોજ આ૦ પૂર્ણચંદ્રસૂરિના હાથે તેના દંડ-કળશ, ધ્વજા-તોરણ વગેરેની પ્રતિષ્ઠા કરાવી હતી. સં૦ ૧૨૭૯ માં તેઓ પોતાને દેવસૂરિગચ્છના બતાવે છે.

(–ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભા૦ ૨, લે૦ ૬૨૨)

તેમણે સૂરિમંત્રગર્ભિત–લબ્ધિસ્તોત્ર પ્રાકૃત ગાથા : ૧૫ અને શત્રુંજય ઉપર પાંચ ઉપવાસ કરીને સૂરિમંત્રકલ્પનું 'દુર્ગપદવિવરણ' (ગ્રં૦ : ૨૩૮) રચ્યું છે.

**૪૩. આ૦ રામભદ્રસૂરિ**—તેમણે સં૦ ૧૨૬૮માં દિવાળીના દિવસે કુમારવિહારના રંગમંડપ ઉપર સ્વર્ણકળશની પ્રતિષ્ઠા કરી હતી. તેમનું બીજું નામ આ૦ રામચંદ્ર પણ મળે છે.

(–પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા૦ ૨, લેખાંક : ૩૫૨, જાલોરલેખ)

**૪૪. આ૦ જયમંગલસૂરિ**—તેમણે દુઃસાધ્ય મંત્રી યશોવીરની પ્રશંસાના શ્લોકો રચ્યા છે. મારવાડમાં આવેલી સુંધાની પહાડી પર જાલોરના રાજા ચાચિગદેવ (સં૦ ૧૩૦૯ થી ૧૩૩૪) વાળી પ્રશસ્તિ, અપભ્રંશ ગુજરાતીમાં 'મહાવીર જન્માભિષેક' પદ્ય : ૨૭, 'કવિશિક્ષા' ગ્રંથ તથા 'ભટ્ટિકાવ્યની ટીકા' રચી છે.

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**૪૫. આ૦ સોમચંદ્રસૂરિ**—તેમણે સં૦ ૧૩૨૯માં 'વૃત્તરત્નાકર'ની સુબોધિનીવૃત્તિ રચી છે.

**દેવાનંદિતગચ્છ**—૪૨મા આ૦ શીલભદ્રના સંતાનીય શ્રાવકની સં૦ ૧૨૧૪માં જે મૂર્તિ બની હતી તે આજે મહેસાણાના મોટા દેરાસરમાં વિદ્યમાન છે. (વિશેષ માટે જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૬૯)

## ૧૪. નાગોરીવડગચ્છ – નાગોરીતપાગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

**૪૨. આ૦ પદ્મપ્રભસૂરિ**—તેમણે સં૦ ૧૨૨૧માં 'ભુવનદીપક-ગ્રહ ભાવપ્રકાશ' નામે પ્રશ્નગ્રંથ રચ્યો છે. આ૦ સિંહતિલકસૂરિએ તેના ઉપર સં૦ ૧૩૨૬માં 'ભુવનદીપકવૃત્તિ' રચી છે. આ આચાર્ય નાગોર–સાંભર તરફ વિશેષ વિચરતા રહ્યા હોવાથી તેમની પરંપરા

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

'નાગોરીશાખા' નામથી વિખ્યાત થઈ.

**૪૩. આ૦ પ્રસન્નચંદ્રસૂરિ**—તેઓ ક્રિયાશિથિલ હતા.

**૪૪. આ૦ ગુણસમુદ્રસૂરિ**—તેમને રાજા ત્રિભુવનપાલ બહુ માનતો હતો. તેમનો સ્વર્ગવાસ સં૦ ૧૩૦૮માં થયો હતો.

**૪૫. આ૦ જયશેખરસૂરિ**—તેઓ ઉગ્ર વિહારી હતા. તેમણે સં૦ ૧૩૦૧માં તપાગચ્છના આ૦ જગચ્ચંદ્રસૂરિની નિશ્રામાં **ક્રિયોદ્ધાર** કર્યો હતો, તે સમયથી નાગોરીશાખા **'નાગોરી તપાગચ્છ'** તરીકે પ્રસિદ્ધ થઈ. તેમણે બાર ગોત્રોને જૈન બનાવ્યાં. તેમણે 'વાદીન્દ્રદેવ-સૂરિમહાકાવ્ય' રચ્યું. (જૈન સત્યપ્રકાશ, ક્રમાંક : ૫૬)

રણથંભોરના રાય **હમીરે** તેમને **કવિરાજ**નું બિરુદ આપ્યું હતું.

**૪૬. આ૦ વજ્રસેનસૂરિ**—તેઓ મોટા વિદ્વાન હતા. અમોઘ ઉપદેશની શક્તિવાળા હતા. તેમને **સારંગ** ભૂપતિએ સં૦ ૧૩૪૩માં "દેશનાજલધર"નું બિરુદ આપ્યું હતું. **અલ્લાવદ્દીન ખિલજી**એ તેમના યોગના ચમત્કારોથી ખુશી થઈ મંત્રી સિંહડ રાણા મારફત રુણા ગામમાં હાર તથા વિવિધ ફરમાનો આપ્યાં હતાં. તેમણે સં૦ ૧૩૪૨ માં લોઢાગોત્રનાં ૧૦૦૦ ઘરોને જૈન બનાવ્યાં, 'લઘુ ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્ર' તથા 'ગુરુગુણષટ્ત્રિંશકા' રચી. તેઓ સં૦ ૧૩૫૪માં આચાર્ય થયા હતા.

આ૦ વજ્રસેનસૂરિના શિષ્ય પં૦ હરિષેણે 'કર્પૂરપ્રકર' અને 'નેમિનાથચરિત્ર'ની રચના કરી છે.

**૪૭. આ૦ હેમતિલકસૂરિ**—તેમણે સં૦ ૧૩૮૨માં **ભાટી-રાજા** તથા **દુલચીરાયને** ઉપદેશ આપી જૈન બનાવ્યા. તેમણે 'ભુવનદીપક' ગ્રંથની વૃત્તિ પણ રચી છે.

સમરાશાહે સં૦ ૧૩૭૧ ના માહ સુદિ ૭ ને ગુરુવારે શત્રુંજય તીર્થનો મોટો ઉદ્ધાર કર્યો ત્યારે આ૦ હેમાચાર્ય ત્યાં હાજર હતા.

**૪૮. આ૦ રત્નશેખરસૂરિ**—તેમનો સં૦ ૧૩૭૨માં જન્મ, સં૦ ૧૩૮૫માં દીક્ષા, સં૦ ૧૪૦૦માં બિલાડામાં આચાર્યપદ અને સં૦ ૧૪૨૮ પછી સ્વર્ગવાસ થયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે ખરતરગચ્છના આ૦ **જિનપ્રભસૂરિ** પાસે અભ્યાસ કર્યો હતો. તેમને 'મિથ્યાંધકારનભોમણિ'નું બિરુદ મળ્યું હતું. તેમણે સં૦ ૧૪૪૭માં 'ગુણસ્થાનક્રમારોહ સ્વોપજ્ઞવૃત્તિ, વીરંજયક્ષેત્રસમાસ સ્વોપજ્ઞવૃત્તિ, ગુરુગુણષટ્ત્રિંશકાવૃત્તિ, સંબોધસિત્તરીવૃત્તિ, સં૦ ૧૪૧૮ માં સિરિસિરિવાલકહા, સિદ્ધચક્રલેખનવિધિ, દિણસુદ્ધિદીપિકા ગા૦ ૧૪૪, છંદોરત્નાવલી અને ષટ્દર્શનસમુચ્ચય' વગેરે ગ્રંથોની રચના કરી છે. આ ગ્રંથના લેખકે સં૦ ૧૯૮૩ના કાર્તિક સુદિ ૫ના રોજ મુંબઈમાં દિનશુદ્ધિદીપિકાની ગુજરાતી **વિદ્યપ્રભા** નામે ટીકા રચી છે.

સં૦ ૧૪૦૭માં **ફિરોજશાહ** તઘલખને આચાર્યશ્રીએ ઉપદેશ આપ્યો અને બાદશાહે તેમને સં૦ ૧૪૧૪માં વિવિધ ફરમાનો આપ્યાં હતાં.[1]

આચાર્યશ્રીએ ૧૦૦૦ ઘરોના માણસોને નવા જૈન બનાવ્યા.

તેમના શિષ્ય પં૦ **સોમચંદ્ર**ગણિએ સં૦ ૧૫૦૪માં 'કર્પૂરપ્રકર ગ્રંથ બાલાવબોધ-કથા' : ૧૫૭ (ગ્રં૦ ૨૨૬૦) રચ્યા છે.

**૪૯. આ૦ હેમચંદ્રસૂરિ**—તેમણે સં૦ ૧૪૧૮માં તેમના ગુરુદેવની 'સિરિસિરિવાલકહા'નો પ્રથમ આદર્શ લખ્યો હતો. સં૦ ૧૪૨૪ માં પૂર્ણચંદ્ર આચાર્ય થયા હતા.

**૫૦. આ૦ હેમહંસસૂરિ**—તેમનું બીજું નામ હેમચંદ્ર પણ મળે છે. તેઓ આ૦ પૂર્ણચંદ્રના શિષ્ય હતા. તેમનો સં૦ ૧૪૩૧માં જન્મ, સં૦ ૧૪૩૯માં દીક્ષા, સં૦ ૧૪૫૩માં આચાર્યપદ થયાં.

તેમની પરંપરામાં અનુક્રમે ૫૧. પં૦ લક્ષ્મીનિવાસ, ૫૨. પં૦ પુણ્યરત્ન, ૫૩. પં૦ સાધુરત્ન વગેરે યતિઓ થયા.

**૫૧. ભ૦ રત્નસાગર**—તેમનું ટૂંકું નામ રત્નાકર હતું. તેમનું બીજું નામ ભ૦ રત્નપ્રભસૂરિ પણ મળે છે. તેમણે સં૦ ૧૪૯૨માં 'આદિનાથ જન્માભિષેક' તથા સં૦ ૧૫૦૮માં અમદાવાદમાં 'વસંતવિલાસ' રચ્યો.

---

૧. આ૦ રત્નશેખરથી આ૦ હેમસમુદ્ર સુધીના આચાર્યોના પટ્ટાનુક્રમ માટે **શિલાલેખો**, ચંદ્રકીર્તિટીકા તથા પટ્ટાવલીઓમાં વિસંવાદ જોવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમની પાટે (૫૨) આ૦ હેમચંદ્રસૂરિના શિષ્ય (૫૩) ઉપાધ્યાય લલિતકીર્તિગણિએ સં૦ ૧૫૧૬ના ભાદરવા સુદિ ૯ ને ગુરુવારે ઉજ્જૈનમાં 'ધન્યચરિત્ર–દાન કલ્પદ્રુમ' લખ્યો.

(શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ ૯૦)

**૫૨. ભ૦ હેમસમુદ્ર**—તે વિદ્વાન હતા. તેમને પદ્મસુંદર નામે ઉપાધ્યાય હતા, જેઓ પં૦ પદ્મમેરુના શિષ્ય હતા. ઉ૦ પદ્મસુંદર વાદી હતા. તેમની વિદ્વત્તાથી પ્રભાવિત થયેલા સમ્રાટ **અકબરે** તેમને બહુમાનપૂર્વક ગામ, પાલખી, પહેરામણી વગેરે આપ્યાં હતાં. તેમણે 'પ્રમાણસુંદર ન્યાય, ધાતુપાઠ, જંબૂચરિત્ર, પાર્શ્વનાથ મહાકાવ્ય, રાયમલ્લાભ્યુદય મહાકાવ્ય,' વગેરે ગ્રંથો રચ્યા છે. તેઓ કાલધર્મ પામતાં તેમનો જ્ઞાનભંડાર સમ્રાટ અકબરે સં૦ ૧૬૪૨માં જગદ્ગુરુ હીરવિજયસૂરિને અર્પણ કર્યો. જગદ્ગુરુએ પણ આગરામાં સમ્રાટ અકબરના નામથી જ એ જ્ઞાનભંડારની સ્થાપના કરી હતી.

ઉ૦ વચ્છરાજે 'શાંતિનાથચરિત્ર' તથા 'સમ્યક્ત્વકૌમુદી' રચ્યાં છે.

**૫૩. ભ૦ હેમરત્ન**—તે પં૦ પુણ્યરત્નના ગાઢ મિત્ર હતા.

**૫૪. ભ૦ સોમરત્નસૂરિ**—સં૦ ૧૫૪૫ થી સં૦ ૧૫૭૯. તેમણે પં૦ સાધુરત્નના શિષ્ય યતિ **પાર્શ્વચંદ્રને** ઉપાધ્યાયપદ આપ્યું. ઉપા૦ પાર્શ્વચંદ્રથી સં૦ ૧૫૭૨માં 'પાયચંદમત' નીકળ્યો.[1] અને પાર્શ્વ-

---

૧. **ઉપા૦ પાર્શ્વચંદ્ર** તે (૪૯) આ૦ હેમચંદ્ર, (૫૦) આ૦ હેમહંસ, (૫૧) આ૦ લક્ષ્મીનિવાસ, (૫૨) પુણ્યરત્ન, (૫૩) **પં૦ સાધુરત્નના** શિષ્ય હતા. **ભ૦ સોમરત્નના** ઉપાધ્યાય હતા.

૫૪. **આ૦ પાર્શ્વચંદ્રસૂરિ**—આબુ પાસે આવેલા હમીરપુરમાં શેઠ વેલજી નામે પોરવાડ રહેતા હતા. તેમની પત્નીનું નામ વિમલા. તેણે સં૦ ૧૫૩૭માં એક બાળકને જન્મ આપ્યો, જે છેવટે આ૦ પાર્શ્વચંદ્રસૂરિ નામે ખ્યાતિ પામ્યા. એટલે તેમનો જન્મ સં૦ ૧૫૩૭, પં૦ સાધુરત્ન પાસે સં૦ ૧૫૪૬ દીક્ષા લીધી. સં૦ ૧૫૬૫માં નાગોરમાં ઉપાધ્યાયપદવી મેળવી, સં૦ ૧૫૯૯માં ભટ્ટારકપદ પ્રાપ્ત કર્યું અને સં૦ ૧૬૧૨ના માગશર સુદિમાં જોધપુરમાં સ્વર્ગવાસ થયો.

તેમણે સં૦ ૧૫૭૨માં ૧૧ બોલની પ્રરૂપણા કરીને 'પાયચંદ મત'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંદ્રગચ્છના વિનયદેવથી સં૦ ૧૬૦૨ના વૈશાખ સુદિ ૩ને સોમવારથી 'સુધર્મગચ્છ' શરૂ થયો.

---

ચલાવ્યો, જે સમય જતાં પાયચંદગચ્છ નામથી જાહેર થયો. તેમણે પં૦ જર્ષિ ગણિ સાથે વાદમાં જોધપુરમાં રાજા માલદેવનું શરણ લીધું. તેમણે ઘણા આગમોના ટબ્બા લખ્યા છે. સં૦ ૧૫૮૮ માં તેમણે 'શ્રેણિકરાસ' રચ્યો. લોંકાગચ્છના વિરોધમાં ૧૨૨ બોલ બનાવ્યા છે. વિવિધ ૨૬ સજ્ઝાયો રચી છે.

(–આ૦ જયચંદકૃત પાર્શ્વચંદ્રચરિત્ર દુહા : ૪૭, હીરસૌભાગ્યકાવ્યપ્રશસ્તિ, પાયચંદગચ્છ પટ્ટાવલી વગેરે)

**પાયચંદગચ્છની પટ્ટાવલી** આ પ્રમાણે મળે છે—

૫૪. આ૦ પાર્શ્વચંદ્રસૂરિ—સ્વ૦ સં૦ ૧૬૧૨, જોધપુર.

૫૫. આ૦ સમરચંદ્રસૂરિ—સ્વ૦ સં૦ ૧૬૨૬, ખંભાત.

૫૬. આ૦ રાજચંદ્રસૂરિ—સ્વ૦ સં૦ ૧૬૬૯ ના જેઠ સુદિ ૬, ખંભાત. તેમની પાટે (૫૭) રત્નચંદ્ર, (૫૮) વચ્છરાજ થયા છે.

૫૭. આ૦ વિમલચંદ્રસૂરિ—સ્વ૦ સં૦ ૧૬૭૪ના આસો સુદિ ૧૩, અમ૦

૫૮. આ૦ જયચંદ્રસૂરિ—સ્વ૦ સં૦ ૧૬૯૯ ના અષાડ સુદિ ૧૫.

તેમણે સં૦ ૧૬૫૪ માં રાયરત્નરાસ, પાર્શ્વચંદ્રસૂરિદોહા ૪૭, રાજચંદ્રસૂરિ બારમાસા વગેરે રચ્યાં છે. તેમણે સં૦ ૧૬૫૪ ના 'રાસરત્ન'માં પોતાનો વડગચ્છ બતાવ્યો છે. એટલે સંભવ છે કે, સં૦ ૧૬૫૪ પછી પાયચંદગચ્છ નામ પડ્યું હશે

૫૯. ભ૦ પદ્મચંદ્રસૂરિ—સ્વ૦ સં૦ ૧૭૪૪ના આસો સુદિ ૧૦, વીરમગામ.

૬૦. ભ૦ મુનિચંદ્રસૂરિ—સ્વ૦ સં૦ ૧૭૫૦ના આસો વદિ ૧૦, ,,

૬૧. ભ૦ નેમિચંદ્રસૂરિ—સ્વ૦ સં૦ ૧૭૯૭ના વૈશાખ વદિ ૫, બિકાનેર.

૬૨. ભ૦ કનકચંદ્રસૂરિ—સ્વ૦ સં૦ ૧૮૧૦ના માહ વદિ ૧૦, બિકાનેર.

૬૩. ભ૦ શિવચંદ્રસૂરિ—સ્વ૦ સં૦ ૧૮૨૩ના પ્રથમ ચૈત્ર સુદિ ૯, વડુ.

૬૪. ભ૦ ભાનુચંદ્રસૂરિ—સ્વ૦ સં૦ ૧૮૩૭ના કાર્તિક વદિ ૮, વીરમગામ.

૬૫. ભ૦ વિવેકચંદ્રસૂરિ—સ્વ૦ સં૦ ૧૮૫૪ના શ્રાવણ વદિ ૧૩, ઉજ્જૈન.

૬૬. ભ૦ **લબ્ધિચંદ્રસૂરિ**—સ્વ૦ સં૦ ૧૮૮૩ના કાર્તિક વદિ ૧૦, બિ૦

તેમણે 'સિદ્ધાંત રત્નિકાવ્યાકરણ, જ્યોતિષજાતક' વગેરે ગ્રંથો રચ્યા છે. તેમના ઉપદેશથી ઉદયપુરના પટવા જોરાવરમલજીએ પચ્ચીસ લાખનો ખર્ચ કરી શત્રુંજયનો છ'રી પાળતો સંઘ કાઢ્યો.

૬૭. ભ૦ હર્ષચંદ્ર—સ્વ૦ સં૦ ૧૯૧૩ના ફાગણ વદિ ૧૪, શંખેશ્વર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૫૫. ભ૦ રાજરત્ન**—તેમનું પ્રસિદ્ધ નામ જયસ્વામી હતું. ભ૦ વિનયકીર્તિ અને ભ૦ માનકીર્તિ આ સમયે થયા હતા.

**૫૬. ભ૦ ચંદ્રકીર્તિ**—તેમણે સં૦ ૧૬૬૮માં 'સારસ્વત વ્યાકરણ'ની ચંદ્રકીર્તિ નામે ટીકા, શારદીય નામમાલા, યોગચિંતામણિ, અને સં૦ ૧૬૩૦માં આ૦ રત્નશેખરના 'પ્રાકૃત છંદ:કોશ'ની ટીકા રચેલી છે.

**ભ૦ ચંદ્રકીર્તિસૂરિથી બીજી પણ પટ્ટાવલી મળે છે**—

૫૬. ભ૦ ચંદ્રકીર્તિસૂરિ, ૫૭. ભ૦ માનકીર્તિસૂરિ.

૫૮. ભ૦ અમરકીર્તિસૂરિ—તેમના શિષ્ય મુનિ ધર્મકીર્તિએ સં૦ ૧૬૫૭ના આસો સુદિ ૧ ને સોમવારે નાગોરમાં 'શ્રીપાલચરિત્ર' લખ્યું ને તેની પ્રશસ્તિમાં પોતાને કોટિકગણ, વજ્રશાખા ચંદ્રકુળ વડગચ્છ અને નાગપુરીયતપાગચ્છના તેમજ આ૦ દેવસૂરિની શ્રમણપરંપરાના બતાવે છે. (–જૂઓ શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૨, પ્ર૦ નં૦ ૬૨૮)

**૫૭. ભ૦ હર્ષકીર્તિ**—તેમનું મૂળ નામ મુનિ હર્ષકીર્તિ મળે છે. તેઓ જ્યારે ઉપાધ્યાય હતા ત્યારે તેમનું નામ ઉપા૦ પદ્મચંદ્ર હતું. તેમણે સં૦ ૧૬૬૮ માં 'સારસ્વત-ટીકાની પહેલી પ્રતિ લખી. સં૦ ૧૬૬૮ માં કલ્યાણમંદિરસ્તોત્રની વૃત્તિ, સં૦ ૧૬૫૪ ના પોષ વદિ ૪ ના રોજ બૃહચ્છાંતિઅવચૂરિ (ગ્રં૦ : ૨૪૫), સિંદૂરપ્રકરણ-વૃત્તિ અને વૈદ્યકસારોદ્ધાર' વગેરે ગ્રંથો રચ્યા છે.

---

૬૮. ભ૦ હેમચંદ્ર—સ્વ૦ સં૦ ૧૯૬૭ના ચૈત્ર વદિ ૭, બિકાનેર.

૬૯. આ૦ ભાતુચંદ્રસૂરિ—તેમણે સં૦ ૧૯૩૭ના વૈશાખ સુદિ ૧૧ના રોજ માંડલમાં ક્રિયોદ્ધાર કર્યો. સ્વ૦ સં૦ ૧૯૭૨ના વૈશાખ વદિ ૮ બુધવાર, રાજનગર. (–પટ્ટાવલીસમુચ્ચય, ભા૦ ૨, પ્રક૦ ૫૩, પૃ૦ ૨૪૮)

૭૦. **આ૦ સાગરચંદ્રસૂરિ**—તે બહુ શાંત હતા, મળતિયા સ્વભાવના હતા. તેમને શ્રમણસંઘની એકતા અને જૈન ધર્મની ઉન્નતિ માટે ઘણી ધગશ હતી. તેઓ સં૦ ૧૯૯૦ માં અમદાવાદમાં અખિલ ભારતવર્ષીય મુનિ સમ્મેલન મળ્યું તેમાં આવ્યા હતા અને નિર્ણય આપનારી પ્રવર મુનિસમિતિમાં તે નિમાયા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પરંપરાના ભ૦ વિજયસુંદરે સં૦ ૧૯૭૩ માં સિરોહીમાં આ૦ વિજયસેનસૂરિના શિષ્ય પં૦ રામવિજયને સૂરિપદ આપી તેમનું નામ આ૦ વિજયતિલકસૂરિ રાખ્યું.

(જૂઓ, પ્રક૦ ૫૮, આણંદસૂરગચ્છ પટ્ટાવલી, નાગોરી તપાગચ્છ પટ્ટાવલી વગેરે)

નાગોરી તપાગચ્છનાં ગોત્રો—૧. ગોહલાણી, નવલખા, ભૂતેડિયા. ૨. પીપાડા, હિરણ, ગોગડ, ગ્રીસોદિયા, ૩. ફુલીવાલ, વેગાણી, ૪. હિંગડ, લાંગા, ૫. રામસોની (રામસેની), ૬. ઝાબક, ઝમડ, ૭. છલાણી, છજલાણી, ઘોડાવત, ૮. હીરાઉ, કેલાણી, ૯. ગોખરુ, ચોધરી, ૧૦. જોગડ, ૧૧. છોરિયા, છામડા, ૧૨. લોઢા, ૧૩. સૂરિયા, મીઠા, ૧૪. નાહર, ૧૫. જડિયા.

(–નાગોરી તપાના મહાત્માની વહીના આધારે)

તપાગચ્છનાં જૈન ગોત્રો—૧. વરડિયા, બદરિયા, બાહુદિયા, ૨. બાંઠિયા, કવાડ, શાહ, હરખાવત, ૩. છરિયા, ૪. ડફરિયા, ૫. લલવાણી, ૬. ગાંધી, વેદગાંધી, રાજગાંધી, ૭. ખજાનચી, ૮. બૂરડ, ૯. સંઘવી, ૧૦. મુણોત, ૧૧. પગારિયા, ૧૨. ચોધરી, ૧૩. સોલંકી, ૧૪. ગુજરાણી, ૧૫. કચ્છોલે, ૧૬. મોરડચે, ૧૭. સાલેચે, ૧૮. કોઠારી, ૧૯. ખટોલ, ૨૦. બિનાકિયા, ૨૧. સરાફ, ૨૨. લૌકડ, ૨૩. મીન્ની, ૨૪. આંચલિયા, ૨૫. ગોલિયા, ૨૬. ઓસવાલ, ૨૭. ગોટી(ગોઠી), ૨૮. માદરેચ, ૨૯. લોલેચ, ૩૦ માલા વગેરે.

તપાગચ્છનાં તેર બેસણાં છે.[1] સૌ એક સામાચારીવાળા છે. તે સર્વ ગચ્છના જૈનો તપાગચ્છમાં સામેલ થયા છે.

---

૧. તપાગચ્છના ભટ્ટારકોના તાબામાં ૧૩ ગચ્છોની યાદી હતી તે આ પ્રમાણે—૧. તપાગચ્છ, ૨. સાંડેરક, ૩. ચક્રેશ્વરીયા, ૪. કમલકલશા, ૫. ચંદ્રગચ્છ, ૬. કોરંટકગચ્છ, ૭. કતકપુરા, ૮ કોરંટગચ્છ, ૯ ચિત્રોડાગચ્છ, ૧૦. કજ્જપુરા, ૧૧. વડગચ્છ, ૧૨. ઉપકેશ–ઓસવાલગચ્છ, ૧૩. મલધારી ગચ્છ. આ ૧૩ ગચ્છના જૈનો તપાગચ્છના વિજયદેવસૂરિસંઘના શ્રીપૂજની આજ્ઞા પાળતા હતા. (–શ્રીતપગચ્છ શ્રમણવંશવૃક્ષ, પૃ૦ ૩૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓસવાલ, પોરવાડ, મારુ, સોરઠિયા, શ્રીમાલી, ગૂર્જરભણુસાલી, અગ્રવાલ, પલ્લીવાલ, કપોળ, નાગર વગેરે અનેક જ્ઞાતિઓવાળા તપાગચ્છના જૈનો છે.

## ૧૫. વડગચ્છ પટ્ટાવલી (આરાસણુ)[1]

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

**૪૨. આ૦ જિનભદ્રસૂરિ**—તેમના ઉપદેશથી શેઠ વાહડ પોરવાડે પાદરામાં ઉંદરવસહી બનાવી પ્રતિષ્ઠા કરાવી હતી. તેમણે સં૦ ૧૨૦૪ માં 'ઉપદેશમાલા-કથા' રચી. સં૦ ૧૨૧૮ માં મંત્રી યશોધવલના મંત્રીપણામાં પાટણમાં 'કલ્પચૂર્ણિ'ની તાડપ્રતિ લખાવી. તેમના બીજા પટ્ટધર આ૦ શાંતિસૂરિ હતા.(જૂઓ, પટ્ટાવલી ૧૨ મી)

**૪૩. આ૦ રત્નપ્રભસૂરિ**—તેમના ઉપદેશથી શેઠ વાહડના મોટા પુત્ર બ્રહ્મદેવે સં૦ ૧૨૭૫માં આરાસણના દેરાસરમાં દાઢાધર કરાવ્યો.[2]

**૪૪. આ૦ હરિભદ્રસૂરિ.**

**૪૫. આ૦ પરમાણંદસૂરિ**—તેમના ઉપદેશથી શેઠ વાહડના બીજા પુત્ર શરણદેવ, તેમના પુત્રો વીરચંદ, પાસડ, આંબડ તથા રાવણે સં૦ ૧૩૧૦ માં **આરાસણ**માં ૧૭૦ તીર્થંકરોનો પટ્ટ કરાવ્યો. શેઠ વીરચંદે સં૦ ૧૩૩૮ માં આરાસણમાં ભ૦ વાસુપૂજ્યની દેરી બનાવી, પ્રતિમા ભરાવી, પ્રતિષ્ઠા કરાવી. સં૦ ૧૩૪૫ માં સમેતશિખર તીર્થની યાત્રા કરી, સમેતશિખરનો **પટ્ટ** બનાવ્યો અને એ પટ્ટની મુખ્ય પ્રતિષ્ઠા કરાવી, **પોસીના** તીર્થમાં સ્થાપન કર્યો.

(–આરાસણના લેખો, પ્રાચીન જૈનલેખ-સંગ્રહ, ભા૦ ૨, લેખાંકો: ૨૭૯, ૨૯૦)

---

૧. આરાસણસત્ક આચાર્ય યશોદેવ માટે જૂઓ, પ્રક૦ ૩૬, પૃ૦ ૨૨૫
આરાસણગચ્છ માટે જૂઓ, [પ્રક૦ ૩૭, પૃ૦ ૨૬૩]
આરાસણ તીર્થ માટે જૂઓ, [પ્રક૦ ૩૭, પૃ૦ ૨૯૮]

૨. આ સમયે રાજગચ્છમાં [૧૩] આ૦ પરમાનંદ, [૧૪] આ૦ રત્નપ્રભ થયા. તેમના ઉપદેશથી સં૦ ૧૩૧૦ ના વૈશાખ વદિ ૫ ના રોજ શેઠ વીરદેવ પોરવાડના વંશના વીલ્હણે આરાસણમાં ભ૦ નેમિનાથના દેરાસરમાં સ્તંભ કરાવ્યો. [પ્રક૦ ૩૫, રાજ૦ પટ્ટા૦ સાતમી, પૃ૦ ૩૧]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૧૬. ભિન્નમાલ વડગચ્છ

આ ગચ્છ કયા ગચ્છનો પેટાગચ્છ છે તેનો સ્પષ્ટ આધાર મળતો નથી, પરંતુ એક ઉલ્લેખના આધારે અમે તેને વાદિદેવસૂરિનો સંતાનીય બતાવ્યો છે. તેમાં અનુક્રમે ૧. **આ૦ વીરસૂરિ**, ૨. આ૦ અમરપ્રભસૂરિ, ૩. આ૦ કનકપ્રભસૂરિ થયા હતા.

શ્રીમાલી વહોરા ગોપાલે તેમના ઉપદેશથી સં૦ ૧૫૫૧ ના વૈશાખ સુદિ ૬ ને શુક્રવારે પુનર્વસુ નક્ષત્રમાં માંડવગઢની દક્ષિણ તળેટીમાં ભ૦ પાર્શ્વનાથનો પ્રાસાદ બંધાવ્યો.

(—જૈનસત્યપ્રકાશ, ક્૦ : ૨૫, પટ્ટાવલીસમુચ્ચય, ભા૦ ૨, પૃ૦ ૨૨૫)

અંચલગચ્છમાં પણ ભિન્નમાલગચ્છ એવો શાખાગચ્છ હોવાની પ્રશસ્તિઓ મળે છે.

## ૧૭. રામસેનીય વડગચ્છ

બૃહદ્‌ગચ્છમાં રામસેનીયાવટંક આ૦ મલયચંદ્રસૂરિ થયા. તેમણે સં૦ ૧૫૦૯ માં પ્રતિષ્ઠિત કરેલ ભ૦ શાંતિનાથની ધાતુપ્રતિમા સરધના (ઉ૦ પ્ર૦)માં વિરાજમાન છે.

## ૧૮. જીરાવલા વડગચ્છ

આ ગચ્છમાં સં૦ ૧૬૫૧ ના વૈશાખ સુદિ ૫ ને શુક્રવારે ભ૦ દેવાનંદસૂરિપટ્ટે આ૦ સોમસુંદરસૂરિ થયા.

### કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિ (સં૦ ૧૨૨૯)

किं स्तुमः शब्दपाथोधेर्हेमचन्द्रयतेर्मतिम् ।
एकेनापि हि येनेदृक् कृतं शब्दानुशासनम् ॥

ગૂજરાતના ધંધુકા નગરમાં મોઢ જ્ઞાતિનો શેઠ **સાચો** (સાચિગ) રહેતો હતો, તેને **પાહિની** નામે પત્ની હતી. તે જૈનોમાં પ્રસિદ્ધિ પામેલા શ્રેષ્ઠી **નેમિનાગ મોઢ**ની બહેન હતી. તે જૈનધર્મ પાળતી હતી.

એક વેળા તેણે સ્વપ્નમાં ચિંતામણિરત્ન જોયું, જે ગુરુ પાસે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જઈને ચમકવા લાગ્યું. એક આંબો જોયો, જે બીજે સ્થળે જઈ ફાલ્યો ફૂલ્યો.[1]

આ૦ દેવચંદ્રસૂરિએ એ સ્વપ્નના ફળ વિશે જણાવ્યું કે, 'તું એક નરમણિને જન્મ આપીશ, જે મોટો થતાં ગુરુમણિ થશે. તારો એ પુત્ર ધીમે ધીમે વિકાસ સાધી એક મહાન પુરુષ બનશે.

તેણે સં૦ ૧૧૪૫ ના કાર્તિક સુદિ ૧૫ ની રાતે એક તેજસ્વી બાળકને જન્મ આપ્યો. તેના માતા-પિતાએ એ બાળકનું નામ **ચંગદેવ** રાખ્યું. ચંગ એટલે ઉત્તમ.

પૂર્ણતલ્લગચ્છના આ૦ **દેવચંદ્રસૂરિ** એક દિવસ ધંધૂકામાં **મોઢ-જ્ઞાતિ**ના દેરાસરમાં દર્શને પધાર્યા.[2] તેઓ ચૈત્યવંદન કરતા હતા ત્યારે પાહિનીદેવી પણ દેરાસરે દર્શન કરવા આવી હતી અને દેરાસરમાં પ્રદક્ષિણા દેતી હતી. એ સમયે બાળક ચંગો પણ ઉપાશ્રયમાં જઈને આચાર્યશ્રીના આસન પર બેસી ગયો. આચાર્યશ્રી અને માતાએ ત્યાં આવીને જોયું કે બાળક ગુરુપદનો અભિલાષી છે. આચાર્યશ્રીએ પાહિનીને યાદ આપી કે, 'બહેન! એ ભવ્ય સ્વપ્ન તમને યાદ છે? આ બાળક જગદ્‌ગુરુ થવાને જન્મ્યો છે. જો, આ તેની જ નિશાની છે, તું જાતે જ જોઈ લે, હવે વિચાર કરી લે. તારે આ બાળક ગુરુ મહારાજને વહોરાવવો જોઈએ.'

માતાએ જવાબ આપ્યો કે, 'તેના પિતાજીની આજ્ઞા હોય તો મારી સમ્મતિ છે, પણ તેના પિતા આજ્ઞા આપે તે અશક્ય છે.'

પાહિની દેવીએ વિચાર કર્યો કે, મારો ચાંગો જો નિશ્ચિતરૂપે સાધુ થવાનો હોય તો પછી મારા પોતાના હાથે તેને યોગ્ય ગુરુને કેમ ન સોંપવો? તેણે પોતાના ભાઈ નેમિનાગની સાથે સલાહ કરી લીધી અને ચંગદેવ આ૦ દેવચંદ્રસૂરિને સોંપ્યો.

---

૧. સ્વપ્નમાં ચિંતામણિ (પ્રભાવકચરિત), આંબો (પ્રબંધકોશ અને સોહમકુલપટ્ટાવલી).

૨. પૂર્ણતલ્લગચ્છના આ૦ દેવચંદ્રસૂરિ માટે જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**દીક્ષા—**

આ૦ દેવચંદ્રસૂરિ ચંગદેવને સાથે લઈ વિહાર કરતા કરતા કર્ણાવતી પધાર્યા. કર્ણાવતીમાં **શેઠ ઉદાયન** રાજમાન્ય શ્રેષ્ઠી હતા. સાચો શેઠ ચાંગને પાછો લઈ આવવા કર્ણાવતી ગયા. તેણે શેઠ ઉદાયનના ભાવભીના સત્કારથી અને યુક્તિભર્યાં વચનોથી ખુશ થઈ પોતાનો પુત્ર આચાર્યશ્રીને વહોરાવ્યો.

પછી આચાર્યશ્રીએ ખંભાત તરફ વિહાર કર્યો. ભ૦ પાર્શ્વનાથના દેરાસરમાં (આલિગવસહીમાં) સં૦ ૧૧૫૦ ના માહ સુદિ ૧૪ ને શનિવારે પુષ્ય નક્ષત્રમાં ગોરજના સમયે (ગોધુલિ લગ્નમાં), કન્યાના લગ્નમાં, પહેલા ભુવનમાં ગુરુ, પાંચમા નીતિધર્મભુવનમાં બુધ, છઠ્ઠા ભુવનમાં રવિ, મંગલ; આઠમા ભુવનમાં શુક્ર (ધિષ્ણ્ય શુક્ર), નવમા ધર્મભુવનમાં રોહિણીનો શનિ અને અગિયારમા ભુવનમાં પુષ્યનો ચંદ્ર હતો ત્યારે એ **પાંચ વર્ષના બાલક** ચાંગદેવને દીક્ષા આપી અને તેનું નામ **મુનિ સોમચંદ્ર** રાખવામાં આવ્યું. આ દીક્ષાનો ઉત્સવ પિતા સાચા શેઠે કર્યો.　　　　(–પ્રબંધચિંતામણિ)

**સરસ્વતી સાધના—**

મુનિ સોમચંદ્રની બુદ્ધિ તીવ્ર હતી. આચાર્યશ્રીએ તેને વ્યાકરણ અને સાહિત્યનું અધ્યયન કરાવ્યું. મુનિ સોમચંદ્ર વિદ્વાન બન્યા. તેઓ નિરંતર એકાગ્રપણે સરસ્વતીદેવીનું ધ્યાન કરતા હતા. તેમના મનમાં એવી અભિલાષા હતી કે, કાશ્મીર જઈ સરસ્વતીદેવીને પ્રસન્ન કરી " સિદ્ધ સારસ્વત " બનવું. આચાર્યશ્રીએ તેમની ભાવનાને પૂર્ણ કરવા કાશ્મીર તરફ વિહાર કર્યો. બાલ મુનિએ રૈવતાચલમાં નહીં પરંતુ રૈવતાવતાર તીર્થમાં[1] એકાગ્ર બની **સરસ્વતીનું** ધ્યાન કર્યું. સરસ્વતીએ પ્રત્યક્ષ થઈ તેમને જણાવ્યું, ' વત્સ ! તારી ભક્તિથી હું પ્રસન્ન થઈ છું. તારી વાંછા પૂરી થશે. તારે હવે કાશ્મીર જવાની જરૂર નથી.'

---

૧ રૈવતાવતાર તીર્થ તે ખંભાતમાં એ નામનું દેરાસર. જેમ આબુ, દેલવાડા અને નાડલાઈમાં એ નામની ટેકરીઓ છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

મુનિ સોમચંદ્રે સરસ્વતીના આ વરદાનથી ખુશ થઈ તેમણે કાશ્મીર જવાનું મુલતવી રાખ્યું.

એક એવી માન્યતા છે કે, આ દેવીના વરદાનની ઘટના **અજારી તીર્થ**માં બની હતી.

આ૦ હેમચંદ્રસૂરિને દેવી સહાય હતી, એ અંગે પણ એક કિંવદંતી મળે છે કે, આ૦ **દેવચંદ્રસૂરિ**, મુનિ **સોમચંદ્ર** અને **મુનિ મલયગિરિ**—એ ત્રણેએ એક ભોંયરામાં નગ્ન રહી કુમારીઆ ગામના શ્રીમાલી શેઠની પદ્મિની સ્ત્રીને પોતાની સામે નગ્ન ઊભી રાખી દેવીનું ધ્યાન કર્યું. ત્યાં શેઠને ખુલ્લી તરવારે ઊભા રાખ્યા અને તેમને સૂચના આપી રાખી કે, 'અમારામાંથી જે કોઈ ચલાયમાન થાય તેનું માથું તારે તરવારથી ઉડાડી દેવું. તેઓએ ૧૦ દિવસ સુધી એ પ્રકારે ધ્યાન ધર્યું. તેઓના બ્રહ્મતેજથી અને ધ્યાનના આકર્ષણથી અગિયારમા દિવસે દેવ પ્રત્યક્ષ થયા. દેવે વરદાન આપ્યું કે, 'આ૦ **દેવચંદ્રસૂરિ**ને બાવન વીરો વશમાં રહેશે. **મુનિ સોમચંદ્ર**-સૂરિ રાજાને પ્રતિબોધ કરી શકશે અને **મુનિ મલયગિરિ** સિદ્ધાંતની વૃત્તિઓ બનાવી શકશે.' આમાં શ્રીમાલી શેઠને કરોડ રૂપિયાનો લાભ થયો અને બધાયે ત્યાંથી વિહાર કરી રૈવતાવતાર તીર્થની યાત્રાએ ગયા.

(–સોહમકુલપટ્ટાવલી, વીરવંશાવલી)

એક ગામમાં એક શ્રીમંતનો પુત્ર અંતરાયકર્મના ઉદયથી નિર્ધન બની ગયો હતો. ઘરનું ધન માટી અને કોલસા બની ગયું હતું. આથી તે દુઃખી હતો. મુશ્કેલીથી પોતાનો નિર્વાહ ચલાવતો હતો. તેણે પોતાના ઘરના ભોંયરામાંથી કચરો કાઢી ઘરના ચોકના એક ખૂણામાં રાખી મૂક્યો હતો. એવામાં આચાર્યશ્રી વિહાર કરતા કરતા તે ગામમાં પધાર્યા અને શેઠના પુત્રના ઘેર ગોચરી માટે પધાર્યા.

શેઠના પુત્રે ઘણા આદરથી આચાર્યશ્રીને ઘેંસ વહોરાવી. બાલ-મુનિ સોમચંદ્રે ઘરમાં અને ચોકમાં નજર ફેરવી તો તેમને પેલો કચરાનો ઢગલો સોનાનો દેખાયો. તેમને વિચાર આવ્યો કે આ ગૃહસ્થ કરોડપતિ હોવો જોઈએ, પરંતુ ગોચરીમાં ઘેંસ જોઈને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમને થયું કે, આ લોભી હોવો જોઈએ. તેમણે ગુરુજીને ગુપ્ત સંકેત કર્યો, પણ ગુરુજી કંઈ સમજી ન શક્યા. પણ ચતુર શેઠનો પુત્ર એ હકીકત પામી ગયો. તેણે ઊભા થઈ બાલમુનિને ઊંચકીને તે ઢગલા ઉપર જ બેસાડી દીધા. એ બાલબ્રહ્મચારી ચારિત્રનિષ્ઠ બાલમુનિના ચારિત્રના પ્રભાવથી કચરાનો ઢગલો પ્રગટ રીતે સોનાનો બની ગયો. શેઠના પુત્રે હર્ષ પામીને ગુરુમહારાજને વિનંતિ કરતાં જણાવ્યું કે, 'નાના મહારાજ તો પ્રત્યક્ષ સ્વર્ણપુરુષ છે. એ સોમ-ચંદ્ર નથી પણ **હેમચંદ્ર** છે. ગુરુદેવ ! આપ આ મુનિને આચાર્ય-પદવીથી અલંકૃત કરો અને તે ઉત્સવમાં આ શ્રાવકને લાભ મળે એવી કૃપા કરો.'

આચાર્ય મહારાજે પણ મુનિ સોમચંદ્રને હેમચંદ્રરૂપે નિહાળ્યા.

(–વીરવંશાવલી, સોહમકુલપટ્ટાવલી, પટ્ટાવલીસમુચ્ચય, ભા૦ ૨)

**આચાર્યપદ—**

ગુરુદેવે આ બાલમુનિને કામવિજેતા અને સર્વ રીતે યોગ્ય જાણી સં૦ ૧૧૬૬ ના વૈશાખ સુદિ ૩ ના દિવસે મધ્યાહ્ન સમયે કર્ક લગ્નમાં પહેલે ગુરુ, ત્રીજે રાહુ, છઠ્ઠે મંગળ, નવમે શુક્ર-કેતુ, દશમે સૂર્ય–બુધ અને અગિયારમે ચંદ્ર–શનિ હતા—એ યોગમાં ખંભાતનગરમાં **આચાર્યપદવી** આપી, તેના કર્ણને ચંદન-કપૂરથી સુવાસિત કરીને સૂરિમંત્ર આપ્યો અને તેનું નામ આ૦ **હેમચંદ્રસૂરિ** રાખ્યું.

આ સમયે માતા **પાહિની**એ ઘણા ઉલ્લાસથી દીક્ષા લીધી. આ નવા આચાર્યશ્રીની ભાવના અનુસાર આચાર્યશ્રીએ સાધ્વી પાહિનીને **પ્રવર્તિનીપદ** આપ્યું અને સંઘે પ્રવર્તિનીને સિંહાસન ઉપર બેસ-વાની અનુમતિ આપી.

આ૦ દેવચંદ્રસૂરિ સં૦ ૧૧૬૭ લગભગમાં સમાધિથી કાલ કરી **સ્વર્ગે ગયા** અને આ૦ હેમચંદ્રસૂરિ સપરિવાર વિહાર કરતા કરતા પાટણ પધાર્યા.

એક દિવસે રાજા સિદ્ધરાજની સવારી બજારમાંથી પસાર થઈ રહી હતી. રાજા હાથી ઉપર બેઠો હતો. આ૦ હેમચંદ્રસૂરિ પણ એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ અવસરે બજારમાં થઈને જઈ રહ્યા હતા. રાજાએ આચાર્યશ્રી પાસે આવીને પૂછ્યું, 'મહાત્મન્! તમારે કંઈ કહેવું છે?' અવસરજ્ઞ આચાર્યશ્રીએ પ્રસન્નમુખે જણાવ્યું, 'સિદ્ધરાજ! તારા ગજને શંકા રાખ્યા વિના જ આગળ ચલાવ. કદાચ દિગ્ગજો ગભરાઈ જાય તો તેનો તારે વિચાર કરવો નહીં. કેમકે પૃથ્વીને તો તું જ ધારણ કરી રહ્યો છે.' રાજવીએ આચાર્યશ્રી ઉપર મીઠી નજર નાખી.

**સિદ્ધરાજ**ના દિલમાં દિગ્યાત્રાના વિચારો ઊઠ્યા હતા. બરાબર એ જ સમયે તેને પ્રસન્નમુખ આચાર્યશ્રીનાં દર્શન થયાં. તેમના જ શ્રીમુખેથી મહામંગલરૂપ **આશીર્વાદ** મળ્યો, એટલે રાજવીએ આ ઘટના મહાશકુનવંતી માની લીધી અને આચાર્યશ્રીને વિનંતિ કરી કે, 'આપ હમેશાં બપોરે મને પ્રમોદ-વિનોદ આપવા પધારજો.'

**રાજમહેલમાં પ્રવેશ**—

આચાર્યશ્રીએ રાજાના આ આમંત્રણને શુભ શકુન માની લઈ તેઓ આજથી રાજમહેલમાં જવા લાગ્યા. તેઓ પોતાના ચારિત્ર્ય-બળથી અને પ્રતિભાથી ધીમે ધીમે રાજસભામાં પ્રતિષ્ઠા પામ્યા.

રાજસભામાં આચાર્યશ્રીનો ઉત્કર્ષ જોઈ બીજા પંડિતોના દિલમાં साक्षरः साक्षरं दृष्ट्वा એ ન્યાયે ઈર્ષ્યાએ જન્મ લીધો. પણ આચાર્યશ્રી તો સૌમ્યભાવથી તેમને શાંત કરતા અને પોતાની પ્રતિભાથી પ્રભાવિત કરતા રહેતા.

એક દિવસ એક **ચારણ કવિ** રાજાની સભામાં આવ્યો. તે અપભ્રંશ ભાષામાં કવિત્ત બનાવીને બોલવા લાગ્યો. તે કવિત્તના પ્રારંભમાં આચાર્ય હેમચંદ્રનું નામ હતું તેથી તે સાંભળીને બીજા પંડિતોને ગુસ્સો આવ્યો પણ પછીનાં ચરણો જ્યારે તેમણે સાંભળ્યાં ત્યારે તે બધા ખુશ થયા એટલું જ નહીં પણ તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. ચારણે આચાર્યશ્રીના કહેવાથી એ કવિત્તને ત્રણ વાર ઊંચે સ્વરે લલકાર્યું. આથી સભ્યોએ આચાર્યના ઉપદેશથી તે ચારણને ત્રીશ હજારનું ઇનામ આપ્યું. ચારણે હર્ષિત થઈ કહ્યું : 'મેં ત્રણ વાર કવિત્ત સંભળાવ્યું છે તે મારા ગજા પ્રમાણે બરાબર છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સભ્યોએ મને ત્રીશ હજારની રકમ આપી છે તે મારી સાત પેઢી માટે બરાબર છે.'

આચાર્યશ્રી **ચૌમુખજી**ના દેરાસરમાં રોજ વ્યાખ્યાન આપતા હતા. ભ૦ નેમિનાથનું ચરિત્ર ચાલતું હતું. છયે દર્શનવાળાઓ આવીને તેને ઉત્સાહથી સાંભળતા હતા. બ્રાહ્મણ શ્રોતાઓએ, પાંડવોએ જૈન દીક્ષા લીધી એ વાત ઉપર વિરોધ ઉઠાવ્યો અને રાજાને વિનંતિ કરી કે, 'આ જૈનાચાર્ય વેદવ્યાસના કથનથી જુદી વાત કરે છે. તેથી સ્મૃતિનો અનાદર થાય છે તો તેમને વિપરીત બોલતા રોકવા જોઈએ.'

સિદ્ધરાજે આચાર્યશ્રીને બોલાવી ખુલાસો માગ્યો. પાંડવોએ જૈન દીક્ષા લીધી છે એ વાતનું પ્રમાણ માગ્યું.

આચાર્યશ્રીએ ગંભીરપણે જણાવ્યું કે, 'રાજન્! વ્યાસજી મહાભારતમાં પાંડવોનું હિમાલયગમન જણાવે છે; જ્યારે જૈનાચાર્યો પાંડવોએ દીક્ષા લીધાનું જણાવે છે, પણ તે પાંડવો અને આ પાંડવો એક જ છે એવું શાસ્ત્રમાં સૂચન નથી. પાંડવો ઘણા થયા છે. સાંભળો, 'ગાંગેય પિતામહે પોતાના પરિવારને જણાવ્યું હતું કે, મારું મરણ થાય ત્યારે મારા શરીરને એવી ભૂમિમાં અગ્નિદાહ દેજો કે જ્યાં બીજા કોઈનો પણ અગ્નિદાહ થયો ન હોય.

'ભીષ્મ પિતામહ મરણ પામતાં તેનો પરિવાર એવી ભૂમિની તપાસ માટે એક પહાડના ઊંચા શિખર ઉપર આવ્યો ત્યારે ત્યાં દેવવાણી થઈ કે—

'अत्र भीष्मशतं दग्धं पाण्डवानां शतत्रयम् ।
द्रोणाचार्यसहस्रं तु कर्णसंख्या न विद्यते ॥'

—અહીં ૧૦૦ ભીષ્મો, ૩૦૦ પાંડવો, ૧૦૦૦ દ્રોણાચાર્યો અને ગણી ન શકાય એટલા કર્ણોને અગ્નિદાહ દેવાયો છે.

'સ્પષ્ટ વાત છે કે, અહીં પાંડવો ઘણા થયા છે. અમે તો બતાવીએ છીએ કે એ કાળે જૈન પાંડવો થયા હશે. એમાં શંકા કરવાનું કોઈ કારણ નથી. તેમની પ્રતિમાઓ શત્રુંજય તીર્થમાં અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નાસિક**ના શ્રીચંદ્રપ્રભુના દેરાસરમાં વિદ્યમાન છે. તેમ **કેદારતીર્થ**માં પણ છે. તેથી જેને જ્યાં શ્રદ્ધા હોય તે ત્યાં તેમને પૂજે.

'જ્યાં પ્રગટ જ્ઞાન છે ત્યાં ધર્મ છે. જ્ઞાન ગમે ત્યાં હોઈ શકે. જ્ઞાન અને ગંગા એ કોઈની ધરોહર નથી.'

બ્રાહ્મણો આ ખુલાસો સાંભળી મૌન રહ્યા. રાજાએ આચાર્યશ્રીને વ્યાખ્યાન ચાલુ રાખવાને વિનંતિ કરી.

એક દિવસે પુરોહિત **આમિગે** આચાર્યશ્રીને જણાવ્યું, 'તમારી ઉપદેશસભામાં સ્ત્રીઓ શણગાર સજીને આવે છે અને જૈનો પોતાને માટે તૈયાર કરાવેલો પૌષ્ટિક આહાર તમને આપે છે ત્યારે તમારું બ્રહ્મચર્ય કેવી રીતે ટકી શકે? કારણ કે, પત્રભોજી પારાશર ઋષિ વગેરે પણ સ્ત્રીમાં મોહ પામ્યા, તો પછી દૂધ, દહીં, ઘી વગેરે ખાનારા માનવી પોતાની ઇંદ્રિયોને કાબૂમાં રાખે એ તો સમુદ્રમાં વિંધ્યાચલ ડૂબ્યા જેવી વાત છે.'

આચાર્યશ્રીએ હસીને જવાબ આપ્યો, 'પુરોહિતજી! તમારો નિર્ણય વિચારપૂર્વકનો નથી. સાંભળો, **સિંહ** બળવાન છે, તે હરણ, ડુક્કર વગેરેનું માંસ ખાય છે. છતાં વર્ષભરમાં એક જ વાર વિષય-સેવન કરે છે. જ્યારે **કબૂતર** કાંકરા અને ધાન્ય ખાય છે છતાં નિરંતર કામી બની રહે છે તેનું શું કારણ?'

આ સમયે સિદ્ધરાજે જણાવ્યું કે, 'ઉત્તર દેવાની તેવડ ન હોય છતાં રાજસભામાં ફાવે તેમ બોલે એ ઉતાવળિયો સ્વભાવ કહેવાય.' પુરોહિત આ ઠપકાથી શરમિંદો બની ગયો.

વાદી ગુરુ આ૦ **દેવસૂરિ**એ સિદ્ધરાજની સભામાં સં૦ ૧૧૮૧ના વૈશાખ સુદિ ૧૫ના રોજ દિગંબરાચાર્ય કુમુદચંદ્રને હરાવી વિજય-પતાકા મેળવી અને શ્વેતાંબરોએ જૈનધર્મ અને ગુજરાતને ગૌરવ-વંતુ બનાવ્યું, તેમાં આ૦ હેમચંદ્રસૂરિનો પણ સબળ હાથ હતો. દિગંબરાચાર્યે પૈસાના બળથી ખજાનાપ્રધાન ગાંગિલ, રાજસભાના કેશવ નામના ત્રણ સભ્યો અને બીજા દર્શનીઓને પોતાના પક્ષમાં લીધા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ વાદિદેવસૂરિએ એવી રીત ન દાખવી. તેઓ તો માનતા હતા કે, જે વિજય વિદ્યાથી મળે છે તે જ સાચો વિજય છે. ધનથી મેળવાયેલો વિજય સાચો નથી હોતો. પણ આ પ્રસંગે એક માત્ર રાજમાતાનો ભય હતો. રાજમાતા **મિનલદેવી** તેમના પિયરના કારણે દિગંબરાચાર્ય તરફ પક્ષપાત બતાવે એ વાત તરફ આ૦ **હેમચંદ્રસૂરિનું** લક્ષ ગયું. તેઓ હમેશાં રાજમહેલમાં જતા-આવતા. અવારનવાર રાજમાતા પણ આચાર્યશ્રીનો ઉપદેશ સાંભળતાં. તેઓ આ પ્રસંગે રાજમહેલમાં જઈ રાજમાતાને મળ્યા અને જણાવ્યું, 'માતા ! દિગંબરો આ શાસ્ત્રાર્થમાં એવું સિદ્ધ કરવાના છે કે, સ્ત્રીઓએ કરેલો ધર્મ નકામો જાય છે, જ્યારે શ્વેતાંબરો એવું સિદ્ધ કરવાના છે કે, સ્ત્રીઓએ કરેલો ધર્મ ફોક જતો નથી.'

રાજમાતાએ આ અંગે પાકી તપાસ કરી અને આ૦ હેમચંદ્રસૂરિની વાતને સાચી માન્યા પછી દિગંબરોનો પક્ષ છોડી દીધો. પરિણામે વાદ માટેનો ન્યાય મેળવવામાં આડખીલી નડી નહીં. આ૦ **વાદિદેવસૂરિની** પ્રબળ યુક્તિ આગળ આ૦ કુમુદચંદ્ર ઝાંખા પડી ગયા અને દક્ષિણના પંડિતો પર **ગુજરાતના આ વિદ્વાન** વાદીએ વિજયની મહોર મારી. (જૂઓ, પ્રક૦ ૪૧, પૃ૦ ૫૭૦)

આ સમયે આ૦ **હેમચંદ્રસૂરિ** ૩૬ વર્ષની ઉંમરના હતા. પણ તેઓ નૈષ્ઠિક બ્રહ્મચર્યના ઓજસ્‌થી સનત્‌કુમાર વગેરેની જેમ બાલ મુનિ જેવા દેખાતા હતા. દિગંબરાચાર્યે તેમની મશ્કરી કરવા ધાર્યું પણ આચાર્યશ્રીએ તેમને લજાવે એવો રોકડો જવાબ વાળ્યો. તેમણે સંભળાવી દીધું કે, 'તમે મને બાળક માનો છો પણ ખરો બાળક તો એ જ છે કે, જે લંગોટી પણ વીંટી શકતો નથી. જોઈ લો, મેં તો કપડાં પહેરેલાં છે.' એ સાંભળી સૌ હસી પડ્યા.

રાજા સિદ્ધરાજે આ શાસ્ત્રાર્થના ઉપલક્ષમાં આ૦ વાદિદેવસૂરિને લાખ રૂપિયાની રકમ તથા બાર ગામ આપવાને જણાવ્યું ત્યારે આચાર્યશ્રીએ તે દાનનો સ્વીકાર ન કર્યો. આથી રાજાએ તે દ્રવ્ય વડે પાટણમાં મોટો **જિનપ્રાસાદ** બંધાવ્યો અને તેમાં સં૦ ૧૧૮૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ના વૈશાખ સુદિ ૧૨ના રોજ આ૦ વાદિદેવસૂરિના હાથે ૯૫ આંગળ ઊંચી ભ૦ ઋષભદેવની પિત્તલની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી, જે સ્થાન 'રાજવિહાર' નામથી પ્રસિદ્ધિ પામ્યું.

(—જૂઓ ચાલુ પ્રકરણ પૃ૦ ૫૭૦, ૫૭૧)

એક વાર ભાગવતમતનો આચાર્ય **દેવબોધ** પાટણમાં આવ્યો, જે 'સિદ્ધ સારસ્વત' વિદ્વાન હતો. રાજાએ તેને રાજસભામાં પધારવા આમંત્રણ આપ્યું. તેણે ઉત્તર વાળ્યો કે, 'કાશીનરેશ અને કનોજના નરેશો જોયા છે તો આ નાનકડા ગુજરાતનો રાજા શી વિસાતમાં છે ?' તેણે રાજવીનું આમંત્રણ પાછું ઠેલ્યું.

રાજા **રાજકવિ શ્રીપાલને** સાથે લઈ તેને મળવા ગયો અને પં૦ દેવબોધની સામે જ જમીન ઉપર બેસી ગયો. દેવબોધે કવિચક્રવર્તી શ્રીપાલની મશ્કરી કરી એટલે એ બંને વિદ્વાનો વચ્ચે ઝગડો થયો. રાજાએ દેવબોધને કોઈ રકમ ભેટ ન કરી.

સિદ્ધરાજે બંધાવેલા રાજવિહારમાં સં૦ ૧૧૮૩માં ભ૦ ઋષભદેવનો પ્રતિષ્ઠામહોત્સવ હતો. એ ઉત્સવમાં દેવબોધે હાજરી આપી સૌને પોતાના પાંડિત્યથી આશ્ચર્યચકિત કરી નાખ્યા. તેમણે એ વાત તટસ્થપણે સ્પષ્ટ જણાવી કે—'**શંકર** જેવો કોઈ રાગી નથી, કેમકે તે સદા અર્ધનારીશ્વર બની રહે છે. **જિનેશ્વર** જેવો કોઈ વીતરાગ નથી, કેમકે તે નારીના સંગથી રહિત છે. બીજાઓ વચગાળાના છે જે વિષયભોગને પૂરા સેવી શકતા નથી અને તેને સર્વથા છોડી શકતા નથી.'

**રાજા સિદ્ધરાજે** ખુશ થઈ પં૦ દેવબોધને લાખ દ્રવ્ય આપ્યું. બીજી તરફ તે સુરા પીતો હતો એ વાત કવિરાજ શ્રીપાલે ગુપ્તચરો દ્વારા જાણીને રાજાને પણ વાકેફ કર્યો હતો. આથી રાજાએ તેને ધન આપવું બંધ કર્યું. પં૦ દેવબોધનો ખર્ચ લખલૂટ હતો એટલે તે ત્રણ વર્ષમાં સાવ નિર્ધન જેવો બની ગયો.

હવે તેણે આ૦ શ્રીહેમચંદ્રસૂરિને મળવાનું ગોઠવ્યું. કવિરાજ શ્રીપાલે આચાર્યશ્રીને વિનંતિ કરી કે, 'આપે પં૦ દેવબોધને મળ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાની તક ન આપવી. તેનો સત્કાર પણ ન કરવો.'

આચાર્યશ્રીએ ગંભીરપણે કવિરાજ શ્રીપાલને જણાવ્યું કે, 'મહાનુભાવ! એ અસાધારણ સિદ્ધ સારસ્વત પંડિત છે. એ **નિરભિમાની** બનીને આવે તો તેને સત્કાર આપવો જ જોઈએ.'

એક દિવસે પં૦ દેવબોધ આ૦ હેમચંદ્રસૂરિને મળવા ઉપાશ્રયે આવ્યો. આચાર્યશ્રીએ તેને પોતાના **અર્ધઆસન** ઉપર બેસાડી સત્કાર કર્યો. પં૦ દેવબોધ આચાર્યશ્રી માટે બોલ્યા કે—

'पातु वो हेमगोपालो दण्ड-कम्बलमुद्वहन् ।
षड्दर्शनपशुग्रामाँश्चारयन् जैनवाटके ॥'

—જે ષડ્દર્શનરૂપ પશુઓને જૈન ગોચરમાં ચારી રહ્યા છે તે દંડ અને કાંબળીવાળા હેમ–ગોપાલ તમારું રક્ષણ કરો.

આચાર્યશ્રીએ ત્યાં ત્યારે જ કવિરાજ **શ્રીપાલ**ને બોલાવી તે બંને વચ્ચે મૈત્રી કરાવી દીધી, કેમકે ઝગડો મટાડવો એ સાધુનો પ્રથમ ધર્મ છે. વળી, રાજા પાસેથી તેને લાખ દ્રવ્ય અપાવ્યું અને તે પછી દેવબોધ આત્મકલ્યાણ માટે ગંગાકિનારે ચાલ્યો ગયો.

એકવાર રાજાએ યાત્રાએ જતાં આ૦ હેમચંદ્રસૂરિને વાહન ઉપર બેસવાની વિનંતિ કરી, ત્યારે આચાર્યશ્રીએ સાધુ માટે તે અકલ્પ્ય બતાવી ઈન્કાર કર્યો. આથી રાજાએ કહ્યું કે, 'તમે જડ છો.' આચાર્યે ટૂંકો ઉત્તર આપ્યો, 'હા, અમે નિર્જડ છીએ.'

તે પછી રાજા ચોથે દિવસે ઉપાશ્રયે આવ્યો ત્યારે આચાર્યશ્રી **આયંબિલ** કરતા હતા. રાજાને તે વિશે ખબર નહોતી. રાજાએ પડદો ઊંચકી જોયું તો આચાર્યશ્રી લૂખુસૂકું ભોજન કરી રહ્યા હતા તે તેના પ્રત્યક્ષ જાણવા–જોવામાં આવ્યું. રાજા આચાર્યશ્રીના ત્યાગ, તપસ્યા અને શાંત સ્વભાવથી ખૂબ પ્રભાવિત થયો.

સિદ્ધરાજને **પુત્ર** નહોતો. એનું તેને મોટું દુઃખ હતું. તે પુત્રકામનાથી સં૦ ૧૧૮૫માં ઉઘાડે પગે **તીર્થયાત્રા** કરવા નીકળ્યો. તેણે આચાર્યશ્રીને પણ સાથે લીધા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજાએ બ્રાહ્મણોને **શિહોર** ગામ આપ્યું. **શત્રુંજયતીર્થ**માં ભ૦ ઋષભદેવની પૂજા માટે **૧૨ ગામ** આપ્યાં. **ગિરનારતીર્થ**ના જીર્ણોદ્ધારની પૂરી રકમ આપી. તીર્થમાં યાત્રિકોએ પાળવાના નિયમો બનાવ્યા. ભ૦ શ્રીનેમિનાથ, અંબિકાદેવી તથા **અવલોકનશિખર** (પાંચમી ટૂંક)માં ભ૦ નેમિનાથનાં દર્શન–પૂજન કર્યાં, અને **પ્રભાસ-પાટણ** જઈ સોમનાથ મહાદેવની યાત્રા કરી.

(–જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૯૪, ૯૫, ૯૭)

આચાર્યશ્રીએ અહીં શિવાલયમાં મહાદેવના ગુણોનું પ્રતિપાદન કરતી સ્તુતિ કરી—

यत्र तत्र समये यथा तथा,
योऽसि सोऽस्यभिधया यया तया ।
वीतदोषकलुषः स चेद् भवान्
एक एव भगवन् ! नमोऽस्तु ते ॥३१॥

(–અયોગવ્યવચ્છેદિકા, શ્લો૦ ૩૧)

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

રાજાએ અહીં ઘણું દાન કર્યું.

આચાર્યશ્રીએ **કોડીનાર** જઈને અઠ્ઠમતપ કરી **અંબિકાદેવી**ને આરાધી અને રાજાના સંતાન માટે પૂછ્યું. દેવીએ જણાવ્યું કે, 'રાજાના ભાગ્યમાં પુત્ર નથી; પણ તેના પછી **કુમારપાલ** ગુજરાતનો રાજા થશે, જે રાજ્યને વધારશે, ભોગવશે અને મોટો પરમાર્હત–શ્રાવક થશે.'

આચાર્યશ્રીએ સિદ્ધરાજને આ વિગત જણાવી. રાજા ત્યાંથી નીકળી રાજધાનીમાં આવ્યો. તેણે પાટણના **જ્યોતિષી,** મંત્રવાદી અને નિમિત્તિયાઓ વગેરેને પૂછીને ખાતરી કરી તો આચાર્યશ્રીની ભવિષ્યવાણી સર્વથા સાચી હતી. હવે તેને નિર્ણય બંધાયો કે, તેની પછી ત્રિભુવનપાલનો પુત્ર **કુમારપાલ** ગુજરાતનો મહાન રાજા થશે.

(–જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૧૦૦)

આચાર્યશ્રી સં૦ ૧૧૯૨ની સાલમાં ખંભાતમાં ચતુર્માસ વિરા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જમાન હતા, ત્યારે **કુમારપાલ** વખાનો માર્યો તેમની પાસે આવ્યો હતો. આચાર્યશ્રીએ તેને ઓળખી લીધો ને સારા આસન ઉપર બેસાડીને આશ્વાસન આપ્યું. તેમણે સ્પષ્ટ નિર્ણય આપ્યો કે, 'આજથી સાતમે વર્ષે તું રાજા બનીશ.' શ્રાવકોએ તેને રસ્તાની ખરચી માટે ૩૨ દ્રમ્મ આપ્યા.

રાજા **સિદ્ધરાજે** માળવા પર ચડાઈ કરી ત્યારે તેને આ૦ **વીરસૂરિ** અને આ૦ **હેમચંદ્રસૂરિની** મંગલવાણી થઈ હતી. તે જીતીને પાછો વળ્યો. તેમની વાણીને તે આ **વિજયનું** મૂળ શકુન માનતો હતો. રાજાએ સં૦ ૧૧૯૩માં માળવા જીતીને પાટણમાં ધામધૂમથી પ્રવેશ કર્યો. આ૦ વીરસૂરિ, આ૦ હેમચંદ્રસૂરિ અને બીજા આચાર્યો તેમજ વિદ્વાનોએ રાજાને વિવિધ આશીર્વાદથી વધાવ્યો. ગુજરાત ગૌરવાન્વિત બન્યું.

એક દિવસે રાજસભામાં રાજા અવંતીથી આવેલા ગ્રંથભંડારના ગ્રંથોને જોતો હતો. એવામાં તેના હાથે 'ભોજવ્યાકરણ' ચડી ગયું, ત્યારે આચાર્યશ્રીએ જણાવ્યું કે, 'ભોજરાજા મહાવિદ્વાન હતો, જેણે આ ગ્રંથ રચ્યો છે.' સિદ્ધરાજે ઉત્કંઠાપૂર્વક પૂછ્યું, 'શું આપણા ગ્રંથભંડારોમાં આવી કોટિના ગ્રંથો નથી? શું ગુજરાતમાં એવો કોઈ વિદ્વાન નથી કે આવા મહાન ગ્રંથો રચી શકે?'

ત્યાં ઉપસ્થિત બધા વિદ્વાનોએ ત્યારે **આચાર્યશ્રી** સામે નજર કેંદ્રિત કરી અને રાજાએ આચાર્યશ્રીને વિનંતિ કરી કે, 'ભગવન્! આજે જે 'કાતંત્ર વ્યાકરણ' ભણાવાય છે તે નાનું છે. એનાથી વિદ્યાર્થીને વ્યુત્પત્તિ થતી નથી. બીજી તરફ પાણિનીયવ્યાકરણ વૈદિક પ્રક્રિયાથી ક્લિષ્ટ બની ગયું છે, તો હે મુનિવર! તમે જગતના ઉપકાર માટે સરળ અને સુબોધ એવા રાષ્ટ્રિય વ્યાકરણનું નિર્માણ કરો અને મહાપુણ્યના ભાગીદાર બનો. મને યશનો ભાગી બનાવો અને ગુજરાતને સાહિત્યિક ગૌરવ અપાવો.'

આચાર્યશ્રીએ રાજવીની વિનંતિનો સ્વીકાર કર્યો. તેમણે એમના સમય સુધીનાં સમસ્ત વ્યાકરણોનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું અને

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

નવું 'સિદ્ધહેમચંદ્ર વ્યાકરણ' રચ્યું. તેમાં ૮ અધ્યાય તથા ૩૨ પાદ રાખ્યાં, દરેક પાદની અંતે એકેક શ્લોક અને છેલ્લે ચાર શ્લોક એમ કુલ ૩૫ શ્લોક જોડી; તેમાં **ચૌલુક્યરાજવંશનું** લાક્ષણિક દર્શન કરાવ્યું છે. એ વ્યાકરણની સરળતા માટે પૂર્તિમાં લઘુવૃત્તિ, બૃહદ્વૃત્તિ, ધાતુપાઠ, અનુશાસનો, ધાતુપારાયણ, શબ્દકોશો, દ્વયાશ્રય કાવ્ય વગેરે જરૂરી અંગોપાંગ ગ્રંથો બનાવ્યા.

રાજપુરોહિત અને વિદ્વાન સભાસદોએ એ વ્યાકરણનું ત્રણ વાર વાચન–મનન કરી તેને **શુદ્ધ વ્યાકરણ** તરીકે જાહેર કર્યું. રાજાએ તે વ્યાકરણને હાથીની અંબાડી ઉપર પધરાવી, નગરમાં ફેરવીને સત્કાર કર્યો. ૩૦૦ લહિયાઓ રોકી તેની ઘણી નકલો લખાવી દેશો-દેશ મોકલી. ૨૦ નકલો કાશ્મીર મોકલાવી અને પાટણમાં વ્યાકરણના અજોડ વિદ્વાન **કાકલ કાયસ્થની** અધ્યક્ષતામાં સિદ્ધહેમચંદ્ર વ્યાકરણનું પઠન-પાઠન શરૂ કરાવ્યું. (પ્રક૦ ૩૫, પૃ૦ ૯૬)

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

આચાર્યશ્રીએ બીજા પણ વિવિધ વિષયના ગ્રંથો રચ્યા છે.

આચાર્યશ્રી સં૦ ૧૧૯૮ ના ચતુર્માસમાં **ખંભાતમાં** હતા ત્યારે રાજા સિદ્ધરાજ સં૦ ૧૧૯૯ ના કાર્તિક સુદિ ૩ ના રોજ પાટણમાં મરણ પામ્યો. **કુમારપાલ** ખંભાત આવીને શેઠ સાંબની સાથે આચાર્યશ્રી પાસે આવ્યો. તે આશીર્વાદ મેળવી પાટણ ગયો અને સં૦ ૧૧૯૯ માં ગુજરાતનો **રાજા** બન્યો.

આચાર્યશ્રી વિહાર કરતા કરતા **પાટણ** પધાર્યા. અહીં સં૦ ૧૨૦૭ માં તેમનાં **માતા** પૂ૦ પ્રવર્તિની **પાહિનીજીએ** અનશન કર્યું. શ્રાવકોએ પુણ્યમાં ૩ કરોડ વાપર્યા અને આચાર્યશ્રીએ ત્રણ લાખ શ્લોકનું પુણ્ય આપ્યું ને પ્રવર્તિનીજી **કાલધર્મ** પામ્યાં. એમના શબની શિબિકા ત્રિપુરુષ-ધર્મસ્થાનના બાવાઓએ તોડી નાખી એટલે આચાર્યશ્રીએ એ વાત રાજા કુમારપાલને જણાવી. રાજવીએ તેઓને યોગ્ય શિક્ષા કરી.

એ જ સમયે રાજવી **કુમારપાલે** આચાર્યશ્રીને પ્રતિદિન રાજ-મહેલમાં પધારવા વિનંતિ કરી અને આચાર્યશ્રીનો રાજમહેલમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આદરભર્યો સત્કાર થવા લાગ્યો. રાજા-રાણી હમેશાં તેમનો ઉપદેશ સાંભળતા અને તેમને ગુરુ માનતા.

ગૂર્જરેશ્વર રાજા કુમારપાલે આચાર્યશ્રીના ઉપદેશથી સં૦ ૧૨૦૭ માં પ્રભાસપાટણના સોમનાથના મંદિરનો પાયાથી શિખર સુધીનો જીર્ણોદ્ધાર કરવાનો સંકલ્પ કરી **સોમનાથ**ના મંદિરની ધ્વજાઓ ચડે ત્યાં સુધી માંસ-મદિરાનો ત્યાગ કર્યો, પછી સાત વ્યસનો પણ છોડયાં. સં૦ ૧૨૦૮માં સમસ્ત રાજ્યભરમાં **અમારિપટહ** વગડાવ્યો. જુગાર સર્વથા બંધ કરાવ્યો અને સં૦ ૧૨૧૧ માં પ્રભાસપાટણમાં **મહાદેવ**ની પ્રતિષ્ઠા કરાવી.

આચાર્યશ્રી એ પ્રતિષ્ઠાપ્રસંગે પ્રભાસપાટણ પધાર્યા. ત્યાંના પાશુપતાચાર્ય મહંત **ભાવ બૃહસ્પતિ**એ આચાર્યશ્રીનો હાથ ઝાલી તેમને શિવાલયમાં પ્રવેશ કરાવ્યો. આચાર્યશ્રીએ ત્યાં શિવપુરાણની વિધિ મુજબ **મહાદેવ**નું આહ્વાન, અવગુંઠન, મુદ્રા, ન્યાસ અને વિસર્જન કરી અંતિમ સ્તુતિપાઠ ઉચ્ચાર્યો—

यत्र तत्र समये यथा तथा, योऽसि सोऽस्यभिधया यया तया ।
वीतदोषकलुषः स चेद् भवान् एक भगवन् ! नमोऽस्तु ते ॥

(—અયોગવ્યવચ્છેદિકા, શ્લો૦ ૩૧)

भवबीजाङ्कुरजनना रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥

(—મહાદેવસ્તોત્ર, શ્લો૦ ૪૪)

—જે તે સમયે, જેવા તેવા, જે તે નામથી જે તે હો, પણ હે ભગવન્! તમે જો દોષ રહિત હો તો તમને એકલાને જ નમસ્કાર કરું છું. (૧)

—જેમણે જન્મ-મરણના અંકુરાને ઉગાડનારા રાગ વગેરે દોષોનો નાશ કર્યો છે તેવા બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ કે જિનેશ્વર જે હો તેઓને નમસ્કાર થાઓ. (૨)

મહામાત્ય **વાહડે** સં૦ ૧૨૧૩ માં શત્રુંજય તીર્થનો મોટો ઉદ્ધાર કરાવી આ૦ હેમચંદ્રસૂરિના હાથે ભ૦ ઋષભદેવની પ્રતિષ્ઠા કરાવી.

JAINSITE જૈન સાઈટ
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્યશ્રીએ રાજા કુમારપાલને ઉપદેશ આપ્યો, તેથી સં૦ ૧૨૧૬ માં રાજાએ સમ્યક્ત્વ સાથે શ્રાવકનાં **બાર વ્રત** ઉચ્ચર્યાં. આચાર્યશ્રીએ તેને આશીર્વાદમાં પરમાર્હત અને **રાજર્ષિ** એવાં બિરુદો આપ્યાં અને રાજાના આગ્રહથી તેના આધ્યાત્મિક બોધ માટે 'વીતરાગ-સ્તોત્ર' અને 'સટીક-યોગશાસ્ત્ર'ની રચના કરી.

રાજા કુમારપાલે આચાર્યશ્રીના ઉપદેશથી ઘણા **કુમારપાલ-વિહારો**—૧૪૪૪ દેરાસરો, ઘણાએક જીર્ણોદ્ધારો, ૨૧ **જ્ઞાનભંડારો** કરાવ્યા અને ઘણી **દાનશાલા**ઓ ખોલી. નિર્ધન જૈનોને—સ્વામી ભાઈઓને ૧૪ કરોડની મદદ કરી. રુદતી ધનનો નિયમ ૨૬ કર્યો અને જનતા ઉપર પડેલા ઘણા કરોને માફ કર્યા. તે પછી તેણે **સિદ્ધહેમકુમાર સંવત્** ચલાવ્યો.

**પં૦ વામરાશિ**એ રાજા સિદ્ધરાજના સમયે આચાર્યશ્રીને ગાળો આપી હતી. તેથી આચાર્યશ્રી નારાજ થતાં તેની આજીવિકા બંધ કરવામાં આવી હતી, તેમજ પ્રભાસપાટણના શિવાલયના મહંત **ભાવ બૃહસ્પતિ**એ શરાબ સેવન વગેરેની ભૂલો કરી હતી. તેથી તેમની આજીવિકા બંધ કરવામાં આવી હતી. તે બંનેએ આચાર્યશ્રીના ચરણે આવીને ભૂલોની માફી માગી હતી એટલે રાજા કુમારપાલે તેઓની આજીવિકા ફરીથી ચાલુ કરી હતી. આ ઘટના સં૦ ૧૨૨૫ માં બની હતી.[1]

મહામાત્ય **આંબડે** જીર્ણોદ્ધાર કરાવી ભરુચના **શકુનિકા-વિહાર**માં સં૦ ૧૨૨૨ માં ભ૦ મુનિસુવ્રતસ્વામીની પ્રતિષ્ઠા કરી. તેમજ મંત્રી આંબડે પોતાના પિતાના **ઉદયનવસતિ**નો વિસ્તાર કરી **ઉદયનવિહાર** બંધાવ્યો, તે બંનેની પ્રતિષ્ઠા પણ સં૦ ૧૨૨૩માં આચાર્યશ્રીના હાથે કરાવી.

રાજા **કુમારપાલે** આચાર્યશ્રીના ઉપદેશથી સં૦ ૧૨૨૬ માં

૧. મહંત ભાવ બૃહસ્પતિને સં૦ ૧૨૨૫માં ફરી વાર આજીવિકા બાંધી આપી તે વિશે જુઓ, પાટણના ભદ્રકાળી મંદિરમાંનો શિલાલેખ—ખંડ તથા જુઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૨૪નું ટિપ્પણ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શત્રુંજયતીર્થ** અને ગિરનારતીર્થનો છ'રી પાળતો યાત્રા**સંઘ** કાઢ્યો. રાજાએ શત્રુંજયમાં ઘણો લાભ લીધો પણ તે વૃદ્ધાવસ્થાના કારણે ગિરનાર પહાડ ઉપર ચડી શક્યો નહીં.

જ્યારે સંઘનો પડાવ વલભીપુરથી આગળ ચાલ્યો ને ચોગઠ પાસે **થાપા** અને **ઈસાવલ** એ બંને પહાડીઓની તળેટી નજીક કરવામાં આવ્યો હતો. રાજાએ એ બંને પહાડીઓ ઉપર ભ૦ ઋષભદેવ અને ભ૦ પાર્શ્વનાથનાં દેરાસર બંધાવ્યાં. આ દેરાસરના પથ્થરો આજે પણ ત્યાં નજરે પડે છે. કોઈએ એ પથ્થરોમાંથી ઊભું કરેલું નાનકડું શિવાલય આજે વિદ્યમાન છે.

આચાર્યશ્રીએ સં૦ ૧૨૨૮ માં **પાટણ**માં અંજનશલાકાઓ અને પ્રતિષ્ઠાઓ કરાવી. તેમના હાથે કરાયેલી આ પ્રતિષ્ઠાઓ છેલ્લી હતી. આચાર્યશ્રીને આ૦ **બાલચંદ્ર** નામે મહત્ત્વાકાંક્ષી શિષ્ય હતા. આ૦ બાલચંદ્રે એવો મનસૂબો કર્યો કે જેમ આ૦ હેમચંદ્રસૂરિ અને રાજા કુમારપાલની જોડી છે તેવી કુમારપાલ રાજા પછીના રાજા અજયપાલ સાથે પોતે જોડાઈને વિખ્યાત થવું.

આચાર્યશ્રીએ લગ્નવેલા સાધવા માટે આ૦ બાલચંદ્રને ઘટીયંત્ર ઉપર બેસાડ્યા. આ૦ બાલચંદ્રે પોતાની સ્વાર્થસાધના માટે મુહૂર્તના સમયમાં ગરબડ કરી વાસ્તવિક લગ્ન આવ્યા પહેલાં જ લગ્ન આવ્યું છે એમ જાહેર કર્યું અને એ જ સમયે ઉપર્યુક્ત પ્રતિમાઓની અંજનશલાકા અને પ્રતિષ્ઠાઓ કરવામાં આવી.

વડોદરાનો વેપારી શેઠ **કાનજી વસો** થોડી વાર પછી હાંફળોફાંફળો થતો આચાર્યશ્રી પાસે આવ્યો, તે પોતાના દેરાસરના મૂળનાયકની પ્રતિમાને અંજનશલાકા કરાવવા લાવ્યો હતો, પણ સામગ્રી મેળવવામાં સમય વીતી જવાથી રાજપુરુષોએ તેને અંદર આવવા દીધો નહોતો. પ્રતિષ્ઠાનું કામ સમાપ્ત થતાં તે આચાર્યશ્રી પાસે આવી પગે પડી રોવા લાગ્યો. કૃપામૂર્તિ આચાર્યશ્રીએ બહાર આવીને આકાશમાં નજર નાખી, સૂક્ષ્મ દૃષ્ટિએ જોયું ને તરત જ બોલી ઊઠ્યા : ‘ અરે ! આ શું થયું ? જે સમયે અંજનશલાકા-પ્રતિષ્ઠા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઈ છે તે મુહૂર્ત તો દૂષણવાળું છે તે પ્રતિષ્ઠાપક તથા પ્રતિમાજીને વધુમાં વધુ ત્રણ વર્ષનું આયુષ્ય આપનારું છે.

આચાર્યશ્રીએ તરત જ સાચું મુહૂર્ત આવતાં શેઠ કાનજીની પ્રતિમાની અંજનશલાકા કરી, જે પ્રતિમા અત્યંત પ્રભાવશાળી બની. સંભવતઃ આ ત્રણે જિનપ્રતિમાઓ તે—૧. **ગોડીપુરની**, ૨. મહેમદાવાદની અને ૩. તારંગાની છે. (–જૂઓ, પં૦ નેમવિજયગણિનું ગોડીજીપાર્શ્વનાથનું સ્તવન, પ્રક૦૫૮)

આચાર્યશ્રીએ એ ઉત્સવમાં જાહેર કર્યું કે મારું આયુષ્ય હવે માત્ર **છ મહિનાનું** બાકી છે અને **કુમારપાલ** પણ મારા પછી છ મહિને મરણ પામશે.

**ધર્મપ્રચાર**—

આચાર્યશ્રીએ પાંત્રીશ હજાર જેટલાં ઘરોના માનવીઓને જૈન બનાવ્યા. આમ તેઓ બધી રીતે સમર્થ હતા, તેઓ ધારત તો પોતાનો નવો ગચ્છ સ્થાપીને ચલાવી શકત, પણ તેઓ એવા ગર્વિષ્ઠ મહત્ત્વાકાંક્ષી નહોતા. તેઓ સમદર્શી હતા, અધૂરા નહોતા, ઉતાવળિયા નહોતા, સ્થિતપ્રજ્ઞ હતા, જ્ઞાનના સાગર હતા. અહંના પૂજારી નહોતા, વીતરાગના અનુગામી હતા. આથી તેમણે નવો પંથ ચલાવવાનો સ્વપ્ને પણ ખ્યાલ ન કર્યો અને તીર્થંકરના શાસનની સર્વતોમુખી રક્ષા કરવાને સદા ઉદ્યમશીલ રહ્યા.

વળી, તેમના શરીર અને કાર્યક્ષમતાનું વર્ણન આ પ્રકારે મળે છે—

તેમનામાં સોના જેવી શરીર કાંતિ હતી, કમલની પાંખડી જેવી આંખો હતી. જોનારને હર્ષ ઉત્પન્ન કરે તેવું મુખ હતું. તેમનું ચારિત્ર ચમત્કારી હતું. તેમનામાં બાવીશે પરીષહો જીતવાનું સામર્થ્ય હતું. તપસ્યાની પણ શક્તિ હતી. તેમની બુદ્ધિ વિષયાર્થ શાસ્ત્રને ઉકેલી શકતી. વ્યાકરણ જેવા ગ્રંથો રચવાની કુશળતા હતી, પરવાદીને જીતવાની તીક્ષ્ણ તર્કશક્તિ હતી. ધારી અસર કરે તેવી કવિત્વ શક્તિ હતી. અયોગ્ય અને પતિતને પણ ધર્મમાં સ્થાપવાનું અને તેમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થિર કરવાનું પ્રભાવબળ હતું. તેમની વાણી મધ જેવી મીઠી હતી.

નિપુણ પુરુષો આ૦ હેમચંદ્રની અપૂર્વ શક્તિ પ્રત્યક્ષ જોઈને પ્રાચીનકાળમાં થઈ ગયેલા સર્વજ્ઞ તીર્થંકરો અને ગણધરોના વિશિષ્ટ સામર્થ્યમાં વિશ્વાસ કરતા હતા.

(–આ૦ સોમપ્રભસૂરિકૃત 'કુમારપાલપડિબોહો, ગા૦ : ૨૦ થી ૨૪ અને શ્રી. મધુસૂદન મોદીકૃત 'હૈમસમીક્ષા')

આચાર્યશ્રી **હેમચંદ્રસૂરિ** સં૦ ૧૨૨૯ માં પાટણમાં સંઘ સમક્ષ **આ૦ રામચંદ્રને** પોતાની પાટ સોંપી, સમાધિમાં રહી, બ્રહ્મરંધ્રથી પ્રાણ છોડી કાલ કરી **સ્વર્ગે ગયા** અને તે પછી એ જ સાલમાં રાજા **કુમારપાલ** પણ સ્વર્ગગમન કરી ગયો.

રાજા અને પ્રજાએ આચાર્યશ્રીનો મૃત્યુ-ઉત્સવ મના૦યો. રાજા સામંતો અને પ્રજાએ આચાર્યશ્રીના અગ્નિસંસ્કારના સ્થાનેથી તિલક કરવા માટે રાખ લીધી અને જ્યારે રાખ રહી નહીં ત્યારે જનતાએ ખોદી ખોદીને માટી લીધી. પરિણામે ત્યાં મોટો ખાડો પડ્યો, જે સ્થાન 'હેમખાડ' તરીકે પ્રસિદ્ધ થયું.

રાજપુરોહિત રાજકવિ **સોમેશ્વરદેવે** આચાર્યશ્રી વિશે એક અર્ધ શ્લોકમાં ઐતિહાસિક તથ્ય બતાવ્યું છે કે—

'वैदुष्यं विगताश्रयं श्रितवति श्रीहेमचन्द्रे दिवम् ।'

(–સુરથોત્સવ, સર્ગ : ૧૫, શ્લો૦ ૫૨)

## શિષ્યપરિવાર—

ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિના જીવનપ્રસંગોમાં જુદે જુદે સ્થળે તેમના શિષ્ય-પ્રશિષ્યોનાં નામ આવે છે. તેઓનો ટૂંકો પરિચય આ પ્રમાણે છે—

**૧. આ૦ બાલચંદ્રસૂરિ**—આ૦ હેમચંદ્રસૂરિના તે કુશિષ્ય હતા. તેમને રાજા અજયપાલને પોતાનો બનાવી, પોતે રાજગુરુ બનવાના કોડ હતા. પરંતુ તેમણે ગુરુદ્રોહ કરી છેલ્લી પ્રતિષ્ઠામાં મુહૂર્તની ગરબડ કરી હતી. રાજા અજયપાલે પણ રાજા થયા પછી આ૦ બાલચંદ્રને ગુરુદ્રોહી અને ગચ્છદ્રોહી ઠરાવી મરાવી નાખ્યા. આ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાલચંદ્રસૂરિ વિદ્વાન હતા, પણ આ૦ રામચંદ્રસૂરિના પ્રખર વિરોધી હતા. તેમણે જ આ૦ રામચંદ્રને મરાવી નાખ્યા હતા. તેમણે રચેલી 'સ્નાતસ્યા૦'ની સ્તુતિઓ ખૂબ પ્રસિદ્ધ છે.

**૨. આ૦ રામચંદ્રસૂરિ**—એકવાર રાજા સિદ્ધરાજે આ૦ શ્રીહેમચંદ્રસૂરિને પૂછેલું કે, 'આપ સરસ્વતીપુત્ર છો, સર્વજ્ઞપુત્ર છો, પણ આપની પાટને શોભાવે એવો અધિક ગુણવાળો વિદ્વાન્ શિષ્ય કોણ છે?'

આચાર્ય મહારાજે તે સમયે જણાવેલું કે, 'રાજન્! પં૦ રામચંદ્ર મારો ગુણવાન શિષ્ય છે, જે સંઘમાન્ય પણ છે.'

આ સાંભળી રાજા પં૦ રામચંદ્રનાં દર્શન કરીને આનંદિત થયો હતો.

એક દિવસે રાજા ઉનાળાના દિવસોમાં રાણીઓને સાથે લઈ ગ્રીષ્મક્રીડા કરવા માટે ઉદ્યાનમાં ગયો. તેણે ત્યાં પં૦ રામચંદ્રને જોઈને એકદમ પૂછ્યું, 'ઉનાળાના દિવસો મોટા કેમ હોય છે? શીઘ્ર કવિ રામચંદ્રે કાવ્યમાં ઉત્તર આપ્યો કે—

'देव ! श्रीगिरिदुर्गमल्ल ! भवता दिग्जैत्रयात्रोत्सवे
धावद्वीरतुरङ्गनिष्ठुरखुरक्षुण्णक्षमामण्डलात् ।
वातोद्धूतरजोऽमिलत् सुरसरित् सञ्जातपङ्कस्थली-
दूर्वाचुम्बनचञ्चुरा रविहयास्तेनातिवृद्धं दिनम् ॥'

—હે ગિરનારના વિજેતા, હે નરદેવ! તારી દિગ્વિજય યાત્રામાં દોડતા ઘોડાઓની ખુરીઓથી ઊડેલી ધૂળ આકાશમાં જઈને સુરગંગામાં પડી ને ત્યાં કાદવ થયો. તેમજ ધરો પણ ઊગી નીકળી. આ તાજી ધરો ખાવાને માટે સૂર્યના ઘોડાઓ રોકાતા જાય છે તેથી જ દિવસ મોટો થયો છે.

રાજાએ આ ચમત્કારભર્યું કાવ્ય સાંભળી ત્યાં જ સૌની સમક્ષ પં૦ રામચંદ્રને '**કવિકટારમલ્લ**'નું બિરુદ આપ્યું.

**કવિ ચક્રવર્તી શ્રીપાલ** પોરવાડે સહસ્રલિંગ સરોવરની પ્રશસ્તિ રચી ત્યારે રાજવીએ તેનું સંશોધન કરવા માટે ઉત્તમ કોટિના સર્વ પંડિતોને બોલાવ્યા. આ૦ હેમચંદ્રસૂરિ પોતે ત્યાં પધાર્યા નહીં,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ પં૦ રામચંદ્રને ત્યાં મોકલ્યા. તેમને સાથોસાથ સૂચના કરી કે, 'જો સૌ વિદ્વાનોની પ્રશસ્તિને સમ્મતિ મળે તો તમારે કશી પંડિતાઈ બતાવવી નહીં.' પં૦ રામચંદ્ર ત્યાં પધાર્યા. પ્રશસ્તિકાવ્યો વંચાયાં, સૌ પંડિતોએ આનંદ વ્યક્ત કર્યો. તેમાં એક નીચે મુજબનું **કાવ્ય** હતું—

' कोशेनापि युतं दलैरुपचितं नोच्छेत्तुमेतत् क्षमं
स्वस्यापि स्फुटकण्टकव्यतिकरं पुंस्त्वं च धत्ते न हि ।
एकोऽप्येष करोति कोशरहितो निष्कण्टकं भूतलं
मत्वैवं कमला विहाय कमलं यस्यासिमाशिश्रियत् ॥'

—આ લક્ષ્મીએ કમળને તજી રાજા સિદ્ધરાજની તરવારનું શરણ લીધું છે, કેમકે તે કમળકોશ (ડોડવો તથા ખજાના)વાળું છે અને દળ (પાંદડી તથા લશ્કર)વાળું છે. છતાંય પોતાના કાંટાને હઠાવી શકતું નથી, તેમ કદાપિ પુરુષત્વને પામી શકતું નથી. જ્યારે આ અસિ(તરવાર) કોશ રહિત અને દળ રહિત હોવા છતાં એકલી જ પૃથ્વીના કંટકોને હઠાવે છે. તેમજ પુરુષત્વને પણ ધારણ કરે છે.

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

સૌ પંડિતોએ આ કાવ્યને ખૂબ વખાણ્યું એટલે રાજાએ પં૦ રામચંદ્રનો અભિપ્રાય માગ્યો. તેમણે ધીમેથી વાંધો ઉઠાવ્યો કે, આ કાવ્યમાં दल શબ્દ સૈન્યના અર્થમાં વાપર્યો છે અને कमल શબ્દને નિત્ય નપુંસક બતાવ્યો છે. આ પ્રયોગો ખાસ વિચારવા જેવા છે. પંડિતો આ હકીકત સાંભળીને વિચારમાં પડી ગયા. અંતે રાજાના આગ્રહથી સૌ પંડિતોએ તોડ કાઢ્યો કે, दलનો અર્થ રાજાનું સૈન્ય પણ થઈ શકે અને कमल શબ્દ પુંલિંગમાં પણ વપરાય છે. તેથી અહીં 'પુરુષત્વને ધારણ કરી શકતું નથી.' તેને બદલે 'કમલ પુરુષત્વને પામે કે ન પામે એવો શંકા-વિકલ્પ પાઠ લેવો.

**સિદ્ધરાજ** પં૦ રામચંદ્રની આવી તેજ સ્ફુરણાથી પ્રસન્ન થયો અને તેની સામે અત્યંત સ્નેહભાવે એકીટશે જોઈ રહ્યો. પં૦ રામચંદ્રને ઉપાશ્રયમાં પહોંચતાં જ એક આંખે દર્દ ઊપડ્યું અને તેમની તે આંખ સદાને માટે ચાલી ગઈ. તેમની એક આંખ ગઈ પણ

વિચક્ષણ **કાવ્યશક્તિ** તો એવી ને એવી જ સતેજ હતી.

આ૦ હેમચંદ્રસૂરિએ તેમને **આચાર્યપદ** આપ્યું હતું અને પોતાના અંત સમયે તેમને જ પોતાની પાટે સ્થાપ્યા હતા.

આ૦ રામચંદ્રસૂરિ સમર્થ વિદ્વાન હતા. જૈનધર્મમાં અત્યંત શ્રદ્ધાવાન્ હતા, **ગુરુભક્ત** હતા અને સાચી સ્વતંત્રતાના મોટા પક્ષપાતી હતા. તેમણે એક આંખ જવા છતાં કદાપિ હીનતા બતાવી નહોતી.

તેમણે પોતાની જિનસ્તુતિ બત્રીશીઓ પૈકીની ભ૦ મુનિસુવ્રતસ્વામી બત્રીશી, ઉપમા બત્રીશી, પ્રાસાદ બત્રીશી વગેરેમાં તીર્થંકરોને કરુણાના સાગર અને સર્વ જાતના રોગોના શામક તરીકે વર્ણવ્યા છે. છતાં પોતે તેમની પાસે પોતાની ગયેલી આંખને માગતા નથી. તેમણે સત્તર જિનસ્તુતિ ષોડશકોમાં છેલ્લો એક શ્લોક નીચે મુજબ આપ્યો છે—

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

'स्वामिन्ननन्तफलकल्पतरोऽभिराम-
चन्द्रावदातचरिताञ्चितविश्वचक्र ! ।
शक्रस्तुतांह्रिसरसीरुह ! दुःस्थसार्थे
देव ! प्रसीद करुणां कुरु देहि दृष्टिम् ॥'

આથી એટલું નક્કી થાય છે કે, તેમણે પોતાની આંખ ગયા પછી જ આ સ્તુતિઓ રચી છે અને દૃષ્ટિની માગણી કરી છે પણ તેમણે દૃષ્ટિ શબ્દનો જે અર્થ કર્યો છે તે ઉપરથી માનવું પડે છે કે, તેમણે આ સ્તુતિથી આંખ નહીં પણ દિવ્યદૃષ્ટિ માગી છે. આ છે તેમના હૃદયના ઉદ્ગારો—

'साक्षात्कारः सकलजगतां स्याद् यतः केवलं तत्
चक्षुः किञ्चिद् दिशति कृतिनां देव ! युष्मत्प्रसादः ।
अन्धानां तन्नियतविषयां दृष्टिसृष्टिं दधानः
केषामेव स्तवनवचसां गोचरे संचरिष्णुः ॥'

(–પ્રસાદદ્વાત્રિંશિકા, શ્લો૦ ૧૫)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'स्वतन्त्रो देव ! भूयासं सारमेयोऽपि वर्त्मनि ।
मा स्म भुवं परायत्तस्त्रिलोकस्यापि नायकः' ॥१५॥
'स्वातन्त्र्यश्रीपवित्राय परमब्रह्ममूर्तये ।
साधिताशेषसाध्याय नमो भगवतेऽर्हते' ॥१॥ (–ષોડશિકા)

તેમના આ શબ્દો તેમના સ્વભાવનો પરિચય કરાવે છે કે, તેઓ **સ્વતંત્રતાના પૂજારી** હતા. તેઓ સ્થૂલ દૃષ્ટિના નહીં પણ દિવ્ય દૃષ્ટિ એટલે કેવળજ્ઞાનના ઇચ્છુક હતા.

આ૦ **રામચંદ્ર** રાજા કુમારપાલની રાજસભાના સમર્થ કવિ હતા. કોઈ પણ બહારનો વિદ્વાન કવિ રાજસભાની પરીક્ષા કરવા અટપટી સમસ્યા મૂકે તો આ૦ રામચંદ્ર પોતાની અદ્ભુત શક્તિથી તે સમસ્યા પૂરતા હતા, જે સાંભળીને આગંતુક કવિ માથું ધુણાવી દેતો હતો.

આ૦ બાલચંદ્ર અને આ૦ રામચંદ્ર વચ્ચે કારમું વૈમનસ્ય હતું. સં૦ ૧૨૩૦ માં **અજયપાલ** સોલંકી ગુજરાતનો રાજા થયો ત્યારે તેણે આ૦ બાલચંદ્રની શિખવણીથી આ૦ રામચંદ્રને કહ્યું કે, 'તમે આ૦ હેમચંદ્રની પાટે આ૦ બાલચંદ્રને સ્થાપો.' આચાર્યશ્રીએ સાફ શબ્દોમાં જણાવી દીધું કે, 'તેમ કરવાની ગુરુદેવની આજ્ઞા નથી. એ બનવાનું નથી.'

રાજાએ હુકમ કર્યો કે, 'મારો **રાજહુકમ** છે કે તમે એ પ્રમાણે કરો; નહીંતર રાજાજ્ઞા લોપવાના દંડ તરીકે તપાવેલ તાંબાની પાટ ઉપર બેસી જાઓ.'

આચાર્યશ્રીએ ગુરુદેવની આજ્ઞાના પાલન માટે ત્યાં પોતાનું બલિદાન આપ્યું. તેઓ છેલ્લે એટલું જ બોલ્યા કે—

"જગતને પ્રકાશ આપનારો સૂર્ય પણ આથમે છે માટે જે થવાનું હોય તે જ થાય છે."

'રઘુવિલાસનાટક'ની પ્રસ્તાવનામાં આ૦ રામચંદ્ર પોતાના વિશે કહે છે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'पञ्चप्रबन्धमिषपञ्चमुखानकेन
विद्वन्मनःसदसि नृत्यति यस्य कीर्तिः ।
विद्यात्रयीचणमचुम्बितकाव्यतन्द्रं
कस्तं न वेद सुकृती किल रामचन्द्रम् ॥'

બીજે પણ કહેવાયું છે કે—

'सूक्तयो रामचन्द्रस्य वसन्तकलगीतयः ।
स्वातन्त्र्यमिष्टयोगश्च पञ्चैता हर्षवृष्टयः ॥'

આ૦ રામચંદ્રના નામથી અપભ્રંશ ભાષામાં કોઇએ જણાવ્યું છે કે—

'મહિલા કૂટચરિત્તં, બંભ પુણુ પાર ન યાણઈ;
દિન ડરયઈ દોરડઈ, રયણી વિસહર ફેણુ મોડઈ.
ઉદ્દિર દિઠઈ ઉદ્ધસઈ, કાનિ ધરી વાઘહ રોલઈ;
ઉંબરી ચડતીય ઢલી પડઈ, ચઢિ ડુંગરી અણિયાલઈ.
સાત સમુદ્ર લીલા તરઈ, સુકિ નદી બુડવિ મરઈ;
**રામ** કવીસર ઇમિ કહઈ, સ્ત્રી વિશ્વાસ ન કો કરઈ.'

(—કુલસાગરગણિકૃત 'સટીક-ઉપદેશસાર' ઉપ૦૩૨, સં૦૧૬૬૨)

આ૦ **રામચંદ્ર** એ સમયના શબ્દશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રના વિદ્વાન, ઉદ્ભટ કવિ, સફળ પ્રબંધકાર અને વિશિષ્ટ નાટકકાર હતા. તેમણે રચેલા ગ્રંથો આ પ્રકારે જાણવા મળે છે—

૧. દ્રવ્યાલંકાર—સ્વોપજ્ઞવૃત્તિસહિત—આ૦ રામચંદ્ર અને આ૦ ગુણચંદ્ર એ બંનેએ મળીને રચ્યો છે. તેમાં, ૧ જીવ, ૨ પુદ્ગલ અને ૩ ધર્માધર્માદિ એમ ત્રણ પ્રકાશ છે.[1]

૨. નાટ્યદર્પણ—સ્વોપજ્ઞ વૃત્તિસહિત—આ૦ રામચંદ્ર અને આ૦ ગુણચંદ્ર એ બંનેએ મળીને રચ્યો છે. જેમાં ૫૫ નાટક-પ્રબંધોના ઉલ્લેખો અને દશરૂપકોને બદલે બાર રૂપકો દર્શાવ્યાં છે.[2]

---

૧. દ્રવ્યાલંકારની સં૦ ૧૨૦૨માં લખાયેલી તાડપત્રની પ્રતિ જેસલમેરમાં સુરક્ષિત છે.

૨. નાટકો માટે જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૩૩નું ટિપ્પણ.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩. સત્યહરિશ્ચંદ્ર **નાટક.**
૪. નલવિલાસ **નાટક** (સપ્તાંકી).
૫. કૌમુદીમિત્રાણંદ **નાટક** (દશાંકી, રૂપકનાટક, કુતૂહલપૂર્ણ).
૬. રાઘવવિલાસ **નાટક** (રાઘવાભ્યુદય).
૭. યદુવિલાસ **નાટક** (યાદવાભ્યુદય).
૮. નિર્ભયભીમવ્યાયોગ **નાટક.**
૯. મલ્લિકામકરંદ **નાટક.**
૧૦. રોહિણીમૃગાંક પ્રકરણ.
૧૧. વનમાલી **નાટિકા.**
૧૨. કુમારવિહારશતક–પ્રશસ્તિ.
૧૩. સુધાકલશ-સુભાષિતકોશ.
૧૪. હૈમ-બૃહદ્વૃત્તિન્યાસ, ગ્રં૦ ૫૩૦૦૦.
૧૫. ઋષભ દ્વાત્રિંશિકા.
૧૬. વ્યતિરેક દ્વાત્રિંશિકા.
૧૭. પ્રસાદ દ્વાત્રિંશિકા.
૧૮. અપહ્નુતિ દ્વાત્રિંશિકા.
૧૯. અર્થાન્તરન્યાસ દ્વાત્રિંશિકા.
૨૦. જિનસ્તુતિ દ્વાત્રિંશિકા.
૨૧. દૃષ્ટાંતગર્ભા જિનસ્તુતિ દ્વાત્રિંશિકા.
૨૨. શાંતિ દ્વાત્રિંશિકા.
૨૩. ભક્તિ દ્વાત્રિંશિકા.
૨૪. નેમિ દ્વાત્રિંશિકા.
૨૫. મુનિસુવ્રત દ્વાત્રિંશિકા.
૨૬–૩૧ જિનસ્તુતિષોડશક, બત્રીશી.
૩૨. સ્તોત્રો.
૩૩. ધોળકાના ઉદયનવિહારની પ્રશસ્તિ, શ્લો૦ ૧૦૪

(–જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૨૨;
વિશેષ માટે જૂઓ 'નલવિલાસ' પ્રસ્તાવના)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે ૧૧ નાટકો અને ઘણા પ્રબંધો બનાવ્યા છે, જેમાં તેમની કવિ તરીકેની પ્રતિભા, સ્વતંત્ર સ્ફુરણા, બીજાનું અનુકરણ કરવાનો અભાવ વગેરે સ્પષ્ટ તરી આવે છે. (પ્રભાવકચરિત્ર, પ્રબંધ ચિંતામણિ, ઉપદેશતરંગિણી, ઉપદેશસાર)

**૩. આ૦ મહેંદ્રસૂરિ**—તેમણે સં૦ ૧૨૪૧માં 'અનેકાર્થકૌમુદી'—અનેકાર્થ કોશની ટીકા રચી, ગુરુદેવના નામ પર ચડાવી છે. આ૦ સોમપ્રભસૂરિએ 'કુમારપાલપડિબોહો' રચીને પ્રથમ આ૦ મહેન્દ્રસૂરિ, પં૦ વર્ધમાનગણિ, અને પં૦ ગુણચંદ્રગણિને સંભળાવ્યો હતો. તેમની સૂચના મુજબ તેને વ્યવસ્થિત પણ કર્યો.

**૪. (પં૦) વર્ધમાનગણિ**—તેમણે 'કુમારવિહાર–પ્રશસ્તિ–કાવ્ય' તથા તેની વ્યાખ્યા રચી છે. તેમજ ૮૭મા શ્લોકના ૧૧૬ અર્થો કરી બતાવ્યા છે. (ગ્રં૦ ૯૦૦), તે કાવ્ય નીચે મુજબ છે—

' गम्भीरः श्रुतिभिः सदाचरणतः प्राप्तप्रतिष्ठोदयः
सङ्क्रान्तारचत प्रियो बहुगुणो यः साम्यमालम्बते ।
श्रीचौलुक्यनरेश्वरेण विबुधश्रीहेमचन्द्रेण च
श्रीमद्वाग्भटमन्त्रिणा च परिवादिन्या च मन्त्रेण च ॥'

આ પ્રશસ્તિકાવ્યના ૩૧મા પદ્યના અર્થમાં રાજા કુમારપાલનું, ૪૧મા પદ્યના અર્થમાં આ૦ હેમચંદ્રસૂરિનું, ૧૦૯મા પદ્યના અર્થમાં મંત્રી વાગ્ભટનું વર્ણન કરેલું છે પણ એ કુમારવિહારની પ્રશસ્તિ મળતી નથી.

પં૦ વર્ધમાનગણિ સં૦ ૧૨૪૧માં વિદ્યમાન હતા.

**૫. આ૦ ગુણચંદ્રગણિ**—સંભવ છે કે તેઓ આ૦ રામચંદ્રસૂરિના શિષ્ય હતા. કેમકે, આ૦ રામચંદ્ર અને તેમણે મળીને સ્વોપજ્ઞવૃત્તિ સાથે દ્રવ્યાલંકાર, અને નાટ્યદર્પણ ગ્રંથો રચ્યા છે. તેમને સં૦ ૧૨૪૧ પછી **આચાર્ય**પદવી મળી હતી.

**૬. પં૦ યશશ્ચંદ્રગણિ**—તે મહાન્ જ્યોતિષી, અંગવિદ્યાના અભ્યાસી અને મંત્રવાદી હતા. તેઓ આચાર્યશ્રીના અનન્ય ભક્ત હતા. તેમણે સં૦ ૧૨૪૧માં આ૦ **સોમપ્રભસૂરિએ** રચેલો 'કુમાર-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાલપડિબોહો' પૂરેપૂરો વાંચીને પસંદ કર્યો હતો.

**૭. પં૦ ઉદયચંદ્રગણિ**—તે વ્યાકરણના અજોડ વિદ્વાન હતા. તેઓ રાજા કુમારપાલને 'યોગશાસ્ત્ર'નું વ્યાખ્યાન આપતા હતા. તેમાં પ્રકાશ : ૩, શ્લો૦ ૧૦૭માં કર્માદાન વિષયક—

' दन्त-केश-नखास्थि-त्वग्-रोम्णां ग्रहणमाकरे ।'

એ શ્લોક બોલતાં વારંવાર 'રોમ્ણો' પાઠ બોલ્યા. આચાર્યશ્રીએ પાઠ બદલવાનું કારણ પૂછયું. ગણિવરે ઉત્તર આપ્યો કે, 'પ્રાણીઓના અંગો અને વાજિંત્રોને દ્વંદ્વસમાસમાં એકવચન આવે છે.' આ જવાબ સાંભળી રાજા તથા શ્રોતાઓએ તેમની ખૂબ પ્રશંસા કરી. પં૦ ઉદયચંદ્રગણિની પ્રેરણાથી રાજગચ્છના આ૦ ધર્મઘોષસૂરિના પટ્ટધર આ૦ રત્નસિંહ, તેમના પટ્ટધર આ૦ દેવચંદ્ર, તેમના શિષ્ય મુનિ કનકપ્રભે 'સિદ્ધહેમચંદ્રવ્યાકરણ' પર 'ન્યાસોદ્ધાર' રચ્યો છે.

**૮. મુનિ દેવચંદ્રજી**—તેમણે 'માનમુદ્રાભંજનનાટક' અંક : ૫, તથા 'ચંદ્રલેખાવિજય પ્રકરણ' અંક : ૫ એમ બે નાટક રચ્યાં છે. પહેલા નાટકમાં ચક્રવર્તી સનત્કુમાર તથા વિલાસવતીનું ચિત્રણ છે. બીજામાં કુમારપાલે અર્ણોરાજ સાથેના યુદ્ધમાં બતાવેલી વીરતાનું વર્ણન કર્યું છે. આમાં ચંદ્રલેખાને વિદ્યાધરી બતાવી છે, તે અર્ણોરાજની બેન જલ્હણા છે. આ નાટકની રચનામાં શેષભટ્ટારકે સહયોગ આપ્યો હતો. પાટણના કુમારવિહારમાં ભ૦ અજિતનાથના વસંતોત્સવ પ્રસંગે આ નાટક ભજવાયું હતું.

**૯. પં૦ ઉદયસાગરગણિ**—તેમના શિષ્ય આ૦ દેવેન્દ્રે 'સિદ્ધહેમચંદ્ર વ્યાકરણ' પર દુર્ગપદવ્યાખ્યા રચી છે.

**આ૦ હેમચંદ્રસૂરિનું ગ્રંથસર્જન—**

આ૦ હેમચંદ્રસૂરિ ભારતીય ગ્રંથકારોમાં મોખરે છે. તેમણે વિવિધ વિષયના મૌલિક અને વિવેચનાપૂર્ણ ગ્રંથો સર્જ્યા છે. એવો ભાગ્યે જ કોઈ વિષય હશે જે આચાર્યશ્રીની કલમથી લખાયો ન હોય. એ જ કારણે ભારતના ગ્રંથવિધાતાઓ તેમને 'કલિકાલસર્વજ્ઞ' માને છે અને પાશ્ચાત્ય વિદ્વાનો તેમને Ocean of the Knowledge

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

કહીને બિરદાવે છે. ડૉ૦ પિટર્સન તેમને ભારત ભૂમિનો કોહીનૂર ગણાવે છે. આચાર્યશ્રીએ વિદ્વાનોને માર્ગદર્શન કરાવ્યું છે તેથી જ તેમની પછીનો સંસ્કૃત ભાષા અને ગુજરાતી ભાષાનો કાળ 'હેમયુગ' (સ્વર્ણકાળ) તરીકે મનાય છે.

આચાર્યશ્રી પોતે પોતાના ગ્રંથોની રચનાનું કારણ નીચે મુજબ રજૂ કરે છે—'મેં સિદ્ધરાજ જયસિંહની વિનતિથી સિદ્ધહેમચંદ્ર-શબ્દાનુશાસન વ્યાકરણ વૃત્તિસહિત, સાંગોપાંગ અને સુગમ બનાવ્યું છે. તેમજ રાજા કુમારપાલ માટે યોગશાસ્ત્ર, લોકોના ઉપકાર માટે દ્વ્યાશ્રયકાવ્ય, છંદોનુશાસન, અભિધાનચિંતામણિ કોશ વગેરે રચ્યા છે અને રાજા કુમારપાલના અનુરોધથી તેના તથા લોકોના ઉપકાર માટે 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત' રચ્યું છે.

(–જૂઓ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિતપ્રશસ્તિ)

JAINSITE जैन साइट .com जैनम् जयति शासनम्

તેમની પ્રતિભાનું મહાન્ સર્જન તે 'સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન.' ગુજરાતના ચક્રવર્તી રાજા સિદ્ધરાજ જયસિંહે માલવા ઉપર વિજય મેળવીને ત્યાંનો રાજકીય ગ્રંથભંડાર તે પાટણ લાવ્યો. તેમાં ભોજ-વ્યાકરણ જોઈ તેને વિચાર ઉદ્ભવ્યો કે, ગુજરાતી વિદ્વાનો આવો ગ્રંથ રચીને ગુજરાતને પણ વિદ્યાસંસ્કારી દેશોની હરોળમાં સ્થાપે એવું કંઈક કરવું જોઈએ. તેણે તરત જ આ૦ હેમચંદ્રસૂરિને એ અંગે વિનંતિ કરી[1] અને આચાર્યશ્રીએ સર્વાંગપૂર્ણ 'સિદ્ધહેમચંદ્રશબ્દાનુ-શાસન'ની રચના કરી.[2]

સર્વાંગપૂર્ણ એટલે જેમાં મૂળપાઠ, લઘુવૃત્તિ, બૃહદ્વૃત્તિ, ન્યાસ,

---

૧. यशो मम तव ख्याति पुण्यं च मुनिनायक ! ।
कुरु लोकोपकाराय नवं शब्दानुशब्दानुशासनम् ॥ (–પ્રભાવકચરિત્ર)

૨. तेनातिविस्तृतदुरागमविप्रकीर्ण-
शब्दानुशासनसमूहकदर्थितेन ।
अभ्यर्थितो निरवमं विधिवद् व्यधत्त
शब्दानुशासनमिदं मुनिहेमचन्द्रः ॥ (–સિદ્ધહેમ૦ પ્રશસ્તિ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગણુપાઠ, ઉણાદિપાઠ હોય. વળી, તેમણે શબ્દાનુશાસનની માફક લિંગાનુશાસન, કાવ્યાનુશાસન, છંદોનુશાસન, વાદાનુશાસન વગેરે પાંચ અનુશાસનો રચ્યાં. શબ્દકોશ, દ્વયાશ્રયગ્રથન વગેરે સાંગોપાંગ રાષ્ટ્રીય વ્યાકરણ રચ્યું.

આચાર્યશ્રીએ સિદ્ધહેમની સ્વોપજ્ઞ બૃહદ્વૃત્તિમાં યાસ્ક, ગાર્ગ્ય, વેદમિત્ર, શાકલ, ઇંદ્ર, કક્કલ, કલાપક, જયાદિત્ય, વામન, ક્ષીરસ્વામી, બૌદ્ધ ચંદ્રગોમી, જયંતીકાર, દુર્ગસિંહ, દેવનંદિ (પૂજ્યપાદ), ભાષ્યકાર પતંજલિ, શેષરાજ, શ્રીશેષ, ભોજ, વામન, વાર્તિકકાર, કાત્યાયન (વરરુચિ), વિશ્રાંતવિદ્યાધર (વામન), શાકટાયન, શ્રુતપાલ અને શિવશર્મા વગેરેના મતો રજૂ કર્યા છે.

જયાદિત્યની કાશિકા (પૂર્વવૃત્તિ), વામનની કાશિકા (ઉત્તરવૃત્તિ), ચંદ્રગોમીનું ચાંદ્ર, પૂજ્યપાદનું જૈનેન્દ્ર, જિનેંદ્રબુદ્ધિનો કાશિકાન્યાસ, પાણિનીય (ઈ૦ સ૦ પૂ૦ ૩૬૬), પતંજલિનું મહાભાષ્ય, કાત્યાયનનું (ઈ૦ સ૦ પૂર્વે ૨૫૦) વાર્તિક, વિશ્રાંતવિદ્યાધરની કાશિકા-ઉત્તરવૃત્તિ, શાકટાયન, શિવશર્માનું કાતંત્ર, આ૦ પ્રભાચંદ્રનો શબ્દાંભોજભાસ્કર, આ૦ શ્રુતકીર્તિની જૈનેંદ્ર પંચવસ્તુપ્રક્રિયા, આ૦ બુદ્ધિસાગરનું બુદ્ધિસાગરવ્યાકરણ વગેરેનાં પ્રમાણો ટાંક્યાં છે.

જો કે ઉપર દર્શાવેલાં વ્યાકરણ ગ્રંથોનાં અંગઉપાંગો જુદા જુદા વિદ્વાનોએ જુદા જુદા સમયે જોડયાં છે. જ્યારે એકલા આ૦ હેમચંદ્રસૂરિએ જ સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસનનાં સમસ્ત અંગ-ઉપાંગો સર્જ્યાં છે ને સાથોસાથ જોડ્યાં છે.

આ વ્યાકરણમાં સૂત્રયોજનાની કુશલતા, શૈલીની સુપાઠ્યતા, ભાષાની સરળતા, રચનાની પૂર્ણતા, વિષયની વ્યાપકતા, વિષયાર્થજ્ઞાનનું બલાબલ, દૃષ્ટાંત ગોઠવવાની ચતુરતા, ખાસ ખાસ સિદ્ધાંતોની સુગમ સંકલના અને વિવેચનની તટસ્થતા વગેરે વસ્તુઓ આચાર્યશ્રીની જ્વલંત પ્રતિભાને વ્યક્ત કરે છે.

એ વ્યાકરણ વિશ્વભરમાં અજોડ બન્યું છે. સંસ્કૃત, પ્રાકૃત, શૌરસેની, માગધી, પિશાચી, ચૂલિકાપિશાચી અને અપભ્રંશ ભાષાઓનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વાંગપૂર્ણ વ્યાકરણ બન્યું અને તેનું નામ રાખ્યું 'સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસન. તેમાં આઠ અધ્યાય અને બત્રીશ પાદ છે.

રાજા સિદ્ધરાજ વિચારશીલ હતો, વિચક્ષણ હતો. તેણે પોતાના રાજપુરોહિત તથા રાજસભાના વિદ્વાનોને બેસાડી આ વ્યાકરણને ચકાસ્યું અને તેને આ વ્યાકરણ સાંગોપાંગ પૂર્ણ અને શુદ્ધ છે એવી ખાતરી થઈ ત્યારે તેણે એ વ્યાકરણને હાથીની અંબાડીમાં પધરાવી, વાજતેગાજતે શહેરમાં ફેરવી, રાજમહેલમાં પધરાવી તેની પૂજા કરી. તેને માટે ૩૦૦ લહિયા બેસાડી તેની ઘણી નકલો લખાવી, જેમાંથી ૨૦ નકલો કાશ્મીરમાં મોકલી અને બીજી નકલો ગુજરાત બહાર જુદા જુદા દેશોમાં મોકલી તેમજ વ્યાકરણના અજોડ અધ્યાપક કક્કલ કાયસ્થને નિયુક્ત કરી પાટણમાં સિદ્ધહેમના પઠન-પાઠનની સુગમ વ્યવસ્થા કરી. આથી સિદ્ધહેમ ખૂબ પ્રસિદ્ધિ પામ્યું. એક વિદ્વાન તો ત્યાં સુધી જણાવે છે કે—

'भ्रातः ! संवृणु पाणिनिप्रलपितं कातन्त्रकन्था वृथा
मा कार्षीः कटुशाकटायनवचः क्षुद्रेण चान्द्रेण किम् ।
किं कण्ठाभरणादिभिर्बठरयस्यात्मानमन्यैरपि
श्रूयन्ते यदि तावदर्थमधुराः श्रीसिद्धहेमोक्तयः ॥'

આ૦ હેમચંદ્રસૂરિ વ્યાકરણ રચીને અમર થયા. તે પછી તો તેમણે જુદા જુદા વિષયના અનેક ગ્રંથો રચ્યા છે.

તેઓ એકી સાથે પાંચ, સાત, દશ લહિયાઓને આતરું ન પડે એ રીતે કુશળતાથી પોતાના રચેલા ગ્રંથોનું આલેખન કરાવતા હતા.

તેમની **અવધાનશક્તિ** અજબ હતી. પોતે જે વિષયને ગૂંથવા ધારે તે તે વિષયના સંસ્કૃત ભાષાના જાણકાર લહિયાઓને એક પંક્તિમાં બેસાડી એકેક વિષયનો નવો નવો શ્લોક બનાવી તેમને ક્રમશઃ લખાવતા હતા. આ કામ એટલું શીઘ્રતાથી થતું હતું કે, લહિયો પોતાના વિષયનો એક શ્લોક લખે એટલામાં જ આચાર્યશ્રી બીજા લહિયાઓને તેના તેના વિષયના નવા શ્લોકો લખાવી તેને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજો નવો શ્લોક લખાવતા હતા. તેમણે આવી અવધાનશક્તિથી જગતને મોટો સાહિત્યભંડાર આપ્યો છે.

તેમણે રચેલા ગ્રંથોનાં નામ નીચે મુજબ છે—

૧. સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસન-મૂળ—સંસ્કૃતસૂત્ર–૩૫૬૬, પ્રાકૃત-સૂત્ર–૧૧૧૯. કુલ સૂત્ર સંખ્યા : ૪૬૮૫, ગ્રં૦ : ૧૧૦૦ (સં૦ ૧૧૯૩).

૨. સિદ્ધહેમચંદ્ર–લઘુવૃત્તિ, ગ્રં૦ : ૬૦૦૦.

૩. સિદ્ધહેમચંદ્રબૃહદ્વૃત્તિ, ગ્રં૦ : ૧૮૦૦૦ (સં૦ ૧૧૯૩).

૪. સિદ્ધહેમચંદ્રબૃહન્ન્યાસ, ગ્રં૦ : ૮૪૦૦૦ (પૂરો મળતો નથી. સં૦ ૧૧૯૭ પછી).

૫. લિંગાનુશાસન, શ્લોક : ૧૩૮.

૬. લિંગાનુશાસનવૃત્તિ, ગ્રં૦ : ૩૬૮૪ (સં૦ ૧૧૯૭ પછી).

૭. ગણપાઠ.

૮. ઉણાદિગણપાઠ, સૂત્ર : ૧૦૦૬ (સં૦ ૧૧૯૩).

૯. ઉણાદિગણપાઠવૃત્તિ, ગ્રં૦ : ૩૨૫૦ (સં૦ ૧૧૯૭ પછી).

૧૦. ધાતુપાઠ, ધાતુ : ૨૨૦૦ (સં૦ ૧૧૯૩).

૧૧. ધાતુપારાયણ, ગ્રં૦ : ૫૬૦૦ (સં૦ ૧૧૯૩ પછી).

૧૨. ધાતુપારાયણ સંક્ષિપ્ત.

૧૩. પ્રાકૃતવ્યાકરણ, પ્રાકૃતસૂત્ર–૯૩૦, શૌરસેનીસૂત્ર–૨૭, માગધી-સૂત્ર–૧૬, પિશાચીસૂત્ર–૨૨, ચૂલિકાપિશાચીસૂત્ર–૪, અપભ્રંશ-સૂત્ર–૨૦ એ ૭ ભાષાનાં કુલ સૂત્રો : ૧૧૧૯.

૧૪. પ્રાકૃતવ્યાકરણ-લઘુવૃત્તિ, ગ્રં૦ : ૨૨૦૦.

૧૫. પ્રાકૃતવ્યાકરણબૃહદ્વૃત્તિ, (અપ્રાપ્ય)

૧૬. બાલભાષાવ્યાકરણ.

૧૭. બાલભાષાવ્યાકરણવૃત્તિ.

૧૮. અભિધાનચિંતામણિકોશ, કાંડ : ૬, શ્લો૦ ૧૫૪૧, (સં૦ ૧૨૧૬).

૧૯. અભિધાનચિંતામણિકોશવૃત્તિ, ગ્રં૦ : ૧૦૦૦૦.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૦. અભિધાનચિંતામણિશેષ, ગ્રં૦ : ૨૦૪ (આ૦ જિનદેવકૃત પરિશિષ્ટ છે.)
૨૧. અનેકાર્થસંગ્રહ, કાંડ : ૭, શ્લો૦ ૧૮૨૯.
૨૨. અનેકાર્થસંગ્રહવૃત્તિ-અનેકાર્થકૈરવકૌમુદી, ગ્રં૦ : ૬૦૦૦.
૨૩. નિઘંટુકોશ, (અપ્રાપ્ય).
૨૪. નિઘંટુશેષ, કાંડ : ૬, શ્લો૦ ૩૯૬ (પરિશિષ્ટ છે.)
૨૫. દેશીનામમાલા, વર્ગ : ૮, કુલ શબ્દો : ૩૯૭૮, ગાથા : ૬૩૪.
૨૬. દેશીનામમાલા-ટીકા રત્નાવલી, ગ્રં૦ : ૩૫૦૦.
૨૭. કાવ્યાનુશાસન, અધ્યાય : ૮, સૂત્ર : ૨૦૮ (સં૦ ૧૧૯૬).
૨૮. કાવ્યાનુશાસનવૃત્તિ-અલંકારચૂડામણિ, ગ્રં૦ :
૨૯. કાવ્યાનુશાસનવિવેક, કુલ ગ્રં૦ : ૬૮૦૦ (સં૦ ૧૨૦૦ પછી) તે (છંદોનુશાસન પછી રચાયો.)
૩૦. દ્વયાશ્રયમહાકાવ્ય,[1] સર્ગ : ૨૦, શ્લો૦ ૨૪૩૫, ગ્રં૦ : ૨૮૨૮, સંસ્કૃત સં૦ ૧૨૧૬ (ચૌલુક્યવંશવર્ણન).
પ્રાકૃત સં૦ ૧૨૨૬ લગભગ (કુમારપાલચરિય) ગ્રં૦ : ૧૫૦૦.

---

૧. વિ૦ સં૦ ૧૯૬ સુધી જૈન આગમો ચાર અનુયોગવાળા હતા. તે પછી એક અનુયોગવાળા થયા. આજે પણ એ અનુયોગોનો ખ્યાલ આપતું ઉદાહરણ મળે છે. જેમકે ઘમ્મો મંગલમુક્કિટ્ઠં૦નો સ્વર્ણસિદ્ધિ પરક અર્થ પણ મળે છે. આ૦ પાદલિપ્તસૂરિએ ગાહાજુયલેણ વીરસ્તુતિ ગા૦ : ૫ દ્વારા તે બતાવ્યો છે.

આ૦ હેમચંદ્રસૂરિનું સંસ્કૃત દ્વયાશ્રય સિદ્ધહેમવ્યાકરણના સાત અધ્યાયોના ક્રમશઃ પ્રયોગો સાધતું-રાજા મૂલરાજથી કુમારપાલ સુધીના રાજાઓનું વર્ણન કરે છે, જ્યારે પ્રાકૃત દ્વયાશ્રય સિદ્ધહેમવ્યાકરણના આઠમા અધ્યાયના ક્રમશઃ પ્રયોગો સાધતું રાજા કુમારપાલનું ચરિત્ર વર્ણવે છે.

આ૦ જિનપ્રભસૂરિએ શ્રેણિક દ્વયાશ્રયમાં પણ કાતંત્ર વ્યાકરણની દુર્ગસિંહવૃત્તિના પ્રયોગો સાધવા સાથે મહારાજા શ્રેણિકનું ચરિત્ર વર્ણવ્યું છે. (સં૦ ૧૩૫૬).

આ ગ્રંથોમાં બે અર્થો દર્શાવ્યા છે. શતાર્થી વગેરે અનેકાર્થના માટે જુઓ પ્રક૦ ૪૩ અનેકાર્થસાહિત્ય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૧. છંદોનુશાસન, અધ્યાય : ૮, સૂત્ર : ૭૬૪ (સં૦ ૧૧૯૬)
૩૨. છંદોનુશાસનવૃત્તિ-છંદશ્ચૂડામણિ, ગ્રં૦ : ૩૦૦૦.
૩૩. ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત, પર્વ : ૧૦, ગ્રં૦ : ૩૬૦૦૦ (સં૦ ૧૨૧૬). (આ ગ્રંથની સં૦ ૧૨૯૪ માં લખાયેલી તાડપત્રની પ્રતિમાં આ૦ હેમચંદ્રસૂરિ અને રાજા કુમારપાલનું ચિત્ર અંકિત છે.)
૩૪. પરિશિષ્ટપર્વ, (ઇતિહાસ) સર્ગ : ૧૩, ગ્રં૦ : ૩૫૦૦, (સં૦ ૧૨૧૬).
૩૫. સકલાર્હત્સ્તોત્ર, ગ્રં૦ : ૨૭ (૨૮).
૩૬. અયોગવ્યવચ્છેદિકા-દ્વાત્રિંશિકા (વીરસ્તુતિ), શ્લો૦ ૩૨.
૩૭. અન્યયોગવ્યવચ્છેદિકા-દ્વાત્રિંશિકા (વીરસ્તુતિ), શ્લો૦ ૩૨.
૩૮. પ્રમાણમીમાંસા, અધ્યાય : ૫, (સં૦ ૧૨૦૦ પછી, છંદોનુશાસન પછી બનાવી છે, અપૂર્ણ મળે છે.)
૩૯. પ્રમાણમીમાંસાવૃત્તિ.
૪૦. વાદાનુશાસન (અપ્રાપ્ય).
૪૧. બલાબલવાદનિર્ણય.
૪૨. બલાબલવાદનિર્ણય-બૃહદ્વૃત્તિ.
૪૩. દ્વિજવદનચપેટિકા (વેદાંકુશ), ગ્રં૦ : ૧૦૦૦.
૪૪. વીતરાગસ્તોત્ર, સ્તોત્ર : ૨૦, ગ્રં૦ : ૧૮૯ (સં૦ ૧૨૧૭)
૪૫. મહાદેવસ્તોત્ર, શ્લો૦ ૪૪, (સં૦ ૧૧૮૫)
૪૬. યોગશાસ્ત્ર (અધ્યાત્મોપનિષત્), પ્રકાશ : ૧૨, (સં૦ ૧૨૧૮).
૪૭. યોગશાસ્ત્રવૃત્તિ, ગ્રં૦ : ૧૨૫૭૦, (સં૦ ૧૨૨૦).
૪૮. સપ્તતત્ત્વવિચારણા, શ્લો૦ : ૧૪૦.

આ સિવાય અર્હન્નામસહસ્રસમુચ્ચય, સપ્તસંધાન મહાકાવ્ય, દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા, નિવૃત્તિ-વ્યાવૃત્તિવ્યાયોગ અને અર્હન્નીતિ વગેરે ગ્રંથો આચાર્યશ્રીની રચના મનાય છે. અર્હન્નીતિ ગ્રંથ પ્રાચીન નથી. વિક્રમની વીસમી સદીમાં અન્યો, [redacted] છે.

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસનના વિવરણ ગ્રંથો—**

બૃહદ્‌ન્યાસ (સ્વોપજ્ઞ)–ગ્રં૦ : ૮૪૦૦૦.

લઘુન્યાસ—આ૦ રામચંદ્રકૃત, ગ્રં૦ : ૫૩૦૦૦.

લઘુન્યાસ—આ૦ ધર્મઘોષ રચિત, ગ્રં૦ : ૯૦૦૦.

લઘુન્યાસ—ગ્રં૦ : ૩૦૦૦.

લઘુન્યાસ—પ્રશસ્તિ-અવચૂરિ, મુનિ ઉદયચંદ્ર.

દુર્ગપદવ્યાખ્યા—આ૦ હેમચંદ્રસૂરિના પ્રશિષ્ય.

ન્યાસોદ્ધાર—રાજગચ્છીય આ૦ દેવેંદ્રસૂરિશિષ્ય આ૦ કનકપ્રભસૂરિ.

હેમ-લઘુવૃત્તિ—કાયસ્થ કાકલ (સં૦ ૧૨૦૦).

સિદ્ધહેમ-અવચૂરિ—આ૦ જયાનંદસૂરિ શિષ્ય આ૦ અમરચંદ્રસૂરિ (સં૦ ૧૨૬૪).

હૈમ બૃહદ્‌વૃત્તિ-ઢુંઢિકા—પં૦ સૌભાગ્યસાગર (સં૦ ૧૫૯૧).

હૈમ ઢુંઢિકા-સંસ્કૃત—પં૦ વિનયચંદ્ર.

હૈમ ઢુંઢિકા-પ્રાકૃત—આ૦ હેમવિમલસૂરિશિષ્ય પં૦ ઉદયસૌભાગ્ય ગણિ (સં૦ ૧૫૯૧).

હૈમલઘુવૃત્તિ-ઢુંઢિકા—પં૦ મુનિશેખર.

હૈમલઘુવૃત્તિ-અધ્યાય : ૪, ઢુંઢિકા—ખરૂ૦ આ૦ જિનસાગરસૂરિ (સં૦ ૧૫૦૦).

હૈમ-અવચૂરિ—પં૦ ધનચંદ્ર.

હૈમચતુષ્કપાદવૃત્તિ—પં૦ ઉદયસૌભાગ્ય ગણિ, (સં૦ ૧૫૯૧).

હૈમવ્યાકરણ-દીપિકા—શ્રીરત્નશેખર.

સિદ્ધહેમ-રહસ્યમ્ ગ્રં૦ : ૧૫૦૦.

સિદ્ધહેમ પ્રાકૃત-પ્રકાશ—મલધારી આ૦ નરચંદ્રસૂરિ.

સિદ્ધહેમ પ્રાકૃત-દીપિકા—આ૦ હરિપ્રભસૂરિ.

હૈમ દુર્ગપદપ્રબોધ—આ૦ જ્ઞાનવિમલસૂરિ શિષ્ય પં૦ વલ્લભ-વિમલ (સં૦ ૧૬૬૧).

હૈમ કારકસમુચ્ચય—આ૦ શ્રીપ્રભસૂરિ (સં૦ ૧૨૮૦).

હૈમવૃત્તિ—આ૦ શ્રીપ્રભસૂરિ (સં૦ ૧૨૮૦).

[illegible]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આચાર્યશ્રીના બીજા ગ્રંથોનાં વિવરણો—**

લિંગાનુશાસન-વૃત્તિ—આ૦ જયાનંદસૂરિ.

લિંગાનુશાસનદુર્ગપદપ્રબોધવૃત્તિ—સં૦ ૧૬૬૧ (શ્રીવલ્લભગણિ).

ધાતુપાઠ—પં૦ પુણ્યસુંદર ગણિ.

હૈમ-કવિકલ્પદ્રુમ–સ્વોપજ્ઞવૃત્તિ, આ૦ હેમવિમલસૂરિ શિષ્ય શતાર્થી પં૦ હર્ષકુલ ગણિ (પ્રક૦ ૫૫).

ક્રિયારત્નસમુચ્ચય—આ૦ ગુણરત્નસૂરિ, ગ્રં૦ : ૫૬૬૧, (સં૦ ૧૪૬૬, મુ૦ ઈડર).

હૈમવિભ્રમ-સટીક—આ૦ વાદિદેવસૂરિ સંતાનીય આ૦ ગુણચંદ્રસૂરિ.

હૈમવિભ્રમ-સવૃત્તિક—આ૦ જિનપ્રભસૂરિ.

સ્યાદિસમુચ્ચય—ઉલ્લાસ : ૪, શ્લો૦ : ૫૪, ગ્રં૦ : ૧૩૦૦, વાયડગચ્છીય વેણીકૃપાણ આ૦ અમરચંદ્રસૂરિ, (સં૦ ૧૨૪૩ થી ૧૨૬૧).

કાવ્યાનુશાસન-અલંકાર-ચૂડામણિવૃત્તિ, આ૦ અમરચંદ્રસૂરિ.

સ્યાદિસમુચ્ચયવૃત્તિ—આ૦ અમરચંદ્રસૂરિ.

સ્યાદિશબ્દદીપિકા—આગમગચ્છીય શ્રીજયાનંદસૂરિ, સં૦ ૧૪૫૦.

પ્રાકૃતશબ્દસમુચ્ચય—ખર૦ આ૦ જિનચંદ્રસૂરિશિષ્ય પં૦ તિલકગણિ, સં૦ ૧૫૬૯, ખંભાત.

અનેકાર્થવૃત્તિ—આ૦ મહેન્દ્રસૂરિ, ગ્રં૦ : ૧૨૦૦૦ (સં૦ ૧૨૪૦).

દ્વયાશ્રય-કાવ્યવૃત્તિ-સંસ્કૃત—આ૦ જિનેશ્વર શિષ્ય ઉપા૦ અભયતિલક ગણિ, (સં૦ ૧૩૧૨) મુ૦ પાલનપુર.

દ્વયાશ્રયવૃત્તિ-પ્રાકૃત—આ૦ જિનેશ્વરશિષ્ય પં૦ પૂર્ણકલશ ગણિ, (સં૦ ૧૩૦૭).

દ્વયાશ્રયવૃત્તિ-પ્રાકૃત—મલ૦ આ૦ રાજશેખર (સં૦ ૧૩૮૭).

વીતરાગસ્તોત્ર-વિવરણ—સુવિહિતશાખાના આ૦ પ્રભાચંદ્રસૂરિ.

સકલાર્હતચૈત્યવંદન-વૃત્તિ—પં૦ કનકકુશલગણિ, સં૦ ૧૬૫૪.

સ્નાતસ્યાસ્તુતિ-વૃત્તિ—પં૦ કનકકુશલગણિ, સં૦ ૧૬૫૮.

અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશકા-ટીકા-સ્યાદ્વાદમંજરી—નાગેંદ્રગચ્છીય આ૦ મલ્લિષેણસૂરિ, ગ્રં૦ : ૩૦૦૦, સં૦ ૧૩૪૯.

www.jainsite.com		For Private & Personal Use Only		info@jainsite.com

અલંકારચૂડામણિ-વૃત્તિ—મહો૦ યશોવિજય ગણિ. પ્રતિમાશતક શ્લો૦ : ૯ સ્વોપજ્ઞવૃત્તિ, ગ્રં૦ : ૩૨૫૦.

ધાતુરત્નાકર—આ૦ વિજયલાવણ્યસૂરિ.

હૈમધાતુમાલા—શ્રીગુણવિજય.

ન્યાયસંગ્રહ-ન્યાયાર્થમંજૂષા-ન્યાસ—વ્યાકરણ-ન્યાય : ૧૪૧, પં૦ હેમહંસ ગણિ. સં૦ ૧૫૧૫-૧૫૧૬, અમદાવાદ.

અભિધાન ચિંતામણિનિર્ણીતિ—મહો૦ ભાનુચંદ્રગણિ.

અભિધાનચિંતામણિ સારોદ્ધારવૃત્તિ—ઉ૦ શ્રીવલ્લભગણિ સં૦ ૧૬૬૭.

હૈમી નામમાલા-શિલોંછ—ખર૦ આ૦ જિનપ્રભસૂરિના પટ્ટધર આ૦ જિનદેવસૂરિ.

શિલોંછ નામકોશ ટીકા-ઉ૦ શ્રીવલ્લભગણિ સં૦ ૧૬૫૪.

કોટિશઃ વંદન હો એ શબ્દસાગરસમા આ૦ હેમચંદ્રસૂરિને.

**સિદ્ધહેમ વ્યાકરણ પરથી અવતારિત વ્યાકરણો—**

સિદ્ધસારસ્વત—આ૦ દેવાનંદસૂરિ, (સં૦ ૧૩૩૪)

હૈમલઘુપ્રક્રિયા—મહો૦ વિનયવિજય ગણિ, (સં૦ ૧૭૧૨)

હૈમપ્રક્રિયાપ્રકાશ (બૃહન્ન્યાસ)—મહો૦ ,, ,, ગ્રં૦ ૩૫૦૦૦

ચંદ્રપ્રભા (હૈમકૌમુદી)—મહો૦ મેઘવિજયગણિ, ગ્રં૦ ૭૦૦૦ સં૦ ૧૭૫૮)

હૈમશબ્દચંદ્રિકા—મહો૦ મેઘવિજયગણિ.

હૈમપ્રક્રિયા—મહેંદ્રસુત વીરસી.

બાલભાષા વ્યાકરણસૂત્ર-વૃત્તિ.

બૃહદ્દહેમપ્રભા—આ૦ વિજયનેમિસૂરિ.

લઘુહેમપ્રભા— ,, ,,

પરમલઘુ હેમપ્રભા ,, ,,

સિદ્ધપ્રભા—આ૦ સાગરાનંદસૂરિ.

પ્રાકૃત વ્યાકરણ—આ૦ જિનકૃપાચંદ્રસૂરિ.

,, ,, પદ્ય—આ૦ રાજેંદ્રસૂરિ.

હૈમબૃહત્પ્રક્રિયા—પં૦ ગિરજાશંકર શાસ્ત્રી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હેમસંસ્કૃત પ્રવેશિકા (ગુજરાતી) ભા૦ ૧-૨---પં૦ શિવલાલ નેમચંદ (પાટણ)

પ્રાકૃત ચંદ્રિકા—

वर्षे ज्ञाननवर्तुभूमिकलिते (१६९८) मासे शुभे श्रावणे
पक्षे शुक्ल इति द्वितीयदिवसे बुद्धानगर्यामिथ ॥
शिष्यो देवनरेन्द्रकीर्तिगणिनां नाम्ना जगन्नाथसन् (?)
पुस्तं लेखयति प्रशस्तमनघं सत्प्राकृतव्याकृतेः ॥
शुभं भवतु ॥ श्लोक १५०० ॥ (—શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ નં૦ ૭૫૧, પૃ૦ ૨૧૦)

આ પુસ્તક છાણીના શ્રીવિજયદાનસૂરિ સં૦ શાસ્ત્રસંગ્રહમાં છે.

**આ૦ હેમચંદ્રસૂરિની વાણીચાતુરીના નમૂના—**

क्षुण्णाः क्षोणिभृतामनेककटका भग्नाऽथ धारा ततः
कुण्ठः सिद्धपतेः कृपाण इति रे मा मंसत क्षत्रियाः ।
आरूढप्रबलप्रतापदहनः संप्राप्तवारश्चिरात्
पीत्वा मालवयोषिदश्रुसलिलं हन्तायमेधिष्यते ॥
(—सिद्धहेमशब्दानुशासन—प्रशस्ति)

अकृत्रिमस्वादुपदां परमार्थाभिधायिनीम् ।
सर्वभाषापरिणतां जैनीं वाचमुपास्महे ॥१॥ (—काव्यानुशासन—मंगल)

शब्दमात्रो महादेवो लौकिकानां मते मतः ।
शब्दतो गुणतश्चैव ह्यर्थतो जिनशासने ॥६॥
भवबीजाङ्कुरजनना रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥४४॥ (—महादेवस्तोत्र)

इमां समक्षं प्रतिपक्षसाक्षिणामुदारघोषामवघोषणां ब्रुवे ।
न वीतरागात् परमस्ति दैवतं न चाप्यनेकान्तमृते नयस्थितिः ॥२८॥
न श्रद्धयैव त्वयि पक्षपातो न द्वेषमात्रादरुचिः परेषु ।
यथावदाप्तत्वपरीक्षया तु त्वामेव वीर ! प्रभुमाश्रिताः स्मः ॥२९॥

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

यत्र तत्र समये तथा यथा योऽसि सोऽस्यभिधया यया तया ।
वीतदोषकलुषः स चेद् भवानेक एव भगवन् ! नमोऽस्तु ते ॥३१॥
(–अयोगव्यवच्छेद-द्वात्रिंशिका)

स्वयं विवादग्रहिले वितण्डापाण्डित्यकण्डूलमुखे जनेऽस्मिन् ।
मायोपदेशात् परमर्म भिन्दन्नहो ! विरक्तो मुनिरन्यदीयः ॥१०॥
न धर्महेतुर्विहिताऽपि हिंसा नोत्सृष्टमन्यार्थमपोद्यते च ।
स्वपुत्रघातान्नृपतित्वलिप्सासब्रह्मचारि स्फुरितं परेषाम् ॥११॥
प्रतिक्षणोत्पाद-विनाशयोगिस्थिरैकमध्यक्षमवीक्षमाणः ।
जिन ! त्वदाज्ञामवमन्यते यः स वातकी नाथ ! पिशाचकी वा ॥२१॥
(–अन्ययोगव्यवच्छेद–द्वात्रिंशिका)

कुण्ठाऽपि यदि सोत्कण्ठा त्वद्गुणग्रहणं प्रति ।
ममैषा भारती तर्हि स्वस्त्येतस्यै किमन्यथा ! ॥२–७॥
क्षणं सक्तः क्षणं मुक्तः क्षणं क्रुद्धः क्षणं क्षमी ।
मोहाद्यैः क्रिडयैवाहं कारितः कपिचापलम् ॥१६–४॥
तव चेतसि वर्तेऽहमिति वार्त्ताऽपि दुर्लभा ।
मच्चित्ते वर्तसे चेत् त्वमलमन्येन केनचित् ॥१९–१॥
तव प्रेष्योऽस्मि दासोऽस्मि सेवकोऽस्म्यस्मि किङ्करः ।
ओमिति प्रतिपद्यस्व नाथ ! नातः परं ब्रुवे ॥२०–८॥
स्वयं ज्ञापयसे तत्त्वं मार्गं दर्शयसि स्वयम् ।
स्वयं च त्रायसे विश्वं त्वत्तो नाथामि नाथ ! किम् ॥ (–वीतरागस्तोत्र)

वने पद्मासनाऽऽसीनं क्रोडस्थितमृगार्भकम् ।
कदाऽऽघ्रास्यन्ति वक्त्रे मां जरन्तो मृगयूथपाः ॥१४५॥
शत्रौ मित्रे तृणे स्त्रैणे स्वर्णेऽश्मनि मणौ मृदि ।
मोक्षे भवे भविष्यामि निर्विशेषमतिः कदा ? ॥१४६॥
(–अडोलभावना, योगशास्त्र, प्र० ३)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अभवाय महेशायागदाय नरकच्छिदे ।
अराजसाय ब्रह्मणे कस्मैचिद् भगवते नमः ॥१३–४॥
यावन्नाप्नोमि पदवीं परां त्वदनुभावजाम् ।
तावन्मयि शरण्यत्वं मा मुञ्च शरणं श्रिते ॥१७–८॥ (–वीतरागस्तोत्र)

ब्राह्मणजातिरद्विष्टो वणिग्जातिरवञ्चकः ।
प्रियजातिरनीर्ष्यालुः शरीरश्च निरामयः ॥७४३॥
विद्वान् धनी गुण्यगर्वः स्त्रीजनश्चापचापलः ।
राजपुत्रः सुचरित्रः प्रायेण न हि दृश्यते ॥७४४॥
(–त्रिषष्टिशलाकापुरुषचरित, स० १)

આચાર્યશ્રીએ કાવ્યાનુશાસન તથા છંદોનુશાસનની ટીકામાં વિવિધ અવતરણો આપ્યાં છે એથી સ્પષ્ટ સમજી શકાય છે કે, આચાર્યશ્રી સાક્ષરસમાજ, મધ્યમજનતા, તથા ગ્રામપ્રજાના લોકસાહિત્યથી પૂરેપૂરી રીતે પરિચિત હતા. તેના કેટલાક આ નમૂના છે—

JAINSITE .com

द्वौ वज्रवर्णौ जगतीपतीनां सद्भिः प्रदिष्टौ ननु सार्वजन्यौ ।
यः स्याज्जपाविद्रुमभङ्गशोणो यो वा हरिद्रारससंनिकाशः ॥
(–काव्यानुशासन, रत्ननैपुण्यम्, अ० १, लोकशास्त्रेषु विवेक)

हंहो स्निग्धसखे ! विवेक ! बहुभिः प्राप्तोऽसि पुण्यैर्मया
गन्तव्यं कतिचिद्दिनानि भवता नास्मत्सकाशात् क्वचित् ।
त्वत्सङ्गेन करोमि जन्म-मरणोच्छेदं गृहित्त्वरः
को जानाति पुनस्त्वया सह मम स्याद् वा न वा सङ्गमः ॥
(–काव्यानुशासन, अ० १, सतो० विवेक)

सन्ध्यां यत् प्रणिपत्य लोकपुरतो बद्धाञ्जलिर्याचसे
धत्से यच्च नदीं विलज्ज ! शिरसा तच्चापि सोढं मया ।
श्री ज्ञाताऽमृतमन्थने यदि हरेः कस्माद् विषं भक्षितं
मा स्त्रीलम्पट ! मां स्पृशेत्यभिहितो गौर्या हरः पातु वः ॥
(–काव्यानुशासन, अ० २, प्रणयेर्षा; टीका पृ० ७२)

गण्डोल्लासविभावितः पशुपतेर्हास्योद्गमः पातु वः ॥
(–काव्यानुशासन, अ० २, एतत्संक्रमः; टीका, पृ० ७५)

कनककलशस्वच्छे राधापयोधरमण्डले
नवजलधरश्यामामात्मद्युतिं प्रतिबिम्बिताम् ।
असितसिचयप्रान्तभ्रान्त्या मुहुर्मुहुरुत्क्षिपन्
जयति जनितव्रीडाहासः प्रियाहसितो हरिः ॥
(–काव्यानुशासन अ० २, एतत्संक्रमः० टीका, पृ० ७६)

कृष्णेनाम्ब ! गतेन रन्तुमधुना मृद् भक्षिता स्वेच्छया
सत्यं कृष्ण ! क एवमाह मुसली मिथ्याम्ब ! पश्याननम् ।
व्यादेहीति विकाशिते शिशुमुखे माता समग्रं जगत्
दृष्ट्वा यस्य जगाम विस्मयपदं पायात् स वः केशवः ॥
(–काव्यानुशासन, अ० २, दिव्यदर्शन० टीका, पृ० ८०)

स्वास्थ्यं प्रतिभाऽभ्यासो भक्तिर्विद्वत्कथा बहुश्रुतता ।
स्मृतिर्दार्ढ्यमनिर्वेदः मातरोऽष्टौ कवित्वस्य ॥
(–काव्यानुशासन, अ० १, सतो० विवेक)

जइ स-सणेही तो मुअइ अह जीवइ निन्नेह ।
बिहिं वि पयारेहिं गइअ धण किं गज्जइ मेह ॥४–३६७॥
अम्मीए सत्थावत्थेहिं सुधि चिंतिज्जइ माणु ।
पीए दिट्ठे हल्लोहल्लेण कोचेयइ अप्पाणु ॥४–३९६॥
पुत्ते जाए कवणु गुणु अवगुणु कवणु मुएण ।
जा बप्पीकी भुंहडी चम्पिज्जइ अवरेण ॥४–३९५॥
सरिहिं सरेहिं न सरवरेहिं न वि उज्जाणवणेहिं ।
देस रवण्णा होन्ति वढ ! निवसन्तेहिं सुअणेहिं ॥४–४२२॥
एक्कमेक्कउं जइवि जोएदि हरि सुट्ठु सव्वायरेण ।
तो विद्देहि जहिं वि राही को सक्कइ संवरिवि दढनयणानेहिं प्लुट्ठा ॥

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एक्कुडुल्ली पंचहिं रूद्धी, तह पंचहंवि जुअंजुअबुद्धी।
बहिणु ! एतं घरु कहि किंव नंदउ, जत्थ कुडुम्बउ अप्पण छंदउ॥४–४२२
(–સિદ્ધહેમ અ૦ ૮, પ્રાકૃત અપભ્રંશ વિભાગ)

मा कुड्डलेवणी धवलकुट्टिमे परवहुं णिएऊग।
कुसुमालिअ कुरुकुरियं करेसु कुलफंसगो होही॥
(–દેશીનામમાલા, વર્ગ : ૨, ગાથા : ૪૨)

गंगहे जम्नुहे भीतरु मेल्लइ सरसइ मज्झि हंसु जइ जिल्लइ।
तय सो वेत्थु रमइ पहुत्तउ जित्थु याइ सो मोक्खु निरुत्तउ॥
(–प्राकृतद्वयाश्रयकाव्य, सर्ग : ८, गाथा : १५)

मल्लतणु जइ म हसि मल्लप्पणु पसमेण।
जइ करिएव्वउ पसमु विजउ तो करेव्वउं करणहं॥
(–प्राकृतद्वयाश्रयकाव्य, सर्ग : ८, गाथा : ७६)

**આ૦ હેમચંદ્રસૂરિના પ્રશંસાકાવ્યો—**

જુદા જુદા વિદ્વાનોએ આચાર્યશ્રીની સ્તુતિ કરી છે, તેમાંના કેટલાંક કાવ્યો આ પ્રકારે છે—

किं स्तुमः शब्दपाथोधेर्हेमचन्द्रयतेर्मतिम्।
एकेनापि हि येनेदक् कृतं शब्दानुशासनम्॥१॥
स्तुमस्त्रिसन्ध्यं प्रभुहेमसूरेरनन्यतुल्यामुपदेशशक्तिम्।
अतीन्द्रियज्ञानविवर्जितोऽपि यः क्षोणिभर्तुर्व्यधित प्रबोधम्॥१॥
(–આ૦ સોમપ્રભસૂરિરચિત–કુમારપાલપડિબોહો)

क्लृप्तं व्याकरणं नवं विरचितं छन्दो नवं द्वयाश्रया–
ऽलङ्कारौ प्रथितौ नवौ प्रकटितौ श्रीयोगशास्त्रं नवम्।
तर्कः संजनितो नवो जिनवरादीनां चरित्रं नवं
बद्धं येन न केन-विधिना मोहः कृतो दूरतः॥
(–આ૦ સોમપ્રભસૂરિરચિત–શતાર્થી કાવ્ય ૯૩ની ટીકા)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

गुरुर्गुर्जरराजस्य चातुर्विद्यैकसृष्टिकृत् ।
त्रिषष्टिनरसद्वृत्तकविर्वाचां न गोचरः ॥

(–आ० मुनिरत्नसूरिरचित–अममचरित्र)

सन्त्यन्ये कवितावितानरसिकास्ते भूरयः सूरयः
क्ष्मापस्तु प्रतिबोध्यते यदि परं श्रीहेमसूरेर्गिरा ।
उन्मीलन्ति महामहांस्यपि परे लक्षाणि ऋक्षाणि वै
नो राकाशशिना विना बत भवत्युज्जागरः सागरः ।

(उपा० जिनमंडन कृत—कुमारपालप्रबंध, पृ० ५३)

शब्द-प्रमाण-साहित्य-च्छन्दोलक्ष्मविधायिनाम् ।
श्रीहेमचन्द्रपादानां प्रसादाय नमो नमः ॥

(आ० रामचंद्रसूरि—आ० गुणचंद्रसूरि)

साहित्य-व्याकरणाद्यनेकशास्त्रनिर्माणप्रत्नप्रजापतिः श्रीहेमचन्द्रयतिपतिः ॥

(–पं० पूर्णकलशगणिकृत–प्राकृत द्वयाश्रय–टीकानो प्रारंभ)

वैदुष्यं विगताश्रयं श्रितवति श्रीहेमचन्द्रे दिवम् ॥

(राजकवि सोमेश्वरदेवरचित—सुरथोत्सव, सर्ग : १५, श्लो० ५२)

सदा हृदि वहेमः श्रीहेमसूरेः सरस्वतीम् ।
सुवत्या शब्दरत्नानि ताम्रपर्णी जिता यया ॥ (–राजकवि सोमेश्वरदेव)

यः सुज्ञैः सर्ववित् प्रोक्तः कलिकालेऽपि सूरिराट् ।
तस्य श्रीहेमचन्द्रस्य प्रमाणं मेऽत्र वर्तताम् ॥

(–श्री मधुसूदन मोदीकृत हेमसमीक्षा–प्रारंभ)

आचार्या बहवोऽपि सन्ति भुवने भिक्षोपभोगक्षमा
नित्यं पामरदृष्टिताडनविधावेत्युग्रजागत्कराः ।
चौलुक्यक्षितिपालभालदृषदा स्तुत्यः स एकः पुनः
नित्योत्तेजितपादपङ्कजनखः श्रीहेमचन्द्रो गुरुः ॥

(–आ० जिनभद्रसूरिकृत–प्रबंधावली)

जैन साईट
JAINSITE.com
सेवा परमो धर्मः शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

निःसीमप्रतिमैकजीवितधरौ निःशेषभूमिस्पृशां
पुण्यौघेन सरस्वती-सुरगुरू स्वाङ्गैकरूपौ दधन् ।
यः स्याद्वादमसाधयन्निजवपुर्दृष्टान्ततः सोऽस्तु मे
सद्बुद्ध्यम्बुनिधिप्रबोधविधये श्रीहेमचन्द्रः प्रभुः ॥२॥
ये हेमचन्द्रमुनिमेतदुक्तग्रन्थार्थसेवामिषतः श्रयन्ते ।
संप्राप्य ते गौरवमुज्ज्वलानां पदे कलानामुचितं भवन्ति ॥३॥

(–આ૦ મલ્લિષેણસૂરિકૃત–સ્યાદ્વાદમંજરી-મંગલાચરણ)

चातुर्वैद्यमहोदधेर्भगवतः श्रीहेमसूरेर्गिरा
गम्भीरार्थविलोकने यदभवद् दृष्टिः प्रकृष्टा मम ।
द्राघीयः समयादराग्रहपराभूतप्रभूताऽथ यं
तन्नूनं गुरुपादरेणुकणिका सिद्धाञ्जनस्योर्जितम् ॥२॥
येषामुज्ज्वलहेतुहेतिरुचिरः प्रामाणिकाध्वस्पृशां
हेमाचार्यसमुद्भवस्तवनभूरर्थः समर्थः सखा ।
तेषां दुर्नयदस्युसंभवभयास्पृष्टात्मनां संभव-
त्यायासेन विना जिनागमपुरप्राप्तिः शिवश्रीप्रदा ॥१॥

(–આ૦ મલ્લિષેણસૂરિકૃત–સ્યાદ્વાદમંજરીની અંતિમ પ્રશસ્તિ)

सप्तर्षयोऽपि सततं गगने चरन्तो
रक्षुं क्षमा न मृगीं मृगयो सकाशात् ।
जीयाच्चिरं कलियुगे प्रभुहेमसूरि-
रेकेन येन भुवि जीववधो निषिद्धः ॥

(–વિવિધગચ્છીય પટ્ટાવલીસંગ્રહ, પૃ૦ ૬૩)

## વિશિષ્ટ રાજાઓ અને શ્રેષ્ઠીઓ

**રાજા ભુવનપાલ**—વિક્રમની અગિયારમી સદીમાં રાજા અલ્લટ અને રાજા કર્દમ થયા. (પ્રક૦ ૩૪, પૃ૦ ૫૮૯, ૫૯૧) એ જ સમયે અલ્લટ રાણાનો પુત્ર **ભુવનપાલ** થયો. તે સપાદલક્ષ (સવાલક)નો

JAINSITE.com जैन साईट जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજા હતો. રાજા અલ્લટ ચિત્તોડનો રાજા હતો. તે આ૦ પ્રદ્યુમ્નસૂરિનો પરમભક્ત જૈન હતો. તેનો પુત્ર ભુવનપાલ સવાલક્ષ કૂચેરનો રાજા હતો. તે અહીં સગોત્રી તરીકે આવીને ગાદીએ બેઠો.

(—પ્રક૦ ૩૪, પૃ૦ ૫૯૨)

રાજા અલ્લટની પરંપરામાં ચિત્તોડની ગાદીએ રાણો રણસિંહ થયો.

**રાણો રણસિંહ** (સં૦ ૧૨૧૧)—આ રાણાનાં સંગ્રામસિંહ અને સમરસિંહ એવાં નામો પણ મળે છે. તે સં૦ ૧૨૧૧ માં થયો હતો. આ રાણા રણસિંહથી સીસોદિયા રાજાઓ ‘**રાણા**’થી ઓળખાવા લાગ્યા. તેને કરણસિંહ નામે પુત્ર અને ધીરસિંહ નામે પૌત્ર હતો.

તે **ધીરસિંહે** સં૦ ૧૨૨૯ની આસપાસમાં જૈનધર્મ સ્વીકાર્યો અને તેનાથી ‘**સીસોદિયા ઓશવાલવંશ**’ ચલાવ્યો.

સીસોદિયા ઓશવાલો મેવાડની નૈર્ઋત્યમાં આવેલા ભૂલાનગરમાં રહેતા હતા. ભૂલાનગર દટ્ટનપટ્ટણ થતાં ત્યાંનું એક સીસોદિયા કુટુંબ અમદાવાદ આવી વસ્યું, જે આજે **નગરશેઠ**ના કુટુંબ તરીકે પ્રસિદ્ધ છે. ભૂલાનગરની આસપાસના પ્રદેશમાં પાંચમની તિથિ માટે ‘પાંચમના કામમાં પંચાત પડે.’ એવી માન્યતા છે. એ જ રીતે નગરશેઠના કુટુંબમાં પણ પાંચમનો દિવસ અશુભ લેખાય છે. તે માટે એવી દંતકથા મળે છે કે, સીસોદિયાવંશની એક કુમારિકા પાંચમના દિવસે શુભ કામ માટે ગઈ હતી. તેને રસ્તામાં ખૂબ પજવણી થઈ અને રસ્તામાં જ તે મરણ પામી. ત્યારથી સીસોદિયા ઓશવાલો પાંચમના દિવસે કોઈ પણ જાતનું શુભ કામ કરતા નથી. પાંચમ માટેની આ માન્યતા ભૂલાનગર અને નગરશેઠના કુટુંબનો પ્રાચીન સંબંધ હોવાનું પુરવાર કરે છે. થોડાએક વર્ષો પહેલાં ભૂલાનગરનું ખોદકામ થયું ત્યારે તેમાંથી ઘણી જિનપ્રતિમાઓ મળી આવી હતી. તે પ્રતિમાઓ આજે રોહિડાના જિનમંદિરમાં વિદ્યમાન છે.

(—જૂઓ, પ્રક૦ ૫૮, નગરશેઠવંશ તથા પટ્ટાવલીસમુચ્ચય, ભા૦ ૨, પૃ૦ ૨૧૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શેઠ ધનદેવ, કવિ પદ્માનંદ—**

નાગોરના શેઠ ધનદેવે શ્રીનેમિનાથ ભ૦નું મંદિર બંધાવ્યું. ખરતરગચ્છના આ૦ જિનદત્તસૂરિ સં૦ ૧૧૭૦ માં નાગોર આવ્યા ત્યારે શેઠે આચાર્યશ્રીને આયતન, અનાયતન, વિધિ, અવિધિ વિષયને ન ચર્ચવા સૂચના આપી હતી, પણ તેમણે તે માની નહીં. તેના પુત્ર કવિ પદ્માનંદે 'વૈરાગ્યશતક'ની રચના કરી છે.

**રાજા કુમારપાલ** (સં૦ ૧૨૨૯)—

તે ગુજરાતનો ચક્રવર્તી રાજા હતો. તેણે જૈન વ્રતો સ્વીકારી પરમાર્હતની ખ્યાતિ મેળવી. તે જૈનધર્મનો અજોડ સંરક્ષક હતો.

(જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૦૦ થી ૧૩૩)

**રાજા કુમારપાલ—**

તે તહનગઢનો યાદવવંશી રાજા હતો. જૈનધર્મનો પ્રેમી હતો. તે સં૦ ૧૨૫૨ માં મરણ પામ્યો. (જૂઓ, પ્રક૦ ૩૪, પૃ૦ ૩૯૧)

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**મંત્રી શાંતૂ** (ધર્કટવંશ)—

सत्पत्रराजी शुभपर्वरम्यः छायी सुशाखी सरलः सुवर्णः ।
सद्धर्मकर्मा क्षितिभृत्प्रतिष्ठवंशो भुवि धर्कटनामधेयः ॥
सद्वृत्तिविनिर्मिताऽखिलजनप्रीतिप्रकर्षोदयः
प्रोद्भूतोन्नतिभासुरः सरलताशाली सुपर्वव्रजः ।
धर्माय प्रवरेण भूरिविलसत्संपद्भरेणाश्रितः
स श्रीमान् जगतीतले विजयतां वंशश्चिरं धर्कटः ॥

(—જૈન પુસ્તક પ્રશસ્તિસંગ્રહ, પ્ર૦ ૮૨)

વટપદ્રમાં શ્રીમાલીજ્ઞાતીય ધરકટ ગોત્રનો **વરણાગ** નામે શ્રેષ્ઠી હતો. તે થારાપદ્રગચ્છનો હતો. તેને સંપૂરી નામે પત્ની હતી અને શાંતૂ નામે પુત્ર હતો. શાંતૂનાં સંતૂક, શાંતિ, સંપત્, સંપત્કર વગેરે નામો મળે છે. તેને શીલાદેવી નામે પત્ની તથા નિન્નો અને ગીગો નામે પુત્રો હતા તેમજ વયજૂ નામે પુત્રી હતી. ગીગાનું બીજું નામ

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

મહં૦ દેવલ પણ મળે છે.[1]

**શાંતૂ**એ રાજા ભીમદેવના સમયે રાજકારણમાં પ્રવેશ કર્યો. પ્રથમ તે પાંચ હજાર ઘોડેસવારોનો સેનાપતિ થયો અને તે પછી તેણે ક્રમશઃ મંત્રી, દંડનાયક અને મહામાત્યની પદવીઓ મેળવી. રાજા સિદ્ધરાજે સં૦ ૧૧૫૦ માં પાટણમાં ગાદીએ બેસતાં જ અત્યાચારોને દબાવવા મંત્રી શાંતૂની સલાહથી કામ લીધું. તેણે સર્વ પ્રથમ પોતાના મામા મદનપાલને મારી નાખ્યો. સિદ્ધરાજે સં૦ ૧૧૯૧ લગભગમાં માલવા પર ચડાઈ કરી ત્યારે તેની સામે પંચમહાલના ભીલોએ લડાઈનો મોરચો ગોઠવ્યો હતો. મહામાત્ય શાંતૂએ આસપાસના ગામોમાંથી સૈન્ય એકઠું કરીને એ મોરચો તોડી નાખ્યો. તે પછી શાંતૂ ભરૂચનો **દંડનાયક** બન્યો હતો.

તેણે પાટણમાં **શાંતૂવસહી** ચૈત્ય, થરાદમાં થારાપદ્રગચ્છનું દેરાસર, પોતાના મોસાળ મુંજા ગામમાં[2] પોતાની માતાના કલ્યાણ માટે સં૦ ૧૧૨૬ ના વૈશાખ વદિ ૧૧ ને શનિવારે મૂળનાયકનું પરિકર તથા ૧૬૦ જિનેશ્વરનો પટ્ટ, આબૂ ઉપર વિમલવસહીની ૧૩ મી દેરીમાં સં૦ ૧૧૧૯ માં પોતાના પુત્રના કલ્યાણ માટે જિનપ્રતિમા ભરાવી અને આશાવલમાં શાંતૂવસહી બંધાવી.[3] મલ૦ આ૦ અભય-

---

૧. थारापद्रीयसन्ताने भीमभूपालवल्लभः ।
शान्तामात्यो महीख्यातोऽजनि श्रावकसत्तमः ॥
भार्या तस्य शिवादेवी श्रेयसे प्रतिमामिमाम् ।
निन्ना-नीगाख्ययोः [तयोः] कारयामास निर्मलाम् ॥ सं० १११९॥
(—પ્રાચીન જૈન લેખસંગ્રહ, ભા૦ ૨, પૃ૦ ૧૨૬)

૨. હારીજથી ચાણસ્મા જતાં ૫ કોશ દૂર જતાં વચ્ચે મુંજા ગામ આવે છે. આજે અહીં એકે શ્રાવક નથી તેમ દેરાસર પણ નથી. અહીં સં૦ ૧૯૩૪ માં જમીનમાંથી ૭૫ જિનપ્રતિમાનાં પરિકરો નીકળ્યાં હતાં, તેમાંના કેટલાક હારીજ, જમણપુર, કંબોઈ વગેરે તીર્થોમાં વિદ્યમાન છે.
(—જૈન સત્ય પ્રકાશ, ક૦ ૧૫, પૃ૦ ૧૨૪)

૩. ગુજરાતનું પાટનગર અમદાવાદ, પૃ૦ ૧૯.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવના ઉપદેશથી ભરૂચમાં સમલીવિહાર પર સ્વર્ણકળશ ચડાવ્યો. તેમણે વાંકા અને નિહાણા ગામમાં બે મોટાં જૈન દેરાસરો બંધાવ્યાં. એ બંને ગામ વચ્ચે એક ગાઉની સુરંગ બનાવી હતી, તે દ્વારા શ્રાવકો એક દેરાસરમાં પૂજા કરીને બીજા દેરાસરમાં પૂજા માટે જઈ શકતા હતા. રાજગચ્છના તપસ્વી આ૦ **ભદ્રેશ્વરસૂરિ**, જેઓ એકાંતરે ઉપવાસ કરતા હતા, તેમના ઉપદેશથી મંત્રી શાંતૂ અને દંડનાયક સજ્જને **વડઉદય**માં મોટી રથયાત્રા કાઢી હતી. (જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૨૮)

પં૦ મોખદેવે સં૦ ૧૧૯૭ના ચૈત્ર વદિ ૮ ને મંગળવારે જ્યારે રાજા જયસિંહના મહામંત્રી શાંતૂ ગુજરાતના **દંડનાયક** તરીકે વડોદરામાં હતા ત્યારે ઓસલંબ માટે 'પંચવત્થુકમ્મથવ'ની ટીકા લખી હતી. (—જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર૦ નં૦ ૬૫)

એક વાર મંત્રી હાથણી ઉપર બેસીને ફરતો ફરતો શાંતૂવસહીમાં પ્રભુદર્શને આવ્યો, ત્યારે ત્યાં એક ચૈત્યવાસી યતિ વેશ્યાના ખભે હાથ રાખીને ઊભો હતો. મંત્રીએ તેને પણ વિધિપૂર્વક વંદન કર્યું અને થોડી વાર પછી તેને ફરી વાર નમન કર્યું. એ યતિને ખૂબ શરમ આવી. એને મનમાં થયું કે, જમીન જગા આપે તો તેમાં સમાઈ જાઉં. તેણે મંત્રીના ગયા પછી વૈરાગ્ય જાગવાથી બધુંયે છોડી મલધારી આ૦ હેમચંદ્રસૂરિ પાસે દીક્ષા લીધી અને શત્રુંજય તીર્થમાં જઈ તપ આદર્યું. એમનાં એ રીતે બાર વર્ષ વીતી ગયાં.

મંત્રી એક વાર શત્રુંજયની યાત્રાએ ગયા. ત્યાં તેમણે આ તપસ્વીને જોયા પણ ઓળખ્યા નહીં. મંત્રીએ તેમને તેમના ગુરુ વગેરેનું નામ પૂછ્યું. તપસ્વીએ તરત જણાવ્યું કે, 'મારો સાચો ગુરુ મહામાત્ય છે.' શાંતૂએ પોતાના કાને હાથ દઈને કહ્યું, 'આપ એમ કેમ બોલો છો?' તપસ્વીએ વિગતવાર ખુલાસો કર્યો અને મંત્રીને ધર્મમાં વધુ સ્થિર બનાવ્યો.

મંત્રી થારાપદ્રગચ્છના **આ૦ શાંતિસૂરિ**, મલધારી આ૦ અભયદેવ, આ૦ હેમચંદ્રસૂરિ, રાજગચ્છના આ૦ ભદ્રેશ્વર, વડગચ્છના આ૦ **વાદિદેવસૂરિ**, કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિ વગેરેનો ઉપાસક

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

હતો. વાદિવેતાલ શાંતિસૂરિએ મંત્રીની વસહીમાં 'ઉત્તરજ્ઝયણ'ની પાઇય-ટીકા રચી હતી.

**ઉપાશ્રય—**

મંત્રીએ ૮૪ હજાર સોનૈયા ખરચી પાટણમાં એક નવું **ઘર** બંધાવ્યું. સૌ કોઈ તે ઘરનાં વખાણ કરતાં હતાં. મંત્રીએ આ૦ **વાદિદેવસૂરિને** સપરિવાર અહીં પધારવાનું આમંત્રણ આપ્યું અને એ મકાન બતાવ્યું. મંત્રીને ખ્યાલ હતો કે, આચાર્યશ્રી આ ઘરની પ્રશંસા કરશે જ, પરંતુ આચાર્યશ્રી મકાન જોયા પછી મૌન જ રહ્યા. મંત્રીએ પૂછયું, 'ગુરુજી ! સૌ કોઈ આ ઘર જોઈ તેની પ્રશંસા કરે છે. આપને આ ઘરમાં કંઈ વાંધો દેખાયો કે શું ? આપ એ વિશે કેમ કંઈ કહેતા નથી ?'

આ૦ માણેકચંદ્રસૂરિએ જવાબ આપ્યો કે, 'મંત્રીશ્વર ! આ તો ગૃહસ્થનું ઘર છે. આરંભ-સમારંભનું કેંદ્ર ગણાય. સાધુ તેની પ્રશંસા કરે નહીં. હા, તમે પોષાળ બનાવી હોત તો આચાર્યશ્રી તેને યોગ્ય પ્રશંસા જરૂર કરત.'

જૈન સાહિત્ય JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આ સાંભળી મંત્રીએ તે ઘરનો ઉપાશ્રય બનાવ્યો અને તેમાં પુરુષ જેવડાં મોટાં બે દર્પણો ટંગાવ્યાં અને તેમાં સર્વપ્રથમ આ૦ વાદિદેવસૂરિને પધરાવ્યા, ત્યારથી એ મુખ્ય **પોષાળ** બની.

**કવિ બિલ્હણ**—કાશ્મીરનો **કવિ બિલ્હણ** મંત્રીનો આશ્રિત કવિ હતો. તેણે 'કર્ણસુંદરીનાટિકા' (અંક : ૪) રચી, તેમાં મંત્રી શાંતૂને રાજા વત્સરાજના મહામાત્ય **યોગંધરાયણ** સાથે સરખાવ્યો છે ને મહામાત્ય તરીકે વર્ણવ્યો છે. આ નાટિકાના મંગલાચરણમાં **તીર્થંકરની સ્તુતિ**થી શરૂઆત કરી છે. પાટણમાં ભ૦ આદિનાથ-ના યાત્રામહોત્સવ પ્રસંગે શાંતિ ઉત્સવગૃહમાં આ નાટિકા ભજવાઈ હતી.

**મહાકવિ બિલ્હણ** (ઇ૦ સ૦ ૧૦૬૬ થી ૧૦૮૫)—

૧. **મુક્તિકલશ**—તે અગ્નિહોત્રી બ્રાહ્મણ હતો. મધ્યપ્રદેશમાંથી કાશ્મીરના શ્રીનગરથી ૩ માઈલ દૂર ખોનમુખ (જયવત) ગામમાં આવી વસ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨. **રાજકલશ**—તે અગ્નિહોત્રી હતો. દાની, પરાક્રમી અને વિદ્વાન હતો. તે વેદવિદ્યાનો પારંગત હતો. તેણે માનવોના હિત માટે વ્યાખ્યાનસભાઓ રચી હતી અને કૂવા તેમજ પરબો વગેરે બંધાવ્યાં હતાં.

૩. **જ્યેષ્ઠકલશ**—તેણે પાણિનિ વ્યાકરણ ઉપર રચાયેલ 'પાતંજલ-મહાભાષ્ય' ઉપર ટીકા રચી. તેને નાગદેવી નામે પત્ની હતી અને ૧. ઇષ્ટરામ, ૨. બિલ્હણ અને ૩. આનંદ એમ ત્રણ પુત્રો હતા. ત્રણે વિદ્વાનો અને કવિઓ હતા.

૪. **બિલ્હણ**—તે વ્યાકરણ, સાહિત્ય, વેદ-વેદાંગ વગેરેનો મોટો પંડિત હતો. તેની વિદ્વત્તા માટે તે સર્વત્ર પંકાતો હતો. તે રાજકલશની વિદ્યમાનતામાં રીસાઈને કાશ્મીર છોડી નીકળી ગયો. તે મથુરા, વૃંદાવન, પ્રયાગ અને કાશી જઈને ત્યાંના વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરી ડાહલ, ધારા, ગૂજરાત, પાટણ, રામેશ્વર થઈ કલ્યાણપુર ગયો.

કલ્યાણપુરના રાજા વિક્રમાદિત્ય સોલંકીએ કવિ બિલ્હણને કલ્યાણપુરમાં રોકી ઘણું સમ્માન કરી પોતાની વિદ્વત્સભાનો વિદ્યાપતિ બનાવ્યો. (વિક્રમાંકદેવચરિત)[1]

તેણે નીચે મુજબના ગ્રંથો રચ્યા છે—

(૧) પાર્શ્વનાથસ્તોત્ર, (૨) પાર્શ્વનાથઅષ્ટક, શ્લો૦ ૯, અષ્ટકનો અંતિમ શ્લોક આ પ્રમાણે છે—

इति जिनपतेः स्तोत्रं चित्रं महाकविबिह्लण-
प्रथितमखिलत्रैलोक्यैकप्रकाशनभास्वतः ।
पठति सततं यः श्रद्धावान्न मज्जति सज्जनो
भवजलनिधौ धुम्नः स प्रद्युम्नस्थितिमाश्रितः ॥९॥

---

૧. આ સિવાય બીજો પણ એક કવિ બિલ્હણ થયો છે, જેનું ખંડકાવ્ય બિલ્હણ પંચાશિકા (ચૌર પંચાશિકા) શ્લો૦ ૫૦ પ્રસિદ્ધ છે. કેટલાક વિદ્વાનોએ બંને બિલ્હણોની ઘટનાઓ એકની સમજીને જુદી જુદી કલ્પનાથી બિલ્હણના જીવન વિશે લખ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ શ્લોકમાં ધુમ્ન અને આ૦ પ્રદ્યુમ્નસૂરિનાં નામ છે, એટલે સંભવ છે કે કવિને મલધારી આ૦ હેમચંદ્રસૂરિ અને આ૦ ચંદ્રસૂરિ સાથે પરિચય થયો હોય.

(–જૈનસ્તોત્રસંદોહ, ભા૦ ૨, સ્તો૦ નં૦ ૫૩, પૃ૦ ૧૯૪)

(૩) કર્ણસુંદરીનાટિકા–(જેમાં નાંદીમાં તીર્થંકરનું મંગલાચરણ છે).

(૪) વિક્રમાંકદેવચરિત–સં૦ ૧૧૪૨ (દક્ષિણના સોલંકીઓનો ઇતિહાસ છે).

મંત્રી શાંતૂ પરાક્રમી, બુદ્ધિશાળી, ચતુર રાજનીતિજ્ઞ, ધર્મપ્રેમી જૈન હતો. તેણે પોતાના જીવનમાં દેવ, ગુરુ અને રાજવી માટે નિશ્ચિત મર્યાદા બાંધી લીધી હતી. એ મુજબ દેવ તરીકે તીર્થંકરોને, ગુરુ તરીકે સુસાધુઓને અને રાજા તરીકે જયસિંહદેવને જ માનતો હતો અને નમસ્કાર કરતો હતો બીજાને તે એવી મહત્તા આપતો નહોતો.

એક વાર સિદ્ધરાજ જયસિંહથી રીસાઈને તે માલવા ચાલ્યો ગયો પણ તે ત્યાંના રાજવીને નમ્યો નહીં. તેણે જણાવ્યું, 'રાજવી તરીકે જયસિંહ સિવાય બીજાને હું મારું માથું નહીં નમાવું.' આ રાજભક્તિની હકીકત સાંભળીને જયસિંહે તેને પ્રેમથી ગુજરાત બોલાવ્યો અને મેવાડ–માળવાના સંધિ જેવા આહડ ગામમાં છેલ્લે પહોરે અનશન લઈ સ્વર્ગસ્થ થયો.

મંત્રી શાંતૂ દીર્ઘાયુષી હતો. માળવાના જય પછી એટલે સં૦ ૧૧૯૫ લગભગમાં તે મરણ પામ્યો.

**મંત્રી મુંજાલ—**

તે કર્ણદેવનો મંત્રી હતો. રાજા સિદ્ધરાજે માળવા ઉપર ચડાઈ કરી ત્યારે તે ધારાનગરીમાં સાંધિવિગ્રહિક તરીકે હતો. તેણે જ બહાર રહેલા રાજા સિદ્ધરાજને ધારાનો કિલ્લો તોડવાનો વ્યૂહ બતાવ્યો હતો.

તેણે પાટણમાં **મુંજાલવસહી** બંધાવી હતી. 'યોગદષ્ટિસમુચ્ચય'ની તાડપત્રની પ્રતિની પુષ્પિકામાં લખ્યું કે, 'સં ૧૧૪૬માં કર્ણદેવના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજ્યમાં પાટણમાં મહામાત્ય મુંજાલની વસહીમાં રહી આ પ્રતિ લખી છે. એટલે મુંજાલે એક ઉપાશ્રય બંધાવ્યો હતો.

મુંજાલ એ શૂરવીર, બુદ્ધિમાન્, રાજનીતિનિપુણ અને જૈનધર્મ-પ્રેમી હતો. (–પ્રબંધચિંતામણિ, દુર્ગાશંકર શાસ્ત્રીનો ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, પ્રક૦ ૧૨, પૃ૦ ૨૬૬.)

**વિમલશાહ** (ધર્કટશ્રીમાલી)—

મંકાનગરમાં શ્રીમાલીવંશનો ધર્કટગોત્રનો અને થારાપદ્રગચ્છનો શેઠ વજા નામે જૈન રહેતો હતો, તેને બળવાન અને વિમલ દિલ-વાળો વિમલ નામે પુત્ર હતો. આ વિમલકુમારે સં૦ ૧૧૨૬ના વૈશાખ વદિ ૧૧ને શનિવારે પરિકરવાળી જિનપ્રતિમા બનાવી. આ પરિકર આજે જમણપુરના દેરાસરમાં મૂળનાયકની ગાદી નીચે વિદ્યમાન છે. (–જૈનસત્યપ્રકાશક : ક્રમાંક : ૧૫, પૃ૦ ૧૨૨)

**મહામાત્ય ઉદયન શ્રીમાળી** (સં૦ ૧૨૦૮)—

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

મારવાડમાં જાલોર અને રામસેન વચ્ચે આવેલા વાઘરા ગામમાં શેઠ બોહિત્થની પરંપરામાં અનુક્રમે શેઠ અશ્વેશ્વર, શેઠ યક્ષનાગ, શેઠ વીરદેવ, અને શેઠ ઉદયન થયા હતા. શ્રીમાળીવંશના આ કુટુંબમાં ઉદયન (ઉદા) મહેતા પ્રથમ ઘીનો વેપાર કરતા હતા. તેમને સુહાદેવી નામે પત્ની હતી.

ઉદા મહેતાએ એક રાતે એક ખેતરમાં કેટલાક પાણી વાળિયાને જોયા અને તેઓને પૂછ્યું, ‘ તમે કોણ છો ? ’ તેઓએ પોતે અમુકના મજૂર છીએ એમ જણાવ્યું ત્યારે મહેતાએ ફરીવાર પૂછ્યું, ‘મારા મજૂરો ક્યાં છે ?’ તેમણે ઉત્તર વાળ્યો કે, ‘કર્ણાવતીમાં.’ એ જ અરસામાં મહારાજા કર્ણદેવે સાબરમતીના કાંઠે કર્ણાવતી વસાવી હતી.

ઉદા મહેતા મજૂરોના ઉપર્યુક્ત જવાબને શકુન માની પત્ની સુહાદેવી અને પુત્રો ચાહડ ને બાહડ વગેરે કુટુંબને સાથે લઈ કર્ણા-વતીમાં આવીને વસ્યો.

અહીં આવતાં તે સર્વ પ્રથમ વાયડગચ્છના જૈન દેરાસરમાં પ્રભુ-દર્શને ગયો. એ જ સમયે શાલાપતિ ત્રિભુવનસિંહની પત્ની લચ્છી

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

છીપણ (લક્ષ્મી ભાવસાર) પોતાનાં દાસ-દાસી સાથે પ્રભુદર્શન માટે ત્યાં આવી હતી. તેણે ઉદા મહેતાને પરદેશી આગંતુક સાધર્મી જાણી પૂછ્યું, 'ભાઈ! તમે કોના મહેમાન છો?' ઉદયને જણાવ્યું કે, 'બહેન! અમે પરદેશી છીએ તો તમે માની લો કે અમે તમારા જ મહેમાન છીએ.' લચ્છીએ ઉત્સાહથી કહ્યું, 'મારે ત્યાં સાધર્મિક ભાઈ મહેમાન હોય એવાં મારાં અહોભાગ્ય ક્યાંથી? તમે સૌ મારે ત્યાં ચાલો.' ઉદયન સહકુટુંબ તેને ત્યાં ગયો અને તેણે આપેલા ઘરમાં તે રહેવા લાગ્યો.'

ઉદયને ત્યાં વેપાર ખેડ્યો અને ધન મળવા લાગ્યું. તેણે કાચા મકાનને પાકું ઈંટોનું બનાવવાનો ઈરાદો કર્યો. ત્યારે પાયો ખોદતાં તેને અઢળક ધન મળ્યું. તેણે તરત જ લાછીને બોલાવી બે હાથ જોડી કહ્યું, 'આ ધન તારા મકાનમાંથી નીકળ્યું છે માટે એ તારું ધન છે, તે તું લઈ જા.'

**લાછી**એ ઉત્તર વાળ્યો કે, 'ભાઈ! એ તો તારા નસીબનું છે માટે એ ધન તારું છે. તે તું રાખ.'

બસ, આજથી ઉદયન શ્રીમાલીના ભાગ્યનો સિતારો ચમકવા લાગ્યો. તે ધીરે ધીરે આગળ વધ્યો ને કર્ણાવતીનો નગરશેઠ બન્યો. સં૦ ૧૧૭૯ પછી તે રાજા સિદ્ધરાજનો મંત્રી બન્યો. રા'ખેંગારને માર્યા પછી તે 'રાણિગ' ઉપાધિથી પ્રસિદ્ધિ પામ્યો. પ્રબંધકારો ઉદયનને 'રાણક' તરીકે સંબોધે છે.

(-પુરાતન પ્રબંધસંગ્રહ, પૃ૦ ૩૨, ૪૦; પ્રબંધકોશ, પૃ૦)

છેવટે તે ખંભાતનો **દંડનાયક** બન્યો.[1] તેણે રાજમાતા **મિનલ-દેવી**ની આજ્ઞાથી ભોલાદનો **યાત્રિકવેરો** માફ કર્યો. તેણે સં૦ ૧૧૫૦માં ખંભાતમાં આ૦ હેમચંદ્રસૂરિને **દીક્ષા** અપાવી હતી.

નુરુદ્દીન **મહમ્મુદ શાફી**એ લખ્યું છે કે, 'ઉદયનના અમલ વખતે ખંભાતમાં બ્રાહ્મણો તથા અગ્નિપૂજકોએ સુન્ની મુસલમાનો પર કેર વર્તાવ્યો હતો, ૮૦ મુસલમાનોને મારી નાખવામાં આવ્યા હતા.

૧. દંડનાયકનો પરિચય, જૂઓ (પ્રક૦ ૩૫, પૃ૦ ૭૭)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને મસ્જિદને બાળી નાખવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રી ઉદયને ઘણા સમભાવથી કામ લીધું હતું. એ સમયે રાજા સિદ્ધરાજે ગુપ્ત રીતે ખંભાત આવી સાચી બાતમી મેળવી. બ્રાહ્મણો તેમજ અગ્નિપૂજકોનો દંડ કર્યો હતો.

(–નુરુદ્દીન મહમ્મુદ શાફી કૃત 'જમે ઉલ હિકાયત' ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, પૃ૦ ૨૭૦; જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૯૭)

ઉદયન સિદ્ધરાજનો વિશ્વાસપાત્ર સૂબો હતો. સિદ્ધરાજે કુમારપાલને શત્રુ તરીકે જાહેર કર્યો અને તે પછી કુમારપાલ સં૦ ૧૧૯૨માં ખંભાતમાં આવ્યો ત્યારે કુમારપાલે વોસિરિ બ્રાહ્મણને મહામાત્ય પાસે મોકલ્યો હતો. મહામાત્યે ત્યારે સાફ સાફ જણાવ્યું કે, 'તું રાજાનો શત્રુ છે, માટે તું અહીં આવીશ તો ઉદયન તને પકડી લેશે.' એમ જણાવીને રાજ્યની **વફાદારી** વ્યક્ત કરી હતી.

રાજા સિદ્ધરાજ મરણ પામ્યો ત્યારે મહામાત્યે સેનાપતિ, રાણી, મંડલેશ્વર, સામંતો અને રાણકોની સમ્મતિથી કુમારપાલને ગુજરાતનો રાજા બનાવ્યો. રાજા કુમારપાલે તેને ખંભાતનો સૂબો કાયમ રાખ્યો અને તેના પુત્રો પૈકી બાહડને પોતાનો મહામાત્ય અને આંબડને દંડનાયક બનાવ્યો.

રાજા કુમારપાલે સં૦ ૧૨૦૮માં વડનગરનો કિલ્લો બંધાવ્યો તે મહામાત્ય ઉદયન કે મહામાત્ય બાહડની દેખરેખ નીચે બન્યો હતો. કેમકે તે કિલ્લાના જૂના ભાગોમાં મહં૦ ઉદલ એવા શબ્દો કોરાયેલા છે.

(–રાસમાલા, ભા૦ ૩, પૃ૦ ૩૫૧)

રાજા કુમારપાલે સોરઠના ઉદ્ધત બહારવટિયા **સુંવર** (સાંગણા ડોડીયા)ને દબાવવા માટે વૃદ્ધ મંત્રી ઉદયનને મેલગપુર મોકલ્યો, તેમની સાથે રાજાનો ભ્રાતા કીર્તિપાલ, નાડોલનો રાજા આલ્હણ ચૌહાણ વગેરે હતા.

એ સમયે મહામાત્ય **ઉદયને** જતાં જતાં વચલા ગાળામાં સમય મેળવી શ્રીશત્રુંજય તીર્થની યાત્રા કરી હતી. એ સમયે ત્યાં મૂળ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંદિર લાકડાનું હતું. તેણે ત્યાં પ્રભુનાં દર્શન–પૂજન કર્યાં અને ચૈત્યવંદન કર્યું. તે સમયે તેણે જોયું કે, એક ઉંદર દીવેટમાંથી એક સળગતી વાટ લઈને દોડાદોડ કરી રહ્યો હતો. તે દરમાં પ્રવેશ કરે તે પહેલાં દેરાસરના રખેવાળોએ તેની પાસેથી વાટ છોડાવી લીધી. આ ઘટના જોઈને મહામાત્યે વિચાર્યું કે, જો ઉંદર કોઈક વાર બળતી વાટને દરમાં લઈ જશે તો આગ લાગી જશે અને મંદિરનો નાશ થશે; તેથી અહીં જીર્ણોદ્ધાર કરી પથ્થરનું નવું દેરાસર બનાવવું જોઈએ. મહામાત્યે ત્યારે ત્યાં જ મનથી પ્રતિજ્ઞા કરી કે, હું આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવીશ.

મહામાત્ય યાત્રા કરીને લાંબું પ્રયાણ આરંભી સેના સાથે મળી ગયો. તેણે યુદ્ધ કરી સુંવરને જીતી લીધો. પણ યુદ્ધમાં શરીરે ઘણા ઘા પડવાથી અને વૃદ્ધાવસ્થાના કારણે તે અશક્ત બની ગયો. તે સેના સાથે **વઢવાણ**ની છાવણીમાં આવી પહોંચ્યો. તેને લાગ્યું કે, હવે મારું આયુષ્ય તૂટી રહ્યું છે. તેણે રાજભ્રાતા કીર્તિપાલ તથા સામંતોને એકઠા કરીને જણાવ્યું કે, 'હવે હું જીવી શકું એમ લાગતું નથી, એટલે મેં જે પ્રતિજ્ઞા કરી છે તે પૂરી નહીં થાય તો હું દેવઋણમાંથી મુક્ત નહીં થાઉં. એ કામ મારા પુત્રોએ કરવાનું છે. તમે મારા પુત્રો બાહડ અને આંબડ વગેરેને સંદેશો પહોંચાડજો કે, તેઓ **શત્રુંજય** તીર્થનો મોટે પાયે જીર્ણોદ્ધાર કરાવે. ભરુચના **શકુનિકાવિહાર**નો પણ જીર્ણોદ્ધાર કરાવે અને શત્રુંજય તીર્થ ઉપર ચડવાને માટે **પાજ** બંધાવે. બીજી મારી એ ઇચ્છા છે કે, અત્યારે કોઈ મુનિરાજ આવી મને મૃત્યુની અંતિમ આરાધના કરાવે.'

**કીર્તિપાલ** વગેરેએ જવાબ વાળ્યો કે, 'મહામાત્ય ! આપ ચિંતા ન કરશો, અમે તમારો સંદેશો તમારા પુત્રોને પહોંચાડીશું, અને તેઓ તમારી ઇચ્છાઓને જરૂર પાર પાડશે. એટલું જ નહીં, અમે પણ એ કાર્યમાં અમારો પૂરેપૂરો સહયોગ આપીશું.'

મહામાત્યની ઇચ્છા મુજબ અહીં તાત્કાલિક સાધુને બોલાવાય એમ હતું નહીં, તેથી સામંતોએ એક યુવાન બહુરૂપીને જૈન સાધુનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વેશ પહેરાવી બનાવટી સાધુ બનાવી થોડી ઘણી શિખામણ આપી મહામાત્યની સામે હાજર કર્યો. મહામાત્ય ઉદાયને તેને નમસ્કાર કરી સ્વયં દશ પ્રકારની મરણસંબંધી આરાધના કરી અને હસતે ચહેરે સં૦ ૧૨૦૭–૧૨૦૮ માં વઢવાણમાં સ્વર્ગવાસ કર્યો.

આ તરફ તે યુવાનને પણ વિચાર આવ્યો કે, 'મારા જેવો નાનો માનવી જૈન સાધુનો વેશ પહેરવા માત્રથી મહામાત્યને પૂજ્ય બન્યો તો હવે જો સાચો **સાધુ** બનું તો મને ઘણો જ લાભ થશે. મારા આત્માનું કલ્યાણ થશે.' આમ વિચાર કરી તે સાચો **જૈન** સાધુ બન્યો. ભાવ સાધુ થયો અને શુદ્ધ સાધુજીવન પામી તેણે અંતે ગિરનાર તીર્થમાં જઈને અનશન કર્યું.

મહામાત્ય ઉદયને ત્રણ જિનમંદિરો બંધાવ્યાં હતાં–(૧) મંત્રીએ સં૦ ૧૧૪૯ લગભગમાં કર્ણાવતી (આશાવલ)માં બહોતેર દેરીઓવાળો **ઉદયનવિહાર** બંધાવ્યો, જેમાં ચૈત્યવાસીઓને હાથે ભૂત-ભવિષ્ય અને વર્તમાન ચોવીશીની જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી. (પ્રબંધચિંતામણિ), તેનાં ખંડિયેરો આજે નર-ઉદા–**નરોડા**માં તપોધનવાસમાં વિદ્યમાન છે.

जैनसाईट JAINSITE जैनम् जयति शासनम्

ખરતરગચ્છના **આ૦ જિનપતિ** (સં૦ ૧૨૨૩ થી ૧૨૭૮)એ આશાવલના ઉદયનવિહારનાં જિનબિંબોને અપૂજનીય ઠરાવવા સવાલ ઊભો કર્યો હતો. આથી **વાદિ દેવસૂરિ**ના પ્રશિષ્ય આ૦ **પ્રદ્યુમ્ન-સૂરિ**એ સં૦ ૧૧૪૮ માં શાસ્ત્રાર્થ કરી 'વાદસ્થલ' નામે ગ્રંથ રચ્યો. આ૦ **જિનપતિ**એ ખરતરગચ્છીય માન્યતાના આધારે તેની સામે 'પ્રબોધ્યવાદસ્થલ' ગ્રંથ રચ્યો.

આશાવલમાં સંસ્કૃત **વિદ્યાપીઠ** પણ બન્યું હતું, જેમાં સં૦ ૧૨૨૧ માં પં૦ **વયરસિંહ** વગેરે અધ્યાપકો હતા.

(–જૈનસત્યપ્રકાશ : ક્રમાંક : ૨૨૫)

(૨) મહામાત્ય ઉદયને ધોળકામાં 'ઉદાવસહી' નામે મંદિર બંધાવ્યું હતું, તેમાં સં૦ ૧૧૭૫ માં આ૦ **વાદિદેવસૂરિ**ના હાથે ભ૦ સીમંધરસ્વામીની ભવ્ય પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. તે પછી તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુજરાતનો મંત્રી બન્યો હતો.

(-પ્રભાવકચરિત, પ્ર૦ ૨૧, શ્લો૦ ૪૮ થી ૫૨)

કલિકાલસર્વજ્ઞ આ૦ **હેમચંદ્રસૂરિ**ના ઉપદેશથી મંત્રી આંબડે ઉદાવસહીમાં ૨૪ દેરીઓ બંધાવી 'ઉદયનવિહાર' નામ આપ્યું. ધોળકાના શેઠ **ધવલ**ના પુત્ર તથા મંત્રી આંબડના મિત્ર શેઠ **વૈરિસિંહે** આચાર્યશ્રીની આજ્ઞાથી તેની ઉપર ૩૧ સ્વર્ણકળશ ચડાવ્યા હતા. પ્રબંધશતકર્તા આ૦ **રામચંદ્રે** તેની પ્રશસ્તિ શ્લો૦ ૧૦૪ની બનાવી છે. ધોળકાના રણછોડ મંદિરની પાછલી દિવાલમાં એક શિલાખંડ છે, તેમાં આ લેખના શ્લો૦ ૭૦ થી ૧૦૪ સુધીના શ્લોકો છે.

(-જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૨૨)

(૩) મહામાત્ય ઉદયને **ખંભાત**માં પણ સુંદર જૈન મંદિર બંધાવ્યું હતું. તેમાં તે પ્રતિદિન દર્શન-પૂજન કરતો હતો. થારાપદ્રગચ્છના આ૦ **વિજયસિંહે** સં૦ ૧૩૧૫ માં ખંભાતના ઉદયનવિહારમાં તીર્થંકરોના ચોવીશવટાની પ્રતિષ્ઠા કરી હતી.

મંત્રી ઉદયનને બે પત્નીઓ હતી. પહેલી પત્ની પદ્મા(સુહાદેવી)એ બાહડ અને ચાહડ એ બે પુત્રોને જન્મ આપ્યો હતો અને તે પછી મરણ પામી હતી. મંત્રી વાહડે ૭૦ વર્ષના પિતાને બીજું લગ્ન કરવા વિનંતિ કરી પણ પિતાએ ઇન્કાર કર્યો. એટલે બાહડે સ્વજનો દ્વારા દબાવ લાવી તેમને ફરીથી પરણવાને કબૂલ કરાવ્યું અને પોતે જ વાયડની **માઉ** નામની મોટી ઉંમરની વણિક કન્યાને શોધી લાવી તેમની સાથે પરણાવી. મહં૦ માઉ ગૂર્જરેશ્વર કુમારપાલે શત્રુંજયનો છ'રી પાળતો સંઘ કાઢયો હતો તેમાં તે યાત્રાર્થે ગઈ હતી.

મંત્રી ઉદયનને કુલ ચાર પુત્રો હતા. તેની વંશાવલી નીચે મુજબ છે—

(૧) **દંડનાયક આંબડ**—તે મહામાત્ય ઉદયનનો મોટો પુત્ર હતો. મહામાત્ય ઉદયનના સ્થાને તે મહામાત્ય અને દંડનાયક બન્યો. તે કવિ હતો, મોટો પરાક્રમી હતો. તે ઉદાર અને મોટો દાની હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમના નામનું તત્કાલીન ભાષાનું એક સૂક્ત મળે છે—

रे रक्खइ लहु जीव, चडवि रणइ मयगल मारइ,
न पीइ अणगल नीर, हेलि रायह संहारइ,
अवर न बंधइ कोइ, सधर रयणभर बंधइ,
परनारी परहरइ, पर रायह लच्छी रुंधइ,
ए कुमारपाल कोपइं चडिओ, फोडइ सत्तकडाह जीम।
जे जिणधम्म न मन्नसीइं, तीह विचाडिसु तिम ॥

(પં૦ કુલસાગરગણિનો 'ઉપદેશસાર-સટીક' ઉપ૦ ૩૨, સં૦ ૧૬૬૨, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૦૬)

મંત્રી આંબડને દૃઢ સંકલ્પ હતો કે, દેવ તરીકે વીતરાગને, ગુરુ તરીકે આ૦ હેમચંદ્રસૂરિને અને સ્વામી તરીકે ગૂર્જરેશ્વર કુમારપાલને જ નમવું.

સં૦ ૧૨૧૩માં શત્રુંજયના મોટા જીર્ણોદ્ધાર પ્રસંગે તેણે શત્રુંજયની પશ્ચિમ દિશાની પાજ બંધાવી હતી, જે આજે **ઘેટીની પાગ** તરીકે પ્રસિદ્ધ છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

મહામાત્ય આંબડ રાજા કુમારપાલની આજ્ઞાથી કોંકણના શિલાહાર કુલનો રાજા મલ્લિકાર્જુન, જેને રાજપિતામહનું બિરુદ હતું, તેને જીતવા માટે સૈન્ય લઈ કાવેરી નદીને પાર કરીને સામે કિનારે પહોંચ્યો, પણ તેની સેના વ્યવસ્થિત થઈ પડાવ નાખે તે પહેલાં જ મલ્લિકાર્જુને તેની ઉપર ઓચિંતો હલ્લો કરી, તેની સેનાને છિન્નભિન્ન કરી મૂકી. આથી મંત્રી આંબડ હાર પામીને પાટણ પાછો આવ્યો.

રાજાએ સં૦ ૧૨૧૭માં ફરીથી મલ્લિકાર્જુનને જીતવા માટે મહામાત્ય આંબડને મોકલ્યો. તેની સાથે પરમાર ધારાવર્ષદેવ વગેરે માંડલિકો તથા સામંતોને પણ મોકલ્યા. તેણે કાવેરી ઉપર પૂલ બાંધીને સેનાને પાર ઉતારી, વ્યવસ્થિત રીતે ગોઠવી મલ્લિકાર્જુનની સાથે યુદ્ધ કર્યું. પોતે જાતે જ સાહસ કરીને મલ્લિકાર્જુનના હાથી ઉપર ચડી જઈ મલ્લિકાર્જુનને નીચે પાડ્યો અને તે તેનું મસ્તક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લઈ પાટણ આવ્યો ને સાથોસાથ કોંકણ રાજ્યમાંથી દંડ તરીકે તથા લૂંટમાં ૧ સાડી, ૧ ખેસ, ૧ હાર, ૧ માંગલિક છીપ, ૩૨ સોનાના કળશો, ૬ મોતીની માળાઓ, ૧ ચાર દાંતવાળો હાથી, ૧૨૦ પાત્ર તથા ૧,૪૫,૦૦૦૦૦૦ ધન લઈને આવ્યો.

રાજા કુમારપાલે તેને ૭૨ રાણાઓની વચ્ચે **મહામંડલેશ્વર** તથા **રાજપિતામહ**નાં બિરુદ બક્ષ્યાં. તે કોંકણમાંથી ૩૨ સુવર્ણના કળશો લાવ્યો હતો તે પૈકીના ૩ કળશો—૧ ઉદયન ચૈત્યમાં, ૨ શકુનિકાવિહારમાં અને ૩ રાજાના ઘટીઘર (ટાવર) ઉપર ચડાવ્યા.[૧]

મંત્રી આંબડે સં૦ ૧૨૧૬ પછી પિતાની આજ્ઞા મુજબ ભરુચના અત્યંત જીર્ણ થયેલા શકુનિકાવિહારનો જીર્ણોદ્ધાર શરૂ કર્યો ત્યારે આ તીર્થ ખપુટાચાર્યના સંતાનીય આ૦ વિમલસિંહસૂરિને આધીન હતું. તેમાં મંત્રીને ઘણી અડચણો નડી હતી પણ આ૦ હેમચંદ્રસૂરિ અને તેમના શિષ્ય, જેઓ અંગવિદ્યાના પ્રકાંડ અભ્યાસી અને મંત્રવાદી એવા પં૦ યશશ્ચંદ્ર ગણિના પ્રયાસથી અને પોતાના સાહસથી તે અડચણો દૂર થતાં તેણે મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો અને તેમાં સં૦ ૧૨૨૨ માં કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિના હાથે ભ૦ મુનિસુવ્રતસ્વામી વગેરે તીર્થંકરોની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી.

મંત્રીએ આ પ્રસંગે આનંદમાં મસ્ત બની દરવાનને ઘોડો, બંદીજનને હાથીનું કંકણ વગેરેનું મોટું દાન આપ્યું અને કોંકણથી લાવેલો સ્વર્ણકળશ મંદિરના શિખર ઉપર સ્થાપન કર્યો. આરતી ઉતારવા પ્રસંગે તેને રાજા કુમારપાલે તિલક કર્યું અને ૭૨ સામંતોએ ચામર ઢોળ્યા.

ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિએ આજ સુધીમાં કદી પણ મનુષ્યની સ્તુતિ કરી નહોતી, પણ તેઓ આંબડની ઉદારતાથી પ્રસન્ન થતાં એકાએક બોલ્યા :

---

૧. મંત્રી આંબડે કોંકણના કાદંબરાજા મલ્લિકાર્જુનને હરાવી, મારી નાખ્યો. (જૂઓ, આ૦ બાલચંદ્રનું 'વસંતવિલાસકાવ્ય', સર્ગ : ૫, શ્લો૦ ૩૩ અને પં૦ અરિસિંહનું 'સુકૃતસંકીર્તન' સર્ગ : ૨, શ્લો૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

किं कृतेन न यत्र त्वं यत्र त्वं तत्र कः कलिः ।
कलौ चेद् भवतो जन्म कलिरस्तु कृतेन किम् ? ॥

—હે આંબડ! જ્યાં તું નથી ત્યાં કૃતયુગ ફોગટ છે, જ્યાં તું છે ત્યાં કલિયુગ હોય તોયે શું ? તારો જન્મ થવાથી કલિયુગ પણ શ્રેષ્ઠ છે, કૃતયુગનું શું કામ છે?

આ જીર્ણોદ્ધારમાં બે કરોડની રકમ ખરચાઈ હતી. (હસ્ત૦ પ્રબંધચિંતામણિ)

તે પછી મંત્રી આંબડે સં૦ ૧૨૨૫ પછી પાટણના કુમારવિહારમાં ભ૦ શ્રીઋષભદેવની ચાંદીની પ્રતિમા ભરાવી સ્થાપન કરી હતી. તેમજ ધોળકામાં પોતાના પિતાની ઉદાવસહીમાં ૨૪ દેરીઓ વધારી 'ઉદયનવિહાર'ને મોટો બનાવ્યો હતો.

રાજા કુમારપાલ પછી અજયપાલ સં૦ ૧૨૩૦ માં ગુજરાતનો રાજા બન્યો. તે દુષ્ટ રાજા હતો. તેણે સામંતોની ભંભેરણીથી રાજપિતામહ મંત્રી આંબડને હુકમ કર્યો કે, 'તું જેમ કુમારપાલને નમતો હતો તેમ તારે મને પણ નમન કરવું જોઈશે, નહિતર યુદ્ધ માટે તૈયાર થઈ જા.' મંત્રી આંબડે રાજાને દુષ્ટ સ્વભાવનો સમજીને रायाभियोग થી પણ લાભ ન જોયો ત્યારે મૌન સેવ્યું. રાજાએ તેને મારવા માટે તેના ઘેર માણસો મોકલ્યા. મંત્રીએ પણ પોતાને ઘેર જઈ તીર્થંકરની પૂજા કરી અનશન સ્વીકાર્યું, અને પોતાના માણસોને સાથે લઈ લડવા માટે સામે આવ્યો. એ રાજાના માણસોને વિખેરતો વિખેરતો ઘટીઘર સુધી પહોંચ્યો અને ત્યાં જ મરણ પામ્યો (જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૧૩૪)

ડાહ્યા માણસોએ મંત્રીનું મરણ સાંભળી એટલું જ કહ્યું કે, 'હવે ધન જોઈએ તો ભાટ બનજો, વ્યભિચારી બનજો વેશ્યાના ઉસ્તાદ બનજો, દગાખોર બનજો પણ કોઈ રીતે પંડિત ન બનજો, કારણ કે ઉદયનનો પુત્ર મંત્રી આંબડ સ્વર્ગમાં ચાલ્યો ગયો છે.'

**(૨) મહામાત્ય વાહડ—**

તે મહામાત્ય ઉદયનનો બીજો પુત્ર હતો. રાજા સિદ્ધરાજનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંત્રી અને કુમારપાલનો મહામાત્ય તેમજ રાણક બન્યો હતો.

(—પુરાતન પ્રબંધસંગ્રહ, પૃ૦ ૩૯ થી ૪૨, પ્રબંધકોશ, પૃ૦ ૪૮, કુમારપાલચરિત, સ૦ : ૯, શ્લો૦ ૩૬૪)

કાંટેલાના શિલાલેખમાં તેને ગંભીર શ્રીબાહડ તરીકે સંબોધ્યો છે. તેણે સિદ્ધરાજના પ્રતિપન્નપુત્ર રજપૂત ચાહડનું સ્થાન પૂર્યું હતું. તે મુત્સદ્દી અને ગંભીર હતો. કાંટેલા શિલાલેખનું વિશેષણ તેને માટે ઉપયુક્ત જ હતું.

રાજા સિદ્ધરાજે સં૦ ૧૧૮૫ માં સંતાન કામનાથી પગપાળા તીર્થયાત્રા કરી ત્યારે મહામાત્ય આલિગ અને મંત્રી વાહડ તેની સાથે હતા. ગૂર્જરેશ્વર કુમારપાલે સોમનાથના શિવાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેનો સમસ્ત પ્રબંધ મંત્રી વાહડને આધીન હતો.

મહામાત્ય વાહડે પાટણમાં સુંદર જિનાલય બંધાવ્યું હતું. નેવું લાખના આસામી શેઠ છડ્ડકે તે દેરીમાં એક ગોખલો બનાવી તેમાં આ૦ હેમચંદ્રસૂરિ-પ્રતિષ્ઠિત ભ૦ અજિતનાથની પ્રતિમા પધરાવી હતી. મંત્રીએ આ દેરાસર રાજા કુમારપાલને આપ્યું અને રાજવીએ મંત્રી વાહડની દેખરેખ નીચે તેનો વિસ્તાર કરી કુમારવિહાર બંધાવ્યો.

મંત્રી વાહડે પિતાની આજ્ઞા અનુસાર રાજા કુમારપાલની આજ્ઞા લઈ રાજ્ય-ભંડારના દ્રવ્યની મદદથી સં૦ ૧૨૦૦ માં શત્રુંજય તીર્થના મૂળ દેરાસરનો મોટો જીર્ણોદ્ધાર શરૂ કર્યો. મહામાત્ય વાહડે શત્રુંજય પર્વતની તળેટીમાં બાહડપુર વસાવ્યું. સં૦ ૧૨૧૧ માં દેરાસર તૈયાર થઈ ગયું, પણ ભમતીમાં પહાડી તોફાની હવાનું દબાણ આવવાથી તે દેરાસર એકદમ ધસી પડ્યું અને તૂટી ગયું.

મંત્રી વાહડને પ્રથમ દેરાસર તૈયાર થઈ જવાની ખબર મળી ત્યારે તેણે ખબર આપનારને ખુશાલીમાં ૧૬ જીભનું ઇનામ આપ્યું અને બીજે દિવસે દેરાસર ધસી પડ્યાની ખબર લાવનારને ચાંદીની ૩૨ જીભનું ઇનામ આપ્યું. કેમકે મંત્રી બુદ્ધિપ્રધાન હતો. તેણે બીજા ઇનામ વિશે ખુલાસો કર્યો કે, 'મારી હયાતીમાં દેરાસર પડી ગયાની ખબર પડી તેથી ફરીવાર પણ તેને બનાવી શકીશ, પણ મારા મરણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાદ તે નાશ પામ્યું હોત તો તે ક્યારે બને એ શંકાની વાત રહેત.’

મંત્રીએ પોતાનો શ્રીકરણમુદ્રાનો અધિકાર થોડાએક દિવસો માટે મંત્રી કપર્દીને સોંપ્યો અને પોતે ચાર હજાર ઘોડેસવાર સૈન્ય સાથે પાલીતાણા જઈને વસ્યો. તેણે ત્યાં વાગ્ભટપુર વસાવ્યું. તેણે સલાટો પાસેથી જાણી લીધું કે, દેરાસરની ભમતીમાં પહાડી હવાનું દબાણ વધવાથી દેરાસર ધસી પડ્યું છે. કદાચ ભમતી ન બનાવવામાં આવે તો દેરાસર બચી જાય પણ તેવું દેરાસર બનાવનારનો વંશવેલો નાશ પામે. મંત્રીએ દીર્ઘદૃષ્ટિ વાપરી ભમતીવાળું દેરાસર તૈયાર કરાવ્યું અને પછી ગભારાની દિવાલ તેમજ ભમતીની દિવાલ વચ્ચેનો ગાળો ચૂના-પથ્થરથી ભરીને પુરાવી દીધો. આથી એ દિવાલ લગભગ પાંચ ગજ પહોળી બની ગઈ. આ રીતે મજબૂત દેરાસર તૈયાર થયું. તેણે ભ૦ ઋષભદેવની આરસની ભવ્ય પ્રતિમા ભરાવી કળશ અને ધ્વજા તૈયાર કરાવ્યાં.

સં૦ ૧૨૧૩માં શત્રુંજયતીર્થમાં કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિના વરદ હસ્તે ભ૦ ઋષભદેવ વગેરે જિનપ્રતિમાઓની બહુ ધામધૂમથી તેણે પ્રતિષ્ઠા કરાવી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ પ્રતિષ્ઠા મહોત્સવમાં ટીમાણાનો એક નિર્ધન જૈન નામે **ભીમો** ફાટ્યાં-તૂટ્યાં કપડાં પહેરીને આવ્યો. તેને મહામાત્યને જોવાની ઇચ્છા હતી પણ સંકોચના કારણે તે તેમની પાસે જઈ શકતો નહોતો. મંત્રીએ આ હકીકત જાણી ત્યારે તેને સ્નેહભાવથી બોલાવ્યો અને પોતાની ગાદી ઉપર બેસાડીને કહ્યું, ‘તું મારો ધર્મબંધુ છે. મારા યોગ્ય જે કંઈ કામ હોય તે જણાવ.’ આ રીતે મંત્રીએ પોતાના સાધર્મિક પ્રેમનો મીઠો પરિચય કરાવ્યો.

તીર્થના જીર્ણોદ્ધાર માટે ટીપ ચાલતી હતી તેમાં તે ભીમાએ સાત દ્રમ્મની પૂરી મૂડી આપી દીધી ત્યારે મહામાત્યે આવી નિઃસ્પૃહતા અને ભક્તિ માટે તેના પ્રત્યે લાગણીભર્યો આનંદ વ્યક્ત કર્યો અને ભીમાનું નામ જીર્ણોદ્ધારની ટીપની વહીમાં સર્વ પ્રથમ લખાવ્યું.

તીર્થમાલાની બોલી બોલાતી હતી ત્યારે રાજા કુમારપાલ, મહા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માત્ય વાહડ વગેરે હતા. મહામાત્યે ચાર લાખ દ્રમ્મ બોલીને ચડાવાનો આરંભ કર્યો. બોલી વધવા લાગી. મહુવાના શેઠ **જગડૂ સોરઠિયા પોરવાડે** સવા કરોડ દ્રમ્મની બોલીથી આદેશ લઈ પોતાની માતાને તીર્થમાલા પહેરાવી. તે જગડૂ શાહ પાસે સવા કરોડની કીમતનાં પાંચ માણેક હતાં, તેમાંથી એક શત્રુંજય તીર્થમાં, બીજું ગિરનાર તીર્થમાં અને ત્રીજું પ્રભાસ તીર્થમાં આપ્યું. શ્રીસંઘે સોનાનો કંઠો બનાવી તે બોલીમાં અપાયેલું માણેક તેમાં ગોઠવ્યું અને તે કંઠો ભ૦ ઋષભદેવને પહેરાવ્યો; સંઘમાં આનંદ વર્ત્યો.

મંત્રી વાહડે આ રીતે શત્રુંજય તીર્થનો ચૌદમો મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો. વળી, વાગ્ભટપુરમાં ત્રિભુવનપાલવિહાર બંધાવી તેમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. તેની પૂજા માટે ૨૪ વાડીઓ આપી. એ નગરને ફરતો કિલ્લો બંધાવ્યો. દેવમંદિરોને ગરાસ બાંધી આપ્યા. મકાનો બંધાવ્યાં અને તીર્થોદ્ધાર વગેરેમાં મળીને ૧૬,૦૦,૦૦૦ ખરચ્યા.[1]

ગૂર્જરેશ્વર કુમારપાલે સં૦ ૧૨૨૩ માં શત્રુંજય, ગિરનાર વગેરે તીર્થોનો મોટો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. ગિરનાર તીર્થનો ચડાવ કઠિન હતો. રાજા કુમારપાલની ઇચ્છા હતી કે, અહીં બીજી પાજ બંધાવવી. મહામાત્ય વાહડે રાજાની આજ્ઞાથી મહં૦ રાણિગ શ્રીમાલીના પુત્ર વાહડ પાસે સં૦ ૧૨૨૨–૧૨૨૩ માં ગિરનાર ઉપર ત્રેસઠ લાખના ખર્ચે નવી સુગમ પાજ બંધાવી. આ રસ્તો 'સાંકળી પાજ' નામે પ્રસિદ્ધ છે.

રાજવી યાત્રાર્થે ગિરનાર ગયો પણ વૃદ્ધાવસ્થાના કારણે એ રસ્તેથી પણ ચડી શક્યો નહીં. એટલે તળેટીના દેરાસરમાં ભ૦ નેમિનાથનાં દર્શન-પૂજન કરી, તેમાં જ પોતાની યાત્રા સફળ માની પાછો વળ્યો.

૧. મહામાત્ય વાહડે શત્રુંજય તીર્થનો ૧૪મો મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો, તેમ સમરા શાહે ૧૫મો અને દોશી કર્માશાહે ૧૬મો મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. (જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૯૫, ૨૦૪)

મહામાત્ય તેજપાલે સં૦ ૧૨૮૭માં વાગ્ભટપુરને સ્થાને તેજલપુર વસાવ્યું હતું. (જૂઓ, પ્રક૦ ૩૮, પૃ૦ ૩૬૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મહામાત્ય વાહડને** મહં૦ પદ્મસિંહ નામે પુત્ર હતો. તેને પ્રથિમીદેવીથી મહણસિંહ, મંત્રી સામંતસિંહ અને દંડનાયક સલખણસિંહ એમ ત્રણ પુત્રો થયા. રાજા વીસલદેવે (સં૦ ૧૩૦૨ થી સં૦ ૧૩૧૮) સલક્ષણસિંહને સૌરાષ્ટ્રની વ્યાપારમુદ્રા (શ્રીકરણમુદ્રા લાગે છે) પહેરાવી અને પછીથી તેને **દંડનાયક** નીમ્યો હતો. મંત્રી સલખણે સં૦ ૧૩૦૫ના વૈશાખ સુદિ ૩ ને શનિવારે પોતાના પિતાના કલ્યાણ માટે ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા ભરાવી તેની વડગચ્છના આ૦ વાદિદેવસૂરિ-સંતાનીય (૪૩) આ૦ પ્રદ્યુમ્નસૂરિના પટ્ટધર (૪૪) આ૦ માનદેવસૂરિ, તેમના પટ્ટધર (૪૫) આ૦ જયાનંદસૂરિના હાથે ગિરનાર તીર્થમાં પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રતિમા આજે વસ્તુપાલના દેરાસરમાં વિદ્યમાન છે. તે પછી ત્રણ-ચાર વર્ષમાં જ તે મરણ પામ્યો.

(જૂઓ, પ્રક૦ ૪૧, પટ્ટા૦ ૮મી, પૃ૦ ૫૫૫)

**મંત્રી સામંતસિંહે** દંડનાયક સલખણસિંહના કલ્યાણ માટે કૃષ્ણની **સલક્ષણ નારાયણ** પ્રતિમા બનાવી સ્થાપન કરી હતી અને ગિરનારના શિખર ઉપર ભ૦ નેમિનાથના પ્રાસાદ પાસે ભ૦ પાર્શ્વનાથનો **જિનપ્રાસાદ** બંધાવ્યો હતો. રાજા વીસલદેવ તથા રાજા અર્જુનદેવના શાસન (સં૦ ૧૩૧૮ થી સં૦ ૧૩૩૧)માં સામંતસિંહ સોરઠનો **દંડનાયક** હતો. તેણે માતા પ્રથિમીદેવીના શ્રેય માટે સમુદ્ર કિનારે દ્વારકા પાસે આવેલા રેવતીકુંડનો જીર્ણોદ્ધાર કરાવ્યો. નવા પગથિયાં બંધાવ્યાં અને તેમાં ગણેશ, ક્ષેત્રપાલ, સૂર્ય, ચંડી, માતૃકા, શિવ, કૃષ્ણ, રેવતી તથા બલદેવની પ્રતિમાઓ બનાવી બેસાડી. કૂવો, હવાડો બનાવ્યાં. તેનું અમી જેવું પાણી ગાયો પીતી હતી. આ દરેકની સં૦ ૧૩૨૦ના જેઠ સુદિ ૪ ને બુધવારે પ્રતિષ્ઠા કરાવી હતી. આ મંદિરની પ્રશસ્તિ મંત્રી સામંતસિંહના કુટુંબના માનીતા અને મોક્ષાકરના પુત્ર કવિ હરિહરે લખી છે.[1]

(—ગુજરાતના ઐતિહાસિક લેખો, ભા૦ ૩, લેખાંક : ૨૧૩, ૨૧૬; પૃ૦ ૨૦૬, ૨૦૭)

૧. સં૦ ૧૩૩૩ના જેઠ સુદિ ૫ ને રવિવારે સારંગદેવના રાજ્યમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) **મંત્રી ચાહડ**—તે મહામાત્ય ઉદયનનો ત્રીજો પુત્ર હતો. તેનાં બીજાં નામ આહડ અને આસ્થળ મળે છે. તેની માતાનું નામ માઊ હતું. તે બહુ પરાક્રમી અને દાની હતો. તેને 'રાજઘરટ્ટ'નું બિરુદ મળ્યું હતું. તે માલવાનો દંડનાયક હતો.

કેટલાક વિદ્વાનો નામની એકતાના કારણે આ મંત્રી ચાહડને સિદ્ધરાજનો પ્રતિપન્નપુત્ર માને છે પણ તે ભૂલ છે. એ સમયે એક બીજો ચાહડ હતો, તે માલવાનો રજપૂત હતો. રાજાની હસ્તિશાળાનો અધ્યક્ષ હતો. હાથીસેનાનો સેનાપતિ હતો. રાજા સિદ્ધરાજ તેને ગુજરાતનો રાજા બનાવવાને ઇચ્છતો હતો. તેણે સં૦ ૧૨૦૨ માં રાજા કુમારપાલના રાજ્યમાં અજમેરના વિગ્રહરાજને હરાવ્યો પણ અંદરખાનેથી તે તેનો મિત્ર બની ગયો. પછી રાજા કુમારપાલ સાથે ઝઘડો થવાથી તે સાંભર ગયો અને રાજા અર્ણોરાજને રાજા કુમારપાલના વિરોધમાં ઊભો કર્યો. પરિણામે રાજા કુમારપાલે ત્યાં જઈ સાહસપૂર્વક અર્ણોરાજને જીતી લીધો અને ત્યાં પોતાની આણ પ્રવર્તાવી. એટલે આ રજપૂત ચાહડ અને મંત્રી ચાહડ એ બંને ભિન્ન વ્યક્તિઓ હતી, પણ ઇતિહાસમાં આ બંને ચાહડની કેટલીક ઘટનાઓ સેળભેળ થઈ ગઈ છે. (જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૦૫ થી ૧૦૭)

મંત્રી ચાહડને સાત પુત્રો હતા. તેમાંના છઠ્ઠા પુત્ર **કુમારસિંહ**ને રાજા કુમારપાલે કોઠારી તરીકે નીમ્યો હતો. એક ગ્રંથપુષ્પિકામાં ઉલ્લેખ છે કે, સં૦ ૧૨૨૫ માં કુમારસિંહ રાજા કુમારપાલનો મહામાત્ય હતો. (—શાંતિસૂરિરચિત 'પૃથ્વીચંદ્રચરિત'ની પુષ્પિકા)

(૪) **મંત્રી સોલ્લાક**—તે મહામાત્ય ઉદયનનો ચોથો પુત્ર હતો. તેનું બીજું નામ સોલ્હાક મળે છે. તેને 'સામંતમંડલી-

---

ચાવડાવંશના ભોજદેવના પુત્ર રાણકે માતા સોમનાના કલ્યાણ માટે **આંબરણ** ગામમાં દધિમતીના કિનારે સૌરાષ્ટ્રના અધિકારી પાલ્હ વગેરે પંચની સમક્ષ ભ૦ **શ્રીસુમતિનાથની પૂજા** માટે એક વાડીનું દાન કર્યું.
(—ગુજરાતના ઐતિહાસિક લેખો, ભા૦ ૩, લેખાંક : ૨૨૦, પૃ૦ ૨૨૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સત્રાગાર'નું બિરુદ હતું. તેણે તથા મંત્રી સામંતસિંહે મંત્રી વસ્તુપાલની જેમ વિષ્ણુ મંદિર વગેરે બંધાવ્યાં હતાં. તેથી કોઈ કોઈ વિદ્વાનો તેને માહેશ્વર માને છે. બનવાજોગ છે કે તેણે રાજા અજયપાલના દબાણથી આવું મિશ્ર વલણ અખત્યાર કર્યું હોય. ધોળકાના રણછોડજીના મંદિરમાં ઉદયનવિહારનો લેખ છે એ પણ એક સૂચક ઘટના છે. (-પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, પ્રબંધસંગ્રહ, પ્રબંધકોશ, ઉપદેશસારસટીક, કુમારપાલપ્રબંધ, પ્ર૦ ૪૧; જૈનસત્યપ્રકાશ, ક્રમાંક: ૨૨૨, ૨૨૫)

(૪) મંત્રી સજ્જન—

सङ्घाधिपत्यादिपदप्रतिष्ठासमन्वितैर्भव्यजनैर्विशालः ।
दानादिपुण्योदयजन्मभूमिः श्रीमालवंशो विदितो जगत्याम् ॥

(-જૈનપુસ્તકપ્રશસ્તિસં૦ પ્ર૦ ૬૧)

જાંબ વનરાજ ચાવડાના મંત્રી તરીકે પ્રસિદ્ધ હતો. તે જાંબના વંશમાં શ્રીમાલી મહં૦ રાણિગ થયો. તેને ત્રણ પુત્રો હતા. (૧) સજ્જન, (૨) આંબાક અને (૩) ધવલ.

મંત્રી **સજ્જન** એક વાર ઉંદિરાથી **ખંભાત** જતો હતો. વચ્ચે સકરપુરમાં એક **ભાવસારને ત્યાં** ઊતર્યો. ભાવસારના ઘરમાં કડાઈમાં સોનામહોરો ભરેલી હતી, પણ તે તેને કોલસા સમજતો હતો. સજ્જને પૂછ્યું કે, 'ભાઈ! સોનામહોરો આમાં કેમ રાખી છે?' ભાવસારે સજ્જનને ભાગ્યશાળી માની તે બધી સોનામહોરો તેને આપી દીધી; પરંતુ સજ્જનને પ્રતિજ્ઞા હતી કે બીજાની વસ્તુ લેવી નહીં. તેથી સજ્જને તે સોનામહોર રાજા **સિદ્ધરાજને** આપી દીધી. રાજા સજ્જનને શુદ્ધ નૈતિક ભાવનાવાળો અને શુદ્ધ શ્રાવક જાણીને ખુશ થયો. તેને રાજ્યમાં ઊંચો હોદ્દો આપવાનો પણ નિર્ણય કર્યો. **રાજા સિદ્ધરાજે** સં૦ ૧૧૭૦ માં રા' ખેંગારને હરાવ્યો અને તેના મરણ બાદ **મહામાત્ય વાહડના** કહેવાથી સજ્જનને સૌરાષ્ટ્રનો **દંડનાયક** નીમ્યો.

તેણે સૌરાષ્ટ્રને ઉન્નત બનાવ્યો. **ગિરનારના** પહાડ ઉપર ભ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નેમિનાથનું દેરાસર લાકડાનું બનેલું હતું, તે જીર્ણ હાલતમાં હતું. મંત્રી સજ્જને રાજગચ્છના **આ૦ ભદ્રેશ્વરસૂરિ**, જેઓ સદા એકાંતરે ઉપવાસનું તપ કરતા હતા, તેમના ઉપદેશથી એ દેરાસરનો પાયામાંથી **જીર્ણોદ્ધાર** કરાવ્યો અને એ કાર્યમાં સૌરાષ્ટ્રની ઉઘરાણીમાંથી ૭૨ લાખ જેટલું દ્રવ્ય ખરચીને ભવ્ય જિનપ્રાસાદ બંધાવ્યો. રાજા જ્યારે એ ઉપજની રકમ માગે ત્યારે **વણથલી**ના સંઘ પાસેથી એ રકમ મળે એવો પ્રબંધ પણ કર્યો. એ પ્રાસાદ શિલ્પશાસ્ત્રોક્ત 'પૃથ્વીજયપ્રાસાદ' બન્યો હતો. એ પ્રાસાદના ફળ વિશે જણાવ્યું છે કે—

> " एवंविधं विधत्ते यः प्रासादं पृथिवीजयम् ।
> पृथ्वीं विजयते कृत्स्नां निर्जितारिः स पार्थिवः ॥ "
>
> (—ભોજકૃત સમરાંગણસૂત્રધાર, અ૦ ૫૭)

રાજા સિદ્ધરાજ સં૦ ૧૧૮૫માં ગિરનારમાં યાત્રા નિમિત્તે આવ્યો, ત્યારે આ 'પૃથ્વીજય પ્રાસાદ' જોઈને ઘણો જ પ્રસન્ન થયો. તેણે સૌરાષ્ટ્રની ઉપજની રકમ માગી ત્યારે મંત્રી સજ્જને યથાસ્થિત વાત જણાવીને ખુલાસો કર્યો કે, 'મહારાજ! મેં આ પ્રાસાદમાં ઉપજની રકમ ખરચી નાખી છે, છતાં આપ આજ્ઞા કરો તો વણથલીના શ્રીસંઘ પાસેથી એટલી રકમ લાવી આપું.' રાજા તો આ પ્રાસાદ જોઈને ખુશ થયો હતો એટલે તેણે કહ્યું, 'મંત્રીવર! તમે આ જિનપ્રાસાદ રાજ્યના ખજાનામાંથી બનાવ્યો એ ઉચિત જ થયું છે, કેમકે પૃથ્વીજય પ્રાસાદનો લાભ પૃથ્વીપતિને જ મળવો જોઈએ. હું આ લાભને કેમ જતો કરું? આ રકમ રાજ્યના ચોપડામાં જિનમંદિર ખાતે ઉધારી દો, વણથલીથી લાવવાની જરૂર નથી.'

**તીર્થરક્ષા—**

રાજા સિદ્ધરાજે ભ૦ નેમિનાથની પૂજા કરી અને કાયમી પૂજા માટે ૧૨ ગામ ભેટ કર્યાં. તીર્થની પવિત્રતા જળવાઈ રહે તે માટે યોગ્ય **નિયમો** ઘડી આપ્યા :—આ તીર્થમાં કોઈએ (૧) આસન વગેરે ઉપર બેસવું નહીં, (૨) શય્યા ઉપર નિદ્રા લેવી નહીં, (૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રસોઈ કરવી નહીં, (૪) ભોજન કરવું નહીં, (૫) દહીં વલોવવું નહીં, (૬) સ્ત્રીસંગ કરવો નહીં, (૭) સુવાવડ કરવી નહીં વગેરે આ નિયમો આજ સુધી પળાય છે.

વણથલીના શેઠ **ભીમ સાથરિયા** વગેરે શ્રીસંઘે ભ૦ નેમિનાથના પ્રાસાદના જીર્ણોદ્ધાર માટે ૭૨ લાખ રૂપિયાની ટીપ કરી રાખી હતી, પણ એ લાભ રાજા સિદ્ધરાજે લીધો તેથી **સંઘે** ૭૨ લાખ ખરચીને વણથલીમાં ભવ્ય **દેરાસર** બંધાવ્યું. શેઠ **ભીમે** ભ૦ નેમિનાથને ઝવેરાતનો **હાર** પહેરાવ્યો.

મંત્રી સજ્જન પાકો જૈન હતો. તે પ્રતિદિન જિનપૂજા અને પ્રતિક્રમણ કરતો હતો. તેણે યુદ્ધવેળાયે પણ પ્રતિક્રમણ છોડયું નહોતું.

મંત્રી સાંતૂ તથા મંત્રી સજ્જને રાજગચ્છના તપસ્વી આ૦ **ભદ્રેશ્વરસૂરિ**ના ઉપદેશથી **વડઉદય**માં મોટી રથયાત્રા કઢાવી હતી.

(–સિજ્જંસચરિય)

जैन साहित्य JAINSITE .com जैनम् जयति शासनम्

રાજા **કુમારપાલે** સં૦ ૧૨૦૮ માં માળવા જીત્યો અને ત્યાંના દંડનાયક તરીકે મંત્રી સજ્જનને નીમ્યો.[1] મંત્રીએ પણ **સમિધેશ્વર**ના મંદિરમાં દીવા માટે એક ઘાણાનું દાન આપ્યું હતું. રાજા કુમારપાલે પાટણમાં સં૦ ૧૨૧૬–૧૭ માં ત્રિભુવનપાલવિહારની પ્રતિષ્ઠા કરી. તે ઉત્સવમાં મંત્રી સજ્જન ત્યાં હાજર હતો.

(–ઉપદેશસાર, ઉપ૦ ૪૮)

સજ્જન સૌરાષ્ટ્રનો **દંડનાયક** હતો. તે અરસામાં ભિન્નમાલ તેમજ પાટણના શ્રીમાલી જૈનોનાં ઘણાં કુટુંબો સૌરાષ્ટ્રમાં આવીને વસ્યાં હતાં.

મંત્રી સજ્જન **બાલ મૂળરાજ**ના સમયે (સં૦ ૧૨૩૨ થી સં૦ ૧૨૩૪) ગુજરાતનો મહામાત્ય હતો. રાજાને તેની વ્યૂહરચના

૧. चतुष्कलाध्यक्षः सेनानीर्दण्डनायकः । (જૂઓ, પ્ર૦ ૩૫, પૃ૦ ૭૭) —હાથી, ઘોડા, રથ, પગપાલા સેના એ ચતુરંગી સેના તથા દંડનીતિથી પ્રદેશનું શાસન કરનાર હોય તે દંડનાયક કહેવાય છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

મુજબ બાદશાહ મહમ્મુદ શાહબુદ્દીન સાથે યુદ્ધ કરવાથી જયલાભ થયો હતો. (જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૩૭)

મંત્રી સજ્જન પછી રાજા કુમારપાલે કવિ સિદ્ધપાલની ભલામણથી તેમના બીજા ભાઈ **આંબાકને** સૌરાષ્ટ્રનો દંડનાયક બનાવ્યો. જૂનાગઢથી ગિરનાર પર ચડવાને જો કે પાજ બની હતી પણ તે રસ્તો કઠિન હતો એટલે મંત્રી **આંબડે** સં૦ ૧૨૨૨-૨૩ માં ૬૩ લાખ દ્રવ્ય ખરચીને સાંકલી ગામ તરફની **સાંકળીપાજ** બંધાવી.

મંત્રી આંબાકે અંચલગચ્છના આ૦ જયસિંહસૂરિના ઉપદેશથી સોમનાથ પાટણમાં ભ૦ ચંદ્રપ્રભુસ્વામીના જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો. (-પ્રક૦ ૪૦, પૃ૦ ૫૧૯)

ત્રીજા ભાઈ **ધવલે** ગિરનાર તીર્થમાં **પરબ** બેસાડી.

એકંદરે ત્રણે શ્રીમાલી ભાઈઓએ ગિરનાર તીર્થને વિવિધ રીતે શોભાવ્યું છે. મંત્રી આંબડ પછી સૌરાષ્ટ્રનો દંડનાયક **જગદેવ શ્રીમાલી** બન્યો.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

મંત્રી સજ્જનને **પરશુરામ** નામે પુત્ર હતો.

(-પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, પુરાતનપ્રબંધસંગ્રહ, પ્રબંધકોશ, કુમારપાલચરિત, સિંજ્જંસચરિય, વસંતવિલાસ, ઉપદેશતરંગિણી, ઉપદેશસાર, ગુજરાતના ઐતિહાસિક લેખો, ભા૦ ૩, લેખાંક : ૧૫૨, ૧૫૩)

**(૨) શેઠ સજ્જન**—તે પાટણનો પોરવાડ હતો. તેણે સં૦ ૧૧૫૫ માં પૂર્ણતલ્લગચ્છના આ૦ દેવચંદ્રસૂરિના ઉપદેશથી શંખેશ્વર તીર્થનો ઉદ્ધાર કરાવ્યો—

पञ्चाशदादौ किल पञ्चयुक्ते एकादशे वर्षशते व्यतीते ।
निवेशितः सज्जनश्रेष्ठिना त्वं वन्दे सदा शङ्खपुरावतंसम् ॥

(-શંખેશ્વરતીર્થસ્તોત્ર, પ્ર૦ ૧, પૃ૦ ૫૫)

આ શેઠ **સજ્જનને કૃષ્ણ** નામે પુત્ર હતો. શ્રીચંદ્રમુનિએ મૂળરાજ (સં૦ ૧૨૩૨ થી ૧૨૩૪)ના રાજકાળમાં શેઠ કૃષ્ણના પરિવાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માટે અપભ્રંશભાષાનો 'કથાકોશ' સંધિ : ૫૩માં રચ્યો છે.
(-જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૪૮)

**(૩) શેઠ સજ્જન**—આ સજ્જન શેઠ સાચોરના સિદ્ધનાગ પોરવાડનો પૌત્ર હતો. (-પ્રક૦ ૩૮, પૃ૦ ૩૮૩)

**કવિ શ્રીપાલનો કવિવંશ**—

सन्मर्यादो गभीरो धनरसनिचितः साधुपाठीनहेतु-
र्नित्यं लक्ष्म्या निवासः कुलधरनिलयः सद्वसुस्थानमुच्चैः ।
कुल्याधारो गरीयान् प्रचुरतरलसत्कोटिपात्रोपशोभी
वंशः प्राग्वाटपुंसां क्षितितलविदितो वर्तते सिन्धुकल्पः ॥

**(૧) લક્ષ્મણ**—તે પાટણનો પોરવાડ હતો. તેણે ગૂજરાતને કવિવંશ આપ્યો છે. प्रज्ञाप्रकर्षः प्राग्वाटे એ કહેવતને ચરિતાર્થ કરી બતાવી છે. તેને (૧) શ્રીપાલ અને (૨) શોભિત એમ બે પુત્રો હતા. **શોભિત**ની પત્નીનું નામ શાન્તા હતું. તેણે **આશૂક નામ**ના પુત્રને જન્મ આપ્યો, જે ગૂજરાતના મહામાત્યની પદવીને વર્યો હતો.

**(૨) કવિ શ્રીપાલ**—તે પ્રજ્ઞાચક્ષુ (અંધ) હતો, પણ ઉદ્ભટ કવિ અને વિદ્વાન હતો. રાજા સિદ્ધરાજ તેને પોતાનો બાલમિત્ર અને બંધુ માનતો હતો. કપરો પ્રસંગ આવી પડતાં તે કવિ શ્રીપાલને પૂછતો હતો અને કવિશ્રી પણ રાજાના મનોગતભાવને બંધબેસતું કાવ્ય વિના વિલંબે રજૂ કરતો હતો. આથી રાજાએ તેને 'બાલ-સખા' અને 'કવિચક્રવર્તી'નાં બિરુદો આપ્યાં હતાં અને પોતાની પંડિતસભાનો મોવડી બનાવ્યો હતો. વસ્તુતઃ કવિ શ્રીપાલ ષટ્ભાષા કવિચક્રવર્તી હતો.[1]

---

૧. (अ) एकाहनिष्पन्नमहाप्रबन्धः श्रीसिद्धराजप्रतिपन्नबन्धुः ।
श्रीपालनामा कविचक्रवर्ती प्रशस्तिमेतामकरोत् प्रशस्ताम् ॥
(-રાજા કુમારપાલે સં૦ ૧૨૦૮ ના આસો સુદિ ૨ ગુરુવારે બંધાવેલા વડનગરના કિલ્લાની પ્રશસ્તિ)

(आ) श्रीसिद्धाधिपतिः कवीन्द्र इति च भ्रातेति च व्याहरत् ॥
(-આ૦ સોમપ્રભસૂરિએ સં૦ ૧૨૪૧માં રચેલો કુમારપાલપડિબોહો)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કવિચક્રવર્તીના બિરુદ વિશે એવી હકીકત જાણવા મળે છે કે, એક વાર સિદ્ધરાજે પોતાની પંડિતસભાના સમસ્ત વિદ્વાનોને એક પ્રાસંગિક પ્રબંધકાવ્ય રચવાને જણાવ્યું ત્યારે કોઈ વિદ્વાને તે માટે હામ ન ભીડી જ્યારે કવિ શ્રીપાલે એક જ દિવસમાં वैरोचनपराजय-महाप्रबन्ध રચ્યો અને રાજાએ પણ આ અદ્ભુતકળાથી પ્રસન્ન થઈને જ તેને 'કવિચક્રવર્તી'નું બિરુદ આપ્યું હતું.

આવી રીતે રાજા સિદ્ધરાજે બીજી વાર એક સમસ્યા પૂરવાથી કવિ શ્રીપાલને પોતાનો સર્વશૃંગાર પણ આપી દીધો હતો.

(–ઉપદેશતરંગિણી)

સં૦ ૧૧૮૧ માં પાટણની રાજસભામાં દિગંબરાચાર્ય કુમુદચંદ્ર અને **આ૦ વાદિદેવસૂરિ** વચ્ચે શાસ્ત્રાર્થ થયો, તેમાં કવિશ્રીએ મુખ્ય ભાગ ભજવ્યો હતો. તે આ૦ વાદિદેવસૂરિનો ઉપાસક હતો, ધર્મશિષ્ય હતો. તે જૈન મુનિવરોને પોતાના બંધાવેલા ઉપાશ્રયમાં ઉતારો આપતો હતો. વડગચ્છના આ૦ શ્રીવિજયસિંહસૂરિના પટ્ટધર આ૦ **હેમચંદ્રે** તેના ઉપાશ્રયમાં રહીને 'નાભેયનેમિદ્વિસંધાનકાવ્ય' રચ્યું હતું અને તેનું સંશોધન કવિ શ્રીપાલે જ કર્યું હતું. **આ૦ સોમપ્રભસૂરિએ** પણ સં૦ ૧૨૪૧ માં એ કવિના જ ઉપાશ્રયમાં રહીને 'કુમારપાલપડિબોહો' નામના પ્રબંધની રચના કરી હતી.

ભાગવતાચાર્ય દેવબોધિ સિદ્ધ સારસ્વત વિદ્વાન હતો. પણ તે વ્યવહારમાર્ગથી વિરુદ્ધ વર્તન ચલાવતો હતો. તે અને કવિ શ્રીપાલ વચ્ચે સદાચારને ઉદ્દેશીને ઝગડો પડ્યો હતો. પણ કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિએ સં૦ ૧૧૮૪ માં તે બંને વચ્ચેનો ઝગડો દૂર કરાવી, મૈત્રી કરાવી દીધી હતી. તેમણે રાજા સિદ્ધરાજ પાસેથી દેવબોધિને એક લાખ દ્રવ્ય અપાવ્યું અને તેને આત્માભિમુખ બનાવ્યો.

(જૂઓ, પ્રક૦ ૪૨, પૃ૦ ૬૦૮, ૬૦૯)

કવિ શ્રીપાલે રચેલા ગ્રંથો આ પ્રકારે જાણવા મળે છે—

---

(૬) एकाहनिष्पन्न०...सुधीरिमं शोधितवान् प्रबन्धम् ॥

(–આ૦ હેમચંદ્રસૂરિકૃત નાભેયનેમિદ્વિસંધાનકાવ્ય)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) વૈરોચનપરાજયમહાપ્રબંધ.

(૨) વડનગરદુર્ગપ્રશસ્તિ, શ્લો૦ ૨૯, સં૦ ૧૨૦૮ આસો સુદિ ૨ ને ગુરુવાર.

(૩) સહસ્રલિંગસરઃપ્રશસ્તિ. (આ તળાવનાં બીજાં નામો—દુર્લભસાગર સરોવર અને નેમિરાજ સરોવર હતાં એમ પણ જાણવા મળે છે.)

(૪) રુદ્રમાલપ્રશસ્તિ.

(૫) યમકમય ચતુર્વિંશતિ જિનસ્તુતિ, શ્લો૦ ૨૯.

(૬) શતાર્થીકાવ્ય, શ્લો૦ ૧.

(૭) નાભેયનેમિદ્વિસંધાનકાવ્યનું તેમણે સંશોધન કર્યું હતું.

કવિ શ્રીપાલનું મૂળ શતાર્થી કાવ્ય આ પ્રકારે છે—

भूभारोद्धरणो रसातलगमः स्वर्गेऽथ शोभावनः
सारश्रोगपरः प्रभावसविता सत्यागत्रेष्टोदितः ।
व्यापन्नोर — सिद्धराजवसुधा मद्‌दत्यक्षरामेवली
सन्नागः सहरीरसाहितमहो राज्याय साधूरतः ॥

કવિએ ત્રણ અનેકાર્થ રચનાઓ જોઈ પ્રેરણા પામી આ શતાર્થી કાવ્ય બનાવ્યું છે. આમાં સિદ્ધરાજ વગેરે ૧૦૦ જણ સાથે ૧૦૦ અર્થ ઘટાવ્યા છે, જે સોનો ક્રમ નીચે મુજબ છે—

૧. **સિદ્ધરાજ**, ૨. સ્વર્ગ, ૩. શિવ, ૪. બ્રહ્મા, ૫. વિષ્ણુ, ૬. ભવનપતિ, ૭. કાર્તિકેય, ૮. ગણેશ, ૯. ઇંદ્ર, ૧૦. વૈશ્વાનર, ૧૧. ધર્મરાજ, ૧૨. નૈર્ઋત, ૧૩. વરુણદેવ, ૧૪. ઉપવન, ૧૫. કુબેર, ૧૬. વસિષ્ઠ, ૧૭. નારદ, ૧૮. કલ્પવૃક્ષ, ૧૯. ગંધર્વ, ૨૦. દિવ્ય-ભ્રમર, ૨૧. દેવાશ્વ, ૨૨. ગરુડ, ૨૩. હરસમર, ૨૪. **જિનવરેંદ્ર**, ૨૫. બુદ્ધ, ૨૬. **પરમાત્મા**, ૨૭. સાંખ્યપુરુષ, ૨૮. દેવ, ૨૯. લોકાયત-પુરુષ, ૩૦. ગગનમાર્ગ, ૩૧. સૂર્યગ્રહ, ૩૨. ચંદ્ર, ૩૩. અંગારક, ૩૪. બુધ, ૩૫. ગુરુ, ૩૬. શુક્ર, ૩૭. શનિ, ૩૮. વરુણ-ગ્રહ, ૩૯. રેવંત, ૪૦ મેઘ, ૪૧. ધર્મ, ૪૨. સૂર્યદેવ, ૪૩. કામ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવ, ૪૪. મેરુ, ૪૫. કૈલાસ, ૪૬. હિમાલય, ૪૭. મંદરાચલ, ૪૮. ભૂભાર, ૪૯. સમુદ્ર, ૫૦. પરશુરામ, ૫૧. રામ, ૫૨. બલભદ્ર, ૫૩. હનુમાન, ૫૪. પથિ-પાર્થિવ, ૫૫. યુધિષ્ઠિર, ૫૬. ભીમ, ૫૭. અર્જુન, ૫૮. કર્ણ, ૫૯. રસ, ૬૦. રસસિદ્ધ, ૬૧. રસોત્સવ, ૬૨. અવધૂત-યોગી, ૬૩. પાશુપતાચાર્ય, ૬૪. બ્રાહ્મણ, ૬૫. કવિ, ૬૬. અમાત્ય, ૬૭. નૌ-દંડાધ્યક્ષ વિજ્ઞપ્તિકા, ૬૮. દૂતવાક્ય, ૬૯. વર્ધરક, ૭૦. વીરપુરુષ, ૭૧. નૃપરાજ, ૭૨. નૃપતુરગ, ૭૩. વૃષભ, ૭૪. હાથી, ૭૫. જલાશય, ૭૬. દેડકો, ૭૭. આરામ, ૭૮. સિંહ, ૭૯. સદ્વૃક્ષ, ૮૦. સાર્થવાહ, ૮૧. સાંયાત્રિક, ૮૨. સત્પુરુષ, ૮૩. વેશ્યાપતિ, ૮૪. શરદ્સમય, ૮૫. સિદ્ધરાજયુદ્ધ, ૮૬. પ્રતિપક્ષ, ૮૭. વરણાયુધ, ૮૮. ચોર, ૮૯. જાર, ૯૦. દુર્જન, ૯૧. શબર, ૯૨. રસાતલગામી, ૯૩. લુકમગાધિપ, ૯૪. મહાવરાહ, ૯૫. શેષ, ૯૬. વાસુકિ, ૯૭. કનકચૂલા, ૯૮. બલિદૈત્ય, ૯૯. દિગ્ગજ, ૧૦૦. **સારસ્વત મંત્ર.**

કવિ શ્રીપાલે આ શતાર્થીના આદિ મંગલમાં સિદ્ધરાજ અને અંતિમ મંગલમાં સારસ્વત મંત્રને ગોઠવી આસ્તિકતા વ્યક્ત કરી છે અને અંતિમ પ્રશસ્તિમાં પોતાને કવિરાજ, કવિચક્રવર્તી તથા એક દિવસમાં પ્રબંધના રચયિતા તરીકેનો પરિચય કરાવ્યો છે.

(—જૈન સત્યપ્રકાશ; ક્રમાંક : ૧૩૧)

આ રીતે કવિ શ્રીપાલ સિદ્ધરાજ જયસિંહની સભાનો અજોડ વિદ્વાન હતો. એવો ઉલ્લેખ મળે છે કે, સં૦ ૧૨૨૬ માં મહારાજા કુમારપાલે શત્રુંજયનો સંઘ કાઢ્યો તેમાં આ કવિ સાથે હતો. આ ઉપરથી તે દીર્ઘાયુષી હતો એમ જણાય છે. તેનો કવિત્વકાળ સં૦ ૧૧૫૦ થી ૧૨૧૦ સુધીનો મનાય.

**(૩) કવિ સિદ્ધપાલ**—તે કવિ શ્રીપાલનો પુત્ર હતો. તે પણ મહાકવિ હતો. રાજા કુમારપાલનો પ્રીતિપાત્ર અને વિશ્વાસુ મિત્ર હતો. તે ક્યારેક ક્યારેક રાજાને શાંતરસ તથા વૈરાગ્યરસની વાતો સંભળાવતો હતો એમ ‘ કુમારપાલપડિબોહો ’માં એવું એક વ્યાખ્યાન મળે છે. ‘ સુમતિનાહચરિયં ’માં ઉલ્લેખ છે કે, રાજા તેને કવિમંડલીનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મસ્તકમણિ માનતો હતો. રાજાએ તેની જ ભલામણથી મંત્રી આંબડ શ્રીમાલીને સૌરાષ્ટ્રનો દંડનાયક નીમ્યો હતો. તે સં૦ ૧૨૨૯ માં રાજા કુમારપાલે કાઢેલા શત્રુંજય સંઘમાં પણ સાથે હતો.

એક વાર રાજા કુમારપાલે સાધર્મિકની ભક્તિમાં દ્રવ્ય આપ્યું. કવિ **સિદ્ધપાલ** તે પ્રસંગે બોલ્યો—

क्षिप्त्वा वारिनिधिस्तले मणिगणं रत्नोत्करं रोहणो
रेणवावृत्य सुवर्णमात्मनि दृढं बध्वा सुवर्णाञ्चलः ।
क्ष्मामध्ये च धनं निधाय धनदो बिभ्यत् परेभ्यः स्थितः
किं स्यात् तैः कृपणैः समोऽयमखिलार्थिभ्यः स्वमर्थं ददन् ॥

—સમુદ્ર મણિઓને પોતાના તળિયે છુપાવે છે. રોહણાચલ રત્નોને ધૂળ સાથે સેળભેળ કરીને રાખે છે, કુબેર ધનને જમીનમાં દાટી રાખે છે. હે રાજન્! તું તો **દાનવીર** છે. તો તને એ કંજુસોની ઉપમા કેમ અપાય?

જૈન સાઈટ JAINSITE .com જયતિ શાસનમ્

पूर्वं वीरजिनेश्वरे भगवति प्रख्याति धर्मं स्वयं
प्रज्ञावत्यभयेऽपि मन्त्रिणि न यां कर्तुं क्षमः श्रेणिकः ।
अक्लेशेन कुमारपालनृपतिस्तां जीवरक्षां व्यधाद्
यस्यासाध्यवचः सुधांशुपरमःश्रीहेमचन्द्रो गुरुः ॥

—ભગવાન મહાવીર જેવા ગુરુદેવ હતા, અભયકુમાર જેવો મંત્રી હતો છતાં રાજા શ્રેણિક જે જીવરક્ષા ન કરી શક્યો તે જીવરક્ષા આ૦ શ્રીહેમચંદ્રસૂરિ જેવા જેના પરમગુરુ છે એવા કુમારપાલ રાજાએ આચાર્યશ્રીની વાણી સાંભળીને તે સરળતાથી પસાર કરી.

આ બીજું કાવ્ય-પદ્ય **પં૦ શ્રીધર**ની ઉક્તિ મનાય છે.

રાજાએ આ કાવ્યોના બદલામાં લાખ લાખ દ્રમ્મ આપ્યા.

(—પ્રબંધકોશ, પ્રબંધ ૧૦ મો)

તે કવિ સિદ્ધપાલ પોતાના ઘર-ઉપાશ્રયમાં જૈન મુનિવરોને પધરાવતો હતો. આ૦ **સોમપ્રભસૂરિ**એ સં૦ ૧૨૪૧ માં સિદ્ધપાલ કવિ-

ની વ્યવસ્થાવાળા ઉપાશ્રયમાં રહીને જ 'કુમારપાલપડિબોહો'ની રચના કરી હતી.

આ કવિરાજ સિદ્ધરાજ, કુમારપાલ, અજયપાલ અને બાલ મૂળરાજની સભાનો માન્ય વિદ્વાન હતો એટલે તેનો સમય સં૦ ૧૧૮૦ થી સં૦ ૧૨૪૫ સુધીનો જણાય છે.

(૪) **કવિ વિજયપાલ**—તે કવિ સિદ્ધપાલનો પુત્ર હતો. તેણે સંસ્કૃતમાં 'દ્રૌપદીસ્વયંવરનાટક' અંક : ૨ રચ્યું છે. રાજા ભીમદેવ (બીજા)ના રાજકાળમાં તેની આજ્ઞાથી વસંતોત્સવમાં ત્રિપુરુષદેવની સામે ભજવાયું હતું, જે સાંભળીને પાટણની જનતા ખૂબ ખુશ થઈ હતી.

(–પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, ઉપદેશતરંગિણી, કુમારપાલ પડિબોહો, સુમતિનાહચરિય, પ્રશસ્તિઓ અને અર્બુદાચલ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૨૦૭)

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**મંત્રી આશુક પોરવાડ**—

આબૂ ઉપર વિમલવસહીની હસ્તિશાલા પાસેના સભામંડપના એક સ્તંભની પાછળ એક નાનો પથ્થર ઊભો છે. તેમાં એક તરફ **શોભિત**, તેની પત્ની **શાંતા** અને પુત્ર **આશુક**ની મૂર્તિ કોતરેલી છે. બીજી તરફ શોભિતની ઘોડેસવાર મૂર્તિ કોતરેલી છે તેની નીચે આ પ્રકારે લેખ કોતરેલો છે—

" प्राग्वाटान्वयवंशमौक्तिकमणेः श्रीलक्ष्मणस्यात्मजः
श्रीश्रीपालकवीन्द्रबन्धुरमलप्रज्ञालतामण्डपः ।
श्रीनाभेयजिनाङ्घ्रिपद्ममधुपः त्यागाद्भुतैः शोभितः
श्रीमान् शोभित एष पुण्यविभवैः स्वर्लोकमासेदिवान् ॥
चित्तोत्कीर्णगुणः समग्रजगतः श्रीशोभितः स्तम्भको–
त्कीर्णः शान्तिकया समं यदि तया लक्ष्म्येव दामोदरः ।
पुत्रेणाशुकसंज्ञकेन च धृतप्रद्युम्नरूपश्रिया
सार्धं नन्दतु यावदस्ति वसुधा पाथोधिमुद्राङ्किता ॥

૨૫૭૮ છે કે, પાટણના શેઠ **લક્ષ્મણ** પોરવાડને બે પુત્રો હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) કવીન્દ્ર શ્રીપાલ, (૨) શોભિત. શેઠ શોભિત અહીં પુણ્ય બાંધીને મરણ પામ્યો. આ સ્તંભ તેની યાદગીરીમાં ઊભો કરવામાં આવ્યો છે. આ સ્તંભમાં શ્રીમાન્ શોભિત, શ્રીમતી શાંતિ અને તેનો રૂપાળો પુત્ર આશુક છે.

આશુક સિદ્ધરાજનો **મહામાત્ય** બન્યો. તેની વિનતિથી આ૦ **મુનિચંદ્રસૂરિ**એ સં૦ ૧૧૭૪ માં તેમના શિષ્ય **વાદિદેવસૂરિને** આચાર્યપદ આપ્યું હતું. રાજા **સિદ્ધરાજે** સં૦ ૧૧૮૧ માં દિગંબરાચાર્ય કુમુદચંદ્રને વાદમાં જીતવા માટે આ૦ વાદિદેવસૂરિને **વિજયપત્ર** લખી આપ્યું અને મોટી રકમનું ભેટણું કર્યું પરંતુ **જૈનો**ના સિદ્ધાંત મુજબ તે આચાર્યશ્રીએ ધન લીધું નહીં ત્યારે રાજાએ મંત્રી **આશુકને** એ રકમથી જિનાલય બંધાવવાની આજ્ઞા કરી હતી. મંત્રીએ એ રકમમાં પોતાના તરફથી બીજી વધુ રકમ ઉમેરી ભ૦ ઋષભદેવનું દેરાસર તૈયાર કરાવ્યું અને રાજાએ સં૦ ૧૧૮૭ ના વૈશાખ સુદિ ૧૨ ના દિવસે આ૦ વાદિદેવસૂરિ વગેરે ચાર ગચ્છના આચાર્યો પાસે તેની પ્રતિષ્ઠા કરાવી.

રાજા સિદ્ધરાજે સં૦ ૧૧૮૫ માં પુત્રકામનાથી પગપાળા સોમનાથની યાત્રા કરી ત્યારે તેણે ગિરનારમાં દંડનાયક સજ્જને તૈયાર કરાવેલા ભ૦ નેમિનાથના પૃથ્વીજયપ્રાસાદનો ખર્ચ રાજ્યના ખજાનામાંથી આપ્યો. પૂજા માટે ૧૨ ગામોનું શાસન આપ્યું અને શત્રુંજય તીર્થમાં પ્રભુની યાત્રા કરી પૂજા માટે ૧૨ ગામો આપ્યાં હતાં. આ કામ **મહામાત્ય આશુક**ની સલાહથી કર્યાં હતાં.

**વનરાજ** ચાવડાને પણ **આશુક** નામે મોઢ મંત્રી હતો.

(પ્રક૦ ૨૧, પૃ૦ ૪૯૮)

(–પ્રભાવકચરિત્ર પ્રક૦ ૨૧, ૨૨; ધર્માભ્યુદય-સંઘપતિચરિત્ર, વસંતવિલાસ, અર્બુદ પ્રાચીન લેખસંદોહ, લેખાંક : ૨૦૭)

સં૦ ૧૧૭૯ માં પાટણમાં રાજા જયસિંહદેવના રાજ્યમાં મહામાત્ય આશુકના સમયે પ્રાંતીજના પ્રદ્યુમ્ન જૈન તથા ગોઠીઓએ અર્જિકા **મરુદેવીગણિની** તથા ચેલ્લિકા વાલમતી ગણિનીને ભણવા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માટે યક્ષદેવ પાસે તાડપત્ર ઉપર 'ઉત્તરજ્ઝયણ' લખાવ્યું, તે પ્રતિ પાટણમાં છે. (–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર૦ ૨૫)

सन्मर्यादो गभीरो घनरसनिचितः साधुपाठीनहेतु-
निंत्यं लक्ष्म्या निवासः कुलधरनिलयः सद्वसुस्थानमुच्चैः ।
कुल्याधारो गरीयान् प्रचुरतरलसत्कोटिपात्रोपशोभी
वंशः प्राग्वाटपुंसां क्षितितलविदितः वर्तते साधुकल्पः ॥

સં૦ ૧૧૯૧ ના ભાદરવા સુદ ૮ ને સોમવારે ધવલક્કમાં ખેડાના પં૦ **વાસુકે** ગણિની દેવશ્રી માટે 'પુષ્પવતી-કથા' લખી.

(–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર૦ ૩૮)

**મંત્રી આલિગદેવ**—

મહામાત્ય આલિગ પણ ઇતિહાસના પાને ચમકે છે. સં૦ ૧૧૫૨ માં રાજા સિદ્ધરાજે સિદ્ધપુર વસાવી ત્યાં સં૦ ૧૧૮૪ માં સિદ્ધ-વિહાર તથા રુદ્રમાલ બંધાવ્યાં. મંત્રી આલિગે તે જ સમયે સિદ્ધપુરમાં ચતુર્મુખવિહાર કરાવ્યો, આ ચતુર્મુખવિહારના ધોરણે શા૦ ધન્નાશાહ પોરવાડે સં૦ ૧૪૯૬ ના ફા૦ વ૦ ૫ ના રોજ રાણક-પુરમાં ભ૦ ઋષભદેવસ્વામીનો ત્રૈલોકપદીપક પ્રાસાદ નામનો ચતુર્મુખ-જિનપ્રાસાદ બનાવ્યો.

મંત્રી આલિગદેવે ખંભાતમાં ઉપાશ્રય બનાવ્યો હતો. તેમાં આ૦ સોમતિલકસૂરિ સં૦ ૧૩૭૩ માં સ્વર્ગે ગયા.

સિદ્ધરાજે સં૦ ૧૧૯૨–૯૩ માં માળવા પર ચડાઈ કરી ત્યારે પાટણની રક્ષાનો ભાર મંત્રી આલિગને સોંપ્યો હતો.

રાજા કુમારપાલે એક વાર પૂછ્યું કે, 'મંત્રીવર! એ બતાવો કે, હું સિદ્ધરાજથી ઊતરતો છું કે તેમના સરખો છું કે તેમનાથી ચડિયાતો છું? હું વચન આપું છું કે, આના ઉત્તરમાં તમે જે કહેશો તે સાંભળીને હું જરાયે ગુસ્સો નહીં કરું. માટે જે વાસ્ત-વિક હોય તે જ બતાવજો.'

મંત્રી આશુકે જવાબ આપ્યો, 'રાજન્! રાજા સિદ્ધરાજમાં ૯૬

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુણો હતા અને ૨ દોષો હતા; જ્યારે તમારામાં ૨ ગુણો છે અને ૯૬ દોષો છે.' રાજા કુમારપાલે આ ઉત્તર સાંભળીને પોતાને અધમ પુરુષ માની પોતાની આંખ ફોડી નાખવા માટે છરી હાથમાં લીધી, એ જ વખતે મંત્રીએ તરત જ તેમને રોકીને જણાવ્યું, મારો જવાબ પૂરો સાંભળ્યા પહેલાં તમે ઉતાવળ કરી રહ્યા છો, સાંભળો—સિદ્ધરાજમાં અસુભટતા અને પરસ્ત્રીલંપટતા એ બે મોટા દોષો હતા, જે તેમના ૯૬ ગુણોને ઢાંકી દેતા હતા, જ્યારે તમારામાં શૂરવીરતા અને પરસ્ત્રીસહોદરતા એ બે મુખ્ય ગુણો તમારા લોભ વગેરે ૯૬ દોષોને ઢાંકી દે છે.'

આ જવાબ સાંભળીને રાજા શાંત થયો—સ્વસ્થ બન્યો.

મંત્રી આલિગ સત્યવાદી, મુત્સદ્દી અને અનુભવી જૈન હતો.

અભિનવ સિદ્ધરાજના સમયમાં પણ મંત્રી આલિગ હતો, જેનું એક રાજવિજ્ઞપ્તિપત્ર પણ મળે છે.

(—લેખપદ્ધતિ, ગા૦ ઓ૦ સી૦ નં૦ ૧૯, પ્રબંધચિંતામણિ, ઉપદેશસાર, ઉપ૦ ૪૮)

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

*

**વાધૂયનનો મંત્રીવંશ—**

**૧. શેઠ વાધૂ**—તે ગલ્લકકુલનો હતો. ગલ્લકકુલ નાગેંદ્રગચ્છનું ઉપાસક હતું. વાધૂએ સંગમખેટક (સંખેડા)માં ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર કરાવ્યું અને તેની પૂજા માટે ૧૦૦ હળ જમીન ભેટ આપી, જેમાં ચાર વાડીઓ હતી.

સં૦ ૧૨૨૬ના બીજા શ્રાવણ સુદિ ૩ ને સોમવારે પાલાઉદ્ર ગામમાં માંડલના જાલ્યોદ્ધારગચ્છના મોઢ પાલ્હણે જાલ્યોદ્ધારગચ્છના આ૦ ગુણભદ્રસૂરિ માટે નંદીસૂત્રની 'દુર્ગપદવ્યાખ્યા' લખી તેમજ સં૦ ૧૨૨૭ માં દંડાજય-પથકના પાલાઉદ્ર ગામમાં તાડપત્ર ઉપર આ૦ શીલાંકસૂરિનું 'મહાપુરિસચરિયં' લખાયું. એ સમયે વાધૂયાન ગૂર્જરેશ્વર કુમારપાલનો મહામાત્ય હતો. (—જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર૦ ૯૦)

**૨. કપર્દી**—તેણે વટસરમાં ભ૦ આદિનાથનું ચૈત્ય બંધાવ્યું.

૩. **આમ્રદેવ**—તેની પત્નીનું નામ રેણુકા હતું.

૪. **દેવચંદ્ર**—તેની પત્નીનું નામ પદ્મિની હતું. તેને (૧) **આંબડ**, (૨) જહ્લણ, (૩) **આહ્લાદન** અને (૪) પ્રહ્લાદન એમ ચાર પુત્રો હતા. આ ચારે ભાઈઓ રાજ્યના જુદા જુદા ખાતાના મંત્રીઓ હતા.

૫. **આહ્લાદન**—મંત્રી આંબડ સં૦ ૧૨૯૬ માં રાજા ભીમદેવનો મહામાત્ય હતો અને **આહ્લાદન** દંડનાયક હતો. આંબડ સં૦ ૧૨૯૬ માં મરણ પામ્યો એટલે મંત્રી આહ્લાદન મહામાત્ય બન્યો. મંત્રી આહ્લાદન થરાદમાં રહેતો હતો. તેણે સાચોરમાં વીર-ચૈત્યમાં ભ૦ ઋષભદેવની તથા થરાદના આદિનાથ ચૈત્યમાં ભ૦ પાર્શ્વનાથ, ભ૦ ચંદ્રપ્રભ, ભ૦ સીમંધરસ્વામી, ભ૦ યુગમંધરસ્વામી, દેવી સરસ્વતી અને અંબાદેવીની મૂર્તિઓ પધરાવી. વટેસર તથા સંએડામાં જિનમંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો, નવી પ્રતિમાઓ ભરાવી, ફરી પ્રતિષ્ઠા કરાવી. આ૦ વર્ધમાનસૂરિના ઉપદેશથી ભ૦ વાસુપૂજ્યના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. નાગેંદ્રગચ્છના ઉપાશ્રયનો જીર્ણોદ્ધાર કરાવ્યો. વિવિધ ગ્રંથો લખાવ્યા. આ૦ વર્ધમાનસૂરિ પાસે સં૦ ૧૨૯૯ માં વિનંતિ કરીને 'વાસુપૂજ્યચરિત્ર', સર્ગ : ૪ ની રચના કરાવી અને પોતે પણ પાર્શ્વનાથસ્તવન, શ્લોક : ૧૦ રચ્યું, જેમાં તેમણે જણાવ્યું છે કે, 'आह्लादनमन्त्रिपरमप्रमोद० ।'

(-જૈનસ્તોત્રસંદોહ, ભા૦ ૨, સ્તોત્ર : ૫૨)

(-વાસુપૂજ્યચરિતપ્રશસ્તિ, મહાપુરિસચરિયપુષ્પિકા, મંત્રાધિરાજચિંતામણિ સ્તોત્ર, નં૦ : ૫૨, પ્રક૦ ૩૫, પૃ૦ ૫)

**મંત્રી નાહડ**—

વનવાસીગચ્છના (૧૭) આ૦ વૃદ્ધદેવસૂરિ, વડગચ્છના (૩૭) આ૦ દેવસૂરિ કે (૪૧) આ૦ વાદિદેવસૂરિના ઉપદેશથી કોરટાનો મંત્રી નાહડ વગેરે જૈન બન્યા હતા એમ મનાય છે.

(-પ્રક૦ ૧૭, પૃ૦ ૩૪૭, પ્રક૦ ૪૧, પૃ૦ ૫૭૩)

આ૦ વાદિદેવસૂરિએ કોરટામાં મંત્રી નાહડ, મંત્રી સાલિગ વગેરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૦૦ કુટુંબોને જૈન બનાવ્યાં. આચાર્યશ્રીએ ચંડિકાદેવીને પ્રતિબોધ આપી નાહડને જીવ-હિંસામાંથી મુક્ત કરાવ્યો. મંત્રી નાહડે નાહડવસહી બંધાવી અને તેમાં સં૦ ૧૨૫૨ માં પ્રતિષ્ઠા કરાવી.

(—ઉપદેશતરંગિણી, ઉપદેશસાર)

મંત્રી આલિગને પ્રતિજ્ઞા હતી કે જિનપૂજા કર્યા સિવાય અનાજ ખાવું નહીં.

**સેનાપતિ યશોવીર, રાજા કટુકરાજ—**

તે નાડોલના રાજા અશ્વરાજ (સં૦ ૧૧૬૭ થી ૧૨૦૦) ચૌહાણનો સેનાપતિ હતો. સાંડેરકગચ્છનો જૈન હતો. તેને **બાહડ** નામે પુત્ર હતો અને થલ્લક નામે પૌત્ર હતો. થલ્લક રાજા અશ્વરાજનો કૃપાપાત્ર અને યુવરાજ કટુકનો મિત્ર હતો. મંત્રી યશોવીરે સં૦ ૧૧૭૨ ના માહ વદિ ૧૪ના દિને સેવાડીના ભ૦ મહાવીરસ્વામીના દેરાસરમાં એક ગોખ બનાવી, તેમાં ભ૦ શાંતિનાથની પ્રતિષ્ઠા કરાવી. યુવરાજ **કટુકરાજે** સં૦ ૧૧૭૨ ના શિવરાત્રિના દિવસે થલ્લકની પ્રેરણાથી તેની પૂજા માટે દર સાલ ૮ દ્રમ્મનો ખર્ચ બાંધી આપ્યો. તે કટુકરાજ (સં૦ ૧૨૦૮માં) નાડોલનો રાજા થયો.

(—પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા૦ ૨, લેખાંક : ૩૨૩, ૩૨૪, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૭૩, પ્રક૦ ૩૪, પૃ૦ ૫૯૩, સેવાડી પ્રક૦ ૩૫, પૃ૦ ૧૬૯)

*

**શેઠ નેમિનાગનો વંશ—**

अस्तीह सद्रत्ननिवासधिष्ण्यमुरुपक्षावृतभूमिपीठः ।
श्रीमाननेकाङ्गिगणाश्रयश्च सन्मोढवंशः शरदीशतुल्यः ॥२॥

(—જૈ૦ પુ૦ પ્ર૦ સં૦ પ્ર૦ ૬૬)

૧. **નેમિનાગ—**તેનું બીજું નામ નેમિકુમાર પણ મળે છે. તે આ૦ શ્રીહેમચંદ્રસૂરિનો મામો હતો. મોઢ જૈન હતો. તેને **અભય** અને **વાહડ** નામે બે પુત્રો હતા. વાહડ કવિ અને વિદ્વાન હતો. તેણે 'નેમિનિર્વાણકાવ્ય' અને 'કાવ્યાનુશાસન' રચ્યાં છે અને પોતાના

JAINSITE.com जैन साइट नमो जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાવ્યાનુશાસનમાં ‘ વાગ્ભટાલંકાર ’નો ઉલ્લેખ કર્યો છે.

૨. **અભયકુમાર**—તેને પદ્મા નામે પત્ની હતી અને હરિચંદ નામે પુત્ર હતો. રાજા **કુમારપાલે** દાનશાલાનું ખાતું તેની દેખરેખ નીચે રાખ્યું હતું. આ૦ **સોમપ્રભસૂરિએ** સં૦ ૧૨૪૧ માં ‘ કુમારપાલપડિબોહો ’ રચીને સર્વ પ્રથમ અભયકુમાર વગેરે પરિવારને સંભળાવ્યો હતો. તેમજ અભયકુમારે પણ તે ગ્રંથની ઘણી પ્રતિઓ લખાવી હતી. સંભવ છે કે, શેઠ અભયકુમાર તે જ **શેઠ અભયડ** સં૦ ૧૨૪૮ માં આશાપલ્લીમાં **દંડનાયક** હતો ત્યારે તેની સમ્મુખ વાદિ દેવસૂરિગચ્છના આ૦ **પ્રદ્યુમ્નસૂરિ** અને ખરતરગચ્છના આ૦ **જિનપતિસૂરિ** વચ્ચે **ઉદયનવિહાર**ની વંદનિકા બાબત શાસ્ત્રાર્થ થયો હતો.

(–જૈનસત્યપ્રકાશ, પ્રક૦ ૨૫૫, પૃ૦ ૫૮૫)

**૩. હરિચંદ.**

ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિ, જાલિહરગચ્છના આ૦ ચંદ્રસિંહસૂરિ અને રાજગચ્છના આ૦ બાલચંદ્રસૂરિ વગેરે જૈનાચાર્યો મોઢ જ્ઞાતિનાં રત્નો હતાં. (મોઢ માટે જૂઓ, પ્રક૦ ૩૨, પૃ૦ ૫૨૪)

**શેઠ સોમેશ્વર**—

૧. કર્પૂરપટ્ટાધીશનો પુત્ર, મૃત્યુ સં૦ ૧૨૧૭ પહેલાં.

(પ્રક૦ ૩૮, પૃ૦ ૩૯૨)

૨. મંત્રી વસ્તુપાલનો દાદો. તેની વિનતિથી આ૦ પૂર્ણભદ્રે સં૦ ૧૨૫૪ માં ‘ પંચતંત્ર ’નો પાઠોદ્ધાર કર્યો. (પ્રક૦ ૩૮, પૃ૦ ૩૫૫)

**શ્રીમાન્ વાહડદેવો**[1]

૧. મંત્રી ઉદયનનો પુત્ર, જે ગૂજરાતનો મહામાત્ય હતો. સં૦ ૧૨૧૩. (પ્રક૦ ૪૧, પૃ૦ ૬૫૪)

૨. કર્પૂરપટ્ટાધીશના પુત્ર શેઠ સોમેશ્વરનો પુત્ર, જેણે રાજા સિદ્ધ-

---

૧. આ પહેલાં સિંહગુપ્તસૂનુ કવિ વાગ્ભટ થયો હતો. તેણે ‘અષ્ટાંગ હૃદયસંહિતા ’ શ્લો૦ ૭૩૮૫ રચી છે. મંગલાચરણ—

रागादिदोषान् सततानुषक्तान्, अशेषकायप्रसृतानशेषान् ।
औत्सुक्यमोहारतिदान् जघान, योऽपूर्ववैद्याय नमोऽस्तु तस्मै ॥

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજના રાજ્યમાં 'વાગ્ભટાલંકાર' (પરિ૦ ૫, શ્લો૦ ૨૧૦) રચ્યો. પાદરામાં ઉંદરવસહિકા નામે જિનાલય બંધાવ્યું અને તેમાં વાદિદેવસૂરિસંતાનીય આ૦ જિનભદ્રસૂરિના હાથે ભ૦ મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરાવી. (પ્રક૦ ૩૮, પૃ૦ ૬૯૨)

૩. શેઠ **નેમિનાગ** મોઢનો બીજો પુત્ર. તેણે 'નેમિનિર્વાણમહાકાવ્ય' રચ્યું હતું. (પ્રક૦ ૪૧, પૃ૦ ૬૭૭)

૪. મંત્રી **મકલપ્પને** મહાદેવી નામે પત્ની હતી. તેમને રાહડ અને નેમિકુમાર નામે બે પુત્રો હતા. રાહડકુમારે રાહડપુર વસાવ્યું અને ભ૦ ઋષભદેવનો જિનપ્રાસાદ બનાવ્યો.

શેઠ નેમિકુમાર, જે રાહડકુમારનો નાનો લક્ષ્મણ જેવો ભાઈ હતો, તે મેવાડના કરહેડા તીર્થના ભગવાન નેમિનાથનો ભક્ત હતો. તેણે મેવાડમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી મોટો યાત્રા-ઉત્સવ ઉજવ્યો હતો તથા રાહડપુરમાં ભ૦ નેમિનાથનું મોટું જિનાલય બનાવ્યું. જાતમહેનતથી ધન મેળવી નલોટકમાં ભ૦ ઋષભદેવના જિનપ્રાસાદમાં દક્ષિણ દિશા તરફ ૨૨ દેરીઓ બનાવી. તે નેમિકુમારને **વાગ્ભટ** નામે પુત્ર થયો. તે મોટો વિદ્વાન હતો. વિવિધ શાસ્ત્રોનો જ્ઞાતા હતો. સર્વ કલામાં નિપુણ હતો. મહાકવિ હતો. તેણે સ્વોપજ્ઞ વૃત્તિવાળું કાવ્યાનુશાસન, ઋષભદેવચરિત્રમહાકાવ્ય, નેમિનિર્વાણકાવ્ય (સર્ગ : ૧૫, શ્લો૦ ૯૮૮) જિનચતુર્વિંશતિ, છંદ, અલંકાર, નાટક, મહાપ્રબંધો વગેરે ગ્રંથો રચ્યા છે.

તે શ્વેતાંબર, દિગંબર અને અજૈન શાસ્ત્રનો અભ્યાસી હતો. તેના ગ્રંથોમાં આ ત્રણે સાહિત્યની છાપ છે. તેના સાહિત્યમાં કવિ ધનપાલનાં ઘણાં સૂક્તો મળે છે. સંભવ છે કે, આ વિદ્વાન દિગંબર જૈન હોય અથવા તેનો દિગંબર ધર્મથી વિશેષ પરિચય હોય. તેની સાહિત્યપ્રસાદી 'કાવ્યાનુશાસન'માં આ પ્રકારે જોવા મળે છે—

सर्वार्धमागधीं सर्वभाषासु परिणामिनीम् ।
सर्वेषां सर्वतोवाचं सार्वज्ञीं प्रणिदध्महे ॥ (–કાવ્યાનુશાસન–મંગલ)

सद्‌यतिसेवितपादं वरगणधरमूर्जितप्रवरवृत्तम् ।
श्रीवर्धमानमादौ जयदेवं भक्तितो वन्दे ॥
(–કાવ્યાનુશાસન, ટીકા–છંદોનૈપુણ્ય)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકંદરે **વાગ્ભટ** એ મોટો જૈન વિદ્વાન હતો.

શેઠ સોમનો પુત્ર કવિ વાહડ અને શેઠ નેમિકુમારનો પુત્ર વાહડિ એ બંને સમકાલીન વિદ્વાનો હતા.

૫. નાડોલના મંત્રી **યશોવીર**નો પુત્ર, તેના પુત્ર થલ્લકની પ્રેરણાથી યુવરાજ **કદુકે** સં૦ ૧૧૭૨ માં સેવાડીના ભ૦ મહાવીરસ્વામીના દેરાસર માટે ખર્ચ બાંધી આપ્યો. (પ્રક૦ ૪૧, પૃ૦ ૬૭૭)

૬. **શા૦ વાહડિ,** તેના પૌત્ર ખરતરગચ્છના **ઉપા૦ વિવેકસમુદ્રગણિ** હતા. સં૦ ૧૩૦૪ થી સં૦ ૧૩૬૯. (પ્રક૦ ૪૦, પૃ૦ ૪૬૧)

૭. વઢવાણનો મંત્રી **વાહડ પોરવાડ,** તેનો પુત્ર શણિગ, તેના પુત્રો મંત્રી રણમલ્લ તથા મંત્રી સેગની વિનતિથી રાજગચ્છના **આ૦ પ્રદ્યુમ્નસૂરિએ** સં૦ ૧૩૨૪ માં 'સમરાદિત્યસંક્ષેપ' રચ્યો. (પ્રક૦ ૩૫, પૃ૦ ૨૩)

૮. વાહડ સિદ્ધનાગ પોરવાડનો વંશજ સજ્જનનો પુત્ર હતો. (જૂઓ, પ્રક૦ ૩૮, પૃ૦ ૩૮૪)

૯. **વાયડગચ્છનો બાહડ**—સં૦ ૧૨૯૭.

ગુજરાતમાં ભોયણી તીર્થથી ૬ કોશ દૂર **સૂરજ ગામ** છે. ત્યાંના સંઘે સં૦ ૨૦૦૬ ના જેઠ સુદિ ૧૫ ને બુધવારે અનુરાધા નક્ષત્રમાં સવારે કલાક ૮ મિનિટ ૪૯ ના સમયે ભ૦ કુંથુનાથના બે માળના પ્રાચીન જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કર્યો. આ ગ્રંથના લેખકો મુનિ દર્શનવિજય, તેમના ગુરુભાઈ મુનિ જ્ઞાનવિજય અને મુનિ દર્શનવિજયના શિષ્ય મુનિ ન્યાયવિજય ત્રિપુટીના હાથે બે માળમાં ૨૫ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી. તેમાં એક ત્રિગડું છે, ત્રિગડાના બીજા ગઢમાં એક શિલાલેખ છે તે આ પ્રકારે છે—

सं० ॥ १२९०(७) श्रीवायटीयगच्छे श्रीजीवदेवमुख्यसंताने सूरयजग्रामे श्रे० वाहडेन पितृव्य श्रे० देशन्मातृ लाहिणीश्रेयोऽर्थं तत्पुत्र्यात्मजसंघापासूभार्यायाः पुण्यार्थं च समवसरणं कारितं ॥

એટલે કે, સં૦ ૧૨૯૭ માં વાયડગચ્છના શ્રાવક દેશનો ભત્રીજો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને શેઠાણી લાહિણીનો પૌત્ર **વાહડ** નામે થયો.

૧૦. **વાહડ**—મંત્રી આભૂ સોનગરા શ્રીમાળીના વશંજ સં૦ ઝાંઝણનો પુત્ર, તેના વંશમાં કવિવર **મંડન** અને કવિ **ધનદ** થયા, જે આ૦ **જિનભદ્ર**ના શ્રાવકો હતા. (પ્રક૦ ૪૫)

**શેઠ છિદ્દક (છાડા) વંશાવલી—**

તે પાટણનો વીશા પોરવાડ જ્ઞાતિનો જૈન હતો. મોટો વેપારી હતો. ૯૯ લાખ સોનૈયાનો માલિક હતો. તેણે મંત્રી વાહડના દેરાસરના એક ગોખમાં ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિએ પ્રતિષ્ઠિત કરેલી ભ૦ અજિતનાથની ચમત્કારી પ્રતિમા સ્થાપન કરી હતી. રાજા કુમારપાલને આ પ્રતિમાની માનતા રાખવાથી અજમેરમાં વિજય મળ્યો હતો. શેઠ છાડા સં૦ ૧૨૧૬–૧૭ના તિહુઅણપાલવિહારના પ્રતિષ્ઠામહોત્સવમાં સામેલ હતો. તેના વંશની **વંશાવલી** આ પ્રકારે મળે છે—

શેઠ છાડાને હાંસીદેવી નામે પુત્રી હતી.

(૧) **શેઠ છાડા**, (૨) કાઓ, પત્ની કુદ્દ, (૩) સાદો, પત્ની લલતૂ, (૪) દેવો.

(૧) શેઠ છાડા, (૨) કાઓ, (૩) રાજડ, પત્ની ગોમતી, (૪) ખીમસિંહ, પત્ની ધનાઈ, (૫) દેતો, પત્ની કનકાઈ, (૬) સોનપાલ, અમીપાલ, **પૂરી**, જસુ, બાસુ. પૂરીએ દીક્ષા લીધી, તેનું નામ સાધ્વીશ્રી **સાધુલબ્ધિ** પાડવામાં આવ્યું હતું.

(૫) ખીમસિંહ, બીજો પુત્ર નોતો, પત્ની લાલી.

(૬) પૂનપાલ. પૂનાનો નાનો ભાઈ **ઈશ્વર**, પત્ની જીવિણી, બેન મલ્હાઈ (૬) હેમરાજ; ધરણ.

(૪) ખીમસિંહ, નાનો ભાઈ **સહસા**, પત્ની વારુ. (૫) સમધર પત્ની વાધૂ.

શેઠ છાડાના વંશમાં સોળમી સદીમાં **સં૦ ખીમો, સં૦ સહસા** એમ બે ભાઈઓ થયા, તેઓ તપાગચ્છના આ૦ **લક્ષ્મીસાગરસૂરિ** (સં૦ ૧૫૦૮, સં૦ ૧૫૧૭) અને આ૦ **સોમજયસૂરિ**ના શ્રાવકો હતા. તેઓએ આ૦ **જયચંદ્રસૂરિ** પાસે પોતાની પૌત્રી પુરી, જે દીક્ષિત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઈ હતી તે સાધ્વી **સાધુલબ્ધિને** ગણિનીપદ અપાવ્યું હતું અને સંઘપૂજા કરી હતી.

સં૦ ૧૫૨૭ના પોષ વદિ ૫ના રોજ પાવાગઢ ઉપર મોટા જિનબિંબની પ્રતિષ્ઠા કરાવી. સં૦ ૧૫૩૩માં **શત્રુંજય** તથા ગિરનાર તીર્થના છ'રી પાળતા યાત્રાસંઘો કાઢ્યા, તથા દાનશાળાઓ સ્થાપન કરી અને સાધર્મિકની ભક્તિ કરી દીનોદ્ધાર કર્યો. સમ્યગ્દર્શન **મોદક** બનાવી તેમાં રૂપાનાણું ગોઠવી લહાણી કરી. ગચ્છની પરિધાપનિકા, પ્રતિષ્ઠા, ગુરુપદસ્થાપના, પ્રવેશોત્સવ, તીર્થોદ્ધાર, અને ઘણાં પરોપકારનાં કાર્યો કર્યાં. આ૦ **લક્ષ્મીસાગરસૂરિ** અને આ૦ **સોમજય**ના ઉપદેશથી સં૦ ૧૫૩૮માં **સર્વ જૈન સિદ્ધાંતો** લખાવ્યા, જેનું આ૦ સોમજયે સંશોધન કર્યું અને અપ્રમત્ત પં૦ **જયમંદિર**ગણિએ તેની વ્યવસ્થા કરી. (-જૈનસત્યપ્રકાશ, ક્ર૦ ૧૩૦, ૧૩૧)

(-પ્રભાવકચરિત્ર-હેમચંદ્રસૂરિચરિત્ર, ઉપદેશસાર-સટીક, પં૦ લા૦ ભ૦ ગાંધીકૃત 'તેજપાલનો વિજય'નું પ્રાસ્તાવિક)

*

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

### શેઠ ધવલ, શેઠ વૈરસિંહ—

તે ધોળકાનો વતની શ્રીમાલી જૈન હતો. તેણે ધોળકામાં ભ૦ મુનિસુવ્રતસ્વામીનું દેરાસર બંધાવ્યું. તેની વિનતિથી મલધારગચ્છના આ૦ ચંદ્રસૂરિએ 'મુણિસુવ્વયચરિય' રચ્યું. સંભવ છે કે, તેની પત્ની રુક્મિણીએ સં૦ ૧૨૫૫માં મુનિ સુમતિસિંહને 'તિલકમંજરી' વહોરાવી હોય.

તેમને **વૈરસિંહ** નામે પુત્ર હતો, જે મંત્રી **વાહડનો** મિત્ર હતો. તેણે ખંભાતમાં ભ૦ પાર્શ્વનાથનું ચૈત્ય બંધાવ્યું અને સંભવ છે કે, આ૦ હેમચંદ્રસૂરિની આજ્ઞા મેળવી તેણે આશાવલ કે ધોળકાના ઉદયનવિહાર ઉપર ૩૧ સ્વર્ણકળશો ચડાવ્યા હોય.

(-મુણિસુવ્વયચરિય, ધોળકાના ઉદયનવિહારની પ્રશસ્તિ, શ્લો૦ ૯૨, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૨૨, પ્રક૦ ૪૧, પૃ૦ ૬૫૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૫) ભીમાશાહ—**

(૧) વણથલીનો નગરશેઠ **ભીમ સાથરિયો—**તેણે સૌરાષ્ટ્રના દંડનાયક **સજ્જન**ની પ્રેરણાથી ગિરનારતીર્થના જીર્ણોદ્ધાર માટે ૭૨ લાખ દ્રવ્યની ટીપ કરી રાખી હતી, પણ રાજા **સિદ્ધરાજે** તેનો ખર્ચ આપ્યો એટલે શ્રીસંઘે એ રકમમાંથી વણથલીમાં દેરાસર બંધાવ્યાં. શેઠ **ભીમે** સં૦ ૧૧૮૫માં ગિરનારમાં ભ૦ નેમિનાથને **હાર** ચડાવ્યો, અને ગિરનાર પર **ભીમકુંડ** બંધાવ્યો.

(૨) **ભીમાશાહ** ખંભાતનો વેપારી હતો. તેણે ખંભાતમાં જગા ન મળવાથી શહેરની બહાર હાથીદાંતની **પોષાળ** બંધાવી, વસ્તી વધવાથી તે પોષાળ આજે નગરની અંદર ગણાય છે.

(—ઉપદેશતરંગિણી)

(૩) ભીમાશાહ—તે ખંભાતનો વતની હતો. તેણે સં૦ ૧૩૨૭માં આ૦ દેવેન્દ્રસૂરિનું સ્વર્ગગમન થયું જાણી શોકથી ૧૨ વર્ષ સુધી અનાજનો ત્યાગ કર્યો. તેણે આખા ભારતમાં ૭૦૦ સ્થાનોમાં ચતુર્થ-વ્રતધારી પુરુષો અને સ્ત્રીઓને એક રેશમી સાડી તથા પાંચ હીરા-ગલ સાડી એમ છ વસ્ત્રની લહાણી કરી હતી. માંડવગઢના મંત્રી પેથડશાહે તથા તેની પત્ની પદ્મિનીએ પોતાને આ લહાણી મળતાં બત્રીશ વર્ષની ઉંમરે સજોડે બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું હતું.

(તપાગચ્છપટ્ટાવલી, પ્રક૦ ૪૫)

(૪) કુંભલમેરુ દુર્ગના શેઠ ભીમાશાહ—તે કુંભલમેરુદુર્ગનો રહીશ હતો. જ્ઞાતિએ પોરવાલ જૈન હતો. તેણે આબૂતીર્થમાં પિત્તલ-હર નામનો મોટો જૈન પ્રાસાદ બનાવ્યો. (પ્રક૦ ૩૭, પૃ૦ ૨૮૮)

**(૫) ભીમ કુંડલિયો—**

મહામાત્ય **વાહડે** સં૦ ૧૨૧૩માં શત્રુંજય તીર્થમાં મૂળ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેનો પ્રતિષ્ઠા-ઉત્સવ ચાલુ હતો તે સમયે **ટીમાણા**નો ચીંથરેહાલ ભીમ નામે જૈન આવ્યો. તે કુંડલાના ઘીનો વેપારી હતો. તેણે પોતાના ગામથી ૬ દ્રમ્મનું ઘી લાવી તેની સંઘમાં ફેરી કરી એક રૂપિયો ને સાત દ્રમ્મની કમાણી કરી. તેમાંથી તેણે એક રૂપિયાના ફૂલ ખરીદી પ્રભુની પૂજા કરી. આવો જીર્ણોદ્ધાર

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

કરાવનાર મંત્રી વાહડ કેવો છે એ જાણવા-જોવાની ઇચ્છા કરીને મંત્રીના તંબૂ પાસે આવ્યો પણ તેમાં જતાં તેને સંકોચ થતો હતો. મંત્રીએ તેનો ભાવ પારખીને તેને બોલાવી પોતાની પાસે અર્ધ આસન ઉપર બેસાડી બધો વૃત્તાંત જાણી લીધો. મંત્રીએ તેને જણાવ્યું કે, 'તું મારો સાધર્મિક ભાઈ છે તેથી મારા યોગ્ય કંઈ કામ હોય તો જણાવજે.'

એ જ સમયે તીર્થોદ્ધારના **વહીવટદારો** તીર્થોદ્ધારની રકમ પૂરી કરવા માટે ટીપ કરી રહ્યા હતા. **ભીમે** પોતાના બચેલા જે સાત દ્રમ્મ હતા તે સઘળી મૂડી ટીપમાં આપી દીધી. મંત્રીએ તેની આવી નિઃસ્પૃહતા જોઈ, ત્યાગભાવનાથી પ્રસન્ન થઈ તેનું નામ ટીપની વહીમાં મોખરે લખાવ્યું અને બીજા શેઠિયાઓને જણાવ્યું કે, 'ત્યાગ તે આનું નામ. આને કાલે ખાવાને માટે સાધન નથી છતાં ધર્મકાર્યમાં આવો ત્યાગ કરે છે.'

મંત્રીએ ૫૦૦ દ્રમ્મ અને ૩ રેશમી વસ્ત્રો મંગાવીને તેને ભેટ ધર્યાં. ભીમે હસીને જવાબ આપ્યો, 'મંત્રીવર! આ નાશવંત ધનના લોભમાં હું મારું પુણ્ય વેચી ન શકું. તમે પૂર્વભવમાં પુણ્ય કર્યું છે તે આજે આ સ્થિતિમાં છો ને મારા જેવાને આ રીતે બદલો આપવો એ તો ધર્મમાં **છેતરામણી** કર્યા જેવું કહેવાય.' મંત્રીએ તેનો આવો વિવેક જોઈ-સાંભળી તેને ખૂબ ધન્યવાદ આપ્યો. છેવટે તેને પાનનું **બીડું** આપી તેનું અતિ સમ્માન કર્યું.

તે સાંજે ઘેર આવ્યો ત્યારે તેની કર્કશા પત્ની આજે જાણે ડાહી ડમરી બની ગયેલી જોવાઈ. કેમકે તેને ગમાણમાંથી ગાય બાંધવાનો ખીલો ઠીક કરવા જતાં ચાર હજાર **સોનામહોરો** મળી આવી હતી અને તે વાતની હર્ષભેર ખબર આપવા તે ઉત્સાહિત થયેલી હતી, શેઠ ભીમાને નિર્ણય થયો કે, આ પ્રભુપૂજાનું જ ફળ છે.

તેમણે બીજે દિવસે સંઘમાં આવીને મંત્રી વાહડને આ રકમ આપી અને જણાવ્યું કે, 'આ રકમનો તીર્થમાં વ્યય કરો.' મંત્રીએ આ રકમ લેવાનો સાફ ઇન્કાર કર્યો. **ભીમે** વિનીતભાવે કહ્યું:

જૈન साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'મંત્રીજી ! મારી પાસે એક **બળદ** છે તે બસ છે. આ ધન રાખીને તો ફોકટનો કલેશ જ વહોરવાનો છે.' આમ કહ્યાં છતાં મંત્રીએ તે રકમ સ્વીકારી નહીં. આ રકઝકમાં તેનો દિવસ પૂરો થયો.

રાત્રે **કપર્દી** યક્ષે આવીને ભીમને સમજાવ્યો કે, 'હું તારી પુષ્પપૂજાથી પ્રસન્ન થયો છું તેથી મેં તને આ ધન આપ્યું છે. એ ધનનો તારે માટે અને દાન દેવામાં ઉપયોગ કર, હવે એ ધન તારે ત્યાં ખૂટવાનું નથી.'

ભીમે ત્રીજે દિવસે સવારે ભ૦ ઋષભદેવની સ્વર્ણ, રત્ન તથા પુષ્પો વડે લાખેણી **પૂજા** કરી, અને કપર્દી યક્ષની પણ પૂજા કરી. પોતાને ઘેર જ્યારે આવ્યો ત્યારે તેનો ભંડાર છલોછલ ભરેલો હતો. આવી ત્યાગભાવનાથી તે સુખી થયો. ભીમે શત્રુંજય ઉપર 'ભીમકુંડ' બંધાવ્યો. (–પ્રભાવક ચરિત્ર, છેલ્લો પ્રબંધ)

**જગડશાહ સોરઠિયો—**

મહુવામાં હંસાશાહ સોરઠિયો નામે **પોરવાડ** જૈન હતો. તે વહાણવટાનો વેપારી હતો. તેને **ધારુ** નામે પત્ની અને **જગડ** નામે પુત્ર હતો. તેની પાસે સવા–સવા કરોડની કિંમતનાં પાંચ માણેક હતાં, અને બીજું પણ ઘણું ધન હતું. તેણે મરણ સમયે પોતાના પુત્રને જણાવ્યું કે, 'આ પાંચ માણેક છે તે પૈકી એક **શત્રુંજયના** મૂળનાયક ભ૦ ઋષભદેવને, બીજું માણેક **ગિરનારના** મૂળનાયક ભ૦ નેમિનાથને અને ત્રીજું માણેક **પ્રભાસ પાટણના** મૂળનાયક ભ૦ ચંદ્રપ્રભુને ચડાવજે અને બે માણેક તારા માટે રાખજે.'

**હંસાશાહે** આવી વ્યવસ્થા બતાવી ભ૦ ઋષભદેવનું શરણ સ્વીકારી, અનશન કરીને, સૌ જીવોને ખમાવી સ્વર્ગસ્થ થયો. જગડશાહે પિતાની મરણોત્તર ક્રિયા પતાવી.

જગડશાહ તરત જ તેની માતા ધારુને લઈને શત્રુંજય આવ્યો. એ સમયે રાજા કુમારપાલનો છ'રી પાળતો યાત્રાસંઘ ત્યાં આવ્યો હતો. **તીર્થમાલની** બોલી બોલાતી હતી ત્યારે આ જગડશાહ સવા કરોડનો ચડાવો બોલ્યો. રાજા અને અમાત્ય તો આ જગડશાહનો

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વેશ જોઈને આવી મોટી રકમ વસૂલ થશે કે કેમ તેની શંકામાં પડી ગયા. પણ શેઠે તરત જ પોતાની પાસેનું સવા કરોડનું માણેક બતાવ્યું ત્યારે સૌએ હર્ષનાદથી તેને આદેશ આપ્યો. જગડશાહે પોતાની માતાને **તીર્થમાલા** પહેરાવી અને મંત્રી વાહડે ભગવાન માટે એક રત્નજડિત કંઠો બનાવી તેમાં તે માણેકને ગોઠવ્યું.

જગડશાહે બીજાં બે માણેક ગિરનાર અને પ્રભાસપાટણમાં જઈને આપ્યાં. (–પ્રબંધકોશ, હેમચંદ્રસૂરિપ્રબંધ)

આજે પણ શત્રુંજય ઉપર **સાલગીરીની** ધ્વજા ચડાવવાનો હક **સોરઠિયા જૈનોનો** મનાય છે.

ભદ્રાવતીનો પ્રસિદ્ધ દાનવીર જગડૂશાહ શ્રીમાલી આ જગડશાહથી જુદો અને પછી સં૦ ૧૩૧૫માં થયો હતો.

(–જૂઓ પ્રક૦ ૩૮ પૃ૦ ૩૭૭)

સતરમી સદીમાં શેઠ વર્ધમાન શાહ લાલનનો પુત્ર જગડૂશાહ થયો હતો તે પણ મોટો દાની હતો. તે ત્રીજો જગડૂશાહ હતો. (પ્રક૦ ૪૧)

*

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

**શેઠ કુબેરદત્ત—**

પાટણમાં **કુબેરદત્ત** નામે એક દરિયાઈ વેપારી હતો. તેની પાસે તેના પરિગ્રહની નોંધ મુજબ—૧,૦૦૦ હાથી, ૫૦,૦૦૦ ઘોડા, ૮૦,૦૦૦ ગોકુલ, ૧૦૦૦ રત્ન–હીરા વગેરે ઝવેરાત, ૫૦૦ હળ, ૫૦૦ ગાડી, ૫૦૦ વહાણ, ૫ ઘર, ૫ હાટ, ૨૦૦૦ ધાન્યના કોઠારો, ૬ કરોડ સોનામહોરો, ૬ કરોડ ચાંદી વગેરે દ્રવ્ય હતું.

તેના ઘરમાં રત્નજડિત **જિનચૈત્ય** ઘરદેરાસર હતું, તેમાં ભોંયતળિયે રત્નો જડેલાં હતાં. **જિનપ્રતિમા** પણ ચંદ્રકાંત મણિની હતી.

શેઠ કુબેરદત્તને માતા હતી, પત્ની હતી પણ કંઈ સંતાન નહોતું. એક રાતે તે અચાનક મરણ પામ્યો. એ સમયે અપુત્રિયાનું ધન રાજાને મળે એવો કાયદો હતો. તેથી રાજા **કુમારપાલ** બીજા વેપારીઓના કહેવાથી તેનું ધન લેવા માટે તેના ઘરે આવ્યો. રાજા શેઠના પરિગ્રહની નોંધ વાંચી ખૂબ ખુશ થયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરંતુ શેઠની માતા અને પત્ની એક તો શેઠના મરણથી કલ્પાંત કરતાં જ હતાં તેમાં તેઓનું બધું ધન પણ રાજા લેવા આવ્યો છે એ જાણીને અત્યંત રુદન કરવા લાગી. રાજા આવી કરુણ સ્થિતિ જોઈને ગળગળો થઈ ગયો. તેણે ત્યાં જ મક્કમ વિચાર કરીને કહ્યું: 'આવું ધન લેવું એ તો સ્ત્રીજાતિનું ભયંકર અપમાન છે. મારે આ ધન ન જોઈએ.'

બસ, તે જ દિવસથી તેણે **રુદતીધનનો** જે પટ્ટો હતો તે પાણીમાં નાખ્યો અને એ ધન મરનારની પત્ની પાસે રહે એવો કાયદો જાહેર કર્યો.

**સ્ત્રીના સમાન** હકનો ભારતવર્ષનો આ પહેલો કાયદો હતો, જે આજ સુધી ચાલુ છે.

પ્રજાએ **રાજા કુમારપાલ**નું આવું પ્રજાવાત્સલ્ય જોઈને તેને 'રાજપિતામહ' કહીને બિરદાવ્યો.

(–મોહરાજપરાજય નાટક અંક: ૩, શ્લો૦ ૩૯–૪૨; કુમારપાલચરિત્ર, ઉપદેશસાર–સટીક ઉ૫૦૭, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૧૯)

*

**મંત્રી પૃથ્વીપાલ—**

મંત્રી પૃથ્વીપાલ તે નિન્નયવંશના મંત્રી આનંદનો પુત્ર હતો, પોરવાડ હતો. રાજા સિદ્ધરાજ તથા કુમારપાલનો મંત્રી હતો. (સં૦ ૧૨૦૪). (પ્રક૦ ૩૫, પૃ૦ ૧૮૭, પ્રક૦ ૩૭, પૃ૦ ૨૮૨)

**શેઠ યશોધન—**

તે પોરવાડ હતો. તેના કલ્યાણ માટે તેના પુત્રો આંબો વગેરેએ સં૦ ૧૨૧૨માં **વિમલવસહી**ના ગોખમાં ભ૦ ઋષભદેવની પ્રતિષ્ઠા કરાવી.

**મહત્તમ દુર્લભરાજ, (૨) જગદેવ—**

આ પોરવાડજ્ઞાતીય પિતા–પુત્રે સં૦ ૧૨૧૬ની આસપાસ 'સામુ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્રિકતિલક' અને 'સ્વપ્નચિંતામણિ' (શ્લો૦ ૩૨૧) નામે ગ્રંથો રચ્યા છે.
(પ્રક૦ ૩૮, પૃ૦ ૩૯૬)

*

**(૧) મંત્રી જગદેવ—**

મંત્રી સજ્જન અને મંત્રી આંબાની પછી મંત્રી **જગદેવ** શ્રીમાલી સં૦ ૧૨૦૮ લગભગમાં કર્ણાવતીનો સૂબો હતો. પછીથી તે સૌરાષ્ટ્રનો **દંડનાયક** બન્યો. તે જાણે રાજા કુમારપાલનું જ બીજું તેજ હોય તેવો પ્રતિભાશાળી હતો. તેને **અભયદેવ** નામે પુત્ર હતો. અને **વસંતપાલ** નામે પૌત્ર હતો. વસંતપાલ પણ રાજકુમાર જેવો દેખાવડો હતો. તેણે દાદા જગદેવની આજ્ઞાથી સં૦ ૧૨૫૬ ચૈત્ર સુદિ ૧૩ ને શુક્રવારે ગિરનાર તીર્થ ઉપર નંદીશ્વરનો પટ્ટ કરાવ્યો અને તેની (રાજગચ્છના) આ૦ ચંદ્રસૂરિના શિષ્ય આ૦ જિનેશ્વરના શિષ્ય આ૦ **દેવેન્દ્ર** પાસે પ્રતિષ્ઠા કરાવી.

(–ગુજરાતના ઐતિહાસિક લેખો, ભા૦ ૩, પૃ૦ ૧૯૨
રાજવિજ્ઞપ્તિકા, લેખપદ્ધતિ પ્રક૦ ૩૫, પૃ૦ ૨૭)

**મંત્રી યશોધવલ બાલકવિ જગદેવ—**

તે વારાહીનો શ્રીમાલી જૈન હતો. રાજા સિદ્ધરાજના સમયે તે ખજાનાનો મંત્રી હતો. રાજા કુમારપાલના સમયે મહામાત્ય પદ ઉપર હતો.

આ૦ વાદિદેવસૂરિના આ૦ જિનભદ્રે સં૦ ૧૨૧૮માં પાટણમાં તેના મહામાત્યપણામાં 'કલ્પચૂર્ણિ'ની તાડપ્રતિ લખાવી. સં૦ ૧૨૨૦ના પોષ સુદિ ૧૫ ને ગુરુવારે ઉદયપુર (ગ્વાલિયર)ના શિલાલેખમાં પણ તેને **મહામાત્ય** બતાવ્યો છે.

**બાળકવિ જગદેવ**—તેને **જગદેવ** નામે પુત્ર હતો, તે કવિ હતો. ક૦ સ૦ આ૦ **હેમચંદ્રસૂરિ**એ તેની કવિતાથી પ્રસન્ન થઈ તેને 'બાળકવિ'નું બિરુદ આપ્યું હતું. તે ધર્મઘોષગચ્છની **શ્રમણોપાસક સમિતિ**નો વડો હતો. આ૦ **મુનિરત્નસૂરિ**નો ભક્ત હતો. તેણે ઉજ્જૈનમાં રાજા નરવર્મની સભામાં શિવવાદીને હરાવ્યો હતો. આ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુનિરત્નના ઉપદેશથી પાટણના રાજજ્યોતિષી રુદ્રદેવનો પુત્ર મંત્રી નિન્નય, તથા મંત્રી ચૂહન ભટ્ટ જૈન બન્યા હતા. તે બન્ને જગદેવના મિત્રો હતા. એ ત્રણે જૈનધર્મની ઉન્નતિમાં ઘણો રસ લેતા હતા. કવિ જગદેવની વિનતિથી આ૦ મુનિરત્ને સં૦ ૧૨૫૨માં પાટણમાં 'અમમ-ચરિત્ર' રચ્યું હતું. બાલકવિ જગદેવ તથા કવિ કુમાર વગેરે વિદ્વાનોએ તેનું સંશોધન કર્યું હતું.

કવિ કુમાર, પૂર્ણપાલ, યશ:પાલ, મણુ, મહાનંદ વગેરે કવિ જગદેવના સમકાલીન વિદ્વાનો હતા. (પ્રક૦ ૩૫, પૃ૦ ૪૭)

**શ્રીડાહીદેવી—**

તે પાટણના શેઠ **સત્યકિની** પુત્રી હતી. તે બચપણથી ક૦ સ૦ આ૦ **હેમચંદ્રસૂરિ**ને વંદન કર્યા સિવાય ભોજન લેતી નહોતી. પિતાએ તેનો વિવાહ **ખંભાત**માં કર્યો. ત્યાં પણ તે ભ૦ મુનિસુવ્રતસ્વામીની તથા આચાર્યશ્રીની ચરણપાદુકાની પૂજા કરીને જ જમતી હતી. તેણે આ નિયમનું જીવનપર્યંત પાલન કર્યું હતું.

(–આ૦ ગુણાકરની ભક્તામરસ્તોત્ર વિવૃતિ, કાવ્ય : ૧૪, સં૦ ૧૪૨૬)

*

**ચાંપલદે—**

પાટણના શેઠ **આભડ વસા**ની એ પુત્રી હતી. બાલવિધવા થવાથી તે તેના પિતાને ત્યાં જ રહેતી હતી. તે ઘરરખુ, ચતુર, વિવેકી, ધર્માત્મા અને સામાના મનની પારખું તેમજ વિદુષી હતી.

(જૂઓ, પ્રક૦ ૪૧, પૃ૦ ૬૯૩)

**શેઠ હેમચંદ—**

તેણે સીસોદિયા રાણા જૈત્રસિંહ ( સં૦ ૧૨૭૦ થી ૧૩૦૯ ) ના રાજ્યમાં મહામાત્ય જગતસિંહના સમયે આહડમાં સમસ્ત જૈન સિદ્ધાંતો લખાવ્યા.

**કવિ યશશ્ચંદ્ર—**

શાકંભરીમાં ધર્કટવંશીય શ્રીમાલી ધનદેવ નામે હતો. તે ચૌહાણ રાજાનો મહામાત્ય હતો. તેને **પદ્મચંદ્ર** નામે પુત્ર અને **યશશ્ચંદ્ર**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નામે પૌત્ર હતો. તે રાજાનો આશ્રિત કવિ હતો. તેઓ ધર્મઘોષ-ગચ્છના શ્રાવકો હતા.

કવિ યશશ્ચંદ્રે એ મહાકાવ્યો તથા ચાર નાટકોની રચના કરી હતી. નાટકોમાં ‘મુદ્રિતકુમુદચંદ્રનાટક’ અને ‘રાજિમતીપ્રબોધ’ એ એ નાટકો જાણીતાં છે.

પાટણની રાજસભામાં સં૦ ૧૧૮૧માં આ૦ વાદિદેવસૂરિએ દિગંબરાચાર્ય કુમુદચંદ્ર સાથે શાસ્ત્રાર્થ કરી વિજય મેળવ્યો એ ઘટનાને ગૂંથતું ઐતિહાસિક નાટક ‘મુદ્રિતકુમુદચંદ્ર’ (સર્ગ : ૫) નામે રચ્યું છે. તેની રચના પ્રૌઢ પાંડિત્યનું દર્શન કરાવે છે.

**હાંસીદેવી—**

તે પાટણના **શેઠ છાડા વીશા પોરવાલની વિધવા** પુત્રી હતી. તે એકવાર રાજા **સિદ્ધરાજના** રાજવિહારમાં જિનદર્શન કરતી હતી ત્યારે સામાન્ય લાગતો **પાસિલ** નામનો જૈન તે દેરાસરનું ખૂબ બારીકાઈથી નિરીક્ષણ કરતો હતો અને મંદિરની લંબાઈ–પહોળાઈ વગેરેનું માપ પણ લેતો હતો; એ જોઈ હાંસીએ મશ્કરીમાં પૂછ્યું કે, ‘ભાઈ! શું કોઈ દેરાસર બંધાવવું છે તે માપ લઈ રહ્યા છો?’ પાસિલે હાજરજવાબી ઉત્તર આપ્યો કે, ‘બેન! તારા મોંમાં સાકર. તું એ મંદિરના પ્રતિષ્ઠાઉત્સવમાં જરૂર આવજે. જરૂર આવીશને!’ હાંસીએ ‘હા’ પાડી, **પાસિલે આરાસણામાં** ભ૦ નેમિનાથનું દેરાસર ૪૫ હજાર ખરચીને બંધાવ્યું અને હાંસીએ તેમાં ૯ લાખ ખરચીને મંડપ બંધાવ્યો. આ૦ **વાદિદેવસૂરિએ** સં૦ ૧૧૯૩ના વૈ૦ સુદિ ૧૦ ના રોજ તેની અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરી, તેમાં હાંસીદેવી આવી અને પાસિલની મહેચ્છા પૂરી થઈ. (પ્રક૦ ૪૧, પૃ૦ ૫૭૨, ૬૮૧)

**નીતલ રાણી—**

તે પાટડીના રાણા સુરાક ઝાલાના લઘુબંધુ શાંતિદેવના પુત્ર વિજયપાલ ઝાલાની પત્ની હતી. તે જૈનધર્મ પાળતી હતી. તેણે પૂનમિયાગચ્છના આ૦ **અભયઘોષના** શિષ્ય **પં૦ વિદ્યાકુમારના** ઉપદેશથી પાટડીમાં ભ૦ પાર્શ્વનાથનું દેરાસર બંધાવ્યું, પોષાળ બનાવી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને જૈન ગ્રંથોની પ્રતિઓ લખાવી. (પ્રક૦ ૪૦, પૃ૦ ૫૦૦)
(–પાટણના જ્ઞાનભંડારની 'યોગશાસ્ત્ર'ની પુષ્પિકા)

**શેઠ કપર્દિ (૧)—**

તે પાટણનો વેપારી હતો. તેણે ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર બંધાવ્યું. તેમાં સુવર્ણ અને પિત્તલમિશ્રિત અને લાખ-લાખ દ્રવ્યની કીમતના નીલમણિની ચક્ષુવાળી ભ૦ મહાવીરની પ્રતિમા ભરાવી. તેની ઉપકેશગચ્છના આ૦ સિદ્ધસૂરિના હાથે સં૦ ૧૦૭૨ માં પ્રતિષ્ઠા કરાવી. (–ઉપકેશગચ્છની પટ્ટાવલી, પ્ર૦ ૧, પૃ૦ ૨૭)

**શેઠ કપર્દિ શાહ (૨)—**

શેઠ સાંકા શાહના પુત્રનું નામ કપર્દિ હતું. તેને ત્યાં ૫૦૦ ઘોડીઓ હતી. તે પ્રત્યેકે લગભગ એક જ સમયે વછેરાઓને જન્મ આપ્યો. તેથી તેનું નામ 'કુડી વ્યવહારી' પડયું. રાજા **સિદ્ધરાજે** આ કપર્દિને **દંડનાયક** નીમ્યો હતો અને ઈનામમાં તેને બાર ગામ આપ્યાં હતાં. તેણે સં૦ ૧૧૮૫ માં પાટણમાં દેરાસર બંધાવ્યું અને આ૦ **જયસિંહ** પાસે તેમાં પ્રતિષ્ઠા કરાવી.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આ વંશના સોમા શાહની પુત્રી સોમાદેવીએ આ૦ **આર્યરક્ષિતસૂરિ** (સં૦ ૧૧૫૯) પાસે દીક્ષા લઈ મહત્તરાપદ મેળવ્યું હતું.

આ વંશના શેઠ **નાના** વીસલે પોતાના ૨૧ મિત્રો સાથે **આ૦ ધર્મઘોષસૂરિ** (સં૦ ૧૨૬૮) પાસે દીક્ષા લીધી હતી.

(–અંચલગચ્છીય મોટી ગુજરાતી પટ્ટાવલી,
પૃ૦ ૧૦૮, પ્રક૦ ૪૦, પૃ૦ ૫૧૫)

**મંત્રી કપર્દિ (૩)—**

મંત્રી કપર્દિ મૂળે નિર્ધન હતો. તેણે ગુરુ આજ્ઞાથી 'ભક્તામર-સ્તોત્ર'નો પાઠ શરૂ કર્યો. અગિયારમા શ્લોકનો જાપ ચાલુ રાખ્યો. આથી તે ધીરે ધીરે આગળ વધ્યો. તેને **કામદુઘા** ગાય મળી હતી અને મંત્રીપદ પણ મળ્યું. તે ક૦ સ૦ આ૦ શ્રીહેમચંદ્રસૂરિનો ભક્ત હતો.

તે નાનપણથી કાવ્યકલાનો શોખીન હતો. રચના કરતો હતો. તેનાં પ્રાસંગિક સૂક્તો અને સમસ્યાપૂર્તિઓ પ્રબંધોમાં મળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેણે 'ह रडड़'ના હકારની વિશેષતા તથા **ઉર્વશી,** વિશ્વલ અને વિગ્રહરાજના નિરુક્ત અર્થો ગોઠવી સૌને આશ્ચર્યચકિત કર્યા હતા. તે આ૦ હેમચંદ્રસૂરિની વિદ્વત્‌સભાનો પ્રધાન વિદ્વાન હતો અને રાજા સિદ્ધરાજના સમયે **ભંડારી** તરીકે નિયુક્ત થયો હતો.

રાજા કુમારપાલ અભણ અને રાજનીતિથી પણ અનભિજ્ઞ હતો. તેથી કપર્દિની પ્રેરણાથી તેણે કામંદકીય નીતિશાસ્ત્રનો તેની પાસે અભ્યાસ કર્યો. વળી, એક જ વર્ષમાં કક્કાથી શરૂ કરી ત્રણ વૃત્તિ અને ત્રણ કાવ્યોનું જ્ઞાન સંપાદન કર્યું. એટલે કુમારપાલ તેને બહુ માનતો હતો. તે રાજા કુમારપાલનો પ્રીતિપાત્ર બન્યો અને છેવટે તેની વિચારસમિતિનો સભ્ય પણ બન્યો. રાજવીએ સાધર્મિક જૈનોને મદદ કરવાનું જે ખાતું ખોલ્યું હતું તેની વ્યવસ્થાનું કામ શેઠ અભય, શેઠ **આભડ** અને **મંત્રી કપર્દિને** સોંપ્યું હતું.

મંત્રી વાહડે શત્રુંજય તીર્થમાં દેરાસર બંધાવ્યું અને તે પવનના જોસથી ધસી પડ્યું ત્યારે પોતે જાતે જઈને બીજી વાર તે દેરાસર તૈયાર કરાવ્યું. એ સમય દરમિયાન મહં૦ **કપર્દિ** પાટણમાં શ્રીકરણમુદ્રાનો અધિકારી બન્યો હતો. (–પ્રબંધચિંતામણિ)

રાજા કુમારપાલની એવી ઇચ્છા હતી કે, પોતાના મરણ બાદ ગૂજરાતનો રાજા પ્રતાપમલ્લ થાય. મંત્રી કપર્દિ પણ એ જ વિચારનો હતો. આથી અજયપાલ તેને મારી નાખવાને ઇચ્છતો હતો.

સોલંકી અજયપાલ સં૦ ૧૨૨૯ માં ગૂજરાતનો રાજા બન્યો. તેણે મંત્રી કપર્દિને મહામાત્યનું પદ આપવા બોલાવ્યો. કપર્દિને રાજા પાસે જતાં અપશકુનો પણ થયા છતાં પદવીના લોભમાં તેણે તે ગણકાર્યા નહીં. રાજાએ તેને જે દિવસે મહામાત્ય બનાવ્યો તે જ દિવસની રાતે તેને પકડાવી, બીજાઓ પાસે તિરસ્કાર કરાવી, કકળતી તેલની કડાઈમાં નંખાવ્યો. એટલે તે સં૦ ૧૨૨૯–૩૦ માં મરણ પામ્યો.

મરતાં મરતાં તે હસતે મુખે બોલ્યો: 'અમે યાચકોને કરોડોનું દાન આપ્યું, વાદમાં વિરોધીઓને પણ હરાવ્યા, રાજાઓને સોગઠાંની જેમ ઉઠાડ્યા ને બેસાડ્યા; એટલે અમે કરવાયોગ્ય બધું કરી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લીધું છે. હવે **વિધાતાને** અમારી જરૂરત હોય તો અમે ત્યાં પણ જવાને તૈયાર છીએ.'

તે વિદ્વાન, શીઘ્રકવિ, રાજનીતિજ્ઞ, ઉદાર અને ગુરુભક્ત હતો.

(–પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, પ્રબંધકોશ-
૧૦ મો પ્રબન્ધ, ભક્તામરસ્તોત્ર-વિવૃતિ)

**કપર્દિશાહ (૪)**—

તે રાજા કુમારપાલના મહામાત્ય વાગ્ભટનો પુત્ર હતો. તેણે વડસરમાં ભ૦ આદિનાથનું મંદિર બંધાવ્યું હતું. (પ્રક૦ ૪૧, પૃ૦ ૬૭૫)

**શેઠ આભડ વસાહ** (સં૦ ૧૧૭૦ થી ૧૨૫૭)—

પાટણના **કોટિધ્વજ** શેઠ નાગ **શ્રીમાલી**ની પત્ની સુંદરીને **આભડ** નામે પુત્ર હતો. તે દશ વર્ષનો થયો તે દરમિયાન તેનાં માબાપ મરણ પામ્યાં અને ધન પણ નાશ પામ્યું. તે એક કંસારાને ત્યાં ઘૂઘરા ઘસતો હતો અને રોજ વિશોપક કમાતો હતો. તે જવ ખાતો હતો. બીજી રીતે તે બુદ્ધિશાળી અને ચતુર હતો. તેણે રત્નપરીક્ષાનો અભ્યાસ કર્યો અને ઝવેરીઓને ત્યાં અનુભવ મેળવીને રત્નોનો પારખુ બની ગયો.

તેણે એક વાર ક૦ સ૦ **આ૦ શ્રીહેમચંદ્રસૂરિ** પાસે જઈને ૭૦૦ સોનામહોરના પરિગ્રહ પરિમાણનું **વ્રત** દેવા આચાર્યશ્રીને વિનંતિ કરી. આચાર્યશ્રીએ તેના હાથની રેખાઓ જોઈ તેને ખૂબ સમજાવીને આખરે ત્રણ લાખ સોનામહોરના પરિમાણનો નિયમ કરાવ્યો.

તે મા-બાપની હયાતીમાં જ નાની ઉંમરે લાછલદેને પરણ્યો હતો. તેને ચૌદ વર્ષની ઉંમરે પુત્ર થયો. સ્ત્રી નાની ઉંમરની હોવાથી પુત્રને દૂધ ઓછું મળતું તેથી તેણે બકરી ખરીદી લાવવાનો વિચાર કર્યો. તે ગામ બહાર ભરવાડ પાસે બકરીઓના ટોળા આગળ ગયો. તેમાં એક બકરીના ગળે લીલો પથ્થર બાંધ્યો હતો. મણિના પારખુ આભડે તે પથ્થર જોઈને બકરી ખરીદી લીધી. એ પથ્થર **નીલમણિ** હતો. તેના પાસા પડાવી રાજા **સિદ્ધરાજને** તે મણિ વેચી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દીધો. રાજાએ તે મણિ પોતાના મુકુટમાં જડવા માટે લાખ સોનૈયા આપીને ખરીદી લીધો.

**આભડે** આ દ્રવ્યથી વેપાર ખેડવા માંડ્યો. તેણે એક દિવસે વહાણમાં આવેલી મજીઠની ગુણો ખરીદી લીધી. તેમાં કેટલીક ગુણોમાં વહાણવટીઓએ ચાંચિયાની બીકથી સોનાની લગડીઓ સંતાડી રાખી હતી તે શેઠ આભડને તેના નસીબે પ્રાપ્ત થઈ. આ રીતે આભડ થોડા સમયમાં જ **કરોડપતિ** બની ગયો. તેને તો માત્ર ત્રણ લાખનો નિયમ હતો, એટલે તેણે ખુલ્લે હાથે ધન વાપરવા માંડ્યું.

તેણે ૨૪ વર્તમાન ચોવીશીનાં **દેરાસર** બંધાવ્યાં. ઘણા દેરાસરોના **જીર્ણોદ્ધારો** કરાવ્યા. ૮૪ **પોષાળો** બંધાવી, સાત ક્ષેત્રોમાં ૯૦ લાખ સોનામહોરો વાપરી. દેવભક્તિ, ગુરુભક્તિ અને સાધર્મિકભક્તિના લાભો લીધા. સં૦ ૧૨૨૮માં પાટણમાં તેના ઉપાશ્રયમાં રાજગચ્છના આ૦ **ચંદ્રસૂરિએ** 'નિરયાવલિયાસુત્ત'ની ટીકા રચી.

जैन साहित्य JAINSITE.com जैनं जयति शासनम्

તે પૂર્ણતલ્લગચ્છનો શ્રાવક હતો. ક૦ સ૦ આ૦ શ્રી હેમચંદ્રસૂરિનો ભક્ત હતો. રાજા કુમારપાલનો પ્રીતિપાત્ર હતો. રાજાએ નિરાધાર શ્રાવકોને સહાય કરવાની પ્રતિજ્ઞા લીધી હતી એ મુજબ તેને એ ખાતાનો ઉપરી બનાવ્યો હતો અને આજ્ઞા કરી કે, 'તારે નિરાધાર કુટુંબદીઠ ૧૦૦ સોનામહોર આપવી. આ રીતે સાલભરમાં જે રકમ અપાય તે રાજ્યના ખજાનામાંથી લઈ લેવી. આભડે પહેલી સાલ જૈનોને કરોડ સોનૈયાની મદદ કરી અને રાજાને જણાવ્યું કે, 'વેપારી પણ રાજાનો જ ખજાનો છે માટે આ દાનનો લાભ મને લેવા દો.' રાજાએ જવાબ આપ્યો કે, 'શું તારે મને લોભી બનવાની આદત પાડવી છે?' રાજાએ તરત જ ખજાનામાંથી કરોડ સોનૈયા મંગાવીને શેઠ આભડને અર્પણ કર્યા.

એક રાતે આ૦ હેમચંદ્રસૂરિ પાસે રાજા કુમારપાલ, શેઠ **આભડ**, મંત્રી કપર્દી વગેરે બેઠા હતા. ભવિષ્યમાં ગુજરાતનો રાજા કોણ એ વિશે ચર્ચા ચાલી. આચાર્યશ્રી તો સ્પષ્ટ રીતે માનતા હતા કે, અજયપાલ રાજા તરીકે લાયક નથી. તે ધર્મસ્થાનોનો નાશ કરશે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને આવા વિશાળ રાજ્યને સાચવી નહીં શકે. રાજા બનાવવાને લાયક તો રાજપૌત્ર પ્રતાપમલ્લ જ છે. રાજા કુમારપાલ પણ પ્રતાપમલ્લને જ રાજા બનાવવાને ઇચ્છતો હતો પરંતુ શેઠ **આભડે** જણાવ્યું કે, 'બધીય વાત સાચી છે પણ જેવો તેવોય પોતાનો જ સારો એટલે અજયપાલને જ રાજા બનાવવો જોઈએ.'

સં૦ ૧૨૨૯માં આચાર્યશ્રી સ્વર્ગે ગયા. રાજા કુમારપાલ પણ મરણ પામ્યો અને **અજયપાલ** ગુજરાતનો રાજા બન્યો. તે કુનૃપતિ હતો. તેણે ગાદીએ આવતાં જ કુમારપાલે બનાવેલાં પાટણનાં તથા આસપાસનાં જૈન દેરાસરો તોડી નંખાવ્યાં. આ૦ રામચંદ્ર, મંત્રી કપર્દિ, મંત્રી વાહડ વગેરેને મારી નંખાવ્યા.

શેઠ આભડે આવું ધાર્યું નહોતું પણ તે રાજાની આવી ઉગ્રતા જોઈને મૌનપણે બેસી રહ્યો.

હવે અજયપાલે દૂરના **તારંગા** તીર્થ વગેરે સ્થળનાં જૈન દેરાસરો તોડવાનો વિચાર કર્યો. શેઠ આભડે રાજાના કોપમાંથી આવા મંદિરો બચાવવા યુક્તિથી કામ લીધું. રાજાના પ્રીતિપાત્ર **શીલણ ભાંડને** ખૂબ દ્રવ્ય આપીને બાકીનાં દેરાસરો બચી જાય એ માટે તૈયાર કર્યો.

સીલણે એક યુક્તિ રચી. તેણે એક સાંઠીનો પ્રાસાદ બંધાવ્યો. તેને ધોળાવ્યો, ચીતરાવ્યો. પછી રાજા અજયપાલને પોતાના ઘેર પધરાવી તેમના હાથમાં તેના પાંચ પુત્રો તથા આ પ્રાસાદ ભળાવ્યા અને બે હાથ જોડી વિનતિ કરી કે, 'મહારાજ! મારે પુત્રો છે. તેમના માટે બધી વ્યવસ્થા છે. હું હવે વૃદ્ધ થયો છું, આથી હું તીર્થયાત્રાએ જવાની ઇચ્છા રાખું છું, તો મને આજ્ઞા આપો કે હું મારા જીવનનું કલ્યાણ કરું.'

તે રાજાની આજ્ઞા લઈ સૌની પાસેથી વિદાય માગીને એક દિશા તરફ ચાલવા લાગ્યો. સીલણ થોડું આગળ ગયો કે તરત જ તેના પાંચે પુત્રોએ ડાંગ મારીને આ પ્રાસાદને તોડી નાખી જમીનદોસ્ત બનાવ્યો. સીલણ આ ધડાધડના અવાજો સાંભળી પાછો આવ્યો અને પુત્રોને ઉદ્દેશીને તિરસ્કારથી બોલવા લાગ્યો: 'રે અભાગિયાઓ!

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ કુનૃપ છે છતાં સારો છે, કેમકે તેણે પોતાના પિતાના મરણ પછી તેનાં ધર્મસ્થાનો પાડી નાખ્યાં જ્યારે તમે કુપુત્રો તો તેનાથીયે વધુ અધમ છો, કારણ કે તમે તો હું સો ડગ ભરું એટલીયે રાહ જોઈ નહીં.'

રાજા આ સાંભળીને શરમાઈ ગયો. તેણે દેરાસરો તોડવાનું કામ સર્વથા બંધ રાખ્યું. એટલે બાકીનાં દેરાસરો બચી ગયાં. જૈનોએ આ સમયે જૈન ગ્રંથોને બચાવવા જેસલમેર જેવા સુરક્ષિત પ્રદેશમાં મોકલી આપ્યા. (પ્રક ૩૫, પૃ૦ ૧૩૫)

રાજા **અજયપાલ** તેના નીચ સ્વભાવના કારણે ત્રીજે વર્ષે પોતાના અંગરક્ષક **વેજલ**ના હાથે માર્યો ગયો અને તેની પછી બાલ મૂલરાજ અને **ભોળો ભીમદેવ** (સં૦ ૧૨૩૫ થી ૧૨૯૮) ગુજરાતનો રાજા બન્યો.

એક વાર શેઠે એક નાલાયક મહેતાને કાઢી મૂક્યો, તેણે રાજા **ભીમદેવ**ના કાન ભંભેર્યા. રાજાએ શેઠને ભૂલમાં ફસાવી પૈસા કઢાવવાની યુક્તિ શોધી કાઢી. તેણે એક દાસી સાથે શેઠને ઘરે માંસનો થાળ મોકલ્યો. શેઠ જિનપૂજામાં બેઠા હતા. આથી તેની પુત્રી **ચાંપલદે**એ દાસીનો સત્કાર કર્યો અને દાસીએ ચાંપલદેને થાળ અર્પણ કરીને કહ્યું: 'ઉત્સવ ચાલે છે તેથી રાજાએ તમારા ગૌરવ માટે આ પ્રસાદ મોકલાવ્યો છે.' શેઠપુત્રીએ થાળને માનપૂર્વક લીધો અને ઉપરનો રૂમાલ ઉઘાડીને જ્યારે તેણે જોયું કે તરત તે સમજી ગઈ કે નાલાયક મહેતાની આ કરતૂત લાગે છે. તેણે આગમચેતી વાપરીને પ્રસાદને બીજા થાળમાં લઈ લીધો અને થાળને મોતીએ વધાવી પાછો આપ્યો. રાજા માટે સવા લાખનો હાર મોકલ્યો, અને દાસીને કંઠો પહેરાવી ખુશ કરી પાછી રવાના કરી. દાસી તો ખુશી થઈ ચાલી ગઈ.

**ચાંપલદે**એ ભોજન કર્યા બાદ પોતાના પિતાજીને આ વૃત્તાંત જણાવ્યો અને સાથોસાથ જણાવ્યું કે, 'પિતાજી! તમારા મહેતાની ભંભેરણીથી રાજા તમને લૂંટવા ઇચ્છે છે. હવે તે આપણું બધું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધન લઈ લેશે તો પહેલેથી આપણે ઉપાય કરવો જોઈએ. તમે એક કામ કરો કે, રાજાને આપણી દોલતની નોંધ બતાવીને કહો કે, 'હે નાથ ! તમારી મરજી હોય તો આ દોલત લઈ લો.' શેઠે એ પ્રમાણે કર્યું. રાજા તો આ નોંધ જોઇને સાશ્ચર્ય લજ્જિત બની ગયો. બીજી રીતે તેને આવા મનપારખુ માનવી માટે આનંદ પણ થયો.

રાજાએ તેના ભંડારીને કહ્યું : 'રે મૂર્ખ ! વિધાતા જેને ધન આપે છે તેને તેના રક્ષણની બુદ્ધિ પણ આપે છે. તો તારે શેઠની ઈર્ષા કરવી ન જોઈએ. ઠીક, જે થયું તે થયું, પણ હવે શેઠના પગમાં પડીને માફી માગી લે.'

મહેતાએ શેઠની માફી માગી અને રાજાએ તેમની એક કોડી પણ લીધી નહીં.

શેઠનાં અનેક સુકૃતો ચાલુ હતાં. તેમના તરફથી **દાનશાળા** ચાલુ હતી. તે ગુરુઓને એક ઘડા જેટલા ઘીનું રોજ દાન કરતો હતો. સાધર્મિક વાત્સલ્ય, સંઘપૂજા, જીર્ણોદ્ધાર, ગ્રંથભંડાર, અને પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવતો હતો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

શેઠે સં૦ ૧૨૫૭માં પાટણની પ્રત્યેક પોષાળમાં રહેલા આચાર્યોની ભક્તિ ઘણું **ધન** ખરચીને કરી હતી.

આ રીતે તે શેઠ નીરોગી, સુખી અને લાંબુ આયુષ્ય ભોગવી **સમાધિપૂર્વક** મરણ પામ્યો. તેણે કુલ ૧૦,૮૦,૦૦,૦૦૦ દ્રવ્યનું દાન કર્યું હતું.

શેઠને આસપાલ વગેરે પાંચ **પુત્રો** હતા. શેઠે તેઓના માટે ઘરના ચારે ખૂણામાં ચાર **ચરુ** દાટયા હતા પણ તે બધા નિર્ભાગી હતા તેથી તે ચરુઓ તેઓને મળ્યા નહીં.

શેઠના બે પુત્રોનો પરિવાર તો રાજા અજયપાલના દબાવથી અજૈન બની ગયો.

**ચાંપલદે** પણ ધર્મારાધન કરી સ્વર્ગે ગઈ. (જૂઓ પૃ૦ ૬૮૯)

શેઠ આભડે પાંચ સોલંકી રાજાઓનો રાજકાળ જોયો હતો એટલે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નક્કી છે કે, સં૦ ૧૧૭૦ થી સં૦ ૧૨૫૮ સુધી તે વિદ્યમાન હતો.
(-પ્રબંધચિંતામણિ, પ્રબંધકોશ પ્ર૦ ૨૩મો, પુરાતન પ્રબંધસંગ્રહ, ઉપદેશતરંગિણી, શતપદીપદ ૧૦૫ મું)

૪૧ **કવિ યશઃપાલ**—તે **મોઢ**વંશના મંત્રી **ધનદેવ** અને રુક્મિણીનો પુત્ર હતો, જે મોટો વ્યાપારી હતો, વિદ્વાન્ હતો. રાજનીતિનો જાણકાર હતો અને અજયપાલના સમયમાં જૈન મંત્રી હતો. તેણે "મોહપરાજય નાટક" બનાવી રાજા અજયપાલના રાજ-કાળમાં (સં૦ ૧૨૨૯ થી ૧૨૩૨) થરાદમાં કુમારવિહારના ભ૦ મહાવીરસ્વામીના ઉત્સવ પ્રસંગે ભજવ્યું હતું. તેમાં ગુર્જરેશ્વર કુમારપાલે ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિની હાજરીમાં સં૦ ૧૨૧૬ ના માગશર સુદ ૨ ના દિવસે કૃપાસુંદરીનું પાણિગ્રહણ કર્યું તેનું આધ્યાત્મિક વર્ણન છે. (મોહપરાજય નાટક)

**લાલનવંશ—**

પીલુઆ (પીલુડી)ના ઠા૦ રાવજીને ચાર પુત્રો હતા. તે પૈકી ચોથા પુત્ર લાલનને કોઢનો રોગ થયો. તે આ૦ **જયસિંહસૂરિ**ના પ્રભાવથી શમી ગયો. આથી શેઠ રાવજી અને લાલને તે આચાર્યશ્રી પાસે સં૦ ૧૨૨૯માં જૈનધર્મનો સ્વીકાર કર્યો. લાલનનો પરિવાર ઓસવાલમાં ભળી ગયો, તેનાથી લાલનવંશ ચાલ્યો; જેની વંશાવલી નીચે મુજબ છે—

(૧) **લાલન**—તેને બે પુત્રો હતા. (૨) માણેક, (૩) મેઘો, (૪) લુંભો, (૫) સહદેવ, (૬) ટેડાજી, (૭) લૂણોજી, (૮) સેવાજી—એક શિલાલેખમાં અહીંથી ૧૨મા પર્વત સુધીનાં નામોમાં ફેરફાર મળે છે,

(૯) સિંહ, (૧૦) હરપાલ, (૧૧) દેવનંદ, (૧૨) પર્વત, (૧૩) વચ્છરાજ—પત્ની વાછલદેવી. (૧૪) અમરસિંહ—પત્નીનું નામ વૈજયંતી, જેનું બીજું નામ લિંગદેવી હતું. તે આરીખાણામાં રહેતો હતો. તેને (૧) **વર્ધમાન,** (૨) ચાંપશી અને (૩) **પદમશી** એમ ત્રણ પુત્રો થયા.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૫) **શેઠ વર્ધમાન તથા પદમશી**—વર્ધમાન સૌથી મોટો હતો. તેને વન્નાદે પત્નીથી વીર અને વીજપાલ તથા નવરંગદે પત્નીથી જગડૂ અને ભારમલ પુત્રો હતા. બીજા ભાઈ ચાંપશીને અમરચંદ નામે પુત્ર તથા રામજી, ભીમજી નામે પૌત્રો અને લાછલદે નામે પૌત્રી હતી.

ત્રીજા ભાઈ **પદમશીને** કમલાદે પત્ની હતી, જેનું મૂળ નામ સુજાણદે હતું. તેને શ્રીપાલ, કુંરપાલ અને રણમલ એમ ત્રણ પુત્રો થયા. શ્રીપાલને નારાયણ પુત્ર અને કૃષ્ણદાસ નામે પૌત્ર હતો. કુંઅરપાલને સ્થાવર અને વાઘજી નામે પુત્રો હતા.

શેઠ **વર્ધમાન** અને પદમશી સાથે રહેતા હતા. તેઓને આરીખાણામાંથી સિદ્ધરસ મળી આવ્યો. એટલે તેઓ **ભદ્રેશ્વર** જઈને રહ્યા. તેઓને સમુદ્રના વેપારી ચુલીનચંગની સાથે કંતાનની આડતનો વેપાર કરવાથી ધન વધવા માંડ્યું. તેઓએ સં૦ ૧૬૫૦માં આ૦ **કલ્યાણસાગરની** અધ્યક્ષતામાં શત્રુંજયનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. તેઓનો વચેટભાઈ ચાંપશી તથા વેવાઈ **રાજસી** નાગડા પણ સંઘમાં સાથે હતા. ભાદરણ નદીના કાંઠે સંઘવીનો હાથી ગાંડો થઈ ગયો પરંતુ આચાર્યશ્રીની અગમચેતીથી બંને ભાઈઓ હાથી ઉપર તે દિવસે બેઠા નહોતા.

આ સંઘમાં ૨૦૦ સાધુઓ, ૩૦૦ સાધ્વીઓ, અને ૧૫૦૦૦ યાત્રિકો હતા. સંઘ માગશર વદિમાં પાલીતાણા પહોંચ્યો. એ જ માગશર વદિમાં શેઠ વર્ધમાન, શેઠ પદમશી અને શેઠ **રાજસી** નાગડાએ શત્રુંજય પર દેરાસરો બંધાવવા માટે પાયા નાખ્યા. આ સંઘમાં બત્રીશ લાખ કોરી વપરાઈ હતી. આ ભાઈઓ તથા રાજસી જામનગરના **જામ જસવંતના** આગ્રહથી કાયમને માટે **જામનગર** આવીને વસ્યા. તેઓએ શંત્રુજય તીર્થ ઉપર આ૦ કલ્યાણસાગરની અધ્યક્ષતામાં સં૦ ૧૬૭૫ના વૈશાખ સુદિ ૩ના રોહિણી દિને ભ૦ શાંતિનાથ વગેરે ૨૦૪ જિનપ્રતિમાની તથા સં૦ ૧૬૭૬ના ફાગણ સુદિ ૨ ને શુક્રવારે રેવતી નક્ષત્ર દિને ભ૦ શ્રેયાંસનાથ વગેરે ૧૦૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિનપ્રતિમાઓની અંજનશલાકા કરાવી.

વળી, આ બંને ભાઈઓએ **જામનગર**માં આ૦ **કલ્યાણસાગર**ની અધ્યક્ષતામાં સં૦ ૧૬૭૬ના વૈશાખ સુદિ ૩ ને બુધવારે તથા સં૦ ૧૬૭૮ના વૈશાખ સુદિ ૫ ને શુક્રવારે ભ૦ **શાંતિનાથ**ના ૭૨ દેરીઓવાળા દેરાસરમાં અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરાવી, જેમાં સાત લાખ કોરી વાપરી.

આજે જામનગરમાં વર્ધમાન શાહનું દેરાસર અત્યંત પ્રસિદ્ધ છે. તેનું કેટલુંક કામ સલાટોની બેદરકારીથી બાકી રહી ગયું છે.

આ ભાઈઓએ છીકારી ગામ તથા મોડપરમાં પણ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી.

એક વાર જામનરેશે શેઠ **વર્ધમાન**ને ૯૦૦૦ કોરીની ચિઠ્ઠી લખી મોકલી. અને તે જ ચિઠ્ઠીમાં દુષ્ટ બુદ્ધિવાળા ઠક્કર હડમત લુહાણાએ બે મીંડાં વધારી દીધાં હતાં. બંને શેઠ ચિઠ્ઠી વાંચી મુંઝાયા. દેવીએ આવીને તેઓને ચિત્રાવલી આપી તેથી શેઠે તરત જ ૯,૦૦-૦૦૦ કોરી રાજાના ખજાનામાં મોકલી દીધી. શેઠ વર્ધમાન તથા પદ્મશી આમાં કોઈ દુષ્ટ માનવીનો હાથ છે અને કોઈક ષડ્યંત્ર રચાયું છે એમ સમજીને તરત જ જામનગર છોડી ચાલ્યા ગયા અને ભદ્રેશ્વર જઈને વસ્યા.

તેઓએ **પાવાગઢ**માં મહાકાલીદેવીના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ભદ્રેશ્વરમાં અરિષ્ટરત્નની ભ૦ નેમિનાથની, માણેકની ભ૦ વાસુપૂજ્યની, નીલમની ભ૦ પાર્શ્વનાથની, અને નીલમની ભ૦ મલ્લિનાથની પ્રતિમાઓ ભરાવી. નવપદ અને જ્ઞાનપંચમીનાં ઉજમણાં કર્યાં. ભદ્રેશ્વર વગેરે તીર્થોના જીર્ણોદ્ધાર કરાવ્યા. કલ્યાણકભૂમિઓમાં દાન આપ્યું. સાધર્મિકોના ઉદ્ધારમાં સાત લાખ કોરી વાપરી. સં૦ ૧૬૮૫માં ભદ્રેશ્વરમાં અમરસાગરજીને આચાર્યપદ અપાવ્યું. ચારણોને હજારો ઊંટ વગેરેનું દાન આપ્યું.

શેઠ **વર્ધમાન** સં૦ ૧૬૮૯ના કાર્તિક સુદિ ૧૫ની સવારે **પૌષધ**ની સ્થિતિમાં આરાધન કરીને સ્વર્ગે ગયા. શેઠ પદ્મશીએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમના અગ્નિસંસ્કારની ભૂમિમાં **વાવ** બંધાવી. તે વાવની પાસે ભ૦ શાંતિનાથની દેરી કરાવી. થોડા દિવસ પછી ચિત્રાવેલી પણ ચાલી ગઈ. સં૦ ૧૬૮૯માં ભદ્રેશ્વરમાં મરકી, મહાવાત, અને જળપ્રલય વગેરે કુદરતી કોપ ઊતર્યા ને ભદ્રેશ્વર તારાજ થયું, ઉજ્જડ થયું. આથી શેઠ પદમશી પોતાના પરિવાર સાથે **માંડવી** બંદરમાં જઈને વસ્યો, અને શેઠ વર્ધમાનના પુત્રો પોતાના પરિવાર સાથે **ભૂજ** જઈને વસ્યા. શેઠ **પદમશી** સં૦ ૧૬૯૪ના પોષ સુદિ ૧૦ના રોજ માંડવી બંદરમાં મરણ પામ્યો.

(૧૬) **જગડૂશાહ**—તે શેઠ વર્ધમાનનો મોટો પુત્ર હતો. મહાદાનેશ્વરી હતો. તે સં૦ ૧૬૯૧માં ભૂજનગરમાં જઈને વસ્યો.

(—આ૦ અમરસાગરનું સં૦ ૧૬૯૧ના શ્રાવણ સુદિ ૭ના રોજ ભૂજમાં બનેલું 'વર્ધમાન-પદ્મસિંહચરિત્ર,' વહીવંચા સુંદરરૂપનો મારવાડી વર્ધમાન પ્રબંધ, ચારણ મેરુનાં ૭૦૦ કવિતો, શત્રુંજય તથા જામનગરના શિલાલેખો, અંચલગચ્છની ગુજરાતી મોટી પટ્ટાવલી પૃ૦ ૧૬૭થી ૧૭૩; ૨૬૬ થી ૨૯૨; ૩૧૧ થી ૩૪૨)

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

લાલનવંશનો શા૦ **વેલજી** નગરપારકરમાં રહેતો હતો. તેને વરંજાગ અને **જેસોજી** નામે પુત્રો હતા. જેસોજીને લક્ષ્મી પ્રસન્ન હતી. તેણે ભારતનાં મોટાં નગરોમાં અને ગામોમાં સાકર અને સિક્કાની લહાણી કરી. આ૦ મેરુતુંગસૂરિ (સં૦ ૧૪૩૨ થી ૧૪૭૩)ના ઉપદેશથી ઉમરકોટમાં ભ૦ પાર્શ્વનાથનો ૭૨ શિખરવાળો જિનપ્રાસાદ કરાવ્યો. શત્રુંજય તીર્થનો મોટો યાત્રાસંઘ કાઢ્યો. તેને 'જગદ્દાતાર'નું બિરુદ મળ્યું હતું. (—અંચલગચ્છની મોટી પટ્ટાવલી, પૃ૦ ૧૭૨, ૧૭૩, ૨૨૫, જેસોજીપ્રબંધ)

વિક્રમની ઓગણીશમી શતાબ્દીમાં જામનગરના ફતેહચંદ કપૂરચંદ **લાલન** એક વિદ્વાન અને વિચારક થયા. તેણે ભારત બહાર અમેરિકા વગેરે દેશોમાં જઈને વ્યાખ્યાનો દ્વારા સૌને જૈનધર્મનો પરિચય કરાવ્યો. તે દર સાલ વર્ષભરમાં ૧૮૦૦ સામાયિક કરતા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ જ અરસામાં જામનગરમાં શ્રી **હંસરાજ શામજી** લાલન થયા. તે કર્મગ્રંથના અજોડ અભ્યાસી હતા. તેમણે સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકાઓને દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરાવ્યો. આ ગ્રંથના લેખકોએ પણ સં૦ ૧૯૭૩ના ચતુર્માસમાં પાલીતાણામાં પાટણવાળી ધર્મશાળામાં કર્મગ્રંથનો અભ્યાસ તેમની પાસે કર્યો હતો.

તેમના પુત્રો હીરાલાલ તથા પૌત્રો **મનસુખલાલ** વગેરે પણ વિદ્વાનો, સાહિત્યપ્રેમી અને ધર્મપ્રેમી છે.

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણુ બેતાલીશમું

*

# આ૦ વિજયસિંહસૂરિ (સં૦ ૧૨૩૫)

આ૦ અજિતદેવસૂરિની પાટે આ૦ વિજયસિંહસૂરિ થયા. તેઓ અત્યંત રૂપાળા અને સુકોમળ હતા. મિષ્ટભાષી હતા. તેમના એકમાં જ કામદેવનાં પાંચે બાણોની મોહિનીકળા આવી વસી હતી, પણ નૈષ્ઠિક અખંડ બ્રહ્મચારી હતા તેથી તેઓ એક હોવા છતાં તેમને જગત વશ હતું. (–દ્વિસંધાન કાવ્ય)

તેઓ સમર્થ વાદી હતા. તેમણે સં૦ ૧૨૦૬માં પ્રતિષ્ઠા કરાવી હતી, તેનો લેખ આરાસણ તીર્થમાં વિદ્યમાન છે. તેઓ સં૦ ૧૨૩૫ સુધી વિદ્યમાન હતા.

તેમની પાટે (૧) આ૦ **હેમચંદ્રસૂરિ**, (૨) શતાર્થી આ૦ **સોમપ્રભસૂરિ** અને (૩) આ૦ **મણિરત્નસૂરિ** એમ ત્રણ આચાર્યો થયા. આ૦ **હેમચંદ્રે** પોતાના સંસાર-દુઃખને દૂર કરવા 'નાભેય-નેમિદ્વિસંધાનકાવ્ય' રચ્યું છે. કવિ ચક્રવર્તી **શ્રીપાલ** પોરવાલે તેનું સંશોધન કર્યું હતું.[1] તેમાં આચાર્યશ્રીએ આ૦ મુનિચંદ્રસૂરિ તથા આ૦ માનદેવસૂરિથી પોતાની પ્રશસ્તિ આપી છે. (–જૂઓ પ્રક૦ ૪૧,)

(–પ્રાચીન જૈન લેખસંગ્રહ ભા૦ ૨, લેખાંક: ૨૮૯; નાભેયનેમિદ્વિસંધાન મહાકાવ્ય, તપાગચ્છપટ્ટાવલી)

**આ૦ વિજયસિંહસૂરિવરો—**

**આ૦ વિજયસિંહ** નામના ઘણા આચાર્યો થયા છે—

૧. આર્ય ખપુટાચાર્યના વંશમાં (अ) જેમણે ભરુચના શકુનિકા-

---

૧. एकाहनिष्पन्नमहाप्रबन्धः श्रीसिद्धराजप्रतिपन्नबन्धुः ।
श्रीपालनामा कविचक्रवर्ती सुधीरिमं शोधितवान् प्रबन्धम् ॥
(–નાભેય નેમિદ્વિસંધાન મહાકાવ્ય)

વિશેષ માટે જૂઓ પ્રકરણ: ૪૧, પૃ૦ ૬૬૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિહારનો જીર્ણોદ્ધાર કરાવી કાષ્ઠપ્રાસાદ બંધાવ્યો. (आ) જેમણે મંત્રી વાહડ દ્વારા સં૦ ૧૨૧૬, સં૦ ૧૨૨૨, સં૦ ૧૨૪૬ માં શકુનિકાવિહારનો જીર્ણોદ્ધાર કરાવી શિલાપ્રાસાદ બંધાવ્યો.

૨. ભાવાચાર્યગચ્છમાં તો આ૦ ભાવદેવ, આ૦ વિજયસિંહ, આ૦ વીર, આ૦ જિનદેવ, આ૦ યશોદેવ એ નામના પાંચ પટ્ટધરો થયા હતા.

(अ) વિજયસિંહ જેઓ પરમશાંત હતા. સં૦ ૯૧૨ (પ્રક૦૩૪,પૃ૦૫૫૭)

(आ) જેઓ પરમવાદી હતા. સં૦ ૧૧૬૦ ( ,, ,, )

(इ) સં૦ ૧૨૩૭ના અષાઢ વદિ ૭ના રોજ ખેડામાં ભાવડારગચ્છના ભ૦ ઋષભદેવના દેરાસરમાં સંઘે બનાવેલા તોરણની પ્રતિષ્ઠા કરી. (જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૧૪)

(ई) જેઓ સં૦ ૧૩૧૨ પછી થયા. (પ્રક૦ ૩૪, પૃ૦ ૫૫૮)

(उ) સં૦૧૪૨૨, સં૦૧૪૫૩, જેમણે સં૦ ૧૪૭૮માં પ્રતિમાની અંજનશલાકા કરી, જે પૈકી ભ૦ શીતલનાથની પ્રતિમા અમદાવાદમાં છે.

(ऊ) જેમણે સં૦ ૧૫૧૬, સં૦ ૧૫૭૩માં પ્રતિષ્ઠા કરેલી તે પ્રતિમાઓ ખંભાત વગેરે સ્થળે વિદ્યમાન છે.

૩. નાઇલગચ્છના આ૦ સમુદ્રના પટ્ટધર સં૦ ૯૭૫
(પ્રક૦ ૩૪, પૃ૦ ૫૫૯; પ્ર૦ ૩૫, પૃ૦ ૨૭)

૪. ખડ્ગાચાર્ય બિરુદવાળા. (પ્રક૦ ૩૭ પૃ૦ ૨૫૬)

૫. રાજગચ્છમાં (अ) (૧૩) આ૦ દેવાનંદસૂરિના પ્રપટ્ટધર અને આ૦ પ્રદ્યુમ્નસૂરિના ગુરુભાઈ સં૦ ૧૩૧૪ (પ્રક૦ ૩૫, પૃ૦ ૨૩)
(आ) ૧૯મા આ૦ મલયચંદ્રના શિષ્ય, જેમના ઉપદેશથી સં૦ ૧૪૮૩માં (૧૪૯૩માં) જીરાવલા તીર્થમાં એક દેરીનો જીર્ણોદ્ધાર થયો. (પ્રક૦ ૩૫, પૃ૦ ૪૩)

૬. થારાપદ્રગચ્છમાં આ૦ વિજયસિંહસૂરિ નામના ઘણા આચાર્યો થયા હતા.
(अ) આ૦ વાદિવેતાલ શાંતિસૂરિના ગુરુ સં૦ ૧૦૯૬ પહેલાં.
(आ) જેમણે સં૦ ૧૩૧૫માં ખંભાતમાં ઉદયનવસહીમાં ચોવીશ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વટાની પ્રતિષ્ઠા કરી.

૭. વડગચ્છમાં (અ) બેતાલીસમા પટ્ટધર. (પ્રક૦ ૪૨)
(આ) વાદિદેવસૂરિના પ્રપટ્ટધર આ૦ વિજયચંદ્ર.

૮. હર્ષપુરીયગચ્છમાં (અ) છેલ્લા આચાર્ય, જેમના પટ્ટધર મલધારી આ૦ અભયદેવસૂરિ થયા.
(પ્રક૦ ૩૪, પૃ૦ ૫૬૭; પ્રક૦ ૩૮, પૃ૦ ૩૨૩)

૯. પિપ્પલકગચ્છમાં આ૦ શાંતિભદ્રસૂરિના શિષ્ય સં૦ ૧૧૮૩.
(પ્રક૦ ૩૭, પૃ૦ ૨૭૧)

૧૦. પૂનમિયાગચ્છમાં આ૦ ચંદ્રપ્રભસૂરિના શિષ્ય (પ્રક૦ ૪૦)

૧૧. રુદ્રપલ્લીય ૪૧મા આચાર્ય સં૦ ૧૨૦૪. (પ્રક૦ ૪૦, પૃ૦ ૪૩૫)

૧૨. નાગેંદ્રગચ્છમાં (અ) આ૦ ધનેશ્વરના પટ્ટધર સં૦ ૧૨૧૫
(પ્રક૦ ૩૫, પૃ૦ ૫)
જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્
તેમણે કવિવર આસડની 'વિવેકમંજરી'નું સંશોધન કર્યું હતું.
(પ્રક૦ ૩૫, પૃ૦ ૫; પિટર્સન રિપોર્ટ ૩, પૃ૦ ૧૦૩)

૧૩. રંડગચ્છ(રાજગચ્છ સંભવે છે)ના આચાર્ય, જેમણે સં૦ ૧૪૫૨માં ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી, જે પાટણના મણિયાતી પાડાના દેરાસરમાં છે.

૧૪. તપાગચ્છમાં આ૦ વિજયદેવસૂરિના મુખ્ય પટ્ટધર. સ્વ૦ સં૦ ૧૭૦૮ નવીનપુર–અમદાવાદ (જૂઓ પ્રક૦ ૫૮)

નોંધ—આ૦ વિજયસિંહસૂરિ ઘણા થયા છે, તેમ આ૦ જયસિંહસૂરિ પણ ઘણા થયા છે. જ્યારે આ૦ જિનસિંહસૂરિ બે થયાના ઉલ્લેખો મળે છે.

[૧] ધર્મઘોષગચ્છના આ૦ મુનિરત્નના પટ્ટધર.
(જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૪૭)

[૨] ખરતરગચ્છના આચાર્ય (પ્રક૦ ૪૦, પૃ૦ ૪૮૮ )

## શાખાગચ્છો

**માનદેવગચ્છ** (વડગચ્છ)—

ચંદ્રકુળના વનવાસીગચ્છના વિહારુક આ૦ **માનદેવસૂરિની**

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

એક પરંપરા માનદેવગચ્છ તરીકે વિખ્યાત હતી પણ આ શાખાગચ્છના આચાર્યો મુખ્ય ગચ્છનાયકની આજ્ઞા માનતા હતા.

માનદેવગચ્છની પરંપરા પહેલા ભાગ (પ્રક૦ ૩૫, પૃ૦ ૧૨)માં આવી ગઈ છે. આ પરંપરાના આચાર્યો આ૦ પ્રદ્યુમ્નસૂરિ, આ૦ દેવચંદ્રસૂરિ, વિ૦ સં૦ ૯૯૪માં વિદ્યમાન હતા. તે સૌ વનવાસી વિહારુક ગચ્છનાયક આ૦ ઉદ્દ્યોતનસૂરિની આજ્ઞામાં હતા.

**આ૦ નેમિચંદ્રસૂરિ** લખે છે કે—

प्रद्युम्नमानदेवादिसूरिभिः प्रविराजितः। ઉત્તરજ્ઝયણસુત્ત-વૃત્તિ-પ્રશ૦

जम्मि य गच्छे आसी सिरिपज्जुन्नाभिहाणसूरि त्ति।

सिरिमाणदेवसूरी सुपसिद्धो देवसूरी य॥ (મહાવીર ચરિત્ર)

એટલે કે આ૦ ઉદ્દ્યોતનસૂરિ, આ૦ પ્રદ્યુમ્નસૂરિ, આ૦ માનદેવ, પ્રસિદ્ધ આ૦ સર્વદેવ વગેરે શ્રમણપરિવારથી વરાયેલા હતા.

(જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૧, પૃ૦ ૭)

આ૦ પ્રદ્યુમ્ન, આ૦ માનદેવ તે સમકાલીન શાખાચાર્યો હતા, જે માનદેવગચ્છના હતા.

આ૦ ઉદ્દ્યોતનસૂરિએ સં૦ ૯૯૪માં વડની નીચે એક સાથે ૮ નવા આચાર્યો બનાવ્યા હતા. (પ્રક૦ પૃ૦ ૭૦)

સંભવ છે કે, આ સમયે તેમણે માનદેવવંશના આ૦ દેવચંદ્રના શિષ્ય પં૦ માનદેવને પણ **આચાર્યપદ** આપ્યું હોય અને આ૦ માનદેવનો શ્રમણવંશ પણ નવા ગચ્છનાયક આ૦ **સર્વદેવની** આજ્ઞામાં વડગચ્છ તરીકે વિખ્યાત થયો હોય. આ૦ માનદેવસૂરિ પછીની સૂરિપરંપરાની એક ગ્રંથપ્રશસ્તિ મળે છે, તેમાં આ૦ **ધનપ્રભ** પોતાના પૂર્વાચાર્ય માનદેવસૂરિને તથા પોતાને **વડગચ્છના** બતાવે છે. એટલે બનવાજોગ છે કે માનદેવગચ્છ સં૦ ૯૯૪ થી **વડગચ્છ** બની ગયો હોય. તે ગ્રંથપ્રશસ્તિ આ પ્રમાણે છે—

श्रीशांतिनाथचरित्र-प्रशस्तिः—

सं० १५३८ वर्षे आश्विनमासे कृष्णपक्षे द्वादशी सोमवासरे शुभनक्षत्र-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

लग्नयोगे मालवकदेशे पातसाह ग्यासदीनिविजयराज्ये । साकरीया ग्रामे । श्रीमद्बृहद्गच्छे । श्रीमानदेवसूरि–श्रीमानतुंगसूरि । श्रीपद्मदेवसूरि–श्रीउदयप्रभसूरि । श्रीप्रमाणंदसूरि–श्रीधर्मचंद्रसूरि । श्रीविनयचंद्रसूरि । श्रीविजयप्रभसूरि–श्रीनरेन्द्रसूरि । तत्पट्टालंकारश्रीवीरचंद्रसूरिशिष्य आचार्यश्रीधनप्रभसूरिभिर्लिखितो ॥ स्वपरोपकाराय ॥

**માનદેવગચ્છ વડગચ્છની સૂરિપરંપરા** આ રીતે બને છે—

૧૯ આ૦ માનદેવ    ૨૦ આ૦ માનતુંગ
૨૧ આ૦ બુદ્ધિસાગર    ૨૨ આ૦ પ્રદ્યુમ્નસૂરિ
૨૩ આ૦ દેવચંદ્રસૂરિ    ૨૪ આ૦ માનદેવસૂરિ,
આ૦ પૂર્ણચંદ્રસૂરિ
૨૫ આ૦ માનતુંગસૂરિ    ૨૬ આ૦ પદ્મદેવસૂરિ

(સં૦ ૧૨૯૨ ના કારતક સુદ ૮ ને રવિવાર ધનિષ્ઠાનક્ષત્ર
પુ૦ પ્ર૦ સં૦ પ્ર૦ નં૦ ૨૫. પ્રક૦ ૩૫, પૃ૦ ૧૨)

૨૪ આ૦ માનદેવસૂરિ સં૦ ૯૯૪
૨૫ આ૦ માનતુંગસૂરિ
૨૬ આ૦ પદ્મદેવસૂરિ,    આ૦ ઉદયપ્રભસૂરિ
૨૭ આ૦ પ્રભાણંદસૂરિ,    આ૦ ધર્મચંદ્રસૂરિ
૨૮ આ૦ **વિનયચંદ્રસૂરિ**

વડગચ્છના આ૦ માનતુંગસૂરિના ગચ્છના આ૦ ધર્મચંદ્રસૂરિના પટ્ટધર આ૦ વિનયચંદ્રના ઉપદેશથી સં૦ ૧૧૪૩ ના કારતક વદિ ૧૪ને શુક્રવારે ચિત્તોડના રાણા **વનવીર** ચૌહાણના રાજકાળમાં નાડોલાઈમાં ઉજ્જયંતાવતાર તીર્થનો જીર્ણોદ્ધાર થયો હતો.

(જૂઓ પ્રક૦ ૩૪, પૃ૦ ૬૦૫; પ્રક૦ ૩૯, પૃ૦ ૩૦૭)

૨૯ આ૦ વિજયપ્રભસૂરિ,    આ૦ નરેન્દ્રસૂરિ
૩૦ આ૦ વીરચંદ્રસૂરિ

૩૧ આ૦ **ધનપ્રભસૂરિ**—તે આ૦ વીરચંદ્રસૂરિના શિષ્ય હતા. તેમણે સં૦ ૧૫૩૮ ના આસો વદિ ૧૨ ને સોમવારે શુભ નક્ષત્રમાં

જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

શુભ લગ્નમાં માલવાના **સાકરિયા** ગામમાં સુલતાન ગ્યાસુદ્દીનના રાજ્યમાં પોતાના અને બીજાઓના ઉપકાર માટે 'શ્રીશાંતિનાથ-ચરિત્ર' લખ્યું. (શ્રીસાહિત્ય પ્રદર્શન-શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨ પ્ર૦ નં૦ ૧૭૪)

## શાખાગચ્છો

વિક્રમની બારમી તેરમી શતાબ્દીમાં ઘણા શાખાગચ્છો નીકળ્યા છે. કેટલાએક આ પ્રમાણે છે—

**કકકુદાચાર્યગચ્છ**—ઉપકેશગચ્છમાં આ૦ કક્કસૂરિ (સં૦ ૧૧૫૨ થી ૧૨૧૨માં) થયા. તેમણે ક્રિયોદ્ધાર કર્યો અને તેમનો મુનિગણ 'કકકુદાચાર્યગચ્છ' તરીકે પ્રસિદ્ધિ પામ્યો. (પ્રક૦ ૧, પૃ૦૨૮)

**ખરાતપાગચ્છ** (સં૦ ૧૩૦૮)-ઉપકેશગચ્છમાંથી સં૦ ૧૩૦૮માં આ શાખા નીકળી.

त्रिशृङ्गमाख्ये सद्ग्रामे महीपालस्थिते प्रभौ।
खरतपेति बिरुदं वस्वभ्राग्न्येकवर्षे च ॥

(ઉપકેશગચ્છ ગુર્વાવલી, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૧૯)

ऊएसगच्छे सिद्धाचार्यसंताने श्रीखरतपापक्षे भ० श्रीश्रीश्रीकक्कसूरिशिष्य-मुनि मुक्तिहंस, मुनि कनकप्रभ ॥

(અર્બુદાચલ પ્રાચીન જૈન લેખસંદોહ, લેખાંક : ૬૭)

ઉપકેશગચ્છની દ્વિવંદનીકશાખામાંથી 'તપારત્ન' શાખા નીકળી છે. (જૂઓ પ્રક૦ ૧, પૃ૦ ૩૬, ૩૭)

સંભવ છે કે, એ દ્વિવંદનીક શાખામાંથી તપાગચ્છની નિશ્રામાં ક્રિયોદ્ધાર કરી **'ખરતર તપાગચ્છ'** નીકળ્યો હોય. આ બાબતમાં વધુ સંશોધનની જરૂર છે.

**ધર્મઘોષગચ્છ**—ચંદ્રકુલના રાજગચ્છના યુગપ્રધાન આ૦ ધર્મ-ઘોષસૂરિથી સં૦ ૧૧૮૯થી 'ધર્મઘોષગચ્છ' નીકળ્યો.

(જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૩૯)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઘોષપુરીયગચ્છ**—રાજગચ્છના આ૦ હેમપ્રભસૂરિ પોતાને ઘોષપુરીયગચ્છના બતાવે છે. (પ્રક૦ ૩૫, પૃ૦ ૩૮)

૧ આ૦ પ્રમાનંદ (પ્રભાનંદ) તેઓ ઘોષપુરીયગચ્છના સમર્થ આચાર્ય હતા. ગુણવાન્ હતા અને આદર્શ ચારિત્રવાળા હતા.

૨ આ૦ વિજયચંદ્ર—તેઓ બહુ જ્ઞાની હતા.

૩ આ૦ ભાવદેવસૂરિ—તેઓ મોટા જ્ઞાની હતા અને સમર્થ પંડિત હતા.

૪ આ૦ **જયપ્રભસૂરિ**—તેઓ ઘણા ગુણવાન્ હતા. હુંડાપદ્રપુરના ભ૦ પાર્શ્વનાથના દેરાસરના ગોઠીવંશના શેઠ ચારુમલ પોરવાલની પરંપરામાં અનુક્રમે ૧. શેઠ ચારુમલ, પત્ની જાસદેવી ૨. સહદેવ (પત્ની નાગલદેવી), ૩. આમાક (પત્ની રંભા)ને પુત્રો સુહુણ, પુનાક, તથા હરદેવ થયા. તે પુત્રોએ માતાના કલ્યાણ માટે આ૦ જયપ્રભને એક 'કલ્પસૂત્ર'ની પ્રતિ વહોરાવી.

(શ્રીપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨,પ્ર૦ ૯૫; પ્રક૦ ૩૫, પૃ૦ ૨૩)

તપાગચ્છના (૬૨) ભ૦ **વિજયપ્રભસૂરિ** ઘોષા ગોત્રના વીશા ઓસવાલ જૈન હતા.

**ઉચ્છિતવાલગચ્છ**—આ ગચ્છનું નામ ઓસ્તવાલ પણ મળે છે. વિશેષ પરિચય મળતો નથી. નાગપુરીય લોંકાગચ્છની સં૦ ૧૯૮૯ની પટ્ટાવલીથી માનવું જોઈએ કે આ ગચ્છ રાજગચ્છના ધર્મઘોષગચ્છનો પેટાગચ્છ હતો. (જૂઓ, વિ૦ વિ૦ પટ્ટા૦ સં૦ પૃ૦ ૮૦)

**સોધિતવાલગચ્છ**—આ ગચ્છ શુદ્ધદંતી તીર્થમાં થયો હતો, પણ એ અંગે બીજી કોઈ વિગત મળતી નથી.

(જૂઓ, આ૦ જિનપ્રભસૂરિનો વિવિધતીર્થકલ્પ)

**દેવાચાર્યગચ્છ**—આ વડગચ્છની શાખા હતી.

(૧) આ૦ દેવસૂરિ (રૂપશ્રી)ની શ્રમણ પરંપરા.

(પ્રક૦ ૩૭, પૃ૦ ૨૫૪)

(૨) આ૦ વાદિદેવસૂરિની શ્રમણ પરંપરા.

(પ્રક૦ ૪૧, પૃ૦ ૫૮૯, ૫૯૦)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**દેવાનંદિતગચ્છ**—(જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦૬૯, પ્ર૦૪૧, પૃ૦૫૯૦)

**નાગોરી તપાગચ્છ**—વડગચ્છના આ૦ વાદિદેવસૂરિની પરંપરાના આ૦ જયશેખરે તપસ્વી આ૦ **જગચ્ચંદ્રસૂરિ**ની નિશ્રામાં ક્રિયોદ્ધાર કર્યો. તેમનાથી સં૦ ૧૩૦૧માં નાગોરમાં **નાગોરીતપાગચ્છ** નીકળ્યો. (પ્રક૦ ૪૧, પટ્ટા૦ ૧૪મી, પૃ૦ ૫૯૧)

**જાલોરાગચ્છ**—આ વડગચ્છના દેવાચાર્યગચ્છની શાખા હતી. (જૂઓ પ્રક૦ ૩૧, પટ્ટા૦ ૧૩મી, પૃ૦ ૫૯૦)

**આરાસણગચ્છ**—આ વડગચ્છની શાખા હતી. (પ્રક૦ ૪૧, પટ્ટા૦ ૧૫મી, પૃ૦ ૫૯૮)

**ભિન્નમાલગચ્છ**—આ વડગચ્છની શાખા હતી. તેમાં અનુક્રમે આ૦ વીર, આ૦ અમરપ્રભના પટ્ટધર આ૦ કનકપ્રભના ઉપદેશથી વોરા ગોપાલ શ્રીમાલીએ માંડવગઢની દક્ષિણ તળેટીવાળા તારાપુર ગામમાં સં૦ ૧૫૫૧ના વૈશાખ સુદિ ૬ ને શુક્રવારે પુનર્વસુ નક્ષત્રમાં ભ૦ સુપાર્શ્વનાથનો જિનપ્રાસાદ બંધાવ્યો. (જૂઓ પ્રક૦ ૪૧ પટ્ટા૦ ૧૬, પૃ૦ ૫૯૯, જૈનસત્યપ્રકાશ ક્રમાંક : ૨૫)

**જીરાવલાગચ્છ**—આ વડગચ્છની શાખા હતી. વડગચ્છના આ૦ દેવેન્દ્રના પટ્ટધર, આ જિનચંદ્રના પટ્ટધર આ૦ રામચંદ્રસૂરિએ સં૦ ૧૪૧૧, સં ૧૪૧૫માં જીરાવલા તીર્થમાં નં૦ ૪૮મી દેરીનો જીર્ણોદ્ધાર કરાવી પ્રતિષ્ઠા કરી. (આબૂ પ્રદક્ષિણા લેખસંગ્રહ, જીરાવલાનો લેખ, લે૦ નં૦ ૧૧૯–૧૨૦, પ્રક૦ ૪૧, પૃ૦ ૫૯૯)

સં૦ ૧૬૫૨ વૈશાખ સુદ ૫ ભ૦ દેવાનંદ આ૦ સોમસુંદર થયા હતા.

**રામસેનગચ્છ**—વડગચ્છની શાખા હતી. (જૂઓ પ્રક૦ ૪૧, પૃ૦ ૫૯૯)

તેમાં રામસેનીયાવાટક આ૦ મલયચંદ્રસૂરિ થયા હતા.*

---

* આ મલયચંદ્રસૂરિ ઘણા થયા છે. તે આ પ્રમાણે—
  1. રાજગચ્છના આ૦ મલયેન્દુ (જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૩૭)
  2. મોટા જ્યોતિષી આ૦ મહેન્દ્રસૂરિના પટ્ટધર. (જૂઓ પ્રક૦ ૪૧, પૃ૦ ૧૮૩)
  3. ચૈત્રવાલગચ્છમાં ચાંદસમીય ભટ્ટારક મલયચંદ્ર. (પ્રક૦ ૪૪, પૃ૦ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પિપ્પલકગચ્છ**—થારાપદ્રીયગચ્છના વાદિવેતાલ આ૦ શાંતિસૂરિની પરંપરાના (૮મા) આ૦ શાંતિભદ્રસૂરિએ સં૦ ૧૨૨૨માં શેઠ સિદ્ધરાજના ભ૦ મહાવીરસ્વામીના જિનાલયમાં એકસાથે ૮ શિષ્યોને આચાર્યપદ આપ્યું ત્યારે થારાપદ્રગચ્છ પિપ્પલકગચ્છ એવા નામથી જાહેર થયો. એટલે તે ગચ્છની ગાદી થરાદને બદલે પિપ્પલક નગરમાં સ્થપાઈ ત્યારે પિપ્પલક જૈન તીર્થ હતું.

(વિશેષ પરિચય માટે જૂઓ પ્રક૦ ૩૭, પૃ૦ ૨૭૦)

**મડાહડાગચ્છ**—થારાપદ્રગચ્છના સંવિગ્નવિહારી આ૦ ચક્રેશ્વરસૂરિ મડારના હતા. તેમનાથી સં૦ ૧૧૯૪માં આ ગચ્છ નીકળ્યો.

(જૂઓ પ્રક૦ ૩૭, પૃ૦ ૨૬૫)

**શ્રીમાલીગચ્છ**—આ૦ જિનદત્તસૂરિથી સં૦ ૧૨૦૪માં ખરતરગચ્છ નીકળ્યો. તેમાંથી સં૦ ૧૩૩૧ માં પાલનપુરથી 'ઓસવાલગચ્છ' અને 'શ્રીમાલીગચ્છ' એમ બે શાખાઓ જૂદી પડી હતી.

(જૂઓ પ્રક૦ ૪૦, પૃ૦ ૪૬૧, ૪૬૪)

**વૃદ્ધતપા**—વડગચ્છના આ૦ જગચ્ચંદ્રસૂરિએ મોટું તપ કર્યું, તેમનાથી સં૦ ૧૨૮૫માં આહડમાં વડગચ્છનું નામ 'તપાગચ્છ' પડ્યું. એ તપાગચ્છના આચાર્યોની નિશ્રામાં જુદા જુદા ગચ્છના આચાર્યોએ ક્રિયોદ્ધાર કર્યો. તેઓથી નાગોરીતપા, ખરાતપા, કૃષ્ણર્ષિતપા વગેરે ગચ્છો બન્યા. આ૦ જગચ્ચંદ્રસૂરિના શિષ્યોથી સં૦ ૧૩૧૯માં ખંભાતમાં (૧) લઘુ પોષાળ અને (૨) વૃદ્ધ પોષાળ એમ બે શાખાઓ ચાલી. (જૂઓ પ્રક૦ ૪૪–૪૫)

આ ઉપરાંત બીજી પણ સોમશાખા, કમલકલશા, કુતુબપુરા વગેરે શાખાઓ નીકળી છે. (પ્રક૦ ૪૪ થી ૫૮)

**૧૩ ગચ્છોનું એકમ**—તપાગચ્છ પ્રાચીન ગચ્છોની સામાચારીને સર્વ રીતે વફાદાર રહ્યો છે. આથી એક સામાચારીવાલા પ્રાચીન અને સમકાલીન ૧૩ ગચ્છોની ગાદી તપગચ્છના (૬૦) ભટ્ટારક આ૦ વિજયદેવસૂરિગચ્છને આપી છે અને તે તે ગચ્છના જૈનો તાપગચ્છમાં દાખલ થયા છે.' તેનાં નામ કોટિકગચ્છ, ચંદ્રગચ્છ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચિત્રોડાગચ્છ, વડગચ્છ, ઉપકેશગચ્છ કોરંટાગચ્છ, સાંડેરકગચ્છ, મલધારગચ્છ, કમલકલશા, કતકપુરા, કજ્જપુરા, ચઉદ્દશીયા તપાગચ્છ છે.

(જૂઓ 'તપગચ્છ શ્રમણવંશવૃક્ષ' પૃ૦ ૩૯, પ્રક૦ ૪૧, પૃ૦ ૫૯૭)

**મોઢગચ્છ**—આ બપ્પભટ્ટસૂરિની ગાદી મોઢેરામાં હતી. તેમની પરંપરા મોઢગચ્છ નામે હતી. (જૂઓ પ્રક૦ ૩૨, પૃ૦ ૫૨૨) રાજગચ્છના આ૦ પ્રદ્યુમ્ને સં૦ ૧૩૨૫માં મોઢગચ્છના આ૦ હરિપ્રભસૂરિની વિનતિથી 'કાલિકાચાર્ય કથા' બનાવી. (જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૨૩)

**નાગરગચ્છ**—જૈન મહાજનની ૮૪ જ્ઞાતિઓ છે. તેમાં **નાગર** પણ એક જ્ઞાતિ છે. તે જ્ઞાતિવાળા વડનગર, વીસનગર, મેત્રાણા અને સિદ્ધપુરના પ્રદેશમાં વસતા હતા. તેઓ વૃદ્ધ તપાગચ્છ અને અંચલગચ્છના જૈન હતા પણ ગૂજરાતમાં વલ્લભ સંપ્રદાય આવ્યો ત્યારે તેણે શરૂઆતમાં થોડા નાગરોને વૈષ્ણવ બનાવ્યા. ધીમે ધીમે વૈષ્ણવો વધ્યા. તેઓએ એકતા કરી, જૈનો પર કન્યાની લેવડદેવડ અંગે દબાણ મૂક્યું એટલે જૈનો એકદમ ઘટી ગયા. નાગર જૈનોએ અમદાવાદની સમગ્ર જ્ઞાતિ વચ્ચે આજીજી કરી કે અમે જૈન છીએ, અમને જ્ઞાતિમાં મેળવીને બચાવી લો. તપાગચ્છાધિરાજ પૂ૦ **મૂલચંદજી** ગણિવર, સાગરગચ્છના શ્રીપૂજ ભ૦ શાંતિસાગર, શેઠ પ્રેમાભાઈ વગેરે તેઓને મેળવી લેવા સમ્મત હતા. પણ અમદાવાદના જ્ઞાતિના ઠેકેદારો ધર્મપ્રેમી હોવા છતાં તેઓએ જ્ઞાતિપ્રેમને વધુ વજન આપ્યું. એનું પરિણામ એ આવ્યું કે નાગરોએ વિક્રમની વીશમી સદીના મધ્યકાળમાં જૈનધર્મ છોડયો અને સૌ વૈષ્ણવ બની ગયા. નાગરો નાગરગચ્છના જૈનાચાર્યોના શ્રાવકો હતા. શિલાલેખમાં નાગરગચ્છનો ઉલ્લેખ મળે છે—નાગરગચ્છના આ૦ પ્રદ્યુમ્નસૂરિ(સં૦ ૧૩૦૯ થી ૧૩૯૪)એ સં૦ ૧૩૦૯ના વૈશાખ સુદિ ૩ ને બુધવારે બ્રહ્માણગચ્છના શ્રાવકોએ ભરાવેલી ભ૦ શાંતિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. સં૦ ૧૩૨૨ના વૈશાખ વદિ ૭ ને બુધવારે ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી વગેરે.

નાગરગચ્છનું બીજું નામ 'વડનગરગચ્છ' હતું. મેત્રાણા એ મધ્યકાળમાં નાગરગચ્છનું જૈન તીર્થ હતું.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧—નાગરવંશ**—ગુજરાતનું **કાવી તીર્થ** પણ નાગર જૈનોએ સ્થાપન કરેલું છે. તેની વંશાવલી આ પ્રકારે મળે છે—

"गूर्जरमण्डलमण्डनममयं वडनगरमस्ति तत्रासीत् ।
नागरलघुशाखायां भद्रसियाणालघुगोत्रे ॥"

(૧) ગાંધી દેપાલ શાહ—તે વડનગરમાં રહેતો હતો. તે નાગર-જ્ઞાતિ, દશા શાખા અને ભદ્રસિયાણા ગોત્રનો વ્યાપારી હતો અને ધર્મપ્રેમી હતો.

(૨) અલુઓ.

(૩) **લાડકચંદ્ર**—તેને પન્ની નામે પત્ની હતી અને બાડુક (બાડુઓ) તથા ગંગાધર એમ બે પુત્રો હતા.

(૪) **બાહુક**—તે નાગર વ્યાપારીઓ સાથે વડનગરથી નીકળી ખંભાતમાં આવીને વસ્યો. તે જગદ્‌ગુરુ આ૦ **શ્રીહીરવિજયસૂરિના** ઉપદેશથી દૃઢ જૈન બન્યો અને પરિવાર તેમજ ધનથી સંપન્ન થયો. તેને પોપટી અને હીરા નામે બે પત્નીઓ હતી અને ત્રણ પુત્રો હતા. પોપટીથી કુંવરજી અને હીરાથી ધર્મદાસ તથા વીરદાસ નામે પુત્રો હતા. **બાહુકે** કાવીમાં જૂના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવતાં પૂર્વ તથા પશ્ચિમમાં ૯૦ ફૂટ અને ઉત્તર-દક્ષિણમાં ૬૧ ફૂટ પરિમાણ ભૂમિમાં બાવન જિનાલયવાળો ભ૦ ઋષભદેવનો સર્વજિતપ્રાસાદ કરાવ્યો. આ૦ વિજયસેનસૂરિએ જગદ્‌ગુરુની આજ્ઞાથી સં૦ ૧૬૪૯ ના મા૦ શુ૦ ૩ ના રોજ ખંભાતથી લાહોર તરફ વિહાર કર્યો અને શેઠ બાહુકે પોતાના ત્રણ પુત્રોને સાથે રાખી આચાર્યશ્રીના વાસક્ષેપથી તેમના શિષ્યોના હાથે સં૦ ૧૬૪૯ ના માહ સુદિ ૧૩ ને સોમવારે **સર્વજિતપ્રાસાદની** પ્રતિષ્ઠા કરાવી અને તેમાં પહેલાં અંજન-શલાકા કરેલા પ્રાચીન ભ૦ ઋષભદેવ તથા ભ૦ મહાવીરસ્વામીનાં બિંબોની પ્રતિષ્ઠા કરાવી.

આ સર્વજિતપ્રાસાદ ભવ્ય હતો. વિશાળ હતો પણ તેનો દરવાજો નાનો હતો. મુસલમાની ધાડાંઓથી બચાવવાને માટે દર-

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

વાજો નાનો બનાવવાની પ્રવૃત્તિ હતી. સંભવ છે કે શેઠ બાડુક સં૦ ૧૬૫૫ લગભગમાં મરણ પામ્યો હોય, કેમકે તેમના ત્રણે પુત્રોએ સં૦ ૧૬૫૬ ના વૈશાખ સુદિ ૭ ને બુધવારે તે જ મંદિરમાં આ૦ વિજયસેનસૂરિના હાથે ભ૦ ઋષભદેવની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરાવી હતી. (પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા૦ ૨, લેખાંક : ૪૫૧)

(૫) **ગાંધી કુંઅરજી**—તેને તેજલદે નામે પત્ની હતી અને કાનજી નામે પુત્ર હતો. શેઠ કુંવરજીએ કાવી તીર્થમાં બીજું વિશાળ મંદિર બંધાવ્યું છે. કવિરાજ કવિબહાદૂર **દીપવિજયજી**એ એ મંદિરનો ઇતિહાસ આપતાં જણાવ્યું છે કે, તેજલદેના શરીરનો બાંધો ઊંચો હતો. સર્વજિતપ્રાસાદમાં પ્રવેશ કરતાં તેનું મસ્તક દરવાજાના ઉત્તરંગ સાથે અથડાયું ત્યારે તે તેની સાસુને કહેવા લાગી : 'સાસુજી ! દેરાસર તો ભવ્ય બંધાવ્યું પણ દરવાજો નાનો બનાવ્યો.' ત્યારે હીરાદેએ મેણું માર્યું કે, 'એવી વાત છે તો તું એવું દેરાસર બંધાવજે.' તેજલદેએ આ વાતની ગાંઠ વાળી કે હું મોટા દરવાજાવાળું દેરાસર બંધાવીશ.

આ ઘટના સાચી હો કે કલ્પિત હો પણ એ ચોક્કસ વાત છે કે, પિતા-પુત્રે પોતાની જાતમહેનતની કમાણીથી કાવીમાં સાથે સાથે બે દેરાસર બંધાવ્યાં. ત્યાંના શિલાલેખથી સ્પષ્ટ થાય છે કે, શેઠ કુંઅરજી ગાંધીએ સં૦ ૧૬૫૪ ના શ્રાવણ વદિ ૯ ને શનિવારે બાવન દેરીઓવાળો 'રત્નતિલક' નામે પ્રાસાદ બંધાવી પ્રતિષ્ઠા કરાવી.[1]

આ૦ **વિજયસેનસૂરિ**એ સં૦ ૧૬૫૫ ના માગશર સુદિ ૫ ને ગુરુવારે અમદાવાદના શકંદરપરામાં, શેઠ લહુઆ દ્વારા ભ૦ શાંતિનાથની પ્રતિમાનો અંજનશલાકા મહોત્સવ કરાવ્યો, તેમાં શેઠ કુંવરજીની ભ૦ ધર્મનાથની પ્રતિમાની અંજનશલાકા કરાવી અને **મુનિ વિદ્યા**-

---

૧. અમદાવાદના સંઘપતિ સહજપાલનો પુત્ર સં૦ કુંઅરજી થયો હતો, તે આ ગાંધી કુંઅરજીથી જુદો હતો.

સં૦ કુંઅરજીએ સં૦ ૧૬૨૮ માં 'કલ્પકિરણાવલી'ની સેંકડો પ્રત લખાવી હતી. (જૂઓ, પ્રક૦ ૫૫, મહો૦ ધર્મસાગરગણિ પરિચય)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિજય** તેમજ મુનિ મેઘવિજયને પંન્યાસપદવી આપી. શેઠ કુંવરજીએ ભ૦ ધર્મનાથની પ્રતિમાનો **રત્નતિલક** પ્રાસાદમાં પ્રવેશ કરાવ્યો. આ૦ વિજયસેનસૂરિ ખંભાત પધાર્યા ત્યારે ત્યાં શેઠ **શ્રીમલ્લે** અઠ્ઠાઈમહોત્સવ કર્યો, તેમાં આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૫૬ ના વૈશાખ સુદિ ૪ ને સોમવારે **પં૦ વિદ્યાવિજયને** આચાર્ય બનાવી **શ્રીવિજયદેવસૂરિ** નામ આપ્યું ને પોતાની પાટે સ્થાપન કર્યા. તેમજ ઠક્કુર **કીકાએ** અઠ્ઠાઈમહોત્સવ કરાવ્યો. તેમાં આ૦ વિજયસેનસૂરિએ ઠ૦ કીકાની ભ૦ નેમિનાથની પંચતીર્થી, મોઢ કાનબાઈની ભ૦ પાર્શ્વનાથની પંચતીર્થી અને શેઠ કુંઅરજી ગાંધી વગેરે ત્રણ ભાઈઓએ બનાવેલી ભ૦ ઋષભદેવની ચરણપાદુકાની અંજનશલાકા કરાવી હતી. તેમજ ગાંધી કુંઅરજીએ પોતાની પત્ની તેજલદે તથા પોતાના પુત્ર કાનજીના નામથી ભ૦ ધર્મનાથનું પરિકર, ભ૦ શાંતિનાથ અને ભ૦ સંભવનાથની પ્રતિમાની અંજનશલાકા કરાવી હતી.

આ બંને જિનપ્રાસાદોમાં શિલાલેખો તથા પ્રતિમાજી ઉપરના લેખો વિદ્યમાન છે. સૌમાં પ્રતિષ્ઠાપક તરીકે આ૦ વિજયસેનસૂરિનું નામ છે. વિશેષતા એ છે કે, આચાર્યશ્રીના વાસક્ષેપથી તેમના શિષ્યોએ પ્રતિષ્ઠા કરી અને તેમાં તે આચાર્યને નમસ્કાર પણ કર્યા અને પ્રતિષ્ઠાપક તરીકે તે જ આચાર્યને બતાવ્યા. પ્રતિષ્ઠાનો આવો નિયમ હોય છે.

(૬) **ગાંધી કાનજી**—ભ૦ ધર્મનાથના પરિકરમાં તેનું નામ મળે છે. એટલે કે ગુજરાતના કાવી બંદર પાસે એક માઈલ દૂર કાવી ગામ છે, જેનું પ્રાચીન નામ કંકાવતી હતું. ત્યાં આજે ભ૦ ઋષભદેવ અને ભ૦ ધર્મનાથનાં બે ગગનચૂંબી વિશાળ મંદિરો ઊભાં છે, જે નાગર જૈનોની કીર્તિ ગાઈ રહ્યાં છે.

**૨—નાગરવંશ—**

(૧) **બાહડ**—તે ધર્મપ્રેમી હતો.

(૨) **આનંદ**—તેણે **પીલ્લહિકા** (પીલવાઈ) ગામમાં જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેને **અનુપમા** નામે પત્ની હતી અને ૧.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

બાંધા, ૨. રતનો, ૩. જગતસિંહ નામે પુત્રો હતા.

(૩) **જગતસિંહ**—તે ન્યાયી, દાની અને દેવ-ગુરુનો પૂજક હતો. તેણે 'પર્યુષણાકલ્પ' પુસ્તિકા લખાવી. (૩–નાદીનાગર, પૃ૦ ૭૨૨)

(–જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ: ૯૯)

**દીશાપાલવંશ**—

જેમ **વડનગર**થી નાગરગચ્છ અને નાગરજ્ઞાતિ નીકળ્યાં તેમ **ડીસાનગર**થી દીશાપાલ જ્ઞાતિ નીકળી, તેનું બીજું નામ દીસાવાલ પણ છે. તેનું વર્ણન આ પ્રકારે મળે છે—

" अस्ति विस्तारवानुर्व्यामच्युतश्रीसमाश्रयः ।
न दीनसत्त्वसंपूर्णो दीशावालान्वयार्णवः ॥"

ડીસાવાલ જ્ઞાતિમાં અનુક્રમે શેઠ ૧ દેઉક, ૨ વીલ્હા, ૩ વીરો, થયા. વીરાને જયંત, તુહુણ અને જાલ્હણ એમ ત્રણ ભાઈ હતા. **વીરા**એ જયંતના મરણ પછી તપાગચ્છના આદ્ય આચાર્ય શ્રીજગચ્ચંદ્રસૂરિના ઉપદેશથી સં૦ ૧૨૯૫ના ચૈત્ર સુદિ ૨ ને મંગળવારે **પાટણ**માં રાજા ભીમદેવ (બીજા)ના રાજ્યકાળમાં 'નાયાધમ્મકહાઓ' વગેરે છ અંગ ગ્રંથો લખાવ્યા તેમજ તેની ટીકાઓ પણ લખાવી. સં૦ ૧૨૯૭માં જંઘરાલ ગામમાં ભ૦ આદીશ્વરના દેરાસરમાં આ૦ દેવેન્દ્રસૂરિ પાસે તે ગ્રંથો વંચાવ્યા.

આ ઉલ્લેખથી સૂચન મળે છે કે, દીશાવાલો તપાગચ્છીય જૈનો હતા. (–જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર૦ ૨૬, પ્રક૦ ૪૪, ૪૫)

## જ્ઞાતિ-શાખાવંશો

'વિમલચરિત્ર' તથા 'વિમલપ્રબંધ'માં વાણિયાની ૮૪ જ્ઞાતિઓ બતાવી છે. તે સમયે તે સૌ જ્ઞાતિવાળા જૈન હતા. ત્યાર પછી શ્વેતાંબર જૈન, દિગમ્બર જૈન અને માહેશ્વરી કે વૈષ્ણવ ધર્મમાં તે વહેંચાઈ ગયા. આ દરેક જ્ઞાતિઓમાં શાખા જ્ઞાતિઓ ઘણી નીકળી છે. જેમકે—

૧. **ઓસવાલ**—તેમાં આશરે ૫૦૦ જેટલાં ગોત્રો છે. તેમાં એક ગોત્ર **શ્રીમાલી** નામનું પણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨. **શ્રીમાલી**—શ્રીમાલી, લાડવા શ્રીમાલી, ધર્કટ,[1] ગૂર્જર, ભણસાળી વગેરે શ્રીમાલી જ્ઞાતિના શાખાવંશો છે. આજે મોટે ભાગે વીશા શ્રીમાલીઓ મૂર્તિપૂજક જૈનો છે.

૩. **પોરવાડ**—પોરવાડ, સોરઠિયા, કપોલ, કંડોલિયા, મારુ વગેરે પોરવાડ જ્ઞાતિના વંશો છે. પોરવાડ જ્ઞાતિ માટે ઉલ્લેખ મળે છે કે—

"सप्तदुर्गप्रदानेन गुणसप्तकरोपणात् ।
पुटसप्तकवन्तोऽमी प्राग्वाट इति विश्रुताः ॥६५॥
आद्यं प्रतिज्ञानिर्वाहो द्वितीयं प्रकृतिः स्थिरा ।
तृतीयं प्रौढवचनं चतुःप्रज्ञाप्रकर्षवान् ॥६६॥
पञ्चमं च प्रपञ्चज्ञः षष्ठं प्रबलमानसम् ।
सप्तमं प्रभुताकाङ्क्षी प्राग्वाटे पुटसप्तकम् ॥६७॥" (–વિમલચરિત્ર)

"ततो राजप्रासादात् समीपपुरनिवासितो वणिजः
प्राग्वाटनामानो बभूवुः ॥ तेषां भेदत्रयम्-
आदौ शुद्धप्राग्वाटाः द्वितीयाः सुराष्ट्रे गताः केचित् सौराष्ट्रप्राग्वाटाः तदवशिष्टाः कुण्डलमहास्थाननिवासतोऽपि कुण्डलप्राग्वाटा बभूवुः ॥"

JAINSITE .com जैन साईट

**સોરઠગચ્છ**—સોલંકીયુગમાં શ્રીમાલી અને પોરવાડો ભિન્નમાલથી નીકળી પાટણ આવ્યા. તેમ સૌરાષ્ટ્રમાં પણ જઈને વસ્યા. ૮૪ જ્ઞાતિઓમાં શ્રીમાલી અને પોરવાડો એ બે મોટી જ્ઞાતિઓ છે અને જૈનધર્મ પાળતી રહી છે.

**કપોળ સોરઠિયા** અને કંડોલિયા એ પોરવાડ જ્ઞાતિની શાખાઓ

---

[1] **શ્રીમાલીવંશ** (ધર્કટ)—

'' श्रीमालाचलमौलिमूलमिलितत्रैलोक्यसुश्लाघितः ।
वंशोऽस्ति सदौषधिनिधिः श्रीधर्कटानां प्रभुः ॥'

(શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ ૧૬, પૃ૦ ૧૨; પ્ર૦ ૨, પૃ૦ ૨)

એટલે કે ધર્કટવંશ તે શ્રીમાલીજ્ઞાતિનો શાખાવંશ છે. આ વંશમાં મહામાત્ય શાન્તૂ, વિમલ શાહ, કવિ યશશ્ચંદ્ર, દુઃસાધ્યવંશનો શેઠ જગતસિંહ વગેરે થયા હતા. (જૂઓ, પ્રક૦ ૪૧, પૃ૦ ૬૪૩, ૬૪૯, ૬૮૯, પ્રક૦ ૪૫)

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

છે. કપોળ શબ્દમાં પણ પ્રજ્ઞાપ્રકર્ષઃ પ્રાગ્વાટે એવો ધ્વનિ મળી આવે છે. કપોળ અને સોરઠિયા એ બંને જ્ઞાતિવાળા સૌરાષ્ટ્રના દક્ષિણ-પૂર્વ વિભાગમાં પથરાયેલા છે. તેઓ મધ્યકાળમાં મોટા વહાણવટી વેપારીઓ હતા. રાજા કુમારપાલે શત્રુંજય તીર્થનો સંઘ કાઢેલો તેમાં મહુવાના **જગડૂ** સોરઠિયાએ બહુ નામના મેળવી હતી.

(–પ્રક૦ ૪૧, પૃ૦ ૬૮૫)

પ્રાચીન કાળમાં પણ આર્ય **સુહસ્તિસૂરિ**ના ૯મા પટ્ટધર આ૦ **ઋષિગુપ્ત**ના શિષ્યોની ચાર શાખાઓમાં **સોરઠિયા** શાખા પણ મળી આવે છે. (પ્રક૦ ૮, પૃ૦ ૧૭૮) આ સોરઠગચ્છ તેનાથી જૂદો છે.

સોરઠિયા જૈનો સોરઠિયાગચ્છના જૈનાચાર્યોના શ્રાવકો હતા. આ ગચ્છનું નામ "જૈન ગૂર્જર કવિઓ" ભા૦ ૩, પૃ૦ ૫૪૩ વગેરેમાં મળે છે પણ ગચ્છ વિશે વિશેષ હકીકત કંઈ જ મળતી નથી. આ બન્ને જ્ઞાતિઓ વૈષ્ણવાચાર્યના પ્રયત્ન અને દબાણથી ધીરે ધીરે વૈષ્ણવ બની ગઈ છે. એ બન્ને જ્ઞાતિઓએ ભરાવેલી જિનપ્રતિમાઓ તે તે પ્રદેશના જિનાલયોમાં આજે પણ વિદ્યમાન છે.

વળામાં એભલ રાજા હતો ત્યારે ત્યાં કંડોળિયા વાણિયાની મોટી વસતી હતી. ત્યાં એક લગ્નમાં કંડોળિયા વાણિયા અને તેના ગોર બ્રાહ્મણો વચ્ચે મોટો ઝઘડો થયો. પરિણામે રાજાએ બ્રાહ્મણોને જીદી માની મારી નંખાવ્યા. રાણપુરના રાણજી ગોહેલે સં૦ માં આ બ્રહ્મઘાતના બાનાથી રાજા એભલને મારી વળા જીતી લીધું.

(જૂઓ પ્રક૦ ૪૪)

એટલે **પોરવાડ**—૧. પોરવાડ, ૨. સોરઠિયા અને ૩. કંડોલિયા-કપોળ એમ ત્રણ પ્રકારે છે. 'અરડકમલ્લ' એ ઓસવાલોનું બિરુદ છે. તેમ 'પ્રગટમલ્લ' એ પોરવાડોનું બિરુદ છે.

(–મણિભાઈ બકોરભાઈ વ્યાસકૃત શ્રીમાલી-ઓના જ્ઞાતિભેદ, પૃ૦ ૧૦૬, ૧૦૭)

**લાડવા શ્રીમાલી જ્ઞાતિ**—મુસલમાની સેનાએ સં૦ ૧૧૭૧ માં ભિન્નમાલ ભાંગ્યું ત્યારે ત્યાંથી જે નીકળ્યા તે શ્રીમાલી તથા પોરવાડ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવાયા. તેમાંના મહીનદી અને રાંદેરની વચ્ચેના લાટ પ્રદેશમાં આવી વસ્યા તે **લાડવા શ્રીમાલી** કહેવાયા. લાડવા શ્રીમાલી અસલમાં જૈન હતા. તેઓ લાટમાં જુદા જુદા સ્થાનના અધિકારી હતા પરંતુ ગૂર્જરેશ્વર કુમારપાલને રાજા થતાં પહેલાં લાડવા શ્રીમાલીની જાન તરફથી એક કડવો અનુભવ થયો. તેથી તેણે રાજા બન્યા પછી લાડવાઓને અધિકારમાં રાખ્યા નહીં. લાટના દંડનાયક **વોસિરિએ** પણ લાડવાઓ પ્રત્યે સખ્તાઈભર્યું વર્તન ચલાવ્યું. પરિણામે લાડવા શ્રીમાલી ગુજરાત રાજ્યમાં અધિકારપદે રહ્યા નહીં.

(જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૧૮)

મહો૦ ભાનુચંદ્ર ગણિવરના શિષ્ય ખુશફહમ મહો૦ **સિદ્ધિચંદ્ર ગણિના** એક જીવનપ્રસંગથી આપણને જાણવા મળે છે કે બુરહાનપુરમાં ૩૨ ચોરોને મારવાના હતા તે સૌને તેમણે અકબરની સમ્મતિ મેળવી ત્યાં જઈને બચાવ્યા અને એ જ રીતે **જયદાસ જપા** લાડવા શ્રીમાળીને હાથીના પગે કચડી મારી નાખવાનો હતો, તેને પણ બચાવ્યો. જયદાસ જપાએ ઉપાધ્યાય સિદ્ધિચંદ્ર ગણિના ઉપદેશથી બુરહાનપુરમાં મોટો જિનપ્રાસાદ બનાવ્યો.

(–સૂરીશ્વર ઔર સમ્રાટ, પ્રક૦ ૫૫, પૃ૦ ૧૫૭)

બીજા ઉલ્લેખો ઉપરથી એ પણ જાણવા મળે છે કે લાડવા શ્રીમાલી તે તપાગચ્છના આ૦ સુમતિસાધુસૂરિ, આ૦ હેમવિમલસૂરિ, આ૦ વિજયસેનસૂરિ, આ૦ વિજયદેવસૂરિ, આ૦ વિજયતિલકસૂરિ, આ૦ વિજયાણંદસૂરિ વગેરેના શ્રાવકો હતા. લાડવા શ્રીમાલીઓએ તેઓની પાસે જિનાલયોની પ્રતિષ્ઠાઓ કરાવી અને તેઓના ઉપદેશથી જૈન ગ્રંથો લખાવ્યા છે.

(–મણિલાલ બકોરભાઈ વ્યાસકૃત શ્રીમાલીઓનો જ્ઞાતિભેદ, પૃ૦ ૨૨૪ થી ૨૨૧)

૧. **ગૂર્જર**—તે અસલમાં ભિન્નમાલથી નીકળેલા શ્રીમાલી હતા. ભિન્નમાલ અને પાટણની વચ્ચેનો ભૂમિભાગ તે સમયે **ગુજરાત**

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

કહેવાતો હતો. તે શ્રીમાલીઓ શરૂઆતમાં ત્યાં આવી વસ્યા અને પછી અમદાવાદ, ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છમાં ફેલાયા તે '**ગૂર્જર શ્રીમાલી**' કહેવાયા.

૨. અમદાવાદના મહમ્મદ બેગડા (સં૦ ૧૫૧૬ થી ૧૫૭૦)નો દિવાન **સુંદરજી** તથા **ગદરાજ** વગેરે ગૂર્જર શ્રીમાલી હતા. તેઓએ સોજિત્રા, અમદાવાદ, આબૂ તીર્થમાં જિનપ્રાસાદો, ગ્રંથભંડારો સ્થાપ્યા હતા. (જૂઓ, પ્રક૦ ૫૩, પૃ૦...., પ્રક૦ ૩૭, પૃ૦ ૨૮૯)

**ગૂર્જર શ્રીમાલી**—વિક્રમની ૧૨ મી શતાબ્દીમાં અંભણવાડુ પાટણમાં ગૂર્જર શ્રીમાલી જૈનોનાં ઘણાં ઘરો હતાં. તેઓ મલધારગચ્છના આ૦ **અમૃતચંદ્રસૂરિ**ના શ્રાવકો હતા. ત્યાંના વતની સિદ્ધ-સારસ્વત મહાકવિ **સિંહે** 'પજ્જુન્નકહા' અપભ્રંશ ભાષામાં બનાવી હતી. (જૂઓ, પ્રક૦ ૩૮, પૃ૦ ૩૩૨)

ગૂર્જરવંશના કોશાધિપતિ **દેવપ્રસાદ**ના વંશમાં બાલપ્રસાદ, પેથડ વગેરે થયા. (જૈ૦પુ૦પ્ર૦સં૦, પ્ર૦ ૫૩)

રાજગચ્છના આ૦ મુનિરત્ને સં૦ ૧૨૫૨ માં પાટણમાં 'અમમ-ચરિત્ર' બનાવ્યું. તેની પહેલી પ્રતિ ગૂર્જરવંશના પં૦ સાગરચંદ્રે લખી હતી. (જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૪૭)

ગૂર્જરવંશના શેઠ સોમ, શોભનદેવ, મહણસિંહ વગેરે ખરતર-ગચ્છના આ૦ જિનપ્રભસૂરિ તથા તપાગચ્છના આ૦ સોમતિલકસૂરિ વગેરેના ઉપાસક જૈનો હતા. (જૈ૦પુ૦પ્ર૦સં૦, પ્રશસ્તિ ૧૭)

**ભણશાલી ગૂર્જર**—ભણશાલી તે ગૂર્જર શ્રીમાલી જ્ઞાતિની શાખા છે. શ્રીમાલી વૈરસિંહ ભણશાલીએ ચંદ્રગચ્છના આચાર્યને 'સમરાદિત્યચરિત' લખાવી વહોરાવ્યું. (જૈ૦પુ૦પ્ર૦સં૦, પ્રશ૦ ૫૮)

નેણા ભણશાલી શ્રીમાલીના વંશમાં કવિવર મંડન વગેરે થયા.

ગૂર્જર શ્રીમાલી લલ્લ ભણશાલી થયો. જેનો મોટો વંશ ચાલ્યો છે—

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્ जैन साईट

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## લલ્લ ભણશાલી ગૂર્જર શ્રીમાલ (લલ્લિકા)

- લેલક (લક્ષ્મી)
  - ધંધૂક (વાહિની)
    - શીવીર
    - સિંધુકાદેવી
- યશશ્ચંદ્ર (જિંદિકા)દાની
  - રાજિકાદે (શોભનદેવા) સલોપદે
  - યશઃપાલ (જયદેવી)
    - પાર્શ્વદેવ (પદ્મશ્રી)
    - આંબડ (મંદોદરી)
      - પાર્શ્વકુમાર (પૃથ્વીદેવી)
      - ધનસિંહ (ધાંધલ)
      - રત્નસિંહ (રાજલદે)
        - પેથુકા
      - જગતસિંહ (જાલ્હણ)
        - સોલુકા
    - પાલ્હણ (માણિકી)
      - વરસિંગ (ચનદેવી)
- દેવકુમાર (છડિકા)
  - કુમારપાલ

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

લલ્લવંશના ઠ૦ આંબડ તથા ઠ૦ પાલ્હણે આ૦ વર્ધમાનસૂરિ. રચિત 'ઋષભદેવચરિત' લખાવ્યું. (જૈ૦પુ૦પ્ર૦સં૦, પ્રશસ્તિ ૨૪)

સંભવ છે કે ઠ૦ આંબડ, ઠ૦ પાલ્હણ ટીંબાણાના હશે. તે સં૦ ૧૩૦૬ માં થયા હશે. (પ્રક૦ ૪૫)

મહો૦ સોમવિજય ગણિ અને મહો૦ કીર્તિવિજય ગણિએ જગદ્ગુરુ આ૦ હીરવિજયસૂરિ પાસે દીક્ષા લીધી ત્યારે તેઓની સાથે શા૦ **વચ્છરાજ** ભણશાલીએ પણ દીક્ષા લીધી હતી.

જગદ્ગુરુ આ૦ હીરવિજયસૂરિ સં૦ ૧૬૫૨ માં ઉનામાં ચોમાસુ હતા, ત્યારે જામનગરનો દિવાન **અબજી** ભણશાલી તેમને વાંદવા ઉના ગયો હતો. તેણે ત્યાં આચાર્યદેવ તથા સાથેના સૌ મુનિવરોની સોનામહોરથી પૂજા કરી હતી. (પ્રક૦ ૫૮, પૃ૦ )

અંચલગચ્છના આ૦ ધર્મમૂર્તિસૂરિ (સં૦ ૧૬૦૨ થી ૧૬૭૯)ના ઉપદેશથી દીવબંદરના શા૦ નાનચંદ ભણશાલીએ ભ૦ શીતલનાથની પોખરાજ રત્નની પ્રતિમા ભરાવી હતી. (પ્રક૦ ૪૦, પૃ૦ ૫૩૩)



www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

કચ્છમાં ગૂર્જર જૈનો, ગૂર્જર બ્રાહ્મણ, ગૂર્જર સુતાર તથા ભણુશાલી જૈનોની વસતી મોટા પ્રમાણમાં છે.

દિલ્હીમાં લાલા માહુમલજી ભણુશાલી ધર્મપ્રેમી જૈન હતા. દિલ્હીનું પાર્શ્વનાથ ભગવાનનું જિનાલય તથા કુતુબની મોટી દાદાવાડીનો વહીવટ હાલ તેમના વંશજો કરે છે.

**ગોઠી**—મધ્યકાળમાં જિનાલયની સારસંભાર કરનાર મિત્રમંડળી બનતી હતી. આ મંડળીના સભાસદો **ગોઠી** કહેવાતા હતા. ગોઠીઓ જૈનસંઘમાં ઉત્તમ શ્રાવકો મનાતા હતા. આથી જ આચાર્યોએ મોટી શાન્તિના સ્તોત્રમાં 'ગોષ્ઠિકાનાં શાન્તિર્ભવતુ' કહીને તેઓ માટે શાન્તિની કામના કરી છે.

સંભવ છે કે ઓસવાલ, શ્રીમાલી, પોરવાડ એ સૌ જ્ઞાતિમાં અને સૌ ગચ્છોમાં **ગોઠી ગોત્ર** બન્યાં હશે. તેઓ વહીવટદારો જ હતા.

ઇતિહાસમાં હુંડાપદ્રની ગોઠી જ્ઞાતિનો ઉલ્લેખ મળે છે.

(જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૨૩; પ્રક૦ ૪૨, પૃ૦ )

આજે ભરતપુર, શિવગંજ વગેરે સ્થાને ગોઠી ગોત્રના જૈનો છે. અત્યારે જૈનો અજૈનોને ગોઠી બનાવે છે, તેથી જૈનધર્મ, જિનાલય, જૈનતીર્થોને નુકશાન થયું છે. દિગમ્બરના જિનાલયોમાં જૈન ગોઠી હોય છે તે પ્રશસ્ત વસ્તુ છે, તેથી એ સમાજને લાભ થયો છે.

**પલ્લીવાલ**—સં૦ ૧૨૦૭ માં પાલી નગર ભાંગ્યું અને ત્યાંના નાગરિકો બહાર ચાલ્યા ગયા. તે 'પલ્લીવાલ' કહેવાયા. આ ભંગમાં 'પંચાશક' ખંડિત થયું, જેને આ૦ જિનદત્તસૂરિના શિષ્ય સ્થિરચંદ્રે વ્યવસ્થિત કર્યું. (જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા ૫૯)

ત્યાર બાદ શાહબુદ્દીન ઘોરીએ સં૦ ૧૨૩૪ કે સં૦ ૧૨૫૪ માં પાલી ભાંગ્યું લાગે છે. (જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૫૬, ૫૭, ૬૪)

**૩—નાગરવંશ**—નાગરવંશની શાખા **નાદીનાગર** હતી, જે પાટણમાં રહેતી હતી. (જૂઓ શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્રશસ્તિ ૧૫૫)

**જીરાવલા તીર્થ (સં૦ ૧૧૯૧)—**

**વરમાણુના** શેઠ **ધાંધલ** શ્રીમાલીની ગાય સેહિલી નદીકિનારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પહાડની ગુફામાં જઈ દૂધ ઝરી આવતી હતી. ભરવાડે તે વાત શેઠને જણાવી. શેઠે પણ ત્યાં જઈ એ વાત સાચી હોવાની ખાતરી કરી. શેઠને તે જ રાતે સ્વપ્નમાં લીલા ઘોડા ઉપર બેઠેલા એક સુંદર પુરુષે આવીને કહ્યું કે, 'ત્યાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા છે. હું તેનો અધિષ્ઠાયક છું, એ પ્રતિમાની પૂજા-પ્રભાવના થાય તેમ કર.' શેઠે સવારે ત્યાં જઈ પ્રતિમાજીને બહાર કાઢી અને રથમાં બેસાડી. એ જ સમયે જીરાવલાના સંઘે ત્યાં આવીને જણાવ્યું કે, 'આ પ્રતિમાજી અમારા ગામની સીમમાંથી નીકળી છે, એટલે અમારી છે.' આ તકરાર મટાડવા નક્કી થયું કે, રથમાં એક બળદ વરમાણનો અને બીજો બળદ જીરાવલાનો એમ બે બળદ જોડવા. એ બળદો જે તરફ જાય તે સ્થળે પ્રતિમા લઈ જવાનો નિર્ણય થયો. બળદો તો જીરાવલા તરફ જ જવા લાગ્યા એટલે સૌએ માન્યું કે, અધિષ્ઠાયકની એવી ઇચ્છા લાગે છે.

પ્રતિમાજી જીરાવલામાં આવ્યાં અને ભ૦ મહાવીરસ્વામીના દેરાસરમાં તે પ્રતિમાને પધરાવ્યાં. તે પછી શ્રીસંઘે મોટું દેરાસર બંધાવી તેમાં વડગચ્છના આ૦ **અજિતદેવસૂરિ**ના હાથે સં૦ ૧૧૯૧ માં તે પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. તે સમયથી એ **જીરાપલ્લી** પાર્શ્વનાથનું તીર્થ પ્રસિદ્ધિમાં આવ્યું અને મહિમા વધવા લાગ્યો.

એક વાર જાલોરના **મુસલમાનો**એ આ તીર્થને તોડવાનો ઇરાદો કર્યો પણ તેમાં તેઓ ફાવ્યા નહીં. આથી સાત શેખ-મોલવીઓ જૈન યતિનો વેષ ધારણ કરી મંદિરમાં આવ્યા. તેઓએ રાત્રે મંદિરમાં લોહી છાંટી તેને અપવિત્ર બનાવ્યું અને પ્રતિમાને તોડીને નવ ટુકડા કર્યા. આ કૃત્યથી તેઓ બેભાન થઈ નીચે પટકાઈ પડ્યા અને બહાર નીકળી શક્યા નહીં. સવારે પકડાઈ ગયા ત્યારે ત્યાંની જનતાએ તેઓને પકડીને મારી નાખ્યા.

આ ઘટનાથી સૌને દુઃખ થયું. શેઠે ઉપવાસ કર્યો અને દેવે રાત્રે સ્વપ્નમાં જણાવ્યું કે, 'તમે ખેદ ન કરો. ભાવિભાવ હોય તે જ બને છે. હવે દરવાજો બંધ કરીને નવ શેર લાપસી બનાવી તેમાં

જૈન સાઈટ JAINSITE .com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિમાના નવે ટુકડા સાત દિવસ સુધી દાબી રાખજો.'

શ્રીસંઘે એ મુજબ કર્યું પણ સાતમે દિવસે જ ત્યાં એક છ'રી પાળતો યાત્રા સંઘ આવ્યો. તેના અતિ આગ્રહથી સાતમે દિવસે દરવાજો ખોલવામાં આવ્યો. સૌએ પ્રભુનાં દર્શન કર્યાં. પ્રતિમાનાં **નવ** અંગ જોડાઈ ગયાં હતાં, માત્ર રેખાઓ રહી હતી. એટલે એ ખાડાઓ કાયમ બની રહ્યા.

એ જ અરસામાં જાલોરના સૂબાને ત્યાં ભયાનક ઉપદ્રવ થયો. તેણે દિવાનના કહેવાથી જીરાવલા જઈને ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા સામે માથું મુંડાવી માફી માગી એટલે તેને શાંતિ થઈ. ત્યારથી અહીં **માથું** મુંડાવવાનો રિવાજ શરૂ થયો; જે વિક્રમની સોળમી શતાબ્દી સુધી જારી હતો. સમય જતાં શ્રીસંઘે એ પ્રતિમાને ગાદીમાં ડાબી બાજુએ પધરાવ્યાં અને મૂળ ગાદીમાં દાદા **પાર્શ્વનાથ**ની બીજી પ્રતિમાને સ્થાપન કરી.

આ તીર્થનો વહીવટ શેઠ ધાંધલના વંશજોના હાથમાં હતો. તેની ચૌદમી પેઢીએ થયેલા શેઠ **સીહડ** સં૦ ૧૫૦૩ માં આ તીર્થના વહીવટદાર હતા.

ત્યાર બાદ સંઘે જીરાવલા પાર્શ્વનાથ અને દાદા પાર્શ્વનાથ એ બંને પ્રતિમાઓને મુસલમાની હુમલાથી બચાવવા માટે ગભારાની બહાર ડાબી તરફની દિવાલના બે ગોખલાઓમાં વિરાજમાન કરેલી છે. એ ગોખલાઓ એવી રીતે બનેલા છે કે, હુમલો આવતાં જ એક પાટિયું ઢાંકીને પ્રતિમાજીની સહેજે રક્ષા કરી શકાય.

હવે શ્રીસંઘે મૂળનાયકના સ્થાને **ભ૦ નેમિનાથ**ને સ્થાપન કર્યા છે.

આ દેરાસરના અનેક જીર્ણોદ્ધારો થયા છે. મંત્રી **પેથડે** તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. પંદરમી શતાબ્દીમાં બૃહત્તપાગચ્છના આ૦ **રત્નસિંહ**, આ૦ **ભદ્રેશ્વર** સં૦ ૧૪૮૩, તપાગચ્છના આ૦ **જયચંદ્ર**, આ૦ જિનસુંદર, આ૦ ભુવનસુંદર સં૦ ૧૪૮૩, કૃષ્ણર્ષિગચ્છના તપાગચ્છીયાચાર્ય **પુણ્યપ્રભ**, આ૦ જયસિંહ, અંચલગચ્છના **આ૦ જયકીર્તિ**, પિપ્પલકગચ્છના આ૦ **ધર્મશેખર**, ધર્મઘોષ (રાજગચ્છ)-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ના આ૦ **મલયચંદ્ર**, આ૦ વિજયચંદ્ર વગેરેના ઉપદેશથી અલગ અલગ બાવન દેરીઓના જીર્ણોદ્ધારો થયા. આ૦ સોમસુંદરસૂરિના પરિવારના ઉપદેશથી આમાં ઘણા ઉદ્ધારો થયા.

હાલ વિક્રમની એકવીસમી શતાબ્દીમાં જુદા જુદા ગામના તપગચ્છના સંઘની મદદથી એ તીર્થનો મોટો જીર્ણોદ્ધાર થયો છે.

આ તીર્થ ઘણું પ્રાભાવિક મનાય છે. અહીંની યાત્રા માટે અનેક આચાર્યો, યાત્રાસંઘો અને યાત્રિકો શરૂઆતથી તે આજ સુધી આવતા રહ્યા છે. કોઈ પણ સ્થાને જિનપ્રતિષ્ઠા હોય ત્યારે નવા દેરાસરમાં મૂળ મંત્ર તરીકે કેસરથી પ્રથમ 'ૐ શ્રીજીરાવલાપાર્શ્વનાથાય નમઃ' એમ લખવામાં આવે છે.

આ૦ વાદિદેવસૂરિના શિષ્યો આ પ્રદેશમાં વિચરતા હતા; જેઓ 'જીરાવલાગચ્છ'ના નામથી ખ્યાતિ પામ્યા. (જૂઓ પ્રક૦ ૪૧, પૃ૦ ૫૯૯)

જીરાવલા એ પહાડીની વચમાં આવેલું ગામ છે. પ્રદેશ લીલોછમ છે. શોભનીય સ્થાન છે. આબૂ પહાડથી તે પશ્ચિમ દિશામાં છે. અહીંથી મડાર ૭ કોસ અને [1]વરમાણ ૪ કોસ દૂર છે. અણાદરાથી ૧૦ કોસ થાય છે. અહીં શ્રાવકોનાં દશ ઘર છે અને ઉપાશ્રય છે.

બાવન જિનાલયવાળું આ તીર્થ મંદિર પહાડની તળેટીમાં વિદ્યમાન છે. મૂળ ગાદી ઉપર **ભ૦ નેમિનાથ**ની મૂર્તિ પ્રતિષ્ઠિત છે. જ્યારે ગભારા બહાર ડાબી તરફની દિવાલના ખાંચાના બે ગોખમાં ભ૦ જીરાવલા **પાર્શ્વનાથ**ની અને દાદા **પાર્શ્વનાથ**ની એકસરખી બે નાની પ્રતિમાઓ વિરાજમાન છે.

પ્રથમ **જગન્નાથ**પુરીમાં જીરાવલા પાર્શ્વનાથ હતા. સં૦ ૧૧૯૧ થી જીરાપલ્લીમાં જીરાવલા પાર્શ્વનાથ છે. આજે આ તીર્થના આધારે ઘાણેરાવ, નાડલાઈ, નાડોલ, જેટાણા પાસેનું બલોલ, ઘાટકોપર (મુંબઈ) વગેરે અનેક સ્થાનોમાં જીરાવલા પાર્શ્વનાથની પ્રતિમાઓ

૧. વરમાણ માટે જૂઓ, પ્રક૦ ૩૫, પૃ૦ ૬૭; પ્રક૦ ૩૭, પૃ૦ ૨૬૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બેસાડવામાં આવી છે. (–ઉપદેશસપ્તતિકા, સં૦ ૧૫૦૩, વીરવંશાવલી, જૈનસત્યપ્રકાશ, ક્ર૦ : ૧૬૨ થી ૧૬૮)

※

ખરતરગચ્છના (૫૧) આ૦ જિનભદ્રના મહો૦ સિદ્ધાંતરુચિ, તથા (૫૪) આ૦ જિનહંસ જીરાવલા પાર્શ્વનાથના મોટા ભક્ત હતા. (જૂઓ પ્રક૦ ૪૧)

**ફલોધિ પાર્શ્વનાથ તીર્થ**, સં૦ ૧૧૯૯, સં૦ ૧૨૦૪—

વડગચ્છના **આ૦ વાદિદેવસૂરિએ** શાકંભરી તરફ વિહાર કર્યો ત્યારે **મેડતામાં** ચતુર્માસ વીતાવ્યું હતું અને ફલોધિમાં માસકલ્પ કર્યું હતું. તેઓ મેડતામાં હતા ત્યારે સં૦ ૧૧૯૯ ના ફાગણ સુદિ ૧૦ ને ગુરુવારે ફલોધિમાં શેઠ **પારસદાસના** હાથે ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ થઈ ત્યારે આચાર્યશ્રીએ પોતાના શિષ્યો **પં૦ પ્રામગણિ** અને પં૦ **સુમતિગણિને** વાસક્ષેપ આપીને ત્યાં મોકલ્યા હતા. શેઠે તેમના વાસક્ષેપથી તે દિવસે પ્રતિમાજીને ઉઠાવી નગરપ્રવેશ કરાવ્યો અને **સ્થાપના** કરી. તે પછી આ સ્થાન **ફલોધિ પાર્શ્વનાથ**ના નામથી પ્રસિદ્ધ થયું.

શેઠ **પારસ** રાજગચ્છના આ૦ **ધર્મઘોષસૂરિનો** ભક્ત હતો. તે ધર્મપ્રેમી હતો પણ નિર્ધન હતો. તેને વિશાળ જિનાલય બંધાવવાની ઉત્કટ ભાવના હતી. આથી પ્રતિમાના અધિષ્ઠાયકદેવે તેને જણાવ્યું કે, 'તું પ્રભુ સામે હમેશાં ચોખાનો **સાથિયો** કરજે, જે સ્વયં સોનાનો બની જશે.'

શેઠે આ રીતે સોનું મળવાથી ચૈત્ય બંધાવવાનો પ્રારંભ કર્યો, પણ એક દિવસે શેઠના પુત્રોએ પિતાને પૂછ્યું કે, 'આપણે નિર્ધન છીએ તો મંદિર માટે આ રકમ ક્યાંથી આવે છે?' શેઠે તેઓને દેવસહાયનો વૃત્તાંત જણાવ્યો. પુત્રો એ વાતની પાકી ખાતરી કરવા માટે રાતે દેરાસરમાં સંતાઈ ગયા, તે દિવસથી અધિષ્ઠાયક દેવે સાથિયાને સોનાનો બનાવવાનું બંધ કર્યું. પરિણામે દેરાસર અધૂરું રહ્યું.

હવે શ્રીસંઘે આ દેરાસરનું કાર્ય સંભાળી લીધું. શેઠ લક્ષ્મટે ચૈત્ય બંધાવ્યું. સંઘે મંડપ બંધાવ્યો અને શેઠ મુનિચંદ્રે ઉત્તાનપટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરાવ્યો અને મંદિર પૂરું બંધાઈ ગયું.

આ૦ વાદિદેવસૂરિએ **આ૦ જિનચંદ્રને** ફલોધિ મોકલ્યા. શ્રીસંઘે તેમના વાસક્ષેપથી સં૦ ૧૨૦૪ ના માહ સુદિ ૧૩ ને શુક્રવારે ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી, કળશ, ધ્વજદંડ ચડાવ્યા.

સંભવ છે કે, આ ઉત્સવમાં રાજગચ્છના મુનિવરો પણ પધાર્યા હશે. આ રીતે આ તીર્થ આ૦ વાદિદેવસૂરિના વાસક્ષેપથી સ્થાપન થયું. તેમના પટ્ટધર **આ૦ મહેંદ્રસૂરિએ** સ્તોત્ર રચ્યું છે.

પં૦ સોમધર્મ ગણિના જણાવવા મુજબ શેઠ મુનિચંદ્રે આ પ્રતિષ્ઠાનો લાભ લીધો હતો.

તે પછી શેઠ દસાઢે સં૦ ૧૨૨૧ ના માહ સુદિ ૬ ના દિવસે અહીં ચિત્તોડી સીલવટ તથા ચંદ્રવો અર્પણ કર્યાં.

(–જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૪૭, પૃ૦ ૧૬૧)

આ૦ જિનપ્રભસૂરિ લખે છે કે, શાહબુદ્દીન આ પ્રતિમાને તોડવા આવ્યો હતો. તેણે ચૈત્યને નુકશાન કર્યું, પણ પ્રતિમાને તોડી નહીં અને જાહેર કર્યું કે, 'एअस्स देवस्स केणवि भंगो न कायव्वो।' સંઘે મંદિરના તોડેલા ભાગને તરત સમરાવી લીધો. આ ઘટના સં૦ ૧૨૩૪ માં બની હતી.

મહો૦ **જિનપાલ** લખે છે કે, 'सं० १२३४ फलवर्धिकायां विधि-चैत्ये पार्श्वनाथः स्थापितः' (-ગુર્વાવલી)

આ ઉલ્લેખ ઉપરથી અનુમાન થાય છે કે, તે સમયે આ તીર્થમાં બીજું મંદિર બન્યું હશે. અથવા ખરતરગચ્છીય આમ્નાયનું જૂદું મંદિર બન્યું હશે અને તેમાં પ્રતિમાઓ સ્થાપન કરી હશે. ગમે તે હો, પણ શાહબુદ્દીને તીર્થ પ્રતિમાને તોડી નથી, એટલે તેની ફરી પ્રતિષ્ઠા થઈ નથી.

ખરતરગચ્છની પટ્ટાવલીઓમાં ફલોધિને तावप्रतिष्ठाकृत् તીર્થ બતાવ્યું છે. આ૦ **વાદિદેવસૂરિની** એક પરંપરા 'નાગોરી તપા' એવા નામથી પણ પ્રસિદ્ધ હતી માટે જ એ શબ્દો લખ્યા હોય એમ લાગે છે.

મહો૦ **ક્ષમાકલ્યાણે** પણ ફલવધિ તીર્થની સ્થાપના આ૦ વાદિદેવસૂરિના હાથે થયાનું જણાવ્યું છે. (–પર્વકથા)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહો૦ ભાનુચંદ્ર ગણિ તથા સિદ્ધિચંદ્ર ગણિ જહાંગીરના આમંત્રણથી ફરી વાર આગરા પધાર્યા ત્યારે વચમાં મેડતા ઘણા દિવસ રોકાયા હતા ત્યારે આ તીર્થ માટે ખરતરગચ્છવાળાએ ઝઘડો ઊભો કર્યો હતો. મહોપાધ્યાયજીએ પ્રમાણો આપી આ તીર્થને તપાગચ્છનું બતાવી તપાગચ્છને સોંપાવ્યું હતું.

અહીં દેરાસરમાં સં૦ ૧૯૨૫ ના ફાગણ વદિ ૧૦ ને ગુરુવારે મૂલ નક્ષત્રમાં સિદ્ધિયોગમાં પ્રતિષ્ઠિત થયેલી આ૦ **ધર્મઘોષસૂરિની** ચરણપાદુકા છે.

આ ફલોધિ તીર્થ આજે **મેડતા** સ્ટેશન પાસે વિદ્યમાન છે. ત્યાં જૈનોનાં ઘરો નથી. માત્ર તીર્થ મંદિર મૌજુદ છે.

(–નાગેન્દ્રગચ્છીય આ૦ જિનભદ્રની પ્રબંધાવલી સં૦ ૧૨૯૦, આ૦ જિનપ્રભસૂરિકૃત વિવિધતીર્થકલ્પ, મહો૦ જિનપાલની ગુર્વાવલી, ઉપદેશતરંગિણી, પં૦ સોમધર્મની ઉપદેશસપ્તતિકા સં૦ ૧૫૦૩, મહોપાધ્યાય ધર્મસાગરની તપગચ્છપટ્ટાવલી, મહો૦ ક્ષમાકલ્યાણનો 'પર્વકથાસંગ્રહ, સં૦ ૧૮૬૦, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૪૦, ૪૪, ૪૭)

**વરકાણા**—

રાણી સ્ટેશનની પાસે વરકાણા નામે નાનું **ગામ** છે. અહીં વિક્રમની તેરમી શતાબ્દીમાં જૈન મંદિર બંધાયેલું છે. રંગમંડપની ચોકીમાં સં૦ ૧૨૧૧ નો લેખ છે. અહીં મૂળનાયક ભ૦ પાર્શ્વનાથની પ્રાચીન ધાતુપ્રતિમા છે. તેનું પરિકર સં૦ ૧૭૦૭ માં બનેલું છે. મેવાડના રાણા જગતસિંહે તપાગચ્છીય આ૦ વિજયદેવસૂરિના ઉપદેશથી અહીંના માગશર વદિ ૮, ૯, ૧૦, ૧૧ ને દિવસે ભરાતા મેળામાં મહેસૂલ માફ કર્યું તેનો શિલાલેખ અહીં વિદ્યમાન છે. ગોલવાડની પંચતીર્થીનું આ એક મોટું તીર્થ છે.

આ૦ વિજયદાનસૂરિએ સં૦ ૧૬૨૮ માં વરકાણામાં ભ૦ પાર્શ્વનાથના જિનાલયમાં ૧. પં૦ રાજવિમલ, ૨. પં૦ ધર્મસાગર અને ૩. પં૦ હીરહર્ષને ઉપાધ્યાયપદ આપ્યું હતું. (જૂઓ પ્રક૦ ૫૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં કોઈ શ્રાવકનું ઘર નથી પણ વરકાણા પાર્શ્વનાથ જૈન વિદ્યાલય છે, જેમાં જૈન બાળકોને રહેવા-જમવાની અને ભણવાની સારી વ્યવસ્થા છે. (-જૈન તીર્થોનો ઇતિહાસ)

**રાતા મહાવીર** (હથુંડી)—

પ્રાચીન હથુંડી ગામથી ૧ કોસ અને વિજાપુરથી ૧ કોસ તેમજ સેવાડી પાસે જંગલમાં, મારવાડ અને મેવાડના પહાડી રસ્તાના મુખ આગળ આ તીર્થ આવેલું છે.

(-વિશેષ પરિચય માટે જૂઓ પ્રક૦ ૩૪, પૃ૦ ૫૯૩, જૈન તીર્થોનો ઇતિહાસ)

**જેસલમેર**—

રાવલ રાજાઓની મૂળ ગાદી **લોદ્રવામાં** હતી. તેમાં દુસાજી રાવલનો મોટો પુત્ર **જેસલ** નામે હતો. તેણે લોદ્રવાથી ૧૦ માઈલ દૂર ટેકરી પર કિલ્લો બાંધી **જેસલમેર** નગર વસાવ્યું. તેમાં આજે મોટા સાત જ્ઞાનભંડારો, ૧૦ જૈન દેરાસરો, ૧૮ ઉપાશ્રયો અને શ્વેતાંબર જૈનોની મોટી વસ્તી છે.

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**સાહિત્યરક્ષણ**—

જૈનધર્મ ભારતવર્ષનો પ્રાચીન અને મુખ્ય ધર્મ છે. જૈનધર્મના આચાર્યો જનતાના કલ્યાણ માટે હાથ, પગ, જીભ અને દિલ એ બધું ધર્મ કાજે સમર્પણ કરીને ખૂબ ખંતથી કામ લેતા હતા. તેમણે અમૂલ્ય સાહિત્યનું સર્જન કર્યું છે. અહિંસાનો ધ્વજ લઈને ઉઘાડે માથે અને ઉઘાડે પગે ભારતના પ્રત્યેક સ્થળોમાં ભ્રમણ કર્યું છે અને તે સિદ્ધાંતને લોકવ્યાપી બનાવવા પ્રયત્ન કર્યો છે. ભ૦ મહાવીરના સિદ્ધાંતોનો સંદેશ ઘેર ઘેર પહોંચાડ્યો છે. જગતમાં ક્લેશનાં મૂળ એવાં જર, જમીન અને જોરુને છોડી પોતાના અને પરના હિત માટે કેવળ ઉપકાર બુદ્ધિથી ભારે જહેમત ઉઠાવી છે.

ભ૦ મહાવીરસ્વામીથી લઈને આજ સુધીના કાળમાં જૈનોએ દર સાલ નવીન સાહિત્યનું સર્જન કર્યું. જૈન સાહિત્યની તુલનામાં ભારતવર્ષનું સર્વસાહિત્ય તોલવામાં આવે તોય ઓછું હોય એમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનાય છે. વસ્તુતઃ ભારતની પ્રાચીન સંસ્કૃતિ જાળવવામાં જૈન સાહિત્યે મોટો ફાળો આપ્યો છે.

આ પ્રદેશો તરફ મુસલમાનો અવારનવાર હુમલાઓ કરીને નગરો ભાંગતા ને જનતાને લૂંટી લેતા. દેરાસરો અને મંદિરોની મૂર્તિઓને તોડતા અને સંઘરેલા સાહિત્યને પણ બાળીને ભસ્મ કરી નાખતા. ભાગ્યે જ એવું કોઈ નગર હશે જે મુસલમાનોનાં ધાડાંઓથી બચેલું હોય. પરિણામે સાહિત્યનો મોટો ભાગ આવા હુમલાઓને ભોગ બન્યો છે. બચેલા સાહિત્યનું રક્ષણ કરવું એ જ માત્ર સૌની ચિંતાનો વિષય હતો.

જેસલમેર એવા સ્થળે વસ્યું કે જ્યાં ચારે તરફ કોશો સુધી માત્ર રેતીનાં ભયાનક મેદાનો જ નજરે પડે. સેનાઓ કે ધાડાંઓ ત્યાં જવાનો ભાગ્યે જ વિચાર કરે. આવા એકાંત અને સુરક્ષિત સ્થાનનો લાભ લેવાનું જૈનાચાર્યોને સૂઝી આવ્યું અને પાટણ, ખંભાત, ભરુચ, વડનગર, વઢવાણ વગેરે સ્થળોના સાહિત્યભંડારો આ સ્થળે લાવીને મોટા **જ્ઞાનભંડારો** સ્થપાવ્યા. આ રીતે આજ સુધીમાં સંગ્રહીત થયેલા સાહિત્યમાં મોટી મોટી તાડપત્રીઓમાં લખેલા અનેક ગ્રંથો અહીંના જ્ઞાનભંડારોમાં સુરક્ષિત રહી શક્યા છે. આગમપ્રભાકર પૂ૦ મુનિરાજ શ્રીપુણ્યવિજયજીએ અથાગ પરિશ્રમ અને પરીષહો સહીને એ ગ્રંથભંડારોનું નિરીક્ષણ કર્યું, એટલું જ નહિ તેની સુરક્ષા માટે સારો પ્રબંધ પણ કર્યો છે. વળી, એ સાહિત્ય સુલભ બને એ માટે તેમણે ત્યાંની મહત્ત્વની અને અન્યત્ર અનુપલબ્ધ પ્રતિઓની ફિલ્મ ઉતરાવવાની વ્યવસ્થા પણ કરેલી છે.

ખુશી થવા જેવું તો એ છે કે, કેટલાક પ્રાચીન ગ્રંથો જે અલભ્ય હતા તેની પ્રતિઓ અહીંથી મળી આવી છે. જે 'વાદમહાર્ણવ' માં પ્રાચીન ગ્રંથોના પાઠો અશુદ્ધ મળતા હતા; જેમાં વિક્રમની નવમી શતાબ્દી પહેલાંના પૂર્વપક્ષો સંગ્રહીત છે, જે ઉપલબ્ધ બૌદ્ધ સાહિત્યના આધારે પણ શુદ્ધ થઈ શકે તેવા નહોતા તેના વિશુદ્ધ પાઠો અહીંથી મળેલી પ્રતિમાંથી મળ્યા છે. આવા અનેક ગ્રંથો વિશે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહી શકાય. વૈદિક સાહિત્યના ગ્રંથો પણ અહીંથી વિપુલ પ્રમાણમાં મળી આવ્યા છે. એટલે કે, ભારતીય સાહિત્યનો અપૂર્વ વારસો જેસલમેરના ભૂગર્ભમાં સુરક્ષિત પડેલો છે. આ રીતે આને જૈનોનું જ નહિ પણ ભારતનું **સાહિત્યતીર્થ** અથવા તેને **સારસ્વતતીર્થ** કહીએ તો ખોટું નથી.

અહીં આવતા જૈન સાધુઓને પાણીના અભાવે ભારે તકલીફ વેઠવી પડતી. તેથી આ૦ **સોમપ્રભસૂરિએ** સુવિહિત સાધુઓને આ તરફ વિચરવાની મનાઈ કરી હતી પરંતુ એમ કરવાથી તો ત્યાં જૈનધર્મને નુકશાન પહોંચતું હતું તેથી આખરે અહીં **આણંદવિમલસૂરિએ** સં૦ ૧૫૮૨ લગભગમાં મહોપાધ્યાય પરમ તપસ્વી ઉ૦ **વિદ્યાસાગરને** મોકલી વિહાર ખુલ્લો કર્યો. ત્યાં ફરીથી જૈનધર્મનો પ્રચાર કર્યો. (જૂઓ, પ્રક૦ ૪૭, પ્રક૦ ૫૫)

જેસલમેરથી ૧ કોશ દૂર અમરસાગરમાં પણ મોટાં જૈન મંદિરો છે. અમરસાગરથી ૪ કોશ દૂર **લોદ્રવામાં** અનુત્તર વિમાનના નમૂના જેવું વિશાળ જિનાલય છે.

JAINSITE.com જૈન સાઇટ જૈનમ્ જયતિ શાસનમ્

*

**સિદ્ધપુર**—

રાજા **સિદ્ધરાજે** સં૦ ૧૧૫૨ માં **સિદ્ધપુર** વસાવ્યું હતું. તેમાં સં૦ ૧૧૮૪ માં **રુદ્રમાલ** બંધાવ્યો અને જૈન સિદ્ધવિહાર બંધાવ્યો. સિદ્ધવિહારનું બીજું નામ **રાજવિહાર** હતું. મહામાત્ય **આલિગદેવે** પણ તે જ સમયે અહીં **ચૌમુખવિહાર** બંધાવ્યો હતો. એવો પણ ઉલ્લેખ મળે છે કે, અહીં સં૦ ૧૧૫૨ માં ભ૦ સુવિધિનાથનું દેરાસર બંધાવવામાં આવેલું હતું.

(જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૯૩, પ્રક૦ ૪૧, પૃ૦ ૬૭૪)

**શેઠ ધરણા શાહે** અહીંના ચતુર્મુખવિહારના આધારે સં૦ ૧૪૯૬ માં રાણકપુરમાં **ધરણવિહાર**—ત્રૈલોક્યદીપકપ્રાસાદ બંધાવ્યો.

(જૂઓ પ્રક૦ ૪૧, પ્રક૦ ૫૦)

મહામાત્ય આલિગદેવે ચૌમુખ વિહારમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પધરાવી હતી. અલ્લાઉદ્દીન ખિલજીએ એ પ્રતિમાને તોડવાનો ઇરાદો કર્યો, પણ **ભોજકો**એ બાદશાહની હાજરીમાં જ દીપક રાગ ગાઈને ૧૦૮ દીવા પ્રગટાવ્યા, ત્યારે એક સર્પ પ્રગટ થઈને સુલતાન સામે આવી બેઠો. સુલતાન તો આ બધું જોઈ આશ્ચર્યચકિત થઈ ગયો. તેણે કહ્યું: 'આ દેવ તો બાદશાહોના બાદશાહ સુલતાન છે.' એમ સમજીને તેણે એ પ્રતિમા તોડી નહીં. તે સમયથી એ પ્રતિમા 'સુલતાન પાર્શ્વનાથ'ના નામથી પ્રસિદ્ધિ પામી.

સિદ્ધપુરમાં સં૦ ૧૬૪૫ માં નાગર વગેરે જૈનોનાં ઘરો હતાં. એ સમય સુધી પાંચ દેરાસરો હતાં. અહીં જ મહોપાધ્યાય **ભાનુચંદ્રગણિ**નો જન્મ થયો હતો. મહોપાધ્યાય યશોવિજયજી ગણિવરે અહીં જ દિવાળીના દિવસોમાં 'જ્ઞાનસાર'ની રચના કરી હતી.

આજે અહીં જૈનોનાં....ઘરો છે. બે દેરાસરો છે. ઉપાશ્રય પણ છે.

ભ૦ **વિજયરત્ન**ની આજ્ઞામાં રહેતા પં૦ કેસરકુશલે સં૦ ૧૭૫૮ ના કાર્તિક સુદિ ૫ ના રોજ સિદ્ધપુરમાં 'સૌભાગ્યપંચમી' સ્તવન (કડી: ૭૫) રચ્યું છે. પાટણના શેઠ **કચરા કીકાભાઈ**એ સં૦ ૧૮૨૧ ના માહ વદિ ૨ ના રોજ સુરતથી યાત્રાસંઘ કાઢ્યો હતો, જેમાં આણંદસૂરગચ્છના **ભ૦ વિજયોદયસૂરિ** વગેરે હતા, તે સિદ્ધપુરમાં યાત્રા નિમિત્તે આવ્યા ત્યારે અહીં ચાર દેરાસરો વિદ્યમાન હતાં.

(–જૈનસત્યપ્રકાશ, ક્ર૦ ૯૪ થી ૯૮)

(–દ્વયાશ્રયમહાકાવ્ય, સર્ગ: ૧૫, શ્લો૦ ૧૬, કુમારપાલપડિબોહો, જૈન તીર્થોનો ઇતિહાસ, જૈનતીર્થસર્વસંગ્રહ, જૈનસત્યપ્રકાશ, ક્ર૦ ૧૦૪, પૃ૦ ૩૬૮)

## શિહોર—

**ભાવનગર** અને પાલીતાણાની વચ્ચે પહાડીઓથી ઘેરાયેલું **શિહોર** નામે નગર છે. તેનું સંસ્કૃત નામ શ્રીપુર હોવાનું જાણવા મળે છે. **રાજા સિદ્ધરાજે** તેને આબાદ કરી બ્રાહ્મણોને દાનમાં આપ્યું હતું. **વીસોજી** ગોહિલે તે જીતી લીધું ત્યારથી તે ભાવનગર રાજ્યમાં ગણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીંની પહાડીમાં શત્રુંજય તીર્થની **મારુદેવા** નામે ટૂંક છે.

તપાગચ્છના શ્રીપૂજ **વિજયજિનેન્દ્રસૂરિ** અહીં કાળધર્મ પામ્યા હતા, તેમની પણ અહીં ટૂંક છે. તેમની ચરણપાદુકા વગેરે અહીં વિદ્યમાન છે. શત્રુંજય તીર્થ ઉપર પણ તેમની 'શ્રીપૂજ ટૂંક' બનેલી છે. (જૂઓ પ્રક૦ ૫૮)

તપાગચ્છાધિરાજ **શ્રીમુક્તિવિજયજી** ગણિવરે અહીં ચતુર્માસ કર્યું હતું. તેઓ આ પહાડી ઉપર મધ્યાહ્ને તથા બીજા-ત્રીજા પહોરે ચાર ચાર કલાક ધ્યાન કરતા હતા. અહીંનો જૈન સંઘ તેમનો ભક્ત છે. સંઘે તેમની પ્રતિમાજી પણ પધરાવી છે.

તેમના શિષ્ય મુનિવર ગુણવિજયજી અહીં જલજાત્રાના વરઘોડામાં પલોંઠી વાળીને સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા હતા. પૂ૦ આ૦ આત્મારામજી તથા પૂ૦ ગુલાબવિજયજી મહારાજનું સં૦ ૧૯૪૩ માં અહીં ઐતિહાસિક મિલન થયું હતું.

આજે અહીં શ્વેતાંબરનાં....ઘર છે. બે દેરાસરો છે. ઉપાશ્રયો અને પાઠશાળા વિદ્યમાન છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

વસ્તુતઃ સિદ્ધરાજે જેમ સિંહ સંવત ચલાવ્યો તેમ સિંહપુર પણ વસાવ્યું. આ૦ મેરુતુંગસૂરિ લખે છે કે, 'રાજા સિદ્ધરાજે કોઈ અવસરે **વાલાક** પ્રદેશની પહાડી ભૂમિમાં સિંહપુર નામે બ્રાહ્મણોનો અગ્રહાર સિંહપુર સ્થાપન કર્યું. તેની નીચે ૧૦૩ ગામ હતાં.
(–પ્રબંધચિંતામણિ)

અહીં (૧) **રણા** (રાજકર્તા) અને (૨) **જાની** (યજ્ઞ કરનાર) એમ બે પ્રકારના **બ્રાહ્મણો** વસતા હતા. તેમાં એક કન્યાના કારણે ભારે કલેશ ઊભો થયો. તે બન્ને પક્ષો સામસામે લડ્યા. બ્રાહ્મણો મરાયા તે ભૂમિ આજે પણ 'ગોઝારી ભૂમિ' નામે પ્રસિદ્ધ છે.

રણાએ ગારિયાધારના ઠા૦ **કાંધાજી** ગોહિલની મદદ માગી. **ઉમરાલાના વીસાજી ગોહેલે** ઓચિંતો હલ્લો કરી શિહોરને પોતાના કબજે કર્યું. લોકો ગોઝારી ભૂમિ સમજીને ત્યાં વસ્યા નહીં, એટલે

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

વીસાજીએ નવું **શિહોર** વસાવ્યું. તેનું ખાંત કરતા **ચમારે** તોરણ બાંધ્યું હતું.

ગોહેલ વંશનો પરિચય પહેલાં (પ્રક૦ ૨૩, પૃ૦ ૩૮૬ માં) આવી ગયો છે. (પ્રક૦ ૪૪ માં પણ આવશે) તેના વંશજો મોહિદાસ ગોહેલ (લૂણી નદીના કિનારે આવેલા ખેર ગામમાં) હતા. તેના પુત્ર **સેજકજી**, તેના પુત્રે મારવાડ છોડી સૌરાષ્ટ્રમાં સં૦ ૧૨૯૦ માં આવીને સેજકપુર વસાવ્યું. તેના વંશમાં અનુક્રમે (૧) સેજકજી, (૨) **રાણજી**, (૩)....(૪).... (૫) ખડાજી, (૬) ડુંગરજી, (૭) વીનોજી, (૮) કાનોજી, (૯) સારંગજી, (૧૦) શિવજી, (૧૧) જેતોજી, (૧૨) રામદાસજી, (૧૩) સરતાનજી, (૧૪) **વીસોજી** થયા. એ વીસોજી ગોહેલે નવું શિહોર વસાવ્યું. તેના ભાઈ **દેવાજી**ને પછેગામનો ગરાસ મળ્યો. વીસાજીએ ઈ૦ સ૦ ૧૫૭૫ થી ૧૬૦૦ સુધી શિહોરમાં રાજ્ય કર્યું.

ભાવનગરના રાજા **ભાવસિંહજી** ગોહેલે **પિલાજી ગાયકવાડ**ના કંથાજીને ભગાડી શિહોરમાં પોતાની સત્તા જમાવી. રાજા ભાવસિંહજીએ સં૦ ૧૭૭૯ ના વૈશાખ સુદિ ૩ ના રોજ વડવાં ગામે **ભાવનગર** વસાવી તેને **બંદર** બનાવ્યું. તેણે ઈ૦ સ૦ ૧૭૨૨ સુધી રાજ્ય કર્યું. (–શ્રીયુત ગોરધનદાસ નાગરદાસ મહેતા, શિહોરવાળા રચિત 'સૌરાષ્ટ્રવંશનું ઇતિહાસદર્શન')

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**તારંગા તીર્થ—**

ગૂજરાતના ઉત્તર પ્રદેશમાં **તારંગાહીલ** એ ઉષ્ણ હવામાનવાળી સ્વચ્છ પહાડી છે. તેનાં નામ—તારંગકગિરિ, તારગિરિ, તારણદુર્ગ, તારણગઢ, તારંગઢ, તારંગા વગેરે મળે છે.

વૈદિક સાહિત્યમાં તારંગનાગ, બૌદ્ધસાહિત્યમાં તારાદેવી અને જૈન સાહિત્યમાં સુતારાદેવી, પદ્માવતી વગેરે નામો મળે છે. લોકમાન્યતા છે કે, એના આધારે આ પહાડનું નામ પડયું છે.

जैने पद्मावतीति त्वशुभदलना तां च गौरीति शैवे
तारा बौद्धागमे त्वं प्रकृतिरिति मता देवि ! साङ्ख्यागमे त्वम् ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

गायत्री भट्टमार्गे त्वमसि च विमले कौलिके त्वं च वज्रा
व्याप्तं विश्वं त्वयेति स्फुरदुरुयशसे मेऽस्तु पद्मे! नमस्ते ॥६॥

तारे तारावतारे विदलितदितिजे! देवि! पद्मे! सुपद्मे! ॥८
(–શ્વેતાંબરચક્રચૂડામણિ શ્રીયશોભદ્રાચાર્યશિષ્ય શ્રીચંદ્રસૂરિ રચિત 'અદ્ભુતપદ્માવતીકલ્પ', પાત્રવિધિલક્ષણ પ્રકરણ પાંચમું)

त्रिपृष्ठा त्रिफणा **तारा** तोतला त्वरिता तुला ॥१

त्रिरूपा त्रिपदा त्राणा **तारा** त्रिपुरसुन्दरी ॥२
(–પદ્માવતી સહસ્રનામસ્તોત્ર-લીલાવતીશતમ્)

कामाक्षा जगदम्बा अम्बा जगदीश्वरी तारा ॥४
(–પદ્માવતીસ્તોત્ર ૧૩ શ્લોકવાળું, ભૈરવ-પદ્માવતીકલ્પ, પૃ૦ ૮, પૃ૦ ૫૩, પૃ૦ ૫૭)

બૌદ્ધોમાં તારાદેવીની પ્રધાનતા છે. જ્યાં જ્યાં તે દેવી છે ત્યાં ત્યાં તે નામનાં ગામ કે પહાડ હોવાનું જણાવ્યું નથી. અહીં વાસ્તવમાં તો આ પહાડનું નામ તારાદેવીના નામ ઉપરથી પડ્યું નથી, પરંતુ તારાદેવીનું મંદિર અને તારણગઢના નામસામ્યથી એ રીતે જોડી દેવામાં આવ્યું હોય.

ખરું જોતાં તો અહીં સિદ્ધશિલા અને કોટિશિલા છે એ તારક તીર્થસ્થાન હોવાથી પહાડનું નામ પણ તારણગિરિ હોવાનું સાર્થક જણાય છે.

શત્રુંજય તીર્થનાં ૧૦૮ નામો છે. તેમાં શત્રુંજયની ટૂંકો, શિખરો અને સૌરાષ્ટ્ર તેમજ ગૂજરાતની અનેક પહાડીઓનાં નામોનો સમાવેશ થયેલો છે. તેમાં તારગિરિ એવું ટૂંકું નામ છે તે આ તારંગાને જ બતાવે છે.

આ૦ પ્રભાચંદ્ર લખે છે કે, 'વિક્રમની પહેલી શતાબ્દીમાં થયેલા આર્ય ખપુટાચાર્યે ગુડસત્થનગરમાં બૌદ્ધવાદીને હરાવ્યો હતો, યક્ષમૂર્તિને પોતાના પગે પડાવી હતી અને ત્યાંના રાજા તેમજ પ્રજાવર્ગને જૈન બનાવ્યા હતા.　(પ્રભાવકચરિત્ર, પાદલિપ્તસૂરિપ્રબંધ)

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

આ૦ સોમપ્રભસૂરિ લખે છે કે, ગુડસત્થનો રાજા વેણીવચ્છરાજ પ્રથમ જૈન હતો. તેણે તારાદેવીનું મંદિર બંધાવ્યું અને તારાપુર વસાવ્યું. વળી, તેણે સિદ્ધશિલા અને કોટિશિલામાં જૈન દેરાસરો બંધાવ્યાં. પાછળથી તેને દિગંબરો દબાવી બેઠા. ગૂર્જરેશ્વર **કુમારપાલની** આજ્ઞાથી યશોદેવના પુત્ર દંડનાયક **અભયકુમારે** અહીં ભ૦ અજિતનાથનું ૩૨ માળનું ઉન્નત જિનાલય બંધાવ્યું.

(કુમારપાલપડિબોહો, પ્રસ્તાના : ૫, પૃ૦ ૮)

સાક્ષર **મોહનલાલ દેસાઈ** જણાવે છે કે, અહીં આર્ય ખપુટના સમયે તારાદેવીનું મંદિર અને પાછળથી સિદ્ધાયિકાદેવીનાં મંદિરો બન્યાં હતાં. (-જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ૦ ૧૦૦)

આ પ્રમાણોથી સ્પષ્ટ છે કે, તારંગાગિરિ એ પ્રાચીન કાળથી જૈન તીર્થ રહ્યું છે. મધ્યયુગમાં તેનું માહાત્મ્ય ઘટી ગયું હશે પરંતુ વિક્રમની તેરમી શતાબ્દીથી તેણે પોતાની પૂર્વકાલીન જાહોજલાલી પુનઃ પ્રાપ્ત કરી છે. છેલ્લા ૮૦૦ વર્ષનો તેનો ઇતિહાસ આ પ્રકારે મળે છે—

ગૂર્જરેશ્વર કુમારપાલે અજમેર જીતવા માટે છેલ્લી ચડાઈ કરી, ત્યારે મંત્રી બાહડની પ્રેરણાથી તેના ઘરદેરાસરના ગોખલામાં વિરાજમાન ભ૦ અજિતનાથની પ્રતિમાની પૂજા-ભક્તિ કરીને પ્રયાણ કર્યું હતું. તેમાં તેને વિજય મળ્યો હતો. તે પછી સં૦ ૧૨૧૬ માં તે પરમાર્હત-જૈન બન્યો. તેને માંસાહારની પ્રતિજ્ઞા હતી. એટલે એક વાર ઘેબર ખાતાં તેને માંસાહારનો રસાસ્વાદ આવ્યો. આથી તેણે ગુરુમહારાજ પાસે તેનું પ્રાયશ્ચિત્ત માગ્યું. આચાર્યશ્રીએ તેને પ્રાયશ્ચિત્ત આપ્યું કે, 'બત્રીશ દાંતોની શુદ્ધિ માટે તમારે ૩૨ જિનાલયો બનાવવાં જોઈએ.'

**ગૂર્જરેશ્વરે** પ્રાયશ્ચિત્તમાં પાટણ, શત્રુંજય, (ગિરનાર), આબૂ, નાડોલ (?), જાલોર વગેરે સ્થળે જુદા જુદા તીર્થંકરોનાં ૩૨ **કુમારવિહાર**-જિનાલયો બંધાવ્યાં. એક દિવસે તેને સ્મરણ થઈ આવ્યું કે, 'મને ભ૦ અજિતનાથની સેવાથી વિજય મળ્યો હતો એટલે તેમનું વિશાળ મંદિર બંધાવવું જોઈએ. આચાર્યશ્રીએ પણ તેની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ભાવનાને પુષ્ટ કરતાં જણાવ્યું કે, ‘રાજન્! તારંગાગઢ એ શત્રુંજય તીર્થના જ પરિવારમાં છે, ત્યાં વિહાર–જિનાલય બનાવવું જોઈએ.’ ગૂર્જરેશ્વર કુમારપાલે તરત જ **વડનગર** પંથકના મંત્રીને આદેશ આપ્યો કે, ‘તારંગા પર વિજયસ્તંભ જેવો બત્રીશ માળનો ઊંચો અને ભવ્ય અજિતનાથ-પ્રાસાદ બંધાવો.’ મંત્રીએ એવો પ્રાસાદ તૈયાર કર્યો પણ તે ઘણો ઊંચો હોવાથી હવાના દબાણના કારણે ધસી પડ્યો. આથી ફરીવાર મોટા ચાર માળ અને તેની ઉપર **કેગરનાં** લાકડાંના ૨૮ માળ ગોઠવી ૨૪ (૮૪) ગજ ઊંચો બાવન દેરીવાળો જિનપ્રાસાદ બંધાવ્યો અને ગૂર્જરેશ્વર કુમારપાલે સં૦ ૧૨૨૧ માં તેમાં ગુરુદેવ આ૦ **હેમચંદ્રસૂરિ**ના કરકમલથી ભ૦ **અજિતનાથ**ની ૧૦૧ આંગળ પ્રમાણ–૧૨૫ આંગળથી ઊંચી રત્નની પ્રતિમા ભરાવી પ્રતિષ્ઠા કરાવી. આ મંદિર આજે વિદ્યમાન છે. ભારતનાં સમગ્ર મંદિરમાં આ મંદિર તેની ઊંચાઈના કારણે વિખ્યાત બન્યું છે. અનેક પુરાતત્ત્વવિદોએ આ મંદિરને પોતાની પ્રશંસાનાં પુષ્પો ચડાવ્યાં છે. (–કુમારપાલપડિબોહો, પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, મોહરાજપરાજય નાટક, કુમારપાલપ્રબંધ, ઉપદેશતરંગિણી, વીરવંશાવલી, જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૧૪૭)

રાજા **અજયપાલે** કુમારપાલનાં દરેક સ્મારકોનો વિનાશ કર્યો હતો, તેમાં આ તીર્થનો નાશ કરવાનો પણ તે ઈરાદો રાખતો હતો; પરંતુ બહુરૂપી **શીલભાંડ**ના યુક્તિપ્રયોગથી આ તીર્થ બચી ગયું પણ તે પછી અલ્લાઉદ્દીન ખિલજીના હુમલાએ આ તીર્થને ખૂબ નુકશાન પહોંચાડ્યું. (પ્રક૦ ૩૨, પૃ૦ ૧૩૫)

ઈડરનગરના રાવ **પૂંજાજી**ના માનીતા ઇડરના નગરશેઠ **સંઘવી વત્સરાજ** ઓશવાલનો મોટો પુત્ર **સં૦ ગોવિંદ** આ૦ સોમસુંદરસૂરિનો અનન્ય ભક્ત હતો. તેણે ગુરુમહારાજના ઉપદેશથી શત્રુંજય, ગિરનાર, સોપારક વગેરે તીર્થોના સંઘ કાઢ્યા અને સં૦ ૧૪૭૯માં આ મંદિરનો **જીર્ણોદ્ધાર** કરાવી, આરાસણાથી શિલા મંગાવીને તારંગા પર ચડાવી અને ભ૦ અજિતનાથની નવી પ્રતિમા ભરાવી, મોટો સંઘ એક-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રિત કરી, આ૦ **સોમસુંદરસૂરિના હાથે** પ્રતિષ્ઠા કરાવી, તેમણે પં૦ **જિનમંડનને** અહીં તે જ દિવસે એટલે સં૦ ૧૪૭૯ માં **વાચકપદ** આપ્યું હતું. (પ્રક૦ ૫૦)

આ ઉત્સવમાં અહીં આ૦ સોમસુંદરસૂરિના ૧૮૦૦ સાધુઓ હાજર હતા. તે પ્રમાણે ચતુર્વિધ સંઘ મોટા પ્રમાણમાં હાજર હતા.

મૂળનાયકની એક બાજુએ સં૦ ૧૩૦૪ ના બીજા જેઠ સુદિ ૯ ને સોમવારે અને બીજી બાજુએ સં૦ ૧૩૦૫ ના અષાડ સુદિ ૭ ને શુક્રવાર એમ બે સંવત્‌ના લેખવાળી ભ૦ અજિતનાથની કાઉસગ્ગિયા પ્રતિમાઓ છે, જેને શેઠ ધનચંદ્રના પુત્ર વર્ધમાન, તેના પુત્રો—(૧) શા૦ લોહદેવ, (૨) થેહડ અને (૩) આશાધર. તેમાં શા૦ થેહડના પુત્ર **ભુવનચંદ્ર** અને **પદ્મચંદ્રે** તે ભરાવેલી છે અને વાદી ધર્મઘોષગચ્છના આ૦ **જિનચંદ્ર** તથા આ૦ ભુવનચંદ્રે સં૦ ૧૩૦૪, સં૦ ૧૩૦૫માં તેમની પ્રતિષ્ઠા કરાવી છે. (પ્રક૦ ૩૫, પૃ૦ ૩૫)

તે પછી વિક્રમની સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં શ્રીસંઘે આ૦ **વિજયસેનસૂરિના** ઉપદેશથી આ મંદિરનો મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. (–વિજયપ્રશસ્તિ, સર્ગ : ૨૧, શ્લો૦ ૬૧)

મંદિરની ચારે બાજુએ વિશાળ ચોક છે. તે ચોકમાં જ બીજાં નાનાં ત્રણ-ચાર દેરાસરો છે. સાત દ્વીપસમુદ્રો, આઠમો નંદીશ્વરદ્વીપ, નંદીશ્વરની બાવન દેરીઓ, સમવસરણ, અષ્ટાપદ, સમેતશિખર વગેરે રચનાઓ અને ૧૪૫૨ ગણધરોનાં પગલાં, સહસ્રકૂટ ચૈત્ય, નવપદજીનું મંડલ, લોભીના દૃષ્ટાંતની રચના, મધુબિંદુના દૃષ્ટાંતની રચના, કલ્પવૃક્ષ, ચૌદ રાજલોક અને ચૌમુખજીની દેરી વગેરેનાં આરસમાં બનેલાં નકસી કામો છે.

મૂળ મંદિરના પાછળના ચોકમાં ઘણો ભૂમિભાગ તથા દેરીઓ દિગંબર સંઘને આપી છે. તેમણે તે દેરીઓ ઉપર પોતાના બનાવટી પ્રાચીન-અર્વાચીન શિલાલેખો ચોડી દીધા છે અને માનસ્તંભ પણ બનાવી દીધો અને અહીંનો શ્વેતાંબર–દિગંબરોનો ઝગડો શમી ગયો છે.

(૧) મંદિરથી ઉત્તરમાં અર્ધો માઈલ દૂર **સિદ્ધશિલાની** ટેકરી

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. ત્યાં કૂવો છે, કુંડ છે, શ્વેતાંબરીય ચૌમુખ પગલાંની દેરી છે. તેની બાજુમાં એક દિગંબરીય દેરી છે.

(૨) મંદિરથી પૂર્વમાં અર્ધો માઈલ દૂર ટેકરી પર પુણ્ય-પાપની દેરી છે. અહીં સં૦ ૧૨૪૫ નું પરિકર છે.

(૩) મંદિરથી દક્ષિણમાં તળાવ તથા ગુફા પાસે થઈને **કોટિશિલા** જવાય છે. અહીં કરોડો મુનિવરો મોક્ષે ગયા હતા. રસ્તો બિહામણો છે. ત્યાં દેરીમાં ચૌમુખ વિરાજમાન છે. **ચૌમુખની** નીચે ચારે તરફ ૨૦ જિનપાદુકાઓ છે. તેમાં લખે છે કે—**શ્રીમાલી-સંઘવી** તારાચંદ ફતેચંદે સં૦ ૧૮૨૨ માં તપાગચ્છના ભટ્ટારક **વિજયધર્મસૂરિ**ની આજ્ઞાથી ભ૦ ઋષભદેવની પાદુકા સ્થાપન કરી. વીશે પાદુકાઓમાં આવી મતલબનો લેખ છે. માત્ર ભગવાનનાં નામ જુદાં જુદાં આપ્યાં છે. પાસે જ બીજી શ્વેતાંબરીય દેરી છે. દિગંબરોએ તે જિનપ્રતિમાનો કંદોરો ઘસી નાખ્યો છે.

આ રીતે આ પ્રાચીન શ્વેતાંબર તીર્થ છે. તેનો વહીવટ અમદાવાદની શ્વેતાંબર સંઘની સંસ્થા સુપ્રસિદ્ધ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કરે છે. (—જૈન તીર્થોનો ઇતિહાસ)

## ગોડીજી તીર્થ—

કલિકાલસર્વજ્ઞ **આ૦ હેમચંદ્રસૂરિ**એ સં૦ ૧૨૨૮ માં પાટણમાં મોટી અંજનશલાકા-પ્રતિષ્ઠા કરાવી હતી. ત્યારે છેલ્લા વડોદરાના જૈન **કાનજી**ની ત્રણ પ્રતિમાઓની પણ અંજનશલાકા કરી હતી. આ ત્રણે પ્રતિમાઓ બહુ ચમત્કારી બની હતી. તેમાં એક ગોડી પાર્શ્વનાથની પ્રતિમા પણ હતી.

ઝીંઝુવાડાનો શેઠ **ગોડીદાસ** અને **સોઢાજી** ઝાલો દુષ્કાળ પડવાથી માલવા ગયા. ત્યાંથી પાછા ફરતાં એક સ્થાને રાતવાસો રહ્યા હતા. ત્યાં **સિંહ** નામના કોળીએ શેઠને ઓચિંતો ઘા કરી મારી નાખ્યો. ઝાલાને આની જાણ થતાં તેણે કોળીને મારી નાખ્યો. શેઠ મરીને વ્યંતર થયો અને તેના ઘરમાં જે ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા હતી તેનો અધિષ્ઠાયક બની તેની પૂજા-ભક્તિ કરવા લાગ્યો. ત્યારથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેના નામ ઉપરથી આ પ્રતિમા **ગોડી પાર્શ્વનાથ**ના નામથી વિખ્યાત થઈ. (પ્રક૦ ૪૧, પૃ૦ ૬૧૫, ૬૧૬)

અધિષ્ઠાયકે **સોઢાજીને** સહાય કરી સુખી કર્યો. સોઢાજીએ પણ ગોડી પાર્શ્વનાથને પોતાના ઘરમાં લાવી પધરાવ્યા. તે તેની પૂજા કરવાથી અત્યંત સુખી થયો, ઝીંઝુવાડાનો રાજા બન્યો, તેમજ ગૂજરાતનો **મહામંડલેશ્વર** પણ બન્યો. તેના ભાઈ માંગુ ઝાલાએ પણ આ અધિષ્ઠાયકની સહાયથી ફૂલા કુંવરીનું ભૂત કાઢયું હતું.

મંડલેશ્વર **સોઢા ઝાલાને** દુર્જનશલ્ય નામે પુત્ર હતો. તે પણ રાજા ભીમદેવ સોલંકી (બીજા)નો **મંડલેશ્વર** હતો. તેણે સં૦ ૧૩૦૫ થી સં૦ ૧૩૧૦ ના ગાળામાં શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ તીર્થના મોટા દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. (પ્રક૦ ૪૩)

તે પછી ગોડી પાર્શ્વનાથની પ્રતિમા પાટણમાં લાવવામાં આવી. ૧૩૫૬–૧૩૬૦ ના ગાળામાં બાદશાહ અલ્લાઉદ્દીન ખિલજીના ભાઈ **અલફખાને** ગૂજરાત પર ચડાઈ કરી અને કરણ વાઘેલાને ભગાડી પાટણમાં પોતાની ગાદી સ્થાપન કરી. (જૂઓ પ્રક૦ ૪૫) આ મુસલમાની હલ્લો થયો તે સમયે જૈનોએ પ્રતિમાજીને જમીનમાં ખાડો કરી તેમાં પધરાવી હતી. સં૦ ૧૪૩૨ લગભગમાં પાટણનો સૂબો **હસનખાન** (હીસામુદ્દીન) હતો. તેને ઘોડાહારમાંથી ગોડીજીની પ્રતિમા મળી આવી. તેની બીબી અસલમાં જૈન કન્યા હતી. બીબી આ પ્રતિમાને હમેશાં પૂજવા લાગી. સૂબાને એક રાતે સ્વપ્નમાં અવાજ આવ્યો કે, 'તારે આ પ્રતિમા નગરપારકરના સેઠ **મેઘાને** આપી દેવી.'

એ સમયે નગરપારકરમાં ભૂધેશ્વર ગામ હતું. તેમાં વડેરાના વંશના શેઠ આલ્હાનો પુત્ર **શેઠ સાજન** રહેતો હતો. તેને કાજલ, ઉજલ અને શામલ એમ ત્રણ પુત્રો હતા અને મરઘા નામે પુત્રી હતી. કાજળશાહ ધનવાન હતો.

એ જ નગરપારકરના ભૂધેશ્વરમાં સં૦ ૧૩૯૮ માં શા૦ ખેતો મીઠડિયો રહેતો હતો. તેને ભોજો, ઉદય અને **મેઘો** એમ ત્રણ પુત્રો હતા.

**કાજળ શાહે** પોતાની બેન મરઘા શેઠ **મેઘા** સાથે પરણાવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સાળા-બનેવીમાં ઘણો સ્નેહભાવ હતો. એકવાર મેઘા શાહ કાજળ શાહ પાસેથી પૈસાની મદદ લઈ વેપાર માટે પાટણમાં જઈ પહોંચ્યો. ત્યાં તેને સ્વપ્નમાં સૂચન મળ્યું કે, 'અહીંના સૂબાને ત્યાં જિન-પ્રતિમા છે, તેને દામ આપીને તું લઈ લેજે.' મેઘા શાહે ૧૨૫ દ્રમ્મ (અથવા ૫૦૦ દોકડા) આપી તે પ્રતિમા લઈ લીધી. અંચલગચ્છના આ૦ **મેરુતુંગસૂરિ** (સં૦ ૧૪૨૬ થી સં૦ ૧૪૭૧)ના મુખેથી **મેઘા-શાહ** આ પ્રતિમાનો પ્રભાવ જાણીને તેને રાધનપુર થઈ **નગરપાર-કર** લઈ આવ્યો. ત્યાં તેણે મહોત્સવપૂર્વક નગરપ્રવેશ કરાવ્યો અને સં૦ ૧૪૩૨ ના કાર્તિક સુદિ ૨ ને શનિવારે (અથવા સં૦ ૧૪૬૫ માં) એક ગાદી ઉપર ગોડી પાર્શ્વનાથની પ્રતિમાને સ્થાપન કરી. ચારે તરફ લોકોમાં તે ચમત્કારી મૂર્તિની ખબર ફેલાઈ જતાં સૌ કોઈ તેના દર્શને આવવા લાગ્યા.

શેઠ કાજલે શેઠ મેઘા શાહ પાસે પોતાની રકમ માગી પણ જ્યારે તેણે જાણ્યું કે, મેઘા શાહ મારી મૂડીમાંથી પથ્થર લાવ્યો છે ત્યારે તે મેઘા શાહ સાથે લડ્યો ને વેર બંધાયું.

મેઘા શાહ પ્રતિદિન પ્રતિમાની પૂજા કરતો હતો. તેને મહિયો અને **મેહર** નામે બે પુત્રો પણ થયા અને એ રીતે બાર વર્ષ વીતી ગયાં.

મેઘા શાહને એક રાતે એ પ્રતિમાને અજાણ્યા સ્થળે લઈ જવાનું સ્વપ્નમાં સૂચન મળ્યું. મેઘા શાહે સવારે વહેલા ઊઠી એક વહેલમાં તે પ્રતિમાને પધરાવી, વહેલને બે નવા વાછડા જોતરી, તે અજાણ્યા સ્થળ તરફ લઈ જવા તેણે પ્રયાણ આદર્યું. તે ડાબા થલમાં જઈ પહોંચ્યો. ત્યાં ચારે બાજુએ નિર્જન વેરાન હતું. ત્યાં તેણે સ્વપ્નની સૂચના મુજબ **ગોડીપુર** નગર વસાવ્યું. ત્યાં પાણીનો કૂવો નીકળ્યો અને ધોળા આકડા નીચેથી તેને ધન મળ્યું.

શેઠે ત્યાં દેરાસરનો પાયો નાખ્યો. દેરાસરનું કામ શરૂ થયું. સિરોહીના સલાટે તે કામ ભક્તિથી ઉપાડી લીધું. મેઘા શાહની કીર્તિ ચારે તરફ ફેલાવા લાગી. આથી શેઠ **કાજલ**ને તેની ઈર્ષા થવા માંડી.

શેઠ કાજળે પોતાની પુત્રીના લગ્નમાં મેઘા શાહના આખા કુટુંબને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાને ત્યાં બોલાવ્યું અને મેઘા શાહને ઝેર આપીને મારી નંખાવ્યો.

શેઠ કાજલે દેરાસરનું કામ માથે ઉપાડી લીધું. દેરાસરમાં ગોડી પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી અને મેઘા શાહના પુત્ર **મેહરે** દેરાસર ઉપર કળશ ચડાવ્યો. દંડ-ધજા ચડાવી.

આ રીતે સં૦ ૧૪૪૪ માં ગોડી પાર્શ્વનાથનું તીર્થ સ્થાપન થયું.

તે પછી શેઠ **કાજલે** શત્રુંજય અને ગિરનાર તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો.

(કવિ નથુરામ સુંદરજીકૃત 'ઝાલાવંશવારિધિ' જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૪૫; અંચલગચ્છીય મોટી ગુજરાતી પટ્ટાવલી પૃ૦ ૧૯૪, ૨૦૬, ૨૨૬; પં૦ વીરવિજયજીકૃત 'ગોડીજી પાર્શ્વનાથચરિત્ર')

ગોડી પાર્શ્વનાથની પ્રતિમા છેલ્લા પાંચ સૈકામાં બહુ પ્રભાવશાળી મનાય છે. આ પ્રતિમા લુપ્ત થતી અને જુદે જુદે સ્થળે પ્રગટ થતી રહેતી તેની યાત્રા માટે મોટા મોટા સંઘો આવતા હતા. આ પ્રતિમાજીને જે રસ્તે થઈ નગરપારકર લઈ ગયા તે તે સ્થાનોમાં ગોડી પાર્શ્વનાથના પગલાં સ્થાપન થયાં, જે આજે 'વરખડી' નામથી ઓળખાય છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

(૫૮) જગદ્ગુરુ આચાર્ય હીરવિજયસૂરિના પ્રશિષ્ય (૬૦) પં૦ શુભવિજય ગણિ, તેમના (૬૧) શિષ્ય પં૦ ભાવવિજયજી, તેમના શિષ્ય (૬૨) પં૦ સિદ્ધિવિજયજી, (૬૩) રૂપવિજયજી, તેમના શિષ્ય (૬૪) કૃષ્ણવિજય, તેમના શિષ્ય (૬૫) પં૦ રંગવિજય, તેમના શિષ્ય (૬૬) પં૦ નેમિવિજયે સં૦ ૧૮૦૭ ના ભાદરવા સુદિ ૧૩ ને સોમવારે 'ગોડીજી પાર્શ્વનાથનું સ્તવન' (ઢાળ : ૧૫) રચ્યું છે. તેઓ લખે છે કે—

'ધવલ ધીંગ ગોડી ધણી, સહુ કો આવે સંગ;
મહેમદાવાદે મોટકો, તારંગો નવરંગ."

તેમણે સં૦ ૧૮૧૧ માં સ્તંભન પાર્શ્વ આદિ સ્તવનો પણ રચ્યાં છે. (પ્રક૦ ૫૮, મહો૦ કલ્યાણવિજયપરંપરા)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અર્થાત્ ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિએ પ્રતિષ્ઠા કરેલી તે પ્રતિમાઓ (૧) ગોડીપુરમાં, (૨) મહેમદાવાદમાં અને (૩) તારંગામાં છે.

**વર્ધમાન-સ્થાપના—**

સૌરાષ્ટ્રમાં **વઢવાણ** એ પ્રાચીન ઐતિહાસિક નગર છે.

ભ૦ મહાવીરસ્વામીએ દીક્ષા લીધી પછી પહેલું ચતુર્માસ મોરાક સંનિવેશ અને **અસ્થિગ્રામ**માં કર્યું. તે અસ્થિગ્રામનું અસલ નામ **વર્ધમાનનગર** હતું. ત્યાં નદીકિનારે શૂલપાણી યક્ષે ભગવાનને ઘણા ઉપસર્ગો કર્યા અને પછી થાકીને માફી માંગી, ખમાવીને પ્રભુની પૂજા-ભક્તિ કરી. ત્યારથી તેનું નામ બ્રહ્મશાંતિ પડ્યું. ત્યાં **જૈનતીર્થ** સ્થાપન કર્યું હતું. તે સમયના પ્રવાહમાં વિચ્છેદ પામી ગયું.

જૈનો શંકરાચાર્યની કનડગતથી હિજરત કરી મારવાડ તરફ આવ્યા. ત્યાં તેઓ જે જે પ્રતિમાઓ વગેરે સાથે લાવ્યા હતા તે તે પ્રતિમાઓ, સ્તૂપો વગેરેને સ્થાપન કરી નાંદિયા, દિયાણા, લોટાણા, સાંડેરાવ, નાણા, મુંડસ્થલ, કોટચક, બામણવાડા વગેરે સ્થળે **સ્થાપના તીર્થો** બનાવ્યાં. (પ્રક૦ ૩૭, પૃ૦ ૩૦૨) આ તીર્થોની સ્થાપના મોટે ભાગે નિર્વૃતિકુલના આચાર્યોને હાથે થઈ હતી. આ જ રીતે **વિદ્યાધરગચ્છ**ના આચાર્યોએ વિક્રમની ૯ મી સદીમાં **વઢવાણ** વગેરે સ્થાનોમાં **સ્થાપના તીર્થો** બનાવ્યાં.

**સરવાલગચ્છ**ના ચૈત્યવાસી આ૦ **જિનેશ્વરસૂરિ**એ સં૦ ૧૧૭૩ ના ફાગણ વદિ ૪ ના રોજ વઢવાણમાં શ્રીશાંતિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી.

ગૂજરાતનો મહામાત્ય **ઉદયન** સં૦ ૧૨૦૮ માં સૌરાષ્ટ્રમાં આવેલા વઢવાણમાં સમાધિપૂર્વક મરણ પામ્યો. તેનો અગ્નિસંસ્કાર વઢવાણમાં **ભોગાવા** નદીના કિનારે થયો અને મહામાત્યના વંશજોએ તથા શ્રીસંઘે નદીકિનારે **વર્ધમાનતીર્થ**ની ફરી સ્થાપના કરી. અહીં દેરી બનાવી, ભ૦ મહાવીરસ્વામીની ચરણપાદુકા સ્થાપન કરી હશે. તે પછી આ સ્થાનનો વારંવાર જીર્ણોદ્ધાર થતો રહ્યો છે. છેલ્લો જીર્ણોદ્ધાર વઢવાણના જૈનસંઘે વિક્રમની ૧૯ મી સદીમાં કર્યો હતો. આજે આ

જૈન સાહિત્ય JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

સ્થળ યાત્રાનું ધામ મનાય છે. નદીકિનારે નિર્જન પ્રદેશ છે. શાંતિનું એકાંત સ્થાન છે. અહીં યાત્રિકો અવારનવાર યાત્રા કરવા આવે છે.

એ સમયમાં વઢવાણના પ્રદેશમાં વિદ્યાધરગચ્છના જાલિહરશાખાના તેમજ ચંદ્રગચ્છની રાજગચ્છશાખાના આચાર્યો વિચરતા હતા. જાલિહરગચ્છના આ૦ **દેવસૂરિએ** સં૦ ૧૨૫૪માં વઢવાણ શહેરમાં 'પઉમચરિયં'ની રચના કરી છે. રાજગચ્છના આ૦ **મેરુતુંગસૂરિએ** સં૦ ૧૩૬૧ના વૈશાખ સુદિ ૧૫ ને રવિવારે વઢવાણ શહેરમાં ઐતિહાસિક ગ્રંથ નામે 'પ્રબંધચિંતામણિ'ની રચના કરી છે. આ ગ્રંથ આજે ગૂજરાતના ઇતિહાસની સામગ્રીમાં મહત્ત્વનો ફાળો અર્પે છે.

રાજગચ્છના આ૦ પ્રદ્યુમ્નસૂરિએ સં૦ ૧૩૨૪ માં 'સમરાદિત્યસંક્ષેપ' રચ્યો છે.

વઢવાણ શહેરમાં સૌ પહેલો ઉલ્લેખ પાજાવસહીનો મળે છે. અહીં **મોઢવંશના પાજા શાહે** વિક્રમની ૧૩ મી સદીમાં પાજાવસહી બનાવી, તેમાં વિદ્યાધરગચ્છના આચાર્યોના હાથે પ્રતિષ્ઠા કરાવી. આ વિશાળ **જૈન મંદિર** હતું. તે પછી તેની પૌત્રવધૂએ તે દેરાસરમાં નવી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી, જેનો પ્રતિમાના પરિકર ઉપરનો લેખ આ પ્રકારે છે—

॥६०॥ सं० १३९[–] वैशाख सुदि २ मोढवंशे श्रे० पाजान्वये व्य० देदासुत व्य० मुञ्जालभार्यया व्य० रतनदेव्या आत्मश्रेयोर्थं श्रीनेमिनाथबिम्बं कारितं प्रतिष्ठितं श्रीजाल्योद्धारगच्छे श्रीसर्वाणन्दसूरिसन्ताने श्रीदेवसूरिपट्टभूषणमणिप्रभुश्रीहरिभद्रसूरिशिष्यैः सुगृहीतनामधेयभट्टारकश्रीचन्द्रसिंहपट्टालङ्करणैः श्रीविबुधप्रभसूरिभिः ॥ श्रीपाजावसहिकायां ॥ भद्रं भवतु ॥

વઢવાણ શહેરમાં **શામળા** પાર્શ્વનાથના શિખરબંધી દેરાસર પાસેના ઉપાશ્રયમાં કાળા રંગના પથ્થરનું પરિકર છે તેની પર ઉપર મુજબનો લેખ છે.[1]

---

૧. આ લેખની નકલ શાસનકંટકોદ્ધારક પં૦ શ્રીહંસસાગરજી મણિવરે અમને મોકલી હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાલ્યોદ્ધારગચ્છ માટે (જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૫૪)

એકંદરે સં૦ ૧૩૯ (?) માં શેઠ પાજાશાહની પુત્રવધૂ **રતન-દેવીએ** પાજાવસહીમાં ભ૦ **નેમિનાથની** પ્રતિમા સ્થાપન કરી હતી.

મુસલમાની યુગમાં આ દેરાસરનો નાશ થયો અને તેના એક ભાગની મુસલમાનોએ 'પાડા મસ્જિદ' બનાવી. આ દેરાસર વિશાળ ભૂમિમાં પથરાયેલું હતું. **રાજમહેલ** તથા આસપાસની જમીન ખોદતાં તેનાં નિશાનો મળી આવે છે અને ઘણીખરી પ્રતિમાઓ પણ નીકળી આવે છે.

કચ્છની ભદ્રાવતી નગરીના દાનવીર શેઠ **જગડૂશાહે** ચૌદમી સદીમાં અહીં દેરીઓવાળો **જિનપ્રાસાદ** બંધાવ્યો હતો તેનો પણ સંભવતઃ મુસલમાનોના હાથે નાશ થયો.

તે પછી વઢવાણ શહેરમાં શ્રીસંઘે (૧) ભ૦ ઋષભદેવ તેમજ (૨) ભ૦ શામળા પાર્શ્વનાથનાં બે દેરાસરો બંધાવ્યાં. તે બંને મંદિરો આજે વિદ્યમાન છે. શ્રીસંઘે છેલ્લા શ્રીઋષભદેવના દેરાસર પાસે જ (૩) ભ૦ **શાંતિનાથનું** બે માળનું ભવ્ય દેરાસર બંધાવ્યું છે. આ મંદિરની પ્રતિષ્ઠા સં૦ ૨૦૦૪ ના વૈશાખ વદિ ૬ ને શનિવારે (તા૦ ૨૯–૪–'૪૮)ના દિવસે **તપાગચ્છના ગચ્છાધિરાજ** શ્રીમૂલચંદજી ગણિવરના પટ્ટધર આ૦ શ્રીવિજયકમલસૂરિશિષ્ય આ૦ વિજયમોહન-સૂરિશિષ્ય આ૦ વિજયપ્રતાપસૂરિશિષ્ય સમર્થ ઉપદેશક આ૦ **શ્રી વિજયધર્મસૂરિએ** કરી છે.

*

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણુ ત્રેતાલીશમું

*

# આ૦ સોમપ્રભસૂરિ, આ૦ મણિરત્નસૂરિ

આ૦ વિજયસિંહસૂરિની પાટે ૪૩. આ૦ સોમપ્રભસૂરિ અને આ૦ મણિરત્નસૂરિ એમ બે પટ્ટધરો થયા.

ततः शतार्थिकः ख्यातः श्रीसोमप्रभसूरिराट् ।
सूरिर्मणिरत्नश्च भारत्यास्तनयाविव ॥२५॥

(--આ૦ ગુણરત્નકૃત 'ક્રિયારત્નસમુચ્ચય' ગુરુપર્વક્રમ, સં૦ ૧૪૬૬)

सोमप्रभो मुनिपतिर्विदितः शतार्थी-
त्यासीद् गुणी च मुनिरत्नगुरुर्द्वितीयः ॥

(--આ૦ મુનિસુંદરકૃત 'ગુર્વાવલી' સં૦ ૧૪૬૬)

મહામંત્રી **જિનદેવ** નામે પોરવાડ જૈન હતો, તે હમેશાં જિનપૂજા કરતો હતો. તેને **સર્વદેવ** નામે પુત્ર અને **સોમદેવ** નામે પૌત્ર હતો.

**સોમદેવે** આ૦ વિજયસિંહસૂરિ પાસે દીક્ષા લીધી. વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, ન્યાય અને જૈન આગમ શાસ્ત્રોનું તલસ્પર્શી અધ્યયન કર્યું અને ગુરુદેવના કરકમલથી આચાર્યપદ પ્રાપ્ત કર્યું. ગુરુદેવે તેમને **આ૦ સોમપ્રભસૂરિ** નામ આપી પોતાની પાટે બેસાડ્યા.[1]

---

૧. (૪૭)મી પાટે પણ બીજા આ૦ **સોમપ્રભસૂરિ** (સં૦ ૧૩૨૭ થી ૧૩૭૩) થયા (પ્ર૦ ૪૭) હતા, જેમણે સં૦ ૧૩૩૩ માં ભીલડિયામાં ચતુર્માસ કર્યું હતું ત્યારે બીજા ગચ્છના કુલ મળીને ૧૧ આચાર્યો ત્યાં હતા. ચતુર્માસને છેડે સં૦ ૧૩૩૪માં બે કાર્તિક હતા અને પોષ મહિનાનો ક્ષય હતો. બે ચૈત્ર કે ફાગણ હતા, એટલે આચાર્યશ્રીએ આકાશના ગ્રહો જોઈ ભીલડિયા નગરનો તરતમાં જ વિનાશ થશે એ જાણી સં૦ ૧૩૩૪ માં પહેલા કાર્તિક મહિનાની પૂનમે જ ચતુર્માસ પૂર્ણ કરી ત્યાંથી વિહાર કર્યો.

(પ્ર૦ ૩૬, પૃ૦ ૨૩૯; પ્ર૦ ૪૭, પૃ૦...)

JAINSITE.com જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ સોમપ્રભસૂરિ ન્યાયના પારગામી, સર્વ શાસ્ત્રોના જાણકાર, શીઘ્ર કવિ અને સમર્થ ઉપદેષ્ટા હતા. તેઓ આ૦ વિજયસિંહસૂરિના બીજા પટ્ટધર હતા અને શતાર્થી સોમપ્રભસૂરિ તરીકે પ્રસિદ્ધ હતા.

તેમણે સં૦ ૧૨૮૩ માં ભીલડિયા તીર્થમાં ભ૦ પાર્શ્વનાથની યાત્રા કરી, વડાવલી (વડાલી)માં ચોમાસું કર્યું હતું. સં૦ ૧૨૮૪ માં સંઘ સાથે શત્રુંજય તીર્થની યાત્રા કરી અંકેવાલિયા ગામમાં ચતુર્માસ ગાળ્યું અને સં૦ ૧૨૮૪ માં એ ચતુર્માસમાં જ અંકેવાલિયામાં તેઓ સ્વર્ગસ્થ થયા.

આચાર્યશ્રીએ સં૦ ૧૨૩૮ના માહ સુદિ ૪ ને શનિવારે માતૃકાચતુર્વિંશતિપટ્ટની પ્રતિષ્ઠા કરી, જે પટ આજે શંખેશ્વર તીર્થમાં પૂજાય છે.

આ૦ સોમપ્રભસૂરિ સમર્થ ગ્રંથકાર હતા. તેમણે નીચે મુજબ ગ્રંથોની રચના કરેલી છે—

(૧) **સુમતિનાહચરિયં**–(ગ્રં૦ ૯૫૦૦) સં૦ ૧૨૦૮ થી સં૦ ૧૨૪૦ પાટણમાં મહામાત્ય સિદ્ધપાલની પોષાળમાં રચના કરી.

(૨) **સિંદૂરપ્રકર**–જેમાં અહિંસા વગેરે વીશ વિષયો ઉપર સરલ, સુબોધ અને હૃદયંગમ ૧૦૦ સુભાષિત જેવાં પદ્યો છે આ ગ્રંથનું બીજું નામ 'સૂક્તમુક્તાવલી' અને 'સોમશતક' પણ મળે છે. શ્વેતાંબર, દિગંબર અને સ્થાનકવાસી સૌ જૈનો, એટલું જ નહિ અજૈનો પણ આ પ્રકરણને માને છે–એને ભાવથી વાંચે છે. આ પ્રકરણના વીશ વિષયોમાંના ઈષ્ટ ઈષ્ટ વિષયોની આરાધનાના હિસાબે દિગંબર જૈનોના **વીશપંથી** અને **તેરાપંથી** ભેદો પડ્યા છે. આચાર્યશ્રીએ આ પ્રકરણના ઘણા શ્લોકો પોતાના 'કુમારપાલપડિબોહો'માં ઉતાર્યા છે.

આ 'સિંદૂરપ્રકર' ઉપર ખરતરગચ્છીય આ૦ જિનહિતસૂરિના શિષ્ય આ૦ ચારિત્રવર્ધને સં૦ ૧૫૦૫ ના વૈશાખ સુદિ ૮ ને ગુરુવારે ગ્રં૦ : ૪૮૦૦ પ્રમાણ ટીકા રચી છે. નાગોરીતપાગચ્છના ભ૦ (નં૦ ૫૭) હર્ષકીર્તિસૂરિએ સં૦ ૧૬૬૦ લગભગમાં તેના ઉપર એક ટીકા

जैन साईट JAINSITE

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

રચી છે. વળી, દિગંબર-તેરાપંથી મતના પ્રવર્તક બનારસના પં૦ **બનારસીદાસે** સં૦ ૧૬૯૧ માં તેનો હિંદી પદ્યાનુવાદ કર્યો છે, જ્યારે એક વિદ્વાને તેનો ગુજરાતી પદ્યાનુવાદ કરેલો પણ મળી આવે છે.

(૩) **શૃંગાર-વૈરાગ્યતરંગિણી**—શ્લોક : ૪૬, આ ગ્રંથમાં શૃંગારનાં દૂષણો બતાવી વૈરાગ્યને પુષ્ટ કર્યો છે.

(૪) **શતાર્થકાવ્ય**—આચાર્યશ્રીએ એક શ્લોક બનાવી પોતે જ તેના ૧૦૦ અર્થ કરી બતાવ્યા છે. આથી તેઓ શતાર્થી તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા.[૧] તે મૂળ કાવ્ય આ પ્રકારે છે—

---

૧. જૈન આચાર્યોએ પંચશતાર્થી, શતાર્થી, સપ્તાર્થી, ષડર્થી, ચતુરર્થી અને દ્વયર્થી એમ અનેક પ્રકારનાં અનેકાર્થી કાવ્યો રચ્યાં છે, જેમાંનાં કેટલાંએક નીચે મુજબનાં જાણવા મળે છે—

**અનેકાર્થ સાહિત્ય—**

(૧) આ૦ બપ્પભટ્ટસૂરિનું तत्तासीअली અષ્ટશતાર્થી ૧૦૮ અર્થવાળું શતાર્થી કાવ્ય.

(૨) નિર્વૃતિગચ્છના આ૦ સૂરાચાર્યનો 'ઋષભ-નેમિદ્વિસંધાનકાવ્ય' ગ્રંથ સં૦ ૧૦૯૦.

(૩) વડગચ્છના આ૦ હેમચંદ્રસૂરિનું 'નાભેય-નેમિદ્વિસંધાન' કાવ્ય સં૦ ૧૧૯૦ લગભગ.

(૪) કવિચક્રવર્તી શ્રીપાલનું 'भूमारोद्धरणो०'ના આદિ પદવાળું શતાર્થી પદ્ય, સં૦ ૧૧૯૦ પછી.

(૫) આ૦ રત્નપ્રભસૂરિએ રચેલી 'રત્નાકરાવતારિકા'નું એક શતાર્થી પદ્ય.

(૬) ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિના શિષ્ય પં૦ વર્ધમાનગણિના 'કુમારવિહાર-પ્રશસ્તિશતક'નું ૮૭મું ષોડશાધિકશતાર્થી વિવરણ.

(૭) વડગચ્છના આ૦ સોમપ્રભસૂરિનું 'कल्याणसार०' શતાર્થી કાવ્ય, સં૦ ૧૨૩૫ થી ૧૨૪૦. (જૂઓ, ચાલુ પ્રકરણ)

(૮) તપાગચ્છના આ૦ સોમતિલકનું 'श्रीसिद्धार्थनरेन्द्र०' પંચવિંશતિ અર્થકાવ્ય. (જિન ૨૪ + ગુરુ ૧ = ૨૫) સં૦ ૧૪૦૦.

(૯) આ૦ સોમતિલકની 'श्रीतीर्थराज०' ચતુરર્થી સ્વોપજ્ઞવૃત્તિસ્તુતિ સં૦ ૧૪૦૦.

(૧૦) આ૦ જિનમાણિક્યસૂરિનું શતાર્થીકાવ્ય, સં૦ ૧૫૩૯.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"कल्याणसारसवितानहरेक्षमोहकान्तारवारणसमानजयाद्यदेव ।
धर्मार्थकामदमहोदयवीरधीरसोमप्रभावपरमागमसिद्धसूरेः ॥"

આ કાવ્યમાં ૧, ૨, ૩ અક્ષરોનો દુગ્ધછંદ; ૪, ૫, ૬ અક્ષરોનો શંખછંદ; ૭, ૮, ૯ અક્ષરોનું શુભવૃત્ત; ૧૦, ૧૧, ૧૨ અક્ષરોનો શુભ્રછંદ; ૧૩, ૧૪ અક્ષરોનો શ્રીછંદ અને ૧ થી ૧૪ અક્ષરોનો વસંતતિલકાછંદ પણ બતાવેલો છે.

આચાર્યશ્રીએ આ શ્લોકની સ્વોપજ્ઞ વૃત્તિ રચી છે, તેમાં પ્રથમ સો નામો આપીને તેમાં તે નામો સાથે સો અર્થો ઘટાવ્યા છે. તે નામો નીચે પ્રમાણે છે—

---

(૧૧) આ૦ હેમવિમલસૂરિશિષ્ય પં૦ હર્ષકુલની नमो अरिहंताणं ના ૧૧૦ અર્થ, સં૦ ૧૫૮૦.

(૧૨) શ્રીમાનસાગરનું યોગશાસ્ત્ર, પ્ર૦ ૨, શ્લો૦ ૧૦માનું શતાર્થીવિવરણ.

(૧૩) આ૦ સોમવિમલસૂરિનું શતાર્થીવિવરણ.

(૧૪) આગમિકગચ્છના આ૦ દેવરત્નસૂરિનું 'नमो लोए सव्वसाहूणं' એ પદમાંના 'सव्व' શબ્દનું ૩૯ અર્થનું વિવરણ, સં૦ ૧૫૭૧.

(૧૫) આ૦ જયસુંદરનું યોગશાસ્ત્ર, પ્ર૦ ૨, શ્લો૦ ૫માનું શતાર્થી વિવરણ.

(૧૬) શ્રીઉદયધર્મનું 'ઉપદેશમાલા'ની ૫૧મી ગાથાનું શતાર્થી વિવરણ, સં૦ ૧૬૦૫.

(૧૭–૧૮) આ૦ વિજયદાનસૂરિ શિષ્યનું श्रीनाभिनन्दनजनेषु० સપ્તાર્થીકાવ્ય અને બીજું श्रीवर्धमानजित० ષડર્થીકાવ્ય, સં૦ ૧૬૧૯.

(૧૯) મહો૦ કલ્યાણવિજય ગણિના શિષ્ય ઉપા૦ લાભવિજય ગણિનું 'યોગશાસ્ત્ર'ના શ્લોક : ૧નું પંચશતાર્થીવિવરણ, સં૦ ૧૬૩૯.

(૨૦) મહો૦ સમયસુંદર ગણિનું 'राजानो ददते सौख्यम्' એ એક ચરણનું અષ્ટલક્ષાર્થી વિવરણ, સં૦ ૧૬૫૨, લાહોર.

(૨૧) મહો૦ વિનયવિજય ગણિએ 'चत्तारि अट्ठ दस दोय०' ગાથાના વીશ અર્થો કર્યા છે.

(૨૨) મહો૦ મેઘવિજયગણિકૃત 'સપ્તસંધાનમહાકાવ્ય' ગ્રંથ સં૦ ૧૭૬૦. તેમણે 'પંચતીર્થીસ્તુતિ' ઉપર સ્વોપજ્ઞ પંચાર્થીવૃત્તિ પણ રચી છે.

(૨૩) ગુરુદેવ શ્રીચારિત્રવિજયજીનું 'इहे सिद्धार्थ०' ચતુરર્થીસ્તુતિ. (પ્રક૦ ૭૬)

(૨૪) દ્વયાશ્રય કાવ્યો (વગેરે માટે જૂઓ પ્રક૦ ૪૧, પૃ૦ ૬૩૦).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧ થી ૨૪) તીર્થંકરો, (૨૫) પુંડરીક, (૨૬) સૂરિ, (૨૭) ઉપાધ્યાય, (૨૮) સિદ્ધ, (૨૯) મુનિ, (૩૦) ગૌતમસ્વામી, (૩૧) સુધર્મસ્વામી, (૩૨ થી ૩૬) પાંચ મહાવ્રત, (૩૭) આગમ, (૩૮) શ્રુતદેવી, (૩૯ થી ૪૨) ચાર પુરુષાર્થ, (૪૩) વિધિ, (૪૪) નારદ, (૪૫) વેદ, (૪૬) વિષ્ણુ, (૪૭) બલદેવ, (૪૮) લક્ષ્મી, (૪૯) પ્રદ્યુમ્ન, (૫૦) ચક્ર, (૫૧) શંખ, (૫૨) શિવ, (૫૩) પાર્વતી, (૫૪) સ્કંદ, (૫૫) હેરંબ, (૫૬) કૈલાસ, (૫૭ થી ૬૫) નવગ્રહો, (૬૬ થી ૭૨) આઠ દિક્પાલ, (૭૩) જયંત, (૭૪) ધન, (૭૫) મદિરા, (૭૬) સોનું, (૭૭) સમુદ્ર, (૭૮) સિંહ, (૭૯) ઘોડો, (૮૦) હાથી, (૮૧) કમળ, (૮૨) સર્પ, (૮૩) શુક્ર, (૮૪) અરણ્ય, (૮૫) માનસરોવર, (૮૬) ધનુષ્ય, (૮૭) અશ્વવૈદ્ય, (૮૮) હનુમાન, (૮૯) પત્ની, (૯૦) આ૦ સિદ્ધસેન દિવાકર, (૯૧) આ૦ હરિભદ્રસૂરિ, (૯૨) આ૦ **વાદિદેવસૂરિ**, (૯૩) આ૦ **હેમચંદ્રસૂરિ**, (૯૪) રાજા **સિદ્ધરાજ**, (૯૫) રાજા **કુમારપાલ**, (૯૬) રાજા અજયપાલ, (૯૭) રાજા મૂળરાજ, સં૦ ૧૨૩૪, (૯૮) કવિ ધનપાલ, કવિ સિદ્ધપાલ, (૯૯) આ૦ **અજિતદેવસૂરિ**, (૧૦૦) આ૦ **વિજયસિંહસૂરિ**, (૧૦૧) શતાર્થી **સોમપ્રભસૂરિ**.

આ૦ સોમપ્રભસૂરિએ 'कल्याणसार०' એ કાવ્યના શતાર્થી વિવરણમાં ઉપર્યુક્ત સો અર્થો ઘટાવ્યા છે.

(૫) **કુમારપાલપડિબોહો** (પ્રસ્તાવ : ૫, ગ્રં૦ ૮૮૧૧)–આચાર્યશ્રી 'કુમારપાલપડિબોહો'ની પ્રશસ્તિમાં જણાવે છે કે, સં૦ ૧૨૪૧માં પાટણમાં ગૂર્જરેશ્વર કુમારપાલના પ્રીતિપાત્ર કવિચક્રવર્તી **સિદ્ધપાલ**ની વસતિમાં આ ગ્રંથ બનાવ્યો. આ ગ્રંથ ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિના શિષ્યો આ૦ મહેંદ્રસૂરિ, પં૦ વર્ધમાન ગણિ અને પં૦ ગુણચંદ્ર ગણિએ સાદ્યંત સાંભળ્યો હતો. શેઠ **નેમિનાગ** મોઢના મુખ્ય પુત્ર શેઠ શ્રાવક **અભયકુમાર**, તેની પત્ની પદ્મા, પુત્રો **હરિચંદ** વગેરે પુત્રીઓ અને **દેવી** વગેરેએ અત્યંત આનંદ પામી આ ગ્રંથની પ્રતો લખાવી હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૪૩. આ૦ મણિરત્નસૂરિ—**

આ૦ વિજયસિંહસૂરિએ પોતાની પાટે ૧ આ૦ હેમચંદ્ર, ૨ આ૦ સોમપ્રભ, ૩ આ૦ મણિરત્ન—એમ ત્રણ આચાર્યોને સ્થાપન કર્યા હતા. આ૦ મણિરત્ન સૌથી નાના હતા. તેઓ અત્યંત વિનયી અને સંઘમાં સૌને પ્રિય હતા. તેમના જીવનની ખાસ નોંધ મળતી નથી. સંભવતઃ તેઓ સં૦ ૧૨૭૪ માં સ્વર્ગે ગયા. આ૦ જગચ્ચંદ્રસૂરિ તેમના શિષ્ય હતા અને તેમની પાટે આચાર્ય થયા. આ૦ જગચ્ચંદ્રસૂરિથી સં૦ ૧૨૮૫ માં આઘાટપુરમાં તપાગચ્છ નીકળ્યો અને તેમના બે શિષ્યોથી સં૦ ૧૩૧૯ માં ખંભાતમાં ૧ તપા વૃદ્ધ પોષાળ અને ૨ **તપા લઘુપોષાળ** એમ બે શાખાઓ નીકળી.

(જૂઓ, પ્રક૦ ૪૪, ૪૫ વગેરે)

આ સમયમાં ઘણા **ધર્મપ્રભાવકો** થયા. તે આ પ્રમાણે—

**યુગ૦ આ૦ વિનયમિત્ર**—તેમનો યુગપ્રધાનકાળ સં૦ ૧૧૮૮ થી સં૦ ૧૨૭૪ હતો. સંભવ છે કે, **આ૦ મણિરત્નસૂરિ** યુગપ્રધાન હોય.

**આ૦ વિજયસેન, આ૦ ઉદયપ્રભ, આ૦ મલ્લિષેણ**—આ ત્રણે નાગેંદ્રગચ્છના આચાર્યો હતા. મંત્રી વસ્તુપાલ-તેજપાલના વંશના ધર્મગુરુ હતા. સં૦ ૧૨૮૭. (—પ્રક૦ ૩૫, પૃ૦ ૬, ૭)

**આ૦ મલ્લવાદી**—તેઓ નાગેંદ્રગચ્છના ખંભાતના ચૈત્યવાસી આચાર્ય હતા. તેમના ઉપદેશથી સં૦ ૧૨૮૨ લગભગમાં મંત્રી વસ્તુપાલે પોતાની ચાંદીની પાલખી ભેટ આપી હતી. એ ચાંદીમાંથી ભરુચના શકુનિકાવિહારમાં સ્નાત્ર-પ્રતિમા બનાવી હતી.

(વિશેષ માટે જૂઓ, પ્રક૦ ૨૩, પૃ૦ ૩૮૦)

**આ૦ વર્ધમાન**—તેઓ નાગેંદ્રગચ્છના આચાર્ય હતા. સં૦ ૧૨૯૯. (જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૫,)

**આ૦ જિનદત્ત, આ૦ અમરચંદ્ર**—તેઓ વાયડગચ્છના આચાર્ય હતા. સં૦ ૧૦૦૬ માં આ૦ જીવદેવસૂરિ થયા. તેમની પાટે વાયડગચ્છમાં દર ત્રીજા આચાર્યનું નામ જિનદત્ત રાખવામાં આવતું હતું. (પ્રક૦ ૩૪, પૃ૦ ૫૪૬) આ૦ જિનદત્તે સં૦ ૧૨૬૫ માં જાલોર-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ના મહામાત્ય દેવપાલના પુત્ર ધનપાલ માટે ‘વિવેકવિલાસ’ ગ્રંથ રચ્યો. સંસ્કૃતમાં ‘અજિતશાંતિસ્તવન’ (શ્લો૦ ૧૫) રચ્યું અને ઘણા નવા વંશોને જૈન બનાવી, **વાયડગચ્છ**માં દાખલ કર્યા. તેઓ સં૦ ૧૨૮૭ માં મંત્રી વસ્તુપાલે કાઢેલા શત્રુંજય તીર્થના યાત્રાસંઘમાં સાથે હતા. એ સમયે તેમણે જ મંત્રીને ઉપદેશ આપ્યો હતો કે, ‘સંઘમાં રહેલ પાસત્થા વગેરેને પણ આહાર વગેરેનું દાન આપવું તે વ્યવહારશુદ્ધિ છે.’ પાસત્થાઓ છે તો જ નિર્ગ્રન્થો [1]નિર્ગ્રંથ તરીકે ઓળખાય છે વગેરે.

(સુકૃતસંકીર્તન, પ્રબંધકોશ પ્રક૦ ૩૪, પૃ૦ ૫૪૬ થી ૫૫૬)

વાયડગચ્છના શ્રાવક વાહડે એક પથ્થરનું ત્રિગડું બનાવ્યું હતું, જે આજે ભોયણી તીર્થ પાસે સૂરજ ગામના ભ૦ શીતલનાથના દેરાસરમાં વિદ્યમાન છે. તેની ઉપર સુંદર અક્ષરોમાં સં૦ ૧૨૯૭નો લેખ છે. (જૂઓ પ્રક૦ ૪૧, પૃ૦ ૬૮૦)

**આ૦ અમરચંદ્ર**—તેમની પાટે આ૦ અમરચંદ્રસૂરિ થયા હતા. આ૦ જિનદત્તના ભક્ત અને કવિરાજ અરિસિંહના તેઓ પ્રીતિપાત્ર વિદ્યાર્થી હતા. કવિરાજે તેમને સિદ્ધસારસ્વત મંત્ર આપ્યો. તેની તેમણે વાયડગચ્છના કોઠારી પદ્મ શ્રેષ્ઠીના ઘરમાં ૨૧ આયંબિલ કરીને વિધિપૂર્વક સાધના કરી હતી. તેથી સરસ્વતીએ પ્રસન્ન થઈ તેને પોતાના કમંડલનું પાણી પાયું અને સિદ્ધ કવિ તથા રાજપૂજિત થવાનો આશીર્વાદ આપ્યો.

આ૦ અમરચંદ્રે ‘બાલભારત’ (સર્ગ : ૧૧, શ્લો૦ ૬)માં પ્રભાતના વર્ણનનો એક શ્લોક રચ્યો છે કે—‘વલોણું કરતી સ્ત્રીની

---

૧. કચ્છી ભાષામાં આ આશયની કહેવત મળે છે કે—

**પટ્યો પટ્યો કુરતાયો, પટ્યો કે પણ જીં ?**
**માં પટ્યો ન વેત, બીયા સારા ચોવાજે કીંય ?**

તમે આને મારો રોયો, મારો પિટ્યો કહો છો એમ પિટ્યો પિટ્યો કહો છો તે પિટ્યાનું પણ કલ્યાણ હો, કેમકે મૂઆ–પિટ્યા ન હોય તો બીજાઓ સારા કયી રીતે કહેવાય ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વેણીરૂપ તરવારને કામદેવ નિર્દય રીતે ફેરવે છે.[1] આથી વિદ્વાનોએ તેમને 'વેણીકૃપાણ અમર' એવું બિરુદ આપ્યું.[2] તેમની કવિત્વ-શક્તિનો પ્રભાવ ઠેઠ મહારાષ્ટ્ર સુધી ફેલાયો હતો. ધોળકાના રાજા **વીસલદેવે** (સં૦ ૧૩૦૦ થી ૧૩૧૮) મંત્રી ઠ૦ વૈજલને મોકલી આચાર્યને પોતાની રાજસભામાં પધરાવ્યા હતા.

અહીં કવિ સોમેશ્વર, વંથલીનો કવિ સોમાદિત્ય, કૃષ્ણનગરનો કવિ કમલાદિત્ય, વીસલનગરનો કવિ નાનાક વગેરેએ આ૦ અમરચંદ્રને ૧૦૮ સમસ્યાઓ પૂછી તે બધી સમસ્યાઓની પૂર્તિ તેમણે શીઘ્રતાથી કરીને સૌને આશ્ચર્યચકિત કર્યા હતા.

તેમણે બાલભારત, કવિકલ્પલતા, તે (કવિકલ્પલતા)ની સ્વોપજ્ઞ વૃત્તિ નામે કવિશિક્ષાવૃત્તિ, કાવ્યકલ્પલતાપરિચય, અલંકારપ્રબોધ, સ્યાદિસમુચ્ચય, ઉલ્લાસ : ૪, શ્લોક : ૫૪, છંદોરત્નાવલી-મંજરી વૃત્તિ, કલાકલાપ, સૂક્તાવલી, પદ્માનંદકાવ્ય (ચોવીશ તીર્થંકરોનાં ટૂંકાં ચરિત્રોની રચના, જે કોઠારી પદ્મની વિનતિથી રચ્યું છે) વગેરે ગ્રંથો રચ્યા છે.

મહો૦ યશોવિજય ગણિએ આ 'કાવ્યકલ્પલતા'ની વૃત્તિ ગ્રં૦ : ૩૨૫૦ રચી હોવાની માન્યતા છે પણ સંભવતઃ એ વૃત્તિ ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિએ રચેલા કાવ્યાનુશાસનની રચેલી સ્વોપજ્ઞ વૃત્તિ 'અલંકારચૂડામણિવૃત્તિ' ઉપરની વૃત્તિ હશે.

આ૦ અમરચંદ્રે કવિરાજ **અરિસિંહને** પોતાના કલાગુરુ તરીકે રાજા વિસલદેવની સામે રજૂ કર્યા હતા. રાજાએ પણ કવિરાજ અરિસિંહની અદ્ભુત કવિતા સાંભળી તેને મોટો ગ્રાસ બાંધી આપ્યો હતો.

(જૂઓ પ્રક૦ ૪૫)

આ૦ અમરચંદ્રે છેલ્લો ગ્રંથ કોઠારી પદ્મના કહેવાથી 'પદ્માનંદા-

---

૧. दधिमथनविलोलल्लोलदृग्वेणिदम्भादयमदयमनङ्गे ! विश्वविश्वैकजेता ।
भवभविभवकोपत्यक्तबाणः कृपाणश्रममिव दिवसादौ व्यक्तशक्तिर्व्यनक्ति ॥
(—બાલભારત-પ્રભાતવર્ણન)

૨. તેમને दीपिकाकालिदासः, घण्टामाघः વગેરે બિરુદોની જેમ महाव्रतधरो वेणीकृपाणोऽमरः એવું બિરુદ આપવામાં આવ્યું હતું.

www.jainsite.com      For Private & Personal Use Only      info@jainsite.com

ભ્યુદયમહાકાવ્ય' નામે રચ્યો છે, તેમાં સર્ગ : ૧૪ માના શ્લોક : ૭૫ થી ૮૨ માં ત્રિવર્ગ ('ક' થી 'ણ' અક્ષરો) રહિત અને શ્લો૦ ૧૦૫ થી ૧૦૯ માં પંચવર્ગ ('ક' થી 'મ' અક્ષરો) પરિહારવાળી રચના કરી છે.

આચાર્યશ્રીએ 'અસ્મિન્નસારે સંસારે૦' એ શ્લોકના ઉત્તરાર્ધથી મહામાત્ય વસ્તુપાલને ભક્ત બનાવ્યો હતો.

આ આચાર્યની મૂર્તિ પાટણમાં ટાંગડિયાવાડાના મંદિરમાં વિરાજમાન છે, જેની પ્રતિષ્ઠા સં૦ ૧૩૪૯ ના ચૈત્ર વદિ ૬ ને શનિવારે **પં૦ મહેન્દ્રશિષ્ય મદનચંદ્રે** કરી હતી.

(-જૈનલેખસંગ્રહ, ભા૦ ૨, લેખાંક : ૫૨૩)

**આ૦ સિદ્ધસૂરિ, આ૦ કક્કસૂરિ, આ૦ દેવગુપ્તસૂરિ**—તેઓ ઉપકેશગચ્છના આચાર્યો હતા.

આ૦ સિદ્ધસૂરિએ સં૦ ૧૨૫૫ માં સિદ્ધચક્રના ચાંદીના પ્રાચીન પટ્ટનો ઉદ્ધાર કર્યો. સં૦ ૧૨૭૪ માં આ૦ જિનભદ્રગણી ક્ષમાશ્રમણકૃત 'ક્ષેત્રસમાસ'ની વૃત્તિ રચી છે. તેમના ગુરુબંધુ પં૦ વીરદેવે ઓશિયા તીર્થને શાહબુદ્દીન ઘોરીના હુમલાથી બચાવ્યું હતું.

આ૦ કક્કસૂરિએ સં૦ ૧૨૭૪ માં પાલનપુરમાં પલ્લવિયા પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. (જૂઓ પ્રક૦ ૩૬, પૃ૦ ૨૪૬)

**માનવરક્ષા**—

આ૦ દેવગુપ્તે પોતાના શિષ્યોને મહાવિદ્વાન બનાવી પ્રભાવક બનાવ્યા હતા. તેમના શિષ્ય **પં૦ હરિચંદ્રે** કચ્છના રાવને ઉપદેશ આપી કચ્છમાં "કન્યાને દૂધપીતી" કરવાની હિંસક પ્રથાને સર્વથા બંધ કરાવી હતી. (-વિશેષ માટે જૂઓ પ્રક૦ ૬, પૃ૦ ૩૦, ૩૧)

**ઉપા૦ પદ્મપ્રભ (સં૦ ૧૨૭૭)**—

તેઓ ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહના પિતરાઈ ભત્રીજા હતા. તેમણે ઉપકેશગચ્છના ઉપા૦ જંબૂનાગની પરંપરામાં દીક્ષા લીધી હતી. ગૂર્જરેશ્વર કુમારપાલના રાજકાળમાં સિંધમાં સામરોડી ગામમાં ઉપદેશ આપીને જૈન દેરાસર બંધાવ્યું હતું. તેમણે ત્રિપુરા (સરસ્વતી) દેવીને પ્રસન્ન કરી વચનસિદ્ધિ મેળવી હતી. રાજા ભીમદેવ બીજો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(સં૦ ૧૨૩૫ થી ૧૨૯૮) તથા તેની પટરાણી લીલાવતી ઉપાધ્યાયજીને ગુરુ તરીકે માનતાં હતાં. તેમણે સં૦ ૧૨૩૯ માં અજમેરના રાજા વીસલદેવની સભામાં આ૦ જિનપતિસૂરિ (સં૦ ૧૨૨૩ થી ૧૨૭૭)ને 'ગુરુકાવ્યાષ્ટક' અંગે વાદમાં જીતી લઈ જય મેળવ્યો હતો.

(પ્રક૦ ૧, પૃ૦ ૨૮, પ્રક૦ ૪૦, પૃ૦ ૪૫૮)

**આ૦ જિનપતિસૂરિ**—તેઓ ખરતરગચ્છના આચાર્ય હતા. સં૦ ૧૨૨૩ થી ૧૨૭૮. (પ્રક૦ ૪૦, પૃ૦ ૪૫૬ ૪૫૮)

**આ૦ મહેન્દ્રસિંહસૂરિ**—તેઓ અંચલગચ્છના આચાર્ય હતા. સં૦ ૧૨૬૩ થી ૧૩૦૯. (પ્રક૦ ૪૦, પૃ૦ ૫૨૧)

**આ૦ વિનયચંદ્રસૂરિ**—

(૧) વડગચ્છના આ૦ સર્વદેવની પાટે આ૦ યશોદેવ, આ૦ રવિપ્રભ વગેરે થયા. તેમની પાટે આ૦ રત્નસિંહ થયા, જેમને સૈદ્ધાંતિક આ૦ મુનિચંદ્રસૂરિએ આચાર્યપદ આપ્યું હતું. તેમની પાટે આ૦ વિનયચંદ્રસૂરિ થયા. તેઓ મહાવિદ્વાન હતા. તેમણે સંભવતઃ ચોવીશ તીર્થંકરોનાં ચરિત્રો અને વીશ પ્રબંધો રચ્યા છે.

(૨) આ૦ વિનયચંદ્રે જિનચરિત્રો પૈકીના 'શ્રીપાર્શ્વનાથચરિત્ર'ની રચના સં૦ ૧૨૮૫, 'શ્રીમલ્લિનાથચરિત્ર'ની રચના સં૦ ૧૨૮૬ ને તે પછી 'શ્રીમુનિસુવ્રતચરિત્ર', સર્ગ : ૮ રચેલાં મળે છે. સં૦ ૧૨૮૬ લગભગમાં આ૦ બપ્પભટ્ટિસૂરિની 'કવિશિક્ષા'ના આધારે નવો 'કવિશિક્ષા' ગ્રંથ રચ્યો છે, તેમાં ભારતના ૮૪ દેશોની માહિતી આપી છે. તેમણે કચ્છૂલીગચ્છના આ૦ ઉદયસિંહે સં૦ ૧૨૮૬ માં રચેલી 'ધર્મવિધિવૃત્તિ'નું સંશોધન કર્યું હતું.

(પ્રક૦ ૩૫, પૃ૦ ૧૨૭, મો૦ દ૦ દેસાઈને જૈનસાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પારા૦ ૫૬૪, ટિ૦ પારા૦ ૪૦૫)

(૩) **આ૦ વિનયચંદ્રે** સં૦ ૧૩૨૫ માં 'કલ્પદુર્ગપદનિરુક્ત', સં૦ ૧૩૪૫ માં 'દીપાલિકાકલ્પ' તેમજ 'નેમિનાથચતુષ્પદિકા' (કડી : ૪૦), 'આનંદસંધિ, ઉપદેશમાલા, કથાનકછપ્પય' વગેરે રચ્યાં છે.

(જૂઓ પ્રક૦ ૩૮, પૃ૦ ૩૦૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આ૦ ભુવનચંદ્ર**—તેઓ આ૦ ધનેશ્વરસૂરિની પરંપરાના ચિત્રવાલગચ્છના આચાર્ય હતા. તેમના શિષ્ય પં૦ **દેવભદ્ર ગણી**એ આ૦ જગચ્ચંદ્રસૂરિની નિશ્રામાં સં૦ ૧૨૮૫માં ક્રિયોદ્ધાર કર્યો હતો. તે આ૦ જગચ્ચંદ્રસૂરિએ તેમને ઉપાધ્યાયપદ આપ્યું હતું. (જૂઓ પ્રક૦ ૪૪)

**આ૦ ગુણભદ્રસૂરિ**—નિર્વૃતિકુલના જાલ્યોદ્ધારગચ્છમાં આ૦ ગુણભદ્રસૂરિ થયા હતા. માંડલના જાલ્યોદ્ધારગચ્છના પાલ્હણ મોઢે તેમના ઉપદેશથી સં૦ ૧૨૨૬ના બીજા શ્રાવણ સુદિ ૩ ને સોમવારે ગૂર્જરેશ્વર કુમારપાલના મંત્રી વાધૂયનના સમયે પાલાઉદ્ર ગામમાં 'નંદીસૂત્ર'ની દુર્ગવ્યાખ્યા લખી. (–જૈનપુસ્તકપ્રશસ્તિ, નં૦ ૯૦)

આ પ્રશસ્તિમાં જાલ્યોદ્ધારગચ્છને નિર્વૃતિકુલનો શાખાગચ્છ બતાવ્યો છે, જ્યારે આ૦ દેવસૂરિ જાલ્યોદ્ધારગચ્છ તથા કાશહૃદગચ્છને વિદ્યાધરકુલના પેટાગચ્છ હોવાનું લખે છે. (જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૫૩)

**આ૦ વીર, આ૦ જયસિંહ**—તેઓ ચંદ્રગચ્છના અને ભરુચના મંદિરના ચૈત્યવાસી આચાર્ય હતા. આ૦ **જયસિંહે** સં૦ ૧૨૮૫ લગભગમાં 'હમ્મીરમદમર્દનનાટક'ની રચના કરેલી છે. તેમાં મંત્રી વસ્તુપાલે **બાદશાહ અલ્તમશ** ઉપર વિજય મેળવ્યો તેનું વર્ણન કર્યું છે. આ નાટક ખંભાતમાં ભીમેશ્વર મહાદેવના યાત્રોત્સવપ્રસંગે ભજવાયું હતું.

ચંદ્રગચ્છના આ૦ જયસિંહે સં૦ ૧૨૮૦માં ખંભાતની વીરવસહિકામાં સરસ્વતી દેવીની પ્રતિમા સ્થાપન કરી હતી.

**આ૦ જયસિંહ**—તેઓ કૃષ્ણર્ષિગચ્છના આચાર્ય હતા. તેમણે સં૦ ૧૩૦૧માં મારવાડમાં મંત્રથી જળ ઉપજાવીને સંઘને જિવાડ્યો હતો.[1] (–આ૦ જયસિંહસૂરિકૃત 'કુમારપાલચરિત-પ્રશસ્તિ')

---

૧. કૃષ્ણર્ષિગચ્છના આ૦ જયસિંહસૂરિ (સં૦ ૧૩૦૧)ની પાટે આ૦ **મહેન્દ્રસૂરિ** થયા. તેઓ નિર્લોભ હતા.

બાદશાહ મહમ્મદ તેમને બહુ માનતો હતો. તેમના શિષ્ય આ૦ જયસિંહસૂરિએ સારંગ પંડિતને વાદમાં હરાવ્યો. સં૦ ૧૪૨૨માં કુમારપાલચરિત્ર ગ્રં : ૬૩૦૭ બનાવ્યું. ભાસર્વજ્ઞના ન્યાયસારની 'ન્યાયતાત્પર્ય' ટીકા, વ્યાકરણ બનાવ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આ૦ વિજયસિંહ**—તેઓ ભાવાચાર્યગચ્છના ચૈત્યવાસી આચાર્ય હતા. સં૦ ૧૨૩૭.

**આ૦ વિજયસિંહ**—તેઓ ખપુટાચાર્યગચ્છ (હુંબડગચ્છ)ના ચૈત્યવાસી આચાર્ય હતા. સં૦ ૧૨૪૬.

**આ૦ માણિક્યચંદ્ર**—તેઓ રાજગચ્છના વિદ્વાન આચાર્ય હતા. તેઓ ટેકીલા હતા, સં૦ ૧૨૪૬–૧૨૭૬. (પ્રક૦ ૩૫, પૃ૦ ૩૭)

※

**માણિક્ય નામના સૂરિવરો—**

આ નામના અનેક આચાર્યો થયા હતા—

(૧) રાજગચ્છના આ૦ સાગરચંદ્રસૂરિના ગુરુભ્રાતા તેમજ પટ્ટધર જેમણે સં૦ ૧૨૬૬ માં 'કાવ્યપ્રકાશ-સંકેતટીકા' વગેરે રચ્યાં છે. (પ્રક૦ ૩૫, પૃ૦ ૩૭)

(૨) કચ્છૂલીગચ્છના આ૦ શ્રીપ્રભના પટ્ટધર નામે માણિક્યપ્રભસૂરિ થયા. (પ્રક૦ ૪૦, પૃ૦ ૫૫૦)

(૩) જેમણે સં૦ ૧૩૨૮ માં 'શકુનસારોદ્ધાર' નામે ગ્રંથ રચ્યો છે તે આ૦ માણિક્યસૂરિ.

(૪) વડગચ્છના આ૦ વાદિદેવસૂરિની પરંપરામાં ઘણા આચાર્ય માણિક્યસૂરિ થયા, જેમનાં બીજાં નામ આ૦ માનદેવ તથા આ૦ માણભદ્ર પણ મળે છે.

(જૂઓ પ્રક૦ ૪૧, પૃ૦ ૫૭૬, ૫૮૦, ૫૮૫, ૫૮૭, ૫૮૮, ૫૮૯)

(૫) અંચલગચ્છની ૫૧ મી પાટે થયેલા આ૦ મેરુતુંગસૂરિના શિષ્ય આ૦ માણિક્યસુંદરસૂરિ નામે થયા, જેમણે 'ગુણવર્માચરિત્ર, શ્રીધરચરિત્ર', સ્વોપજ્ઞ ટીકા સાથે, 'ધર્મદત્તકથા, અજાપુત્રચરિત્ર, શુકરાજકથા,

---

કૃષ્ણર્ષિગચ્છના આ૦ જયસિંહસૂરિએ સં૦ ૧૪૫૩ માં માંડવગઢના સુલતાન મહમ્મુદ ખિલજીના મહામાત્ય અને રણથંભોરના દંડનાયક (શાસક) ધનરાજ પોરવાડની વિનતિથી 'ધનરાજ પ્રબોધમાલા' રચી હતી.

(જૂઓ પ્રક૦ ૪૫; કૃષ્ણર્ષિગચ્છ માટે જૂઓ પ્રક૦ ૩૨, પૃ૦ ૫૧૮ થી ૫૨૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચતુઃપર્વીકથા, પૃથ્વીચંદ્રચરિત્ર, અપરનામ વાગ્વિલાસ' સં૦ ૧૪૭૮ દીપિકાઓ વગેરે ગ્રંથો રચ્યા છે. (પ્રક૦ ૪૦, પૃ૦ ૫૩૦)

(૬) વૃદ્ધ તપાગચ્છના આ૦ જયતિલકસૂરિના શિષ્ય આ૦ રત્નસિંહ, તેમના શિષ્ય માણિકચસુંદર ગણિ નામે હતા, જેમણે સં૦ ૧૫૦૧ માં મલધારગચ્છના આ૦ હેમચંદ્રસૂરિની 'ભવભાવના' ગ્રંથનો ટબો રચ્યો છે.

(૭) ખરતરગચ્છના ૫૫ મા આચાર્ય જિનમાણિકચસૂરિ સં૦ ૧૬૧૨ અષાઢ સુદિ ૫ ના રોજ કાળધર્મ પામ્યા હતા.

(જૂઓ પ્રક૦ ૪૦ પૃ૦ ૪૮૦)

(૮) વૃદ્ધતપાગચ્છના આ૦ જયતિલકસૂરિના શિષ્ય આ૦ માણિકચસૂરિ, જેમણે સં૦ ૧૫૮૧ માં 'રત્નચૂડરાસ' રચ્યો છે.

(જૂઓ પ્રક૦ ૪૪)

(૯) તપાગચ્છીય પં૦ રત્નચંદ્રગણીના શિષ્ય પં૦ માણિકચચંદ્ર, જેમણે 'કલ્યાણમંદિરસ્તોત્ર'ની દીપિકા-વૃત્તિ રચેલી છે.

(જૂઓ પ્રક૦ ૫૩)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

(૧૦) આ૦ હેમવિમલસૂરિના પરિવારમાં મહો૦ જિનમાણિકચગણિ હતા. (પ્રક૦ ૩૬, પૃ૦ ૨૩૯)

(૧૧) મડાહડગચ્છના શ્રીપૂજ ભટ્ટા૦ માણિકચરત્ન, સં૦ ૧૬૨૦.

(પ્રક૦ ૩૫, પૃ૦ ૨૭૦)

(૧૨) પૂ૦ મોહનલાલજી મહારાજની પરંપરાના આ૦ જિનમાણિકચસૂરિ, જેઓ તપાગચ્છની સામાચારી આચરતા હતા. સં૦ ૧૯૯૦ માં અમદાવાદમાં અખિલ ભારતવર્ષીય મોટું મુનિસમ્મેલન મળ્યું તેમાં ખરતરગચ્છના પ્રતિનિધિ તરીકે તેઓ વિરાજમાન થયા હતા. તેઓ જૂના અને નવા વિચારોના સમન્વયને માનનારા હતા. તેમણે સમ્મેલનમાં ઘણી સમસ્યાઓમાં ગંભીર વિચારણાઓ આપી છે. તેઓ શાસનપ્રેમી હતા.

તેમણે ભારતમાં ઘણો વિહાર કર્યો હતો. તેમણે 'કલ્પસૂત્ર, પ્રથમ કર્મગ્રંથ, વ્યવહારસૂત્રભાષ્ય વગેરેનાં હિંદી ભાષાંતરો કરેલાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૩) સુપ્રસિદ્ધિ આગમવેદી આ૦ સાગરાનંદસૂરિના પટ્ટધર આ૦ માણિક્યસાગરસૂરિ, જેઓ પરમ શાંત અને વિદ્વાન છે, તેઓ આગમના ઊંડા અભ્યાસી પણ છે. તેઓ પણ સં૦ ૧૯૯૦ ના અમદાવાદના મુનિસમ્મેલનમાં ગુરુદેવ સાથે વિદ્યમાન હતા. આ૦ સાગરાનંદસૂરિએ સં૦ ૧૯૧૨ ના વૈશાખ સુદિ ૪ ને શનિવારે પાલીતાણામાં (૧) આ૦ માણેકસાગરસૂરિ, (૨) આ૦ વિજયતિલકસૂરિ, (૩) આ૦ વિજયકુમુદસૂરિ, (૪) આ૦ વિજયપ્રભસૂરિ એમ ચાર આચાર્ય બનાવ્યા હતા.

(૧૪) વિજયમાણિક્યસિંહસૂરિ—તે જૈન યતિસંસ્થાના પણ પ્રેમી હતા. તેઓ વિદ્વાન હતા, આગમના અભ્યાસી હતા. સં૦ ૧૯૯૦ માં અમદાવાદમાં અખિલ ભારતવર્ષીય જૈન મુનિસમ્મેલન મળ્યું, તેમાં તે નવા વિચાર ધરાવનારાઓના મુખ્ય પક્ષકાર હતા. તેમની તરફના પ્રશ્નો અને આગમવેદી આ૦ સાગરનંદસૂરિના સમાધાનોના સંઘર્ષમાં સૌ મુનિવરોને ઘણું જાણવાનું મળ્યું હતું. તે શાસ્ત્રીય ચર્ચા ઊભી કરી શકતા હતા. તેમણે ગુજરાતીમાં વિવિધ પૂજાઓ બનાવી છે, જે ઘણી લોકપ્રિય બનેલી છે.

**આ૦ હરિભદ્ર, આ૦ બાલચંદ્ર, આ૦ પ્રદ્યુમ્નસૂરિ**—એ બધા રાજગચ્છના આચાર્યો હતા. સં૦ ૧૨૯૭.

(—પ્રક૦ ૩૫, પૃ૦ ૧૭, ૩૨)

આ૦ બાલચંદ્રે 'વસંતવિલાસકાવ્ય' રચ્યું છે.

**આ૦ પદ્મપ્રભસૂરિ, આ૦ સિંહતિલકસૂરિ**—તેઓ રાજગચ્છના આચાર્ય હતા. સં૦ ૧૨૯૪, સં૦ ૧૩૨૬.

(—પ્રક૦ ૩૫, પૃ૦ ૨૮, ૩૦)

**આ૦ વર્ધમાન**—વડગચ્છની ૪ થી સુવિહિત શાખાના નં૦ ૪૨ મા આચાર્ય હતા. સં૦ ૧૩૧૮ માં તેમના દિલમાં શંખેશ્વર તીર્થ પ્રત્યે અત્યંત ભક્તિ હતી. મંત્રી વસ્તુપાલ-તેજપાલ પ્રત્યે ગુણાનુરાગ હતો. આયંબિલ તપ પ્રતિ ભારે આસ્થા હતી.

(પ્રક૦ ૩૬, પૃ૦ ૨૨૫)

**આ૦ મલયપ્રભ, આ૦ સમંતભદ્ર**—તેઓ વડગચ્છના આચાર્ય

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

હતા. સં૦ ૧૨૬૦, સં૦ ૧૨૮૬. (પ્રક૦ ૩૮, પૃ૦ ૩૦૬, ૩૦૭)

**પાર્શ્વનાગ ગણિ**—વિદ્યાધરગચ્છના હતા. સં૦ ૧૨૮૮. (પ્રક૦ ૩૫, પૃ૦ ૫૦)

## સાધ્વીસંઘ

**(૧) મલધારી સાધ્વી અજિતસુંદરી ગણિની**—

શ્રીહર્ષપુરીયગચ્છમાં **મલધારીની** આજ્ઞાપાલક અજિતસુંદરી ગણિનીએ સં૦ ૧૨૫૮ના શ્રાવણ સુદ ૭ ને સોમવારે પાટણમાં 'શ્રીસિત્તરી-ભાષ્ય' લખ્યું. (જૂઓ પ્રક૦ ૩૮, પૃ૦ ૩૩૭)

**(૨) સાધ્વી જિનસુંદર ગણિની**—વિધિપક્ષના શ્રાવક શેઠ શુભંકર પોરવાડની પરંપરામાં અનુક્રમે સેવાક, યશોધન, બાહૂ, દાહડ, સોલાક, ચાંદાક અને પૂર્ણદેવ થયા, તેમાં શેઠ યશોધનનો પુત્ર સુમદેવ, તેમના પુત્રે દીક્ષા લીધી, જેઓ આ૦ મલયપ્રભસૂરિ નામથી પ્રસિદ્ધ થયા. શેઠ સોલાકના ભાઈએ દીક્ષા લીધી, જે આ૦ મદનપ્રભસૂરિની પાટે આ૦ ઉદયચંદ્રસૂરિનામથી ખ્યાતિ પામ્યા અને દીક્ષા લઈને આ૦ જયદેવ નામથી પ્રસિદ્ધિ મેળવી.

ચાંદાકની પુત્રી નાઊલીએ દીક્ષા લીધી, જેનું નામ સાધ્વી **જિન-સુંદરી** ગણિની હતું. પૂર્ણદેવના પુત્ર અને પુત્રીએ દીક્ષા લીધી, તેમાં પુત્રનું નામ પં૦ ધનકુમાર ગણિ અને પુત્રીનું નામ સાધ્વી **ચંદન-બાલા** રાખ્યું હતું.

એકંદરે આ કુટુંબે ઘણાં સાધુ-સાધ્વીઓ આપ્યાં.

(જૂઓ પ્રક૦ ૩૮, પૃ૦ ૩૦૭, ૩૮૭, ૩૮૮)

આ જ વંશના શેઠ પાસવીરના પુત્ર આ૦ જયદેવસૂરિ થયા હતા.

સાધ્વી **જિનસુંદર** ગણિની એમના સમયે ભારે પ્રતિષ્ઠિત હતાં. આ૦ દેવનાગે સં૦ ૧૨૮૮ માં તેમને માટે મુનિ શીલભદ્ર પાસે પં૦ ગોવિંદ ગણીના 'કર્મસ્તવ' ઉપર ટીકા લખાવી હતી.

આ૦ જિનસુંદર ગણિનીએ સં૦ ૧૩૧૩ ના ચૈત્ર સુદિ ૮ ને રવિવારે ગુજરાતના રાજા વીસલદેવ વાઘેલા(સં૦ ૧૨૯૪ થી સં૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૩૧૮)ના રાજ્યમાં મહામાત્ય નાગડના કાળમાં પાલનપુરમાં સાધ્વી લલિતસુંદરી ગણિની માટે શેઠ વીરજી ઓશવાલના પુત્ર શ્રીકુમારની ધર્મપ્રેમી પત્ની પદ્મશ્રી પાસે ' પંચમી-કથા 'નું પુસ્તક લખાવ્યું.

(–જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશ૦ ૧૨, પ્રશ૦ ૧૩)

(૩) **સાધ્વી પદ્મલક્ષ્મીજી**—તેમની સં૦ ૧૨૯૮ની એક પ્રતિમા મળી આવે છે, જે માતર તીર્થના દેરાસરમાં વિરાજમાન છે.

(–જૈનયુગ, નવું વર્ષ : બીજું, અંક : ૧)

(સાધ્વી પદ્મલક્ષ્મી માટે જૂઓ પ્ર૦ ૪૧, પટ્ટા૦ ૧૦, આ૦ નં૦ ૪૫, આ૦ વજ્રસેનસૂરિ. પૃ૦ ૫૮૭)

## રાજાઓ

**રાજા વિજ્જલરાય** (સં૦ ૧૨૩૯)—

વિજ્જલ એ કલચૂરીવંશનો હતો. ચૌલુક્ય વંશના રાજા નુર્મદી તૈલપ (સં૦ ૧૨૦૬ થી સં૦ ૧૨૨૧) ત્રીજા તૈલપનો સેનાપતિ હતો. તે વંશપરંપરાથી જૈન હતો. તેણે ચૌલુક્યરાજ તૈલપ પાસેથી કર્ણાટકની સત્તા છીનવી લીધી અને તે કર્ણાટકનો રાજા બન્યો. તેની રાજધાની કલ્યાણીમાં હતી. એ સમયે વીર-શૈવધર્મના અનુયાયીઓએ પ્રપંચ શરૂ કર્યો અને રાજ્ય નબળું પડયું, તે સ્થિતિનો લાભ દેવગિરિના યાદવોને તથા દ્વારસમુદ્રના હોયશલોને મળ્યો. ' જર્નલ રોયલ એશિયાટિક સોસાયટી ' અંક : ૪, પૃ૦ ૧૯ની ફુટ-નોટમાં સાફ લખ્યું છે કે, ' વિજ્જલ જૈનધર્મનો મહાન્ પક્ષકાર હતો, છતાં તે પરધર્મસહિષ્ણુ હતો. તેણે લિંગાયતો ઉપર એટલે સુધી કૃપા બતાવી કે, લિંગાયતો તેના વિરોધી બની ગયા અને તેનો અંત લાવવામાં ફાવી શક્યા.

દક્ષિણમાં જૈનોના વિરોધમાં વીર-શૈવધર્મની સ્થાપના થઈ. તેમાં ૧. રેવન, ૨. મારુલ, ૩. એકારામ (એકાંતડ રામૈયા) અને ૪. પં૦ આરાધ્ય મુખ્ય હતા અને તે પછી પં૦ વસવ અને પં૦ ચન્નવસવે એ સંપ્રદાયનો પુનરુદ્ધાર કરી ' લિંગાયતમત ' સ્થાપન કર્યો.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

પં૦ **વસવ** શિવભક્ત હતો. રાજા વિજ્જલનો મંત્રી હતો. જાતે બ્રાહ્મણ હતો. તેણે રાજાને પોતાની જાળમાં ફસાવવા માટે રાજા સાથે પોતાની બેન રૂપસુંદરી **પદ્માવતીને** પરણાવી. રાજા તેને મોહાધીન બન્યો અને મંત્રી વસવે એ રાણી દ્વારા દરેક જાતની સત્તા પોતાના હાથમાં લઈને રાજાને મારી નાખ્યો અને લિંગાયત-મતનો પ્રચાર શરૂ કર્યો. તે પછી તેનો પુત્ર ગાદીએ આવ્યો. આ રીતે રાજા વિજ્જલ તથા તેના પુત્રે સં૦ ૧૨૨૧ થી ૧૨૩૯ સુધી રાજ્ય કર્યું. તે પછી ચોથો સોમેશ્વર કર્ણાટકનો રાજા બન્યો.

(જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૧૫૨)

આ સમયે ગુજરાતમાં રાજા કુમારપાલ પરમ જૈન હતો, તેના આજ્ઞાવર્તી દરેક દેશોમાં જૈનધર્મનો પ્રભાવ હતો.

એક ઉલ્લેખ એવો મળે છે કે, આ૦ **ધર્મશેખરે** કર્ણાટકની રાજસભામાં 'નમોત્થુ ણં-સ્તવ'નો પ્રભાવ બતાવ્યો હતો. આ ઘટના રાજા શંકર, રાજા બુદ્ધરાજ કે રાજા વિજ્જલના સમયે કલ્યાણીમાં બની હશે. (જૂઓ, પ્રક૦ ૨૮, પૃ૦ ૪૫૪, ૪૫૫, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૭૧ થી ૭૫)

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**માંગુજી ઝાલો, રાણો દુર્જનશલ્ય—**

સિંધના કીર્તિગઢનો રાજા કેસરદેવ ઝાલો સં૦ ૧૧૪૫ માં હમીર સુમરા સાથેના યુદ્ધમાં મરાયો. તેનો પુત્ર હરપાલદેવ અજોડ બાણા-વળી હતો. તેણે ગૂજરાતમાં આવી રાજા કર્ણદેવની નોકરી સ્વીકારી. સં૦ ૧૧૮૦ લગભગમાં **પાટડી** વસાવ્યું.

તેને સોઢાજી, **માંગુજી** અને શેખરોજી એમ ત્રણ પુત્રો હતા. રાજા સિદ્ધરાજે ઝીંઝુવાડાનો કિલ્લો બંધાવ્યો એટલે એ ભાઈઓ ઝીંઝુવાડા જઈને વસ્યા. ત્રણે ભાઈઓ નિર્ધન હતા. માંગુજી બાણા-વળી હતો, તે રાજા સિદ્ધરાજની સેવામાં દાખલ થયો. એક વાર દુકાળ પડતાં ઝીંઝુવાડાનો શેઠ **ગોડીદાસ** અને સોઢાજી ઝાલો માલવા ગયા. ત્યાંથી પાછા વળતાં રસ્તામાં સિંહ નામના કોળીએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓચિંતો ઘા કરી શેઠને મારી નાખ્યો અને ઝાલાએ તે કોળીને મારી નાખ્યો. શેઠ મરીને વ્યંતર થયો.

એ શેઠના ઘરમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા હતી. **વ્યંતર શેઠ** તેનો અધિષ્ઠાયક બન્યો. એ પ્રતિમા 'ગોડીચા પાર્શ્વનાથ'ના નામથી પ્રસિદ્ધિ પામી હતી. અધિષ્ઠાયક દેવે સોઢાજીને સહાય કરી સુખી કર્યો. સોઢાજીએ ગોડી પાર્શ્વનાથને પોતાના ઘેર લાવીને પધરાવ્યા. તેમની પૂજાથી તે અત્યંત સુખી થયો. (પ્રક૦ ૪૨, પૃ૦ ૭૩૮) તે ઝીંઝુવાડાનો રાજા બન્યો અને ગૂજરાતનો મહામંડલેશ્વર થયો. તેના ભાઈ માંગુજીએ પણ આ પ્રતિમા તથા અધિષ્ઠાયકના પ્રતાપે ફૂલાકુંવરીનું ભૂત ભગાડ્યું હતું. મંડલેશ્વર સોઢાજીને દુર્જનશલ્ય નામે પુત્ર થયો. તે રાજા ભીમદેવ (સં૦ ૧૨૯૮), ત્રિભુવનદેવ(સં૦ ૧૩૦૦) તથા વિસલદેવ(સં૦ ૧૩૧૮)નો મહામંડલેશ્વર હતો. તે **ચતુર્દશી** શાખાના **આ૦ દેવેન્દ્રસૂરિ** (સં૦ ૧૨૯૬, ૧૩૨૧) તથા મહાન્ જ્યોતિષી આ૦ હેમપ્રભ(સં૦ ૧૩૦૫)ને પોતાના ગુરુ તરીકે માનતો હતો. (જૂઓ પ્રક૦ ૪૦, ચતુર્દશીશાખા પૃ૦ ૫૪૭)

તેના શરીરમાં ધીરે ધીરે કોઢ-રોગ ફૂટી નીકળ્યો. તેણે તે રોગ શાંત કરવાને ઘણા ઉપચાર કર્યા પણ તે બધા નિષ્ફળ ગયા. તેણે તે માટે ઝીંઝુવાડાના સૂર્યનારાયણની આરાધના કરી. એટલે સૂર્યદેવે એક રાતે સ્વપ્નમાં જણાવ્યું કે, 'તારો રોગ દુઃસાધ્ય છે. તે અહીં મટવાનો નથી, **શંખેશ્વર તીર્થ**માં જા, ત્યાં ભ૦ પાર્શ્વનાથની સેવાથી તારો રોગ શમી જશે.'

આ૦ હેમપ્રભસૂરિએ પણ તેને શંખેશ્વરજી જવાને વધુ ઉત્સાહિત કર્યો. આથી તે પરિવાર સાથે શંખેશ્વર તીર્થમાં આવી વસ્યો અને પ્રભુની પૂજાસેવા-ભક્તિ કરવા લાગ્યો. પૂર્ણિમાગચ્છના આ૦ પરમદેવ (સં૦ ૧૩૦૨), જેઓ મહાન્ તપસ્વી હતા તે શંખેશ્વરજીમાં પધાર્યા. તેમણે શંખેશ્વર પાર્શ્વનાથનું આરાધન કર્યું. રાજાને પૂજાનો આમ્નાય આપ્યો. એથી રાજાનો કોઢ-રોગ શમી ગયો. રાજાએ પણ આચાર્યશ્રીના ઉપદેશથી શંખેશ્વર પાર્શ્વનાથના દેરાસરનો મોટો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીર્ણોદ્ધાર કરાવ્યો અને દેવવિમાન જેવો જિનપ્રાસાદ બંધાવ્યો.

(પ્રક ૪૦, પૃ૦ ૪૯૮)

રાણાને રૂપલાદેવી અને શ્રીદેવી નામે બે રાણીઓ હતી. રૂપલાદેવી પાટડીના રાણા વિજયપાલની રાણી નીતલદેવીની પુત્રી હતી. (પ્ર૦ ૪૧, પૃ૦ ૫૦૦) રાણી શ્રીદેવીને ઉદયસિંહ નામે પરાક્રમી પુત્ર હતો. તેના વંશમાં સૌરાષ્ટ્રના વાંકાનેરના ઝાલા રાજાઓ થયા.

(–કવિ નથુરામ સુંદરજી ઓઝાનો 'ઝાલાવંશવારિધિ', જૈનસત્યપ્રકાશ, ક્રે૦ : ૧૪૫, પૃ૦ ૧૮, ત્રૈલોક્યપ્રકાશની ગદ્ય પ્રશસ્તિ, પ્રબંધચિંતામણિ, આ૦ મુનિચંદ્ર વગેરેનાં શંખેશ્વર પાર્શ્વનાથનાં સ્તોત્રો, જગડૂચરિત્ર, સર્ગ : ૬, હીરસૌભાગ્યકાવ્ય-સટીક, પં૦ વીરવિજયજીનું ગોડી પાર્શ્વનાથચરિત્ર, મુનિ જયંતવિજયજીનું શંખેશ્વર મહાતીર્થ, પૃ૦ ૪૭ થી ૫૧)

**રાજા કેલ્હણુદેવ, રાજમાતા આનલદેવી—**

નાડોલના રાજા આલ્હણુદેવ(સં૦ ૧૨૦૯ થી સં૦ ૧૨૧૮)ને આલ્હણુદેવી નામે રાણી હતી અને કેલ્હણુદેવ નામે યુવરાજ હતો, જે સં૦ ૧૨૨૧ માં રાજા થયો હતો. તે રાજગચ્છના આ૦ સાગરચંદ્રના ઉપદેશથી જૈન બન્યો હતો.

કેલ્હણ જૈનધર્મ પ્રત્યે બહુ આદર ધરાવતો હતો. તેણે પિતાના રાજ્યમાં સં૦ ૧૨૦૯ માં દરેક આઠમ, અગિયારસ, ચૌદશના દિવસોમાં અમારિ પ્રવર્તાવી હતી. માંસબલિ આપનારને તે સખત દંડ કરતો હતો.

તેની માતા આનલદેવીએ સં૦ ૧૨૨૧ માં સાંડેરક નગરના ભ૦ મહાવીરસ્વામીના દેરાસરમાં મહાવીરજન્મોત્સવ નિમિત્તે રાજકીય મહેસૂલમાંથી ખરચ બાંધી આપ્યું હતું. તેમજ તેના પિયરિયાં, રાષ્ટ્રકૂટખાતુ અને રાજા કેલ્હણે પણ જૂદું ખર્ચ બાંધી આપ્યું હતું. રાણી જલ્હણુદેવી, રાજકુમાર મોઢલદેવ અને રાજકુમારી શૃંગારદેવીએ પણ જુદાં જુદાં ગામનાં જૈન મંદિરોના નિભાવ માટે સહઠ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી હતી. (જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૧૬૯, ૧૭૦, પ્રાચીન જૈનલેખ-
સંગ્રહ ભા૦ ૨, લેખાંક: ૩૪૬ થી ૩૫૦; ૪૨૬ થી
૪૩૦, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૫૮)

**રાણી શૃંગારદેવી** (સં૦ ૧૨૫૫)—એ નાડોલના મહામંડળેશ્વર રાજા કેલ્હણદેવ (સં૦ ૧૨૨૧ થી ૧૨૪૯) ચૌહાણની પુત્રી હતી અને તે આબૂના રાજા **ધારાવર્ષદેવ** પરમારની બીજી રાણી હતી. તેણે સં૦ ૧૨૫૫ના આસો સુદિ ૭ ના રાજ ઝાડોલી ગામમાં[1] ભ૦ મહાવીરસ્વામીની પૂજા માટે મોટી વાડી અર્પણ કરી હતી.

(પ્રક૦ ૩૫, પૃ૦ ૧૫૬, ૧૭૦)

**રાજા પ્રહ્લાદન પરમાર** (સં૦ ૧૨૭૪)—તે જૈનધર્મી રાજા હતો. (પ્રક૦ ૩૫, પૃ૦ ૧૫૨, ૧૫૭) તેણે પાલનપુરમાં પ્રહ્લાદનપાર્શ્વનાથ તીર્થનો ઉદ્ધાર કર્યો હતો.

---

૧. **ઝાડોલી**—પીંડવાડા અને બ્રાહ્મણવાડા તીર્થની વચ્ચે ઝાડોલી ગામ છે, જેનાં દુંદુભિ, ઝાદવલી, ઝાડવેલી, ઝાડઉલી, ઝાહપલ્લી, ઝાડોલી વગેરે નામો મળે છે. અહીં ભ૦ મહાવીરસ્વામીનું પ્રાચીન મંદિર છે, તેમાં કેટલાક શિલાલેખો વિદ્યમાન છે, જેમકે—સં૦ ૧૧૪૫ ના જેઠ વદિ ૨ ના રોજ ભ૦ ઋષભદેવની પ્રતિમા પ્રતિષ્ઠિત થઈ; સં૦ ૧૨૩૪ ના વૈશાખ વદિ ૧૩ ના રોજ ગોઠીઓએ ભ૦ મહાવીરસ્વામીના મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો; સં૦ ૧૨૩૬ ના ફાગણ વદિ ૧૪ ને ગુરુવારે ભ૦ ઋષભદેવ તથા ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા બની, જેની પ્રતિષ્ઠા રાજગચ્છના આ૦ દેવભદ્રે કરી. સં૦ ૧૨૫૫ના આસો સુદિ ૭ ને બુધવારે ગોઠીઓએ દેરાસરના આગળ ૭ ચોકીવાળું ત્રિલોક પ્રાસાદ દ્વાર બંધાવ્યું. ઝાડોલી એ શૃંગારદેવીના કપડાનું ગામ હતું. ઝાડોલીના મંત્રી નાગડે એ ચોકીનો ખર્ચ આપ્યો. રાણી શૃંગારદેવીએ ભ૦ મહાવીરસ્વામીની પૂજા માટે વિશાળ વાડી આપી. તેનું શાસન લખી આપ્યું, જેમાં દાણિક વગેરેની સાક્ષી છે. આ૦ તિલકપ્રભસૂરિએ દાનશાસનને શ્લોકબદ્ધ રચ્યું અને સલાટોએ પથ્થરમાં ઉત્કીર્ણ કર્યું.

(—પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા૦ ૨, લે:
૪૩૦; જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૫૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## કવિઓ

**ક્ષત્રિય મહાકવિ આસડ—**

ભિન્નમાલકુલના ક્ષત્રિય કટુકરાજને આનલદેવી નામે પત્ની હતી. તેને **આસડ** અને જાસડ નામે બે પુત્રો હતા. **આસડ** વિદ્વાન હતો, કવિ હતો. તેણે કેટલાક ગ્રંથોની રચના કરેલી છે. તેણે 'મેઘદૂતકાવ્ય'ની ટીકા રચી, જેમાં એવું સ્નેહસિંચન કર્યું કે રાજસભાએ 'કવિસભાશૃંગાર'નું બિરુદ આપ્યું. તેને **રાજડ** નામે પુત્ર હતો. તેને પણ 'બાલસરસ્વતી'નું બિરુદ મળ્યું હતું પરંતુ રાજડ તરુણવયમાં જ મરણ પામવાથી આસડને ભારે આઘાત થયો. એ પ્રસંગે રાજગચ્છના (૧૧)મા આ૦ ભદ્રેશ્વરસૂરિના પટ્ટધર 'કલિકાલગૌતમ' બિરુદધારી, (૧૨)મા આ૦ અભયદેવસૂરિએ તેને પ્રતિબોધ કર્યો અને આશ્વાસન આપ્યું. કવિશ્રી આચાર્યશ્રીના ઉપદેશથી જૈનદર્શનમાં પ્રવીણ થયા અને ગ્રંથરચના કરી. તેમણે 'ઉપદેશકંદલીપ્રકરણ, વિવેકમંજરી' તથા ગદ્ય-પદ્ય સ્તુતિઓ રચી છે. નાગેંદ્રગચ્છના આ૦ વિજયસિંહસૂરિ તથા વડગચ્છના આ૦ પદ્મસૂરિએ તે ગ્રંથનું સંશોધન કર્યું હતું.

(પ્રક૦ ૩૫, પૃ૦ ૩૨; પ્રક૦ ૪૧, પૃ૦ ૫૮૦)

ઉક્ત (૧૨) આ૦ અભયદેવસૂરિ, તેમના શિષ્ય (૧૩) આ૦ હરિભદ્રસૂરિ, તેમના શિષ્ય (૧૪) સિદ્ધસારસ્વત આ૦ બાલચંદ્રસૂરિએ સં૦ ૧૨૪૭–૪૮ માં 'ઉપદેશકંદલી' અને 'વિવેકમંજરી'ની ટીકાઓ રચી, જેનું રાજગચ્છના આ૦ પ્રદ્યુમ્નસૂરિએ સંશોધન કર્યું હતું.

(પ્રક૦ ૩૫, પૃ૦ ૧૭, ૨૪, ૩૨)

કવિ આસડ એ વિક્રમની તેરમી સદીના મધ્યકાળનો ક્ષત્રિય જૈન વિદ્વાન હતો.

**ગિઝનીમાં જૈનો—**

ગિઝનીનો બાદશાહ મહમ્મુદ શાહબુદ્દીન ઘોરી (સં૦ ૧૨૩૪, સને ૧૧૭૮ માં) ગૂજરાત ઉપર ચડી આવ્યો હતો, તે હારીને ગાડિયા ઘાટમાંથી પાછો ગિઝની ચાલ્યો ગયો. તે સમયે ત્યાં જૈન વેપારીઓ

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહેતા હતા. તે બધા ધનાઢ્ય હતા અને ત્યાં ધમધોકાર વેપાર કરતા હતા.

કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિ અને ગૂર્જરેશ્વર કુમારપાલના પ્રભાવનું એ ફળ હતું.

(-જામે ઉલ ફારસી ઇતિહાસ, વસ્તુપાલનું વિદ્યામંડળ અને બીજા લેખો, પૃ૦ ૧૧૦, ૧૧૧, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૩૭, ૧૩૮; પ્રક૦ ૪૪, શાહબુદ્દીન ઘોરી)

## અંતિમ મંગલ

अर्हन्तोऽर्हपदास्त्रिलोकमहिताः सिद्धाश्च सिद्धात्मनः
आचार्याः समतागुणैकसदनं वागीश्वरा वाचकाः ।
सर्वे साध्यरतास्त्रिरत्नखचिता लोकेऽनघाः साधवः
पूज्या वः परमेष्ठिनोऽनवरतं तन्वन्तु शं मङ्गलम् ॥

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

ભાગ બીજો
સંપૂર્ણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૧. પૂરવણી

# આટલું વધારજો

નીચે લખેલા પ્રકરણોના પૃષ્ઠોમાં તે તે આચાર્યો વગેરેના પરિચયમાં નીચે મુજબ સુધારો-વધારો સમજવો—

૧. પ્રક૦ ૩૫, પૃ૦ ૩૩૮, **આ૦ રાજશેખરસૂરિ—**

મલધારગચ્છના આ૦ રાજશેખરસૂરિના શિષ્ય પં૦ સુધાકલશ ગણિએ સં૦ ૧૩૮૦ (ઇ૦ સ૦ ૧૩૨૪)માં 'સંગીતોપનિષદ્' સં૦ ૧૪૦૬ (ઇ૦ સ૦ ૧૩૫૦)માં 'સંગીતોપનિષદ્સાર' અ૦ ૬, તથા 'એકાક્ષરનામમાલા'ની રચના કરી હતી.

૨. પ્રક૦ ૩૬, પૃ૦ ૨૩૯ **ભીલડિયા તીર્થ—**

સં૦ ૧૩૩૪ માં ચાતુર્માસમાં બે કાર્તિક માસ હતા. ચોમાસામાં છેલ્લા ચોથા મહિનાની વૃદ્ધિ હતી. સં૦ ૧૩૩૪ માં કાર્તિક બે હતા. પોષ મહિનાનો ક્ષય હતો અને ચૈત્ર કે ફાગણ મહિના બે હતા. આ સમયે ભીલડિયા આબાદ હતું. ખરતરગચ્છના આ૦ જિનપ્રબોધસૂરિએ સં૦ ૧૩૩૪ માં અહીં જિનપ્રાસાદમાં **શ્રીગૌતમસ્વામીની** પ્રતિમા પધરાવી હતી. ત્યારબાદ સં૦ ૧૩૫૩ માં પણ બે કાર્તિક હતા. પોષનો ક્ષય હતો અને બે ચૈત્ર કે ફાગણ હતા. સં૦ ૧૩૫૨ માં અહીં ૧૨ જૈનાચાર્યો ચોમાસુ રહ્યા હતા. ચોમાસુ બીજી કાર્તિક પૂર્ણિમાએ પૂરું થાય, પરંતુ તપાગચ્છના (નં૦ ૪૭) આ૦ **સોમપ્રભસૂરિએ** (સં૦ ૧૩૩૨ થી ૧૩૭૩) આકાશદર્શનથી જાણ્યું કે, નજીકના દિવસોમાં ભીલડિયાનો વિનાશ થવાનો છે, આથી તેમણે અપવાદને આશ્રયી પહેલી કાર્તિક પૂર્ણિમાએ ચોમાસું પૂરું કર્યું અને તરત જ ત્યાંથી વિહાર કર્યો. બીજા સાધુ-સાધ્વીઓ પણ ત્યાંથી નીકળી ગયાં અને જૈનો ભીલડિયાથી ઉચાળો ભરી ગયા. તેઓએ એક સ્થાને જઈને નિવાસ કર્યો. એ સ્થળે **રાધનપુર** શહેર વસ્યું. પછી તો ભીલ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ડિયામાં આગ સળગી ઊઠી, આગે પોતાના નગ્ન સ્વરૂપે તાંડવ માંડ્યું અને તેમાં ભીલડિયા તારાજ થઈ ગયું. ત્યાં રહેલા જૈનાચાર્યો તેમજ જનતા સર્વ કોઈ આગમાં ભરખાઈ ગયાં, જાનમાલની ભારે ખુવારી થઈ. ત્યારબાદ બાદશાહ અલ્લાઉદ્દીન ખીલજીના સેનાપતિ અલફખાને પણ સં૦ ૧૩૫૫–૫૬ માં ભીલડિયા ભાંગ્યું હતું.

(જૂઓ પ્રક૦ ૪૩, પૃ૦ ૭૪૬; પૂરવણી પૃષ્ઠ ૭૭૬, પ્રક૦ ૪૭)

૩. પ્રક૦ ૩૮, પૃ૦ ૩૫૯ **મહં૦ અનુપમાદેવી**—

તેનું **કંકણ કાવ્ય** હતું કે, અવસર વીત્યા પછી અપાય કે બીજાઓ મારફત અપાય, તેનું ફળ મળે કે ન મળે, પણ અવસરે અને વિવેકથી પોતાના હાથે અપાય તેનું ફળ મળે જ છે.

૪. પ્ર૦ ૩૮, પૃ૦ ૩૮૯ **પદ્મસિંહ**—

તે પૈકીના **સોમરાજે** દીક્ષા લીધી અને મોહિણીના પુત્ર **અમૃતલાલે** પણ દીક્ષા લીધી હતી. તે મલધારગચ્છના ભટ્ટા૦ **અમૃતચંદ્રસૂરિ** થયા હતા. (જૂઓ પ્ર૦ ૩૮, પૃ૦ ૩૩૨)

૫. પ્રક૦ ૩૮, પૃ૦ ૪૧૫ **દીવબેટ**—

અંચલગચ્છના આ૦ **ધર્મમૂર્તિસૂરિ** (સં૦ ૧૬૦૨ થી ૧૬૭૦)ના ઉપદેશથી દીવબંદરના શેઠ **નાનચંદ ભણશાલીએ** ભ૦ શીતલનાથની **પોખરાજની** પ્રતિમા ભરાવી તેની પ્રતિષ્ઠા કરાવી હતી.

આ૦ વિજયસેનસૂરિ અને તેમના શિષ્ય મહો૦ નંદિવિજય ગણિવરે દીવના ફીરંગી રાજ્યના અધિકારીઓ ગુરુ કાજી, કપ્તાન, મંત્રી કલાસ અને પાદરી વગેરેની વિનતિથી વહાણદ્વારા દીવ જઈ તેઓને ઉપદેશ આપ્યો હતો.

(જૂઓ વિજયપ્રશસ્તિ મહાકાવ્યની ટીકા સર્ગ–૨૦મો શ્લોક ૪૬, ૪૭ થી ૫૨, સર્ગ : ૨૧મો શ્લોક : ૧૧થી૨૦)

૬. પ્ર૦ ૩૯, પૃ૦ ૪૧૭ **આ૦ નેમિચંદ્રસૂરિ**—

**પ્રવચનસારોદ્ધાર**—આમાં જૈન આગમોમાંથી ઉપયોગી પ્રાકૃત ગાથાનો સંગ્રહ કર્યો છે. આ૦ નેમિચંદ્રસૂરિ તેની પ્રશસ્તિમાં જણાવે છે કે—

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ **જિનચંદ્રસૂરિ**ના શિષ્ય આ૦ **આમ્રદેવસૂરિ**ના ત્રણ શિષ્યો (૧) આ૦ વિજયસેનસૂરિ, (૨) આ૦ નેમિચંદ્રસૂરિ, (૩) આ૦ યશોદેવસૂરિ થયા. (જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૭૧ પરંપરા બીજી, પ્રક૦ ૩૬, પૃ૦ ૨૦૭)

આ૦ નેમિચંદ્રસૂરિએ શિષ્યોની વિનતિથી 'આગમરત્નાકર'માંથી રત્નો જેવો 'પ્રવચનસારોદ્ધાર' (ગ્રં૦ : ૧૫૯૯) બનાવ્યો.

આ૦ નેમિચંદ્રસૂરિએ 'પ્રવચનસારોદ્ધાર'ના ૨૭૬ ના દ્વારમાં 'જીવસંખ્યા કુલક' બનાવીને જોડયું છે. (જૂઓ ગાથા : ૧૨૪૮)

જૈનાચાર્યોએ 'પ્રવચનસારોદ્ધાર'ની ઉપર વિવિધ વિવરણો બનાવ્યાં છે. તે આ પ્રમાણે—

'પ્રવચનસારોદ્ધાર' તથા રાજગચ્છના આ૦ **સિદ્ધસેનસૂરિ**એ ગુરુની આજ્ઞા થવાથી સં૦ ૧૧૪૮ અથવા સં૦ ૧૧૭૮ ના ચૈત્ર સુદિ ૮ ને રવિવારે પુષ્ય નક્ષત્રમાં બનાવેલ તેની સુબોધ-વૃત્તિ 'તત્ત્વજ્ઞાનવિકાશિની' નામે પ્રકાશિત થઈ છે.

JAINSITE.com जैन साहित्य

૭. પ્રક૦ ૪૦, પૃ૦ ૪૮૨, **આ૦ જિનચંદ્રસૂરિ**—

ધર્મગુરુ શેખ અબુલફજલે હાજરી આપી હતી. મહો૦ શ્રી વલ્લભગણિ લખે છે કે—

तेजःश्रीमदकब्बराभिधनृपः श्रीपातसाहिर्मुदाऽ—
वादीद् यत् सुयुगप्रधान इति सन्नाम्ना यथार्थेन वै ॥४॥
श्रीमन्त्रीश्वरकर्मचन्द्रविहितोद्यत्कोटिटङ्कव्ययं
श्रीनन्द्युत्सवपूर्वकं युगवरा यस्मै ददौ स्वं पदम् ॥
श्रीमल्लाभपुरे दयाद्दढमतिश्रीपातसाहाग्रहा—
न्नद्याच्छ्रीजिनचन्द्रसूरिसुगुरुः स स्फीततेजो यतः ॥५॥

(अभिधानचिन्तामणि नाममाला—टीका)

ખરતરગચ્છના (આ૦ નં. ૫૬) જિનચંદ્રસૂરિના મુખ્ય શિષ્ય (૫૭) મહોપાધ્યાય સકલચંદગણિના શિષ્ય (૫૮) મહો૦ સમયસુંદર ગણિવર થયા. તે પણ આચાર્યશ્રીની સાથે લાહોર પધાર્યા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહો૦ સમયસુંદર ગણિવર—તેમનો સં૦ ૧૬૧૦ કે ૧૬૨૦ માં સાચોરમાં શા૦ રૂપશી પોરવાડની પત્ની લીલાદેવીથી જન્મ, સં૦ ૧૬૨૮માં દીક્ષા, સં૦ ૧૬૪૦ના મહા સુદિ ૫ ના જેસલમેરમાં ગણિપદ, સં૦ ૧૬૪૯ના ફાગણ સુદિ ૨ ના લાહોરમાં ઉપાધ્યાયપદ, સં૦ ૧૬૭૨ માં મહોપાધ્યાયપદ, અને સં૦ ૧૭૦૩ ચૈત્ર સુદિ ૧૩ ના રોજ અમદાવાદમાં સ્વર્ગગમન થયાં છે.

તેમણે સં૦ ૧૬૮૭ના સંહારક દુકાળમાં જગત્‌ની વિચિત્રતા નિહાળી સંવેગભાવ વધારી સં૦ ૧૬૯૧માં ક્રિયોદ્ધાર કરી સંવેગિપણું સ્વીકાર્યું હતું. તેમને ૪૨ શિષ્ય-પ્રશિષ્યોનો પરિવાર હતો.

તેમણે સં૦ ૧૬૪૯ શ્રાવણ સુદિ ૧૩ની સાંજે કાશ્મીરમાં સમ્રાટ્ અકબરની સભામાં **राजानो ददते सौख्यम्** એ એક જ ચરણના ૮ લાખથી વધુ અર્થો ગોઠવી અષ્ટલક્ષી અર્થ 'રત્નાવલી' બનાવ્યો હતો.

તેમણે સંસ્કૃતમાં સારસ્વત ટીકા, લિંગાનુશાસન અવચૂરિ, અષ્ટલક્ષી અર્થ રત્નાવલી, રઘુવંશ-ટીકા, માઘના ત્રીજા સર્ગની ટીકા, કલ્પસૂત્રની ટીકા, દશવૈકાલિક સૂત્રની ટીકા, વિશેષશતક, વિચારશતક, ગાથાસહસ્રી, કથાકોશ, ચરિત્રગ્રંથો, ભક્તામર સ્તોત્ર, પાદપૂર્તિ, ભક્તામરસ્તોત્ર-ટીકા, કલ્યાણમંદિરસ્તોત્ર-ટીકા, જયતિહુઅણ સ્તોત્ર-ટીકા વગેરે.

તથા ગુજરાતી ભાષામાં રાસા, ભાસ, ગીત બોલી, સ્તવન સજ્ઝાય વગેરે બનાવ્યાં છે.

વિચિત્રતા એ છે કે—કેટલીએક સજ્ઝાયો એવી મળે છે કે જેના કર્તા તરીકે મહો૦ સમયસુંદરગણિવર અને બીજા વિદ્વાન્ કવિ મુનિવરોનાં નામ મળે છે. (સમયસુંદર-કૃતિકુસુમાંજલી)

વિ૦ સં૦ ૧૬૮૭ માં ગુજરાતમાં અને મારવાડમાં ભયંકર દુકાળ પડ્યો હતો. મહોપાધ્યાયજીએ આ અંગે હિંદીમાં સવૈયા તથા કવિત્ત બનાવ્યાં હતાં તેમજ તેમણે **શ્રીવિશેષશતક**ની પ્રશસ્તિમાં આ દુકાળનું સંસ્કૃતમાં સ્વરૂપ વર્ણવ્યું છે. તે આ પ્રમાણે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રીવિશેષશતકપ્રશસ્તિ—

मुनि-वसु-षोडशवर्षे (१६८७) गुर्जरदेशे च महति दुःकाले।
मृतकैरस्थिग्रामे जाते श्रीपत्तने नगरे ॥१॥
भिक्षुकभयात् कपाटे जटिते व्यवहारिभिर्भृशं बहुभिः।
पुरुषैर्माने मुक्ते सीदति सति साधुवर्गेऽपि ॥२॥
जाते च पञ्चरजतैर्धान्यमणेः सकलवस्तुनि महर्घ्ये।
परदेशगते लोके मुक्त्वा पितृमातृबन्धुजनान् ॥३॥
हाहाकारे जाते मारिकृतानेकलोकसंहारे।
केनाप्यदृष्टपूर्वे निशि कोलिकलुण्टिते नगरे ॥४॥
तस्मिन् समये अस्माभिः केनापि हेतुना च तिष्ठद्भिः।
**श्रीसमयसुन्दरोपाध्यायैर्लिखिता च प्रतिरेषा ॥**

(શ્રીપ્રશસ્તિસંગ્રહ ભા૦ ૨, પ્ર૦ નં૦ ૬૯૭)

વિ૦ સં૦ ૧૬૮૭ ના દુકાળમાં **દિવાન જયમલજી** મુણોત તથા **નેણસી** મુણોત વગેરે જૈનોએ જોધપુરરાજ્ય અને ગુજરાતમાં પ્રજાને મોટી મદદ કરી હતી. (જૂઓ પ્રક૦ ૩૬, પૃ૦ ૨૩૨, પ્રક૦ ૬૦,)

૮. પ્રક૦ ૪૦, પૃ૦ ૪૯૯, **આ૦ ચક્રેશ્વરસૂરિ—**

તેમણે આ૦ **ચંદ્રપ્રભ**ની 'દર્શનવિશુદ્ધિ' પર ટીકા બનાવવાની શરૂઆત કરી હતી પણ તે ટીકા અધૂરી રહી છે. (જૈનસત્યપ્રકાશ, વ૦ ૭, પૃ૦ ૧૫૫) વળી, તેમણે 'વર્ધમાન-વિદ્યાસ્તવ' ગા૦ : ૧૨, સાર્ધશતકની પ્રાકૃત વૃત્તિ, શતકબૃહદ્ભાષ્ય ગ્રં૦ : ૧૪૧૩, પૌષધવિધિ પ્રકરણ ગા૦ : ૯૨, સિદ્ધાંતસારોદ્ધાર, ગા૦ : ૧૧૩, પદાર્થસ્થાપનાસંગ્રહ, ગા૦ : ૧૧૯, ઉપધાનપૌષધપ્રકરણ, સૂક્ષ્માર્થસપ્તતિ ગા૦ : ૭૫, ચરણકરણસપ્તતિ ગા૦ ૫૫, સભાપંચક ગા૦ : ૪૩, સૂક્ષ્માર્થટિપ્પન વગેરે ગ્રંથો બનાવ્યા હતા.

૯. પ્રક૦ ૪૦, પૃ૦ ૫૩૧, **ભ૦ ભાવપ્રભસૂરિ—**

અંચલગચ્છના (૫૫) આ૦ **ભાવપ્રભસૂરિ** પૂર્ણિમાગચ્છની મુખ્ય ગાદી પાટણના **ઢંઢેરવાડા**માં હતી તેના ઉલ્લેખો આ પ્રમાણે મળે છે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(१) श्रीभवानीसहस्रनामस्तोत्रम् (प्र० ११२२)

सं० १७७४ वर्षे शाके १६४० प्रवर्त्तमाने श्रीपूर्णिमापक्षे प्रधानशाखायां ढंढेरपाटके भ० श्री ५ श्री**भावप्रभसूरिणा** लिखितं मधुमासे कृष्णपक्षे त्रयोदश्यां गुरुवारे पं० श्रीतेजरत्नपाठनाय। श्रीरस्तु ॥

(२) श्रीसचित्र सोनेरी बारसासूत्र (प्र० ११२५)

संवत् १७७५ वर्षे भाद्रवा सुदि चतुर्थ्यां पर्युषणायां श्रीअणहिल्लपुरपत्तने ढंढेरपाटके ओसवंशज्ञातीयलघुशाखायां दोसी श्रीराज तत्सुतसारंगस्ततसुतौ दोसी शिवचंद कालीदास इति द्वौ भ्रातरौ। दोसी शिवचंदसुत लक्ष्मीदास (मुंनबाइ पुत्री) लक्ष्मीदासभार्या जीवां ततसुत चंद्रभाण ॥ विजयसिंग कण चंद **प्रयागदास** उत्तमचंद दोसी प्रयागभार्या श्रीखल्लसुत नाथाचंद सा० चंद आणंदी दोसीप्रयागदासेन सुवर्णाक्षरमयश्रीकल्पसूत्रपुस्तकं द्रव्येण गृहीतं तद्भार्या श्राविका श्रीखक इति नाम्नी श्रीपूर्णिमापक्षे ढंढेरसंज्ञके भट्टारक श्रीमहिमाप्रभसूरिवरशिष्य भट्टारकश्रीश्रीभावप्रभसूरिभ्यः सपरिवारेभ्यः प्रदत्तं ज्ञानवृद्धयर्थं पुण्यप्रकाशनाय। वाच्यमानं चिरं नन्द्यात्। श्रीरस्तु कल्याणमस्तु सर्वदा।

(શ્રીપ્રશસ્તિસંગ્રહ ભા૦ ૨, પૃ૦ ૨૯૦, ૨૯૧, પ્રશસ્તિ નં૦ ૧૧૨૨, ૧૧૨૫)

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

૧૦. પ્રક૦ ૪૦, પૃ૦ ૫૩૭, ભટ્ટા૦ **મુક્તિસાગર—**

અંચલગચ્છમાં (૬૫) ભટ્ટા૦ મુક્તિસાગર, **શેઠ મોતિશાહ—** તે મુંબઈના શાહ સોદાગર હતા. વહાણવટીનો ધંધો કરતા હતા. તેની પાસે ૮ વહાણ હતાં. તેણે ચીન વહાણ મોકલ્યાં, તેમાં તેને બારતેર લાખ રૂપિયા મળ્યા. તે તેમણે **શત્રુંજય** ઉપર ખરચવાનું નક્કી કરી રકમ જુદી મૂકી રાખી. તેમણે નગરશેઠ હેમાભાઈ પાસે શત્રુંજય ઉપર જમીન માગી, પણ ખાલી જગ્યા હતી જ નહીં. કુંતાસરની મોટી ખાઈ હતી, જે ૯ મી અને ૧ લી ટૂંક વચ્ચે મોટી ઊંડી જગા હતી તે શેઠ મોતિશાહને પસંદ પડી. ખાઈ પુરાવી મંદિર બંધાવવા નક્કી કર્યું. ૮૦ હજારનાં દોરડાં વપરાયાં અને ચાર (રૂ૦ બ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને એક હાંડો શેત્રુંજી નદીથી પાણી લાવતા હતા. **શેઠ મોતિશાહ** સં૦ ૧૮૯૨ ના ભાદરવા સુદિ ૧ ને દિવસે સ્વર્ગે ગયા.

શેઠના પુત્ર શેઠ **ખીમચંદ** અને શેઠના મિત્રો અમરચંદ દમણી, ફૂલચંદ તથા કસળચંદે મંદિરનું કામ આગળ વધાર્યું અને મંદિર પૂર્ણ કર્યું.

**શેઠાણી દિવાળીબાઈ** તથા શેઠના પુત્ર ખીમચંદે શ્રી શત્રુંજયનો સંઘ કાઢ્યો. સંઘ સં૦ ૧૮૯૩ ના પોષ વદિ ૧ ના દિવસે પાલીતાણા પહોંચ્યો. ત્યાં અમદાવાદથી શેઠ વખતચંદ વગેરે સવા લાખ યાત્રિકો આવ્યા હતા.

શેઠ ખીમચંદે સંઘ પાલીતાણા ગયો ત્યારથી અઢાર દિવસ સુધી નોકારશી કરી હતી. ઝાંપે ચોખા મૂક્યા હતા. નવકારશીમાં આખા ગામના લોકો અને બધા યાત્રિકોને જમવાનું હતું. આ નોકારશીમાં એક નોકારશીનો ખર્ચ લગભગ રૂપિયા ૪૦,૦૦૦ લાગતો હતો. આ ઉત્સવમાં ખૂબ શાન્તિ રહી હતી અને પ્રતિષ્ઠા થઈ હતી.

આ વખતે એક મારવાડી ડોશીએ નોકારશી કરવાની રજા માગી ત્યારે તેને પૈસા ક્યાં છે એમ પૂછવાથી એક ગોદડીમાંથી સોનામહોરો કાઢી બતાવી હતી અને એક નોકારશીનો આદેશ લીધો હતો.

ત્યારબાદ શેઠ મોતિશાહનાં પત્ની શેઠાણી દિવાળીબાઈ મુંબઈમાં સ્વર્ગે ગયાં.

૧૧. પ્ર૦ ૪૦, પૃ૦ ૫૪૩, આ૦ **દેવરત્નસૂરિ**—

(૩) આ૦ દેવરત્નસૂરિ તે આગમિકગચ્છના આ૦ **જયાનંદસૂરિ**ના દીક્ષાશિષ્ય અને વિદ્યાશિષ્ય હતા તે તેમની પાટે આવ્યા હતા. તે વિદ્વાન્ હતા. નિરુક્તશાસ્ત્રના મોટા અભ્યાસી હતા. તેમણે 'નમો લોએ સવ્વસાહૂણં'ના **સવ્વ** શબ્દ ઉપર પ્રાકૃત ગાથાઃ ૪૮ નું વિવરણ કરી ઘણા અર્થો કર્યા હતા તેમજ 'ગજસિંહકુમારરાસ' બનાવ્યો હતો.

આ આચાર્ય અને આ૦ વિવેકરત્નસૂરિ સુધીના આચાર્યો ગુરુ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાઈઓ હતા. બનવાજોગ છે કે, તેઓ એક પછી એક આચાર્ય બન્યા હોય.

૧૨. પ્રક૦ ૪૦, પૃ૦ ૫૫૩, **આ૦ રત્નપ્રભસૂરિ—**

કચ્છોલીગચ્છમાં (૪૭) આ૦ **રત્નપ્રભસૂરિએ** જ સં૦ ૧૩૬૩ માં 'કચ્છુલીરાસ' બનાવ્યો હતો.

૧૩. પ્ર૦ ૪૧, પૃ૦ ૫૮૮, (૫૧) આ૦ **મુનીશ્વરસૂરિ—**

તેમનાથી **આચાર્યશાખા** અને **ભટ્ટારકશાખાઓ** ચાલી.

તેમની પરંપરામાં શિષ્ય (૫૨) ઉ૦ **ભદ્રમેરુ ગણિ**શિષ્ય (૫૩) ઉ૦ મનોદય ગણિ શિષ્ય (૫૪) મુનિ **જયશેખરે** સં૦ ૧૫૨૬ ના પોષ વદિ ૮ ને રવિવારે ઉત્તરા કર્ણને દિવસે **બહાદૂરપુર** (બહુદ્રવ્યપુર)માં કાંકરીયાગોત્રના શા૦ સુદયવચ્છની પત્ની શ્રાવિકા પુણ્યપ્રભાવિકા હેમીને ભણવા માટે તથા પોતાને માટે 'આવશ્યકસૂત્ર' લખ્યું.

(શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્રશસ્તિ નં૦ ૧૩૧, ૧૪૯)

૧૪. પ્ર૦ ૪૧, પૃ૦ ૫૮૮, (૫૧) આ૦ **મુનીશ્વરસૂરિ—**

તેમની ઉપાધ્યાય પરંપરામાં ઉ૦ **કનકહંસ** તથા મુનિ મલયહંસ થયા. તેઓ સં૦ ૧૫૭૩ ના કાર્તિક સુદિ ૧ ને શુક્રવાર સ્વાતિ નક્ષત્ર અને આયુષ્યમાનયોગે દિલ્હીમાં હતા.

(શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્રશ૦ નં૦ ૧૫૭)

૧૫. પ્રક૦ ૪૩, પૃ૦ ૭૪૬, (ટિપ્પણી) આ૦ **સોમપ્રભસૂરિ—**

૧. આ૦ સોમપ્રભસૂરિની પરંપરામાં (આ૦ નં૦ ૪૭) બીજા આ૦ સોમપ્રભસૂરિ થયા હતા. તેઓ સં૦ ૧૩૩૨ માં આચાર્ય બન્યા. તેઓ તથા બીજા ૧૧ જૈનાચાર્યો સં૦ ૧૩૫૨ માં ભીલડિયામાં ચોમાસું હતા.

સં૦ ૧૩૫૩ ની સાલમાં કાર્તિક મહિના બે હતા. પોષનો ક્ષય હતો અને ચૈત્ર કે ફાગણ મહિના બે હતા. આચાર્યશ્રીએ એક રાતે આકાશમાં જોયું અને ગ્રહોના ચારથી જાણી લીધું કે, ભીલડિયા શહેરનો થોડા દિવસમાં જ વિનાશ થશે, તેથી અહીં વધુ રહેવું સલામતીભર્યું નથી. આચાર્યશ્રીએ આ પ્રમાણે વિચારી બીજા ૧૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગચ્છનાયકોની મના હોવા છતાં સં૦ ૧૩૫૩ ના પહેલા કાર્તિક મહિનામાં સુદિ ૧૪ ને દિવસે ચોમાસી પ્રતિક્રમણ કરી પહેલા કાર્તિક સુદિ ૧૫ ને દિવસે ભીલડિયાથી વિહાર કર્યો. બીજા ગચ્છનાયકો ભીલડિયામાં જ રહ્યા, જેઓ બીજા કાર્તિક સુદિ ૧૫ ને દિવસે વિહાર કરવાના હતા. (જૂઓ પ્રક૦ ૩૬, પૃ૦ ૨૩૯, પૂરવણી પૃ૦ ૭૭૦)

ત્યારબાદ ભીલડિયામાં એકાએક ઉત્પાત મચ્યો. ભીલડિયાનો વિનાશ થયો. બાદશાહ અલ્લાઉદ્દીન ખીલજીની મુસલમાન સેનાએ આવી સં૦ ૧૩૫૫-૫૬ માં ભીલડિયા ભાંગ્યું અને પછી પાટણ પર ચડી જઈ રાજા કર્ણદેવ વાઘેલાને નસાડ્યો.

આચાર્યશ્રીએ ત્યારબાદ ઘણાં શુભ કાર્યો કર્યાં હતાં. તેઓએ સં૦ ૧૩૭૩ માં સ્વર્ગગમન કર્યું. (જૂઓ પ્રક૦ ૪૭)

૧૬. પ્રક૦ ૪૩, પૃ૦ ૭૫૬, (ટિપ્પણી) **આ૦ જયસિંહસૂરિ**—

તેમણે વ્યાકરણ બનાવ્યું. તેમના પટ્ટધર આ૦ **પ્રસન્નચંદ્ર**ના બીજા પટ્ટધર આ૦ **નયનચંદ્રસૂરિ**એ 'કુમારપાલચરિત'ની પહેલી પ્રતિ લખી હતી તથા 'હમ્મીરમહાકાવ્ય' સર્ગ : ૧૪ અને 'રંભામંજરી નાટિકા'ની રચના કરી હતી.

૧૭. પ્રક૦ ૪૩, પૃ૦ ૭૫૯, **આ૦ માણિક્યસાગરસૂરિ**—

**આ૦ સાગરાનંદસૂરિ**એ સં૦ ૧૯૯૨ ના વૈશાખ સુદિ ૪ ને શનિવારે પાલીતાણામાં આ૦ માણેકસાગરસૂરિ વગેરે ચાર આચાર્ય બનાવ્યા હતા. આ૦ માણેકસાગરજીએ (૧) આ૦ હેમસાગરસૂરિ (૨) આ૦ ચંદ્રસાગરસૂરિ બનાવ્યા છે.

૧૭. પ્રક૦ ૪૩, પૃ૦ ૭૬૦, **સાધ્વી જિનસુંદરીગણિની**—

આ૦ **ઉદયચંદ્રસૂરિ**ના નામથી ખ્યાતિ પામ્યા અને શેઠ **પાસવીર**ના બીજા પુત્ર **હરિચંદે** દીક્ષા લઈને આ૦ **જયદેવસૂરિ** નામથી પ્રસિદ્ધિ મેળવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૨. પૂરવણી

## સમજૂતી

૧. આ ગ્રંથનાં વિવિધ લખાણોમાં જે જે ગ્રંથોનો આધાર લીધો છે તે તે ગ્રંથોનાં નામ ગોળ ( ) અને ચોખંડા [ ] બ્રેકેટમાં આપ્યાં છે. વાચકોને વિશેષ જાણવા ઇચ્છા થાય તો તે તે આધારો વાંચી લેવા.

૨. આ ગ્રંથમાં પ્રક૦ અને પૃ૦ આપ્યાં છે. તે આ ઇતિહાસના ભાગ ૧ થી ૪નાં પ્રકરણ અને પાનાં સમજવાં.

૩. આ ગ્રંથમાં મુદ્રણદોષથી કાનો, માત્રા, હ્રસ્વ, દીર્ઘ, અનુસ્વાર, વિસર્ગ, અક્ષર કે આંક ઊડી ગયા હોય ત્યાં વાંચકોએ સુધારીને વાંચવું.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com